સત્ય, બ્રહ્મચર્ય, અહિંસા, અસ્તેય
અને અપરિગ્રહ એ પાંચ યમ
પાળવાનું બધા મુમુક્ષુને સહજપ્રાપ્ત છે.
મુમુક્ષુ બધાએ રહેવું જ જોઈએ. એટલે
મનુષ્યના ચારિત્રનો પાયો ઉપરના
યમ પાળવા ઉપર રહ્યો છે. એ યમ
સંસારી બધા જીવને પાળવાના છે
એ વિષે શંકા નથી. વેપારી હોય છતાં
જૂઠ ન બોલે આચરે, પરણેલ હોય
છતાં બ્રહ્મચર્ય પાળે, ખાતાં છતાં મનુષ્ય
અહિંસા પાળી શકે છે. ચોરી ન કરવી
(અસ્તેય પાળવું) ને ધન કે વસ્તુનો
પરિગ્રહ સંસારમાં રહી ન કરવો એ
મુશ્કેલ છતાં તે આદર્શ ધ્યાનમાં
રાખી રહેતાં બાંધછોડ જોઈએ ને
જ્યારે વૈરાગ્ય ઉત્પન્ન થાય ત્યારે
મહાત્યાગ પણ કરી શકાય.
ઉપરનાં વ્રત જે પાળે તેને બધી
ઉપાધિમાંથી નીકળવાના રસ્તા
મળી આવે છે.

૧૫

૩૧૫૭૫

# ગાંધીજીનો

# અક્ષરદેહ

આ ગ્રંથ ઑગસ્ટ ૧૯૧૮થી જુલાઈ ૧૯૧૯ સુધીનો ગાળો આવરી લે છે. એમાંથી અર્ધું વર્ષ ગાંધીજી માટે ફરજિયાત આરામનું હતું. પરંતુ બાકીનું અર્ધું વર્ષ રાજદ્વારી ઊથલપાથલનું હતું. એ દરમિયાન તેઓ રાષ્ટ્રીય લડતમાં પૂરેપૂરા ઓતપ્રોત થઈ ગયા. એમને માટે આ રીતે દેશની આગેવાની ધારણ કરવા પાછળ રૉલેટ કાયદો અને ૧૯૧૯ના એપ્રિલની ૧૩મીની જલિયાંવાલા બાગની કરુણ ઘટના એ બે મુખ્ય કારણો હતાં. આ ગ્રંથ તેમના ભગીરથ પ્રયાસોનું પ્રારંભિક નિરૂપણ કરે છે અને એ રીતે ભારતના ઇતિહાસમાં ગાંધીયુગના શ્રીગણેશ માંડે છે.

ઑગસ્ટ ૧૯૧૮ અને જાન્યુઆરી ૧૯૧૯ દરમિયાન ગાંધીજી એક ગંભીર માંદગીના ગાળામાંથી પસાર થયા. અશક્ત હોવા છતાં તેમણે દેશની લાંબી યાત્રા હાથ ધરી. દેશભરમાં પ્રાર્થના અને ઉપવાસ કરીને તથા સવિનયભંગની પ્રતિજ્ઞા લઈને એપ્રિલની છઠ્ઠી તારીખને "સત્યાગ્રહ દિન" તરીકે ઊજવવાની તેમણે રાષ્ટ્રને હાકલ કરી. મુંબઈમાં એ દિવસ શાંતિથી પસાર થઈ ગયો. આઠમી તારીખે ગાંધીજી મુંબઈ છોડીને પંજાબ જવા નીકળ્યા. ત્યાં પ્રવેશતાં એમને રોકવામાં આવ્યા અને અટકમાં લેવામાં આવ્યા. આ સમાચારથી હિંસક તોફાનો ફાટી નીકળ્યાં.

લોકોએ ગુમાવેલા આત્મસંયમને વખોડવામાં ગાંધીજીએ કોઈ શબ્દો બાકી ન રાખ્યા અને પ્રાયશ્ચિત્ત તરીકે પોતે ૭૨ કલાકનો ઉપવાસ કરવાની જાહેરાત કરી. એ ઉપરાંત એમણે થોડા વખત માટે સત્યાગ્રહનો સવિનયભંગ પૂરતો ભાગ મોકૂફ રાખ્યો અને એપ્રિલની ૧૮મી તારીખે એ અંગે છાપાજોગું એક નિવેદન બહાર પાડ્યું.

39475

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal

ગાંધીજીનો અક્ષરદેહ

૧૫

[ ઑગસ્ટ ૧૯૧૮ – જુલાઈ ૧૯૧૯ ]

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal

# PEACEFUL *HARTAL.*

## Bombay's Worthy Example.

BROTHERS AND SISTERS,

Bombay covered itself with glory by preserving perfect calm, and the citizens have shown by their peaceful *hartal* they have understood a portion of *Satyagrah.* They have done true honour to Mr. Horniman and demonstrated to Government that they disapprove of his deportation. Bombay has set a worthy example to the whole of India. It is a matter of pride for Bombay, from the Satyagraha standpoint, that some shops were open. This fact proved the voluntary character of the *hartal.* Many causes contributed to the success of this remarkable demonstration, but the chief among them was the performance of their duty by volunteers under Mr. Vithaldas Jerajani. They had commenced operations from the commencement of the talk of *hartal,* and we had the results of their efforts yesterday. Our thanks are due also to the police. If aggressive military dispositions had been made, the people would have become excited and the task of preserving peace would have been much more difficult.

A nation enjoying or desiring to enjoy *Swaraj* must possess the following four attributes:—

(1) The police should be the least needed for self-protection and there should be concord between them and the people;
(2) Jails should be the least patronised;
(3) The Hospitals should have few cases; and
(4) The law courts should have the least work.

Where people do violence, commit crimes, and not exercising control over their senses and committing a breach of nature's laws become diseased and engage in perpetual quarrels resulting in law-suits, they are not free but in bondage. We shall learn the first chapter of Swaraj and Liberty when India adopts the example of Bombay as a permanent way of life.

12th May, 1919. M. K. GANDHI.

Printed by Rustom N. Vatchaghandy, at the Sanj Vartaman Press, Fort, Bombay.



Gandhi Heritage Portal

# ગાંધીજીનો અક્ષરદેહ

[મહાત્મા ગાંધીનાં લખાણો, ભાષણો, પત્રો વગેરેનો સંગ્રહ]

## ૧૫

[ઑગસ્ટ ૧૯૧૮ – જુલાઈ ૧૯૧૯]

39475

નવજીવન પ્રકાશન મંદિર
અમદાવાદ–૧૪

Gandhi Heritage Portal

© નવજીવન ટ્રસ્ટ, ૧૯૬૯

પહેલી આવૃત્તિ, નવેમ્બર ૧૯૬૯ : પ્રત ૩,૦૦૦

રૂ. ૧૬.૫૦

મુદ્રક અને પ્રકાશક : શાંતિલાલ હરજીવન શાહ, નવજીવન મુદ્રણાલય, અમદાવાદ–૧૪

Gandhi Heritage Portal

# પ્રસ્તાવના

આ ગ્રંથમાં ઑગસ્ટ ૧૯૧૮થી જુલાઈ ૧૯૧૯ સુધીનાં ગાંધીજીનાં લખાણોનો સમાવેશ થાય છે. આ સમય દરમ્યાન પહેલા છ માસ ગાંધીજીને બીમારીને કારણે આરામમાં વિતાવવા પડચા હતા. તે પછીના છ માસ દરમ્યાન જે રાજકીય ઊથલપાથલ થઈ તેણે એમને રાષ્ટ્રીય લડતમાં ઊંડે સુધી ખેંચી આણ્યા. આ રીતે ગાંધીજીના હાથમાં ઓચિંતું અને અણધાર્યું રાષ્ટ્રીય નેતૃત્વ આવી પડયું, તેનું કારણ ૧૯૧૯ના ફેબ્રુઆરી-માર્ચમાં પસાર થયેલો રૉલેટ ધારો તથા તે પછી ૧૯૧૯ના એપ્રિલની ૧૩મી તારીખે સાંજે અમૃતસરની એક સભામાં નિઃશસ્ત્ર સ્ત્રીપુરુષો ઉપર થયેલો બેફામ ગોળીબાર હતો. આ ઘૃણાજનક બનાવ જલિયાંવાલા બાગના હત્યાકાંડના નામથી ઓળખાય છે. એ હત્યાકાંડ અને તે પછીના બનાવોએ રાષ્ટ્રના સ્વમાન પર ઊંડો ઘા કર્યો. અને બંધારણની મર્યાદામાં રહીને નાના નાના રાજકીય અધિકારો માટે ચાલી રહેલા આંદોલને, લોકશક્તિ ઉપર વધુ ને વધુ આધાર રાખતા વ્યાપક રાષ્ટ્રીય સંગ્રામનું સ્વરૂપ પકડયું. ગાંધીજી પોતે રાષ્ટ્રની ઘવાયેલી લાગણીઓનું તથા આગ્રહપૂર્વક રાષ્ટ્રનું સ્વમાન જાળવવાના સંકલ્પનું મૂર્તિમંત પ્રતીક બની ગયા. લોકોને સત્યાગ્રહના સિદ્ધાંતોની કેળવણી આપીને એમણે આ રાષ્ટ્રીય જાગૃતિને રચનાત્મક સ્વરૂપ આપવાનો પ્રયાસ કર્યો. આ ગ્રંથ એમના આ મહાન પ્રયાસના આરંભકાળની ઝાંખી કરાવે છે અને એ રીતે ભારતના ઇતિહાસના ગાંધીયુગનો પરિચય કરાવે છે.

૧લી ઑગસ્ટ, ૧૯૧૮ના સુરતના ભાષણથી આ ગ્રંથનો આરંભ થાય છે. એમાં રજૂ કરેલા વિચારની દૃષ્ટિએ આ ભાષણનું સ્થાન, ૧૪મા ગ્રંથમાં સમાવાયેલાં પાછલા બે માસનાં લખાણોમાં ગણાવું જોઈએ. આ ગાળામાં ગાંધીજી રંગરૂટોની ભરતી દ્વારા સરકારને મદદ કરવા ભારે જહેમત ઉઠાવી રહ્યા હતા અને એ માટે તેઓ ગુજરાતમાં, અને ખાસ કરીને ખેડા જિલ્લામાં ઘૂમી રહ્યા હતા. આ સતત પરિશ્રમને લીધે એમના જીવનમાં પહેલી વાર ગંભીર અને લાંબી માંદગી આવી પડી. ૧૯૧૮ના ઑગસ્ટની અધવચથી શરૂ કરી ૧૯૧૯ના જાન્યુઆરીના અંત સુધીના સમય દરમ્યાન એમને અસહ્ય શારીરિક પીડા અને દુઃખ સહન કરવાં પડયાં હશે એમ જણાય છે. શ્રી મહાદેવ દેસાઈ એમની ડાયરીમાં લખે છે કે એક દિવસે એટલે ૧લી ઑક્ટોબર, ૧૯૧૮ને રોજ તો ગાંધીજી "યમરાજાને દ્વારે" જઈ પહોંચ્યા હતા. તે દિવસે તમામ આશ્રમ-વાસીઓ એમની આસપાસ વીંટળાઈ વળ્યા હતા અને બધાએ મળી ગાંધીજીને પ્રિય એવા ગીતાના બીજા અધ્યાયના શ્લોકોનો પાઠ કર્યો હતો. ૧૯૧૯ના જાન્યુઆરીમાં ઑપરેશન કરવામાં આવ્યું, તે પછી જ એમની તબિયત સુધરવા માંડી હતી.

આ છ માસના ગાળામાં રાજકીય દૃષ્ટિએ કોઈ મહત્ત્વનો બનાવ બન્યો નથી. પરંતુ ગાંધી-જીના હૃદયની માનવતાભરી કોમળ લાગણીઓ પ્રગટ થવાની દૃષ્ટિએ એમાં ઘણી સામગ્રી ભરેલી છે. કશા આડંબર વિનાની સત્યનિષ્ઠાથી એમણે પોતાની આ બીમારીને પોતાની ભૂલના પરિણામ તરીકે સ્વીકારી લઈને ધીરજથી સહી લીધી. એમના મનની શાંતિ અને સ્વસ્થતા ઉપર શારીરિક કષ્ટની કશી અસર ન થઈ. એ કષ્ટ પ્રત્યે એમણે અનાસક્ત વૃત્તિ રાખી. તે પછી તેઓ કાંઈક વધુ ચિંતનશીલ બન્યા અને સ્વભાવમાં નમ્રતા આવી. સ્વાસ્થ્યપ્રાપ્તિના સમય દરમ્યાન અનેક લોકોને થતા સામાન્ય અનુભવ કરતાં આ કંઈક વિશેષ હતું. મગનલાલ ગાંધીને લખેલા

Gandhi Heritage Portal

એક પત્રમાં તેઓ "સત્યાગ્રહ સર્વવ્યાપક છે" (પા. ૧૯) એ વાતની પોતાને ઝાંખી થયાનું જણાવે છે. આ કાંઈ કેવળ બૌદ્ધિક અનુભવ નથી, પરંતુ સત્યનો એવો સાક્ષાત્કાર છે કે માણસનું શરીર પણ પોતાના નિયમો ધરાવતો એક સ્વનિયંત્રિત એકમ છે. અને જેવો વ્યવહાર આપણે સત્યાગ્રહ આચરતી વખતે બીજાં મનુષ્યો સાથે કરીએ છીએ એવો જ વ્યવહાર આપણે સત્યાગ્રહના મૂળમાં રહેલાં સત્ય અને અહિંસાની ભાવનાથી શરીર સાથે પણ કરવો જોઈએ. આ સત્યદર્શનથી ગાંધીજીમાં અસાધારણ નમ્રતા પ્રકટી. આ સમયના તમામ પત્રોમાં આ નમ્રતા એક આંતરિક પ્રવાહની માફક વહેતી દેખાય છે, અને તે એ પત્રોને, કર્મશીલ વ્યક્તિ કરતાં ચિંતનશીલ વ્યક્તિને વધુ સહજ એવી મધુર સુવાસ અર્પે છે. એવું દેખાય છે કે, જાણે આત્મ-આવિષ્કાર માટેનું કર્મનું ક્ષેત્ર બંધ થવાથી ગાંધીજીએ એક કલાકારની માફક, આત્મતત્ત્વની નવી બાજુનો આવિર્ભાવ કરવા માટે પ્રગટ શબ્દોનો આશરો લીધો છે.

૧૯૧૯ના જાન્યુઆરીમાં ઑપરેશન કરાવવાનો પ્રસંગ આવ્યો. દાક્તરો અને મિત્રો, બધાએ આગ્રહ કર્યો કે તમારે દૂધ લેવાનું તો શરૂ કરવું જ પડશે. ઘણાં વર્ષો પહેલાં દક્ષિણ આફ્રિકામાં અંતરાત્માના અવાજને માન આપીને એમણે દૂધ લેવાનું છોડી દીધું હતું. એક બાજુથી તેમની ઈચ્છા પોતાના વ્રતનું ભાવાત્મક અને શબ્દાત્મક એમ બંને અર્થમાં પૂરેપૂરું પાલન કરવાની હતી અને બીજી બાજુથી કસ્તૂરબાની વ્યથા વિષેની તેમની સાચા દિલની ચિંતા અને ભારત દેશ તથા મનુષ્યજાતિની સેવા કરવાની પોતાની ઉત્કટ આકાંક્ષા હતી. એમને આ બે વચ્ચે દર્દભરી પસંદગી કરવાની હતી. આખરે "પોતાની પ્રબળ જિજીવિષાને" વશ થઈ તેમણે ફરીથી દૂધ લેવાનું સ્વીકાર્યું, અને પોતાના તથા મિત્રોના સંતોષ ખાતર આ નિર્ણયના વાજબીપણાનો બચાવ પણ કર્યો. મગનલાલ ગાંધી તથા નરહરિ પરીખ ઉપરના પત્રો (અનુક્રમે પા. ૬૮, પા. ૭૦-૨ અને પા. ૭૭-૮) આના ઉદાહરણ રૂપે છે. તેમ છતાં તેમણે અતિ ભારે દીનતા પણ અનુભવી. પાછળથી જ્યારે આ પ્રસંગનું એમણે ફરીથી વર્ણન કર્યું ત્યારે એનું નિરૂપણ જુદી જ રીતે કર્યું હતું. (જુઓ आत्मकथा, ભાગ ૫, પ્રકરણ ૨૯) પણ એટલું ચોક્કસ છે કે આ માંદગીએ એમના આધ્યાત્મિક ઘડતરમાં ઘણો કીમતી ફાળો આપ્યો છે.

ચિંતનની આ મનોદશામાંથી તેઓ બહાર નીકળે અને કાર્ય કરવા માટેની પૂરેપૂરી શક્તિ મેળવે તે પહેલાં જ રૉલેટ બિલો દેશ સમક્ષ આવી પડ્યાં. દેશે આ બિલોને રાષ્ટ્રીય સ્વમાન પરના આક્રમણ તરીકે માન્યાં. ગાંધીજીએ જનતામાં વ્યાપેલા રોષને સંગઠિત રૂપે વ્યક્ત કરવા માટે સક્રિય પ્રયત્નો આદર્યા. દરખાસ્ત નીચેના આ બિલ વિરુદ્ધ જરૂર પડે તો કાયદાઓના સવિનયભંગ દ્વારા પણ નિશ્ચયપૂર્વક આંદોલન ચલાવવાનો એમણે અને એમના સાથીઓએ પાકો નિર્ણય કર્યો. પોતે અશક્ત હોવા છતાં તેમણે દેશમાં લાંબો પ્રવાસ ખેડ્યો. અને આ બિલો સામે લોકલાગણી કેટલી બધી ઉગ્ર છે તે બતાવી આપવા તેમણે રાષ્ટ્રને હાકલ કરી કે ઉપવાસ અને પ્રાર્થના કરીને અને સવિનયભંગની પ્રતિજ્ઞા લઈને ૬ઠ્ઠી એપ્રિલનો દિવસ "સત્યાગ્રહ દિન" તરીકે પાળવો. મુંબઈમાં તો આ દિવસ શાંતિથી પસાર થઈ ગયો. પરંતુ પંજાબમાંથી આફત તોળાઈ રહ્યાના સમાચારો આવ્યા. એ પ્રાંતમાં શાંતિ જળવાઈ રહે એ કામમાં સહાયભૂત થવાના આશયથી ગાંધીજી ૮મી તારીખે મુંબઈથી પંજાબ જવા રવાના થયા. પરંતુ એમને ત્યાં પ્રવેશતાં અટકાવ્યા અને અટકમાં લીધા. આ સમાચારના દેશના કેટલાક ભાગમાં હિંસાત્મક પ્રત્યાઘાતો પડ્યા. વાતાવરણમાં હિંસા અને ભય વ્યાપ્યાં અને દેશભરમાં પરિસ્થિતિ તંગ બની

Gandhi Heritage Portal

ગઈ. પરિણામે એપ્રિલની ૧૩મી તારીખે અમૃતસરમાં ગોઝારો ગોળીબાર થયો. એ પછી પંજાબમાં લશ્કરી કાયદાનો અમલ કરવામાં આવ્યો અને તેની સાથે જનતા પર નિર્દય અત્યાચારો ગુજર્યા.

હિંસા ફાટી નીકળતાં ગાંધીજીના દિલમાં જે પ્રત્યાઘાત પડયા તે એમના હિમાલય જેવડી ભૂલના ઈતિહાસપ્રસિદ્ધ એકરારમાં જોવા મળે છે. લોકોને પક્ષે ઉશ્કેરાવા માટે પૂરતાં કારણો હોવાની વાત એમણે કબૂલ રાખી. પરંતુ સાથે સાથે લોકોએ ગુમાવેલા આત્મસંયમને વખોડી કાઢવામાં તેમણે મણા નહીં રાખી એટલું જ નહીં પણ લોકોની ભૂલના પ્રાયશ્ચિત્ત રૂપે પોતે ત્રણ દિવસના ઉપવાસ કરવાનું જાહેર કર્યું.

વાઈસરૉયના ખાનગી સેક્રેટરીને લખેલા પોતાના પત્રમાં (પા. ૨૧૦–૨) ગાંધીજીએ આ વાતનો મુક્ત મને સ્વીકાર કર્યો અને પછી ૧૮મી એપ્રિલે અખબારો જોગ એક નિવેદન બહાર પાડીને સત્યાગ્રહનો સવિનયભંગ પૂરતો ભાગ થોડા વખત માટે સ્થગિત કર્યાનું જાહેર કર્યું. વાઈસરૉયના ખાનગી સેક્રેટરીને લખેલા એ પત્રમાં એમણે સત્યાગ્રહનો આશ્રય લેતા રહેવાની પોતાની નીતિ ભારપૂર્વક જણાવી અને વખત જતાં જનતા તથા સરકાર બંને આ નીતિ માન્ય રાખશે એવી આશા વ્યક્ત કરી. આમ સવિનયભંગ સ્થગિત કરવાનો અર્થ એવો નહોતો કે ખુદ સત્યાગ્રહ સાવ છોડી દેવામાં આવ્યો હતો. પરંતુ કાર્યપદ્ધતિમાં થોડો ફેરફાર કરવામાં આવ્યો હતો એટલો જ એનો અર્થ હતો.

સંખ્યાબંધ સત્યાગ્રહ પત્રિકાઓમાં તેમ જ ભાષણો અને જાહેર નિવેદનો મારફતે એમણે લોકોને નૈતિક બળના સાધન તરીકેનો સત્યાગ્રહનો અર્થ સમજાવવા પ્રયત્ન કર્યો. એમણે સમજાવ્યું કે કાયદાનો સવિનયભંગ એ તો સત્યાગ્રહના આચરણનું માત્ર પ્રાસંગિક અંગ છે. મુખ્યત્વે કરીને સત્યાગ્રહ એક આત્મશુદ્ધિનો કાર્યક્રમ છે. એના ઉપાસક પાસેથી એની પહેલી માગણી એ છે કે તે પોતાના પડોશીઓના કલ્યાણની ચિંતાના બિલકુલ સ્વાભાવિક આવિષ્કાર તરીકે સ્વદેશીના નિયમનું પાલન કરે. સ્વદેશીના પ્રચારનું કાર્ય એમણે બહુ પહેલેથી શરૂ કર્યું હતું. તેમ છતાં એપ્રિલના બનાવો પછી એમણે તંદુરસ્ત અને રચનાત્મક દેશપ્રેમના સૌથી વધુ અસરકારક આવિષ્કાર તરીકે એનો વધારે ઉત્કટતાથી પ્રચાર કરવા માંડયો.

૨૬મી એપ્રિલ, ૧૯૧૯ને રોજ बॉम्बे क्रॉनिकलના તંત્રી અને ભારતના રાષ્ટ્રીય ધ્યેયના નીડર પુરસ્કર્તા બી. જી. હૉર્નિમૅનને મુંબઈ સરકારે દેશપાર કર્યા. લોકો પોતાની લાગણીઓ કાબૂમાં રાખશે એવા વિશ્વાસથી ગાંધીજીએ મેની ૧૧મીએ ફરીથી શાંતિમય હડતાળ પાડવાનો આદેશ આપ્યો. એ જ પ્રમાણે શાસકવર્ગ પર વિશ્વાસ રાખી એ લોકોને ન્યાયી અને વાજબી વર્તાવ રાખવા એમણે અનુરોધ કર્યા કર્યો. સી. એફ. ઍન્ડ્રૂઝ ઉપરના ૪થી મેના પત્રમાં એમણે લખ્યું હતું : "આ ખુનામરકી, જોરજુલમ, લશ્કરી કાયદો, લશ્કરી ઢબે સજાઓ, એ બધાની વચ્ચે પ્રેમનો કાયદો પૂરેપૂરો પ્રવર્તતો દેખાય છે." (પા. ૨૬૨). એમણે અપીલ કરી કે "પંજાબનાં તોફાનોનાં કારણોની, એ પ્રાંતના માર્શલ લૉના વહીવટની, તથા સાથે સાથે લશ્કરી અદાલતે ફરમાવેલી સજાઓના વાજબીપણાની તપાસ કરવા એક નિષ્પક્ષ અને સ્વતંત્ર તપાસ સમિતિ નીમવામાં આવે" (પા. ૩૨૧). આ બાબતોમાં ન્યાય ન મળે તો પોતે સવિનય કાનૂનભંગ ફરીથી ઉપાડવા તૈયાર હતા અને તેમણે પોતાના આ ઈરાદાની વાઈસરૉયને ખબર આપી. જૂન માસમાં તેઓ આ ચળવળ ફરી ચાલુ કરવાની તૈયારીમાં આગળ વધ્યા, અને સાથે સાથે

Gandhi Heritage Portal

તેમણે સ્વદેશીનો જોરદાર પ્રચાર કરવા માંડ્યો. છેવટે જુલાઈ માસમાં એમણે આ ચળવળ અનિશ્ચિત મુદત સુધી મોકૂફ રાખવાનો નિર્ણય કર્યો અને તેમ કરવા માટેનાં કારણો આપતું એક અખબારી નિવેદન પ્રકટ કર્યું. આ નિવેદન સરકાર તેમ જ સત્યાગ્રહીઓ બંનેને માટે એક પડકાર સમાન હતું. એમાં એમણે કહ્યું હતું કે : "દારૂમાં સળગતી દીવાસળી નાખવાનો આરોપ મારા પર મૂકવામાં આવ્યો છે. પરંતુ જો મારો પ્રસંગોપાત્ત સવિનયભંગ એક દીવાસળી હોય, તો રૉલેટ કાયદો પસાર થયો છે તેથી તથા જે હઠથી કાયમ રાખવામાં આવ્યો છે તેથી દેશમાં હજારો દીવાસળીઓ ફેંકાઈ છે. સવિનયભંગ ન જ કરવો પડે એવું કરવું હોય તો એક જ રસ્તો છે. અને તે રૉલેટ કાયદા નાબૂદ કરવાનો છે. . . .

આ રીતે રૉલેટ કાયદાનો અંત જલદીથી લાવવા માટે મેં સવિનયભંગ કરવાનું મોકૂફ રાખ્યું છે. પરંતુ જો સહેલા ઉપાયોથી રૉલેટ કાયદા રદ નહીં કરાવી શકાય તો સત્યાગ્રહીઓ તે માટે પોતાના પ્રાણ પણ આપશે." (પા. ૪૫૩).

બીજા ગ્રંથોની માફક આ ગ્રંથ પણ અંગત પત્રોની સમૃદ્ધિથી ભરપૂર છે. આ ગ્રંથના પહેલા જ પત્રમાં ગાંધીજી લખે છે કે ચંપારણ, ખેડા અને અમદાવાદની લડતોમાં "હું એની જ ઇચ્છાને, બીજા કશાને નહીં, અનુસરું છું. એ મને ઘેરાતા ઘન અંધકારમાંથી દોરી જશે" (પા. ૪). ભયંકર શારીરિક યાતના આપી રહેલી માંદગીને બિછાનેથી આનંદશંકર બાપુભાઈ ધ્રુવ ઉપર લખેલો એમનો પત્ર પણ આવા આનંદભર્યા સમર્પણનો ભાવ પ્રગટ કરે છે. "હું બારીકીથી જોઈ શકું છું કે કુદરતના જેવું કોઈ દયાળુ છે નહીં. કુદરત એ ઈશ્વર છે. ઈશ્વર એ પ્રેમ છે. અને ભૂલને સારુ પ્રેમના દંડ થયા જ કરે છે. હું આ માંદગીમાં બહુ શીખી રહ્યો છું" (પા. ૨૪). ગ્રંથને છેડે આવતાં આપણે એમનું કર્મમય પ્રાર્થના કરવાનું આવાહ્ન સાંભળીએ છીએ : "શુદ્ધ પ્રાર્થના એ કરી શકે છે કે જે તે મુજબ ચાલતો હોય." (પા. ૪૭૦).

Gandhi Heritage Portal

# વાચકોને સૂચના

ગુજરાતી લખાણ ફરીથી પ્રગટ કરતી વખતે મૂળને વધુમાં વધુ વફાદાર રહેવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. મુદ્રણના દેખીતા દોષોને દૂર કરવામાં આવ્યા છે. અને મૂળ લખાણમાં સંક્ષિપ્ત હોય તેવા શબ્દો આખા લખવામાં આવ્યા છે. નામો કે શબ્દોની જુદી જુદી જોડણી સુધારવામાં આવી છે.

મોટા કૌંસમાં આપેલી પ્રાસ્તાવિક નોંધો તથા લેખોની અંદર આપેલી તેવા જ કૌંસમાં મૂકેલી સામગ્રી સંપાદકોએ લખેલી છે. મૂળમાં આવતા ગોળ કૌંસો કાયમ રાખવામાં આવ્યા છે. ગાંધીજીએ અંગ્રેજીમાંથી ટાંકેલાં ભાષણો, અવતરણો વગેરેનાં મૂળ લખાણો હાંસિયો છોડી ચાલુ ટાઈપમાં જ છાપવામાં આવ્યાં છે. ગાંધીજીના શબ્દોમાં ન હોય તેવાં લખાણો, ભાષણો તથા અદાલતના કામકાજ વગેરેનાં પરોક્ષ હેવાલો ચાલુ ટાઈપ અને ચાલુ માપમાં પણ પાતળા લેડમાં, એટલે કે લીટીઓ વચ્ચે ચાલુ અંતર કરતાં ઓછું અંતર રાખીને, છાપ્યાં છે.

અંગ્રેજી લખાણનો તરજુમો, અસલ લખાણને વફાદાર રહીને, તે સરળ રીતે સમજી શકાય તે રીતે કરવામાં આવ્યો છે.

લખાણની તારીખ, ઉપલબ્ધ હોય ત્યાં પાનાને મથાળે જમણા હાથ પરના ખૂણામાં દર્શાવવામાં આવી છે. જો મૂળ લખાણ તારીખ વિનાનું મળ્યું હોય તો અનુમાનથી નક્કી કરેલી તારીખ, જરૂર મુજબ કારણો સાથે, મોટા કૌંસમાં આપવામાં આવી છે. કેટલાક અંગત પત્રોમાં, વિક્રમ પંચાંગ અનુસાર તિથિઓ લખેલી છે. એ જ દિવસની અંગ્રેજી પંચાંગ મુજબની તારીખ શોધી કાઢીને એની પાસે જ મોટા કૌંસમાં આપી છે અને જરૂર પડતાં આંતરિક અને બાહ્ય પુરાવાને આધારે વર્ષ નિશ્ચિત કરવામાં આવ્યું છે. લખાણને અંતે લખાણનાં મૂળ તથા તારીખ આપવામાં આવ્યાં છે. એ તારીખ, લખાણની પ્રસિદ્ધિની તારીખ છે.

મૂળ લખાણના જે ટૂંકાક્ષરી ઉલ્લેખો છે તેમાં એસ. એન. એટલે સાબરમતી સંગ્રહાલય, અમદાવાદના ઉપલબ્ધ દસ્તાવેજો; જી. એન. એટલે ગાંધી સ્મારક નિધિ અને સંગ્રહાલય, નવી દિલ્હીના દસ્તાવેજો; સી. ડબ્લ્યુ. એટલે "કલેક્ટેડ વર્ક્સ ઑફ મહાત્મા ગાંધી"એ છૂટક વ્યક્તિઓ પાસેથી મેળવેલા પત્રો, એમ થાય છે. અસલ ઉલ્લેખમાં જે સંક્ષિપ્ત શબ્દો જણાવવામાં આવ્યા છે તેમાં "સી. ઓ." એટલે કૉલોનિયલ ઑફિસ, અને "જે. એન્ડ પી." એટલે જ્યુડિશિયલ અને પબ્લિક રેકર્ડ્ઝ થાય છે.

सत्यना प्रयोगो अथवा आत्मकथानो ઉલ્લેખ એ ગ્રંથની જુદી જુદી આવૃત્તિનાં જુદાં જુદાં પાનાંને લક્ષમાં લેતાં તે ગ્રંથના ભાગ અને પ્રકરણ પૂરતો મર્યાદિત છે.

આ ગ્રંથને પ્રસ્તુત હોય તેવી સામગ્રી પરિશિષ્ટોમાં આપવામાં આવી છે. લખાણોના આધારરૂપ સાહિત્યની યાદી તથા આ ગ્રંથ જે સમયને આવરે છે તેની તારીખવાર નોંધ ગ્રંથના અંત ભાગમાં આપવામાં આવી છે.

* *

Gandhi Heritage Portal

અક્ષરદેહ—પુસ્તક ૧૪ની માફક આ પુસ્તકમાં પણ મૂળ અંગ્રેજી લખાણની જગ્યાએ, ગાંધીજીએ જાતે લખ્યા હોય અથવા ભાષાંતર કર્યું હોય, એવા લેખો મૂળ ગુજરાતી તરીકે સામેલ કર્યા છે. એ લેખોની ક્રમસંખ્યા નીચે આપી છે :

૬૪, ૧૧૪, ૧૭૯, ૧૮૦, ૧૮૧, ૧૮૨, ૧૮૩, ૧૮૪, ૧૮૮, ૧૮૯, ૧૯૦, ૨૦૧, ૨૦૬, ૨૧૦, ૨૧૫, ૨૧૯, ૨૩૧, ૨૩૪, ૨૩૫, ૨૩૬, ૨૩૭, ૨૪૬, ૨૪૭, ૨૪૮, ૨૫૦, ૨૫૩, ૨૫૮, ૨૬૨, ૨૬૫, ૨૬૮,/૨૭૧, ૨૭૮, ૨૮૦, ૩૦૫, ૩૧૦, ૩૫૩, ૩૯૪, ૪૧૫, ૪૨૩, ૪૨૫.

સૂચના: અક્ષરદેહ પુસ્તક ૧૨ની પુરવણી નં. ૨ના બધા લેખો 'મૂળ અંગ્રેજી' છે. શરત-ચૂકથી એ નિર્દેશ કરવાનું રહી ગયું છે.

Gandhi Heritage Portal

# ઋણસ્વીકાર


આ પુસ્તકની સામગ્રી માટે અમે સાબરમતી આશ્રમ સંરક્ષક તથા સ્મારક ટ્રસ્ટ અને સંગ્રહાલય, નવજીવન ટ્રસ્ટ, અને ગૂજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય, અમદાવાદ; ગાંધી સ્મારક નિધિ તથા સંગ્રહાલય, નવી દિલ્હી; ભારત સેવક સમાજ, પૂના; સ્વાતંત્ર્ય સંગ્રામના ઇતિહાસનું કાર્યાલય, મુંબઈ; શ્રી છગનલાલ ગાંધી, અમદાવાદ; શ્રી નારાયણ દેસાઈ, બારડોલી; મિ. એચ. એસ. એલ. પોલાક; મિ. એ. એચ. વેસ્ટ; તથા નીચેનાં પુસ્તકોના પ્રકાશકોના આભારી છીએ:

इन्डियन होमरूल, महादेवभाईनी डायरी, महात्मा गांधी : हिझ लाईफ, राइटिंग्झ एन्ड स्पीचिझ, माय डियर चाइल्ड, पांचवें पुत्रको बापूके आशीर्वाद, पंजाब अनरेस्ट – बिफोर एन्ड आफ्टर, सोर्स मटीरियल फॉर ए हिस्टरी ऑफ धि फ्रीडम मूवमेन्ट इन इन्डिया, અને स्पीचिझ एन्ड राइटिंग्झ ऑफ महात्मा गांधी.

સાધનસામગ્રીની યાદીમાં આપેલા રિપોર્ટો અને રેકર્ડોના પ્રકાશકો તથા નીચેનાં વર્તમાનપત્રો તથા સામયિકોના પણ અમે આભારી છીએ :

अमृतबजार पत्रिका, बेंगाली, बॉम्बे क्रॉनिकल, गुजरातमित्र अने गुजरातदर्पण, गुजराती, हिंदु, इन्डियन ओपीनियन, इन्डियन रिव्यू, इन्डियन सोशियल रिफॉर्मर, खेडा वर्तमान, लीडर, नवजीवन अने सत्य, न्यू इन्डिया, प्रजाबंधु, प्रताप, सर्वन्ट ऑफ इन्डिया, टाइम्स ऑफ इन्डिया અને यंग इन्डिया.

સંશોધન અને સંદર્ભગ્રંથોની સગવડો માટે ઑલ ઇન્ડિયા કૉંગ્રેસ કમિટી પુસ્તકાલય, ગાંધી સ્મારક સંગ્રહાલય, ઇન્ડિયન કાઉન્સિલ ઑફ વર્લ્ડ અફેર્સ પુસ્તકાલય, માહિતી અને પ્રસારણ મંત્રાલયનો સંશોધન અને સંદર્ભ વિભાગ, નવી દિલ્હી; સાબરમતી સંગ્રહાલય અને ગૂજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય, અમદાવાદ; સાર્વજનિક પુસ્તકાલય, અલ્લાહાબાદ; અને શ્રી પ્યારેલાલ નય્યર તેમ જ દસ્તાવેજો તૈયાર કરવામાં સહાય કરવા માટે માહિતી અને પ્રસારણ મંત્રાલયનો ફોટોવિભાગ અમારા આભારને પાત્ર છે.


Gandhi Heritage Portal

Gandhi Heritage Portal

# અનુક્રમણિકા


પ્રસ્તાવના ૫
વાચકોને સૂચના ૯
ઋણસ્વીકાર ૧૧
ચિત્રસૂચિ ૨૬
૧. સુરતમાં ભાષણ (૧–૮–'૧૮,) ૧
૨. સી. એફ. ઍન્ડ્રૂઝને પત્ર (૬–૮–'૧૮) ૩
૩. ઓ. એસ. ઘાટેને પત્ર (૬–૮–'૧૮) ૪
૪. દેવને પત્ર (૬–૮–'૧૮) ૫
૫. સંતોક ગાંધીને પત્ર (૬–૮–'૧૮) ૬
૬. ડૉ. પ્રાણજીવન મહેતાને પત્ર (૬–૮–'૧૮) ૬
૭. રામનંદનને પત્ર (૬–૮–'૧૮) ૭
૮. હનુમંતરાવને પત્ર (૭–૮–'૧૮) ૮
૯. શંકરલાલ બૅંકરને પત્ર (૭–૮–'૧૮) ૯
૧૦. જી. એ. નટેસનને પત્ર (૯–૮–'૧૮) ૯
૧૧. જી. કે. દેવધરને પત્ર (૯–૮–'૧૮) ૧૦
૧૨. ફૂલચંદ શાહને પત્ર (૯–૮–'૧૮) ૧૦
૧૩. એક મિત્રને પત્ર (૯–૮–'૧૮) ૧૨
૧૪. ટાઇમ્સ ઑફ ઇન્ડિયાને પત્ર (૧૦–૮–'૧૮) ૧૩
૧૫. સર સુરેન્દ્રનાથ બૅનરજીને પત્ર (૧૦–૮–'૧૮) ૧૪
૧૬. પ્રોફેસર જેવન્સને પત્ર (૧૧–૮–'૧૮) ૧૫
૧૭. બી. જી. હૉર્નિમૅનને પત્ર (૧૨–૮–'૧૮) ૧૭
૧૮. રસિકમણિને પત્ર (૧૨–૮–'૧૮) ૧૭
૧૯. ફૂલચંદ શાહને પત્ર (૧૨–૮–'૧૮) ૧૮
૨૦. મગનલાલ ગાંધીને પત્ર (૧૪–૮–'૧૮ અથવા તેની આસપાસ) ૧૯
૨૧. શાહી પરિષદના ઠરાવો (૧૫–૮–'૧૮) ૧૯
૨૨. રૉબર્ટ હેન્ડરસનને પત્ર (૧૭–૮–'૧૮) ૨૧
૨૩. દેવદાસ ગાંધીને પત્ર (૧૭–૮–'૧૮) ૨૨
૨૪. જમનાદાસ દ્વારકાદાસને પત્ર (૧૭–૮–'૧૮) ૨૨
૨૫. આનંદશંકર ધ્રુવને પત્ર (૧૭–૮–'૧૮) ૨૩
૨૬. ગોકળદાસ પારેખને પત્ર (૧૭–૮–'૧૮) ૨૪
૨૭. મનસુખલાલ રવજીભાઈ મહેતાને પત્ર (૧૭–૮–'૧૮) ૨૫
૨૮. શંકરલાલ બૅંકરને પત્ર (૧૭–૮–'૧૮) ૨૬
૨૯. દેવદાસ ગાંધીને પત્ર (૧૭–૮–'૧૮) ૨૬


Gandhi Heritage Portal

| | |
|---|---|
| ૩૦. એન. એમ. સમર્થને પત્ર (૨૦–૮–'૧૮) | ૨૭ |
| ૩૧. બી. ચક્રવર્તીને પત્ર (૨૫–૮–'૧૮) | ૨૮ |
| ૩૨. બાળ ગંગાધર ટિળકને પત્ર (૨૫–૮–'૧૮) | ૨૯ |
| ૩૩. પી. સી. રાયને પત્ર (૨૭–૮–'૧૮) | ૩૦ |
| ૩૪. જમનાલાલ બજાજને પત્ર (૨૮–૮–'૧૮) | ૩૧ |
| ૩૫. હિંદીઓ અને ટ્રાન્સવાલ (૨૯–૮–'૧૮) | ૩૧ |
| ૩૬. સી. એફ. ઍન્ડ્રૂઝને પત્ર (૨૯–૮–'૧૮) | ૩૨ |
| ૩૭. ડૉ. પ્રાણજીવન મહેતાને લખેલા પત્રનો અંશ (૨૯–૮–'૧૮) | ૩૩ |
| ૩૮. દેવદાસ ગાંધીને પત્ર (૨૯–૮–'૧૮) | ૩૩ |
| ૩૯. હરિલાલ ગાંધીને પત્ર (૨૯–૮–'૧૮) | ૩૪ |
| ૪૦. પુંડલીકને પત્ર (૨૯–૮–'૧૮) | ૩૫ |
| ૪૧. સી. એફ. ઍન્ડ્રૂઝને પત્ર (૩૦–૮–'૧૮) | ૩૫ |
| ૪૨. પુંડલીકને પત્ર (૩૦–૮–'૧૮) | ૩૬ |
| ૪૩. મિલી પોલાકને પત્ર (૩૧–૮–'૧૮) | ૩૭ |
| ૪૪. સી. એફ. ઍન્ડ્રૂઝને પત્ર (૩૧–૮–'૧૮) | ૩૮ |
| ૪૫. દેવદાસ ગાંધીને પત્ર (૩૧–૮–'૧૮) | ૩૯ |
| ૪૬. કરસનદાસ ચિતલિયાને પત્ર (૩૧–૮–'૧૮) | ૩૯ |
| ૪૭. અમદાવાદની ગુજરાત સભાનો ઠરાવ (સપ્ટેમ્બર, ૧૯૧૮) | ૪૦ |
| ૪૮. સી. એફ. ઍન્ડ્રૂઝને પત્ર (૩–૯–'૧૮) | ૪૧ |
| ૪૯. શંકરલાલ બૅંકરને પત્ર (૭–૯–'૧૮) | ૪૨ |
| ૫૦. પી. સી. રાયને પત્ર (૯–૯–'૧૮) | ૪૨ |
| ૫૧. રણછોડલાલ પટવારીને પત્ર (૯–૯–'૧૮) | ૪૩ |
| ૫૨. દેવદાસ ગાંધીને લખેલા પત્રનો અંશ (૯–૯–'૧૮) | ૪૪ |
| ૫૩. હરિલાલ ગાંધીને પત્ર (૯–૯–'૧૮) | ૪૫ |
| ૫૪. સરોજિની નાયડુને પત્ર (૨૦–૯–'૧૮) | ૪૬ |
| ૫૫. પુંડલીકને પત્ર (૨૦–૯–'૧૮) | ૪૬ |
| ૫૬. ડૉ. પ્રાણજીવન મહેતાને તાર (૨૧–૯–'૧૮) | ૪૭ |
| ૫૭. ડૉ, પ્રાણજીવન મહેતાને પત્ર (૨૧–૯–'૧૮) | ૪૭ |
| ૫૮. પિલ્ગ્રિમ્સ પ્રોગ્રેસ વિષે ભાષણ (૨૧–૯–'૧૮) | ૪૮ |
| ૫૯. શ્વેબ કુરેશીને પત્ર (૨૪–૯–'૧૮) | ૪૯ |
| ૬૦. નાનુભાઈને પત્ર (૨૪–૯–'૧૮) | ૫૦ |
| ૬૧. કલ્યાણજી મહેતાને પત્ર (૨૪–૯–'૧૮) | ૫૧ |
| ૬૨. આશ્રમમાં જન્મદિવસના અભિનંદનનો જવાબ (૧–૧૦–'૧૮) | ૫૧ |
| ૬૩. ગંગાબહેન મજમુદારને પત્ર (૧૧–૧૦–'૧૮) | ૫૩ |
| ૬૪. મરહૂમ અહમદ મહમદ કાછલિયા વિષે અખબારો જોગ પત્ર (૨૦–૧૦–'૧૮) | ૫૪ |
| ૬૫. વી. એસ. શ્રીનિવાસ શાસ્ત્રીને પત્ર (૨૦–૧૦–'૧૮) | ૫૫ |


Gandhi Heritage Portal

૬૬. વાઈસરૉયને તાર (૨૯–૧૦–'૧૮) ૫૬
૬૭. પુંડલીકને પત્ર (૨૯–૧૦–'૧૮) ૫૭
૬૮. હરિલાલ ગાંધીને પત્ર (૩૧–૧૦–'૧૮) ૫૮
૬૯. રવીન્દ્રનાથ ટાગોરને પત્ર (૫–૧૧–'૧૮) ૫૮
૭૦. વી. એસ. શ્રીનિવાસ શાસ્ત્રીને પત્ર (૫–૧૧–'૧૮) ૫૯
૭૧. સ્વદેશી વસ્તુભંડારના ઉદ્‌ઘાટન પ્રસંગે સંદેશ (૧૪–૧૧–'૧૮) ૬૦
૭૨. પ્રથમ રેલવે પરિષદને સંદેશો (૧૬–૧૧–'૧૮ પહેલાં) ૬૦
૭૩. પુંડલીકને પત્ર (૧૭–૧૧–'૧૮) ૬૦
૭૪. મહમદ અલીને પત્ર (૧૮–૧૧–'૧૮) ૬૧
૭૫. સરોજિની નાયડુને પત્ર (૧૮–૧૧–'૧૮) ૬૨
૭૬. હરિલાલ ગાંધીને પત્ર (૨૬–૧૧–'૧૮) ૬૩
૭૭. મૉન્ટેગ્યુ-ચેમ્સફર્ડ યોજના સંબંધી પ્રશ્નોના જવાબ (ડિસેમ્બર, ૧૯૧૮) ૬૪
૭૮. મદ્રાસમાં મિલમજૂરોને તાર (૨–૧૨–'૧૮) ૬૫
૭૯. હિંદી રાષ્ટ્રીય કૉંગ્રેસને પત્ર (૨૬–૧૨–'૧૮) ૬૫
૮૦. ચંપારણના કલેક્ટરને પત્ર (૧૯૧૮) ૬૫
૮૧. મગનલાલ ગાંધીને પત્ર (૧૯૧૮) ૬૬
૮૨. એસ્થર ફેરિંગને પત્ર (૧૯૧૮) ૬૬
૮૩. સી. એફ. ઍન્ડ્રૂઝને પત્ર (૬–૧–'૧૯) ૬૭
૮૪. ડૉ. પ્રાણજીવન મહેતાને પત્ર (૯–૧–'૧૯) ૬૮
૮૫. મગનલાલ ગાંધીને પત્ર (૧૦–૧–'૧૯) ૬૮
૮૬. સી. એફ. ઍન્ડ્રૂઝને પત્ર (૧૦–૧–'૧૯) ૬૯
૮૭. રામદાસ ગાંધીને લખેલા પત્રનો અંશ (૧૬–૧–'૧૯) ૭૦
૮૮. નરહરિ પરીખને પત્ર (૨૧–૧–'૧૯) ૭૦
૮૯. બલિને પત્ર (૨૧–૧–'૧૯) ૭૨
૯૦. એસ્થર ફેરિંગને પત્ર (૨૫–૧–'૧૯) ૭૩
૯૦(૧) ગોખલેજીનો સેવામંત્ર (૨૭–૧–'૧૯) ૭૪
૯૧. નરહરિ પરીખને પત્ર (૨૭–૧–'૧૯) ૭૭
૯૨. રેવાશંકર સોઢાને પત્ર (૨૭–૧–'૧૯) ૭૮
૯૩. વિઠ્ઠલભાઈ પટેલને લખેલા પત્રનો અંશ (૨૮–૧–'૧૯) ૭૯
૯૪. સૈયદ હુસેનને પત્ર (૩૦–૧–'૧૯) ૭૯
૯૫. ઓ. એસ. ઘાટેને પત્ર (૩૦–૧–'૧૯) ૮૦
૯૬. મગનલાલ ગાંધીને પત્ર (જાન્યુઆરી ૧૯૧૯ના છેલ્લા અઠવાડિયામાં) ૮૧
૯૭. શંકરલાલ બૅંકરને લખેલા પત્રનો સાર (૨–૨–'૧૯ પહેલાં) ૮૧
૯૮. દેવદાસ ગાંધીને પત્ર (૨–૨–'૧૯) ૮૨
૯૯. મગનલાલ ગાંધીને પત્ર (૫–૨–'૧૯) ૮૨
૧૦૦. સ્વામી સત્યદેવને પત્ર (૬–૨–'૧૯) ૮૩


Gandhi Heritage Portal

૧૦૧. મદનમોહન માલવિયાને પત્ર (૮–૨–'૧૯) ૮૪
૧૦૨. વી. એસ. શ્રીનિવાસ શાસ્ત્રીને પત્ર (૯–૨–'૧૯) ૮૫
૧૦૩. પ્રાગજી દેસાઈને લખેલા પત્રનો અંશ (૯–૨–'૧૯) ૮૬
૧૦૪. સર વિલિયમ વિન્સન્ટને પત્ર (૧૨–૨–'૧૯) ૮૭
૧૦૫. નરહરિ પરીખને પત્ર (૧૩–૨–'૧૯) ૮૭
૧૦૬. ઓ. એસ. ઘાટેને પત્ર (૧૬–૨–'૧૯) ૮૮
૧૦૭. આશ્રમવાસીઓ સમક્ષ પ્રવચન (૧૭–૨–'૧૯) ૮૯
૧૦૮. ગોખલેની સંવત્સરી પ્રસંગે સંદેશ (૧૯–૨–'૧૯) ૯૧
૧૦૯. જે. એલ. મૅફીને પત્ર (૨૦–૨–'૧૯) ૯૧
૧૧૦. સી. વિજયરાઘવાચારિયરને પત્ર (૨૩–૨–'૧૯) ૯૩
૧૧૧. સૉન્જા શ્લેશિનને પત્ર (૨૩–૨–'૧૯) ૯૪
૧૧૨. દેવદાસ ગાંધીને પત્ર (૨૩–૨–'૧૯) ૯૫
૧૧૩. હરિલાલ ગાંધીને પત્ર (૨૩–૨–'૧૯) ૯૭
૧૧૪. સત્યાગ્રહની પ્રતિજ્ઞા (૨૪–૨–'૧૯) ૯૮
૧૧૫. વાઈસરૉયના ખાનગી સેક્રેટરીને તાર (૨૪–૨–'૧૯) ૯૯
૧૧૬. સત્યાગ્રહ (૨૫–૨–'૧૯) ૯૯
૧૧૭. મદનમોહન માલવિયાને તાર (૨૫–૨–'૧૯) ૧૦૦
૧૧૮. સી. એફ. ઍન્ડ્રૂઝને તાર (૨૫–૨–'૧૯) ૧૦૦
૧૧૯. સી. એફ. ઍન્ડ્રૂઝને પત્ર (૨૫–૨–'૧૯) ૧૦૦
૧૨૦. કે. નટરાજનને પત્ર (૨૫–૨–'૧૯) ૧૦૨
૧૨૧. સર સ્ટૅનલી રીડને પત્ર (૨૫–૨–'૧૯) ૧૦૩
૧૨૨. સર દિનશા વાચ્છાને પત્ર (૨૫–૨–'૧૯) ૧૦૩
૧૨૩. દક્ષિણ આફ્રિકાની પરિસ્થિતિ વિષે અખબારો જોગ પત્ર (૨૫–૨–'૧૯) ૧૦૪
૧૨૪. રૉલેટ બિલોનો સાર (૨૬–૨–'૧૯ પહેલાં) ૧૦૬
૧૨૫. સ્વયંસેવકો માટે સૂચનાઓ (૨૬–૨–'૧૯) ૧૧૩
૧૨૬. સત્યાગ્રહની પ્રતિજ્ઞા વિષે અખબારો જોગ પત્ર (૨૬–૨–'૧૯) ૧૧૫
૧૨૭. ઇન્ડિયન સોશિયલ રિફૉર્મરને પત્ર (૨૬–૨–'૧૯) ૧૧૭
૧૨૮. રાષ્ટ્રીય શાળા વિષે અખબારો જોગ પત્ર (૨૬–૨–'૧૯) ૧૧૮
૧૨૯. સૈયદ હુસેનને તાર (૨–૩–'૧૯) ૧૧૯
૧૩૦. દેવદાસ ગાંધીને પત્ર (૫–૩–'૧૯ અથવા તે પછી) ૧૨૦
૧૩૧. રૉલેટ બિલો વિષે ભાષણ (૭–૩–'૧૯) ૧૨૦
૧૩૨. વી. એસ. શ્રીનિવાસ શાસ્ત્રીને પત્ર (૮–૩–'૧૯) ૧૨૧
૧૩૩. લખનૌમાં સત્યાગ્રહ વિષે ભાષણ (૧૧–૩–'૧૯) ૧૨૨
૧૩૪. વી. એસ. શ્રીનિવાસ શાસ્ત્રીને તાર (૧૧–૩–'૧૯) ૧૨૩
૧૩૫. વાઈસરૉયના ખાનગી સેક્રેટરીને તાર (૧૧–૩–'૧૯) ૧૨૩
૧૩૬. જે. એલ. મૅફીને પત્ર (૧૧–૩–'૧૯) ૧૨૪

Gandhi Heritage Portal

૧૩૭. અલ્લાહાબાદમાં સત્યાગ્રહ વિષે ભાષણ (૧૧–૩–'૧૯) ૧૨૫
૧૩૮. સત્યાગ્રહ સભાના નિયમો (૧૨–૩–'૧૯) ૧૨૬
૧૩૯. સર જેમ્સ ડુબાઉલેને પત્ર (૧૨–૩–'૧૯) ૧૨૮
૧૪૦. એચ. એસ. એલ. પોલાકને તાર (૧૨–૩–'૧૯) ૧૨૮
૧૪૧. મુંબઈમાં રૉલેટ બિલો વિષે ભાષણ (૧૪–૩–'૧૯) ૧૨૯
૧૪૨. મગનલાલ ગાંધીને પત્ર (૧૬–૩–'૧૯) ૧૩૦
૧૪૩. મદ્રાસમાં સત્યાગ્રહ વિષે ભાષણ (૧૮–૩–'૧૯) ૧૩૧
૧૪૪. મદ્રાસ મજૂર સંઘમાં ભાષણ (૧૯–૩–'૧૯) ૧૩૩
૧૪૫. મદ્રાસમાં સત્યાગ્રહ વિષે ભાષણ (૨૦–૩–'૧૯) ૧૩૪
૧૪૬. મદ્રાસમાં ટ્રામવેના કર્મચારીઓની સભામાં ભાષણ (૨૧–૩–'૧૯) ૧૩૭
૧૪૭. સત્યાગ્રહ આંદોલન વિષે અખબારો જોગ પત્ર (૨૩–૩–'૧૯) ૧૩૯
૧૪૮. ઍની બેસંટને પત્ર (૨૩–૩–'૧૯) ૧૪૦
૧૪૯. સર એસ. સુબ્રહ્મણ્યમ આયરને પત્ર (૨૩–૩–'૧૯) ૧૪૦
૧૫૦. મહાદેવ દેસાઈએ લખી લીધેલી નોંધ (૨૩–૩–'૧૯) ૧૪૧
૧૫૧. તાંજોરમાં સત્યાગ્રહ આંદોલન વિષે ભાષણ (૨૪–૩–'૧૯) ૧૪૨
૧૫૨. સત્યાગ્રહ સભા, મુંબઈને તાર (૨૫–૩–'૧૯) ૧૪૪
૧૫૩. એક તાર (૨૫–૩–'૧૯) ૧૪૪
૧૫૪. ઓ. એસ. ઘાટેને પત્ર (૨૫–૩–'૧૯) ૧૪૪
૧૫૫. ત્રિચિનાપલ્લીમાં સત્યાગ્રહ આંદોલન વિષે ભાષણ (૨૫–૩–'૧૯) ૧૪૬
૧૫૬. મદુરામાં સત્યાગ્રહ આંદોલન વિષે ભાષણ (૨૬–૩–'૧૯) ૧૫૦
૧૫૭. તૂતીકોરિનમાં સત્યાગ્રહ આંદોલન વિષે ભાષણ (૨૮–૩–'૧૯) ૧૫૩
૧૫૮. નાગાપટ્ટમમાં મૂડી અને મજૂરી તથા
રૉલેટ બિલો વિષે ભાષણ (૨૯–૩–'૧૯) ૧૫૬
૧૫૯. મદ્રાસની સભાને સંદેશો (૩૦–૩–'૧૯) ૧૬૦
૧૬૦. સી. એફ. ઍન્ડ્રૂઝને પત્ર (૧–૪–'૧૯) ૧૬૩
૧૬૧. એસ્થર ફેરિંગને પત્ર (૧–૪–'૧૯) ૧૬૪
૧૬૨. એસ. કસ્તૂરી રંગા આયંગરને તાર (૩–૪–'૧૯) ૧૬૫
૧૬૩. સ્વામી શ્રદ્ધાનંદને તાર (૩–૪–'૧૯) ૧૬૬
૧૬૪. વી. એસ. શ્રીનિવાસ શાસ્ત્રીને તાર (૩–૪–'૧૯) ૧૬૭
૧૬૫. ડૉ. એમ. એ. અનસારીને તાર (૩–૪–'૧૯) ૧૬૭
૧૬૬. રાજેન્દ્રપ્રસાદને તાર (૩–૪–'૧૯) ૧૬૭
૧૬૭. મદનમોહન માલવિયાને તાર (૩–૪–'૧૯ અથવા તે પછી) ૧૬૮
૧૬૮. દિલ્હીની કરુણ ઘટના વિષે અખબારો જોગ પત્ર (૩–૪–'૧૯) ૧૬૮
૧૬૯. ડૉ. એમ. બી. વેલકરને પત્ર (૩–૪–'૧૯) ૧૭૦
૧૭૦. કાળો રવિવાર (૪–૪–'૧૯) ૧૭૧
૧૭૧. દેખાવ કરનારાઓ માટે સૂચનાઓ (૫–૪–'૧૯) ૧૭૧

Gandhi Heritage Portal

૧૭૨. રાજેન્દ્રપ્રસાદને તાર (૫–૪–'૧૯) ૧૭૨
૧૭૩. સ્વામી શ્રદ્ધાનંદને તાર (૫–૪–'૧૯) ૧૭૨
૧૭૪. સી. એફ. ઍન્ડ્રૂઝને પત્ર (૫–૪–'૧૯) ૧૭૩
૧૭૫. રવીન્દ્રનાથ ટાગોરને પત્ર (૫–૪–'૧૯) ૧૭૩
૧૭૬. મદ્રાસ પ્રાંતના લોકોને તાર-સંદેશો (૬–૪–'૧૯) ૧૭૫
૧૭૭. સ્વામી શ્રદ્ધાનંદને તાર (૬–૪–'૧૯) ૧૭૫
૧૭૮. બી. જી. હૉર્નિમૅનને પત્ર (૬–૪–'૧૯) ૧૭૬
૧૭૯. મુંબઈમાં ચોપાટી ઉપર ભાષણ (૬–૪–'૧૯) ૧૭૭
૧૮૦. મુંબઈમાં હિંદુમુસલમાન એખલાસ વિષે ભાષણ (૬–૪–'૧૯) ૧૮૨
૧૮૧. મુંબઈમાં સ્ત્રીઓની વિરોધ સભામાં કરેલું ભાષણ (૬–૪–'૧૯) ૧૮૩
૧૮૨. सत्याग्रही – १ (૭–૪–'૧૯) ૧૮૪
૧૮૩. સત્યાગ્રહીઓને સૂચનાઓ (૭–૪–'૧૯) ૧૮૫
૧૮૪. સવિનયભંગ માટેના કાયદાઓ અંગે નિવેદન (૭–૪–'૧૯) ૧૮૬
૧૮૫. ડૉ. સત્યપાલને તાર (૭–૪–'૧૯) ૧૮૮
૧૮૬. એસ. કે. રુદ્રને તાર (૭–૪–'૧૯) ૧૮૮
૧૮૭. એફ. સી. ગ્રિફિથને પત્ર (૭–૪–'૧૯) ૧૮૮
૧૮૮. સ્વદેશી વ્રત – ૧ (૮–૪–'૧૯) ૧૮૯
૧૮૯. સ્વદેશી વ્રત – ૨ (૮–૪–'૧૯) ૧૯૧
૧૯૦. હિંદુમુસલમાન એકતાનું વ્રત (૮–૪–'૧૯) ૧૯૪
૧૯૧. સી. આર. દાસને તાર (૮–૪–'૧૯) ૧૯૬
૧૯૨. સ્વામી શ્રદ્ધાનંદને તાર (૮–૪–'૧૯) ૧૯૭
૧૯૩. રાજેન્દ્રપ્રસાદને તાર (૮–૪–'૧૯) ૧૯૭
૧૯૪. એફ. સી. ગ્રિફિથને પત્ર (૮–૪–'૧૯) ૧૯૭
૧૯૫. સર ઈબ્રાહીમ રહીમતુલ્લાને પત્ર (૮–૪–'૧૯) ૧૯૮
૧૯૬. ઓ. એસ. ઘાટેને તાર (૯–૪–'૧૯) ૧૯૯
૧૯૭. "મારા દેશબંધુઓ પ્રત્યે" સંદેશો (૯–૪–'૧૯) ૧૯૯
૧૯૮. મનાઈહુકમનો જવાબ (૧૦–૪–'૧૯) ૨૦૧
૧૯૯. એસ્થર ફેરિંગને પત્ર (૧૦–૪–'૧૯) ૨૦૨
૨૦૦. સ્વામી શ્રદ્ધાનંદને તાર (૧૧–૪–'૧૯) ૨૦૩
૨૦૧. सत्याग्रह पत्रिका – ३ (૧૧–૪–'૧૯) ૨૦૩
૨૦૨. મુંબઈના મુસલમાનો સાથે વાર્તાલાપ (૧૧–૪–'૧૯) ૨૦૫
૨૦૩. સત્યાગ્રહ સંબંધમાં સૂચનાઓ (૧૨–૪–'૧૯) ૨૦૫
૨૦૪. વર્તમાનપત્રોને મુલાકાત (૧૨–૪–'૧૯) ૨૦૬
૨૦૫. મુંબઈમાં કાપડના વેપારીઓની સભામાં ભાષણ (૧૨–૪–'૧૯) ૨૦૬
૨૦૬. અમદાવાદની જનતાને સંદેશ (૧૩–૪–'૧૯) ૨૦૭
૨૦૭. सत्याग्रही – २ (૧૪–૪–'૧૯) ૨૦૮

Gandhi Heritage Portal

૨૦૮. જી. ઈ. ચૅટફીલ્ડને પત્ર (૧૪–૪–'૧૯) ૨૧૦
૨૦૯. જે. એલ. મૅફીને પત્ર (૧૪–૪–'૧૯) ૨૧૦
૨૧૦. અમદાવાદની જાહેર સભામાં ભાષણ (૧૪–૪–'૧૯) ૨૧૩
૨૧૧. જી. ઈ. ચૅટફીલ્ડને પત્ર (૧૫–૪–'૧૯) ૨૧૬
૨૧૨. જે. એલ. મૅફીને પત્ર (૧૫–૪–'૧૯) ૨૧૭
૨૧૩. સર ઈબ્રાહીમ રહીમતુલ્લાને પત્ર (૧૫–૪–'૧૯) ૨૧૭
૨૧૪. સર સ્ટૅનલી રીડને પત્ર (૧૫–૪–'૧૯) ૨૧૯
૨૧૫. सत्याग्रह पत्रिका – ४ (૧૬–૪–'૧૯) ૨૨૪
૨૧૬. જી. ઈ. ચૅટફીલ્ડને પત્ર (૧૬–૪–'૧૯) ૨૨૬
૨૧૭. જી. ઈ. ચૅટફીલ્ડને પત્ર (૧૬–૪–'૧૯) ૨૨૭
૨૧૮. એફ. જી. પ્રૅટને પત્ર (૧૬–૪–'૧૯) ૨૨૭
૨૧૯. सत्याग्रह पत्रिका – ५ (૧૭–૪–'૧૯) ૨૨૮
૨૨૦. સ્વામી શ્રદ્ધાનંદને પત્ર (૧૭–૪–'૧૯) ૨૨૯
૨૨૧. મુંબઈમાં હિંદી પરિષદની પૂર્વતૈયારી રૂપે ભરાયેલી સભામાં ભાષણ (૧૮–૪–'૧૯ પહેલાં) ૨૩૨
૨૨૨. જી. એ. નટેસનને તાર (૧૮–૪–'૧૯) ૨૩૪
૨૨૩. સવિનયભંગ મોકૂફ રાખવા અંગે અખબારો જોગું નિવેદન (૧૮–૪–'૧૯) ૨૩૪
૨૨૪. હિંદી સાહિત્ય સંમેલનમાં ભાષણ (૧૯–૪–'૧૯) ૨૩૬
૨૨૫. હિંદી સાહિત્ય સંમેલનમાં ફાળા માટે અપીલ (૨૦–૪–'૧૯) ૨૩૭
૨૨૬. વાઇસરૉયના ખાનગી સેક્રેટરીને તાર (૨૧–૪–'૧૯) ૨૩૭
૨૨૭. જી. ઈ. ચૅટફીલ્ડને પત્ર (૨૧–૪–'૧૯) ૨૩૮
૨૨૮. ગિલેસ્પીને પત્ર (૨૨–૪–'૧૯) ૨૩૮
૨૨૯. જી. ઈ. ચૅટફીલ્ડને પત્ર (૨૨–૪–'૧૯) ૨૩૯
૨૩૦. એફ. જી. પ્રૅટને પત્ર (૨૪–૪–'૧૯) ૨૩૯
૨૩૧. सत्याग्रह पत्रिका – ६ (૨૫–૪–'૧૯) ૨૪૦
૨૩૨. મુંબઈમાં ભાષણ (૨૫–૪–'૧૯) ૨૪૨
૨૩૩. ચંદ્રશંકર પંડયાને પત્ર (૨૬–૪–'૧૯) ૨૪૨
૨૩૪. सत्याग्रह पत्रिका – ७ (૨૬–૪–'૧૯) ૨૪૩
૨૩૫. મુંબઈમાં મારવાડીઓની સભામાં ભાષણ (૨૭–૪–'૧૯) ૨૪૪
૨૩૬. सत्याग्रह पत्रिका – ८ (૨૮–૪–'૧૯) ૨૪૬
૨૩૭. सत्याग्रह पत्रिका – ९ (૨૮–૪–'૧૯) ૨૪૮
૨૩૮. પુંડલીકને તાર (૨૮–૪–'૧૯) ૨૪૯
૨૩૯. टाइम्स ऑफ इन्डियाને પત્ર (૨૮–૪–'૧૯) ૨૪૯
૨૪૦. જે. ક્રિરરને પત્ર (૨૯–૪–'૧૯) ૨૫૦
૨૪૧. सत्याग्रह पत्रिका – १० (૩૦–૪–'૧૯) ૨૫૧
૨૪૨. સર સ્ટૅનલી રીડને પત્ર (૩૦–૪–'૧૯) ૨૫૨

Gandhi Heritage Portal

૨૪૩. એન. પી. કોવીને પત્ર (૩૦–૪–'૧૯) ૨૫૩
૨૪૪. સિંધના સત્યાગ્રહીઓ જોગ પત્ર (૩૦–૪–'૧૯) ૨૫૩
૨૪૫. કેરને પત્ર (એપ્રિલ, ૧૯૧૯) ૨૫૪
૨૪૬. सत्याग्रह पत्रिका – ११ (૧–૫–'૧૯) ૨૫૫
૨૪૭. सत्याग्रह पत्रिका – १२ (૨–૫–'૧૯) ૨૫૬
૨૪૮. सत्याग्रह पत्रिका – १३ (૩–૫–'૧૯) ૨૫૮
૨૪૯. જે. એમ. વિલ્સનને પત્ર (૩–૫–'૧૯) ૨૫૯
૨૫૦. सत्याग्रह पत्रिका – १४ (૪–૫–'૧૯) ૨૬૦
૨૫૧. સી. એફ. ઍન્ડ્રૂઝને પત્ર (૪–૫–'૧૯) ૨૬૧
૨૫૨. મૌલાના અબદુલ બારીને પત્ર (૪–૫–'૧૯) ૨૬૨
૨૫૩. सत्याग्रह पत्रिका – १५ (૫–૫–'૧૯) ૨૬૩
૨૫૪. જે. એલ. મૅફીને પત્ર (૫–૫–'૧૯) ૨૬૪
૨૫૫. જે. એ. ગાઈડરને પત્ર (૫–૫–'૧૯) ૨૬૫
૨૫૬. મગનલાલ ગાંધીને પત્ર (૫–૫–'૧૯) ૨૬૬
૨૫૭. હરિલાલ ગાંધીને પત્ર (૫–૫–'૧૯) ૨૬૭
૨૫૮. सत्याग्रह पत्रिका – १६ (૬–૫–'૧૯) ૨૬૮
૨૫૯. એફ. સી. ગ્રિફિથને પત્ર (૬–૫–'૧૯) ૨૭૦
૨૬૦. નિર્મળાને પત્ર (૬–૫–'૧૯) ૨૭૦
૨૬૧. મુંબઈની સભામાં ભાષણ (૬–૫–'૧૯) ૨૭૧
૨૬૨. सत्याग्रह पत्रिका – १७ (૭–૫–'૧૯) ૨૭૪
૨૬૩. મુંબઈના નાગરિકોને અપીલ (૭–૫–'૧૯) ૨૭૫
૨૬૪. રાઉને પત્ર (૭–૫–'૧૯) ૨૭૬
૨૬૫. सत्याग्रह पत्रिका – १८ (૮–૫–'૧૯) ૨૭૬
૨૬૬. ઓ. એસ. ઘાટેને પત્ર (૮–૫–'૧૯) ૨૭૮
૨૬૭. મુંબઈની મહિલા સભામાં ભાષણ (૮–૫–'૧૯) ૨૭૮
૨૬૮. सत्याग्रह पत्रिका – १९ (૯–૫–'૧૯) ૨૮૧
૨૬૯. એફ. સી. ગ્રિફિથને પત્ર (૯–૫–'૧૯) ૨૮૨
૨૭૦. ડૉ. પૉવેલને પત્ર (૯–૫–'૧૯) ૨૮૩
૨૭૧. મુંબઈમાં ખિલાફત વિષે ભાષણ (૯–૫–'૧૯) ૨૮૩
૨૭૨. सत्याग्रह पत्रिका – २० (૧૦–૫–'૧૯) ૨૮૭
૨૭૩. એસ. કે. રુદ્રને તાર (૧૦–૫–'૧૯) ૨૮૭
૨૭૪. ઍની બેસંટને પત્ર (૧૦–૫–'૧૯) ૨૮૮
૨૭૫. જે. એ. ગાઈડરને તાર (૧૧–૫–'૧૯) ૨૮૯
૨૭૬. સત્યાગ્રહ આશ્રમ, સાબરમતીને તાર (૧૧–૫–'૧૯) ૨૯૦
૨૭૭. જે. એલ. મૅફીને પત્ર (૧૧–૫–'૧૯) ૨૯૦
૨૭૮. सत्याग्रह पत्रिका – २१ (૧૨–૫–'૧૯) ૨૯૧

Gandhi Heritage Portal

૨૭૯. રેવરંડ એમ. વેલ્સ બ્રાન્ચને પત્ર (૧૨–૫–'૧૯) ૨૯૨
૨૮૦. સ્વદેશીનું વ્રત (૧૩–૫–'૧૯) ૨૯૩
૨૮૧. એફ. સી. ગ્રિફિથને પત્ર (૧૪–૫–'૧૯) ૨૯૬
૨૮૨. સર એસ. સુબ્રહ્મણ્યમ આયરને પત્ર (૧૪–૫–'૧૯) ૨૯૭
૨૮૩. સત્યાગ્રહ વિષે નોંધ (૧૫–૫–'૧૯) ૨૯૭
૨૮૪. વાઇસરૉયના ખાનગી સેક્રેટરીને તાર (૧૫–૫–'૧૯) ૨૯૮
૨૮૫. જે. એલ. મૅફીને પત્ર (૧૬–૫–'૧૯) ૨૯૯
૨૮૬. સાકરલાલ દવેને પત્ર (૧૯–૫–'૧૯) ૩૦૦
૨૮૭. મણિબહેન પરીખને પત્ર (૧૯–૫–'૧૯) ૩૦૧
૨૮૮. સુરતના સત્યાગ્રહીઓને પત્ર (૨૦–૫–'૧૯) ૩૦૨
૨૮૯. સત્યાગ્રહીઓના સંમેલન સંબંધમાં પરિપત્ર (૨૧–૫–'૧૯) ૩૦૩
૨૯૦. એફ. સી. ગ્રિફિથને પત્ર (૨૩–૫–'૧૯) ૩૦૪
૨૯૧. એફ. સી. ગ્રિફિથને પત્ર (૨૩–૫–'૧૯) ૩૦૪
૨૯૨. એફ. સી. ગ્રિફિથને પત્ર (૨૩–૫–'૧૯) ૩૦૫
૨૯૩. અલીભાઈઓને પત્ર (૨૩–૫–'૧૯) ૩૦૫
૨૯૪. એન. પી. કોવીને પત્ર (૨૫–૫–'૧૯) ૩૦૭
૨૯૫. કર્નલ ટ્યૂકને પત્ર (૨૫–૫–'૧૯) ૩૦૮
૨૯૬. મગનલાલ ગાંધીને પત્ર (૨૬–૫–'૧૯) ૩૦૯
૨૯૭. સુરતમાં સ્ત્રીઓની સભામાં ભાષણ (૨૬–૫–'૧૯) ૩૧૦
૨૯૮. સુરતની જાહેર સભામાં ભાષણ (૨૬–૫–'૧૯) ૩૧૩
૨૯૯. इन्डियन होमरूल (हिंद स्वराज)ની પ્રસ્તાવના (૨૮–૫–'૧૯) ૩૧૭
૩૦૦. એસ્થર ફેરિંગને પત્ર (૨૮–૫–'૧૯) ૩૧૭
૩૦૧. વાલજીભાઈ દેસાઈને પત્ર (૨૮–૫–'૧૯) ૩૧૮
૩૦૨. અવિધિસરના ખાનગી સત્યાગ્રહ સંમેલન વિષે નોંધ (૩૦–૫–'૧૯) ૩૧૯
૩૦૩. એસ. આર. હિગનેલને પત્ર (૩૦–૫–'૧૯) ૩૨૦
૩૦૪. એચ. એસ. એલ. પોલાકને પત્ર (૩૦–૫–'૧૯) ૩૨૧
૩૦૫. બાળ ગંગાધર ટિળકને અંજલિ (૩૧–૫–'૧૯) ૩૨૨
૩૦૬. રામદાસ ગાંધીને પત્ર (૧–૬–'૧૯) ૩૨૪
૩૦૭. મગનલાલ ગાંધીને પત્ર (૧–૬–'૧૯) ૩૨૬
૩૦૮. મગનલાલ ગાંધીને પત્ર (૧–૬–'૧૯ પછી) ૩૨૭
૩૦૯. સોંજા શ્લેશિનને પત્ર (૨–૬–'૧૯) ૩૨૭
૩૧૦. સ્વદેશી વ્રત વિષે મુંબઈમાં ભાષણ (૪–૬–'૧૯) ૩૨૮
૩૧૧. અલીભાઈઓને પત્ર (૫–૬–'૧૯) ૩૨૯
૩૧૨. એન. પી. કોવીને પત્ર (૫–૬–'૧૯) ૩૩૦
૩૧૩. બી. જી. હૉર્નિમૅનને પત્ર (૬–૬–'૧૯) ૩૩૦
૩૧૪. એચ. એસ. એલ. પોલાકને પત્ર (૬–૬–'૧૯) ૩૩૧

Gandhi Heritage Portal

૩૧૫. વી. એસ. શ્રીનિવાસ શાસ્ત્રીને પત્ર (૬–૬–'૧૯) ૩૩૨
૩૧૬. મગનલાલ ગાંધીને પત્ર (૬–૬–'૧૯) ૩૩૩
૩૧૭. મિ. ઍન્ડ્રૂઝની અપીલ (૭–૬–'૧૯) ૩૩૪
૩૧૮. મિ. હૉર્નિમૅન (૭–૬–'૧૯) ૩૩૫
૩૧૯. એક યુવાન પત્રકારને પત્ર (૭–૬–'૧૯) ૩૩૬
૩૨૦. છગનલાલ ગાંધીને પત્ર (૭–૬–'૧૯) ૩૩૭
૩૨૧. મગનલાલ ગાંધીને પત્ર (૭–૬–'૧૯) ૩૩૮
૩૨૨. છગનલાલ ગાંધીને પત્ર (૭–૬–'૧૯ પછી) ૩૩૯
૩૨૩. એસ. આર. હિગનેલને પત્ર (૯–૬–'૧૯) ૩૪૦
૩૨૪. એન. પી. કોવીને પત્ર (૯–૬–'૧૯ અથવા તે પછી) ૩૪૧
૩૨૫. એન. પી. કોવીને પત્ર (૯–૬–'૧૯ પછી) ૩૪૨
૩૨૬. બાબુ કાલીનાથ રૉય (૧૧–૬–'૧૯) ૩૪૨
૩૨૭. વાઈસરૉયને વિનંતીપત્ર (૧૧–૬–'૧૯) ૩૪૬
૩૨૮. ચેમ્સફર્ડને વિનંતીપત્ર (૧૧–૬–'૧૯) ૩૪૭
૩૨૯. કાલીનાથ રૉયના કેસ અંગે પરિપત્ર (૧૧–૬–'૧૯) ૩૪૮
૩૩૦. સી. એફ. ઍન્ડ્રૂઝને પત્ર (૧૧–૬–'૧૯) ૩૪૯
૩૩૧. એન. પી. કોવીને પત્ર (૧૧–૬–'૧૯ પછી) ૩૪૯
૩૩૨. ગિલેસ્પીને પત્ર (૧૧–૬–'૧૯ પછી) ૩૫૦
૩૩૩. સત્યાગ્રહ સમિતિના મંત્રીઓને પત્ર (૧૨–૬–'૧૯) ૩૫૦
૩૩૪. એસ. ટી. શેપર્ડને પત્ર (૧૨–૬–'૧૯) ૩૫૧
૩૩૫. મગનલાલ ગાંધીને પત્ર (૧૨–૬–'૧૯) ૩૫૨
૩૩૬. ઈ. ડબ્લ્યુ. ફ્રિચલીને પત્ર (૧૩–૬–'૧૯) ૩૫૨
૩૩૭. ઈ. એસ. મૉન્ટેગ્યુને પત્ર (૧૪–૬–'૧૯) ૩૫૩
૩૩૮. એચ. એસ. એલ. પોલાકને પત્ર (૧૪–૬–'૧૯) ૩૫૫
૩૩૯. મગનલાલ ગાંધીને પત્ર (૧૫–૬–'૧૯) ૩૫૬
૩૪૦. ગંગાબહેનને પત્ર (૧૫–૬–'૧૯) ૩૫૭
૩૪૧. ઝફ્ર-ઉલ-મુલ્ક અલવીને પત્ર (૧૫–૬–'૧૯ પછી) ૩૫૭
૩૪૨. સ્વદેશીનું વ્રત (૧૬–૬–'૧૯) ૩૫૮
૩૪૩. લાહોરમાં ચાલતા ડૉ. કિચલુના મુકદ્દમા અંગે કમિશનને આપેલી જુબાની (૧૬–૬–'૧૯) ૩૬૦
૩૪૪. મુંબઈમાં સ્વદેશી વિષે ભાષણ (૧૭–૬–'૧૯) ૩૬૧
૩૪૫. એસ. આર. હિગનેલને પત્ર (૧૮–૬–'૧૯) ૩૬૩
૩૪૬. મુંબઈમાં શુદ્ધ સ્વદેશી વસ્ત્ર ભંડારના ઉદ્‌ઘાટન પ્રસંગે ભાષણ (૧૮–૬–'૧૯) ૩૬૪
૩૪૭. દક્ષિણ આફ્રિકાની એક મહિલા મિત્રને પત્ર (૧૮–૬–'૧૯ પછી) ૩૬૭
૩૪૮. બી. જી. હૉર્નિમૅનની પ્રશંસા (૧૯–૬–'૧૯) ૩૭૦
૩૪૯. ઈ. એલ. સેવને પત્ર (૧૯–૬–'૧૯) ૩૭૧

Gandhi Heritage Portal

૩૫૦. મુંબઈની સ્વદેશી સભામાં કરેલું ભાષણ (૧૯–૬–'૧૯) ૩૭૧
૩૫૧. સાદિકઅલી ખાનને પત્ર (૨૩–૬–'૧૯) ૩૭૨
૩૫૨. ઈ. એસ. મૉન્ટેગ્યુને તાર (૨૪–૬–'૧૯) ૩૭૩
૩૫૩. મુંબઈની સત્યાગ્રહ સભામાં ભાષણ (૨૪–૬–'૧૯) ૩૭૪
૩૫૪. જી. એ. નટેસનને પત્ર (૨૫–૬–'૧૯) ૩૭૫
૩૫૫. વાઇસરૉયના ખાનગી સેક્રેટરીને પત્ર (૨૬–૬–'૧૯) ૩૭૬
૩૫૬. એસ. આર. હિગનેલને પત્ર (૨૬–૬–'૧૯) ૩૭૬
૩૫૭. સર એન. જી. ચંદાવરકરને પત્ર (૨૬–૬–'૧૯) ૩૭૭
૩૫૮. વી. એસ. શ્રીનિવાસ શાસ્ત્રીને તાર (૨૭–૬–'૧૯) ૩૭૮
૩૫૯. મદનમોહન માલવિયાને તાર (૨૭–૬–'૧૯) ૩૭૮
૩૬૦. એસ. આર. હિગનેલને પત્ર (૨૭–૬–'૧૯) ૩૭૯
૩૬૧. એસ્થર ફેરિંગને પત્ર (૨૭–૬–'૧૯) ૩૭૯
૩૬૨. ગિલેસ્પીને પત્ર (૨૭–૬–'૧૯) ૩૮૦
૩૬૩. મુકરજીને પત્ર (૨૭–૬–'૧૯) ૩૮૧
૩૬૪. એસ. ટી. શેપર્ડને પત્ર (૨૭–૬–'૧૯) ૩૮૧
૩૬૫. મુંબઈની સત્યાગ્રહ સભાની મીટિંગમાં ભાષણ (૨૭–૬–'૧૯) ૩૮૨
૩૬૬. એચ. એસ. એલ. પોલાકને પત્ર (૨૭–૬–'૧૯) ૩૮૨
૩૬૭. એસ. આર. હિગનેલને પત્ર (૨૮–૬–'૧૯) ૩૮૩
૩૬૮. એમ. એ. ઝીણાને પત્ર (૨૮–૬–'૧૯) ૩૮૪
૩૬૯. મુંબઈમાં સ્વદેશી વિષે ભાષણ (૨૮–૬–'૧૯) ૩૮૬
૩૭૦. મુંબઈમાં મળેલી સભામાં સ્વદેશી વિષે વિચારો (૨૮–૬–'૧૯) ૩૮૭
૩૭૧. રૂ ઉદ્યોગ વિષે પ્રશ્નાવલિ (૨૯–૬–'૧૯ પહેલાં) ૩૮૮
૩૭૨. મહમદઅલીને પત્ર (૨૯–૬–'૧૯) ૩૯૦
૩૭૩. અમદાવાદમાં સ્વદેશી વિષે ભાષણ (૨૯–૬–'૧૯) ૩૯૧
૩૭૪. અમદાવાદમાં વનિતા વિશ્રામના શિલારોપણવિધિ પ્રસંગે ભાષણ (૨૯–૬–'૧૯) ૩૯૪
૩૭૫. સત્યાગ્રહીઓ માટે સૂચનાઓ (૩૦–૬–'૧૯) ૩૯૭
૩૭૬. સંદેશો (૩૦–૬–'૧૯ની આસપાસ) ૪૦૨
૩૭૭. ડી. હીલીને પત્ર (૩૦–૬–'૧૯) ૪૦૩
૩૭૮. તાર (જૂન, ૧૯૧૯) ૪૦૪
૩૭૯. ઈ. ડબ્લ્યુ. ફ્રિચલીને પત્ર (જૂન, ૧૯૧૯) ૪૦૪
૩૮૦. નવજીવન–સાપ્તાહિક (જુલાઈ, ૧૯૧૯) ૪૦૫
૩૮૧. સ્વદેશી સભાના નિયમો (૧–૭–'૧૯ પહેલાં) ૪૦૬
૩૮૨. ભાવિ યોજનાઓ અંગે લેખિત નિવેદન (૧–૭–'૧૯) ૪૦૯
૩૮૩. એસ. ટી. શેપર્ડને પત્ર (૨–૭–'૧૯) ૪૧૦
૩૮૪. જહાંગીર બી. પિટીટને પત્ર (૨–૭–'૧૯) ૪૧૧
૩૮૫. દક્ષિણ આફ્રિકાના પ્રશ્ન વિષે અખબારો જોગ પત્ર (૩–૭–'૧૯) ૪૧૨


Gandhi Heritage Portal

૩૮૬. સર જૉર્જ બાર્ન્ઝને પત્ર (૩–૭–'૧૯) ૪૧૩
૩૮૭. આર. બી. યૂબૅંકને પત્ર (૩–૭–'૧૯) ૪૧૪
૩૮૮. સી. રાજગોપાલાચારીને પત્ર (૩–૭–'૧૯) ૪૧૫
૩૮૯. છગનલાલ ગાંધીને પત્ર (૩–૭–'૧૯) ૪૧૬
૩૯૦. મુંબઈમાં સ્વદેશી વિષે ભાષણ (૪–૭–'૧૯) ૪૧૬
૩૯૧. સ્મટ્સ-ગાંધી સમાધાન (૫–૭–'૧૯) ૪૧૭
૩૯૨. એફ. સી. ગ્રિફિથને પત્ર (૫–૭–'૧૯) ૪૧૯
૩૯૩. એચ. એસ. એલ. પોલાકને પત્ર (૫–૭–'૧૯) ૪૨૦
૩૯૪. સત્યાગ્રહીઓનું કર્તવ્ય (૬–૭–'૧૯) ૪૨૧
૩૯૫. નડિયાદમાં સ્ત્રીઓની સભામાં સ્વદેશી વિષે ભાષણ (૬–૭–'૧૯) ૪૨૪
૩૯૬. મુંબઈના ગવર્નરના ખાનગી સેક્રેટરીને પત્ર (૮–૭–'૧૯ અથવા તે પછી) ૪૨૮
૩૯૭. લાલા રાધાકૃષ્ણનો મુકદ્દમો (૧૨–૭–'૧૯) ૪૨૯
૩૯૮. પંજાબના લેફ્ટનન્ટ ગવર્નરના ખાનગી સેક્રેટરીને પત્ર (૧૨–૭–'૧૯) ૪૩૩
૩૯૯. સુંદરલાલને પત્ર (૧૨–૭–'૧૯) ૪૩૩
૪૦૦. પૂનામાં ફર્ગ્યુસન કૉલેજમાં સ્વદેશી વિષે ભાષણ (૧૨–૭–'૧૯) ૪૩૪
૪૦૧. પૂનામાં નાગરિકોની સભા સમક્ષ સ્વદેશી વિષે ભાષણ (૧૨–૭–'૧૯) ૪૩૬
૪૦૨. છગનલાલ ગાંધીને પત્ર (૧૩–૭–'૧૯) ૪૩૮
૪૦૩. મુંબઈમાં દક્ષિણ આફ્રિકાના હિંદીઓ વિષે ભાષણ (૧૩–૭–'૧૯) ૪૩૯
૪૦૪. એફ. સી. ગ્રિફિથને પત્ર (૧૪–૭–'૧૯) ૪૪૧
૪૦૫. આર. પી. પરાંજપેને પત્ર (૧૪–૭–'૧૯) ૪૪૨
૪૦૬. ડી. એન. નગરકટ્ટીને પત્ર (૧૪–૭–'૧૯) ૪૪૩
૪૦૭. છગનલાલ ગાંધીને પત્ર (૧૪–૭–'૧૯) ૪૪૪
૪૦૮. મામા ફડકેને પત્ર (૧૫–૭–'૧૯) ૪૪૪
૪૦૯. પ્રિન્સિપાલ પરાંજપેની ટીકાનો જવાબ (૧૬–૭–'૧૯) ૪૪૫
૪૧૦. મગનલાલ ગાંધીને પત્ર (૧૬–૭–'૧૯) ૪૪૬
૪૧૧. એ. એચ. વેસ્ટને પત્ર (૧૭–૭–'૧૯) ૪૪૬
૪૧૨. એફ. સી. ગ્રિફિથને પત્ર (૧૮–૭–'૧૯) ૪૪૯
૪૧૩. છગનલાલ ગાંધીને પત્ર (૧૮–૭–'૧૯) ૪૫૦
૪૧૪. ગાંધી-સ્મટ્સ સમાધાન વિષે મુંબઈમાં ભાષણ (૧૮–૭–'૧૯) ૪૫૦
૪૧૫. સવિનયભંગની લડત મોકૂફ રાખવા સંબંધમાં અખબારો જોગ પત્ર (૨૧–૭–'૧૯) ૪૫૧
૪૧૬. છોટાલાલ તેજપાલને પત્ર (૨૨–૭–'૧૯) ૪૫૫
૪૧૭. લાહોરનો ફેંસલો (૨૩–૭–'૧૯) ૪૫૫
૪૧૮. એ. વેંકટરામનને પ્રમાણપત્ર (૨૪–૭–'૧૯) ૪૬૦
૪૧૯. ટ્રાન્સવાલ એશિયાટિક કાનૂન વિષે સર જૉર્જ બાર્ન્ઝને પત્ર (૨૬–૭–'૧૯) ૪૬૧
૪૨૦. કલ્યાણજી મહેતાને પત્ર (૨૬–૭–'૧૯) ૪૬૪

Gandhi Heritage Portal

૪૨૦(૧). સર એસ. આર. હિગનેલને પત્ર (૨૭–૭–'૧૯) ૪૬૪
૪૨૧. સવિનય કાનૂનભંગ રાજદ્રોહ નથી (૨૭–૭–'૧૯) ૪૬૫
૪૨૨. પોલાક વગેરેને તાર (૨૮–૭–'૧૯) ૪૬૮
૪૨૩. સુરતમાં વિદ્યાર્થીઓ સમક્ષ ભાષણ (૨૮–૭–'૧૯) ૪૬૯
૪૨૪. સુરતમાં સ્વદેશી વસ્તુભંડારના ઉદ્‌ઘાટન પ્રસંગે ભાષણ (૨૮–૭–'૧૯) ૪૬૯
૪૨૫. સુરતમાં સ્વદેશી વિષે ભાષણ (૨૮–૭–'૧૯) ૪૭૧
૪૨૬. જગન્નાથનો કેસ (૩૦–૭–'૧૯) ૪૭૭
૪૨૭. લેફ્ટનન્ટ ગવર્નરના ખાનગી સેક્રેટરીને પત્ર (૩૦–૭–'૧૯ અથવા તે પછી) ૪૮૦

પરિશિષ્ટો

૧. રવીન્દ્રનાથ ટાગોરનો ગાંધીજીને પત્ર (૧૨–૪–'૧૯) ૪૮૧
૨. सत्याग्रह पत्रिका – १ (માર્ચ, ૧૯૧૯) ૪૮૩
૩. સત્યાગ્રહ વિષે પ્રશ્નો (૧૭–૪–'૧૯ પહેલાં) ૪૮૯
૪. સર સ્ટેનલી રીડનો ગાંધીજીને પત્ર (૨–૫–'૧૯) ૪૯૦
૫. ગાંધીજી સાથે થયેલી મુલાકાત વિષે અમદાવાદના જિલ્લા મૅજિસ્ટ્રેટે કરેલી નોંધ (૧૧–૫–'૧૯ પછી) ૪૯૧
૬. રેવરંડ એમ. વેલ્સ બ્રાન્ચનો ગાંધીજીને પત્ર (૨–૫–'૧૯) ૪૯૨
આધારભૂત સાહિત્ય ૪૯૫
તારીખવાર વૃત્તાંત ૪૯૭
સૂચિ ૫૧૧

Gandhi Heritage Portal

## ચિત્રસૂચિ

સત્યાગ્રહ પત્રિકા નં. ૨૧ મુખપૃષ્ઠ

Gandhi Heritage Portal

# ગાંધીજીનો અક્ષરદેહ

Gandhi Heritage Portal

# અભ્યાસી પ્રત્યે

મારાં લખાણોના ઉદ્યમી અભ્યાસીને તેમ જ એમાં રસ લેનાર બીજાઓને કહેવા ઇચ્છું છું કે મને સર્વકાળે એકરૂપ જ દેખાવાની કશી પરવા નથી. સત્યની મારી શોધમાં મેં ઘણા વિચારોનો ત્યાગ કર્યો છે ને ઘણી નવી વસ્તુઓ શીખ્યો છું. ઉંમરમાં હું ભલે વૃદ્ધ થયો હોઉં, પણ મારો આંતરિક વિકાસ થતો અટકયો છે અથવા દેહ પડયા પછી મારો વિકાસ અટકી જશે એવું મને લાગતું નથી. મને એક જ વસ્તુની પડી છે, ને તે પ્રતિક્ષણ સત્યનારાયણની વાણીને અનુસરવાની મારી તત્પરતા છે. અને તેથી કોઈને મારાં બે લખાણોમાં વિરોધ જેવું જણાય ત્યારે, જો તેને મારા ડહાપણ વિષે શ્રદ્ધા હોય તો એક જ વિષયનાં બે લખાણોમાંથી પાછલાને તે પ્રમાણભૂત માને.

હરિજનબંધુ, ૩૦–૪–’૩૩ — ગાંધીજી

Gandhi Heritage Portal

# ૧. સુરતમાં ભાષણ

ઑગસ્ટ ૧, ૧૯૧૮

હું આજે સુરતમાં ભાષણ આપવા આવ્યો નથી પણ તમોએ વર્તમાનપત્રો દ્વારા જાણ્યું હશે કે મારા એક અંગત મિત્ર મિ. સોરાબજી શાપુરજી કે જેઓ દક્ષિણ આફ્રિકામાં સત્યાગ્રહની લડતમાં મારી સાથે હતા તેઓ ગુજરી ગયા છે તેમની પત્નીનાં દર્શન કરવા અને ખરખરો કરવા અડાજણ મુકામે આવ્યો હતો.[૧] દરમ્યાન મને ભાષણ આપવા એલતેમાસ થવાથી આજે આ તક મળી છે. તમો જાણો છો કે આખા હિંદમાં સ્વરાજનો ધ્વનિ ચાલી રહ્યો છે. મિ. મૉન્ટેગ્યુની[૨] રાજકીય સુધારાની યોજના બહાર પડી ચૂકી છે. અને તે ઉપર મતભેદ ચાલી રહ્યો છે. વર્તમાનપત્રો પણ પોતાના વિચારો દર્શાવી રહ્યાં છે. એ યોજના કેટલીક યોગ્ય અને કેટલીક વિચિત્ર છે અને તે વિષે હું મારો મત જણાવી ચૂકયો છું. તેમાં જેટલા સુધારા કરવાના છે તે માટે આગ્રહ કરવાની જરૂર છે. આપણે અનેક વસ્તુઓ માગી હોય તેમાંથી જે મળ્યું તેનાથી ચલાવી લઈએ તો તે આગ્રહથી માગેલી ન કહેવાય. મારો અભિપ્રાય એવો છે કે આપણે સ્વરાજને અંગે જે માગવું હોય તે માટે હક પ્રમાણે મરણ સુધી આંદોલન કરવું જોઈએ અને તેની સાથે સાથે સરકારના પક્ષમાં રહી તેને મદદ કરવી જોઈએ એટલે કે હાલ ચાલતી લડાઈની ભરતીમાં ફ્રાન્સ, મૅસોપોટેમિયા વગેરે સ્થળે આપણે માણસો મોકલી આપવા જોઈએ. આપણે એ ભરતીમાં દાખલ નહીં થયા હોઈએ ત્યાં સુધી સ્વરાજની માગણી કરી શકતા નથી. ફરજ બજાવ્યા વગર ફળની આશા રાખવી ફોગટ છે. ગુજરાતમાં, તેમાં ખાસ કરીને સુરતમાં એ વિષે ભાષણ આપવું ઘણું મુશ્કેલ છે. કારણ સુરતની પ્રજાને એ વિષે કશો વિચાર કરવાનો નથી કે કશો મત બાંધવાનો પણ નથી. તેઓએ તો એ વિષે પોતાનો મત બાંધી જ રાખેલો હોય એમ આજની હાજરી ઉપરથી જણાય છે. સ્વરાજ્ય માટે જે પ્રજા તત્પર રહે છે તે પ્રજાની પહેલી ફરજ આવાં ભાષણો ધ્યાનપૂર્વક અને વિનયપૂર્વક સાંભળી તેમાંથી જે યોગ્ય લાગે તેનો સ્વીકાર કરવાની જોઈએ અને અયોગ્ય લાગે તેનો ત્યાગ કરવાની છે. જ્યાં સુધી પ્રજામાં એ તત્ત્વ દાખલ ન થાય ત્યાં સુધી તે સ્વરાજ ભોગવવાને તો શું પણ તે માગવાને પણ લાયક નથી. ૩૦ કરોડની બધી પ્રજા ભાષણો સાંભળવા જવાને અશક્ત છે પણ તેઓએ વર્તમાનપત્રો વાંચી તેમાંથી જે યોગ્ય લાગે તે ગ્રહણ કરવું જોઈએ.

એ પછી ભાષણકર્તાએ સ્વરાજની માગણી અને હાલના યુદ્ધમાં સામ્રાજ્યને મદદ કરવા સંબંધી પોતાના વિચારો અને મિ. ટિળકના વિચારો દર્શાવતાં જણાવ્યું કે:

હું સ્વરાજ્ય મેળવવામાં પછાત વિચારનો નથી પણ તેમાં હું એક મોટો યોદ્ધો છું. આપણે સામ્રાજ્યમાં સરખો હક્ક ભોગવવા માગીએ છીએ તો તેને હાલની આફતમાંથી આપણે ઉઠાવવું જોઈએ અને તો જ સરખો હિસ્સો લેવા લાયક થયેલા ગણાઈશું. જે પક્ષ એમ કહે છે કે

૧. જુઓ પુસ્તક ૧૪, પા. ૪૫૧-૨.

૨. ઈ. એસ. મૉન્ટેગ્યુ (૧૮૭૯); ભારતમંત્રી, ૧૯૧૭-૨૨; અને જુલાઈ ૮, ૧૯૧૮ને રોજ પ્રસિદ્ધ થયેલા મૉન્ટેગ્યુ-ચેમ્સફર્ડ સુધારાના એક સહપુરસ્કર્તા.



Gandhi Heritage Portal

પ્રથમ સ્વરાજના હક્કો, લડાયક હક્કો અને બીજા સમાન હક્કો આપે તો તે પછી આપણે બ્રિટિશ સરકારને મદદ કરીએ. આ માગણી કરનાર પક્ષ નાખી દેવા જેવો નથી. પણ તેમાં કૂંચી એ છે કે સામ્રાજ્ય તે માટે બેસી રહ્યું નથી. હાલમાં આપણો તેની સાથેનો સંબંધ એક ધણી અને ગુલામ તથા રાજા અને પ્રજા જેવો રહેલો છે. તે સંબંધને ફેરવીને આપણને પોતાના હિસ્સેદાર બનાવે એ તેની પોતાની મરજીની વાત છે. ત્યારે ધારો કે સામ્રાજ્યને પોતાનો હિસ્સો આપવાની મરજી નથી તો તેની સાથે કેવી શરતો કરશો? કેટલાક ધારે છે કે સામ્રાજ્યને હજી ભીડ પડશે ત્યારે આપણી બધી શરતો કબૂલ કરશે અને તે પછી મદદ કરીશું. પણ તેમ કરવામાં આપણે ભારે જોખમદારી ઉઠાવીએ છીએ. આપણે તો એવું ઇચ્છવું જોઈએ કે એવી ભીડ તેને કદી આવે નહીં. આપણે સામ્રાજ્યને મદદ કરવાની તક શોધતા હતા તે મળી છે. માટે તેનો લાભ પૂરતી રીતે આપણે લેવો જોઈએ. હાલ આખા હિંદમાં હું ભટકી રહ્યો છું અને તે અનુભવની આંખથી જોઈ કહું છું કે હિંદની લડાયક શક્તિ તદ્દન નાશ પામી છે. છાતીબળ હોવું જોઈએ તે બિલકુલ નથી. ગામડામાં એક વાઘ આવે તો તેને પણ મારવાની શક્તિ ગામલોકોમાં નથી; જેથી તેને મારી નાખવા કલેક્ટરને અરજી કરે છે. ધાડપાડુઓ આવે તો તેને પણ મારી હઠાવવાની શક્તિ નથી. જો માણસો પોતાનો બચાવ કરવાને સમર્થ નથી તો એ પ્રજા સ્વરાજ ભોગવી શકે ખરી કે? વકીલો અને ડૉક્ટરો સ્વરાજ ભોગવે નહીં પણ બાહુબળ જ સ્વરાજ ભોગવે.

અત્રે ભાષણકર્તાએ બોઅર પ્રજા, ડચ પ્રજા વગેરેના બાહુબળ અને હિંમતનાં દૃષ્ટાંતો આપ્યાં હતાં. તેમ જ ખેડા અને ચંપારણના લોકોની વસવાટની દરિદ્ર સ્થિતિના દાખલાઓ આપી જણાવ્યું કે:

જે પ્રજા પોતાના શરીરનું અને સ્ત્રી, બચ્ચાં, ઢોરો અને જમીનનું રક્ષણ કરી શકતી નથી તે સ્વરાજ્ય કેવી રીતે ભોગવી શકે? આપણા દેશના લોકોને વસવાટ કરવાની આવી દુર્દશા કેમ આવી અને તેને માટે કોણ દોષિત છે તેનો વિચાર કરવાનો નથી પણ તેનો નિકાલ કરવાની આવશ્યકતા છે. જ્યારે પ્રજા તંદુરસ્ત અને સમશેરબહાદુર થશે ત્યારે આપોઆપ જ સ્વરાજ્ય મળશે. જે પ્રજા પોતાનું બળ ખોઈ બેઠી છે તે પ્રજા પોતાના ધર્મનું સંરક્ષણ કેમ કરી શકશે? છેલ્લા ત્રણ મહિનાના અનુભવ ઉપરથી હું જાણું છું કે એક તો [લોકો] તદ્દન ભીતિવાળા છે. જે પ્રજા એક ખિસકોલીથી પણ ડરે તે પ્રજાએ સ્વરાજ્ય મેળવવાની કલ્પના કરવી તેના કરતાં પોતાની જ સ્થિતિ સુધારવાની કલ્પના કરવી. આપણે જે લડાયક શક્તિ ખોઈ દીધી છે તે મેળવવાને આપણને અમૂલ્ય વખત મળ્યો છે. તે આપણે જતો કરવો નહીં જોઈએ. જે પ્રજાને કિલ્લાની દિશાની ખબર નથી, તોપ કેમ ફોડવી તેની ખબર નથી, સરહદ પરના બચાવના બાંધકામની પરિસ્થિતિની ખબર નથી, [તેણે] તે બધું જાણવું હોય તો પાંચ લાખ માણસની ભરતી કરી આપવાની જે ઉત્તમમાં ઉત્તમ તક હિંદને મળી છે તે લેવાને કદી ચૂકવું નહીં જોઈએ. એ તક લેવામાં આપણે સરકારને મદદ કરીએ છીએ તેમ પણ નહીં માનવું, પરંતુ લડાયક બળ મેળવવા અને તેનું શિક્ષણ લેવા આપણે એ તક લઈએ છીએ એમ માનવું અને આ અમૂલ્ય તક ચૂકશો તો પસ્તાશો. મિ. ટિળક[1] કહે છે કે વિના શરતે લડાઈમાં જવું નહીં; પણ મિ. ટિળક

૧. "લોકમાન્ય" બાળ ગંગાધર ટિળક (૧૮૫૬-૧૯૨૦); દેશભક્ત, રાજપુરુષ અને વિદ્વાન; જુઓ પુસ્તક ૨, પા. ૨૯૦.

Gandhi Heritage Portal

તમને જેટલા પૂજ્ય છે તેથી અધિક મને પૂજ્ય છે. તેમની પૂજા કરો તેટલી ઓછી છે. પાંચ લાખ માણસો લડાઈમાં જવા પછી જો તેને સારા ઓધ્ધા ન આપે તો ઠામ ઠામ બંડ થાય અને લોહીની નદીઓ વહે. મિ. ટિળકના કહેવાનો વિચાર હમણાં કરવાનો નથી. તેમની એ ચોખવટ આપણી સેવામાં જ સમાયેલી છે. જે પાંચ લાખનું લશ્કર આપણે તૈયાર કરી આપીશું તે સ્વરાજની ભાવનાથી જશે. તેઓ પાછા આવશે તો તેમને સ્વરાજ મળશે જ. એ પાંચ લાખે લડાયક કવાયત લીધી હશે તો બીજા પાંચ લાખને જાગૃતિ આવશે; માટે રિક્રૂટ (રંગરૂટ) પેદા કરવામાં તેમનાં માબાપોને દેશનો પ્રેમ સમજાવવો જોઈએ. અને તે પ્રમાણે હું સમજાવું છું. અમેરિકા દર મહિને ત્રણ લાખની મદદ આપે છે. અને આપણે ન આપીશું તો તે આપણો હક્ક રોળી નાખશે. માટે હું તમને ફરી ફરીને વિનંતી કરું છું કે જો એક વસ્તુ આપણા હાથમાં આવેલી જતી રહી તો તો પછી બીજીને અવકાશ મળવાનો નથી. અત્રે હું જે કહી રહ્યો છું તેનું મનન કરજો અને ઠીક લાગે તો આહુતિ આપજો અને મિ. ટિળકની પેઠે શરત કરશો તો મને કાંઈ આક્ષેપ લાગવાનો નથી એટલું કહી હું બેસી જવા માગું છું.

[મૂળ ગુજરાતી]

ગુજરાતમિત્ર અને ગુજરાતદર્પણ, ૪-૮-૧૯૧૮

## ૨. સી. એફ. ઍન્ડ્રૂઝને પત્ર

ઑગસ્ટ ૬, ૧૯૧૮

પ્રિય ચાર્લી,[1]

આ વખતે હું ભલો થવાનો છું અને તમારી ઉપર તબિયતની બાબતમાં ઈશ્વરના અને મનુષ્યના કાયદાઓનો ભંગ કરવાનો આરોપ મૂકવાનો નથી. પણ એમાં તો શંકા નથી કે તમારે માટે એક નિયામકની જરૂર છે. હળવો શબ્દ વાપરીએ તો એમ કહેવાય કે નર્સની જરૂર છે. એ પદ હું લઉં એવી મને ખૂબ ઇચ્છા થાય છે. મારા જેવી નર્સ જે તમારા ઉપર પ્રેમ રાખે અને તેની સાથે સાથે જ દાક્તરોના હુકમોનું કડક રીતે પાલન કરાવે એવી કોઈ તમને ન મળી શકે તો તમારે એવી પત્નીની જરૂર છે જે તમે બરાબર ખોરાક લો છો કે નહીં તેની દેખરેખ રાખે. પેઢુ ઉપર પાટો બાંધ્યા સિવાય તમારે કદી બહાર જવું જોઈએ નહીં અને સગાંવહાલાં-ઓની માંદગીના સમાચારથી વધારેપડતી ચિંતા પણ કરવી જોઈએ નહીં. પરંતુ લગ્ન હવે તમારે માટે કદાચ બહુ મોડું ગણાય. હું પોતે તમારી સારવાર કરી શકતો નહીં હોવાથી મારે માટે ચિડાવાનું જ રહે છે. પણ એના કરતાં વધારે સારું એ છે કે હું તમારે માટે પ્રાર્થના કરું. અને એ જ હું કરવાનો છું. ઈશ્વરની જો એવી ઇચ્છા હશે તો એ તમને સાજાતાજા રાખશે જેથી તમે સશક્ત થઈને એનાં ગુણગાન કરી શકો.

મેં ઉપાડેલા કામમાં, જાણે એ મારે માટે તદ્દન સ્વાભાવિક હોય તેમ, હું શાંતિથી ગોઠવાતો જાઉં છું. એના આડમુદ્દાઓ મને ગૂંચવે છે ખરા, પણ એનો વિચાર કરવાનું હું હવે મૂકી દેવાનો છું. મારી સામે તાત્કાલિક નિરાકરણ માટે અત્યારે એ નથી. મારું જીવન કદી એવી રીતે

૧. સી. એફ. ઍન્ડ્રૂઝ, ૧૮૭૧-૧૯૪૦, બ્રિટિશ મિશનરી; ટાગોર અને ગાંધીજીના સહકાર્યકર; "દીનબંધુ" તરીકે જાણીતા.

Gandhi Heritage Portal

ઘડાયું જ નથી. શક્ય હોય તેટલાં બધાં પરિણામોનો મને સંતોષ થાય એવી રીતે ઉકેલ વિચારીને કામ કરવાની મારી પદ્ધતિ નથી. હું તો મારી સામે આવીને ઊભું રહે એટલું જ કામ ધ્રૂજતે ધ્રૂજતે અને બીતે બીતે માથે લઉં છું. ચંપારણમાં, ખેડામાં, અમદાવાદમાં અથવા તો યુદ્ધમાં ૧૯૧૪માં મારી સેવાઓ મેં બિનશરતે આપી ત્યારે તેમાંથી ઊભી થતી બધી શક્યતાઓના ઉકેલનો મેં વિચાર કર્યો નહોતો. હું તો માનું છું કે હું એની જ ઇચ્છાને, બીજા કશાને નહીં, અનુસરું છું. એ મને ઘેરાતા ઘન અંધકારમાંથી દોરી જશે.

ગુરુદેવે[1] પોતે બાળકોને શીખવવાનું કામ હાથમાં લીધું છે એ જાણીને મારું હૃદય આનંદથી ઊભરાય છે. તે અમેરિકા જાય તે કરતાં આ કામ મારે મન ઘણું વધારે મહત્ત્વનું છે. તમે પણ તેમના આ કામમાં હિસ્સો લેવાના છો તેથી મને એટલો જ આનંદ થાય છે. ઈશ્વર તમને બંનેને સાજાતાજા રાખો.

બડોદાદાને[2] મારા પ્રણામ કહેશો.

પ્યાર,

તમારો
મોહન

[મૂળ અંગ્રેજી]
મહાદેવ દેસાઈની હસ્તલિખિત ડાયરીમાંથી
શ્રી નારાયણ દેસાઈના સૌજન્યથી
ભાષાંતર: મહાદેવભાઈની ડાયરી, પુસ્તક ચોથું

## ૩. એ. એસ. ઘાટેને પત્ર

ઑગસ્ટ ૬, ૧૯૧૮

પ્રિય ભાઈ ઘાટે,[3]

માતાજીને[4] તેમ જ આપણા મિત્રોને ખાતરી આપજો કે સંપૂર્ણ રીતે માનભર્યો છુટકારો જલદી મેળવવા માટે એક પણ ઉપાય લેવાનો હું બાકી રાખતો નથી. મૌલાના મહમદઅલીની[5] માંદગીનું હું બધું જાણું છું. એ કારણસર પણ છુટકારો જલદી થાય એમ ઇચ્છું છું. પણ આપણું માન ન રહે એટલે સુધી અરજીઓ કર્યા કરવાનું મને પસંદ નથી.

હું માનું છું કે સર વિલિયમ વિન્સન્ટ[6] સાથેના મારા પત્રવ્યવહારની નકલો શ્વેબ[7] મારફત તેમને મળી જશે. સર વિલિયમ તેમની તપાસ માટે પંચ નીમવાની વાત કરે છે. તેનો બહિષ્કાર

૧. રવીન્દ્રનાથ ટાગોર (૧૮૬૧–૧૯૪૧) ૧૯૧૩માં એમને સાહિત્ય માટેનું નોબેલ પારિતોષિક મળ્યું હતું.
૨. દ્વિજેન્દ્રનાથ ટાગોર; રવીન્દ્રનાથ ટાગોરના સૌથી મોટા ભાઈ; એમને 'બડોદાદા' કહેતા.
૩. અલી ભાઈઓના વકીલ.
૪. મહમદઅલી અને શૌકતઅલીનાં માતુશ્રી.
૫. શૌકતઅલીના નાના ભાઈ અને સાપ્તાહિક કૉમરેડના તંત્રી. પ્રથમ વિશ્વયુદ્ધ ફાટી નીકળ્યું કે તરત સરકારે એ બંને ભાઈઓને નજરકેદ કર્યા હતા.
૬. ભારત સરકારના ગૃહમંત્રી.
૭. શ્વેબ કુરેશી; ન્યૂ એરાના તંત્રી.

Gandhi Heritage Portal

કરવાનું મારું મન નથી. આખા દેશને બહુ મોટા આંદોલનથી ખળભળાવી મૂકતાં પહેલાં સરકારને યોગ્ય અને શોભે એવી પીછેહઠ કરવાની દરેક તક હું આપવા ઈચ્છું છું. હું આશા રાખું છું કે જો તેમને બોલાવવામાં આવશે તો અલી ભાઈઓ પંચ સમક્ષ હાજર થશે. પણ જો આંદોલન ઉપાડવું જ આવશ્યક થઈ પડશે તો તે ઉપાડતાં પહેલાં હું જરૂર માતાજીને મળી જઈશ. હું ધારું છું કે તેઓ પણ એમ જ ઈચ્છે છે. . . .[1]

[મૂળ અંગ્રેજી]

મહાદેવ દેસાઈની હસ્તલિખિત ડાયરીમાંથી
શ્રી નારાયણ દેસાઈના સૌજન્યથી
ભાષાંતર: મહાદેવભાઈની ડાયરી, પુસ્તક ચોથું

## ૪. દેવને પત્ર

ઑગસ્ટ ૬, ૧૯૧૮

ભાઈશ્રી દેવ,[2]

ફાટફૂટના ભણકારા સંબંધે તમારો ઠરાવ[3] મને મળ્યો. મને જરૂર એમ લાગે છે કે આપણે અસ્વાભાવિક અને યાંત્રિક એકતાની કિંમત વધારેપડતી આંકીએ છીએ. જો આપણામાં બે જુદા જુદા પક્ષો ચોક્કસ હોય અને રાજદ્વારી બાબતો વિષે તેઓ ચોક્કસપણે જુદા જુદા મતો ધરાવતા હોય તો શા માટે તેમનાં બે અલગ અલગ મંડળો ન થાય અને તેઓ અલગ અલગ રીતે કામ ન કરે?

દરેક પક્ષ દેશની સામે સ્વીકારને અર્થે પોતાની નીતિ રજૂ કરે. લોકોને તેથી લાભ જ થવાનો છે. એક પક્ષ બીજા પક્ષ કરતાં વધારે બળવાન થઈ જશે તો તેથી સ્વરાજનું આગમન લંબાવાનું નથી. બન્ને પક્ષો નબળા અને અધકચરિયા હશે તો આપણે સહન કરવું પડશે અને તે આપણે વાંકે. ઉપાય તો એ છે કે બન્ને પક્ષ બળવાન અને દૃઢ થાય. આજે તો આપણામાં ખૂબ દંભ પેસી ગયો છે. તેને લીધે લોકોમાં પણ સડો દાખલ થાય છે. જુદા જુદા પક્ષો વચ્ચે થાગડથીગડ સુલેહ થાય તેથી કોઈને છેતરી શકાશે નહીં.

તમારો સહૃદયી
**મો. ક. ગાંધી**

[મૂળ અંગ્રેજી]

મહાદેવ દેસાઈની હસ્તલિખિત ડાયરીમાંથી
શ્રી નારાયણ દેસાઈના સૌજન્યથી
ભાષાંતર: મહાદેવભાઈની ડાયરી, પુસ્તક ચોથું

૧. મૂળમાં આ સ્થળે કેટલાક શબ્દો છોડી દીધેલા છે.
૨. ભારત સેવક સમાજના મંત્રી ડૉ. એચ. એસ. દેવના ભાઈ.
૩. કૉંગ્રેસમાં ભાગલા પડ્યા તે બદલ ખેદ વ્યક્ત કરતો ધૂળિયાની એક સભામાં પસાર થયેલો ઠરાવ.

Gandhi Heritage Portal

## ૫. સંતોક ગાંધીને પત્ર

[સુરત,]
ઑગસ્ટ ૬, ૧૯૧૮

ચિ. સંતોક,[1]

રૂખી[2] કેમ વખતોવખત માંદી પડયા જ કરે છે? જન્મથી તે નબળી છે એ મને ખ્યાલ છે. પણ તેનો અર્થ એ થયો કે તેની વધારે સંભાળ લેવી જોઈએ. છોકરાંને ઉછેરવાં એ મોટી કળા છે. તેમાં માબાપોએ ભારે વ્રત પાળવાં પડે છે. તે બધું કરીને પણ તમે છોકરાંઓને સારાં બનાવો એ ઇચ્છું છું. હું કહી ચૂકયો છું કે તમને હળદરની ગેરહાજરીનો વાંક લાગે તો તે દાખલ કરો. ભલે રૂખી એકલીને સારુ હળદર નાખીને બનાવો. એમ કરીને પણ તેનું શરીર ઠેકાણે લાવી શકો તો આપણે બીજાને પણ હળદર આપીએ. હળદર ઉપરાંત કંઈ દાખલ કરીને પણ તમે છોકરાંનાં શરીર સરસ બનાવી શકો તો બનાવો એવું ઇચ્છું છું. મને પોતાને એમ ધાસ્તી છે કે રૂખી માંદી પડે ત્યાં લગી તેને ન પચે એવી વસ્તુઓ કે એટલી વસ્તુઓ ખાધા કરે છે તેથી તેના પેટમાં ભાર થાય છે અને માંદી પડે છે. તેને સાજી થાય ત્યારે મુખ્યત્વે દૂધ, ભાત, ને શાક ઉપર મૂકી દો તો ઠીક થઈ જવાનો સંભવ છે. હમણાં કેટલાક સમય સુધી તે રોટી નહીં પચાવે. આ તો મારી માન્યતા છે. તમે જે અનુભવ લીધો હોય તે ખરો. જેમ તેમ કરીને તેનું શરીર વજ્ર જેવું કરી દો એ હું તો માગું છું.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

મહાદેવભાઈની ડાયરી, પુસ્તક ચોથું

## ૬. ડૉ. પ્રાણજીવન મહેતાને પત્ર

ઑગસ્ટ ૬, ૧૯૧૮

ભાઈશ્રી પ્રાણજીવન,[3]

તમારો શીતળા ઉપરનો લેખ આજે વાંચવો શરૂ કર્યો. હજુ થોડો બાકી છે. બહુ લાંબો છે. એની એ વાત વખતોવખત આવ્યા કરે છે. એ ખરું જોતાં રેફરન્સની બહાર પણ ગણાય. તેમ છતાં લેખ ઉપર મહેનત તમે ખૂબ લીધી છે ને લેખ કીમતી છે. ગૌશીતળાના વહેમી આગ્રહને કેટલાં બાળકોનું બલિદાન અપાતું હશે તેનો ખ્યાલ તમે સરસ આપ્યો છે. તેના કરતાં

૧. મગનલાલ ગાંધીનાં પત્ની.

૨. તેમની પુત્રી.

૩. એમ. ડી., બાર-ઍટ-લૉ; અને ઝવેરી; ગાંધીજી જ્યારે વિદ્યાર્થી તરીકે પહેલી વાર ઇંગ્લંડ પહોંચ્યા ત્યારે ડૉ. મહેતાએ એમનું સ્વાગત કર્યું હતું. ત્યારથી ગાંધીજી સાથે એમનો સંબંધ શરૂ થયો હતો. ફિનિક્સની સ્થાપના થઈ ત્યારથી તેમનું ૧૯૩૩માં અવસાન થયું ત્યાં સુધી તેમણે ગાંધીજીને તેમની પ્રવૃત્તિઓમાં આર્થિક સહાય આપ્યા કરી હતી.

Gandhi Heritage Portal

પણ વધારે સરસ તમે આપી શકતા હતા. શીતળાની એક દેવી મૂઆં અને તેની જગ્યા બીજી પણ ભયંકર દેવીએ લીધેલી છે. તમારા લેખને પુસ્તકાકારે છપાવીને દરેક મ્યુનિસિપાલિટીને વહેંચવાની જરૂર છે. તમે એ લેખને વધારે લોકોપયોગી કરવા ખાતર ટૂંકો કરો અથવા તેની સાથે તેના સંક્ષેપ રૂપે બીજો લખો ને મને તે છપાવવાની પરવાનગી આપો તો તેનો પ્રચાર કરવાની મારી ઇચ્છા છે. તમે એક ટૂંકો સ્વતંત્ર ગુજરાતી લેખ લખો તો તે પણ છપાવીને ફેલાવીએ. હું આજે કે કાલે વાંચીને પૂરો કરીશ. પણ આ સૂચના તુરત મોકલવાની જરૂર જોઈ લખી નાખું છું.

મને હાલ પણ થોડી નકલો મોકલજો. થોડા દાક્તરોને આપી તેઓનો અભિપ્રાય માગવો છે.

**મોહનદાસના**
વંદે માતરમ્

[મૂળ ગુજરાતી]

મહાદેવભાઈની ડાયરી, પુસ્તક ચોથું

## ૭. રામનંદનને પત્ર

ઑગસ્ટ ૬, ૧૯૧૮[૧]

ચિ. રામનંદન,[૨]

તમારો પત્ર મળ્યો. તમારે ખાતે લખીને જવાનું ખર્ચ હું તમને આપી શકું છું. ભરતીમાં જતી વખતે હું અધિકારીઓ પાસેથી લઈ શકીશ તો તમને આવવા માટે પૈસા મોકલીશ. ભરતીમાં જવાનું નહીં થાય ત્યાં સુધી હું તમને પાછા નહીં બોલાવી શકું. ભાઈ શામજી વિષે જે વાત થઈ તે તમે સાંભળી હતી. તમારા પ્રવાસનો બોજો આશ્રમ પર નાખવાનું અયોગ્ય છે. તમારી ઇચ્છા હું સમજી શકું છું. મને લાગે છે કે જેઓ ગૃહસ્થ તરીકેના સંબંધો રાખવા ઇચ્છે તેમને આશ્રમમાં લેવા જ ન જોઈએ. તમને ના પાડવાનું યોગ્ય નથી લાગતું, તમને ખર્ચ આપવાનું પણ યોગ્ય નથી લાગતું. આવું ધર્મસંકટ મારા પર આવ્યું છે. તેમાંથી તમે જ મને છોડાવી શકો. ઉપર કહ્યું તે રીતે જવા ઇચ્છો તો આ પત્ર ફૂલચંદભાઈને[૩] બતાવજો, તેઓ તમને જવાનું ખર્ચ આપશે.

[મૂળ હિંદી]

મહાદેવભાઈની ડાયરી, પુસ્તક ચોથું

૧. મહાદેવભાઈની ડાયરીમાં આપેલી તારીખ.

૨. સાબરમતી આશ્રમના એક સભ્ય.

૩. ફૂલચંદ કસ્તૂરચંદ શાહ (૧૮૮૪–૧૯૩૪); આશ્રમના શરૂઆતના દિવસોના એક સભ્ય; સૌરાષ્ટ્રના એક રાજનીતિજ્ઞ અને રચનાત્મક કાર્યકર્તા.

Gandhi Heritage Portal

## ૮. હનુમંતરાવને પત્ર

ઑગસ્ટ ૭, ૧૯૧૮

પ્રિય હનુમંતરાવ,[૧]

તમારી તબિયતનું જાણીને દિલગીર થયો. આપણી મોટામાં મોટી ખામી આપણે શરીરને પૂરતી કસરત નથી આપતા એ છે. જ્યારે શરીરને ઓછી કસરત આપી શકયા હોઈએ ત્યારે ખોરાક હળવો લેવો જોઈએ. તેમાં નાઈટ્રોજન અને ચરબીવાળા પદાર્થ મુદ્દલ ન હોવા જોઈએ. ઘઉં, ફળ, ચોખા અને શાકભાજી એ લેવાથી તબિયત સારી રહે છે. એટલામાંથી પૂરતી શક્તિ ન મળી રહે એવું બને. જ્યારે તેની જરૂર હોય ત્યારે કઠોળનો અને સીંગદાણાનો તેમાં ઉમેરો કરવો. તમે બૅંગલોર અથવા નીલગિરિ ન જઈ શકો? જો જઈ શકો તો ત્યાંની સ્ફૂર્તિદાયક હવાથી તમારામાં તાજગી આવી જશે. સ્નાનના ઉપચારોથી અને માનસિક આરામથી તમને થોડો ફાયદો થશે, પણ એટલાથી તમારું અસલનું બંધારણ તમે નહીં મેળવી શકો. તમારે તો હજી વધવું જોઈએ.

દેવદાસ[૨] કહે છે કે તમે એના ઉપર બહુ માયા રાખો છો. તમે જતા રહેશો ત્યારે તમારી ખોટ એને સાલશે. તમારી સાથે બીજી ચોપડીઓ લઈ જાઓ તે કરતાં હિંદી ચોપડીઓને પહેલી પસંદગી આપજો.

તમે જ્યાં પણ હવાફેર માટે જાઓ ત્યાંથી મને લખશો.

તમારો સહૃદયી
**મો. ક. ગાંધી**

[મૂળ અંગ્રેજી]

મહાદેવ દેસાઈની હસ્તલિખિત ડાયરીમાંથી
શ્રી નારાયણ દેસાઈના સૌજન્યથી
ભાષાંતર: મહાદેવભાઈની ડાયરી, પુસ્તક ચોથું

૧. ભારત સેવક સમાજના સભ્ય.
૨. દેવદાસ ગાંધી (૧૯૦૦–૫૬), ગાંધીજીના સૌથી નાના પુત્ર.

Gandhi Heritage Portal

## ૯. શંકરલાલ બૅંકરને[1] પત્ર

ઑગસ્ટ ૭, ૧૯૧૮

પૂજ્ય બહેન[2] ઉપરનો તમારો તાર વાંચ્યો. તમે મારી એટલી ચિંતા ન કરો એમ ઇચ્છું છું. તમારો પ્રેમ તમારા ઉદ્‌ગારો કઢાવે છે. હું નહીં આવું કે આવું એ બંનેનું કારણ માત્ર દેશહિત હશે. હું કંઈ રોષથી નહીં આવું એમ તો નહીં જ બને. મારા નહીં આવવામાં વધારે સેવા છે, એમ જ મને લાગે તોપણ મારે આવવું જ જોઈએ એમ તમે કહેશો?

**મોહનદાસના**
વંદે માતરમ્

[મૂળ ગુજરાતી]

મહાદેવભાઈની ડાયરી, પુસ્તક ચોથું

## ૧૦. જી. એ. નટેસનને પત્ર

ઑગસ્ટ ૯, ૧૯૧૮

પ્રિય ભાઈ નટેસન,[3]

દેવદાસની માંદગી દરમ્યાન તમે એની ઘણી સંભાળ લીધી. તે બદલ તમારો આભાર માનું છું. વળી ડૉ. કૃષ્ણસ્વામીએ પણ એની ઘણી સેવા કરી છે. તે બદલ કૃપા કરીને મારી વતી તેમનો આભાર માનશો.

તમને જ્યારે પણ જરૂર લાગે ત્યારે મારાં લખાણો અને કાર્યોની ટીકા કરતાં અચકાશો નહીં.

તમારો સહૃદયી
**મો. ક. ગાંધી**

[મૂળ અંગ્રેજી]

છબી પરથી: જી. એન. ૨૨૩૧

૧. અમદાવાદના મિલમજૂરોની હડતાળ વખતે ગાંધીજીના ગાઢ સંપર્કમાં આવ્યા; યંગ ઇન્ડિયાના પ્રકાશક; અખિલ હિંદ કાંતણ સંઘના મંત્રી; ૧૯૨૨માં ગાંધીજી સાથે જેલમાં ગયા હતા.

૨. અનસૂયાબહેન સારાભાઈ.

૩. સંપાદક, ઇન્ડિયન રિવ્યૂ, મદ્રાસ.

Gandhi Heritage Portal

## ૧૧. જી. કે. દેવધરને[1] પત્ર

ઑગસ્ટ ૯, ૧૯૧૮

મિસ વિંટરબૉટમ[2] ઊંચા સંસ્કારવાળાં વૃદ્ધ બાઈ છે. ઘણી નૈતિક હિલચાલોમાં તે આગળ-પડતો ભાગ લે છે. અલબત્ત પોલાક[3] ત્યાં તમારા ભોમિયા, મિત્ર અને સલાહકાર બનશે. રાજદ્વારી પ્રવૃત્તિને અંગે જે અંગ્રેજોને હું ઓળખું છું એ સઘળાની પાસે એ તમને લઈ જશે. કદાચ તે ભૂલી જાય તે માટે પ્રહેલેથી તેમને યાદ દેવડાવશો કે બર્નાર્ડો હોમ[4] નામની વિવિધ ઉદ્યોગો શીખવનારી શાળા અને એવી બીજી સંસ્થાઓ જોવા લઈ જાય. કેટલીક સંસ્થાઓ છેક નજીકથી જોતાં તમને ન પણ ગમે. પણ તમારે તો બધી જ ટીકાકારની નજરે જોવી. ચળકતું દેખાય તે બધું સોનું નથી હોતું.

તમારો પ્રવાસ સુખરૂપ અને આનંદમય નીવડો અને તમે કુશળક્ષેમ પાછા આવો.

હું આશા રાખું છું કે શ્રીમતી દેવધરની તબિયત સારી થઈ ગઈ હશે.

તમારો સહૃદયી

**મો. ક. ગાંધી**

[મૂળ અંગ્રેજી]

મહાદેવ દેસાઈની હસ્તલિખિત ડાયરીમાંથી

શ્રી નારાયણ દેસાઈના સૌજન્યથી

ભાષાંતર: महादेवभाईनी डायरी, પુસ્તક ચોથું

## ૧૨. ફૂલચંદ શાહને પત્ર

[નડિયાદ,]

ઑગસ્ટ ૯, ૧૯૧૮

તમારી ટીકા હું માગતો જ હતો. આટલો વખત તમે લીધો એ પણ ઠીક ન થયું. ઘણે ભાગે તમારી ટીકા વાજબી છે. આવું એ આશ્રમ હું કાઢત નહીં તો કંઈ જ ન થાત. તેમાં સારા માણસો ભરાય એ લાલચ રહેલી છે. સારા માણસો પણ દોષભર્યા છે એ આશ્રમમાં

૧. ભારત સેવક સમાજ, પૂનાના સભ્ય; વી. એસ. શ્રીનિવાસ શાસ્ત્રીના મૃત્યુ પછી તેના પ્રમુખ.

૨. લંડનનાં નૈતિક મંડળોના સંઘ (યુનિયન ઑફ એથિકલ સોસાયટીઝ)નાં મંત્રી. જુઓ પુસ્તક ૬, પા. ૧૭૬–૭.

૩. એચ. એસ. એલ. પોલાક; ગાંધીજીના મિત્ર અને સાથી; इन्डियन ओपीनियनના સંપાદક; જુઓ પુસ્તક ૮, પા. ૪૪.

૪. ટૉમસ જૉન બર્નાર્ડો (૧૮૪૫–૧૯૦૫)એ સ્થાપેલી નિરાશ્રિત બાળકો માટેની સંસ્થા; એનું મુખ્ય કાર્યાલય લંડનમાં હતું.

Gandhi Heritage Portal

થયેલી ભૂલો સિદ્ધ કરે છે, આશ્રમની ત્રુટીની સાક્ષીરૂપે છે. જો મગનલાલ[1] ન હોત તો આશ્રમની સ્થાપના ન થાત. મગનલાલની ત્રુટી તે મારી ત્રુટીઓની સાક્ષી છે. હું પણ શિખાઉ છું એ મેં જ્ઞાનપૂર્વક કહેલું છે. આશ્રમના પ્રયોગો મારો વિનોદ છે ને મારા અખતરા છે. અખતરામાં ભાંગફોડ હોય જ. તેમાંથી મૂળ વસ્તુ મળશે. તે શોધનારને જ મળશે. તમારા જેવા હમેશાં પ્રાણવાયુનું કામ કરશે તો કાર્બોનિક ઍસિડ ગૅસ દૂર કરી શકાશે. તે ગૅસ હમેશાં ઉત્પન્ન થશે તેને હમેશાં પ્રાણવાયુ શુદ્ધ કરશે. જેવું પિંડ તેવું જ બ્રહ્માંડ છે. તમે જે ઉદ્‌ગારો મારી પાસે કાઢયા છે તે મગનલાલની પાસે, શિક્ષકોની પાસે કાઢો એટલે કામ પાટે ચડશે. તમે કાયર ન થાઓ એ ઇચ્છું છું. તમારી ટીકા તમને સજ્જડ બનાવે અને મેલ કઢાવવામાં કટિબદ્ધ કરે તો એ બહુ ફળદ્રુપ થઈ પડે. તમારી ટીકાથી તમારે નિરાશ ન થવું ઘટે.

હવે આપણે પુસ્તકાલય નથી બનાવવાના. નિશાળના મકાનને વાર છે. મારી ઇચ્છા છાત્રાલય ચણીને બેસી રહેવાની છે. આપણે આપણો સમાસ થાય એટલું ચણતર સાળઘરમાં કરી લઈશું. શિક્ષકોના ખર્ચ વિના ન જ ચાલે એમ જોઉં છું. નવા તો ભેળા નથી કરવા. એક કે બે બીજા જોઈએ એમ જણાય છે. વણવાનું ને ખેતીનું કામ દાખલ થયું, કેમ કે આપણે ચણતર કરવાનું હતું. જમીન વધારે લેવાઈ એ મને સાલતી નથી. મને આપણું વણાટકામ સાલે છે. તેનો હિસાબ દીવા જેવો જોઈએ જ. તેની દેખરેખ પૂરી જોઈએ જ. અને તે જ કારણસર મગનલાલને બહાર કાઢયા છે.

આપણે ધોતિયાં, સાડીનો વણાટ પણ જોઈશે જ. એ વસ્તુની જરૂર છે. જે વર્ગ એ લે છે એમાં ગરીબ પણ છે. સૌંદર્યનો બીજા પાસે છેક ત્યાગ નહીં જ કરાવી શકાય. ખાદીને આપણે ભૂલવી નથી. આપણી મુરાદ તો એવી છે કે ખાદીના વણનાર માત્રને હાથ કરીએ. આ પ્રયાસમાં કંઈક પૈસો જાય પણ ખરો.

મેં તમને છૂટોછવાયો કાગળ લખ્યો છે. તમે એક પક્ષ આપ્યો છે, મેં જેવો જોઈએ તેવો બીજો પક્ષ આપ્યો છે. બંને ખરા છે. ગુણોના ત્રાજવાને એક જ ચારિત્રવાન પુરુષ વજનદાર કરી શકે છે. તે ચારિત્રબળ તમે કેળવો ને વાપરો એમ ઇચ્છું છું.

જ્યાં ભૂલ જોઈએ ત્યાં જરૂર સુધારીએ. જે આપણાથી ન કરી શકાય તે જરૂર સંકેલીએ. તેવું દક્ષિણ આફ્રિકામાં કર્યું, ચંપારણમાં કર્યું. અહીં પણ યોગ્ય લાગે તો કરશું. આટલું લખી નાખ્યું છે, પણ વાતો તો કરવાની જ રહે છે.

**મોહનદાસના**
વંદે માતરમ્

[મૂળ ગુજરાતી]

મહાદેવભાઈની ડાયરી, પુસ્તક ચોથું

૧. મગનલાલ ગાંધી; ગાંધીજીના પિતરાઈ ભાઈ ખુશાલચંદ ગાંધીના બીજા પુત્ર; તેઓ કેટલોક સમય ફિનિક્સ આશ્રમના વ્યવસ્થાપક હતા; અને પાછળથી સાબરમતી સત્યાગ્રહ આશ્રમના વ્યવસ્થાપક બન્યા હતા.

Gandhi Heritage Portal

# ૧૩. એક મિત્રને પત્ર[1]

ઑગસ્ટ ૯, ૧૯૧૮[2]

તમે મારું પુસ્તક[3] ફરીથી વાંચી જશો તો કયાં ફળ ખાવાં વગેરે ઘણા પ્રશ્નોનો ઉત્તર તેમાંથી જ મળી જશે.

તેલ વગેરેનો પ્રયોગ મુશ્કેલ વસ્તુ છે. મારો અનુભવ એવો છે કે એ અર્ધા ઔંસથી વધુ ન લેવું જોઈએ. ઑલિવ ઑઈલ (જેતૂનનું તેલ) આ દેશમાં ન મળે. એને બદલે તલનું તેલ ઠીક છે, પરંતુ તે ઑલિવ જેવું તદ્દન નિર્દોષ નથી. ખજૂર અને મગફળી પચવામાં ભારે છે જ, પરંતુ એ વસ્તુઓને જ ખોરાક બનાવી દેવામાં આવે તો તે સારી રીતે પચાવી શકાય. બદામ બહુ ઓછી ખાવી જોઈએ. દૂધમાંથી બનતી વસ્તુઓ વધારે ખાવી સારી નહીં. જામફળ વગેરે સાથે મગફળી ખાવાથી ઠીક નિભાવ થઈ શકે. બદામની ગરજ મગફળીથી સરે નહીં. ઘઉં એક રીતે ફળ છે. પણ મારા પુસ્તકમાં ફળ શબ્દનો અર્થ ખાસ પરિભાષામાં આપવામાં આવ્યો છે અને તેની ચોક્કસ વ્યાખ્યા આપવામાં આવી છે. મારા પુસ્તકમાં ફળની સરખામણીમાં શાકભાજી વિષે ઓછું લખ્યું હશે. પણ હું જોઉં છું કે હિંદુસ્તાનમાં શાકભાજી આવશ્યક છે. કઠોળ પચવામાં ભારે છે. વધુ અનુભવ પછી હું એવા અભિપ્રાય પર આવ્યો છું કે હિંદુસ્તાનમાં સૌથી સારો આહાર ઘઉં અને શાકભાજી છે. જેમને શારીરિક શ્રમ વધારે કરવો પડતો હોય તેઓ ભલે કઠોળનો પણ ઉપયોગ કરે. ધાર્મિક દૃષ્ટિએ દૂધ માટે મેં જે અભિપ્રાય આપ્યો છે તે કાયમ છે. પરંતુ શારીરિક દૃષ્ટિએ અને હિંદુસ્તાનની પરિસ્થિતિમાં દૂધનો ત્યાગ અશક્ય લાગે છે. મેં ઘણાં વરસોથી દૂધ છોડયું છે અને આજન્મ તે નહીં લેવાની પ્રતિજ્ઞા કરી છે. પરંતુ દૂધ જેવી ગુણકારી વસ્તુ મારા હાથમાં ન આવે ત્યાં સુધી હું બીજાઓને દૂધ છોડવાની સલાહ ન આપી શકું. મને એવી આશા હતી કે તલ અને મગફળીથી નિભાવ થઈ શકશે. એક રીતે નિભાવ થઈ પણ શકે છે. પરંતુ દૂધની સરખામણીમાં તેમાં થોડી અપૂર્ણતા રહે છે.

તમને મારી સલાહ છે કે તમારું શરીર તંદુરસ્ત હોય તો તમારે સામાન્ય રીતે ઘઉં, દૂધ, ચાવલ આદિનો ઉપયોગ કરવો. એકાદશીના દિવસોએ સહેજે મળી શકે એવાં ફળો પર રહેવું. શરીરની પ્રકૃતિ અસ્વસ્થ હોય ત્યારે ઉપવાસ કરવા; અને રોજ વહેલી સવારે ઓછામાં ઓછા દસ માઈલ ચાલવાની કસરત કરવી. એક પ્રશ્નનો ઉત્તર આપવો રહી ગયો. તેલને બદલે તલ વગેરે ચાવીને ખાવા ઉત્તમ છે. ચીકટવાળા પદાર્થની બનેલી વસ્તુ બેત્રણ રૂપિયાભારથી વધુ ખાવાથી હાનિ થવાનો સંભવ છે. મીઠું સાવ છોડી દેવા કરતાં વરસમાં બેત્રણ મહિના છોડવું સારું. ત્રણ દિવસથી હું મારા શરીર પર થતી મીઠું ખાવાની અસર તપાસી રહ્યો છું. મહિના બે મહિના પછી પત્ર લખશો તો મારો અનુભવ જણાવીશ.

તમારો

**મોહનદાસ**

[મૂળ હિંદી]

મહાદેવભાઈની ડાયરી, પુસ્તક ચોથું

૧. આ પત્ર આહાર સંબંધી પૂછવામાં આવેલા પ્રશ્નોના જવાબમાં લખવામાં આવ્યો હતો.

૨. મહાદેવભાઈની ડાયરીમાં આપેલી તારીખ પરથી.

૩. आरोग्य संबंधी सामान्य ज्ञान એ શીર્ષક હેઠળ આ લેખમાળા इन्डियन ओपीनियनના ગુજરાતી વિભાગમાં પ્રકાશિત થઈ હતી અને પાછળથી પુસ્તક રૂપે છાપવામાં આવી હતી. જુઓ પુસ્તક ૧૧ તથા ૧૨.

Gandhi Heritage Portal

# ૧૪. ટાઇમ્સ ઑફ ઇન્ડિયાને પત્ર

નડિયાદ,
ઑગસ્ટ ૧૦, ૧૯૧૮

સંપાદક
ટાઇમ્સ ઑફ ઇન્ડિયા

સાહેબ,

લખ્યા વિનાનાં મોઢાનાં ભાષણો કરવાં, એ એક જાહેર મનુષ્યને માટે કેટલું જોખમભરેલું છે તે, સુરત મુકામે મળેલી સભા સમક્ષ સૈન્યભરતી વિષે મેં જે ભાષણ કર્યું હતું, તેનો તમારા પત્રમાં આવેલો રિપોર્ટ સિદ્ધ કરે છે. મારાં પોતાનાં ભાષણોના રિપોર્ટનો મારો અનુભવ લોકમાન્ય મિ. ટિળક તરફ મને સહાનુભૂતિ દર્શાવવા પ્રેરે છે. અને હું ધારું છું કે જ્યાં સુધી હિંદમાં રિપોર્ટ લેવાની આવી પ્રથા ચાલુ રહે ત્યાં સુધી તેને ખોટા પાડવામાં અને તેની સામેના આક્ષેપોનો રદિયો કબૂલ કરવામાં સૌથી સરસ માર્ગ રહેલો છે. મિ. ટિળકને પણ બોલતાં અટકાવવામાં આવો જ અન્યાય થયો હોય, એ તદ્દન સંભવિત છે. હું નથી ધારતો કે તેમને બોલતાં અટકાવવાથી મહારાષ્ટ્રમાં સૈન્યભરતીનું કામ વધારે સરળ થશે. પરંતુ હું ખાતરીથી કહું છું કે ગુજરાતમાં તો મારી સ્થિતિ કફોડી થઈ છે. મિ. ટિળકના મુખને બંધ કરવા સામે વાંધો દર્શાવીને ઘણા માણસો આ કાર્યથી અળગા રહેશે. હું તેમનો બચાવ નથી કરતો. હું તેમના મતથી જુદો પડું છું અને તેમને કહી પણ ચૂકયો છું કે તમે જે શરતો માગો છો તેની ખાતરી તમારા જેવા માણસો લશ્કરમાં જોડાય તેથી મળે છે અને તેથી જવાબદાર રાજ્યતંત્ર વહેલું મળશે. કારણ કે એથી આપણામાં શ્રદ્ધા ઉત્પન્ન થાય છે અને જે સત્તા અને બળ હાલમાં આપણી પાસે નથી, તે આપણને મળે છે. મને આશા છે કે સરકાર પુનર્વિચાર કરશે અને મનાઈહુકમ રદ કરશે, જેથી લશ્કરી ભરતીમાં ઊભું થતું ગંભીર વિઘ્ન દૂર થાય.

પરંતુ હું મુદ્દાથી બહાર ગયો છું. હું એ જણાવવા માગું છું કે જેઓ શરતોની માગણી કરે છે તેમને તેમના પક્ષમાંથી જુદા પડતા મૂકવા જોઈએ એવું હું કદાપિ બોલ્યો નથી. તેમ જ મેં સામ્રાજ્યને સહાય કરવાના મુદ્દા ઉપર જ ભાર મૂકયો નથી. ઊલટું મિ. ટિળક અને મારા મત વચ્ચેનો સૈન્યભરતીને લગતો મતભેદ જણાવ્યા પછી મારી તથા મિ. ટિળક જેવા એક જાણીતા આત્મત્યાગી દેશભક્તની સલાહ એ બેમાંથી કઈ પસંદ કરવી, એ વિષે થઈ પડેલી સભાજનોની ગૂંચવણ તરફ મેં સહાનુભૂતિ દર્શાવી હતી. તે પ્રસંગે મેં સભાજનોને જણાવ્યું હતું કે સ્વરાજ્ય તરફ કૂચ કરતી વખતે ગમે તેવા મહાન આગેવાનોની માન્યતાથી સંતોષ નહીં પામતાં એકમેકના ભિન્ન ભિન્ન મતની તુલના કરીને જેનો મત પસંદ ન પડે, તેને માટે પોતાની પૂજ્યબુદ્ધિ લેશમાત્ર પણ ઘટાડયા વિના એ મતનો અસ્વીકાર કરવો. તે વખતે લશ્કરમાં જોડાવાથી તેમનું હિત કેવી રીતે જળવાશે તે કહ્યું હતું. તે જ પ્રસંગે મેં મારી પ્રિય સલાહ તેમને આપી હતી કે જો તમારે બ્રિટિશો સાથે ભાગીદારી મેળવવી હોય, તો લડાઈ દરમિયાન તેમને

Gandhi Heritage Portal

મદદ કરવી [તેમનો હેતુ સિદ્ધ કરવાનો એ સૌથી વધુ શોભાભર્યો માર્ગ હતો][1] પરંતુ તમારો ખબરપત્રી સામ્રાજ્યને મદદ કરવાની વાતને મારા ભાષણનો મુખ્ય ઉદ્દેશ ઠરાવી દે છે. મને તેની કંઈ દરકાર નથી. પરંતુ હું એક વાત પર ભાર મૂકવા ઇચ્છું છું કે જો જાહેર મનુષ્યોની તુલના તેમનાં ભાષણોના વર્તમાનપત્રોમાં પ્રગટ થયેલા રિપોર્ટો પરથી થાય તો અવશ્ય તેમની સ્થિતિ બહુ દીન બની જાય. શું તમારા જેવું એક મહાન પત્ર તમારી કૉલમોમાં જાહેર ભાષણોનો કેવળ ખરો હેવાલ આપવાની ખાતરી નહીં આપી શકે?

મો. ક. ગાંધી

[મૂળ અંગ્રેજી]

टाइम्स ऑफ इन्डिया, १३–८–१९१८

ભાષાંતર : ગુજરાતી, ૧૮–૮–૧૯૧૮

## ૧૫. સર સુરેન્દ્રનાથ બૅનરજીને પત્ર

ઑગસ્ટ ૧૦, ૧૯૧૮

પ્રિય ભાઈ બૅનરજી,[2]

અહીં હું અત્યારે લશ્કરભરતીના કામમાં રોકાયેલો છું. ત્યાં અમદાવાદથી રવાના કરેલો તમારો તાર મને મળ્યો. મારે કલકત્તા આવવું એટલે જવાઆવવામાં જ ઓછામાં ઓછું એક અઠવાડિયું જાય. મારે મારું કામ સંતોષકારક રીતે કરવું હોય તો આટલો લાંબો વખત ગેરહાજર રહેવું મારે માટે અશક્ય છે. વળી અત્યારે તો મારાથી ગેરહાજર રહેવાય એમ જ નથી. કારણ હમણાં જ સરકાર પાસેથી મને ખબર મળી છે કે ગુજરાતમાં લશ્કરી તાલીમ કેન્દ્ર ઉઘાડવાની અને ગુજરાતની એક લશ્કરી ટુકડી બનાવવાની મારી દરખાસ્ત તેમણે સ્વીકારી છે. તમે સંમત થશો કે આ કામ હું છોડી શકું નહીં.

પણ હું આવી શકું એમ હોય તોપણ ત્યાં હું બહુ મદદરૂપ થઈ શકીશ એમ મને લાગતું નથી. હું આ બાબતમાં બહુ કડક અને કદાચ વિચિત્ર લાગે એવા વિચારો ધરાવું છું, જેની સાથે મોટા ભાગના નેતાઓ સંમત ન થાય. હું દૃઢતાપૂર્વક માનું છું કે બીજું બધું છોડીને આપણે લશ્કરભરતીના કામમાં જ મંડ્યા રહીએ તો, વહેલું નહીં તો, એક વરસની અંદર આપણને પૂર્ણ જવાબદાર રાજ્યતંત્ર મળી જાય. વળી આપણા તદ્દન અજ્ઞાન દેશબંધુઓને પરાણે લશ્કરમાં ભરતી થવા દેવાને બદલે આપણે હોમરૂલરોનું એક લશ્કર ઊભું કરી શકીશું. તેઓ દેશને માટે લડાઈમાં જાય છે એ જ્ઞાનથી રાજીખુશીથી સિપાઈઓ બનેલા હશે. તેની સાથે જ હું માનું છું કે આપણે મૉન્ટેગ્યુ-ચેમ્સફર્ડ યોજના વિષે આપણા અભિપ્રાય અસંદિગ્ધ ભાષામાં પ્રગટ કરવા જોઈએ. આપણી ઓછામાં ઓછી માગણીઓ નક્કી કરીને કોઈ પણ ભોગે તેનો અમલ કરાવવા પ્રયત્ન કરવો જોઈએ. મારો અભિપ્રાય એવો છે કે યોજના મૂળમાં સારી છે, જોકે તેમાં ખૂબ

૧. ચોરસ કૌંસમાંનું વાક્ય અક્ષરદેહની અંગ્રેજી આવૃત્તિ પરથી ઉમેર્યું છે.

૨. ૧૮૪૮–૧૯૨૫; હિંદી રાષ્ટ્રીય કોંગ્રેસના એક સ્થાપક અને ૧૮૯૫ના એના પૂના અધિવેશનના અધ્યક્ષ; કેન્દ્રીય ધારાસભાના સભ્ય.

Gandhi Heritage Portal

ફેરફાર કરાવવાની જરૂર છે. એ બાબતમાં સર્વસંમત નિર્ણય ઉપર આવવાનું આપણે માટે મુશ્કેલ હોવું જોઈએ નહીં. હું ઇચ્છું કે દેશમાં એક પક્ષ એવો ઊભો થાય જે કેવળ આ બે વાતોને જ વરેલો હોય—એક તરફથી યુદ્ધ ચલાવવામાં સરકારને મદદ કરવી અને બીજી તરફથી રાષ્ટ્રીય માગણીઓનો અમલ કરાવવો.

હું માનતો નથી કે અત્યારના જેવા કટોકટીને વખતે કહેવાતા ગરમ પક્ષ અને કહેવાતા નરમ પક્ષ વચ્ચે એકબીજાની તરફેણમાં થોડીઘણી બાંધછોડ કરીને થાગડથીગડ સુલેહ થાય તેથી આપણને સંતોષ થવો જોઈએ. દરેક મંડળે અથવા તો પક્ષે પોતાની નીતિની સ્પષ્ટ વ્યાખ્યા કરવી જોઈએ એમ હું ઇચ્છું. પછી સ્વાભાવિક રીતે જ જે પક્ષ પોતાના કેસના આંતરિક ગુણને લીધે અને અવિરત આંદોલનને લીધે દેશમાં બળવાન બનશે તે હાઉસ ઑફ કૉમન્સ આગળ પોતાનો કક્કો ખરો કરાવી શકશે.[1]

તમારો સહૃદયી

**મો. ક. ગાંધી**

[મૂળ અંગ્રેજી]*

મહાદેવ દેસાઈની હસ્તલિખિત ડાયરીમાંથી

શ્રી નારાયણ દેસાઈના સૌજન્યથી

ભાષાંતર : મહાદેવભાઈની ડાયરી, પુસ્તક ચોથું

## ૧૬. પ્રોફેસર જેવન્સને પત્ર[2]

ઑગસ્ટ ૧૧, ૧૯૧૮

પ્રિય પ્રોફેસર જેવન્સ,[3]

તમારી નોંધ હું વાંચી ગયો. એકંદરે મને એ ગમે છે. અમારે સરકારને જેટલા જોઈતા હોય એટલા માણસો પૂરા પાડવા જોઈએ. અને તે સરકારી અમલદારો મારફત નહીં પણ હોમ-રૂલની સંસ્થાઓ મારફત. અમે આ કરી શકીએ તો હોમરૂલ હાથમાં છે.

તમે નાણાં સંબંધી જે વિચારો દર્શાવ્યા છે તે સાથે હું મળતો થતો નથી. ઇંગ્લંડ અને હિંદુસ્તાન વચ્ચેની સરખામણી થઈ જ ન શકે. ઇંગ્લંડ સાધનસંપન્ન છે, હિંદુસ્તાન કંગાળ છે. આ લડાઈ દરમિયાન થોડાકે પૈસા મેળવ્યા હશે, પણ આમજનતાનું શું? ખેડા અને ચંપારણમાં લોકોના ખૂબ નિકટ સંસર્ગમાં હું આવ્યો છું. તેઓ પાસે કશું નથી. ખેડામાં સરકારની

૧. આ લખાઈ રહ્યા પછી મેં પૂછ્યું : આ જ હકીકત આજ શબ્દોમાં બધા આગળ મૂકવામાં આવી છે ? તો બાપુ કહે : હા મેં તો એમ પણ કહેલું છે કે આટલું કરી શકો તો પછી નરમ દળવાળા કૉંગ્રેસમાં ન આવે તેની પણ પરવા ન રાખવી. — મહાદેવ દેસાઈ.

૨. આ પત્ર પ્રોફેસર જેવન્સના "યુદ્ધમાં હિંદુસ્તાનનો હિસ્સો" (ઇન્ડિયન શૅર ઇન ધિ વૉર) નામની એક નોંધના જવાબ રૂપે લખાયો હતો. એ નોંધમાં એમણે કરવેરા વધારવાનું સૂચન કર્યું હતું.

૩. હર્બર્ટ સ્ટેન્લી જેવન્સ (૧૮૭૫–૧૯૫૫); અલ્લાહાબાદ યુનિવર્સિટીમાં રાજકીય અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક; ઇન્ડિયન જર્નલ ઑફ ઇકૉનૉમિક્સના સ્થાપક.

Gandhi Heritage Portal

જુલમી મહેસૂલ પદ્ધતિએ એક વખત જે લોકો આબાદ અને શક્તિશાળી હતા તેમને હાલહવાલ કરી નાખ્યા છે. ચંપારણમાં તો નીલવરોએ લોકોનું લોહી જ ચૂસી લીધું છે. તમે નિમકવેરામાં વધારો કરવાની વાત કરો છો અને મારા શરીરમાં કંપારી છૂટે છે. આ કરને લીધે લોકોની શી દશા થાય છે એ જો તમે જાણો તો તમે જ કહો કે "બીજું જે થવાનું હોય તે થાઓ પણ આ કર તો આજ ને આજ જવો જોઈએ." એ કર બહુ ભારે છે તેથી ત્રાસદાયક છે એમ નથી, પણ મીઠાના ઈજારાએ મીઠાની કિંમત કૃત્રિમ રીતે વધારી મૂકી છે અને ગરીબ લોકોને વાજબી કિંમતે મીઠું મળવું બહુ મુશ્કેલ થઈ પડયું છે. એમને તો પાણી અને હવાના જેટલી જ મીઠાની જરૂરિયાત છે.

આ નોટ પ્રગટ કરવા સંબંધમાં મારો અભિપ્રાય એવો છે કે એ પ્રગટ કરવી જોઈએ નહીં. સુધારકોને સરકાર ઉપર વિશ્વાસ રહ્યો નથી. તેમને લાગે છે કે અત્યારે પણ લોકોની સાથેના વ્યવહારમાં તે પ્રમાણિક નથી. આ એક વિચિત્ર ઘટના છે. અમારો તમારી ઉપર વિશ્વાસ નથી અને છતાં તમારી અમને જરૂર છે. તે બતાવે છે કે લોકોને જે અન્યાય થયો છે તેનું તેમને ભાન છે, પણ તેનો ઉપાય કરવાની તેમનામાં જરાય તાકાત નથી. રાષ્ટ્રની ગુલામી પાકે પાયે થઈ ગઈ છે. અંગ્રેજોએ ઇરાદાપૂર્વક આમ કરવા નહીં ધાર્યું હોય, પણ તેમનો એવો ઇરાદો હોત તોપણ તેઓ આથી વધારે કરી શકત નહીં. હું ઇંગ્લંડને વળગી રહ્યો છું તેનું કારણ એટલું જ છે કે હું માનું છું કે એ હાડે ખરાબ નથી. વળી હું એ પણ માનું છું કે હિંદુસ્તાન દુનિયાને પોતાનો સંદેશો ઇંગ્લંડ મારફત વધારે સારી રીતે આપી શકશે. બીજી તરફથી હિંદુસ્તાનને નિ:શસ્ત્ર કરવાનું ઇંગ્લંડનું કૃત્ય, તેમની ગુમાનભરી અને અમને બિલકુલ ભાગ નહીં લેવા દેનારી લશ્કરી નીતિ, અને હિંદુસ્તાનના ધનનું અને કળાનું અંગ્રેજોના વેપારી લોભની વેદી ઉપર અપાયેલું બલિદાન, એ બધાને હું એટલું ધિક્કારું છું કે મારામાં પેલી શ્રદ્ધા ન હોત તો હું કયારનોય બળવાખોર બન્યો હોત.

મારી ઇચ્છા તમને લાંબો કાગળ લખવાની નહોતી. પણ મારી કલમ રોકી રહી જ નહીં.

તમારો સહૃદયી
**મો. ક. ગાંધી**

[મૂળ અંગ્રેજી]
મહાદેવ દેસાઈની હસ્તલિખિત ડાયરીમાંથી
શ્રી નારાયણ દેસાઈના સૌજન્યથી
ભાષાંતર : મહાદેવભાઈની ડાયરી, પુસ્તક ચોથું

Gandhi Heritage Portal

## ૧૭. બી. જી. હૉર્નિમૅનને[1] પત્ર

[નડિયાદ,]
ઑગસ્ટ ૧૨, ૧૯૧૮

તમારો મોસલ કાગળ મળ્યો. જોકે એ તા. ૮મીનો લખેલો છે. છતાં મને ગઈ કાલે જ પહોંચ્યો. મને લાગે છે કે આ બહુ ખેંચના વખતમાં ટપાલખાતાનું રેઢિયાળપણું આપણે નભાવી લેવું પડશે. ખરે જ મને તો લશ્કરભરતીનું ગાંડું લાગ્યું છે. હું બીજું કશું કરતો નથી, બીજું કશું વિચારતો નથી, બીજા કશાની વાત કરતો નથી. એટલે લશ્કરી ભરતી સિવાયના બીજા કશા કામમાં પ્રમુખપદ લેવા મને યોગ્ય માનતો નથી. તમે મને માફ કરશો.

તમારો સહૃદયી
**મો. ક. ગાંધી**

[મૂળ અંગ્રેજી]

મહાદેવ દેસાઈની હસ્તલિખિત ડાયરીમાંથી
શ્રી નારાયણ દેસાઈના સૌજન્યથી
ભાષાંતર : મહાદેવભાઈની ડાયરી, પુસ્તક ચોથું

૩૧૫૮૫

## ૧૮. રસિકમણિને પત્ર[2]

[નડિયાદ,]
ઑગસ્ટ ૧૨, ૧૯૧૮

મારી ધર્મપત્ની ઉપરનો આપનો કાગળ હું કાલે જ વાંચી શકયો, જેથી આપને જવાબ લખવામાં થોડી ઢીલ થઈ છે. માફ કરશો. અમે બંને જોકે સ્વતંત્ર, એકસરખા હક ભોગવનારાં છીએ તોપણ સગવડને ખાતર અમે અમારા ક્ષેત્રના વિભાગ પાડયા છે. વળી, અમે જ્યારે પરણ્યાં ત્યારે તો મારી ધર્મપત્નીને કાંઈ જ અક્ષરજ્ઞાન ન હતું. ઘણી મહેનતે થોડું આપ્યું, પણ અનેક કારણોને લીધે સંતોષ થાય એટલું નથી આપી શકયો. તેથી આપની દરખાસ્તનો સ્વીકાર નથી થઈ શકતો. મારી ધર્મપત્ની ખુરશીએ બેસીને ભાષણ વાંચી દે એમ લાગતું નથી. પોતે પોતાનું ભાષણ તૈયાર નહીં જ કરી શકે. આપની પ્રવૃત્તિઓ વિષે એને કાંઈ જ્ઞાન નથી, કે મોઢેથી પણ કાંઈ સમજાવી શકે. એટલે લાચારીથી અમો બંને આપ સૌ બહેનોની માફી માગીએ છીએ.

**મોહનદાસના**
વંદે માતરમ્

[મૂળ ગુજરાતી]

મહાદેવભાઈની ડાયરી, પુસ્તક ચોથું

૧. હૉર્નિમૅને ગાંધીજીને એક પત્રમાં માનવદયા પરિષદના પ્રમુખ થવાની વિનંતી કરી હતી. આ પત્ર એના જવાબરૂપે લખાયો હતો. હૉર્નિમૅન बॉम्बे क्रॉनिकलના તંત્રી હતા.

૨. હિંદુ સ્ત્રી મંડળનાં સેક્રેટરી બહેન રસિકમણિ તરફથી વાર્ષિક સમારંભ વખતે અને દાદાભાઈ નવરોજીની જન્મજયંતી પ્રસંગે પ્રમુખસ્થાન લેવા માટે કસ્તૂરબાને આમંત્રણ આપવામાં આવ્યું હતું. આ પત્ર એના જવાબરૂપે લખાયો હતો.

Gandhi Heritage Portal

## ૧૯. ફૂલચંદ શાહને પત્ર

નડિયાદ,
ઑગસ્ટ ૧૨, ૧૯૧૮

ભાઈશ્રી ફૂલચંદ,

કાલે ઘણી અગત્યની વાત આપણે કરી, અને જો એક પણ માણસ ખંત રાખીને મારી સૂચનાઓ અમલમાં મુકાવે તો તમે જે દશા આશ્રમને વિષે ઈચ્છો છો અને જે તદ્દન યોગ્ય છે તે દશાને આપણે તરત જ પહોંચીએ. એવા પુરુષ અત્યારે તમે છો. તરતોતરત સભાઓ ભરી નિકાલ કરી નાખજો.

મેં કાલે પોણા છ વાગ્યા સુધી ડહાપણ વાપર્યું અને આરોગ્યની મૂડી એકઠી કરી. પોણા છ વાગે ધ્રૂજતાં ધ્રૂજતાં મેં ઉપવાસ છોડયો, અને મહા દુ:ખ વહોરી લીધું. ખાવામાં પણ મર્યાદા નહીં જાળવી, એટલે ઘેંસ[1] ખાધી. જો માત્ર શાકનું જ પાણી પીધું હોત તો જે દુ:સહ પરિણામ આવ્યું તે તો ન જ આવત. આજે મારામાં ઊઠવાની કે ચાલવાની તાકાત નથી. લગભગ ઘસડાઈને પાયખાને જવું પડે છે અને ત્યાં વમળ એવા આવે છે કે ચીસ પાડવાનું મન થઈ જાય. હું આટલું દુ:ખ ભોગવતો છતો અત્યંત રાજી થઈ રહ્યો છું. તુરતોતુરત અપાયલી યોગ્ય શિક્ષાનો પૂરો ચિતાર મળી રહે છે. મને ખાતરી છે કે પોણા છ વાગે મારું દર્દ શાંત થઈ જશે. મેં ભૂલ કરી ખાધું તો જે વખતે ખાધું ત્યારથી ચોવીસ કલાક સુધીની કંઈ સજા ભારે ગણાય નહીં; અને એટલી થોડી સજા પણ આજ ઉપવાસ કર્યો છે તેથી. મારી ચિંતા કરવાની કશી જરૂર નથી. હું આવતી કાલે દુ:ખમાંથી તો તદ્દન મુક્ત થઈશ એમ માનું છું અને જો ખાવામાં બેખબર નહીં થાઉં તો ત્રણચાર દિવસમાં હતો તેવો થઈ જવાનો.

મોહનદાસના
વંદે માતરમ્

સાથેના કાગળનો અમલ થયો છે ખરો?[2]

[મૂળ ગુજરાતી]

મહાદેવભાઈની ડાયરી, પુસ્તક ચોથું

૧. ચોખાની નરમ ઘેંસ.

૨. આ વાકય મહાદેવભાઈની ડાયરીમાં નથી આપ્યું. સાથેના કાગળ વિષે પણ માહિતી નથી.

Gandhi Heritage Portal

## ૨૦. મગનલાલ ગાંધીને પત્ર

[નડિયાદ,
ઑગસ્ટ ૧૪, ૧૯૧૮
અથવા તેની આસપાસ][1]

ચિ. મગનલાલ,

સત્યાગ્રહ સર્વવ્યાપક છે એ સિદ્ધાંતનો અનુભવ લઈ રહ્યો છું. બાના[2] કાગળમાં મારી તબિયતની ખબર છે. દેવદાસે ભૂલ કરી છે. એટલે તમે બધા ચિંતામાં પડ્યા હશો. હું ચાંપતા ઉપાય લઈ રહ્યો છું, ને પ્રભુકૃપા હશે તો જલદી મુક્ત થઈ જઈશ. આજ ત્રીજા ઉપવાસ જેવું છે. તેથી દરદ ઓછું થતું જાય છે.

તમે ક્ષણ પણ નવરા ન જ હો. તબિયત જાળવીને બધું કરજો. ઘીદૂધનો સંકોચ ન કરજો.

કોઈને પણ મને વર્ણન અને બીજા ખબરો મોકલવાનું કહેજો. બીજાઓ મજૂરીમાં રોકાતા હોય તો સંતોકને કહેવું. રાધા, કેશુ, કૃષ્ણો પણ લખી શકે. ગિરધારીને છૂટ મળતી હોય તો તે લખે.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

પત્ર પરથી : સી. ડબ્લ્યુ. ૫૭૬૭

શ્રીમતી રાધાબહેન ચોધરીના સૌજન્યથી

## ૨૧. શાહી પરિષદના ઠરાવો

ઑગસ્ટ ૧૫, ૧૯૧૮

ઇન્ડિયન રિવ્યૂના ચાલુ માસના અંક માટે શ્રી જી. એ. નટેસનને મોકલવામાં આવેલો મહાત્મા ગાંધીનો નીચેનો લેખ અમને પણ અગાઉથી પ્રસિદ્ધિ અર્થે મોકલવામાં આવ્યો છે :

સંસ્થાનોમાં જઈ વસનારા આપણા દેશબંધુઓના દરજ્જા વિષેનો શાહી પરિષદે પસાર કરેલો ઠરાવ[3] ઉપર ઉપરથી વાંચતાં સારો લાગે છે, પરંતુ હકીકતમાં તે તદ્દન છેતરનારો છે. સંસ્થાનવાસીઓ આપણી વિરુદ્ધ જેવા કાયદા પસાર કરી શકે છે તેવા જ કાયદા આપણે પણ એમની વિરુદ્ધ કરી શકીએ, એ કોઈ મોટી સિદ્ધિ છે એમ માની લેવાની જરૂર નથી. આ તો કોઈ રાક્ષસ કોઈ ઠીંગુજીને કહે કે તું મુક્કાના બદલામાં મુક્કો મારવા સ્વતંત્ર છે, એના જેવી વાત

૧. આ પત્ર "લગભગ ઉપવાસ"ને ત્રીજે દિવસે લખાયો હતો. આ ઉપવાસ ઘણું કરીને ૧૯૧૮ના ઑગસ્ટની ૧૨મીએ જ્યારે ગાંધીજીને મરડાનું દરદ થયું ત્યારે શરૂ કરવામાં આવ્યો હતો.

૨. કસ્તૂરબા ગાંધી (૧૮૬૯–૧૯૪૨); ગાંધીજીનાં પત્ની.

૩. પરિષદની કાર્યવાહીનો જે સાર ભારતમંત્રીએ વાઇસરૉયને તારથી મોકલ્યો હતો, તે નીચે પ્રમાણે છે: "પરિષદની ૧૫મી બેઠક ૨૫મી જુલાઈએ મળી હતી. સૌથી પહેલી ચર્ચા ભારત તથા સંસ્થાનો વચ્ચેના અરસપરસના વહેવારની નીતિ વિષે કરવામાં આવી હતી. આ ચર્ચા ગયે વર્ષે પરિષદે અરસપરસના સંબંધોના સિદ્ધાન્તનો સ્વીકાર કરતો જે ઠરાવ પસાર કર્યો હતો તેને વિષે થઈ હતી. એ પછી એ જ મતલબનો બીજો ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો . . . જેને ધ્યાનમાં લઈને પરિષદે નીચેના મુદ્દાઓનો સ્વીકાર કર્યો હતો: (૧) બ્રિટિશ કૉમનવેલ્થની ભારત સહિતની ભિન્ન ભિન્ન પ્રજાઓની સરકારોનું એ સ્વાભાવિક કર્તવ્ય

Gandhi Heritage Portal

થઈ. ભારતમાં પ્રવેશવા ઇચ્છતા સંસ્થાનવાસીઓને પરવાનગી તથા પાસપોર્ટ આપવાનો ઇનકાર કોણ કરવાનું હતું? જ્યારે ગમે તેવા લાયક હિંદીઓને, સંસ્થાનોમાં થોડા સમય માટે પણ પ્રવેશવાની પરવાનગી આપવાનો તો સતત રીતે ઇનકાર જ થયા કર્યો છે. દક્ષિણ આફ્રિકાના પરદેશી પ્રવાસીઓ સંબંધી કાયદાને સત્યાગ્રહના આંદોલને જાતિભેદના કલંકથી મુક્ત કર્યો હતો. પરંતુ એના વહીવટમાં ભેદભાવનો એ સિદ્ધાંત હજી પણ અમલમાં છે, અને જ્યાં સુધી હિંદુસ્તાન નામમાં અને હકીકતમાં પરાધીન રહેશે ત્યાં સુધી એ ચાલુ રહેવાનો છે.

ત્યાં પહેલેથી વસેલા લોકો સંબંધમાં થયેલો કરાર હકીકતમાં ૧૯૧૪ના સમાધાનની શરતોની જ પુનરુક્તિ છે. જો આ કરાર કૅનેડા અને ઑસ્ટ્રેલિયાને લાગુ પાડવાનો હોય, તો તે ચોક્કસ લાભની વાત છે, કારણ કે કૅનેડામાં ત્યાંની સરકારે પોતાના શીખ વસાહતીઓનાં સ્ત્રીબાળકોને પ્રવેશવા દેવાનો ઇનકાર કરવાને કારણે છેક અત્યાર સુધી મોટું આંદોલન ચાલતું હતું. અહીં હું એટલું ઉમેરી લઉં કે દક્ષિણ આફ્રિકાના સમાધાનમાં એવી જોગવાઈ છે કે જેને લીધે એ સમાધાન થતાં પહેલાં જે લોકોને એક કરતાં વધારે પત્નીઓ હોય અને ખાસ કરીને એ પત્નીઓ કોઈ પણ સમયે દક્ષિણ આફ્રિકામાં પ્રવેશી ચૂકી હોય તો તેમને રક્ષણ મળે છે. જે દેશમાં ખ્રિસ્તી ધર્મ પાળનારાઓની સંખ્યા વધારે હોય ત્યાં કેવળ એક જ પત્નીને કાયદેસરતા આપવામાં આવે એ કદાચ વાજબી ગણાય. પરંતુ માનવતાના સિદ્ધાંતની દૃષ્ટિએ તેમ જ વહીવટી દૃષ્ટિએ જે શાહી સંઘના તેઓ સભ્ય છે તે સંઘના સભ્યો વચ્ચે મૈત્રી જળવાઈ રહે તે દૃષ્ટિએ પણ એવા દેશ માટે એ જરૂરનું છે કે તેણે એક કરતાં વધુ પત્નીઓને તથા તેમનાં બાળકોને પોતાના દેશમાં દાખલ થવા દેવાં જોઈએ.

વળી ઉપરનો કરાર બીજી બાબતોમાં દેખાતી દરજ્જાની અસમાનતાનો પ્રશ્ન તો ઉડાવી જ દે છે. દા. ત. આખા દક્ષિણ આફ્રિકામાં પરવાના મેળવવામાં નડતી મુશ્કેલી, ટ્રાન્સવાલ અને ફ્રી

છે કે પોતાને ત્યાં આવનાર કોઈ પણ બીજી જાતિના વસાહતીઓ ઉપર પ્રતિબંધ મૂકીને પોતાની વસ્તીના ઘટકોની આંતરિક રચના ઉપર સંપૂર્ણ કાબૂ ભોગવવો. (૨) ભારત સહિત કોઈ પણ બ્રિટિશ સંસ્થાનમાં વસેલા બ્રિટિશ નાગરિકોને સહેલાણી તરીકે અથવા વેપાર કરવાના હેતુથી એવા બીજા કોઈ પણ બ્રિટિશ સંસ્થાનમાં મુસાફરી કરવાની છૂટ હોવી જોઈએ. આમાં શિક્ષણને માટે થોડા સમય માટેના વસવાટનો પણ સમાવેશ થાય છે. આવા પ્રકારની મુસાફરી માટેની શરતોનું નિયમન અદલાબદલીના સિદ્ધાંતની રૂએ નીચેની રીતે થવું જોઈએ: (ક) ભારત સરકારને એવા કાયદા કરવાનો અધિકાર હોવાનું માન્ય રાખવામાં આવે છે કે બીજા કોઈ પણ બ્રિટિશ સંસ્થાનવાસી બ્રિટિશ નાગરિકોને ભારતમાં આવવું હોય તો એવા સંસ્થાનમાં જવા ઇચ્છતા હિંદીઓ ઉપર જે શરતો લાગુ પાડવામાં આવતી હોય તેવી શરતો તેમને પણ લાગુ પાડવામાં આવે. (ખ) પ્રવાસ કરવાનો અથવા થોડા સમય માટે રહેવાનો આ પ્રકારનો અધિકાર પ્રત્યેક વ્યક્તિ બાબતમાં મૂળ રહેઠાણના દેશે કાઢી આપેલા પાસપોર્ટ અથવા લેખી પરવાનગીપત્ર ઉપર નોંધાયેલો હોવો જોઈશે અને જે સંસ્થાનમાં જવાનું હશે તે સંસ્થાનના એ મૂળ દેશમાં નીમેલા અથવા તેની વતી કામ કરતા અધિકારીને એ તપાસી તેના પર વિસા કરવાનો અધિકાર રહેશે. જો આવો દેશ ઇચ્છશે તો આવો અધિકાર મજૂરીના ઉદ્દેશથી વસવા માટેની મુલાકાત અગર હંગામી વસવાટ માટે કે કાયમના વસવાટ માટે થતી મુસાફરી માટે આપવામાં આવશે નહીં. (૩) જે હિંદીઓ પહેલેથી જ બીજા બ્રિટિશ સંસ્થાનોમાં કાયમ માટે વસ્યા છે તેમને નીચેની શરતોએ તેમની પત્નીઓ અને સગીર બાળકો લાવવાની છૂટ આપવી જોઈશે: (ક) આવા પ્રત્યેક હિંદીને એક જ પત્ની અને તેનાં નાનાં બાળકો લાવવા દેવામાં આવશે, એથી વધારેને નહીં; (ખ) આ રીતે જે વ્યક્તિ પરદેશમાં દાખલ થાય તે દરેકને ભારત સરકારે એવું પ્રમાણપત્ર આપેલું હોવું જોઈશે કે તે વ્યક્તિ ઉક્ત હિંદીની કાયદેસરની પત્ની અથવા બાળક છે. હિંદના પ્રતિનિધિઓએ પરિષદ સમક્ષ રજૂ કરેલા નિવેદનમાં સમાવેલા બીજા મુદ્દાઓની પણ પરિષદ ભલામણ કરે છે."

Gandhi Heritage Portal

સ્ટેટમાં જમીનના રૂપમાં મિલકત ધારણ કરવા સામે પ્રતિબંધ, અને ખુદ સંઘની અંદર જ આવેલા ફ્રી સ્ટેટમાં હિંદીઓને પ્રવેશવાની હકીકતમાં મનાઈ, સામાન્ય સરકારી શાળાઓમાં હિંદી બાળકોને દાખલ થવાનો નિષેધ, ટ્રાન્સવાલ અને ફ્રી સ્ટેટમાં લોકોને મ્યુનિસિપલ મતાધિકારની મનાઈ, અને કદાચ કેપ સિવાય આખાયે દક્ષિણ આફ્રિકામાં સંઘ માટેના મતાધિકારનો વ્યવહારમાં નિષેધ—આ બધી અસમાનતાઓ અત્યારે પણ મોજૂદ છે. એટલે શાહી પરિષદે કરેલા ઠરાવો નક્કી આંખમાં ધૂળ નાખનારા છે. સંસ્થાનોમાં જરા પણ હૃદયપલટો થયેલો નથી અને ભારત સંબંધમાં સામ્રાજ્યનું કશું કર્તવ્ય છે એ વાતનો બિલકુલ સ્વીકાર કરવામાં આવ્યો નથી. મિ. ઍન્ડ્રૂઝે જેના તરફ ભારપૂર્વક ધ્યાન ખેંચ્યું છે તે ફીજીમાંના અત્યાચારો બતાવે છે કે સીધાં શાહી નિયમન નીચેનાં શાહી સંસ્થાનોમાં પણ કેવી કેવી ઘટનાઓ બની શકે છે.

[મૂળ અંગ્રેજી]

न्यू इन्डिया, १५–८–१९१८

## ૨૨. રૉબર્ટ હૅન્ડરસનને પત્ર[૧]

[નડિયાદ,]
ઑગસ્ટ ૧૭, ૧૯૧૮

વહાલા મિ. હૅન્ડરસન,

અત્યારે હું પથારીવશ છું. મારી જિંદગીમાં ભોગવેલી મોટામાં મોટી માંદગીમાંથી હું પસાર થઈ રહ્યો છું. તમારા કાગળનો જવાબ વહેલો આપવાનું મારે માટે શકય જ નહોતું. તમારા સાદા, સીધા, નિખાલસ કાગળથી હું મુગ્ધ થયો છું. તે માટે હું તમારો આભાર માનું છું. મારાં ભાષણોના રિપોર્ટોમાં આવતી ભૂલોની હું ભાગ્યે જ નોંધ લઉં છું. તે વાંચવાની પણ મને બહુ ઓછી તક મળે છે. પણ આ રિપોર્ટ ટાઇમ્સમાં આવ્યો હતો અને તેથી ઘણું નુકસાન થવાનો સંભવ હતો તેથી મને લાગ્યું કે તેમાંની ભૂલો મારે સુધારવી જોઈએ. મેં એ સુધારી તેથી સારું જ થયું છે.[૨] કારણ તેથી—દુષ્ટ લોકોની જીભ બંધ થઈ ગઈ છે. વળી તમારી સાથે ઓળખાણ કરવાની તક તેમાંથી મળી ગઈ.

તમારો સહૃદયી
**મો. ક. ગાંધી**

[મૂળ અંગ્રેજી]

મહાદેવ દેસાઈની હસ્તલિખિત ડાયરીમાંથી

શ્રી નારાયણ દેસાઈના સૌજન્યથી

ભાષાંતર: મહાદેવભાઈની ડાયરી, પુસ્તક ચોથું

૧. આ પત્ર વિષે મહાદેવ દેસાઈ એમની ડાયરીમાં લખે છે: "સુરતમાં રિક્રૂટિંગ ઉપર એક ભાષણ આ માસની શરૂઆતમાં (ગાંધીજીએ) આપ્યું. તેનો રિપોર્ટ ટાઇમ્સમાં કોઈકે મોકલેલો. તેમાં ટિળક મહારાજની નિંદા કરનારાં એમનાં કેટલાંક વાક્યો હતાં એવી છાપ ઊભી થતી હતી. રિપોર્ટ ઘણો ખામીવાળો હતો. તે સંબંધે (ગાંધીજીએ) ટાઇમ્સને એક કડક પત્ર લખ્યો. તે પત્ર વાંચીને મિ. હૅન્ડરસન નામના અંગ્રેજ સિવિલિયને સુરતથી ગાંધીજીને પત્ર લખ્યો હતો અને તેમાં 'ગંભીર ભૂલ' કરવા બદલ માફી માગી હતી."

૨. જુઓ ટાઇમ્સ ઑફ ઇન્ડિયાને પત્ર, ૧૦–૮–૧૯૧૮.

Gandhi Heritage Portal

## ૨૩. દેવદાસ ગાંધીને પત્ર

[નડિયાદ,]
ઑગસ્ટ ૧૭, ૧૯૧૮

ચિ. દેવદાસ,

આજે તબિયત સારામાં સારી ગણાય. હજુ ખાટલો તો રહેશે જ. દુઃખ બહુ ભોગવ્યું છે. વાંક કેવળ મારો જ હતો. એમાં જરાયે અતિશયોક્તિ નથી. સજા ગુનાના પ્રમાણમાં થઈ છે. મારી ચિંતા જરાયે ન કરશો. મારી ચાકરીમાં કશી ઊણપ રહેતી નથી. એક ચીજ કરવાને દશ ઉત્સુક બેઠેલા હોય છે, અને સૌ પોતાનો અસીમ પ્રેમ રેડી રહ્યા છે, એટલે તમે મને સ્વાભાવિક રીતે યાદ આવો છો. પણ તમારી ગેરહાજરીની ખામી મને જણાયેલ નથી. તમારા ત્યાંના[1] કામમાં ગૂંથાઈ રહેવામાં તમારી પૂરી ચાકરી છે અને એવો આપણો કઠણ નિયમ છે. કોઈ પોતાને સ્થાનેથી માંદગીના કારણસર પણ વિમુખ થઈ શકતો નથી એ કઠણ નિયમનું આપણે જ્ઞાનપૂર્વક પાલન કરવાનું છે. આટલા દારુણ દુઃખમાં પણ મારા આત્માની શાંતિ મેં એક ક્ષણભર પણ ખોઈ હોય એવો આભાસ આવતો નથી. બા અહીં પહોંચી ગઈ છે. આપણે ઉમેદ રાખશું કે થોડા દિવસમાં હું હતો તેના કરતાં વધારે નીરોગી અને અસ્વાદવ્રતનો વધારે પૂર્ણપણે પાલન કરનાર થઈશ.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]
મહાદેવભાઈની ડાયરી, પુસ્તક ચોથું

## ૨૪. જમનાદાસ દ્વારકાદાસને પત્ર

ઑગસ્ટ ૧૭, ૧૯૧૮

ભાઈશ્રી જમનાદાસ,[2]

મારી તીવ્ર ઇચ્છા છતાં અતિશય વ્યાધિને લીધે તમને હું વહેલો કાગળ નથી લખી શક્યો, ને આજે પણ લખાવવો જ પડે છે. હજી હું પથારીવશ છું. પણ કાગળો લખાવવા જેટલી સ્થિતિએ પહોંચ્યો છું. મારી તબિયત તદ્દન સુધારા ઉપર છે. એટલે ચિંતા રાખવાનું કશું કારણ નથી.

તમારો કિસ્સો સાંભળીને મને અતિશય દુઃખ થયું. હેતુની શુદ્ધતાથી અસત્ય તે સત્ય થઈ શકતું નથી. જેમ શાહુકાર(?)ની એક જ નજર કહેવાય છે તેમ સત્યનો પણ એક જ માર્ગ છે. જેમ ચોરની ચાર આંખ કહેવાય છે તેમ અસત્યના અનેક માર્ગ હોય છે. એ અનેક માર્ગની જાળમાં ફસાયેલો પુરુષ નષ્ટ થાય છે. અને જો તે વાલી (ટ્રસ્ટી) હોય તો પોતે જેની રક્ષા કરવા નિમાયેલો છે તેનો પણ નાશ કરે છે. આ સિદ્ધ થયેલું તમે તમારા અને બીજાઓના સેંકડો

૧. મદ્રાસમાંના.
૨. હોમરૂલ લીગના એક આગેવાન સભ્ય.

Gandhi Heritage Portal

અનુભવોમાંથી જોઈ શકશો. સત્યથી કોઈને પણ હાનિ થઈ છે તેવું આજ લગી બન્યું નથી, હવે પછી બનનાર નથી. એ ધોરી માર્ગને તમે કેમ છોડશો, કેમ છોડયો?

**મોહનદાસના**
વંદે માતરમ્

[મૂળ ગુજરાતી]

મહાદેવભાઈની ડાયરી, પુસ્તક ચોથું

## ૨૫. આનંદશંકર ધ્રુવને પત્ર

ઑગસ્ટ ૧૭, ૧૯૧૮

ભાઈશ્રી આનંદશંકરભાઈ,[૧]

મારે વિષેની આપની ચિંતા આપનો પ્રેમ સૂચવે છે. મારી સ્થિતિનો આબેહૂબ ચિતાર આ છે: મેં સોમવાર અને મંગળવાર સુધી અસહ્ય, અથવા એથીયે આકરું વિશેષણ વાપરી શકાય તો તેવું દુ:ખ ભોગવ્યું. એ બે દહાડા લગભગ બેભાન જેવી સ્થિતિમાં રહ્યો. અને આખો વખત બરાડા પાડવાની ઈચ્છા થયા જ કરી. બહુ જોરથી બરાડાને દબાવી શકયો છું. બુધવારે પ્રમાણમાં શાંતિ હતી. અને ત્યાર પછી ઉત્તરોત્તર ઠીક થતું ગયું છે. નબળાઈ અત્યંત છે એટલે હલાયચલાય તો શાનું? થોડા દિવસ ખાટલો તો ભોગવવો જ પડશે. પણ અંતે કુશળ જોઉં છું. આમ છે, એટલે આપે ઉઠાવેલો દવાનો પ્રશ્ન બાજુ ઉપર રહી જાય છે. દવા વિષેના મારા વિચારો જાણવા જ હશે તો કોઈ દિવસ હું જરૂર જણાવીશ. ગમે તે દાક્તર આટલું કબૂલ કરશે કે મારા જેવા દરદનો નિકાલ આટલા ઓછા સમયમાં બીજી રીતે લાવવો લગભગ અશકય હતો. આપને નિશ્ચિંત કરવાને સારુ પૂરતી હકીકત લખી છે.

આપનો નિર્ણય હું વાંચી ગયો છું. મજૂરો વર્ષાની માફક રાહ જોઈ રહ્યા હતા. તેઓને હવે શાંતિ મળશે. હું પણ રાહ તો જોઈ રહ્યો હતો. જોકે તેઓને પાંત્રીસ ટકા મળતા શરૂ થઈ ગયા હતા તોપણ આપના નિર્ણયથી તેમની સ્થિતિને સારો ટેકો મળવાનો છે એ હું માનતો હતો.

દરદના કારણ વિષે આપને લખવું જોઈએ. આશ્રમમાં ઘણી વાર એક ભજન ગાઈએ છીએ. તેની એક લીટીનું મનન મારી પથારીમાં મેં ઘણી વાર કર્યું. શ્રીકૃષ્ણ ઉદ્ધવને કહે છે:

ઊધો કર્મનકી ગત ન્યારી.

ખરું છે કે આપણે તો એમ જ ગાઈ શકીએ, કારણ કે ઘણી વાતોને વિષે આપણી અજ્ઞાનતાનો પાર નથી. પણ હકીકતમાં કર્મની ગતિ ન્યારી નથી. એ તો તદ્દન સીધી અને સહેલી છે. જેવું વાવીએ તેવું જ લણીએ. કરીએ તેવું જ પામીએ. આ દરદમાં મારો પોતાનો વાંક હું ડગલે ડગલે જોઈ શકું છું. મારે કબૂલ જ કરવું જોઈએ કે મને કુદરતે ઘણી ચેતવણીઓ

૧. ૧૮૬૯–૧૯૪૨; સંસ્કૃતના વિદ્વાન અને ગુજરાતી સાક્ષર; બનારસ હિંદુ યુનિવર્સિટીના સહ-ઉપકુલપતિ.

Gandhi Heritage Portal

આપી હતી. મેં ન ગણકાર્યા જેવું કર્યું. ભૂલ ઉપર ભૂલ કરતો ગયો. પહેલી ભૂલની સજા મળી, બીજી ભૂલની સજા વધી. એમ ઉત્તરોત્તર ન્યાયપૂર્વક સજાનો વધારો થતો ગયો. હું બારીકીથી જોઈ શકું છું કે કુદરતના જેવું કોઈ દયાળુ છે નહીં. કુદરત એ ઈશ્વર છે. ઈશ્વર એ પ્રેમ છે. અને ભૂલને સારુ પ્રેમના દંડ થયા જ કરે છે. હું આ માંદગીમાં બહુ શીખી રહ્યો છું.

તમારો
**મોહનદાસ**

[મૂળ ગુજરાતી]
મહાદેવભાઈની ડાયરી, પુસ્તક ચોથું

## ૨૬. ગોકળદાસ પારેખને પત્ર[૧]

ઑગસ્ટ ૧૭, ૧૯૧૮

સુજ્ઞ ભાઈશ્રી,

આપનો જૂન માસનો લખાયેલો કાગળ વૉર કૉન્ફરન્સનું[૨] સરનામું હોવાથી બે દિવસ પહેલાં જ મળ્યો. એટલે આપ સમજી શકશો કે આપને કેમ મારા તરફથી પાવતી સરખી પણ ન મળી. જોકે આપનો પત્ર મારા હાથમાં તો આટલો મોડો આવ્યો છે છતાં તેની કિંમત મારે મન તેવી ને તેવી જ છે. આપની પ્રસન્નતાનો ભૂખ્યો હું હમેશાં હોઉં જ. તે મને મળી છે, અને એ હું મારું સદ્‌ભાગ્ય સમજું છું. ખેડા જિલ્લાની રૈયત ઘણાં કામ કરવાને શક્તિમાન છે એમ મેં અનુભવ્યું છે. તે સ્ત્રીપુરુષોના જાહેર સંબંધમાં આવી હું ઘણું શીખ્યો છું અને શીખી રહ્યો છું. આપ કુશળ હશો.

**મોહનદાસના**
વંદે માતરમ્

[મૂળ ગુજરાતી]
મહાદેવભાઈની ડાયરી, પુસ્તક ચોથું

૧. ખેડા જિલ્લામાંથી ચૂંટાયેલા મુંબઈ ધારાસભાના સભ્ય.
૨. જૂન ૧૦, ૧૯૧૮ને રોજ મુંબઈમાં, ગવર્નર લૉર્ડ વિલિંગ્ડનને પ્રમુખપદે ભરાયેલી યુદ્ધ પરિષદ.

Gandhi Heritage Portal

## ૨૭. મનસુખલાલ રવજીભાઈ મહેતાને પત્ર

ઑગસ્ટ ૧૭, ૧૯૧૮

ભાઈશ્રી મનસુખલાલ,

તમારો પત્ર આજે મળ્યો. હું તો અત્યારે સખ્ત બીમારીમાં ઘેરાઈ રહેલો છું. પથારીવશ છું. કદાચ છૂટી જઈશ. મારા પોતાના ઉપચારો ચાલુ જ છે. મન સંપૂર્ણતાએ શાંત છે. દર્દ મારી મૂર્ખાઈ વડે જ થયું છે એ જ્ઞાન વડે, થતું દુઃખ ઓછું લાગે છે.

શિક્ષિત યુવાન વર્ગની દશા આ સમે દયામણી છે એમ હું માનું છું. કોઈ પણ ઉપાયે એ વર્ગને હું સુપ્રવૃત્ત કરી શકું તો અત્યારે કરું એમ છું. પણ આ સમય નથી એમ મને ભાસે છે. તે વર્ગ પોતે મોહ-સ્વયંભૂમાં ગોથાં ખાય છે. ટિળકનીતિ અને બેસંટનીતિથી[1] એ લોકોને તે સ્વયંભૂ (?)[2] કોઈ પણ કાળે ન ઝાલી શકે એ મારો દૃઢ અભિપ્રાય છે. એ બંને વ્યક્તિ રાજપ્રકરણી વિષયમાં નીતિનો ત્યાગ કરે છે એટલું જ નહીં, એ ત્યાગને કોઈ વેળા ઈષ્ટ માને છે. शठं प्रति शाठ्यं એ તેઓએ જ્ઞાનપૂર્વક ઉઘાડી રીતે સ્વીકારેલું સૂત્ર છે. તેઓની નીતિથી યુક્ત થયેલ વર્ગને અત્યારે હું કોઈ પણ રીતે કંઈ પણ આપી શકું એમ મને ભાસતું નથી. મારા કાર્યમાંથી, મારા લેખો અથવા મારાં ભાષણોમાંથી આડકતરી રીતે તેઓનાથી જે લેવાય તે લે, લેશે. જો હું તે દેવા જાઉં તો તે ઇનકાર જ કરશે ને તે વાસ્તવિક હશે. મિસિસ બેસંટ અને ટિળક મહારાજની નીતિ બહુ દોષવાન છે, પણ તેઓએ કરેલું કાર્ય તો મહાભારત જ છે. તેઓની સેવાનું માપ થઈ શકે એમ નથી. દેશપ્રીતિનો મંત્ર યુવક વર્ગે તેઓની પાસેથી લીધો છે. તે ગુરુઓનો તેઓ એકાએક ત્યાગ કેમ કરે? ત્યાગ કરવાનું હું તેઓને કદી કહું પણ નહીં. એમ છતાં, એમને પૂજ્ય ગણવા છતાં, એવો એક સમય જરૂર આવશે કે જ્યારે આ વર્ગ, ઉપર મેં વર્ણવી તે નીતિનો ત્યાગ કરશે. એટલો મારો હિંદુસ્તાનના પ્રાચીન ગૌરવ ઉપર વિશ્વાસ છે. તેમાં કૌરવને જય નથી મળ્યો, પણ પાંડવોને મળેલો છે. અને પાંચ માણસ તે લાખોની સામે પૂરા થઈ પડે તેવા હતા એમ કલ્પેલું છે. એ દેશનો યુવાન વર્ગ शठं प्रति शाठ्यं-ના જેવો કુત્સિત ન્યાય ગ્રહણ કરે એ મારી કલ્પનાની બહાર છે. હું ધીરજ રાખી બેસીશ. હું તો એ બંને વ્યક્તિઓને પણ વીનવી રહ્યો છું, પણ આ બધાં કાર્યોમાં મારે તો મારી શૈલી જ વાપરવી રહી. તેમાં કોઈ કોઈ વખત તો બહુ ઢીલ થતી જોવામાં આવે છે, પણ તે અનિવાર્ય હોય. કેટલુંક કાર્ય પરદાની પાછળ થાય છે, થવું જ જોઈએ. મેં આ વખતે કૉંગ્રેસમાં નહીં જોડાવાનો નિશ્ચય કર્યો છે અને તે ઉપરનાં કારણોથી જ. હું નરમ (મૉડરેટ) પક્ષના સંમેલનમાં પણ જવા નથી ઇચ્છતો. મારા ન જવામાં જ પ્રજાવર્ગને આઘાત પહોંચશે. સૌ પ્રશ્ન કરતા થઈ જશે, તે વેળાએ જરૂર જણાશે તો હું મારા મત પ્રદર્શિત કરીશ.

હવે તમને ઘણું લખ્યું. કાગળ છાપવાનો નથી, તમારે જ વિચારવાનો છે.

મોહનદાસના
વંદે માતરમ્

[મૂળ ગુજરાતી]

મહાદેવભાઈની ડાયરી, પુસ્તક ચોથું

૧. ઍની બેસંટ (૧૮૪૭-૧૯૩૩); થિયૉસૉફિકલ સોસાયટીનાં અધ્યક્ષ; બનારસની સેન્ટ્રલ હિંદુ કૉલેજનાં સ્થાપક; અને ૧૯૧૭ની હિન્દી રાષ્ટ્રીય કૉંગ્રેસનાં પ્રમુખ.

૨. આ સ્પષ્ટ નહીં હોવાથી મૂળમાં જ પ્રશ્નચિહ્ન મૂકેલું છે.

Gandhi Heritage Portal

## ૨૮. શંકરલાલ બૅંકરને પત્ર

ઑગસ્ટ ૧૭, ૧૯૧૮

ભાઈશ્રી શંકરલાલ,

તમારો કાગળ મળ્યો. મારી તબિયત હજી પણ સાફ નથી થઈ. વખત લેશે એવી ધાસ્તી છે. મેં ધાર્યું હતું તેના કરતાં કંઈ વધારે ઊંડું ગયું છે. તમે ચિંતા ન કરશો.

ભાઈ જમનાદાસ વિષે મને કંઈ વિચારવાનું રહેતું નથી. ભાઈ વિઠ્ઠલભાઈએ[1] પોતાની પ્રકૃતિ મુજબ સારું સમજી રાજીનામું ખેંચી લેવાની સલાહ આપેલી છે. ગમે તે ખળભળાટ થાય તે સહન કરીને રાજીનામાને વળગી રહેવું તેવી મારી સલાહ છે. આપણી વાત યાદ હશે કે ભાઈ જમનાદાસે કામ છોડી દેવું એમ મારી સલાહ નથી. પણ ભાઈ જમનાદાસે મોટી જવાબદારીનો હોદ્દો જરૂર છોડી દેવો જોઈએ. તેથી સ્વકલ્યાણ છે અને લોકકલ્યાણ છે. કૉંગ્રેસને કશી હાનિ નહીં પહોંચે. આજ સુધી આપણી જ ગફલતોથી કૉંગ્રેસને એક ઉપર એક જે હાનિઓ પહોંચ્યા કરી છે તેનો વિચાર કાં ન કરીએ? હવે એક સીધા કાર્યથી શી વિશેષ હાનિ પહોંચશે? ભાઈ જમનાદાસ પોતાના નિશ્ચયને વળગી રહેશે તો તેની સેવાશક્તિ અતિશય વધશે. તમો દૃઢ રહેજો, જમનાદાસને દૃઢ કરજો. માજીને મારા પ્રણામ.

**મોહનદાસના**
વંદે માતરમ્

[મૂળ ગુજરાતી]

મહાદેવભાઈની ડાયરી, પુસ્તક ચોથું

## ૨૯. દેવદાસ ગાંધીને પત્ર

ઑગસ્ટ ૧૭, ૧૯૧૮

ચિ. દેવદાસ,

તમારું હિંદી વર્ગનું બે માસનું વર્ણન વાંચી ગયો અને સંતુષ્ટ થયો. કેમ જાણે તમે એ જ કાર્યને સારુ નિર્માણ થયા હો, એમ તમને એ ગમી ગયું, અને તમારી લાયકાત પણ જોવામાં આવી, તે એટલે સુધી કે તમારી અવેજીમાં બીજો માણસ મૂકવો મુશ્કેલ છે. અને બીજો કંઈ વધારે કરી શકે એવો મને આભાસ નથી આવતો. ઈશ્વર તમારો નિશ્ચય દૃઢ રાખો. તમારું આરોગ્ય સાચવી રાખો, અને તમે દીર્ઘાયુ ભોગવો, જેથી મદ્રાસ ઇલાકો હિંદીના ઐક્ય સૂરોથી ગાજી રહે અને અત્યારે દક્ષિણ અને ઉત્તરની વચ્ચે જે મોટો દરિયાવ આવી પડેલો છે તે દૂર થઈ જાય અને બંને પ્રજા ઓતપ્રોત થઈ શકે. એ કાર્ય જે માણસ કરશે, તે એટલા જ કાર્યથી અમરપદ ભોગવશે. તમને એ પદ મળો. તમે લાયક છો. કોઈ પણ કારણસર કાર્ય ન

૧. વિઠ્ઠલભાઈ ઝ. પટેલ (૧૮૭૩–૧૯૩૩); વલ્લભભાઈ પટેલના મોટાભાઈ; ૧૯૦૮માં બૅરિસ્ટર થયેલા; મુંબઈ ધારાસભા તથા દિલ્હીની વડી ધારાસભાના સભ્ય; હિંદી વડી ધારાસભાના પહેલા ચૂંટાયેલા પ્રમુખ, ૧૯૨૫–૩૦.

Gandhi Heritage Portal

છોડશો. દહાડે દહાડે તમારું હિંદી જ્ઞાન વધારજો અને તમારી નીતિ દૃઢાવજો. જે સત્યવાન, બ્રહ્મચારી, અપરિગ્રહી, દયાવાન, શૂરવીર હશે તેનો પ્રભાવ આખી પૃથ્વી ઉપર પડશે. એ પ્રભાવ વડે તમે મનુષ્ય એકઠાં કરી શકશો. અને પછી તમે તેઓને સહેલાઈથી હિંદીનું જ્ઞાન આપી દેશો. આવા મારા વિચારો હોવાથી તમને લડાઈમાં દાખલ કરવાનો વિચાર મારાથી કેમ થઈ શકે? તમે ત્યાં તમારું કર્તવ્ય કરતા છતાં લડાઈમાં દાખલ થયા બરોબર જ છો. તમે ધીરજ નહીં છોડજો. તમારાથી લડાઈમાં ન અવાય તેની કશી ચિંતા નથી. બીજા ભાઈઓને પણ હું કઈ રીતે જોડું? હરિલાલ[1] તો ભાઈ રહ્યો જ નહીં. મણિલાલથી[2] અવાય નહીં. રામદાસ[3] આવે તો તેને લખ્યું છે. જો તમે પ્રાત:સ્મરણ ને સંધ્યા ન સાચવ્યાં હોય તો તે શરૂ કરી દેજો. એ તમારો ભારે આધાર છે એમ ખચીત માનવું. લાખો વરસોથી ચાલતી આવેલી પ્રથાનો જે વ્યક્તિ કે પ્રજા વિનાકારણ ત્યાગ કરે છે તે વ્યક્તિ અથવા પ્રજા બહુ ખુએ છે. આધુનિક કાળમાં મહાસમુદ્રનાં મોજાં આપણી બધાંની ઉપર ઉછળી રહ્યાં છે. તેમાં ન ડૂબવાનો માર્ગ સવાર અને સાંજની સંધ્યા છે, એ જો સમજી શકાય અને સમજપૂર્વક થાય તો.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

મહાદેવભાઈની ડાયરી, પુસ્તક ચોથું

## ૩૦. એન. એમ. સમર્થને પત્ર

ઑગસ્ટ ૨૦, ૧૯૧૮

ભાઈશ્રી સમર્થ,[4]

તમારા કાગળ માટે બહુ આભારી છું. ધાર્મિક ઉપચારમાં હું માનું જ છું. અને મોટે ભાગે મેં એનો જ આશ્રય લીધો છે. પણ તેની સાથે હું કુદરતી ઉપચાર અને ઉપવાસમાં પણ માનું છું. કુદરતી ઉપચારમાં હું પાણીના ઉપચાર કરું છું અને એનિમા લઉં છું. ખોરાકમાં કેવળ ફળના રસો, ખાસ કરીને સંતરાનો રસ લઉં છું. મને કબૂલ કરતાં સંકોચ નથી થતો કે આ કુદરતી ઉપચારો કરું છું તેટલે દરજ્જે શુદ્ધ ધાર્મિક ઉપચારમાં શ્રદ્ધા ઓછી ગણાય. જ્યારે હું જાણું છું કે કુદરતના કાનૂનનો ભંગ કરવાથી આ રોગમાં હું સપડાયો છું ત્યારે કેવળ ધાર્મિક ઉપચારને વળગી રહેવાની મારામાં હિંમત નથી.

હું દિલગીર છું કે કાલે હું તમને મળી શકીશ નહીં. તમારી ચળવળમાં પણ મારું નામ હું આપી શકતો નથી. હું બંને ચળવળોથી અલગ રહેવા ઇચ્છું છું. કારણ મારા વિચારો કોઈ પક્ષને માન્ય થાય એમ નથી. મને લાગે છે કે આ ટાણે બધા નેતાઓએ બીજી બધી પ્રવૃત્તિને લગભગ અલગ રાખીને પોતાનો બધો પ્રયાસ લશ્કરભરતીના કામ ઉપર કેન્દ્રિત કરવો જોઈએ.

૧. ગાંધીજીના સહુથી મોટા પુત્ર, જે તેમનાથી જુદા થયા હતા.
૨. ગાંધીજીના બીજા પુત્ર, જે દક્ષિણ આફ્રિકામાં હતા.
૩. ગાંધીજીના ત્રીજા પુત્ર.
૪. ૧૯૧૪માં ઇંગ્લંડ ગયેલા કોંગ્રેસ પ્રતિનિધિમંડળના એક સભ્ય.

Gandhi Heritage Portal

હું જાણું છું કે ગરમ દળવાળા મારી સાથે સંમત થતા નથી. અને હું ભાગ્યે જ ધારી શકું કે હું જેટલે સુધી જવા માગું છું તેટલે સુધી જવા નરમ દળવાળા તૈયાર હોય. હું એકંદરે મૉન્ટ-ફર્ડ યોજના[1] સ્વીકારું છું ખરો, પણ તેને પૂરેપૂરી સ્વીકાર્ય બનાવવા માટે તેમાં કેટલાક ફેરફાર કરાવવાનો હું આગ્રહ રાખું. મારો આગ્રહ એટલે સુધી જાય કે જો એ ફેરફારો ન સ્વીકારાય તો શકય તેટલા ઉપાયો લીધા પછી એ યોજના તોડી પાડવા પણ હું તૈયાર થાઉં. મારા ફેરફારો સ્વીકારાવવા માટે જેને સામાન્ય રીતે 'પૅસિવ રિઝિસ્ટન્સ' કહેવાય છે તેનો આશ્રય લેતાં પણ હું અચકાઉં નહીં. નરમ દળવાળા આ શરત સ્વીકારે નહીં. એટલે મારે ધીરજપૂર્વક રાહ જોવી રહી અને મારો પંથ એકલાએ કાપવો રહ્યો.

તમારો સહૃદયી

**મો. ક. ગાંધી**

[મૂળ અંગ્રેજી]

મહાદેવ દેસાઈની હસ્તલિખિત ડાયરીમાંથી

શ્રી નારાયણ દેસાઈના સૌજન્યથી

ભાષાંતર : મહાદેવભાઈની ડાયરી, પુસ્તક ચોથું

## ૩૧. બી. ચક્રવર્તીને પત્ર[2]

ઑગસ્ટ ૨૫, ૧૯૧૮

ભાઈશ્રી ચક્રવર્તી,[3]

તમારો કાગળ મળ્યો. એ માટે આભાર. હું પરિષદથી અલગ રહું છું, કારણ હું જાણું છું કે હું જે વિચારો ધરાવું છું તે મુખ્ય મુખ્ય નેતાઓને માન્ય નથી. મારી સ્થિતિની મેં મિસિસ બેસંટ સાથે ચર્ચા કરી લીધી છે. તેઓ મારી સાથે સંમત થયાં કે મારે અલગ રહેવું. હું નરમ દળવાળાની પરિષદમાં પણ હાજર રહેવાનો નથી. હું માનું છું કે કેવળ લશ્કરભરતીનું કામ આપણે ઉપાડી લઈએ તો આપણે દેશની મોટામાં મોટી સેવા કરી શકીએ. હું જેટલે સુધી જાઉં છું એટલે સુધી જવા એકે પક્ષ તૈયાર થાય એમ નથી. મૉન્ટ-ફર્ડ યોજનાના સિદ્ધાંતો હું સ્વીકારું છું ખરો, તેમાં ઓછામાં ઓછા અમુક સુધારા હું સ્પષ્ટપણે સૂચવું અને એ સુધારાનો અમલ કરાવવા હું મરણપર્યંત લડું. નરમ દળવાળા જરૂર આને માટે તૈયાર નથી. ગરમ દળવાળા અમુક દરજ્જે તૈયાર થાય ખરા, પણ હું જે અર્થમાં ઇચ્છું તે અર્થમાં નહીં. તેથી મને લાગે છે કે બંને પક્ષોને ભેગા કરવાની બાબતમાં મારે અત્યારે કશું કરવું જોઈએ નહીં. હું કશું હિંસાથી

૧. મૉન્ટેગ્યુ-ચેમ્સફર્ડની સુધારાની યોજના.

૨. આ પત્ર ચક્રવર્તીના પત્રના જવાબમાં લખાયો હતો. એ પત્રમાં એમણે લખ્યું હતું કે ગાંધીજીએ સુરેન્દ્રનાથ બૅનરજીને લખેલા કાગળ વિષે ગેરસમજ થઈ રહી છે. માટે તેમણે એક નિવેદન કરી જણાવવું જોઈએ કે પોતે કૉંગ્રેસની વિરુદ્ધ નથી.

૩. એક કૉંગ્રેસી નેતા; ૧૯૨૦માં કલકત્તામાં ભરાયેલા કૉંગ્રેસના ખાસ અધિવેશનની સ્વાગત સમિતિના અધ્યક્ષ.

Gandhi Heritage Portal

કરવા માગતો નથી અને તેથી જ (સિદ્ધાંતની બાબતમાં) બાંધછોડની નીતિ પસંદ કરતો નથી. દેશમાં અત્યારે ચોખ્ખા બે પક્ષો છે. બંનેએ પોતપોતાના કાર્યક્રમ બહાદુરીપૂર્વક સરકાર આગળ તેમ જ લોકો આગળ મૂકવા જોઈએ અને તેના સ્વીકાર માટે આંદોલન ચલાવવું જોઈએ. એમ કરવાથી જ મારા અભિપ્રાય પ્રમાણે આપણે પ્રગતિ કરી શકીશું. અત્યારે તો આપણે ઘાણીના બળદની માફક ગોળ ગોળ ફરીને ઠેરના ઠેર રહીએ છીએ.

તમારો સહૃદયી

**મો. ક. ગાંધી**

[મૂળ અંગ્રેજી]

મહાદેવ દેસાઈની હસ્તલિખિત ડાયરીમાંથી
શ્રી નારાયણ દેસાઈના સૌજન્યથી
ભાષાંતર : મહાદેવભાઈની ડાયરી, પુસ્તક ચોથું

# ૩૨. બાલગંગાધર ટિળકને પત્ર

[ઑગસ્ટ ૨૫, ૧૯૧૮][1]

આપનો પત્ર મળ્યો છે. આપની સહાનુભૂતિ બદલ હું આપનો આભારી થયો છું. મારી તબિયત વિષે આપને ચિંતા કેમ ન થાય? ઈશ્વરકૃપાથી મારી તબિયત હવે સારી છે. થોડા દિવસ સુધી પથારી તો હું નહીં છોડી શકું. ભારે દરદ થતું હતું. હમણાં નરમ પડયું છે.

કૉંગ્રેસમાં આવવાનો મારો ઈરાદો નથી, નરમ દળના સંમેલનમાં પણ જવાનો ઈરાદો નથી. હું જોઉં છું કે મારો મત બંનેથી જુદો છે. મેં આપને તે જણાવી પણ દીધો છે. હું માનું છું કે અત્યારે આપણે સૌ યુદ્ધની ભરતીના કામમાં લાગી જઈને અને લાખો માણસોને તેમાં મોકલીને હિંદુસ્તાનની ભારે સેવા કરી શકીએ. મારા આ મત સાથે મિસિસ બેસંટ અને આપ સંમત નથી. હું જાણું છું કે નરમ દળવાળા પણ આ કામમાં સાચા દિલથી નહીં જોડાય. આ એક વાત થઈ. મારો બીજો મત આ પ્રમાણે છે : મૉન્ટેગ્યુ-ચેમ્સફર્ડ યોજનાના તત્ત્વનો સ્વીકાર કરવો અને તેમાં આપણે જે સુધારા ઈચ્છીએ છીએ તે સાફ સાફ જણાવી દેવા; અને જે સુધારા આપણે સૂચવીએ તેનો સ્વીકાર કરાવવા મરણપર્યંત લડવું. આ સૂત્ર નરમ દળવાળા નહીં સ્વીકારે એ વાત સ્પષ્ટ છે. આપ અને મિસિસ બેસંટ જો એનો સ્વીકાર કરશો તોપણ જે રીતે હું લડવા માગું છું તે રીતે આપ નહીં લડો. મિસિસ બેસંટે તો કહી દીધું છે કે, તેઓ સત્યાગ્રહી નથી. આપે સત્યાગ્રહને નબળાનું હથિયાર ગણીને સ્વીકાર્યો છે. હું આ ગૂંચવાડામાં પડવા માગતો નથી. અને આપ બંનેની સામે થઈને કૉંગ્રેસમાં હિલચાલ કરવા માગતો નથી. મારા સિદ્ધાંતમાં મને અડગ વિશ્વાસ છે. અને હું એ પણ માનું છું કે જો મારી તપશ્ચર્યા સંપૂર્ણ હશે તો આપ અને મિસિસ બેસંટ મારા સિદ્ધાંતનો સ્વીકાર કરશો. હું ધીરજ રાખી શકું છું.

નરમ અને ગરમ દળ પોતાની થોડી થોડી બાબતો છોડી દઈને એક થવાનો પ્રયત્ન કરે એ મને બિલકુલ પસંદ નથી. દેશમાં બે પક્ષો છે. બંને પક્ષો પોતાના વિચાર રાજા તથા પ્રજાને

૧. મહાદેવભાઈની ડાયરીમાં આપેલી તારીખ.

Gandhi Heritage Portal

સાફ સાફ જણાવી દે એથી કશું નુકસાન થાય એવું હું માનતો નથી. ગરમ અને નરમ દળને ભેળવી દેવાનો પ્રયત્ન થાય એ મને બિલકુલ પસંદ નથી. જો બંને પક્ષો પોતાનો મત રાજા પ્રજા સમક્ષ દૃઢતાપૂર્વક રજૂ કરશે તો ઘણો લાભ થશે. પ્રભુ આપને આપના કાર્યમાં સહાય થાઓ.

તમારો
**મોહનદાસ**

[મૂળ હિંદી]
મહાદેવભાઈની ડાયરી, પુસ્તક ચોથું

## ૩૩. પી. સી. રાયને પત્ર[1]

ઑગસ્ટ ૨૭, ૧૯૧૮

ભાઈશ્રી ડૉ. રાય,

તમે મારી માંદગીનું સાંભળ્યું હશે. મને મરડાની બહુ સખત બીમારી થઈ આવી હતી. એ બીમારીમાંથી તો હું સાજો થયો છું પણ નબળાઈને લીધે નંખાઈ ગયો છું. હું ભાગ્યે જ મારી પથારી છોડી શકું છું. અને પથારીમાં પણ લાંબો વખત બેસી શકતો નથી. મારી આગળ મોટો સવાલ એ છે કે નંખાઈ ગયેલું શરીર ફરી શી રીતે બાંધવું. દૂધ અને તેમાંથી બનતા પદાર્થો કેટલાંય વર્ષોથી હું લેતો નથી. અને જીવનપર્યંત એ ન લેવાનું મારું વ્રત છે. એટલે દૂધ અને માખણનું અવેજી મારે જોઈએ છે. અત્યાર સુધી મારામાં શક્તિ હતી ત્યાં સુધી મગફળી, અખરોટ અને બીજી મીંજોમાંથી મને સુંદર અવેજ મળી રહેતો. પણ હવે મારી નાજુક થઈ ગયેલી હોજરીને આ મીંજોમાંથી કાઢેલી ચરબી બહુ ભારે પડે છે. દૂધ અને ઘી માટે ચોક્કસ અવેજી વનસ્પતિ-જન્ય પદાર્થમાંથી મારે જોઈએ છે. અગાઉ મેં કોપરાનું અને બદામનું દૂધ વાપરેલું છે. આ દૂધોની શરીર ઉપર જે અસર થાય છે તે ગાયના દૂધ કરતાં તદ્દન જુદી જ છે. ઘી અથવા માખણ અને દૂધ માટે કોઈ વનસ્પતિજન્ય અવેજી તમારા ધ્યાનમાં છે? હોય તો કૃપા કરીને લખી જણાવશો. અથવા વધારે સારું તો એ કે મેળવી શકો તો મને મોકલી આપો. મેં સાંભળ્યું છે કે ઉત્તરમાં મહુડાનાં કુમળાં બીમાંથી ઘી બનાવવામાં આવે છે. એ સામાન્ય ઘી જેવું નથી હોતું પણ ઑલિવ ઑઈલના જેવું જ હોય છે. આ બાબતમાં બની શકે તે માહિતી મને આપજો. મને દુ:ખ થાય છે કે હમણાં હમણાં મારે આ એક જ કાગળ તમને લખવાનો પ્રસંગ આવ્યો છે, અને તેય કેવળ મારા સ્વાર્થ ખાતર તમને તકલીફ આપવા માટે છે. મને કરી શકો તો ક્ષમા કરજો.

તમારો સહૃદયી
**મો. ક. ગાંધી**

[મૂળ અંગ્રેજી]
મહાદેવ દેસાઈની હસ્તલિખિત ડાયરીમાંથી
શ્રી નારાયણ દેસાઈના સૌજન્યથી
ભાષાંતર : મહાદેવભાઈની ડાયરી, પુસ્તક ચોથું

૧. ઘણું કરીને આ પત્ર સુપ્રસિદ્ધ રસાયણશાસ્ત્રી ડૉ. પી. સી. રાય (૧૮૬૧–૧૯૪૪)ને ઉદ્દેશીને લખાયેલો છે.

Gandhi Heritage Portal

## ૩૪. જમનાલાલ બજાજને પત્ર

આમદાવાદ,

શ્રાવણ વદ ૭ [ઑગસ્ટ ૨૮, ૧૯૧૮]

ભાઈ જમનાલાલજી,[૧]

તમારો પત્ર અને પાંચ હજાર રૂપિયાની હૂંડી.મળી. મોડું થવાથી કશું નુકસાન નથી થયું. મારી તબિયત માટે નિશ્ચિંત રહેજો. તે દિનપ્રતિદિન સુધરતી જાય છે. હજી થોડા દિવસ પથારીમાં રહેવું પડશે. નબળાઈ બહુ આવી ગઈ છે.

તમારો

મોહનદાસ ગાંધી

[મૂળ હિંદી]

पांचवें पुत्रको बापूके आशीर्वाद

## ૩૫. હિંદીઓ અને ટ્રાન્સવાલ

ઑગસ્ટ ૨૯, ૧૯૧૮

શ્રી મો. ક. ગાંધી ૨૯મી ઑગસ્ટને રોજ વર્તમાનપત્રો જોગ લખે છે :

ટ્રાન્સવાલના બ્રિટિશ હિંદી સંઘના પ્રમુખ, શ્રી અહમદ મહમદ કાછલિયા મને તારથી જણાવે છે કે જે શિક્ષિત હિંદીઓને ટ્રાન્સવાલ જવાની ઇચ્છા હોય તેમનું એક હકીકત પ્રત્યે ધ્યાન ખેંચવું કે ટ્રાન્સવાલની સ્થાનિક જનતાની જરૂરિયાતો માટે એ સંસ્થાનમાં છ શિક્ષિત વ્યક્તિઓ પ્રવેશ કરી શકે તેમ છે. જો આ ઇલાકામાં આવા કોઈ ઉમેદવારો હોય, તો તેમણે પોતાની શૈક્ષણિક અને બીજી લાયકાતો તથા ઉંમર અને રહેવાનું સ્થળ જણાવતી અરજી, પ્રમુખ, બ્રિટિશ હિંદી સંઘ, ટ્રાન્સવાલ, પો. ઑ. બૉક્સ નંબર ૬૫૨૨, જોહાનિસબર્ગ, એ સરનામે ૩૦મી ઑક્ટોબર ૧૯૧૮ને રોજ અથવા તે પહેલાં પ્રમુખને મળે એ રીતે મોકલી આપવી.

[મૂળ અંગ્રેજી]

इन्डियन रिव्यू, સપ્ટેમ્બર, ૧૯૧૮

૧. જમનાલાલ બજાજ (૧૮૮૯-૧૯૪૨); પ્રસિદ્ધ ગાંધીવાદી ઉદ્યોગપતિ, જેમણે ગાંધીજીની રચનાત્મક યોજનાઓમાં પૂરો સાથ આપ્યો; ગાંધીજીના નિકટના સાથીઓ અને સલાહકારોમાંના એક; ગાંધીજી એમને પોતાના પાંચમા પુત્ર તરીકે ગણતા હતા; વર્ષો સુધી રાષ્ટ્રીય મહાસભાના કોષાધ્યક્ષ.

Gandhi Heritage Portal

# ૩૬. સી. એફ. ઍન્ડ્રૂઝને પત્ર

ઑગસ્ટ ૨૯, ૧૯૧૮

પ્રિય ચાર્લી,

હું જરૂર હેરાન તો થયો પણ હું ઇચ્છું તે કરતાં વધારે નથી થયો. મારી માંદગીનાં કારણ હું ચોખ્ખાં અને સીધાં જોઈ શકું છું. તે મને યશ આપે એવાં નથી. પણ બતાવી આપે છે કે મારી નબળાઈઓ દૂર કરવાના મારા આટલા આટલા પ્રયત્ન છતાં હજી હું કેટલો નબળો છું. આ માંદગીમાંથી મને એ પણ વધારે સ્પષ્ટ જણાયું છે કે કુદરતના જાણીતા કાયદા આપણે સતત તોડતા હોઈએ છીએ. બીજી કોઈ લાલચ જીતવી એટલી મુશ્કેલ નથી જેટલી જીભની લાલચ છે. અને એ એટલી મુશ્કેલ છે તેથી જ આપણે તેનો બહુ ઓછો વિચાર કરીએ છીએ. મારા અભિપ્રાય પ્રમાણે જીભને જીતવી એ તમામ વસ્તુઓને જીતવા બરાબર છે. પણ આ વિષે વધારે બીજી કોઈ વાર લખીશ.

મારી તબિયત ધીમે ધીમે સુધરતી જાય છે. આ માંદગીમાં મેં શાંતિ કદી ગુમાવી નથી. મારી કશી ચિંતા કરશો નહીં. કોઈ પણ સબબે તમે શાંતિનિકેતન છોડો એમ હું ન ઇચ્છું. મને તો લાગે છે કે તમે અને ગુરુદેવ બંને જીવનનું સર્વોત્તમ કાર્ય કરી રહ્યા છો. ખરાં કાવ્યો તમે હમણાં જ લખો છો. એ કાવ્યો જીવંત છે. હું ઇચ્છું છું કે ગુરુદેવનાં અને તમારાં પણ પ્રવચનો સાંભળવાનો જે લાભ ત્યાંના ભાગ્યશાળી વિદ્યાર્થીઓને મળી રહ્યો છે તે લાભ લેવા હું શાંતિનિકેતનમાં હોઉં અને એ વિદ્યાર્થીઓની પડખે બેસતો હોઉં.

તમારો

**મોહન**

[મૂળ અંગ્રેજી]

મહાદેવ દેસાઈની હસ્તલિખિત ડાયરીમાંથી

શ્રી નારાયણ દેસાઈના સૌજન્યથી

ભાષાંતર : મહાદેવભાઈની ડાયરી, પુસ્તક ચોથું

Gandhi Heritage Portal

## ૩૭. ડૉ. પ્રાણજીવન મહેતાને લખેલા પત્રનો અંશ

[અમદાવાદ,]
ઑગસ્ટ ૨૯, ૧૯૧૮

તમે, માલવિયાજીના[1] ઐક્ય સાધવાના છેલ્લા પ્રયત્ન વિષે ખબર લખ્યા છે, એ ખબર છાપામાં પણ છે. પંડિતજી એવો કંઈક પ્રયત્ન કરશે એ તો ધારવામાં જ હતું. પણ મારી ધાસ્તી એમ છે કે ઠરાવો બધા હવે લૂલા થવાના. સહેજ વિચાર કરતાં પણ માલૂમ પડવું જોઈએ કે ભલે થોડું મગાય પણ તે નિશ્ચયપૂર્વક મગાવું જોઈએ. પ્રજા પોતાનું માગ્યું લેવા સમર્થ છે એવું ભાન જેમ જેમ અને જેટલે દરજ્જે પ્રજાને મળશે તેમ તેમ અને તેટલે દરજ્જે પ્રજા ચડશે. આ આકાશપુષ્પ જેવી વાત નથી, પણ અતિ વ્યાવહારિક છે.

[મૂળ ગુજરાતી]

મહાદેવભાઈની ડાયરી, પુસ્તક ચોથું

## ૩૮. દેવદાસ ગાંધીને પત્ર

ઑગસ્ટ ૨૯, ૧૯૧૮

ચિ. દેવદાસ,

ઘણી રાહ જોવરાવ્યા પછી તમારા બે કાગળનાં આજે સાથે દર્શન થયાં. મારી તબિયત સુધરતી જાય છે. ચિંતાનું તો કાંઈ જ કારણ નથી. આજે સારામાં સારી છે. પ્રથમથી તે આખર સુધી તબિયત ઉપરનો અંકુશ મેં ગુમાવ્યો જ નથી, અને પરિણામને વિષે ચિંતા રાખી જ નથી. માંદગીમાં પીડાનો ભય લાગતો હતો, પણ મોતનો ભય તો સ્વપ્નેયે નહોતો લાગતો. અને ઘણી પીડા થતી હતી ત્યારે ‘હવે છૂટું તો કેવું સારું’ એમ થઈ આવતું. જીવતાં સુધી પ્રવૃત્તિમય રહું એ જુદી વાત છે, પણ પ્રવૃત્તિને સારુ જીવવાની આકાંક્ષા નથી. મોક્ષની હોય પણ મોક્ષ માગ્યો મળતો નથી. તેને સારુ લાયકાત જોઈએ.

તમારું કાર્ય હું એટલા મહત્ત્વનું ગણું છું કે મારી તબિયત જોવાને સારુ પણ તમે તે નથી છોડી શકતા. મારી સંભાળ પૂરતી લેવાતી હશે એમ તો માની જ લેવું જોઈએ. મારું ફ્રાંસ જવાનું થાય એવું મને હવે જરાયે લાગતું નથી. લડાઈમાં મુદ્દલ જવાનું નહીં થાય એમ હવે તો ભાસે છે. દિવસે દિવસે ફ્રાંસના રણક્ષેત્રમાં મિત્રરાજ્યોની જીત થતી જોવામાં આવે છે. આવી સ્થિતિમાં આપણને લઈ જાય એમ લાગતું નથી. મહિના માસમાં ખબર પડી રહેશે. કદાચ જવાનું થાય તોપણ ફ્રાંસની તો હવે આશા છોડવાની જ. મેસોપોટેમિયા જવાનું થાય એમ બને.

૧. મદન મોહન માલવિયા (૧૮૬૧–૧૯૪૬); બનારસ હિંદુ યુનિવર્સિટીના સ્થાપક; વડી ધારાસભાના સભ્ય; હિંદી રાષ્ટ્રીય કૉંગ્રેસના બે વાર પ્રમુખ.



Gandhi Heritage Portal

આનંદશંકરભાઈએ હિંદુ ધર્મની બાળપોથી લખેલી છે, પણ એ વૃદ્ધ પુરુષો પણ રસપૂર્વક વાંચી શકે અને જ્ઞાન મેળવી શકે એવી છે. મને તો એ અલૌકિક ગ્રંથ લાગે છે. ભાઈ મહાદેવ[૧] હમેશાં સવારના મને વાંચી સંભળાવે છે. એમાંથી હું તો રસના ઘૂંટડા પી રહ્યો છું. બીજી ભાષાઓમાં એવાં લઘુ પુસ્તકો થોડાં હશે. આનંદશંકરભાઈના બહોળા વાચનમનનનું આ પુસ્તક દોહનરૂપ છે. તમે તે ફરી ફરીને વાંચજો. એને લગતા પ્રસંગો ન સમજાય તે વિષે પૂછીને જાણી લેજો. એ ચોપડી તમને મોકલવાની તજવીજ કરું છું. તમારા અક્ષર સુધરતા નથી.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

મહાદેવભાઈની ડાયરી, પુસ્તક ચોથું

## ૩૯. હરિલાલ ગાંધીને પત્ર

ઑગસ્ટ ૨૯, ૧૯૧૮

ચિ. હરિલાલ,

તમારો કાગળ મળ્યો. મારી તબિયત સારી થતી જાય છે. ચિંતા રાખવાનું કશું કારણ નથી. હજી થોડા દિવસ ખાટલો ભોગવવો પડશે. મારી ચાકરીમાં મણા નથી. એથી વિશેષ ચાકરી કોઈ ચક્રવર્તીની પણ થતી હોય એમ હું નથી કલ્પી શકતો. તમે સ્વયંપાક કરો છો અને એ તમને ગમી ગયું છે એ મને બહુ પ્રિય લાગે છે. એમાંથી કદાચ તમે ઘડાશો, કદાચ તમે જિંદગીનું રહસ્ય સમજશો અને થયેલી ભૂલોને દુરસ્ત કરી તમારું જીવન ઉજ્જ્વળ કરશો. ઉજ્જ્વળ કરો એમ હું ઇચ્છું છું. કાગળ નિયમસર લખતા રહેશો તો સારું.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

મહાદેવભાઈની ડાયરી, પુસ્તક ચોથું.

૧. મહાદેવ દેસાઈ (૧૮૯૨-૧૯૪૨); ૨૫ વર્ષ સુધી ગાંધીજીના સેક્રેટરી.

Gandhi Heritage Portal

## ૪૦. પુંડલીકને પત્ર

અમદાવાદ,

શ્રાવણ, જન્માષ્ટમી [ઑગસ્ટ ૨૯, ૧૯૧૮]

ભાઈ પુંડલીક,[1]

કાકાજી પર અને મારા પર આવેલા તમારા પત્રો વાંચીને મને ઘણો સંતોષ થયો છે. મારી સલાહ કે પરવાનગી વિના ભીતિહરવા નહીં છોડવાનો નિશ્ચય બહુ સારો છે. હું જોઉં છું કે સુપરિન્ટેન્ડેન્ટ તમને હેરાન કરવા માગે છે. તમે ધીરજથી જવાબ આપ્યો એ સારું કર્યું. કોઈની સાથે વધારે વાત કરવી નહીં. ગામમાં અવશ્ય જવું અને રસ્તા, ઘર ઈત્યાદિની સફાઈનું શિક્ષણ લોકોને આપવું. મને વારંવાર પત્ર લખતા રહેશો. હું પણ જવાબ આપીશ.

હમણાં તો હું બીમાર છું. અશક્તિ ઘણી છે. સારો થયા પછી થોડા વખત માટે પણ ચંપારણ આવવાનો મારો ઈરાદો છે.

ઈશ્વર તમારી રક્ષા કરો.

તમારો

**મોહનદાસ ગાંધી**

[મૂળ હિંદી]

ગાંધીજીની સહીવાળા હસ્તલિખિત મૂળ પત્રની છબી પરથી : જી. એન. ૫૨૧૬

## ૪૧. સી. એફ. ઍન્ડ્રૂઝને પત્ર

ઑગસ્ટ ૩૦, ૧૯૧૮

તમારા બધા પ્રેમસંદેશા મારી સામે પડયા છે. એ બધા શાંતિ આપનારા મલમ જેવા છે. આ માંદગીનો જેમ જેમ હું વધારે વિચાર કરતો જાઉં છું તેમ તેમ માણસનો માણસ પ્રત્યે પ્રેમ અને તેથી ઈશ્વરનો માણસ પ્રત્યે પ્રેમ, તેનું મૂલ્ય શું હોઈ શકે તેનો સાક્ષાત્કાર મને વધારે ઊંડો થતો જાય છે. એમાં કુદરતના કલ્યાણકારી હાથ સિવાય બીજું કશું મને દેખાતું નથી. અને મને લાગે છે કે ઉપર ઉપરથી આપણને જે કુદરતનો પ્રચંડ કોપ દેખાય તે વસ્તુતઃ બીજું કશું નહીં પણ પ્રેમનો જ આવિર્ભાવ હોય છે.

હું ઈચ્છું છું કે તમે મારી ચિંતા ન કરો. શાંતિનિકેતનના તમારા ઉત્તમ કામમાં કોઈ પણ રીતે અંતરાય પડશે તો એ આપત્તિ જ થવાની છે. શાંતિનિકેતનમાં તમારા અને ગુરુદેવના કામનું સાંભળીને મને કેટલો ભારે આનંદ થયો છે તે હું વર્ણવી શકતો નથી. મારે તમને કહેવું જોઈએ કે તમારો દરેક કાગળ આવે છે ત્યારે ભયની ધ્રુજારી સાથે હું એ હાથમાં લઉં છું. રખેને કશું એવું

૧. નારાયણ તમાજી કાતગડે ઉર્ફે પુંડલીક; મહારાષ્ટ્રના એક સ્વયંસેવક, કેટલોક વખત સુધી એમણે ચંપારણમાં ભીતિહરવા પાઠશાળા ચલાવી હતી.

Gandhi Heritage Portal

તો ન બન્યું હોય જેથી ગુરુદેવના ઉમદા કાર્યમાં અંતરાય આવ્યો હોય. તમે બંનેએ બાળકોને શિખવાડતાં કશા અંતરાય વિના આખું સત્ર પૂરું કર્યું છે અને તમારા બંનેનું આરોગ્ય સુંદર રહ્યું છે એ જાણીને મને ભારે રાહત મળવાની છે.

બડોદાદાના આશીર્વાદ માટે ખૂબ જ આભારી છું. તેમના આશીર્વાદને હું બહુ જ મૂલ્યવાન ગણું છું. ગુરુદેવની શુભેચ્છાઓ માટે તેમનો પણ આભારી છું. રુદ્રને[1] યાદ કરશો.

અમારાં બધાં તરફથી તમને બધાંને પ્યાર.

તમારો
**મોહન**

[મૂળ અંગ્રેજી]
મહાદેવ દેસાઈની હસ્તલિખિત ડાયરીમાંથી
શ્રી નારાયણ દેસાઈના સૌજન્યથી
ભાષાંતર : મહાદેવભાઈની ડાયરી, પુસ્તક ચોથું

## ૪૨. પુંડલીકને પત્ર

અમદાવાદ,
ઑગસ્ટ ૩૦ [૧૯૧૮]

પ્રિય ભાઈ પુંડલીક,

તમને તમારા દરજ્જા વિષે પૂછવામાં આવ્યું છે તો તમે આ પત્ર એ વાતની સાબિતી રૂપે રજૂ કરી શકશો કે ભીતિહરવાની શાળા ચલાવવા તથા આસપાસનાં ગામોના લોકો વચ્ચે જઈ તેમની સાથે સ્વચ્છતા અને શિક્ષણનું કાર્ય કરવા અથવા તો ચંપારણમાં હું તમને જે શાળામાં મોકલું ત્યાં જઈ બીજી કોઈ પણ શાળા ચલાવવા મેં જ તમને ચંપારણ મોકલેલા છે.

તમારો સહૃદયી
**મો. ક. ગાંધી**

[મૂળ અંગ્રેજી]
છબી પરથી : જી. એન. ૫૨૧૫

૧. એસ. કે. રુદ્ર, દિલ્હીની સેંટ સ્ટિફન્સ કૉલેજના આચાર્ય.

Gandhi Heritage Portal

# ૪૩. મિલી પોલાકને[1] પત્ર

ઑગસ્ટ ૩૧, ૧૯૧૮

આ લખી રહ્યો છું ત્યારે મારી સામે ધોધમાર પડતી ભવ્ય વૃષ્ટિ હું નિહાળી રહ્યો છું. કરોડો સ્ત્રીપુરુષોનાં હૃદય તે આનંદથી ભરશે. પશ્ચિમ હિંદુસ્તાન ઉપર ભારે દુકાળનો ભય ઝઝૂમી રહ્યો હતો. આંખના પલકારામાં એ ભય ઊડી ગયો છે. એને બદલે અનહદ આનંદ વ્યાપ્યો છે. આ વૃષ્ટિ કરોડો ઢોરને માટે શાંતિદાયક મુક્તિ સમાન છે. વરસાદ ઉપર જ આધાર રાખતો હોય એવો હિંદુસ્તાન સિવાય બીજો કોઈ દેશ પૃથ્વી ઉપર ભાગ્યે જ હશે. તમે હવે સમજશો કે મને આરોગ્ય અર્પવામાં આ વરસાદે કેટલો ભાગ ભજવ્યો છે. મેં વેદના તો ખૂબ સહન કરી. એ બધી મારી મૂર્ખાઈઓને લીધે હતી. મેં શરીર પ્રત્યે જે ગુનો કર્યો હતો તેને યોગ્ય જ એ સજા હતી. મેં એક દોષયુક્ત અખતરો કર્યો. મરડાની બીમારી તો મને હતી જ. તેમાંથી હું સાજો થવા આવ્યો હતો. મારે સામાન્ય ખોરાક લેવાનું જલદી શરૂ કરવું જોઈતું ન હતું તેને બદલે મેં ખાધું અને અનિવાર્ય આપત્તિમાં ઘેરાયો. મારું શરીર એટલું બધું નંખાઈ ગયું છે કે મારે એ નવેસરથી બાંધવું પડશે. પણ કશી ચિંતા કરવા જેવું નથી. અત્યારે હું માંદગી પછીનો આરામ લઉં છું. નિયમિત રીતે પોષણ લઉં છું. દરરોજ તેમાં થોડો થોડો વધારો કરું છું અને દસેક દિવસમાં મારામાં હરવાફરવા જેટલી શક્તિ આવી જશે એવી આશા રાખું છું. તમે મને મારી સારવારનું પૂછો છો. માનવપ્રેમ જે કંઈ કરી શકે તે બધું મારે માટે કરવામાં આવ્યું હતું. માંદગીની પથારી એ મારે માટે લહાવો તેમ દુઃખ બંને હતાં. એટલાં બધાં મારી સારવાર કરતાં હતાં એ જોવાનો લહાવો અને મારી નબળાઈ તથા મૂર્ખાઈને લીધે મારે એની જરૂર પડી એનું દુઃખ. પ્રેમના આ કીમતી અનુભવને લીધે જે કાંઈ સેવા કરવાની મારામાં શક્તિ હોય તે સેવા કરવાનો મને એક વધુ આદેશ મળે છે. માનવજાતિની સેવા એ છેવટે તો પોતાની જ સેવા છે. અને પોતાની સેવા એટલે આત્મશુદ્ધિ. હું શી રીતે વધારે શુદ્ધ થઈ શકું એ સવાલ મારી આ માંદગી દરમિયાન મારા મનમાં ઘોળાયા કર્યો છે. મારે માટે પ્રાર્થના કરજો.

[મૂળ અંગ્રેજી]

મહાદેવ દેસાઈની હસ્તલિખિત ડાયરીમાંથી

શ્રી નારાયણ દેસાઈના સૌજન્યથી

ભાષાંતર : મહાદેવભાઈની ડાયરી, પુસ્તક ચોથું

૧. મિલી ગ્રેહામ પોલાક, એચ. એસ. એલ. પોલાકનાં પત્ની; મિ. ગાંધી : ધિ મૅનનાં લેખક.

Gandhi Heritage Portal

# ૪૪. સી. એફ. ઍન્ડ્રૂઝને પત્ર[1]

ઑગસ્ટ ૩૧, ૧૯૧૮

તમે મને બહુ ગમે એવી નવાઈની વાત કહી છે. મને તો ખબર જ નહોતી કે શાંતિનિકેતનમાં ગુજરાતી મારવાડીઓની વસાહત આટલી મોટી હશે. આ બધા વિદ્યાર્થીઓ ત્યાં પૂરો વખત રહે તો ગુજરાત અને બંગાળ વચ્ચે તેઓ કેવી સાંકળ જોડે? મને શંકા નથી કે કવિ અત્યારની માફક પોતાનું કામ ચાલુ રાખશે તો બધા ગુજરાતીઓને ત્યાં પૂરો વખત રાખી શકશે, એટલું જ નહીં પણ બીજા ઘણા એમની પાછળ આવશે. મને એટલું પૂછવાની લાલચ થઈ આવે છે કે ત્યાંની સફાઈ પાછળ કોઈ ખાસ માણસ ધ્યાન આપે છે ખરું? પાણીની વ્યવસ્થા બરાબર થઈ છે ખરી?

મારી તબિયત સુધરતી જાય છે. પ્રગતિ કંટાળો આવે એટલી ધીમી છે. શરીર લગભગ નવેસરથી બાંધવાનું છે એટલે સ્વાભાવિક રીતે જ વખત લાગશે. ખાસ કરીને જ્યારે મારે બધું પોષણ દરરોજની પાંચ જ વસ્તુઓમાંથી મેળવવાનું હોય છે અને તેમાં પણ દૂધ અને તેમાંથી બનતા પદાર્થો નહીં ત્યારે; પણ મને લાગે છે કે હું શરીર બાંધી શકીશ. તમે ખાતરી રાખજો કે લશ્કરભરતીના કામની અથવા તો કૉંગ્રેસના કામકાજની મને જરાયે ચિંતા થતી નથી. તમારી માફક હું એમ તો કહી શકું એમ નથી કે એ વિષે છાપાંમાં હું કશું જોતો જ નથી. ઊલટું કૉંગ્રેસના કામકાજ વિષે ઉત્કંઠાથી છાપાં જોઉં છું. પણ તેની મને ચિંતા થવા દેતો નથી.

હું જાણું છું કે રુદ્ર મારી બહુ ચિંતા કરે છે. મારી તબિયતના બધા સમાચાર તેમને આપશો અને તેમને ખાતરી કરાવજો કે તમારા બધાની પ્રાર્થના મને આરોગ્ય અને સુખ આપ્યા વિના રહેવાની નથી.

પ્યાર.

તમારો

**મોહન**

[મૂળ અંગ્રેજી]

મહાદેવ દેસાઈની હસ્તલિખિત ડાયરીમાંથી

શ્રી નારાયણ દેસાઈના સૌજન્યથી

ભાષાંતર : મહાદેવભાઈની ડાયરી, પુસ્તક ચોથું

૧. આ પત્ર ઍન્ડ્રૂઝના એક પત્રના જવાબરૂપે છે. એ પત્રમાં એમણે લખ્યું હતું કે શાંતિનિકેતનમાં ૭૦ ગુજરાતી અને મારવાડી વિદ્યાર્થીઓ છે. ટાગોર એમની સંભાળ પ્રેમપૂર્વક રાખે છે, અને એમનાં માબાપ આવે છે ત્યારે તેમનું જાતે સ્વાગત કરે છે.

Gandhi Heritage Portal

## ૪૫. દેવદાસ ગાંધીને પત્ર

[અમદાવાદ,]
ઑગસ્ટ ૩૧, ૧૯૧૮

કૉંગ્રેસમાં હું ન ગયો કારણ કે મિસિસ બેસંટ અને ટિળક મહારાજ સાથે વાત કર્યા પછી મને બહુ કૃત્રિમતાનો આભાસ આવ્યો. અને આવે મહાન સમયે યોજનાની ઉપર મિથ્યા વાદ-વિવાદને બદલે આપણી માગણીનો કેમ સ્વીકાર થાય તેના ઉપાયો શોધવા અને અમલમાં મૂકવા એ મને બહુ આવશ્યક લાગ્યું. મારા એ વિષેના વિચારો મેં તેઓની પાસે મૂકયા અને મેં સૂચવ્યું કે આપણી પાસે બે મોટાં હથિયારો છે. એક તો લડાઈમાં સંપૂર્ણ આહુતિ આપીને આપણા આત્માની સાક્ષી આપણી યોગ્યતા વિષે મેળવવી. અને જ્યારે આત્મા પુરાવો આપે છે ત્યારે એવું અંતરબળ એ આપે છે કે તેની સામે કોઈ ટકી શકતું નથી. બીજો ઉપાય એ કે આપણી માગણી વિષે દૃઢ નિશ્ચય કરીને તેને ઝોડની માફક વળગી રહેવું અને મરણાંત સુધી લડીને તેનો સ્વીકાર કરાવવો. આ બંને સૂત્રોનો બંને નેતાઓએ ત્યાગ કર્યો. આથી મને લાગ્યું કે મારું કૉંગ્રેસમાં જવું નિરર્થક છે. અને ન જઈને હું મારો પોતાનો વિચાર અદૃશ્ય રીતે પણ ઠીક પ્રગટ કરી શકું છું. આવી માન્યતાથી મેં જવાનું માંડી વાળ્યું.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

મહાદેવભાઈની ડાયરી, પુસ્તક ચોથું

## ૪૬. કરસનદાસ ચિતલિયાને[૧] પત્ર

ઑગસ્ટ ૩૧, ૧૯૧૮

ભાઈ કેસરીપ્રસાદના[૨] રાજીનામા વિષે સાંભળીને મને ખેદ થયેલો. કૉંગ્રેસમાં જવાની તેમની પૂર્ણ લાગણી હતી. મારી સાથે વાતચીત પણ થઈ હતી. પણ મેં તેમને કહ્યું હતું કે જો રજા ન મળે તો લાગણીને શમાવવી અને જે હુકમ બહાર પડે તેને વશ વર્તવું. પણ તેનાથી પોતાની લાગણી દાબી ન શકાઈ. મને ધાસ્તી છે કે ભાઈ કેસરીપ્રસાદને અસંતોષ તો રહ્યા જ કરતો હતો. એની પ્રવૃત્તિઓને સારુ સોસાયટીમાં[૩] અવકાશ ન હતો. કૉંગ્રેસમાં જવાની બંધી એના અસંતોષની અવધિ થઈ પડી. ગુજરાતી કે કોઈના વિના સોસાયટી નિર્મૂળ થઈ શકે એવું નથી. સોસાયટી તો અવિચળ રહેશે. શાસ્ત્રિયારના[૪] જેવા ચારિત્ર્યવાન નેતા, તેના જેવા બીજાઓને

૧. મુંબઈના ભગિનીસમાજ તથા પૂનાના ભારત સેવક સમાજવાળા.

૨. અમદાવાદના કેસરીપ્રસાદ મણિલાલ ઠાકોર; ૧૯૧૯ના સત્યાગ્રહની પ્રતિજ્ઞા ઉપર સહી કરનાર.

૩. ભારત સેવક સમાજ.

૪. વી. એસ. શ્રીનિવાસ શાસ્ત્રી (૧૮૬૯-૧૯૪૬); વિદ્વાન, મુત્સદ્દી; ભારત સેવક સમાજના પ્રમુખ, ૧૯૧૫-૨૭.

Gandhi Heritage Portal

ખેંચ્યા વિના નહીં રહે. શાસ્ત્રિયારને જો ઈશ્વર દીર્ઘાયુ આપશે તો તેની કિંમત હિંદુસ્તાનમાં હવે પછી અંકાશે. લોકોને પોતાની ઇચ્છા અનુસાર આકર્ષતી અનેક પ્રકારની પ્રવૃત્તિઓ ચાલ્યા કરે છે. તેથી એક જાતનો ખોટો અસંતોષ પેદા થયો છે. અંતે નિરાશા તો થશે જ. તે વખતે શાસ્ત્રિયાર જેવાનું સ્મરણ થશે, અને તાપથી પીડાતા લોકો એની સોડ શોધશે અને ટાઢક મેળવશે.

મોહનદાસના
વંદે માતરમ્

[મૂળ ગુજરાતી]

महादेवभाईनी डायरी, पुस्तक चोथुं

## ૪૭. અમદાવાદની ગુજરાત સભાનો ઠરાવ[1]

[સપ્ટેમ્બર, ૧૯૧૮]

ગુજરાત સભા, જેના શ્રી ગાંધી પ્રમુખ છે, તેણે અમદાવાદમાં ભરાયેલી પોતાની સામાન્ય સભામાં સર્વાનુમતે પસાર થયેલા એક ઠરાવનો નીચેનો અનુવાદ થોડા દિવસ પહેલાં પ્રસિદ્ધ કર્યો હતો:

આ સભાના અભિપ્રાય પ્રમાણે સ્વરાજ્ય મેળવવાનો સૌથી સહેલો અને સીધો રસ્તો અત્યારની ભયની ઘડીએ યુદ્ધમાં લડવા માટે તથા યુદ્ધ સંબંધી બીજી બાબતો માટે મળી શકે તેટલા માણસો પૂરા પાડીને સામ્રાજ્યને મદદ કરવાનો છે. આ કારણે આ સભા ઠરાવ કરે છે કે તેણે બનતી ઉતાવળે રંગરૂટોની ભરતીનું કામ ઉપાડી લેવું અને તે માટે જરૂરી મંજૂરી મેળવી લેવી. પોતાના જેવી બીજી સંસ્થાઓને પણ આ જ પ્રમાણે કરવાની આ સભા સલાહ આપે છે. ઉપલા ઠરાવનો અમલ થઈ શકે તે માટે જરૂરી તમામ પગલાં લેવા સારુ આ સભા તેના પ્રમુખ અને મંત્રીઓને સત્તા આપે છે.

[મૂળ અંગ્રેજી]

इन्डियन रिव्यू, सप्टेम्बर, १९१८

૧. ઘણું કરીને આ ઠરાવ ગાંધીજીએ ઘડ્યો હતો. તપાસ કરવા છતાં એ ગુજરાતીમાં મળી શક્યો નથી.

Gandhi Heritage Portal

## ૪૮. સી. એફ. ઍન્ડ્રૂઝને પત્ર

સપ્ટેમ્બર ૩, ૧૯૧૮

પ્રિય ચાર્લી,

રોજ મારી તબિયત સુધરતી જાય છે. મારી જરાય ચિંતા કરશો નહીં. જોકે આપણે શરીરથી મળતા નથી છતાં આત્માનું મિલન તો હોય છે જ. હવે મેં થોડું થોડું વાંચવા માંડયું છે. અત્યારે ગુજરાત કૉલેજના પ્રોફેસર આનંદશંકર ધ્રુવના ધર્મ ઉપરના સુંદર નિબંધોનો સંગ્રહ વાંચી રહ્યો છું. તમે એમને મળ્યા તો છો જ. આ નિબંધો શુદ્ધ કાંચન છે. આ પ્રાંતના મોટામાં મોટા સંસ્કૃત વિદ્વાન પૈકીના એ છે. આ નિબંધોથી મને ભારે સુખ મળ્યું છું. આત્માના મિલનનો અર્થ વધારે સારી રીતે સમજવામાં તેણે મને મદદ કરી છે. એ વચન હું આપણે માટે વધારે ઊંડા અને વધારે પૂર્ણ અર્થમાં વાપરું છું.

હું તમને કહી ગયો છું કે કોઈ પણ કારણસર તમને બોલપુર છોડાવવાનું હું ઇચ્છું નહીં. અત્યારે તમારું કામ ત્યાં જ છે, અને બીજે કશે નહીં.

વસાહતી પ્રશ્ન ઉપરની પેલી રદ્દી હિંદી ચોપડીને તમે પ્રસ્તાવના શા માટે લખી આપી? હું હમણાં જ એ ચોપડી ઉપર નજર ફેરવી ગયો અને મને લાગે છે કે તમે એને, જેને માટે એ લાયક નથી, એવું પ્રમાણપત્ર આપ્યું છે. પાર વગરની ભૂલો, ભારોભાર ખુશામત અને જાહેર ખબરો, એ બધાને તો તમે ચલણી બનાવવા ઇચ્છતા નથી ને? હું એ ચોપડી કાળજીપૂર્વક વાંચી જવાનો ઇરાદો રાખું છું અને તેમાંની મોટી મોટી ભૂલો તમારે માટે નોંધી રાખવાનો છું. લેખકે પોતાનું નામ નથી આપ્યું એમાં એનો કાંઈ ગુણ હું જોતો નથી. પોતાને જેઓ જાણે એમ તે ઇચ્છે છે તેમનાથી તો તે અજાણ્યો રહેતો જ નથી. આ પ્રસ્તાવના તમારી ભલમનસાઈ બતાવે છે. તમે હિંદી બની ગયા છો અને લૉર્ડ વિલિંગ્ડને[1] હમણાં જ કહ્યું છે તેમ 'ના' કહેવાની તમારામાં હિંમત નથી. હું તો ખૂબ ઇચ્છું કે આ બાબતમાં તમારો અંગ્રેજી સ્વભાવ જ તમે રહેવા દો અને જ્યાં ખરેખર ના કહેવા જેવું હોય ત્યાં ના જ કહો. હું તો માનું છું કે કેટલીક વાર પ્રેમનો એ અધિકાર છે કે કડક રીતે ના કહેવી. પણ હું ઉપદેશ આપવા માગતો નથી. આવી બાબતમાં તમારે સુધરવું જોઈએ. નહીં તો જેટલા બદમાશો મને મળી આવશે તેમને તમારી પાસે મોકલીશ. પછી તેમની અને ગુરુદેવની સાથે તમારો હિસાબ તમે પતાવજો.

તમને સૌને પ્યાર.

તમારો
**મોહન**

[મૂળ અંગ્રેજી]

મહાદેવ દેસાઈની હસ્તલિખિત ડાયરીમાંથી
શ્રી નારાયણ દેસાઈના સૌજન્યથી
ભાષાંતર : મહાદેવભાઈની ડાયરી, પુસ્તક ચોથું

૧. મુંબઈના ગવર્નર ૧૯૧૩-૮ તથા મદ્રાસના ગવર્નર, ૧૯૧૯-૨૪ અને વાઇસરૉય, ૧૯૩૧-૬.

Gandhi Heritage Portal

## ૪૯. શંકરલાલ બૅંકરને પત્ર

[અમદાવાદ,]
સપ્ટેમ્બર ૭, ૧૯૧૮

અનસૂયાબહેનના[1] કાગળ ઉપરથી હું જોઉં છું કે તમારી તબિયત વિષે મને લખતાં તમે ઘણું છુપાવ્યું છે. એમ કરવાની જરૂર ન હતી. દાક્તરોની દવાનો આધાર રાખીને શરીરની સાથે અણઘટતી છૂટ ન લો એવું ઇચ્છું છું. મારી જિંદગીએ મારા મનમાં એ વસ્તુને વધારે ને વધારે ઠસાવેલી છે. મેં જીભને અર્થે શરીર સાથે ન છાજતી છૂટ લીધી અને તેની યોગ્ય સજા ભોગવી રહ્યો છું. મારી માન્યતા છે કે નવ્વાણું ટકા દર્દોનો એ જ ઇતિહાસ છે. હું કબૂલ કરું છું કે આ શારીરિક સંયમ બહુ કઠણ છે. છતાં પુરુષાર્થ એમાં જ રહ્યો છે. આખી દુનિયાનો પરાજય કરવો એ આપણા શરીરમાં રહેલા શત્રુઓનો પરાજય કરવા કરતાં સહેલું છે. એટલે જે માણસ આ પરાજય કરશે તેને પહેલો તો બહુ સહેલો છે. જે સ્વરાજ મારે, તમારે અને બધાએ મેળવવાનું છે તે ખરેખરું તો આ છે. વધારે શું લખું? બધા લખવાનું તાત્પર્ય તો એટલું જ છે કે તમારે દેશની સેવા કરવી છે તે આ દેહે કરવી છે. તમારી ભાવનાઓ ઊંચી છે. યોગ્ય આત્મિક બળ વિના ઊંચામાં ઊંચી ભાવના નિરર્થક છે.

**મોહનદાસના**
વંદે માતરમ્

[મૂળ ગુજરાતી]
મહાદેવભાઈની ડાયરી, પુસ્તક ચોથું

## ૫૦. પી. સી. રાયને પત્ર[2]

સપ્ટેમ્બર ૯, ૧૯૧૮

દૂધનો પ્રશ્ન મારે માટે તમે જણાવો છો એવો સહેલો નથી. વાછરડાં પ્રત્યેનો સમભાવ મારી માંદગીમાં મને દૂધ લેતો રોકે છે એમ નથી. પણ માંદગીમાં પણ દૂધ અને તેની બનાવટો નહીં લેવાનું મેં ચોક્કસ વ્રત લીધેલું છે અને મને લાગે છે કે જાણી જોઈને અને ઇરાદાપૂર્વક લીધેલું વ્રત તોડવું તેના કરતાં તો મરી જવું એ વધારે સારું છે. અત્યારે જે પરિણામ હું ભોગવી રહ્યો છું તે વ્રત

૧. અનસૂયાબહેન સારાભાઈ, અમદાવાદના એક આગેવાન મિલમાલિક શેઠ અંબાલાલ સારાભાઈનાં બહેન; જ્યારે મિલમાલિકો અને મજૂરો વચ્ચે ઝઘડો પડ્યો ત્યારે તેમણે મજૂરોનો પક્ષ લીધો હતો. જુઓ પુસ્તક ૧૪.

૨. આ પત્ર ડૉ. રાયના પત્રના જવાબમાં લખાયો હતો. ડૉ. રાયે લખ્યું હતું કે દૂધનાં કેટલાંક તત્ત્વો કેસીન, ચરબી, મિલ્ક શુગર, અમુક અમુક કઠોળમાં છે. વધારેમાં વધારે વટાણા અને મસૂરની દાળમાં છે; મહુડાંની મીંજના તેલમાં પણ છે. છતાં દૂધનું સુંદર અવેજી મળવું તો મુશ્કેલ છે. એમ લખ્યા પછી દૂધ આર્થિક કારણસર ન ખાતા હો તો ઘણી ગાયો વાછરડાં માટે જોઈએ તે કરતાં વધારે દૂધ દે છે, એમ લખીને ઔષધાર્થે સુરાપાનમ્ એ સૂત્ર ટાંકે છે અને એક જૂના મિત્ર તરીકે આગ્રહ કરે છે કે દૂધ લો.

Gandhi Heritage Portal

લેતી વખતે મારી સામે હતાં. તે વખતે હું જાણતો હતો કે દૂધનું બીજું કોઈ અવેજી મેળવવું અતિશય મુશ્કેલ છે. તમે જણાવ્યાં છે એમાંનાં કોઈ તેલ તમે એવાં શુદ્ધ કરી શકો છો ખરા, જેથી તે વધારે સુપાચ્ય બને? તમે જાણો છો કે અમેરિકાના રસાયણશાસ્ત્રીઓએ કપાસિયાના તેલને એવું કર્યું છે. કપાસિયાનું તેલ વિશુદ્ધ કર્યા વિના ખાઈ શકાય એવું નથી. પણ હવે લોકો બેધડક તે ખાય છે. હું એમ કહેવા નથી માગતો કે હું માગું છું એટલે દરજ્જે તેને તેઓ વિશુદ્ધ કરી શક્યા છે. પણ એ તો પ્રમાણનો સવાલ છે.

મો. ક. ગાંધી

[મૂળ અંગ્રેજી]

મહાદેવ દેસાઈની હસ્તલિખિત ડાયરીમાંથી

શ્રી નારાયણ દેસાઈના સૌજન્યથી

ભાષાંતર : મહાદેવભાઈની ડાયરી, પુસ્તક ચોથું

## ૫૧. રણછોડલાલ પટવારીને[૧] પત્ર

સત્યાગ્રહ આશ્રમ,

સોમવાર, ગણેશચતુર્થી [સપ્ટેમ્બર ૯, ૧૯૧૮]

મુરબ્બી રણછોડભાઈ,

આપનો પત્ર મળ્યો. મારી તબિયત સારી થતી જાય છે. પણ અશક્તિ ઘણી છે. તેથી ખાટલાવશ રહેવું પડે છે. ચિંતા કરવાનું કાંઈ કારણ નથી. તબિયત બરોબર પાટે ચઢી ગઈ હતી ત્યાં વળી વચમાં તાવ આવી ગયો એટલે નબળાઈ વધી. હવે તાવ મુદ્દલ નથી. મારા દર્દની મને શરમ થાય છે. હું એમ માનતો હતો કે મને મરડા જેવું દર્દ તો થાય જ નહીં. દર્દનું કારણ હું જ છું, જોકે મારી તબિયત સરસ રહેતી હતી છતાં મારી ચામડી બહુ કોમળ થઈ ગઈ હતી. આટલા વખત થયાં જેના વિના મને ચાલતું હતું છતાં જેટલી કઠણાઈ મારા પગમાં આવવી જોઈએ તેટલી નહોતી આવતી, ડૉક્ટર મિત્રો તો મને હમેશાં કહ્યા કરતા કે મારે હમેશાં મીઠું લેવું જોઈએ. કદાચ ફ્રાંસ અથવા મેસોપોટેમિયા જવું પડે તો ચામડી જરા કઠણ થાય તો સારું એવા વિચારથી મીઠાનો પ્રયોગ શરૂ કર્યો. તેથી ઝાડા શરૂ થયા. મારે ચેતી જવું જોઈતું હતું કે ખાવું ન જોઈએ છતાં અર્ધ ઉપવાસ જ કર્યો. તેને પરિણામે અતિશય સખત મરડો થયો. મરડાના દર્દમાં ખાવું એ તો ઝેર સમાન છે છતાં ખાધું, આમ સંયમના ભંગથી મારે સજા ભોગવવી પડી છે.

વરસાદની ખામીને લીધે ખરેખર પ્રજાને ભારે દુઃખ ભોગવવું પડશે. આ તરફ તો કંઈક પણ વરસાદ પડયો છે. કાઠિયાવાડના ખબરો આવતા જતા માણસોને પૂછયા કરું છું, તેમ જ છાપામાં પણ જોઉં છું. તે ઉપરથી પણ માલૂમ પડે છે કે ત્યાં તો અહીંના કરતાં પણ કફોડી દશા છે.

ત્યાંનું કામ છોડીને ન આવી શકાય તે હું બરોબર સમજી શકું છું. અંત્યજ બાબતનો લેખ પતાકા શોધીને વાંચી જઈશ. હું વિરુદ્ધ પક્ષ પૂરેપૂરો સમજવા ઇચ્છું છું, અને જો તેમાં હું

૧. ગાંધીજીના આજીવન મિત્ર; પશ્ચિમ હિંદનાં દેશી રાજ્યોના દીવાન.

Gandhi Heritage Portal

ધર્મ જોઉં તો મારો મત છોડતાં એક ક્ષણવાર પણ થોભું નહીં. જેટલી દલીલો આજ સુધી મેં જોઈ છે, તે બધી રૂઢિ ધર્મ ઉપર રચાયેલી છે, શુદ્ધ ધર્મને આધારે થયેલી એક પણ દલીલ મેં હજુ સુધી સાંભળી નથી. અંત્યજનો સવાલ મેં તો કેવળ ધાર્મિક વૃત્તિથી ઉપાડેલો છે. રાજ્ય-પ્રકરણી વિષય સાથે તેને કશો સંબંધ નથી. રાજ્યપ્રકરણી પરિણામ અવશ્ય આવે છે, પણ તેની ઉપર મેં દૃષ્ટિ રાખી જ નથી. હું એટલું પણ ઉમેરવા ઇચ્છું છું કે રૂઢિ ધર્મને જરાયે માન ન મળવું જોઈએ એવું કહેવાનો મારો આશય નથી. શુદ્ધ ધર્મ અચલિત છે, રૂઢિધર્મ કાળે કરીને થઈ શકે છે. મનુસ્મૃતિમાં કહેલાં કેટલાંક વચનો પ્રમાણે અત્યારે આપણે ચાલીએ તો કેવળ અનીતિ થાય. એવાં વચનોનો આપણે ચૂપકીથી ત્યાગ જ કરી દીધો છે.

મોહનદાસના પ્રણામ

[મૂળ ગુજરાતી]

પત્ર પરથી : સી. ડબ્લ્યુ. ૨૭૭૩
શ્રી પટવારીના સૌજન્યથી

## ૫૨. દેવદાસ ગાંધીને લખેલા પત્રનો અંશ

[અમદાવાદ,]
સપ્ટેમ્બર ૯, ૧૯૧૮

તમે તો જાણો છો કે હું હમેશાં નબળાં માણસોને સારુ કઠોળની વિરુદ્ધ છું. મારી પોતાની તેલની બીક પણ તમે જાણો છો. બધા ડૉક્ટરોએ મગ અને મગનું પાણી લેવાનું સૂચવ્યું, તેલનું પણ સૂચવ્યું, દૂધના વ્રતને લીધે પડેલા શરીરને બાંધવું એ કંઈ પણ ચરબી વિના અને જેને 'પ્રોટીન' કહે છે તે વિના મુશ્કેલ છે. દૂધનું 'પ્રોટીન' અને તેમાં રહેલી ચરબી લોહીમાં તુરત ભળી જઈ શકે છે. તેલોની ચરબીનું એમ નથી. દરેક કઠોળમાં પ્રોટીન રહેલું છે. પણ કઠોળનું પ્રોટીન તો ન જ પચે. છતાં ઉપર પ્રમાણે[૧] બંને લેવાયાં. મને લાગે છે કે એ ભૂલ થઈ. દૂધની અવેજી શોધતાં આવી ભૂલો થયા જ કરશે. કોઈ પણ તેલ લીધા વિના તો ચાલવાનું જ નથી. એનું પ્રમાણ મળવું જોઈશે. એ શોધતાં ભૂલો તો થશે જ. અને કોઈ કોઈ વાર પાછા પડવું પડશે જ.

[મૂળ ગુજરાતી]

महादेवभाईनी डायरी, पुस्तक चोथुं

૧. ધારવા પ્રમાણે આ પત્રનો જે ભાગ અહીં મૂળમાં ઉતાર્યો નથી તેમાં આનો ઉલ્લેખ આવતો હશે. મહાદેવ દેસાઈ લખે છે કે એમાં ભૂલથી લીધેલા અયોગ્ય ખોરાકને લીધે થયેલા દરદનું વર્ણન છે.

Gandhi Heritage Portal

# ૫૩. હરિલાલ ગાંધીને પત્ર

સપ્ટેમ્બર ૯, ૧૯૧૮

રાંધવામાં વખત જાય એ તો છે જ. પણ હું માનું છું કે એ વખત નકામો નથી જતો. અને એ વખતમાં કાંઈક ભારે કાર્ય થઈ શકે એ પણ સાધારણ રીતે ખરી વાત નથી. રાંધવામાં જેટલો વખત જાય છે તેના કરતાં વિશેષ વખત નકામો સેંકડે પંચાણું ટકા માણસ હમેશાં ગાળે છે. સેંકડે પંચાણું ટકા તો હું ઉદારતાથી ગણતરી કરું છું, તેથી કહું છું. અને સ્વયંપાક કરનાર માણસ પોતાને ઘણું કામ હોય છે ત્યારે એવા ઝપાટાથી રાંધી લે છે કે એ તમને તો આશ્ચર્યવત્ લાગશે. મારો જ દાખલો હું આપું તો હું વિલાયતમાં મારો અત્યંત અભ્યાસી વખત હતો ત્યારે રાંધવામાં સવારસાંજ અડધા કલાકથી વધારે વખત નહોતો ગાળતો. સવારના પોરિજ રાંધતો. તેમાં બરાબર વીસ મિનિટ જતી અને સાંજે જો રાંધું તો સૂપ બનાવું. એને તો હલાવવો નહીં પડે એટલે સૂપનો સામાન તૈયાર કરતાં જે વખત જાય એ જ વખત જતો. સૂપ ચૂલા ઉપર મૂક્યા પછી હું તેની પાસે બેઠો રહેતો અને વાંચતો. કાશીથી કોઈ કોઈ વિદ્યાર્થીઓ મારી પાસે આવે છે. એ બધાને હું પૂછું છું કે તેઓ શું કરે છે. બ્રાહ્મણો ઘણાખરા સ્વયંપાક જ કરે છે. એક માણસે એમ કહ્યું, કે એ ખીચડી પકાવે અને તેની સાથે દૂધ અને અથાણું ખાય. તે ખાતો હોય તે સમયે ભાખરી પાકતી હોય. તે ભાખરી અને દૂધ સાંજે ખાય. આમાં એ બધો થઈને પોણો કલાક ગાળતો. આ તો મેં બહું અંતિમનો દાખલો આપ્યો છે. એટલો સંકોચ તમે ભોગવો એમ હું નથી ઇચ્છતો, પણ દૃષ્ટાંત આપું છું કે સ્વયંપાકમાં ઘણો ઓછો વખત લઈને પણ ચલાવી શકાય. પેલા વિદ્યાર્થીનું શરીર નીરોગી અને હૃષ્ટપુષ્ટ હતું, કારણ કે ખીચડી, દૂધ કે દહીં અને અથાણામાં શરીરને જોઈતું બધું પોષણ આવી ગયું. જેને સરસ દૂધ અથવા દહીં મળે તેને બીજા પદાર્થોની ઘણી ઓછી દરકાર રહે. તમે સદાયે સ્વયંપાક કરો એવું મારું લખાણ છે એમ ન ધારી લેશો. પણ પ્રસંગ આવ્યે રાંધી લેતાં તમે જરાયે ન આંચકો ખાઓ અને તેમાં આટલો વખત નકામો ગયો એમ માનીને નકામા નિસાસા ન નાખો એટલા સારુ ઉપર પ્રમાણે લખ્યું છે. બાકી તો તમે સ્થિતિએ આવો અને ચંચીને[1] બોલાવી લો અને હદમાં રહીને યોગ્ય સ્વાદો કરો અને ભોગ ભોગવો, તેમાં મારે કાંઈ કહેવા જેવું ન હોય. માત્ર જે ભૂલ થઈ ગઈ તે હવે કોઈ કાળે ન થાય. એકાએક પૈસાદાર થવાનો લોભ ન કરો તે ઇચ્છું છું.

સોરાબજીનું મૃત્યુ સંભારો, ડૉ. જીવરાજ મરણપથારીએ છે એનું સ્મરણ કરો, સર રતન તાતા[2] ગુજરી ગયા એ વિચારો. જ્યાં દેહની આટલી બધી ક્ષણિકતા છે ત્યાં ઉત્પાત શા કરવા? પૈસાની પાછળ દોડાદોડી શી કરવી? સાધારણ પણ દૃઢ પ્રયાસથી જેટલું દ્રવ્ય એકઠું કરી શકાય તેટલું કરો, પણ તમારા મનની સાથે એટલો નિશ્ચય કરો કે દ્રવ્ય મેળવતાં સત્યનો માર્ગ નહીં છોડો. જે નિશ્ચય તમારાથી થઈ શકે એ નિશ્ચય કરી દ્રવ્યોપાર્જન સુખેથી કરો.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

મહાદેવભાઈની ડાયરી, પુસ્તક ચોથું

૧. ચંચળબહેન ગાંધી, ગાંધીજીના સૌથી મોટા પુત્ર હરિલાલનાં પત્ની.
૨. ૧૮૭૧-૧૯૧૮; પારસી દાનવીર.

Gandhi Heritage Portal

## ૫૪. સરોજિની નાયડુને[1] પત્ર

સપ્ટેમ્બર ૨૦, ૧૯૧૮

પ્રિય બહેન,

તમે મને જે સવાલો પૂછયા છે તે ઉપરથી જણાય છે કે મારી શરમ, એટલે કે મારી માંદગી વિષે તમે જાણો છો. મારી તબિયત સુધરતી જાય છે. પણ વરંડા ઉપર થોડી મિનિટ આંટા મારી શકું તે ઉપરાંત વધુ ચાલવાની શક્તિ મારામાં આવી નથી. તમારી સાથે પૂર્ણિયા આવવાની મને ઘણીયે ઇચ્છા થાય છે કારણ ત્યાંના લોકો મારી હાજરી ઇચ્છે છે. પણ તેમ કરવું મારે માટે અશક્ય છે. છતાં હું આશા રાખું છું કે ત્યાં તમે સીધાં ચાલશો અને તમારું ભાષણ[2] હિંદી અથવા ઉર્દૂ—રાષ્ટ્રભાષાને જે નામ આપવું હોય તે આપો—તેમાં આપશો. તમારા દૃષ્ટાંતથી ત્યાંના જુવાન માણસો માતૃભાષા ખીલવવાનું શીખશે. કારણ તેમને માટે હિંદી અથવા ઉર્દૂ કેવળ રાષ્ટ્રભાષા જ નથી, એ તો એમની માતૃભાષા છે. એક લીટી જરૂર લખશો.

તમારો

[મૂળ અંગ્રેજી]

મહાદેવ દેસાઈની હસ્તલિખિત ડાયરીમાંથી

શ્રી નારાયણ દેસાઈના સૌજન્યથી

ભાષાંતર : મહાદેવભાઈની ડાયરી, પુસ્તક ચોથું

## ૫૫. પુંડલીકને પત્ર

સત્યાગ્રહ આશ્રમ,

સાબરમતી,

ભાદરવા સુદ પૂનમ, ૨૦–૯–૧૯૧૮

ભાઈશ્રી પુંડલીક,

તમારા બધા પત્રો હું ધ્યાનપૂર્વક વાંચું છું. તમારા બધા જવાબો ઘણા સારા છે. સત્યનો પ્રભાવ જ એવો છે. સુપરિન્ટેન્ડેન્ટનું અપમાન સહન કરવામાં જે શૌર્ય રહેલું છે તે અપમાન સામે અપમાન કરવામાં રહેલું નથી; સુપરિન્ટેન્ડેન્ટને તમારી સહનશીલતાથી જેટલું સહન કરવું પડશે તેનો સોમો ભાગ પણ તમારા અપમાનથી નહીં સહન કરવું પડે. તે તો ઇચ્છે જ છે કે તમે આવેશમાં આવીને કંઈક અયોગ્ય શબ્દો બોલી નાખો. હવે તમારા પ્રશ્નોના ઉત્તર આપું છું.

૧. પાઠશાળા અથવા ભીતિહરવા છોડવાની સરકાર તરફથી લેખિત નોટિસ મળે તો પાઠશાળા કે ભીતિહરવા છોડીને મને તાર કરવો.

૧. ૧૮૭૯–૧૯૪૯; કવયિત્રી, કોંગ્રેસી નેતા અને ગાંધીજીનાં નિકટનાં સાથી.

૨. બિહાર વિદ્યાર્થી પરિષદના પ્રમુખ તરીકેનું.

Gandhi Heritage Portal

૨. સુપરિન્ટેન્ડેન્ટ જે કંઈ પ્રશ્નો પૂછે તેના ઉત્તર જેવા આપો છો તેવા આપતા રહેવું. પૂરેપૂરું સત્ય કહેવું. હું જે કંઈ લખું છું તે બધું તેને કહેવામાં કંઈ નુકસાન નથી.

તમારી સત્યપરાયણતા વિષે મને પૂરો વિશ્વાસ છે.

તમારો
**મોહનદાસ ગાંધી**

[મૂળ હિંદી]

ગાંધીજીની સહીવાળા હસ્તલિખિત મૂળ પત્રની છબી પરથી : જી. એન. ૫૨૧૭

## ૫૬. ડૉ. પ્રાણજીવન મહેતાને તાર

સપ્ટેમ્બર ૨૧, ૧૯૧૮

હું ધારું છું કે લેખ પ્રગટ[1] કરવો નહીં. પણ પ્રગટ કરવો જ હોય તો ગુજરાતની વિશેષ યોગ્યતાવાળો ભાગ કાઢી નાખો. કાગળમાં વધારે લખું છું.

[મૂળ અંગ્રેજી]

મહાદેવ દેસાઈની હસ્તલિખિત ડાયરીમાંથી
શ્રી નારાયણ દેસાઈના સૌજન્યથી
ભાષાંતર : મહાદેવભાઈની ડાયરી, પુસ્તક ચોથું

## ૫૭. ડૉ. પ્રાણજીવન મહેતાને પત્ર

[અમદાવાદ,]
સપ્ટેમ્બર ૨૧, ૧૯૧૮

તમારું લખાણ ધ્યાનપૂર્વક વાંચી ગયો. ગઈ કાલે એક તાર કર્યો, આજે બીજો કર્યો છે. વિચાર[2] સરસ છે, પણ અત્યારના વાતાવરણમાં તેનો અમલ થવાનો જરાયે સંભવ નથી. બીજા કોઈ પણ પ્રાંતો આ વાતને ટેકો આપે તેમ નથી. તમને ખબર હશે કે બંગાળ એ વિષે ખૂબ પ્રયત્ન કરી રહ્યું છે. તેનો તો છૂપો પ્રયત્ન પણ છે કે પોતાને પ્રથમ પૂરું સ્વરાજ મળે. ગુજરાતને જ પહેલું સ્વરાજ્ય મળે એવો પ્રયત્ન કરવા ગુજરાતમાં કોણ તૈયાર નહીં થાય? તમારી સૂચના કંઈક જુદા સ્વરૂપમાં શર્માએ વડી ધારાસભામાં[3] કરી હતી. તેને, હું કબૂલ કરું છું કે બહુ અયોગ્ય રીતે, બધા સભ્યોએ હસી કાઢી. મૉન્ટેગ્યુએ તેને વજન આપ્યું છે, પણ એમ સૂચવ્યું

૧. જુઓ આ પછીનો લેખ.

૨. મૉન્ટેગ્યુના એક ભાષણથી પ્રેરાઈને ડૉ. પ્રાણજીવન મહેતાએ ગુજરાતને સ્વરાજ આપવા બાબત એક વિસ્તૃત લેખ લખ્યો હતો.

૩. ફેબ્રુઆરી ૬, ૧૯૧૮ને રોજ બી. એન. શર્માએ વડી ધારાસભામાં એક ઠરાવ રજૂ કર્યો હતો. એમાં એમણે ભાષાના સિદ્ધાન્ત પર પ્રાંતોની નવરચના કરવાની ભલામણ કરી હતી. ઠરાવ મોટી બહુમતીથી ઊડી ગયો હતો. જુઓ : इन्डिया इन १९१७–१८, પા. ૧૬૩.

Gandhi Heritage Portal

છે કે એવો મહત્ત્વનો ફેરફાર કરવો એ અત્યારે બ્રિટિશ અમલદારોનું કામ નથી, પણ હવે પછીની નવી થનારી કાઉન્સિલો તેનો વિચાર કરી શકે છે. આટલું તો તમારી સૂચના વિષે.

ગુજરાતની શ્રેષ્ઠતા વિષે તમે જે દલીલો કરેલી છે એ તો ક્લેશ જ ઉત્પન્ન કરે. અત્યારે એ તકરારી વાત ગણાય. મહારાષ્ટ્ર આપણા કરતાં વધારે પુરાવો સ્વરાજને સારુ રજૂ કરી શકશે. મદ્રાસ કહેશે કે અમે તો પશ્ચિમના ધોરણથી ભીંજાઈ ગયા છીએ, એટલે અમારા જેવું તો કોઈ જ લાયક નહીં હોય. ગુજરાત બહુ પાછળ પડતો દેશ છે એમ સાધારણ રીતે ગણી કાઢવામાં આવે છે; અને જે દલીલો તમે આપણા પક્ષમાં વાપરો છો તે આપણી સામે વપરાશે. આ બધી વિરોધી વાતોથી થાકી જવાનું પણ કારણ નથી. પણ સ્વરાજની આ પ્રવૃત્તિ આવા વાતાવરણમાં શરૂ કરવી કે નહીં તેની યોગ્યતાનો ખ્યાલ કરવો આવશ્યક છે. આટલું વિચારીને જે લખવું ઘટે તે લખશો. તેનો અમલ કરવા હું તૈયાર છું.

મોહનદાસના
વંદે માતરમ્

[મૂળ ગુજરાતી]
મહાદેવભાઈની ડાયરી, પુસ્તક ચોથું

## ૫૮. પિલ્ગ્રિમ્સ પ્રોગ્રેસ વિષે ભાષણ

સપ્ટેમ્બર ૨૧, ૧૯૧૮

જુઓ ભાઈ, આનો કર્તા કોણ? જૉન બનિયન. એ કોણ હતો તે તમને ખબર છે? આપણા પ્રહ્‌લાદજીના જેવો ટેકીલો, સત્યની ખાતર પ્રહ્‌લાદજીએ જેમ સંકટ વેઠેલાં તેમ એ સત્યની ખાતર જેલમાં રહેલો અને આપણા ટિળક મહારાજે જેમ ગીતારહસ્ય જેલમાં રહીને લખ્યું તેમ એમણે જેલમાં લખી આ યાત્રાળુની મુસાફરી. મુસાફરી કહો, ચડતી કહો, ઉન્નતિ કહો, એ લખી.

ગીતા ઉપર ભાષ્યો છે તેમ પિલ્ગ્રિમ્સ પ્રોગ્રેસ એ બાઈબલ ઉપર એક ભાષ્ય છે. બાઈબલ ઉપર ભાષ્ય પણ ન કહેવાય. બાઈબલના સુંદરમાં સુંદર ભાગનું વિવેચન છે. અંગ્રેજીમાં તો એ ભારેમાં ભારે વસ્તુ ગણાય છે, લગભગ બાઈબલની સાથે એ મુકાય છે. અને બનિયને એને એવી તો સરળ, સુંદર ભાષામાં બાળકોને માટે મૂક્યું છે કે જ્યાં જ્યાં અંગ્રેજી ભાષા બોલાય છે ત્યાં ત્યાં બાળકો માટે એ અદ્‌ભુત પુસ્તક ગણાય છે. એના કરતાંયે પુસ્તકના ઉપોદ્‌ઘાતમાં, તુલસીદાસજીએ જેમ રામાયણને વિષે કહ્યું છે તેમ, એ પુસ્તકને વિષે કહ્યું છે કે એને સૌ કોઈ ભવિષ્યમાં વાંચશે. અને છે પણ રામાયણના જેવું. તુલસી રામાયણમાં બાળકો રસના ઘૂંટડા પીએ છે અને ઘણા મોટા મોટાઓ ગોથાં ખાય છે, તેમ આ પુસ્તકમાં પણ બાળકોને અતિશય રસ આવે એમ છે. પણ હવે તો એ પુસ્તક આપણે વાંચીશું.

જુઓ "ભવાટવીમાં હું ભટકતાં ભટકતાં" એમ કહ્યું છે. આપણે ત્યાં પણ સંસારને ઘોર અરણ્યરૂપ કહ્યો છે, તેમ એણે પણ જગતને અરણ્ય કહ્યું છે. એવી ભવાટવીમાં થાકયોપાકયો હું એક ઘોર ગુફામાં આવી પડયો હતો એમ કહે છે. થાકયોપાકયો તે શારીરિક શ્રમ જ નહીં, પણ આત્માનો થાક પણ એને લાગેલો. અનેક વિચારો કરેલા, અનેક ઠેકાણેથી અનેક વસ્તુઓ જાણેલી સાંભળેલી, પણ કાંઈ તત્ત્વ જાણવાનું નહીં મળેલું. એટલે બિચારાનો આત્મા થાકીપાકીને

Gandhi Heritage Portal

મૂંઝાઈ રહેલો એટલે થાકથી સૂઈ ગયો. સૂઈ ગયો અને સ્વપ્નું જોયું. સ્વપ્નામાં એણે કોને દીઠો? કોને દીઠો રૂખી, ખબર છે કે? એક ફાટાંતૂટાં કપડાં પહેરેલા માણસને. વારુ, છોકરાંઓ, કહો જોઈએ, સુદામા શ્રીકૃષ્ણને ત્યાં ગયા ત્યારે કેવો પોશાક પહેરીને ગયેલા? રેશમી કોરની ધોતી ને જરીના જામા ને ખાસી બેશ દક્ષિણી પાઘડી અને કસબી ઉપરણાં પહેરેલાં કે? નહીં, ફાટાંતૂટાં કપડાં પહેરેલાં, તેમ આણે પણ ચીંથરાં પહેરેલાં. કેમ, રૂખી ખબર છે, સુદામાએ શું પહેરેલું? તને તો ખબર નહીં હોય, પણ મને તો ખબર છે, કારણ હું તો સુદામાના ગામ પોરબંદરમાં જન્મેલો છું. વારુ, સુદામાનું મોં કઈ બાજુએ હતું? એમના ઘર તરફ હતું કે? ભાઈ, એ તો ઘર છોડીને પ્રભુને ત્યાં જતો હતો, તેમ આપણો મુસાફર પણ ઘર તરફથી મોં ફેરવીને બીજે કોઈ પંથે ચડેલો હતો. અને વળી, એના ખભા પર શું હતું? રૂખી, આપણે કોચરબમાં હતાં ત્યારે પાંચ મણનો કોથળો લઈને પેલો મજૂર આવતો, તેવો કોથળો એના ખભા ઉપર હતો. પરસેવે એ રેબઝેબ થઈ રહેલો, અને એવો તો વળી ગયેલો કે હું એને કેવી રીતે કહી શકું કે તું ટટ્ટાર ઊભો રહે? આ માણસના હાથમાં હતું એક પુસ્તક. એ પુસ્તક બીજું કોઈ નહીં પણ બાઇબલ જ. વાંચીને એને આંસુ ટપકતાં હતાં. ગોપીચંદની વાત ખબર છે કે? પોતે નહાવા બેઠેલા હતા ત્યાં ઉપરથી એની માતા એને જોઈ રહ્યાં હતાં અને તેમની આંખમાંથી તેમના ઉપર આંસુ ટપકતાં હતાં. વાદળાં તો કાંઈ હતાં નહીં, છતાં વરસાદ ક્યાંથી પડતો હતો? ગોપીચંદે જોયું કે વરસાદ તો પોતાની માતાની આંખમાંથી પડતો હતો. પણ એ કેમ રડતાં હતાં એ તો વળી અગાઉ કોઈ વાર સમજાવીશ. પણ આ ભાઈને પણ આંસુ ટપકતાં હતાં. પ્રભુને ઘેર જવા નીકળ્યો છે, આ તો ભક્તરાજ છે, એટલે એની આંખમાંથી આંસુ વહી રહ્યાં હતાં.

[મૂળ ગુજરાતી]

મહાદેવભાઈની ડાયરી, પુસ્તક ચોથું

## ૫૯. શ્વેબ કુરેશીને પત્ર

સપ્ટેમ્બર ૨૪, ૧૯૧૮

હું ઇચ્છું છું કે મારા કાંડામાં અને આંગળાંમાં પૂરતું બળ હોય કે હું તમને મારા હસ્તાક્ષર મોકલી શકું. પણ અત્યારે તો મિત્રના કાંડા અને આંગળાંની મદદ લઈને મારે સંતોષ માનવો પડે છે. અલીભાઈઓના કેસની તપાસ કરવા માટેની કમિટી બાબત તો તમે બધું જાણો છો. આપણે ગોકળગાયના વેગે ચાલીએ છીએ. આપણી ગતિ આગળ છે કે પાછળ તે હું જાણતો નથી. સત્યાગ્રહીને માટે તો બધી ગતિઓ આગળ લઈ જનારી હોય છે. સરકારનો ઈરાદો સારો હશે તો તો આપણે બધાને માટે સારું જ છે. જો તેની દાનત ખરાબ હશે તો કાર્યકારણના અચૂક કાયદા પ્રમાણે તેના ઉપર તેનો પ્રત્યાઘાત થવાનો છે. અને તેને તેથી નુકસાન થવાનું છે, આપણને નહીં. શરત એક જ છે કે આપણે પણ તેના જેવા જ ન થઈએ. મોટે ભાગે આપણે ભૂંડાની સાથે ભૂંડા થઈએ છીએ, તેથી અનિષ્ટ નીંદામણની માફક વધ્યા જ કરે છે. આપણે માટે અસલ કાયદો તો “અનિષ્ટનો વિરોધ અનિષ્ટથી ન કરો” એ છે. આ દુનિયામાં આપણે બે વૃત્તિઓ લઈને આવીએ છીએ. એક પશુની અને બીજી મનુષ્યની અથવા આસુરી અને



Gandhi Heritage Portal

દૈવી. દૈવી વૃત્તિએ આસુરી વૃત્તિ ઉપર સતત વિજય મેળવવાનો છે. પણ હું આ બીજી વાત ઉપર ઊતરી ગયો. જોકે મારે માટે તો એ વિનોદ છે, પણ અત્યારે હું તેમાં ઊતરવા ઇચ્છતો નથી. અત્યારે આપણી સામે જે કામ છે તેની જ વાત કરીએ તો હું તમને જણાવું કે ઘાટેની મારફત અલીભાઈઓ સાથે હું બહુ ગાઢા સંસર્ગમાં રહું છું.

મો. ક. ગાંધી

[મૂળ અંગ્રેજી]

મહાદેવ દેસાઈની હસ્તલિખિત ડાયરીમાંથી

શ્રી નારાયણ દેસાઈના સૌજન્યથી

ભાષાંતર : મહાદેવભાઈની ડાયરી, પુસ્તક ચોથું

## ૬૦. નાનુભાઈને પત્ર

[અમદાવાદ,]
સપ્ટેમ્બર ૨૪, ૧૯૧૮

લડાઈમાં જવાનું કેવળ બંધ જ રહ્યું છે એટલે સુધી માનવાનું કારણ નથી. પણ નિશાનીઓ બંધ રહેશે એવી જોયા કરું છું. લડાઈમાં જવાથી જ વીરત્વ આવે છે એમ માનવાનું કારણ નથી. લડાઈની બહાર રહીને પણ તે બળ આપણે કેળવી શકીએ છીએ. લડાઈ એ ઘણાં સાધનોમાંનું એક બળવાન સાધન છે. પણ જેવું એ બળવાન છે તેવું દોષિત પણ છે. નિર્દોષ રીતે આપણે વીર બની શકીએ છીએ. શરીર સાથે જે યુદ્ધ થઈ રહ્યું છે તેમાંથી આત્માને અનાત્મા સાથે જે યુદ્ધ કરવાનું છે તે કરવાની શક્તિ આપણે પ્રાપ્ત કરી શકીએ તો તેમાંથી વીરતા આવે છે.

મોહનદાસના
વંદે માતરમ્

[મૂળ ગુજરાતી]

મહાદેવભાઈની ડાયરી, પુસ્તક ચોથું

Gandhi Heritage Portal

## ૬૧. કલ્યાણજી મહેતાને પત્ર

આશ્રમ,
ભાદ્રપદ, કૃષ્ણપક્ષ ૪ [સપ્ટેમ્બર] ૨૪ [૧૯૧૮]

ભાઈશ્રી, ૫ કલ્યાણજી,[1]

મેં તો મારા સ્વભાવ પ્રમાણે કહી દીધું કે તમારી ધર્મપત્નીને તમે સુખેથી મોકલી દેજો, ઓસરીમાં પડયાં રહેશે. પણ હું જોઉં છું કે એ વાત બીજા કોઈને આશ્રમમાં પસંદ પડે એમ નથી. બૈરાંઓને અસહ્ય લાગે છે, કાંઈક પણ એકાંત તેઓને સારુ હોવી જ જોઈએ એમ બધા માને છે, અને તે જ્યાં સુધી તમારી વહુને ન આપી શકાય ત્યાં સુધી તેમનું આવવું એ બીજાં બૈરાંઓને ખૂબ દુઃખદ થઈ પડે. હવે હું વિચાર કરી રહ્યો છું કે કેમ કાંઈક એકાંત કાઢી શકું. એવું કાંઈક મળે ત્યાં સુધી તમારે રાહ જોવી એ જ ઠીક લાગે છે.

મોહનદાસ ગાંધીના
વંદે માતરમ્

[મૂળ ગુજરાતી]
પત્રની છબી પરથી : જી. એન. ૨૬૬૭

## ૬૨. આશ્રમમાં જન્મદિવસના અભિનંદનનો જવાબ

ઑક્ટોબર ૧, ૧૯૧૮[2]

તમે બધાંએ આજે સવારે અહીં આવીને મારા ઉપર જે પ્રેમ બતાવ્યો છે તેને હું લાયક છું? મને લાગે છે કે હું લાયક નથી. હું સાધારણ રીતે બહાર પણ વિવેકના શબ્દો નથી બોલતો અને આશ્રમમાં તો જરૂર ન બોલું. એટલે મારા આ શબ્દો વિવેકના નથી. પણ મને મારા અંતરમાં એમ જ લાગે છે કે તમે મારા ઉપર અગાધ પ્રેમ બતાવો છો તેને હું પાત્ર નથી. જેણે સેવાધર્મ સ્વીકાર્યો છે તેની પાસેથી તો બહુ જ આશા રાખી શકાય. મેં જે કાંઈ કર્યું છે તે તો તેને હિસાબે કંઈ નથી. તમે સૌએ પણ સેવાધર્મ સ્વીકાર્યો છે. તમને સૌને કહું છું કે તમારી ભક્તિ સંઘરી રાખજો. માણસના મરી ગયા પહેલાં તે ભક્તિ પ્રગટ કરવી ઠીક નથી. કારણ તેના મરણ પહેલાં, તેનું કાર્ય પૂરેપૂરું જોયા વિના આપણે તેના કામની કિંમત શી રીતે આંકી શકીએ? અને મરણ પછી પણ કિંમત આંકતાં વાર લાગે છે. માટે માણસના મરણ પહેલાં તેની જયંતીઓ ઊજવવી તે નકામું છે.

૧. કલ્યાણજી વિઠ્ઠલભાઈ મહેતા, સુરત જિલ્લાના એક કૉંગ્રેસી નેતા.
૨. દેશી પંચાંગ પ્રમાણે જન્મદિવસ આ તારીખે હતો.

Gandhi Heritage Portal

તમને હું બીજું તા શું કહું? આજે સવારે ચાર વાગ્યા પહેલાં હું વિચાર કરતો હતો. સુરેન્દ્રએ[1] મને એક સવાલ પૂછ્યો હતો કે તમે મારી પાસે વધારેમાં વધારે શી આશા રાખો છો? દેવદાસ પાસેથી શી રાખો છો? છોટેલાલ[2] પાસેથી શી રાખો છો? તમારી દરેકની પાસે શી આશા રાખું છું તે કહેવાને બદલે તમારા બધા પાસેથી હું જે એક આશા રાખું છું તે કહું. તે એ કે આપણું પહેલું અને છેલ્લું વ્રત જે સત્યવ્રત તે તમે બરોબર પાળો. જેમાં આપણે મોક્ષ માન્યો છે તે બરોબર કર્યા કરવું જોઈએ. તમે એ પ્રમાણે કામ કરી આશ્રમના જે ઉદ્દેશો ધાર્યા છે તે બને તેટલા પાર પાડી આશ્રમને દીપાવો. તમારા કામના અને ચારિત્રના સરવાળા ઉપરથી આશ્રમની કિંમત થશે. આશ્રમ હિંદુસ્તાનની સેવા માટે સ્થાપ્યો છે. હિંદુસ્તાનની સેવા મારફત આત્માની સેવા. આપણા ઘણા ટીકાકારો પણ છે. ટીકાકારો તો હોય જ પરંતુ આપણું પહેલું અને છેલ્લું વ્રત સત્ય આપણે પાળતા હઈશું તો આપણે તે ટીકાઓથી ડરવાનું નથી. આપણે દંભ કરતા હઈશું, પાખંડ કરતા હઈશું તો જુદી વાત છે. પણ આપણું ધ્યેય તો એ જ છે એમાં શંકા નહીં હોય. આશ્રમ એ આપણા સૌના ચારિત્ર્યનો સરવાળો છે. એટલે દરેકનું ચારિત્ર્ય એટલું વધે કે આશ્રમનો કુલ સરવાળો મોટો થાય એમ ઇચ્છું છું. હું આ વ્રત કેટલે અંશે પાળું છું અથવા પાળી શકું છું તે હું વારંવાર તપાસ્યા કરું છું અને મને મારામાં ઘણી ત્રુટિઓ લાગે છે. હું આ જન્મમાં તે ત્રુટિઓ કાઢી નાખી શકીશ કે નહીં તે મને ખબર નથી. તમારામાં અને આશ્રમમાં જે ત્રુટિઓ છે તે મારે લીધે જ આવેલી છે. તો હું તમારી પાસે એ માગું છું કે તમે પ્રભુ પાસે મારી અને તમારી ત્રુટિઓ કાઢી નાખવા અને મેં ઉપાડેલા કાર્યમાં મને સફળતા આપવા પ્રાર્થના કરો. તમે મારી ઉપર જે પ્રેમ દર્શાવો છો, જે ભક્તિ બતાવો છો તેને માટે લાયક થવાનો પ્રયત્ન કરીશ. પ્રભુ મને તે બળ દે એ હું માગું છું. તમે પણ તમારા કર્તવ્યમાં સફળ થાઓ. હું અને તમે એકબીજાને મદદ કરવા શક્તિમાન થઈએ એ માગું છું. બીજું શું કહું? તમારી ભક્તિનું ફળ મળ્યા સિવાય રહેવાનું નથી. માટે જાઓ, સૌ સૌના કર્તવ્યમાં પરાયણ રહો.

[મૂળ ગુજરાતી]

મહાદેવભાઈની ડાયરી, પુસ્તક ચોથું

૧. સુરેન્દ્રલાલ, અમદાવાદમાં આવેલા સાબરમતી સત્યાગ્રહ આશ્રમના એક સભ્ય; તેઓ ચંપારણના બરહરવામાં ગાંધીજીએ સ્થાપેલી એક શાળામાં શિક્ષક હતા.

૨. છોટેલાલ, સાબરમતી સત્યાગ્રહ આશ્રમના એક સભ્ય; તેઓ ગાંધીજીની ચંપારણની બરહરવા શાળામાં વણાટકામ અને હિંદી શીખવતા હતા.

Gandhi Heritage Portal

## ૬૩. ગંગાબહેન મજમુદારને[1] પત્ર

[અમદાવાદ,]
ઑક્ટોબર ૧૧, ૧૯૧૮

તમે, કીકી વગેરે માંદાં પડયાં એ વિષે પત્તું આજે જ વાંચ્યું. પણ ઈશ્વરકૃપાએ તમારા બધાની તબિયત સુધારા ઉપર છે એ વાંચીને પણ રાજી થયો. જેણે સેવાધર્મ સ્વીકાર્યો તેનાં શરીર તો વજ્ર જેવાં થવાં જોઈએ. એક સમયે આપણા વડવાઓ પોતાનાં શરીરને એવાં કરી શકતા હતા. આજે આપણે દીન બની ગયા છીએ, અને વાતાવરણમાં ફરતાં અનેક ઝેરી જંતુઓને તાબે થઈ જઈએ છીએ. એમાંથી છૂટી જવાનો આ તૂટેલી દશામાં પણ એક જ ખરેખરો રસ્તો છે, અને તે સંયમ કહો, મર્યાદા કહો, એ છે. આ દર્દમાં બે વસ્તુની સંભાળ રાખવાથી શરીર ઓછામાં ઓછું જોખમમાં રહે છે, એવો ડૉક્ટરોનો અભિપ્રાય છે, અને તે ખરો છે. તબિયત સારી થઈ ગઈ છે એમ લાગે પછી પણ પ્રવાહી અને જલદી પચે એવો સાદો ખોરાક લેવો અને પથારીમાં પડયા રહેવું. અનેક દરદીઓ બીજે કે ત્રીજે દિવસે એકાએક તાવ ઊતરી જવાથી છેતરાઈને કામકાજ કરતા થઈ જાય છે, અને હમેશનું ખાવાનું ખાય છે. આથી માંદગી પાછી જોર કરે છે અને ઘણે ભાગે પ્રાણ લે છે. એટલે તમે બધાં હમણાં પથારીનું સેવન કરો એવી મારી વિનંતી છે. મને તબિયતના સમાચાર હમેશાં દેતા રહેશો. હું હજી પથારીવશ છું, ઘણા દિવસ રહેવું પડશે, પણ તબિયત સુધારા પર છે એમ કહી શકાય. કાગળો લખાવવાની પણ ડૉક્ટરોની મનાઈ છે, પણ તમને લખ્યા વિના કેમ રહેવાય? ત્યાં રહેવાની અગવડ હોય અને અહીં આવવું હોય તો જરૂર આવશો. અત્યારે આશ્રમમાં દસ ખાટલા છે, તેમાં ભયંકર તો ભાઈ શંકરલાલ પરીખનો કેસ જોવામાં આવે છે. તેને પણ આજે વળતાં પાણી છે એમ લાગે છે.

**મોહનદાસ ગાંધીના**
વંદે માતરમ્

[મૂળ ગુજરાતી]
महादेवभाईनी डायरी, પુસ્તક ચોથું

૧. એક સાહસિક વિધવા. એમણે પહેલાં વડોદરા રાજ્યમાં આવેલા વિજાપુર ગામમાંથી ગાંધીજીને માટે જૂનો રેંટિયો શોધી કાઢ્યો હતો; અને ત્યાં ખાદી ઉત્પાદન કેન્દ્ર શરૂ કર્યું હતું, જુઓ आत्मकथा ભાગ ૫, પ્રકરણ ૩૯ અને ૪૦.

Gandhi Heritage Portal

## ૬૪. મરહૂમ અહમદ મહમદ કાછલિયા વિષે અખબારો જોગ પત્ર[1]

ઑક્ટોબર ૨૦, ૧૯૧૮[2]

શ્રીયુત મોહનદાસ કરમચંદ ગાંધી આ ખેદજનક મરણ વિષે અમદાવાદથી નીચે પ્રમાણે નોંધ લખે છે.

ભાઈ સોરાબજી શાપુરજી અડાજણિયાના દેહાંતની નોટ હું થોડા દિવસ પહેલાં જ મોકલી ચૂક્યો. પથારીવશ હોઈ હું ભાગ્યે જ બીજી નોંધ મોકલવાને શક્તિમાન છું. છતાં જે હૃદયભેદક અકાળ મૃત્યુના સમાચાર હમણાં તારથી દક્ષિણ આફ્રિકામાંથી મને મળ્યા છે તેની નોંધ મોકલ્યા વિના મારાથી રહેવાય એવું છે જ નહીં. આ મૃત્યુ તે ભાઈ અહમદ મહમદ કાછલિયાનું છે. તેઓ બ્રિટિશ ઇન્ડિયન ઍસોસિયેશનના ઘણાં વર્ષ સુધી માનવંતા પ્રમુખ હતા. ભાઈ કાછલિયાની મરદાની, તેમનું સત્ય, તેમની દૃઢતા, તેમની નમ્રતા, તેમનું નિષ્પક્ષપાતપણું આ અમૂલ્ય ગુણોની હરીફાઈ ભાગ્યે જ દક્ષિણ આફ્રિકામાં તેમની સાથે કોઈ કરી શક્યું હોત. ૧૯૦૭ના જુલાઈની ૩૧મીનો દિવસ મને બરાબર યાદ છે. તે દહાડે તો મેં જાણ્યું કે આપણે સારુ આ પુરુષ છે અને કોઈની ગણતરી ખોટી ન હતી. તે દહાડે પ્રિટોરિયાની પવિત્ર મસ્જિદની ફળીમાં એક સુંદર ઝાડની નીચે એક જાહેર સભા ભરાઈ હતી. તેમાં હજારો હિંદી હાજર હતા. ભાઈ કાછલિયા પણ હાજર હતા. તેમાં ટ્રાન્સવાલના નામીચા લખપતિ મિ. હૉસ્કેન[3] જનરલ બોથા તરફથી સંદેશો લાવ્યા હતા. તે સંદેશો આ હતો: "હિંદીઓને કહેજો કે તેઓ ટ્રાન્સવાલની સરકારના કાયદાની સામે થતાં કેવળ ભીંતની સાથે માથાં પછાડે છે." એ સંદેશો સાંભળતાં છતાં ભાઈ કાછલિયા ઊભા થયા. તેમણે કહ્યું, "ભલે જનરલ બોથા પોતાનો સંદેશો મોકલાવે, ધડની ઉપરથી આ માથું ભલે ઊતરે, પણ જેમાં નામોશી રહેલી છે, જેમાં ગુલામગીરી રહેલી છે, તેવા કાયદાને અહમદ મહમદ કાછલિયા વશ નહીં થાય, એવું અલ્લાહને દરમ્યાન જાણીને કહું છું." લાંબા આઠ વર્ષના અનુભવે જનરલ બોથાએ તેમ જ હિંદી કોમે જોયું કે કાછલિયાનો શબ્દ તા કાયદો હતો. તેમાં એક અક્ષર પણ ફરી ન શકે. તે હરિશ્ચંદ્રનું વાક્ય હતું. અનેક સંકટો સહન કરી ભાઈ કાછલિયાએ પોતાનું વચન પાળ્યું, અને બીજા કોઈએ નહીં મેળવેલી એવી પ્રતિષ્ઠા મેળવી. બીજા ઘણા હિંદીઓએ પોતાનાં વચન પાળ્યાં. પણ તેઓને ટકાવી રાખનારા તો ભાઈ કાછલિયા હતા. તેમના જેટલો આપભોગ બીજા કોઈએ નહીં કર્યો હોય. પોતે પોતાના માનને ખાતર, દેશની આબરૂને ખાતર, ગરીબાઈ કબૂલ કરી દુનિયાના ભોગો તજ્યા. હું કહી ગયો કે એમનું નિષ્પક્ષપાતપણું બહુ ઉજ્જવળ હતું. એમણે હિંદુમુસલમાન વચ્ચે કોઈ દિવસ ભેદ જાણ્યો જ નથી. જ્યારે બન્ને કોમો વચ્ચે તકરાર થાય ત્યારે ત્યારે ભાઈ કાછલિયાને વચ્ચે પડવાનું

૧. આ પત્ર ૨૭-૧૦-૧૯૧૮ના પ્રજાબંધુમાં તથા ઑક્ટોબર, ૧૯૧૮ના ઇન્ડિયન રિવ્યૂમાં પણ પ્રસિદ્ધ થયો હતો.

૨. એ. એમ. કાછલિયાનું અવસાન આ તારીખે થયું હતું.

૩. વિલિયમ હૉસ્કેન, ટ્રાન્સવાલ વિધાનસભાના સભ્ય; અને દક્ષિણ આફ્રિકાના ઍસોસિયેશન ઑફ ચેમ્બર ઑફ કૉમર્સ (વેપારી મંડળના સંઘ)ના ભૂતપૂર્વ પ્રમુખ. તેઓ બ્રિટિશ હિંદીઓના હિતમાં હમદર્દી રાખતા હતા. જુઓ પુસ્તક ૭, પા. ૧૦૯-૧૦ અને ૫૪૨ તથા પુસ્તક ૮, પા. ૨૯.

Gandhi Heritage Portal

તો હોય જ. તે નીડરપણે માનઅપમાનનો વિચાર કર્યા વિના થતી નિંદાનો ખ્યાલ રાખ્યા વિના તેમને જે સત્ય લાગતું તે સોનાને કાંટે તોળી આપતા અને લોકોને પણ એવી જ પ્રતીતિ પડતી. કાછલિયાના ઠરાવ વિષે બીજું કહેવાપણું હોય જ નહીં. ભાઈ કાછલિયા લગભગ નિરક્ષર હતા એમ કહી શકાય, પણ એમની વ્યવહારુ બુદ્ધિ એવી તીક્ષ્ણ હતી અને એમનું ચરિત્ર એવું ઝળહળતું હતું કે તેમને અક્ષરજ્ઞાનની ખોટ કોઈ દિવસ માલૂમ પડી નથી. અને જે અંગ્રેજો એમના સંબંધમાં આવતા તેઓ પણ એમના ભારે ગુણોને કળી અને માપી શકતા હતા.

આવો વીર પુરુષ હજારોને રડતા મૂકીને ચાલતો થયો.[1] એમણે હિંદનું નામ દક્ષિણ આફ્રિકામાં વધાર્યું છે. એમના આત્માને ઈશ્વર અવિચળ શાંતિ આપો.

તમારો વગેરે

**મો. ક. ગાંધી**

[મૂળ ગુજરાતી]

ભાષાંતર: ગુજરાતી, ૧૭–૧૦–૧૯૧૮

## ૬૫. વી. એસ. શ્રીનિવાસ શાસ્ત્રીને પત્ર

સાબરમતી,
અમદાવાદ,
ઑક્ટોબર ૨૦, ૧૯૧૮

ભાઈશ્રી શાસ્ત્રિયાર,

જોકે હું પથારીવશ છું, તેમ છતાં ડૉ. દેવની[2] સ્મૃતિમાં આપે તથા બીજા મિત્રોએ જે શ્રદ્ધાંજલિઓ આપી છે તેમાં મારી પણ એક નમ્ર શ્રદ્ધાંજલિ ઉમેરતાં મારી જાતને રોકી શકતો નથી. ભારત સેવક સમાજે તથા દેશે બંનેએ એક સાચો સેવક ગુમાવ્યો છે. સમાજના બીજા બધા સભ્યો કરતાં હું ડૉ. દેવના ખૂબ જ નિકટના પરિચયમાં આવેલો છું, અને જેમ જેમ એમની સાથે મારી ઓળખાણ વધતી ગઈ તેમ તેમ તેમના પ્રત્યેનો મારો સ્નેહ પણ વધતો ગયો છે. જો મને કહેવાની છૂટ હોય, તો હું કહીશ કે ડૉ. દેવને ચંપારણમાં જ પોતાના વ્યક્તિત્વનો પરિચય કરાવવાની વધારે સારી તક મળી હતી. ત્યાં એમના દાક્તરી જ્ઞાન સહિત તમામ મહાન ગુણોની કસોટી થાય એવા સંજોગોમાં તેઓ મુકાયા હતા. તેમણે કદી પીછેહઠ કરી નથી તેમ તેઓ નિષ્ફળ પણ ગયા નથી. શરૂઆતમાં સરકારી અધિકારીઓ અને બગીચામાલિકો જ્યારે એમના સંપર્કમાં આવ્યા, ત્યારે તેમના પ્રત્યે વહેમની દૃષ્ટિથી જોતા હતા. પરંતુ એમનું કામ જોયા પછી એમનો એ સંદેહ દૂર થયો હતો. બેતિયાના જે સબડિવિઝનલ ઑફિસર સાથે તેઓ નિકટના પરિચયમાં આવ્યા હતા, તેઓ મને ઘણી વાર કહેતા કે ડૉ. દેવ તેમની નિ:સ્વાર્થવૃત્તિ અને કર્તવ્યનિષ્ઠાને કારણે મને બહુ જ ગમે છે; અને ડૉ. દેવ એમને ન ગમે એ બને જ કેવી રીતે? કેમ કે તેઓ અસહાય ગ્રામજનોના દાક્તરી સલાહકાર હતા, એટલું જ નહીં પણ દવાઓ પણ

૧. જુઓ "સુરતમાં ભાષણ", ૧–૮–૧૯૧૮.

૨. ડૉ. હરિ શ્રીકૃષ્ણ દેવ (અવસાન ઑક્ટોબર ૮, ૧૯૧૮); સાંગલી રાજના સર્જન. તેઓ ૧૯૧૪માં ભારત સેવક સમાજમાં જોડાયા હતા અને ચંપારણની લડતમાં ગાંધીજી સાથે તેમણે કામ કર્યું હતું.

Gandhi Heritage Portal

જાતે જ તૈયાર કરતા. તેઓ લોકોને ઘેર દવા પહોંચાડી આવતા. તેઓ લોકોની સ્વચ્છતા ઉપર પણ ધ્યાન આપતા. તેઓ પોતાની જાતે ગામના કૂવાઓ સાફ કરતા અને રસ્તાઓ તૈયાર કરવામાં મદદ કરતા. ભીતિહરવામાં જ્યારે શાળાના મકાન તરીકે વપરાતી ઘાસની ઝૂંપડી બળી ગઈ, ત્યારે સર્વશ્રી સોમણ અને રણદીવે સાથે એમણે થોડા જ દિવસોમાં એની જગાએ શાળાને માટે એક પાકું મકાન ઊભું કરીને બધાંને આશ્ચર્યચકિત કરી મૂકયા હતા. એમનું શરીર પ્રમાણમાં નબળું હતું, તેમ છતાં તેઓ સશક્ત ગ્રામજનો સાથે એક હરોળમાં રહી કામ કરતા હતા. એમના ઉત્સાહથી પ્રભાવિત થઈને ગામના લોકોએ પોતાને જ માટે બંધાતું શાળાનું મકાન બાંધવામાં સહાય કરવાની તેમની માગણીને માન આપ્યું. પરંતુ શ્રી દેવના સંબંધમાં મારો સૌથી વધુ સુખદ અનુભવ, બેલગામના એક બી. એ., એલએલ. બી. વકીલ શ્રી સોમણના હમણાં જ મળેલા કાગળમાં તેમણે આપેલી શ્રદ્ધાંજલિ છે. શ્રી સોમણ રાષ્ટ્રવાદી જૂના છે. ચંપારણમાં તેમણે એક સ્વયંસેવક તરીકે કામ કર્યું હતું. તેઓ પોતે પણ એક સાચા અને નિષ્ઠાવાન કાર્યકર્તા છે. શ્રી સોમણ પોતાના પત્રમાં લખે છે કે "હું ડૉ. દેવને પહેલી વાર મળ્યો ત્યારે રાષ્ટ્રવાદીઓ પ્રત્યેના તેમના વલણને લઈને મને તેમના પર ઘણી શંકા ગઈ હતી અને ખૂબજ અણવિશ્વાસ થયો હતો. પરંતુ એ શંકા અને અણવિશ્વાસની જગાએ સંપૂર્ણ વિશ્વાસ અને સદ્ભાવ સ્થપાતાં બહુ વાર ન લાગી." જોકે છેવટ સુધી બંને પોતપોતાના વિચારોને વળગી રહ્યા હતા, છતાં ખરેખર તેઓ ગાઢ મિત્રો બન્યા હતા. ડૉ. દેવ કદી જીદ કરતા નહીં. એમનું હૃદય અત્યંત દયાળુ અને ઉદાર હતું. એટલે બંનેમાં પોતાના પ્રતિપક્ષીના વિચારની ઊજળી બાજુ જોઈ શકવાનો દુર્લભ ગુણ રહેલો હતો. એમના અવસાનથી સમાજે ખચીત એક સુંદર દાન ઉઘરાવનાર અને પ્રચારક ગુમાવ્યો છે. તેઓ એક સાચા દિલના ઇન્સાન હતા.

તમારો સહૃદયી

મો. ક. ગાંધી

[મૂળ અંગ્રેજી]

सर्वन्ट ऑफ इन्डिया, ૩૧–૧૦–૧૯૧૮

## ૬૬. વાઇસરૉયને તાર[1]

ઑક્ટોબર ૨૯, ૧૯૧૮

આ સભા લડાઈ આગળ ચલાવવામાં બનતી મદદ કરવાના સંબંધમાં સંમત હોવા છતાં પુખ્ત વિચાર કરીને એવું અનુમાન કરે છે કે હિંદ વધુ આર્થિક બોજો સહી શકે તેમ નથી. હિંદની વધતી જતી દરિદ્રતાનો સત્તાધીશોને અનુભવ નથી એમ આ સભા માને છે. આથી વડી ધારાસભાએ ઇંગ્લંડને નાણાંની મદદ કરવાનો પસાર કરેલો ઠરાવ અમલમાં મુકાશે તો તે મોટા બોજા સમાન થશે. નાણાં મેળવવાની રૂઢિ કેવળ રાજીખુશીથી જ રાખવી જોઈએ. માટે ઉપર્યુક્ત ઠરાવ અમલમાં નહીં મૂકવાની આ સભા આપ સાહેબને અરજ કરે છે.

[મૂળ અંગ્રેજી]

बॉम्बे क्रॉनिकल, ૨૯–૧૦–૧૯૧૮

ભાષાંતર: ગુજરાતી, ૩–૧૧–૧૯૧૮

૧. આ તાર ગાંધીજીએ ગુજરાત સભાના પ્રમુખ તરીકે મોકલ્યો હતો.

Gandhi Heritage Portal

# ૬૭. પુંડલીકને પત્ર

આશ્રમ,
સાબરમતી,
ઑક્ટોબર ૨૯, [૧૯૧૮]

ભાઈ પુંડલીક,

તમારો પત્ર બાપુજીને બતાવ્યો હતો. તેમને એથી અસંતોષ થયો છે. તેમણે તમને નીચેનો સંદેશો મોકલ્યો છે.

જગતમાં માણસને ઘણી જાતજાતની વસ્તુઓના સંબંધમાં આવવું પડે છે. પણ દરેક બાબતમાં વચ્ચે પડવું તેને માટે આવશ્યક નથી. માત્ર કર્તવ્ય બાબતમાં વચ્ચે પડવાનું એને માટે યોગ્ય છે. પોતાનું કર્તવ્ય ન હોય એવી બાબતમાં કોઈ વચ્ચે પડે તો તે ન્યાયમાર્ગી નથી, અભિમાની છે. તમારું કર્તવ્ય ફક્ત બાળકોને ભણાવવાનું અને આરોગ્ય તથા સ્વચ્છતા જાળવવાનું છે. આ ક્ષેત્રની મર્યાદા બહાર તમારાથી ન જઈ શકાય. એટલે તમે પોલીસને અટકાવ્યા અને ઢોરોને છુપાવી દીધાં એ સારું ન કર્યું. એમ માનો કે પોલીસને અટકાવવા બદલ તમારા ઉપર ફરિયાદ કરવામાં નહીં આવે. પણ તે તો તમને વધુ અત્યાચાર કરવામાં ફસાવવા માટે જ છે. આવી રીતે લખતા રહેશો, પણ શાળાનું કાર્યક્ષેત્ર છોડીને બીજા કોઈ પણ કામમાં કદી હાથ ન નાખશો. એ સિવાય તમારું બીજું કોઈ કર્તવ્ય નથી. સાહેબ ઉપર રોષ કરવો એ પણ તમારું કર્તવ્ય નથી. ભવિષ્યમાં તમે બહુ સાવધાનીથી વર્તશો એવી આશા છે.

આ જ મહાત્માજીનો આદેશ છે. તમે તેને માથે ચડાવશો. તેઓ પોતે જ તમને લખત પણ તેમના હાથ અને આંગળીઓમાં એટલી શક્તિ નથી.

કાકાસાહેબ[1] આજે બીમાર પડી ગયા છે. ઈન્ફ્લુએન્ઝા જ હશે.

તમારો
**મહાદેવ દેસાઈ**

[મૂળ હિંદી]

મહાદેવ દેસાઈના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્રની છબી પરથી: જી. એન. ૫૨૨૧

૧, દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર ગાંધીજી સાથે કાર્યકર તરીકે જોડાયા તે પહેલાં વડોદરા રાજ્યમાં આવેલા ગંગાનાથ વિદ્યાલયમાં શિક્ષક હતા. ત્યાં તેમને સૌ કાકાસાહેબ કહેતા. જુઓ આત્મકથા, ભાગ ૫, પ્રકરણ ૪.

Gandhi Heritage Portal

## ૬૮. હરિલાલ ગાંધીને પત્ર

[અમદાવાદ,]
ઑક્ટોબર ૩૧, ૧૯૧૮

તમારું પત્તું મળ્યું છે. આજે ખાસ લખવાનું કાંઈ સૂઝતું નથી. તમે સ્વસ્થ થાઓ અને રહો એવું કેમ બને એ જ વિચાર્યા કરું છું. જો મારા કોઈ પણ વાકયથી હું તમને સ્વસ્થ બનાવી શકું અને એ વાકય હું જાણું તો તરત હું લખી નાખું. આ સંસાર કેવો છે તેનો ખ્યાલ તમને આવી શકયો છે કે કેમ એ હું જાણતો નથી. પણ મને તો ક્ષણ પ્રતિક્ષણ તેનું સૂક્ષ્મ દર્શન થયાં કરે છે. અને જે પ્રમાણે તેને ઋષિમુનિઓએ ગાયો છે તેવો તાદૃશ હું જોઉં છું, અને તે એટલી સૂક્ષ્મતાથી હું જોઈ શકું છું કે મને એમાં જરાયે રસ આવતો નથી. શરીર છે ત્યાં સુધી પ્રવૃત્તિ તો હોય જ, એટલે શુદ્ધમાં શુદ્ધ પ્રવૃત્તિમાં ગૂંથાયેલા રહેવું એ જ મને ગમે છે. અને એવી પ્રવૃત્તિમાં રહી શકાય તેને સારુ જોઈતો સંયમ પાળવામાં મને આનંદની લહેરો જ આવે છે એમ કહેવામાં જરા પણ અતિશયોક્તિ નથી. આ વાત જેટલે દરજ્જે સમજી શકાય અને તેનો અમલ થઈ શકે તેટલે દરજ્જે માણસ ખરું સુખ મેળવી શકે છે. તે સુખના ભોગી તમે થઈ શકો એવી તમારી સ્થિતિ આ સંકટમાંથી[1] ઉત્પન્ન થાય તો એ સંકટ પણ લગભગ આવકારલાયક ગણી શકીએ. જો તમારું મન કાંઈ પણ અવકાશ લઈ શકતું હોય તો આ બધી વાતો વિચારજો. બધાની તબિયત મઝામાં છે. માંદા બધા સારા થતા જાય છે. મને પણ સારું છે. બાને તમે બધા કાગળ વંચાવતા હશો તેમ માનીને હું નોખો કાગળ નથી લખતો.

[મૂળ ગુજરાતી]

મહાદેવભાઈની ડાયરી, પુસ્તક ચોથું

## ૬૯. રવીન્દ્રનાથ ટાગોરને પત્ર

આશ્રમ,
સાબરમતી,
નવેમ્બર ૫ [૧૯૧૮][2]

પ્રિય ગુરુદેવ,

ચાર્લી ગઈ કાલે આશ્રમ છોડી ગયા. એમના વિના અમને સૂનું સૂનું લાગે છે. એમનો હસતો ચહેરો મને ખૂબ જ યાદ આવે છે. એટલે આપે એમને થોડા દિવસ આશ્રમમાં રહેવાની પરવાનગી આપી તે બદલ હું આપનો ખૂબ જ આભારી છું એમ જ્યારે હું આપને કહું ત્યારે એનો શો અર્થ થાય તે આપ સમજી શકશો.

૧. આ અરસામાં હરિલાલ ગાંધીનાં પત્ની ગુજરી ગયાં હતાં, તેનો આ ઉલ્લેખ છે.

૨. ૧૯૧૮થી ૧૯૨૧નાં વર્ષોમાં માત્ર ૧૯૧૮ના વર્ષમાં જ ગાંધીજી ૫મી નવેમ્બરને દિવસે આશ્રમમાં હતા.

Gandhi Heritage Portal

શાંતિનિકેતનમાં શાળાના કામને લીધે આપને ભારે તાણ પહોંચે છે, તેમ છતાં હું આશા રાખું છું કે આપની તબિયત સારી રહેતી હશે.

આપનો સહૃદયી
**મો. ક. ગાંધી**

[મૂળ અંગ્રેજી]
મૂળ પત્રની માઈક્રોફિલ્મ પરથી:
નેશનલ આર્કાઈવ્ઝ ઑફ ઇન્ડિયાના સૌજન્યથી

## ૭૦. વી. એસ. શ્રીનિવાસ શાસ્ત્રીને પત્ર

નવેમ્બર ૫, ૧૯૧૮

ભાઈશ્રી શાસ્ત્રિયાર,

તમારા કાગળ માટે આભારી છું. તેની હું પૂરી કદર કરું છું. જે વૃત્તિથી એ લખાયો છે તે હું સમજું છું. તમને હું ખાતરી આપું છું કે મારી તબિયતની હું લઈ શકાય એટલી વધારે કાળજી લઉં છું. જે માણસ કદી પથારીવશ ન થયો હોય તેને પથારીનો ત્રણ મહિના અનુભવ લેવો પડે તે કાંઈ હાંસીના ખેલ નથી. મારી માંદગી હજી પણ વધારે લંબાશે તો તે મારા પોતાના અજ્ઞાન અથવા મૂર્ખાઈને લીધે, અથવા બન્નેને લીધે હશે. મારી તબિયતના એક પણ ઊથલાને માટે હું સારવાર કરનારાઓ અથવા દાક્તર મિત્રોની બિનઆવડતને જવાબદાર ગણી શકું એમ નથી. તેઓ તો જેને તેઓ મારું ચક્રમપણું માને છે તેને લીધે લાચાર છે. છતાં તેઓ મારા અંગ જેવા બની ગયા છે અને જ્યારે હું અપાર વેદના અનુભવતો હોઉં ત્યારે મને બને એટલી વધારે આસાયેશ અને આરામ આપે છે. મોતીહારીના રેવરન્ડ હૉજે લખેલા કાગળમાંથી સ્વ. ડૉ. દેવ વિષે જે ઉલ્લેખ છે તેટલો ઉતારો મોકલી આપું છું. એ બહુ સ્વતંત્ર ખવાસનો અને ઉદાર વિચારનો પાદરી છે. હું આશા રાખું છું કે તમારી તબિયત સારી હશે અથવા તો આટલું ભારે સાર્વજનિક કામ તમારા ઉપર આવી પડેલું છે તેના બોજા નીચે જેટલી સારી રહી શકે એટલી સારી હશે.

તમારો

[મૂળ અંગ્રેજી]
મહાદેવ દેસાઈની હસ્તલિખિત ડાયરીમાંથી
શ્રી નારાયણ દેસાઈના સૌજન્યથી
ભાષાંતર: મહાદેવભાઈની ડાયરી, પુસ્તક ચોથું

Gandhi Heritage Portal

## ૭૧. સ્વદેશી વસ્તુભંડારના[1] ઉદ્‌ઘાટન પ્રસંગે સંદેશ

નવેમ્બર ૧૪, ૧૯૧૮

હું પથારીવશ છું અને આવી શકયો નથી છતાં મારો આત્મા ત્યાં જ છે. જો તમે સ્વદેશી વસ્તુઓમાં શ્રદ્ધા રાખશો તો તે અવશ્ય ફળીભૂત થશે જ. સ્વદેશ પરનો પ્રેમ ખરો હોય તો વિદેશી વસ્તુ વપરાય જ નહીં. બીજું સ્ટોર હજી પણ વિશેષ વિશાળ પાયા પર મુકાય એવી મારી ઇચ્છા છે અને લોકો જ્યારે સ્વદેશીઝમ [સ્વદેશીના સિદ્ધાંત]ને ધાર્મિક દૃષ્ટિથી પાળશે ત્યારે જ દેશની આબાદી થશે.

[મૂળ ગુજરાતી]

પ્રજાબંધુ, ૧૭–૧૧–૧૯૧૮

## ૭૨. પ્રથમ રેલવે પરિષદને[2] સંદેશો

[નવેમ્બર ૧૬, ૧૯૧૮ પહેલાં]

અસ્વસ્થ પ્રકૃતિને લીધે હાજરી નહીં આપી શકાયાથી દિલગીર છું. રેલવેની પ્રગતિ સંબંધી બે વિભાગ છે. એક સરકાર પાસેથી દાદ મેળવવી અને બીજો મુસાફરોની અજ્ઞાનતા ટાળવી. સ્વરાજ્યની ચાવી સ્વાવલંબનમાં છે.

[મૂળ ગુજરાતી]

ગુજરાતી, ૨૪–૧૧–૧૯૧૮

## ૭૩. પુંડલીકને પત્ર

સત્યાગ્રહ આશ્રમ,
સાબરમતી,
નવેમ્બર ૧૭, [૧૯૧૮]

પ્રિય ભાઈ પુંડલીક,

તમારો પત્ર પૂજ્ય ગાંધીજીને મળ્યો. તમે કાકાસાહેબને લખેલા બધા પત્રો પણ તેમણે વાંચ્યા છે. તેમનો વિચાર એવો છે કે તમે શાંતિથી જોતા રહો અને સ્વસ્થ ચિત્તે કાર્ય કરતા રહો. તમારી બાબતમાં જે કંઈ કરવાનું છે તે બાબુ બ્રજકિશોર[3] અને બાબુ રાજેન્દ્રપ્રસાદ[4] કરશે.

૧. ગુજરાત સ્વદેશી વસ્તુભંડાર, અમદાવાદ.

૨. આ પરિષદ નડિયાદમાં ગુજરાત રાજકીય પરિષદની સાથે ભરાઈ હતી.

૩. બાબુ બ્રજકિશોરપ્રસાદ; દરભંગાના ઍડ્વોકેટ; બિહાર અને ઓરિસ્સાની ધારાસભાના સભ્ય. ચંપારણમાં ગાંધીજીના સક્રિય સાથી.

૪. ૧૮૮૪–૧૯૬૩; રાજપુરુષ અને વિદ્વાન; ભારતની બંધારણ સભાના અધ્યક્ષ, ૧૯૪૬–૯; ભારતના રાષ્ટ્રપ્રમુખ, ૧૯૫૦–૬૨.

Gandhi Heritage Portal

તેમને અહીંથી પત્રો લખ્યા છે. તમે પણ ગોરખબાબુને[1] મળીને બંનેને ખબર આપતા રહેશો. તમારો સારી રીતે બચાવ કરવાનું નક્કી થયું છે. હમણાં તમારે વિષે સરકારને લખવું સારું નથી.

તમારો

મહાદેવ દેસાઈ

(ગાંધીજીની આજ્ઞાથી)

[મૂળ હિંદી]

મહાદેવ દેસાઈના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્રની છબી પરથી : જી. એન. ૫૨૧૯

## ૭૪. મહમદ અલીને પત્ર

આશ્રમ,
નવેમ્બર ૧૮, ૧૯૧૮

પ્રિય મિત્ર,

તમારા તરફથી જાણે કે યુગો પછી કાગળ મળ્યો તેથી મને બહુ જ આનંદ થયો છે. તમારા કાગળોમાં તમારો ભારે પ્રેમ નીતરતો હોય છે. તે માટે હું બહુ જ આભારી છું. તમારા પ્રેમના બદલા તરીકે મારાં વ્રતોનો શબ્દાર્થ કાંઈ પણ મારીમચડીને તમે સૂચવો છો તેમ જો હું કરી શકું તો તેમ કરવા હું આનંદપૂર્વક તૈયાર થાઉં. પણ આ જાતે લાદેલા અંકુશમાંથી નીકળવાનો કોઈ રસ્તો નથી. જે વ્રત મેં ખૂબ વિચારપૂર્વક અને તેનાં જે પરિણામો આવી શકે એ બધાં ધ્યાનમાં લીધા પછી લીધેલું છે એ વ્રતની હું અવગણના કરું તો ઈશ્વર પ્રત્યે, માનવ-જાત પ્રત્યે અને મારા પોતા પ્રત્યે હું ખોટો નીવડું. મારી જે કંઈ ઉપયોગિતા છે તે સમૂળગી નષ્ટ થઈ જાય, જો મિત્રોના આગ્રહને વશ થઈને હું મારાં વ્રતમાં ફેરફાર કરું. આ માંદગીને હું મારે માટે એક કસોટીનો અને લાલચનો પ્રસંગ ગણું છું. અત્યારે તો મારે મિત્રોના પ્રાર્થના-મય ટેકાની અને ઉત્તેજનની જરૂર છે. હું તમને ખાતરી આપું છું કે વ્રતનાં બંધનોની મર્યાદામાં રહીને આ શરીર સાચવવા માટે જેટલી કાળજી લઈ શકાય તે બધી હું લઉં છું. હવે મને એક દાક્તર મિત્ર મળી ગયા છે જે મસાજથી, બરફથી, અને ઊંડા શ્વાસોચ્છ્વાસથી મારી શક્તિ પાછી મેળવી આપવાનું માથે લે છે. તેઓ ધારે છે કે બે મહિનાની અંદર મારા શરીરમાં એટલું લોહી ભરાશે અને મારું વજન વધશે જેને લીધે હું હરીફરી શકીશ અને સાધારણ માનસિક શ્રમ ઉઠાવી શકીશ. તેની ચિકિત્સા મને બુદ્ધિયુક્ત અને સ્વાભાવિક લાગે છે. વધારે તો એ છે કે તેમાં મારી શ્રદ્ધા બેઠી છે અને ખોરાકના યોગ્ય ફેરફારોથી હું આશા રાખું છું કે એ મિત્રનું ભવિષ્ય સાચું પડશે.

તમારી ઉપરનાં તહોમતો મને વાંચી સંભળાવવામાં આવ્યાં છે. આના કરતાં નબળું અને છીછરું તહોમતનામું મેં વાંચ્યું નથી. હું ધારું છું કે તમારો જવાબ સ્પષ્ટ, સીધો અને ગૌરવ-યુક્ત હશે. મને તો ખુલ્લું જણાય છે કે કમિટી એટલા માટે નીમવામાં આવી છે કે સરકારને

૧. ગોરખપ્રસાદ (૧૮૬૯–૧૯૬૨); મોતીહારીના એક વકીલ. ચંપારણમાં થોડા સમય માટે ગાંધીજીના યજમાન.

Gandhi Heritage Portal

આ મુશ્કેલીમાંથી છટકી જવાનું તે સાધન પૂરું પાડે છે. ગમે તેમ હો, આપણે તો હવે કમિટીના નિર્ણયો વિષે સંપૂર્ણ તટસ્થ રહી શકીએ છીએ. તમારો બચાવ એટલો બધો મજબૂત છે કે કમિટીનો નિર્ણય આપણી વિરુદ્ધ આવે તો આપણે એવું આંદોલન ઊભું કરી શકીએ એમ છીએ કે તમે આટલો લાંબો વખત અને આટલી ધીરજથી આ ઘાતકી અન્યાયનો ભોગ થયા તે માટેના કોપાગ્નિથી આખા હિંદુસ્તાનને સળગાવી શકીશું. તમારો જવાબ ઘડવામાં તમને મદદ કરવા માટે હું તમારી સાથે છીંદવાડામાં હોઉં તો કેવું સારું, એમ મને થાય છે. પણ તેમ થવા નિર્માયું નથી.

અમ્મા સાહેબને મારા આદાબઅર્જ કહેશો. તમને બધાંને મળવા માટે, બાળકોને મળવા માટે અને તમારી સાથે વધારે નિકટ સંસર્ગમાં આવવા માટે હું તલસી રહ્યો છું. લખનૌની સભામાં મેં કહ્યું હતું તેમ તમારી મુક્તિમાં મારો હેતુ તદ્દન સ્વાર્થી છે. આપણું ધ્યેય એક જ છે અને એ ધ્યેયે પહોંચવાને માટે તમારી સેવાઓનો હું પૂરેપૂરો ઉપયોગ કરવા માગું છું. હિંદુમુસ્લિમ પ્રશ્નના યોગ્ય નિરાકરણમાં સ્વરાજ્યપ્રાપ્તિ રહેલી છે. પણ આ વિષે આપણે મળીશું ત્યારે. હું આશા રાખું છું કે આપણે જલદી મળીશું.

તમારો સહૃદયી

**મો. ક. ગાંધી**

[મૂળ અંગ્રેજી]

મહાદેવ દેસાઈની હસ્તલિખિત ડાયરીમાંથી

શ્રી નારાયણ દેસાઈના સૌજન્યથી: તથા નેશનલ આર્કાઇવ્ઝ ઑફ ઇન્ડિયા: હોમ પોલિટિકલ (ડિપૉઝિટ) ડિસેમ્બર, ૧૯૧૮: નં. ૩

ભાષાંતર: મહાદેવભાઈની ડાયરી, પુસ્તક ચોથું

## ૭૫. સરોજિની નાયડુને પત્ર

નવેમ્બર ૧૮, ૧૯૧૮

વહાલાં બહેન,

તમારા ટૂંકા કાગળની હું બહુ કદર કરું છું. હું જોઉં છું કે ઑપરેશનમાંથી તમે બચી ગયાં છો. હું આશા રાખું છું કે તે સંપૂર્ણ સફળ નીવડશે જેથી કરીને હિંદુસ્તાનને ઘણાં વર્ષો સુધી તમારાં ગીતો સાંભળવાનાં મળે. મારું આ માંદગીનું બિછાનું હું ક્યારે છોડી શકીશ તે મને ખબર પડતી નથી. કેમે કરીને મારું શરીર ભરાતું જ નથી અને છે તે કરતાં વધારે શક્તિ આવતી જ નથી. હું ભારે પ્રયત્ન કરી રહ્યો છું. પણ મારી જાત ઉપર મેં જે બંધનો લાદ્યાં છે તેને લીધે દાક્તરોને નિરાશા થાય છે. હું તમને ખાતરી આપું છું કે આ લંબાતી માંદગીમાં એ વ્રતનાં બંધનો મને ભારે આશ્વાસન રૂપ થઈ પડ્યાં છે. એ સંયમમય અને બળદાયી બંધનો તોડવાની શરતે જીવવાની મને જરાય ઇચ્છા નથી. મારે માટે તો શરીરને તે કાંઈકે બાંધનારાં હોવા છતાં આત્માને તે મુક્ત કરનારાં છે. અને તેને વિષે હું સભાન રહું છું, જે બીજી કોઈ રીતે હું રહી શકું નહીં. બ્રહ્મને અને માયાને એક સાથે ભજી શકાય જ નહીં એ વચનનો અર્થ આ વ્રતો પછી મને વધારે સ્પષ્ટ અને ઊંડો સમજાયો છે. હું એમ નથી કહેવા માગતો

Gandhi Heritage Portal

કે બધાને માટે એ આવશ્યક છે. પણ મારે માટે તો એ છે જ. જો એ વ્રતો હું તોડું તો મને લાગે છે કે હું તદ્દન નકામો થઈ પડું.

વખતોવખત બે શબ્દ લખતાં રહેજો.

તમારો

**મો. ક. ગાંધી**

[મૂળ અંગ્રેજી]

મહાદેવ દેસાઈની હસ્તલિખિત ડાયરીમાંથી

શ્રી નારાયણ દેસાઈના સૌજન્યથી

ભાષાંતર : મહાદેવભાઈની ડાયરી, પુસ્તક ચોથું

## ૭૬. હરિલાલ ગાંધીને પત્ર

[અમદાવાદ,]

નવેમ્બર ૨૯, ૧૯૧૮

ચિ. હરિલાલ,

તમને કાલે મારે વિષે ખબર મોકલાવેલ છે. આજે એ વિષે વધારે આપું છું. મારી તબિયત સારી છે અને ખરાબ છે. કેટલોક સુધારો થવો જોઈએ તે નથી થતો એમ લાગ્યા કરે છે. હવે ખોરાક વિષે કાંઈ રાવ ખવાય નહીં. થોડો વખત હું બહાર રહું તો સારું એમ બધા કહે છે અને મને પણ વાજબી લાગે છે. એટલે બહાર જવાનું વિચારી રહ્યો છું અને તજવીજ કરી રહ્યો છું. મારું જવાનું થાય તેના પહેલાં તમે આવી ગયા હો તો સારું. તમારા જે કાંઈ ઉદ્‌ગારો હોય તે તમે વગર સંકોચે મારી પાસે ઠલવજો. જો મારી પાસે તમે તમારું હૃદય ખાલી ન કરી શકો તો કોની પાસે કરશો? હું તમારો સાચો મિત્ર થઈશ અને તમારી કંઈ પણ યોજનાને વિષે આપણી વચ્ચે મતભેદ થશે તો શી અડચણ છે? આપણે ગોષ્ઠી કરશું. છેવટનો નિકાલ તો તમારે હાથ જ રહેશે. તમારી દશા અત્યારે સ્વપ્નવશ માણસના જેવી છે એ હું બરાબર સમજી શકું છું. તમારી જવાબદારીઓ વધી, તમારી કસોટીઓ વધી અને તમારી લાલચો વધશે. ગૃહસ્થાશ્રમી માણસને તેની ગૃહસ્થાઈ એટલે સધવાપણું એ મોટો અંકુશ છે. એ અંકુશ તમારી ઉપરથી ચાલ્યો ગયો.[1] હવે તમે જ્યાં ઊભા છો ત્યાંથી બે રસ્તા સ્ફુરે છે. તમારે કયો લેવો તેનો નિર્ણય કરવાનો રહ્યો છે. આશ્રમમાં એક ભજન ઘણી વાર ગવાય છે તેની પહેલી લીટી છે: "નિર્બલકે બલ રામ."

માણસ અભિમાની થઈને ઈશ્વરની સહાય નથી માગી શકતો પણ પોતાનું દીનપણું સ્વીકારીને જ માગી શકે છે. આપણે કેટલા તુચ્છ છીએ, કેવા રાગદ્વેષથી ભરેલા છીએ, કેવા વિકારો આપણને ડોલાવ્યા કરે છે એનો સાક્ષાત્કાર પથારીમાં પડ્યો હું હમેશાં કર્યા કરું છું. ઘણી વખત મારા મનની હલકાઈથી મને શરમ આવે છે. ઘણી વખત મારા શરીરના લાડથી હું નિરાશ થઈ આ શરીરની કેવળ સમાપ્તિ ઇચ્છું છું અને મારી દશા ઉપરથી બીજાની દશાનું માપ હું સારી

૧. કેટલાક સમય પહેલાં હરિલાલની પત્નીનું અવસાન થયું હતું.

Gandhi Heritage Portal

રીતે કરી શકું છું. તમને હું મારા અનુભવનો સંપૂર્ણ લાભ આપીશ. તમારાથી લેવાય તેટલું તમે લેશો અને એ બધું તમે આવશો ત્યારે જ થઈ રહેશે.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

महादेवभाईनी डायरी, પુસ્તક ચોથું

## ૭૭. મૉન્ટેગ્યુ-ચેમ્સફર્ડ યોજના સંબંધી પ્રશ્નોના જવાબ

[ડિસેમ્બર, ૧૯૧૮]

મુંબઈથી પ્રગટ થતા हिंदुस्तान નામના એક ગુજરાતી દૈનિકમાં એક લેખકે મહાત્મા ગાંધીને નીચેના જાહેર પ્રશ્નો પૂછ્યા છે:

(૧) ગુજરાત વતી આપે મિ. મૉન્ટેગ્યુ ઉપર એક ઘણી મોટી અરજી[1] મોકલી આપી હતી. એમાં આપે હિંદુસ્તાન માટે કેટલાક અધિકારોની માગણી કરી હતી. એ અધિકારોનો મૉન્ટેગ્યુ-ચેમ્સફર્ડ યોજનામાં સમાવેશ થતો નથી એ વાત સાચી છે કે નહીં?

(૨) આ અધિકારો એ યોજનામાં નથી એ વાત જો સાચી હોય તો એની માગણીને ટેકો આપવા માટે ભરવામાં આવેલી ખાસ કૉંગ્રેસમાં[2] આપ હાજર કેમ ન રહ્યા?

(૩) જો આપ એમ માનતા હો કે મૉન્ટેગ્યુ-ચેમ્સફર્ડ યોજના ભારતીય જનતાને સંતોષ આપે એવી છે, તો પછી આપે વિનીતોની પરિષદમાં[3] હાજરી કેમ ન આપી?

આ પ્રશ્નોના શ્રી ગાંધીએ નીચે મુજબ જવાબો આપ્યા છે:

(૧) કૉંગ્રેસ-લીગ યોજનામાં[4] જે અધિકારોની માગણી કરવામાં આવેલી છે તે બધા અધિકારો મૉન્ટેગ્યુ-ચેમ્સફર્ડ યોજનામાં માન્ય રાખવામાં આવેલા નથી.

(૨) ખાસ કૉંગ્રેસમાં હું હાજર ન રહ્યો તેનું કારણ એ હતું કે એના નેતાઓ સાથે મારે કેટલાક સિદ્ધાન્તો બાબતમાં મતભેદો હતા અને એવા સંજોગોમાં કૉંગ્રેસના મંચ ઉપરથી મારા વિચારો રજૂ કરવા એ મને અયોગ્ય લાગતું હતું. વિવાદગ્રસ્ત બાબતોમાં મારી મૂક સંમતિ પણ મારે આવવા દેવી નહોતી, તેથી જ હું ગેરહાજર રહ્યો હતો.

(૩) જેમ ઉદ્દામવાદી નેતાઓ સાથે મારે સિદ્ધાન્તો અંગે મતભેદો હતા તેવી જ રીતે વિનીત નેતાઓ સાથે પણ મારે મતભેદો હતા. અને તેથી મને લાગ્યું કે એમની પરિષદમાં પણ મારે હાજર ન રહેવું એ જ યોગ્ય છે.

સિદ્ધાન્તો બાબતમાં મારો મતભેદ શો છે એ ચર્ચામાં હું અહીં ઊતરી શકતો નથી, કેમ કે એ વિષય અટપટો છે. અત્યારે હું બીમાર હોઈ પથારીવશ છું, એટલે મારો અંગત અભિપ્રાય ચર્ચવાની ના પાડવા માટે એ કારણ પૂરતું છે.

[મૂળ અંગ્રેજી]

इन्डियन रिव्यू, ડિસેમ્બર, ૧૯૧૮ના અંકમાં न्यू टाइम्समांथी ઉતારો

૧. જુઓ પુસ્તક ૧૩, "ઈ. એસ. મૉન્ટેગ્યુને અરજી", ૧૩–૯–૧૯૧૭ પહેલાં.

૨. સૈયદ હસન ઇમામના પ્રમુખપદે, ઑગસ્ટ-સપ્ટેમ્બર, ૧૯૧૮માં મુંબઈમાં ભરાયેલું હિંદી રાષ્ટ્રીય કૉંગ્રેસનું ખાસ અધિવેશન.

૩. નવેમ્બર, ૧૯૧૮માં ભરાયેલી.

૪. ૧૯૧૬ની યોજના.

Gandhi Heritage Portal

## ૭૮. મદ્રાસના મિલમજૂરોને તાર[1]

[ડિસેમ્બર ૨,] ૧૯૧૮

તબિયત સુધરતી જાય છે, છતાં હજી પથારીમાં છું. એટલે મદ્રાસ આવવા અથવા બીજી રીતે મિલમજૂરોને મદદ કરવા અશક્ત છું.

મો. ક. ગાંધી

[મૂળ અંગ્રેજી]

બેંગાલી, ૪-૧૨-૧૯૧૮

## ૭૯. હિંદી રાષ્ટ્રીય કૉંગ્રેસને પત્ર[2]

ડિસેમ્બર ૨૬, ૧૯૧૮

આ વખતે હું કૉંગ્રેસમાં હાજર ન રહી શક્યો એ વાતનું મને દુ:ખ છે. મારી તબિયત સારી નથી. આશા રાખું છું કે બંને તરફના પ્રતિનિધિઓ કૉંગ્રેસમાં હાજર હશે. ઈશ્વરને મારી પ્રાર્થના છે કે કૉંગ્રેસનું કામ સફળ થાય.

મોહનદાસ કરમચંદ ગાંધી

[મૂળ હિંદી]

પ્રતાપ, ૩૦-૧૨-૧૯૧૮

## ૮૦. ચંપારણના કલેક્ટરને પત્ર[3]

સાબરમતી,

[૧૯૧૮]

ભીતિહરવા શાળા સંભાળનાર શ્રી પુંડલીક મને જણાવે છે કે એમને વારંવાર એમ પૂછવામાં આવે છે કે તમે કોના પ્રતિનિધિ તરીકે કામ કરો છો અને તમારું કામ શું છે? આના જવાબમાં હું આપને જણાવું છું કે શ્રી પુંડલીક મારા પ્રતિનિધિ તરીકે કામ કરે છે. તેઓ જે કામ કરી રહ્યા છે તે માટે મેં તેમને ભારત સેવક સમાજવાળા ડૉ. દેવની ભલામણથી પસંદ કરેલા છે. તેઓ સ્વખુશીથી વેતન વિના કામ કરે છે.

આપનો સહૃદયી

મો. ક. ગાંધી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી: જી. એન. ૫૨૨૦

૧. મદ્રાસ મજૂર સંઘના રોજગારી મંડળ (મદ્રાસ લેબર યુનિયન એમ્પ્લોયમેન્ટ બ્યુરો)ના આશ્રયે, ૨૭ ડિસેમ્બરની સાંજે મળેલી મિલમજૂરોની સભામાં આ તાર વાંચી સંભળાવવામાં આવ્યો હતો.

૨. હિંદી રાષ્ટ્રીય કૉંગ્રેસના દિલ્હી અધિવેશનમાં પંડિત મદનમોહન માલવિયાએ જે પત્ર વાંચી સંભળાવ્યો હતો તેનો આ સાર છે.

૩. આ પત્ર મહાદેવ દેસાઈએ શ્રી પુંડલીકને હિંદીમાં લખેલા એક પત્રમાં ઉતારેલો છે. એ પત્રમાં લખ્યું હતું કે: "તમારા પત્રો મળતા રહે છે. તમારે મક્કમ રહીને કામ કરતા રહેવું. તમારે વિષે આજે ગાંધીજીએ કલેક્ટરને નીચે મુજબ પત્ર લખ્યો છે."



Gandhi Heritage Portal

## ૮૧. મગનલાલ ગાંધીને પત્ર

મારવાડ જંક્શન,
મંગળવાર [૧૯૧૮]

ચિ. મગનલાલ,

શાળામાંથી ચોરી કરવા આવેલાનું મેં સાંભળેલું. ઓશરીમાં કોઈને સુવાડવાની જરૂર છે. મેં લલ્લુભાઈને ગઈ રાતે તો મોકલ્યા હતા. તેને અને બીજાને પણ મોકલાય તો સારું. નિશ્ચિંત થઈ, શ્રદ્ધા રાખી, હિંમતપૂર્વક કાર્ય કરજો.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

પત્ર પરથી: સી. ડબ્લ્યુ. ૫૭૧૪

શ્રીમતી રાધાબહેન ચોધરીના સૌજન્યથી

## ૮૨. એસ્થર ફેરિંગને પત્ર

મુંબઈ,
૧૯૧૮

વહાલાં એસ્થર,[1]

ઊથલો ખાધા પછી, લખવાનો આ મારો પ્રથમ પ્રયાસ છે.

તમારા કર્તવ્ય બાબતમાં હું તમને બહુ ચોક્કસ સલાહ તો આપી શકતો નથી. તેમ છતાં હું ધારું છું કે જો તમે મિ. ઍન્ડ્રૂઝની વિનંતીને[2] માન આપી ચાલશો તો ઠીક થશે. તમારા ત્યાં જવાથી કોઈ ઉપયોગી હેતુ સરશે કે કેમ તેની મને પોતાને તો શંકા જ છે. તમારા હવે પછીના પત્રો ઉપરથી આ વાતની સ્પષ્ટતા થશે. આ લાંબા વૅકેશનમાં તમે આશ્રમમાં આવ્યાં નથી, તે વાતથી મને ખૂબ જ અફસોસ થાય છે. પરંતુ પરાણે લાદેલા આ વિયોગથી તમે આશ્રમની વધારે નિકટ આવી રહ્યાં છો.

તમને જાણીને આનંદ થશે કે તમારી બનાવેલી બંડીઓ હું દરરોજ પહેરું છું. તમે બજાવેલી લાંબી સેવાની એ કાયમની સ્મૃતિ છે.

છેલ્લા બે દિવસથી મારી તબિયત સુધારા ઉપર છે. પરંતુ આવો સુધારો એકાદ પખવાડિયું ટકે નહીં ત્યાં સુધી એના પર ભરોસો મૂકી શકાય નહીં.

બાકીનું મહાદેવ લખશે.

પ્યાર સાથે,

તમારો
બાપુ

[મૂળ અંગ્રેજી]

માય ડિયર ચાઈલ્ડ, પા. ૩૧

૧. દક્ષિણ ભારતમાં આવેલી "ડેનિશ મિશનરી સોસાયટી"નાં એક મહિલા કર્મચારી; પોતાના શૈક્ષણિક કાર્યની તૈયારી રૂપે તેઓ સાબરમતી આશ્રમ જોવા ગયાં હતાં.

૨. મિ. ઍન્ડ્રૂઝે એમ કહ્યું હતું કે એસ્થર ફેરિંગે શાંતિનિકેતનમાં કામ કરવું જોઈએ.

Gandhi Heritage Portal

## ૮૩. સી. એફ. ઍન્ડ્રૂઝને પત્ર

જાન્યુઆરી ૬, ૧૯૧૯

મારી તબિયતમાં ચડઊતર થયા કરે છે. તેથી હું ટેવાઈ ગયો છું. તેથી હું જરાયે ગભરાતો નથી. કારણ હું જોઉં છું કે આ લંબાતી માંદગીમાંથી હું ઊઠી શકું તે પહેલાં ઘણી ચડઊતર થયા કરશે. આ ક્ષણે તો હું તદ્દન સાજો દેખાઉં છું. મારે કેટલાંક ઇન્જેક્શનો લેવામાં સંમત થવું પડ્યું છે અને તેની ધાર્યા પ્રમાણે અસર થઈ છે. એ ઇન્જેક્શનો ભૂખને જાગ્રત કરવા માટે હતાં. અને મારે કબૂલ કરવું જોઈએ કે અત્યારનો મારો ખોરાક ગુણમાં તેમ જ જથ્થામાં અકરાંતિયાને પણ અદેખાઈ કરાવે તેવો છે. પણ એમાંથી પાછો હું ક્યારે ઊથલો ખાઈશ તે કહી શકાતું નથી. હું ધારું છું કે બહુ ચોકસ નિરીક્ષણ કરનાર હોય તો તે સમયપત્રક બાંધી શકે અને હવે પછીનો ઊથલો ક્યારે આવશે અને ત્યાર પછીના બીજા ક્યારે આવશે તેની આગાહી કરી શકે. અત્યારે હું બહુ પ્રખ્યાત દાક્તરની સારવાર નીચે છું. એ મને પંદર ઇન્જેક્શનો આપવા ઇચ્છે છે જેમાંનાં અત્યાર સુધીમાં ચાર અપાયાં છે. એટલે મારી સામેનો ચિતાર જરાય આનંદદાયક નથી. અને સોય ભોંકાય છે એ તો જરૂર આનંદ આપે એવી નથી હોતી. પણ જીવવા માટે શું શું વેઠવા આપણે તૈયાર નથી થતા?

મેં છાપાંમાં વાંચ્યું કે કલકત્તાના બિશપ ગુજરી ગયા છે. એમની ખોટ તમને ભારે લાગશે. પણ સાથે સાથે મને એ વિચાર પણ આવે છે કે તે દુ:ખમાંથી છૂટયા. મારી સગવડનો વિચાર કરતાં તો તમે મિસ ફેરિંગને બોલપુર મોકલ્યાં છે તે સારું જ કર્યું છે. પણ તમારાં કામો મને આવેગમાં કરેલાં જણાય છે. હવે તમે મને ખાતરી આપો છો કે તેણે તમારું સ્થાન બરાબર લીધું છે એટલે મારે કાંઈ કહેવાનું રહેતું નથી. જોકે મિસ ફેરિંગના કાગળ ઉપરથી મને એમ લાગેલું કે શાંતિનિકેતનમાં ઉપલાં ધોરણનું અંગ્રેજી લેવાનું એને ફાવતું નથી. અથવા એમ કહીએ તોપણ ચાલે કે નીચલાં ધોરણનું પણ ફાવતું નથી. પણ મિસ ફેરિંગમાં એટલી શ્રદ્ધા છે કે તેને માટે કશું અશક્ય નથી. જ્યાં હજારો નિષ્ફળ ગયા છે ત્યાં તે ફાવેલી છે. ડેનિશ મિશનમાંથી તેણે મુક્તિ મેળવી ખરી? કારણ તમે કહો છો કે બોલપુરનું કામ પૂરું થયા પછી તે મારી પાસે આવવાની છે. ત્યાં કશી ખટાશ ઉત્પન્ન કર્યા વિના તે મુક્ત થઈ શકી હોય તો બહુ ભારે વાત કહેવાય. ૧૫મી તારીખ સુધી હું મુંબઈમાં જ છું. પછી મારે કોલંબો જવું એવી વાત ચાલે છે. તે કેટલે દરજ્જે યોગ્ય છે તે મારે વિચારવું પડશે. કૉંગ્રેસના પ્રતિનિધિ તરીકેની મારી ચૂંટણી વિષે તમે કાંઈ ચિંતા કરશો નહીં. હું હજી કશા છેવટના નિર્ણય ઉપર આવ્યો નથી. વાસ્તવિક હકીકત મારી સામે આવીને ઊભી રહેશે ત્યારે હું જાણું છું કે મારો માર્ગ મને દીવા જેવો ચોખ્ખો દેખાશે. અત્યારે હું કશાની ચિંતા કરતો નથી. પ્રતિનિધિ તરીકે જવા માટે હું ઇંતેજાર નથી. પણ એ મારે માટે ફરજ રૂપ જ હશે તો હું તે ટાળીશ નહીં. હું આશા રાખું છું કે તમે મઝામાં હશો.

મોહન

[મૂળ અંગ્રેજી]

મહાદેવ દેસાઈની હસ્તલિખિત ડાયરીમાંથી

શ્રી નારાયણ દેસાઈના સૌજન્યથી

ભાષાંતર: મહાદેવભાઈની ડાયરી, પુસ્તક ચોથું

Gandhi Heritage Portal

## ૮૪. ડૉ. પ્રાણજીવન મહેતાને પત્ર

[મુંબઈ,]
જાન્યુઆરી ૯, ૧૯૧૯

મારી તબિયત ચંદ્રમાની કળા જેવી છે. વધે છે અને ઘટે છે. માત્ર અમાવાસ્યામાંથી છટકી જાય છે. હરસની વેદના તદ્દન બંધ થઈ ગઈ છે. પણ ખાવાની રુચિ નથી અને શરીરમાં શક્તિ નથી એ વ્યાધિ રહેલી છે.

[મૂળ ગુજરાતી]

મહાદેવભાઈની ડાયરી, પુસ્તક ચોથું

## ૮૫. મગનલાલ ગાંધીને પત્ર

[મુંબઈ,]
જાન્યુઆરી ૧૦, ૧૯૧૯

હું અત્યારે દરેક વિષય ઉપર એટલા બધા વિચારમાં ઊતરી ગયો છું કે ઘણી વેળા તેમાંથી કાંઈક ભાગ તમને બધાને આપવાનું મને ભારે મન થઈ જાય છે. પણ મનની મંદતાને લીધે અને શરીરની દુર્બળતાને લીધે કંઈ લખી શકતો નથી કે લખાવી શકતો નથી. આજે લખાવ્યા વિના રહી શકતો નથી. અત્યારે હું જે જે ફેરફારો કરી રહ્યો છું તેમાં મારી દુર્બળતા જરાયે નથી એમ મારો આત્મા સાક્ષી પૂરે છે. એ ફેરફારો હું તટસ્થ રહીને સબળતાથી કરું છું અને તેનું મુખ્ય કારણ તમને બધાંને અને મિત્ર વર્ગને સંતોષવાનું છે. બાનો ચહેરો હું જોઈ શકતો નથી. ઘણી વખત તેનો ચહેરો ગરીબડી ગાયના જેવો લાગે છે, અને કેટલીક વેળા ગાયને જેવી આપણને તે કાંઈ કહેતી હોય તેવી જોઈએ છીએ તેમ હું બાને જોઉં છું. તેની આ દીનતામાં સ્વાર્થ રહ્યો છે, એ પણ હું જોઉં છું. એમ છતાં તેનો વિનય મને પરાજિત કરે છે. તેથી જ્યાં જ્યાં છૂટું મેલી શકાય ત્યાં ત્યાં છૂટું મેલવાની ઇચ્છા થઈ જાય છે. ચાર દહાડા પહેલાં જ બા દૂધને સારુ આક્રંદ કર્યા કરતી હતી અને અકસ્માત્ બોલી ઊઠી, “ગાયનું તો ભલે ન લો, પણ બકરીનું દૂધ કાં ન લેવાય?” હું ચમક્યો. જ્યારે મેં વ્રત લીધું ત્યારે બકરી તો મારા ખ્યાલમાં જ ન હતી. બકરીના દૂધના ઉપયોગ વિષે તે વખતે કેવળ અજાણ હતો, અને બકરીની પીડા કાંઈ મારી નજર આગળ તરતી ન હતી. મારું વ્રત તો કેવળ ગાયના દૂધને સારુ હતું. ભેંસનો પણ મેં વિચાર નહીં કરેલો. પણ ભેંસનું દૂધ લેવું, તે મારા મુખ્ય હેતુને આઘાત પહોંચાડે તેમ હતું. બકરીના દૂધને વિષે એવું કંઈ નથી, આથી હવે હું મિત્રોનો વિલાપ ઘણે અંશે રોકી શકીશ એમ મને લાગ્યું. તેથી બકરીનું દૂધ લેવાનો નિશ્ચય કર્યો. જોકે એક પ્રકારે બકરીના દૂધને વિષે જ્ઞાન મેળવ્યા પછી મારા વ્રતની બહુ કિંમત નથી રહેતી, છતાં તેની કિંમત તદ્દન જતી પણ નથી. ગમે તેમ હો પણ આ છુટકારાથી હું રાજી થયો છું. કેમ કે મિત્રોની પીડા દિવસે દિવસે વધતી જતી હતી, દાક્તર મહેતાના તાર ઉપરાઉપરી આવતા હતા. બકરીના દૂધમાં અને ગાયના દૂધમાં જો બકરીને બરોબર ઉછેરવામાં આવે તો, કાંઈ તફાવત નથી. ઇંગ્લંડની

Gandhi Heritage Portal

બકરી તો ગાયના કરતાં વધારે જોરાવર દૂધ આપે છે તેમ પુસ્તકોમાં પણ છે. આપણી બકરીઓનું દૂધ હળવું ગણાય છે, પણ તે નુકસાનકારક હોવાને બદલે લાભકારક ગણાય. જે હો તે હો. મેં તો મારાથી લઈ શકાય તેટલાં પગલાં લીધાં છે. દાક્તરને ચામડીની અંદર સોમલની, ઝેરકચોલાની અને ગજવેલની પિચકારી પણ મારવા દઉં છું. આમ છતાં જો તબિયત ઠેકાણે ન આવે તો પાંચ વસ્તુનું વ્રત છોડવાથી આવે તેમ આપણાથી કહેવાય જ નહીં, એટલે હવે કોઈને કંઈ કહેવાપણું રહેતું નથી. આ બધા ફેરફારોની અસર શી થાય છે એ આપણે ધીરજથી જોવાની રહી. આમ છૂટ તો મૂકી, છતાં એક ક્ષણ પણ અંતરાત્મા પૂછ્યા વિના રહેતો નથી, "આટલો પરિશ્રમ શાને સારુ?" "જીવીને શું કરવું?" "કયો સુધારો કરવાની પાછળ મથવું?" જર્મનીના કૈસરની સ્થિતિનો જ્યારે હું વિચાર કરું છું ત્યારે જેમ આપણે કોડીઓની સાથે રમત કરીએ છીએ તેમ આપણી સાથે કોઈ મહાવ્યક્તિ કેમ જાણે રમત કરતી ન હોય એમ લાગે છે. એક ગોળાની ઉપર ફરતી કીડીઓ જેટલી નાની છે એના કરતાં પ્રમાણમાં આ ગોળા ઉપર આપણે બહુ વધારે નાના છીએ અને કીડીઓની જેમ અજ્ઞાનમાં ઘસ્યા કરીએ છીએ. કચરાયા કરીએ છીએ. આવા વિચારો આવતાં છતાં આપણા કર્તવ્ય વિષે મને એક ક્ષણભર પણ શંકા આવતી નથી. આપણે પ્રવૃત્તિરહિત રહી શકતા નથી, એટલે આપણું કર્તવ્ય પારમાર્થિક વૃત્તિ માટે જ હોઈ શકે. એવી પ્રવૃત્તિ કરનાર માણસ પરમ શાંતિ અનુભવી શકે છે. એવી પ્રવૃત્તિ આપણે આશ્રમમાં પણ કરવી રહી. તમારી પાસે જાર વાવવા વિષે અને વણાટકામ વિષે જે સૂચના આવી છે તે વિષે જે યોગ્ય લાગે તે કરજો. જે કરો તે મને લખજો, રસોડાને સારુ નોકરની જરૂર જણાય તો તમે રાખી શકો છો તે યાદ રાખજો.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

મહાદેવભાઈની ડાયરી, પુસ્તક ચોથું

## ૮૬. સી. એફ. ઍન્ડ્રૂઝને પત્ર

જાન્યુઆરી ૧૦, ૧૯૧૯

પ્રિય ચાર્લી,

ત્યારે તમે તો ઇન્ફ્લુએન્ઝામાં પટકાઈ પડ્યા છો. મને એ જ આશ્ચર્ય લાગતું હતું કે કાયમના રખડાટ છતાં તમે તમારી તબિયત આટલી સાચવી રહ્યા છો. હું ધારું છું કે ઈશ્વર જેને પોતાનું સાધન બનાવવા માગે છે, ખાસ કરીને જે કશો વિરોધ કર્યા વિના એને દોરવા દે છે, તેનું એ રક્ષણ પણ કરે જ છે. એટલે તમારે માટે હું જરાય ચિંતા કરતો નથી. મારી ખાતરી છે કે તમારા કામ માટે જોઈતું બળ તમને મળી જ રહેવાનું છે. મારી તબિયતમાં તો ચડઊતર ચાલ્યા જ કરે છે. મારા ઇંગ્લંડ જવાની જરૂર વિષે, ત્યાં જઈને હું કાંઈ જાહેર કામ કરી શકું એ માટે અથવા તો મારી તબિયતને માટે, તમને જેમ જણાય છે તેમ મને સ્પષ્ટ જણાતું નથી. હું ધીમે ધીમે મારો માર્ગ જોતો જાઉં છું અને એક એક ડગલું આગળ ભરું છું.

[મૂળ અંગ્રેજી]

મહાદેવ દેસાઈની હસ્તલિખિત ડાયરીમાંથી
શ્રી નારાયણ દેસાઈના સૌજન્યથી
ભાષાંતર : મહાદેવભાઈની ડાયરી, પુસ્તક ચોથું

Gandhi Heritage Portal

## ૮૭. રામદાસ ગાંધીને લખેલા પત્રનો અંશ

[મુંબઈ,]
જાન્યુઆરી ૧૬, ૧૯૧૯

મણિલાલ ખૂબ મહેનત કરી રહેલ છે એમાં શક નથી. તમારે હાલ તેને મદદ કરવા રહેવું જોઈએ એ વિષે મારા મનમાં શંકા નથી. ધીમે ધીમે મણિલાલ इन्डियन ओपीनियनને ચડાવી શકશે. તમે પણ તમારી શક્તિ ઉપર ભરોસો રાખી સ્વતંત્ર લેખો લખો તો લખી શકો છો, એમાં એક જ વસ્તુના જ્ઞાનની જરૂર છે. એ હકીકતનું. તમને ખેતીનું જ્ઞાન હોય તો તમે તે વિષે સારા લેખ જરૂર લખો. ઘણા લેખકો પોતાના વિષયને જાણે નહીં છતાં મોટું ડહાપણ કરી લખવા જાય ને નિષ્ફળ નીવડે છે. તમે કોઈ સહેલા વિષય ઉપર કાબૂ મેળવી લખવાનું શરૂ કરો તો તમે સફળ થશો જ. તમે કાછલિયા શેઠના અવસાનનું વર્ણન બરાબર આપી શકત. એમ શરૂઆત કરતાં ટેવ પડી સારા લેખો લખી શકાય છે. મિ. પોલાક મારી પાસે આવ્યા ત્યારે તેના લેખો લાંબા ને રસ વિનાના હતા. ચાર માસના મહાવરા પછી તે ઠીક લખવા લાગ્યા ને એક વર્ષ પછી તો ખૂબ ચડી શક્યા. તમને તમારી શક્તિને વિષે શ્રદ્ધા નથી એ મહા આપત્તિ છે. તમે ઠોઠ છો એમ માનવાનું કાંઈ કારણ નથી. તમને વાંચવાલખવાનો શોખ થાય તો શક્તિ ઘણીયે છે. . . .[1]

[મૂળ ગુજરાતી]

महादेवभाईनी डायरी, પુસ્તક ચોથું

## ૮૮. નરહરિ પરીખને પત્ર

[મુંબઈ,]
જાન્યુઆરી ૨૧, ૧૯૧૯

ભાઈશ્રી નરહરિ,

અત્યારે રાતના સાડા બાર વાગ્યા છે. ગઈ કાલે હરસ કપાવ્યા. ખૂબ વેદના ભોગવ્યા પછી મૉર્ફિયા (અફીણ) પિચકારી વાટે ચઢાવ્યું. એનું ઘેન ચઢ્યું, અને ઊંઘ આવી. બપોરના બે વાગ્યાથી ઊંઘ્યો તે રાતે પાછો બાર વાગતે જાગ્યો છું, એટલે મગજ શાંત છે, અને હવે તુરતાતુરત નિદ્રા નહીં આવે. વળી ભાઈ મહાદેવનો અત્યારે જાગવાનો વારો છે, તેથી તમને કાગળ લખવાનો ઈરાદો થવાથી કાગળ લખાવું છું.

સૌ ઉમેદ રાખે છે કે કાપવાની ક્રિયા થવાથી હું હરસના દર્દમાંથી સદાને સારુ મુક્ત થઈશ. જો એમ થશે તો મારું શરીર ઝપાટાભેર વળવાનો સંભવ છે. મારું મહિનો માસ તો અહીં રહેવાનું થશે જ અને ત્યાર બાદ બીજે ઠેકાણે જતાં પહેલાં આશ્રમમાં આવી જવાનો છું. મારી તબિયત વિષે કોઈ ચિંતા ન કરો એ મારી માગણી છે.

૧. પત્રનો બાકીનો ભાગ મળતો નથી.

Gandhi Heritage Portal

દૂધ વિષે મેં જે છૂટ લીધેલી છે તે ઉપરની તમારી ટીકા[1] વાંચીને બહુ ખુશ થયો છું. મંદવાડને લીધે કે કોઈ પણ કારણસર જ્યારે કોઈ મિત્રને એમ લાગે કે આમાં મિત્રની નબળાઈ છે તો જોનાર મિત્રની ફરજ છે કે એ નબળાઈ તરફ પેલાનું ધ્યાન ખેંચવું. માણસને પડવાની લાલચ એટલી બધી હોય છે, અને પોતાને છેતરવાની એટલી બધી સગવડ કુદરતે જ તેને કરી આપી છે, કે સાવધાન રહેનાર માણસ પણ જો નબળો હોય અથવા એના બધા ત્યાગો વૈરાગ્ય વિનાના હોય તો એ અવશ્ય પડે. એટલે મેં ઉપર બતાવ્યું તે પ્રમાણે મિત્રોએ એકબીજાની ચોકી રાખવાની જરૂર છે. એ ચોકી તમે બધા સંપૂર્ણતાએ કરો એ હું ઇચ્છું છું. તેમાં તમારી અને મારી ઉન્નતિ છે. કાંઈ પણ મોટો ફેરફાર કર્યા પહેલાં ભાઈ મહાદેવની સાથે તો હું મસલત કરું છું જ, પણ મને એવી ધાસ્તી હમેશાં લાગ્યા કરેલ છે કે મહાદેવ મારી નબળાઈઓને પોતાના અગાધ પ્રેમને લીધે પિછાની શકતા નથી, અને જ્યારે પિછાને છે ત્યારે દરગુજર કરે છે, તેથી હું તેની સાથેની મસલતનો પૂરેપૂરો લાભ નથી લઈ શકતો. તમારી ટીકા તમે મારા જ પત્રમાં લખી હોત તો હું વધારે ખુશ થાત. મને આટલો તો નિશ્ચય છે કે મિત્રો મારી પાસે વિરુદ્ધ દલીલ મૂકે તે હું પૂરેપૂરી સમજી શકું છું કેમ કે હું તટસ્થ છું. એટલે જ્યાં જ્યાં આપણા વિચારોની એકતા ન હોય ત્યાં ત્યાં મને લાગે છે કે તમારે બધાએ તમારો મતભેદ તુરત જણાવવો. એ મારા મગજ ઉપર ગંભીર અસર નહીં કરે અને મારાં કાર્યો વિષે મારે પોતે જ જે કાજીનું કાર્ય કરવું પડે છે એ દુર્દશામાંથી હું છૂટી જઈશ. મને પોતાને તો એવો નિશ્ચય છે કે હું મારાં વ્રતોને ઘણી કાળજીપૂર્વક અને પૂરી સફળતા સાથે જાળવી શક્યો છું. મેં બકરીનું દૂધ લેવાનું શરૂ કર્યું તેના પહેલાં મેં ૨૪ કલાક સુધી વિચાર કર્યો, અને હું તો એમ કહેવા ઇચ્છું છું કે જ્યાં જ્યાં મેં છૂટ લીધી ત્યાં ત્યાં મેં સબળ કારણોથી લીધી છે. મને જીવવાનો બિલકુલ આગ્રહ નથી, અને મંદવાડના પાંચ કરતાં વધારે માસ થઈ ગયા તોપણ એ મારી બેદરકારીની સ્થિતિ કાયમ છે. મેં દૂધનું વ્રત લીધું તે વેળાએ ગાય અને ભેંસના દૂધ સિવાય મારા મનમાં બીજા દૂધનો ખ્યાલ ન હોઈ શકે અને ન હતો. મેં દૂધનો ત્યાગ કરવાનું વ્રત લીધું તે વખતે હું ખૂબ વિચારી ગયો હતો. ગાયો અને ભેંસોની[2] ઉપર પડતી હાડમારીઓનો મને ભારે ખ્યાલ હતો, તેથી મેં દૂધનું વ્રત લીધું. આ સમયે મારી શી ફરજ છે? મારે જે સ્વાભાવિક અર્થ નીકળી પડે છે એ ગ્રહણ કરવો કે જે અર્થ આપણે અતિશય સૂક્ષ્મતા કરીને કાઢીએ તે લેવો? મને લાગે છે કે મારાં વ્રતો વિષે જેટલે દરજ્જે ઉદાર અર્થ મળી શકે તેટલે દરજ્જે મારે છૂટ લેવી જોઈએ. આ છૂટમાં હું સૂક્ષ્મ રીતે પણ મારા વ્રતનો ભંગ થાય છે એમ કબૂલ નહીં કરું. વૈદકશાસ્ત્રથી જે પ્રયોગ હું કરી રહ્યો હતો તેને હવે ઘણો ધક્કો પહોંચે ખરો, પણ વૈદકશાસ્ત્રનો પ્રયોગ આધ્યાત્મિક વસ્તુ નથી. દૂધના ત્યાગમાં જે સંયમ અને આધ્યાત્મિકતા હતાં તે તો પૂરેપૂરાં નભ્યાં છે. જેમ જેમ દિવસો જતા ગયા તેમ તેમ મિત્રોનો આગ્રહ પણ વધતો જ ચાલ્યો. દા. મહેતા તારો કર્યા જ કરે છે. બીજા હજારો હિંદીઓ મારા દર્દથી અતિશય અકળાઈ રહ્યા છે. મારી માંદગીને લીધે બા જોકે હમેશાં રુદન અને

૧. મહાદેવભાઈની ડાયરી, પુસ્તક પાંચમાં ઉતાર્યા પ્રમાણે મહાદેવ દેસાઈ ઉપર લખેલા પત્રમાં એ ટીકા આ પ્રમાણે હતી: "આપે બકરીનું દૂધ લેવા માંડ્યું તેથી અમે સૌ રાજી થયાં છીએ. પણ આવી રીતે વ્રતના નવા અર્થો શોધી કાઢી તેને ધીમે ધીમે તોડવું એના કરતાં સીધેસીધું છોડી દેવું એમાં સબળતા છે."

૨. જુઓ આત્મકથા, ભાગ ૫, પ્રકરણ ૨૯.

Gandhi Heritage Portal

કલ્પાંત નથી કરતી, પણ એનો આત્મા તો અતિશય પિડાયો જ છે. આવે સમયે મારી શી ગતિ? એક જ જવાબ એ પ્રશ્નનો મળી શકે. વ્રતને તલમાત્ર પણ હાનિ પહોંચાડયા સિવાય જ્યાં જ્યાં ઉદારતા વાપરી શકાય ત્યાં ત્યાં ઉદારતા વાપરીને મારે છૂટ લેવી. આજ તો આટલેથી બંધ રાખીશ. બીજી દલીલો તો ઘણી છે. પણ જે મુખ્ય દલીલ છે એ જ મેં તમને આપી છે. આ મારી દલીલ તમને સંતોષકારક ખુલાસો ન આપતી હોય અને હજી પણ તમે મારા કાર્યને વિષે નબળાઈ જ જુઓ તો મને જરૂર ટીકા મોકલજો. બીજાઓની સાથે મસલત કરીને પણ તમે મને ટીકા મોકલશો તો હું બહુ રાજી થઈશ. તમારી ટીકા મને બરોબર જણાશે તોપણ હાલ તુરતમાં હું દૂધ જારી જ રાખીશ. એટલે રખેને હું દૂધ છોડી દઉં એ ધાસ્તીએ તમે સંકોચ ન કરજો.

મણિબહેનને[1] તમે કાળજીપૂર્વક શીખવ્યા કરો છો, એ મને બહુ પ્રિય લાગે છે. આપણાં બધાં બૈરાંને આપણે આગળ મૂકી શકીએ તો તેમાંથી ઘણાં મોટાં પરિણામો આપણે લાવી શકીશું.

[મૂળ ગુજરાતી]

મહાદેવભાઈની ડાયરી, પુસ્તક પાંચમું

## ૮૯. બલિને પત્ર

[મુંબઈ,]
જાન્યુઆરી ૨૧, ૧૯૧૯

ચિ. બલિ,[2]

તમારો કાગળ મને મળ્યો. મારી તબિયત નરમ ગરમ રહ્યા કરે છે. ચારેક દિવસ થયા હું હરસથી ખૂબ પીડાયો. ગઈ કાલે દાક્તરે નસ્તર મૂક્યું છે, એટલે હવે ખબર પડશે કે દુખાવામાંથી મુક્ત થઈશ કે નહીં. છોકરાંઓ ગમ્મત કરે છે. પરમ દિવસે કુમીની[3] સાથે મોકલ્યાં હતાં. રાતના સૂવાને સારુ છોકરાંઓને કુમીની સાથે નથી જવા દેતાં. હરિલાલનો કાગળ છે તેમાં લખે છે કે છોકરાંઓના સૂવાના સ્થળમાં ફેરફાર ન કરવો. હું તમારી મરજી પ્રમાણે છોકરાંઓની વ્યવસ્થા નથી કરી શકતો તેથી તમને બંનેને બહુ દુઃખ થાય છે, છતાં મારે ઘાતકીપણું વાપરીને પણ છોકરાંઓને તમારી પાસે મોકલવાની ના લખવી પડે છે. છોકરાંઓ વખતોવખત હેરફેર ન કરે એ અત્યંત આવશ્યક છે. કાલથી છોકરાંઓને ભણાવવા સારુ માસ્તરનો પણ બંદોબસ્ત કર્યો છે. મનુના[4] જે ઉપચારો ચાલે છે તેથી મનુ દિવસે દિવસે વધતી જાય છે. રામીનું[5] પણ એમ જ. આવી સ્થિતિમાં જો તમે માત્ર છોકરાંનો સ્વાર્થ તપાસશો તો તો છોકરાંઓને ત્યાં મોકલવાનો આગ્રહ નહીં કરો. પણ તમે દર માસે કે બે માસે કે વધારેમાં વધારે ત્રણ માસે, સાબરમતી આવો, આશ્રમમાં રહી જાઓ, અને છોકરાંઓની સાથે રમતગમત કરો એ હું ઇચ્છું છું. તમારી સાથે રહેવામાં મને સહવાસ મળશે એ વધારામાં. છબલભાભી[6] અને ચંચળ એ બંનેના જવાથી

૧. નરહરિ પરીખનાં પત્ની.
૨. ગાંધીજીના મોટા દીકરા હરિલાલ ગાંધીનાં પત્ની ચંચળ ઉર્ફે ગુલાબબહેનનાં મોટાં બહેન.
૩. કુમીબહેન અથવા કમુબહેન. એ પણ ગુલાબબહેનનાં મોટાં બહેન.
૪. અને ૫. હરિલાલની દીકરીઓ.
૬. હરિલાલનાં સાસુ.

Gandhi Heritage Portal

તમને ભારે આઘાત પહોંચ્યો છે. જો તમારું દુઃખ કોઈ પણ રીતે વહોરી શકાતું હોય તો હું વહોરી લઉં અને તમને જિંદગીપર્યંત આવી ગયેલા દુઃખમાંથી મુક્તિ આપું. તમે મને દીકરી સમાન જ છો, મારી ઉપર તમે ગમે તેવા કાગળો લખી શકો છો. વખતોવખત લખતાં જ રહેજો. બા તમને આશીર્વાદ કહેવડાવે છે.

[મૂળ ગુજરાતી]

મહાદેવભાઈની ડાયરી, પુસ્તક પાંચમું

## ૯૦. એસ્થર ફેરિંગને પત્ર[1]

મુંબઈ,

જાન્યુઆરી ૨૫, ૧૯૧૯

પ્રિય એસ્થર,

તારા બહુ યોગ્ય પ્રશ્નનો બને તેટલો વિસ્તારથી જવાબ આપવા હું પ્રયત્ન કરીશ. અમુક વસ્તુ કરવાનો અથવા ન કરવાનો પાકો નિરધાર કરવો એનું જ નામ વ્રત. આત્મસંયમના સપ્તાહમાં મુક્તિફોજના[2] સભ્યો મુરબ્બા અને બીજી એવી મીઠાઈઓ અમુક વખત સુધી ન ખાવાનાં વ્રત લે છે. લેન્ટ[3] દરમ્યાન રોમન કૅથલિક ખ્રિસ્તીઓ અમુક પરહેજી પાળે છે. એ પણ વ્રત જ છે. એ બધામાં એકસરખા જ પરિણામની આશા રાખવામાં આવે છે, એટલે કે, આત્માની શુદ્ધિ અને અભિવ્યક્તિ. આવા સંકલ્પો કરીને આપણે દેહનું દમન કરીએ છીએ. દેહ પાર્થિવ અથવા જડ છે. આત્મા ચૈતન્યમય છે. જડ અને ચેતન વચ્ચે આંતરિક સંઘર્ષ ચાલી રહ્યો છે. જડનો ચેતન ઉપર વિજય થાય તો આત્મવિનાશ સમજવો. એ તો સૌ સ્વીકારે છે કે જેટલે દરજ્જે આપણે શરીરને લાડ લડાવીએ અને આત્માની અવમાનના કરીએ. . . (આ વાક્ય આટલેથી અધૂરું રહી ગયું લાગે છે) શરીર અથવા જડ તત્ત્વનો પણ ઉપયોગ તો છે જ. તેની મારફત જ આત્માની અભિવ્યક્તિ થઈ શકે છે. પણ એ પરિણામ ત્યારે જ લાવી શકાય, જ્યારે શરીરનો ઉપયોગ આત્મોન્નતિના સાધન તરીકે કરવામાં આવે. માનવકુળનો મોટો ભાગ શરીરનો એ રીતનો ઉપયોગ કરતો નથી. પરિણામ એ આવે છે કે શરીર અથવા તો જડ તત્ત્વનો આત્મા અથવા ચેતન તત્ત્વ ઉપર વિજય થતો દેખાય છે. આપણે જેઓ જાણીએ છીએ કે આ શરીર સદા પરિવર્તનશીલ છે અને નશ્વર છે, તેમાં રહેલો આત્મા જ અવિનાશી છે, તેમણે

૧. આ પત્ર એસ્થર ફેરિંગના નીચે લખેલા પત્રના જવાબ રૂપે લખાયો હતો: "આપણે વ્રત શું એટલા માટે લઈએ છીએ કે તેથી આપણા ચારિત્ર્યને સહાય અને બળ મળે? ઈશ્વર શું એમ ઇચ્છતો હશે ખરો કે આપણે કોઈ પણ જાતનાં વ્રતો લઈએ? વ્રત આત્મઘાતક ન નીવડે શું? બાપુ, હું અતિ પૂજ્યભાવથી આ પ્રશ્નો તમને પૂછું છું. કારણ આ પ્રશ્ન ઉપર વિશેષ પ્રકાશ મેળવવા ઇચ્છું છું. હું માનું છું, બાપુ, કે તમે અત્યારે દુઃખ વેઠી રહ્યા છો તેથી ઈશ્વરને પણ દુઃખ થતું હશે. હું જાણું છું આ દુઃખ તમે આનંદથી સહી રહ્યા છો. પણ ઈશ્વર જો પરમ પિતા હોય, ઈશ્વર જો પૂર્ણ પ્રેમસ્વરૂપ હોય, તો તેનાં સંતાનો પોતાની ઉપર એવો બોજો લાદે, જે ઉપાડવાનું તેમને કહેવામાં નથી આવ્યું, ત્યારે તેને દુઃખ ન થાય? તમે જો મને વ્રતનો વિશેષ ઊંડો અર્થ સમજાવશો તો તે મારા પોતાના જીવનમાં મદદરૂપ થશે."

૨. સાલ્વેશન આર્મી એટલે મુક્તિફોજ. તેની સ્થાપના ૧૮૮૦માં વિલિયમ બૂથે કરી હતી. આ સંગઠનનો હેતુ ધાર્મિક કોટિનાં પરોપકારી કાર્યો કરવાનો છે.

૩. ઈશુ ખ્રિસ્તના પુનરુત્થાન સંબંધમાં પાળવામાં આવતો ૪૦ દિવસનો ઉપવાસ.

Gandhi Heritage Portal

તો દૃઢ સંકલ્પો કરીને પોતાના શરીર ઉપર એટલો કાબૂ મેળવવો જોઈએ કે આત્માની સેવા અર્થે આપણે તેનો પૂરો ઉપયોગ કરી શકીએ. બાઈબલના નવા કરારમાં આ વિચાર ઠીક ઠીક સ્પષ્ટ કરવામાં આવેલો છે. પણ હિંદુ શાસ્ત્રોમાં તે જેટલો પરિપૂર્ણતાથી અને વિશદ રીતે સમજાવવામાં આવ્યો છે, તેટલો બીજે ક્યાંય સમજાવેલો મેં જોયો નથી. રામાયણ અને મહાભારતના પાને પાને આત્મસંયમનો આ નિયમ તું લખેલો જોશે. આ બે ગ્રંથો તેં વાંચ્યા છે? ન વાંચ્યા હોય તો તારે બને તેટલા વહેલા કાળજીપૂર્વક અને શ્રદ્ધાની નજરે વાંચવા જોઈએ. આ બંને ગ્રંથોમાં પરીકથા જેવી ઘણી વસ્તુઓ આવે છે. પણ એ ગ્રંથો જનતા માટે લખાયેલા હોઈ કર્તાઓએ જાણી જોઈને એવી રીતે લખવાનું પસંદ કર્યું છે, જેથી આમજનતાને તે રોચક થઈ પડે. કરોડો લોકોને સત્ય સમજાવવાની તેમણે સહેલામાં સહેલી રીત અખત્યાર કરી છે અને હજારો વર્ષોનો અનુભવ પુરવાર કરે છે કે તેમને અદ્ભુત યશ મળ્યો છે. મારી વાત બરાબર ન સમજાય અથવા શંકા પડે તો મને લખજે અને હું ફરી સમજાવવાનો પ્રયત્ન કરીશ.

મેં એક નસ્તર મુકાવ્યું છે. આજે છઠ્ઠો દિવસ છે. નસ્તર સફળ થયું છે કે કેમ તે હું જાણતો નથી. પણ દાક્તર[1] નામાંકિત છે અને ખૂબ કાળજીવાળા છે તેમાં તો શંકા જ નથી. નસ્તર મૂકયા છતાં મારું દરદ ચાલુ રહે તો તેમાં દાક્તરનો કશો વાંક નહીં ગણાય.

પ્યાર.

સદૈવ તમારો
**બાપુ**

[મૂળ અંગ્રેજી]
મહાદેવ દેસાઈની હસ્તલિખિત ડાયરીમાંથી
શ્રી નારાયણ દેસાઈના સૌજન્યથી
ભાષાંતર : મહાદેવભાઈની ડાયરી, પુસ્તક પાંચમું

## ૯૦(૧) ગોખલેજીનો સેવામંત્ર[2]

જાન્યુઆરી ૨૭, ૧૯૧૯

નામદાર ગોખલેની ગિરમીટ સંબંધી પ્રવૃત્તિ તેમની તન્મયતાની જેવી ઝાંખી કરાવે છે તેવી બીજી એકે પ્રવૃત્તિ નથી કરાવતી. તેમનો દક્ષિણ આફ્રિકાનો[3] પ્રવાસ અને ત્યાર બાદની તેમની હિંદમાંની ચળવળ, પોતાના કાર્યમાં ઓતપ્રોત થઈ જવાની તેમની શક્તિનું આપણને સારું દિગ્દર્શન કરાવે છે. અને તેમની આ શક્તિને લીધે જ મેં ઘણી વેળા કહ્યું છે કે, તેમનાં કાર્યોમાં આપણે છુપાઈ રહેલી ધર્મવૃત્તિને જોઈ શકતા હતા.

હવે આપણે એમનું દક્ષિણ આફ્રિકાનું કાર્ય જરા તપાસીએઃ જ્યારે તેમણે દક્ષિણ આફ્રિકા જવા વિષે પોતાનો મત જાહેર કર્યો ત્યારે હિંદુસ્તાન સરકારના અમલદારોમાં ખળભળાટ થયો.

૧. ડૉ. દલાલ.

૨. આ લેખ અંગ્રેજી પુસ્તક ૧૪માં લેખ નં. ૬૧ તરીકે ભૂલમાં લેવાયો છે. એની સાચી તારીખ ૨૭–૧–૧૯૧૯ માલૂમ પડવાથી તેનું સ્થાન ૯૦(૧) તરીકે અહીં આપ્યું છે.

૩. ગોખલે ૧૯૧૨ના ઑક્ટોબર–નવેમ્બરમાં દક્ષિણ આફ્રિકા ગયા હતા. જુઓ પુસ્તક ૯.

Gandhi Heritage Portal

ગોખલેજી જેવા માણસનું અપમાન દક્ષિણ આફ્રિકામાં થાય તો કેવું કહેવાય? દક્ષિણ આફ્રિકામાં જવાનું એ માંડી વાળે તો કેવું સારું? પણ એવી સૂચના કરવાની હિંમત કોની ચાલે? દક્ષિણ આફ્રિકા જવું એ શું છે તેનો અનુભવ ઈંગ્લંડમાં જ ગોખલેજીને થયો. તેમણે પોતાને સારુ ટિકિટ મંગાવી, પણ યુનિયન કૅસલ કંપનીના અધિકારીઓએ કંઈ દરકાર ન કરી. આ ખબર ઇન્ડિયા ઑફિસમાં પહોંચી. ઇન્ડિયા ઑફિસે, સર ઑવન ટયુડર જે યુનિયન કૅસલ કંપનીના મૅનેજર હતા, તેમને સખ્ત તાકીદ કરી કે કંપનીએ ગોખલેજીના દરજ્જાને છાજતું હોય તેવું માન જાળવવું જોઈએ. પરિણામ એ આવ્યું કે ગોખલેજી એક માનવંતા પરોણા તરીકે સ્ટીમરમાં પ્રવાસ કરી શક્યા. મને આ બિનાનું વર્ણન કરતાં તેમણે કહ્યું, "મને મારા અંગત માનની દરકાર નથી, પણ મારા દેશનું માન મને પ્રાણ સમાન છે, અને આ વેળાએ હું એક જાહેર વ્યક્તિ તરીકે આવતો હતો એટલે મારું અપમાન થાય તો હિંદનું અપમાન થયા બરાબર છે એમ સમજીને મેં સ્ટીમરમાં માન જળવાય એવી સગવડ મેળવવાને પ્રયત્ન કર્યો." ઉપરનો બનાવ બન્યો તેથી ઇન્ડિયા ઑફિસે કૉલોનિયલ ઑફિસ મારફતે દક્ષિણ આફ્રિકામાં પણ ગોખલેજીનો સત્કાર પૂરેપૂરો થાય એવી તજવીજ કરેલી હતી; તેથી યુનિયન સરકારે પહેલેથી જ તેમના સત્કારનો બંદોબસ્ત કરી રાખ્યો હતો. તેમને સારુ એક સલૂન તૈયાર કરાવી રાખ્યું હતું, અને મુસાફરી દરમ્યાન રસોઇયા વગેરેનો પણ બંદોબસ્ત કર્યો હતો. તેમની બરદાસ્ત કરવાનું એક અમલદારને સોંપવામાં આવ્યું હતું. હિંદી કોમે તો બાદશાહને પણ ન મળી શકે એવું માન ઠેકાણે ઠેકાણે આપવાની તજવીજ કરી મૂકી હતી. ગોખલેજીએ યુનિયન સરકારની પરોણાગત માત્ર યુનિયનની એક રાજધાની પ્રિટોરિયામાં જ સ્વીકારી. બાકી બધી જગ્યાએ તેઓ હિંદી કોમના જ પરોણા રહેલા. કેપટાઉનમાં દાખલ થયા કે તરત તેમણે દક્ષિણ આફ્રિકાના સવાલનો વિશેષ અભ્યાસ શરૂ કરી દીધો. એ વિષયનું જે સામાન્ય જ્ઞાન લઈને તેઓ કેપટાઉન ઊતર્યા હતા, તે પણ જેવું તેવું ન હતું. પણ તેમને હિસાબે તે પૂરતું ન હતું. દક્ષિણ આફ્રિકામાં પોતાના ચાર અઠવાડિયાંના વસવાટ દરમ્યાન તેમણે દક્ષિણ આફ્રિકાના હિંદીઓના સવાલનો એટલો બધો ઊંડો અભ્યાસ કર્યો કે, જે જે તેમને મળતા તેઓ તેમના જ્ઞાનથી આશ્ચર્યચકિત થતા. જ્યારે જનરલ બોથા અને જનરલ સ્મટ્સને મળવાનો સમય આવ્યો ત્યારે તેમણે એટલી બધી નોંધો તૈયાર કરાવી કે મને થયેલું કે, આટલો બધો પરિશ્રમ શા સારુ ઉઠાવતા હશે? તેમની તબિયત આખો વખત નાજુક જ હતી, અત્યંત સંભાળની જરૂર હતી. પણ એવી તબિયત છતાં રાતના બાર બાર વાગ્યા સુધી કામ કરતા અને પાછા બે વાગ્યે કે ચાર વાગ્યે ઊઠી જતા અને કાગળિયાંની માગણી કરતા. પરિણામે જનરલ બોથા અને જનરલ સ્મટ્સ સાથેના તેમના મેળાપમાંથી ગિરમીટના ત્રણ પાઉંડના વાર્ષિક કરની[1] સત્યાગ્રહની લડાઈ ઉત્પન્ન થઈ. આ કર ૧૮૯૩ની સાલથી ગિરમીટમાંથી છૂટેલા પુરુષો, તેની સ્ત્રી અને તેનાં છોકરા-છોકરી ઉપર પડતો હતો. જો ગિરમીટમાંથી છૂટેલો પુરુષ કર આપવા ન માગે તો તેને હિંદુસ્તાનમાં પાછા જવાને કાયદો ફરજ પાડતો હતો. એટલે ગિરમીટમાં, ખરું જોતાં, ગુલામીમાં સપડાયેલા હિંદીની દશા ઘણી કફોડી થઈ પડી હતી. સર્વસ્વ તજીને દક્ષિણ આફ્રિકામાં બાલબચ્ચાં સુધ્ધાં સાથે આવેલો, હિંદુસ્તાન પાછો જઈને શું કરે? અહીં તો તેને નસીબે ભૂખમરો જ રહ્યો. જિંદગીપર્યંત ગિરમીટમાં પણ કેમ રહેવાય? તેની આસપાસના સ્વતંત્ર માણસો મહિનાના ૪ પાઉંડ, ૫ પાઉંડ, ૧૦ પાઉંડ કમાતા હોય ત્યારે પોતે ૧૪થી ૧૫ શિલિંગ મહિનાના લઈને

૧. જુઓ પુસ્તક ૧૨.

Gandhi Heritage Portal

ક્રેમ સંતુષ્ટ રહી શકે? અને છૂટો રહેવા માગે તો ધારો કે, તેને એક છોકરો અને એક છોકરી હોય તો સ્ત્રી સુધ્ધાં એકંદરે તેણે દર વર્ષે ૧૨ પાઉંડનો કર આપવો જોઈએ. આવો અતિ ભારે કર તે ક્રેમ ભરી શકે? આ કરની સામે, જ્યારથી તે દાખલ થયો ત્યારથી હિંદી કોમ ભારે લડત ચલાવી રહેલ હતી. હિંદુસ્તાનમાં પણ તેના પડઘા પડ્યા હતા. પણ હજુ સુધી એ કર નાબૂદ થઈ શક્યો ન હતો. ઘણીયે માગણીઓમાં, ગોખલેજીને આ કર નાબૂદ કરવાની માગણી પણ કરવાની હતી. પોતાના ગરીબ ભાઈઓ ઉપરનો આ બોજો, એ ક્રેમ જાણે પોતાની જાત ઉપર હોય, એમ તેઓ સળગી ઊઠ્યા હતા. જનરલ બોથાની પાસે પોતાના આત્માની સંપૂર્ણ શક્તિનો પ્રયોગ તેમણે કર્યો. તેમના બોલવાનો પ્રભાવ જનરલ બોથા અને જનરલ સ્મટ્સની ઉપર એવો પડ્યો કે તેઓ પીગળી ગયા, અને તેમને વચન આપ્યું કે આગામી યુનિયન પાર્લમેન્ટમાં એ કર રદ થશે. ગોખલેજીએ આ વધામણીના ખબર ઘણા હર્ષપૂર્વક મને આપ્યા. બીજાં વચનો પણ એ અમલદારોએ આપ્યાં હતાં. પણ અત્યારે આપણે ગિરમીટના વિષયનો જ વિચાર કરીએ છીએ એટલે યુનિયન સરકાર સાથેના તેમના મેળાપનો આટલો જ ભાગ હું અહીં આપું છું. પાર્લમેન્ટ બેઠી. ગોખલેજી તો દક્ષિણ આફ્રિકામાં હતા નહીં અને દક્ષિણ આફ્રિકામાં વસતા હિંદીઓને માલૂમ પડ્યું કે, ત્રણ પાઉંડનો કર તો નાબૂદ નહીં થાય. જનરલ સ્મટ્સે નાતાલના મેમ્બરોને સમજાવવાનો થોડોઘણો પ્રયત્ન કર્યો હતો. મારે હિસાબે એ પૂરતો નહોતો. હિંદી કોમે યુનિયન સરકારને લખ્યું કે ત્રણ પાઉંડનો કર ગમે તેમ કરીને નાબૂદ કરવાને યુનિયન સરકાર ગોખલેજી સાથે બંધાયલી હતી, એટલે જો એ કર નાબૂદ નહીં કરે તો જે સત્યાગ્રહ ૧૯૦૬ની સાલથી ચાલી રહ્યો હતો તેની અંદર આ કરની વાત પણ દાખલ થશે. બીજી તરફથી તારથી ગોખલેજીને ખબર આપ્યા. તેમણે આ પગલું પસંદ કર્યું. યુનિયન સરકારે હિંદી કોમની ચેતવણી ઉપર ધ્યાન આપ્યું નહીં; તેનું પરિણામ સહુ જાણે છે. ચાલીસ હજાર ગિરમીટમાં રહેલા હિંદીઓ સત્યાગ્રહની લડતમાં સામેલ થયા. તેઓએ હડતાળ પાડી, અસહ્ય દુઃખો સહન કર્યાં, ઘણા માર્યા ગયા, પણ છેવટે છેવટે ગોખલેજીને અપાયલું વચન પળાયું અને તે કર નાબૂદ થયો.[1]

[મૂળ ગુજરાતી]

धर्मात्मा गोखले

૧. "ઇન્ડિયન રિલીફ ઍક્ટ ઑફ ૧૯૧૪"થી આ વેરો નાબૂદ થયો હતો. જુઓ પુસ્તક ૧૨.

Gandhi Heritage Portal

# ૯૧. નરહરિ પરીખને પત્ર

[મુંબઈ,]
જાન્યુઆરી ૨૭, ૧૯૧૯

તમારો કાગળ[1] મેં સાંભળ્યો. તમે ખુલ્લા દિલથી લખ્યું છે તે મને બહુ ગમ્યું છે. હજી પણ વિશેષ લખો એવી આશાએ હું આ જવાબ વાળું છું. મારા વ્રતનો વિશાળ અર્થ તો તમે કર્યો છે એ જ થાય. એટલે જે દહાડે મેં બકરીનું દૂધ લેવાનો નિશ્ચય કર્યો એ જ દહાડે મેં ટીકા કરી કે તેમાંનો રસ હવે વહી જશે. હવે હું દૂધ વિનાના ખોરાકના અખતરા નથી કરી શકતો. હું પ્રાણિજ ખોરાક નથી ખાતો એવું ગુમાન હવે નથી રાખી શકતો. એમ છતાં વ્રત તૂટતું નથી એમ તો મને તમારો કાગળ સાંભળવા છતાં લાગે છે. મને લાગે છે કે મારા વ્રતનો સંકુચિત અર્થ તો મેં કર્યો એ જ છે. વ્રત લેતી વખતે બકરીના દૂધનો પ્રશ્ન જ મારી समक्ष न हतो. अने हुं एटले सुधी कहेवा इच्छुं छुं के मारां बंने व्रतनी अंदर मोटी बारीओ रही गई ए मारा व्रतनी अति पवित्रता सूचवे छे. પાંચ વસ્તુના વ્રતમાં હિંદુસ્તાનની બહારનો મુલક મને છૂટ આપનારો રહ્યો, દૂધના વ્રતમાં બકરી મને સહેજે માતા સમાન થઈ પડી. સંકુચિત અર્થ કરીને પણ વ્રત જાળવવાના આપણાં શાસ્ત્રોમાં ઘણા દાખલા છે. એ બધાનું રહસ્ય હવે હું વધારે સમજી શકું છું. મારા જેવા માણસે વ્રતનો ભંગ કર્યો એમ કહેવાય તેના કરતાં વ્રતનો અક્ષરાર્થ તો છેવટે પાળ્યો એમ કહેવાય એ વધારે સારું છે. બકરીના દૂધથી મારો ગુજારો થઈ રહેશે એમ હું માનું છું. પણ એવું કહેનારા તો નીકળી આવે છે, અને હજુ નીકળી આવશે કે ગાયનું દૂધ લીધા વિના સંપૂર્ણ તાકાત નહીં આવી શકે. તે વખતે કાંઈ હું ગાયનું દૂધ તો નહીં જ લઉં. વળી બધી જગ્યાએ બકરીનું દૂધ મળી શકશે એમ પણ નહીં બને. એટલે વ્રતનો અક્ષરાર્થ પાળતાં પણ કાંઈક અગવડ રહી જશે. પણ અત્યારે હું અગવડસગવડનો પ્રશ્ન આપણી સમક્ષ નથી રાખતો. જે સંકુચિત અર્થ હું મારા વ્રતનો કરું છું એ સંભવિત છે કે નહીં એ જ આપણે વિચારવું રહ્યું. જો એ અર્થ સંભવિત હોય તો એ અર્થ કરીને મારે મિત્ર વર્ગનું દુઃખ ટાળવું અને દેહને બચાવી લેવો, એ મારો આપદ્ધર્મ છે. જ્યાં સુધી પોતાનું વ્રત ભૂલભરેલું ન લાગે અથવા પાપયુક્ત ન લાગે ત્યાં સુધી કોઈની પણ ખાતર એ વ્રત છોડવાનો અધિકાર પ્રાપ્ત થતો નથી, એમ મને તો ભાસે છે. જો એક વખત પણ વ્રત તોડવાની છૂટ આપવામાં આવે તો વ્રતો પાળી શકાય જ નહીં અને વ્રતનો મહિમા ચાલ્યો જાય. પણ વ્રતના જે જે અર્થ થઈ શકતા હોય તે તે અર્થો કરીને તેનો લાભ લેવો એમાં હું કાંઈ જ હાનિ નથી જોતો. એકાદશીને દહાડે સામાન્ય મીઠું ન લેતાં સિંધવ લઈને એકાદશી પાળી છે એમ મનને સમજાવે છે એ છેતરપિંડી નથી. સામાન્ય મીઠું તો ન જ લેવાય, પણ મીઠાનો સ્વાદેય મૂકી નથી શકાતો તેથી તેની અવેજીમાં મળતાં બીજાં મીઠાં લઈને પણ એકાદશી પાળનાર કાંઈક સંયમ તો પાળે છે. એ કોઈ દહાડો સિંધવ પણ છોડે.

૧. આ પત્ર મહાદેવભાઈની ડાયરી, પુસ્તક પાંચમાં ઉતારેલો છે. તે આ પ્રમાણે છે: "એ છૂટછાટમાં ઉદારતા સંપૂર્ણ છે, પણ એમાં માત્ર વ્રતનો શબ્દાર્થ પાળેલો કહેવાય. દૂધને જો માંસ જેવું ગણીએ તો ગાયના દૂધ જેવું જ બકરીનું દૂધ પણ ગણાય."

Gandhi Heritage Portal

મારો ઉત્તર હું લંબાવતો નથી. જે લખ્યું છે એ વિચારી જોજો, અને ફુરસદ મળે ત્યારે લખવા જેવું હોય તો લખજો.

આપણા પત્રોની લેવદેવમાંથી બધા કાંઈક શીખીશું, અને મારાથી ભૂલ થતી હશે તો તેનું દર્શન મને થઈ રહેશે.

[મૂળ ગુજરાતી]

મહાદેવભાઈની ડાયરી, પુસ્તક પાંચમું

## ૯૨. રેવાશંકર સોઢાને[૧] પત્ર

જાન્યુઆરી ૨૭, ૧૯૧૯

તમારો કાગળ મળ્યો. તમારી વિદ્યા સંપાદન કરવાની અભિલાષા મને પસંદ પડેલ છે. તેને હું માન આપવા પણ ઇચ્છું છું. પણ અત્યારે મારે તેને રોકવી પડશે. વિદ્યાનો રાગ એ કેટલીક વેળાએ ત્યાગવા યોગ્ય છે. મને પોતાને સંસ્કૃતની બહુ ત્રુટિ લાગે છે; મરાઠી, બંગાળી અને તામિલ શીખવાની હોંશનું હું વર્ણન નથી કરી શકતો. છતાં મારા હાથમાં આવેલાં એક પછી એક કાર્યને લીધે મારા લોભને મારે રોકવો પડયો. ચિ. દેવદાસને ઘણું જ્ઞાન આપવાની ઇચ્છા થઈ જાય છે. જ્ઞાન મેળવવાની તેની શક્તિ સરસ છે. તેનો સદુપયોગ તે કરે એવો છે એવો મારો વિશ્વાસ છે. એમ છતાં એણે મદ્રાસી ભાઈઓને હિંદી શીખવવાનું એ વધારે જરૂરી કાર્ય છે. તેથી એનો અભ્યાસ રોકયો છે. ચિ. મગનલાલનો પોતાનો દાખલો લો. એના અભ્યાસની ત્રુટિનો તો કાંઈ પાર જ નથી. જો એ પોતાનો અભ્યાસ વધારી શકે તો તેનો એ ભારે ઉપયોગ કરી શકે એ તો આપણે બધા કબૂલ કરશું. તેનો અભ્યાસ પૂરો નથી થયો, એ ખામી મને વારંવાર જણાયા કરે છે. એમ છતાં જ્યારથી તે મારી સાથે જોડાયા છે ત્યારથી બીજાં કાર્યની અંદર એને રોકવા પડયા છે તેથી એની પાસે હું વધુ અભ્યાસ નથી કરાવી શકયો. આવા તો બીજા ઘણા દાખલા હું આપી શકું. પણ મેં જે આપ્યા છે તેટલા તમને સંતોષવાને સારુ બસ છે. હાલ તુરતમાં આપણે આશ્રમમાંથી એવાં એવાં કામો લેવાનાં છે કે તેમાં જેટલા માણસોને રોકી શકાય તેટલાને રોકવાની જરૂર છે. તેથી મને લાગે છે કે હાલ તુરત તમને જે કામ સોંપવામાં આવે તે કામ તમે એકનિષ્ઠાથી કર્યા કરો અને તેમાં પૂરો સંતોષ આપો. તમારો અભ્યાસ મારા ધ્યાનમાં રહ્યા જ કરવાનો છે અને જે વખતે મને અવસર આવ્યો જણાશે તે વખતે હું એ તકને ચૂકવાનો નથી. આ મારા ઉત્તરથી તમને સંતોષ ન વળે તો તમારે જે લખવું હોય તે લખજો. હું તમને સંતોષીને તમારી પાસેથી કામ લેવા ઇચ્છું છું.

તમારી તબિયત ખૂબ સાચવજો. મારી તબિયત સારી થતી જાય છે, એમ મને લાગે છે. અહીંયાં જે ઉપચાર ડૉક્ટર કરી રહ્યા છે તે પૂરો થયે, મારો વિચાર બીજે કયાંય જતાં પહેલાં આશ્રમમાં આવી જવાનો છે. પણ તેમાં તો મહિનો માસ ચાલ્યો જાય. એટલે તમારે તો જે

૧. રતનશી મૂળજી સોઢાના પુત્ર; એક પ્રખર સત્યાગ્રહી, જેમણે દક્ષિણ આફ્રિકાના સંઘર્ષ દરમ્યાન જેલ ભોગવી હતી.

Gandhi Heritage Portal

લખવું હોય તે લખી જણાવવું. મળશું ત્યારે વાત કરશું એમ સમજી આળસ ન કરજો. સંપૂર્ણ છૂટથી તમારે લખવું જોઈએ.

[મૂળ ગુજરાતી]

મહાદેવભાઈની ડાયરી, પુસ્તક પાંચમું

## ૯૩. વિઠ્ઠલભાઈ પટેલને લખેલા પત્રનો અંશ

[મુંબઈ,]

જાન્યુઆરી ૨૮, ૧૯૧૯

હિંદુ સમાજ આટલો ખળભળી ઊઠયો છે તે જોતાં છતાં તમે તમારું બિલ[૧] સમાજને જરૂરનું છે એમ માનો છો? એ સવાલ ચર્ચવા માટે મળી જાઓ તો સારું.

[મૂળ ગુજરાતી]

મહાદેવભાઈની ડાયરી, પુસ્તક પાંચમું

## ૯૪. સૈયદ હુસેનને પત્ર[૨]

જાન્યુઆરી ૩૦, ૧૯૧૯

તમારા નવા સાહસને ફતેહ ઇચ્છતાં એમ કહેવાનું મન થાય છે કે તમારા પત્રનું જે નામ તમે પસંદ કર્યું છે તે નામને લાયક તેની અંદરનાં લખાણો હોય એવી હું બહુ આશા રાખું છું. હું વધુ આશા એ પણ રાખું છું કે પૂરા સ્વાતંત્ર્યની સાથે તમારા લેખોમાં એટલા જ પ્રમાણમાં આત્મસંયમ તથા સત્યનું કડક પાલન હશે. ઘણી વખત આપણાં પત્રોમાં, બીજાંઓમાં પણ એવું હોય છે, હકીકતને બદલે કલ્પના અને સંગીન દલીલને બદલે ઊભરા જોવામાં આવે છે. મેં જે ત્રુટિઓ તરફ તમારું ધ્યાન ખેંચ્યું છે તે ટાળીને તમારા પત્રને દેશમાં એક શક્તિ અને લોકકેળવણીનું એક સાધન બનાવશો.

તમારો સહૃદયી

[મૂળ અંગ્રેજી]

મહાદેવ દેસાઈની હસ્તલિખિત ડાયરીમાંથી

શ્રી નારાયણ દેસાઈના સૌજન્યથી

ભાષાંતર : મહાદેવભાઈની ડાયરી, પુસ્તક પાંચમું

૧. આંતરજ્ઞાતીય લગ્નોને કાયદેસર ઠરાવતું બિલ. જુઓ "**ઇન્ડિયન સોશિયલ રિફૉર્મરને પત્ર**", ૨૬–૨–૧૯૧૯.

૨. આ પત્ર સૈયદ હુસેનના ૨૯–૧–૧૯૧૯ના નીચે લખેલા તારના જવાબમાં લખાયો હતો : "તા. ૫મી ફેબ્રુઆરીએ **ઇન્ડિપેન્ડન્ટ** પ્રગટ થાય છે. પહેલા અંકમાં પ્રગટ કરવા માટે કૃપા કરીને આપના હસ્તાક્ષરમાં સંદેશો મોકલો."

Gandhi Heritage Portal

# ૯૫. એ. એસ. ઘાટેને પત્ર

જાન્યુઆરી ૩૦, ૧૯૧૯

તમારો કાગળ ગમગીનીભરેલો છે. છતાં તે મળતાં મને આનંદ થયો છે. હું વિચારતો જ હતો કે કેમ તમારો કાગળ આવતો નથી? અલીભાઈઓ ઉપર જ મારું ધ્યાન ચોંટેલું છે. હું માત્ર સરકારી તપાસના પરિણામની રાહ જોઈ રહ્યો છું. તપાસ પૂરી થઈ? તપાસને પરિણામે અલીભાઈઓને છોડવામાં ન આવે તો તેની સામે પગલાં લેવાનો સમય આવ્યો ગણાય. જરૂરી પગલાં લેવાની જવાબદારી મારે શિર છે તે હું જાણું છું. અને મારી તબિયત કાંઈકે સારી હશે તો પગલું ભરવામાં હું એક ક્ષણનો પણ વિલંબ કરવાનો નથી. અત્યારની મારી તબિયત જોતાં મને એમ ચોક્કસ લાગે છે કે એવી જરૂર જ પડશે તો આ કામ ઉપાડવા જેટલી શક્તિ મારામાં આવી ગઈ હશે. મારા દાક્તરોની સલાહ એવી છે કે તેઓ મને મુક્ત કરે ત્યાર પછી પૂરા ત્રણ મહિના મારે હિંદુસ્તાનની બહાર આરામ લેવો. પરંતુ આ કામની ખાતર ત્રણ મહિનાનો આરામ હું જતો કરવા પૂરો તૈયાર છું. હું તમારી સાથે સંમત છું કે દેશમાં શાંતિ જાળવવાને બહાને આ બિલ[1] લાવવામાં આવે છે તે ધિક્કારી કાઢવા લાયક છે. એ બિલ પાસ થતું અટકાવવા આપણે એક પણ ઉપાય લેવાનું છોડવું જોઈએ નહીં. મારી દૃઢ માન્યતા છે કે તેના ભૂંડાપણાને લીધે જ આ કાયદો પસાર થઈ શકશે નહીં. હું ધારું છું કે વડી ધારાસભાના તમામ હિંદી સભ્યો બિલનો સખત વિરોધ કરશે જ. પરંતુ તેથી દેશે જબરદસ્ત આંદોલન ન ચલાવવું એમ કહેવાનો આશય નથી. એવા આંદોલનમાં મારો નમ્ર હિસ્સો લેવાની તૈયારી હું કરી જ રહ્યો છું. બિલનું શું થાય છે તે હું નિહાળી રહ્યો છું. તુરતમાં જ એ કાયદો પસાર થઈ જશે એવો કશો ભય નથી. શક્ય તેટલું જબરું આંદોલન જગાવવા અને ફેલાવવા પૂરતો વખત મળી રહેશે. બિલનું જે થવાનું હોય તે થાઓ; હું ઇચ્છું છું કે પોતાને પૂરી મુક્તિ ન મળે ત્યાં સુધી અલીભાઈઓએ આ આંદોલનમાં જરા પણ ન ભળવું. હું આશા રાખું છું કે મારી સાથે મસલત કર્યા વિના તેઓ એક પણ પગલું ભરશે નહીં.

તમારો સહૃદયી

[મૂળ અંગ્રેજી]

મહાદેવ દેસાઈની હસ્તલિખિત ડાયરીમાંથી
શ્રી નારાયણ દેસાઈના સૌજન્યથી
ભાષાંતર: મહાદેવભાઈની ડાયરી, પુસ્તક પાંચમું

૧. રૉલેટ બિલ.

Gandhi Heritage Portal

## ૯૬. મગનલાલ ગાંધીને પત્ર

મુંબઈ,
[જાન્યુઆરી ૧૯૧૯ના છેલ્લા અઠવાડિયામાં]

ચિ. મગનલાલ;

તમારા બધા કાગળો હું હમેશાં સાંભળું છું. મારી તબિયતમાં ચડતી પડતી થયા કરે છે. અહીં વસ્તુઓની સગવડ વધારે છે તેથી અહીંથી નીકળતો નથી. મારી ચિંતા ન કરશો.

આશ્રમની બધી ત્રુટીઓ દૂર થશે જ્યારે ખેતી મજૂરોથી કે આશ્રમવાસીથી બરોબર ચાલતી હશે. અને વણાટકામ ગાજી રહ્યું હશે. જો ગુલબદન અને કમળા સારું કામ ન કરતાં હોય તો તેમની સાથે વાત કરવી અને ચોખવટ કરવી જરૂરનું છે. આપણને આટાની તકલીફ પડતી હોય તો ઘઉં ચોખ્ખા કરાવી મિલમાં દળાવો. અત્યારે આપણે સ્વદેશી વ્રત સૂતર વિષે પાળી શકીએ એમ છે. દાણો સાફ કરવામાં મજૂરી દેવી પડે તો દેજો.

રૂખી માંદી પડયા કરે છે એ આશ્ચર્યની વાત છે. તમારે શોધખોળ કરી તેનું શરીર ઠેકાણે મૂકવું જ જોઈએ.

પાર્વતીને ખૂબ પાણી પીવાની અને ઊંડા શ્વાસ લેવાની જરૂર છે. પ્રભુદાસની તબિયત કેમ રહે છે? વ્યાયામ શિક્ષક શું કરે છે? બાંધકામ કંઈ પાછું શરૂ કર્યું? શાળા કેમ ચાલે છે? આશ્રમમાં કોણ આવે છે? મામા શું કામ કરે છે? છોટાલાલ શું કરે છે?

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

મૂળ પત્ર પરથી: સી. ડબ્લ્યુ. ૫૭૬૯
શ્રીમતી રાધાબહેન ચોધરીના સૌજન્યથી

## ૯૭. શંકરલાલ બૅંકરને લખેલા પત્રનો સાર

[ફેબ્રુઆરી ૨, ૧૯૧૯ પહેલાં]

હોમરૂલ લીગની મુંબઈની બધી શાખાઓના આશ્રયે ૨જી ફેબ્રુઆરી, ૧૯૧૯ને રોજ મુંબઈમાં શાન્તારામની ચાલમાં ફોજદારી કાયદા સુધારા બિલ [ક્રિમિનલ લૉ એમેન્ડમેન્ટ બિલ] તથા ફોજદારી કાયદા કટોકટી અધિકાર બિલ [ક્રિમિનલ લૉ ઇમર્જન્સી પાવર્સ બિલ] દાખલ કરવા સામે વિરોધ જાહેર કરવા એક સાર્વજનિક સભા ભરવામાં આવી હતી. પંડિત મદનમોહન માલવિયા પ્રમુખસ્થાને હતા. આ સભામાં શ્રી જમનાદાસ દ્વારકાદાસે હોમરૂલ લીગના મંત્રી શ્રી શંકરલાલ બૅંકર ઉપર લખાયેલો ગાંધીજીનો એક પત્ર વાંચી સંભળાવ્યો હતો.

પત્રમાં ગાંધીજીએ જણાવ્યું હતું કે મને લાગે છે કે રૉલેટ સમિતિના[1] રિપોર્ટમાં પ્રસ્તુત બિલો દાખલ કરવાની થોડી પણ જરૂર ઊભી થાય એવું કશું નથી. એટલે આ બિલોનો ધીરજ અને

૧. હિંદમાં ચાલતી રાજદ્રોહની ચળવળ અંગે તપાસ કરી રિપોર્ટ રજૂ કરવા હિંદ સરકારે ૧૯૧૭માં એક સમિતિ નીમી હતી. ઇંગ્લૅંડની સુપ્રિમ કોર્ટના ન્યાયાધીશ રૉલેટ આ સમિતિના અધ્યક્ષ હતા. મૉંટફર્ડ સુધારા પ્રસિદ્ધ થયા પછી તરત જ ૧૯૧૮માં આ સમિતિની ભલામણો પ્રસિદ્ધ કરવામાં આવી હતી. તેમાં એવી ભલામણ કરવામાં આવી હતી કે હિંદ સંરક્ષણ ધારાની મુદ્દત પૂરી થાય ત્યાર પછી ખાસ કાયદા બનાવવા.


Gandhi Heritage Portal

દૃઢ નિશ્ચય સાથે વિરોધ કરવા માટે લોકમત તૈયાર કરવાની આપણી સહુની ફરજ થઈ પડે છે. જો રૉલેટ બિલો પસાર થઈને કાયદાનું રૂપ લેશે તો સુધારાઓ ગમે તેટલા કીમતી હશે તોપણ બિલકુલ નકામા બની જશે. એક બાજુથી લોકોના અધિકારોમાં વધારો કરવો અને બીજી બાજુથી એમના અધિકારો ઉપર અસહ્ય પ્રતિબંધ મૂકવો, એ બેહૂદી વાત છે. જો હું માંદો ન હોત, તો આ બિલો વિરુદ્ધના આંદોલનમાં મેં મારો ભાગ અચૂક ભજવ્યો હોત.

[મૂળ અંગ્રેજી]

बॉम्बे क्रॉनिकल, ४-२-१९१९

## ૯૮. દેવદાસ ગાંધીને પત્ર

[મુંબઈ,]
ફેબ્રુઆરી ૨, ૧૯૧૯

ચિ. દેવદાસ,

તમારા કાગળની આજે આશા રાખી હતી પણ ન આવ્યો. તમારાથી વિખૂટા પડતાં મને ઓછું દુઃખ નથી થયું. પણ વિખૂટા પડવામાં તમારો સ્વાર્થ અને તમારું કર્તવ્ય મેં જોયાં. તેથી મોહથી ઉત્પન્ન થતા દુઃખને મેં ટાળ્યું ને તમને જવાનો જ આગ્રહ કર્યો. મદ્રાસમાં તમારું કાર્ય પૂરું થયે, અભ્યાસ કરવાના તમારા કોડ હું પૂરા પાડીશ. પણ એટલું તમે માનજો કે જે અનુભવ તમે મેળવી શકયા છો તે થોડાને જ મળ્યો હશે. આપણું આખું જીવન અભ્યાસીનું હોવું જોઈએ. જો તમારું જીવન તમે એ સૂત્ર ઉપર બાંધશો તો તમે કોઈ અભ્યાસને સારુ મોટા થઈ ગયા નહીં ગણાઓ. . . .[1] કાગળ નિયમસર લખજો ને સંધ્યા (પ્રાર્થના) નિયમસર કરજો.

[મૂળ ગુજરાતી]

મહાદેવભાઈની ડાયરી, પુસ્તક પાંચમું

## ૯૯. મગનલાલ ગાંધીને પત્ર

મુંબઈ,
વસંત પંચમી [ફેબ્રુઆરી ૫, ૧૯૧૯]

ચિ. મગનલાલ,

ભાઈ મહાદેવ કાલે રાત્રે ગયા. તેની ગેરહાજરીમાં લખવાનું કામ ચિ. મથુરાદાસની[2] પાસેથી લઉં છું. સોમવારે સવારે હું ત્યાં પહોંચીશ એવી આશા રાખું છું. સાત શેર દૂધનો અખતરો જરા આકરો પડયો. દવાની માફક પી ગયો. શરીરને કંઈ હાનિ નથી પહોંચી. એટલે લગભગ છ શેર જેટલું આજે લઈશ. મુંબઈ આવ્યા પછી આજે પહેલી વાર એકી વખત સવા કલાક ફર્યો. મલબાર હિલ ઉપર ગયો હતો. કાંઈ હરકત નથી આવી. આશ્રમની કેટલીક વાતોથી ભાઈ માવજી પાસેથી હું વાકેફ થયો છું. પણ હું પોતે જ બધું તુરતમાં જ જોઈશ એટલે વધારે

૧. મૂળમાં આ સ્થળે કેટલાક શબ્દો છોડી દીધેલા છે.
૨. મથુરાદાસ ત્રિકમજી, ગાંધીજીના ભાણેજ.

Gandhi Heritage Portal

પૂછવું નથી અને એ જ કારણસર કંઈ વધારે લખતો પણ નથી. ભાઈ મહાદેવ પણ બુધવારે પહોંચશે. દુર્ગાબહેનને[1] સાથે લાવશે. તેણે મને પરાધીન કરી મૂકયો છે. મારા હાથપગ મગજ તે જ થઈ રહેલ છે એટલે હું લૂલોપાંગળો અને વાચા વિનાનો લાગું છું. જેમ જેમ મહાદેવના પ્રસંગમાં આવું છું, તેમ તેમ તેના ગુણોના વિશેષ અનુભવ કરું છું. જેવા તેના ગુણ છે તેવી તેની વિદ્વત્તા છે. એટલે મારા સંતોષનો પાર નથી.

મોહનદાસ કરમચંદ ગાંધીના
આશિષ[2]

[મૂળ ગુજરાતી]

પત્રની નકલ પરથી: સી. ડબ્લ્યુ. ૫૭૨૩
શ્રીમતી રાધાબહેન ચોધરીના સૌજન્યથી

## ૧૦૦. સ્વામી સત્યદેવને પત્ર

મુંબઈ,
ગુરુવાર મહા સુદ ૬ [ફેબ્રુઆરી ૬, ૧૯૧૯]

પ્રિય સ્વામીજી,[3]

આપનો પત્ર મળ્યો. આપ સાચું જ કહો છો કે દેવદાસ સાથે મોકલેલા સંદેશાથી આપને સંતોષ ન થઈ શકે. પત્ર નહીં લખવાનું કારણ કેવળ મારું આળસ જ છે. મને ક્ષમા કરશો. દેવદાસને મેં કહ્યું હતું કે આપને સંતોષ નહીં થાય તો હું જરૂર લેખી ઉત્તર મોકલી દઈશ. હિન્દી શિક્ષણ માટે આપ મદ્રાસ પ્રાંતમાં યોગ્ય લાગે તે બધી વ્યવસ્થા કરી શકો. આખા પ્રાંતમાં ફરી શકો. ઠેકઠેકાણે હિન્દી શાળાઓ કાઢી શકો. શાળાઓ માટે આપે પસંદ કરેલા શિક્ષકોને આપ નીમી શકો. આપ જાતે શિક્ષણકાર્ય નહીં કરશો પણ બધી શાળાઓનું યોગ્ય વખતે નિરીક્ષણ કરતા રહેશો. આખા ઇલાકામાં આપને સંતોષ થાય એવી શાળાઓ ખૂલી જાય અને આપના સિવાય એ શાળાઓ ચાલી શકશે એવું આપ ખાતરીપૂર્વક કહી શકો ત્યારે આપ મદ્રાસ ઇલાકો છોડી શકો. આ પ્રવૃત્તિમાં આપ દસ હજાર રૂપિયા સુધીનું ખર્ચ કરી શકો છો. આપને પૈસા મોકલવાની જવાબદારી મારે માથે છે. આપને પ્રયાગની સાહિત્ય સમિતિ[4] સાથે કશો સંબંધ નહીં રહેશે. પરંતુ હું બધા પૈસા પ્રયાગથી મંગાવવા ઇચ્છું છું. તેમાં કંઈ મુશ્કેલી આવશે તો હું બીજી વ્યવસ્થા કરી લઈશ. હવે મને લાગે છે કે આપના બધા પ્રશ્નોના જવાબ મેં આપી દીધા છે. જો કંઈ ખામી હોય તો આપ જણાવશો. સુરેન્દ્રને માટે મેં કાલે દેવદાસને લાંબો પત્ર લખ્યો છે. હમણાં સુરેન્દ્ર માનસિક વ્યાધિથી પીડાય છે. એને અંગ્રેજી ઢબની શાળા માટે મોહ થયો છે. આ મોહમાંથી એને છોડાવવાનું જરૂરી લાગે છે. આપ તેને સાંત્વન આપી શકશો. જો આપ તેના વિચારને પસંદ કરતા હો તો મને સમજાવવાનું રાખશો.

[મૂળ હિંદી]

હસ્તલિખિત ઑફિસ નકલની છબી પરથી: એસ. એન. ૬૪૩૮

૧. મહાદેવ દેસાઈનાં પત્ની.
૨. આ સહી મથુરાદાસ ત્રિકમજીના હસ્તાક્ષરમાં છે.
૩. સ્વામી સત્યદેવ પરિવ્રાજક.
૪. હિન્દી સાહિત્ય સંમેલનની કાર્યવાહક સમિતિ.

Gandhi Heritage Portal

# ૧૦૧. મદનમોહન માલવિયાને પત્ર

મુંબઈ,

શનિવાર મહા સુદ ૮ [ફેબ્રુઆરી ૮, ૧૯૧૯]

ભાઈ શ્રી,

આજે રૉલેટ બિલ અંગેનાં બધાં ભાષણ વાંચી કાઢ્યાં. વાંચીને મને બહુ ખેદ થયો. વાઇસરૉયનું ભાષણ નિરાશાજનક છે. આ પરિસ્થિતિમાં તો હું એવી આશા રાખું છું કે બધા હિંદી સભ્યો કમિટીમાંથી નીકળી જાય, અને જરૂર હોય તો કાઉન્સિલમાંથી પણ નીકળી જાય, અને દેશમાં ચળવળ ચલાવે. આપે અને બીજા સભ્યોએ કહ્યું છે કે, જો રૉલેટ બિલ પસાર થશે તો હિંદુસ્તાનમાં કદી થયું નથી એવું ભારે આંદોલન ઊભું થઈ જશે. લાઉંસ[1] સાહેબે સંભળાવ્યું છે કે જે આંદોલન ચાલી રહ્યું છે તેનાથી સરકાર ડરતી નથી, અને એમની વાત પણ સાચી છે. હિંદુસ્તાનમાં એક લાખ સભાઓ ભરી શકાય તોપણ શું થયું? મેં નિશ્ચય નથી કર્યો પણ મને એવું લાગે છે કે સરકાર આ ઝેરી કાયદો દાખલ કરી દે એટલે પ્રજાને તેના બીજા કાયદાઓનો ભંગ કરવાનો અધિકાર મળી જાય છે. જો આ વખતે આપણે પ્રજાનું જોર નહીં બતાવીશું તો જે સુધારા મળવાના છે તે નકામા થઈ પડશે. મારી સલાહ છે કે આપ સૌ સરકારને જણાવી દો કે જ્યાં સુધી રૉલેટ ઍક્ટ કાયમ રહેશે ત્યાં સુધી કર નહીં ભરીશું અને પ્રજાને નહીં ભરવાની સલાહ આપીશું. આવી સલાહ આપવી એ મોટી જવાબદારીનું કામ છે એ હું જાણું છું. પરંતુ આપણે કંઈ પણ મોટું કામ નહીં કરીએ ત્યાં સુધી એ લોકોને આપણે માટે કશું માન પેદા નહીં થાય. અને જેની આગળ આપણું માન નથી તેની પાસેથી કંઈ પણ મેળવવાની આપણે આશા ન રાખી શકીએ. સિવિલ સર્વિસ અને અંગ્રેજોના વેપાર માટે વાઇસરૉયે જે કંઈ કહ્યું છે તે પણ મને ઠીક નથી લાગતું. સિવિલ સર્વિસની સત્તા ઘણી ઓછી કરી નાખવી જોઈએ અને અંગ્રેજો તેમના વેપારને જે રક્ષણ આપી રહ્યા છે એવું રક્ષણ સ્વરાજ્ય પછી તેમને નહીં મળશે. આજે તો તેઓ આપણા કરતાં ઘણા વધારે હકો ધરાવે છે. હું કાલે આશ્રમ જાઉં છું. પ્રત્યુત્તર ત્યાં જ મોકલવા કૃપા કરશો.

[મૂળ હિંદી]

હસ્તલિખિત ઑફિસ નકલની છબી પરથી : એસ. એન. ૬૪૩૯

૧. સર જૉર્જ લાઉન્ડ્ઝ, ભારત સરકારના કાયદામંત્રી.

Gandhi Heritage Portal

## ૧૦૨. વી. એસ. શ્રીનિવાસ શાસ્ત્રીને પત્ર

મુંબઈ,
ફેબ્રુઆરી ૯, ૧૯૧૯

પ્રિય શ્રી શાસ્ત્રિયાર,

રૉલેટ બિલો વિષેનું આપનું જોરદાર ભાષણ મેં હમણાં જ વાંચ્યું. પરંતુ એ પણ જેટલું કડક હોવું જોઈએ તેટલું તો નથી. આ બિલોએ તેમ જ વાઈસરૉય, સર વિલિયમ વિન્સન્ટ તથા સર જૉર્જ લાઉન્ડ્ઝનાં ભાષણોએ મારા અંતરને હચમચાવી મૂક્યું છે; અને જોકે હું હજી પથારીવશ છું, તેમ છતાં મને લાગે છે કે હવે આ બિલોની પ્રગતિ મારાથી પથારીમાં સૂતાં સૂતાં જોઈ રહેવાશે નહીં. મારી દૃષ્ટિએ આ બિલો, મૂળ ઘાલી બેઠેલા રોગના પરાકાષ્ઠાએ પહોંચેલાં લક્ષણો છે. આ બિલો સ્પષ્ટ રીતે બતાવી આપે છે કે સિવિલ સર્વિસે આપણી ગરદન પર જમાવેલી પોતાની પકડ ચાલુ રાખવાનો મક્કમ નિરધાર કરેલો છે. એની અમર્યાદ સત્તાઓમાંથી એક રતીપૂર પણ છોડવાની તેની સહેજ પણ ઇચ્છા દેખાતી નથી. એટલે જો સિવિલ સર્વિસ એનું લોખંડી શાસન આપણા ઉપર ચાલુ રાખવા માગતી હશે અને જો બ્રિટનના વેપારીઓ તેમની અત્યારની નાપાક અને વિશેષાધિકારની સ્થિતિ ભોગવ્યા જ કરવાના હશે, તો સુધારા મેળવવાનો કશો અર્થ રહેશે નહીં એમ મને લાગે છે. આ બિલો આપણે માટે ખુલ્લા પડકાર રૂપ છે એવું મારું માનવું છે. જો આપણે એને તાબે થઈ ગયા તો મૂઆ જ સમજજો. આપણે એવા શબ્દો ઉચ્ચાર્યા હતા કે આ વખતે સરકારને એવા આંદોલનનો મુકાબલો કરવો પડશે, જે એણે આ પહેલાં કદી જોયું નહીં હોય. જો આપણે એ શબ્દો સાચા પાડી બતાવીશું તો એટલું સાબિત થશે કે આપણામાં આપખુદ સત્તા અથવા જુલમી શાસનનો સામનો કરવાની તાકાત છે. જ્યારે અરજીપત્રો [અને] વિરાટ જાહેર સભાઓના ઠરાવો નિષ્ફળ જાય, ત્યારે માત્ર બે માર્ગ ખુલ્લા રહે છે: પ્રથમ સામાન્ય અને મામૂલી માર્ગ છે સશસ્ત્ર બળવો કરવાનો અને બીજો માર્ગ છે દેશના તમામ કાયદાઓનો અથવા તેમાંથી પસંદ કરેલા કેટલાક કાયદાઓનો સવિનય ભંગ કરવાનો. જો આ બિલો પ્રમાણિકતા અને ન્યાયના માર્ગમાંથી ચ્યુત થવાનો કેવળ એકલદોકલ દાખલો હોત, તો મારે તેની પરવા નહીં કરવી જોઈએ; પરંતુ એ જ્યારે દમનની નિશ્ચિત નીતિના ચોખ્ખા પુરાવારૂપે છે, ત્યારે સવિનય કાનૂનભંગ કરવો એ વ્યક્તિગત તેમ જ જાહેર સ્વતંત્રતા ચાહનાર હરેક વ્યક્તિનું કર્તવ્ય થઈ પડે છે. ગઈ કાલે મેં પંડિતજીને[1] પત્ર લખીને એવું સૂચન કર્યું છે કે પ્રવર સમિતિના તમામ હિંદી સભ્યોએ, અથવા એમાંના જેટલા સભ્યોને યોગ્ય લાગે તેમણે પોતાના હોદ્દાનું રાજીનામું આપી દેવું; એટલું જ નહીં પણ જો તેમને યોગ્ય લાગે તો વિધાનસભાના સભ્યપદનું પણ તેમણે રાજીનામું આપી દેવું. હું માનું છું કે આ રાજીનામાથી લોકલાગણીની ઉપેક્ષા કરવાની પોતાની શક્તિ પરનો સરકારનો વિશ્વાસ ડગી જશે, અને તેનાથી લોકોને પણ ખૂબ કીમતી કેળવણી મળશે. મને પોતાને તો એમ લાગે છે કે જો આ બિલો પસાર કરાવવાની વિધિ આગળ ચાલશે તો આવા બે રાક્ષસી કાયદાઓ કરી શકનારી સરકારના બીજા કાયદાઓનું

૧. મદનમોહન માલવિયા.

Gandhi Heritage Portal

મૂગે મોંએ પાલન કરવાનું મારે માટે અશક્ય થઈ પડશે. અને મારા આ વિચાર સાથે જે લોકો સંમત થશે તેમને આ સંઘર્ષમાં મારી સાથે જોડાવાનું આમંત્રણ આપતાં મને સંકોચ નહીં થાય. સંભવ છે કે જે વલણ હું અપનાવવા માગું છું તેમાં આપ મારી સાથે સંમત ન પણ થાઓ. પરંતુ હું જાણું છું કે જેને હું મારા અંતરાત્માનો અવાજ કહું છું તેને મારે ગૂંગળાવી દેવો જોઈએ એ વાત તો આપ પસંદ નહીં જ કરશો. એ સ્વાભાવિક છે કે જે બહુ થોડા મિત્રોની સલાહને હું કીમતી ગણું છું તેમનું સમર્થન મેળવવાનું હું પસંદ કરું. એટલે જો આપની પાસે સમય હોય તો હું ઇચ્છું છું કે આપ મને થોડા શબ્દોમાં હું જે પગલું લેવા માગું છું તે બાબતમાં આપનો અભિપ્રાય જણાવશો. આ બાબતમાં હું એટલી ખાતરી આપવા માગું છું કે કોઈ પગલું હું ઉતાવળે ભરીશ નહીં; અને કંઈ પણ કરતાં પહેલાં મારાથી બનશે તેટલી નમ્ર ભાષામાં સરકારને ચેતવણી પણ આપીશ.

હું આશા રાખું છું કે જે કટોકટીભર્યો સમય હવે આપણી સામે આવી રહ્યો છે તે દરમ્યાન આપની તબિયત સારી રહેશે.

[મૂળ અંગ્રેજી]

છબી પરથી: એસ. એન. ૬૪૩૩

## ૧૦૩. પ્રાગજી દેસાઈને[1] લખેલા પત્રનો અંશ

[મુંબઈ,
ફેબ્રુઆરી ૯, ૧૯૧૯]

. . .નિશ્ચયપૂર્વક વાત કરવામાં કેટલીક વખતે ઉપરટપકે વિચાર કરતાં કઠોરતા જોવામાં આવે. પણ ખરું જોતાં તો શુદ્ધ કોમળતા એવી દૃઢતામાં જ રહેલી છે. ધ્રૂજતે હાથે નસ્તર મૂકનાર ડૉક્ટર દરદીને અંતમાં વધારે દુ:ખકર્તા થઈ પડે છે. ચાંપીને નસ્તર મૂકનાર ડૉક્ટર ભલે આરંભમાં દુ:ખ દેતો જણાય પણ પરિણામે તો તેની ક્રિયાથી સુખ જ થાય છે.

રૉલેટ બિલની મારી ઉપર બહુ ઊંડી અસર થઈ છે. જિંદગીની મોટામાં મોટી લડત હવે લેવી પડશે એમ ભાસે છે. વાતચીત ચલાવી રહ્યો છું. બેત્રણ દિવસમાં નિશ્ચય ઉપર આવી શકીશ. તમે જે પ્રવૃત્તિમાં રોકાયા છો તે પણ તમે કહો છો તે પ્રમાણે એક પ્રકારની લડત છે. શુદ્ધ વ્યાપારમાં મોટો પુરુષાર્થ છે એમાં મને જરાય શંકા નથી. તેમાં સત્યની, ધીરજની, દૃઢતાની, સહનશીલતાની, ક્ષમાની, દયાની, સંતોષની બહુએ જરૂર પડે છે. એ બધા ગુણો બતાવનાર વ્યાપારી છેવટે અવશ્ય ઊંચી ટોચે ચઢી શકે છે.

[મૂળ ગુજરાતી]

પત્રની નકલ પરથી: એસ. એન. ૬૪૨૭

૧. પ્રાગજી ખંડુભાઈ દેસાઈ, દક્ષિણ આફ્રિકાની લડતમાં ભાગ લેનાર એક સત્યાગ્રહી; તેઓ *ઇન્ડિયન ઓપીનિયન*ના ગુજરાતી વિભાગમાં ઘણી વાર લેખો આપતા.

Gandhi Heritage Portal

## ૧૦૪. સર વિલિયમ વિન્સન્ટને પત્ર

આશ્રમ,
સાબરમતી,
ફેબ્રુઆરી ૧૨, ૧૯૧૯

સર્વશ્રી મહમદઅલી અને શૌકતઅલીના કેસોની તપાસ કરવા જે સમિતિ નિમાઈ હતી તેણે પોતાનું કાર્ય પૂરું કર્યું છે, એમ હું સમજ્યો છું. પરંતુ હવે સરકારે આ બાબતમાં કશો નિર્ણય કર્યો કે નહીં તે જાણવા માગું છું.

[મૂળ અંગ્રેજી]

નેશનલ આર્કાઇવ્ઝ ઑફ ઇન્ડિયા: હોમ: પોલિટિકલ–એ: જુલાઈ, ૧૯૧૯: નં. ૧ અને કે. ડબ્લ્યુ.

## ૧૦૫. નરહરિ પરીખને પત્ર

[મુંબઈ,]
ગુરુવાર [ફેબ્રુઆરી ૧૩, ૧૯૧૯][1]

ભાઈશ્રી ૫ નરહરિ,

આજે તમને કવિશ્રીનો[2] એક લેખ મોકલ્યો છે. ખૂબ વિચારવા યોગ્ય છે. મને લાગે છે કે તેમાં આલેખેલા આદર્શને પહોંચવા આપણો પ્રયત્ન છે. આપણા પહેલાં દસ વર્ષના પ્રયત્ન ઉપર હિંદુસ્તાનની ભવિષ્યની કેળવણીનો આધાર રહેશે. તમે બધા તે લેખનું મનન કરી લેજો. મારી એવી માન્યતા છે કે કવિશ્રી પોતે પોતાના આદર્શનો અમલ ઓછો જ કરે છે.

હું રવિવારે ત્યાં આવી જઈશ. તે જ દહાડે પાછો જઈશ.

બધા વિદ્યાર્થીઓના અક્ષર ઉપર ખૂબ ધ્યાન દેજો. તમે હઠપૂર્વક વહેલા ઊઠવાનો પ્રયત્ન કરતા હશો.

દ. સા.નો[3] બીજો ભાગ તેની વસ્તુને સારુ મને બહુ જ ગમ્યો. તેમાં વર્ણવેલી કળા બધી જતી રહેશે.

અહીં હું એક પ્રૌઢ સંગીતશાસ્ત્રીનો પરિચય કરી રહ્યો છું.

બાપુના
વંદે માતરમ્

મહાદેવ બિજોલિયાથી[4] હજુ પાછા નથી આવ્યા.

[મૂળ ગુજરાતી]

છબી પરથી: એસ. એન. ૬૪૧૬

૧. મહાદેવ દેસાઈ ફેબ્રુઆરીના બીજા અઠવાડિયામાં બિજોલિયા ગયા હતા.

૨. રવીન્દ્રનાથ ટાગોર. બનતા સુધી અહીં કવિવરના "સેન્ટર ઑફ ઇન્ડિયન કલ્ચર" (ભારતીય સંસ્કૃતિનું કેન્દ્ર) એ નામના લેખનો ઉલ્લેખ છે.

૩. ઘણું કરીને અહીં દલપત સાર નામના કવિ દલપતરામના, નરહરિ પરીખ સંપાદિત કાવ્ય સંગ્રહનો ઉલ્લેખ છે.

૪. મેવાડ રાજ્યમાં આવેલું એક નાનું રજવાડું. અત્યારે એ રાજસ્થાનનો એક ભાગ છે. બિજોલિયાના લોકોની ફરિયાદોની તપાસ કરવા ગાંધીજીએ મહાદેવ દેસાઈને ખાસ ત્યાં મોકલ્યા હતા. એક તબક્કે તો ગાંધીજીએ ત્યાંના લોકોની ફરિયાદો દૂર કરાવવા સત્યાગ્રહની ચળવળ ચલાવવાનું સ્વીકાર્યું હતું.

Gandhi Heritage Portal

## ૧૦૯. ઓ. એસ. ઘાટેને પત્ર

ફેબ્રુઆરી ૧૬, ૧૯૧૯

તમારો કીમતી કાગળ મળ્યો. મેં તમને તાર[1] કર્યો હતો કે મેં ગૃહમંત્રીને કાગળ લખીને સરકારના નિર્ણય વિષે પુછાવ્યું છે. જનાબ શ્વેબને થોડા વખત ઉપર એ ખબર મેં આપ્યા હતા અને એમ માન્યું હતું કે તમને અને તમારા મિત્રોને એમની પાસેથી એ ખબર મળ્યા હશે. તે વખતે શ્રી દેસાઈ મારી પાસે નહોતા એટલે હું બને તેટલા ઓછા કાગળો લખતો. મારા કાગળમાં જનાબ શ્વેબને મેં એમ પણ જણાવ્યું હતું કે પ્રતિકૂળ જવાબ મળશે તો લડત શરૂ થશે. તે વખતે મને એમ લાગતું હતું કે, એ પ્રવૃત્તિ ઉપાડવા જેટલી મારી તબિયત સુધરી ગઈ હશે. કમનસીબે આમતેમ ઝોલાં ખાતા લોલક જેવી મારી તબિયત છે. હમણાં વળી ઊથલો ખાધો છે અને દાક્તરો કહે છે કે ત્રણ મહિના સુધી કોઈ જાતનો શ્રમ પડે એવું સાહસ મારે ખેડવું જોઈએ નહીં. હું તો ઝટપટ સાજા થઈ જવાનો પ્રયત્ન કરી રહ્યો છું અને હજી આશા સેવી રહ્યો છું કે દિલ્હીથી જવાબ આવશે ત્યાં સુધી કામ કરી શકવા જેવો થઈ ગયો હઈશ.

તમારા કાગળમાંથી રૉલેટ બિલો સંબંધી મને ઘણી વધારે ખબર મળે છે. હું એ બિલોને પૂરેપૂરાં ધિક્કારું છું. જો એ પસાર થાય તો સુધારા મારે માટે તો વ્યર્થ હશે. દેશમાં બનતી ઘટનાઓ હું બહુ કાળજીપૂર્વક નિહાળી રહ્યો છું. મને ચોક્કસ લાગે છે કે અલીભાઈઓએ કશું પગલું ભરવાનો વખત હજી આવ્યો નથી. તેમના ઉપર જે કૌટુંબિક આફતો આવી છે તેથી હૈયું ચિરાય છે. અત્યારે તો હિંદમાં ભાગ્યે જ કોઈ કુટુંબ એવું હશે જેણે પોતાનાં સગાંવહાલાં ખોયાં ન હોય. ચોમેરથી દયાહીન નિયમિતતાથી એક જાતના જ સમાચાર મળ્યા કરે ત્યારે લાગણીઓ પણ કાંઈક બુઠ્ઠી થઈ જાય છે.

તમારો સહૃદયી

**મો. ક. ગાંધી**

[મૂળ અંગ્રેજી]

મહાદેવ દેસાઈની હસ્તલિખિત ડાયરીમાંથી

શ્રી નારાયણ દેસાઈના સૌજન્યથી

ભાષાંતર : મહાદેવભાઈની ડાયરી, પુસ્તક પાંચમું

૧. આ તાર મળતો નથી.

Gandhi Heritage Portal

# ૧૦૭. આશ્રમવાસીઓ સમક્ષ પ્રવચન

ફેબ્રુઆરી ૧૭, ૧૯૧૯

આશ્રમમાં કોઈ પણ રીતનો સંતોષ નથી. કારણ? મગનલાલના આચારવિચાર અને વચનો તરફ અસંતોષ, આચારમાં એક પ્રકારનું પક્ષપાતીપણું; આશ્રમને વિષે અન્યોને એટલે શાળાવાસીઓને અશ્રદ્ધા; આ દશામાં મારી શી સ્થિતિ?

મારે અક્કડ સિદ્ધાંતો તમારી આગળ મૂકવાના છે. બહેનોને નથી બોલાવી. પણ તેમને પણ કંટાળો ઊપજી રહેલ છે. તેમનો જવાનો વિચાર થઈ ગયેલ છે. તેમને મેં કહી દીધેલ છે કે તમે જે અહીં મેળવ્યું છે તે બીજે કયાંય નહીં મેળવી શકો. તમે આશ્રમને જીરવી શકો તો રહી શકો. માટે વિચારીને રહેજો અથવા છોડજો. અસંતોષ છતાં વળગી કેમ રહ્યા છે? બધા અશક્તો તો નથી. મારા તરફની પ્રીતિ અને મોહને લીધે.

ત્યારે પહેલું સૂત્ર એ નીકળે છે કે કોઈ પણ માણસના કાર્યની બહાર તેને વિષે મોહ રાખવો એ આંધળો મોહ છે. દક્ષિણ આફ્રિકામાં મને એવા આંધળા મોહવાળા માણસો મળ્યા છે. તેમને મેં કહેલું કે ફિનિક્સ[1] જે મારી કૃતિ છે તે નકામી લાગે તો હું પણ નકામો છું. મારી કૃતિને વિષે અશ્રદ્ધા હોય તો મારે વિષે અશ્રદ્ધા આવવી જ જોઈએ. મને માણસની પરીક્ષા છે. પણ હું એ અત્યારે સિદ્ધ નથી કરી શકતો. છતાં તમને આશ્રમને વિષે અશ્રદ્ધા હોય, અસંતોષ હોય તો છોડીને ચાલ્યા જાઓ. જેઓ માત્ર આપવાને જ આવ્યા હોય તે રહી શકે અથવા ગાંધીની બેવકૂફી, ભૂલો બતાવવા આવ્યા હોય તે રહી શકે. પણ તેવો કોઈ હું જોતો નથી. લેવદેવની ઉપર સૌ આવ્યા છે. આશ્રમની કિંમત આપણા સૌ ઉપરથી અંકાય. માણસની કિંમત માણસની કૃતિની બહાર આપણે નથી આંકી શકતા.

દક્ષિણ આફ્રિકામાં મારી મોટામાં મોટી કૃતિ ફિનિક્સ છે. એ ન હોત તો દક્ષિણ આફ્રિકામાં સત્યાગ્રહ ન હોત. આ આશ્રમ ન હોય તો હિંદમાં સત્યાગ્રહ ન થઈ શકે. આમાં મારી ભૂલ હોય, પણ ભૂલ હોય તો હું ત્યાજ્ય છું. હું તો દેશને કહેવાનો છું કે મારી ગણના ચંપારણથી કે ખેડાથી નહીં કરશો, પણ આશ્રમથી જ કરશો. તમને અહીં કુવ્યવસ્થા, મોહ વગેરે લાગે તો મારા બધા કાર્યમાં તમે આ જ વસ્તુ જોશો. આશ્રમમાં હું પહેલો આશ્રમી છું અને આશ્રમના આદર્શો હું જ્યાં સુધી પાળી રહ્યો છું ત્યાં સુધી આશ્રમ ચાલી રહ્યો છે. હું કોઈને ન રાખી શકીશ તો મારા આત્માનું શુદ્ધ નિરીક્ષણ કરીશ, શુદ્ધ બલિદાન આપવાનો પ્રયત્ન કરીશ. બીજી કૃતિ ઉપરથી મારું મહત્ત્વ ન જુઓ. મને આશ્રમથી જ આંકો. આશ્રમમાં મારી એક કૃતિ મગનલાલ છે. મારા અનુભવમાં મગનલાલના પચાસ લાખ અવગુણ જોવામાં આવ્યા છે તો સો લાખ ગુણ જોવામાં આવ્યા છે. પોલાક મગનલાલની આગળ બાળક છે. મગનલાલે જે ઘા

૧. ફિનિક્સ આશ્રમ. આ આશ્રમ ગાંધીજીએ ૧૯૦૪માં પોતાના સહકાર્યકરો અને યુરોપિયન મિત્રોની મદદથી ડરબન નજીક સ્થાપ્યો હતો. એનો ઉદ્દેશ રસ્કિન અને ટૉલ્સ્ટૉયના મુખ્ય મુખ્ય ઉપદેશોને વ્યવહારમાં ઉતારવાનો અને દક્ષિણ આફ્રિકાના હિંદીઓની ફરિયાદો દૂર કરવામાં મદદ કરવાનો હતો. *ઇન્ડિયન ઓપીનિયન*નું પ્રકાશન પણ ફિનિક્સથી થતું હતું.

Gandhi Heritage Portal

ઝીલેલા છે તે પોલાકે નથી ઝીલેલા. મગનલાલે પોતાના કાર્યનું બલિદાન આપેલું છે, મારે માટે નહીં પણ આદર્શ માટે. મગનલાલ મારી ગુલામી કરે છે એમ નથી. એ આદર્શને વશ છે. એક વાર મને મગનલાલ સલામ કરી જવા તૈયાર થયા હતા.

એટલે મગનલાલને કાઢીને હું આશ્રમ નહીં ચલાવી શકું. તેમ કરું તો હું એકલો જ આશ્રમમાં રહું. જે કાર્ય કરવાનાં છે તેમાં મગનલાલની પણ સંપૂર્ણ જરૂર છે. એના કરતાં ચઢતો મેં જોયો નથી. એનામાં ક્રોધ, અપૂર્ણતા છે છતાં એ એકંદર રીતે સરસ માણસ છે. એની પ્રામાણિકતા વિષે મને શંકા નથી. મગનલાલ જેટલે દરજ્જે ખરાબ છે તેટલે દરજ્જે હું ખરાબ છું, એ તમારે સિદ્ધ માની લેવું રહ્યું.

મને મારા ભાઈ, અથવા માબાપની સાથે વઢવાડ થઈ હોય તે હું બીજાને કહેવા ન જાઉં તેમ જે સંસ્થાની અંદર આપણે રહેતા હોઈએ તે સંસ્થાની અંદરના કોઈ માણસની સામે બીજે ઠેકાણે આપણે ફરિયાદ ન લઈ જઈએ. જે માણસને બીજા માટે તિરસ્કાર આવે અથવા શંકા આવે તે કાળે તેનો તેણે ત્યાગ કરવો. એમ જ્યારે જગતને છોડશે ત્યારે એ એકલો થઈ રહેશે અને ત્યારે તે કાં તો આપઘાત કરશે અથવા પોતાની અપૂર્ણતાનું જ્ઞાન પ્રાપ્ત કરી તિરસ્કારથી મુક્ત થશે. જે સંસ્થામાં રહેતા હો તેને વિષે બીજાની આગળ તો નહીં પણ પોતાના મનમાં પણ માઠું ન લાવવું. મનમાં એવો વિચાર આવે કે તરત તેનો ત્યાગ કરવો. આશ્રમમાં ખરો આનંદ તો હું બહાર હોઉં ત્યારે જ હોવો જોઈએ. હું જો મુરબ્બી હોઉં તો મારાં કહેણ સ્મરણમાં રાખીને સદ્વર્તન રાખવું. અત્યારે છૂટ લઈને તમે ગમે તેમ વર્તન કરો પણ હું ગયો ત્યારે તો તેમ થાય જ નહીં.

મારી ગેરહાજરીમાં એકતા ન હોય તો મારામાં ખામી છે, અને મારો તમારે ત્યાગ કરવો જોઈએ.

આશ્રમમાં અસંતોષની દશા કાઢું તો મગનલાલને શાંતિ આપવા માટે. મગનલાલની શાંતિ માટે નહીં પણ દેશને માટે, કારણ મગનલાલનું મેં દેશને બલિદાન આપ્યું છે.

કાં તો આશ્રમનો ત્યાગ, કાં તો મગનલાલનો ત્યાગ મારી પાસે કરાવવો. મગનલાલ ઝેરવેર કરે છે એમ મને લાગ્યું નથી ત્યાં સુધી એને નહીં કાઢું. જગતની પાસે માણસ માટે માણસના કાર્ય સિવાય બીજું પ્રમાણ નથી. જેવી એની કૃતિ તેવો જ તે માણસ છે. આ જ આરોપ મારા ગાઢા મિત્ર મિ. કિચને[1] કરેલ છે. પણ મગનલાલે જે સુંદર, સુવ્યવસ્થિત કાર્ય કર્યું છે તેવું કોઈએ નથી કર્યું.

[મૂળ ગુજરાતી]

મહાદેવભાઈની ડાયરી, પુસ્તક પાંચમું

૧. બાપુના દક્ષિણ આફ્રિકાના સાથી. બાપુ તેમને વિષે કહે છે : "હર્બર્ટ કિચન એક શુદ્ધ હૃદયના, વીજળીનું કામ જાણનાર અંગ્રેજ હતા. તેમણે બોઅર લડાઈમાં અમારી સાથે કામ કર્યું." મનસુખલાલ નાજરના અવસાન પછી તેઓ થોડી મુદત સુધી ઇન્ડિયન ઓપીનિયનના અધિપતિ પણ હતા.

Gandhi Heritage Portal

## ૧૦૮. ગોખલેની સંવત્સરી પ્રસંગે સંદેશ

ફેબ્રુઆરી ૧૯, ૧૯૧૯

આજની સભામાં આવવાનો મને ઉમંગ હતો, પરંતુ તબિયતના કારણે હું આવી શકતો નથી; તોપણ મારો આત્મા ત્યાં છે. આજની સભાથી આપણે પ્રજાસેવામાં એક ડગલું આગળ વધીશું તો જ આપણે તેને સફળ કરી લેખાશે. આજે જે પુસ્તક[1] પ્રસિદ્ધ થાય છે તે ખરીદવાનો અને ન ખરીદી શકે તેઓને બીજા પાસેથી લઈ વાંચવાનો આગ્રહ કરજો.

[મૂળ ગુજરાતી]

પ્રજાબંધુ, ૨૩–૨–૧૯૧૯

## ૧૦૯. જે. એલ. મૅફીને[2] પત્ર

સાબરમતી,
ફેબ્રુઆરી ૨૦, ૧૯૧૯

તબિયતની બાબતમાં હજી હું પૂરેપૂરો નિર્ભય થઈ શકયો નથી. વળી જો મારે મારા દાક્તરોના હુકમને તાબે થવાનું હોય તો મારે એવું કોઈ કામ નહીં કરવું જોઈએ જેમાં ઝાઝો શ્રમ લેવો પડે. એટલે મેં વિચાર્યું હતું કે જ્યાં સુધી મારી તબિયત બરાબર ન થાય ત્યાં સુધી મારે શ્રમ પડે એવી કોઈ પ્રવૃત્તિ કરવી નહીં. પરંતુ હમણાં હમણાં જે ઘટનાઓ બની છે તે મને નામદાર વાઈસરૉયની સેવામાં તેમની વિચારણા માટે નીચેની હકીકત રજૂ કરવાની ફરજ પાડે છે:

પ્રથમ તો મને રૉલેટ બિલો વિષે લખવાનું મન થઈ આવે છે. પરંતુ હાલ તુરત એ લાલચને હું રોકી દઉં છું, અને બિલોનું શું થાય છે તેની તથા દેશમાં એ અંગે થનારા આંદોલનની હું રાહ જોઈ રહ્યો છું. આજે તો હું જેમાં મને ખાસ રસ છે એવી એક જ બાબત પૂરતો આ પત્ર લખું છું. એ બાબત અલીભાઈઓના કેસ અંગેની છે.

આપને યાદ હશે કે ૧૯૧૭ના[3] નૂતન વર્ષને દિવસે આ ભાઈઓ વિષે મેં એક નિવેદન કર્યું હતું. જોકે આ બાબતમાં વાઈસરૉય વચ્ચે પડવા ન માગતા હોય એવું બને, છતાં જાહેર જનતાના દૃષ્ટિબિંદુથી હાલમાં સ્થિતિ શી છે તે તેમણે જાણવું જોઈએ.

આપણી વચ્ચે થયેલા છેલ્લા પત્રવ્યવહાર પછી મેં સર વિલિયમ વિન્સન્ટ સાથે પત્રવ્યવહાર શરૂ કર્યો. એને પરિણામે અલીભાઈઓ બાબતમાં સરકારને સલાહ આપવા માટે એક સમિતિ નીમવામાં આવી. આ સમિતિએ પોતાનો રિપોર્ટ સરકારને મોકલી આપ્યો છે. પરંતુ હું જાણું છું ત્યાં સુધી, સમિતિએ રિપોર્ટ આપ્યાને લગભગ બે માસ થઈ ગયા છતાં, હજી સુધી સરકારનો

૧. ગોખલેનાં ભાષણોનું ગુજરાતી ભાષાંતર.
૨. વાઇસરૉયના ખાનગી સેક્રેટરી.
૩. આ દેખીતી ભૂલ છે; ૧૯૧૮ જોઈએ. જુઓ પુસ્તક ૧૪.

Gandhi Heritage Portal

નિર્ણય જાહેર કરવામાં આવ્યો નથી. મેં આ માસની ૧૨મી તારીખે સર વિલિયમ વિન્સન્ટને આ બાબતમાં લખ્યું હતું. અલીભાઈઓ તરફથી મને જણાવવામાં આવ્યું છે કે તાકીદનાં કામો માટે તથા અન્ય સંજોગોને લીધે કેટલેક સ્થળે જવાની પરવાનગી મેળવવા તેમણે કરેલી અરજીઓ સંબંધમાં તેમની સાથે થયેલા વર્તાવ ઉપરથી તેઓ એવું અનુમાન કરે છે કે સરકારનો નિર્ણય એમની વિરુદ્ધમાં આવવા સંભવ છે. એ ભાઈઓ અને સમિતિ વચ્ચે જે પત્રવ્યવહાર થયો છે તે ઘણોખરો મ વાંચ્યો છે. જે પત્રમાં એમની સામેના આક્ષેપો રજૂ કર્યા છે તે પણ મેં વાંચ્યો છે, તથા એનો એમણે જે જવાબ આપેલો તે પણ મેં વાંચ્યો છે. મારે માનવું જ રહ્યું કે જે આરોપનામું એ ભાઈઓને આપવામાં આવ્યું હતું તે સંપૂર્ણ વિગતોથી ભરેલું હતું. આ બધી વાત ઉપરથી મારા પર એવી છાપ પડી છે કે એ ભાઈઓને સહેજ પણ વાજબી કારણ વિના નજરકેદ કરવામાં આવેલા છે, તથા તેમને પારાવાર મુસીબતમાં મૂકવામાં આવ્યા છે. મારા નમ્ર અભિપ્રાય પ્રમાણે એમના પર જે આક્ષેપો મૂકવામાં આવ્યા છે તે ભારત સંરક્ષણ ધારા નીચે કામ ચલાવવા જેવા નથી. મારે આપને કહેવું જોઈએ કે કોઈ સ્વતંત્ર સરકાર હેઠળ એમને રાજ્યને માટે ખતરનાક વ્યક્તિઓ માનવાને બદલે કોઈ મહત્ત્વનો હોદ્દો આપવામાં આવ્યો હોત. તેઓ બહાદુર છે, પૂરેપૂરા સીધાસાદા છે, સ્પષ્ટવક્તા છે, ઈશ્વરથી ડરનારા છે અને શક્તિશાળી પુરુષો છે; મુસલમાનો અને હિંદુઓ બંને કોમો તરફથી તેઓ એક સરખા આદરને પાત્ર બનેલા છે. આખા ભારત દેશમાંથી સંયુક્ત હિંદુમુસ્લિમ સંસ્કૃતિના એમના કરતાં વધારે સારા નમૂના સાંપડવા મુશ્કેલ છે. સહેજે ઉશ્કેરાઈ જવાય તેવી પરિસ્થિતિમાં તેમણે અદ્ભુત સંયમ અને ધીરજ દાખવ્યાં છે. ખુદ એમના સદ્ગુણો જ એમનો ગુનો ગણાયા હોય એવું લાગે છે. આનાથી વધારે સારા વર્તાવને તેઓ પાત્ર હતા.

મારી નમ્રતાની ભાવનાને આઘાત પહોંચાડીને પણ મારે એક હકીકત લૉર્ડ ચેમ્સફર્ડ આગળ ખુલ્લી કરવી જ જોઈએ. ૧૯૧૭ના ડિસેમ્બરમાં મુસ્લિમ લીગની બેઠક કલકત્તામાં મળી, ત્યારથી આજ સુધી એ ભાઈઓને મેં જે જે સલાહ આપી છે તે તેમણે મૂંગા રહીને સ્વીકારી છે; એ જ રીતે આગેવાન મુસલમાનોએ પણ મારી સલાહ માની છે. જો મારી સલાહ એમને ન મળી હોત, તો એમણે આ પહેલાં ક્યારનુંયે સરકારને મૂંઝવી નાખે એવું જોરદાર આંદોલન આપમેળે શરૂ કરી દીધું હોત. મેં એમને એવી સલાહ આપી હતી કે જો રાહત આપવામાં ન આવે તો સત્યાગ્રહનો આશરો લેવો જોઈએ. મેં "પૅસિવ રિઝિસ્ટન્સ"એ શબ્દોને બદલે "સત્યાગ્રહ" શબ્દ વાપર્યો છે, કેમ કે એ શબ્દો પ્રત્યે મને અણગમો છે. વળી સંસ્કૃત શબ્દ "સત્યાગ્રહ" સહેલાઈથી સમજાય તેવો છે તથા તે દ્વારા જે મહાન સત્યનો બોધ થાય છે તે "પૅસિવ રિઝિસ્ટન્સ" શબ્દોથી પૂરેપૂરો થતો નથી. મેં એમને ખાતરી આપી કે બંને ભાઈઓને છોડાવવા માટે હું સરકાર સાથે પત્રવ્યવહાર કરી રહ્યો છું. મેં એમને જણાવ્યું કે આ અંગે સાર્વજનિક આંદોલન ઉપાડતાં પહેલાં સત્યાગ્રહી તરીકે આપણે એ જાણી લેવું જોઈએ કે આ પ્રશ્ન સંબંધમાં સરકાર શું કહેવા માગે છે; ઉપરાંત સત્યાગ્રહ શરૂ કરતાં પહેલાં આપણે સઘળા નરમ ઉપાયો અજમાવી લેવા જોઈએ, જેથી સાધારણ રીતે તટસ્થ નિરીક્ષકોને પણ લાગે કે સરકારે અપનાવેલું દૃષ્ટિબિંદુ ન્યાયપુરઃસરનું નથી. સત્યાગ્રહની વાત એવી છે કે એક વાર તે શરૂ થાય, પછી એમાંથી પાછા ફરવાપણું રહેતું નથી. મને લાગે છે કે અલીભાઈઓએ તથા જે સજ્જનોના સંસર્ગમાં આવવાનું મને સદ્ભાગ્ય મળ્યું છે તેમણે મારી સલાહ માની તે બદલ મારે તેમનો

Gandhi Heritage Portal

આભાર માનવો જોઈએ. હવે જે વિલંબ થઈ રહ્યો છે તે ખતરનાક હદે પહોંચ્યો છે, એટલે હું દિલપૂર્વક ઉમેદ રાખું છું કે સરકાર અલીભાઈઓને મુક્ત કરીને દેશમાં પ્રચંડ આંદોલન ઊભું થતું અટકાવશે.

હું આપના જવાબની અત્યંત ઇંતેજારીથી રાહ જોઈશ.

આશા રાખું છું કે આપની તબિયત એકદમ સારી હશે. અને આપની પાસેથી મને એ જાણીને ઘણો જ આનંદ થશે કે કામનો અત્યંત બોજો હોવા છતાં લૉર્ડ ચેમ્સફર્ડની તબિયત સારી રહે છે.

સ્નેહભર્યા આદર સહિત,

[મૂળ અંગ્રેજી]

નૅશનલ આર્કાઇવ્ઝ ઑફ ઇન્ડિયા : હોમ : પોલિટિકલ—એ : જુલાઈ, ૧૯૧૯; નં. ૧ અને કે. ડબ્લ્યુ.

## ૧૧૦. સી. વિજયરાઘવાચારિયરને[૧] પત્ર

ફેબ્રુઆરી ૨૩, ૧૯૧૯

તમારો કાગળ[૨] બહુ સુંદર છે. તે ઉપરથી મને એમ થઈ જાય છે કે હું હમણાં જ મદ્રાસ દોડી જાઉં. બહુ વખતથી ત્યાં જવાનો વિચાર તો કરું જ છું. પણ મારી કથળેલી તબિયત આડે આવ્યા કરી છે. અત્યારે પણ તબિયત સારી નથી. છતાં લડત વહેલી ન ઊપડે તો અથવા અલીભાઈઓ માટે મારે લખનૌ ન જવું પડે તો જરૂર વહેલી તકે હું મદ્રાસની મુલાકાત લઈશ. મને ચોક્કસ લાગે છે કે સિલેક્ટ કમિટીમાં આ બિલોમાં ધરમૂળના ફેરફાર ન કરવામાં આવે તો તેનો સખતમાં સખત વિરોધ આપણે કરવો જ જોઈશે. આ બિલો બહુ ભયંકર છે એટલા જ માટે હું એમને ધિક્કારું છું એમ નથી. ધિક્કારવાનું મોટું કારણ તો એ છે કે આ બિલો હિંદી સરકારના હાડમાં ઊંડે ઘર કરી બેઠેલા રોગની અચૂક નિશાની છે. એ રોગથી સરકાર મુક્ત થાય તો જ સુધારાની અંદર આપણે કાંઈકે સાચી સ્વતંત્રતા ભોગવી શકીએ. તમને થોડા વખતમાં જ ફરી લખવાની હું આશા રાખું છું. સત્યાગ્રહના પ્રશ્ન ઉપર વિચાર કરવા આવતી કાલે જ ગુજરાતીઓની એક સભા રાખી છે. સત્યાગ્રહમાં જે અર્થ સમાયેલો છે તે “પૅસિવ રિઝિસ્ટન્સ” શબ્દથી બહુ ઓછો વ્યક્ત થાય છે.

[મૂળ અંગ્રેજી]

મહાદેવ દેસાઈની હસ્તલિખિત ડાયરીમાંથી

શ્રી નારાયણ દેસાઈના સૌજન્યથી

ભાષાંતર : મહાદેવભાઈની ડાયરી, પુસ્તક પાંચમું

૧. ૧૮૫૨–૧૯૪૩; જાણીતા વકીલ, અને સક્રિય કૉંગ્રેસી; ૧૯૨૦ના નાગપુર કૉંગ્રેસ અધિવેશનના અધ્યક્ષ હતા.

૨. આ પત્ર ઉપર ૧૯મી ફેબ્રુઆરીની તારીખ છે. તેના ઉપર “ખાનગી” એવું લખેલું છે. અને તેમાં ગાંધીજીને દક્ષિણ ભારતનાં થોડાંક અગત્યનાં સ્થળોએ જઈ આવવા આગ્રહ કરેલો છે.

Gandhi Heritage Portal

# ૧૧૧. સોંજા શ્લેશિનને[1] પત્ર

ફેબ્રુઆરી ૨૩, ૧૯૧૯

સુવ્યવસ્થિત થવાનું એક વાર તમે મને શ્રેય આપ્યું તે તમારી બહુ સારપ છે. મારે વિષે મારો પોતાનો અભિપ્રાય એવો છે કે હું દુનિયામાં સૌથી વધારે સુવ્યવસ્થિત માણસ છું અને જ્યાં સુધી એ મારો ભ્રમ છે એમ કોઈ સાબિત નહીં કરી આપે ત્યાં સુધી એ માન્યતામાં હું રાચ્યા કરીશ અને તમારા જેવાનું છૂટુંછવાયું પ્રમાણપત્ર મારા એ આનંદમાં વૃદ્ધિ કરશે. પૈસા ધીરવા જેવા સાદા કામ માટે બૅંકને બદલે મિત્રને મેં મારું વાહન બનાવ્યું તેથી, હું જાણતો જ હતો કે તમારા ફૂલણજીપણાને, સ્વાભિમાનને, ભવ્ય સ્ત્રીત્વને, અથવા તમારે જે કહેવું હોય તેને હું આઘાત પહોંચાડીશ. પણ મેં તમારી અવ્યવહારુ સલાહ લીધી હોત તો તમને પૈસા પહોંચાડતાં મને ઘણો વધારે વખત લાગત. કારણ તમારે જાણવું જોઈએ કે અત્યારે હું હિંદુસ્તાનમાં રહું છું. અહીંની આબોહવા અને આસપાસની પરિસ્થિતિને શોભે તેવી રીતે અમે, હોતા હૈ, ચલતા હૈ, એ ઢબે કામ કરીએ છીએ. અહીં બૅંકો પોતાના ઘરાકોની સેવક નથી હોતી, પણ સ્વામી હોય છે, સિવાય કે ઘરાક અમારા રાજ્યકર્તાઓની જાતનો હોય. વળી તમને દોઢસો પાઉંડ મોકલતાં કદાચ પંદર પાઉંડ ખર્ચના લાગ્યા હોત. તમને તો તમારા કવિ સ્વભાવ પ્રમાણે પૈસાનો કશો હિસાબ ન હોય. પણ હું તો સાદોસીધો દુનિયાદારી માણસ રહ્યો, એટલે હું તો સમજું છું કે માણસને પોતાની કેળવણી પૂરી કરતાં દોઢસો પાઉંડ પૂરા થાય એમ છે. તેમાંથી જો હું પંદર પાઉંડ આમ ખર્ચી નાખું તો મૂળ રકમનો એક દશાંશ ભાગ જે હું સહેજે બચાવી શકું એમ હતું તે ખર્ચીને મેં એટલો બગાડ જ કર્યો હોત. ઈતિ સિદ્ધમ્.

તમને મળેલા પૈસા, જરૂર તમે ઉછીના લીધેલા ગણશો. હું માનું છું કે મેં રુસ્તમજી[2] શેઠને એ પ્રમાણે કહ્યું છે. પણ એ હું સોગંદ ઉપર કહી શકતો નથી. કારણ સામાન્ય રીતે મેં લખેલા કાગળોની હું નકલ રાખતો નથી. જ્યારે તમને પૈસા પાછા મોકલવાની ઇચ્છા થાય ત્યારે, તમે એમ ઇચ્છો તો ચક્રવૃદ્ધિ વ્યાજ સાથે પાછા લેવામાં મને વાંધો નથી, એક જ શરતે કે મને આપવા માટે તમારે કોઈનું દેવું કરવું નહીં. ઉપર મેં જે લખ્યું છે તે ઉપરથી તમને ખબર પડશે કે મારી તબિયત પહેલાં કરતાં સારી છે. જોકે હજી હું પથારી છોડી શકતો નથી. કહે છે કે મારું હૃદય નબળું છે અને મારે ભારે શ્રમ લેવો જોઈએ નહીં, પણ મને પોતાને સારું લાગે છે અને હું પ્રફુલ્લિત છું.

દેવીબહેન[3] મને નિયમિત લખતાં રહે છે. એ કહે છે કે તમે ભાગ્યે જ (અહીં શબ્દો રહી ગયા લાગે છે) લોકો પોતાની દેવીઓ સાથે એમ વર્તતા નથી. અથવા શું સ્ત્રીઓને જુદી રીતે વર્તવાનો ખાસ અધિકાર હોય છે?

૧. દક્ષિણ આફ્રિકામાં શરૂઆતમાં બાપુની ઑફિસમાં સ્ટેનોટાઇપિસ્ટ તરીકે કામ કરતાં. પછીથી બાપુનાં બહુ વિશ્વાસુ સાથી બન્યાં. સત્યાગ્રહની લડતમાં તેમણે બહુ મદદ કરેલી. તેમની ત્યાગવૃત્તિ, નિર્ભયતા, પ્રામાણિકતા અને કુશળતાનાં વખાણ કરતાં બાપુ કદી થાકતા નહીં. એ કંઈક સફ્રેજેટ (સ્ત્રીઓના મતાધિકાર માટે લડનારાંના) સ્વભાવનાં હતાં.

૨. પારસી રુસ્તમજી તરીકે દક્ષિણ આફ્રિકામાં ઓળખાતા ત્યાંના શ્રીમંત વેપારી. બાપુના અસીલ. સત્યાગ્રહની લડતમાં ભળેલા. ત્યાંની સાર્વજનિક પ્રવૃત્તિઓમાં આર્થિક અને બીજી સારી મદદ કરતા.

૩. એડા વેસ્ટ, ગાંધીજીનાં મિત્ર અને સાથી એ. એચ. વેસ્ટનાં બહેન.

Gandhi Heritage Portal

હા, હરિલાલને કારી ઘા લાગ્યો છે. ચંચી બહુ ભારે હતી. મેં તમને ખાસ લખેલું નહીં, એમ ધારીને કે રામદાસ ઉપરના તારથી તમને બધાંને ખબર મળી જ જશે. વળી તે વખતે હું એટલો બીમાર હતો કે કોઈને લખી શકું નહીં. હરિલાલનાં બધાં બાળકો અહીં છે અને આ કાગળ લખાવું છું તે વખતે મારી પાસે રમે છે.

હિંદ સરકાર ધારાસભામાં અમુક કાયદા પસાર કરાવવા ધારે છે તેની સામે સત્યાગ્રહની વાતો ચાલી રહી છે. આવતી કાલે આશ્રમમાં યુદ્ધ પરિષદ મળવાની છે. તમે એટલું માનજો કે આવી પરિષદો ત્યાં થતી, જેમાં તમે એક પાત્ર (કે સ્ત્રીપાત્ર?) અને ઠીક ઠીક સમજદાર પ્રેક્ષક બનતાં હતાં તેની ભૂંડી નકલ એ હશે. એટલે એ સભાનું તમને મારે વર્ણન આપવાની જરૂર નહીં રહે.

અહીંના આશ્રમમાં સ્ત્રીઓને દાખલ કરવાની બંધી છે એ તમારી ટીકાથી મને આશ્ચર્ય થાય છે. એ ઉપરથી તો એમ જણાય છે કે તમે આશ્રમમાં કશો રસ જ લેતાં નથી. અહીં આશ્રમમાં તો ઘણીયે સ્ત્રીઓ છે. એ સઘળાંને કેળવણી આપવામાં આવે છે. એમાં ત્રણ કન્યાઓ છે. એ કન્યાઓ ઘરની જ છે, પણ એમાં દોષ અમારો નથી. બીજી કન્યાઓ નથી આવતી એનું કારણ તો એ છે કે અમારી શરતોએ લોકો પોતાની કન્યાઓ મોકલવા તૈયાર નથી. થોડા જ દિવસના અહીંના વસવાટ પછી સ્ત્રીઓમાં કેટલું ભારે પરિવર્તન થઈ જાય છે એ જોઈને તમે તો નાચવા માંડો. પડદો અને બીજાં બધાં અકુદરતી બંધનો જાણે જાદુની માફક ખરી પડે છે. હું જાણું છું કે તમે અહીં આવશો ત્યારે તેમનામાંની ઘણીને તો ભેટી પડશો. માત્ર તમારું ગુજરાતીનું જ્ઞાન તાજું કરી લેવું પડશે.

ઇમામ સાહેબ અને હાજી સાહેબા અહીં જ છે, અલબત્ત એમની દીકરીઓ પણ.

**મો. ક. ગાંધી**

[મૂળ અંગ્રેજી]
મહાદેવ દેસાઈની હસ્તલિખિત ડાયરીમાંથી
શ્રી નારાયણ દેસાઈના સૌજન્યથી
ભાષાંતર : મહાદેવભાઈની ડાયરી, પુસ્તક પાંચમું

## ૧૧૨. દેવદાસ ગાંધીને પત્ર

[અમદાવાદ,]
ફેબ્રુઆરી ૨૩, ૧૯૧૯

તમારા પત્રો આવ્યા છે. ભરોસો વગર વિચાર્યે કોઈને આપવો જ નહીં કે જેથી વચનભંગના દોષમાં આવી જવાય. હરિલાલના અક્ષર ઘણા ખરાબ હતા; તેણે સુધારી લીધા. ત્રણ ભાઈઓના અક્ષર તો સરસ થયા. તમારા અક્ષર તો દહાડે દહાડે બગડતા જાય છે. સ્વામીજીની વતી જે હિંદી કાગળ તમે લખેલો છે તે ઘણી જ મુશ્કેલીથી ભાઈ મહાદેવ વાંચી શક્યા છે. મારાથી તો ન જ વંચાયો. ખરાબ અક્ષર એ નાનોસૂનો દોષ નથી. સારા અક્ષર એ ભૂષણ છે. ખરાબ અક્ષરથી આપણે આપણા મિત્ર મુરબ્બીઓ ઉપર બહુ મોટો બોજો મૂકીએ છીએ. અને ખરાબ અક્ષર લખીને આપણે પ્રવૃત્તિને હાનિ પહોંચાડીએ છીએ. તમે જાણો છો કે ગોટાળા અક્ષરવાળા કાગળો હું તરત વાંચી શકતો નથી. એટલે તમારા અક્ષર તમે સુધારો એ હું તમારી પાસે માંગી લઉં છું.

Gandhi Heritage Portal

મારી તબિયત સારી રહે છે. કાચું ચાર શેર દૂધ ચાર ટંક થઈને પીઉં છું. બે બકરીઓ બાંધી છે. સાત દિવસ સુધી તો દૂધ સિવાય કાંઈ જ નથી લીધું. આજે દરેક વખત સાત સાત દ્રાક્ષ લેવાની ભલામણ ડૉ. આઇસે[1] કીધી છે. હજી હાલીચાલી નથી શકાતું. આમ છતાં બરફ સાહેબ માને છે કે હું થોડા દિવસમાં હરતોફરતો થઈ જઈશ. એમનું ત્રીજું નામ દૂધાભાઈ રાખવા ધાર્યું છે, કેમ કે, તેઓ હમણાં દૂધઘેલા થયા છે. તેઓ એમ માને છે કે દૂધ એ સર્વોપરી ખોરાક છે. એટલે મેં કહ્યું તમારે તો જન્મપર્યંત દૂધ જ લેવું જોઈએ. હાલ તો લઈ રહ્યા છે. હવે જોઈશું શું થાય છે.

મારી ઉમેદ છે કે માર્ચ માસની આખર સુધીમાં હું ત્યાં પહોંચીશ.

સત્યાગ્રહી યોદ્ધાઓની સભા સોમવારે સત્યાગ્રહાશ્રમમાં થવાની છે. દરેકની પાસે શાં શાં શસ્ત્રો છે, કેટલો દારૂગોળો છે એ બધું વિચારીને છેવટનો નિશ્ચય થશે. લડાઈને સમયે રાવણે સભા ભરી હતી તેનું શામળભટ્ટે[2] વર્ણન આપ્યું છે તે તમે જો વાંચ્યું હોય તો મહાદેવભાઈને સોમવારનો ઈતિહાસ નહીં આપવો પડે.

મનુ[3] મારા સિવાય બધાની પાસેથી ચરબી ચોરી રહી છે, એટલે આશ્રમમાં મોટામાં મોટા ખડબૂચા જેવી લાગે છે. ગણપતિની સ્થાપના કરવી હોય તો ક્યાંકથી એક સૂંઢ લાવીને ચોંટાડીએ તો મનુ શોભે એમ છે. એનો પ્રકાશ વધતો ચાલ્યો છે. તેથી એ બધાંનું રમકડું થઈ પડી છે. રસિક[4] પોતાની રસિકતા ઘણી વાર તો સોટીઓ વાપરીને બતાવે છે. કાંતિ[5] શાંત થતો જાય છે. રામીની તબિયત સાધારણ ચાલી રહી છે. એ બધાંઓનું કામકાજ કરવામાં બાનો વખત ચાલ્યો જાય છે, કંટાળારૂપ પણ લાગે છે એમ જોઉં છું. તેથી સ્વભાવ કોઈક વાર ભારે ચીડિયો થઈ જાય છે, અને જેમ કુંભાર ખિજાય તો ગધેડીના કાન આમળે છે, તેમ કુંભારણ ગધેડાના ધણી તરફ વર્તતી હશે એવું હું અનુમાન કરું છું.

આટલા વિનોદ પછી તેના ઉત્તર રૂપે કાંઈક ગંભીરતા આપું :

"મારી દૃઢ માન્યતા છે કે દરેક હિંદીએ માતૃભાષા તથા હિંદી-ઉર્દૂ સારી રીતે શીખી લેવાં જોઈએ. જુદા જુદા પ્રાંતના લાખો હિંદીઓ માટે વ્યવહારની સામાન્ય ભાષા હિંદી-ઉર્દૂ જ છે એ વિષે શંકા નથી. આ આવશ્યક તૈયારી વિના આપણા વિચારો આપણે વ્યક્ત કરી શકીશું નહીં."[6]

આ તમે મોકલ્યું છે તેનો તરજુમો જોઈએ. ધ્યાનમંત્રને સારુ તામિલમાં આ આપજો : "કરકક કરકક કસડરૂમ."[7] એની નીચે "ટીપે ટીપે સરોવર ભરાય"નું હિંદી સ્વામીજી આપશે, અને તેની નીચે અંગ્રેજી constant dropping wears away stones (દોરડીએ છેદાય છે પાકા

૧. ડૉ. કેળકર; તેઓ નિસર્ગોપચાર અને બરફના ઉપચારના ભારે હિમાયતી હતા તેથી આશ્રમમાં તેમને આઇસ દાક્તર કહેતા.

૨. ૧૮મી સદીના પ્રસિદ્ધ ગુજરાતી કવિ; એમણે ઘણાં કથા-કાવ્યો, ધાર્મિક કાવ્યો અને બોધ-પ્રધાન કાવ્યો રચેલાં છે.

૩. હરિલાલની પુત્રી.

૪. અને ૫. હરિલાલના દીકરાઓ.

૬. મૂળમાં આ લીટીઓ અંગ્રેજીમાં છે. અને કૌંસમાં આ ગુજરાતી અનુવાદ આપેલો છે.

૭. તમે જે શીખો તે સારી રીતે શીખો [અને પછી એનો અમલ કરો.].

Gandhi Heritage Portal

કાળા પહાણ). તામિલ કહેવત પોપના[1] પુસ્તકમાં પહેલા પાના ઉપર આપેલી છે. તેનું તેલુગુ શોધીને તે પણ મૂકજો.

તમારી પ્રાયમર છપાવતાં પહેલાં અહીં ટીકાને સારુ મોકલશો તો કાકા વગેરે જોઈ જશે, અને છપાવો ત્યારે તેનાં પ્રૂફ મોકલશો તો કળાની દૃષ્ટિએ પણ ધ્યાનમંત્ર વગેરેની ગોઠવણી જોઈ શકાશે. બહુ ઉતાવળની જરૂર માનો તો ન મોકલશો.

સુરેન્દ્રના ઉદ્‌ગાર ત્યાંની શાળાને વિષે છે તે અહીંને વિષે પણ હતા. ઘણી વખત પહેલો દેખાવ સરળ માણસ ઉપર એક છાપ પાડે છે, અને એ વાસ્તવિક છે. મિસ મૉલ્ટીનોએ[2] ફિનિક્સને પૃથ્વી ઉપરના સ્વર્ગની ઉપમા આપી છે. જો તે ફિનિક્સમાં કાંઈ કાળ સુધી રહી હોત તો મારી ખાતરી છે કે કાંઈ ફેરફાર થાત જ. બીનને ફિનિક્સ પ્રથમ દૃષ્ટિએ સર્વોત્કૃષ્ટ લાગ્યું. થોડા મહિના રહ્યા પછી ફિનિક્સ જેવી કોઈ પણ ખરાબ સંસ્થા એ કલ્પી નહીં શક્યા.

આજને સારુ તો હવે થયું.

(આટલું લખાવ્યા પછી પોતાના અક્ષરે લખ્યું)

આ પણ કદાચ કહેવત સારુ ચાલે :

રસિકલાલ હરિલાલ મોહનદાસ કરમચંદ ગાંધી
બકરી . . . . . . . . . . . . . . . . . .બાંધી
બકરી દોવા દીયે . . . . . . . . . . . . .નહીં
ગાંધી રોતા રીયે . . . . . . . . . . . . . નહીં.

કવિવર રસિક

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

મહાદેવભાઈની ડાયરી, પુસ્તક પાંચમું

## ૧૧૩. હરિલાલ ગાંધીને પત્ર

ફેબ્રુઆરી ૨૩, ૧૯૧૯

શુભોપમાલાયક સત્યાગ્રહીઓની પેઢી,[3]

આ કાગળ શરૂ કરતો હતો તેવામાં મારે કચેરી ભરવી પડી. તહોમતદાર રસિક હતો. ફરિયાદી એક નિર્દોષ કૂતરો હતો. ફરિયાદીએ પોતાના રુદનથી જણાવ્યું કે કોઈએ તેને માર માર્યો. મેં જોયું તો તહોમતદાર રસિક માલૂમ પડ્યો. તહોમતદારે ગુનો કબૂલ કર્યો. આગલા ગુના પણ કબૂલ કર્યા. મને ભગવાન શ્રીકૃષ્ણ અને શિશુપાલ યાદ આવ્યા. શિશુપાલના સો[4] ગુના શ્રીકૃષ્ણચંદ્રે માફ કર્યા. તે ઉપરથી દયા ખાઈ કોરટે તહોમતદાર રસિકના પાંચ ગુના માફ કર્યા ને ચેતવણી આપી કે હવે પછી ગુનો કરશે તો માફ નહીં થાય. પણ પથરા મારવાથી કૂતરાને જે દુ:ખ થાય છે તેનો જાતિઅનુભવ તહોમતદારને કરાવવામાં આવશે.

૧. જી. યુ. પોપ (૧૮૨૦–૧૯૦૮); દક્ષિણ ભારતમાં મિશનરી; ૧૮૮૪–૯૬માં ઑક્સફર્ડમાં તામિલ અને તેલુગુ ભાષાઓના અધ્યાપક; તામિલ ભાષાનાં કેટલાંક પુસ્તકોના લેખક.

૨. દક્ષિણ આફ્રિકાનાં એક ગોરાં મદદગાર.

૩. હરિલાલભાઈ તથા દક્ષિણ આફ્રિકામાં એમની સાથે જેલમાં ગયેલા એમના કેટલાક મિત્રોને ગાંધીજીએ વિનોદમાં સત્યાગ્રહીઓની પેઢી કહી છે.

૪. મહાભારતમાં ૯૯ છે.



Gandhi Heritage Portal

હું લખું છું ને કાંતિલાલ ખડિયો ઝાલી રહ્યા છે. રામીબહેન તથા કાંતિલાલ કાગળ લખાતો જાય છે તેમ વાંચતાં જાય છે, ને સુધારતાં જાય છે. તહોમતદાર પણ ખાટલા પાસે ભરાઈ રહ્યો છે. મનુબાઈ વચમાં પોતાનું હાસ્ય સંભળાવી રહ્યાં છે. હવે તો વળી ખાટલા પર આવવાને સારુ રુદન કરે છે. આ દૃશ્ય તમારું, જડીબહેન ઈ.ના બચપણનું સ્મરણ કરાવે છે.

જોકે ખાટલે પડી રહેવું પડે છે તોપણ મારી તબિયત સારી ગણાય, એ તો ઉપરથી જોઈ શકશો.

અહીં સત્યાગ્રહની વાતો ચાલ્યા કરે છે. આ બધી વાતો તમને મહાદેવભાઈ લખશે—અથવા મારાથી લખાશે તો હું લખીશ.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

મહાદેવભાઈની ડાયરી, પુસ્તક પાંચમું

## ૧૧૪. સત્યાગ્રહની પ્રતિજ્ઞા[1]

અમદાવાદ,
ફેબ્રુઆરી ૨૪, ૧૯૧૯

અમારી અંતઃકરણપૂર્વક માન્યતા છે કે જે બે રૉલેટ બિલો વડી ધારાસભામાં દાખલ થયાં છે તે અન્યાયી, સ્વાતંત્ર્ય અને ન્યાયના સિદ્ધાંતોની આડે આવનારાં, અને સમસ્ત પ્રજાની તથા રાજ્યની પણ સહીસલામતીનો જેના પર આધાર છે એવા મનુષ્યમાત્રના મૂળ હક્કોનો નાશ કરનારાં છે; તેથી અમે પ્રતિજ્ઞા કરીએ છીએ કે જો મજકૂર બિલો પસાર કરવામાં આવશે તો એ કાયદાઓનો અને હવે પછી અમે જે કમિટી[2] નીમવાના છીએ તે કમિટીને યોગ્ય લાગે તે કાયદાઓનો અમે વિનયપૂર્વક ભંગ કરીશું, અને જ્યાં સુધી મજકૂર કાયદા રદ નહીં થાય ત્યાં સુધી આવા પ્રકારનો ભંગ કર્યા કરીશું. વળી અમે એવી પ્રતિજ્ઞા કરીએ છીએ કે આ લડતને અંગે અમે ચુસ્તપણે સત્યને વળગી રહીશું, અને કોઈના પણ જાનમાલને કોઈ પણ રીતે નુકસાન નહીં કરીએ.

**મોહનદાસ કરમચંદ ગાંધી,**
સત્યાગ્રહ આશ્રમ, સાબરમતી
**વલ્લભભાઈ જે. પટેલ,** બાર-ઍટ-લૉ,
અમદાવાદ
**ચંદુલાલ મણિલાલ દેસાઈ,** એલ.ડી.એસ.,
અમદાવાદ
**કેસરીપ્રસાદ મણિલાલ ઠાકુર**
અમદાવાદ
(બહેન) **અનસૂયાબાઈ સારાભાઈ**
મંત્રી, હોમરૂલ લીગ મહિલા શાખા,
અમદાવાદ તથા બીજાઓ

[મૂળ ગુજરાતી]

મહાદેવભાઈની ડાયરી, પુસ્તક પાંચમું

૧. આ પ્રતિજ્ઞાનો મુસદ્દો ૨૪–૨–૧૯૧૯ને રોજ તૈયાર કરવામાં આવ્યો હતો અને તેના ઉપર સાબરમતી આશ્રમમાં ભરાયેલી સભામાં હાજર રહેલા ગૃહસ્થોએ સહીઓ કરી હતી.
૨. આ કમિટીએ અનાદર માટે પસંદ કરેલા કાયદાઓ માટે જુઓ "સવિનય ભંગ માટેના કાયદા અંગે નિવેદન", ૭–૪–૧૯૧૯.

Gandhi Heritage Portal

## ૧૧૫. વાઇસરૉયના ખાનગી સેક્રેટરીને તાર

અમદાવાદ,
ફેબ્રુઆરી ૨૪, ૧૯૧૯

જ્યારથી રૉલેટ બિલો પ્રસિદ્ધ થયાં છે ત્યારથી એ અંગે મારે શું કરવું જોઈએ તેનો હું વિચાર કરી રહ્યો છું અને મિત્રો સાથે વિચારોની આપલે કરતો રહ્યો છું. મારા અભિપ્રાય પ્રમાણે બિલો પોતે તો ખરાબ છે જ, પરંતુ તે શાસક વર્ગમાં ઘર કરી બેઠેલી એક બીમારીનું લક્ષણ છે. આ બિલો સુધારાની સાથે સાથે જ આવી રહ્યાં છે, એટલે એ સુધારાની સફળતા માટે અમંગળની આગાહી કરનારાં છે. જે લોકો મારી સાથે જાહેર સેવામાં જોડાયેલા છે તેમની તથા અન્ય મિત્રોની આજે એક સભા થઈ હતી અને સંપૂર્ણ વિચાર કર્યા પછી અમે નક્કી કર્યું છે કે સત્યાગ્રહની લડત આપવી, તેમ જ અમારામાંથી હવે પછી રચાનારી સમિતિ ઠરાવે તેવા કાયદાઓનો સવિનય ભંગ કરવો. સર જૉર્જ લાઉન્ડ્ઝના ભાષણ પછી સરકારને એટલું બતાવી આપવાનું જરૂરી થઈ પડયું છે કે સરકાર ગમે તેવી આપખુદ હોય તોપણ આખરે તો તેની સત્તા માટે તે શાસિતોની ઇચ્છાને જ આભારી છે. આ સિદ્ધાંતનો સ્વીકાર ન થાય અને પરિણામે બિલો પાછાં ન ખેંચાય, તો અમારામાંના ઘણા એમ માને છે કે સુધારા નિરર્થક છે. હું નામદાર વાઇસરૉયને નમ્રતાપૂર્વક છતાં ભારપૂર્વક વિનંતી કરવા માગું છું કે તેઓ આ બિલો પસાર કરવાના સરકારના નિર્ણયનો ફરીથી વિચાર કરે, અને નાછૂટકે ઉમેરું છું કે જો એમનો જવાબ પ્રતિકૂળ આવશે તો અમારી પ્રતિજ્ઞા જરૂર પ્રસિદ્ધ કરવામાં આવશે અને તેના ઉપર સહીઓ કરનારાઓ વધુ સહીઓની માગણી કરશે. જે પગલું અમે લેવા ધારીએ છીએ તેની ગંભીરતા હું પિછાનું છું. પરંતુ લોકો પોતાના દિલમાં જે હોય તે ખુલ્લેખુલ્લું કહી દે અને પરિણામોથી ડર્યા વિના પોતાના અંત:કરણના આદેશને અમલમાં મૂકે એ વધારે સારું છે. આપના તરફથી તાકીદે ઉત્તરની આશા રાખી શકું?

[મૂળ અંગ્રેજી]

નેશનલ આર્કાઇવ્ઝ ઑફ ઇન્ડિયા : હોમ : પૉલિટિકલ — અ : માર્ચ ૧૯૧૯ : નં. ૨૫૦; તથા એસ. એન. ૬૪૩૪ની છબી પરથી પણ.

## ૧૧૬. સત્યાગ્રહ

[ફેબ્રુઆરી ૨૫, ૧૯૧૯][૧]

પ્રત્યેક માણસ સામે સંકટનિવારણ માટે બે બળો હોય છે. એક શસ્ત્રબળ અને બીજું આત્મ-બળ અથવા સત્યાગ્રહ. ભારતવર્ષની સંસ્કૃતિનું રક્ષણ કેવળ સત્યાગ્રહ મારફતે જ થઈ શકે.

**મોહનદાસ ગાંધી**

[મૂળ હિંદી]

મહાદેવ દેસાઈના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્રની છબી પરથી : એસ. એન. ૬૪૩૬

૧. આ લખાણ "સી. એફ. ઍન્ડ્રૂઝને તાર", ૨૫-૨-૧૯૧૯ના લખાણવાળા કાગળ ઉપર મળી આવ્યું છે.

Gandhi Heritage Portal

## ૧૧૭. મદન મોહન માલવિયાને તાર[1]

[ફેબ્રુઆરી ૨૫, ૧૯૧૯]

પ્રતિનિધિમંડળમાં દિલ ઠરતું નથી, વિશ્વાસ નથી. રૉલેટ બિલો બધી પ્રગતિ રોકી બેઠાં છે.

ગાંધી

[મૂળ અંગ્રેજી]

લીડર, ૨૭–૨–૧૯૧૯

## ૧૧૮. સી. એફ. ઍન્ડ્રૂઝને તાર

ફેબ્રુઆરી ૨૫, ૧૯૧૯

રૉલેટ બિલો બાબતમાં સત્યાગ્રહ કરવા નાછૂટકે નિર્ણય કરવો પડયો છે. પચાસ સ્ત્રી-પુરુષોએ પ્રતિજ્ઞા ઉપર સહીઓ કરી છે. પ્રતિજ્ઞા પ્રસિદ્ધ કરતાં પહેલાં વાઈસરૉયને તાર કર્યો છે. ઈશ્વરને સાક્ષી રાખીને વિચારણા કરવામાં આવી છે. તમે ગઈ કાલે અહીં હોત તો કેવું સારું થાત! કાગળો વાંચીને પાછા મોકલીશ. તમારો અભિપ્રાય તથા શકય હોય તો ગુરુદેવના આશીર્વાદ તારથી મોકલો.

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૬૪૩૬

## ૧૧૯. સી. એફ. ઍન્ડ્રૂઝને પત્ર

ફેબ્રુઆરી ૨૫, ૧૯૧૯

પ્રિય ચાર્લી,

આજે તમને મેં તાર કર્યો છે. પહેલો તાર કર્યો ત્યારે મેં તમને કાગળ લખવા ધારેલો, પણ એ ન લખી શકયો. હું ભારે દુવિધામાંથી પસાર થઈ રહ્યો છું. દાક્તરો કહે છે કે મારે કોઈ પણ જાતનો શ્રમ ન લેવો જોઈએ. અંતરનો અવાજ કહે છે કે રૉલેટ બિલોની અને વાઈસરૉય સાહેબના ભાષણની બાબતમાં મારે મારો અવાજ ઉઠાવવો જ જોઈએ. પરસ્પર વિરોધી વિચારો મારી પર કામ કરી રહ્યા હતા અને શું કરવું એ સૂઝતું નહોતું. ઘણા મિત્રો માર્ગદર્શન માટે મારી સામે જોઈ રહ્યા છે. તેમને હું કેમ છોડી શકું?

૧. આ તાર એવા પ્રશ્નના ઉત્તરમાં મોકલવામાં આવ્યો હતો કે ગાંધીજી કૉંગ્રેસના પ્રતિનિધિ મંડળના સભ્ય તરીકે ઇંગ્લંડ કયારે જવાના છે? ૨૬–૨–૧૯૧૯ના ન્યૂ ઇન્ડિયામાં આ તારની શરૂઆત આ શબ્દોથી કરવામાં આવી હતી: “મને વિશ્વાસ નથી . . . .” ન્યૂ ઇન્ડિયા અને લીડર બંનેને આ સમાચાર દિલ્હીથી મળ્યા હતા. તેના પર ૨૫–૨–૧૯૧૯ની તારીખ પડેલી હતી.

Gandhi Heritage Portal

ગઈ કાલે અમે આશ્રમમાં ભેગા થયા હતા. સારી સભા થઈ. સૌની ઇચ્છા એવી હતી કે આપણે થોડા હોઈએ તોપણ ઝંપલાવવું. પણ તેઓ મારી સલાહ પ્રમાણે કરવા ઇચ્છતા હતા. મને લાગતું હતું કે, કારણ સાચું છે. મારે શું તેમનો ત્યાગ કરવો? તેમ હું કેમ કરી શકું? મારી જાત પ્રત્યે સાચા રહેવાનો મેં નિશ્ચય કર્યો. પરિણામ તમે જુઓ છો. અહીંનાં છાપાંમાંથી તમને વધુ વિગતો મળશે. હૃદયમંથનની પીડા ભોગવી રહ્યો હતો તે વખતે તમારી હાજરીની ઝંખના હું કેટલી કરી રહ્યો હતો તે ભગવાન જ જાણે છે. અત્યારે હું પૂરી શાંતિમાં છું. વાઇસ-રૉયને તાર કરી દીધા પછી મારું ચિત્ત ખૂબ સ્વસ્થ થયું છે. તેમને ચેતવણી મળી ચૂકી છે. જબરો દાવાનળ પ્રગટી ઊઠે એવી સ્થિતિ છે. તે અટકાવવાનું એમના હાથમાં છે. જો દાવાનળ સળગશે જ અને સત્યાગ્રહીઓ પોતાની પ્રતિજ્ઞાનું સચ્ચાઈથી પાલન કરશે તો તેથી વાતાવરણ વિશુદ્ધ થશે અને તેમાંથી જ સાચું સ્વરાજ આવશે. લીગ ઑફ નેશન્સના કરારો સમજાવતાં મિ. વિલ્સને[1] જે ભાષણ[2] કર્યું તેમાં આધુનિક સંસ્કૃતિનું ખરું સ્વરૂપ તેમણે અજાણતાં ખુલ્લું કરી દીધું છે, તે તમે જોયું? તેમણે કહ્યાનું તમને યાદ હશે કે આડા ચાલનાર પક્ષ ઉપર લાવવામાં આવેલું નૈતિક દબાણ નિષ્ફળ જશે તો લીગના સભ્યો છેલ્લો ઉપાય અજમાવતાં એટલે કે લશ્કરી બળનો ઉપયોગ કરતાં પાછા પડશે નહીં.

બળ ઉપરના આ મદારને અમારી પ્રતિજ્ઞા પૂરતો જવાબ છે.

પણ આટલેથી પ્રકરણ પતી જતું નથી.

મિ. અસ્વાત તરફથી મને લાંબો કેબલ[3] (પરદેશનો તાર) મળ્યો છે. દક્ષિણ આફ્રિકાના યુનિયનમાં હિંદીઓની સ્થિતિ ખરેખર બહુ ગંભીર છે. દક્ષિણ આફ્રિકાની સરકાર ગઈ લડતમાંથી મળેલો બધો પાઠ જાણે ભૂલી જ ગઈ છે. ત્યાંના હિંદીઓને અહીંથી કશી મદદ ન પહોંચાડી શકાય તો એમની દશા છેક લાચાર થઈ જશે. એ લોકો પોતાની નબળાઈને લીધે સત્યાગ્રહ ન કરી શકે તો તેમનાં દુ:ખો દૂર કરાવવા આપણે બધાએ અહીંની સરકારને કહેવું જોઈએ અને સરકાર જો પોતાની લાચારી જાહેર કરે તો સત્યાગ્રહ કરવો જોઈએ. એક જ સામ્રાજ્યની ભાગી-દારીમાં એકબીજાથી વિરોધી દળો ન હોઈ શકે. મેં સરકારને લખ્યું છે અને આજે એક છાપાં જોગો કાગળ મોકલું છું.

એક ત્રીજું પ્રકરણ પણ છે. અલીભાઈઓના કેસ બાબત સરકારને સલાહ આપવા નિમાયેલી કમિટીએ બે મહિના થયાં પોતાનો રિપૉર્ટ આપી દીધો છે. એ બધાં કાગળિયાં મેં વાંચ્યાં છે. તેમના ઉપર મૂકવામાં આવેલા તહોમતનામામાં એવું કશું નથી જેથી તેમની અટકાયત સકારણ ગણી શકાય. જો હજી તેમનો છુટકારો ન થાય તો એ સત્યાગ્રહ માટે ત્રીજો કેસ છે.

આ બધો બોજો હું આસાનીથી ઉપાડી શકું છું. છેલ્લા બે વિષે તો મારે કશું હૃદયમંથન નથી કરવું પડયું. જો મુખ્ય લડત શરૂ થાય તો આ બે હું એની સાથે ભેળવી દઉં અને એ રીતે ત્રિપુટી પૂરી થાય.

૧. ટૉમસ વુડ્રો વિલ્સન (૧૮૫૬–૧૯૨૪) યુનાઇટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકાના ૨૮મા પ્રમુખ.
૨. પૅરિસની શાંતિ પરિષદમાં આપેલું ભાષણ; જુઓ "મદ્રાસમાં સત્યાગ્રહ વિષે ભાષણ", ૨૦–૩–૧૯૧૯.
૩. જુઓ "દક્ષિણ આફ્રિકાની સ્થિતિ વિષે અખબારો જોગ પત્ર", ૨૫–૨–૧૯૧૯.

Gandhi Heritage Portal

તારથી તમારા અભિપ્રાયની હું આતુરતાપૂર્વક રાહ જોઉં છું. વિગતવાર લેખી અભિપ્રાય પછી આપજો. આશ્રમમાં બધી બહેનોએ પ્રતિજ્ઞા ઉપર સહીઓ કરી છે તે સાંભળીને તમને કશી નવાઈ નહીં લાગે.

[મૂળ અંગ્રેજી]

મહાદેવ દેસાઈની હસ્તલિખિત ડાયરીમાંથી

શ્રી નારાયણ દેસાઈના સૌજન્યથી

ભાષાંતર : મહાદેવભાઈની ડાયરી, પુસ્તક પાંચમું

## ૧૨૦. કે. નટરાજનને[1] પત્ર

ફેબ્રુઆરી ૨૫, ૧૯૧૯

સત્યાગ્રહ-પ્રતિજ્ઞાની અને વાઇસરૉયને મેં કરેલા તારની નકલો આ સાથે મોકલું છું. હું જાણું છું કે આ બિલો મને જેટલાં ત્રાસદાયી લાગે છે તેટલાં જ તમને પણ લાગે છે. તેને માટે લેવાના ઉપાયની બાબતમાં તમે મારી સાથે એકમત ન પણ થાઓ. છતાં હું આશા રાખું છું કે તમે આ પ્રતિજ્ઞા મનમાંથી એકદમ કાઢી નાખશો નહીં. સરકારના અત્યાચારો સામે ઊછરતી પેઢીને તમે કશો અસરકારક ઉપાય નહીં બતાવો તો તમે ઝેરવેરની ભૂતાવળ જગવશો અને બંગાળના હિંસામાર્ગના વિચારોનો એટલો ફેલાવો થશે કે પછી આપણે સૌને હાથ ઘસવા પડશે. દમનનીતિ ત્યાં સુધી જ કારગત નીવડે છે જ્યાં સુધી લોકો એનાથી બી જાય. પરંતુ જ્યારે અસાધારણ તાણ આવી પડે ત્યારે કાયર લોકો પણ અસાધારણ હિંમત બતાવે છે એવું બનેલું જાણ્યું છે. જાતે કષ્ટ સહન કરવું એ સત્યાગ્રહનો એક અર્થ છે. તેમાં આપણી સંસ્કૃતિના ભાવને જ હું અનુસરું છું, અને જુવાન દેશભક્તો આગળ એવું અમોઘ સાધન ધરું છું જે અખત્યાર કરતાં એમને કદી નિરાશા નહીં સાંપડે.

મેં મોકલેલા કાગળો હમણાં ખાનગી ગણશો. વાઇસરૉયનો જવાબ આવી ગયા પછી તે હું બહાર પાડી શકું. વાઇસરૉય ઉપરનો તાર તો મુદ્દલ બહાર પાડવાનો જ નથી. એની નકલ મેં તમને એટલા માટે જ મોકલી છે કે તમારા અભિપ્રાય માટે હું ભારે માન ધરાવું છું. આ કાગળ સર નારાયણને[2] પણ કૃપા કરીને વંચાવશો?

દક્ષિણ આફ્રિકાની પરિસ્થિતિ ઉપર મારું છાપાં જોગું નિવેદન તમે થોડા જ વખતમાં જોશો. કદાચ આ બાબતમાં તમે મારી સાથે સંમત થશો કે જો સરકાર પોતાની લાચારી જાહેર કરે તો આપણે સત્યાગ્રહ કરવો અને દક્ષિણ આફ્રિકામાંના આપણા દેશબંધુઓને ઝઝૂમી રહેલા વિનાશમાંથી બચાવવા.

તમારો વગેરે

[મૂળ અંગ્રેજી]

મહાદેવ દેસાઈની હસ્તલિખિત ડાયરીમાંથી

શ્રી નારાયણ દેસાઈના સૌજન્યથી

ભાષાંતર : મહાદેવભાઈની ડાયરી, પુસ્તક પાંચમું

૧. ઇન્ડિયન સોશિયલ રિફૉર્મરના તંત્રી અને એક લિબરલ નેતા.

૨. સર એન. જી. ચંદાવરકર; સમાજસુધારક અને મુંબઈની હાઈકૉર્ટના ન્યાયાધીશ; ૧૯૦૦માં ભરાયેલી લાહોર કૉંગ્રેસના અધ્યક્ષ.

Gandhi Heritage Portal

## ૧૨૧. સર સ્ટૅનલી રીડને[1] પત્ર

ફેબ્રુઆરી ૨૫, ૧૯૧૯

સાથેના કાગળો તમને મોકલતાં હું કાંઈક સંકોચ અનુભવું છું. પણ મને લાગે છે કે મારે માટે ખરો માર્ગ એ છે કે મારે એ તમારી જાણબહાર રાખવા જોઈએ નહીં. સંભવ છે કે બિલો વિષેના મારા અભિપ્રાયને વિષે તેમ જ તેની સામે દાદ મેળવવા લેવા ધારેલા ઉપાયો વિષે તમે મારી સાથે બિલકુલ સંમત થશો નહીં. એ બાબત હું કશી દલીલ નહીં કરું. કારણ વાઈસરૉય ઉપરના તારમાં મેં કરી છે તેથી વિશેષ દલીલ હું કરી શકું એમ નથી.

બધા કાગળો ખાનગી છે.

આ બાબત ઉપર તમારા નિખાલસ અભિપ્રાયને હું કીમતી ગણીશ.

[મૂળ અંગ્રેજી]

મહાદેવ દેસાઈની હસ્તલિખિત ડાયરીમાંથી
શ્રી નારાયણ દેસાઈના સૌજન્યથી
ભાષાંતર : મહાદેવભાઈની ડાયરી, પુસ્તક પાંચમું

## ૧૨૨. સર દીનશા વાચ્છાને[2] પત્ર

[અમદાવાદ,]
ફેબ્રુઆરી ૨૫, ૧૯૧૯

મેં ભાઈ શંકરલાલ બૅંકરને ગઈ કાલે કહેલું કે સત્યાગ્રહ પ્રતિજ્ઞા આપને બતાવે અને નામદાર વાઈસરૉયને કરેલો તાર પણ બતાવે. તે આપે જોયાં હશે. આપ તે લડતમાં દાખલ થાઓ એવું તો હું કેમ માગી શકું? પણ આપનો આશીર્વાદ તો જરૂર માગું છું. કાંઈ જ કામ ઉતાવળે નથી કરવાનો. વાઈસરૉયનો જવાબ આવશે ત્યારે જ પ્રતિજ્ઞા બહાર પડશે. મને લાગે છે કે હવે ઊછરતા જુવાનોને સારુ અરજીઓ વગેરે ઉપાય બસ નથી. તેઓને આપણે કંઈક પણ અસરકારક આપવું જોઈએ. મને તો લાગે છે કે બૉંબની પ્રવૃત્તિ અટકાવવાનો ઉપાય માત્ર સત્યાગ્રહ છે એ દૃષ્ટિએ આપની સહાય હું માગી શકું છું.

મારી તબિયત સારુ આપે હમેશાં ચિંતા રાખી છે એને સારુ હું આભાર શી રીતે બતાવું? હવે ઠીક છે. હજી હૃદય નબળું છે. કદાચ આ લડાઈ રૂપી ટૉનિકથી એની મેળે તબિયત ઠેકાણે આવી જશે.

[મૂળ ગુજરાતી]

મહાદેવભાઈની ડાયરી, પુસ્તક પાંચમું

૧. ટાઇમ્સ ઑફ ઇન્ડિયાના એડિટર.

૨. ૧૮૪૪-૧૯૩૬; આગેવાન પારસી રાજપુરુષ; ૧૯૦૧ની હિંદી રાષ્ટ્રીય કૉંગ્રેસના પ્રમુખ; વાઇસરૉયની કાઉન્સિલના સભ્ય.

Gandhi Heritage Portal

## ૧૨૩. દક્ષિણ આફ્રિકાની પરિસ્થિતિ વિષે અખબારો જોગ પત્ર[1]

[અમદાવાદ,
ફેબ્રુઆરી ૨૫, ૧૯૧૯]

સંપાદક
बॉम्बे क्रॉनिकल
મુંબઈ

સાહેબ,

ટ્રાન્સવાલની બ્રિટિશ ઇન્ડિયન ઍસોસિયેશનના પ્રમુખ મિ. અસ્વાતનો મને તારનો સંદેશો[2] મળ્યો છે, જે નીચે આપેલો છે. તેથી માલૂમ પડે છે કે જો દક્ષિણ આફ્રિકામાં ઊભા થયેલા મામલા સંબંધી હિંદી સરકાર તાકીદે અસરકારક પગલાં નહીં ભરે અને જો જરૂર હોય તો આ સંબંધમાં જાહેર પ્રજા પણ કંઈ નહીં કરે તો ત્યાં સત્યાગ્રહ તે સાથે સંકળાયેલાં સંકટો સાથે, પાછો શરૂ થવાની વકી છે. ત્યાંનો મામલો એવો છે કે લૉર્ડ હાર્ડિંગે જેવું પગલું[3] અગાઉ ભર્યું

૧. આ પત્ર "દક્ષિણ આફ્રિકામાં હિંદીઓ સાથે ગેરવર્તાવ" એ મથાળાથી बॉम्बे क्रॉनिकलમાં પ્રસિદ્ધ થયો હતો. ૨૮–૨–૧૯૧૯ની अमृतबझार पत्रिका તથા ૨૭–૨–૧૯૧૯ના न्यू इन्डियाએ પણ એ પ્રકટ કર્યો હતો.

૨. તારમાં આ પ્રમાણે માગણી હતી: "૧૯૦૮ના કીમતી અને હલકી ધાતુઓના ધારા હેઠળ જે કાનૂની કારવાઈઓ થઈ તેનું પરિણામ હિંદી વેપારીઓની વિરુદ્ધમાં આવ્યું. અદાલતના નિર્ણયની અસર જૂના ક્રૂગર્સડૉર્પ વિસ્તાર પર થઈ છે. આખા વિટવૉટર્સરૅન્ડમાં વેપારી કોમનો પ્રત્યક્ષ વિનાશ સર્જાયો છે. ૧૯૧૨ના ટ્રાન્સવાલ વટહુકમ ૯ (ટ્રાન્સવાલ ઑર્ડિનન્સ ૯, ૧૯૧૨), રાહત ધારો (રિલીફ ઍક્ટ) તથા હિંદી કોમને લાગુ પડતા અન્ય કાયદાઓનો કડકાઈથી અમલ થઈ રહ્યો છે. યુરોપિયન હરીફોને લાભ આપી હિંદીઓના વેપારને ઉખેડી નાખવાનો આનો હેતુ છે. બ્રિટિશ કોમ આ ઘાતકી અને પ્રત્યાઘાતી નીતિનો સખત વિરોધ કરી રહી છે. આ કારવાઈ યુદ્ધવિરામની લગભગ સાથે જ થઈ રહી છે, એમાં ઊંડું રહસ્ય છે. આપણી કોમને આવી નીતિનું લક્ષ્ય બનાવીને યુદ્ધ દરમ્યાન હિંદીઓએ સામ્રાજ્યને માટે આપેલા ભોગોની નહીં જેવી કદર કરવામાં આવી છે. કોમ રક્ષણને માટે આગ્રહપૂર્વક અનુરોધ કરે છે. દરમિયાન કેપટાઉનની વકીલસભા સમક્ષ આ બાબતની સાચ્ચાઈની તપાસ કરવાનો પ્રયત્ન થઈ રહ્યો છે. કૃપા કરીને શક્ય હોય એ રીતે મદદ કરો. કર્નલ શૉનું કહેવું છે કે જ્યારે માનનીય ગોખલે તથા આપે મળીને સ્મટ્સની સમક્ષ સ્વેચ્છાએ જે એવું નિવેદન કરેલું કે જો સંઘમાં રહેનારા લોકો સાથે ન્યાયી વર્તાવ દાખવવામાં આવે તો સંઘની બહારના લોકોને તાકીદનાં કામો માટે પણ થોડા વખત માટેનાં કે પ્રવાસ માટેનાં પરવાનગીપત્રોને આધારે સંઘમાં પ્રવેશ કરવાની પરવાગી આપવાની કશી જરૂર નથી, તે વખતે તેઓ ત્યાં હાજર હતા. મહમદ ઈસાક નામનો માણસ પોતાનાં સંબંધીઓને માટે ડરબનમાં ૪૦ હજારની મિલકત મૂકીને મરી ગયો. એ મિલકતના વહીવટ માટે સરકારને જોઈએ એટલું અનામત આપવા છતાં મોરિશિયસનું ગૃહખાતું કામચલાઉ પરવાનગીપત્રો આપવાની ના પાડે છે. સરકારે સદ્‌ગત માનનીય ગોખલેએ કરેલા નિવેદનને આધારે આ નીતિ શરૂ કરી છે. કૃપા કરીને આ મુદ્દાની ચોખવટ કરશો. સરકારનો હેતુ શક્ય એટલી દરેક રીતે હિંદીઓને હેરાન કરવાનો છે. આપણી કોમ મોટા સંકટમાં આવી પડી છે. જ્યાં સુધી આ બાબતોમાં સુધારો થશે નહીં ત્યાં સુધી નાછૂટકે સામનો કરતા રહીશું અને સ્વમાનનું તથા માતૃભૂમિની આબરૂનું રક્ષણ કરતા રહીશું. સલાહ આપશો."

૩. ૧૯૧૪ના ગાંધી-સ્મટ્સ સમાધાન પહેલાં દક્ષિણ આફ્રિકાની સરકાર સાથે હિંદીઓના પ્રશ્ન વિષે વાટાઘાટ કરવામાં હિંદ સરકારનું પ્રતિનિધિત્વ કરવા વાઇસરૉયે સર બૅન્જામિન રૉબર્ટ્સનને મોકલ્યા હતા.

Gandhi Heritage Portal

હતું તેવું પગલું ભરીને દક્ષિણ આફ્રિકામાં એક જાણીતા સિવિલિયન અને તેવા જ જાણીતા હિંદી આગેવાનનું મંડળ મોકલવાની જરૂર છે.

ત્યાંનો મામલો કેવો છે? તારના સંદેશામાં "પ્રેશિયસ ઍન્ડ બેઝ મેટલ ઍક્ટ" – કીમતી અને મિશ્રધાતુઓના કાયદા – સંબંધી ઇશારો કરાયો છે તે ટ્રાન્સવાલના સોનાની ખાણોવાળા વિસ્તારમાં વસતી હિંદી પ્રજાના મોટાભાગને લાગુ પડે છે. ક્રૂગર્સડૉર્પ એ જોહાનિસબર્ગની નજદીકમાં એક અગત્યનું શહેર છે અને ત્યાં ઘણા હિંદી વેપારીઓ છે. તેમાંના કેટલાકની પાસે રૂ. ત્રણ ત્રણ લાખની કિંમતનો માલ છે. જો કંઈ રાહત પૂરી પાડવામાં નહીં આવે તો એ વેપારીઓ અને સોનાની ખાણોવાળા વિસ્તારમાં રહેતા બધા લોકો પાયમાલ થશે. યુનિયનની સરકારની નેમ યુનિયનના કેટલાક રાજદ્વારીઓએ જણાવી છે તેમ હિંદીઓને કઠિયારા અને જળભરિયાઓની સ્થિતિએ ઉતારી પાડવાની છે. એ બનવા જોગ છે કે કોર્ટે કરેલો અર્થ બરોબર છે. જો તેમ હોય તો ખુદ કાયદામાં ફેરફાર કરાવવો જોઈએ અને હિંદી કોમને બચાવવી જોઈએ. અને તે એટલા માટે નહીં કે તેઓ બ્રિટિશ શહેરીઓ હોવાનો મોભો ધરાવે છે. પણ ૧૯૧૪ની સત્યાગ્રહની લડતની સમાધાની[1] કે જેની રૂએ હયાત કે સ્થાપિત હક્કોનું રક્ષણ થાય છે તેને લીધે તેમને બચાવવા જોઈએ.

મેં જે રાજનીતિ જણાવી છે તે પ્રમાણે એ ચુકાદો હિંદી કોમના છૂટાપણા ઉપર એક સીધો હુમલો છે. યુનિયનની સરકાર ત્યાં વસતી હાલની હિંદી વસ્તીના રક્ષણ માટેની સગવડ પૂરી પાડવાની ના પાડી, કોમને વધુ સતાવવા માગે છે. જો તેઓ કોઈ કોઈ પ્રસંગે આવતા માણસોને આશ્રય આપે નહીં અને જો મિલકતવાળો માણસ મરણ પામે અને જો ત્યાંના વિશ્વાસુ સગા યુનિયનમાં તેનો વહીવટ કરવાને દાખલ ન થઈ શકે તો તેઓ ત્યાં રહી શકે નહીં. દક્ષિણ આફ્રિકાની સત્તા ભોગવતી પ્રજા વધારામાં તેમની વિરુદ્ધના માણસો હદ વિના મોટી સંખ્યામાં આવે તે ઇચ્છે નહીં, તે હું સમજું છું. પણ એક તરફથી સમાન શહેનશાહત તરફ વફાદારી બતાવી, બીજી તરફથી અંદર રહેતી હિંદી પ્રજાનો નિર્ભયતાથી નાશ કરવાની રાજનીતિ અનુસરવાની વાત સમજાવી અશક્ય છે. વળી થોડી મુદત માટે પાસપોર્ટ પરવાના આપવાની ના પાડવી તે પણ સઘળી ગોઠવણની શરતનો ભંગ કરવા બરાબર છે. એવી સમજૂતી થઈ છે કે જરૂર પડતા થોડા વખત માટેના પરવાના આપવા. મિ. અસ્વાતે આ સંદેશામાં મરહૂમ મિ. મહમદ ઇસાકનો દાખલો ટાંકયો છે. તેમાં તો ખચીત કોઈ વાંધો ઉઠાવી શકશે નહીં. આ સંબંધમાં સ્વ. ગોખલે સંબંધી જે ઇશારો કર્યો છે તે તેમના પવિત્ર નામની બદનક્ષી છે. મુલાકાત પછી મિ. ગોખલે જે હોટેલમાં અમે રહેતા હતા ત્યાં સીધા આવ્યા અને તેમના સેક્રેટરી થવાનો હક મને મળ્યો હતો અને તેમણે પોતાને પ્રધાનો સાથે થયેલી બધી વાતચીત મને જણાવી હતી. અને ગમે તેવા સંયોગો વચ્ચે પણ થોડા વખત માટે પરવાના આપવાનું બંધ કરવાનું કબૂલ્યું હોય એવો એક પણ શબ્દ તેમણે મને જણાવ્યો ન હતો, તેમ તેમને કોઈ પણ જાતની કબૂલત આપવાની સત્તા પણ ન હતી. તેઓ ત્યાં જાણવા અને લડત ચલાવવા ગયા હતા. તેઓ દક્ષિણ આફ્રિકાથી પાછા ફર્યા ત્યારે મુંબઈમાં મળેલી ઐતિહાસિક સભામાં તેમણે જાહેર રીતે જણાવ્યું હતું કે, મને સમાધાની વિષે સંદેશા ચલાવવા કંઈ પણ સત્તા ન હતી અને મેં કંઈ પણ કબૂલાત આપી નથી. હિંદી કોમના પ્રતિનિધિ તરીકે અને ૧૯૧૪ની સમાધાનીમાં હું એક પક્ષકાર હતો. જો એવી કોઈ કબૂલાત અપાઈ હોત

૧. જુઓ પુસ્તક ૧૨.

Gandhi Heritage Portal

તો જનરલ સ્મટ્સ અને મારી વચ્ચે તે સંબંધી ઘણી ચર્ચા ચાલી હતી તેમાં જ અપાઈ હોત. જનરલ સ્મટ્સ હાલમાં દક્ષિણ આફ્રિકામાં નથી. જો તેમને તે વિષે પૂછવામાં આવશે તો તેઓ કર્નલ શૉએ જણાવેલી બીના ખોટી છે, એવું જણાવશે, એમ હું નિ:શંક કહું છું.

તારના સંદેશામાં જણાવાયું છે કે બીજી ઘણી મુશ્કેલીઓ યુનિયનમાં છે. આપણે સુધારા માગવાની અણી પર છીએ અને ભવિષ્યમાં જવાબદાર રાજ્યતંત્ર મળશે. હિંદે મિ. અસ્વાતની દયાજનક અપીલનો શો જવાબ આપવાનો છે? યુનિયનમાંના લાખો હિંદીઓને પોતાના પ્રાથમિક હક્કના રક્ષણ માટે હિંદી સરકાર અને પ્રજા તરફ દૃષ્ટિ કરવાનો હક્ક છે.

તમારો વગેરે

**મો. ક. ગાંધી**

[મૂળ અંગ્રેજી]

बॉम्बे क्रॉनिकल, २७-२-१९१९

ભાષાંતર : ગુજરાતી, ૨-૩-૧૯૧૯

# ૧૨૪. રૉલેટ બિલોનો સાર

[ફેબ્રુઆરી ૨૬, ૧૯૧૯ પહેલાં][1]

આ બિલોને કાળા કાયદાનું નામ અપાયું છે. એ વિષે આખા હિંદુસ્તાનમાં ભારે ચળવળ ચાલી રહી છે, અને એ બિલો એવાં આકરાં ગણાયાં છે કે તેને વિષે સત્યાગ્રહ શરૂ કરવામાં આવ્યો છે. કેટલાક સ્ત્રીપુરુષોએ સત્યાગ્રહની પ્રતિજ્ઞા લીધી છે. સત્યાગ્રહ સભા સ્થપાઈ છે અને લોકોને એ પ્રતિજ્ઞા લેવાની સલાહ પણ અપાઈ છે. એ પ્રતિજ્ઞા લેવાનો અર્થ એ છે કે સત્યાગ્રહી પોતાની ટેક જાળવવાને ખાતર પોતાનું સર્વસ્વ હોમી દેવા તૈયાર છે. એવી આકરી પ્રતિજ્ઞા લેનારને અને એવી પ્રતિજ્ઞા લેવાની સલાહ આપનારને એમ કરવાનાં સબળ કારણો હોવાં જોઈએ. સત્યાગ્રહીઓએ એવી પ્રતિજ્ઞા કરી છે કે મજકૂર બિલો "અન્યાયી છે", "લોકોની સ્વતંત્રતાના સિદ્ધાંતને તોડે છે" અને "મનુષ્યના કુદરતી હક્કોનો નાશ કરનારાં છે". આ વિશેષણો યોગ્ય રીતે અપાયેલાં છે એવું પ્રજાની પાસે સિદ્ધ કરવાની જરૂર છે, અને એ પુરાવો મજકૂર બિલોમાં જ હોવો જોઈએ. તેથી જે કાયદાઓને ઉપરનાં વિશેષણો લાગુ પાડી શકાય તેમને તાબે થવું, એ પોતાની માણસાઈ ખોઈ ગુલામગીરી ધારણ કરવા જેવું છે. અને આવી છાપ નીચેનો સાર વાંચવાથી જેના મનની ઉપર પડે, તેઓની ફરજ છે કે તેઓએ સત્યાગ્રહની પ્રતિજ્ઞા લેવી. મજકૂર બિલોનો સાર નીચે આપેલો છે. તેમાં જે કલમો દોષદૃષ્ટિએ જરૂરી નથી અને જે મૂકી દેવાથી સરકાર પક્ષને કોઈ પણ જાતનો અન્યાય થતો નથી તે કલમોને મૂકી દેવામાં આવી છે. અને જે કલમો અમને આકરામાં આકરી લાગે છે તેને જાડાં બીબાંમાં છાપી છે. બંને બિલ ધારાસભાની સમક્ષ રજૂ થયાં છે, અને એ ૧૯૧૯નાં છે. બિલ નં. ૧ અને ૨ એ નામથી સરકારી ગૅઝેટમાં ઓળખાયાં છે. નં. ૨નું બિલ સાધારણ ફોજદારી કાયદાથી પણ આગળ વધ્યું છે એવું તેનાં હેતુસૂચક વાક્યોમાં સૂચવેલું છે. આ બિલ વધારે ભયંકર લાગવાથી તેનો સાર પ્રથમ રજૂ કરીએ છીએ.

૧. જુઓ આ પછીનો લેખ.

Gandhi Heritage Portal

## સને ૧૯૧૯ના બિલ નં. ૨નો સાર

બિલનો હેતુ એ છે કે, ખાસ સ્થિતિ ઉત્પન્ન થાય ત્યારે સાધારણ ફોજદારી કાયદામાં અપાયેલી છે તેના કરતાં વધારે સત્તા સરકારને આપવી અને સરકાર તે ભયાનક પ્રસંગે વાપરે.

આ બિલને વિષે સરકારે વિલાયતથી હિંદી મંત્રીની કાઉન્સિલની પરવાનગી પહેલેથી મેળવી લીધેલી છે.

કલમ ૧. આ કાયદાનું નામ ભયંકર સમયે ફોજદારી કાયદામાં રહેલી સત્તા કરતાં વિશેષ સત્તા આપનારો કાયદો.

આ કાયદો આખા હિંદુસ્તાનને લાગુ પડે છે.

### જાણવાજોગ કલમો

ગવર્નર જનરલની કાઉન્સિલને જ્યારે સંતોષ થાય કે અમુક ગુનાઓ[1] આખા હિંદુસ્તાનમાં કે તેના કોઈ પણ ભાગમાં ચાલી રહેલા છે, અને કોમી સહીસલામતીને સારુ એ ગુના વિષે તુરત કામ ચલાવવાની જરૂર છે, તો તે, ગૅઝેટમાં જાહેરનામું પ્રસિદ્ધ કરીને જાહેર કરી શકે કે તે જાહેરનામામાં જણાવેલા ભાગમાં આ કાયદો લાગુ પાડવામાં આવશે.

કલમ નં. ૪. જ્યારે સ્થાનિક સરકારને એમ જણાય કે અમુક માણસની ઉપર આ કાયદાની રૂએ કામ ચલાવવું જોઈએ, ત્યારે કોઈ પણ સરકારી અમલદારને તે હુકમ કરી શકે કે મજકૂર અમલદારે એવા માણસની સામે ચીફ જસ્ટિસની પાસે ફરિયાદ કરવી.

આવી ફરિયાદ, ઉપર કહ્યા પ્રમાણે અમુક પ્રદેશને આ કાયદો લાગુ પાડવો જોઈએ એવી ગૅઝેટમાં નોટિસ બહાર પડ્યા પહેલાંની તારીખે થયેલા ગુના વિષે પણ કરી શકાય છે.

ફરિયાદમાં ગુનો, તહોમતદારનું નામઠામ, ગુનાનો વખત, તેનું સ્થળ અને બીજી હકીકત, જે ફરિયાદી અમલદાર જાણતો હોય તે, દાખલ કરવી, કે જેથી તહોમતદારને પોતાની સામે આરોપાયેલા ગુના વિષે ખબર પડે.

આ ફરિયાદમાં ચીફ જસ્ટિસને યોગ્ય લાગે તે પ્રમાણે વધારે હકીકત નોંધવાનો હુકમ તે કરી શકે છે, અને આવી ફરિયાદની નકલ તહોમતદારને આપવી.

પાંચમી કલમમાં તહોમતદારને નોટિસ પહોંચ્યા પછી ચીફ જસ્ટિસે કામ ચલાવવાને સારુ હાઈકોર્ટના ત્રણ જજોને નીમવાની સૂચના થઈ છે.

કલમ નં. ૬. સદરહુ કોર્ટ આવો મુકદ્દમો ગુનાવાળા પ્રાંતની પોતાને યોગ્ય લાગે તેવી કોઈ પણ જગ્યાએ ચલાવી શકે છે. પણ ગવર્નર જનરલની કાઉન્સિલને જાહેરનામું કાઢી, ન્યાયની ખાતર યોગ્ય જણાય તો સદરહુ મુકદ્દમો બીજી કોઈ પણ જગ્યાએ ચલાવવાનું ફરમાવવાનો પણ અધિકાર છે.

કલમ નં. ૯. ફરિયાદ નોંધાયા પછી તહોમતદાર કામ ચલાવવાને સારુ વધારેમાં વધારે ૧૦ દિવસની મુદત માગી શકે છે.

૧૦મી કલમમાં છે કે જે જે સાક્ષીઓને તપાસવામાં આવે તેના પુરાવાનો સારમાત્ર નોંધવાને કોર્ટ બંધાયેલી છે.

૧. મૂળ બિલમાં "અનુસૂચિત ગુનાઓ" છે.

Gandhi Heritage Portal

ટીકા—જે વકીલ નથી તે પણ સહેજે સમજી શકશે કે આમ સાક્ષીઓની જુબાનીનો સાર માત્ર જ નોંધવાથી ભારે ગેરઈન્સાફ થઈ શકે છે. બધા સાક્ષીઓ તપાસ્યા પહેલાં પુરાવાના કયા ભાગ ઉપર કેટલું વજન દેવું, એ કોઈ પણ જજ નથી કહી શકતા.

કલમ નં. ૧૧. જાહેર લાભને ખાતર અથવા કોઈ સાક્ષીના રક્ષણને ખાતર કોર્ટને એમ જણાય કે કોર્ટમાં ચાલેલું બધું અથવા તો તેમાંનું ગમે તેટલું કામ પ્રસિદ્ધ થતાં અટકાવવું ઘટે છે, તો તેવી અટકાયત કરવાનો કોર્ટ હુકમ કરી શકે છે.

કલમ નં. ૧૨. ફરિયાદી તરફનો પુરાવો પૂરો ન થાય ત્યાં સુધી કોર્ટ તહોમતદારને કાંઈ સવાલ નથી પૂછી શકતી. પણ ત્યાર બાદ અને તહોમતદાર પોતા તરફનો પુરાવો શરૂ કરે તેના પહેલાં, તહોમતદાર સોગન ઉપર પોતાની જુબાની આપવા ઈચ્છે છે કે નહીં તે કોર્ટ પૂછશે. અને તેને ખબર આપશે કે જો એ પ્રમાણે જુબાની આપશે તો તે ઊલટતપાસને પાત્ર થશે.

જો તહોમતદાર સોગંદ ઉપર જુબાની આપવાને તૈયાર થાય તો તેના ઉપર આરોપાયેલો ગુનો જે સવાલના જવાબથી સાબિત થઈ શકે એવો કોઈ પણ સવાલ કોર્ટ તેને પૂછી શકે છે.

૧૪મી કલમમાં છે કે કોર્ટના જજો વચ્ચે મતભેદ થાય તો જે ઠરાવના પક્ષમાં વધારે મત હશે તે ઠરાવ બહાલ રહેશે.

કલમ નં. ૧૫. તપાસ દરમ્યાન એમ જોવામાં આવે કે જે ગુનાઓનું તહોમત મુકાયેલું છે તે ગુનાઓ ઉપરાંત તહોમતદારે કોઈ બીજો ગુનો કરેલો છે, તો તેને સારુ પણ કોર્ટ તેને સજા કરી શકે.

કલમ નં. ૧૭. મજકૂર કોર્ટનો ઠરાવ એ છેવટનો અને નિર્ણયકારક ગણાશે, અને આવી કોર્ટે કરેલા કોઈ પણ હુકમ અગર સજાની સામે કોઈ પણ હાઈકોર્ટ ફરી તપાસની અરજી સ્વીકારી નહીં શકે.

### ભાગ બીજો

કલમ નં. ૨૦. જો ગવર્નર જનરલની કાઉન્સિલને એવો સંતોષ થાય કે તેના વડે રાજ્યની સામેના ગુના થવામાં ઉત્તેજન મળવાનો સંભવ હોય, એવી જાતની હિલચાલો હિંદુસ્તાનના કે હિંદુસ્તાનના કોઈ પણ વિભાગમાં ચાલી રહેલી છે તો અગાઉ જાહેરનામું કાઢીને તેઓ કાયદાનો આ ભાગ તે પ્રદેશમાં લાગુ પાડી શકે છે.

કલમ નં. ૨૧. જો સ્થાનિક સરકારને એમ લાગે કે મજકૂર વિભાગમાં કોઈ માણસ, ઉપર વર્ણવેલી છે એવી હિલચાલની અંદર પ્રવૃત્તિ કરી રહેલો છે, તો તેને વિષે સ્થાનિક સરકાર નીચે પ્રમાણે હુકમો કાઢી શકે:

ક. હુકમમાં સૂચવેલી તારીખની અંદર એવા માણસે જામીન સાથે કે જામીન વિના વધારેમાં વધારે એક વરસની મુદતને સારુ પોતે સારી ચાલચલગતનો છે એવો મુચરકો લખી આપવો.

ખ. હુકમ આપ્યા પ્રમાણે પોતાના રહેઠાણની અને રહેઠાણની ફેરબદલીની ખબર આપવી.

ગ. હુકમ આપ્યા પ્રમાણેની જગ્યાએ તેણે રહેવું.

ઘ. જે કામ સુલેહનો ભંગ થાય એવું અથવા તો કોઈની સહીસલામતીને નુકસાનકારક છે એવું સ્થાનિક સરકારને જણાય તે કામ મજકૂર માણસે નહીં કરવું.

ઙ. હુકમમાં જણાવ્યા પ્રમાણે તે વખતે તેણે પોલીસની પાસે હાજરી આપી આવવી.

Gandhi Heritage Portal

ટીકા—આ કલમથી હરકોઈ માણસની ઉપર માત્ર શકથી વગર તપાસે ઉપર પ્રમાણેના હુકમો નીકળી શકે છે.

કલમ નં. ૨૩. મજકૂર હુકમોનો અમલ કરાવવાને સારુ જે કંઈ પણ પગલાં લેવાની જરૂર જણાય તે પગલાં દરેક અમલદાર લઈ શકે છે.

૨૪મી કલમ પ્રમાણે કલમ નં. ૨૧માં કાઢેલો હુકમ એક મહિના સુધી ચાલુ રહેશે.

કલમ નં. ૨૫. જ્યારે જ્યારે ઉપર પ્રમાણે હુકમ સ્થાનિક સરકાર કરે, ત્યારે ત્યારે પોતાથી બની શકે તેટલી ઉતાવળે તેણે આ કાયદાની રૂએ નિમાનારા સત્તાધિકારી પાસે ટૂંકામાં તે હુકમ વિષેની હકીકત મોકલવી અને તેની અંદર હુકમ કરવાનાં કારણો બતાવવાં.

પછી નિમાયેલો સત્તાધિકારી થયેલા હુકમ વિષે છૂપી તપાસ ચલાવશે અને જે માણસની સામે હુકમ થયો હશે તે માણસને એ તપાસ દરમ્યાન સત્તાધિકારીને યોગ્ય લાગે તે વખતે બોલાવીને તેની સામેના આરોપ વિષે તેને કાંઈ પણ કહેવાનું હોય તે સાંભળશે. પણ આમ કરતાં સત્તાધિકારીએ તે શખસને એવી એકે વાત નહીં કરવી કે જે કરતાં જાહેર સુલેહની અથવા તો કોઈ માણસની સહીસલામતી જોખમમાં આવે. વળી આવી તપાસ દરમિયાન સ્થાનિક સરકાર તરફથી અથવા તો સદરહુ શખસ તરફથી કોઈ વકીલ હાજર રહી શકશે નહીં.

કેસની હકીકત તારવી કાઢવાને સારુ સદરહુ સત્તાધિકારીને જે રીતે તપાસ કરવી સરસ લાગે તે રીતે ઉપયોગમાં લેવાને તે મુખત્યાર છે અને તપાસ ચલાવતી વેળાએ પુરાવાના કાયદાની કલમોનો અમલ કરવાને તે બંધાયેલો નથી.

તપાસ પૂરી થયા પછી તેણે પોતાનો નિર્ણય સ્થાનિક સરકારને જણાવવો.

મજકૂર શખસ ઉપર જે મુદતને સારુ દબાઈ હુકમ થયો હોય તે મુદત વીતી જાય ત્યાં સુધીમાં જો સત્તાધિકારીએ પોતાની તપાસ પૂરી ન કરી હોય તો સ્થાનિક સરકાર દબાઈ હુકમની મુદત વધારવાની તે સત્તાધિકારીની ભલામણ ઉપરથી તે મુદત વધારી શકે છે.

કલમ નં. ૨૬. સત્તાધિકારીનો રિપોર્ટ મળ્યા પછી સ્થાનિક સરકાર પોતે કરેલો દબાઈ હુકમ રદ કરી શકે છે અથવા તો પોતાને મળેલી સત્તાની રૂએ બીજો જે હુકમ કરવો હોય તે કરી શકે છે. આવા નવા હુકમની અંદર મજકૂર સત્તાધિકારીનો હુકમ બતાવવો પડશે, અને નવા હુકમની નકલ મજકૂર શખસને આપવી પડશે.

સ્થાનિક સરકારે કરેલો એક હુકમ એક વરસ કરતાં વધારે મુદત સુધી નહીં ચાલી શકે પણ જો કોમી સહીસલામતીને સારુ જરૂરનું જણાય તો હુકમની મુદત રદ થતાં તે બીજો હકમ કાઢી શકે છે.

આ પ્રમાણે થયેલો હુકમ તેની તારીખથી એક વરસથી વધારે મુદત સુધી ન ચાલી શકે, પણ તે પૂરો થતાં સ્થાનિક સરકાર ફરી એક વરસ સુધી તેને તાજો કરી શકે છે. વળી આમ થયેલો હુકમ સ્થાનિક સરકાર ગમે ત્યારે રદ કરી શકે છે, તેમાં ફેરફાર કરી શકે છે, અથવા તેને બદલે બીજો હુકમ કાઢી શકે છે અને તેમ કરતાં ઉપર બતાવેલ સત્તાધિકારીની પાસે ફરી તપાસ કરવાની જરૂર નહીં જણાય.

ટીકા—આનો અર્થ એમ થયો કે સ્થાનિક સરકાર સ્વેચ્છાએ ગમે તેવા હુકમ કાઢી શકે છે અને નામના સત્તાધિકારી પણ કશા કામના નથી.

Gandhi Heritage Portal

કલમ નં. ૨૭. ઉપર મુજબ થયેલા હુકમોનો જે અનાદર કરશે તે માણસને વધારેમાં વધારે છ મહિનાની જેલ મળશે, અથવા તો તેને એક હજાર રૂપિયા સુધી દંડ થશે, અથવા તો બન્ને સજા મળશે.

કલમ નં. ૨૯. તપાસ કરનારા સત્તાધારી મંડળમાં ત્રણ અમલદારોની નિમણૂક હોવી જોઈએ. તેમાંનો એક ડિસ્ટ્રિક્ટ અથવા સેશન્સ જજથી નીચા હોદ્દાનો નહીં એવો માણસ હોવો જોઈએ, અને એક સરકારી નોકરીની બહારનો માણસ હોવો જોઈએ.

કલમ નં. ૩૦. જે માણસની ઉપર દબાઈ હુકમ થયેલા હશે તેવા માણસોની નીમેલે વખતે મુલાકાત લેવાને સારુ સ્થાનિક સરકાર મુલાકાત કમિટીઓ નીમવા અને તે કમિટીની સત્તા વગેરે વિષે ધારાઓ ઘડશે.

## ભાગ ત્રીજો

કલમ નં. ૩૨. જો ગવર્નર જનરલની કાઉન્સિલને એમ જણાય કે કોમી સહીસલામતી જોખમમાં આવી પડે એટલે દરજ્જે અમુક ગુનાઓ હિંદમાં કે તેના કોઈ પણ વિભાગમાં થાય છે તો તેવા વિભાગને તે અગાઉ સરકારી ગૅઝેટમાં જાહેરનામું કાઢીને આ ભાગ લાગુ પાડી શકે છે.

કલમ નં. ૩૩. જ્યારે સ્થાનિક સરકારને એમ જણાય કે કોઈ માણસ, કોઈ વિભાગમાં, અમુક ગુનાઓમાં ભાગ લે છે તો તેને વિષે તે ભાગ બીજામાં જણાવેલા હુકમો કરી શકે છે અને તે ઉપરાંત "ક" એવા કોઈ પણ શખસને વગર વૉરંટે પકડવાનો હુકમ કરી શકે છે, એવા શખસને અમુક જગ્યામાં અમુક શરતોથી અને અમુક દાબની નીચે અટકાયત કરવાનો હુકમ કાઢી શકે છે. (ગ) સ્થાનિક સરકારને જણાય કે આવા શખસના તરફ અમુક જગ્યાનો ઉપયોગ જાહેર સલામતીને જોખમમાં નાખે એવી રીતે થયો છે, થઈ રહ્યો છે અથવા થવાનો છે, તો તે જગ્યાની તપાસ કરવાનો હુકમ તે કાઢી શકે છે. મજકૂર શખસને જ્યાં જોવામાં આવે ત્યાં ગમે તે પોલીસ અમલદાર અથવા બીજો કોઈ અમલદાર જેને હુકમ મળે તે પકડી શકે છે.

કોઈને કેદ કરવાનું અથવા કોઈ ઘરની ઝડતી લેવાનો હુકમ, જે અમલદારને નીમવામાં આવે તેણે અમલમાં મૂકવાનો છે. અને તે અમલમાં મૂકવાને સારુ જે વાજબી સાધનો વાપરવાં જોઈએ તે એ વાપરી શકે છે. ઉપર પ્રમાણે જે માણસને પકડવામાં આવશે તે માણસને બીજો હુકમ થતાં સુધી વધારેમાં વધારે ૧૫ દિવસ સુધી પકડનાર અમલદાર અટકાયતમાં રાખી શકે છે.

કોઈ પણ જગ્યાની ઝડતી લેવા હુકમની રૂએ તપાસ કરનાર અમલદાર જે વસ્તુ પોતાના ધારવા પ્રમાણે જાહેર સહીસલામતીને જોખમકારક હોય અથવા તો જોખમકારક થઈ પડવાનો સંભવ છે એ તે વસ્તુનો કબજો લઈ શકે છે અને તેની વ્યવસ્થા કરી શકે છે.

કલમ નં. ૩૬. કલમ ૩૩ની રૂએ જ્યારે કોઈ હુકમ કરવામાં આવે ત્યારે તે હુકમ જાણે ૨૧મી કલમની રૂએ જ કરવામાં આવ્યો હોય તેવી રીતે કલમ ૨૨થી કલમ ૨૬ સુધીના ઠરાવો પ્રમાણે કામ લેવામાં આવશે.

ટીકા — કલમ ૨૨થી ૨૬ની ટીકા જુઓ.

કલમ નં. ૩૭. હરકોઈ શખસ ભાગ ૩ પ્રમાણે થયેલા હુકમોનો અનાદર કરશે તેને એક વર્ષ સુધીની જેલ મળશે અથવા તેને દંડ કરવામાં આવશે અથવા બંને સજાઓ મળશે.

Gandhi Heritage Portal

### ભાગ ચોથો અને પાંચમો

ડિફેન્સ ઑફ ઈન્ડિયા ઍક્ટ રદ થતાં જેઓને કલમ ૩૭ની રૂએ કેદમાં રાખવામાં આવ્યા હશે અને જેઓ સ્થાનિક સરકારની માન્યતા પ્રમાણે અમુક ગુનાઓની સાથે સંબંધ રાખતા જણાશે અથવા તો જેઓ બંગાળના સને ૧૮૧૮ના "સ્ટેટ પ્રિઝન્સ રેગ્યુલેશન્સ"ની રૂએ કેદમાં હશે તેવા માણસ મજકૂર ભાગ ત્રણની શરત પ્રમાણે કેદમાં છે એમ ગણવામાં આવશે.

જે કાંઈ હુકમ આ કાયદાની રૂએ કરવામાં આવશે તેની વચ્ચે કોઈ કોર્ટ નથી પડી શકતી. અને જે માણસે શુદ્ધ ઈરાદાથી આ કાયદાની રૂએ કંઈ પણ કરેલું હશે અથવા કરવા ધાર્યું હશે તેની સામે કોઈ પણ પ્રકારનો દાવો કે ફોજદારી કે કંઈ કાયદેસર કામ ચાલશે નહીં. આ કાયદાની રૂએ આવેલી બધી સત્તા એ બીજા કાયદાની રૂએ અપાયેલી સત્તાની ઉપરાંત સમજવાની છે.

### સન ૧૯૧૯નું બિલ નં. ૧

આ બિલનો હેતુ ઈન્ડિયન પીનલ કોડ અને ક્રિમિનલ પ્રોસીજર કોડમાં સુધારો કરવાનું છે અને તે સુધારો રાજ્યને જોખમકારક ગણાતાં કેટલાંક કાર્યોની ઉપર વધારે અસરકારક દાબ મૂકવાના હેતુથી કરવામાં આવેલો છે. તેમાં નીચે પ્રમાણે નવો ગુનો પેદા કરેલો છે:

જે કોઈ માણસ જેના કબજામાં ફિતૂરી દસ્તાવેજ હશે અને દસ્તાવેજ બહાર પાડવાનો અથવા ફેલાવવાનો જેનો ઈરાદો હશે અને એવો દસ્તાવેજ કાયદેસર કામને સારુ તેના કબજામાં હતો એમ તે સિદ્ધ નહીં કરી શકશે તો તેને બે વરસ સુધીની જેલ મળશે અથવા તો તેને દંડ કરવામાં આવશે અથવા બંને સજા મળશે.

ઉપરની કલમમાં ફિતૂરી દસ્તાવેજનો અર્થ એવો છે કે જે દસ્તાવેજની અંદર એવું લખાણ કે એવી સંજ્ઞા હોય કે જે વડે બાદશાહ અથવા બાદશાહે સ્થાપેલી રાજસત્તા અથવા તે સત્તાની નીચે રહેલા નોકરો અથવા તે નોકરોમાંનો કોઈ વર્ગ અથવા તેમાંની કોઈ એક વ્યક્તિની સામે બળાત્કાર વાપરવાની ઉશ્કેરણી હોય અથવા બાદશાહની સામે લડાઈ કરવાની ઉશ્કેરણી હોય, અથવા તો એવા ઈરાદાથી હથિયાર વગેરે એકઠાં કરવાની ઉશ્કેરણી હોય તે દસ્તાવેજ.

ટીકા—આનો અર્થ એમ થયો કે જો કોઈ નિર્દોષ જુવાનિયાના ખિસ્સામાં અજ્ઞાનપણે કાંઈ પુસ્તક કે કાગળિયું હોય કે જે ફિતૂરી દસ્તાવેજ માનવામાં આવે, તો જ્યાં સુધી તે એમ સાબિત ન કરી શકે કે તેના હાથમાં એ દસ્તાવેજ કાયદેસર કામને સારુ હતો ત્યાં સુધી એ ગુનેગાર ગણાય. આ નવા ગુનાથી બ્રિટિશ રાજ્યપદ્ધતિનું એક સૂત્ર ફરી જાય છે અને તે એ છે કે ફરિયાદીએ તહોમતદાર ઉપર ગુનો સાબિત કરવાને બદલે તહોમતદારે પોતાનું નિર્દોષપણું સાબિત કરી આપવું. મારી ઉપર આરોપ આવે ત્યારે મેં ગુનો નથી કર્યો એમ હું કેમ સિદ્ધ કરી શકું? એનો અર્થ જ એ થયો કે મારે તો જેલમાં જ જવું.

ઈન્ડિયન પીનલ કોડમાં જણાવેલા રાજવિરુદ્ધના ગુનાઓ માટે સજા કરતી વેળાએ કોર્ટ પોતાને યોગ્ય લાગે તો એવો હુકમ કરી શકે છે કે મજકૂર શખસ તેને મળેલી સજા ભોગવી છૂટયા પછી પણ એવા ગુનાઓની બાબતમાં બે વરસ સુધીની મુદતના સારી ચાલચલગતના જાતમુચરકા આપે. જે કોઈ શખસની ઉપર આ બિલની મુજબ તેની સજા ભોગવી છૂટયા પછીના દિવસો માટે પોતાનું રહેઠાણ અગર રહેઠાણના ફેરફારની પોલીસને ખબર કરવાને લગતો

Gandhi Heritage Portal

દાબ મૂકવામાં આવ્યો હોય તેવા શખસ સામે સ્થાનિક સરકાર લેખિત હુકમ કાઢીને નીચે લખ્યામાંની કોઈ પણ શરતે વર્તવાનું ફરમાવી શકે છે :

ક. મજકૂર પક્ષે અમુક પ્રદેશમાં દાખલ થવું નહીં અગર વસવું નહીં અગર રોકાવું નહીં.

ખ. બ્રિટિશ હિંદના અમુક જ પ્રદેશમાં રહેવું.

ગ. અશાંતિ થાય અગર જાહેર ઉશ્કેરણી થાય એવી ચર્ચા કરવા અગર એવા વિષયોને લગતી કોઈ પણ લેખિત કે છાપેલી માહિતી ફેલાવવા અગર કોઈ પણ જાતના રાજદ્વારી વિષયને ટેકો આપવા મળેલી કોઈ પણ જાહેર સભામાં તેણે ભાષણ કરવું નહીં.

ટીકા—આનો અર્થ એ કે કહેવાતા ગુના માટે પૂરતી સજા ભોગવી ચૂકયા પછી પણ માણસે સરકાર તરફની પજવણીમાંથી છૂટવાની આશા રાખવી નહીં.

## સિલેક્ટ કમિટીના ફેરફારો[1]

આ રિપોર્ટ પહેલી માર્ચે બહાર પડયો. તેમાંનો જે ભાગ વધુમતે પસાર થયો છે, તેથી થતા જરૂરના ફેરફારો અમે નીચે દર્શાવીએ છીએ. એ રિપોર્ટમાં નામદાર પંડિત માલવિયાજી, વિઠ્ઠલભાઈ પટેલ, અને ખાપરડેએ સહી નથી કરી. નામદાર સુરેન્દ્રનાથ બૅનરજી, નામદાર શાસ્ત્રિયાર [તથા] એમ. શફીએ પોતાનો ખાસ મત બતાવનારી એક જુદી નોંધ લખી છે. તેમાં તેમણે કેટલાક અગત્યના ફેરફારો સૂચવેલા છે.

કમિટી જણાવે છે કે જોકે થોડાઘણા ફેરફારો બિલ નં. ૨માં કરેલા છે તોપણ બિલના મૂળ સિદ્ધાંતોમાં સુધારા કરવાની કમિટીએ આનાકાની કરેલી છે. જો એવા સુધારા થઈ શકતા હોય તો તે વડી ધારાસભાથી જ થઈ શકે.

અસલ બિલ હંમેશને સારુ હતું તેને કમિટી ત્રણ વર્ષનું કરવાની ભલામણ કરે છે.

અસલ બિલ ગમે તે પ્રકારના વિશેષ ગુનાને લાગુ પડતું હતું. સિલેક્ટ કમિટીની સલાહ છે કે તે બિલ રાજ્યની સામે હુમલો કરનારા અને બંડને ઉત્તેજન આપનારા ગુનાઓને જ લાગુ પાડવું.

અસલ બિલની ૯મી કલમમાં તહોમતદાર ૧૦ દિવસની મુદત માગી શકે છે, તેને બદલે ૧૪ દિવસ થયા છે.

૧૦મી કલમમાં પુરાવાની તારવણી જજે લેવાની હતી. હવે સઘળો પુરાવો જજે અથવા તો તે નીમે તેવા કલાર્કે લેવો જોઈએ.

૧૨મી કલમમાં એ સુધારો થશે કે જો તહોમતદાર પોતાની જુબાની ન આપે તો તેની ઉપર ફરિયાદી તરફનો વકીલ ટીકા નહીં કરી શકે.

૨૧મી કલમમાં કાંઈ ખાસ કારણ બતાવ્યા સિવાય સરકાર મુચરકો માગી શકે છે. હવે ખાસ કારણ કે કેસ બતાવવા પડશે.

૨૩મી કલમમાં અમલદાર ગમે તે સાધન વાપરી શકે એમ છે. હવે બિનજરૂરી બળ નહીં વાપરી શકે.

૨૫મી કલમમાં તહોમતદારની સામે શું રજૂ કરવું એ બતાવેલું છે. અસલ બિલમાં તહોમતદારની સામેનો કેસ બતાવતાં સરકારને ગમે તે બતાવવાની છૂટ હોય એમ જોવામાં આવતું હતું. હવે તે કેસને લગતી વાતો જ સરકાર મૂકી શકે એવો સુધારો થશે.

૧. આ પછીનું લખાણ દેખીતી રીતે જ માર્ચ ૧ પછી ઉમેરાયેલું છે.

Gandhi Heritage Portal

૨૯મી કલમ મુજબ ત્રણ વર્ષ સુધી તહોમતદારને બંદીમાં રાખી શકવાની સત્તા હતી. હવે બે વર્ષ સુધીની સત્તા રહેશે, અને સત્તાધિકારીની પાસે દર વખતે કેસ જવો જોઈશે.

૩૩મી કલમમાં તહોમતદારને સાધારણ કેદીઓની સાથે પણ રાખી શકાય એવો અર્થ નીકળતો હતો. હવે તેવા કેદીને નોખો રાખવામાં આવશે એમ સ્પષ્ટ કર્યું છે.

૩૪મી કલમમાં તહોમતદારને સરકારી હુકમ વિના રાખવાની મુદત ૭ દિવસની કરવામાં આવી છે.

૪૦મી કલમમાં એક મહિનાની મુદતને બદલે ૨૧ દિવસ કરવામાં આવ્યા છે.

ટીકા—ઉપર પ્રમાણે સિલેક્ટ કમિટીએ જે ફેરફાર સૂચવેલા છે તે ઉપરથી એટલું કબૂલ કરવું પડશે કે અસલ બિલમાં કંઈક સુધારા કરેલા છે પણ એ સુધારા છતાં બિલનો સિદ્ધાંત કાયમ રહેશે. અને એ બિલથી પ્રજાની ઉપર એટલી બધી સખત પજવણી થઈ શકે છે કે, નામદાર શાસ્ત્રિયારના કહેવા પ્રમાણે વધારે છૂટવાળી જે હવે પછી ધારાસભા થશે, તેના મેમ્બરો પણ કંઈ પણ બોલતાં ધ્રૂજ્યા કરશે અને તેઓ ખુશામતિયા થઈને જ પોતાની નામની છૂટ મેળવી શકશે. અને જો આ વાત ધારાસભાઓના મેમ્બરોને સારુ ખરી હોય તો રાંકડી અજ્ઞાન પ્રજાના શા હાલ થાય? આવા ભયમાંથી પ્રજાને બચાવવી એ દરેક સમજુ હિંદીની ફરજ છે, અને તે ફરજ સત્યાગ્રહ કરીને જ અદા કરી શકે છે.

[મૂળ ગુજરાતી]

ગુજરાતી, ૯–૩–૧૯૧૯

## ૧૨૫. સ્વયંસેવકો માટે સૂચનાઓ

ફેબ્રુઆરી ૨૬, ૧૯૧૯[1]

સભાની સમિતિએ સત્યાગ્રહ સંબંધમાં સહીઓ ઉઘરાવનાર સ્વયંસેવકોને માટે નીચે લખેલી સૂચનાઓ બહાર પાડી છે અને તેનું ચુસ્ત રીતે પાલન કરવાની તાકીદ આપી છે.[2]

**ખાસ સૂચનાઓ**

કોઈ પણ માણસની સહી લેતાં પહેલાં સ્વયંસેવકે સત્યાગ્રહ પ્રતિજ્ઞા તેને વાંચી સંભળાવવી જોઈએ. એ પ્રતિજ્ઞાના ત્રણ વિભાગ છે: પ્રથમ વિભાગ પ્રતિજ્ઞાનો હેતુ દર્શાવનારો છે. એટલે પ્રતિજ્ઞા કરનાર માને છે કે રૉલેટ બિલો અન્યાયી છે, સ્વતંત્રતાના સિદ્ધાંતને તોડે છે અને મનુષ્યના કુદરતી હકનો નાશ કરે છે. આમ કહેનારને રૉલેટ બિલનું સારું જ્ઞાન હોવું જોઈએ, તેથી પ્રતિજ્ઞા લેનારને તે બિલની સમજ પાડવી એ સ્વયંસેવકની ફરજ છે. [આ સમજને સારુ સભાએ બહાર પાડેલી બિલની સમજૂતી સ્વયંસેવકે ધ્યાનપૂર્વક વાંચી જવી.]

બીજો ભાગ પ્રતિજ્ઞાનો છે. આમાં રૉલેટ બિલ અને બીજા કેટલાક કાયદાઓના વિનય-પૂર્વક અનાદર કરવાની વાત છે. 'વિનયપૂર્વક'નો અર્થ સહી કરનારને બરોબર સમજાવવો, જેમ

૧. જુઓ મહાદેવભાઈની ડાયરી, પુસ્તક પાંચમું.

૨. અહીં સુધીનો ભાગ ૧૨–૩–૧૯૧૯ના बॉम्बे क्रॉनिकल; તેમ જ ૧૨–૩–૧૯૧૯ના यंग इन्डिया-માંથી ભાષાંતર કરી લીધો છે.



Gandhi Heritage Portal

કે નીતિનો ભંગ કરીને કાયદો તોડવો એ વિનયપૂર્વક અનાદર નથી, અથવા તો કાયદાનો ભંગ કરતાં સંબંધમાં આવતા અમલદારોની સામે ઉદ્ધતાઈ વાપરવી એ પણ વિનયપૂર્વક અનાદર નથી; પણ અમુક પુસ્તકો જે સરકારે બાધિત ગણ્યાં હોય તે પુસ્તક આપણે શુદ્ધ બુદ્ધિથી નિર્દોષ માનીએ તો આવાં પુસ્તકોનો પ્રસિદ્ધ ઉપયોગ અને પ્રચાર કરવો એ વિનયપૂર્વક અનાદર છે. આવા અનેક દાખલાઓ સ્વયંસેવકોએ વિચારી લેવા અને સહી કરનારને પ્રસંગોપાત્ત સમજાવવા.

કાયદાનો અનાદર કરતાં જે દુઃખ ઉઠાવવાં પડે તે ઉઠાવવાને તથા જરૂર પડે તો પોતાના જાનમાલનો ભોગ આપવાને પ્રતિજ્ઞા કરનાર તૈયાર રહેશે, અને કાયદાઓ રદ થાય નહીં ત્યાં સુધી આ પ્રકારની લડત એકલે હાથે પણ ચલાવવાનો આગ્રહ ધરશે. આ પ્રમાણે જોખમ ખેડવા તૈયાર હોય તેની જ સ્વયંસેવક સહી લેશે.

પ્રતિજ્ઞાનો ત્રીજો ભાગ એ છે કે સત્યાગ્રહ કરનાર, સત્યાગ્રહની મુદત દરમ્યાન સત્ય અને અહિંસા વ્રતનું નિર્ભય રીતે પાલન કરશે, એટલે કે કદી પણ પોતાનું અજ્ઞાન ઢાંકવાનો તથા કોઈની કોચવણીનો દોષ નહીં કરે. સ્વયંસેવક સત્ય અને અહિંસાનાં વ્રતોનું પાલન કરવાની ભારે જવાબદારી સમજીને જ સહી કરવાની દરેક જણને પ્રથમ ચેતવણી આપશે. પોતાના જ્ઞાનની બહારની વાત તે કદી નહીં કરે, કે કોઈ પણ પ્રકારની ખોટી આશા કોઈને નહીં આપે, એટલું જ નહીં, પણ પોતાને પૂછવામાં આવેલી બાબતનો ખુલાસો પોતે ન આપી શકે તો કમિટીને પૂછીને તે આપશે, અથવા તેની પાસે જઈને સમજી લેવાનું પૂછનારને કહેશે. અહિંસામાં અદ્વેષ તો આવી જ જાય છે એટલે અજાણ્યે પણ સ્વયંસેવક વિપક્ષીઓની નિંદા કે વગોવણી ન જ કરશે. પોતાનું કામ કરવામાં પોલીસ કે બીજા કોઈ તરફથી અટકાયત થાય તો તેની સામે ન થતાં તેને વિનયપૂર્વક તે પોતાની ફરજ સમજાવશે, અને ગમે તે થાય તોપણ તે ફરજ બજાવ્યે જ તેનો છૂટકો છે એવો આગ્રહ ધરશે.

## સામાન્ય સૂચનાઓ

પછી કેટલીક સામાન્ય સૂચનાઓ છે:

(૧) સહી લેવા નીકળનાર દરેક સ્વયંસેવકે ધ્યાનમાં રાખવાનું છે કે સમજ વિના સહી કરનાર સો જણ કરતાં જ્ઞાનપૂર્વક સહી કરનાર एक जणनी કિંમત વધારે છે, એટલે તે સહીની સંખ્યામાત્ર વધારવાની નેમ કદી નહીં રાખે.

(૨) [સભાએ પ્રસિદ્ધ કરેલી][૧] રૉલેટ બિલની સમજૂતી[૨] પોતે સમજપૂર્વક વાંચી-વિચારી હશે, એટલે જેઓએ મૂળ બિલો અથવા તેનો તરજુમો નહીં વાંચ્યાં હોય તેવા સત્યાગ્રહ લેનારા ભાઈઓને તે સમજાવશે.

(૩) પ્રતિજ્ઞા સમજાવતાં સત્યાગ્રહીની ખરી કસોટી, ખરું બળ, તેનું દુઃખ સહન કરવાની શક્તિ છે, એ વાત ઉપર તેણે યોગ્ય ભાર મૂકવો. અને સહી કરનારને ચેતવણી આપવી કે સત્યાગ્રહ કરવાથી જેલ ભોગવવાના અથવા જાનમાલ ખોઈ બેસવાના જેવાં સંભવિત સંકટો માટે પ્રથમથી જ તૈયાર થઈને તેઓએ સહી કરવી. આવી રીતે સમજાવ્યા પછી જો તેને ખાતરી થાય કે પ્રતિજ્ઞા કરવાની ઇચ્છા રાખનાર માણસે પાકો નિશ્ચય કરી લીધો છે, તો તેને નમ્રતાથી

૧. અંગ્રેજી આવૃત્તિમાં આ શબ્દો છે.
૨. જુઓ આ પહેલાંનો લેખ.

Gandhi Heritage Portal

વિનંતી કરીને કહેવું કે સત્યાગ્રહ ઑફિસમાં આવીને તેમણે સહી કરી જવી. કોઈ ખાસ કારણસર ઑફિસમાં ન આવી શકતા હોય તેમની ઑફિસની બહાર સહી લેવાને હરકત નથી.

(૪) ૧૮ વર્ષની અંદરનાં સ્ત્રીપુરુષોની તથા વિદ્યાર્થીઓની સહી તેવા માણસના આગ્રહ છતાં પણ નહીં લેવી. ૧૮ વર્ષથી વધારે ઉંમરનાં છતાં કાચી સમજનાં લાગતાં હોય તેવાંઓની સહી પણ ન લેવી. જેવાઓની કમાણી ઉપર જ તેમના કુટુંબનો અને સગાંવહાલાંનો આધાર હોય તેવાઓને સહી નહીં કરવાનું સમજાવવું.

(૫) સહી લીધા પછી દરેક જણનું પૂરેપૂરું ઠેકાણું તથા ધંધો શુદ્ધ અક્ષરે પોતે જ લખી લેવો. જે માણસની ઊકલી શકે એવી સહી નહીં હોય તેની સહી નીચે શુદ્ધ ચોખ્ખે અક્ષરે તેની નકલ કરવી. સહી લેવાની તારીખ પણ હરવખતે લેતા રહેવું.

(૬) દરેક સહીના સાક્ષી તરીકે સ્વયંસેવકે પોતે સહી કરવી.

[મૂળ અંગ્રેજી]

बॉम्बे क्रॉनिकल, १२–३–१९१९; तथा यंग इंडिया, १२–३–१९१९
ભાષાંતર: મહાદેવભાઈની ડાયરી, પુસ્તક પાંચમું

## ૧૨૬. સત્યાગ્રહની પ્રતિજ્ઞા વિષે અખબારો જોગ પત્ર

[ફેબ્રુઆરી ૨૬, ૧૯૧૯][૧]

સાહેબ,

રૉલેટ બિલો વિરુદ્ધ સત્યાગ્રહ પ્રતિજ્ઞાનો ખરડો આ સાથે મોકલું છું. જે પગલું લેવાયેલું છે તે કદાચ હિંદુસ્તાનની તવારીખમાં બહુ ભારે ગણાય. હું ખાતરી આપું છું કે તે લેવામાં જરાયે ઉતાવળ નથી થયેલી. મેં પોતે તો તેના વિચારમાં અનેક ઉજાગરા કીધા છે. આ પગલાનાં પરિણામોનું મેં બરાબર માપ લીધું છે. સરકારની સ્થિતિનો પણ યોગ્ય આંક બાંધવાનો પ્રયત્ન કર્યો છે. પણ આ વિચિત્ર બિલો દાખલ કરવા સારુ હું કશું પ્રયોજન જોઈ શકતો નથી. રૉલેટ કમિટીનો રિપોર્ટ મેં વાંચ્યો છે. તે વાંચતાં કમિટીની વર્ણનશક્તિનાં વખાણ કર્યા વિના મારાથી રહેવાયું નહીં. પણ તે ઉપરથી જે નિર્ણય ઉપર કમિટી આવી છે તેનાથી તદ્દન ઊલટા જ નિર્ણય ઉપર હું આવ્યો છું. એ રિપોર્ટ ઉપરથી હું તો સ્પષ્ટ રીતે એ જ નિર્ણય આપું કે છૂપી ખુનામરકી રૂપી રોગ હિંદુસ્તાનમાં માત્ર મર્યાદિત ક્ષેત્રોમાં અને છૂટાછવાયા અને બહુ થોડા લોકોમાં ફેલાયેલો છે. આવા લોકોની હસ્તી, સમાજને સારુ જોખમકારક છે. પણ આ જોખમ કરતાં વધારે ભયંકર જોખમ તો આ બિલો છે, જે આખા હિંદુસ્તાનને લાગુ પાડવા ધારેલાં છે અને જે સ્થિતિ નખથી સુધરી શકે તે સ્થિતિ સુધારવાને સરકારના હાથમાં કુહાડો આપનારાં છે. વળી કમિટીએ એક ઐતિહાસિક બીનાનું કેવળ દુર્લક્ષ કર્યું છે, અને તે એ છે કે હિંદુસ્તાનના કરોડો લોકો પોતાના હૃદયની કોમળતાને સારુ પૃથ્વીમાં પંકાયેલા છે.

હવે આપણે બિલોનું જડતર તપાસીએ. બિલો દાખલ થયાં તે પ્રસંગે નામદાર વાઈસરૉયે બે ખાતરી આપી: એક સિવિલ સર્વિસને અને બીજી અંગ્રેજી વેપારીઓને. આપણામાંના ઘણાને

૧. જુઓ મહાદેવભાઈની ડાયરી, પુસ્તક પાંચમું.

Gandhi Heritage Portal

વાઈસરૉય સાહેબના આ બાબતના ભાષણ વિષે બહુ વસવસો રહે છે. મારે તો કબૂલ કરવું જ જોઈએ કે એ ખાતરીના હેતુ અને હદ હું સમજી શકતો નથી. જો તેનો અર્થ એવો હોય કે સિવિલ સર્વિસના અને અંગ્રેજ વેપારીઓના લાભોને, હિંદુસ્તાનના હિત અને આર્થિક હાજતો કરતાં વિશેષ ગણવામાં આવશે તો કોઈ પણ હિંદીથી એ સિદ્ધાંતનો સ્વીકાર નહીં થાય. તેનું પરિણામ તો એ આવશે કે સામ્રાજ્યની અંદર ભાઈઓ ભાઈઓ વચ્ચે તીવ્ર ઝઘડો જાગશે. મૉન્ટેગ્યુ-ચેમ્સફર્ડના રિપોર્ટ પ્રમાણે સુધારા થાઓ યા ન થાઓ. આ ક્ષણે આપણને જે જરૂરનું છે તે તો એ છે કે આ તાત્ત્વિક મુદ્દા વિષે ઘટતી અને વાજબી સમજૂતી થવી જોઈએ. એનો જેમ તેમ નિકાલ કરવાથી ખરો સંતોષ નથી થવાનો. મહાન સિવિલ સર્વિસ રૂપી મહાજને સમજવું જોઈએ કે હિંદુસ્તાનમાં માત્ર નામના નહીં પણ હિંદના ખરેખરા ટ્રસ્ટી અને સેવક તરીકે જ તેઓ રહી શકે છે. મોટી ઈંગ્રેજ પેઢીઓએ સમજવું જોઈએ કે તેઓ હિંદુસ્તાનની કળા, વ્યાપાર અને હુન્નરનો નાશ કરવાને નહીં પણ તેની હાજતોમાં જે ત્રુટી હોય તેની પૂરણી કરવાને જ રહી શકે છે. જો આ બે વસ્તુનો સ્વીકાર થાય તો તે બે રૉલેટ બિલની પૂરેપૂરી ગરજ સારી શકશે અને હું ખાતરી આપું છું કે આ બે વસ્તુઓથી રાજ્યની સામે થતાં ગમે તે કાવતરાંને પહોંચી વળી શકાશે. સર જૉર્જ લાઉન્ડ્ઝે પ્રજામતનો અનાદર કરીને બળતામાં ઘી હોમ્યું છે. તેઓ સાહેબ હિંદનો ઈતિહાસ ભણેલા છે પણ ભૂલી ગયા જણાય છે. નહીં તો જે સરકારના તેઓ પ્રતિનિધિ છે તે સરકારે આજ સુધીમાં પ્રજામતને વશ થઈને પોતાના પાકા વિચારો ફેરવેલા છે એવા દાખલાઓનું તેમને સ્મરણ હોત.

રાજ્યકર્તા રૂપી શરીરમાં ઊંડા રહેલા રોગની આ બિલો એક સ્પષ્ટ નિશાની છે એમ હું શા સારુ માનું છું એ સમજવું હવે સહેલ થઈ પડશે. આવા રોગોનો આકરો જ ઈલાજ હોય. આ બિલોથી અને તે દાખલ થયાં તે વખતના પ્રસંગો જે ભાવ સૂચવે છે તેથી અધીરા થયેલા, ઉતાવળા અને તપી ગયેલા જુવાનો છૂપી ખુનામરકીનો ઈલાજ પસંદ કરશે. જે તિરસ્કાર અને દ્વેષનો ખુનામરકી ચોખ્ખો પુરાવો છે તે તિરસ્કાર અને દ્વેષમાં આ બિલો વધારો કરશે જ. સત્યાગ્રહની પ્રતિજ્ઞા લેનારાઓએ હરકોઈ પ્રકારનાં દુ:ખ સહન કરવાનો દૃઢ સંકલ્પ કર્યો છે. સરકારની તરફ તેઓને દ્વેષ નથી અને તેથી તેઓની માગણીમાં એટલું બધું બળ રહેલું છે કે તેઓની સામે થવાય જ નહીં; એટલે સરકાર તરફનાં દુ:ખોનું નિવારણ કરવાને જેઓ ખુનામરકીને અસરકારક ઉપાય ગણે છે તેઓને તેના બદલામાં આવાં અમોઘ અસ્ત્રની તેઓ ભેટ કરે છે. વળી તે અસ્ત્ર તેનો ઉપયોગ કરનારને અને પ્રતિપક્ષી બંનેને સુખદાયી છે. સત્યાગ્રહીઓ જો પોતાના આ અસ્ત્રનો ઉપયોગ બરાબર સમજતા હશે તો મને પરિણામનો જરાય ભય નથી. તેમની એ સમજવાની શક્તિ વિષે શંકા લાવવાનું મારું કામ નથી. સત્યાગ્રહ જેવો જલદ ઉપાય લેવા સરખો આ રોગ છે કે નહીં, અને તેને મટાડવાને સારુ બીજા હળવા ઉપાયો લેવામાં આવ્યા છે કે નહીં તે જાણી લેવાની સત્યાગ્રહીઓની ફરજ છે. તેઓને ખાતરી થઈ છે કે રોગ ભયંકર છે અને હળવા ઉપાયો નિષ્ફળ ગયા છે. બાકી બધું હરિને હાથ છે.

હું છું
તમારો

[મૂળ અંગ્રેજી]

છબી પરથી: એસ. એન. ૬૪૪૦; તેમ જ બૉમ્બે ક્રૉનિકલ, ૧-૩-૧૯૧૯
ભાષાંતર: મહાદેવભાઈની ડાયરી, પુસ્તક પાંચમું

Gandhi Heritage Portal

34475

# १२७. इन्डियन सोशियल रिफॉर्मरने पत्र

આશ્રમ,
સાબરમતી,
ફેબ્રુઆરી ૨૬, ૧૯૧૯

સંપાદક
इन्डियन सोशियल रिफॉर्मर

સાહેબ,

મેં આપના આ માસની ૨૩મી તારીખના અંકમાં[1] પટેલ લગ્ન બિલ વિષેનો ફકરો વાંચ્યો છે. હજી સુધી આ બિલ સંબંધમાં મેં કોઈને કદી મુલાકાત આપી નથી. એટલે મારે નામે જે વિચારો પ્રસિદ્ધ કરવામાં આવ્યા છે તે માત્ર થોડે અંશે જ સાચા છે. હું પથારીવશ હતો એટલે આ બિલ ઉપર વિચાર કરવાની મેં મહેનત લીધી નહોતી. પરંતુ અનેક લોકોએ મને પૂછયું કે તમે આ સંબંધમાં તમારા વિચારો જાહેર કરો, એટલે મેં એ બિલનો અભ્યાસ કરવા માંડયો. અને મારા રિવાજ મુજબ મેં પ્રથમ બિલ ઘડનારાનું દૃષ્ટિબિંદુ સમજવા માંડયું. માનનીય શ્રી પટેલે મને કહ્યું કે આ બિલ સંબંધમાં આપના વિચારો નિશ્ચિત કરવા અંગે ઉતાવળ કરવાની જરૂર નથી, કેમ કે તેના પર સપ્ટેમ્બર માસ પહેલાં ચર્ચા થવાનો સંભવ નથી. પછી બિલના અભ્યાસમાં મને મદદ કરવા માટે તેમણે શ્રી દફતરીને મારી પાસે મોકલ્યા. શ્રી દફતરીએ મને આ વિષય પર એક લાંબી અને વિસ્તૃત નોંધ આપી છે. હજી સુધી હું એનો અભ્યાસ કરી શકયો નથી. અને અત્યારે મારી સામે કામનો જે કાર્યક્રમ છે તે જોતાં હું એ નોંધનો અભ્યાસ ક્યારે કરી શકીશ તે કહી શકતો નથી, કેમ કે એને માટે જૂના કાનૂની કેસો વાંચવા પડે તેમ છે. ઉપર્યુક્ત અભ્યાસ કર્યા વિના મારી સ્થિતિ હું જેટલે અંશે દર્શાવી શકું તેટલે અંશે આ પ્રમાણે છે: મારા મત પ્રમાણે, આ સંબંધમાં ખાસ કરીને બ્રાહ્મણો અને ઢેડો

१. इन्डियन सोशियल रिफॉर्मरना આ અંકમાં बॉम्बे क्रॉनिकलना અમદાવાદના ખબરપત્રીના હેવાલ-માંથી એક ઉતારો આપવામાં આવ્યો હતો. એમાં એ ખબરપત્રીએ લખ્યું હતું કે: "બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર કોમોની પેટાજ્ઞાતિઓમાં" અંદરઅંદર લગ્નો થાય તેમાં તેમને (શ્રી ગાંધીને) કશો વાંધો દેખાતો નથી. એમનો અભિપ્રાય એવો છે કે જો રજપૂતો, ભાટિયાઓ, લુહાણાઓ અને પાટીદારો વચ્ચે મોટી સંખ્યામાં પરસ્પર લગ્નો થવા લાગે તો અત્યારના શક્તિહીન થઈ ગયેલા રજપૂતોમાં નવી શક્તિનો સંચાર થાય. મોઢ અને શ્રીમાળી વાણિયાની જ્ઞાતિઓમાં અપવાદ રૂપે નહીં પણ નિયમરૂપે પરસ્પર લગ્નો થાય તો તેમાં કશું પણ ખોટું થવાનો સંભવ નથી. પરંતુ હાલના ચાર વર્ણોને કોઈ પણ રીતે તોડવા નહીં જોઈએ. વેરવિખેર કરનારી જે પ્રવૃત્તિઓ અત્યારે વિવિધ પેટાજ્ઞાતિઓને મુખ્ય જ્ઞાતિથી અલગ પાડી રહી છે તેની અસર નાબૂદ કરી દેવી જોઈએ. એમ કરીને ૨૦ કરોડ હિંદુઓ ધરાવતી ચાર મુખ્ય જ્ઞાતિઓને સંગઠિત કરી દેવાનું ઇચ્છવા જોગ છે. શ્રી ગાંધી કહેતા હતા કે જ્યારે આંતરજ્ઞાતીય વિવાહ બિલ વડી ધારાસભામાં પ્રવર સમિતિ પાસે જશે ત્યારે માનનીય પંડિત મદનમોહન માલવિયાએ ઉપરનો ફેરફાર કરવાની શરતે એ બિલને પૂરા દિલથી ટેકો આપવાનું વચન આપ્યું છે. અંતમાં મહાત્મા ગાંધીએ બ્રાહ્મણ અને ઢેડ વચ્ચે કેવડી વિશાળ ખાઈ પડેલી છે, તે તરફ ધ્યાન દોર્યું અને કહ્યું કે લગ્ન-પ્રથા સુધારવાના ઉત્સાહી હિમાયતીઓએ પ્રગતિને માટે ટૂંકા રસ્તા લેતાં પહેલાં ચેતવું જોઈએ."

Gandhi Heritage Portal

વચ્ચેનો પ્રશ્ન તો બિલકુલ ઊભો જ થતો નથી. ઢેડોનો બ્રાહ્મણો સાથેનો સંબંધ ક્ષત્રિયો, વૈશ્યો અથવા શૂદ્રોના બ્રાહ્મણો સાથેના સંબંધ જેવો જ છે. બિલને લીધે એમની વિશિષ્ટ અયોગ્યતા ઉપર એક યા બીજી રીતે કશી અસર થતી નથી. જો આ બિલથી વર્ણાશ્રમપ્રથા ઉપર આક્રમણ થતું હશે તો, વર્ણાશ્રમ ધર્મને માનનાર વ્યક્તિ તરીકે, મારે એનો વિરોધ કરવો પડશે. મારા રૂઢિચુસ્ત મિત્રો મને કહે છે કે આ બિલને લઈને આવું આક્રમણ જરૂર થાય છે. બીજી બાજુ આ બિલના ટેકેદારો કહે છે કે તે વર્ણાશ્રમપ્રથામાં વિક્ષેપ નાખતું નથી, એટલું જ નહીં પણ એ તો માત્ર એટલી જ માગણી કરે છે કે હિંદુ કાયદાને તે બ્રિટિશ કાળ પહેલાં જે સ્થિતિમાં હતો તે સ્થિતિમાં પાછો લાવી મૂકવો જોઈએ. તે વખતે ન્યાયાધીશો એ કાયદા વિષે અજ્ઞાન હતા, એટલે પક્ષપાતી અથવા ભ્રષ્ટ પંડિતોના કહેવા પ્રમાણે તેઓ તેનો ખોટો અર્થ કરતા હતા. બંને બાજુએ હિમાયત કરનારા મોટા મોટા વકીલો મળી આવ્યા છે. બેમાંથી એકેય પક્ષે નિર્ણય આપ્યા વિના જ મેં એવું સૂચન કર્યું છે કે પેટાજ્ઞાતિઓમાં અંદરોઅંદર લગ્નો થઈ શકે એટલી હદે બિલની અસરને મર્યાદિત બનાવવી જોઈએ. આનાથી કાંઈ નહીં તો અત્યંત ઉત્સાહી સુધારકને પ્રથમ પગલા તરીકે સંતોષ થવાનો સંભવ છે, અને જો એ પ્રમાણે કરવામાં આવશે તો માનનીય પંડિત મદનમોહન માલવિયા જેવા માણસ પણ એને ટેકો આપી શકશે.

હું છું,
આપનો, વગેરે,
**મો. ક. ગાંધી**

[મૂળ અંગ્રેજી]
इन्डियन सोशियल रिफॉर्मर, २–३–१९१९

## ૧૨૮. રાષ્ટ્રીય શાળા વિષે અખબારો જોગ પત્ર

સત્યાગ્રહ આશ્રમ,
માઘ કૃષ્ણ એકાદશી, સંવત ૧૯૭૫ [ફેબ્રુઆરી ૨૬, ૧૯૧૯]

અધિપતિ સાહેબ,

વાંચક વર્ગને વિદિત તો હશે કે સત્યાગ્રહ આશ્રમની અંદર રાષ્ટ્રીય શાળા બે વર્ષ થયાં ચાલે છે. મુખ્યત્વે કરીને જે શિક્ષકો શાળામાં છે તેમને રાષ્ટ્રીય શાળાનું શિક્ષણ પૂરું જાણવાને સારુ તૈયારી કરવી છે તેથી અને શિક્ષકો પૂરતા નથી તેથી નવા વિદ્યાર્થીઓને લેવાનું બંધ રાખ્યું છે. અત્યારે આ શાળાને ઓછામાં ઓછા બીજા પાંચ શિક્ષકો જોઈએ છે. બધું શિક્ષણ ગુજરાતી ભાષા દ્વારા અપાય છે. તેથી તેઓ કેવળ ઊંચા પ્રકારનું ગુજરાતી જ્ઞાન ધરાવનારા હશે તોપણ ચાલશે, પણ ઊંચી કેળવણી તો માત્ર અંગ્રેજી દ્વારા જ અપાય છે. એટલે જ્યાં સુધી ગુજરાતી મારફતે ઊંચી કેળવણી આપનારા શિક્ષકો તૈયાર ન થયા હોય ત્યાં સુધી અંગ્રેજી જાણનારાઓની જરૂર પડશે. પણ હાલ જે શિક્ષકો છે તે બરાબર સારું અંગ્રેજી જાણતા હોવાથી ઊંચા પ્રકારનું ગુજરાતી જાણનારાને આ શાળા લઈ શકે છે અને તેવાઓને ઉત્તેજન આપવા પણ ઇચ્છે છે.

શાળા વિષે બે શબ્દો લખી નાખું છું. તેમાં ત્રણ ગ્રૅજ્યુએટો છે, એક પ્રવીણ સંગીતશાસ્ત્રી છે, અને એક તેવા જ પ્રવીણ સંસ્કૃતશાસ્ત્રી છે. આશ્રમ અને શાળા સાબરમતીને કિનારે રમણીય

Gandhi Heritage Portal

સ્થળે છે. ત્યાં શિક્ષકોને સારુ મકાનો બાંધેલાં છે. શિક્ષકોને તેમનો ઠીક નિર્વાહ થઈ શકે તેટલો પગાર મળે છે. બે શિક્ષકોને કાંઈ પગારની જરૂર ન હોવાથી તેઓ પગાર નથી લેતા અને બીજા ત્રણમાં વધારેમાં વધારે રૂ. ૭૫ મળે છે. લાયક શિક્ષકને વધારેમાં વધારે તેટલા આપી શકાય એવી સ્થિતિ છે. મારો અભિપ્રાય એવો છે કે આ શાળામાં કામ કરનારાઓ અત્યારે એક નાના લાગતા પણ આગળ જતાં વધારે મોટું ફળ આપનારા પ્રયોગમાં ભાગ લેશે. પ્રયત્નની ખામીને લીધે પ્રયોગ નિષ્ફળ નહીં થાય. મારી ઉમેદ છે કે જેઓને શિક્ષણ ઉપર પ્રેમ હોય અને જેઓ શિક્ષણમાંથી પોતાની આજીવિકા લેતાં છતાં શિક્ષણને પ્રધાન અને આજીવિકાને ગૌણ ગણતા હોય તેવા શિક્ષકો આ શાળાની મદદે આવશે.

ઉમેદવારની શારીરિક સ્થિતિ સારી જ હોવી જોઈએ, કેમ કે તેઓને શીખવવાની સાથે શીખવાનું પણ રહેલું છે. જેની ઉપર હિંદના ૮૦ ટકા માણસો આજીવિકાને સારુ આધાર રાખે છે તેવી ખેતી અને જેમાંથી લાખો માણસો કમાઈ કરી શકતા હતા એવું વણાટકામ એ બેનાં મૂળતત્ત્વો જાણવાં જ જોઈએ. હિંદી ભાષાના જ્ઞાનની પણ રાષ્ટ્રીય શિક્ષણ આપનારાઓને આવશ્યકતા છે. મારો અલ્પ મત એવો છે કે દીર્ઘ આર્થિક દૃષ્ટિએ જોતાં પણ કૉલેજમાંથી નીકળતો તરુણવર્ગ રાષ્ટ્રીય શાળાના પ્રયોગમાં ઝંપલાવશે. તેથી કાંઈ ખોશે નહીં, અને સંભવ છે કે બીજી રીતે એ કાંઈક મેળવે.

**મોહનદાસ ક. ગાંધી**

[મૂળ ગુજરાતી]

છબી પરથી : એસ. એન. ૬૪૩૦

## ૧૨૯. સૈયદ હુસેનને તાર[1]

માર્ચ ૨, ૧૯૧૯

હાલના સ્વરૂપના પ્રતિજ્ઞાપત્ર ઉપર જ સહીઓ કરાવવાની છે. એમાં વધારેમાં વધારે સ્વતંત્રતા રહેલી છે. કાયદાઓનો નામનિર્દેશ કરવાથી તો કાર્યક્ષેત્ર મર્યાદિત થઈ જશે. (માટે) પહેલેથી નામનિર્દેશ કરવાનું અશક્ય છે. વ્યક્તિઓ ઉતાવળિયું પગલું ન ભરે તે માટે સમિતિ નીમવામાં આવી છે. આંદોલનની પ્રગતિ જોયા પછી વખતોવખત ભંગ કરવાના કાયદાઓ વિષે સૂચનાઓ આપવામાં આવશે. આપની સમિતિ કાં તો અહીંની સમિતિ, જેને કેન્દ્રીય સમિતિ કહી શકાય તેનો એક ભાગ ગણાશે અથવા આપ આપની સ્વતંત્ર સમિતિ રચી શકો. ગાંધીજી આવતી કાલે દિલ્હી જાય છે. જરૂર હોય તો કોઈ ત્યાં એમને મળી લે.

[મૂળ અંગ્રેજી]

છબી પરથી: એસ. એન. ૬૪૪૧

૧. આ તાર ગાંધીજી વતી મોકલવામાં આવ્યો હતો.

Gandhi Heritage Portal

## ૧૩૦. દેવદાસ ગાંધીને પત્ર[1]

[દિલ્હી,
માર્ચ ૫, ૧૯૧૯ અથવા તે પછી][2]

લડત શરૂ થયા પછી તમને હું કાગળ નથી લખી શક્યો. તે પછી મને જરાયે ફુરસદ નથી રહી. લડત ઉપર તમે ખૂબ વિચાર કરી રહ્યા હશો. તમને જોડાવાનું પણ મન થતું હશે પણ તમારું કાર્ય હિંદી શીખવવાનું તમે કર્યા કરો એ જરૂરનું છે.

હું વાઇસરૉય સાહેબને મળ્યો છું. વાતો ઘણી જ વિનયથી ને મિત્રભાવથી થઈ છે. અમે બંને એકબીજાને સમજીએ છીએ, એવો આભાસ મને આવ્યો પણ એકબીજાને સમજાવી નથી શક્યા. ઇંગ્રેજ સ્વભાવ જ એવો ઘડાયેલો છે કે તે દલીલને વશ ન થાય. અનુભવને જ વશ થાય. પોતે પરિણામને વિષે બેદરકાર રહે છે. પડેલું ભોગવી લે છે. થનારું હશે તે થશે એમ જાણી નિશ્ચિંત રહે છે. તે પોતાનું ધાર્યું બને ત્યાં સુધી દૃઢતાપૂર્વક કર્યે જાય છે. પોતાના શરીર ને શસ્ત્રબળનો મોહ ને મદ પણ ખૂબ રાખે છે. તેવા બળને તુરત વશ થાય છે ને માન આપે છે. પણ નીતિબળને ઓળખે છે અને જાણેઅજાણે પોતાની ઇચ્છા વિરુદ્ધ પણ તે બળને વશ થાય છે. તે બળ આપણે અજમાવી રહ્યા છીએ અને ખરેખરું નીતિબળ જ હશે તો જરૂર આપણે જીતીશું.

[મૂળ ગુજરાતી]

છબી પરથી: એસ. એન. ૬૪૫૮

## ૧૩૧. રૉલેટ બિલો વિષે ભાષણ

માર્ચ ૭, ૧૯૧૯

શ્રી ગાંધી તબિયતની નબળાઈને કારણે જાતે ભાષણ આપી શક્યા નહીં, એટલે તેમણે શ્રી મહાદેવ દેસાઈને પોતાનું ભાષણ વાંચી સંભળાવવા કહ્યું. ભાષણમાં એમણે કહ્યું, વર્તમાનપત્રોમાં કડવી ટીકાઓને પાત્ર થયેલાં આ બિલો વિષે કંઈ પણ કહેવાની મને જરૂર લાગતી નથી. હું તો રૉલેટ બિલોના રૂપમાં પ્રકટ થતી બીમારીને દૂર કરવાના ઉપાય વિષે કંઈક બોલવા માગું છું. આ ઉપાય એટલે મુંબઈમાં ક્યારની શરૂ થઈ ચૂકેલી સત્યાગ્રહની ચળવળ. અનેક પ્રસિદ્ધ સ્ત્રીપુરુષોએ પ્રતિજ્ઞાપત્ર ઉપર સહીઓ કરી છે. સત્યાગ્રહ એ એક નિરુપદ્રવી છતાં અમોઘ ઉપાય છે. અલબત્ત, સત્યાગ્રહ અપનાવનાર વ્યક્તિઓમાં એક યોદ્ધાની વીરતા કરતાં પણ ચડિયાતી કોટીની વીરતા હોવી જરૂરી છે. બેશક, યોદ્ધો હમેશાં મરવાને તૈયાર હોય છે. પરંતુ સાથે સાથે તે શત્રુને મારવાની ઇચ્છા પણ ધરાવતો હોય છે. સત્યાગ્રહી દુનિયા સમક્ષ પોતાના ધ્યેયની પવિત્રતા તથા પોતાની માગણીનું ન્યાયીપણું સાબિત કરવા માટે હમેશાં કષ્ટ સહન કરવા તૈયાર રહે છે, અરે, પોતાના ધ્યેયને ખાતર તે પ્રાણ પણ આપે છે. ઈશ્વરમાં

૧. આ પત્ર દેવદાસને ઉદ્દેશીને લખાયો છે, એવું અનુમાન એમાં હિંદી ભણાવવાનો ઉલ્લેખ છે તે ઉપરથી કરવામાં આવ્યું છે. કેમ કે મદ્રાસમાં આ કામની જવાબદારી દેવદાસ ઉપર હતી.

૨. સત્યાગ્રહ ફેબ્રુઆરી ૧૯૧૯માં શરૂ થયો હતો. ગાંધીજી ૫મી માર્ચ, ૧૯૧૯ને રોજ વાઇસરૉયને મળ્યા હતા.

Gandhi Heritage Portal

દૃઢ વિશ્વાસ એ જ સત્યાગ્રહીનું શસ્ત્ર હોય છે, અને એનું જીવન અને કાર્ય આ શ્રદ્ધા પર જ ટકે છે. ઈશ્વર પ્રત્યેની આ શ્રદ્ધામાં હત્યા એટલે કે હિંસાને કોઈ સ્થાન હોતું નથી, અસત્ય માટે તો બિલકુલ જ નહીં. કેવળ આ શસ્ત્ર વડે જ હિંદુસ્તાનમાંથી રૉલેટ બિલોને દૂર કરાવી શકાશે. સરકાર એમ કહે છે કે અરાજકતાને પહોંચી વળવા માટે આ બિલો જરૂરી છે. હું એ વાત કબૂલ રાખતો નથી. ઊલટું હું તો ચોક્કસ માનું છું કે આ બિલોને પરિણામે અરાજકતામાં વધારો થશે. સરકારનાં કેટલાંક કૃત્યો લોકોને ન ગમે એવું તો હમેશાં બનવાનું; અને એવાં કૃત્યો નાબૂદ કરાવવા માટે હમેશની રીતે વિરોધ સભાઓ ભરવાના અને સરકારને અરજીઓ કરવાના સામાન્ય ઉપાયો લેવામાં આવે છે. જ્યારે એ ઉપાયોનું કંઈ પરિણામ નથી આવતું ત્યારે બંગાળના કાચી બુદ્ધિના નવજવાનોની માફક લોકો હિંસાનો આશરો લે છે, જે આ દેશને માટે અત્યંત ઘાતક છે. ખુદ આ બિલોની ઉત્પત્તિ જ હિંસામાંથી થયેલી છે. એને માટે એક જ વિકલ્પ છે: સત્યાગ્રહ અથવા સરકારના કાયદાઓનો સવિનય ભંગ, અને એવા કાનૂનભંગને પરિણામે જે દુ:ખો આવી પડે તે બરદાસ્ત કરવાં. કેવળ સત્યાગ્રહ દ્વારા જ હિંદુસ્તાન હિંસાથી મુક્ત થઈ શકશે; અને જો તે ધીરજપૂર્વક દુ:ખો સહન કરશે તો ગમે તેટલી શક્તિશાળી સત્તા પણ તેની સામે ઝૂકી જશે. હું આશા રાખું છું અને ઈશ્વરને પ્રાર્થના કરું છું કે આ આધ્યાત્મિક શસ્ત્રની મદદ વડે હિંદુસ્તાન સમસ્ત દુનિયાને પૌર્વાત્ય અને પાશ્ચિમાત્ય સંસ્કૃતિઓ વચ્ચે રહેલો અતિશય ભારે ફરક દર્શાવી આપશે. અંતમાં હું આપ લોકોને ચેતવણી આપું છું કે આપે કશું ઉતાવળું પગલું નહીં ભરવું. રૉલેટ બિલોનો અર્થ શો થાય છે, તથા સત્યાગ્રહની પ્રતિજ્ઞા એ શી ચીજ છે અને એને પરિણામે કેવાં કેવાં કષ્ટ ભાગવવાં પડશે, એ બધું સારી રીતે સમજ્યા વિના કોઈએ પણ પ્રતિજ્ઞાપત્ર ઉપર સહી નહીં કરવી જોઈએ.

[મૂળ અંગ્રેજી]

अमृत बझार पत्रिका, १३-३-१९१९

## ૧૩૨. વી. એસ. શ્રીનિવાસ શાસ્ત્રીને પત્ર

[દિલ્હી,]
માર્ચ ૮, ૧૯૧૯

આજે સાંજે હું અલ્લાહાબાદ જવા નીકળું છું, અને ત્યાંથી મુંબઈ જઈશ. જો મારી તબિયત સારી હોત તો રૉલેટ બિલોના વિરોધમાં શરૂ કરવામાં આવેલા સત્યાગ્રહ આંદોલન વિરુદ્ધ પ્રસિદ્ધ કરવામાં આવેલા જાહેરનામા[1] ઉપર સહી કરનારા ઘણાખરા સજ્જનોને હું અચૂક મળ્યો હોત. ગઈ કાલે સર જેમ્સ ડુબાઉલેને[2] મળવા જતી વખતે મેં ધાર્યું હતું કે એમને મળ્યા પછી આપને મળાશે. પરંતુ એ મુલાકાત સાંજના છ કરતાં પણ મોડે સુધી ચાલી; અને તે પછી મારું છેલ્લું ભોજન ચૂકી જવાનો મારો ઈરાદો નહોતો, એટલે હું ત્યાંથી સીધો શ્રી રુદ્રને ઘેર ચાલ્યો ગયો. ગઈ કાલે હું આપને જે વાત કહેવા માગતો હતો તે અત્યારે કહું છું. કૃપા કરીને એ જાહેરનામા ઉપર સહીઓ કરનારા સજ્જનોને મારા વતી કહેશો કે હું એમને મારી સ્થિતિ સ્પષ્ટ રીતે સમજાવવા માગતો હતો, અખબારો મારફતે સમજાવી શકાય

૧. આ જાહેરનામું સર ડી. ઈ. વાચ્છા, સર સુરેન્દ્રનાથ બૅનરજી, વી. એસ. શ્રીનિવાસ શાસ્ત્રી અને બીજા વિનીતપક્ષના નેતાઓએ ૨જી માર્ચને રોજ પ્રસિદ્ધ કર્યું હતું.

૨. ભારત સરકારના ગૃહસચિવ.

Gandhi Heritage Portal

તેના કરતાં પણ વધારે સ્પષ્ટતાથી સમજાવવા માગતો હતો. પરંતુ ઉપર દર્શાવેલાં કારણોને લીધે મારાથી એ બની શક્યું નથી. જોકે કદાચ બિનજરૂરી હોય છતાં હું એ પણ કહેવા માગું છું કે સહીઓ કરનારાઓ પૈકી જેમને ઓળખવાનો લહાવો મને મળ્યો છે તેમના પ્રત્યેના મારા આદરભાવમાં આ જાહેરનામાથી સહેજ પણ ફરક પડયો નથી. જે લોકોના અભિપ્રાયને હું કીમતી ગણું છું તેમની સંમતિ હું મેળવી નથી શક્યો એને હું મારું દુર્ભાગ્ય સમજું છું. તેમ છતાં મેં એ વાતની આશા છોડી નથી કે જેમ જેમ લડત જોર પકડતી જશે તેમ તેમ તેમને એની ઊજળી બાજુ સમજાતી જશે, અને તેઓ મારા આ વિચાર સાથે સંમત થતા જશે. હું માનું છું કે આપણા દેશના જે મહત્ત્વાકાંક્ષી અને બહાદુર નવયુવકો પોતાની પાસે બીજી કોઈ વધારે સારી પ્રવૃત્તિઓ નહીં હોવાને કારણે વાંધાભરી પ્રવૃત્તિઓ શોધે છે, તેમને એ પ્રવૃત્તિઓમાં જોડાતા અટકાવવાનો એકમાત્ર ઉપાય એમને સારુ કોઈ શક્તિદાયી પ્રવૃત્તિ યોજવાનો છે; અને સત્યાગ્રહ એ એવી જ એક શક્તિદાયી પ્રવૃત્તિ છે.

આપનો સહૃદયી

મો. ક. ગાંધી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી: એસ. એન. ૬૪૪૬

## ૧૩૩. લખનૌમાં સત્યાગ્રહ વિષે ભાષણ

માર્ચ ૧૧, ૧૯૧૯

શ્રી ગાંધીનું ભાષણ સાંભળવા માટે તેમણે આદરેલા સત્યાગ્રહ આંદોલનના સમર્થકોની એક જાહેર સભા આજે સવારે ૮-૩૦ વાગ્યે રિફા-એ-આમ હૉલમાં મળી હતી. . . .

શ્રી ગાંધીની તબિયત એટલી બધી નબળી હતી કે તેમનાથી લાંબું ભાષણ આપી શકાય તેમ નહોતું. એટલે તેમણે થોડા શબ્દોમાં સત્યાગ્રહના મૂળભૂત સિદ્ધાંતો સમજાવ્યા, અને શ્રોતાઓને કહ્યું કે તમારે 'શરમ, શરમ'ના પોકારો કરવા નહીં, કેમ કે એમ કરવું સત્યાગ્રહના સિદ્ધાંતની વિરુદ્ધ છે. વળી, વિચાર કરીએ તો બધા લોકો આ આંદોલનમાં જોડાય અગર એને મંજૂર કરે એવી આશા નહીં રાખી શકાય.

. . . એકંદરે સભાના અધ્યક્ષ સહિત અગિયાર માણસોએ પ્રતિજ્ઞા લીધી હતી. . . .

[મૂળ અંગ્રેજી]

લીડર, ૧૩-૩-૧૯૧૯

Gandhi Heritage Portal

## ૧૩૪. વી. એસ. શ્રીનિવાસ શાસ્ત્રીને તાર

લખનૌથી ટ્રેનમાં જતાં
માર્ચ ૧૧, ૧૯૧૯

મારી રખડપટ્ટી દરમ્યાન હું જેટલે અંશે જાહેર મતને પારખી શક્યો છું તેટલે અંશે કહી શકું છું કે તે અતિશય ઉગ્ર છે. સાર્વજનિક હિતને ખાતર સ્વાર્થત્યાગ કરવાની ટેવ ન હોવાને કારણે તેઓ ભલે નિષ્ક્રિય દેખાતા હોય, પરંતુ જો બિલો પસાર કરાવવાનો આગ્રહ ચાલુ રહેશે તો કડવાશનો જામ પૂરેપૂરો ભરાઈ જશે. આનો પ્રતિકાર કરવાની પદ્ધતિ વિષે આપણી વચ્ચે મતભેદ હોવા છતાં હું આશા રાખું છું કે આપ આ બિલો પસાર થાય તેનો વિરોધ કરીને જાહેર મતને યોગ્ય વાચા આપશો.

[મૂળ અંગ્રેજી]

છબી પરથી: એસ. એન. ૬૪૫૧

## ૧૩૫. વાઇસરૉયના ખાનગી સેક્રેટરીને તાર

પંડિત મોતીલાલ નેહરુને ત્યાં,
અલ્લાહાબાદ,
માર્ચ ૧૧, ૧૯૧૯

અત્યારે છેલ્લી ક્ષણે પણ હું નામદારને તથા તેમની સરકારને સાદર વિનંતી કરું છું કે તેઓ રૉલેટ બિલો પસાર કરતાં પહેલાં થોભી જાય અને વિચાર કરે. આ બિલો વિષે લોકોનો મત સાચો હોય કે ન હોય, પરંતુ એ ઘણો પ્રબળ છે એ વિષે કશી શંકા નથી. મને ખાતરી છે કે સરકાર હાલની કડવાશને વધુ ઉગ્ર કરવા માગતી નથી. થોડો વિલંબ થશે તો તેથી સરકારને કશું નુકસાન થવાનું નથી. પરંતુ જો તે લોકમતને સ્પષ્ટ રીતે નમતું આપશે તો તેથી કડવાશ ઓછી થશે અને તેની સાચી પ્રતિષ્ઠામાં વધારો થશે. હું આવતી કાલે જબલપુર મેલ દ્વારા મુંબઈ જવા નીકળીશ.

[મૂળ અંગ્રેજી]

નૅશનલ આર્કાઇવ્ઝ ઑફ ઇન્ડિયા: હોમ: પોલિટિકલ–એ: માર્ચ, ૧૯૧૯: નં. ૨૫૦

Gandhi Heritage Portal

## ૧૩૬. જે. એલ. મૅફીને પત્ર[1]

લખનૌ છોડયા પછી ટ્રેનમાં,
માર્ચ ૧૧, ૧૯૧૯

પ્રિય મિ. મૅફી,

હમણાં જ મેં આપને મોકલેલા તારની એક નકલ આ સાથે બીડું છું. મારે એમાં કશું ઉમેરવાનું નથી. સિવાય કે એક ખૂબ જ અંગત વાત લખવા માગું છું. દક્ષિણ આફ્રિકામાં સત્યાગ્રહ જેટલો સમય ચાલ્યો તે આખા સમય દરમ્યાન હું જનરલ સ્મટ્સને ઉદ્દેશીને જે કંઈ લખતો તે બધું તેમના ખાનગી સેક્રેટરી મિ. લેન મારફતે મોકલતો. લડત જેમ જેમ જોર પકડતી ગઈ તેમ તેમ, સરકારના પ્રતિનિધિ તરીકે જનરલ સ્મટ્સ અને વિદેશીઓના પ્રતિનિધિ તરીકે મારી વચ્ચે, મિ. લેન સાચા અર્થમાં સદ્ભાવ પેદા કરનારા દેવદૂત બની ગયા. એ લડતનું જે સંતોષકારક પરિણામ આવ્યું તે તેમના એકધારા ભલા સ્વભાવ અને સૌજન્ય વિના કદાચ ન આવ્યું હોત. આપની પાસે પણ એવી સેવાઓની હું આશા રાખી શકું? કારણ કે દક્ષિણ આફ્રિકાની માફક અહીં હિંદુસ્તાનમાં પણ, જો દુર્ભાગ્યે લડત લંબાશે તો મારે આપને વારંવાર તસ્દી આપવી પડશે; અને એ રીતે હું સરકારને તથા જે લોકોનું હું પ્રતિનિધિત્વ ધરાવું છું તેમને, એકમેકની નજીક લાવવાની દરેક તક ઝડપી લઈશ.

આ ૧૩મી તારીખે હું મુંબઈમાં હોઈશ. મારું કાયમનું સરનામું તો સાબરમતી [અમદાવાદ] જ રહે છે, પરંતુ હાલ તુરત માટે જો મને લેબર્નમ [રોડ], ચોપાટી, મુંબઈ એ સરનામે પત્રો મોકલવામાં આવશે તો તે મને એક દિવસ વહેલા પહોંચશે.

એ કહેવાની ભાગ્યે જ જરૂર હોય કે મારે શ્રી શાસ્ત્રિયાર સાથે ઘણી લાંબી મુલાકાત થઈ હતી. પરંતુ આ કાર્યમાં એમની અને મારી વચ્ચે આદર્શોમાં ભેદ છે, એટલે અમારો બેનો મેળ ખાય એવું મને દેખાયું નથી.

હું આશા રાખું છું કે લૉર્ડ ચેમ્સફર્ડનો તાવ હવે ગયો હશે અને એની તમામ અસરોથી તેઓ મુક્ત થઈ ગયા હશે.

આવો અંગત પત્ર મારે મારા હાથે જ લખવો જોઈતો હતો. પરંતુ હાલની બીમારીને લીધે હું અનેક રીતે અશક્ત થઈ ગયો છું. લખતાં લખતાં મારો હાથ ધ્રૂજે છે અને તે જલદીથી થાકી જાય છે. એટલે અત્યંત અંગત કાગળો પણ મારે લખાવવા પડે છે.[2]

તમારો સહૃદયી

[મૂળ અંગ્રેજી]
છબી પરથી: એસ. એન. ૬૪૪૯

૧. નૅશનલ આર્કાઈવ્ઝ ઑફ ઇન્ડિયામાં મળેલા અને સાચવી રાખેલા આ પત્ર ઉપર આ પ્રમાણે તારીખ લખેલી છે: અલ્લાહાબાદ, માર્ચ ૧૨, ૧૯૧૯.

૨. આ છેલ્લો પૅરેગ્રાફ ગાંધીજીના હસ્તાક્ષરમાં લખેલો છે.

Gandhi Heritage Portal

# ૧૩૭. અલ્લાહાબાદમાં સત્યાગ્રહ વિષે ભાષણ[1]

માર્ચ ૧૧, ૧૯૧૯

મને ખેદ થાય છે કે હું પોતે આપની સમક્ષ બોલી શકું તેમ નથી. આ સભાના છેક છેલ્લા છેડા સુધી મારો અવાજ પહોંચી શકે એ બિલકુલ અશક્ય છે. એટલે મારે આ થોડી લીટીઓ લખીને સંતોષ માનવો પડે છે; એ લીટીઓ મારા વતી આપની સમક્ષ વાંચી સંભળાવવામાં આવશે.[2]

સત્યાગ્રહનું વ્રત ધારણ કરવાની ઈચ્છા રાખનારાએ તેનો સાંગોપાંગ પાકો વિચાર કરવો એ તેનો ધર્મ છે. સત્યાગ્રહનો મુખ્ય સિદ્ધાંત સમજવાની તેમ જ રૉલેટ બિલને નામે ઓળખાતા બિલનાં મુખ્ય લક્ષણો સમજવાની ખાસ જરૂર છે. અને તે કાયદાઓ એવા નુકસાનભર્યા છે કે તે માટે સત્યાગ્રહ જેવો તીવ્ર ઉપાય યોજવો વાજબી છે, એમ મનનું સમાધાન થવું જોઈએ, અને છેવટે શરીર સંબંધી કોઈ પણ કષ્ટ સહન કરવાની પોતાની શક્તિ છે તેની પોતાને ખાતરી થવી જરૂરની છે, કારણ તેમ થવાથી આત્મા મુક્ત થશે અને કોઈ પણ મનુષ્યની કે સંસ્થાની બીક તેને રહેશે નહીં. એક વાર તમે એમાં દાખલ થયા કે તેમાં પાછું જોવાનું જ નથી. એટલા માટે જ સત્યાગ્રહની લડતમાં હારવાની કલ્પના પણ રહી નથી. સત્યાગ્રહી તો મરણ સુધી લડે છે. એટલા માટે દરેક જણને તેમાં પ્રવેશ કરવાનું સહેલું નથી.

જેઓ આ લડતમાં જોડાતા નથી તેઓ તરફ સત્યાગ્રહીએ, સહનશીલતા પાળવી જ જોઈએ એ તેની ફરજ છે. સત્યાગ્રહ મીટિંગોના અહેવાલ વાંચતાં મને ઘણી વાર એમ સમજાયું છે કે જેઓ આ લડતમાં જોડાતા નથી તેઓની મશ્કરી કરવામાં આવે છે. આ બિના પ્રતિજ્ઞાની ભાવનાથી તદ્દન વિરુદ્ધ છે. સત્યાગ્રહની લડતમાં આપણા શત્રુ ઉપર જીત જાતે કષ્ટ સહન કરીને મેળવવાની છે, એટલે કે પ્રેમ દર્શાવી જીત મેળવવાની છે. આપણે જે રીતે લક્ષ્ય સ્થાન ઉપર જવા માગીએ છીએ તેમાં આપણે એવી વર્તણૂક રાખવાની છે કે ધીમે ધીમે માલૂમ નહીં પડે એ રીતે બધો વિરોધ શાંત થઈ જાય. જ્યારે બંને પક્ષો સમાન હોય છે ત્યારે સામાવાળિયા આપણા તરફથી કંઈ બળજોરી કે ઉશ્કેરણી થાય તેની સ્વભાવિક રીતે આશા રાખે છે. પણ જ્યારે સત્યાગ્રહ અમલમાં આવે છે ત્યારે તેઓની ઉપલી આશા સાનુકૂળ આશ્ચર્યમાં બદલાઈ જાય છે અને આખરે તેઓને નમતું આપવું પડે છે અને જે માટે સત્યાગ્રહ આપણે કરવો પડે છે તે કારણ દૂર કરવાની તેને ફરજ પડે છે. જો આપણે પ્રતિજ્ઞા પ્રમાણે દરરોજ વર્તતા રહીશું તો આપણી આસપાસનું વાતાવરણ ફેરવાઈ જશે અને જેઓ પ્રામાણિક રીતે આપણાથી જુદા મતના હોય છે તેઓને જણાશે કે તેઓની બીક બિનપાયાદાર હતી. તોફાની-ઓને પણ જણાશે કે બળજોરી કરતાં સત્યાગ્રહનું હથિયાર વિશેષ કારગત છે. જો બળજોરીનો વાદ આપણી ચળવળના પરિણામે નાશ થશે તો પોતાના કાયદાના બચાવ માટે સરકારની પાસે કોઈ પણ દાખલો મોજૂદ રહેશે નહીં. સત્યાગ્રહની મીટિંગોમાં શરમ શરમના પોકારો થવા જોઈએ

૧. આ ભાષણ અંગ્રેજીમાં પ્રમુખ શ્રી સૈયદ હુસેને તથા હિંદીમાં શ્રી મહાદેવ દેસાઈએ વાંચ્યું હતું.
૨. આ પૅરેગ્રાફનું ભાષાંતર ગુજરાતીમાં નથી.

Gandhi Heritage Portal

નહીં, સરકાર સામે કે આપણાથી જુદો મત ધરાવનારા સામે ખિજવાટ કે અધીરાઈની લાગણી દેખાડનારી ભાષા વપરાવી જોઈએ નહીં, કારણ કે જુદો મત ધરાવનારાઓએ દેશની સેવા યથાશક્તિ ઘણાં વર્ષ સુધી કરી છે તે ભૂલવું નહીં જોઈએ.

[મૂળ અંગ્રેજી]

લીડર, ૧૩–૩–૧૯૧૯

ભાષાંતર: ગુજરાતી, ૨૩–૩–૧૯૧૯

## ૧૩૮. સત્યાગ્રહ સભાના નિયમો[1]

સત્યાગ્રહ સભાના નિયમોનો મુસદ્દો નીચે પ્રમાણે છે:

### પ્રકરણ ૧ : પ્રાસ્તાવિક

૧. આ મંડળ સત્યાગ્રહ સભા કહેવાશે.

૨. એનું મુખ્ય કાર્યાલય મુંબઈમાં રહેશે.

૩. આ સભાનો ઉદ્દેશ લોકો જેને રૉલેટ બિલ કહે છે (એટલે કે ૧૯૧૯ના ધારા ૧ અને ૨) તેનો, તે પાછાં ખેંચાય નહીં ત્યાં સુધી, વિરોધ કરવાનો છે. તેની કાર્યરીતિ આ પ્રમાણે રહેશે:

(ક) આ સાથે અનુસૂચિ 'અ' તરીકે જોડવામાં આવેલી પ્રતિજ્ઞાની[2] શરતો મુજબ અને સત્યાગ્રહી માટે અયોગ્ય ન હોય તેવાં બીજાં તમામ કાયદેસરનાં સાધનો વાપરીને સત્યાગ્રહ કરવો.

૪. સભાના સભ્યો તથા બિનસભ્યો જે ઐચ્છિક ફાળો આપશે તેનાથી સભાનું કાર્ય ચલાવવામાં આવશે.

૫. નિયમ ૬માં કહેલી શરતોનું પાલન કરનાર કોઈ પણ વ્યક્તિ આ સભાનો સભ્ય થઈ શકશે.

### પ્રકરણ ૨ : બંધારણ

૬. જેણે સત્યાગ્રહની પ્રતિજ્ઞા (આ સાથે જોડેલી અનુસૂચિ 'અ') ઉપર સહી કરી હશે, જેની ઉંમર ૧૮ વર્ષની થઈ હશે, જે કોઈ શાળા અથવા કૉલેજનો વિદ્યાર્થી નહીં હોય, અને કાર્યવાહક સમિતિએ આ કામને માટે અધિકાર આપ્યો હોય તેવા આ સભાના કોઈ સભ્યે જેની જામીનગીરી આપી હશે તેવી કોઈ પણ વ્યક્તિ આ સભાની સભાસદ થઈ શકશે.

૭. આ સભાને માટે એક પ્રમુખ, વધારેમાં વધારે ત્રણ ઉપપ્રમુખ, ત્રણ માનદમંત્રીઓ અને બે માનદ કોષાધ્યક્ષો રહેશે. એ બધાની નિમણૂક ચૂંટણી દ્વારા કરવામાં આવશે.

૮. સભાના પ્રમુખ એમના હોદ્દાની રૂએ કાર્યવાહક સમિતિના અધ્યક્ષ ગણાશે. કાર્યવાહક સમિતિ પોતાના ઉપાધ્યક્ષ નિયુક્ત કરી લેશે.

૧. આ લખાણ ગાંધીજીએ તૈયાર કર્યું હશે એવું અનુમાન છે.

૨. જુઓ "સત્યાગ્રહની પ્રતિજ્ઞા", ૨૪–૨–૧૯૧૯.

Gandhi Heritage Portal

૯. કાર્યવાહક સમિતિ ૫૦થી વધારે નહીં એટલા સભ્યોની બનશે. એમાં અધ્યક્ષ અને ત્રણથી વધારે નહીં એટલા ઉપાધ્યક્ષોનો પણ સમાવેશ થશે. સભાના હોદ્દેદારો એમના હોદ્દાની રૂએ કાર્યવાહક સમિતિના સભ્યો ગણાશે.

૧૦. સભાના માનદ મંત્રીઓ એમના હોદ્દાની રૂએ કાર્યવાહક સમિતિના મંત્રીઓ ગણાશે.

### પ્રકરણ ૩ : કાર્યવાહક સમિતિના અધિકારો અને કર્તવ્ય

૧૧. સભાના તમામ ચોપડા, ફાઈલો અને રજિસ્ટરો વગેરે કાગળો કાર્યવાહક સમિતિના કબજામાં રહેશે. સભાનાં તમામ નાણાં પણ એના કબજામાં રહેશે.

૧૨. પ્રતિજ્ઞા (અનુસૂચિ 'અ')નો અમલ કરવા માટે કેવાં કેવાં પગલાં લેવાં જોઈએ તેનો વખતોવખત વિચાર કરી નિર્ણય કરવાનો અધિકાર કાર્યવાહક સમિતિને રહેશે.[1]

૧૩. સભાના ઉદ્દેશો પાર પાડવા માટે જે કંઈ કરવું જરૂરી લાગે તે બધું કરવાની સત્તા કાર્યવાહક સમિતિને રહેશે.

૧૪. કાર્યવાહક સમિતિ આખા મુંબઈ ઈલાકામાં સભાની શાખાઓ ખોલવાનો તથા તેમને માન્યતા આપવાનો અધિકાર ભોગવશે. અને ભારતના ભીજા ભાગોમાં આ સભાના ઉદ્દેશો જેવા જ ઉદ્દેશોથી સ્થપાયેલાં સત્યાગ્રહ મંડળો અને સંઘો સાથે સહકાર કરી શકશે.

૧૫. કાર્યવાહક સમિતિ ઓછામાં ઓછી અઠવાડિયામાં એક વાર અવશ્ય મળશે[2] અને જો માનદ મંત્રીઓ તાકીદની બેઠક બોલાવશે તો સભાઓ વારંવાર પણ ભરાશે. જો સમિતિના ત્રણ અથવા તેથી વધારે સભ્યોની સહીથી ખાસ બેઠક બોલાવવાનો ઉદ્દેશ જણાવી લેખી માગણી કરવામાં આવશે તો સમિતિની ખાસ બેઠક પણ બોલાવવામાં આવશે.

૧૬. કાર્યવાહક સમિતિ પોતાના કુલ સભ્યોની ¾ બહુમતીથી સભાના કોઈ પણ સભ્યને, કંઈ પણ કારણ દર્શાવ્યા સિવાય, સભાના સભ્યપદેથી બરતરફ કરી શકશે.

૧૭. કાર્યવાહક સમિતિના કામકાજ માટેના કોરમની સંખ્યા ઓછામાં ઓછી ૮ અને સાધારણ સભાના કામકાજ માટે ૨૫ની હોવી જોઈશે.

૧૮. ઉપર્યુક્ત નિયમોમાં કાર્યવાહક સમિતિને વખતોવખત કરવા યોગ્ય લાગશે એવા ફેરફારો અને સુધારાવધારા થઈ શકશે અને તેને સાધારણ સભા બહાલી આપશે.

૧૯. સભાના સભ્યોની સાધારણ બેઠક મહિનામાં ઓછામાં ઓછી એક વાર અવશ્ય મળશે; અથવા કાર્યવાહક સમિતિ બોલાવશે ત્યારે મળશે. અથવા ઓછામાં ઓછા ત્રણ દિવસની નોટિસ આપી ઓછામાં ઓછા દસ સભ્યોની સહીવાળી લેખી માગણી માનદ મંત્રીઓને મોકલવામાં આવશે તો આવી સાધારણ બેઠક ગમે ત્યારે બોલાવવામાં આવશે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, १२–३–१९१९; तथा बॉम्बे क्रॉनिकल, २८–३–१९१९

૧. ૨૮–૩–૧૯૧૯ના बॉम्बे क्रॉनिकलમાં આ સ્થળે આટલા શબ્દો વધારે છે: "અને પ્રતિજ્ઞામાં જેનો ઉલ્લેખ છે તે આ સમિતિ હશે."

૨. बॉम्बे क्रॉनिकलમાં આ સ્થળે આટલા શબ્દો વધારે છે: "ઓછામાં ઓછા ત્રણ દિવસની નોટિસથી." એ પછી ૧૫મા નિયમના બાકીના શબ્દો એમાં રદ કરેલા છે.

Gandhi Heritage Portal

## ૧૩૯. સર જેમ્સ ડુબાઉલેને પત્ર

માર્ચ ૧૨, ૧૯૧૯

અલીભાઈઓ વિષે હું આપને માત્ર થોડા જ શબ્દો કહેવા માગું છું. આપની સાથેની મુલાકાત પછી[૧] હું લખનૌમાં મૌલાના અબ્દુલ બારી સાહેબને મળી આવ્યો છું. અલીભાઈઓ એમના શિષ્યો છે. એ મુલાકાત ઉપરથી મારે આપને કહેવું જોઈએ કે અલીભાઈઓને હજી પણ વધારે સમય સુધી જેલમાં પૂરેલા રાખવાનું સરકાર માટે એક અન્યાય પર બીજો અન્યાય કરવા જેવું થશે. રાજ્ય કરવાની કળાનું મને જ્ઞાન નથી; અને દુનિયાભરમાં મેં એ કળા વિષે જે કંઈ જોયું છે તે મારા મનમાં એને વિષે નારાજી જ પેદા કરે છે. પરંતુ એ વાત જરૂર વિચિત્ર લાગે છે કે જે હકીકત બિનસરકારી લોકોને સ્પષ્ટ દેખાય છે તેના પ્રત્યે સરકાર આંખ આડા કાન કરી રહી છે; અને એ છે અસંતોષની ધૂંધવાતી આગની વધતી જતી ઉગ્રતા, જેને તે દમન રૂપી રાખ તળે ખરેખર ઢાંકી રહી છે. અને જે સરકાર કાર્યશક્તિ, ઈમાનદારી અને ધર્મ સંબંધી દૃઢ શ્રદ્ધાને ગૂંગળાવી મૂકે છે તે સરકાર સારી સરકાર શી રીતે કહેવાય? અલીભાઈઓને છોડી મૂકવા એ અત્યંત જરૂરનું છે એ વાત હું આપને સમજાવી શકું અને પછી આપ સરકારને ગળે એ વાત ઉતારી શકો તો કેવું સારું?

હું આજે મુંબઈ જવા નીકળું છું. મારું કાયમનું સરનામું સાબરમતી, અમદાવાદ છે. પરંતુ થોડા દિવસ માટે મારું સરનામું લેબર્નમ રોડ, ગામદેવી, મુંબઈ રહેશે.

[મૂળ અંગ્રેજી]

નેશનલ આર્કાઇવ્ઝ ઑફ ઇન્ડિયા: હોમ: પોલિટિકલ—એ: જુલાઈ ૧૯૧૯; નં. ૧ અને કે. ડબ્લ્યુ.

## ૧૪૦. એચ. એસ. એલ. પોલાકને તાર

મુંબઈ[૨],
માર્ચ ૧૨, ૧૯૧૯[૩]

હેનરી પોલાક
[લંડન]
—એલ. સીં. ઓ. કૅલોફ[૪] સ્ટ્રૅન્ડ, લંડન

રૉલેટ બિલો પસાર થઈ રહ્યાં છે. નેવું પ્રસિદ્ધ પુરુષો અને સ્ત્રીઓએ પોતાની સમિતિ પસંદ કરે તે કાયદાઓનો સવિનય ભંગ કરવાનું જાહેર કર્યું છે. પગલું ખૂબ ચર્ચાવિચારણા પછી લેવાયું છે. વાઈસરૉયને નોટિસ મોકલવામાં આવી છે. સિવિલ સર્વિસ અને બ્રિટિશ વેપાર

૧. આ મુલાકાત ૭મી માર્ચે દિલ્હીમાં થઈ હતી; જુઓ "વી. એસ. શ્રીનિવાસ શાસ્ત્રીને પત્ર", ૮-૩-૧૯૧૯.

૨. ૩. મૂળ પ્રમાણે છે.

૪. એચ. એસ. એલ. પોલાકનું તારનું સરનામું. KALOPH શબ્દ H. Polakના અંગ્રેજી અક્ષરોને ઉલટાવીને બનાવેલો છે.

Gandhi Heritage Portal

અંગેની વાઇસરૉયની ખોળાધરીઓ ચોંકાવનારી છે. એ વાતોની ચોખવટ થવી જરૂરી છે. આશા છે કે ટ્રાન્સવાલના હિંદીઓની સ્થિતિ વિષે તમે કાર્ય કરતા હશો.

[મૂળ અંગ્રેજી]

મૂળ અંગ્રેજી તાર પરથી : સી. ડબ્લ્યુ. ૧૧૧૭
મિ. એચ. એસ. એલ. પોલાકના સૌજન્યથી

## ૧૪૧. મુંબઈમાં રૉલેટ બિલો વિષે ભાષણ

માર્ચ ૧૪, ૧૯૧૯

૧૪મી માર્ચ, ૧૯૧૯ને રોજ રૉલેટ બિલોના વિરોધમાં મુંબઈમાં એક સભા ભરવામાં આવી હતી. એ સભામાં શ્રી ગાંધીનું ગુજરાતીમાં લખેલું ભાષણ એમના મંત્રીએ વાંચી સંભળાવ્યું હતું.

મારી માંદગીને લીધે મારાથી ભાષણ કરી શકાય તેમ નથી, એટલે મારે મારા વિચારો બીજા પાસે વંચાવવા પડે છે એનું મને દુઃખ થાય છે. આપ સૌ એ જાણીને ખુશી થશો કે આજે આ સભામાં સંન્યાસી શ્રદ્ધાનંદજી પધારેલા છે. ગુરુકુળના સંચાલક મહાત્મા મુનશીરામના નામથી આપણે તેમને વધારે ઓળખીએ છીએ. તેઓ આપણી કુમકમાં જોડાયા છે તેથી આપણું બળ ઘણું વધી ગયું છે. કદાચ આપનામાંના ઘણા સજ્જનો વાઇસરૉયની કાઉન્સિલની કાર્યવાહી રસપૂર્વક વાંચતા હશો. બિનસરકારી સભ્યોનો સર્વાનુમતે વિરોધ હોવા છતાં પણ સરકારી સભ્યોની બહુમતીને જોરે બિલ નંબર ૨ સ્ટીમરોલરની પેઠે પસાર થઈ રહ્યું છે. આને હું બિનસરકારી સભ્યોનું અને એમની મારફતે આખા હિંદનું અપમાન સમજું છું. એટલે રીતસર પ્રગટ કરવામાં આવેલા લોકમતને માન આપવા, તથા એ હાનિકારક બિલો પાછાં ખેંચાવવા સત્યાગ્રહ આવશ્યક છે. સત્યાગ્રહીઓને શિરે મોટી જવાબદારી રહેલી છે. મેં અનેક વાર કહ્યું છે તેમ સત્યાગ્રહમાં પરાજયને સ્થાન જ નથી, તેમ છતાં એનો અર્થ એવો નથી કે સત્યાગ્રહીઓને લડત આપ્યા વિના, એટલે કે કષ્ટ સહન કર્યા વિના જ વિજય મળી જશે. આ અદ્વિતીય શક્તિનો પ્રયોગ એક રીતે નવી વાત છે. સત્યાગ્રહ અને પૅસિવ રિઝિસ્ટન્સ એ બે એક જ વસ્તુ નથી. પૅસિવ રિઝિસ્ટન્સ તો એવું શસ્ત્ર કલ્પવામાં આવેલું છે કે જેનો કેવળ સૌથી દૃઢ સંકલ્પવાળી વ્યક્તિઓ જ અત્યંત અસરકારક રીતે ઉપયોગ કરી શકે છે. અને તમે એ વાત પર ભરોસો મૂકી શકો છો કે આ ઇલાકામાં જે ૬૦૦ પુરુષો અને સ્ત્રીઓએ સત્યાગ્રહની પ્રતિજ્ઞા ઉપર સહીઓ કરી છે તેમની ઇચ્છાશક્તિ જો પ્રબળ હશે અને ધ્યેય પ્રત્યેની તેમની શ્રદ્ધા જો દૃઢ હશે, તો ખાતરી રાખજો કે આપણા લક્ષ્યની સિદ્ધિ માટે એટલી સંખ્યા પૂરતી છે. એટલું પણ સમજી રાખજો કે સત્યમાં અસત્ય ઉપર વિજય મેળવવાની શક્તિ રહેલી છે, અને સત્યાગ્રહીઓ માને છે કે આ બિલો અસત્યની રજૂઆત કરનારાં છે. અહીં હું "અસત્ય" શબ્દ એના સૌથી વ્યાપક અર્થમાં વાપરું છું. આપણને અનેક વાર કહેવામાં આવશે, અને સર વિલિયમ વિન્સન્ટે તો કહી પણ દીધું છે કે સરકાર પૅસિવ રિઝિસ્ટન્સની કોઈ ધમકીને વશ નહીં થાય. સત્યાગ્રહ ધમકી નથી, એ એક નક્કર ઘટના છે; અને જો આપણે આપણી પ્રતિજ્ઞાને વફાદાર રહીશું, તો ભારત સરકાર જેવી શક્તિશાળી સરકારને પણ નમ્યા વિના



Gandhi Heritage Portal

ચાલશે નહીં. સત્યાગ્રહની આ પ્રતિજ્ઞા કંઈ નાનીસૂની બાબત નથી; એનો અર્થ છે હૃદયનું પરિવર્તન. રાજકારણમાં ધાર્મિક ભાવના દાખલ કરવાનો આ પ્રયત્ન છે. હવે પછી આપણે જેવા સાથે તેવા થવાના સિદ્ધાંતમાં, ધિક્કારનો બદલો ધિક્કારથી, હિંસાનો બદલો હિંસાથી અને બૂરાઈનો બદલો બૂરાઈથી લેવાના સિદ્ધાંતમાં શ્રદ્ધા નહીં રાખીએ. એટલું જ નહીં પરંતુ આપણે બૂરાઈનો બદલો ભલાઈથી આપવાનો એકધારો અને અથાક પ્રયત્ન કરવાનો છે. આવી ભાવનાઓ માત્ર હું ઉચ્ચારું એનું કશું મહત્ત્વ નથી; પ્રત્યેક સત્યાગ્રહીએ એ ભાવનાઓને પોતાના આચરણમાં ઉતારવાની છે. આ કામ અઘરું જરૂર છે, પરંતુ ઈશ્વરની કૃપા આગળ કશું અશક્ય નથી. (જોરથી તાળીઓ).

[મૂળ અંગ્રેજી]

महात्मा गांधी : हिज़ लाईफ, राइटिंग्ज़ ॲन्ड स्पीचीज़, પા. ૩૪૧-૨

## ૧૪૨. મગનલાલ ગાંધીને પત્ર

લેબર્નમ રોડ,
ગામદેવી
મુંબઈ,
ફાગણ સુદ ૧૫ [માર્ચ ૧૬, ૧૯૧૯]

ચિ. મગનલાલ,

તમારો કાગળ મળ્યો છે. હમણાં મારા લાંબા કાગળની આશા તમે ન જ રાખો. સંતોક હવે આવી જશે એથી તમને કંઈક ઓછો બોજો થશે; અને રાજકોટથી સફળ થઈને આવશે એટલે ઉલ્લાસ પણ વિશેષ રહેશે. તા. ૧૯મીએ રાતની ટ્રેનમાં સુરતથી નીકળીને મહાત્મા મુનશીરામજી અમદાવાદ સવારના પહોંચશે. આ ટ્રેન ત્યાં સવારના છ વાગ્યે પહોંચે છે. તેઓ આશ્રમમાં જ ઊતરશે. ૨૦ અને ૨૧ તારીખ સુધી રહેશે. એ બે દહાડા તમે અથવા તો બીજા કોઈ જેને એ ઓળખતા હોય એ તેમની તહેનાતમાં રહેજો. જ્યાં જાય ત્યાં સાથે થજો. અમદાવાદમાં જ્યાં હાથની સાળનું સારું કામ ચાલે છે ત્યાં તેમને લઈ જજો. આશ્રમની તમામ પ્રવૃત્તિથી તો વાકેફ કરશો જ. શિક્ષકોની સાથે એમની નોખી બેઠક થાય અને બધું સમજે એ આવશ્યક છે. એમની ઉપર પ્રેમના ઘડા રેડજો. ૨૦ તારીખે સાંજના મજૂરોનો વાર્ષિક ઉત્સવ છે તેમાં જશે. ૨૧મી તારીખે જાહેર સભામાં વ્યાખ્યાન આપશે, અને તે જ સાંજે અજમેર તરફ અથવા સુરત તરફ વિદાય થશે. મોટરનો બંદોબસ્ત અનસૂયાબહેન કરશે. પણ ભુલાઈ જાય તો તમે કરી લેજો. અમદાવાદથી આશ્રમમાં મોટરમાં લઈ જજો. એમને આશ્રમના કપડાની કંઈક પણ પ્રસાદી આપજો. જ્યારે ચાલશે ત્યારે તમારી ઉપર . . . . [1]

[મૂળ ગુજરાતી]

મૂળ પત્ર પરથી: સી. ડબ્લ્યુ. ૫૭૭૩
શ્રીમતી રાધાબહેન ચૌધરીના સૌજન્યથી

૧. પત્રનો બાકીનો ભાગ મળતો નથી.

Gandhi Heritage Portal

## ૧૪૩. મદ્રાસમાં સત્યાગ્રહ વિષે ભાષણ[1]

માર્ચ ૧૮, ૧૯૧૯

હું થોડુંક બેઠે બેઠે જ બોલું છું, તે માટે ક્ષમા કરશો. મારું હૃદય નબળું હોવાથી, જરા પણ શ્રમ નહીં લેવાનો મને દાક્તરોનો સખત હુકમ છે. તેથી મારે જે કહેવાનું છે તે તમને વાંચી સંભળાવવા મારે બીજાની મદદ લેવી પડશે. પરંતુ હું ભાઈ દેસાઈને તે વાંચવા કહું તે પહેલાં તમને એક ચેતવણી આપવા ઇચ્છું છું. પ્રતિજ્ઞા ઉપર સહી કરતાં પહેલાં ખૂબ વિચાર કરજો. પણ એક વાર સહી કર્યા પછી ધ્યાનમાં રાખવું કે પ્રતિજ્ઞાનો ભંગ કદાપિ ન થાય. આપણી પ્રતિજ્ઞા પાળવામાં તમને અને મને પ્રભુ બળ આપો એવી મારી તેના પ્રત્યે પ્રાર્થના છે.

પછી મહાદેવભાઈએ બાપુનું લખેલું ભાષણ વાંચી સંભળાવ્યું હતું :

તમે ઘણીયે સભાઓ જોઈ હશે પરંતુ આજકાલની સભાઓ પહેલાંની સભાઓ કરતાં જુદા પ્રકારની છે. રૉલેટના નામથી ઓળખાતાં બિલો રૂપી જે આફત આપણા ઉપર આવી પડી છે તેને દૂર કરવા માટે કાંઈ ચોક્કસ તાત્કાલિક ઉપાય લેવાનું અને કાંઈ ચોક્કસ તાત્કાલિક આપભોગ આપવાનું આ સભાઓમાં તમને કહેવામાં આવે છે. તેમાંના પહેલા બિલમાં મહત્ત્વના ફેરફાર થયા છે અને તેના ઉપર વિચાર કરવાનું હાલમાં મુલતવી રહ્યું છે. પરંતુ આટલા ફેરફાર થયા છતાં એ બિલ અતિશય ભયંકર છે અને તેનો વિરોધ કરવાની જરૂર છે જ. બીજું બિલ, કદાચ આ જ ક્ષણે ધારાસભામાં પસાર થયું હશે. પરંતુ ધારાસભાના સઘળા બિનસરકારી સભાસદોએ એક્કે અવાજે અને સખત શબ્દોમાં તેનો વિરોધ કર્યો છે. એટલે ખરી રીતે તો તે બિલ તે સભાએ પસાર કર્યું કહેવાય જ નહીં. આ બિલો ખરાબ છે તેટલા જ માટે આપણે તેનો વિરોધ કરતા નથી, પરંતુ આ બિલો દાખલ કરનારી સરકારે લોકમતનો અનાદર કરવો ઉચિત ધાર્યો છે અને કેટલાક સરકારી સભાસદોએ તો બડાશ મારી છે કે અમે લોકમતનો એવો અનાદર કરી શકીએ છીએ, તેથી પણ આપણે આ બિલોનો વિરોધ કરીએ છીએ. આટલે સુધી તો બિલોના વિરોધમાં દેશના જુદા જુદા વિચારવાળાઓ સઘળા સંમત છે.

### પ્રતિજ્ઞા લેનારાઓનો ધર્મ

પરંતુ મેં પ્રાર્થનામય ચિત્તે પુષ્કળ વિચાર કર્યા પછી અને સરકારનું દૃષ્ટિબિંદુ બહુ જ કાળજીપૂર્વક તપાસ્યા પછી આ બિલોની સામે સત્યાગ્રહ કરવાની પ્રતિજ્ઞા લીધી છે, અને મારી સાથે સંમત થતાં હોય તે ભાઈબહેનોને તેમ કરવા આમંત્રણ આપ્યું છે. આપણા કેટલાક દેશબાંધવો, જેમાં આપણા ઉત્તમ આગેવાનો પણ છે, તેઓએ જાહેરનામાં કાઢી આપણને ચેતવ્યા છે અને એટલે સુધી કહ્યું છે કે આ સત્યાગ્રહની હિલચાલ દેશહિતની વિરુદ્ધ છે. તેમને માટે અને તેમના અભિપ્રાય માટે મને ભારે માન છે. તેમાંના કેટલાકના હાથ નીચે મેં કામ કરેલું છે. સર દીનશા વાચ્છા અને બાબુ સુરેન્દ્રનાથ બૅનરજી હિંદુસ્તાનના સન્માન્ય લોકનેતા ગણાતા હતા ત્યારે હું તો સાવ બાળક હતો. શ્રી શાસ્ત્રિયારે તો દેશને સર્વસ્વ સમર્પણ કરેલું છે. તેમની સાચદિલી અને પ્રામાણિકતા અનુપમ છે. દેશભક્તિમાં તેઓ કોઈથી પાછા પડે એવા નથી. હું તેમની

૧. સભા ટ્રિપ્લિકેન સમુદ્ર-કિનારા ઉપર થઈ હતી. એસ. કસ્તૂરી રંગા આયંગર પ્રમુખ હતા.

Gandhi Heritage Portal

સાથે પવિત્ર અને અતૂટ સ્નેહગાંઠથી બંધાયેલો છું. એ જાહેરનામાં[1] ઉપર સહીઓ કરનારા તરફ મને સ્વભાવથી જ આકર્ષણ થાય તેમ છે. એટલે તેમનો વિરોધ કરતાં મને અત્યંત દુઃખ થયું છે અને મેં સખત હૃદયપરીક્ષણ કર્યું છે. પરંતુ કેટલીક વાર એવા પ્રસંગો આવે છે જ્યારે આપણે અંતરાત્માના અવાજને વશ થવું જ જોઈએ. તે જ આપણો મોટામાં મોટો ભોમિયો છે. આવા પ્રસંગે દુઃખનાં આંસુ વહે એટલું જ નહીં પણ આપણા મિત્રોથી, આપણા કુટુંબથી, જે રાજ્ય સાથે આપણે સંબંધ હોય તેનાથી, ટૂંકાણમાં આપણું જે વહાલામાં વહાલું હોય તેનાથી વિખૂટા પણ પડવું પડે. અંતરાત્માના અવાજને આમ વશ થવું એ જ જીવનનો મહાન કાયદો છે. મેં જે પગલું લીધું છે તે માટે મારો બીજો કાંઈ બચાવ જ નથી. જાહેરનામાં ઉપર સહી કરનારાઓ પ્રત્યે મારું માન જરાયે ઘટ્યું નથી. સત્યાગ્રહની શક્તિ વિષે મને એટલી શ્રદ્ધા છે કે જો પ્રતિજ્ઞા લેનારાઓ પોતાની પ્રતિજ્ઞાને વળગી રહેશે તો હું ધારું છું કે આપણે લડતને અંતે તેમને બતાવી શકશું કે તેમાં વસવસો કે ભય રાખવા જેવું કશું ન હતું. મને ખબર છે કે આ જાહેરનામાં સામે કેટલાક સત્યાગ્રહીઓએ પણ રોષ કર્યો છે. હું સત્યાગ્રહીઓને જણાવું છું કે આમ રોષ કરવો એ સત્યાગ્રહના સિદ્ધાંતથી વિરુદ્ધ છે. કોઈ પણ માણસ અને તેય વળી મિત્ર પોતાનો મતભેદ પ્રગટ કરે તો હું પોતે તો ખુશ થાઉં, કારણ તેથી આપણે સાવધાન થઈએ છીએ. આપણા જાહેર જીવનમાં એકબીજા ઉપર આળ ચડાવવાનું, એકબીજાને ટાણા મારવાનું અને આડકતરા આક્ષેપો કરવાનું બહુ પેસી ગયું છે. જો આપણી આ ભારે ખામી સત્યાગ્રહ કાઢી નાખે અને તે કાઢી નાખશે જ, તો તે પણ એક ઇષ્ટ લાભ જ છે. હું સત્યાગ્રહીઓને બીજી એ વાત સૂચવવા માગું છું કે, આ બે જાહેરનામાં પ્રત્યે રોષ દર્શાવવો એ તો આપણી નબળાઈ કહેવાય. દરેક હિલચાલ અને ખાસ કરીને સત્યાગ્રહની હિલચાલ, તેના ટીકાકારોની નિર્બળતા અથવા મૌન ઉપર નહીં, પણ પોતાના આંતરિક બળ ઉપર ટકવી જોઈએ.

### સત્યાગ્રહનું બળ

ત્યારે સત્યાગ્રહનું બળ શેમાં રહેલું છે તે જોઈએ. સત્યાગ્રહ એટલે સત્યનો આગ્રહ. એનું સક્રિય સ્વરૂપ તે પ્રેમ. એના કાયદા પ્રમાણે, દ્વેષનો બદલો દ્વેષથી અથવા મારનો બદલો મારથી આપણે લઈ શકીએ નહીં, પરંતુ અપકારને બદલે ઉપકાર કરીએ. સત્યાગ્રહનું બળ તેમાં રહેલી સાચી ધર્મવૃત્તિને બરાબર સમજવામાં અને તે પ્રમાણે વર્તવામાં રહેલું છે. એક વખત રાજદ્વારી બાબતોમાં તમે ધર્મનું તત્ત્વ દાખલ કર્યું એટલે તમારી રાજદ્વારી દૃષ્ટિમાં મોટી ક્રાન્તિ થશે. પછી તમે તમારા વિરોધીઓને દુઃખ આપીને નહીં, પરંતુ જાતે દુઃખ વેઠી લઈને સુધારા કરાવશો. આ લડતમાં આપણે કષ્ટો સહન કરીને સરકાર ઉપર અસર પાડીશું અને આ ભૂંડાં બિલો પાછાં નહીં ખેંચી લેવાનો તેનો ઠરાવ ફેરવાવશું. પરંતુ કેટલાક તરફથી કહેવામાં આવે છે કે સરકાર આ ખોબા જેટલા સત્યાગ્રહીઓને અડશે જ નહીં, ને તેમને શહીદો બનાવશે નહીં. પરંતુ મારા નમ્ર મત પ્રમાણે તો આ દલીલમાં તર્કદોષ રહેલો છે. આમ કહેનારાની વાત આધાર વિનાની છે. જો સરકાર સત્યાગ્રહીઓને કંઈ કરે નહીં તો તો તેમની પૂરેપૂરી જીત થઈ છે, કારણ રૉલેટ બિલનો અને સાથે બીજા કાયદાઓનો પણ અનાદર કરવામાં તેઓ સફળ થયા. તેઓએ બતાવી આપ્યું કે સરકારનો વિનયપૂર્વક અનાદર કરવામાં કાંઈ જ હરકત નથી. પરંતુ આ લડત ખોબા જેટલાં સ્ત્રીપુરુષોથી અટકશે એમ માની લેવું એ જ યોગ્ય નથી.

૧. આ જાહેરનામું સર ડી. ઈ. વાચ્છા, સર સુરેન્દ્રનાથ બૅનરજી, વી. એસ. શ્રીનિવાસ શાસ્ત્રી અને અન્ય વિનીત નેતાઓએ ૨૭ માર્ચે અને મદ્રાસના વિનીતોએ ૧૮મી માર્ચે બહાર પાડ્યું હતું.

Gandhi Heritage Portal

સત્યાગ્રહનો મારો અનુભવ તો એવો છે કે તે એવું જબરદસ્ત બળ છે કે એક વાર એનો પ્રયોગ શરૂ કર્યા પછી તે એવું વ્યાપક થાય છે કે આખા સમાજમાં એ સર્વોપરી વસ્તુ થઈ પડે છે અને એટલું પ્રસરે છે કે કોઈ પણ સરકાર તેની અવગણના કરી શકે જ નહીં. સરકાર કાં તો નમતું મૂકે, કાં તો ચળવળ કરનારાઓને પકડે; પરંતુ હું દલીલ કરવા ઇચ્છતો નથી. અંગ્રેજીમાં કહેવત છે કે દૂધપાકના સ્વાદનો પુરાવો ચાખી જોવાથી મળે. ભલા માટે કે બૂરા માટે, લડતમાં હવે આપણે ઝુકાવ્યું છે. આપણી પરીક્ષા આપણા શબ્દોથી નહીં પણ માત્ર આપણાં કૃત્યોથી જ થવાની છે. એટલે પ્રતિજ્ઞાપત્ર ઉપર સહી કરીએ તે પૂરતું નથી. આપણે સહી કરી એ તો આપણે તે પ્રમાણે વર્તવાનું નક્કી કર્યું તેની નિશાની છે; અને જેટલાએ સહી કરી છે તેઓ પ્રતિજ્ઞા પ્રમાણે વર્તશે તો હું હિંમતથી વચન આપું છું કે આપણે બંને બિલો પાછાં ખેંચી લેવડાવી શકશું અને સરકારને કે આપણા ટીકાકારોને આપણે માટે એક ઊની વરાળ સરખી કાઢવાપણું રહેશે નહીં. આપણું ધ્યેય મહાન છે. આપણો ઉપાય પણ તેટલો જ મહાન છે. આપણે તે બંનેને શોભાવીએ એવી મારી પ્રાર્થના છે.

[મૂળ અંગ્રેજી]

महात्मा गांधी : हिज़ लाईफ, राईटिंग्ज़ ॲन्ड स्पीचीज़, पा. ३४३-७
ભાષાંતર : મહાદેવભાઈની ડાયરી, પુસ્તક પાંચમું

## ૧૪૪. મદ્રાસ મજૂર સંઘમાં ભાષણ[૧]

માર્ચ ૧૯, ૧૯૧૯

આજે સાંજે તમને સહુને મળતાં મને ઘણો જ આનંદ થાય છે. તમારી સમક્ષ હું તામિલ ભાષામાં બોલી શક્યો હોત તો મને ઘણું ગમત. પરંતુ કમનસીબે આજ સુધીમાં તામિલ શીખવાના મારા બધા પ્રયત્નો એળે ગયા છે. એટલે હું તમને તમારી માતૃભાષામાં સંબોધી શકતો નથી તે બદલ કૃપા કરી મને ક્ષમા આપશો. મારી સમક્ષ અહીં જે ચહેરાઓ હું જોઉં છું તેમાંના ઘણા, દક્ષિણ આફ્રિકામાં હું જે ચહેરા જોતો તેને મળતા આવે છે. ત્યાં મેં તામિલ ભાઈઓ સાથે કામ કરેલું છે, તેમની સાથે હું રહેલો છું અને તેમની સાથે બેસીને જમ્યો છું; અને આજે તમને મળતાં, એમની સાથે મેં જે દિવસો ગાળ્યા હતા તે મને યાદ આવે છે.

તમે જાણો છો કે મજૂરી વિના મૂડીને અને મૂડી વિના મજૂરીને ચાલી શકતું નથી. તમારા માલિકો તમારી મજૂરી વડે જે કાંઈ કમાય છે તેમાંથી થોડો ભાગ તમને વહેંચી આપે છે. આમ તમે ખાસ અધિકારનું સ્થાન ધરાવો છો, પરતુ એની સાથે જવાબદારીઓ પણ જોડાયેલી છે અને એમાંની કેટલીક જવાબદારીઓ હું તમને ગણાવીશ.

સૌથી પહેલી અને મહત્ત્વની વાત એ છે કે તમારે સત્યપ્રિય બનવું જોઈએ, કેમ કે સત્ય વિનાનો મનુષ્ય ખોટા સિક્કા જેવો એટલે નકામો હોય છે, અને સત્ય તમારામાં દીપી ઊઠે એટલા માટે તમારે શિક્ષણ લેવું જોઈએ. હું જોઉં છું કે શ્રી વાડિયાએ ઘણી મહેરબાની કરીને તમારે માટે એક પુસ્તકાલય અને એક વાચનાલયની સગવડ કરી આપી છે, અને જો તમે

૧. આ ભાષણનું શ્રી દંડપાણિ પિલ્લેએ તામિલમાં ભાષાંતર કર્યું હતું. શ્રી બી. પી. વાડિયા પ્રમુખસ્થાને હતા.

Gandhi Heritage Portal

એમને કહ્યું હોત તો તેઓ તમારે માટે શિક્ષકોનો પ્રબંધ પણ કરી શકયા હોત એ વિષે મને શંકા નથી. શિક્ષણ ગમે તે ઉંમરે લઈ શકાય છે, અને જો તમે શીખવા જેવું શીખશો અને વાંચવા જેવું વાંચશો તો તમે વધારે સારા મનુષ્ય બનશો. પછી તમને તમારા હક્કો અને તમારી ફરજો વધારે સારી રીતે સમજાશે. તમે તમારો સમય અને તમારું ધન દારૂ પીને તથા જુગાર ખેલીને બરબાદ કરી શકો છો અથવા એ બંનેનો સદુપયોગ કરીને તમારી જાતને તથા તમારાં બાળકોને શિક્ષણ આપી શકો છો. હું આશા રાખું છું કે મેં તમને અત્યારે જે થોડા શબ્દો કહ્યા છે તે તમે યાદ રાખશો અને મેં જે કંઈ કહ્યું છે તે પ્રમાણે વર્તવા કોશિશ કરશો. તમને બધાને મળવાની મને તમે તક આપી, તે બદલ હું તમારો આભાર માનું છું. ભગવાન તમને અને તમારાં સ્વજનોને સુખી રાખે અને તમે બધા ભારત દેશના સારા નાગરિકો બનો એવી મારી પ્રાર્થના છે.

[મૂળ અંગ્રેજી]

છબી પરથી: એસ. એન. ૬૪૬૨

## ૧૪૫. મદ્રાસમાં સત્યાગ્રહ વિષે ભાષણ[૧]

માર્ચ ૨૦, ૧૯૧૯

આ પાછલા પહોરે સત્યાગ્રહ સામે ઉઠાવવામાં આવેલા કેટલાક વાંધાઓનો હું જવાબ આપવા માગું છું. બિલ નંબર ૨ અંગે બોલતાં સર વિલિયમ વિન્સન્ટે પ્રથમ એવું કહ્યું કે મારા જેવા માણસોએ આ આંદોલન શરૂ કર્યું છે એ ખેદની બિના છે. પછી ચર્ચા સમેટી લેતાં તેમણે કહ્યું કે:

> . . . આપણે તો માત્ર એટલી જ આશા રાખી શકીએ કે આ સત્યાગ્રહ શરૂ જ નહીં થાય. સંભવ છે કે શ્રી ગાંધી પગલાં ભરવામાં ભારે સંયમ રાખી શકશે. પરંતુ આંદોલનમાં ઉશ્કેરાયેલા મગજવાળા બીજા યુવાનો પણ હશે જેઓ હિંસા તરફ દોરવાઈ જવાનો પૂરેપૂરો સંભવ છે અને એનું પરિણામ ભારે આપત્તિમાં આવ્યા વિના રહી નહીં શકે. જો આપણે આ ધમકીને વશ થઈએ તો એનો અર્થ તો એટલો જ થાય કે ગવર્નર જનરલ અને એમની કાઉન્સિલની સત્તાનો સદંતર અંત આવી ગયો છે.

જો સર વિલિયમનો હિંસા અંગેનો ભય સાચો પડે તો બેશક એ એક ભારે આપત્તિ જ નીવડે. પ્રત્યેક સત્યાગ્રહીએ આ જોખમથી ચેતવાનું છે. હું એવો કોઈ ભય સેવતો નથી, કારણ કે આપણે સ્વીકારેલો માર્ગ આપણને દરેક પ્રકારની હિંસાનો ત્યાગ કરવાનું શીખવે છે, અને

૧. આ ભાષણ ટ્રિપ્લિકેન સમુદ્ર-કિનારા ઉપર ભરાયેલી સભામાં કરવામાં આવ્યું હતું; ગાંધીજીની તબિયત અસ્વસ્થ હોવાથી મહાદેવ દેસાઈએ તે વાંચી સંભળાવ્યું હતું. પ્રમુખસ્થાને સી. વિજયરાઘવાચારી હતા.

પ્રમુખસ્થાનેથી નીચેનો ઠરાવ રજૂ કરવામાં આવ્યો હતો અને તે સર્વાનુમતે પસાર થયો હતો:

"રૉલેટ બિલો સામે હિંદુસ્તાનમાં એકે અવાજે વિરોધ ઊઠેલો છે. અને એ બિલોને પસાર કરવા સારુ એક પણ બિનસરકારી સભ્યે સરકારના પક્ષમાં મત આપ્યો નથી, એ હકીકત ધ્યાનમાં લઈ આ જાહેર સભા નામદાર વાઇસરૉયને અપીલ કરે છે કે તેમણે આ ધારાને પોતાની સંમતિ આપવી નહીં અને એ રીતે ગવર્નમેન્ટ ઑફ ઇન્ડિયા ઍક્ટની કલમ ૬૮ મુજબ એને નામદાર સમ્રાટની મંજૂરી મળતી અટકાવવી."

Gandhi Heritage Portal

આપણા શસ્ત્રભંડારમાં માત્ર સત્ય અને કષ્ટ સહનનાં જે હથિયારો છે તેનો જ આપણે ઉપયોગ કરવાનો છે. ખરેખર, સત્યાગ્રહ આંદોલનના અનેક હેતુઓમાંનો એક હેતુ એ છે કે જેઓ ફરિયાદો નિવારવા માટે હિંસાની કાર્યક્ષમતામાં શ્રદ્ધા ધરાવે છે તેમને આપણી સાથે જોડાવા એને આપણી કાર્યપદ્ધતિઓને પ્રામાણિકપણે અનુસરવા આમંત્રણ આપવું. રૉલેટ બિલોનો હેતુ શું સિદ્ધ કરવાનો છે તે વિષેનાં સૂચનો મેં બીજી જગ્યાએ કર્યાં છે; અને તેમાં મેં એમ પણ કહ્યું છે કે એ બિલો ખરેખર એવા હેતુઓ સિદ્ધ કરી શકવાનાં નથી, જે સિદ્ધ કરવાની શક્તિ કેવળ સત્યાગ્રહ આંદોલનમાં જ રહેલી છે. આપણે આશા રાખીએ છીએ કે હિંસાવાદી પક્ષ સમક્ષ સત્યાગ્રહની અમોઘ શક્તિ પ્રદર્શિત કરીને તથા અખૂટ તાકાત અજમાવવાનો એમને પૂરતો અવકાશ આપીને, આપણે એ પક્ષને પણ હિંસાની આત્મઘાતી પદ્ધતિમાંથી પાછા વાળી શકીશું. એ સુધારા મેળવવા માટે હિંસાની બિલકુલ જરૂર નથી, એ વાત આપણે તદ્દન સ્પષ્ટ ભાષામાં ભારપૂર્વક કહીએ અને સાથે જ આપણે જે કહીએ તેનો અમલ પણ કરી બતાવીએ, એના કરતાં વધારે પ્રભાવશાળી બિના બીજી કઈ હોઈ શકે? સર વિલિયમ કહે છે કે આ આંદોલનમાં અનિષ્ટ બનાવો બનવાનો સંભવ ઘણો મોટો છે. કહેવાય છે કે માનનીય પંડિત મદનમોહન માલવિયાએ આનો વળતો જવાબ આપ્યો કે, "સારું બનવાનો પણ સંભવ છે." આને સુધારીને "કેવળ સારા"નો સંભવ છે એમ કહેવાની હું હિંમત કરું છું. આ તો રાજકારણમાં ક્રાંતિ લાવવાનો અને નૈતિક બળને તેના અસલ સ્થાન ઉપર ફરીથી સ્થાપવાનો પ્રયાસ છે. આખરે તો સરકાર હિંસા એટલે શારીરિક બળનો સંપૂર્ણ ત્યાગ કરવામાં માનતી નથી. હું ધારું છું કે હિંદની સરકાર પશ્ચિમની સંસ્કૃતિની પ્રતિનિધિ છે. આ પશ્ચિમની સંસ્કૃતિનો સંદેશ શો છે તે પ્રમુખ વિલ્સને રાષ્ટ્રસંઘનું બંધારણ રજૂ કરતી વખતે શાંતિ પરિષદમાં આપેલા તેમના ભાષણમાં બહુ ટૂંકમાં કહી સંભળાવ્યો છે:

> આ કાર્યક્રમમાં લશ્કરી તાકાત પશ્ચાદ્ભૂમિમાં રહેલી છે. પરંતુ તે પશ્ચાદ્ભૂમિમાં છે; અને જો દુનિયાનું નૈતિક બળ પૂરતું નહીં થઈ પડશે તો એનું શારીરિક બળ ખચીત પૂરતું થશે.

આપણે આ પરિપાટીને ઊલટાવી દેવાની અને આપણા કાર્યથી એ બતાવી આપવાની આશા રાખીએ છીએ કે નૈતિક બળ આગળ શારીરિક બળ કશા હિસાબમાં નથી. નૈતિક બળ કદી નિષ્ફળ જતું નથી. મારી દૃઢ માન્યતા છે કે આધુનિક સંસ્કૃતિ અને પ્રાચીન સંસ્કૃતિ વચ્ચે આ જ મૂળગત તફાવત છે. અને મારો દાવો છે કે પડેલો હોવા છતાં હિંદુસ્તાન દેશ જ પ્રાચીન સંસ્કૃતિનો જીવતોજાગતો પ્રતિનિધિ છે. એનાં ભણેલાંગણેલાં બાળકો તરીકે આપણે નૈતિક બળની શ્રેષ્ઠતામાં શ્રદ્ધા ખોઈ બેઠાં છીએ એવું દેખાય છે. આમ છતાં એ વડે આપણે બ્રિટિશ સામ્રાજ્યને કીમતી ફાળો આપી દીધો હશે, અને જે સુધારા આપણે જોઈએ છે અને જેને માટે આપણે હક્કદાર છીએ તે આપણે અચૂક મેળવીશું. મારા વિચારો આવા હોવાથી ગવર્નર જનરલ અને એમની કાઉન્સિલની સત્તા સંપૂર્ણ રીતે નાબૂદ થવા વિષેનો જે બીજો ભય સર વિલિયમે દર્શાવ્યો છે તેનો જવાબ આપવાનું મારે માટે મુશ્કેલ નથી. બેશક આ આંદોલન સરકારને એટલું ખાતરીપૂર્વક સાબિત કરી આપવા માટે યોજવામાં આવ્યું છે કે સત્તા આખરે શસ્ત્રબળ ઉપર નહીં પરંતુ લોકોની ઇચ્છા ઉપર આધાર રાખે છે. તેમાં પણ જ્યારે આ ઇચ્છા સત્યાગ્રહ રૂપે વ્યક્ત કરવામાં આવી છે ત્યારે તા એ વાત વધારે સાચી ઠરે છે. શુદ્ધ નીતિબળ આગળ નમવાથી નમનારની પ્રતિષ્ઠા અને ગૌરવ વધ્યા વિના રહેતાં નથી.

Gandhi Heritage Portal

આ પ્રકારના આંદોલનમાં સામેલ થવા માટે આ મહાન દેશનાં પ્રત્યેક નરનારીને આમંત્રણ આપવામાં આવ્યું છે. પરંતુ જે આંદોલનનો હેતુ દૂરગામી પરિણામો લાવવાનો હોય, અને જેની સફળતાનો આધાર એમાં ભાગ લેનારાની પવિત્રતા તથા જાતે કષ્ટ સહન કરવાની શક્તિ પર હોય, તેમાં તો પોતાનું હૃદય ઢંઢોળી ભક્તિપૂર્વક આત્મપરીક્ષણ કર્યા પછી જ જોડાવાનું બની શકે. સત્યાગ્રહ સંબંધી સભાઓમાં હું ચેતવણી આપતો આવ્યો છું કે આ લડતમાં પડતાં પહેલાં દરેક વ્યક્તિએ હજાર વાર વિચાર કરવો જોઈએ; પરંતુ એક વાર એમાં પડ્યા પછી એને માટે ચાહે ગમે તે કિંમત ચૂકવવી પડે તોપણ એને દૃઢ રીતે વળગી રહેવું જોઈએ. આ ચેતવણી જેટલી વાર અપાય એટલી વાર ઓછી છે. ગઈ કાલે એક ભાઈ મારી પાસે આવ્યા અને કહેવા લાગ્યા કે આપે થોડા સત્યાગ્રહી મિત્રોની સભામાં આ આંદોલનનું જે રહસ્ય સમજાવ્યું એટલું બધું રહસ્ય એમાં રહેલું હશે એનો મને ખ્યાલ નહોતો, એટલે હું એમાંથી ખસી જવા માગું છું. એ ભાઈને મેં કહ્યું કે જો તમે પ્રતિજ્ઞાનાં પરિણામો પૂરેપૂરાં સમજ્યા વિના એના ઉપર સહી કરી હોય તો જરૂર તમારે એમાંથી ખસી જવું. અને જુદી જુદી સભાઓમાં પ્રતિજ્ઞાનું જે રહસ્ય મેં સમજાવ્યું છે તે રહસ્ય જેઓ ન સમજ્યા હોય તે દરેકે આ મિત્રનું અનુકરણ કરવું એવી મારી સલાહ છે. આપણે સત્યાગ્રહીઓની ગુણવત્તાની જેટલી ગરજ છે તેટલી તેમની સંખ્યાની નથી. એટલે સત્યાગ્રહીમાં કેવા કેવા ગુણોની અપેક્ષા રખાઈ છે તે હું તમને કહી બતાવીશ. પ્રથમ તો સત્યાગ્રહીએ કોઈ પણ ભોગે અને કોઈ પણ સંજોગોમાં સત્યને અનુસરવું જોઈએ. તેણે હંમેશાં પોતાના વિરોધીઓ પ્રત્યે પ્રેમ દાખવવાનો પ્રયત્ન કરવો જોઈએ. તેણે દરેક પ્રકારનું કષ્ટ સહન કરવાની તૈયારી રાખવી જોઈએ. પછી ભલે તે કષ્ટ જેનો હાલ તુરત તેઓ વિનયપૂર્વક વિરોધ કરી રહ્યા છે તે સરકારે આપ્યું હોય કે જેમની સાથે તેમને મતભેદ હોય તેમણે આપ્યું હોય. આ રીતે આ આંદોલન આત્મશુદ્ધિનો અને તપશ્ચર્યાનો કાર્યક્રમ છે. જો આપણે સાચી ભાવના રાખી આ કાર્યક્રમમાંથી પસાર થઈશું તો ખાતરી રાખજો કે સરકારે અને આપણા કેટલાક મિત્રોએ જે ભીતિ વ્યક્ત કરેલી છે તે બધી નિરાધાર સાબિત થશે, અને આપણે રૉલેટ બિલોને પાછાં ખેંચાયેલાં જોઈશું. એટલું જ નહીં પરંતુ દેશ સત્યાગ્રહને વાજબી ફરિયાદો દૂર કરાવવા માટેના તથા સુધારા મેળવવા માટેના એક શક્તિશાળી અને ધાર્મિક હથિયાર તરીકે માન્ય રાખશે.

[મૂળ અંગ્રેજી]

न्यू इन्डिया, २१–३–१९१९

Gandhi Heritage Portal

# ૧૪૬. મદ્રાસમાં ટ્રામવેના કર્મચારીઓની સભામાં ભાષણ

માર્ચ ૨૧, ૧૯૧૯

આજે સવારે આઠ વાગ્યે લગભગ ૧૫૦ હડતાળિયાઓ સેંટ જૉર્જિઝ કેથેડ્રલ રોડ પર આવેલા મકાન નંબર ૨માં મહાત્મા ગાંધીને મળવા અને એમની સલાહ લેવા એકઠા થયા હતા. શ્રી ગાંધી અંગ્રેજીમાં બોલતા હતા અને શ્રી ચક્રવર્તી રાજગોપાલાચારી એમના ભાષણનો તામિલમાં અનુવાદ કરીને હડતાળિયાઓને સંભળાવતા હતા.

સૌ પ્રથમ ગાંધીજીએ એક હડતાળિયાને પૂછ્યું કે તમે હડતાળથી કંટાળ્યા નથી ને? ક્યાં સુધી આમ ચલાવી શકશો? અંણે જવાબ આપ્યો કે હું કંટાળ્યો નથી અને હું હજુ ૧૦ કે ૧૫ દિવસ ખેંચી શકીશ. ગાંધીજીએ એને ફરી પૂછ્યું કે જો હડતાળ એથી પણ વધારે દિવસ લંબાશે તો તમે શું કરશો? એણે જવાબ આપ્યો કે એ પછી બીજા ૧૦ દિવસ સુધી પણ હું આ પ્રમાણે ટકી રહીશ.

એ પછી ગાંધીજી નીચે પ્રમાણે બોલ્યા હતા:

મેં તમારી હડતાળ વિષે થોડી વાતો સાંભળી છે. તમારી માગણીઓ શી છે તે હું ઉપર ઉપરથી જાણું છું, પરંતુ હું આ આખા પ્રશ્નમાં ઊંડો ઊતર્યો નથી. એ જ રીતે કંપનીને પક્ષે આ બાબતમાં શું કહેવાનું છે તે પણ હું જાણતો નથી. એટલે તમારી માગણીઓ તદ્દન વાજબી છે કે નહીં તે હું કહી શકતો નથી; પરંતુ તમારી માગણીઓ વાજબી છે એવું માની લઈએ તો હું ખાતરીપૂર્વક કહી શકું કે તમે જે હડતાળ જાહેર કરી છે તે બિલકુલ વાજબી છે. જ્યારે કામદારોનું એક જૂથ પોતાની ન્યાયી ફરિયાદો પોતાના માલિક સમક્ષ મૂકે અને માલિક તેના ઉપર ધ્યાન ન આપે, ત્યારે કામદારો પાસે હડતાળ રૂપી એક જ શુદ્ધ સાધન બાકી રહે છે. એટલે કોઈ પણ ઉપયોગી અને સફળ હડતાળ માટે પહેલી આવશ્યકતા એ હોય છે કે એને માટેનું કારણ શુદ્ધ અને ન્યાયી હોવું જોઈએ. બીજી બાબત એ છે કે હડતાળિયાઓએ કદી પણ હિંસાનો આશ્રય નહીં લેવો જોઈએ. કહેવાની મતલબ એવી કે તમારે તમારા માલિકોને નુકસાન નહીં પહોંચાડવું, તેમ જે લોકો તમારી સાથે હડતાળમાં ન જોડાય તેમને પણ તમારે નુકસાન નહીં કરવું. વળી તમારે ગમે તેટલી મુસીબતો વેઠવી પડે તોપણ હમેશાં સત્યને વળગી રહેવું જોઈએ, અને હડતાળ ચાલુ હોય ત્યારે તો તમારે જે કંઈ મુસીબતો વેઠવાની આવે તે સહી લેવા હમેશાં તૈયાર રહેવું જોઈએ. અન્નવસ્ત્ર વિના ચલાવવું પડે તો તેમ પણ કરવું જોઈએ. આવી હડતાળ ધાર્મિક હડતાળ છે અને તે હમેશાં સફળ નીવડ્યા વિના રહેતી નથી. હું આશા રાખું છું કે તમારી હડતાળ એ પ્રકારની છે. હું એ જાણીને ઘણો જ ખુશી થયો છું કે તમે બધા એવા તો સંપૂર્ણ સહકારથી કામ કરી રહ્યા છો કે અહીંનો એક પણ કામદાર અત્યારે કામ પર જતો નથી. વળી મને એ વાતથી પણ આનંદ થાય છે કે તમે અત્યંત વ્યવસ્થિત રીતે વર્તી રહ્યા છો. અને જ્યારે તમે હવે આટલે સુધી પહોંચ્યા છો ત્યારે તમારી માગણીઓ પૂરેપૂરી મળી જતાં સુધી તમે તમારી હડતાળ ચાલુ રાખશો એવી હું આશા રાખું છું. હું ઇચ્છું છું કે તમે આટલી વાત ધ્યાનમાં રાખશો કે તમારી માગણીઓ લેખિત હોવી જોઈએ, એ માગણીઓ શી છે તે તમારામાંના દરેક જણે જાણવું જોઈએ, અને જ્યારે સમાધાનનો

Gandhi Heritage Portal

વખત આવે ત્યારે એ માગણીઓ તમારે વધારવી નહીં જોઈએ. જો તમે વારંવાર તમારી માગણીઓ વધાર્યા કરશો અગર તો બદલતા રહેશો તો તમે ખોટા ઠરશો. જે લોકો ઉપર તમે પૂરો વિશ્વાસ રાખી શકો એવા લોકો મારફતે જો લવાદીની દરખાસ્ત આવે તો મારી તમને સલાહ છે કે તમારે એનો સ્વીકાર કરી લેવો. કેમ કે લવાદી કરનાર પંચો તમારી માગણીઓ વાજબી છે કે નહીં તે તમને, કંપનીને તથા દુનિયાને કહી શકશે. અંતમાં માની લઈએ કે તમારી માગણીઓ ન્યાયી છે અને તમે મેં કહેલી શરતોનું પાલન કરી રહ્યા છો, તો હડતાળ લંબાતાં તમે શું કરશો એ મારો એક વાજબી પ્રશ્ન છે. હડતાળ અનિશ્ચિત સમય સુધી ચાલે તો તમે તમારું ગુજરાન ચલાવી શકો એટલા પૈસા તમારા બધાની પાસે નથી એ હું જાણું છું. તમે મજૂરો છો અને શરીરે સશક્ત છો, એટલે મારી તમને સલાહ છે કે તમારે તમારા ગુજરાન માટે લોકોની સહાય ઉપર આધાર નહીં રાખવો. હાથપગમાં શક્તિ હોય તે માણસ જો પોતાના ગુજરાન માટે લોકોની મદદ ઉપર આધાર રાખે તો તે એને શોભતું નથી. એટલે તમારે તમારા બધાથી થઈ શકે એવું થોડા સમયનું કાંઈક કામ શોધી કાઢવું એવી મારી સલાહ છે. દુનિયામાં કોઈ પણ મનુષ્યને માટે કોઈ પણ પ્રામાણિક કામ હીણપતભર્યું નથી હોતું. જો હું તમારી જગાએ હોઉં, તો ગમે તેટલા દિવસ માટે જમીન ખોદવાનું કામ હાથમાં લઉં. અમદાવાદમાં હમણાં હડતાળ પડી હતી.[1] તેનો ઇતિહાસ તમને કહી સંભળાવવાનો અત્યારે મારી પાસે સમય નથી. પરંતુ ત્યાંના મજૂરોએ પોતાની હડતાળ ૨૩ દિવસ સુધી ચાલુ રાખી હતી. એ હડતાળ કેવી હતી તે વિષે તમે કોઈ મિત્રને પૂછી લેવાનું રાખશો. પરંતુ એ હડતાળ વિષે હું તમને એટલું જરૂર કહેવા માગું છું કે જે લોકો મહિને ૪૦ રૂપિયા કમાતા હતા તેમણે ખોદવાનું કામ કરવામાં અને ટોપલીઓમાં માટી ભરી તે માથે મૂકી એક જગાએથી બીજી જગાએ લઈ જવામાં નાનમ નહોતી માની. આ રીતે તેઓ રોજના ચાર આનાથી પોતાનો નિર્વાહ કરી શકયા હતા. પરિણામ એ આવ્યું હતું કે જે ૧૦,૦૦૦ મજૂરો એમાં જોડાયા હતા તેમને સંપૂર્ણ વિજય મળ્યો. હું આશા રાખું છું કે તમારી માગણીઓ ન્યાયી છે. હું એવી પણ આશા રાખું છું કે મેં તમને જે સલાહ આપી છે તે પ્રમાણે તમે વર્તશો. જો આટલું કરશો તો ખાતરી રાખજો કે તમને સફળતા જરૂર મળશે. તમે આટલે દૂર સુધી મને મળવા આવ્યા, તે બદલ હું તમારો ખૂબ ખૂબ આભાર માનું છું. ભગવાન તમારું ભલું કરો.

[મૂળ અંગ્રેજી]

*हिन्दु*, २१—३—१९१९

૧. જુઓ પુસ્તક ૧૪.

Gandhi Heritage Portal

# ૧૪૭. સત્યાગ્રહ આંદોલન વિષે અખબારો જોગ પત્ર[1]

મદ્રાસ,
માર્ચ ૨૩, ૧૯૧૯

મેં ઘણી સભાઓમાં સમજાવવા યત્ન કર્યો છે તે પ્રમાણે સત્યાગ્રહ એ ખરી રીતે ધાર્મિક હિલચાલ છે. તે શુદ્ધિ અને તપની ક્રિયા છે. જાતે સહન કરીને સુધારા મેળવવાનો અને દુઃખનું નિવારણ કરવાનો તે એક રસ્તો છે. તેથી હું સૂચના કરું છું કે ૧૯૧૯ના બિલ નં. ૨ની નામદાર વાઇસરૉયની મંજૂરી પ્રગટ કરવામાં આવે તે પછીના બીજા રવિવારને માનભંગ અને પ્રાર્થનાના દિવસ તરીકે પાળવો. આ પ્રસંગને છાજે એવી રીતે લોકલાગણી અસરકારક રીતે જાહેર કરવા માટે મારી નીચે મુજબ સલાહ છે. આગલી રાત્રે જમ્યા પછી ચોવીસ કલાક સુધી બધા પુખ્ત ઉંમરના માણસોએ જેને ધર્મ અથવા તંદુરસ્તીના કારણથી બાધ ન હોય તેમણે ઉપવાસ કરવો. આ ઉપવાસને કોઈ પણ પ્રકારે લાંઘણ રૂપે ગણવાનો નથી અથવા તો સરકાર ઉપર કોઈ પણ પ્રકારે દબાણ લાવવાનો તેનો હેતુ નથી. સત્યાગ્રહીઓએ લીધેલી પ્રતિજ્ઞામાં કાયદાનો જે ભંગ કલ્પેલો છે તે માટે તૈયાર થવાની આ એક જરૂરી તાલીમ ગણવાની છે. જાહેર હિત માટે જરૂરી હોય તે સિવાયનું તમામ કામ તે દિવસે બંધ રાખવું. બજારો અને બીજાં ધંધા-રોજગારનાં સ્થળો પણ તે દિવસે બંધ રાખવાં.

જે કામદારોને રવિવારે પણ કામ કરવું પડતું હોય તેઓ પહેલેથી રજા મેળવીને કામ બંધ કરી શકે. સરકારી નોકરોને પણ ઉપરની બે સૂચનાઓ પાળવાની ભલામણ કરતાં હું અચકાતો નથી, કારણ કે જોકે રાજકીય સભાઓ અને ચર્ચાઓમાં તેમણે ભાગ ન લેવો એ તેમને માટે ખસૂસ કરીને વાજબી છે, તોપણ મારા મત પ્રમાણે સિદ્ધાંતની બાબતો વિષે પોતાની લાગણી અત્રે સૂચવેલી મર્યાદિત રીતે દર્શાવવાનો તેમને હક છે જ. તે દિવસે હિંદુસ્તાનના તમામ ભાગમાં અને ગામડાંઓમાં પણ જાહેર સભા ભરીને તેમાં આ કાયદો રદ કરવાની વિનંતી કરતા ઠરાવો પસાર કરવા. જો મારી સલાહ સ્વીકારવા લાયક ગણાય તો આ વિષે વ્યવસ્થા કરવાની મુખ્ય જવાબદારી સત્યાગ્રહ સભાઓને શિર રહેશે. હું ઉમેદ રાખું છું કે બીજી જાહેર સંસ્થાઓ પણ આ કાર્યને સફળ કરવામાં મદદ કરશે.

મો. ક. ગાંધી

[મૂળ અંગ્રેજી]

*હિંદુ*, ૨૪–૩–૧૯૧૯; તેમ જ છબી પરથી : એસ. એન. ૬૪૬૯

ભાષાંતર : *મહાદેવભાઈની ડાયરી*, પુસ્તક પાંચમું

૧. આ પત્ર ઍસોસિયેટેડ પ્રેસ ઑફ ઇન્ડિયા દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવ્યો હતો. તે ૨૫–૩–૧૯૧૯ની *અમૃતબઝાર પત્રિકા*માં પણ પ્રસિદ્ધ થયો હતો.

Gandhi Heritage Portal

## ૧૪૮. એની બેસંટને પત્ર

૨, કેથેડ્રલ સ્ટ્રીટ,
[મદ્રાસ,]
માર્ચ ૨૩, ૧૯૧૯

વહાલાં મિસિસ બેસંટ,

ગઈ કાલના ન્યૂ ઇન્ડિયામાં . . . .[1]ની સહીથી એક પત્ર પ્રસિદ્ધ થયો છે. એ પત્ર લખનારે સત્યાગ્રહીઓની એક ખાનગી સભાની કાર્યવાહી અંગે કેટલાક સમાચાર આપ્યા છે. ભવિષ્યમાં આપના માર્ગદર્શન માટે હું આપને આટલું કહી રાખી શકું ખરો કે સત્તાવાર પ્રસિદ્ધિની અનુમતિ ન મળે ત્યાં સુધી સભાની અથવા તો એની સમિતિની કાર્યવાહી ગુપ્ત હોય છે એમ સમજવાનું છે? હું ખાતરી રાખું છું કે આપ સમિતિની ઇચ્છાને માન આપશો.[2]

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૬૪૬૪

## ૧૪૯. સર એસ. સુબ્રહ્મણ્ય આયરને[3] પત્ર

માર્ચ ૨૩, ૧૯૧૯

આપના નિખાલસ પત્ર[4] માટે હું આપનો અત્યંત આભારી છું. હું આપની ઇચ્છાને જરૂર માન આપીશ. મને એનાથી કશી પણ ગેરસમજ થવાનો સંભવ નથી, અને મને ખાતરી છે કે જે મિત્રો આ કામમાં મારી સાથે જોડાયેલા છે તેમને પણ ગેરસમજ નહીં થાય.

આપ કૃપા કરીને મિસિસ બેસંટને એટલું કહેશો ખરા કે આ આંદોલન કોઈ એક પક્ષનું આંદોલન નથી, અને જે લોકો કોઈ અમુક પક્ષના સભ્યો છે તેઓ પણ આ આંદોલનમાં જોડાયા પછી પક્ષના માણસો મટી જાય છે? જેમ જેમ આ આંદોલન પ્રગતિ કરતું જશે તેમ તેમ તેમને એ વાત સમજાતી જશે કે સત્યાગ્રહીઓ પોતાના સ્વભાવની કે વર્તનની કટુતા અને એવા બીજા દોષો છોડી દેવા કોશિષ કરતા રહેશે. હું આપની એ વાત સાથે પૂરેપૂરો સંમત છું કે આપણને એમની સાથે ગમે તેટલો મતભેદ હોય, છતાં એમણે હિંદની જે અદ્ભુત સેવાઓ કરેલી

૧. મૂળમાં આ જગા ખાલી છે.

૨. મિસિસ બેસંટે આનો જવાબ આ પ્રમાણે આપ્યો હતો : "જરૂર (આપના કહેવા પ્રમાણે થશે). હું તો એમ સમજી હતી કે એ પત્ર આપના જ કોઈ માણસે સામાન્ય સમાચાર આપવા મોકલ્યો હશે."

૩. મદ્રાસ હાઈકોર્ટના નિવૃત્ત ન્યાયાધીશ; અખિલ ભારત હોમરૂલ લીગના માનદ પ્રમુખ અને એક જૂના કૉંગ્રેસી; એમણે ૧૯૧૭માં મિસિસ એની બેસંટ અને તેમના સહકાર્યકરોની ગિરફતારીના વિરોધમાં પોતાના 'નાઈટ'ના ઇલકાબનો ત્યાગ કર્યો હતો અને પ્રમુખ વિલ્સનને દમનકારી કાયદાઓ સામે સત્યાગ્રહ કરવાની હિમાયત કરતો એક પત્ર લખ્યો હતો. એ જ વર્ષે એમણે એક પ્રતિજ્ઞાપત્ર તૈયાર કરી એના ઉપર સહી કરી હતી. જુઓ બી. પટ્ટાભી સીતારામૈયાકૃત કૉંગ્રેસનો ઇતિહાસ (અંગ્રેજી), ભાગ ૧, પા. ૧૩૩.

૪. આ પત્રમાં એમણે સત્યાગ્રહ સભાના ઉપપ્રમુખ થવાનું સૂચન નકારી કાઢ્યું હતું.

Gandhi Heritage Portal

છે તે માટે તો કોઈ પણ હિંદવાસી એમના પ્રત્યે આભારની લાગણી અનુભવ્યા સિવાય રહી શકે એમ નથી.

મો. ક. ગાંધી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૬૪૬૬

## ૧૫૦. મહાદેવ દેસાઈએ લખી લીધેલી નોંધ

[મદ્રાસ,
માર્ચ ૨૩, ૧૯૧૯][1]

ભવિષ્યના કામનો વિચાર કરવા એકઠા મળ્યા.

મુંબઈએ શું કર્યું : સમિતિ. મહત્ત્વના સાહિત્યનું પ્રકાશન. બજારો બંધ રખાવ્યાં.

રાજદ્વારી ધારાધોરણને પ્રથમ હાથ ધરી શકાય.

(૧) નિર્દોષ, નિષિદ્ધ સાહિત્ય છાપવું અને પ્રસિદ્ધ કરવું.

(૨) લાઈસન્સ વિના એક હસ્તલિખિત વર્તમાનપત્ર પ્રસિદ્ધ કરવું.

મેં મુંબઈ સમિતિને ઈરાદાપૂર્વક જણાવ્યું છે કે એમણે જનતા સમક્ષ આનાથી કશું પણ વધારે મૂકવું નહીં. બનાવો કેવો વળાંક લે છે તે જાણ્યા સિવાય, અત્યારથી જ પૂરેપૂરો કાર્યક્રમ આપી દેવો એમાં ડહાપણ હોય એમ હું માનતો નથી. મારા કાર્યક્રમમાં લૅન્ડ રેવન્યૂ કાયદો, મીઠાનો કાયદો અને મહેસૂલનો કાયદો જેવા બીજા કાયદાઓ પણ છે.

દરેક પ્રાંતને તેનું પોતાનું અલગ સ્વતંત્ર સંગઠન હોય અને એ બધાં જુદાં જુદાં સંગઠનો સહકાર સાધે એ સૌથી સારો રસ્તો છે.

અખિલ હિંદ મધ્યસ્થ સમિતિ સ્થાપવામાં રહેલી મુશ્કેલીઓ.

એક સ્થળે ભેગા મળવાની મુશ્કેલીઓ.

પ્રતિનિધિત્વનો પ્રશ્ન.

હું તો અવશ્ય એવું સૂચવું છું કે આજે લોકોને માર્ગદર્શન આપતા આપણે દરેકે સૌથી પહેલા જવું પડશે; એટલે એ હેતુ ધ્યાનમાં રાખી આપ આપનું પત્ર બંધ કરી શકો છો.

સત્યાગ્રહીઓએ તો કાર્યક્ષેત્રની અંદર રહેવું જ જોઈએ.

સત્યાગ્રહી પોતાના ધંધાને ગૌણ સ્થાન આપે. આપણે સૌએ આપણી જાતને વિનાશકારી નહીં પણ રચનાત્મક સેના તરીકે અને જરૂર પડે તો આત્મવિલોપન કરનારી સેના તરીકે સમજવી. એટલે એવી સેનાને લાગુ પડતા બધા જ નિયમો આપણી સભાને પણ લાગુ પડે છે.

મહાદેવ હ. દેસાઈ

નક્કી છે કે બુધવાર[2] સુધી આ ઈલાકામાં છીએ. કદાચ રવિવાર[3] સુધી પણ.

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૬૪૬૭

૧. આ પહેલાંનો લેખ "સર એસ. સુબ્રહ્મણ્ય આયરને પત્ર"ની પાછલી બાજુએ આ નોંધ લખેલી છે.
૨. ૨૬મી માર્ચ.
૩. ૩૦મી માર્ચ.

Gandhi Heritage Portal

## ૧૫૧. તાંજોરમાં સત્યાગ્રહ આંદોલન વિષે ભાષણ[1]

માર્ચ ૨૪, ૧૯૧૯

આપણા દેશે નવા ફોજદારી કાયદાઓનો સ્વીકાર કર્યો એ તેને માટે અધ:પતનની અને અપમાનની વાત છે. જ્યારે કોઈ રાષ્ટ્રને એવું લાગે કે અમુક કાયદો રાષ્ટ્રને માટે અપમાનજનક છે, ત્યારે એણે એક સ્પષ્ટ ફરજ બજાવવાની હોય છે. પશ્ચિમના દેશોમાં જ્યારે શાસકો કંઈ અન્યાય કરે છે, ત્યારે ત્યાં રક્તપાત સરજાય છે. એથી ઊલટું, હિંદુસ્તાનમાં લોકો હિંસાના સિદ્ધાંતને સ્વાભાવિક રીતે જ નાપસંદ કરે છે. એટલે આપણે એ શોધવું રહે છે કે બીજાં કયાં સાધનો વડે આપણે સરકાર પાસે આપણી ઇચ્છા માન્ય રખાવી શકીએ? આપણે એ વાત સમજી ગયા છીએ કે જાહેર સભાઓમાં ભાષણો કરવાથી અને ધારાસભાઓમાં ઠરાવો પસાર કરવાથી કશો લાભ થયો નથી. ચૂંટાયેલા સભ્યો મારફતે વ્યક્ત કરવામાં આવેલી રાષ્ટ્રીય ઇચ્છાને સરકારી બહુમતીએ ફગાવી દીધી છે. આવા સંજોગોમાં બીજાં કયાં સાધનો વડે આપણે સરકાર પાસે આપણી વાત કબૂલ કરાવી શકીશું? મારો જવાબ એ છે કે પ્રહ્‌લાદે પોતાના પિતા હિરણ્યકશિપુ સાથે જેવો વ્યવહાર કર્યો હતો તેવો વ્યવહાર આપણે સરકાર સાથે કરવો જોઈએ. હિરણ્યકશિપુએ પોતાના પુત્રને એના અંતરાત્માના અવાજ વિરુદ્ધનો આદેશ આપ્યો. એક શિસ્તબદ્ધ વ્યક્તિના અંતરાત્માનો અવાજ એ ઈશ્વરનો અવાજ હોય છે; અને જે કોઈ મનુષ્ય એ અવાજને સાંભળવાની ના પાડે છે, તે માનવગૌરવની અવનતિ કરે છે. મારા અંતરાત્માનો અવાજ મને કહે છે કે જેમ પ્રહ્‌લાદે પિતાની આજ્ઞાની વિરુદ્ધ વર્તન કર્યું હતું તેવી રીતે તમારે પણ વર્તવું જોઈએ; એટલે જો તમારો અંતરાત્મા પણ તમને એવી જ સલાહ આપતો હોય તો તમારે પણ એવી જ રીતે વર્તવું જોઈએ. પ્રહ્‌લાદે પોતાના પિતાની આજ્ઞાનું ઉલ્લંઘન એમના પ્રત્યે કશાયે અનાદર, અસદ્‌ભાવ કે અપ્રીતિ વિના કર્યું હતું. તે પોતાના પિતાની આજ્ઞાનું ઉલ્લંઘન કરતાં કરતાં પણ તેમના પ્રત્યે પ્રેમ દાખવતો હતો અને પિતા પ્રત્યેના પોતાના એ પ્રેમને લીધે જ તે તેમને તેમની ભૂલ બતાવી શક્યો હતો. કેમ કે પોતાના અંતરાત્માના આદેશને અનુસરી એ ભૂલનો વિરોધ કરવાનું એ કર્તવ્ય સમજતો હતો. આને જ સવિનયભંગ અથવા સત્યાગ્રહ કહે છે, જેનો અર્થ સત્યનું બળ, કે આત્માનું બળ થાય છે. જો આપણે સત્યાગ્રહ સ્વીકારતા હોઈએ, તો આપણે શારીરિક હિંસાના સિદ્ધાંતનો ત્યાગ કરવો પડશે. હું આશા રાખું છું કે આપ પ્રહ્‌લાદના વંશજો હોઈને મને ખાલી હાથે પાછો નહીં કાઢો. મને હમણાં જ તાર મળ્યો છે કે વાઇસરૉયે બિલ નંબર ૨ને પોતાની સંમતિ આપી દીધી છે. આત્મબળ વાપરવાની શરૂઆત કરવા માટે આત્માને તાલીમ મળે એવાં કોઈક શિસ્તનાં પગલાં અપનાવવા સિવાય આપણી પાસે બીજો કોઈ સારો રસ્તો નથી. મેં અખબારો જોગ એક પત્ર મોકલીને એવી સૂચના કરી છે કે વાઇસરૉય બિલોને પોતાની સંમતિ આપી દે તે પછીના બીજા રવિવારે એટલે ૬ઠ્ઠી એપ્રિલે જે ઉંમરલાયક સ્ત્રીપુરુષોથી ઉપવાસ થઈ શકે તે તમામે ઉપવાસ કરવો. આ ઉપવાસને સ્ત્રીમતાધિકારની ચળવળ વખતે ઇંગ્લૅન્ડમાં પાડવામાં આવેલી ભૂખહડતાળો જેવો ગણવાનો નથી. આપણો ઉપવાસ તો દુ:ખનું એક નિવેદન, આત્મત્યાગનું એક કૃત્ય, અને આત્મશુદ્ધિનો એક કાર્યક્રમ માત્ર છે એમ સમજવાનું છે. એનાથી સત્યાગ્રહીને સવિનયભંગ શરૂ કરવાની અને નિભાવવાની તાલીમ મળે છે. તે દિવસે આપણે તમામ વેપારધંધા બંધ રાખવા જોઈએ. મેં તો એમ પણ સૂચવવાની હિંમત કરી છે કે સરકારી નોકરો પણ આ સાર્વત્રિક ઉપવાસમાં ભાગ લઈ શકે છે. હું એ

૧. આ ભાષણ બેસંટ લૉજના ખુલ્લા ચોગાનમાં ભરાયેલી સભામાં અપાયું હતું. વી. પી. માધવરાવ પ્રમુખ હતા.

Gandhi Heritage Portal

સિદ્ધાંતને સંપૂર્ણ રીતે માન્ય રાખું છું કે સરકારી નોકરોએ રાજકારણમાં ભાગ નહીં લેવો જોઈએ; પરંતુ એનો અર્થ એવો નથી થતો કે તેમણે પોતાના અંતરાત્માને તથા રાષ્ટ્રના દુઃખ કે આનંદમાં ભાગ લેવાની પોતાની સ્વતંત્રતાને દબાવી દેવાં જોઈએ. જાહેર સભાઓ ભરતી વખતે અથવા તેમાં ભાષણો આપતી વખતે, આપણે સરકાર અને તેના કાયદાઓ વિષે બોલતાં અત્યંત માનભરી અને ગૌરવભરી ભાષા વાપરવી જોઈએ. આપણે વિવેકભરી ભાષા વાપરીને વાઈસરૉય અને ભારતમંત્રીને અપીલ કરવી જોઈએ કે આપ આ નવા કાયદાઓ પાછા ખેંચી લો. પ્રતિજ્ઞા લેતી વખતે આપે સમજી લેવાનું છે કે આપણે કોઈના જાનમાલને નુકસાન કરવાનું નથી, પરંતુ બધાની સાથે શાંતિ અને સદ્‌ભાવપૂર્વક વર્તવાનું છે. જે કામ કાયદાઓથી થઈ શકવાનું નથી તે કામ સત્યાગ્રહ કરી બતાવશે. અર્થાત્ એનાથી દેશ હિંસામાંથી મુક્ત થઈ જશે. હું આશા રાખું છું કે આપ સૌ આ સત્યાગ્રહને અપનાવી લેવાનો નિર્ણય કરશો, અને નિર્ણય કર્યા પછી એક વાર પ્રતિજ્ઞા લીધી કે તેમાંથી કદી પાછા નહીં હઠશો. આપે આ સભામાં જ પ્રતિજ્ઞા ઉપર સહી કરવાની જરૂર નથી. પરંતુ આપ એ વિષય પર સમય લઈને શાંતિથી એક કે બે વાર નહીં, પણ પચાસ વાર વિચાર કરી શકો છો કે આપની પાસે જે અપેક્ષા રાખવામાં આવે છે તે પૂરી કરવા માટે આપનામાં તાકાત છે કે નહીં અને આપની પાસે જે શિસ્ત અને ત્યાગની અપેક્ષા રાખવામાં આવે છે તે પણ આપનામાં છે કે નહીં. આપે યાદ રાખવું જોઈએ કે આ એક પવિત્ર પ્રતિજ્ઞા છે, એટલે કોઈ પણ હિંદી પોતાને ફાવે તેમ એનો ભંગ કરી શકતો નથી. જો આપ આ સત્યાગ્રહને અત્યારે નામંજૂર કરશો, તો થોડા જ વખતમાં આપને પસ્તાવો થશે કે આપ આ આંદોલનમાં સામેલ ન થયા તે ઠીક નથી કર્યું. જો આપ કમજોરીના કે બીજા કોઈ કારણે લડતની અંદર પૂરેપૂરા કૂદી પડી ન શકો તોપણ ઓછામાં ઓછું એટલું તો કરશો જ કે કાંઠે ઊભા રહી એનાં અનેક કાર્યોમાં અનેક રીતે મદદ કર્યા કરશો. હું આશા રાખું છું કે પ્રભુએ આપને પૂરતી શક્તિ અને બુદ્ધિ આપેલી છે. એની મદદથી આપ આ પ્રતિજ્ઞા લઈ શકશો અને દેશના કલ્યાણની આ નાજુક પળે આપની ફરજો વફાદારીપૂર્વક બજાવશો.

સભાના અધ્યક્ષે કહ્યું હતું કે ગાંધીજીના ઉપદેશ પ્રમાણે જો સત્યાગ્રહનો બારીકાઈથી અમલ કરવામાં આવશે, તો તે સ્વરાજ્ય મેળવવાનો સરળ માર્ગ બની જશે.

ત્રિચિનાપલ્લીવાળા ડૉ. ટી. એસ. એસ. રાજન ગાંધીજીના ભાષણનો તામિલમાં અનુવાદ કરતા હતા. તેઓ ગાંધીજીના દક્ષિણ ભારતના પ્રવાસમાં તેમની સાથે ફરી રહ્યા છે.

સભામાં આશરે પચાસ જણે પ્રતિજ્ઞા ઉપર સહી કરી હતી. એમાંના અર્ધા કરતાં વધારે રાજગિરિના મુસલમાન વેપારીઓ છે. અને વિશ્વાસપૂર્વક એવું માનવામાં આવે છે કે તાંજોર જિલ્લામાંથી લોકો મોટી સંખ્યામાં સત્યાગ્રહની સેનામાં જોડાશે.

[મૂળ અંગ્રેજી]

હિંદુ, ૨૬–૩–૧૯૧૯

Gandhi Heritage Portal

## ૧૫૨. સત્યાગ્રહ સભા, મુંબઈને તાર

ટેપ્પાકુલમ,
ત્રિચી,
[માર્ચ ૨૫, ૧૯૧૯]

આ પછીના રવિવારે ઉપવાસ કરવો, કામ બંધ રાખવું અને જાહેર સભાઓ ભરવી એવી સૂચના આપી છે. રૉલેટ કાયદો પાછો ખેંચાય તે માટે પ્રાર્થના કરી રહ્યો છું. આશા રાખું છું સમિતિ સંમતિ આપશે. સલાહ સ્વીકારી લેશે. રવિવારના કાર્યક્રમો પાર પાડયા પછી સોમવારથી કાયદા તોડવાનું આપણે શરૂ કરવાનું છે. અહીંયાં ઘણું કામ છે. આજે ત્રિચીમાં. કાલે મદુરામાં. ગુરુવાર તૂતીકોરિનમાં. શનિવાર નાગાપટ્ટનમાં. બુધવારે ત્યાં પહોંચીશ.

ગાંધી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૬૪૭૬

## ૧૫૩. એક તાર[1]

[માર્ચ ૨૫, ૧૯૧૯]

જવાબ આપી શકતો નથી, તે માટે ક્ષમા કરશો. કામમાં ડૂબી ગયો છું. આજે પત્ર લખું છું.

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૬૪૭૬

## ૧૫૪. એ. એસ. ઘાટેને પત્ર

ત્રિચિનાપલ્લી,
[માર્ચ ૨૫, ૧૯૧૯]

પ્રિય શ્રી ઘાટે,

આ પહેલાં આપના પત્રનો જવાબ હું આપી શક્યો નથી તે માટે અત્યંત દિલગીર છું. મદ્રાસ આવીને હું સત્યાગ્રહના કામમાં એટલો બધો ખૂંપી ગયો કે મારાથી કોઈ પણ પત્રનો જવાબ આપી શકાયો નથી. આપના અગત્યના પત્રનો જવાબ આપતાં આટલો બધો વિલંબ થયો તે માટે હું શરમ અનુભવું છું. વિલંબને માટે આપ મને ક્ષમા કરશો.

સર જેમ્સ ડુબાઉલે અને મારી વચ્ચે થયેલી વાતચીતનો ટૂંક સાર આ પ્રમાણે છે : એમણે કહ્યું કે સરકાર કશા નિર્ણય પર આવી શકી નથી, તે વિચાર કરી રહી છે. તેમણે મને સમિતિનો અહેવાલ તો જોવા નહીં દીધો; પરંતુ તેમને પોતાને પણ એનાથી સંતોષ થયો નથી.

૧. આ તાર એ. એસ. ઘાટેને કરેલો જણાય છે. જુઓ આ પછીનો લેખ.

Gandhi Heritage Portal

મુલાકાત પૂરી થતાં હું જોઈ શક્યો કે આપણા મિત્રોને જે ગુણોનું મેં મારા પત્રમાં વર્ણન કરેલું છે, એ જ ગુણોને કારણે અટકાયતમાં રાખવામાં આવી રહ્યા છે. આપ જાણો છો કે હું લખનૌ ગયો હતો. ત્યાં વાતચીત કર્યા પછી, તથા દિલ્હીમાં પણ મિત્રો સાથે ચર્ચા કર્યા પછી, હું એવા નિર્ણય પર આવ્યો છું કે આપે અલીભાઈઓને છોડાવવા માટે અલગ સત્યાગ્રહનો આશરો લઈને લોકોને ભરમાવવા નહીં જોઈએ, અને પ્રશ્નને ગૂંચવવો નહીં જોઈએ. હાલના આંદોલનમાં ગર્ભિત રીતે આ પ્રશ્ન પણ આવી જ જાય છે અને આ લડત થોડા દિવસ ચાલ્યા પછી હું એની વાત પણ એમાં લાવવા માગું છું. મને હજી પણ આશા છે કે તેમને કદાચ છોડી મૂકવામાં આવશે. એવું નહીં માનતા કે તેઓ હાલ તુરતને માટે કે કાયમ માટે હિંદુસ્તાન બહાર ચાલ્યા જવાની દરખાસ્ત મૂકે એથી આ પ્રશ્નના સમાધાનમાં કશી મદદ થશે. જો કદી એવો સમય આવવાનો હોય, અને તે જ્યારે આવશે ત્યારે મારી આગ્રહભરી સલાહ એવી હશે કે તેમણે અટકાયતના હુકમોનો અનાદર કરવો અને જેલમાં જવાનું વહોરી લેવું. પરંતુ એ તો તેઓ મારી સાથે જ કરશે. આવું પગલું ભરવાનો જો તેઓ નિશ્ચય કરી લેશે, તો હું જાતે છિંદવાડા જઈશ, જેથી તેઓ મારી સાથે જ કાયદાનો ભંગ કરી શકશે. પરંતુ અત્યારે જ્યારે રૉલેટ કાયદા વિષે આંદોલન ચાલી રહ્યું છે, ત્યારે તો આપણા મિત્રોને માટે આપણે બેવડી ધીરજ રાખવી જોઈએ. સરકાર અને મારી વચ્ચેનો પત્રવ્યવહાર પ્રસિદ્ધ કરી શકાય તેવો છે એવું નહીં માનશો. એ પત્રવ્યવહાર અંગત છે. મારે જ્યારે આ પ્રશ્નની જાહેર રીતે ચર્ચા કરવાની જરૂર પડશે ત્યારે હું બધી હકીકતો પ્રસિદ્ધ કરીશ, પરંતુ જ્યાં સુધી કોઈ એટલું જ મહત્ત્વનું કારણ ઊભું નહીં થાય ત્યાં સુધી હું માનું છું કે એ પત્રવ્યવહાર પ્રસિદ્ધ નહીં કરવો જોઈએ. ધાર્મિક પ્રશ્ન અંગે અલીભાઈઓ પોતે જે લખવું હોય તે લખી શકે છે. પરંતુ હું ઇચ્છું છું કે એમની રજૂઆતમાં વાદવિવાદ કે નફરત નહીં હોવી જોઈએ. દલીલબાજીવાળી રજૂઆત કરતાં, જેમાં શુદ્ધ હકીકતો જ રજૂ કરવામાં આવી હોય એવી સાદી રજૂઆત અનેકગણી વધારે મજબૂત નીવડશે. હું માની લઉં છું કે બારી સાહેબ સાથેની ચર્ચા વિષે આપણા મિત્રો બધી હકીકત જાણે છે.

આપનો સહૃદયી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૬૪૭૮



Gandhi Heritage Portal

# ૧૫૫. ત્રિચિનાપલ્લીમાં સત્યાગ્રહ આંદોલન વિષે ભાષણ[1]

માર્ચ ૨૫, ૧૯૧૯

મિત્રો,

માફ કરજો, મારાથી ઊભા રહીને બોલી શકાશે નહીં. મારું શરીર એટલું નબળું છે કે મારાથી ઊભા રહેવાતું નથી. બીજુ, હું તામિલને બદલે અંગ્રેજીમાં બોલું છું, તેને માટે પણ હું આપની માફી ચાહું છું. જો હું આપની સમક્ષ હિંદીમાં બોલી શક્યો હોત તો મને થોડી ખુશી ઊપજત, પરંતુ એ દુર્ભાગ્યની વાત છે કે આપે હજી સુધી રાષ્ટ્રભાષા અપનાવી નથી. આપ જાણો છો કે એ ભાષા વગર ખર્ચે શીખી શકાય એવી તક હાલમાં આપને આપવામાં આવેલી છે. એટલે હું આશા રાખું છું કે આપનામાંથી બને તેટલા વધારે લોકો આ તકનો લાભ ઉઠાવશે, પરંતુ આજે તો હું જુદા જ કામે આવેલો છું.

ગઈ કાલે હું તાંજોર ગયો હતો. તાંજોરના લોકોને મેં એક આમંત્રણ આપવાનું સાહસ કર્યું છે. એ જ આમંત્રણ હું આપ લોકોને પણ આપવા માગું છું. પરંતુ એ પહેલાં, આપે મને જે સુંદર માનપત્ર, સુંદર કાસ્કેટ અને તામિલ ભાષામાં માનપત્ર આપ્યું છે તે બદલ હું દિલના ઊંડાણમાંથી આપનો આભાર માનવા ઇચ્છું છું. હું કદી કીમતી ભેટો સ્વીકારતો નથી, એટલે મારા જીવનમાં મને મળેલી આવી બધી કીમતી ભેટો સંઘરી રાખવા માટે મેં એક ટ્રસ્ટ બનાવેલું છે. આ સુંદર કાસ્કેટ પણ તેમાં મોકલી આપવામાં આવશે. ત્યાં એને વેચીને જે પૈસા મળશે તેનો ઉપયોગ કોઈ એક યા બીજા રાષ્ટ્રીય કાર્યમાં કરવામાં આવશે.

આપના અંગ્રેજી માનપત્રમાં આપે કહ્યું છે કે ટ્રાન્સવાલ અથવા દક્ષિણ આફ્રિકામાં સ્થૂળ તત્ત્વ ઉપર આત્મ તત્ત્વના વિજયનાં દર્શન થયાં હતાં. સ્થૂળ તત્ત્વ ઉપર આત્મ તત્ત્વ વિજય મેળવે છે એ સત્યમાં આપને પોતાને કેટલી શ્રદ્ધા છે એ વાતની હમણાં જ કસોટી થવાની છે. હું આપને જે આમંત્રણ આપવાનો છું તેનાથી એ કસોટીની તક મળી રહેશે. રૉલેટ બિલો વિષે આપ સૌ પણ મારા જેટલું જ જાણતા હશો એમ હું માનું છું, એટલે એ વિષે મારે સમજાતી આપવાની જરૂર નથી. એ બિલો પાછાં ખેંચાઈ જાય એમ આપ સૌ ઇચ્છો છો. વડી ધારા-સભામાંના આપણા હિંદી સભ્યોએ આ બિલો પાછાં ખેંચાવવા માટે પોતાનાથી બનતું બધું જ કર્યું, તેમ છતાં તેઓ સફળ થયા નથી. ખુદ એ બિલો તો ખરાબ છે જ, પરંતુ હિંદી સભ્યોના સર્વાનુમત અભિપ્રાયને ઠોકરે મારવામાં આવ્યો એ એનાથી પણ વધુ ખરાબ બિના છે. માટે આ બેવડા અન્યાયને દૂર કરાવવો એ આપની તથા મારી બંનેની ફરજ છે, કેમ કે વડી ધારાસભાના એ સભ્યો આપણા પ્રતિનિધિ છે. આપણે એ કામ કેવી રીતે પાર પાડીશું? ઇતિહાસ આપણને શીખવે છે કે જ્યારે કોઈ પણ દેશના શાસકો ત્યાંની જનતા ઉપર મોટા અન્યાય કરે છે ત્યારે જનતા હિંસાનો આશરો લે છે. એમાં કેટલીક વાર એને દેખીતી સફળતા મળે છે, તો ઘણી વાર પરાજય પણ મળે છે; પરંતુ એટલું તો સાચું જ કે જેમ અંધકારમાં અંધકાર ભળે તો ગાઢ અંધકાર

૧. આ ભાષણ એક જાહેર સભામાં અપાયું હતું. ડૉ. ટી. એસ. એસ. રાજને એના દરેક વાક્યનો તામિલમાં અનુવાદ કર્યો હતો.

Gandhi Heritage Portal

થાય તેમ હિંસાનું પરિણામ હિંસા જ હોઈ શકે. હિંસાનો સિદ્ધાંત પાર્થિવમાં પાર્થિવ છે, બિલકુલ ભૌતિક છે. જે માનવી આત્માના અસ્તિત્વમાં કદી માનતો હોય તેને તે માર્ગદર્શક થઈ શકતો નથી. જો આપ હિંસાના સિદ્ધાંતને છોડી દો, અને હું માનું છું કે આપ તેને છોડી દેશો, તો અન્યાય દૂર કરાવવા માટે આપે અન્ય ઉપાયનો વિચાર કરવો પડશે. અને બીજી રીતે કહું તો તે ઉપાય છે "શઠમ્ પ્રતિ સત્યમ્". એનું એક દૃષ્ટાન્ત, જેનો આજે સાંજે ઉલ્લેખ કરવામાં આવ્યો હતો તે પ્રહ્લાદમાં આપને મળે છે. પરંતુ આપનામાંના કેટલાક લોકો કદાચ એવું માની બેસે કે આખરે પ્રહ્લાદ કોઈ ઐતિહાસિક વ્યક્તિ તો નથી જ, એમની વાત માત્ર દંતકથા પણ હોઈ શકે. એટલા માટે આજે હું આપને એક જીવંત ઉદાહરણ આપવા માગું છું. જીવંત એ અર્થમાં કે એ ઘટના આપણી હયાતી દરમ્યાન બનેલી છે. એ ઘટનાની નાયિકા આજે હયાત નથી. એ વીરાંગનાનું નામ છે વાલિયામા.[1] તે દક્ષિણ આફ્રિકામાં હિંદી માતાપિતાને પેટે જન્મી હતી. દક્ષિણ આફ્રિકાની અનેક હિંદી મહિલાઓની સાથે એ પણ તે વખતે ચાલી રહેલા સત્યાગ્રહ સંગ્રામમાં સામેલ થઈ હતી. આ સંગ્રામ આઠ વર્ષથી વધુ સમય સુધી ચાલ્યો હતો. એ બાલિકાને સ્થૂળ તત્ત્વ ઉપરના આત્મ તત્ત્વના વિજય વિષે એટલી સંપૂર્ણ શ્રદ્ધા હતી કે એવી શ્રદ્ધા તો આપનામાં ને મારામાં પણ નથી. એ દેશના જે કાયદાઓનો અમે વિરોધ કરી રહ્યા હતા તેની આંટીઘૂંટીઓ વિષે તે કંઈ જ જાણતી નહોતી. એને માટે એટલું જ પૂરતું હતું કે એના દેશનાં હજારો સ્ત્રીપુરુષો પોતાની સમજમાં ન ઊતરે એવી કોઈ બાબત માટે દુઃખ વેઠી રહ્યાં હતાં. પરંતુ તે એટલું જાણતી હતી, એને એ વાત સહેજે સમજાઈ ગઈ હતી કે આત્માની યાતનામાંથી જ રાષ્ટ્રનો જન્મ થાય છે, અને એટલા માટે જ એણે દક્ષિણ આફ્રિકાની જેલની બંદીવાન બનીને રાજીખુશીથી કષ્ટો સહન કર્યાં. એની ઉંમર ૧૮ વરસની હતી. એના દુર્બળ શરીરમાં એણે જે આત્મા ધારણ કર્યો હતો તે અજેય હતો. જેલમાં હતી ત્યારે તેને રોજ ટાઈફૉઈડનો તાવ આવતો હતો. જેલમાંના એના સાથીઓએ એને દંડ ભરી દેવાની સલાહ આપી. દંડ ભરે તો તે છૂટી શકે એમ હતું, પરંતુ એણે તો મક્કમ રહીને દંડ ભરવાનો ઇનકાર કર્યો. તેણે જેલમાં મરવાનું પસંદ કર્યું પરંતુ ત્યાં તેનું મૃત્યુ થયું નહીં. એને બીમાર અવસ્થામાં જેલમાંથી છોડી મૂકવામાં આવી. સજાની પૂરી મુદત ભોગવ્યા પછી જ એને છોડવામાં આવી હતી. છૂટયા પછી થોડા દિવસોમાં જ એ ગુજરી ગઈ: અને જાણે કોઈ વીરાંગના ગુજરી ગઈ હોય તેમ એની શહીદી પર દક્ષિણ આફ્રિકાની આખી હિંદી કોમે શોક પાળ્યો. જેલના દરવાજામાં પગ મૂકતાં પહેલાં તે એક ગરીબ અજ્ઞાન બાલિકા હતી. આજે તે પોતાના રાષ્ટ્રની સર્વશ્રેષ્ઠ વ્યક્તિઓની હરોળમાં જઈ બેઠી છે. હું આપને એ સુંદર બાલિકા વાલિયામાના દૃષ્ટાંતનું અનુકરણ કરવાનું કહેવા એટલા માટે અહીં આવ્યો છું કે આપ આ રૉલેટ કાયદાનો સફળ રીતે વિરોધ કરી શકો. હું આપને ખાતરી આપું છું કે વાલિયામામાં જે શ્રદ્ધા હતી તેમાંની થોડી પણ શ્રદ્ધા સાથે જો આપ આ પ્રશ્નનો સામનો કરશો, તો આપ જોશો કે થોડા જ સમયમાં આ બિલો નાબૂદ થઈ જશે.

આ બિલોએ રાષ્ટ્રના અંતરાત્માના અવાજ પર પ્રહાર કર્યો છે; અને માણસના અંતરાત્માના અવાજ પર આઘાત કરનારા હુકમોનો વિરોધ કરવો એ આપણો પવિત્ર વિશિષ્ટ અધિકાર છે અને

૧. વાલિયામા આર. મુનુસ્વામી મુદાલિયાર. જેલમાંથી છૂટયા પછી થોડા જ દિવસોમાં ફેબ્રુઆરી ૨૨, ૧૯૧૪ને રોજ તાવથી તેનું અવસાન થયું હતું.

Gandhi Heritage Portal

કર્તવ્ય છે. આપણે આપણા શાસકના કેવળ આ જ કાયદાનો કે આ જ હુકમનો વિરોધ નથી કરતા. પરંતુ શાસકના નૈતિક ન હોય તેવા બધા જ હુકમોનો આપણે વિરોધ કરવાના છીએ, અને તેમ કરવાની આપણી ફરજ છે. જ્યારે આપણે આ શાસકોની અન્યાયી વાતોનો સવિનય અનાદર કરીએ છીએ ત્યારે એમ કરીને આપણે કેવળ એ શાસકોની જ નહીં પણ સમસ્ત રાષ્ટ્રની સેવા કરીએ છીએ જ્યાં જ્યાં હું ગયો છું ત્યાં ત્યાં મને પૂછવામાં આવ્યું છે કે આપણે કયો કાયદો, બીજા કયા કાયદા, તોડવાના છે? આજે હું આપને માત્ર એટલો જ જવાબ આપી શકું કે જેનો ભંગ કરવામાં નીતિનો બાધ ન આવતો હોય તે બધા જ કાયદા આપણે તોડી શકીએ છીએ. આમ હોવાથી, આપે કયા કાયદાઓનું ઉલ્લંઘન કરવું એ જાણવાની આપને માટે બિલકુલ જરૂર નથી. સત્યાગ્રહી વ્યક્તિનું ધ્યેય તો એ છે કે પોતાને શિરે કષ્ટોનો જેટલો બોજો ઝીલી શકાય તેમ હોય તે બધો તેણે રાજીખુશીથી સ્વીકારી લેવો. એટલે આપ લોકોમાંથી જેઓ રૉલેટ કાયદાને અયોગ્ય માનતા હોય અને જેમને સત્યાગ્રહની શક્તિમાં વિશ્વાસ હોય, તે બધાને હું આ પ્રતિજ્ઞા ઉપર સહીઓ કરવાનું આમંત્રણ આપવા આવ્યો છું, પરંતુ મારે આપને એટલી વિનંતી કરવાની છે કે પ્રતિજ્ઞા ઉપર સહી કરતાં પહેલાં આપ હજાર વાર વિચાર કરજો. આપ કાયદાને નામંજૂર ન કરતા હો, અગર આપનામાં આત્મબળ અને ઇચ્છાશક્તિ ન હોય અને તે કારણે જો આપ પ્રતિજ્ઞા ઉપર સહી ન કરો, તો એથી આપની પ્રતિષ્ઠા જરાય ઓછી થવાની નથી. વળી આપ પ્રતિજ્ઞા ઉપર સહી ન કરો તે કારણે કોઈ સત્યાગ્રહીને આપના ઉપર રોષ કરવાનો અધિકાર નથી; પરંતુ જો આપે એક વાર પ્રતિજ્ઞા ઉપર સહી કરી દીધી, તો પછી યાદ રાખજો કે જે રીતે પેલી ગરીબ બાલિકા વાલિયામાએ પોતાની બીમારી છતાં પૂરી મુદત સુધી જેલની સજા ભોગવી હતી, તેવી જ રીતે આપે પણ કદી એ પ્રતિજ્ઞામાંથી ડગવાનું નથી.

અહીં આવેલાં આજનાં છાપાંઓ પરથી આપે જોયું હશે કે મેં અખબારો જોગ એક પત્ર[1] લખી મોકલ્યો છે. એમાં કેટલાંક સૂચનો કરવામાં આવેલાં છે. તેમ છતાં એ સૂચનો હું અહીં ફરીથી કહી બતાવીશ. મારું પહેલું સૂચન એ છે કે આવતા રવિવારે, એટલે કે એપ્રિલની ૬ઠ્ઠી તારીખે, આપણે બધાએ ૨૪ કલાકનો ઉપવાસ કરવો. કાયદાઓનો સવિનયભંગ આદરતાં પહેલાં ઉપવાસ કરવો એ સત્યાગ્રહીઓ માટે એક યોગ્ય પૂર્વતૈયારી ગણાય. બીજા બધા માટે આ ઉપવાસ સરકારે કરેલા અન્યાય બદલ ઊંડી શોકની લાગણી પ્રદર્શિત કરવાનું સાધન ગણાશે. આ આંદોલનને મ એક તદ્દન ધાર્મિક આંદોલન માન્યું છે અને ઉપવાસ આપણા દેશની એક પ્રાચીન પ્રથા છે. આપ એને ભૂખહડતાળ માનવાની ભૂલ નહીં કરશો. (હસાહસ.) તેમ સરકાર પર દબાણ લાવવા માટે યોજેલું એ કોઈ સાધન છે એમ પણ નહીં માનશો. એ આત્મ-નિયમનનું એક પગલું છે; એ દ્વારા આત્માની વેદના વ્યક્ત થવાની છે; અને આત્મા જ્યારે વેદના અનુભવે છે ત્યારે કોઈ પણ તેનો પ્રતિકાર કરી શકતું નથી. હું આશા રાખું છું કે જેઓ ધાર્મિક વાંધાને કારણે કે નાદુરસ્ત તબિયતને કારણે ઉપવાસ ન કરી શકે તેમને બાદ કરતાં, બાકીનાં બધાં ઉંમરલાયક સ્ત્રીપુરુષો ઉપવાસનો આ કાર્યક્રમ ઉપાડી લેશે. મેં એમ પણ સૂચવ્યું છે કે એ રવિવારે તમામ કામકાજ બંધ રાખવું જોઈએ, અને તમામ બજારો તથા વેપારધંધાનાં કેન્દ્રો બંધ કરી દેવાં જોઈએ. આ બંને કાર્યક્રમોનું આધ્યાત્મિક મહત્ત્વ તો છે જ, પરંતુ એ ઉપરાંત એનાથી જનતાને ઉત્તમ કોટિની કેળવણી મળશે. મેં મારાં સૂચનોમાં સરકારી નોકરોનો પણ

૧. જુઓ, "સત્યાગ્રહ આંદોલન વિષે અખબારો જોગ પત્ર", તા. ૨૩-૩-૧૯૧૯.

Gandhi Heritage Portal

સમાવેશ કરવાનું સાહસ કર્યું છે, કેમ કે હું માનું છું કે આપણે એટલો તો વિશ્વાસ રાખવો જોઈએ કે એમને પણ અંતરાત્માનો અવાજ છે. તે સાથે એ પણ ખરું કે જે અન્યાય વિરુદ્ધ રાષ્ટ્ર પોતાનો રોષ વ્યક્ત કરવા માગતું હોય તે અન્યાય પ્રત્યેના વિરોધમાં સામેલ થવાની એમનામાં શક્તિ છે, એમ કરવાનો એમને અધિકાર છે, અને એને માટે એઓ સ્વતંત્ર છે. તેઓ રાજકારણી સભાઓમાં અને રાજકારણની ચર્ચાઓમાં ભાગ ન લે એ વાત બરાબર છે. પરંતુ એમનો વ્યક્તિગત અંતર્નાદ પ્રગટ કરવાનો પૂરેપૂરો અને મુક્ત અવકાશ એમને મળવો જોઈએ. જેમાં સરકારી નોકરો ભલે ભાગ ન લે એવું મારું ત્રીજું સૂચન એ છે કે આપણાથી બને તો તે દિવસે આપણે દરેક નાનાં નાનાં ગામોએ પહોંચી જવું, ત્યાં સભાઓ ભરવી અને ભારતમંત્રી આ કાયદો રદ કરી દે એવી માગણી કરતો ઠરાવ પસાર કરવો. મેં આપને આ ખુલ્લી સભાઓ ભરવાનું અને ઠરાવો પસાર કરવાનું કહ્યું છે, તેનું જે ખાસ કારણ છે તે એવું છે કે આ સભાઓ અને ઠરાવો પાછળ રાષ્ટ્રના નિશ્ચયનો અમલ કરાવવાની સત્યાગ્રહની શક્તિ રહેલી છે. આપ સત્યાગ્રહી હો કે ન હો, પરંતુ જો આપ રૉલેટ કાયદા સાથે અસંમત હો તો આપ સૌ આ ત્રણે સૂચનોના અમલમાં ભાગ લઈ શકો છો. અને હું આશા રાખું છું કે મારા આ એલાનનો સમસ્ત ભારતમાંથી એવો પ્રત્યુત્તર મળશે કે સરકારને ખાતરી થઈ જશે કે આપણી વચ્ચે જે કંઈ બની રહ્યું છે તેને વિષે આપણે જાગ્રત છીએ.

મારું આ ભાષણ આપે ખૂબ જ ધીરજપૂર્વક સાંભળ્યું છે તે બદલ હું આપનો આભાર માનું છું. જે અનેક પ્રકારે આપે મારા ઉપર આપનો સ્નેહ વરસાવ્યો છે તે બદલ પણ હું આપનો ખૂબખૂબ આભાર માનું છું. પરંતુ હું મારી તમામ શક્તિ વાપરીને આપને વિનંતી કરું છું કે આપ આપના આ અંગત સ્નેહને પ્રત્યક્ષ કાર્યમાં ફેરવી નાખશો. જો આટલું કરશો તો હું આપને વચન આપવાની હિંમત કરું છું કે આ આંદોલનમાં જોડાયેલા બધા લોકો, મને જરા પણ શંકા નથી, વધારે શુદ્ધ થઈને બહાર આવશે. અંતમાં, કૃપા કરીને આપ યાદ રાખશો કે આ વિશાળ શ્રોતાસમુદાયમાં જેઓ સત્યાગ્રહીઓ છે તેઓ જો પોતાની સાથે બીજા લોકોને ભેળવવા માગતા હોય તો એનો સૌથી ઉત્તમ માર્ગ એ છે કે તેમણે બીજાઓ પ્રત્યે સહેજ પણ અણગમો રાખવો નહીં, એટલું જ નહીં પણ તેમને પોતાના સ્વભાવની મધુરતા, નમ્રતા અને પ્રેમભાવના વડે જીતી લેવા. ફરીથી એક વાર હું આપનો આભાર માનું છું.

[મૂળ અંગ્રેજી]

हिंदु, ૨૭–૩–૧૯૧૯

Gandhi Heritage Portal

# ૧૫૬. મદુરામાં સત્યાગ્રહ આંદોલન વિષે ભાષણ

માર્ચ ૨૬, ૧૯૧૯

પ્રમુખ મહાશય અને સજ્જનો,

આપની સમક્ષ હું ઊભો રહીને બોલી શકતો નથી તે બદલ ક્ષમા કરશો. મારી તબિયત એટલી નબળી છે કે મારાથી ઊભા રહી શકાતું નથી. બીજું મારાથી તામિલ ભાષામાં બોલી શકાય એમ નથી તેને માટે પણ હું આપની અનેકાનેક માફી માગું છું, પરંતુ મારે આપની આગળ અંગ્રેજી ભાષામાં બોલવું પડે છે તે દોષમાંથી હું આપને પૂરેપૂરા મુક્ત ગણી શકતો નથી. આપના પૈકી જે લોકોને ઉચ્ચ અને ઉદાર ધોરણનું શિક્ષણ મળેલું છે તેઓ જો એટલું સમજ્યા હોત કે હિંદી અને એકમાત્ર હિંદી જ ભારતની રાષ્ટ્રભાષા બની શકે તેમ છે, તો આજ સુધીમાં આપે ગમે તે ભોગે એ ભાષા શીખી લીધી હોત, પરંતુ આપણી એ ભૂલ સુધારવામાં હજુ બહુ મોડું થયું નથી. આજે મદ્રાસ અને બીજાં કેટલાંક શહેરોમાં આપને હિંદી શીખવાની તક ઊભી કરી આપવામાં આવી છે. દુનિયાની બધી ભાષાઓની સરખામણીમાં આ ભાષા શીખવાનું સૌથી સહેલું છે. મને તામિલ ભાષાનું થોડું જ્ઞાન છે. તે અત્યંત સુંદર અને મધુર ભાષા છે; પરંતુ એનું વ્યાકરણ શીખવાનું કામ બહુ મુશ્કેલ છે, જ્યારે હિંદીનું વ્યાકરણ શીખવાનું કામ તો બાળકની રમત જેવું છે. એટલે હું આશા રાખું છું કે આપને મળેલી તકનો આપ સૌ લાભ ઉઠાવશો. પરંતુ હું હિંદીના વિષય પર આપનો વખત રોકવા માગતો નથી, એટલે હું મારા મુખ્ય વિષય ઉપર આવું છું.

આપ જાણો છો કે હું તાંજોર અને ત્રિચિનાપલ્લી જઈને અહીં આવ્યો છું. એ બે શહેરોના લોકોને મેં જે આમંત્રણ આપ્યું છે તે જ આમંત્રણ હું આપને પણ આપવા આવ્યો છું. હું આપને સત્યાગ્રહની પ્રતિજ્ઞા ઉપર સહી કરવાનું કહેવા આવ્યો છું. પ્રતિજ્ઞાપત્રમાં શું લખેલું છે તે આપ જાણો જ છો. એ પ્રતિજ્ઞાપત્ર રૉલેટ કાયદાનો વિરોધ કરવા માટે યોજવામાં આવેલું છે. એ કાયદાની શી અસર થાય છે તે મારે કહી બતાવવાની જરૂર નથી. જાહેર અખબારો આપ વાંચો છો અને આપણા વક્તાઓ આપની પાસે આવી ગયેલા છે, એટલે એ કાયદામાં શું છે તે અને એની આગળ ઉપર કેવી અસરો પડવાની છે તે તો આપે જાણી લીધેલું છે. મારા તરફથી એટલું કહેવું પૂરતું થશે કે આ કાયદો કોઈ પણ સ્વમાની રાષ્ટ્ર સ્વીકારી નહીં શકે. એ કાયદાનો ઉદ્દેશ જે રાષ્ટ્રને એ લાગુ પાડવામાં આવનાર છે તેનું અપમાન કરવાનો છે. આપણા પ્રતિનિધિઓએ એનો એકે અવાજે સખત વિરોધ કર્યો હતો, છતાં એ પસાર કરવામાં આવ્યો છે. સરકારે આપણને બેવડો અન્યાય કર્યો છે. એટલે આપની, મારી અને આ દેશના પ્રત્યેક સ્ત્રીપુરુષની એ ફરજ છે કે આપણી પાસેના તમામ કાયદેસર ઉપાયો યોજીને આ અન્યાય દૂર કરાવવો. આ ધ્યેય સિદ્ધ કરવા માટે આપણે બધા જ પ્રચલિત ઉપાયો અજમાવી ચૂક્યા છીએ. આપણે ઠરાવો પસાર કર્યા છે, આપણે અરજીઓ કરી છે; વડી ધારાસભામાંના આપણા પ્રતિનિધિઓએ આ કાયદો પાછો ખેંચાવવા માટે શક્ય તે બધા જ પ્રયાસો કર્યા છે, પરંતુ આપણા બધા પ્રયાસો વ્યર્થ ગયા છે. તેમ છતાં આપણે કોઈ પણ રીતે આ અન્યાય નાબૂદ કરવો જ જોઈએ, કેમ કે

Gandhi Heritage Portal

એ આપણા સમગ્ર રાજકીય જીવનનો ધીમે ધીમે નાશ કરનાર ઝેર જેવો છે. જ્યારે દેશના આત્માના અવાજને આઘાત પહોંચાડવામાં આવે ત્યારે ઘવાયેલા અંતરાત્માવાળા લોકો કાં તો હિંસાત્મક માર્ગો દ્વારા એ અન્યાયનો પ્રતિકાર કરે છે અથવા જેને મેં સત્યાગ્રહનું નામ આપ્યું છે એવી પદ્ધતિઓ અજમાવે છે. હું માનું છું કે હિંસાત્મક પદ્ધતિઓ આખરે બિલકુલ નિષ્ફળ નીવડે છે. બીજું, આ પદ્ધતિઓ આપણી પ્રજાની પ્રકૃતિને બિલકુલ અનુકૂળ આવતી નથી. હિંસાની પદ્ધતિઓ માનવીના ગૌરવ સાથે સુસંગત નથી. આજે યુરોપ પશુબળ પરની શ્રદ્ધાથી તરબોળ છે એમ કહેવું એ કંઈ આનો જવાબ નથી. સાચું પૌરુષ, સાચી વીરતા, આપણી અંદર રહેલા પશુતત્ત્વને બહાર હાંકી કાઢવામાં રહેલી છે. એમ કરીશું તો જ આપણા અંતરાત્માના અવાજને પૂરેપૂરો અવકાશ મળશે. બીજી શક્તિ, જેને મેં જુદે જુદે સ્થળે સત્યાગ્રહ, આત્મશક્તિ અથવા પ્રેમશક્તિ કહીને વર્ણવી છે, એનું સારામાં સારું દૃષ્ટાંત પ્રહ્‌લાદની કથામાં મળી રહે છે. આપ જાણો છો તે પ્રમાણે પ્રહ્‌લાદે પોતાના પિતાના કાનૂનો અને આદેશોનો સવિનય અનાદર કર્યો હતો. એણે હિંસાનો આશ્રય લીધો નહોતો; પરંતુ પોતે જે કાંઈ કરી રહ્યો હતો તેમાં એને અદમ્ય શ્રદ્ધા હતી. પોતાના પિતાના હુકમોનું ઉલ્લંઘન કરવામાં તે એનાથી પણ વધારે ઊંચા હુકમોનું પાલન કરી રહ્યો હતો. એટલે જો આ આંદોલનમાં આપણે સત્યાગ્રહનો પ્રયોગ કરીશું, તો આપણે એમાં પ્રહ્‌લાદના ઉજ્જ્વળ અને સનાતન આગ્રહનું જ માત્ર અનુકરણ કરતા હોઈશું, પરંતુ આજે આપણે શ્રદ્ધાવિહીન દુનિયામાં જીવી રહ્યા છીએ. આપણા પ્રાચીન ઇતિહાસ વિષે આપણે શંકાશીલ છીએ, એટલે સંભવ છે કે આપનામાંના ઘણા પ્રહ્‌લાદની કથાને કેવળ દંતકથા જ માનતા હશો. એટલે આજે હું આપને બે એવાં દૃષ્ટાંત આપવા માગું છું જે લગભગ આપણી નજર સમક્ષ બનેલાં છે. એમાંનું એક દૃષ્ટાંત મેં ગઈ કાલે કહી સંભળાવ્યું હતું અને તે વાલિયામા નામની એક સુંદર તામિલ કન્યાનું છે. એ છોકરીની ઉંમર ૧૮ વર્ષની હતી ત્યારે તે એક સત્યાગ્રહી તરીકે અવસાન પામી હતી. તે દક્ષિણ આફ્રિકામાં સત્યાગ્રહની ચળવળમાં જોડાઈ હતી. આ ચળવળ આઠ વરસ ચાલી હતી. લડત દરમ્યાન એને ગિરફતાર કરી જેલમાં પૂરવામાં આવી હતી. જેલમાં એને ટાઈફૉઈડ લાગુ પડ્યો અને તેથી એનું મૃત્યુ થયું. દક્ષિણ આફ્રિકામાં મળેલી રાહતો વિષે આપ સૌ જાણો જ છો. એ રાહત અપાવવાનું માન એ છોકરીને તથા તેના સાથી સત્યાગ્રહીઓને છે. બીજું દૃષ્ટાંત છે વાલિયામાના જેટલી જ ઉંમરના એક છોકરાનું. એનું નામ હતું નાગપ્પન.[1] એને પણ એ લડત દરમ્યાન જેલ ભોગવવી પડી હતી. લડતમાં શા માટે જોડાવું જોઈએ એ વિષે એણે કદી દલીલ કરી નથી. એના દિલમાં આ લડત ન્યાયી છે એવો વિશ્વાસ જાગ્યો હતો. એના અંતરમાં જ એ વાત સ્ફુરી આવી હતી કે જે ઉપાય અપનાવવામાં આવ્યો છે તે જ એક સાચો અને અસરકારક ઉપાય છે.

દક્ષિણ આફ્રિકાની આબોહવા હિંદુસ્તાનનાં મેદાનોના પ્રદેશોની આબોહવા જેટલી આરોગ્ય-દાયી નથી. દક્ષિણ આફ્રિકામાં શિયાળાની ઠંડી ઘણી કાતિલ હોય છે અને નાગપ્પનને જ્યારે જેલમાં પૂર્યો ત્યારે શિયાળો ચાલતો હતો. એને તંબૂમાં રાખવામાં આવ્યો હતો એટલે એને સખત ઠંડી ભોગવવી પડેલી. કેદી તરીકે એને સખત મજૂરી કરવી પડતી. કેદમાં ન રહેવું હોય

૧. સામી નાગપ્પન, એક સત્યાગ્રહી બાળક; એને ૨૧મી જૂન, ૧૯૦૯ને રોજ ૧૦ દિવસની સખત મજૂરીની કેદની સજા ફરમાવવામાં આવી હતી; પરંતુ ૩૦મી જૂને એને મરણતોલ દશામાં ટ્રાન્સવાલની એક જેલમાંથી મુક્ત કરવામાં આવ્યો હતો. ૧૯૦૯ની ૬ઠ્ઠી જુલાઈએ તે મૃત્યુ પામ્યો હતો. જુઓ પુસ્તક ૯, પા. ૩૫૭.

Gandhi Heritage Portal

તો મન ફાવે ત્યારે દંડ ભરી દઈને છૂટવાનો વિકલ્પ એને મળ્યો હતો, પરંતુ એણે દંડ ભરવાનું પસંદ ન કર્યું. તે માનતો હતો કે જેલના દરવાજામાંથી પસાર થઈને જ સ્વતંત્રતાના દ્વારમાં પ્રવેશ મળી શકે. પરિણામે જેલજીવન દરમ્યાન જ એને શરદી અને તાવ લાગુ પડયાં અને અંતે એ મરણ પામ્યો. નાગપ્પન એક અભણ છોકરો હતો અને એનાં માબાપ ગિરમીટિયા મજૂર હતાં, પરંતુ એનું હૃદય વીરનું હૃદય હતું. એટલે આપ સૌ ભાઈબહેનોને આજે હું એટલું જ કહેવા આવ્યો છું કે જો આપ રૉલેટ કાયદાને અયોગ્ય માનતા હો તો આપ પ્રહ્‌લાદનું નહીં પણ વાલિયામા અને નાગપ્પનના ઉદાહરણનું અનુકરણ કરજો, પરંતુ આપ રૉલેટ કાયદાને અયોગ્ય સમજો એટલું જ બસ નથી. આમાં એક બીજી શરત પણ છે. આપને આ સત્યાગ્રહના ઉપાયની અસરકારકતામાં શ્રદ્ધા હોવી જોઈએ અને એમાં જે કષ્ટો વેઠવાં પડે તે વેઠવાની આપનામાં તાકાત પણ હોવી જોઈએ; પરંતુ હું માનું છું કે આપ એટલું તો કબૂલ રાખશો કે કષ્ટ વેઠયા વિના હજી સુધી કોઈ પણ રાષ્ટ્ર મહાન બન્યું નથી, પછી એ કષ્ટ ચાહે તો અન્ય પ્રત્યે હિંસા આચરવામાં રહેલું હોય કે સત્યાગ્રહને પરિણામે જન્મ્યું હોય. સત્યાગ્રહ મૂળે તો એક ધાર્મિક શક્તિ છે. આત્માની અખંડ અને અવિકારી શક્તિમાં જો આપણને શ્રદ્ધા નહીં હશે તો આપણે આ લડતને એની સફળતાની મંજિલે પહોંચાડી નહીં શકીશું. જો એમ થશે તો એમાં દોષ આ આંદોલનનો કે મેં વર્ણવેલી શક્તિનો નહીં હશે, પરંતુ આપણા પોતાનામાં રહેલી અપૂર્ણતાઓનો હશે. એટલા માટે હું આપ સૌને કહું છું કે આપ આ પ્રશ્ન અંગે પૂરેપૂરો વિચાર કરી લેજો, પરંતુ એક વાર પ્રતિજ્ઞા ઉપર સહી કર્યા પછી આપે આપના શિરે કેવડી મોટી જવાબદારી વહોરી છે તેનો ખ્યાલ રાખજો અને પાછા નહીં હઠશો. સત્યાગ્રહની પ્રતિજ્ઞામાંથી એવું તાત્પર્ય નીકળે છે કે પ્રતિજ્ઞા પર સહી કરનારાઓએ તેના પર સહી નહીં કરી શકનારા પ્રત્યે કોઈ પણ જાતનું અપમાનભર્યું વર્તન રાખવાનું નથી. જો તેઓ પ્રતિજ્ઞા ઉપર સહી ન કરે તો તેનો અર્થ એવો થાય કે તેઓ એ બિલોને નાપસંદ કરતા નથી, અથવા તેમને આ લડતમાં વિશ્વાસ નથી, અથવા તેમના પોતાનામાં એટલી શક્તિ નથી. વખત જતાં આપણે તેમને લડતના પક્ષમાં જીતી લઈશું એવી આપણે આશા રાખીએ છીએ. મેં અખબારો જોગ એક પત્ર મોકલ્યો છે તે આપે જોયો હશે. એ પત્રમાં મ સૂચવ્યું છે કે આવતો રવિવાર આપણે અપમાન અને પ્રાર્થનાદિન તરીકે પાળવો. ઉપરાંત મેં બીજાં પણ ત્રણ સૂચનો કર્યાં છે. મેં કહ્યું છે કે તે દિવસે ઉપવાસ કરવો, તમામ બજારો તથા વેપારધંધાનાં સ્થાનો અને બીજાં તમામ કામકાજ બિલકુલ બંધ રાખવાં, અને સમસ્ત ભારતમાં સભાઓ ભરી ઠરાવો પસાર કરવા. જે ઉપવાસ કરવાનો છે તે ભૂખહડતાળ નથી, પરંતુ એ સ્વેચ્છાપૂર્વકના ત્યાગનું એક કાર્ય છે. આ ત્રણ બાબતોમાં સત્યાગ્રહી કે બિનસત્યાગ્રહી સૌ કોઈ ભાગ લઈ શકે છે, એટલે હું આશા રાખું છું કે આ પવિત્ર મદુરા નગરીના તમામ લોકો આ પવિત્ર ઉપવાસમાં સામેલ થશે. અત્યાર સુધી મેં સત્યાગ્રહ આંદોલનનાં મહત્ત્વનાં લક્ષણોનું જ માત્ર વર્ણન કર્યું છે, પરંતુ આ આંદોલનની જે એક બીજી અસર થવા સંભવ છે તે તરફ હું આપ સૌનું ધ્યાન દોરવા માગું છું. સરકાર માને છે કે રૉલેટ કાયદાથી આ દેશમાંથી અરાજકતાની ચળવળ કાયમ માટે નાબૂદ થઈ જશે. મેં બીજી જગ્યાએ કહ્યું છે તેમ, એ કાયદાથી એવું કશું થવાનું નથી. પરંતુ હું આપને હિંમતપૂર્વક કહું છું કે સત્યાગ્રહનું આ આંદોલન, અરાજકતાની વિચાર-સરણી ધરાવતા લોકોની અખૂટ શક્તિ પ્રગટ કરવા માટે એવો માર્ગ ખુલ્લો કરી આપશે કે પરિણામે

Gandhi Heritage Portal

એ એમના ખુદ સ્વભાવને પલટી નાખશે અને એમને ફરિયાદો દૂર કરાવવા માટે આવા શુદ્ધ ઉપાયોનું આલંબન લેતાં શીખવશે. આ સંજોગોમાં મને ભરોસો છે કે આ આંદોલનને સૌ કોઈનો આદર અને સહારો મળી રહેશે. આપે મારી વાતો ખૂબ જ ધીરજથી સાંભળી એ બદલ આપ સૌનો હું આભાર માનું છું. હું આશા રાખું છું કે આજે આપણા દેશમાં જે કંઈ બની રહ્યું છે તે પર આપ સૌ સારી પેઠે વિચાર કરશો અને આપની સમજમાં ઊતરે તેવી ફરજ બજાવશો. ઈશ્વરને મારી પ્રાર્થના છે કે તે આપને એ કરી શકવાને સદ્‌બુદ્ધિ આપે. ફરી એક વાર હું આપનો આભાર માનું છું.

[મૂળ અંગ્રેજી]

હિંદુ, ૨૯–૩–૧૯૧૯

## ૧૫૭. તૂતીકોરિનમાં સત્યાગ્રહ આંદોલન વિષે ભાષણ

માર્ચ ૨૮, ૧૯૧૯

પ્રમુખ મહાશય અને મિત્રો,

આપની સમક્ષ હું ઊભો રહીને બોલી શકતો નથી તે બદલ મને ક્ષમા કરશો. મારી તબિયત નબળી હોવાથી મારાથી ઊભા રહેવાતું નથી. બીજું, મારાથી તામિલ ભાષામાં બોલી શકાય તેમ નથી તે બદલ પણ હું આપની માફી માગું છું. જ્યારે આપ હિંદની રાષ્ટ્રભાષા એટલે કે હિંદી ભાષા શીખી લેશો ત્યારે આપની સામે હિંદીમાં ભાષણ કરતાં મને ઘણો આનંદ થશે. એટલે હવે મદ્રાસ અને બીજી જગ્યાએ હિંદી શીખવાની જે સગવડ કરી આપવામાં આવી છે તેનો લાભ લેવો એ આપના હાથની વાત છે. જ્યાં સુધી આપ હિંદી નહીં શીખી લો, ત્યાં સુધી આપ આપની જાતને બાકીના હિંદથી ખરેખર અલગ જ રાખવાના. આપે મને આ માનપત્ર આપ્યું એ બદલ હું આપનો ઘણો જ આભાર માનું છું. આજે હું આપને એક આમંત્રણ આપવા આવ્યો છું. આ પ્રદેશ હિંદના છેક દક્ષિણ ભાગમાં આવેલો છે. મદ્રાસથી અહીં સુધી આવતાં, દેશના આ ભાગોમાં વ્યાપેલી ધાર્મિક ભાવના અને ધાર્મિક તત્ત્વોનો પ્રભાવ જોઈ હું બહુ જ નવાઈ પામ્યો છું. હિંદના આ દક્ષિણ પ્રદેશમાં એટલાં બધાં મંદિરો છે કે એટલાં મંદિરો હિંદમાં કોઈ સ્થળે જોવામાં આવતાં નથી. સ્થાપત્યના આ અદ્‌ભુત નમૂનાઓ ઉપર અઢળક ધન ખર્ચવામાં આવ્યું છે. બીજી કોઈ બાબત કરતાં આ મંદિરો મને એ વાતની ખાતરી કરાવે છે કે આપણે અત્યંત ધાર્મિક વૃત્તિના લોકો છીએ અને ભારતની જનતાના હૃદયને આકર્ષવા માટે ધર્મ જ સર્વોત્તમ સાધન છે, એટલે હું આપને એક ધાર્મિક ભાવનાની વાત કહેવા આવ્યો છું. આપણામાંના ઘણા લોકો માને છે કે રાજકીય જીવનમાં ધાર્મિક તત્ત્વ દાખલ કરવાની બિલકુલ જરૂર નથી. કેટલાક લોકો એટલે સુધી કહે છે કે રાજકારણને ધર્મ સાથે કશી જ લેવાદેવા નહીં હોવી જોઈએ. આપણો ભૂતકાળ બતાવી આપે છે કે આ સિદ્ધાંતને આપણે તિલાંજલિ આપેલી છે અને આપણી દરેક પ્રકારની પ્રવૃત્તિમાં આપણે ધાર્મિક ભાવનાનું તત્ત્વ દાખલ કરેલું છે. રૉલેટ કાયદો શું છે એ આપ સૌ જાણો છો અથવા આપે તેને જાણવો જોઈએ, એટલે એ કાયદાનો ઇતિહાસ કહેવામાં હું આપનો સમય લેવા માગતો નથી. હિંદના એક છેડાથી બીજા

Gandhi Heritage Portal

છેડા સુધી એક વાત તો સહુ એકસરખી રીતે માને જ છે કે જો આ કાયદો કાયદાપોથીમાં ચાલુ રહેશે તો તેથી આખા દેશને માથે કલંક લાગશે. આપણે આપણા રાજ્યકર્તાઓને કહી દીધું છે કે આપ આ કાયદો ચાલુ ન રાખશો; પરંતુ તેમણે આપણી આ વિનંતી પ્રત્યે સાવ બેપરવાઈ બતાવી છે. આ રીતે તેમણે આખા દેશ ઉપર બેવડો અન્યાય કર્યો છે. આપણે જોયું છે કે આપણી તમામ સભાઓ, આપણા તમામ ઠરાવો, અને વડી ધારાસભામાં આપણા પ્રતિનિધિઓએ આપેલાં તમામ ભાષણો, આ બધું જ લગભગ નિષ્ફળ ગયું છે. આવા સંજોગોમાં આપણે શું કરવું જોઈએ? હું અગાઉ કહી ચૂક્યો છું તેમ, આપણે કોઈ પણ ઉપાયે આ કાયદો રદ કરાવવો જોઈએ. આને માટે આપણી પાસે કેવળ બે જ માર્ગ ખુલ્લા છે. પહેલો આધુનિક અથવા પશ્ચિમનો માર્ગ છે અન્યાય કરનારાઓ પ્રત્યે હિંસાનો આશરો લેવાનો, પણ હું માનું છું કે હિંદુસ્તાન એ માર્ગ નહીં સ્વીકારશે. હિંદુસ્તાનના વિરાટ જનસમુદાયને આપણા ધર્મગુરુઓએ કદી હિંસા કરવાનો ઉપદેશ આપ્યો નથી. બીજો માર્ગ આપણે પ્રાચીન કાળથી જાણીએ છીએ. એ માર્ગ શાસકોની અન્યાયી વાતોને મચક આપ્યા વિના તેનાં પરિણામો સહન કરી લેવાનો છે. એ રીતે જાતે કષ્ટ સહન કરી લેવાનો માર્ગ એટલે સત્યાગ્રહ. એ પ્રહ્લાદનો માર્ગ છે, અને હું નમ્રતાપૂર્વક છતાં હિંમતભેર આપને કહીશ કે આપણી સામે આપણે અપનાવી શકીએ તેવો આ એક જ માર્ગ છે. એમાં પરાજયને સ્થાન જ નથી, કેમ કે એમાં મૃત્યુ થાય અગર તો વિજય મળે ત્યાં સુધી આપણે લડત ચાલુ રાખીએ છીએ; પરંતુ આજે તો આપણે શંકાની ભાવનાથી દોરવાઈ ગયેલા છીએ, અને સંભવ છે કે આપણામાંના ઘણા પ્રહ્લાદની કથાને એક દંતકથા માનીને તેની ઉપેક્ષા કરે.

એટલે આજે હું આધુનિક ઈતિહાસના સત્યાગ્રહીઓની વાતો બને એટલી સંક્ષેપમાં કહી સંભળાવવા માગું છું. મેં માત્ર મૃત્યુને વરેલા સત્યાગ્રહીઓનાં નામ જ પસંદ કર્યાં છે. એમાંનાં ત્રણ જણાં તામિલ પ્રદેશનાં વતની હતાં અને એક જણ મુંબઈ ઈલાકાનો મુસલમાન હતો. તામિલવાસીઓમાં એક અઢાર વરસની વાલિયામા નામની સુંદર કન્યા હતી; અને હવે પછી હું જે બીજા બે છોકરાઓનો ઉલ્લેખ કરવાનો છું એમની પેઠે જ આ કન્યા પણ દક્ષિણ આફ્રિકામાં જન્મી હતી. એ છોકરીને જેલમાં ટાઈફૉઈડ તાવ લાગુ પડ્યો, તેમ છતાં તેણે જેલમાંથી છૂટવાની ના પાડી દીધી. એ તાવને પરિણામે એ છોકરી જેલમાં જ મરણ પામી.[1] બીજા બે છોકરામાંથી એકની ઉંમર ૧૮ વરસની અને બીજાની ૧૭ વરસની હતી. એ બંને જેલમાંથી છૂટયા પછી મૃત્યુ પામ્યાં હતાં. એ ત્રણે જણાં ગિરમીટિયા મજૂરોને પેટે જન્મ્યાં હતાં. આપણામાંના ઘણાને જે 'લિબરલ' કહેતાં શિષ્ટ સમાજનું ઉચ્ચ શિક્ષણ મળેલું છે તેવું તેમને મળ્યું નહોતું. એમને તો રામાયણ અને મહાભારતની કથાનો માત્ર આછો ખ્યાલ જ મળેલો હતો. દક્ષિણ આફ્રિકામાં ધર્મનું શિક્ષણ આપે એવા કોઈ ગુરુઓ નહોતા, એટલે પ્રહ્લાદનાં અદમ્ય કૃત્યોની એમના મન પર કોઈએ અસર ઉપજાવી નહોતી, પરંતુ આજે તેમનાં નામો દક્ષિણ આફ્રિકાના વીરો અને વીરાંગનાઓની યાદીમાં ઊંડાં કોતરાયેલાં જોવામાં આવે છે. ચોથા બહાદુર પુરુષનું નામ હતું અહમદ મહમદ કાછલિયા. તે ઉત્તમ કોટિના વીર પુરુષ હતા. એમના જેવા સાચા દિલના માણસો મેં બહુ ઓછા જોયા છે. તેઓ ખૂબ જ સાધનસંપન્ન વેપારી

૧. વાલિયામાનું મૃત્યુ જેલમાંથી છૂટયા પછી થયું હતું. જુઓ "ત્રિચિનાપલ્લીમાં સત્યાગ્રહ આંદોલન વિષે ભાષણ", ૨૫-૩-૧૯૧૯; તેમ જ દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઇતિહાસ, દ્વિતીય ખંડ, પ્રકરણ ૧૬.

Gandhi Heritage Portal

હતા. દક્ષિણ આફ્રિકામાં પૂર જોસમાં ચાલતી આ સત્યાગ્રહની લડતમાં એ ભાઈ પૂરેપૂરા ખૂંપી ગયા હતા. તેઓ ટ્રાન્સવાલમાં બ્રિટિશ હિંદી સંઘના પ્રમુખ હતા. તેઓ જેલમાં તો ગયા જ, ઉપરાંત તેઓ છેક જ ગરીબ થઈ ગયા. તેમણે પોતાની તેમ જ પોતાની માતૃભૂમિની પ્રતિષ્ઠા ખાતર પોતાની પાસે જે કંઈ સંપત્તિ હતી તેનું બલિદાન આપી દીધું. તેઓ સત્યાગ્રહની શક્તિને ઓળખતા હતા. હમણાં થોડા જ માસ ઉપર તેઓ અવસાન પામ્યા ત્યારે આખા દક્ષિણ આફ્રિકામાં શોક પાળવામાં આવ્યો હતો. પ્રચલિત અર્થમાં તો એ ભાઈ પણ સાવ અભણ હતા; પરંતુ એમનામાં સાધારણ મનુષ્યમાં જોવા ન મળે એવી ભરપૂર વ્યવહારુ બુદ્ધિ હતી. પોતાની અચૂક આત્મસૂઝથી એમને એટલું સમજાઈ ગયું હતું કે મુક્તિનો માર્ગ હિંસામાં નહીં પણ જાતે દુઃખ સહન કરવામાં રહેલો છે. મને એ વાતમાં સહેજ પણ શંકા નથી કે જે કાર્ય કરવાનું વાલિયામા, નાગપ્પન, નારાયણ સામી[1] અને અહમદ મહમદને માટે શક્ય હતું તે આપ દરેકને માટે આજે શક્ય છે. આ આધુનિક સત્યાગ્રહીઓનાં નામે હું આપને હાકલ કરું છું કે આપ એમને પગલે ચાલો, સત્યાગ્રહની પ્રતિજ્ઞા ઉપર સહીઓ કરો અને કાયદો રદ કરાવો. આ પ્રતિજ્ઞા લેવાનું કાર્ય એ સર્વશક્તિમાન ઈશ્વરને નામે માથે લીધેલું એક પવિત્ર કાર્ય છે. એટલે દરેક સ્ત્રી-પુરુષને આ પ્રતિજ્ઞા ઉપર સહી કરવાની હું આગ્રહપૂર્વક વિનંતી કરું છું. પરંતુ સાથોસાથ દરેકને કહું છું કે આપ એના ઉપર સહી કરતાં પહેલાં ખૂબ ખૂબ વિચાર કરો, અનેક વાર વિચાર કરો; પરંતુ જો આપ આ પ્રતિજ્ઞા ઉપર સહી કરવાનો નિર્ણય જ કરો, તો એટલું ધ્યાનમાં રાખજો કે આપે વાલિયામા અને અહમદ મહમદની માફક આપના પ્રાણને ભોગે પણ એનું પાલન કરવાનું છે. સત્યાગ્રહી જ્યારે પ્રતિજ્ઞા ઉપર સહી કરે છે ત્યારે તે પોતાના ખુદ સ્વભાવને બદલી નાખે છે. તે એક માત્ર સત્ય, જેનું બીજું નામ પ્રેમ છે, તેના ઉપર જ આધાર રાખે છે. પ્રતિજ્ઞા ઉપર સહી કરતાં પહેલાં કદાચ એને પોતાની સાથે મતભેદ ધરાવતા લોકો ઉપર ગુસ્સો ચડે, પરંતુ સહી કર્યા પછી તેમ નહીં થવું જોઈએ. આખરે તો આપણે એવી ઉમેદ રાખીએ છીએ કે જેમ જેમ લડત આગળ વધતી જશે તેમ તેમ દરેક જણ આપણા પક્ષમાં ભળી જશે. આપણે એમના પ્રત્યે કડવાશ નહીં રાખતાં સંપૂર્ણ રીતે પ્રેમ અને આદરથી વર્તીશું ત્યારે જ આપણને આ કામમાં સફળતા મળશે. આપે છાપાંમાં વાંચ્યું હશે કે આ આંદોલન શરૂ કરવા માટે મેં ત્રણ ખાસ સૂચનો કર્યાં છે; મારાં એ સૂચનો અપનાવતાં આ આંદોલનનું ધાર્મિક સ્વરૂપ પણ સ્પષ્ટ રીતે દેખાઈ આવશે. પહેલું સૂચન એ છે કે એપ્રિલની છઠ્ઠી તારીખને રવિવારે આપણે ઉપવાસ કરવો. બીજું સૂચન એ છે કે તે દિવસે આપણે આપણા તમામ સામાન્ય કામધંધા બંધ રાખવા. જો રવિવારે પણ કામ પર જવાનું હોય તો નોકરિયાત વર્ગે પોતાના ઉપરીની અગાઉથી રજા લઈ તે દિવસે કામ બંધ રાખવું. આ બંને સૂચનો સૌ કોઈને લાગુ પડે છે અને તેમાં સરકારી નોકરો પણ આવી જાય છે. ત્રીજું સૂચન એવું છે કે તે દિવસે હિંદુસ્તાનમાં ગામડે ગામડે સભાઓ ભરી તેમાં રૉલેટ કાયદા સામે વિરોધ જાહેર કરવો અને એ રદ કરવા ભારતમંત્રીને વિનંતી કરવી. આ ત્રણે સૂચનો યોજવાનો ઉદ્દેશ લોકોને સ્વાર્થત્યાગ, આત્મનિયમન અને

૧. નારાયણ સામી એક તામિલ સત્યાગ્રહી હતો. તેને ટ્રાન્સવાલમાંથી દેશપાર કરી હિંદુસ્તાન મોકલી આપવામાં આવ્યો હતો. હિંદુસ્તાનથી પાછા ફરતાં તેને અનેક બંદરો આગળ જહાજમાંથી ઊતરવા દેવામાં આવ્યો નહોતો. આ રીતે લગભગ બે મહિના સુધી જહાજ પર રહ્યા પછી, તે ૧૬મી ઑક્ટોબર, ૧૯૧૦ને રોજ મરણ પામ્યો હતો. જુઓ પુસ્તક ૧૦, પા. ૪૧૭ અને ૪૧૯–૨૦.

Gandhi Heritage Portal

લોકશિક્ષણની તાલીમ આપવાનો છે. ઉપવાસમાં આપણી સ્ત્રીઓ, આપણા નોકરચાકરો અને સૌ કોઈ સામેલ થાય એવી આપણી અપેક્ષા છે. જો આપ મારાં આ નમ્ર સૂચનો સ્વીકારતા હો, તો જે ભાવનાથી મેં એ આપની સમક્ષ મૂક્યાં છે તે જ ભાવનાથી તેનો અમલ કરશો એવી હું આશા રાખું છું. આપે મારી નબળી તબિયતનો માનપૂર્વક ખ્યાલ રાખી મારા ભાષણ દરમ્યાન તાળીઓ પાડી નથી, સિટીઓ મારી નથી કે કોઈ પ્રકારના ધાંધલભર્યા દેખાવો કર્યા નથી એને હું આપની મહેરબાની સમજું છું. હું આપને આગ્રહપૂર્વક કહું છું કે આપ તમામ સત્યાગ્રહીઓ પ્રત્યે એવો જ આદરભાવ દાખવશો. જો આપ તાળીઓ પાડીને અથવા "શરમ, શરમ" કે "વાહ વાહ"ના પોકારો કરીને આપનું ધ્યાન બીજી દિશામાં જવા નહીં દો તો જે વાત આપની સમક્ષ કહેવાઈ રહી છે તે ઉપર આપ વધારે સારી રીતે એકાગ્ર થઈ શકશો. વળી એથી બોલનારની વિચારધારા પણ તૂટતી બચી જશે. હું તો એટલે સુધી સૂચવું છું કે આપણી તમામ સભાઓમાં પછી તે સત્યાગ્રહીઓની હોય કે બીજી હોય, આવી આધુનિક પ્રદર્શન પદ્ધતિનો જરા પણ અમલ નહીં થવો જોઈએ. બધી સભાઓ અંગે મારી આ સલાહ આપ માનો યા ન માનો, પરંતુ સત્યાગ્રહ અંગેની સભાઓમાં તો મારું આટલું કહેવું આપ માન્ય રાખશો જ એવી હું આશા રાખું છું. આપણી પાસે સત્ય અને આત્મબલિદાન ઉપર આધાર રાખવા સિવાય બીજું એકે શસ્ત્ર નથી. હું આશા રાખું છું કે આપ હમેશાં એ શસ્ત્ર ઉપર, માત્ર એ એક જ શસ્ત્ર ઉપર આધાર રાખશો. આપે આટલી ધીરજથી મારી વાત સાંભળી તે બદલ હું આપનો હાર્દિક આભાર માનું છું અને ઈશ્વરને પ્રાર્થના કરું છું કે તે આપણને આપણે હાથ ધરેલું ધર્મકાર્ય પાર પાડવાનું સામર્થ્ય આપે.

[મૂળ અંગ્રેજી]

હિંદુ, ૨–૪–૧૯૧૯

## ૧૫૮. નાગાપટ્ટમમાં મૂડી અને મજૂરી તથા રૉલેટ બિલો વિષે ભાષણ

માર્ચ ૨૯, ૧૯૧૯

પ્રમુખ મહાશય અને મિત્રો,

ખૂબ નબળાઈને લીધે મારાથી ઊભા રહીને બોલી શકાય એમ નથી. તે બદલ હું ફરી એક વાર આપની ક્ષમા માગું છું. વળી એ વાતનું પણ મને દુ:ખ છે કે હું આપની સમક્ષ સુંદર તામિલ ભાષામાં બોલી શકતો નથી. ખેદની વાત એ છે કે આપનામાંના મોટા ભાગના લોકો હિંદી ભાષા જાણતા નથી, એટલે હું રાષ્ટ્રભાષામાં પણ બોલી શકું એમ નથી. આપે આજે બપોર પછી મને આ સુંદર માનપત્ર આપ્યું તે બદલ હું આપનો આભાર માનું છું. જો આપનું આ માનપત્ર તામિલ ભાષામાં લખાયું હોત તો મારી આભારની લાગણી હજી વધારે ઉષ્માભરી બની હોત. આપ તામિલની સાથે એનો હિંદી કે અંગ્રેજી અનુવાદ મને આપી શકયા હોત, અથવા મેં પોતે એનો અનુવાદ કરાવી લીધો હોત. હું જરૂર આશા રાખું છું કે હવે પછી જ્યારે બીજો પ્રસંગ આવે ત્યારે આપના માનનીય અતિથિ ગમે તે હોય તોપણ, આપ આપની પોતાની માતૃ-ભાષાનું ગૌરવ પિછાનશો.

Gandhi Heritage Portal

## મૂડી અને મજૂરી

હું ખાસ કરીને મજૂરસંઘના આમંત્રણથી અહીં આવ્યો છું. હું એમ પણ સમજું છું કે આ સભામાં મોટા ભાગના લોકો મજૂરો છે, એટલે હું ખાસ કરીને મજૂરોને ઉદ્દેશીને થોડી વાતો કહું તો બીજા ભાઈઓ મને માફ કરશે. લગભગ મારું આખું જીવન મજૂરો વચ્ચે વીતેલું છે. મજૂરોની સમસ્યાઓ વિષે હું કાંઈક માહિતી ધરાવું છું. મને વિશ્વાસ છે કે શ્રમનો મહિમા હું બરાબર સમજું છું. હું એવી પણ આશા રાખું છું કે આ ભારે મહાયુદ્ધ દરમ્યાન જે લોકો આ મહાન મજૂર આંદોલનનું સંચાલન કરી રહ્યા છે તેઓ મજૂરોને શ્રમનો મહિમા સમજવામાં સહાયભૂત બનશે. હિંદના નાગરિકોમાં મજૂરોનું સ્થાન ઓછું અગત્યનું છે એવું કહી નહીં શકાય. ખરી રીતે તો જો મજૂરો સાથે ખેડૂત વર્ગને પણ ઉમેરીએ તો હિંદુસ્તાનની વસ્તીમાં તેમની મોટી બહુમતી થાય. હું તો કહું છું કે હિંદુસ્તાનનું ભાવિ, અને કોઈ પણ દેશનું ભાવિ, ઉચ્ચ વર્ગના લોકો પર નહીં પરંતુ આમ વર્ગના લોકો ઉપર વધારે આધાર રાખે છે. આમાં હું કશી નવી વાત કહેતો નથી, એ દેખીતું સત્ય છે. એટલે એ વસ્તુ જરૂરી છે કે મજૂરોએ સમાજમાં પોતાનું શું સ્થાન છે તે બરાબર સમજી લેવું જોઈએ; અને એ પણ જરૂરી છે કે ઉચ્ચ વર્ગના લોકો, જેઓ આમજનતાના માર્ગદર્શક છે તેમણે પણ પોતાનું જનતા પ્રત્યેનું કર્તવ્ય બરાબર સમજી લેવું જોઈએ. વળી આપણી પોતાની પદ્ધતિમાં આપણે અનેક ખામીઓ જોઈએ છીએ, અને મારી દૃઢ શ્રદ્ધા છે કે મજૂરો અને મૂડીદારો વચ્ચે અસ્તિત્વ ટકાવી રાખવા માટે પશ્ચિમમાં જે સંઘર્ષ ચાલી રહ્યો છે તેવો સંઘર્ષ આપણી પદ્ધતિમાં ચલાવી લેવાશે નહીં. પશ્ચિમના દેશોમાં મજૂર વર્ગ અને મૂડીદાર વર્ગનાં હિતો લગભગ એકમેકનાં વિરોધી છે. એ બંને વર્ગ એકબીજા પ્રત્યે અણવિશ્વાસ સેવે છે. પ્રાચીન હિંદુસ્તાનમાં આવું નહોતું. અને મને જાણીને ખુશી ઊપજે છે કે આપણા દેશની મજૂર ચળવળના નેતાઓએ મજૂરો અને મૂડીદારો વચ્ચેના આંદોલનનું પશ્ચિમનું સ્વરૂપ અહીં દાખલ કર્યું નથી. તેમણે મજૂરોને એમ સમજાવવું જોઈએ કે તેઓ કોઈ પણ અર્થમાં મૂડીદારોના ગુલામો નથી અને તેમણે માનભેર રહેવાનું છે. મજૂરોને એ વાત સમજવા અને અનુભવવા તેમણે માત્ર એક જ તક આપવી જોઈએ કે આખરે તો ઉદ્યોગમાં તેઓ જ મુખ્ય શક્તિ છે અને તેઓ જ ઉદ્યોગના મુખ્ય ભાગીદારો છે, અને તેમણે પોતાનું સામર્થ્ય કેટલું છે તે સમજી લેવું જોઈએ. એમણે એ પણ સમજી લેવું જોઈએ કે મૂડી વિના મજૂરી બિલકુલ નિરર્થક છે. [એમણે એ પણ જાણવું જોઈએ કે] જો પૂરતી મૂડી ન હોય, તો હિંદુસ્તાનમાં મોટાં મોટાં સાહસો બિલકુલ અશક્ય બની જાય. એટલે મજૂરોનું મૂડી પ્રત્યે પણ ઋણ છે તે વાત એમણે કબૂલ રાખવી જોઈએ. ભવિષ્યમાં મજૂરો ઘણો અગત્યનો ભાગ ભજવવાના છે. હિંદુસ્તાનની વાત લઈએ તો મજૂરો પોતાના સંઘોનું સંતોષકારક રીતે નિયમન કરે એટલું જ પૂરતું નથી. એટલે તેમણે પોતાના સંઘો ઉપરાંત બીજી બાબતો તરફ પણ ધ્યાન આપવું જોઈએ. તેમણે સમજવું જોઈએ કે આખરે તો તેઓ વધારે મોટા એકમોનો જ એક ભાગ છે. તેઓ જો એટલું સમજી જાય કે તેઓ સામ્રાજ્યના સભ્યો અને નાગરિકો છે, તો એમની પ્રતિષ્ઠા વધશે. અને જો તેઓ માત્ર આટલું સમજી લેશે તો તેઓ રાષ્ટ્રીય પ્રવૃત્તિઓમાં જરૂર રસ લેતા થશે.

## રૉલેટ બિલો

આવી જ એક પ્રવૃત્તિ વિષે આજે હું આપની સમક્ષ ટૂંકમાં વિવેચન કરવા માગું છું. આપ જાણતા હશો કે સરકારે હમણાં જ એક એવો કાયદો કરવાનું બીડું ઝડપ્યું છે જેને વિષે

Gandhi Heritage Portal

મારો તથા આખા દેશનો એવો મત છે કે તે રાષ્ટ્રને માટે અત્યંત આઘાતજનક છે. સરકાર જે કાયદો પસાર કરવા માગે છે, તેનું રહસ્ય સમજી લેવાનું આપણામાંના ઊંચા કે નીચાં, સ્ત્રી કે પુરુષ, દરેકનું કર્તવ્ય છે. એટલે હું આશા રાખું છું કે આપણા નેતાઓ આમજનતા પાસે પહોંચી જશે અને આ કાયદો શી ચીજ છે તે તેમને સમજાવશે. આ અપમાનજનક કાયદો રદ થવો જોઈએ એ વાત બિલકુલ સ્વાભાવિક છે અને જરૂરી છે. એટલે આપણે એવી રીતે કામ કરવાનું છે કે આ કાયદો નાબૂદ કરાવવામાં આપણે સફળ થઈ શકીએ. આપણે સમગ્ર હિંદમાં સભાઓ ભરી છે, ઠરાવો કર્યા છે, અને વાઇસરૉયને વિનંતી પણ કરી છે કે તેઓ આ કાયદો રદ કરે, પરંતુ આ બધી વિનંતીઓ તરફ બિલકુલ ધ્યાન અપાયું નથી. આમ કરવામાં આપણા રાજ્યકર્તાઓએ આપણા પ્રત્યે બેવડો અન્યાય કર્યો છે. એક તો તેઓ એક અત્યંત હાનિકારક કાયદો ઘડી રહ્યા છે અને બીજું તેમણે લોકમતને ઠોકરે માર્યો છે. જ્યારે જનતાનું દિલ દુભાય છે અને તે ક્રોધે ભરાય છે, તથા ઈશ્વરમાં શ્રદ્ધા ખોઈ બેસે છે ત્યારે તે શસ્ત્રો ધારણ કરે છે અને અન્યાય કરનારની સામે લડત માંડે છે. એ છે હિંસાનો સિદ્ધાંત. બધી બાબતનો વિચાર કરતાં હિંદુસ્તાને આ સિદ્ધાંત સ્વીકાર્યો નથી. એટલે આ દેશને આશાના [આત્મબળના] અચૂક વિજયમાં શ્રદ્ધા છે. આ દેશ ઈશ્વરમાં માનતો આવ્યો છે અને એને ઈશ્વરના ન્યાયીપણામાં શ્રદ્ધા છે. એટલે કસોટીની આ પળે આપણે ઈશ્વર ઉપર ભરોસો રાખીને બેઠા છીએ. જ્યારે કોઈ અન્યાયી માણસ આપણા ઉપર અઘટિત બાબતો ઠોકી બેસાડે, ત્યારે એની આજ્ઞાનો ભંગ કરવો એ આપણી ફરજ થઈ પડે છે. પરંતુ પ્રહ્‌લાદે [જાતે કષ્ટો સહીને] જે રીતે અન્યાયનો સામનો કર્યો હતો તે રીતે આપણે પણ સામનો કરવો જોઈએ. એટલે કે અત્યારના આપણા મામલામાં આપણે હિંસાની પદ્ધતિ કરતાં જુદી રીતે પગલાં ભરીને વર્તવાનું છે. આને જ સત્યાગ્રહ કહેવામાં આવે છે.

આ સિદ્ધાંત જાતે કષ્ટ સહન કરવાનો છે એટલે એમાં હારને સ્થાન જ નથી. આપણા દેશબંધુઓ દક્ષિણ આફ્રિકામાં મજૂરી કરતા હતા. ત્યાં તેમણે આ દૃષ્ટાંતોનું અનુકરણ કર્યું હતું. એનું શું પરિણામ આવ્યું તે આપ જાણતા જ હશો. એ આંદોલનમાં બધા પ્રકારના લોકોએ હાથ મિલાવ્યા હતા, પરંતુ એમાં મોટો ભાગ સાધારણ વર્ગનો હતો. દક્ષિણ આફ્રિકામાં બે સુંદર છોકરાઓ અને એક સુંદર કન્યાએ પોતાના રાષ્ટ્રના સ્વમાનને ખાતર પ્રાણ આપ્યા હતા. આપે એમનાં પવિત્ર નામો જાણી લેવાં જોઈએ, કેમ કે જ્યાં સુધી આ લડત ચાલશે ત્યાં સુધી, અને તે પછી પણ, એમનાં નામ રોજેરોજ યાદ કરવામાં આવશે. એ બાલિકાનું નામ હતું વાલિયામા અને છોકરાઓનાં નામ હતાં નાગપ્પન અને નારાયણ સામી. એ ત્રણેની ઉંમર આશરે ૧૫ વર્ષની હતી અને ત્રણે જણાં મજૂરવર્ગનાં સંતાનો હતાં. એમને ન તો પદ્ધતિસરનું, શિષ્ટ ગણાતા વર્ગને મળે એવું શિક્ષણ મળ્યું હતું, અને ન તો એમણે રામાયણ અને મહાભારતની પ્રેરક કથાઓ વાંચી હતી. પરંતુ એમની રગોમાં હિંદુસ્તાનનું લોહી વહેતું હતું. કષ્ટ સહન કરવાનો સિદ્ધાંત એમનાં હૃદય ઉપર અંકિત થયેલો હતો. એટલે અહીં હાજર થયેલાં પ્રત્યેક જણને હું આગ્રહ કરું છું કે તેઓ આ બંને વીર છોકરાઓ અને પેલી વીરાંગના કન્યાના દાખલાનું અનુકરણ કરે. જો આપને અને મારે કષ્ટ વેઠવાનું આવે, જો આપણાં માલમિલકત આપણી પાસેથી છીનવી લેવામાં આવે તો કશી ચિંતા કરવાની નથી. એમ કરવાથી આપણે આપણા ગૌરવનું અને રાષ્ટ્રીય સ્વમાનનું રક્ષણ કરીએ છીએ. આ લડત વિષે આપને અહીંના નેતાઓ પાસેથી વધારે જાણવાનું

Gandhi Heritage Portal

મળશે. આ લડત કેવળ ધાર્મિક લડત છે. એટલે આપણે એનો આરંભ આવતા રવિવારે, એટલે તારીખ ૬ઠ્ઠી એપ્રિલે કરવાનો નિશ્ચય કર્યો છે. મેં સૂચવ્યું છે કે તે દિવસે આગલી રાતના વાળુ પછી તમામ પુરુષો, સ્ત્રીઓ, મજૂરો અને ધનિકો મતલબ કે જેની રગેરગમાં હિંદુસ્તાનનું લોહી વહેતું હોય એવા દરેક જણે ૨૪ કલાકનો ઉપવાસ કરવો. આ રીતે આપણે આપણી સવિનય કાનૂનભંગની લડત શરૂ કરવાના છીએ અને તે એક પૂરેપૂરી ધાર્મિક લડત છે. આ ઉપવાસ એ કોઈ બહારનો દેખાવ નથી, પરંતુ એ સર્વશક્તિમાન પ્રભુ પ્રત્યે હાર્દિક પ્રાર્થના છે કે તે આપણને આ લડતોમાંથી પસાર થવા માટે પૂરતું સામર્થ્ય અને સદ્‌બુદ્ધિ આપે. મેં એવું પણ સૂચવ્યું છે કે તે દિવસે આપણે તમામ ધંધાઓ અને બીજાં કામો બંધ રાખવાં. હું આશા રાખું છું કે આપણા વેપારી મિત્રો આ યોજનામાં સામેલ થશે. જો કોઈ મજૂરોને રવિવારે પણ કામ ઉપર જવું પડતું હોય તો તેમણે તે કામ પોતાના માલિકોની રજા મળે તો જ બંધ રાખવું. પોતાના માલિકોના વાજબી હુકમોનો અનાદર કરવો એ કાંઈ સવિનય કાનૂનભંગના આંદોલનનું ધ્યેય નથી. તે દિવસે આપણે સભાઓ ભરવી જોઈએ, અને આ વાંધાભર્યા કાયદાને રદ કરાવવા માટે [તેની] કાર્યવાહીના હેવાલો વાઇસરૉય અને ભારતમંત્રીને મોકલી આપવા જોઈએ. આપણી પ્રાર્થના સાધારણ પ્રાર્થના નહીં હોય. એની પાછળ સત્યાગ્રહની શક્તિ રહેલી હશે; અને હું આપને ખાતરી આપું છું કે જો આપણામાંથી ઘણા લોકો યોગ્ય અને સાચી ભાવનાથી આ લડતમાં ભાગ લેશે તો આપણે થોડા જ વખતમાં આ કાયદાને રદ કરાવી શકીશું.

### ઉપસંહાર

નાગાપટ્ટમમાં આપે મને બોલાવ્યો તે બદલ હું આપનો હૃદયપૂર્વક આભાર માનું છું. આપે મારી વાતો ધીરજપૂર્વક સાંભળી તે બદલ પણ હું આપનો આભારી છું. આખા મદ્રાસ ઇલાકામાં મારા ઉપર જે પુષ્કળ સ્નેહ વરસાવવામાં આવ્યો છે તેના વર્ણન માટે મારી પાસે શબ્દો નથી. હિંદીઓ પર અપાર શ્રદ્ધા રાખવાનું હું દક્ષિણ આફ્રિકામાં શીખ્યો છું. હિંદુસ્તાનના બીજા ભાગો કરતાં આપે રાષ્ટ્રીય પરંપરાઓ વધુ સારી રીતે જાળવી રાખી છે. એટલું તો ચોક્કસ છે કે આપે આપણી રાષ્ટ્રીય સંસ્કૃતિનું બાહ્ય સ્વરૂપ સાચવી રાખ્યું છે. આપને ઈશ્વરની દિવ્ય-શક્તિમાં પણ ઘણી શ્રદ્ધા છે. હું આપ લોકોને જોઉં છું ત્યારે મને આપણા મહાન ઋષિમુનિઓ યાદ આવે છે. આપ જેવું સાદું જીવન ગુજારી રહ્યા છો એનાથી વધારે સાદાઈથી આપણા એ ઋષિમુનિઓ પણ નહીં રહી શકયા હોય એની મને ખાતરી છે, પરંતુ એક વાત નક્કી છે કે જે બાહ્ય આકાર આપે આટલી સુંદર રીતે સાચવી રાખ્યો છે તેમાં આપે ઋષિઓની ભાવનાનું તત્ત્વ દાખલ કરવાનું છે. આટલું કરશો તો આપ આ દેશમાં શક્તિશાળી લોકો બની જશો, આપને હાથે દેશના ગૌરવનું રક્ષણ થશે અને દેશના ભાવિનું નિર્માણ થશે. હું આશા રાખું છું કે પરમાત્મા આપને આને માટે જરૂરી શક્તિ આપશે.

[મૂળ અંગ્રેજી]

હિંદુ, ૩–૪–૧૯૧૯

Gandhi Heritage Portal

## ૧૫૯. મદ્રાસની સભાને સંદેશો

માર્ચ ૩૦, ૧૯૧૯

ભાઈશ્રી રંગાસ્વામી,[1]

આજની સાંજની સભામાં હું નહીં આવી શકું તે માટે દિલગીર છું. આપણા આંધ્રના મિત્રોને મળવાનું કહેલું તે વચન પાળવા માટે મારે આજે બેઝવાડા જવું જ જોઈએ. પણ હું જાઉં તે પહેલાં ઇલાકાના દક્ષિણના ભાગોમાંના મારા પ્રવાસ સંબંધી મારા વિચારો હું લખી દઉં અને કેટલાક મિત્રોએ જે ટીકાઓ કરી છે તથા જે શંકાઓ દર્શાવી છે તેનો જવાબ આપી દઉં એ મને ઠીક લાગે છે.

### રખાતા ભય માટે લેવાયેલી સાવચેતીઓ

તાંજોર, ત્રિચિનાપલ્લી, મદુરા, તૂતીકોરિન અને નાગાપટ્ટમ એટલાં સ્થળોએ હું ગયો છું. ઓછામાં ઓછી સંખ્યા ગણીએ તોપણ મેં લગભગ ૩૦ હજાર મનુષ્યો આગળ મારી વાત કરી હશે. જેમને આપણને ચેતવણી આપવાનો તથા આપણી ફતેહ માટે શંકા દર્શાવવાનો અધિકાર છે, વળી, જેમને માતૃભૂમિ પ્રત્યે જેટલો પ્રેમ હોવાનો આપણે દાવો કરીએ છીએ તેટલો જ પ્રેમ છે, એવા કેટલાક લોકોને ભય છે કે આપણો હેતુ ગમે તેટલો શુદ્ધ હોય, કોઈ પણ અત્યાચાર ન થાય તે માટે આપણે ગમે તેટલા ચિંતાતુર હોઈએ તોપણ ઉત્સાહના આવેશમાં જે લોકો આપણી ચળવળમાં જોડાય છે તેઓ તેટલો આત્મસંયમ પાળશે નહીં અને તોફાન કરી બેસશે અને તેનું પરિણામ એ આવશે કે જાનમાલની ખુવારી થશે અને તેથી વિશેષ ખરાબ, રાષ્ટ્રના હિતમાં નુકસાન થશે. આ ચળવળ ઊપડચા પછી હું દિલ્હીથી શરૂઆત કરી સભાઓમાં ભાષણો કરતો આવ્યો છું. ત્યાંથી હું લખનૌ, અમદાવાદ અને મુંબઈ થઈને મદ્રાસ આવ્યો છું. આ બધાં સ્થળોની સભાઓનો મારો અનુભવ એવો છે કે સત્યાગ્રહનો આરંભ થતાંની સાથે જ સત્યાગ્રહની સભામાં આવનારા લોકોની વૃત્તિ બદલાઈ ગઈ છે. આપણી હિલચાલને નાપસંદ કરનારા વડી ધારાસભાના કેટલાક સભ્યોએ જે જાહેરનામું કાઢયું છે તે સંબંધી લખનૌની સભામાં પ્રમુખ સાહેબે કાંઈક નિર્દોષ ટીકા કરી એટલે સભામાંથી "શરમ છે" "શરમ છે"ના પોકારો ઊઠયા. સત્યાગ્રહીઓ અને સત્યાગ્રહની સભામાં આવનારાઓ આવા ઉદ્‌ગારો ન કાઢી શકે એવી મેં તેમને સૂચના કરી અને કહ્યું કે આપણી સભાઓમાં ભાષણો દરમ્યાન પસંદગી કે નાપસંદગીના કશા ઉદ્‌ગારો નહીં કાઢવા જોઈએ. મારી ટીકાનું રહસ્ય શ્રોતાઓ સમજી ગયા અને એ પછી તેમણે તેમના અભિપ્રાય કદી એવી રીતે દર્શાવ્યા નથી. બીજાં સ્થળોની માફક આ ઇલાકાનાં શહેરોમાં પણ લોકોએ તેમની લાગણીઓ દર્શાવવા ઘોંઘાટ નથી કર્યો. તેમાં એક કારણ મારી તબિયતનું પણ હતું એ વાત સાચી છે, છતાં તેની સાથે તેમ નહીં કરવા માટેનાં બીજાં ઉચ્ચ કારણો પણ છે, એ વાત તેઓ સારી રીતે સમજેલા હતા. વળી આ લડતના નેતાઓ પણ આત્મસંયમની જરૂર બરાબર સમજ્યા છે. મારા આ અનુભવો ઉપરથી હું ભવિષ્યને માટે ભારે આશાઓ બાંધું છું. આપણા મિત્રો જે ભયની

૧. કે. વી. રંગાસ્વામી; મદ્રાસ સત્યાગ્રહ સભાના ઉપક્રમે ટ્રિપ્લિકેન સમુદ્ર-કિનારા ઉપર ભરવામાં આવેલી સભાના તેઓ અધ્યક્ષ હતા.

Gandhi Heritage Portal

વકી રાખે છે તેવો ભય મને તો કદી હતો જ નહીં; અને તેમાં વળી આટલી સભાઓ જોયા પછી મારો વિશ્વાસ દૃઢ થયો છે. વળી હું વિશેષમાં જણાવું છું કે આવો ભય દૂર રાખવા માણસથી જેટલી બની શકે તેટલી સાવચેતીઓ રાખવામાં આવી છે અને હવે પછી પણ રાખવામાં આવશે. તેટલા માટે તો પ્રતિજ્ઞા ઉપર સહી કરનારાઓએ સત્યાગ્રહની કમિટી[1] ઠરાવે તે જ કાયદા તોડવાનું નક્કી કર્યું છે. આપણા સિંધી ભાઈઓએ તેમના શાંત સરઘસને અટકાવવાના હૈદ્રાબાદના પોલીસ કમિશનરના હુકમને, પ્રતિજ્ઞાનો અર્થ બરાબર સમજીને માન આપ્યું તેથી મને આનંદ થાય છે. કારણ પ્રતિજ્ઞાને વળગીને જેટલા કાયદા તોડી શકાય તેટલા બધા કાયદા તોડવાની ચળવળ આપણે હમણાં ઉપાડી નથી. કાયદાને માન આપવું એ તો સત્યાગ્રહીનો સ્વભાવ જ છે; અને કાયદાને માન આપવાનો તેનો આ સ્વભાવ જ એક મોટામાં મોટા કાયદાને માન આપવાનું તેને શીખવે છે. મોટામાં મોટો કાયદો તે અંતરાત્માનો અવાજ છે અને તેની આગળ બીજા કાયદાઓ તુચ્છ છે. જે કેટલાક કાયદાઓનો તે વિનયપૂર્વક ભંગ કરે છે તે ઉપરટપકે જોતાં કાયદો તોડવા જેવું લાગે છે. એ વાસ્તવિક રીતે તેમ નથી. દરેક કાયદો છૂટ આપે છે કે તમે તે કાયદા પ્રમાણે વર્તો અથવા તેમ નહીં વર્તવાની સજા ભોગવી લો. સત્યાગ્રહી કાયદાની આ બીજી શરત પાળવાનું પસંદ કરે છે. એટલે તે તો કાયદો પાળે જ છે એમ મારું માનવું છે. તે સાધારણ ગુનેગારની જેમ વર્તતો નથી. સાધારણ ગુનેગાર તો દેશના સારા કે નરસા કાયદા તોડે છે. એટલું જ નહીં પણ તે તોડવાનાં જે પરિણામો હોય તેનાથી છટકી જવા ઇચ્છે છે. એટલે તમને જણાશે કે કોઈ પણ જાતનું અનિષ્ટ પરિણામ ન નીપજે તે માટે આ લડતમાં મનુષ્યબુદ્ધિને સૂઝે તેટલી સાવચેતી વાપરવામાં આવી છે.

## કાયદા તોડવાની હદ અને અગત્ય

કેટલાક મિત્રો કહે છે કે "રૉલેટ કાયદાને ન માનો તે સમજી શકાય તેવી વાત છે પરંતુ સત્યાગ્રહી તરીકે તેમાં તમારે નહીં માનવા જેવું કાંઈ છે જ નહીં. વળી અત્યાર સુધી તમે જે કાયદાઓને માન આપતા આવ્યા છો અને જે સારા હોવાનો સંભવ છે તે કાયદા હવે તમે કેમ તોડી શકો?" જે કાયદા નીતિના ધોરણ ઉપર રચાયેલા છે તે સત્યાગ્રહીએ તોડવાના નથી; અને તેવા કાયદા તોડવા એવો પ્રતિજ્ઞાનો અર્થ પણ થતો નથી, પરંતુ કેટલાક કાયદા સારા પણ નથી અને નરસા પણ નથી. તે પાળવામાં નીતિનો કોઈ સિદ્ધાંત રહેલો નથી, તેમ તે તોડવામાં કાંઈ અનીતિ આવી જતી નથી. તેવા કાયદા ઉપયોગી પણ હોઈ શકે અને નુકસાન કરનારા પણ હોઈ શકે. લોકો એ કાયદાને માન આપે છે તે દેશના રાજ્યવહીવટની માની લીધેલી સુવ્યવસ્થાને ખાતર જ. મહેસૂલને માટે કરેલા કાયદા અથવા રાજદ્વારી હેતુથી જે કૃત્યોને ગુના ગણવામાં આવે છે એ કાયદા આવા પ્રકારના છે. સરકારની સત્તા ટકી રહે તેટલા માટે આવા કાયદા ઘડવામાં આવેલા હોય છે. માટે જ્યારે સરકાર એટલી બધી ખોટે રસ્તે જાય કે જેથી રાષ્ટ્રના જીવનને ઈજા પહોંચે (અને રૉલેટ કાયદાથી એમ જ થયું છે) ત્યારે પ્રજાનો હક્ક છે, અને તેની ફરજ છે કે પ્રજાની મરજી પ્રમાણે સરકાર વર્તતી થાય એટલે દરજ્જે તેને નમાવવામાં ન આવે ત્યાં સુધી આવા કાયદાને માન આપવાનું બંધ કરવું.

મારા પ્રવાસ દરમ્યાન કેટલીક શંકાઓ દર્શાવવામાં આવી છે, અને કેટલાક મિત્રો તરફથી મને કાગળો પણ મળ્યા છે કે તોડવાના કાયદા પસંદ કરવાનું કામ કમિટીને સોંપવામાં આવ્યું

૧. જુઓ "સવિનય ભંગ માટેના કાયદાઓ અંગે નિવેદન", ૭-૪-૧૯૧૯.



Gandhi Heritage Portal

છે તે શું સત્યાગ્રહના સિદ્ધાંતથી વિરુદ્ધ નથી? એવી દલીલ કરવામાં આવે છે કે આ પ્રમાણે કમિટીને સત્તા આપવી એ તો પોતાની સદસદ્ વિવેકબુદ્ધિ બીજાને સોંપવા જેવું થાય છે. આવી શંકા પ્રતિજ્ઞાનો ખરો અર્થ નહીં સમજવામાંથી ઉત્પન્ન થયેલી છે. પ્રતિજ્ઞા ઉપર સહી કરનાર સત્યાગ્રહી જેટલા કાયદા યોગ્ય રીતે તોડી શકે તેટલા કાયદા તોડવાનું માથે લેશે. પરંતુ આવા બધા કાયદા તોડવાની તેને ફરજ પડતી નથી. એટલે તેની પોતાની સદસદ્ વિવેકબુદ્ધિને કાંઈ પણ હાનિ પહોંચાડયા વિના, કયા કાયદા તોડવા તે પસંદ કરવાનું, તે કામમાં જેઓ પ્રવીણ હોય તેને સોંપી શકાય. વળી આ નિપુણ ગૃહસ્થો પ્રતિજ્ઞાની શરતોથી બંધાયેલા છે. પ્રતિજ્ઞાધારી માટે તો ખરાબમાં ખરાબ એટલું જ થઈ શકે કે તોડવાના કાયદાની યાદી તેને માટે પૂરતી ન હોય.

### સત્યાગ્રહથી સુધારાના માર્ગની શુદ્ધિ

વળી મને એમ પણ કહેવામાં આવે છે કે દેશમાં મોટામાં મોટી વાત જે સુધારા મળવાના છે તે બાબતની છે. અને હું દેશનું ધ્યાન તેનાથી બીજી જ દિશામાં ખેંચી રહ્યો છું. મારો અભિપ્રાય તો એવો છે કે રૉલેટ કાયદામાં ગમે તેટલા ફેરફાર થયા છતાં તે આપણી પ્રગતિના માર્ગમાં એટલે કે કંઈક મુદ્દાના સુધારા મેળવવાના માર્ગમાં એક પ્રચંડ શિલારૂપ છે. જે ફેરફારો થયા છે તેથી રૉલેટ કાયદાના તત્ત્વમાં ફેરફાર નથી થયો એ તો તેના ઉપર વિચાર કરનારી ખાસ કમિટીએ સ્વીકાર્યું છે. મારે મતે તો સૌથી પહેલી જરૂર એ છે કે યોગ્ય રીતે દર્શાવાયેલા લોક-મતને માન આપવું જોઈએ એ સિદ્ધાંત સરકારે સ્વીકારવો જોઈએ. હું એવા સિદ્ધાંતને માનનારો નથી કે એક જ સત્તા એક તરફથી આપણો વિશ્વાસ કરે અને બીજી તરફથી તે જ ક્ષણે તે આપણો અણવિશ્વાસ કરે, એક હાથે આપણને સ્વતંત્રતા આપે અને બીજે હાથે લઈ લે. આપણને જે સુધારા મળવાના છે તેના ઉપર રૉલેટ કાયદાની કેવી અસર થશે એ વિચારીને જ એ સુધારાની કિંમત આંકવાનો મને હક્ક છે અને હું હિંમતથી વચન આપું છું કે આપણા માર્ગમાંથી આ રૉલેટ કાયદા રૂપી શિલા દૂર કરવા જેટલું બળ આપણે નહીં બતાવીએ તો સુધારા એક સુશોભિત મકબરા જેવા થઈ પડશે.

### બૉલ્શેવિઝમના ધસારાનો કહેવાતો ભય

હજી મારે એક વાંધાનો ઉત્તર આપવાનો છે. કેટલાક મિત્રો એવી દલીલ કરે છે કે “તમારા સત્યાગ્રહની ચળવળ તો બૉલ્શેવિઝમના ધસારાનો અમને જે ભય છે તેમાં માત્ર વધારો કરે છે.” પરંતુ હકીકત તો એ છે કે આપણા દેશ ઉપર આ આફત આવતી અટકાવવાનો જો કોઈ ઉપાય હોય તો તે સત્યાગ્રહ જ છે. આ બૉલ્શેવિઝમ તે આધુનિક આધિભૌતિક સંસ્કૃતિનું અનિ-વાર્ય પરિણામ જ છે. ઐહિક વસ્તુઓની અંધપૂજામાંથી એક એવો પંથ ઊભો થયો છે જે ઐહિક પ્રગતિને જ શ્રેષ્ઠ પુરુષાર્થ માને છે અને જીવનના ખરા રહસ્યને વીસરી જાય છે. બૉલ્શેવિક પંથનો મંત્ર સ્વચ્છંદતા અથવા ઉચ્છૃંખલતાનો છે, ત્યારે સત્યાગ્રહ પંથનો મંત્ર સંયમ છે. જો હું રાષ્ટ્ર પાસે સત્યાગ્રહનો સ્વીકાર કરાવી શકું, આપણા જીવનમાં રાજકીય તેમ જ સામાજિક જીવનમાં જો તે એક પ્રધાન વસ્તુ થઈ પડે તો બૉલ્શેવિક હિલચાલથી આપણે ડરવાનું નથી. રાષ્ટ્રને સત્યાગ્રહ સ્વીકારવાની વિનંતી કરવામાં વાસ્તવિક રીતે હું કાંઈ નવું તત્ત્વ દાખલ કરવા માગતો નથી. એ તો આપણી એક પ્રાચીન રીત છે અને તેને ધોરણે આપણો જીવનપ્રવાહ વહી રહ્યો છે. મેં તો માત્ર તેને માટે એક નવો શબ્દ ઘડી કાઢ્યો છે. આધિભૌતિક કરતાં આધ્યાત્મિક તત્ત્વ શ્રેષ્ઠ છે. શરીરબળ કરતાં પ્રેમ અને સ્વાતંત્ર્ય શ્રેષ્ઠ છે. એ સિદ્ધાંતો

Gandhi Heritage Portal

જો આપણે છોડી દઈશું તો હું ભવિષ્ય ભાખું છું કે આપણી આ પવિત્ર ભૂમિમાં બૉલ્શેવિઝમ ફાટી નીકળશે.

તમારો સહૃદયી
**મો. ક. ગાંધી**

[મૂળ અંગ્રેજી]
છબી પરથી : એસ. એન. ૬૪૮૩
ભાષાંતર : ગુજરાતી, ૪–૫–૧૯૧૯

# ૧૬૦. સી. એફ. ઍન્ડ્રૂઝને પત્ર

સિકંદરાબાદ,
એપ્રિલ ૧, ૧૯૧૯

પ્રિય ચાર્લી,

એવું લાગે છે કે જાણે યુગો પછી હું તમને પત્ર લખાવી રહ્યો છું, અને પ્રવાસ દરમ્યાન જો એક અકસ્માત ન નડયો હોત, તો હજી પણ તમને પત્ર લખાવ્યો ન હોત. બન્યું એવું કે આજે વહેલી સવારે અમે લોકો વાડી જંકશને મુંબઈ મેલ મળી જશે એવી આશાથી બેઝવાડાથી નીકળ્યા; પરંતુ સિકંદરાબાદથી વાડી જંકશન સુધી જતી સ્પેશિયલ અમે સિકંદરાબાદ સ્ટેશને પહોંચ્યા તે પહેલાં જ ઊપડી ગઈ હતી. એટલે અમારે પૂરા ૨૪ કલાક સુધી ધીકતા તાપમાં શેકાતા અહીં થોભવું પડયું છે. સિકંદરાબાદ એક ભઠ્ઠીની માફક ધખી રહ્યું છે, પરંતુ આ અકળાવનારા વિલંબમાં કેટલીક સુખદ સગવડો પણ મળી રહે છે. (મેં સગવડો શબ્દ વાપર્યો. એનાથી મારા કહેવાનો અર્થ બરાબર વ્યક્ત થાય છે કે કેમ તે હું કહી શકતો નથી. એનો અર્થ "રાહતરૂપ બાબતો" એવો પણ થઈ શકે ખરો?) આ નવરાશનો ઉપયોગ હું તમને એવો પત્ર લખવામાં ગાળી રહ્યો છું જે એક પ્રેમપત્ર બની રહેશે એવી મારી આશા છે. મારે માટે એ કંઈ નાનીસૂની વાત નથી.

ગુરુદેવની તબિયતના સમાચાર જાણી મારું મન ખિન્ન થઈ ગયું છે. એમને શું થયું છે? મને ખાતરી છે કે હવે તેમને પહેલાં કરતાં ઘણું સારું હશે. હું ગુરુવાર, તારીખ ૩જીએ સવારે મુંબઈ પહોંચીશ. મને લાગે છે કે આ મહિનો લગભગ ૨૨મી તારીખ સુધી મારે મુંબઈ અને અમદાવાદ વચ્ચે મુસાફરીમાં કાઢવો પડશે. આ ગાળા દરમ્યાન આપણે મળી શકીએ તો સારું એવું હું ઇચ્છું છું. દરમિયાન, પ્રતિજ્ઞાનો હું શો અર્થ કરું છું તે મારે તમને સમજાવવા પ્રયાસ કરવો જોઈએ. મને એ વાતનું થોડું આશ્ચર્ય થાય છે કે તેનો દેખીતો અર્થ તમે સમજ્યા નથી. પ્રતિજ્ઞા ઉપર સહી કરનાર વ્યક્તિ, જરૂર પડે તો સનાતન સત્યો રજૂ કરનારા કાયદાઓ સિવાયના બધા કાયદાઓના ભંગ કરવા બંધાય છે; પરંતુ કોઈ સત્યાગ્રહી સ્વચ્છંદી રીતે ન વર્તે તેટલા ખાતર આવા ભંગ કરવાના કાયદાઓની પસંદગી તથા તેમનો ક્રમ નક્કી કરવાનું કામ પોતે નહીં કરતાં તે એ વિષયના નિષ્ણાતોને સોંપે છે. આમાં અંતરાત્માના અવાજનો સવાલ ઊભો થતો નથી. વ્યક્તિગત સત્યાગ્રહી જે પ્રતિજ્ઞાથી બંધાયેલો છે તે જ પ્રતિજ્ઞાથી સમિતિ પણ બંધાયેલી છે. હવે જો આ સમિતિ ભૂલ કરે અને જે કાયદાઓનો ભંગ સત્યાગ્રહ સાથે

Gandhi Heritage Portal

અસંગત હોય એવા કાયદા પસંદ કરે તો સ્વાભાવિક રીતે જ, પ્રતિજ્ઞા ઉપર સહી કરનાર વ્યક્તિ પોતે અંતરથી એ પ્રમાણે માનતી હોવાથી એ કાયદાનો ભંગ નહીં કરશે. સત્યાગ્રહનાં તમામ સંગઠનોમાં આ આખરી સ્વતંત્રતા ગર્ભિત રીતે સ્વીકારવામાં આવી છે. શું મારા કહેવાનો આશય સ્પષ્ટ નથી થતો? ભંગ કરવાના કાયદાઓની પસંદગીનું કામ સમિતિને સોંપાયું છે, એ વાત આ પ્રતિજ્ઞાનું સૌથી શુભ અંગ છે. જો એવું ન કરવામાં આવ્યું હોત તો ગોટાળાનો પાર ન રહેત. સિંધનો જ બનાવ જુઓ. ત્યાં પોલીસ કમિશનરે એક શાંત સરઘસ કાઢવા સામે મનાઈ ફરમાવી. સત્યાગ્રહીઓ એ હુકમને એટલા માટે તાબે થયા છે કે સત્યાગ્રહ સમિતિની મંજૂરી મેળવ્યા વિના કોઈ પણ કાયદાનો ભંગ નહીં કરવા તેઓ "પ્રતિજ્ઞા"ને આધારે બંધાયેલા છે. એમને પહેલું તો એમ થયું હશે કે આ મનાઈહુકમનો ભંગ કરવો; પરંતુ જો એમણે આ રીતે ઉતાવળ કરી હોત તો તેનાં પરિણામ અત્યંત ગંભીર આવત. દક્ષિણ આફ્રિકામાં, કયા કયા કાયદા તોડવા અને તે ક્યારે તોડવા એનો નિર્ણય કરવાનું કામ મારી વિવેકબુદ્ધિ ઉપર છોડવામાં આવ્યું હતું. અહીં મારા કહેવાથી જ સમિતિનો વિચાર કરવામાં આવ્યો હતો, પરંતુ એવી દરેક સમિતિનો અધ્યક્ષ હું પોતે છું. છાપાની જે કાપલીઓ હું તમને મોકલતો રહું છું તે વાંચવાનો સમય તમને મળતો હશે એવી હું આશા રાખું છું. હવે મારે આ પત્ર પૂરો કરવો પડશે, કેમ કે મળવા આવનારાઓ મારી રાહ જોઈને બેઠા છે.

જો તમે તથા ગુરુદેવ બંને, મને કાંઈક લખાણ મોકલી શકો તો તે પ્રસિદ્ધ કરવા હું ઘણો ઉત્સુક છું.

પ્યાર,

તમારો

[મૂળ અંગ્રેજી]

છબી પરથી: એસ. એન. ૬૪૮૯

## ૧૬૧. એસ્થર ફેરિંગને પત્ર

સિકંદરાબાદ,
અપ્રિલ ૧, ૧૯૧૯

વહાલી દીકરી,

મારો હાથ હજી એટલો ધ્રૂજે છે કે હું સ્થિર અને સતત નથી લખી શકતો, પણ મને લાગે છે કે તને કાંઈક મારા હસ્તાક્ષરમાં જ આપવા મારે પ્રયત્ન કરવો જોઈએ. તું સ્ટેશન[1] ઉપર ન મળી તેથી મને બહુ દિલગીરી થઈ. તારે માટે અને બિચારા મહાદેવ માટે મને બહુ લાગી આવ્યું. તમે બંને બહુ લાગણીપ્રધાન છો. એક જ બીબામાં ઢળાયેલાં છો. ટ્રેન ઊપડી ચૂકી ત્યારે બારીમાંથી જોતાં હું કંપતો હતો. મને એમ થતું હતું કે ટ્રેન પકડવા મહાદેવ એવી ગાંડી દોટ મૂકશે કે કેવળ થાકથી જ ફસડાઈ પડશે. બેઝવાડામાં એને જોયો ત્યારે મને નિરાંત થઈ.

તેં લખવાને કબૂલ કર્યું હતું એ પ્રમાણે હું આશા રાખું છું તેં કલેક્ટરને લખી દીધું હશે. એણે કશો જવાબ આપ્યો કે કેમ તે મને જણાવજે.

૧. મદ્રાસમાં.

Gandhi Heritage Portal

છોકરીઓને[1] કહેજે કે તેમણે જે ધાબળી મને આપી છે તે હું રોજ વાપરું છું, પણ એમની પાસેથી હું એવી આશા રાખું છું કે તેઓ જલદી વણવાનું શીખી જાય અને જાતે કાંતી પણ લે. રેંટિયાનું સંગીત, હું જાણું છું તેવા કોઈ પણ સંગીત કરતાં ચડી જાય એવું છે, કારણ એ સંગીતમાંથી છેવટે નાગાંને ઢાંકી શકાય છે. જ્યારે વપરાશ વિના યંત્રો કાટ ખાતાં હશે (કારણ યંત્રોના ઘેલા ધોવી માણસ કોઈ દિવસ કાઈ જવાનો છે) ત્યારે પણ લોકોને કપડાં તો જોશે જ અને હાથે કાંતેલા સૂતરનાં કપડાંની ફૅશન થઈ પડશે. મગનલાલને હું લખું છું કે તને થોડું હાથે કાંતેલું સૂતર મોકલે.

અમારી ટ્રેન મોડી હતી એટલે અમારે જે ગાડી લેવાની હતી તે અમે ચૂકયા. એટલે અહીં આજે પડયા રહ્યા છીએ. તેથી જ તને આ કાગળ લખી શકું છું.

હું ઇચ્છું છું કે તારી શાળામાં તું હિંદી દાખલ કરાવી શકે. તારા સુપરિન્ટેન્ડેન્ટ સાથે મસલત કરજે. હિંદીની આવશ્યકતા વિષે તેં કાંઈ વાંચ્યું છે? પ્યાર.

તમારો
**બાપુ**

[મૂળ અંગ્રેજી]

મહાદેવ દેસાઈની હસ્તલિખિત ડાયરીમાંથી

શ્રી નારાયણ દેસાઈના સૌજન્યથી

ભાષાંતર: મહાદેવભાઈની ડાયરી, પુસ્તક પાંચમું

## ૧૬૨. એસ. કસ્તૂરી રંગા આયંગરને તાર

[મુંબઈ,
એપ્રિલ ૩, ૧૯૧૯]

કસ્તૂરી રંગા આયંગર[2]
હિંદુ
મદ્રાસ

સિકંદરાબાદમાં ગાડી ચૂકી જતાં હમણાં જ આવી પહોંચ્યો છું.[3] દિલ્હીમાં સભા[4] બોલાવવાની દરખાસ્ત વિચારી રહ્યો છું. દિલ્હીમાં જે કરુણ ઘટના[5] બની તેનાથી સત્યાગ્રહીઓનો નિશ્ચય વજ્ર જેવો દૃઢ બનશે અને જેમનાં મન ડગી ગયાં હશે તેઓ પોતાની સ્થિતિનો ફરીથી વિચાર કરી લેશે એવી આશા રાખું છું. મારા મનમાં લેશ પણ શંકા નથી કે જો આપણે આપણી પ્રતિજ્ઞાને વળગી રહીશું તો રૉલેટ કાયદાઓ પાછા ખેંચાવીશું, એટલું જ નહીં પણ આપણે

૧. આ છોકરીઓ ડૅનિશ મિશન બૉર્ડિંગ સ્કૂલની વિદ્યાર્થિનીઓ હતી. એસ્થર ફૅરિંગ એ સંસ્થામાં કામ કરતાં હતાં.

૨. હિંદુ પત્રના સંપાદક અને મદ્રાસની સત્યાગ્રહ સભાના ઉપપ્રમુખ.

૩. ન્યૂ ઇન્ડિયામાં "બેઝવાડાથી અહીંયાં" એવા શબ્દ છે.

૪. ન્યૂ ઇન્ડિયામાં "દિલ્હીમાં અખિલ હિંદ સત્યાગ્રહ પરિષદ" એવા શબ્દો છે.

૫. માર્ચની ૩૦મી તારીખે પોલીસે કરેલો ગોળીબાર.

Gandhi Heritage Portal

એની પાછળ રહેલી ત્રાસનીતિની ભાવનાને પણ નાબૂદ કરીશું. આશા છે કે રવિવારે[1] જે ભાષણો થશે તે ક્રોધ અથવા અનુચિત આવેશથી મુક્ત રહેશે. આપણું કાર્ય એટલું મહાન અને પવિત્ર છે કે એને આપણે ક્રોધ અથવા આવેશના પ્રદર્શન દ્વારા નુકસાન નહીં પહોંચાડવું જોઈએ. આપણે જાતે વહોરી લીધેલાં કષ્ટો વિરુદ્ધ બુમરાણ મચાવવાનો આપણને અધિકાર નથી. બેશક કામધંધા બંધ કરાવવા માટે કે ઉપવાસ માટે બળજબરી નહીં જ થવી જોઈએ. આપ આ તાર પ્રસિદ્ધ કરી શકો.

[મૂળ અંગ્રેજી]

છબી પરથી: એસ. એન. ૬૪૯૬

## ૧૬૩. સ્વામી શ્રદ્ધાનંદને તાર

એપ્રિલ ૩, ૧૯૧૯

સંન્યાસી સ્વામી શ્રદ્ધાનંદજી
આર્યસમાજ
દિલ્હી

મદ્રાસ ઇલાકાના પ્રવાસેથી હમણાં જ આવી પહોંચ્યો છું. કરુણ ઘટનાના અધકચરા સમાચાર ગઈ કાલે ટ્રેનમાં વાંચ્યા. આપે અખબારો જોગ આપેલું જુસ્સાભર્યું નિવેદન પણ વાંચ્યું. એ વિષે ગર્વ અનુભવું છું. રૉલેટ કાયદાનો વિરોધ કરવામાં આપે તથા દિલ્હીના લોકોએ જે દૃષ્ટાંતરૂપ ધીરજથી કામ લીધું છે તે બદલ હું આપને તથા દિલ્હીના લોકોને ધન્યવાદ પાઠવું છું. આપણે આ કાયદા પાછળ રહેલી ત્રાસનીતિનો સામનો કરી રહ્યા છીએ. આ કાંઈ સહેલું કામ નથી. દિલ્હીના માણસોએ ગયે રવિવારે જે રીતે પોતાનું નિર્દોષ લોહી રેડયું એ જ રીતે હજી ઘણું વધારે નિર્દોષ લોહી આપણે વહેવડાવવું પડે એવો સંભવ છે. આ ઘટના તો સત્યાગ્રહીઓ માટે અંતિમ બલિદાન આપવા માટેનું એક વધારાનું આવાહન છે. બની શકે તો આજ સુધી ઘાયલ થયેલા અને મૃત્યુ પામેલા હિંદુઓ તેમ જ મુસલમાનોની ચોક્કસ સંખ્યા તારથી જણાવો. દિલ્હીના લોકો માટે આવતા રવિવારે ફરીથી ઉપવાસ કરવો જરૂરી નથી.

ગાંધી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી: એસ. એન. ૬૪૯૪; તથા હિંદુ, ૫–૪–૧૯૧૯ પરથી પણ

૧. ૬ઠ્ઠી એપ્રિલ.

Gandhi Heritage Portal

## ૧૬૪. વી. એસ. શ્રીનિવાસ શાસ્ત્રીને તાર

એપ્રિલ ૩, ૧૯૧૯

માનનીય શ્રીનિવાસ શાસ્ત્રિયાર
રાયપેટા
મદ્રાસ

દિલ્હીની કરુણ ઘટના પછી શું પોતાના વિચારો અસંદિગ્ધ ભાષામાં પ્રગટ કરવાની આપની અને બીજા મિત્રોની ફરજ નથી થઈ પડતી ? મને આશા છે કે સત્યાગ્રહ અંગેના મતભેદનો અર્થ દિલ્હીની પોલીસે અખત્યાર કરેલી રીતરસમો વિષે પણ આપણી વચ્ચે મતભેદ છે એવો તો ન જ હોઈ શકે. રૉલેટ કાયદાનો વિરોધ કરવામાં આપણે એ રીતરસમો પાછળ રહેલી ત્રાસનીતિ સામે લડી રહ્યા છીએ.

**ગાંધી**

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૬૪૯૩

## ૧૬૫. ડૉ. એમ. એ. અનસારીને તાર

એપ્રિલ ૩, ૧૯૧૯

ડૉ. અનસારી[1]
દિલ્હી

હમણાં જ પ્રવાસેથી પાછો ફર્યો. પત્ર વાંચ્યો. આપ ઇંગ્લંડ જરૂર જશો. નીકળવાની તારીખ તારથી જણાવશો.

**ગાંધી**

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૬૪૯૭

## ૧૬૬. રાજેન્દ્રપ્રસાદને તાર

એપ્રિલ ૩, ૧૯૧૯

હું અહીંયાં[2] ઓછામાં ઓછો એક અઠવાડિયા સુધી રહીશ.

**ગાંધી**

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૬૪૯૮

૧. ૧૮૮૦–૧૯૩૬; ડૉક્ટર; હિંદી રાષ્ટ્રીય કૉંગ્રેસના પ્રમુખ, ૧૯૨૭.
૨. મુંબઈમાં.

Gandhi Heritage Portal

## ૧૬૭. મદન મોહન માલવિયાને તાર

લેબર્નમ રોડ,
મુંબઈ,
[એપ્રિલ ૩, ૧૯૧૯ અથવા તે પછી]

માનનીય પંડિત માલવિયાજી
ભારતી ભવન
અલ્લાહાબાદ

દિલ્હીમાં નિર્દોષ વ્યક્તિઓની કતલ થયેલી દેખાય છે, એ જોતાં મારા મત પ્રમાણે આપ સત્યાગ્રહની હિલચાલમાં જોડાઓ કે ન જોડાઓ તોપણ મૂંગા તો ન જ બેસી શકો. હું આશા રાખું છું કે આપ તથા બીજા બધા નેતાઓ આપના વિચારો અસંદિગ્ધ ભાષામાં વ્યક્ત કર્યા વિના નહીં રહેશો. રૉલેટ કાયદાઓનો વિરોધ કરવામાં સત્યાગ્રહીઓ એની પાછળ રહેલી દમનનીતિનો સામનો કરી રહ્યા છે. નિર્દોષ લોકોનું લોહી રેડાવાથી સત્યાગ્રહીઓ ઉપર ભારે જવાબદારી આવી પડી છે, અને મારા મનમાં કોઈ શંકા નથી કે તેઓ પોતાનું કર્તવ્ય સારી રીતે બજાવશે. કૃપા કરીને આ તાર પંડિત નેહરુ[1] તથા અન્ય મિત્રોને બતાવશો.

ગાંધી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૬૪૯૫

## ૧૬૮. દિલ્હીની કરુણ ઘટના વિષે અખબારો જોગ પત્ર[2]

મુંબઈ,
એપ્રિલ ૩, ૧૯૧૯

સંપાદક
बॉम्बे क्रॉनिकल
મુંબઈ

સાહેબ,

દિલ્હીના કરુણાંત બનાવ વિષે થોડીક સૂચનાઓ તમારા પત્રમાં પ્રગટ કરવા દેવાની હું માગણી કરું છું. દિલ્હી રેલવે સ્ટેશન ઉપર ભેગા થયેલા દિલ્હીના લોકો સામે એવા આરોપ મુકાયા છે કે

૧. મોતીલાલ નેહરુ.

૨. ઍસોસિયેટેડ પ્રેસ ઑફ ઇન્ડિયા મારફત આ પત્ર બહાર પાડવામાં આવ્યો હતો અને न्यू इन्डिया ૪-૪-૧૯૧૯ તથા अमृतबझार पत्रिका ૫-૪-૧૯૧૯માં પણ પ્રગટ થયો હતો.

Gandhi Heritage Portal

૧. તેઓમાંના કેટલાકે બળાત્કારે લોકોને ટ્રામગાડીઓ અને અન્ય વાહનોમાં ચઢતા અટકાવ્યા હતા.

૨. તેઓમાંના કેટલાકે બળાત્કારે મીઠાઈ વેચનારાઓને પોતાના "સ્ટૉલ્સ"ની દુકાનો બંધ કરવાનું દબાણ કર્યું હતું.

૩. તેઓમાંના કેટલાકે ઈંટોના કટકા ફેંકયા હતા.

૪. આખું ટોળું સ્ટેશને દોડી ગયું હતું અને દુકાનો બંધ કરાવવાનું દબાણ કરનારાઓમાંના જેમને રેલવે સત્તાધારીઓની પ્રેરણાથી તે કારણે પકડવામાં આવ્યા હતા તેને છોડી મૂકવાની માગણી કરી.

૫. અને ટોળાએ, મૅજિસ્ટ્રેટે તેને વીખરાઈ જવાનો હુકમ ફરમાવ્યો ત્યારે વીખરાઈ જવાની ના પાડી હતી.

મેં સંન્યાસી સ્વામી શ્રદ્ધાનંદજીનો એ કરુણાંત બનાવનો હેવાલ વાંચ્યો છે અને જ્યાં સુધી સત્તાધારીઓ તે હેવાલને ખોટો નહીં ઠરાવે ત્યાં સુધી એ હેવાલને સાચો માનવાને હું બંધાયેલો છું, અને તેમનો હેવાલ, ઉપરના પાંચ આરોપોમાંથી "૧", "૨" અને "૩" આરોપોનો ઈનકાર કરે છે. પરંતુ સઘળાએ આરોપો સાચા છે એમ માની લેતાં મને એમ તો જણાય છે કે દિલ્હીના સ્થાનિક સત્તાધારીઓએ એક માખીને કચડી નાખવાને સ્મિથ (ભીમ)ની ગદાનો ઉપયોગ કર્યો છે. પરંતુ ટોળા સામે ગોળીબાર છોડવાના તેમના કાર્ય વિષે હું બીજે પ્રસંગે આના કરતાં કંઈક વિશેષ કહેવા માગું છું.

આ કાગળ લખવામાં મારો હેતુ કેવળ સઘળા સત્યાગ્રહીઓને ચેતવણી આપવાનો છે. તેટલા માટે હું એમ જણાવવા માગું છું કે ૧થી ૪ આરોપોમાં વર્ણવેલો લોકોનો વર્તાવ ખરો હોય તો તે સત્યાગ્રહની પ્રતિજ્ઞા સાથે અસંગત છે. ૫મા આરોપમાં વર્ણવેલો વર્તાવ એ પ્રતિજ્ઞા સાથે સંગત થશે, પરંતુ જો એ આરોપ ખરો હોય તો લોકોનો એવો વર્તાવ એના સમયથી વહેલો હતો, કારણ પ્રતિજ્ઞાપત્રમાં જણાવેલી કમિટીએ રાયટ ઍક્ટ — બખેડાના કાયદા પ્રમાણે મૅજિસ્ટ્રેટોએ કાઢેલાં ફરમાનોનો ભંગ કરવાનો નિર્ણય જાહેર કર્યો નથી. હું એ મુદ્દો બને તેટલો સ્પષ્ટ કરવા આતુર છું કે આ હિલચાલમાં આપણી સૂચનાઓ અને સલાહ સ્વીકારવાને જે લોકો તૈયાર ન હોય તેમની ઉપર કોઈ પણ પ્રકારનું દબાણ નહીં કરવું જોઈએ. સઘળાઓને માટે વિશેષમાં વિશેષ છૂટાપણું જાળવવું એ આ હિલચાલનો એક મુખ્ય હેતુ છે. સત્યાગ્રહીઓ વાજબી કે ગેરવાજબી રીતે જેમને પકડવામાં આવ્યા હોય તેમને છૂટા કરાવવાને બળાત્કાર કરી શકે નહીં. પ્રતિજ્ઞાનું તત્ત્વ એ છે કે કેદ માગી લેવી અને બખેડાના કાયદાનો ભંગ કરવાનો નિર્ણય કમિટી કરે નહીં તે પર્યંત વિખેરાવા વગેરે સંબંધી મૅજિસ્ટ્રેટોનાં નજીવામાં નજીવાં ફરમાનોને પાળવાં; અને તે રીતે કાયદાને માન આપવાની પ્રકૃતિ દર્શાવવી એ સત્યાગ્રહીની ફરજ છે. મને આશા છે કે આવતે રવિવારે સત્યાગ્રહની સભામાંનાં સઘળાં ભાષણો આવેશ, ક્રોધ કે ગુસ્સાની લાગણીથી મુક્ત હશે. આ હિલચાલની સફળતાનો પૂરેપૂરો આધાર સંપૂર્ણ આત્મસંયમ, આત્મવશતા, અડગ સત્યનિષ્ઠા અને જાતે સંકટ સહન કરવાની અમર્યાદિત શક્તિ, એ બધા ઉપર છે.

આ કાગળ પૂરો કરવા અગાઉ હું વધારામાં એટલું કહીશ કે રૉલેટ કાયદાની સામે થવામાં સત્યાગ્રહીઓએ તે કાયદામાં સમાયેલા એક ચિહ્નરૂપે દેખાતા ત્રાસપ્રવર્તનના આશયની સામે થવાનું છે. દિલ્હીના કરુણાંત બનાવથી પોતાનાં હૃદયોને પોલાદ પેઠે દૃઢ કરવાની અને રૉલેટ

Gandhi Heritage Portal

કાયદો પાછો ખેંચી લેવાય નહીં તે પર્યંત પોતાની લડત ચાલુ રાખવાની વધુ જવાબદારી સત્યાગ્રહીઓને શિરે રહે છે.

તમારો વગેરે

**મો. ક. ગાંધી**

[મૂળ અંગ્રેજી]

बॉम्बे क्रॉनिकल, ४–४–१९१९

ભાષાંતર : ગુજરાતી, ૬–૪–૧૯૧૯

## ૧૬૯. ડૉ. એમ. બી. વેલકરને પત્ર

એપ્રિલ ૩, ૧૯૧૯

પ્રિય ડૉક્ટર વેલકર,[1]

તમારા નિખાલસ પત્ર બદલ તમારો તથા શ્રી માંડલિકનો[2] આભાર માનું છું. મેં તો માનેલું કે મુંબઈમાં આપણી જે શરૂઆતની સભા મળી હતી તેમાં મેં સત્યાગ્રહનો અર્થ શક્ય તેટલા વિસ્તારથી સમજાવી દીધો હતો. એવું કહ્યાનું મને યાદ છે કે સત્યાગ્રહ એ રાજકારણમાં ધાર્મિક તત્ત્વ દાખલ કરવાનો એક પ્રયાસ છે; પરંતુ હું આપની સ્થિતિ સમજી શકું છું, એટલે જો આપ જેલદ્વારને સ્વતંત્રતાનું દ્વાર ન માનતા હો, તો મને એ વિષે જરા પણ શંકા નથી કે આપનાથી આ આંદોલનમાં ભાગ નહીં લઈ શકાય. મારો આ અભિપ્રાય આજનો નથી. આ વિચાર તો મેં વર્ષો પહેલાં इन्डियन होमरूल[3] (हिंद स्वराज) નામની મારી પુસ્તિકામાં પ્રગટ કર્યો હતો. તેમાં મેં જણાવેલું છે કે બૉયકોટની વાત સત્યાગ્રહ સાથે બિલકુલ અસંગત છે. રાજકીય ક્ષેત્રમાં સત્યાગ્રહનો સિદ્ધાંત કટુંબના સભ્યોનું નિયમન કરતા સિદ્ધાંતનું જ અક વિસ્તૃત સ્વરૂપ છે, પરંતુ એક પત્રની મર્યાદામાં આ વિષયની તરફેણની અને વિરુદ્ધની બધી દલીલો કરી એની સંપૂર્ણ ચર્ચા કરવાનું મારે માટે અશક્ય છે. જો તમે મને રૂબરૂ મળવાની તસ્દી લેશો તો હું તમારી સાથે આ પ્રશ્નની ખુશીથી ચર્ચા કરીશ. કોઈ પણ પરિસ્થિતિમાં તમારો છેવટનો નિર્ણય મને જરૂર જણાવશો.

તમારો સહૃદયી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૬૪૯૨

૧. ડૉ. એન. બી. વેલકર; ઇન્ડિયન હોમરૂલ લીગ, મુંબઈના સેક્રેટરી; અને સત્યાગ્રહ સભાની કારોબારી સમિતિના સભ્ય.

૨. આર. એન. માંડલિક; મુંબઈની સત્યાગ્રહ સભાની કારોબારી સમિતિના સભ્ય.

૩. हिंद स्वराज જાન્યુઆરી ૧૯૧૦માં પ્રસિદ્ધ થયું હતું. જુઓ પુસ્તક ૧૦, પા. ૧૪–૬૯.

Gandhi Heritage Portal

## ૧૭૦. કાળો રવિવાર[1]

**કાળા કાયદા સામેના લોકોના મહાન દેખાવો**

આવતા રવિવારે જે દેખાવો કરવાનું ગોઠવાયું છે તેનો કાર્યક્રમ નીચે પ્રમાણે નક્કી કરવામાં આવ્યો છે :

**રવિવાર, ૬ઠ્ઠી એપ્રિલ, ૧૯૧૯**

**સમુદ્રસ્નાન સવારે ૭–૦૦થી ૮–૦૦, ચોપાટી**

**સરઘસ, સવારે ૮–૧૫થી ૧૦–૦૦.**

| | |
|---|---|
| ચોપાટીનો દરિયાકિનારો | ગિરગામ બૅક રોડ |
| સૅંડહર્સ્ટ બ્રિજ | સી. પી. ટૅન્ક રોડ |
| સૅંડહર્સ્ટ રોડ | માધવબાગ |

**બપોરે ૩–૩૦, સ્ત્રીઓની સભા, ચિનાઈ બાગ**

શ્રીમતી જયકર પ્રમુખસ્થાને

વક્તાઓ : શ્રીમતી સરોજિની નાયડુ અને મહાત્મા ગાંધી

**સાંજે ૬–૩૦, જાહેર સભા, ફ્રેંચ બ્રિજ**

**જો આપને આપની આઝાદીની કિંમત હોય, તો જરૂર પધારશો.**

[મૂળ અંગ્રેજી]

बॉम्बे क्रॉनिकल, ४–४–१९१९

## ૧૭૧. દેખાવ કરનારાઓ માટે સૂચનાઓ[2]

એપ્રિલ ૫, ૧૯૧૯

સત્યાગ્રહ સભાના મંત્રીઓ તરફથી અમને નીચેનું લખાણ મળ્યું છે :

એટલું યાદ રાખવું જોઈએ કે આવતી કાલનો દિવસ આપણે માટે નમ્ર બનવાનો તથા પ્રાર્થના કરવાનો દિવસ છે. ઉપરાંત દિલ્હીમાં જે દુર્ઘટના બની છે તેને લીધે એ શોક પાળવાનો દિવસ પણ છે તેથી એટલું તદ્દન આવશ્યક છે કે દેખાવ કરનારાઓ જ્યારે સ્નાનાર્થે જાય અને સરઘસ કાઢે ત્યારે તેમણે ઘોંઘાટ નહીં કરવો જોઈએ, તેમ એકબીજા સાથે વાતો પણ નહીં કરવી જોઈએ. તેમણે સરઘસમાં ચાલતાં સંપૂર્ણ શાંતિ જાળવવી જોઈએ અને સરઘસ પૂરું થયે એવી જ શાંતિથી છૂટા પડવું જોઈએ.

જ્યાં જ્યાં સભાઓ ભરાય તે બધાં સ્થળો પર તાળીઓ વડે, પ્રશંસા વડે, સંમતિ કે અસંમતિ દર્શાવતા પોકારો વડે અગર બીજી કોઈ પણ રીતે દેખાડો નહીં કરવો જોઈએ. શોક પ્રદર્શિત કરનારા લોકોનું વર્તન પ્રસંગને અનુરૂપ હોવું જોઈએ.

૧, ૨. આ લખાણોનો મુસદ્દો ઘણું કરીને ગાંધીજીએ તૈયાર કર્યો હતો.

Gandhi Heritage Portal

સ્વયંસેવકો જે સૂચનાઓ આપે તેનો દેખાવ કરનારાઓએ પૂરેપૂરો અમલ કરવો જોઈએ.

જે લોકો ઉપવાસ ન કરે અથવા કામકાજ બંધ ન રાખે તેમના ઉપર કોઈ પણ પ્રકારનું દબાણ નહીં કરવું જોઈએ; અગર જે લોકો આ રાષ્ટ્રીય શોક પ્રદર્શનમાં અને આ દેખાવોમાં ભાગ લેવાની ઇચ્છા નહીં રાખે તેમને બિલકુલ ખલેલ નહીં કરવી જોઈએ.

પોલીસની બધી સૂચનાઓને માન આપવું અને તેનો અમલ કરવો એ દેખાવ કરનારાઓની ફરજ છે, કેમ કે સત્યાગ્રહ સંઘો જે દેખાવો યોજે અને સરઘસો કાઢે તે અંગેના પોલીસોના હુકમોનો સવિનય ભંગ કરવાનો હજી સુધી આંદોલનમાં સમાવેશ કરવામાં આવ્યો નથી.

[મૂળ અંગ્રેજી]

बॉम्बे क्रॉनिकल, ५–४–१९१९

## ૧૭૨. રાજેન્દ્રપ્રસાદને તાર

[મુંબઈ,]
એપ્રિલ ૫, ૧૯૧૯

રાજેન્દ્રપ્રસાદ
પટણા

ધન્યવાદ. તમારા નિર્ણયથી રાહત થઈ. હક[1], બ્રજકિશોર[2] વગેરે મંડળના શા સમાચાર છે?

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૬૫૦૩

## ૧૭૩. સ્વામી શ્રદ્ધાનંદને તાર

[મુંબઈ,]
એપ્રિલ ૫, ૧૯૧૯

શ્રદ્ધાનંદજી
દિલ્હી

આપનો તાર[3] મળ્યો. મરનારાઓ અને સખત રીતે ઘવાયેલાઓના આશ્રિતોને આર્થિક સહાયની જરૂર છે કે કેમ તે કૃપા કરીને તારથી જણાવો. જો તેમને જરૂર હોય જ, તો શું આપે એમને માટે પૂરતું નાણું ઉઘરાવ્યું છે?

ગાંધી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન: ૬૫૦૨

૧. મજહરુલ હક (૧૮૬૬–૧૯૩૦); બિહારના રાષ્ટ્રીય નેતા; મુસ્લિમ લીગના એક સ્થાપક; અને પાછળથી એના પ્રમુખ; ચંપારણમાં ગાંધીજીના સહાયક; અને અસહકારની લડતોમાં એમને ટેકો આપનાર.

૨. બ્રજકિશોરપ્રસાદ.

૩. આ તાર ગાંધીજીના ૩જી એપ્રિલના તારના જવાબમાં આવ્યો હતો. એમાં દિલ્હીમાં બનેલી ઘટનાઓનો હેવાલ આપ્યો હતો.

Gandhi Heritage Portal

## ૧૭૪. સી. એફ. ઍન્ડ્રૂઝને પત્ર

[મુંબઈ,]
એપ્રિલ ૫, ૧૯૧૯

પ્રિય ચાર્લી,

દિલ્હીની કરુણ ઘટના વિષે વાંચીને ૨૪ કલાક તો હું બેહદ ગમગીન રહ્યો. હવે એ વિષે એટલો જ આનંદમાં છું. દિલ્હીમાં જે લોહી રેડાયું છે તે નિર્દોષ હતું. શકય છે કે દિલ્હીમાં સત્યાગ્રહીઓએ કાંઈ ભૂલ કરી હોય, પણ એકંદરે તો એમણે પોતાનો યશ જ વિસ્તાર્યો છે. બલિદાન આપ્યા સિવાય ઉદ્ધાર થઈ શકતો નથી.[1] હું હર્ષથી તો એટલા માટે ફુલાઉં છું કે પહેલે જ દિવસે પૂરી માત્રામાં ભોગ આપી શકયા છીએ અને તે પણ શયતાનની સત્તાના પાયતખ્તના શહેરમાં. આ સુખમાં તમે ભાગીદાર થઈ શકો તો હું તમને કરવા ઇચ્છું છું.

હું આશા રાખું છું કે તમારી શંકાઓનો જવાબ આપતો મારો કાગળ તમને મળ્યો હશે. મેં તમારી સામે એક અપીલ નોંધાવી છે. તેની નકલ[2] આ સાથે મોકલું છું. તેનું તમારે જે કરવું હોય તે કરશો. પણ ગુરુદેવનો અભિપ્રાય મને મળવો જોઈએ.

ખૂબ પ્યાર.

તમારો
**મોહન**

[મૂળ અંગ્રેજી]
મહાદેવ દેસાઈની હસ્તલિખિત ડાયરીમાંથી
શ્રી નારાયણ દેસાઈના સૌજન્યથી
ભાષાંતર : મહાદેવભાઈની ડાયરી, પુસ્તક પાંચમું

## ૧૭૫. રવીન્દ્રનાથ ટાગોરને પત્ર

[મુંબઈ,]
એપ્રિલ ૫, ૧૯૧૯

પ્રિય ગુરુદેવ,

આપણા સામાન્ય મિત્ર ચાર્લી ઍન્ડ્રૂઝ સામે આ મારી અપીલ છે. આ રાષ્ટ્રીય લડત જોકે એક જ કાયદા સામે યોજાયેલી છે, છતાં વસ્તુતઃ એ સ્વમાનપ્રેમી રાષ્ટ્રને શોભે એવા સ્વાતંત્ર્ય માટેની લડત છે. એ પ્રસંગે પ્રકાશનને માટે તમારો સંદેશો મોકલી આપવા હું એમને કયારનો વીનવ્યા કરું છું. મેં બહુ ધીરજ રાખી અને બહુ રાહ જોઈ. ચાર્લીએ તમારી બીમારીનું જે વર્ણન મને કરેલું તે ઉપરથી તમને પોતાને સીધું લખતાં હું ખચકાતો હતો. તમારી તબિયત એ રાષ્ટ્રનું ધન છે અને ચાર્લીની તમારા પ્રત્યેની ભક્તિ અદ્ભુત છે, દૈવી છે. હું જાણું છું કે એમનું ચાલે તો કોઈ પણ માણસને, કાગળ દ્વારા કે પોતાની હાજરીથી, તમારી શાંતિ અને આરામમાં

૧. મહાદેવભાઈની ડાયરી, પુસ્તક પાંચમાં આ વાકય નથી. તે અંગ્રેજી પ્રમાણે ઉમેર્યું છે.
૨. જુઓ આ પછીનો લેખ.

Gandhi Heritage Portal

ભંગ પાડવા ન દે. કોઈ પણ જાતની તકલીફમાંથી તમને બચાવી લેવાની તેમની ઉચ્ચ અભિલાષાને હું માન આપતો હતો. તમારી તબિયત વિષે ચાર્લીએ આપેલા વર્ણન ઉપરથી હું ગભરાયો હતો, પણ મને ખબર પડી કે તમે તો બનારસમાં ભાષણો આપો છો, એટલે હું ચાર્લીના વર્ણનને સુધારી લઉં છું અને તમારી પાસે સંદેશો માગવાની હિંમત કરું છું. જેમને આ અગ્નિમાંથી પસાર થવાનું છે તેમને માટે આશા અને પ્રેરણા આપતો સંદેશો મારે જોઈએ છે. આ લડતમાં મેં ઝુકાવ્યું ત્યારે તમે મને આશીર્વાદ મોકલી આપવા કૃપા કરી હતી, એટલે સંદેશો માગવાનો મને હક છે. તમે જાણો છો કે મારી સામે ઘણાં બળો ગોઠવાયેલાં છે. મને તેનો જરા પણ ભય નથી, કારણ મારી દૃઢ માન્યતા છે કે એ બધાં અસત્યનું સમર્થન કરી રહ્યાં છે. આપણામાં[1] જો પૂરતી શ્રદ્ધા હોય તો એ શ્રદ્ધાથી આ બળોને હઠાવી દઈ શકાશે. એ બધાં બળો પણ મનુષ્ય મારફત જ કામ કરે છે. એટલે આ મહાન લડતમાં, જેઓ લડતને માન્ય કરનારા છે તેમની પાવક સહાય હું મેળવવા ઇચ્છું. દેશના રાજદ્વારી જીવનને વિશુદ્ધ કરનારા આ પ્રયત્ન વિષે તમારો વિચારશીલ અભિપ્રાય[2] નહીં મળે ત્યાં સુધી મને શાંતિ મળશે નહીં. એ વિષેના તમારા પ્રથમ અભિપ્રાયમાં કશો ફેરફાર થયો હોય તો તે પણ મને જણાવતાં તમે કશો સંકોચ ન રાખશો. મિત્રોના વિરુદ્ધ અભિપ્રાય હોય તેને પણ હું કીમતી ગણું છું. કારણ, જોકે તેથી મારો માર્ગ બદલાશે નહીં તોપણ એ અભિપ્રાયો અમારે માટે દીવાદાંડીરૂપ થશે અને જીવનના તુફાનવાળા માર્ગમાં રહેલાં ભયસ્થાનોની અમને ચેતવણી આપતા રહેશે. એ રીતે ચાર્લીની મૈત્રી મારે માટે અમૂલ્ય ખજાનો થઈ પડેલી છે, કારણ પૂરો વિચાર કરી લીધા પહેલાંની તેની વિરોધની નોંધો હોય તો તેમાં પણ મને એ ભાગીદાર બનાવે છે. આને હું મોટો લહાવો ગણું છું. ચાર્લી મને જે વિશેષ અધિકારો આપે છે તે આ કટોકટીને વખતે તમે પણ આપો એવી મારી વિનંતી છે.

તમે મજામાં હશો અને મદ્રાસ પ્રાંતની મુસાફરીનો થાક ઉતારી નાખી પૂરેપૂરા સાજાતાજા થઈ ગયા હશો.

તમારો સહૃદયી
મો. ક. ગાંધી

[મૂળ અંગ્રેજી]

મહાદેવ દેસાઈની હસ્તલિખિત ડાયરીમાંથી
શ્રી નારાયણ દેસાઈના સૌજન્યથી
ભાષાંતર : મહાદેવભાઈની ડાયરી, પુસ્તક પાંચમું

૧. મૂળમાં "તેમાં" છે. અંગ્રેજી આવૃત્તિમાં "તેમાં"ને બદલે "સત્યમાં" કર્યું છે. તે પ્રમાણે અહીં "આપણી સત્યમાં" એમ થાય.

૨. જુઓ પરિશિષ્ટ ૧.

Gandhi Heritage Portal

## ૧૭૬. મદ્રાસ પ્રાંતના લોકોને તાર-સંદેશો[1]

[મુંબઈ,]
એપ્રિલ ૬, ૧૯૧૯

હું જરૂર આશા રાખું છું કે સુંદર વાલિયામા, નાગપ્પન, નારાયણ સામી અને બીજા જે અનેકો સાથે મને દક્ષિણ આફ્રિકામાં કામ કરવાનું સદ્ભાગ્ય પ્રાપ્ત થયું હતું તેમને જે ઇલાકાએ જન્મ આપ્યો છે, તે ઇલાકો આજે આપણી બધાની પાસેથી માગવામાં આવેલા બલિદાનથી ડરી કે ધ્રૂજી ઊઠશે નહીં. મને ખાતરી થઈ છે કે જ્યાં સુધી આપણા ભવિષ્યકાળના ભાગીદારો આપણું માન રાખવાનું કબૂલ નહીં રાખે ત્યાં સુધી સુધારાથી કશો લાભ થવાનો નથી. વળી આપણે જાણીએ છીએ કે જેઓ આદર્શો ખાતર એમની માફક બલિદાન આપવાની તાકાત ધરાવે છે તેમને જ એ લોકો માન આપે છે. ગયા મહાયુદ્ધ દરમિયાન કેવી રીતે કશા કચવાટ વિના એમણે પોતાનું કેટલું બધું ધન અને લોહી રેલાવ્યું હતું તે જોઈ લો. આપણો આદર્શ વધુ ઉમદા છે અને આપણાં સાધનો એમના કરતાં અનેક રીતે ચઢિયાતાં છે, કેમ કે આપણે હમેશાં બીજાનું નહીં પણ આપણું પોતાનું લોહી રેડાવા દેતાં અચકાતા નથી.

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૬૫૦૦

## ૧૭૭. સ્વામી શ્રદ્ધાનંદને તાર

[મુંબઈ,]
એપ્રિલ ૬, ૧૯૧૯

શ્રદ્ધાનંદજી
દિલ્હી

દિલ્હી આવવા મંગળવારે[2] નીકળવા ધારું છું. એ બરાબર છે?

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૬૫૦૪

૧. મદ્રાસથી આવેલા નીચેના તારના જવાબમાં આ સંદેશો મોકલવામાં આવ્યો હતો : "સત્યાગ્રહ દિનને માટે તારથી સંદેશો મોકલવા કૃપા કરશો. એનો અનુવાદ અહીંની દેશી ભાષાઓમાં કરાવવાની વ્યવસ્થા કરી રહ્યો છું. —રંગાસ્વામી" એસ. એન. ૬૫૦૦.

૨. એપ્રિલ ૮.

Gandhi Heritage Portal

## ૧૭૮. બી. જી. હૉર્નિમૅનને પત્ર

[મુંબઈ,]
એપ્રિલ ૬, ૧૯૧૯

પ્રિય હૉર્નિમૅન,

આ સાથે એક ભારે કાગળ[1] મોકલું છું. તમે દ્વિજેન્દ્રબાબુને તો ઓળખો છો. સર રવીન્દ્રનાથ ટાગોરના એ સૌથી મોટા ભાઈ થાય. એમના સ્વ. પિતાશ્રી દેવેન્દ્રનાથ ટાગોરની માફક એ પણ વસ્તુતઃ સંન્યાસીનું જીવન ગાળે છે. હું ધારું છું એમની ઉંમર ૮૦ કરતાંય વધારે છે. મને લાગે છે કે આ કાગળ છાપવા જેવો છે. હું તો એટલે સુધી સૂચવું કે એનો ફોટો-પ્રિન્ટ છપાવો, પણ આ કાગળ એકલા આ જ કામ માટે નથી લખતો. મારે તો એ કહેવું છે કે પ્રેમની શાહીમાં કલમ બોળી આવતી કાલનો અગ્રલેખ તમે લખો. એવો લેખ લખવાની તમે બરાબર શક્તિ ધરાવો છો એટલું જાણવા જેટલો હું તમને હવે ઓળખતો થઈ ગયો છું. મારી સૂચના તમે સ્વીકારો તો હું એ પણ કહેવા ઇચ્છું છું કે એ લેખ નીચે તમારી સહી આવવી જોઈએ.

તમારો સહૃદયી

[મૂળ અંગ્રેજી]
મહાદેવ દેસાઈની હસ્તલિખિત ડાયરીમાંથી
શ્રી નારાયણ દેસાઈના સૌજન્યથી
ભાષાંતર : મહાદેવભાઈની ડાયરી, પુસ્તક પાંચમું

૧. પત્ર આ પ્રમાણે હતો :

માર્ચ ૩૧, ૧૯૧૯

અતિ પૂજનીય મિત્ર શ્રી ગાંધી,

મારા હૃદયના ઊંડાણમાંથી ઇચ્છું છું કે આપણા અવળે માર્ગે દોરવાયેલા લોકોને પાપ ઉપર પુણ્યથી વિજય મેળવવામાં મદદ કરવાના તમારા કાર્યમાં અડગપણે તમે મંડ્યા રહેશો. કોઈ કોઈ વાર મને થાય છે કે લોકોને તપસ્યા અને ઉપવાસ કરવાનું તમે કહો છો તે ખાસ જરૂરની વસ્તુ નથી અને તેમ ન કરવું જોઈએ. પણ તરત જ બીજો વિચાર આવે છે કે અમારા દૃષ્ટિબિંદુથી એ વસ્તુનો ન્યાય તોળવા બેસવાનો અમને શો અધિકાર ? એવા ઉચ્ચ સ્થળેથી તમને પ્રેરણા મળે છે કે તમારાં વચનો અને કૃત્યોની યોગ્યાયોગ્યતા વિષે શંકા ઉઠાવવાને બદલે અમારે તો એમાં પરમ પિતાનો દિવ્ય જ્ઞાન અને શક્તિથી ભરેલો આદેશ જ છે એમ સાભાર સ્વીકારવું જોઈએ.

સર્વશક્તિમાન અને પરમ કૃપાળુ પરમાત્મા આ ભારે કસોટીમાં તમારી ઢાલ અને તમારું બળ બની રહો.

તમારો વહાલો બુઢ્ઢો
**બડોદાદા દ્વિજેન્દ્રનાથ ટાગોર**

Gandhi Heritage Portal

## ૧૭૯. મુંબઈમાં ચોપાટી ઉપર ભાષણ

એપ્રિલ ૬, ૧૯૧૯

રૉલેટ બિલો પસાર થતાં રાષ્ટ્રીય અપમાનના, પ્રાર્થનાના અને દિલગીરીના દિનને પ્રસંગે મુંબઈએ એક શોકગ્રસ્ત નગરીનો દેખાવ ધારણ કર્યો હતો. . . . અને ૨૪ કલાકનો ઉપવાસ પાળ્યો હતો.

### ચોપાટી ઉપર સમુદ્રસ્નાન અને પ્રાર્થના

સૂર્યોદય થવાને હજી ઘણો સમય હતો ત્યારથી બૅકબેનો કિનારો જીવનથી ગુંજતો અને ધબકતો હતો, કેમ કે એ સ્થાન લોકોથી ચિકાર ભરાઈ ગયું હતું. વહેલી સવારથી લોકો સમુદ્રસ્નાન માટે ચોપાટી ઉપર આવ્યા હતા. . . . એ કાળો રવિવાર હતો, અને દિવસનો કાર્યક્રમ સમુદ્રસ્નાનથી શરૂ થવાનો હતો.

ચોપાટી ઉપર સૌ પ્રથમ આવનારામાં શ્રી મો. ક. ગાંધી પણ હતા. તેમની સાથે કેટલાક સ્વયંસેવકો પણ હતા. સવારના ૬-૩૦ વાગતાં અગર તે પહેલાં તેઓ એક પથ્થરના બાંકડા ઉપર બેસી ગયા હતા. તેમની આસપાસ સોએક સત્યાગ્રહીઓ ટોળે વળ્યા હતા. . . . જેમ જેમ દિવસ ચઢતો ગયો તેમ તેમ લોકો સમુદ્રતટ પર ઊભરાવા લાગ્યા. જે નવો માણસ આવે તે પ્રથમ સમુદ્રમાં જઈ સ્નાન કરે અને પછી આવીને શ્રી ગાંધીની આજુબાજુ બેસે. આ રીતે જમા થતાં થતાં ટોળું એટલું મોટું થયું કે ત્યાં એક વિશાળ જનસમુદાય એકઠો થઈ ગયો. ચોપાટીની રેતી ઉપર સભા ભરવાનો વખત થયો એટલે શ્રી ગાંધી તે તરફ ગયા અને થોડો વખત પછી શ્રીમતી સરોજિની નાયડુ, શ્રી જમનાદાસ દ્વારકાદાસ, શ્રી હૉર્નિમૅન અને બીજા લોકો એમને આવી મળ્યા. એમાં પચીસેક સ્ત્રીઓ પણ હતી. આ વખતનો દેખાવ ભવ્ય હતો, કેમ કે આખો સૅંડ-હર્સ્ટ બ્રિજ લોકોથી ઊભરાતો હતો. લગભગ દોઢ લાખ માણસો હશે. . . . ત્યાં બધી કોમોનું પ્રતિનિધિત્વ જળવાયું હતું: મુસલમાનો, હિંદુઓ, પારસીઓ અને બીજાઓ પણ હતા અને એક અંગ્રેજ પણ હતો. ચોપાટી ઉપર એકઠી થયેલી જબરી માનવમેદનીમાં મુસલમાનો મોટી સંખ્યામાં જોડાયા હતા.[૧]

### સ્વદેશી વ્રત લેવાનો આગ્રહ

પ્રારંભમાં ગાંધીજીએ લોકોને કશું ધાંધલ કે અવાજ નહીં કરવાની તથા સ્વયંસેવકોના કહેવા પ્રમાણે ચાલવાની સૂચના કરી હતી અને તે પછી જ જણાવ્યું હતું કે, જેમને સ્વદેશી વ્રત લેવાની ઇચ્છા હોય તેમણે રામનવમીને[૨] દિવસે સવારે દરિયામાં સ્નાન કરીને લેવું. આજની સભા તે માટે નથી, છતાં જો કોઈને એ વ્રત લેવાની ઇચ્છા હોય તો તેઓએ ખુશીથી લેવું. બૉયકોટ — બહિષ્કાર — અને સ્વદેશી વ્રતમાં આભજમીનનો ફેર છે. બહિષ્કાર એ એક પ્રકારની શિક્ષા છે, જ્યારે સ્વદેશી વ્રત એ એક ધાર્મિક ફરજ છે. જેમને આ વ્રત ધારણ કરવું હોય તેમણે પાકો વિચાર કરીને તે કરવું. હું પોતે તો ખરેખરા સ્વદેશીમાંનો એક છું અને કદાચ ચુસ્ત સ્વદેશી પણ છું, પણ બીજાઓને એ વ્રત લેવું હોય તો તેમણે બધી બાબતોનો પૂરો વિચાર કરવો. આ વાક્યેવાક્ય મિ. જમનાદાસે ગાંધીજીના કહેવા પ્રમાણે ઉચ્ચાર્યું હતું. તે પછી મિ. જમનાદાસે ગાંધીજીનું નીચેનું ભાષણ વાંચ્યું હતું:

### દિલ્હીનો દુ:ખદાયક બનાવ

આપણામાંથી ઘણાને માટે આના જેવો પવિત્ર પ્રસંગ આખા જીવનમાં ભાગ્યે જ બીજો હોય અને હું જાણું છું કે આ પ્રસંગ ભાષણો આદિના આડંબરો વિના વધારે ગાજી શકે.

૧. અહીં સુધીનું લખાણ ૭–૪–૧૯૧૯ના बॉम्बे क्रॉनिकलમાંથી લીધું છે.

૨. એપ્રિલ ૯.

Gandhi Heritage Portal

પરંતુ ગયે રવિવારે (૩૦મી માર્ચે) હિંદુસ્તાનના પાટનગરમાં બનેલા દુ:ખદાયક બનાવને એમ ને એમ જતો કરવો એ બની શકે તેમ નથી.

એ બનાવને લગતાં બે કથનો આપણને મળ્યાં છે. લોકપક્ષ તરફથી સ્વામી શ્રદ્ધાનંદજીનું અને સ્થાનિક અફસરો તરફથી સરકારનું. આ બંને એકમેકથી વિરુદ્ધ છે. કેટલીક મુખ્ય મુખ્ય બાબતોમાં જ એ બંને કથનોમાં ભેદ રહેલો છે. કોઈ અપક્ષ અવલોકનકાર આ બંને કથનોને પક્ષપાતી કથનો તરીકે ગણી કાઢે. હું લોકપક્ષનો હોવાથી, ટીકાની ખાતર સરકારી કથનનું સાચાપણું સ્વીકારી લઈશ. પરંતુ એ કથનમાં કેટલીક બાબતો સદંતર ઉડાવી દેવામાં આવી છે અને તેમાં સ્વામી શ્રદ્ધાનંદજીએ સ્થાનિક અફસરો વિષે જે કાંઈ કહ્યું છે તે પણ ઉડાવી દેવાયું છે. વળી યાદ રાખવાનું છે કે એ સંન્યાસીનું કથન સૌથી પહેલું જ હતું. પહેલા જ ગોળીબાર પછી તુરત જ સ્વામીજી એ સ્થળે જઈ પહોંચ્યા હતા. સ્વામીજી કહે છે કે સ્ટેશન ઉપરના પોલીસ અફસરોને ખરી હકીકત કહેવા મેં જણાવ્યું, પરંતુ તેમણે મારી સામે બેદરકારી બતાવી અને મિ. કરી તો પૂંઠ ફેરવીને અવળો જ ફરી ગયો. મેં એ સાહેબોને કહ્યું કે હું લોકોને સભામાં લઈ જઈશ અને તમારે તોપો અને લશ્કરોની દોડધામ કરાવીને લોકોને ઉશ્કેરવા જોઈતા નહોતા.

મારા મત પ્રમાણે સરકારે સ્વામીજીના આ આરોપનો ખુલાસો કરવા જોઈતો હતો. મિ. કરીને એ સંન્યાસી કોણ છે તેની ખબર હોવી જ જોઈએ, કારણ કે સ્વામીજી કંઈ જુવાન કે અજાણ્યા નથી. હિંદુસ્તાનમાં તેઓ મશહૂર છે અને વળી એ પ્રસંગે દિલ્હીની સત્યાગ્રહની હિલચાલમાં તેઓ અગ્રણી છે, એ વાત તો સાધારણ જ હતી. તો શું મિ. કરીએ સ્વામીજીની અવગણના કરી હતી?

### સ્વામીજીને સોલ્જરોની ધમકી

વળી સ્વામીજીએ અસરકારક ભાષામાં ગુરખાઓની ધમકી વિષે કહ્યું છે. તેમના સામે બંદૂકો તાકવામાં આવી હતી અને તેમને જ વીંધી નાખીશું એમ કહેવાયું હતું; અને કૂકરી લઈને એક ગુરખો આમતેમ ફેરવતો તેમની સામે ધસી આવ્યો હતો. જો લોકોને તેમનામાંના આગેવાનો વડે વ્યવસ્થિત રૂપમાં જવા દેવાનો પ્રયત્ન અધિકારીઓએ કર્યો હોત તો કશો પણ લશ્કરી દેખાવ ન થયો હોત. પરંતુ તે દિવસે અધિકારીઓએ પોતાની સામાન્ય ઢબ પ્રમાણે આગેવાનોને ધુતકાર્યા અને લોકોને આંજી નાંખવાનો પ્રયત્ન કર્યો. સરકારી ખુલાસો અક્ષરશ: સાચો માની લેવા છતાં નિર્દોષ લોકો ઉપર ગોળીબાર કરવાનું કારણ ન હતું. લોકો ગમે તેટલું તોફાન કરીને પણ શું કરવાના હતા? તેમની પાસે કંઈ જ હથિયાર ન હતાં એ તો નિર્વિવાદ છે. એક હિંદી ટોળાને વિખેરી નાખવું એ દુનિયામાં સહેલામાં સહેલું કામ છે. દિલ્હીમાં બન્યું તેવો બનાવ જો હિંદ સિવાય બીજે કોઈ પણ ઠેકાણે બને તો કેવળ પોલીસોથી જ ચલાવી લેવાય અને હથિયારમાં તેમને દંડૂકા સિવાય બીજું કંઈ જ હથિયાર ન અપાય.

### ડરબનમાં શું બન્યું હતું?

મને એ પ્રસંગ આ વખતે યાદ આવે છે. ડરબનમાં એક વખતે છ હજાર યુરોપિયનોનું ટોળું કે જેને તેના આગેવાનોએ પહેલેથી જ ખૂબ ઉશ્કેર્યું હતું, તેણે કાયદો પોતાના હાથમાં લઈ એક નિર્દોષ માણસને મારી નાખવાનો પ્રયત્ન કર્યો હતો. આ ટોળું એ માણસની પાછળ પડયું. છેવટે એ માણસ મહામુશ્કેલીએ એક મિત્રના ઘરમાં પેસી શક્યો. આ ઘરમાં તેના મિત્રની દુકાન પણ હતી. સાંજ પડતાં હઠીલું થઈને એ ટોળું ત્યાં જમા થયું અને એ માણસનો કબજો

Gandhi Heritage Portal

માગ્યો અને જો ન આપે તો એ ઘર અને દુકાન સળગાવી મૂકવાની ધમકી આપી. પુરુષો, સ્ત્રીઓ અને બાળકો મળીને આશરે ૨૦ જણની જિંદગી એ વખતે જોખમમાં હતી અને લગભગ રૂ. ૩ લાખનો માલ નાશ પામે તેમ હતું. જો લશ્કરી બળની જરૂર કોઈ પણ વખતે પડે, તો તે માટે આ વખત બરાબર હતો. પણ પોલીસના અમલદારોએ તેમ ન કર્યું અને પોતાના બારેક સિપાહીઓને છૂટાછવાયા એ ટોળામાં દાખલ કરીને જોખમમાં આવી પડેલાઓના જાનમાલનું રક્ષણ કર્યું. ત્રણ કલાક સુધી ટોળાની સાથે ભાંજગડ કરીને પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ પેલા નિર્દોષ માણસને એ જ ટોળામાંથી છૂપી રીતે લઈ જઈ શક્યો અને ટોળાને વિખેરી શક્યો. આ બનાવ ૧૮૯૭ના જાન્યુઆરીની ૧૩મીએ ત્યાં બન્યો હતો.[૧] આ ટોળું એક હેતુને માટે જ નીકળ્યું હતું. જ્યારે દિલ્હીના ટોળાનો કશો દોષિત ઈરાદો ન હતો. સરકારી હેવાલમાં સૂચવ્યું છે તે પ્રમાણે એ ટોળાએ વીખરાઈ જવાની ના પાડ્યા સિવાય બીજું કંઈ જ કર્યું નહીં.

### સત્યાગ્રહનું સ્વરૂપ

સરકારી હેવાલમાં સૂચવ્યું છે તે પ્રમાણે આ ટોળાએ વીખરાઈ જવાની આનાકાની કરવા ઉપરાંત કશુંયે નહોતું કર્યું. મિલિટરીની મદદ વિના દિલ્હીના સત્તાધિકારીઓ રેલવે સ્ટેશનનું રક્ષણ કરી શકતા હતા અને તેમ કર્યા બાદ ટોળાને છૂટું મૂકવામાં કશું જોખમ વહોરવાનું નહોતું, પણ હિંદુસ્તાનમાં કમનસીબે ગમે તે બહાનાએ મિલિટરીની મદદ લેવાનો રિવાજ થઈ પડયો છે. આ સવાલ હું વિશેષ ચર્ચવા માગતો નથી. આપણે એટલું જાણવું બસ છે કે ટોળાના કાર્યથી કોઈને પણ નુકસાન નથી થયું. આ સમયે લોકો નથી દબાઈ ગયા, કે નથી વેર વાળવાના ઈરાદાથી ઘેલા થઈ ગયા. લોકો દૃઢ રહ્યા, પોતાની ઉપર કાબૂ રાખી શક્યા અને ૪૦,૦૦૦ માણસોની જંગી સભા ભરી શક્યા, અને તે પણ બંદૂકનો મારો ચાલ્યા પછી. આથી તેઓએ કીર્તિ મેળવેલી છે અને જ્યારે વખત પોતાનું કામ કરી રહેશે ત્યારે આ બનાવને વિષે હિંદુસ્તાન મગરૂરી માનશે. તેઓના ચતુરાઈભર્યા અને હિંમતવાન મુખીપણાને સારુ સંન્યાસીજી અને હકીમ અજમલખાનને[૨] જેટલું માન અપાય તેટલું ઓછું છે. ગયા થોડા દિવસોમાં હું ઘણી વેળા કહી ગયો છું, આપણામાં કાંઈ પણ અતિશયતા થઈ જાય અથવા તો આપણે ખુનામરકી કરીએ એવો ભય મને નથી. દિલ્હીમાં બનેલા બનાવે મારી આ આશાને ટેકો આપ્યો છે, પણ મારી કલ્પનામાં એવું તો કદીયે નથી આવેલું કે, સત્યાગ્રહીઓ અને એમના સાથીઓને કદી પોતાનું લોહી રેડવું નહીં પડે, છતાં હું એટલું તો કબૂલ કરીશ કે દિલ્હીના સત્તાધિકારીઓના પ્રયોગોની મેં આશા નહોતી રાખી, પણ આપણે તો એવા પ્રયોગો પણ વધાવી લેવાના છે અને જેમ વધારે કટુ હોય તેમ આપણે તેને વધારે આવકારદાયક માનીશું કેમ કે આપણે તો મરણને પણ વધાવી લેવાની પ્રતિજ્ઞા કરેલી છે.

### ભોગ આપ્યા વિના કોઈ પ્રજા ઊંચે ચડી નથી

કાલે જ મને સ્વામીજીનો તાર મળેલો છે તેમાં તેઓ જણાવે છે કે ચાર મુસલમાન અને પાંચ હિંદુઓની લાશો હાથ આવેલી છે અને તેની ઉત્તરક્રિયા કરી દેવાઈ છે. લગભગ ૨૦ માણસોનો પત્તો નથી અને ૧૩ માણસો ખૂબ જખમી થયેલા હોવાથી ઈસ્પિતાલમાં છે. આ

૧. જુઓ પુસ્તક ૨, પા. ૧૫૪ અને આત્મકથા, ભાગ ૩, પ્રકરણ ૩.

૨. ૧૮૬૫–૧૯૨૭; હકીમ અને રાજપુરુષ; ૧૯૨૧ની હિંદી રાષ્ટ્રીય કોંગ્રેસના પ્રમુખ.

Gandhi Heritage Portal

કંઈ ખરાબ શરૂઆત ન કહેવાય. ભોગ આપ્યા વિના કોઈ દેશ હજી સુધી ચડયો નથી. કોઈ પ્રજા ઊંચે ચડી નથી. આપણે કોઈ પણ પ્રકારની ખુનામરકી કર્યા સિવાય કેવળ આપભોગથી પ્રજાનું ચણતર કરવાનો અખતરો કરી રહ્યા છીએ. આનું નામ સત્યાગ્રહ. કેવળ સત્યાગ્રહની દૃષ્ટિએ કંઈક અંશે દિલ્હીમાં આપણું કાર્ય નબળું ગણાય. જેને સ્ટેશનમાસ્તરે પકડાવ્યા હતા, તેઓને છૂટા કરવાની સતત માગણી આપણા લોકોએ કરી, અને જ્યાં સુધી તેઓને છૂટા કરવામાં ન આવે ત્યાં સુધી વીખરાઈ જવાના હુકમની સામે થયા. આ બંને કાર્ય ન્યાયે અજુગતાં ગણાય. પકડાયેલા માણસોને છૂટા કરવાની માગણી કરવી એ ખોટું હતું. કાયદાઓનો સવિનયભંગ કરીને આપણે પકડાઈને જેલયાત્રા કરવા ઇચ્છીએ છીએ; એટલે આપણે એવો અવસર આવે, તે વખતે તેની સામે થઈએ તો આપણું ભૂષણ જાય. તે જ પ્રમાણે આપણે છૂટા ન પડયા એ પણ ભૂલ ગણાય. આ હિલચાલની અંદર કમિટી ઠરાવે એ જ કાયદાનો[1] સત્યાગ્રહીથી ભંગ થઈ શકે. તેની બહારના કાયદાઓનો તેઓથી ભંગ થઈ શકતો નથી, અને માજિસ્ટ્રેટના હુકમનો અનાદર કરવાનો નિશ્ચય કમિટીએ હજી કર્યો નથી. જ્યારે આપણે સંઘમાં રહીને ઉપરના હુકમોને આનાકાની વગર તાબે થવાની તાલીમ મેળવશું, જ્યારે આપણે પોતાની ઉપર કાબૂ મેળવશું, જ્યારે આપણામાં સરદારીના ગુણો અને સિપાહીના ગુણો આવશે, તે વેળા એ મોટા સમુદાયની મારફતે એકત્રિત રીતે કાયદાઓનો સવિનય અનાદર કરવાની શક્તિ આપણામાં આવશે; તેથી મેં હાલને સારુ તો એક સલાહ આપેલી છે કે વ્યક્તિવાર અનાદર થઈ શકે તેવા જ કાયદાઓ પસંદ કરવા, એટલે જ્યાં સુધી આપણે પૂરા ઘડાયા નથી અને જ્યાં સુધી સંખ્યાબંધ પુરુષો અને સ્ત્રીઓમાં સત્યાગ્રહનું સ્વરૂપ રગેરગમાં વ્યાપી નથી રહેલું, ત્યાં સુધી સર્વિસો અને મંડળીઓ વિષેના કાયદાઓને માન આપવું એ જરૂરનું છે. એક તરફથી આપણે અમુક કાયદાઓનો નિરાદર કરતા હોઈએ ત્યારે બીજી તરફથી બીજા બધા કાયદાઓનો આદર કરીએ તો જ આપણે કાયદાઓને જાળવનારા છીએ એવું સિદ્ધ કરી શકીએ, અને પછી જ્યારે આપણે પૂરતું જ્ઞાન અને તાલીમ મેળવી હશે ત્યારે આપણે અનુભવીશું કે, યાંત્રિક તોપો, બીજાં હથિયારો અને વિમાનોની બલા સુધ્ધાં આપણને નડી શકશે નહીં.

## પવિત્ર ફરજ

હવે આપણી સમક્ષ બે પ્રસ્તાવો મૂકવાનું કામ બાકી રહે છે. તેમાંનો એક ઠરાવ એ તો આપણી પવિત્ર ફરજ છે. એ ઠરાવથી આપણે જેઓએ પોતાના વહાલાંઓને ગુમાવ્યાં છે, તેમની તરફ આપણી ઊંડી લાગણીઓ દર્શાવીએ છીએ અને દિલ્હીના લોકોને તેમ જ ત્યાંની યોજનાના મુખીઓને તેઓના સંયમને સારુ મુબારકબાદી આપીએ છીએ. સ્વામીજીને મેં એક તાર મોકલેલો છે. તેમાં એમને વહાલાંના મૃત્યુથી દુઃખી થયેલાં કુટુંબોનાં નામઠામની તપાસ કરવાની અને તેઓના ભરણપોષણને સારુ પૈસા આપવાની જરૂર પડશે કે નહીં અને પડશે તો દિલ્હી તેને પહોંચી વળશે કે નહીં એ બધું જણાવવાની પ્રાર્થના કરી છે. આપણા જે ભાઈઓ મિલિટરીની ગોળીઓના ભોગ થયા છે તેઓનું સ્મરણ રાખવાને સારુ ઓછામાં ઓછું કાર્ય એ છે કે આપણે તેમનાં કુટુંબોની જરૂર પડતી આજીવિકાની હાજતો પૂરી પાડવી અને મારી ખાતરી છે કે મુંબઈના ધાર્મિક ગૃહસ્થો આ મદદ આપવામાં પછાત નહીં રહે.

૧. જુઓ "સવિનયભંગ માટેના કાયદાઓ અંગે નિવેદન", ૭–૪–૧૯૧૯.

Gandhi Heritage Portal

## સાદી પ્રાર્થના

બીજા ઠરાવથી આપણે હિંદી વજીરને વિનંતી કરીએ છીએ કે, તેમણે બાદશાહને સલાહ આપવી કે તેઓ રૉલેટ ઍક્ટ રદ કરે અને આપણે નામદાર વાઈસરૉયને અરજી કરીએ છીએ કે નં. ૧લું રૉલેટ બિલ તેઓ ખેંચી લે. આપણી અરજીમાં દિલ્હીના નિરપરાધી ભાઈઓનાં ખૂનનું જોર હશે તે એક અને જ્યાં સુધી રાજ્યકર્તાનાં હૃદય પીગળે નહીં ત્યાં સુધી આપણે અમુક કાયદાઓનો નિરાદર કરી દુઃખ ભોગવવાની પ્રતિજ્ઞા કરી છે તે બીજું એમ આપણી અરજી વિષે બેવડું જોર રહેલું છે. આમ રૉલેટ બિલ રદ કરાવી આપણે એક સિદ્ધાંત કબૂલ કરાવીશું અને તે એ કે જ્ઞાનપૂર્વક પ્રજાએ જાહેર કરેલા એકમતનો કોઈ રાજ્યકર્તા અનાદર કરી શકતા નથી.

## ઠરાવો[1]

ઉપરના ભાષણ પછી સંપૂર્ણ શાંતિ વચ્ચે નીચેના બે ઠરાવો પસાર કરવામાં આવ્યા હતા:
૧. મુંબઈના રહેવાસીઓની આ સભા દિલ્હીના રહેવાસીઓને, અત્યંત કઠણ સંજોગોમાં પણ દૃષ્ટાંતરૂપ આત્મસંયમ દાખવવા બદલ અને સંન્યાસી સ્વામી શ્રી શ્રદ્ધાનંદજીને તથા હકીમજી અજમલખાનને તેમના પ્રશંસનીય નેતૃત્વ બદલ ધન્યવાદ આપે છે, અને સ્થાનિક અધિકારીઓના હુકમથી થયેલા ગોળીબારમાં જે નિર્દોષ વ્યક્તિઓના પ્રાણ ગયા છે તેમનાં કુટુંબો પ્રત્યે તેમની માનભરી હમદર્દી પાઠવે છે.
૨. મુંબઈના નાગરિકોની આ સભા પરમ માનનીય ભારતમંત્રીને સાદર વિનંતી કરે છે કે તેમણે નામદાર સમ્રાટને એવી સલાહ આપવી કે તેઓ ૧૯૧૯ના ક્રાંતિ અને અરાજકતાના ગુનાઓ અટકાવવા માટેના કાયદા સામે પોતાનો નિષેધાધિકાર વાપરે, કેમ કે ખુદ એ કાયદો મૂળમાં જ ખરાબ અને બિલકુલ અનાવશ્યક હોવા ઉપરાંત તે એકમતે પ્રકટ થયેલા જાહેર મતને અવગણીને પસાર કરવામાં આવેલો છે. આ ઉપરાંત, આ સભા વાઈસરૉય સાહેબને અદબપૂર્વક વિનંતી કરે છે કે તેમણે ૧૯૧૯નો ફોજદારી કાયદો સુધારવા અંગેનું બિલ નંબર ૧ (ક્રિમિનલ લૉ એમેન્ડમેન્ટ્સ બિલ નં. ૧) પાછું ખેંચી લેવું.

મહાત્મા ગાંધીજીએ છેલ્લે જણાવ્યું કે મુસલમાન ભાઈઓ જે અત્રે હાજર થયા છે, તે માટે હું રાજી થયો છું, પણ મને સંતોષવાને અત્રે તેઓની ઘણી થોડી સંખ્યા હાજર થઈ છે. મારી ઉમેદ છે કે હવે પછીના પ્રસંગે મુસલમાનો હજારોની સંખ્યામાં હાજર થશે. મુસલમાનોના બે શબ્દોનો એક બુલંદ અવાજ છે. તે અવાજ "અલ્લા હો અકબર"નો છે. તેનો અર્થ એ છે કે, "હે ઈશ્વર! તું જ એક મોટો છે." અત્રેથી સરઘસમાં નીકળતાં અગાઉ તમે સૌ તે શબ્દોનો નાદ તમારા પોતાના હૃદયમાં ત્રણ વખત કરજો અને તે તમો પોતે જ સાંભળજો. તે શબ્દમાં જે જોર રહેલું છે તે બીજામાં નહીં હોય. ઈશ્વરની મદદ વિના આપણે કેટલા અશક્ત અને કંગાળ છીએ તે એ નાદ આપણને સૂચવે છે. સરઘસમાં પ્રથમ હું ચાલીશ, પછી અત્રે હાજર રહેલી બહેનો ચાલશે. પછી તમારે વ્યવસ્થિત રીતે શાંતિથી ચાલવું, બહેન સરોજિની છેલ્લે મોટરમાં આવશે.

## પ્રાર્થના માટે નીકળેલું જંગી સરઘસ

ગાંધીજીના ભાષણ પછી લોકોની અગણિત સંખ્યાએ દરિયા ઉપરથી માધવબાગમાં પ્રાર્થના કરવા માટે નિયત કરેલે માર્ગે કૂચ કરવી શરૂ કરી. આ દેખાવ અવર્ણનીય હતો. જોનારને જ તેનો પૂરો ખ્યાલ આવી શકે. રસ્તો સરઘસના લોકોથી ચિકાર થયો હતો; અને બારીઓ, અગાસીઓ, ઓટલા, કઠેરા વગેરે પ્રેક્ષક સ્ત્રીપુરુષોથી ચિકાર હતું. આ રીતે જતું લોકોનું સરઘસ

૧. આ બે ઠરાવો बॉम्बे क्रॉनिकलમાંથી લીધા છે.

Gandhi Heritage Portal

મંદ ગતિએ વહેતા જલપ્રવાહના જેવું દીસતું હતું. ઉઘાડાં માથાં અને ભીનાં ધોતિયાં સાથે જતા ડાહ્યુ લોકોના આ દેખાવ કેવા લાગે, તે અનુમાનથી જ સમજાશે.

મિ. હૉર્નિમૅન બીમાર હતા એટલે કાંઈક મુશ્કેલીથી ચાલી શકતા હતા, અને ઘણા નબળા દેખાતા હતા. ભીડ ઘણી વધી ગઈ હોવાથી માધવબાગ પહોંચતાં ઘણો સમય લાગ્યો. માધવબાગ પહોંચ્યા પછી લોકો ખુલ્લી જગામાં ફેલાઈ ગયા અને મંદિરનું આખું ચોગાન ખીચોખીચ ભરાઈ ગયું. પછી શ્રી ગાંધી ત્યાં આવ્યા અને બધાએ મળી પ્રાર્થના કરી. તે પછી શ્રી ગાંધીએ લોકોને શાંતિપૂર્વક વીખરાઈ જવા કહ્યું, એટલે લોકો વીખરાઈ ગયા.[1]

[મૂળ ગુજરાતી]

ગુજરાતી, ૧૩–૪–૧૯૧૯

## ૧૮૦. મુંબઈમાં હિંદુમુસલમાન એખલાસ વિષે ભાષણ

એપ્રિલ ૬, ૧૯૧૯

### મસ્જિદમાં હિંદુઓની હાજરી

બાદ સરઘસ માધવબાગ આવી પહોંચ્યું હતું. આ વખતે એક અપૂર્વ બનાવ એ બન્યો હતો કે માધવબાગમાં મુસલમાન વગેરે પણ પ્રાર્થનાને માટે ગયા હતા. અત્રે પ્રાર્થના થઈ રહ્યા પછી મુસલમાનો તારદેવ પાસેની મસ્જિદમાં બંદગી કરવા ગયા હતા. હિંદુઓ પણ ત્યાં ગયા અને મુસલમાનોની એ સ્થળે મળેલી સભામાં અબદુલ યુસુફ ઈસ્ફાનીએ હિંદુમુસલમાનના ઐક્ય વિષે ભાષણ આપવાનો આરંભ કર્યો તે દરમિયાન પુષ્કળ લોકો ભેગા થવાથી સભાનું સ્થળ સોનાપુર મસ્જિદમાં ફેરવાયું હતું. શ્રીયુત ગાંધીજી, શ્રીમતી સરોજિની, મિ. જમનાદાસ વગેરે ત્યાં જતાં મુસલમાનો ઊભા થયા હતા અને તેમને મિનારાના ઉપલા ભાગમાં બેસાડ્યા હતા. બાદ મૌલવી હકીમ અબદુલ હઈ, મૌલવી અબદુલ રઉફ વગેરેનાં ભાષણો પછી મિ. જમનાદાસે નીચે પ્રમાણે જણાવ્યું હતું :

### શ્રીયુત ગાંધીજીની સૂચના

ગાંધીજીની પ્રકૃતિ અસ્વસ્થ હોવાથી તેઓ એક એક વાક્ય બોલતા હતા અને મિ. જમનાદાસ તે મોટે અવાજે લોકોને કહેતા હતા. તે સંદેશામાં હતું કે જેમ જેમ વખત વહેશે તેમ તેમ સત્યાગ્રહ શું છે તે આપણે જાણીશું. સત્યાગ્રહ વડના ઝાડ જેવો છે. તેનાં મૂળ ઊંડાં છે. તેની શાખાઓ આગળ જતાં મૂળ બની જાય છે, એટલે તે ઝાડને મૂળમાંથી કોઈ છેદી શકતું નથી. સત્યાગ્રહમાંથી સ્વદેશી પણ નીકળે છે, તે આપણે સવારે જોયું. સત્યાગ્રહ એ જિંદગીનો કાયદો છે. કોઈ તેનો નિરાદર કરી શકતું નથી. જેટલે અંશે તેનો નિરાદર કરવા ઇચ્છીએ તેટલે અંશે આપણે જોખમમાં આવી પડીએ છીએ. સત્યાગ્રહમાં હિંદુમુસલમાનોને એક કરવાની દવા રહેલી છે અને એ ઐક્યથી સૌ કોઈ હર્ષ પુકારી રહ્યા છે.

### ઐક્ય જાળવનારો માર્ગ

હું હિંદુમુસલમાનોને સાવધાન કરવા ઇચ્છું છું. હર્ષનાદથી અને એક વખત ભેગા હતા એટલાથી જ આપણે ભેગા રહી શકીશું નહીં. તેને માટે એક જ રસ્તો છે. બંને કોમે સત્યાગ્રહથી જોડાવું જોઈએ. બંને કોમોએ સાફ દિલ અને સચ્ચાઈથી રહેવું જોઈએ. ભાઈઓની માફક આપણે

૧. છેલ્લો પૅરેગ્રાફ ૭–૪–૧૯૧૯ના बॉम्बे क्रॉनिकलમાંથી અનુવાદ કરી મૂક્યો છે.

Gandhi Heritage Portal

વર્તવું જોઈએ. ભાઈઓમાં હક્કનો સવાલ નથી, પણ તેઓ ફરજનો વિચાર કરે છે. હિંદુઓની સંખ્યા મોટી હોવાથી તેમણે મુસલમાનોનાં દુ:ખોમાં ભાગ લેવો જોઈએ. હું સાંભળી રહ્યો છું અને તે માનું છું કે હિંદુઓ કરતાં મુસલમાનો વિશેષ દુ:ખી છે. હિંદુઓની ફરજ છે કે તેમણે ભાઈચારો સિદ્ધ કરવો જોઈએ. તે સિદ્ધ કરતાં ઘણાં વર્ષો જશે ત્યારે આપણે એક થઈશું.

આવી સભામાં આપણે ખોબા જેટલા હોઈએ છીએ. એટલામાં ભાઈચારો થયો તેથી કરોડોમાં થયો એમ નથી માનવાનું. આટલા માટે આપણે માંહોમાંહેનો ભેદભાવ કાઢી નાખવો. આપણી ભાવના જનસમાજમાં ઉત્પન્ન કરવી. અહીંથી છૂટા થયા પછી આપણી સ્ત્રીઓ, બાળકો અને નોકરોને કહેવું કે આપણે એક છીએ. તેમ થશે ત્યારે દિલના જખમો રુઝાવી આપણે એક થઈશું. આ માટે આપણે જુમા મસ્જિદ કે તેવી જ કોઈ મોટી જગ્યાએ ભેગા થઈને ખુદાને સાક્ષી રાખીને ભેદભાવ ભૂલી જવાની પ્રતિજ્ઞા લેવી. આમ કરીશું તો રૉલેટ કાયદો જશે જ. મસ્જિદમાં મુસલમાનોને મળવાની મને મળેલી તક માટે હું તેમનો આભાર માનું છું.

**ગાંધીજી ઊંચકાયા!**

સભા વિસર્જન થતી હતી તે દરમિયાન કેટલાક ઉત્સાહી મુસલમાન ભાઈઓ ગાંધીજીના આ ભાષણથી હર્ષમાં આવી જઈને તેમને ઊંચકીને બહાર લઈ ગયા હતા.

[મૂળ ગુજરાતી]

ગુજરાતી, ૧૩–૪–૧૯૧૯

## ૧૮૧. મુંબઈમાં સ્ત્રીઓની વિરોધ સભામાં કરેલું ભાષણ[1]

એપ્રિલ ૬, ૧૯૧૯

શ્રીયુત ગાંધીજીએ પોતાના ભાષણમાં જણાવ્યું હતું કે, લંબાણથી વિવેચન કરીને મારા ઉદ્‌ગાર રજૂ કરવાની મારી ઇચ્છા હતી, પરંતુ ક્રાફર્ડ માર્કેટ[2] આગળ પોલીસોએ કંઈ ભૂલ કર્યાનો સંદેશ મને મળ્યો છે તેથી મારે અધિકારીઓને મળવાનું છે. જો તપાસ કરતાં મને લોકોની ભૂલ જણાશે તો હું તે કબૂલ કરીને મારી દિલગીરી બતાવીશ, અને જો પોલીસે ભૂલ કરી હશે તો તે ખરેખર ખેદનું કારણ છે. તમો આજનું કામ શાંતિથી ચલાવશો એવી મારી ઉમેદ છે. સત્યાગ્રહમાં દાખલ થયેલી બહેનોની સંખ્યા કરતાં વધુ સંખ્યા તેમાં જોડાય એવી મારી ઇચ્છા છે, કેમ કે હિંદના અર્ધા અંગ સિવાય હિંદની પ્રગતિ થઈ શકે નહીં. સત્યાગ્રહની લડત ધાર્મિક અને પવિત્ર હોવાથી સ્ત્રીઓ તેમાં જોડાઈ શકે છે, અને તેમ થશે ત્યારે જ હિંદનું નસીબ ફરશે. આ લડતમાં શું શું જરૂરનું છે તે તમે ધીમે ધીમે જાણશો.

[મૂળ ગુજરાતી]

ગુજરાતી, ૧૩–૪–૧૯૧૯

૧. રૉલેટ કાયદા સામે મક્કમ વિરોધ જાહેર કરવા માટે તમામ વર્ગો અને કોમોની સ્ત્રીઓએ ચાઈનાબાગમાં સભા ભરી હતી. શ્રીમતી જયકર સભાનાં પ્રમુખ હતાં.

૨. જુઓ "સર ઇબ્રાહીમ રહીમતુલ્લાને પત્ર", ૮–૪–૧૯૧૯.

Gandhi Heritage Portal

## ૧૮૨. સત્યાગ્રહી – ૧

મુંબઈ,
એપ્રિલ ૭, ૧૯૧૯

આજે ઇન્ડિયન પ્રેસ ઍક્ટનો ભંગ કરવા માટે સરકારમાં નોંધાવ્યા વિનાનું નીચેનું વર્તમાનપત્ર પ્રગટ કર્યું :

(આ પત્ર વાંચો, તેની નકલ કરો અને મિત્રોમાં તેનો પ્રચાર કરો. મિત્રોને વિનંતી કરો કે તેઓ પણ તેની નકલ કરીને પ્રચાર કરે.)

સત્યાગ્રહી

તંત્રી : મોહનદાસ કરમચંદ ગાંધી

લૅબર્નમ રોડ, ગામદેવી, મુંબઈ

૭–૪–૧૯૧૯

અંક ૧ કિંમત એક પૈસો

[દર સોમવારે સવારે દસ વાગ્યે પ્રગટ થશે.]

**ગ્રાહકોને**

આ પત્ર કાયદા પ્રમાણે નોંધાવવામાં આવ્યું નથી. એટલે તેનું વાર્ષિક લવાજમ ન હોઈ શકે. એવી ખાતરી આપવી પણ શક્ય નથી કે પત્ર કશા અંતરાય વિના પ્રગટ કરવાનું ચાલુ રાખી શકાશે. તંત્રીને સરકાર કોઈ પણ ક્ષણે પકડી શકે છે. જે તંત્રી પકડાય તેનું સ્થાન લેવાને તંત્રીઓની ધારા ચાલ્યા જ કરે એવી સુખદ સ્થિતિમાં આપણો દેશ ન આવે ત્યાં સુધી આ પત્ર નિયમિત પ્રગટ થયા જ કરશે એવી ખાતરી પણ આપી શકાય નહીં. તંત્રીઓનો સતત પ્રવાહ ચાલુ જ રહે તે માટે પ્રયત્ન કરવામાં અમે કશી કચાશ રાખીશું નહીં.

વર્તમાનપત્રો પ્રગટ કરવાને લગતો જે કાયદો છે તે સદાસર્વદા તોડયા જ કરવાનો અમારો ઇરાદો નથી, એટલે રૉલેટ કાયદા જ્યાં સુધી રદ નથી થયા ત્યાં સુધી જ આ પત્ર ચાલુ રહેશે.

**અમારું ધ્યેય**

સત્યાગ્રહી શું કરશે એ પ્રશ્નના જવાબમાં અમારા ધ્યેયનો ખુલાસો આવી જાય છે. રૉલેટ કાયદા રદ કરાવવાના ઉદ્દેશથી જ સત્યાગ્રહીએ જન્મ ધારણ કર્યો છે. એટલે એનું કામ એ હશે કે સત્યાગ્રહના સિદ્ધાંતોને અનુસરીને શી રીતે એ કાયદા રદ કરાવવા. સત્યાગ્રહની પ્રતિજ્ઞા પર સહી કરનારની ફરજ છે કે અમુક કાયદાઓનો સવિનયભંગ કરીને જેલ વહોરી લેવી. એક રીતે આ પત્રનું પ્રકાશન જ એનો ઉત્તમ માર્ગ બતાવી આપે છે, કારણ આ પત્ર પ્રગટ કરવામાં જ કાયદાનો સવિનયભંગ રહેલો છે. આજકાલ સાર્વજનિક પ્રવૃત્તિમાં એવી માન્યતા પ્રવર્તે છે કે એ પ્રવૃત્તિ ચલાવનાર પોતે બોલે તે પ્રમાણે કરવાને બંધાયેલો હોતો નથી. આ અસંગતિ એક ભારે દોષ છે. સાર્વજનિક કામ કરવાની એ ખોટી રીત છે. સત્યાગ્રહની રીત અનોખી છે. તેમાં તો આચરણ એ જ ઉપદેશ છે. એટલે આમાં જે કાંઈ કહેવામાં આવશે તે જાતઅનુભવની એરણ ઉપર કસી જોયેલું હશે અને આમાં જે ઇલાજો બતાવવામાં આવશે તે સારી રીતે અજમાવી

Gandhi Heritage Portal

જોયેલી દવાના જેવા હશે. આમ અમારી સલાહ જાતઅનુભવવાળી હોઈ તે સ્વીકારતાં વાચકો ખચકાશે નહીં.

**ખબરો**

ગઈ કાલે ઘણા ભારે બનાવો બની ગયા. પણ સત્યાગ્રહીઓના અવિરત પ્રયાસથી મિલમજૂરોએ પોતપોતાની મિલોમાં કામ પર રહીને,—કારણ માલિકો તરફથી તેમને રજા મળી શકી નહોતી,—જે રીતે રાષ્ટ્ર દિન ઊજવ્યો તેના જેવું ભારે કામ બીજું એકે નહોતું.

[મૂળ ગુજરાતી]

મહાદેવભાઈની ડાયરી, પુસ્તક પાંચમું

## ૧૮૩. સત્યાગ્રહીઓને સૂચનાઓ[1]

[મુંબઈ,
એપ્રિલ ૭, ૧૯૧૯]

હવે આપણે કોઈ પણ ક્ષણે પકડાવાની આશા રાખવી જોઈએ. તે માટે એ ધ્યાનમાં રાખવું જોઈએ કે કોઈ પણ માણસને પકડવામાં આવે તો તેણે કશી મુશ્કેલી ઊભી કર્યા વિના પકડાઈ જવું. કોર્ટમાં હાજર રહેવાનો તેને સમન્સ મળે તો કોર્ટમાં હાજર થવું. તેણે પોતાના કેસમાં કોઈ વકીલોને ન રોકવા જોઈએ, તેમ કશો બચાવ ન કરવો જોઈએ. જો દંડ કરવામાં આવે અને તે ન ભરે તો કેદની સજા હોય તો તેણે કેદ સ્વીકારવી જોઈએ. ફક્ત દંડ જ કરવામાં આવ્યો હોય તો દંડ ભરવો જોઈએ નહીં અને તે બદલ પોતાની કાંઈ મિલકત હોય તો તે વેચાવા દેવી જોઈએ. પોતાના સાથીને પકડવામાં આવે કે કેદની સજા કરવામાં આવે તો બાકીના સત્યાગ્રહીઓએ તે માટે શોકનું કે એવું બીજું પ્રદર્શન કરવું જોઈએ નહીં. ફરી ફરીને એ કહેવાની જરૂર છે કે આપણે કેદને નોતરવા બહાર પડ્યા છીએ, એટલે જ્યારે આપણને કેદ મળે ત્યારે તેની આપણે કશી ફરિયાદ કરવાની ન હોય. એક વાર જેલમાં ગયા એટલે જેલના બધા નિયમોનું આપણે પાલન કરવાનું છે, કારણ જેલમાં સુધારા કરાવવા એ અત્યારની આપણી લડતનો ભાગ નથી. બીજા સામાન્ય કેદીઓ કરતા જોવામાં આવે છે તેવી કોઈ પણ જાતની ચોરીછૂપીનો સત્યાગ્રહી આશ્રય ન જ લે. સત્યાગ્રહી જે કાંઈ કરે તે ખુલ્લંખુલ્લા જ હોય.

[મૂળ ગુજરાતી]

મહાદેવભાઈની ડાયરી, પુસ્તક પાંચમું

૧. આ પત્રિકા ૭–૪–૧૯૧૯ના સત્યાગ્રહીના અંક સાથે પ્રસિદ્ધ કરવામાં આવી હતી.

Gandhi Heritage Portal

# ૧૮૪. સવિનયભંગ માટેના કાયદાઓ અંગે નિવેદન

[એપ્રિલ ૭, ૧૯૧૯]

[સત્યાગ્રહ સભાએ નીચેનું નિવેદન પ્રસિદ્ધ કર્યું છે:]

પ્રતિજ્ઞામાં જણાવેલી કમિટીએ એવી સલાહ આપેલી છે કે હાલ તુરતને સારુ બાધિત સાહિત્ય વિષેના અને વર્તમાનપત્રો રજિસ્ટર કરવાના કાયદાનો સાદર નિરાદર કરવાની શરૂઆત કરવી.

બાધિત સાહિત્યમાંથી કમિટીએ નીચે પ્રમાણે પુસ્તકો[1] પ્રચારને સારુ પસંદ કરેલાં છે.

| | |
|---|---|
| हिंद स्वराज | મોહનદાસ ક. ગાંધી |
| सर्वोदय | ,, |
| अेक सत्यवीरनी कथा | ,, |
| मुस्तफा कमाल पाशानुं भाषण अने तेमनी कारकिर्दी | ,, |

[ઈન્ટરનૅશનલ પ્રિન્ટિંગ પ્રેસમાં]
છપાયેલાં

ઉપર પ્રમાણે કાયદાઓની પસંદગી કરવામાં કમિટીએ નીચેના સિદ્ધાંતો ધ્યાનમાં રાખેલા છે:

૧. સરકાર અને પ્રજામાં બને તેટલી ઓછી અશાંતિ થાય એમ કરવું.

૨. સત્યાગ્રહીઓ કસાયેલા ન હોય, સંયમ ન શીખ્યા હોય, અને નાજુક સંધોની હિલચાલ ચલાવવાની આવડત ન મેળવી હોય, ત્યાં સુધી વ્યક્તિવાર નિરાદર થઈ શકે એવા જ કાયદાઓ શોધવા.

૩. પ્રાથમિક પસંદગીમાં એવા જ કાયદાઓ લેવા કે જેનો વિરોધ લોક તરફથી થયો હોય અને જે સત્યાગ્રહની દૃષ્ટિએ વધારે વખોડવા લાયક હોય.

૪. એવા કાયદાઓની પસંદગી કરવી જોઈએ કે જેના નિરાદરથી જાહેર પ્રામાણિક કામ કરનારાના રસ્તામાં પડતી મુશ્કેલીઓમાંથી નીકળી જવાનો શુદ્ધ માર્ગ મળે.

૫. બાધિત સાહિત્યમાંથી એવાં પુસ્તકો અને લેખો ચૂંટવા કે જે સત્યાગ્રહના સિદ્ધાંતોના વિરોધી ન હોય એટલે જે સુનીતિવાળા હોય, અને જેમાં સીધી કે આડકતરી રીતે ખુનામરકીને ઉત્તેજન ન મળતું હોય.

**કાયદા કેમ ભંગાય**

સત્યાગ્રહીઓએ પ્રચાર કરવાને સારુ બાધિત સાહિત્ય મેળવી લેવું. સત્યાગ્રહ સભાના મંત્રીઓ મારફતે દરેક સત્યાગ્રહીને થોડું સાહિત્ય મળી શકશે. સત્યાગ્રહીઓએ બનતા સુધી પોતાનાં નામ અને ઠેકાણાં વેચનાર તરીકે પુસ્તક ઉપર લખવાં. આથી સરકારને કામ ચલાવવાની સગવડ

૧. મુંબઈ સરકારે માર્ચ, ૧૯૧૦માં આ પ્રકાશનોને "રાજદ્રોહી" વિચારો ધરાવતાં ઠરાવી તેમના પ્રચારનો નિષેધ ફરમાવ્યો હતો. જુઓ પુસ્તક ૧૦, પા. ૨૯૧-૨.

Gandhi Heritage Portal

મળે છે. સત્યાગ્રહમાં આવું સાહિત્ય છૂપી રીતે વહેંચવાને તો અવકાશ જ નથી, તેમ આગ્રહપૂર્વક વહેંચવાનો પ્રયત્ન પણ ન કરાય.

આવા પ્રકારનું સાહિત્ય વંચાવવાને સારુ સ્ત્રીપુરુષોના નાના વર્ગો પણ સત્યાગ્રહી કાઢી શકે છે. બાધિત સાહિત્યની પસંદગી કરવાનો હેતુ કાયદાનો સવિનયભંગ કરવો એટલો જ નથી, પણ લોકોને સુનીતિ શીખવનારું સરસ સાહિત્ય આપવું તે છે. આવું સાહિત્ય સરકાર જપ્ત કરશે એવી આશા રખાય અને સત્યાગ્રહની હિલચાલ આર્થિક મદદ વિના ચાલી શકે એવી હોવી જોઈએ અને એવી છે એટલે જ્યારે પુસ્તકો જપ્ત થાય ત્યારે સત્યાગ્રહીઓએ પોતે બાધિત સાહિત્યની નકલો કરી લેવી અથવા મિત્રોની પાસે નકલો કરાવી લેવી અને તે પણ જપ્ત થઈ જાય ત્યાં સુધી લોકોમાં વંચાવ્યા કરવી. એમ કહેવામાં આવેલું છે કે આવી રીતે વાચન કરવું એ પણ પ્રચાર કર્યા બરોબર છે, અને તેથી કાયદાનો નીતિસર ભંગ કરવાની મુરાદ હાંસલ થઈ શકે છે. જ્યારે આવાં પુસ્તકો જપ્તીથી કે વેચાણથી ખલાસ થઈ જાય ત્યારે અને આખી નકલો કરવાનો અવકાશ ન હોય ત્યારે બાધિત પુસ્તકોમાંથી યોગ્ય ફકરાઓ લખી તેનો પ્રચાર કરવાથી પણ કામ સરી શકે છે.

વર્તમાનપત્રના કાયદાનો ભંગ કરવા વિષે આ ખ્યાલ છે. દરેક સત્યાગ્રહના સ્થળમાં રજિસ્ટર કર્યા વિના એક હસ્તલિખિત વર્તમાનપત્ર બહાર પાડવું. તે ભલે અર્ધા ફૂલ્સકૅપની એક જ બાજુ ઉપર લખાયેલું હોય. આવું વર્તમાનપત્ર કાઢતાં તુરત જણાઈ રહેશે કે એક પાનું પણ સરસ રીતે ભરવું મુશ્કેલ છે. ઘણાં વર્તમાનપત્રમાં વિશેષ ભાગ નકામાં લખાણોથી ભરેલો હોય છે એ સુપ્રસિદ્ધ વાત છે. વળી આકરા ન્યૂસપેપરના કાયદાને લીધે આધુનિક વર્તમાનપત્રોમાં દ્વિઅર્થી ભાષાનો પ્રયોગ જોવામાં આવે છે એ વાતનો ઇનકાર થઈ શકે એમ નથી.[1] સત્યાગ્રહીને કાયદાની સજા ભય પમાડી શકતી નથી. તેને સારુ તો તેના અંતરના હુકમો એ જ મર્યાદા છે. આવો સત્યાગ્રહી વગર રજિસ્ટર થયેલા વર્તમાનપત્રમાં જ પોતાના નીડર વિચાર જણાવી શકે છે, અને આમ જો બીજી રીતે કસાયેલી કલમથી લખાયેલું સત્યાગ્રહી વર્તમાનપત્ર હોય તો તે લોકોને ટૂંક સ્વરૂપમાં શુદ્ધ વિચારો આપવાનું બળવાન સાધન થઈ શકે. હસ્તલિખિત વર્તમાનપત્રનો પ્રચાર ન થઈ શકે એવી ધાસ્તી રાખવાની જરૂરત નથી, કેમ કે જેના હાથમાં તેની પ્રથમ નકલો આવે તેઓએ તેની નકલો કરવાની છે અને તેમ ઉત્તરોત્તર થયા કરે તો છેવટે એક જ પત્ર આખા હિંદુસ્તાનમાં યંત્રની મદદ વિના વ્યાપક કરી શકાય. વળી એ પણ ભૂલવું નહીં જોઈએ કે હિંદુસ્તાનમાં તો લેખનકળાની મદદ વિના માત્ર કથાવ્યાખ્યાનોથી જ કેળવણી આપવાની પ્રથા પુરાતન કાળથી ચાલતી આવેલી છે.

**મોહનદાસ કરમચંદ ગાંધી**
પ્રમુખ સત્યાગ્રહ સભા
**ડી. ડી. સાઠે**
**ઉમર સોબાની**
**શંકરલાલ ઘેલાભાઈ બૅંકર**
મંત્રીઓ, સત્યાગ્રહ સભા

[મૂળ ગુજરાતી]

ગાંધીજીએ લખાવેલ મૂળની છબી પરથી: એસ. એન. ૬૪૬૧ પી.

૧. વર્તમાનપત્રોનું કર્તવ્ય શું છે, એ વિષે ગાંધીજીના વિચારો જાણવા માટે જુઓ પુસ્તક ૧૪, "વર્તમાનપત્રો," ૧૪-૧૧-૧૯૧૭ પહેલાં.

Gandhi Heritage Portal

## ૧૮૫. ડૉ. સત્યપાલને તાર

[મુંબઈ,]
એપ્રિલ ૭, ૧૯૧૯

ડૉ. સત્યપાલ[1]
દિલ્હી

બુધવારે[2] પંજાબ મેલથી દિલ્હી આવું છું. કૃપા કરી મળશો.

[મૂળ અંગ્રેજી]

છબી પરથી: એસ. એન. ૬૫૦૮

## ૧૮૬. એસ. કે. રુદ્રને તાર

[મુંબઈ,]
એપ્રિલ ૭, ૧૯૧૯

રુદ્ર
સેંટ સ્ટીવન્સ કૉલેજ
દિલ્હી

બુધવારે પંજાબ મેલથી ત્યાં આવું છું.

ગાંધી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી: એસ. એન. ૬૫૦૮

## ૧૮૭. એફ. સી. ગ્રિફિથને પત્ર

લેબર્નમ રોડ,
ગામદેવી,
મુંબઈ,
એપ્રિલ ૭, ૧૯૧૯

વહાલા મિ. ગ્રિફિથ,[3]

આજે મેં એક નોંધાવ્યા વિનાનું છાપું પ્રસિદ્ધ કર્યું છે. તેની એક નકલ આપને આ સાથે મોકલી આપું છું.

આપનો સહૃદયી
**મો. ક. ગાંધી**

[મૂળ અંગ્રેજી]

મહાદેવ દેસાઈના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્ર પરથી: બૉમ્બે ગવર્નમેન્ટ રેકર્ડ્ઝ સી. પી. ફાઈલ નં. ૨૦૦૧/એચ/૧૯

૧. પંજાબના ડૉક્ટર અને કૉંગ્રેસી નેતા.
૨. એપ્રિલ ૯.
૩. મુંબઈના પોલીસ કમિશનર.

Gandhi Heritage Portal

# ૧૮૮. સ્વદેશી વ્રત–૧

[એપ્રિલ ૮, ૧૯૧૯][૧]

સ્વદેશી વ્રત લેવાની જે લાગણી લોકોમાં થઈ રહેલી છે તે અતિશય સ્તુત્ય છે, છતાં મને લાગે છે કે એ વ્રતના પાલનમાં જે મુશ્કેલીઓ રહેલી છે તેનો ખ્યાલ પૂરેપૂરો આપણને આવેલો જણાતો નથી. હમેશાં વ્રત લેવામાં આવે છે તે કેવળ કઠિન વસ્તુઓને સારુ જ હોય છે. ઘણા પ્રયત્ન કરતાં છતાં પણ જ્યારે આપણે અમુક કાર્ય કરવામાં સફળતા નથી મેળવતા ત્યારે આપણે વ્રત લઈને આપણને પોતાને એવી રીતે બાંધી લઈએ છીએ કે એમાંથી છુટ્ટી મળી જ ન શકે. આ સિવાયની બીજી કૃતિને વ્રત ગણી શકાય જ નહીં. બનતા સુધી અમુક કાર્ય કરશું એમ કહેવાથી વ્રત લીધું નહીં કહી શકાય. બનતા સુધી સ્વદેશી ચીજ જ વાપરશું એમ કહીને જો આપણે સ્વદેશી વ્રતધારી કહેવાઈ શકાઈએ તો તો વાઈસરૉયથી માંડીને છેક મજૂર સુધીમાં થોડા જ માણસ હશે કે જે બનતા સુધી એ વ્રતનું પાલન કરનારા નહીં હોય, પણ આપણે એ પંક્તિમાંથી બહાર નીકળીને બહુ વિશેષ કાર્ય કરવા માગીએ છીએ. તે કાર્યની વચ્ચે તથા ઉપર બતાવ્યા તેવા કાર્યની વચ્ચે કાટખૂણા અને બીજા ખૂણાઓ વચ્ચે જેમ તફાવત છે તેમ આમાં છે. આ પ્રમાણે સ્વદેશી વ્રત લેવાનો વિચાર કરીએ તો એટલું સ્પષ્ટ જણાઈ આવશે કે સર્વ વસ્તુઓને વિશે એ વ્રત હાલ લેવું અશક્ય છે.

ઘણો વિચાર કરતાં મને તો ઘણાં વર્ષો થયાં ચોખ્ખું જણાઈ આવેલું છે કે એ વ્રત સંપૂર્ણતાએ આપણાં પહેરવાનાં અને વાપરવાનાં સૂતરનાં રેશમનાં કે ઊનનાં કપડાંઓ વિષે જ લઈ શકીએ છીએ. આટલું વ્રત સંપૂર્ણતાએ પાળવું એમાં પણ ઘણી મુસીબતો પ્રથમ કાળમાં તો વેઠવી પડશે અને એ જ યોગ્ય છે. આપણે પરદેશી કપડાંને ઉત્તેજન આપીને અઘોર પાપ કર્યું છે. આપણે હિંદુસ્તાનમાં ખેતીથી છોડીને બીજે નંબરે જે સુંદરમાં સુંદર ધંધો મૂકયો, જે ધંધાને કબીરે દીપાવ્યો છે, તે ધંધાનો લગભગ નાશ થવા આવ્યો છે. મેં સૂચવેલા સ્વદેશી વ્રતનો અર્થ એ છે કે આપણે આ અઘોર પાપનું પ્રાયશ્ચિત્ત કરવા ઇચ્છીએ છીએ, લગભગ નષ્ટ થયેલા ધંધાનો જીર્ણોદ્ધાર કરવા ઇચ્છીએ છીએ અને કરોડો રૂપિયા અત્યારે હિંદુસ્તાનની બહાર ચાલ્યા જાય છે તેનો આપણે બચાવ કરવા ઇચ્છીએ છીએ. એવાં પરિણામ સહેલાઈથી લાવી ન જ શકાય. એમાં કઠિનતા હોવી જ જોઈએ. સહેલાઈથી મળેલી વસ્તુની કિંમત હોતી નથી. પણ ગમે તેવું કઠણ છે છતાં જો આપણે હિંદુસ્તાનની મહા ઉન્નતિ માગતા હોઈએ તો કોઈ દહાડો આ વ્રત લીધે જ છૂટકો છે. વ્રતની સફળતા ત્યારે જ થઈ શકશે કે જ્યારે આપણે ધર્મ સમજીને આપણા મુલકમાં પેદા થયેલું જ કપડું પહેરશું અને બીજાનો ત્યાગ કરીશું.

૧. જુઓ ઍસોસિયેટેડ પ્રેસ ઑફ ઇન્ડિયાએ મુંબઈથી મોકલેલો ૮મી એપ્રિલનો હેવાલ. એમાં લખાયું હતું: “શ્રી મો. ક. ગાંધી દિલ્હી જવા રવાના થઈ ગયા છે. એમની ગેરહાજરીને લીધે સ્વદેશીનું વ્રત લેવાની જે વિધિ આજે કરવાનું ઠરેલું હતું તે બંધ રાખવામાં આવી છે. જતાં પહેલાં શ્રી ગાંધી વ્રત લેવા ઇચ્છતા લોકો માટે એક સંદેશો મૂકતા ગયા છે. તેમાં સ્વદેશી અને બહિષ્કાર વચ્ચેનો ફરક સમજાવવામાં આવ્યો છે.”

Gandhi Heritage Portal

## વિચારદોષ

મિત્રો કહે છે કે અત્યારે તો આપણી પાસે એટલાં કપડાં પણ નથી. જે મિલો હાલ મોજૂદ છે એ મિલો એટલાં કપડાં પૂરાં પાડી ન શકે. આ વિચારમાં બહુ દોષ રહ્યો છે. હિંદુસ્તાનનાં એવાં સદ્‌ભાગ્ય નથી કે ત્રીસ કરોડ માણસ એકી વખતે આ વ્રત લઈ લે. વધારે આશા રાખનાર માણસ પણ હાલ તો લાખોની સંખ્યાની જ આશા રાખી શકે. તેઓને કપડાં પૂરાં પાડવામાં હું મુશ્કેલી જોતો નથી પણ જ્યાં ધર્મલાગણી ઉત્પન્ન થાય છે ત્યાં મુશ્કેલીના વિચારને થોડો જ અવકાશ છે. હિંદુસ્તાનની હવા એવી છે કે તેમાં ઘણાં થોડાં કપડાંથી આપણે ગુજારો કરી શકીએ છીએ. ત્રણ ચતુર્થાંશ કપડાં આપણામાંના ઘણા માણસો કેવળ નકામાં વાપરે છે એમ કહેવામાં અતિશયોક્તિ નથી. વળી જ્યારે ઘણા માણસો આ વ્રત લેશે ત્યારે ઘણા રેંટિયાઓ અને ચરખા કામ કરતા થઈ જશે. કારીગરોનો ભંડોળ અખૂટ છે. વણકરો માત્ર ઉત્તેજનની રાહ જોઈ બેઠા છે. મુખ્ય જરૂર બે છે. ત્યાગની અને પ્રામાણિકતાની. વ્રત લેનારને વિષે આ બન્ને ગુણની જરૂર છે એ તો સ્વતઃસિદ્ધ વસ્તુ છે, પણ સ્વદેશી જેવું મહાવ્રત પાળવું લોકોને પ્રમાણમાં સહેલ થઈ પડે તેને સારુ વેપારીઓને પણ એ બે ગુણોની પૂરી જરૂર પડશે. પ્રામાણિક અને ત્યાગી વેપારી કેવળ દેશના રૂમાંથી જ સૂતર કંતાવશે અને તેમાંથી જ કપડાં વણાવશે. રંગ પણ દેશમાં પેદા થઈ શકે તે જ વાપરશે. જ્યાં માણસ નિશ્ચય કરે છે ત્યાં બધી અડચણોને દૂર કરવાની શક્તિ મેળવી લે છે.

## પરદેશી કાપડની હોળી કરો

ઓછાં કપડાંથી ચલાવી લેવા પૂરતો ત્યાગ બસ નથી. સંપૂર્ણ સ્વદેશી વ્રતને સારુ એ પણ જરૂરનું છે કે આપણી પાસે જે પરદેશી કપડાં હોય તેની હોળી કરવી. જો આપણને સિદ્ધ થયું હોય કે પરદેશી કપડાંનો ઉપયોગ કરી આપણે ગુનો કર્યો છે, હિંદને પારાવાર નુકસાન કર્યું છે, વણકરોનો નાશ કર્યો છે, તો એવા પાપથી ખરડાયેલાં કપડાં અગ્નિમાં જવાને જ લાયક છે. આ પ્રસંગે સ્વદેશી અને બૉયકોટ વચ્ચેનો ભેદ સમજી લેવાની આવશ્યકતા છે. સ્વદેશી એ ધર્મભાવના છે. પ્રત્યેક મનુષ્યનું એ સ્વાભાવિક કર્તવ્ય છે. તેમાં લોકસંગ્રહ રહેલો છે. સ્વદેશી વ્રત વેર વાળવાના ઇરાદાથી કે સજા કરવાના ઇરાદાથી લેવાય જ નહીં. સ્વદેશી વ્રત કોઈ બીજા બનાવની ઉપર આધાર નથી રાખી શકતું. બૉયકોટ એ કેવળ દુનિયાદારી અને રાજ્યપ્રકરણી હથિયાર છે. તેમાં દ્વેષભાવના રહેલી છે, સજા કરવાની વૃત્તિ રહેલી છે અને બૉયકોટથી હું તો પ્રજાને અંતે બહુ નુકસાન જ જોઉં છું. જે સદાયને સારુ સત્યાગ્રહી રહેવા ઇચ્છે છે તેનાથી બૉયકોટની પ્રવૃત્તિમાં હરગિજ ભાગ લેવાય જ નહીં. સંપૂર્ણતાએ સત્યાગ્રહ પાળનાર સ્વદેશી વ્રત સિવાય રહી શકે નહીં. બૉયકોટનો મેં આ અર્થ માનેલો છે. એવી સૂચના થયેલી છે કે રૉલેટ બિલ રદ ન થાય ત્યાં સુધી બ્રિટિશ માલનો બૉયકોટ કરવો અને જ્યારે એ બિલ રદ થાય ત્યારે એ બૉયકોટ ઉઠાવી લેવો. આ બહિષ્કારમાં આપણને જાપાનનો કે બીજા પરદેશોનો સડેલો માલ હોય તોપણ ખપી શકે છે. જો પરદેશી માલ લેવો જ ઘટે તો તો અંગ્રેજોની સાથે મારે રાજ્ય સંબંધ હોવાથી હું અંગ્રેજી માલ જ લઉં અને એ સ્થિતિને યોગ્ય ગણું.

અંગ્રેજી માલનો બહિષ્કાર કરતાં આપણે અંગ્રેજી પ્રજાને સજા કરવાના દોષમાં આવી પડીએ. આપણને અંગ્રેજી પ્રજાની સાથે તો કશી તકરાર નથી. તકરાર અધિકારી વર્ગની સાથે છે. પણ સત્યાગ્રહના કાયદા પ્રમાણે તો આપણે અધિકારી વર્ગ પ્રત્યે પણ દ્વેષ નથી કરી શકતા,

Gandhi Heritage Portal

વેરભાવ નથી રાખી શકતા; એટલે કોઈ પણ રીતે બહિષ્કારનો અંગીકાર કરવો મને તો યોગ્ય જણાતો નથી.

**સ્વદેશી વ્રત**

ઉપર પ્રમાણે સંકુચિત સ્વદેશી વ્રત સંપૂર્ણતાએ લેવું હોય તો નીચે પ્રમાણે લઈ શકાય:

"હું ઈશ્વરને દરમ્યાન રાખીને પ્રતિજ્ઞા લઉં છું કે આજથી મારી વપરાશને સારુ હિંદુસ્તાનના રૂમાંથી, રેશમમાંથી અગર ઊનમાંથી બનેલાં કાપડનો જ ઉપયોગ કરીશ. એવાં પરદેશી કાપડનો સર્વાંશે ત્યાગ કરીશ, અને મારી પાસે જે પરદેશી કપડાં હશે તેને હું ભસ્મ કરીશ."

મારી ઉમેદ છે કે આ પ્રતિજ્ઞા લેવાને ઘણાં સ્ત્રીપુરુષો તૈયાર થઈ જશે. જો ઘણાં સ્ત્રીપુરુષો તૈયાર થાય તો જ જાહેર વ્રત લેવું યોગ્ય ગણાશે. થોડાં જ સ્ત્રીપુરુષો પણ આવું વ્રત જાહેરમાં લઈ શકે છે, પણ ઝપાટાભેર સ્વદેશીને વ્યાપક સ્વરૂપ આપવા સારુ ઘણા માણસોની જરૂર છે. જેઓને આ હિલચાલ પસંદ હોય તેણે અતિ શીઘ્રતાથી તે શરૂ કરવી જોઈએ; વેપારી વર્ગને મળવું જોઈએ; તેમ છતાં ઉતાવળથી કાર્ય સિદ્ધ થઈ નહીં શકે એ ચેતવણી આપવાની જરૂર છે. બે દિવસ મોડું થશે તેમાં હું હરકત નથી જોતો પણ સ્વદેશીનો પાયો ચુસ્તપણે રોપાય એ જોવાની મારી તીવ્ર ઇચ્છા છે અને સત્યાગ્રહની ભારે પ્રવૃત્તિ ચાલી રહેલી છે તે સમયે આવી પ્રવૃત્તિઓ સહેજે ચાલી શકે છે એવો મારો અનુભવ છે.

[મૂળ ગુજરાતી]

મહાદેવભાઈની ડાયરી, પુસ્તક પાંચમું

## ૧૮૯. સ્વદેશી વ્રત — ૨

[એપ્રિલ ૮, ૧૯૧૯]

મેં સૂચવેલું સ્વદેશી વ્રત નીચે પ્રમાણે છે:

"હું ઈશ્વરને દરમ્યાન રાખીને પ્રતિજ્ઞા લઉં છું કે આજથી મારી વપરાશને સારુ હિંદુસ્તાનના રૂમાંથી, રેશમમાંથી અગર ઊનમાંથી બનેલાં કાપડનો જ ઉપયોગ કરીશ. એવાં પરદેશી કાપડનો સર્વાંશે ત્યાગ કરીશ, અને મારી પાસે જે પરદેશી કપડાં હશે તેને હું ભસ્મ કરીશ."

આ પ્રતિજ્ઞા બરોબર પાળવાને સારુ હાથે કાંતેલા સૂતરનાં, હાથવણાટનાં કપડાં વાપરવાં જોઈએ. હિંદુસ્તાનનું રૂ બહાર જઈ સૂતર બની હિંદુસ્તાનમાં આવે અને તેનું વણાટ હિંદુસ્તાનમાં થાય એ સ્વદેશી નથી. આપણું જ રૂ આપણા જ દેશમાં બનેલા રેંટિયામાં કંતાય અને તેમ જ સાળમાં વણાય ત્યારે આપણે સંપૂર્ણતાએ પહોંચ્યા ગણાઈએ, પણ ઉપલા વ્રતમાં બહારથી આવેલા સંચામાં કંતાયેલાં અને વણાયલાં રૂનાં કપડાં હોય તે ચાલી શકે.

ઉપર પ્રમાણેનું સંકુચિત સ્વદેશી વ્રત લેનાર કંઈ કપડાં સ્વદેશી પહેરીને સંતોષ નહીં માની લે, પણ બીજી વસ્તુઓ વિષે પણ બની શકે ત્યાં સુધી સ્વદેશીનું જ પાલન કરશે.

Gandhi Heritage Portal

## અંગ્રેજોની માલકીની મિલો

મને એમ કહેવામાં આવ્યું છે કે હિંદુસ્તાનમાં એવી અંગ્રેજોની માલકીની મિલો છે કે જેમાં કોઈ પણ હિંદી શૅર નથી લઈ શકતો. જો વાત ખરી હોય તો આવી મિલમાં બનેલું કપડું હું તો કેવળ પરદેશી જ ગણું. વળી, એ તો દ્વેષથી ખરડાયેલું કપડું ગણાય, અને એ કપડું ગમે તેવું સરસ હોય છતાં ત્યાજ્ય ગણાવું જોઈએ. સંખ્યાબંધ માણસો આવા વિચારોમાં ઊતરતા જ નથી. પોતાનાં કાર્યથી દેશનું ભલું થશે કે ભૂંડું એવો વિચાર સૌ ન કરી શકે, પણ જેઓ શિક્ષિત છે, વિચારશીલ છે, જેઓએ પોતાની બુદ્ધિને કેળવી છે, જેઓ દેશસેવા કરવાને ઉત્સુક છે, તેમની તો ચોખ્ખી ફરજ છે કે પોતાનું હરેક ખાનગી કે જાહેર કાર્ય કરતાં તે વિચાર કરવો જોઈએ; અને જ્યારે અમુક વિચાર પરિપક્વ થાય અને અનુભવસિદ્ધ થાય ત્યારે જનસમાજની પાસે મૂકવો જોઈએ. છેવટે તો ગીતાજીમાં ગાયું છે તેમ "જે સારા માણસો કરશે, તે સાધારણ માણસો કરતા થઈ જશે." ઉપર પ્રમાણે વિચારશીલ સ્ત્રીપુરુષોએ આજ લગી કામ નથી કર્યું, તેથી આપણે ઘણું નુકસાન વેઠયું છે. એટલે લોકકલ્યાણને સારુ વિચાર કરવામાં ધર્મવૃત્તિની જરૂર છે.

હજારો માણસો એમ માને છે કે હિંદુસ્તાનની મિલોમાં વણાયેલું કાપડ વાપર્યું એટલે પોતે સ્વદેશી વાપરનારા થયા. હકીકત તો આવી છે કે ઝીણાં કપડાં માત્ર પરદેશી રૂનાં અને પરદેશમાં કંતાયેલા સૂતરનાં આવે છે, એટલે માત્ર વણતર હિંદમાં થયું એટલો જ સંતોષ વાળી શકાય. હાથની સાળમાં વણાયેલાં પણ ઝીણાં કાપડમાં સૂતર પરદેશી રૂનું પરદેશમાં કંતાયેલું વપરાય છે. આવું કાપડ વાપરીને સ્વદેશી વ્રત પાળ્યું ગણાય જ નહીં. એ તો કેવળ મનને છેતરવાની વાત થઈ. સ્વદેશી પાળવામાં પણ સત્યાગ્રહની એટલે સત્યના આગ્રહની જરૂર છે. પુરુષોને જ્યારે એટલો આવેશ આવશે કે હું કેવળ લંગોટી પહેરીને મારો વ્યવહાર ચલાવીશ પણ સ્વદેશી સિવાય બીજું કાપડ નહીં વાપરું, અને સ્ત્રી પણ આવેશપૂર્વક કહેશે કે અમે અમારા ગુહ્ય અવયવ ઢાંકવા પૂરતું જ કાપડ વાપરીને નિર્વાહ કરશું, પણ પરદેશી કાપડ નહીં વાપરીએ; ત્યારે જ આપણે સ્વદેશી જેવા મહાવ્રતમાં ફળીભૂત થઈશું. આવું કઠણ વ્રત પાળનારા કેટલાક હજાર સ્ત્રીપુરુષો નીકળી પડશે તો વ્રત નહીં લેનારા તેમની પાછળ પાછળ ચાલવાનો પ્રયત્ન કરશે, પોતાના પેટીપટારા તપાસતા થઈ જશે, અને પોતાની શક્તિ પ્રમાણે સ્વદેશીનું પાલન કરશે. જેઓ મોજશોખમાં, ટાપકટૂપકમાં ગ્રસ્ત નથી થયા તેઓને હું નમ્રતાપૂર્વક સૂચવવા ઇચ્છું છું કે તેઓ પવનવેગે સ્વદેશીનો પ્રચાર કરી શકે છે.

## આર્થિક ઉદ્ધારની ચાવી

સાધારણ રીતે એવાં થોડાં ગામ હશે કે જ્યાં હજી પણ વણકર નહીં હોય. આપણી અસલની પ્રથા તો એ હતી કે દરેક ગામમાં જેમ સુથાર, મોચી, હજામ, લુહાર ઇત્યાદિ હતા અને હજી છે તેમ ખેડૂત અને વણકર પણ હતા. ખેડૂત વર્ગ આજે પાયમાલ થઈ ગયો છે. વણકરને તો ગરીબડાઓ થોડે અંશે નિભાવી રહ્યા છે. એ વણકરોને આપણે સ્વદેશી સૂતર આપી, આપણે જોઈએ તેવું કાપડ વણાવી શકીએ છીએ. આજે એ કાપડ ભલે જાડું હોય. આપણે પ્રયત્ન કરતા રહેશું તો એ કાપડને જેવું ઝીણું અને સ્વચ્છ જોઈતું હશે તેવું કરાવી શકશું. આમ કરવાથી આપણી હાજતો પૂરી પડશે, અને આપણા વણકરોને આપણે ઊંચી પાયરીએ ચઢાવીશું. હજુ પણ એક પગલું આગળ ચલાય તો આપણે સહેલાઈથી મુશ્કેલીઓનો સમુદ્ર તરી શકશું. આપણી

Gandhi Heritage Portal

સ્ત્રીઓ ને આપણાં બાળકોને આપણે ઘણી સહેલાઈથી સૂતર કાંતતાં અને વણતાં શીખવી શકીએ છીએ. આપણા ઘરમાં જ વણાયેલા કાપડથી બીજું પવિત્ર શું હોઈ શકે? હું જાતિ અનુભવથી કહેવા ઇચ્છું છું કે આ પ્રમાણે કરવાથી ઘણાં દુ:ખમાંથી ઊગરી જશું, ઘણી નકામી હાજતો આપણે કાઢી નાખશું, અને આપણું જીવન આપણને સૌંદર્યભર્યા એક કાવ્યસમાન લાગશે. આવું જીવન હિંદુસ્તાનમાં એક વખત હતું એવો ગેબી અવાજ મારે કાને તો હંમેશાં આવ્યા કરે છે, પણ જો એવું હિંદુસ્તાન માત્ર કવિઓની કલ્પનામાં જ રહ્યું હોય તોયે શું? હિંદુસ્તાનને એવું હવે કરવું એ શું ઇષ્ટ નથી? એમાં શું મહાપુરુષાર્થ નથી રહ્યો? હું આખા હિંદુસ્તાનમાં ભ્રમણ કરી રહ્યો છું. ગરીબોની હાય મારાથી સાંભળી જતી નથી. નાના મોટા બધા પૂછી રહ્યા છે : "અમને સસ્તું કાપડ મળી શકતું નથી. અમારી કમાણી મોંઘું કાપડ લેવા પૂરતી નથી. અનાજ મોંઘું; કાપડ મોંઘું; અમે શું કરીએ?" આમ પૂછી નિ:શ્વાસ મૂકે છે. આવાઓને સંતોષકારક જવાબ દેવો એ મારું કાર્ય છે; સૌ દેશસેવકની એ ફરજ છે, પણ હું તો સંતોષકારક જવાબ આપવા અસમર્થ છું. આપણી કાચી પેદાશ યુરોપમાં જાય અને આપણે તેને લીધે આકરા દામ આપવા પડે એ સર્વ વિચારશીલ હિંદીને અસહ્ય હોવું જોઈએ. આનો પહેલો અને છેલ્લો ઉપાય સ્વદેશી જ છે. આપણું રૂ આપણે કોઈને આપવા બંધાયેલા નથી, અને જ્યારે હિંદુસ્તાનમાં સ્વદેશીનો ડંકો વાગશે ત્યારે રૂના નિપજાવનારા પરદેશમાં કાપડ બનાવવાને સારુ પોતાનું રૂ નહીં આપે. એ સમયે તો જ્યાં રૂ પાકતું હશે તે જગ્યાએ તે રૂ સાફ થઈને કંતાઈને તેનું કાપડ કેમ ન થાય, એ પ્રશ્ન ઊઠશે, અને જ્યારે હિંદુસ્તાનમાં સ્વદેશીનો મંત્ર વ્યાપક થશે ત્યારે એક ક્ષણની અંદર કરોડો માણસો હિંદુસ્તાનના આર્થિક ઉદ્ધારની ચાવી મેળવી લેશે. આ શિક્ષણને સારુ સેંકડો વર્ષની જરૂર નથી. જ્યારે ધર્મજાગૃતિ થાય છે ત્યારે એક ક્ષણની અંદર વિચારોમાં મહાપરિવર્તન થઈ શકે છે, પણ તેને સારુ નિ:સ્વાર્થ ત્યાગની પૂરી જરૂર છે. ત્યાગવૃત્તિ જે અત્યારે હિંદુસ્તાનમાં પ્રસરી રહેલી છે તે સમયે જો આપણે સ્વદેશીનો પ્રચાર કરતાં ચૂકશું તો આપણે હાથ ઘસવા પડશે. દરેક હિંદુને, દરેક મુસલમાનને, દરેક પારસીને, દરેક ખ્રિસ્તીને, દરેક યહૂદીને, જે આ દેશને પોતાનો માને છે, જેણે આ દેશને પોતાનો કર્યો છે, તે સૌને હું વીનવીને કહેવા ઇચ્છું છું કે સ્વદેશી વ્રત લેવું અને બીજાઓને તેનું પાલન કરવાની સલાહ આપવી, એ તેઓની ફરજ છે. જન્મભૂમિની પ્રત્યે આટલું આપણાથી ન થઈ શકે તો આ દેશમાં આપણો જન્મ ફોગટ ગયો ગણાય એવી મારી અલ્પમતિ છે. ઊંડો વિચાર કરશે તે જોઈ લેશે કે આવા સ્વદેશી વ્રતમાં શુદ્ધ અર્થશાસ્ત્ર રહેલું છે. મારી ઉમેદ છે કે મારી દીન સૂચના ઉપર સૌ સ્ત્રીઓ અને પુરુષો પુખ્ત વિચાર કરશે. ઇંગ્લંડના અર્થશાસ્ત્રનું અનુકરણ કરવામાં આપણી અધોગતિ છે.

[મૂળ ગુજરાતી]

महात्मा गांधीनी विचारसृष्टि



Gandhi Heritage Portal

# ૧૯૦. હિંદુમુસલમાન એકતાનું વ્રત

એપ્રિલ ૮, ૧૯૧૯[1]

સોનાપુરી મસ્જિદના કંપાઉન્ડમાં હિંદુ અને મુસલમાનોની જે ગંજાવર સભા ગયે રવિવારે થઈ હતી, તેમાં જેમ ચોપાટી ઉપર સ્વદેશી વ્રતની સૂચના થઈ હતી તેમ અહીં હિંદુમુસલમાન વચ્ચેની એકતા વિષે વ્રત લેવાની સૂચના થઈ, અને જેમ સ્વદેશી વ્રતને વિષે મારે સાવચેતી આપવી પડી તેમ જ આ સંબંધે પણ મેં કર્યું હતું. અમુક પ્રસંગે હર્ષાવેશમાં આવીને આપણે ઘણાં કાર્યો કરવાને તૈયાર થઈ જઈએ છીએ અને પાછળથી કેટલીક વેળા પસ્તાવું પડે છે. વ્રત એ ધાર્મિક વસ્તુ છે અને કોઈ પણ વ્રત આપણે આવેશમાં લઈ શકતા જ નથી. મનને શુદ્ધ કરી, ચિત્તને શાંત કરી, ઈશ્વરને દરમ્યાન રાખીને જ વ્રતો લઈ શકાય. સ્વદેશી વ્રતને વિષે લખતાં મેં જે ટીકા કરેલી છે તે ટીકા અહીં પણ લાગુ પડે છે. જે કાર્ય આપણે સાધારણ સંયમ પાળીને એકધારું નથી કરી શકતા તે કાર્ય કરવામાં મદદ મળવાને સારુ વ્રત રૂપી મહાસંયમ પાળીએ છીએ, અને તેથી જ વ્રતને વિષે એવી કલ્પના છે કે મનુષ્ય વ્રતો લઈને અને તે પાળીને જ ઘડાય છે. હિંદુ અને મુસલમાન બંને કોમ અરસપરસ મૈત્રી રાખે અને એક માના જણ્યા જે પ્રમાણે વર્તે તે પ્રમાણે આ બંને કોમ વર્તે એ સ્થિતિ અલૌકિક કહેવાય. આવી સ્થિતિ હિંદુસ્તાનમાં પ્રગટ થાય તેના પહેલાં બંને કોમોને ઘણો ત્યાગ કરવો પડશે, અને આજ સુધી રાખેલા ઘણા વિચારોમાં મોટા ફેરફારો કરવા પડશે. બંને કોમ પોતાની વાતોમાં ઘણી આકરી કહેવતોનો ઉપયોગ કરે છે કે જેનો ભાવ એકબીજાની વચ્ચે વિરોધ દર્શાવનારો અને વધારનારો હોય છે. કેવળ હિંદુ મંડળમાં આપણે ઘણી વખત મુસલમાનોની વાતો કરતાં કઠોર શબ્દો વાપરતાં અચકાતા નથી અને તેવું જ મુસલમાનોના મંડળમાં છે. ઘણાઓ તો એમ જ માને છે કે હિંદુમુસલમાન વચ્ચે હાડવેર છે અને તે કોઈ પણ રીતે ન જાય તેવું છે. ઘણી જગ્યાએ આપણે જોઈએ છીએ કે બંનેની વચ્ચે એકબીજાને વિષે અવિશ્વાસ વર્તે છે. મુસલમાનોને હિંદુઓ તરફથી ભય છે; હિંદુઓને મુસલમાનોનો ભય લાગે છે. આ કફોડી અને કંગાળ સ્થિતિમાં દિવસે દિવસે સુધારો થતો જાય છે એ શક વિનાની વાત છે. કાળ તેનું કાર્ય કર્યા જ કરે છે. ભાવે અભાવે પણ આપણે એકઠા થઈને રહેવું પડે છે, પણ વ્રત લેવાનો અર્થ તો એ છે કે જે વસ્તુ કાળે કરીને વહેલીમોડી થવાની છે એવો સંભવ છે તે વસ્તુને આપણે મહાસંયમ પાળીને વહેલી હસ્તીમાં લાવવી. એ કેમ બને? હિંદુઓની એટલે ચુસ્ત હિંદુઓની સભા મળવી જોઈએ અને તેઓએ આ વિષે પુખ્ત વિચાર કરવો જોઈએ. હિંદુઓની મુસલમાન ભાઈઓ પ્રત્યે હમેશાં એક ફરિયાદ રહ્યા કરે છે કે તેઓ ગોમાંસનું ભક્ષણ કરે છે અને ખસૂસ કરીને બકરી ઈદને દિવસે ગાયનું બલિદાન આપે છે. જ્યાં સુધી ગાયને બચાવવાને ખાતર ઘણા હિંદુઓ મુસલમાનને મારવા સુધ્ધાં પણ તૈયાર થઈ જાય ત્યાં સુધી સામાન્ય મુસલમાન અને સામાન્ય હિંદુની વચ્ચે ખરી એકતા થવી એ અસંભવિત જ ગણાય છે, કેમ કે આપણા બળાત્કારથી મુસલમાન ભાઈઓ ગૌવધનો ત્યાગ કરે એ હું ફોગટ આશા માનું છું. ગૌરક્ષિણી સભાઓના

૧. જુઓ મહાદેવભાઈની ડાયરી, પુસ્તક પાંચમું.

Gandhi Heritage Portal

પ્રયાસોથી ગૌવધની સંખ્યામાં કાંઈ પણ ઘટાડો થયો હોય એમ હું માનતો નથી. એવું માનવાને મને એક પણ કારણ મળ્યું નથી. હું મને પોતાને ચુસ્ત હિંદુ માનું છું અને મારી એવી માન્યતા છે કે શુદ્ધમાં શુદ્ધ રીતે હિંદુ ધર્મનું પાલન કરનારથી ગૌવધ કરનારનું ખૂન કરીને ગાયને બચાવાય નહીં. હિંદની પાસે ગાયનો બચાવ કરવાનો એક જ ઇલાજ છે, અને તે એ કે ગાયનો વધ ન થઈ શકે તો તેણે પોતાનું બલિદાન આપવું. એવી રીતે યોગ્ય અધિકારી હિંદુ થોડાઘણા પણ બલિદાન આપે તો મારી ખાતરી છે કે અસંખ્ય મુસલમાન ભાઈ ગૌવધનો ત્યાગ કરે. પણ એ તો સત્યાગ્રહ થયો, એ તો વિનય થયો. જેમ હું મારા ભાઈની પાસેથી કાંઈ પણ દાદ મેળવવા માગું તો મારી ઉપર કષ્ટ વહોરી લઈને માગી શકું છું, મારા ભાઈને દુ:ખ દઈને નથી માગી શકતો. હકથી તો કાંઈ મગાય જ નહીં. મારા ભાઈની સામે મને એક જ હક છે અને તે એ કે મારે મરી છૂટવું.

એવો શુદ્ધ પ્રેમભાવ જ્યારે હિંદુઓના હૃદયમાં સ્ફુરી નીકળે ત્યારે જ હિંદુમુસલમાનની ખરી એકતાની આશા રાખી શકાય. જેમ હું હિંદુ ભાઈઓ સાથે વાતચીત કરું તેમ મુસલમાન ભાઈઓ સાથે વાતચીત કરવી ઘટે. તેમની ફરજ હિંદુ પ્રત્યેની શી છે એ તેમણે જાણી લેવું જોઈએ. બંનેની વચ્ચે જ્યારે ત્યાગવૃત્તિ જ રહે, બંને પોતાના હકની તજવીજ ન કરે અને ફરજ અદા કરવાને જ મથે ત્યારે જ ઘણાં વર્ષનો ભેદભાવ છે તે ટળવા પામે. બંનેના મનમાં એકબીજાના ધર્મ પ્રત્યે માન હોવું જોઈએ. કોઈ એકબીજાનું બૂરું એકાંતમાં પણ ન ઇચ્છે અને કોઈ આકરા શબ્દો વાપરે તો એને તેમ કરતો અટકાવવાને સારુ વિનયપૂર્વક સમજાવે. આમ મહાપ્રયત્ન થાય ત્યારે જ ભેદભાવ ટળે. એ પ્રમાણે કરવાને જ્યારે ઘણા હિંદુ અને ઘણા મુસલમાન તૈયાર થાય ત્યારે આપણે લીધેલું વ્રત શોભે. આ વ્રતની મહત્તા અને કઠિનાઈ સહેલાઈથી સમજાઈ શકે એમ છે. મારી ઉમેદ છે કે આ શુભ પ્રસંગે, અને દેશની અંદર જે વખતે સત્યનો ભારે આગ્રહ વર્તી રહ્યો હોય એ પ્રસંગ શુભ જ હોય, તેવે પ્રસંગે આપણે એકતાનું વ્રત લઈએ એ હું ઇચ્છું છું. તેને સારુ અગ્રેસર મુસલમાન ભાઈઓએ અને અગ્રેસર હિંદુ ભાઈઓએ પ્રથમથી મળી ખૂબ વિચાર કરવો જોઈએ. પછી ભેગા થઈને તેઓ એક નિશ્ચય ઉપર આવી શકે તો વ્રત લેવાની હું જરૂર સલાહ આપું. એવો પ્રયત્ન જે હાલ થઈ રહ્યો છે તે જારી રહેશે તો થોડા જ દિવસની અંદર આપણે એ ફળ જોઈશું, એવી મારી ઉમેદ છે. વ્યક્તિવાર વ્રત તો આજે જ લઈ શકાય અને ઘણા હિંદુમુસલમાનો હમેશાં લેતા જાય એ હું ઇચ્છું છું, પણ મારી સાવચેતીઓ તો કેવળ મોટા સમુદાયોની પાસે લેવડાવવા વિષે જ છે. મારી મતિ પ્રમાણે જો આપણે વ્રત લઈએ તો તે નીચે પ્રમાણે હોવું જોઈએ:

ઈશ્વર–ખુદાને દરમ્યાન જાણી અમે પ્રતિજ્ઞા કરીએ છીએ કે અમે હિંદુ અને મુસલમાનને સગા ભાઈની જેમ ગણીને બંને વચ્ચે જરા પણ ભેદભાવ નહીં રાખીએ, અમે એકબીજાને દુ:ખે દુ:ખી થઈશું અને તેમાં અમારી શક્તિ મુજબ સંપૂર્ણપણે ભાગ લઈશું. અમે એકબીજાના ધર્મનો કોઈ પણ રીતે વિરોધ નહીં કરીએ, એકબીજાની ધાર્મિક લાગણી નહીં દુખવીએ, એકબીજાના ધર્મના પાલનમાં વચ્ચે નહીં આવીએ, અને એકબીજાની તરફ માનપૂર્વક વર્તશું. ધર્મને નામે, કે ધર્મને બહાને કદી એકબીજાનું ખૂન નહીં કરીએ.

[મૂળ ગુજરાતી]

મહાદેવભાઈની ડાયરી, પુસ્તક પાંચમું

Gandhi Heritage Portal

# ૧૯૧. સી. આર. દાસને તાર

[મુંબઈ,]
એપ્રિલ ૮, ૧૯૧૯

સી. આર. દાસ[૧]
કલકત્તા

[મારી] હિલચાલ બાહ્ય પરિસ્થિતિ ઉપર આધાર રાખે છે. પંદરમી તારીખે હાજર રહેવા પ્રયત્ન કરીશ. છાપાંમાં સમાચાર છે કે રવિવારે દેખાવ કરનારાઓ થોડી ઉશ્કેરણી બાદ બ્રિસ્ટોલ હોટેલ તરફ ધસ્યા અને તેમણે પથરા ફેંકીને બારીઓના કાચ તોડી નાખ્યા. લગભગ સાંજ પડતાં કોમટોલ્લામાં ટોળાએ એક ઊડિયા આરોપીને સિપાઈઓના કબજામાંથી છોડાવ્યો અને પોલીસ ઉપર સખત હુમલો કર્યો. ખરી સ્થિતિ શી છે તે કૃપા કરી તારથી જણાવો. એ કહેવાની ભાગ્યે જ જરૂર હોય કે સત્યાગ્રહમાં બહારનો કશો ભય હોતો નથી, જોખમ હંમેશાં અંદરખાનેનું જ હોય છે. ખૂબ જ ફસાવનારા અને ઉશ્કેરનારા સંજોગોમાં જો આપણે સત્ય અને અહિંસાના માર્ગથી ચલિત થઈશું તો આખું આંદોલન વગોવાઈ જશે. જો આપણાથી ટોળાંને કાબૂમાં ન રાખી શકાતાં હોય તો, તેને કાબૂમાં રાખી શકીએ ત્યાં સુધી આપણે સરઘસ કાઢવાનું અને મોટી મોટી સભાઓ ભરવાનું બંધ રાખવું જોઈએ. મારો એવો દૃઢ વિશ્વાસ છે કે સાચા સત્યાગ્રહીઓનું નાનામાં નાનું દળ પણ વિજય પ્રાપ્ત કરી શકશે. સત્યાગ્રહમાં કશી બાંધછોડને અવકાશ હોતો નથી. કૃપા કરી એક્સપ્રેસ તારથી જવાબ આપો.[૨]

**મો. ક. ગાં.**

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૬૫૦૯

૧. દેશબંધુ ચિત્તરંજન દાસ (૧૮૭૦–૧૯૨૫); ૧૯૨૨માં ગયા કૉંગ્રેસના પ્રમુખ; એમણે ૧૯૨૩માં સ્વરાજ્ય પક્ષની સ્થાપના કરી હતી.

૨. સી. આર. દાસનો ઉત્તર આ પ્રમાણે હતો : "વર્તમાનપત્રોના હેવાલો ખોટા છે. અહીં રવિવારનો સત્યાગ્રહનો દિવસ બિલકુલ શાંતિપૂર્વક પસાર થયો છે. તમામ દુકાનો અને બજારો બંધ રહ્યાં હતાં. વેપાર બંધ હતો. પ્રાર્થના અને ઉપવાસ પછી મેદાનમાં બે લાખ કરતાં વધારે માણસોની જાહેર સભા થઈ હતી. સરઘસ વ્યવસ્થિત હતું. ટોળું શાંતિથી વીખરાયું હતું. તરફેણનાં અને વિરોધી તમામ સ્થાનિક વર્તમાનપત્રો લખે છે કે દેખાવ શાંત અને વ્યવસ્થિત હતો. બ્રિસ્ટોલ હોટેલના બનાવમાં રજનું ગજ કરવામાં આવ્યું છે. સભા મેદાનમાંથી વીખરાયા પછી એક ભજન મંડળી ઘેર જતી હતી, તેના ઉપર બ્રિસ્ટોલ હોટેલમાંથી કોઈક યુરોપિયને ગંદો કચરો અને ઈંટોના ટુકડા ફેંક્યા હતા. એનાથી કેટલાક લોકો ઉશ્કેરાઈ ગયા હતા, પરંતુ બીજાઓએ એમને પગે પડીને વાર્યા હતા. ઍંગ્લો-ઇન્ડિયન પત્રોએ પણ આ ઘટનાને ધ્યાન પર નહીં લેવા જેવી અને ક્ષુલ્લક ગણી છે. કેદીઓને છોડાવવાની કહેવાતી ઘટના પ્રમાણભૂત નથી અને એને આપણા દેખાવો સાથે કશો સંબંધ નથી."

Gandhi Heritage Portal

## ૧૯૨. સ્વામી શ્રદ્ધાનંદને તાર

એપ્રિલ ૮, ૧૯૧૯

આવતી કાલે સાંજે ત્યાં પહોંચીશ. કૃપા કરીને મારા આવવાની વાત તદ્દન ખાનગી રાખશો. કોઈ પણ પ્રકારના જાહેર દેખાવો મારાથી સહન થશે નહીં.

[મૂળ અંગ્રેજી]

एविडन्स टेकन बिफोर धि डिसऑर्डर्स इन्कवायरी कमिटी, पुस्तक १, पा. १९१

## ૧૯૩. રાજેન્દ્રપ્રસાદને તાર

[મુંબઈ,]
એપ્રિલ ૮, ૧૯૧૯

રાજેન્દ્રબાબુ
પટણા

આવતી કાલે દિલ્હી પહોંચીશ. આગળનો કાર્યક્રમ ત્યાંથી તાર કરીને જણાવીશ.

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૬૫૦૧

## ૧૯૪. એફ. સી. ગ્રિફિથને પત્ર

મુંબઈ,
એપ્રિલ ૮, ૧૯૧૯

વહાલા મિ. ગ્રિફિથ,

પેલા અધ્ધર નીકળેલા સરઘસમાં ભાગ લેનાર મુખ્ય મુખ્ય માણસોનાં બયાન હવે મારી પાસે આવી ગયાં છે. એમના બયાનની એક નકલ[1] હું આ સાથે બીડું છું. એ ઉપરથી આપ જોઈ શકશો કે:

(૧) તેઓ ટ્રામો રોકવા અંગે મુકાયેલો આક્ષેપ સાચો હોવાનો ભારપૂર્વક ઇનકાર કરે છે.
(૨) તેઓ એ વાતનો પણ ઇનકાર કરે છે કે ત્યાં એકઠા થયેલા લોકોએ વિખેરાઈ જવાની ના પાડી હતી અથવા તો મિ. હાર્કરના આદેશનું ઉલ્લંઘન કરીને આગળ ધપવાની ધમકી આપી હતી. ઊલટું તેમણે તો કશી આનાકાની વિના તરત જ મિ. હાર્કરના આદેશોનું પાલન કર્યું હતું.

૧. આ બયાન અહીં આપ્યું નથી.

Gandhi Heritage Portal

(૩) તેઓ ભારપૂર્વક એમ કહે છે કે લાઠીધારી રંગરૂટો અને સશસ્ત્ર પોલીસો કશા પણ કારણ વિના ટોળા ઉપર તૂટી પડ્યા હતા, અને જ્યારે મિ. હાર્કરે એમને વાર્યા ત્યારે જ અટક્યા હતા.

ઉપર જે હુમલાની વાત કરી, તેમાં ઘાયલ થયેલા લોકો પૈકી બે જણને મેં જોયા છે. એ બંનેના માથા પર ઠીક ઠીક ઊંડા જખમ છે. આમાંના એકને તો હું રવિવારે એને પોતાને ઘરે જ મળ્યો હતો, અને બીજાને ગઈ કાલે સવારે મારે ઘરે લાવવામાં આવ્યો હતો. આપ માનો છો તેમ, જો આ ટોળામાં મોટા ભાગના લોકો બદમાશો જ હતા, તો તેઓ કશો પણ બદલો લીધા વિના વિખેરાઈ ગયા એ વાત અસાધારણ જ લાગે છે. અને જો એમાં મોટા ભાગના મધ્યમ વર્ગના પ્રતિષ્ઠિત લોકો હતા, અને એ વાત મને સાચી લાગે છે, તો આપે જે રીતે મારી સમક્ષ વર્ણન કર્યું હતું તે રીતે તેમણે ખરેખર ટ્રામો અટકાવી હોય એમ માનવું મુશ્કેલ છે.

તમારો સહૃદયી
**મો. ક. ગાંધી**

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૬૫૧૦

# ૧૯૫. સર ઇબ્રાહીમ રહીમતુલ્લાને પત્ર

[મુંબઈ,
એપ્રિલ ૮, ૧૯૧૯]

ભાઈ સાહેબ સર ઇબ્રાહીમ રહીમતુલ્લા[૧],

રવિવારે અજાયબીભરેલી શાંતિપૂર્વક બધું પૂરું થયું એમ મને લાગે છે કે કહી શકાય. ક્રૉફર્ડ માર્કેટની પાસે હિંદુમુસલમાનોનું મિશ્રિત સરઘસ હતું. તેમાંના કેટલાકની ઉપર હુમલા થયો અને કેટલાકને વાગ્યું. એ બનાવ જોકે ગંભીર નથી, છતાં હું માનું છું કે સરઘસ માંહેલા કોઈ પણ માણસનો દોષ ન હતો. જોકે પોલીસ કમિશનર કહે છે કે માણસોએ ડેપ્યુટી કમિશનરના હુકમનો અનાદર કર્યો છતાં જે પ્રતિષ્ઠિત માણસોએ મારી પાસે વાત કરેલી છે તે તો સરઘસને તદ્દન નિર્દોષ ઠરાવી આપે છે. મિ. ગ્રિફિથની ઉપર મેં કાગળ લખેલો છે તે અને મુખ્ય માણસોનાં સ્ટેટમેન્ટ મેં લીધેલાં છે, અને જેની નકલ મિ. ગ્રિફિથના કાગળ સાથે મોકલી છે તેની નકલો આપને મોકલું છું. તે ઉપરથી જોઈ શકાશે કે જો તેઓની હકીકત બરોબર હોય તો પોલીસનો કાંઈક દોષ છે ખરો.

હું આજે દિલ્હી જાઉં છું, ત્યાંથી પાછા ફરતાં કાંઈક વખત જશે. તેથી જો કાંઈ વધારે હકીકત મારી પાસેથી આપ માગો તો તે હું પાછો ફરું ત્યારે જ આપી શકું એમ છું. આ કાગળ લખવામાં અને મુખ્ય માણસોની પાસેથી હકીકત લેવામાં મારી મુરાદ માત્ર એટલી જ

૧. મુંબઈના ગવર્નરની કારોબારી સમિતિના સભ્ય.

Gandhi Heritage Portal

છે કે જ્યાં દોષનું જરાયે કારણ નથી ત્યાં લોકોની ઉપર દોષ ન આવે, અને ઊલટો ચોર કોટવાલને દંડે તેવું ન થાય.

આ કાગળ નામદાર ગવર્નર સાહેબને બતાવવો હોય તો બતાવશોજી. તસ્દીને સારુ માફી ચાહું છું.

[મૂળ ગુજરાતી]

છબી પરથી : એસ. એન. ૬૫૦૭

## ૧૯૬. ઓ. એસ. ઘાટેને તાર

એપ્રિલ ૯, ૧૯૧૯

ઓ. એસ. ઘાટે
છિંદવાડા

કામના ભારે દબાણને લીધે પત્ર લખવાનો સમય મળતો નથી. દિલ્હી જઈ રહ્યો છું. ત્યાંથી વિગતવાર અભિપ્રાય સાથે અગત્યનો પત્ર રવાના કરીશ.

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૬૫૧૧

## ૧૯૭. "મારા દેશબંધુઓ પ્રત્યે" સંદેશો

અપ્રિલ ૯, ૧૯૧૯

મહાત્મા ગાંધીજીના મંત્રી શ્રી દેસાઈ લખે છે :

મહાત્મા ગાંધી દિલ્હી જતા હતા ત્યારે રસ્તામાં કોસી સ્ટેશને એમના ઉપર એવી મતલબનો હુકમ બજાવવામાં આવ્યો કે તમારે પંજાબમાં દાખલ થવું નહીં, દિલ્હીમાં પ્રવેશવું નહીં, માત્ર મુંબઈમાં જ રહેવું. જે અધિકારીએ આ હુકમ બજાવ્યો એણે ગાંધીજી સાથે બહુ જ નમ્રતાભર્યો વર્તાવ દાખવ્યો અને એમને ખાતરી આપી કે જો આપ આ હુકમનો અનાદર કરવાનો નિર્ણય કરશો તો મારે ઘણા દુ:ખ સાથે આપને પકડવા પડશે, પરંતુ એ કારણે આપણી વચ્ચે કશી કડવાશ પેદા થશે નહીં. મહાત્મા ગાંધીએ હસતાં હસતાં કહ્યું કે મારે તો આ હુકમ માનવાનો ઈનકાર જ કરવો પડશે, કેમ કે એમ કરવું એ મારું કર્તવ્ય છે; અને આપે પણ આપની જે ફરજ હોય તે બજાવવી જોઈએ. તે પછી જે થોડી મિનિટો અમને મળી તે દરમ્યાન ગાંધીજીએ મને નીચે લખેલો સંદેશો લખાવી દીધો. એમના લેખી સંદેશામાં કહેવાયું છે તેમ એમણે મને જે મૌખિક સંદેશો આપ્યો તેમાં પણ એ મુદ્દા ઉપર ખાસ ભાર મૂકવામાં આવ્યો છે કે તેમના પકડાવાથી કોઈએ ગુસ્સે થવાનું નથી, તેમ કોઈ એવું કામ પણ કરવાનું નથી જેમાં અસત્ય કે હિંસાનો રંગ લાગેલો હોય; કેમ કે એમ થાય તો આ પવિત્ર કાર્યને કલંક લાગે.

Gandhi Heritage Portal

સંદેશો આ પ્રમાણે છે[1]:

મારા દેશબંધુઓ,

મારે માટે એ ભારે સંતોષની વાત છે અને તમારે માટે પણ હોવી જોઈએ કે હું જે માગી રહ્યો હતો તે મને મળ્યું છે. પંજાબ અને દિલ્હી સરકારો તરફથી મને હુકમો મળ્યા છે કે મારે પંજાબ તથા દિલ્હીની હદમાં દાખલ થવું નહીં. તે ઉપરાંત હિંદ સરકાર તરફથી મને હુકમ મળ્યો છે કે મારે મુંબઈ પ્રાંતની હદ છોડવી નહીં.[2] જે અમલદારે મારી ઉપર હુકમો બજાવ્યા તેને જણાવી દેતાં મને કશી જ વાર ન લાગી કે મારી પ્રતિજ્ઞાથી આ હુકમોનો અનાદર કરવાની મારી ફરજ હતી. તે પ્રમાણે મેં હુકમનો અનાદર કર્યો છે એટલે થોડી જ વારમાં પકડાઈને હું સ્વતંત્ર મનુષ્ય બનીશ. મારા શરીરને તેઓ અટકમાં લઈ જશે. રૉલેટ કાયદા આપણા દેશની ધારાપોથીને કલંકિત બનાવી રહ્યા છે. મારી ગિરફતારી મને મુક્ત કરે છે. હવે તમારે સૌએ સત્યાગ્રહ પ્રતિજ્ઞામાં સ્પષ્ટ જણાવેલી ફરજ પાળવાની છે. એનું પાલન કરતાં તમે જોશો કે એ તમારી કામધેનુ છે.

હું આશા રાખું છું કે મને પકડવાથી તમે કોઈ રોષે ભરાશો નહીં. હું જે માગી રહ્યો હતો તે મને મળ્યું છે, કાં તો રૉલેટ કાયદા રદ થાય, કાં તો હું જેલમાં પુરાઉં. આપણે જો સત્યના માર્ગમાંથી રજ પણ ચળીશું અથવા અંગ્રેજ કે હિંદી કોઈની સામે હિંસા આચરીશું તો આપણે સત્યાગ્રહીઓએ આરંભેલા કામને જરૂર વણસાડીશું. હિંદુમુસલમાન એકતાનાં મૂળ લોકોમાં અત્યારે સજ્જડ પેઠેલાં દેખાય છે તે હું આશા રાખું છું કે સત્ય ઘટના બનશે. મારી ખાતરી છે કે છાપાં-જોગા નિવેદનમાં મેં જે સૂચનાઓ કરી છે તેનો બરાબર અમલ કરવામાં આવે તો જ એ સત્ય ઘટના બની શકે. આ બાબતમાં મુસલમાનો કરતાં હિંદુઓની જવાબદારી વિશેષ છે. કારણ મુસલમાનો લઘુમતી કોમ છે. હું આશા રાખું છું, આપણા દેશને શોભે એવી રીતે હિંદુઓ પોતાની જવાબદારી અદા કરશે.

આપણે લેવા ધારેલા સ્વદેશી વ્રત વિષે પણ મેં કેટલીક સૂચનાઓ કરેલી છે. તેના ઉપર તમે ગંભીરપણે ધ્યાન આપશો. જેમ જેમ સત્યાગ્રહ વિષે તમારા વિચારો પરિપક્વ થતા જશે તેમ તેમ તમને જણાશે કે હિંદુમુસલમાન એકતા અને સ્વદેશી એ સત્યાગ્રહનાં જ અંગો છે.

મારી દૃઢ માન્યતા છે કે ઈંગ્લંડથી ટપકી પડેલા સુધારા તે ગમે તેટલા મોકળે મને આપ-વામાં આવ્યા હોય તોપણ તેનાથી નહીં, પણ આપણા પોતાના કષ્ટસહનથી જ આપણા ધ્યેયે

૧. અહીં સુધીનો રિપોર્ટ લીડર, ૧૨–૪–૧૯૧૯માંથી લીધો છે.

૨. આ હુકમ ૯મી એપ્રિલે લાહોરથી રવાના કરવામાં આવ્યો હતો. તે આ પ્રમાણે હતો: "સ્થાનિક સરકારના અભિપ્રાય મુજબ, એમ માનવાને વાજબી કારણો છે કે . . . ના પુત્ર, મોહનદાસ કરમચંદ ગાંધી જેઓ મુંબઈ ઇલાકામાં આવેલા કાઠિયાવાડ પ્રદેશના રાજકોટ ગામના રહેવાસી છે, તેમણે જાહેર સલામતીને જોખમમાં મૂકે એવી રીતનું વર્તન કરેલું છે, એટલા માટે ગવર્નર જનરલની કાઉન્સિલની અગાઉથી સંમતિ મેળવી, આ પત્ર દ્વારા, લેફ્ટનન્ટ ગવર્નર આદેશ આપે છે કે સદર મોહનદાસ કરમચંદ ગાંધીએ તાબડતોબ મુંબઈ પાછા ફરવું અને જ્યાં સુધી બીજો હુકમ મળે નહીં ત્યાં સુધી મુંબઈ ઇલાકાની હદમાં જ રહેવું.

પંજાબના માનનીય લેફ્ટનન્ટ ગવર્નરની આજ્ઞાથી

**અશગર અલી**

વધારાના મંત્રી"

Gandhi Heritage Portal

આપણે પહોંચી શકવાના છીએ. અંગ્રેજ લોકો મહાન પ્રજા છે, પણ નબળા લોકો જો તેમના સંસર્ગમાં આવે તો તેને તેઓ દબાવી દે છે. તેઓ પોતે બહુ બહાદુર છે, તેમણે બહુ કષ્ટો પણ વેઠેલાં છે એટલે તેઓ બહાદુરી અને કષ્ટસહનની કદર કરી જાણે છે. આપણે અડગ હિંમત અને અપાર કષ્ટસહનના ગુણો કેળવીશું તો જ તેમના સમાન ભાગીદાર બની શકીશું. જોકે તેમની સંસ્કૃતિ અને આપણી સંસ્કૃતિ વચ્ચે પાયાનો તફાવત છે. આખરી ફેંસલા માટે તેઓ હિંસા અથવા પશુબળના પ્રયોગમાં માને છે. આપણી સંસ્કૃતિ વિષે મારી સમજ એવી છે કે આખરી ફેંસલા માટે આત્મબળ અથવા નૈતિકબળના પ્રયોગની આપણી પાસે આશા રાખવામાં આવે છે. સત્યાગ્રહ એ આ જ વસ્તુ છે. આપણી પ્રાચીન સંસ્કૃતિએ જે માર્ગ આપણને બતાવેલો છે તે માર્ગેથી આપણે ચલિત થયા છીએ તેથી જ ટાળી શકાય એવાં દુ:ખોમાં આપણે સબડી રહ્યા છીએ.

હું આશા રાખું છું કે હિંદુ, મુસલમાન, શીખ, પારસી, ખ્રિસ્તી, યહૂદી અને બીજા તમામ જેમણે હિંદમાં જન્મ ધારણ કર્યો છે અને જેમણે હિંદની ભૂમિને અપનાવી છે તેઓ આ રાષ્ટ્રીય વ્રતોમાં પૂરેપૂરો ભાગ લેશે. હું એ પણ આશા રાખું છું કે તેમાં સ્ત્રીઓ પુરુષો કરતાં જરા પણ ઊતરશે નહીં.

[મૂળ અંગ્રેજી]

हिंदु, १०–४–१९१९
ભાષાંતર : महादेवभाईनी डायरी, પુસ્તક પાંચમું

## ૧૯૮. મનાઈહુકમનો જવાબ[1]

એપ્રિલ ૧૦, ૧૯૧૯

મારે સખેદ કહેવું પડે છે કે મારાથી આપના ઉપર્યુક્ત હુકમનું પાલન થઈ શકશે નહીં.

**મોહનદાસ કરમચંદ ગાંધી**

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૬૫૧૩

૧. ગાંધીજીએ આ જવાબ પોતાના જ હસ્તાક્ષરમાં મનાઈહુકમના કાગળ ઉપર લખ્યો હતો. હુકમના પાઠ માટે જુઓ, પાદટીપ ૨, પા. ૨૦૦.

Gandhi Heritage Portal

# ૧૯૯. એસ્થર ફેરિંગને પત્ર

ગિરફતાર હાલતમાં મુંબઈ જતાં,
એપ્રિલ ૧૦, ૧૯૧૯

મારી વહાલી દીકરી,

તમારો ચેક મને મળ્યો છે. હું એટલી જ આશા રાખું છું કે તમે જીવનની જરૂરિયાતો અંગે ટાંચ નહીં ભોગવતાં હો. તમારો ચેક હું આશ્રમને સ્વાધીન કરું છું. એ બરાબર છે ને?

ગઈ કાલે રાત્રે દિલ્હી જતાં રસ્તામાં મને હુકમ મળ્યો કે મારે પંજાબમાં દાખલ નહીં થવું. મેં તે જ સ્થળે અને તે જ ક્ષણે એ હુકમનો ભંગ કર્યો, એટલે મને ગિરફતાર કરવામાં આવ્યો. તે પછી મને બે હુકમો મળ્યા: એક હતો દિલ્હી પ્રાંતમાં નહીં પ્રવેશવાનો અને બીજો હતો મુંબઈની હદમાં જ રહેવાનો. અત્યારે એ લોકો મને મુંબઈ લઈ જઈ રહ્યા છે. જો તેઓ મને છોડી મૂકશે તો હું તરત જ નજરબંધીના હુકમનો ભંગ કરીશ. આજે કદાચ દુનિયાનો હું સૌથી સુખી માણસ છું. આ બે માસ દરમિયાન મને અપાર સ્નેહનો અનુભવ થયો છે. અને જોકે મારા મનમાં કોઈના પ્રત્યે વેરભાવ નથી તેમ જ હું એકલો જ એવો માણસ છું જે આજે હિંદુસ્તાનમાં બીજા કોઈ પણ માણસ કરતાં વધારે સારી રીતે શાંતિ સાચવી શકું તેમ છું, છતાં અત્યારે હું જોઉં છું કે મને ગિરફતાર કરવામાં આવ્યો છે, એટલે મારી ગિરફ્તારી એ ખોટું પગલું ભરનાર અમલદારને ઉઘાડો પાડશે. અને તેમ છતાં એ વ્યક્તિ મને કશી હાનિ પહોંચાડી શકશે નહીં, કેમ કે મારો આત્મા શાંત અને અક્ષુબ્ધ રહે છે.

એ વાત જાણીને તમને આનંદ થશે કે તમારો એક મિત્ર એવો છે જેને ઈશ્વરે એવી શક્તિ આપી છે કે તે પોતાને શત્રુ માનનાર પ્રત્યે પણ પ્યાર કરી શકે છે અને કષ્ટ સહન કરવામાં આનંદ માને છે. આ હું એટલા માટે કહું છું કે નજીકના ભવિષ્યમાં મને જેલ મળે તે વિષે હું તમને દુ:ખી થવા દેવા માગતો નથી. મને પકડીને લઈ જનાર અમલદાર ઘણો માયાળુ છે અને તે મારી બરાબર સંભાળ રાખે છે.

જો મહાદેવ થોડા દિવસ માટે પણ છૂટા રહેશે તો તમને વધારે વિસ્તારથી લખશે.

પ્યાર સાથે,

હંમેશાં તમારો
બાપુ

[તા.ક.]

મદ્રાસથી મુંબઈ જતાં, બેઝવાડાથી કે બીજે કોઈ સ્થળેથી[1], મ તમને પત્ર લખ્યો હતો. એ તમને મળ્યો હતો?

[મૂળ અંગ્રેજી]

માય ડિયર ચાઈલ્ડ, પા. ૩૪

૧. સિકંદરાબાદ; જુઓ "એસ્થર ફેરિંગને પત્ર", ૧-૪-૧૯૧૯.

Gandhi Heritage Portal

## ૨૦૦. સ્વામી શ્રદ્ધાનંદને તાર

એપ્રિલ ૧૧, ૧૯૧૯

હમણાં જ આવ્યો અને પોલીસના કબજામાંથી છૂટયો[1]. . . . . બીજી વાતો પછી જણાવીશ. કેટલેક સ્થળે જાનહાનિ થઈ તેનો અફસોસ છે. લોકો સંયમ રાખે અને હિંસા ન કરે એ બિલકુલ જરૂરી છે. આ વાત લાહોર, અમૃતસર વગેરે સ્થળોએ પહોંચાડશો.

ગાંધી

[મૂળ અંગ્રેજી]

पंजाब अनरेस्ट – बिफोर ॲन्ड आफ्टर, પા. ૧૦૪

## ૨૦૧. सत्याग्रह पत्रिका[2]–३

એપ્રિલ ૧૧, ૧૯૧૯

**સત્યાગ્રહીઓ તથા સહાનુભૂતિ ધરાવનારાઓને મહાત્મા ગાંધીની ચેતવણી**

શુક્રવાર, તા. ૧૨મી[3] એપ્રિલ, ૧૯૧૯ને દિવસે સાંજે ચોપાટીના સમુદ્રતટ પર વિરાટ જાહેર સભાના રૂપમાં એકઠા થયેલા સત્યાગ્રહીઓ અને સહાનુભૂતિ ધરાવનારાઓને મહાત્મા ગાંધીએ નીચે પ્રમાણે ચેતવણી આપી હતી[4]:

ભાઈઓ અને બહેનો,

હું અત્યારે આગલી કથામાં ઊતરવા ઇચ્છતો નથી. નવી જ વાત સંભળાવીશ. મને સરકારે છોડી દીધો છે અને હું અત્યારે તમારી સમક્ષ ઊભો છું. બે દિવસ હું પરહેજ રહ્યો. તે મારે સારુ પરહેજી ન હતી પણ સ્વર્ગસમાન હતું. સરકારી અમલદારોએ મારી અત્યંત બરદાસ્ત કરી છે. મને જે જોઈતું હતું તે પૂરું પાડવામાં આવ્યું હતું, અને હું જેટલી સગવડ બહાર બેઠો ભોગવી શકું છું, તેના કરતાં વિશેષ સગવડ મેં મારે સારુ જોઈ. મને પરહેજ કર્યો તેની સામે આટલી બધી જગ્યાએ આટલો બધો ઉછળાટ કેમ થયો એ હું જરાયે સમજી શકતો નથી. એ સત્યાગ્રહ નથી, દુરાગ્રહથી પણ ખરાબ વસ્તુ છે.

સત્યાગ્રહના ટોળામાં જેઓ સામેલ થયા તેમને છાજતું હતું કે તેઓએ ગમે તેવું થાય તોપણ જરા પણ મારામારી નહીં કરવી જોઈએ. પથરાના ઘા નહીં ફેંકવા જોઈએ, કોઈને પણ દુઃખ નહીં દેવું જોઈએ. પણ આપણે તો મુંબઈમાં પથરા ફેંકયા, ટ્રામને જબરાઈથી બંધ કરવા સારુ રસ્તામાં પથરા મૂકયા, લાકડાં મૂકયાં. આ કંઈ સત્યાગ્રહ ન કહેવાય.

૧. મુંબઈમાં.

૨. મૂળ અંગ્રેજીમાં "સત્યાગ્રહ સિરીઝ" (સત્યાગ્રહ શ્રેણી) છે. सत्याग्रह पत्रिका–१ માટે જુઓ પરિશિષ્ટ ૨ અને सत्याग्रह पत्रिका – २ માટે જુઓ "હિંદુમુસલમાન ઐક્ય વ્રત", ૮–૪–૧૯૧૯.

૩. આ તારીખ ૧૧મી હતી. ભૂલથી ૧૨મી લખાઈ છે. શુક્રવાર ૧૧મી તારીખે હતો.

૪. અહીં સુધીનો ભાગ અંગ્રેજીમાંથી લીધો છે.

Gandhi Heritage Portal

પચાસેક માણસોને પકડવામાં આવ્યા છે, તેઓને છોડી મૂકવાની માગણીઓ કરી. चुपकीथी पकडावुं ए तो आपणो धर्म छे. मारामारी करनार पकडाय तेने छोडाववाने प्रयत्न करवो ए अधर्म छे. એટલે કોઈ પણ રીતે આપણે પકડાયેલાને છોડાવવાની માગણી કરી શકતા નથી.

મને પૂછવામાં આવ્યું છે કે જે વસ્તુ સત્યાગ્રહની લડતમાંથી પરિણામ પામે તેને સારુ સત્યાગ્રહી જવાબદાર ખરા કે નહીં? મેં કહ્યું છે કે તે સારુ સત્યાગ્રહી જવાબદાર છે. તેથી હું સૂચના કરવા ઇચ્છું છું કે જો આ લડતને આપણા તરફથી લેશ પણ મારામારી સિવાય, ખુનામરકી સિવાય નહીં ચલાવી શકાય તો મારે તો લડત બંધ જ કરવી પડશે અથવા તો તેને જુદું અને હજુ પણ વધારે સંકુચિત સ્વરૂપ આપવું પડશે. એટલું જ નહીં પણ મારે આપણી જ સામે સત્યાગ્રહ કરવો પડે એવો પણ વખત આવે.

સત્યાગ્રહીઓ મરશે તેમાં મને જરાયે એબ નથી લાગવાની. તેઓનાં મૃત્યુથી હું દુ:ખ પામીશ ખરો, પણ એને લડતને અંગે અપાયેલું યોગ્ય બલિદાન માનીશ. પણ જે સત્યાગ્રહી નથી, જે તેમાં જોડાયા નથી, જે તેની સામે થશે, તેને ઈજા થશે તેનું પાપ હરેક સત્યાગ્રહીની ઉપર રહેશે, મારી ઉપર કરોડગણું વધારે રહેશે. એ મારી જવાબદારી સમજીને હું લડતમાં ઊતરેલો છું.

મેં સાંભળ્યું છે કે અંગ્રેજ ભાઈઓને પણ ઈજા થયેલી છે. કદાચ કોઈ મૃત્યુ પણ પામ્યા હોય. તો એ સત્યાગ્રહને ભારે લાંછન છે. મારે મન તો અંગ્રેજો પણ આપણા ભાઈ સમાન છે. તેઓની ઉપર કટાક્ષ હોય નહીં. अने मारा जेवा माटे सत्याग्रहनी उपरनुं आवुं अघोर पाप असह्य थई पडे.

જેમ રાજાની સામે તેમ आपणी सामे पण सत्याग्रह करतां मने आवडे છે. આપણી સામે હું આવે અવસરે કયો સત્યાગ્રહ કરી શકું? कयुं प्रायश्चित्त आवां पापोने सारु करी शकुं? ए सत्याग्रह अने प्रायश्चित्त एक ज छे. अने ते ए के मारे अनशन व्रत लेवुं, अने जरूर जणाये आ शरीरनो भोग आपी सत्याग्रहनो विजय सिद्ध करवो.

ફરી ફરીને હું તમને બધાને વીનવું છું કે તમે બધા આજે વીખરાઈ જશો, શાન્તિ જાળવશો અને હવે પછી મુંબઈના લોકો ઉપર જરા પણ કલંક આવે એવું કાર્ય ન કરશો.

પોલીસની વર્તણૂકનો વિચાર આપણે કરવાનો રહેતો નથી. એ વિચાર કરવાનું આ સ્થાન પણ નથી. ગોળીના બાર થયા નથી એને સારુ આપણે ગવર્નર સાહેબ અને પોલીસના આભારી છીએ એટલું તો મારે કહેવું જ પડશે. पण आ अवसरे याद राखवानी मुख्य वस्तु तो ए छे के आपणे पूरेपूरी शान्ति जाळवतां शीखवुं. अने ज्ञानपूर्वक दु:ख भोगवतां शीखवुं. ते विना सत्याग्रह न ज चाली शके।

[મૂળ ગુજરાતી]

महादेवभाईनी डायरी, પુસ્તક પાંચમું

Gandhi Heritage Portal

## ૨૦૨. મુંબઈના મુસલમાનો સાથે વાર્તાલાપ

એપ્રિલ ૧૧, ૧૯૧૯

શુક્રવારને દિવસે થયેલી ધરપકડો અંગે વાતચીત કરવા તે જ દિવસે કેટલાક મુસલમાનો શ્રી ગાંધીને નિવાસસ્થાને ગયા હતા. મહાત્મા ગાંધીએ તેમને સત્યાગ્રહનો સાચો અર્થ સમજાવ્યો અને કહ્યું કે જો એ લોકો દુરાગ્રહ કરતાં પકડાયા હોય તો તેઓ સહાનુભૂતિને પાત્ર ન કહેવાય; અને જો તેઓ સત્યાગ્રહ કરતાં પકડાયા હોય તો તેમણે સમજવું જોઈએ કે જેલ જવું એ એમનું કર્તવ્ય છે. આમ બંને રીતે જોતાં, જે લોકો પકડાયા છે તેમને છોડવાની માગણી કરવી એ કોઈને પણ માટે વાજબી નથી. આ પછી મહાત્માએ હિંદુમુસ્લિમ ઐક્યની ભારે આવશ્યકતા ઉપર વિવેચન કર્યું હતું.

[મૂળ અંગ્રેજી]

बॉम्बे क्रॉनिकल, ૧૪–૪–૧૯૧૯

## ૨૦૩. સત્યાગ્રહ સંબંધમાં સૂચનાઓ

[એપ્રિલ ૧૨, ૧૯૧૯]

સત્યાગ્રહને સંપૂર્ણ અવકાશ મળે અને આમજનતામાં એને ફેલાવાની તક મળે તે માટે, નીચેની સૂચનાઓનું કડક પાલન થવું જોઈએ એવો મારો નમ્ર અભિપ્રાય છે. સંભવિત છે કે આમાંની કેટલીક બાબતોમાં પાછળથી ફેરફાર કરવાની જરૂર પડે. બાકીના મુદ્દા, સત્યાગ્રહના ભંગ નહીં કરી શકાય એવા સિદ્ધાન્તો છે.

સરઘસો કાઢવાં નહીં.

સંગઠિત દેખાવો કરવા નહીં.

સમિતિની અગાઉથી સૂચના મળ્યા સિવાય કોઈ પણ નિમિત્તે હડતાળો પાડવી નહીં.

પોલીસના તમામ હુકમોનું વિના વિરોધ પાલન કરવું.

હિંસા કરવી નહીં.

પથરા ફેંકવા નહીં.

ટ્રામ કે વાહનોની અવરજવરમાં અવરોધ કરવો નહીં.

કોઈ પણ વ્યક્તિ ઉપર કોઈ પણ પ્રકારનું દબાણ કરવું નહીં.

**જાહેર સભાઓમાં**

તાળીઓ પાડવી નહીં.

સંમતિના કે વિરોધના દેખાવો કરવા નહીં.

"શરમ, શરમ"ના પોકારો કરવા નહીં.

હર્ષના પોકારો કરવા નહીં.

સંપૂર્ણ શાંતિ જાળવવી.

સ્વયંસેવકો અથવા સંચાલકોની સૂચનાઓનું સંપૂર્ણ પાલન કરવું.

**મોહનદાસ ક. ગાંધી**

[મૂળ અંગ્રેજી]

बॉम्बे क्रॉनिकल, ૧૪–૪–૧૯૧૯

Gandhi Heritage Portal

## ૨૦૪. વર્તમાનપત્રોને મુલાકાત

એપ્રિલ ૧૨, ૧૯૧૯

વર્તમાનપત્રોના પ્રતિનિધિઓને આપેલી એક મુલાકાતમાં મહાત્મા ગાંધીએ એવું કહ્યાના સમાચાર મળ્યા છે કે મારે દિલ્હી જવું કે નહીં તે બાબતમાં મેં હજી સુધી કોઈ ચોક્કસ નિર્ણય કર્યો નથી. એમણે લોકોને ફરી એક વાર આગ્રહપૂર્વક વિનંતી કરી છે કે રૉલેટ બિલો સામેની લડત સત્યાગ્રહની સાચી ભાવનાથી ચલાવવી અને હિંસાનાં કૃત્યો કરવાથી દૂર રહેવું. સત્યાગ્રહની લડત ચલાવતાં ચલાવતાં જે લોકો ગિરફતાર થાય તેમના પ્રત્યે આપણે સૌએ સહાનુભૂતિ દર્શાવવી જોઈએ, પરંતુ એમને છોડી મૂકવાની માગણી નહીં કરવી જોઈએ, કેમ કે જેલ જવું એ તો સાચા સત્યાગ્રહીઓનું કર્તવ્ય છે. એમણે કહ્યું કે દુરાગ્રહીઓ પ્રત્યે મને સહેજ પણ સહાનુભૂતિ નથી. તેમને તેમનાં ખોટાં કૃત્યો માટે શિક્ષા થવી જ જોઈએ. તેમણે લોકો પાસેથી સહાનુભૂતિની અપેક્ષા નહીં રાખવી જોઈએ. પછી એમણે કહ્યું કે મારી દૃઢ માન્યતા છે કે જો આપણે આપણી લડત હિંસાનાં કૃત્યો કર્યા વિના સત્યાગ્રહની સાચી ભાવનાથી ચલાવીશું તો રૉલેટ બિલો કાયદાપોથીમાંથી થોડા જ વખતમાં ભૂંસાઈ જશે. બધા સંજોગો જોતાં, સત્યાગ્રહી આંદોલનને જુદું અને હજી પણ વધારે મર્યાદિત સ્વરૂપ આપવું પડે એવો સંભવ છે. સત્યાગ્રહની લડત તો ઘોંઘાટ વિના, સંપૂર્ણ શાંતિથી અને સત્યાગ્રહની સાચી ભાવનાને વફાદાર રહીને ચલાવવી જોઈએ. અંતમાં એમણે ફરી એક વાર જનતાને આગ્રહપૂર્વક વિનંતી કરતાં કહ્યું કે લોકોએ શાંતિભર્યું વર્તન રાખવું જોઈએ અને હિંસાનું એક પણ કૃત્ય કરવું નહીં જોઈએ.

[મૂળ અંગ્રેજી]

बॉम्बे क्रॉनिकल, १४–४–१९१९

## ૨૦૫. મુંબઈમાં કાપડના વેપારીઓની સભામાં ભાષણ

એપ્રિલ ૧૨, ૧૯૧૯

ગયે અઠવાડિયે દેશના કેટલાક ભાગોમાં જે તોફાનો ફાટી નીકળ્યાં તેના સમાચાર સાંભળી મહાત્મા ગાંધીને ઊંડું દુઃખ થયું હતું. અમદાવાદ જવા રવાના થતાં પહેલાં એમના કહેવાથી બોલાવાયેલી કાપડના વેપારીઓની એક સભામાં તેઓ હાજર રહ્યા હતા. ત્યાં તેમણે જનતાને હિંસાનાં કૃત્યોથી દૂર રહેવા સાચા દિલની અપીલ કરી હતી. આગળ ચાલતાં એમણે કહ્યું કે તોફાનોના સમાચાર સાંભળી મને ઘણો આઘાત લાગ્યો છે. મને પકડયો તેથી કંઈ સત્યાગ્રહનું કામ બંધ રહેવાનું નહોતું. એટલે લોકોએ તોફાનો કરવાં જોઈતાં નહોતાં. હું દિલ્હી જાઉં અને મને બીજી વાર પકડવામાં આવે તોપણ ધાંધલ નહીં થવું જોઈએ. લોકોએ સત્યાગ્રહની સાચી ભાવનાથી કષ્ટ સહન કરવા તૈયાર રહેવું જોઈએ. કોઈ જગાએ હડતાળ પડે તોપણ જે લોકો એમાં જોડાવા ન માગતા હોય તેમના ઉપર કોઈ જાતનું દબાણ નહીં લાવવું જોઈએ. બધા લોકો પ્રત્યે આપણું વલણ સદ્ભાવભર્યું રહેવું જોઈએ.

શ્રી ગાંધીની સૂચનાથી કાપડ બજાર અને તેની આસપાસના વિસ્તારમાં વ્યવસ્થા જાળવવાના કામમાં મદદ કરવા માટે એક સ્વયંસેવક દળ ઊભું કરવા, આગેવાન વ્યક્તિઓની એક સમિતિ નીમવામાં આવી હતી.

Gandhi Heritage Portal

તે પછી મહાત્મા ગાંધી બીજાં કેટલાંક મંડળોની મુલાકાતે ગયા. ત્યાં પણ તેમણે રૉલેટ બિલો સામેની લડતને સત્યાગ્રહની સાચી ભાવનાથી ચલાવવાની ખાસ આવશ્યકતા ઉપર ભાર મૂક્યો. તેમણે મારવાડી ચેમ્બરમાં યોજવામાં આવેલી એક બીજી સભામાં પણ હાજરી આપી. ત્યાં અમદાવાદમાં થયેલાં તોફાનોના સમાચાર સાંભળી તેમને ઘણું દુઃખ થયું અને તેઓ ખરેખર ખૂબ બેચેન બની ગયા. બીજે દિવસે તેમણે ભોજન લેવાનું બંધ રાખ્યું. તે જ દિવસે રાત્રે તેઓ મોરારજી ગોકળદાસ હૉલમાં પણ એક સભામાં ભાષણ કરવાના હતા, પરંતુ તેમને અમદાવાદ જવાનું થયું એટલે તેઓ એ સભામાં જઈ ન શક્યા. એમની ગેરહાજરીમાં શ્રી જમનાદાસ દ્વારકાદાસે, આ લડત શાંતિપૂર્વક અને વ્યવસ્થિત રૂપમાં ચલાવવા વિષે શ્રી ગાંધી જે સૂચનો કરવાના હતા તે સભા સમક્ષ રજૂ કર્યાં.

[મૂળ અંગ્રેજી]

बाम्बे क्रॉनिकल, ૧૫–૪–૧૯૧૯

## ૨૦૬. અમદાવાદની જનતાને સંદેશ

એપ્રિલ ૧૩, ૧૯૧૯

પૂ. અનસૂયાબહેન અને હું આજ સવારે અમદાવાદ પહોંચી ગયાં છીએ. પૂ. અનસૂયાબહેન કોઈ દિવસ પકડાયાં નથી. હું પણ શુક્રવારે તદ્દન છૂટો થઈ ગયો અને મુંબઈ પહોંચી ગયો. હું પરહેજીમાં હતો તે વખતે મને કોઈ પણ પ્રકારની તકલીફ ન હતી. અને હું પોતે તો કેમ જાણે સ્વર્ગનું સુખ ભોગવતો હોઉં એવી મારી દશા હતી. છૂટતાં અમદાવાદમાં જે બનાવો બન્યા તેનું સાંભળીને હું અતિશય દિલગીર થયો. બહેનનું હૃદય ઘવાયું. અમે બંને અત્યંત શરમમાં પડ્યાં. હવે અમે બંને આપ સહુની મુલાકાત કરવાને આવ્યાં છીએ. બે શબ્દ કહેવાની પણ જરૂર છે. એટલે આ સમયે વધારે હું કાંઈ કહેવા ઇચ્છતો નથી. જેમ તમે બધા ઇચ્છતા હશો તેમ હું પણ ઇચ્છું છું કે માર્શલ લૉ ઝપાટાથી રદ થાય. તે રદ કરાવવો આપણા હાથમાં છે. કેમ થઈ શકે એની ચાવી હું બતાવવા માગું છું. જેઓનાથી બની શકે તે આવતી કાલે એટલે સોમવારે બપોરે ચાર વાગે આશ્રમમાં આવી પહોંચશો. આવતી વખતે મિલિટરી પિકેટ ન હોય એવા રસ્તા શોધજો. ગઢની દીવાલની બહાર સીધામાં સીધે રસ્તેથી નીકળી નદી ઓળંગીને આવશો. બબ્બે ત્રણત્રણ માણસોના ટોળાંથી વધારે ન થશો. પોલીસના જે હુકમો હોય તેને વશ થશો. રસ્તામાં કોઈ પણ જાતના પોકારો કે અવાજો નહીં કરો એવો મારો આગ્રહ છે. અને આશ્રમમાં પણ સહુ ચૂપકીથી બેસશો તો હું પૂરતી રીતે સમજાવવાનું છે તે સમજાવી શકીશ. સહુ દુકાનદારો પોતાની દુકાનો ઉઘાડે અને મજૂરો મિલમાં કામ કરતા થઈ જાય એ અત્યંત ઇચ્છવા જેવું છે. છેવટમાં એટલું કહેવા ઇચ્છું છું કે જે ભૂલો અહીં અને બીજી જગ્યાએ થયેલી છે તે નહીં થઈ હોત તો રૉલેટ બિલ આજે તો રદ પણ થઈ જાત એવી મારી સત્યાગ્રહને વિષે શ્રદ્ધા છે. ઈશ્વર-ખુદા સહુને સારી મતિ આપો અને શાંતિ આપો એમ ઇચ્છું છું.

**મોહનદાસ કરમચંદ ગાંધી**

[મૂળ ગુજરાતી]

ગાંધીજીએ લખાવેલ મૂળની છબી પરથી: એસ. એન. ૬૫૩૯ પી.

Gandhi Heritage Portal

# ૨૦૭. સત્યાગ્રહી – ૨[1]

એપ્રિલ ૧૪, ૧૯૧૯

અંક ૨જો

છૂટક નકલ ૧ પૈસો

(તંત્રી : મોહનદાસ કરમચંદ ગાંધી
લેબર્નમ રોડ, ગામદેવી,
મુંબઈ)

**આત્મનિરીક્ષણ**

છેલ્લા એક જ અઠવાડિયામાં સત્યાગ્રહે અજબ ઝડપે ગતિ કરી છે. આ ગતિ યોગ્ય દિશામાં થઈ રહી છે કે નહીં એ તપાસી જોવાની જરૂર છે. એક અઠવાડિયામાં દેશમાં કેવા ભારે, કેવા કરુણ, કેવા કઠણ બનાવો બન્યા!

સત્યાગ્રહીઓ જોઈ શક્યા છે કે સત્યાગ્રહ કંઈ સહેલાઈથી વાપરી શકાય તેવું શસ્ત્ર નથી. સત્યાગ્રહીઓને વારંવાર પૂછવામાં આવ્યું છે કે તેમની લડતનાં પરિણામો માટે તેઓ જવાબદાર ખરા કે નહીં. અમે હમેશાં કહ્યું છે કે સત્યાગ્રહીઓ જવાબદાર છે. સત્યાગ્રહીઓ પોતે તો સત્યને વરેલા રહીને મન, વાચા કે કર્મથી કોઈને ઈજા નહીં જ કરે, પરંતુ લડતને પણ એવી મર્યાદાપૂર્વક ચલાવશે કે જે જાહેર પ્રજાનાં સહાનુભૂતિ અને સહકાર તેઓ આ લડતમાં ઇચ્છે છે અને જે તેમને ચારે મેરથી મળી રહ્યાં છે, તે જાહેર પ્રજાના વર્તન ઉપર પણ તેઓ પૂરતો કાબૂ ધરાવી શકે. છેલ્લા અઠવાડિયાના અનુભવે બતાવી આપ્યું છે કે સત્યાગ્રહીઓ હજી લોકો ઉપર કાબૂ ધરાવી શકવાની સ્થિતિમાં નથી. જાહેર પ્રજાના અંતઃકરણમાં સત્યાગ્રહની લડતનું રહસ્ય હજુ એટલું શુદ્ધ રીતે નથી વસી ગયું કે તે સત્યાગ્રહને છાજે તેવી જ રીતે પોતાની લાગણીઓ દર્શાવી, સત્યાગ્રહને લાંછન લાગે તેવું કશું પોતાને હાથે ન જ થવા દે.

છતાં આથી સત્યાગ્રહી કાંઈ નાઉમેદ નહીં થાય. સત્યાગ્રહી તો પોતાનાં હથિયાર ત્યારે જ હેઠાં મૂકી શકે કે જ્યારે રૉલેટ ધારા રદ થાય અગર સત્યાગ્રહની વેદી ઉપર એનું પોતાનું બલિદાન અપાય. સત્યાગ્રહી પોતાને મળતા રોજિંદા અનુભવમાંથી શીખશે, પોતાના દેશબંધુઓને કેળવશે; જાહેરમાં તેમ જ ઘરમાં તેમને સત્યાગ્રહનું રહસ્ય સમજાવશે. દુઃખ સહન કરી લેવામાં, સામું ન મારવામાં, કેવળ સત્યને જ વળગી રહેવામાં અને કુરબાન થઈ જવામાં રહેલી ખૂબી, એમાં રહેલું અપરંપાર સુખ તે તેમને સમજાવશે. તે પ્રેમથી એમનાં હૈયાં જીતી એ જ પ્રેમથી આપણા વિરોધીઓને જીતી લેવાનો માર્ગ એમને શીખવશે. સત્યાગ્રહનો માર્ગ અપાર મુશ્કેલીથી ભરેલો છે. સાચા સત્યાગ્રહમાં નિરાશા કે પરાજયને તો સ્થાન જ નથી. સત્ય સર્વશક્તિમાન છે તેથી

૧. સત્યાગ્રહ મોકૂફ રહેવાથી આગળના અંકો નીકળ્યા નહોતા; જુઓ બૉમ્બે ક્રૉનિકલ, ૨૨–૪–૧૯૧૯. એમાં લખ્યું હતું : "સત્યાગ્રહ સભાએ અમને ખબર આપી છે કે સવિનયભંગની ચળવળ થોડા સમય માટે મોકૂફ રાખવામાં આવી હોવાથી સત્યાગ્રહી સાપ્તાહિકનું પ્રકાશન બંધ કરવામાં આવશે અને મોકૂફીના સમય દરમ્યાન વગર લાઇસન્સવાળું છાપખાનું પણ બંધ રાખવામાં આવશે."

Gandhi Heritage Portal

સત્યાગ્રહનો પરાજય ન હોય. ભારત વિશાળ દેશ છે. સત્યાગ્રહનો આપણો આ સનાતન માર્ગ આ જ દેશમાં નવો થઈ પડ્યો છે, તેની કંઈ ફિકર નથી. સત્યાગ્રહીઓ લોકોને કેળવવા સારુ દિનરાત મથશે અને તેમને સમજાવશે કે શુદ્ધ સત્યાગ્રહ જ આપણી કામધેનુ છે. નહીં સમજે તો તેમને વીનવશે. તેમની સામે પણ આમરણાંત અનશન વ્રત લેશે, સત્યાગ્રહ કરશે, અને એ રીતે પોતાના દેશબંધુઓને આ ધાર્મિક લડતમાં જોડાવા પ્રેરશે અને તેનો અંત વિજયમાં જરૂર આવશે.

## સમાચાર

### મહાત્મા ગાંધી

મહાત્મા ગાંધી દિલ્હી જતા હતા ત્યારે રસ્તામાં તેમને પંજાબમાં તથા દિલ્હીમાં દાખલ થવાની મનાઈ ફરમાવતા હુકમો આપવામાં આવ્યા હતા. આ હુકમો માનવાની ના પાડવાને કારણે એમની ધરપકડ કરવામાં આવી હતી. એમને મુંબઈ પાછા લઈ જઈ છોડી મૂકવામાં આવ્યા હતા. હવે તેઓ અમદાવાદ ગયા છે.

### પંજાબમાં થયેલી હદપારીઓ

ડૉ. કિચલુ અને ડૉ. સત્યપાલને પંજાબમાંથી હદપાર કરવાને કારણે લાહોર અને અમૃતસરમાં ભારે રમખાણો થયાં છે.

### મુંબઈમાં ચળવળની સ્થિતિ

મુંબઈમાં મનાઈ કરેલા સાહિત્યનું વેચાણ ચાલી રહ્યું છે. મુસલમાન જનતા આ ચળવળમાં રસ લેવા લાગી છે.

સત્યાગ્રહ પ્રેસના નામથી એક નવું છાપખાનું શરૂ કરવામાં આવ્યું છે. હવેથી આ પત્ર એ છાપખાનામાં છપાશે.

### બિહારમાં સત્યાગ્રહ

માનનીય મજહરુલ હકે તથા મુંબઈમાં ભરાયેલા કૉંગ્રેસના ખાસ અધિવેશનના પ્રમુખ શ્રી હસન ઈમામે સત્યાગ્રહની પ્રતિજ્ઞા ઉપર સહીઓ કરી છે.

### વડી ધારાસભામાંથી રાજીનામું

મધ્ય પ્રદેશના જમીનદારોના પ્રતિનિધિ, માનનીય શ્રી બી. એન. શુક્લે રૉલેટ બિલના વિરોધમાં વડી ધારાસભામાંથી રાજીનામું આપી દીધું છે.

[મૂળ અંગ્રેજી]

बॉम्बे क्रॉनिकल, १५–४–१९१९



Gandhi Heritage Portal

## ૨૦૮. જી. ઈ. ચૅટફીલ્ડને પત્ર

આશ્રમ,
સાબરમતી,
એપ્રિલ ૧૪, [૧૯૧૯]

વહાલા મિ. ચૅટફીલ્ડ,[1]

ગઈ કાલે મેં ઘણા લોકોને મોંએથી સાંભળ્યું કે દિવસ દરમિયાન લશ્કરના માણસોએ એક અગર બે સ્ત્રીઓને તથા કેટલાક પુરુષોને કશા પણ વાજબી કારણ વિના ઠાર કર્યા હતા. તો ખરી હકીકત શી છે તે આપ કૃપા કરીને મને જણાવશો? હું એ જોવા અત્યંત આતુર છું અને હું જાણું છું કે આપ પણ એટલા જ આતુર હશો કે આજના દિવસમાં કોઈ અણઘટતી ઘટના બનવી નહીં જોઈએ.

આપનો સહૃદયી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી: એસ. એન. ૬૫૩૧

## ૨૦૯. જે. એલ. મૅફીને પત્ર

આશ્રમ,
સાબરમતી,
એપ્રિલ ૧૪, ૧૯૧૯

વહાલા મિ. મૅફી,

મેં આપના છેલ્લા પત્રની પહોંચ સિક્કે લખી નથી, એને આપ અવિવેક નહીં સમજો એવી આશા રાખું છું. હકીકત એ છે કે મેં એ પત્રને આપના સૌજન્યના અને આપણી વચ્ચેની મૈત્રીના પ્રતીક તરીકે સંભાળીને રાખી મૂકયો છે. હું આશા રાખું છું કે આપણી વચ્ચે વિચારો અને દૃષ્ટિબિંદુનો ગમે તેટલો તફાવત હશે તોપણ એ મૈત્રી સદાને માટે જળવાઈ રહેશે. મારે આપને પત્રની ખાલી પહોંચ જ મોકલવી નહોતી. મારે તો આપને ફરીથી લખતાં પહેલાં એક નિશ્ચિત તબક્કા ઉપર પહોંચવું હતું, અને હવે હું એવા નિશ્ચિત તબક્કાથી પણ આગળ પહોંચ્યો છું. અને જે જગ્યાને મેં મારું નિવાસસ્થાન બનાવ્યું છે તે જગ્યાએ હું જોઉં છું કે લગભગ બૉલ્શેવિઝમની હદે પહોંચે એવી સંપૂર્ણ અરાજકતા પ્રવર્તે છે. અંગ્રેજ પુરુષો અને સ્ત્રીઓને પોતાના બંગલા છોડી થોડાં સુરક્ષિત ઘરોમાં જઈ રહેવાની ફરજ પડી છે. મારે માટે એ અત્યંત ખેદ અને શરમની વાત છે. હું જોઈ શકયો છું કે લોકોમાં સત્યાગ્રહની ભાવના ઓતપ્રોત થવા વિષેની મારી ગણતરી વધારે પડતી હતી, જ્યારે તિરસ્કાર અને વેરભાવની શક્તિનું માપ મેં ઓછું આંકયું હતું. સત્યાગ્રહમાં મારી શ્રદ્ધા જરાય ઓછી થઈ નથી, પરંતુ હું બીજા કોઈ પણ

૧. અમદાવાદના કલેક્ટર.

Gandhi Heritage Portal

પ્રાણીની માફક ભૂલને પાત્ર એવું એક અલ્પ પ્રાણી માત્ર છું. હું મારી ભૂલ સુધારી રહ્યો છું. હાલમાં થોડા સમય માટે મેં કેટલેક અંશે પીછેહઠ કરી છે. હું વચન આપું છું કે જ્યાં સુધી મને એવી ખાતરી ન થાય કે મારા સાથીઓ લોકોનાં ટોળાંને વ્યવસ્થિત અને નિયંત્રિત રાખી શકે તેમ છે તથા તેમની પાસે શાંતિ જળવાવી શકે તેમ છે, ત્યાં સુધી હું દિલ્હી કે પંજાબના બીજા ભાગોમાં પ્રવેશવાનો પ્રયત્ન કરીશ નહીં. એટલે હાલ તુરત મારો સત્યાગ્રહ મારા પોતાના જ દેશબંધુઓ સામે આચરવામાં આવશે. તેમ છતાં હું એટલું તો જરૂર કહેવા માગું છું કે હિંદ સરકારે મારા ઉપર પેલા હુકમો બજાવવામાં ગંભીર ભૂલ કરી હતી. સરકાર મને સારી રીતે ઓળખે છે, એટલે તેણે આવી ભૂલ અવશ્ય નહોતી કરવી જોઈતી. હું મારી પ્રતિજ્ઞા તોડી શકતો નહોતો અને હું દિલ્હી કે પંજાબ કોઈ ધાંધલ મચાવવા જતો નહોતો. જ્યાં જ્યાં હું ગયો છું ત્યાં મારી હાજરીને લીધે લોકો સંયમમાં રહ્યાનો અને એમનો ઉશ્કેરાટ શમ્યાનો પ્રત્યક્ષ અનુભવ થયો છે. હું દિલ્હી, લાહોર અને અમૃતસર જતો હતો, તેમાં મારો ઉદ્દેશ શાંતિ સ્થાપવાનો હતો. તેમાં પણ જો મારી કેટલીક શરતો પળાઈ હોત તો જ લાહોર અને અમૃતસર જવાનું હતું. જે બનાવો બન્યા તેમાં મારી સમજ પ્રમાણે અમૃતસરની ઘટનાઓને સત્યાગ્રહ અને મારી ગિરફતારી સાથે કશો સંબંધ નથી. તેમ છતાં મને ખાતરી છે કે જો હું આ સ્થળોએ જઈ શક્યો હોત, તો ત્યાં જે ભયંકર ઘટનાઓ બનવા પામી તે ન બની હોત. જો એ હુકમો મારા ઉપર ન બજાવ્યા હોત તો અમદાવાદમાં જે ઘેલછાભર્યું અગ્નિતાંડવ ખેલાઈ ગયું તે કદી ખેલાયું ન હોત અને હું માનું છું કે આપ મારા આ કથન સાથે પૂરેપૂરા સંમત થશો. આથી હું એવું સૂચન કરવાની ધૃષ્ટતા કરું છું કે હવે એ હુકમો પાછા ખેંચી લેવામાં આવે. ખોટી રીતે કે ખરી રીતે એવું દેખાય છે કે આખા હિંદુસ્તાનમાં અત્યારની ક્ષણે લોકો મારા પ્રત્યે અતિશય સ્નેહ અને સદ્‌ભાવ દર્શાવી રહ્યા છે. એટલે જો આ હુકમો પાછા નહીં ખેંચાશે તો લોકો રોષે ભરાશે. મારા કોઈ પણ બિનજરૂરી કૃત્યને કારણે લોકોનો રોષ વધે નહીં એટલા માટે તો મેં એ હુકમો કેવા હતા તેનું વર્ણન પણ કર્યું નથી અને તે મારી ઉપર કેવી રીતે બજાવવામાં આવ્યા હતા તે વાત પણ પ્રગટ કરી નથી. મારી ગિરફતારીને નજીવી વાત ન ગણવાની દૃષ્ટિએ વર્તમાનપત્રોમાં ખામીભરેલા અહેવાલો આવ્યા છે, તેમ છતાં મેં એ ખામીઓ સુધરાવી પણ નથી.

એ હુકમો વિષે આટલી વાત પૂરતી છે. આપ મારું આટલું કહેવું ખાતરીપૂર્વક માની લેશો. હું એ જાણું છું કે જ્યારથી મને મુંબઈમાં લાવીને છોડી મૂકવામાં આવ્યો છે, ત્યારથી મેં પ્રથમ મુંબઈમાં અને પછી અમદાવાદમાં વ્યવસ્થા સ્થાપવામાં મદદ કરવા સિવાય બીજું કશું કામ કર્યું નથી. અત્યારે હું આ પત્ર લખાવી રહ્યો છું ત્યારે પણ મારા આમંત્રણને માન આપીને અનેક મુલાકાતીઓ આશ્રમમાં આવી રહ્યા છે. મેં મુંબઈની સભામાં જે ભાષણ કર્યું હતું અને આજે અહીં ભરાવાની સભામાં હું જે કાંઈ બોલવાનો છું તેનું લખાણ[1] હું આપને મોકલવા ધારું છું. આ પત્ર સાથે જો હું તે નહીં મોકલી શકું તો બીજી ટપાલથી જુદા કવરમાં રવાના કરીશ.

હાલની પરિસ્થિતિ વિષે મારો શો અભિપ્રાય છે તે પણ હુ આપની સમક્ષ રજૂ કરવા માગું છું. મુસલમાનોમાં વ્યાપેલો ધૂંધવાટ એટલો બધો તીવ્ર છે કે તે કાયમ માટે રોકી નહીં શકાય.

૧. જુઓ "સત્યાગ્રહ પત્રિકા-૩", ૧૧-૪-૧૯૧૯.

Gandhi Heritage Portal

એ ગમે ત્યારે પ્રચંડ પૂરની માફક ફાટી નીકળે એવો પૂરો સંભવ છે. અને અત્યારનાં તોફાનોના મૂળમાં રહેલાં, લોકોમાં વ્યાપેલા ભારે અસંતોષનાં બીજને પારખી શકાય છે. આ અસંતોષ કેવળ ઉચ્ચ વર્ગો પૂરતો જ મર્યાદિત નથી, પણ તે છેક આમજનતા સુધી પહોંચેલો છે એ વિષે શંકા નથી. હું આપને હિંમતપૂર્વક કહીશ કે જો લીગ ઑફ નેશન્સ ઈસ્લામ સંબંધી પ્રશ્નોનો નિકાલ કેળવાયેલા મુસલમાનોના અભિપ્રાય મુજબ નહીં લાવશે તો એનાં પરિણામો અત્યંત વિનાશકારી આવશે. આને માટે અલીભાઈઓને તેમનો અભિપ્રાય જાણવા માટે આમંત્રણ આપવામાં આવે એવું મારું સૂચન છે. વધારે સારો માર્ગ તો એ છે કે અલીભાઈઓને ઇંગ્લંડની સરકારને એમની સલાહનો લાભ આપવા માટે લંડન મોકલવા. મુસલમાનોમાં તેઓ સૌથી વધુ પ્રામાણિક છે. વળી તેઓ સ્વતંત્ર મિજાજના અને સમર્થ પુરુષો છે. આખરે તો મુસલમાનોના વિરાટ જનસમુદાય ઉપર એમનો અને એમના જેવા બીજા મુસલમાનોનો અભિપ્રાય જ અસર પાડશે. હું જે જે મુસલમાન ભાઈઓને મળ્યો છું તેમને મેં બેધડક રીતે કહ્યું છે કે મનમાં અસંતોષ, વેરભાવ અને છેવટે દ્વેષને સ્થાન આપવું તેમ જ આખરે હિંસાની પદ્ધતિઓ ઉપર વિશ્વાસ રાખવો, તેના કરતાં તો સત્યાગ્રહના શાંતિભર્યા અને ઉમદા માર્ગનો આશરો લેવાનું તમારે માટે વધારે સારું છે. સત્યાગ્રહમાં મારી એટલી ઊંડી શ્રદ્ધા છે કે એક બાજુ હિંદુસ્તાનના તમામ વર્ગો અને કોમો તથા બીજી બાજુ સરકાર પણ એનો સ્વીકાર કરી લેશે એ વિષેની આશા મેં છોડી નથી. કારણ કે સત્યાગ્રહ તો મારે મન જીવનનો એક એવો કાનૂન છે જેને આપણે સૌએ થોડા કે વધુ પ્રમાણમાં, જાણીજોઈને કે અજાણતાં, અરે, ઘણી વાર તો આપણી ઇચ્છા વિરુદ્ધ પણ આચરણમાં મૂકવાનો હોય છે.

છેવટની વાત એ છે કે રૉલેટ કાયદો એવા તબક્કામાંથી પસાર થઈ ચૂક્યો છે કે હવે એના ગુણદોષની ચર્ચા કરવાનો કોઈ અર્થ નથી. મારો એવો અભિપ્રાય છે કે હિંદુસ્તાનમાં આજે જે કંઈ બની રહ્યું છે તે જોતાં આ કાયદો પાછો ખેંચી લેવાય એ જ ઇષ્ટ છે. હિંદુસ્તાનના લોકોનો અભિપ્રાય હવે સ્પષ્ટ રીતે વ્યક્ત થઈ ચૂક્યો છે. તેને માન આપી જો સરકાર એ કાયદો પાછો ખેંચી લેવાની સીધી જાહેરાત કરશે તો એથી એની પ્રતિષ્ઠામાં જરૂર વધારો થશે. મને લાગ્યું છે કે મારે આ વિચારો આપને પહોંચાડી દેવા જોઈએ. આપ એનો જે ઉપયોગ કરવો હોય તે કરી શકો છો.

તમારો સહૃદયી
મો. ક. ગાંધી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી: એસ. એન. ૬૫૩૪

Gandhi Heritage Portal

# ૨૧૦. અમદાવાદની જાહેર સભામાં ભાષણ[1]

એપ્રિલ ૧૪, ૧૯૧૯

ભાઈઓ,

આજે હું જે કહેવા માગું છું તે મુખ્યપણે ભાઈઓ પ્રત્યે જ છે. અમદાવાદમાં જે બનાવો છેલ્લા પાંચ દિવસ થયાં બનેલા છે એથી અમદાવાદને ભારે નામોશી પહોંચી છે. એ બનાવો મારે નામે બનેલા છે તેથી હું શરમાઉં છું. જે બનાવો બન્યા તેથી, મને તેમાં ભાગ લેનારાઓએ માન નથી આપ્યું પણ મારું અપમાન કર્યું છે. એમ કરવા કરતાં જો કદાચ મને ખંજર ભોંકીને મારી નાખવામાં આવ્યો હોત તો હું વધારે ખેદ નહીં પામત. હું સેંકડો વખત કહી ગયો છું કે સત્યાગ્રહમાં મારામારી કરાય નહીં, કોઈની ઉપર જોરજુલમ કરાય નહીં, કોઈના માલને નુકસાન કરાય નહીં. પણ સત્યાગ્રહ નિમિત્તે આપણે તો મકાનો બાળ્યાં, જોરજુલમથી હથિયારો લીધાં, જોરજુલમથી પૈસા લીધા, બળાત્કાર કરી ગાડીઓ બંધ કરી, તારો તોડયા, નિર્દોષ માણસોને માર્યા, દુકાનો અને મકાનો લૂંટયાં. આવાં કાર્યોથી મારાથી કેદમાંથી છુટાતું હોય, ફાંસીએથી છુટાતું હોય તોપણ હું તેવો છુટકારો પસંદ નહીં કરું. હું ખચીત કહેવા ઇચ્છું છું કે મારો છુટકારો આવી ખુનામરકીથી થયો નથી. વળી એવી પણ ઘાતકી અફવા અમદાવાદમાં ચાલી કે પૂજ્ય અનસૂયાબહેન પકડાયાં છે, તેથી લોકો વધારે ચિડાયા અને વધારે ઉત્પાત કર્યો. આમ થવાથી પૂજ્ય બહેનનું પણ અપમાન થયું છે. તેને નિમિત્તે અઘોર કર્મ થયાં છે.

આ કાર્યોથી પ્રજાને કોઈ પ્રકારનો લાભ નથી થયો. એથી નુકસાન જ થયું છે. જે મિલકતો બાળી તે આપણી જ હતી, અને આપણે જ ખરચે તે મિલકતો ફરી બંધાશે. હાલ દુકાનો બંધ રહે છે તેથી જે નુકસાન જાય છે તે પણ આપણને જ થાય છે. શહેરમાં માર્શલ લૉ ચાલી રહ્યો છે, તેથી જે ત્રાસ છટે છે તેનું કારણ પણ ખુનામરકી જ છે. માર્શલ લૉ જ્યારે જ્યારે થાય છે ત્યારે ત્યારે કેટલાક નિર્દોષ માણસોના જાન જાય છે. તેવું આ વખતે પણ થયું કહેવાય છે. એ થયું હોય તો તેનો દોષ પણ ઉપરના બનાવો ઉપર જ છે. એટલે આપણે જોઈ શકીએ છીએ કે અમદાવાદમાં બનેલા બનાવોથી કંઈ પણ લાભ નથી થયો, પણ સત્યાગ્રહને ભારે નુકસાન પહોંચ્યું છે. જો મારા પકડાયા પછી લોકોએ કેવળ શાંતિ રાખીને આંદોલન કર્યું હોત તો રૉલેટ કાયદા આજે તો ઊડી ગયા હોત અથવા ઊડવાની અણી પર હોત. હવે જો એ કાયદા રદ થતાં ઢીલ થાય તો જરાયે નવાઈની વાત ન ગણાય. શુક્રવારને દિવસે હું છૂટયો ત્યારે મેં એવો ઈરાદો રાખ્યો હતો કે હું રવિવારે તો ફરી પાછો દિલ્હીને માર્ગે જઈ પકડાવાનો પ્રયત્ન કરીશ. તેથી સત્યાગ્રહને વિશેષ બળ મળ્યું હોત. હવે તો દિલ્હી જવાને બદલે મારો સત્યાગ્રહ આપણી પોતાની સામે કરવો રહ્યો અને જેમ રૉલેટ કાયદા રદ કરવાની ખાતર સત્યાગ્રહ ચલાવીને મરણ સુધી પણ લડવાનો નિશ્ચય છે તેમ, ખુનામરકી થઈ તે સંબંધે મારે આપણી પોતાની સામે સત્યાગ્રહ કરવાનો અવસર આવ્યો છે. જો આપણે હવે પૂરેપૂરી શાંતિ ન જાળવી શકીએ, જાનમાલનું નુકસાન કરતા ન અટકીએ તો મારા શરીરને ભોગે પણ આપણી

૧. આ સભા સાબરમતી તટે આવેલા ગાંધીજીના આશ્રમમાં ભરાઈ હતી. ત્યાં આ ભાષણની ગુજરાતી નકલો હજારોની સંખ્યામાં વહેંચવામાં આવી હતી.

Gandhi Heritage Portal

પોતાની સામે મારે સત્યાગ્રહ કરવો રહ્યો. જ્યાં સુધી મને ખાતરી ન થઈ શકે કે અમદાવાદમાં ફરીથી લોકો ભૂલો નહીં કરે ત્યાં સુધી મારાથી જેલજાત્રા કેમ થઈ શકે? જેઓને સત્યાગ્રહમાં જોડાવું છે અથવા ન જોડાતાં છતાં સત્યાગ્રહને મદદ કરવી છે તેઓએ ખુનામરકી કરવાથી તદ્દન મુક્ત રહેવું જ જોઈએ. હું ફરી પકડાઉં અથવા મને ગમે તે થાય તોપણ સત્યાગ્રહને મદદ કરનારાઓથી કોઈના જાનમાલને નુકસાન ન પહોંચાડી શકાય. આ સમયે આપણા અવિશ્વાસ આવવાથી અંગ્રેજ સ્ત્રીપુરુષો પોતાના બંગલા છોડી શાહીબાગમાં જ રહે છે. આ આપણે સારુ વિચાર કરીએ તો ઘણું શરમભરેલું છે. આ સ્થિતિ જેટલી વેળાસર બંધ થઈ શકે તેટલી વેળાસર બંધ કરવી જોઈએ. આપણે અંગ્રેજોને પણ આપણા ભાઈ ગણી અભયદાન આપવું જ જોઈએ. એ વિનાનો સત્યાગ્રહ દુરાગ્રહ છે.

તમારી અને મારી આમાં બે ચોખ્ખી ફરજ રહેલી છે. તેમાંની એક ફરજ તો એ છે કે હવે પછી આપણાથી દુષ્ટ કાર્ય ન થાય એવો સંકલ્પ કરવો અને બીજી ફરજ એ છે કે જે કામ થયાં છે તેને સારુ પશ્ચાત્તાપ કરવો, પ્રાયશ્ચિત્ત કરવું. જ્યાં સુધી આપણે પશ્ચાત્તાપ ન કરીએ, આપણને આપણી ભૂલ ન જણાય અને તે ભૂલ જાહેરમાં કબૂલ ન કરીએ ત્યાં સુધી આપણી વર્તણૂકમાં સુધારો નથી કરી શકવાના. પહેલું પ્રાયશ્ચિત્ત તો એ છે કે જબરજસ્તીથી હથિયાર છીનવ્યાં છે તેઓએ બધાં હથિયાર પાછાં આપી દેવાં. જો તમને બધાને ખરેખરો પશ્ચાત્તાપ થયો હોય તો તમે બધા ઓછામાં ઓછો અડધો રૂપિયો અને વધારેમાં વધારે જે આપવું હોય તે અહીં ભરી જશો અને તેનો ઉપયોગ જેઓ આપણાં દુષ્કૃત્યોથી મરણ પામ્યા છે, તેઓનાં કુટુંબને મદદ કરવામાં થશે. તેમાં ગમે તેટલા રૂપિયા ભરીએ, તેથી કાંઈ આપણે બતાવેલા દ્વેષ કે વેરનો આપણે બદલો આપી શકતા નથી, પણ થોડુંઘણું પણ ભરવું એ આપણો પશ્ચાત્તાપ સૂચવવાની નિશાની ગણાશે. મેં પોતે આ અઘોર કાર્યમાં ભાગ નથી લીધો એવું કહી એક પણ માણસ પૈસા આપવામાંથી નીકળી નહીં જાય એવી મારી ઉમેદ છે ને પ્રાર્થના છે. કેમ કે જેણે આ કાર્યમાં ભાગ નથી લીધો તે બધા જો હિંમતપૂર્વક અને બહાદુરીથી એ બંધ કરવાને નીકળી પડત તો ખુનામરકીનું જોર ભાંગી પડત અને તોફાન કરનારને પોતાના અઘોર કાર્યનું તુરત ભાન થાત. હું તો એમ કહેવા ઇચ્છું છું કે ધાસ્તી ખાઈને આપણે પૈસા આપ્યા તે ન આપત અને મરણનો ભય છોડીને પણ આપણે મકાનોનો બચાવ કરવા લાગ્યા હોત, નિર્દોષ મનુષ્યોનો બચાવ કરવા લાગ્યા હોત તો ઘણું કરી શકત. સ્ત્રીપુરુષો બંનેમાં આવા પ્રકારની હિંમત જોવા હું ઇચ્છું છું. એવી હિંમત નહીં આવે ત્યાં સુધી દુષ્ટ માણસો પોતાની દુષ્ટતાથી આપણને હમેશાં ડરાવી દુષ્ટતામાં ભાગ લેવરાવશે. આમાં તો આપણે વીર્યહીન એટલે ધર્મહીન પણ બની જઈએ છીએ. વીરતા વિના પોતાનો ધર્મ સાચવી શકાતો જ નથી. એટલે જે પાપ થયાં છે એમાં આપણે બધાં ભાગીદાર ગણાઈએ અને તેથી બધાએ જૂજ પ્રાયશ્ચિત્ત રૂપે કાંઈક ફાળો ભરવો જોઈએ. સૌ કોમ પોતપોતાનો ફાળો ઉઘરાવીને આ એકબે દિવસની અંદર તે તે કોમના મુખીઓ મારફત અહીં મોકલાવી શકે છે. મારી સલાહ એવી પણ છે કે જો તમારાથી બરદાસ થઈ શકે તો આ મહાન પાપને સારુ ચોવીસ કલાકનો ઉપવાસ પણ રાખો. એ ઉપવાસ સહુએ પોતાનો ખાનગી રાખવાનો છે. તેને સારુ ટોળાંઓએ સ્નાનાદિ કરવાની જરૂર નથી કેમ કે હાલ તુરતમાં ટોળાબંધ માણસોએ નીકળવું ઉચિત નહીં ગણાય.

આ તો મેં સહુ ભાઈઓને સલાહ આપી. તમારે શું પ્રાયશ્ચિત્ત કરવું તે સૂચવ્યું. પણ હું, જેની ઉપર તમારા કરતાં કરોડગણી વધારે જવાબદારી છે, શું પ્રાયશ્ચિત્ત કરું? સત્યાગ્રહ

Gandhi Heritage Portal

સૂચવનારો હું તમારી વચમાં ચાર વર્ષ થયાં વસું છું. મેં અમદાવાદની સેવામાં ખસૂસ કંઈક ભાગ લીધો છે. મારા વિચારોથી અમદાવાદની પ્રજા છેક અજાણ નથી.

મેં વગર વિચાર્યે સત્યાગ્રહની લડતમાં હજારો માણસોને ઉતાર્યા એવો મારી ઉપર આરોપ છે, તે કેટલેક દરજ્જે ખરો ગણાશે. જો લડત નહીં ચાલી હોત તો આ ખુનામરકી ન થાત એમ ટીકા થઈ શકે છે. આવા દોષને સારુ હું એક પ્રાયશ્ચિત્ત, જે મારા જેવાને અસહ્ય લાગે છે તે તો કરી ચૂકયો છું. એટલે કે હાલ મારે દિલ્હી જવાનું મોકૂફ રાખવું પડયું છે, સત્યાગ્રહનું સ્વરૂપ મારે ટૂંકું કરવાની સલાહ આપવી પડી છે. આ મને જખમના કરતાં પણ વધારે દુ:ખ-દાયક લાગ્યું છે. છતાં આ પ્રાયશ્ચિત્ત બસ નથી. તેથી મેં ત્રણ દિવસનો એટલે બોંતેર કલાકનો ઉપવાસ કરવાનો નિશ્ચય કર્યો છે. આ નિશ્ચયથી કોઈને પીડા ન થાય એમ હું ઈચ્છું છું. ૨૪ કલાકનો ઉપવાસ જેટલો તમારે સારુ કઠણ છે તેના કરતાં ૭૨ કલાકનો મારે સારુ ઓછો કઠણ છે. અને મેં મારાથી સહન થઈ શકે એટલું જ પ્રાયશ્ચિત્ત વહોરી લીધું છે. હું આટલું કષ્ટ ઉઠાવીશ. એની તમને જરા પણ દયા આવતી હોય તો એ દયાનું એક જ પરિણામ હું માગી લઉં છું અને તે એ કે હવે પછી આવા અઘોર કાર્યમાં કોઈ પણ અમદાવાદી ભાગ ન લે. સત્ય માનજો કે ખુનામરકી કરીને, માણસોને ત્રાસ પમાડીને આપણે સ્વરાજ્ય નથી મેળવવાના, હિંદુસ્તાનને કશો લાભ નથી કરવાના. હું પોતે તો એવા અભિપ્રાયનો છું કે જો હિંદુસ્તાન ખુનામરકીથી સ્વરાજ્ય મેળવી શકે, જો અંગ્રેજની ઉપર દ્વેષ રાખીને, તેઓનાં ખૂન કરીને જ આપણે જે કાંઈ દુ:ખ હોય તેનું નિવારણ કરી શકીએ, તો હું પોતે તો એવી રીતે મળેલું સ્વરાજ્ય ઈચ્છતો નથી અને જે દુ:ખો હોય તે સહન કરવા ઈચ્છું છું. સત્યને નામે અમદાવાદ ખુનામરકી કરે એવી સ્થિતિમાં જીવવા હું કેમ ઈચ્છું? ગુજરાતને ગરવી ગુજરાત એવું વિશેષણ કવિએ આપ્યું છે. એ ગુજરાતની રાજધાની અમદાવાદ. ત્યાં ધાર્મિક હિંદુઓ અને મુસલમાનો વસે છે. એ રાજધાનીમાં અઘોર કર્મ થાય એ તો દરિયામાં આગ લાગવા જેવું થયું. તેને કોણ બુઝાવી શકે? એ આગમાં મારા જેવાની તો ભસ્મ થવાની જરૂર છે. એટલે તમારી સહુની પાસેથી આજીજીપૂર્વક માગી લઉં છું કે મારા ત્રણ દિવસના ઉપવાસમાંથી જે પરિણામ હું ઈચ્છું છું તે લાવશો. જે પ્રેમને લીધે તમે ભાન ભૂલી જઈને અકાર્યો કર્યાં છે, તે પ્રેમ હવે તમને જાગ્રત કરો અને જો તે પ્રેમ જાગ્રત રહે તો એવી સાવચેતી રાખજો કે મારો દેહપાત થાય એવો ઉપવાસ કરવાનો અવસર ન આવે.

મને ભાસે છે જે કાર્ય અમદાવાદમાં થયાં છે તે કાર્ય યુક્તિસર થયેલાં જોવામાં આવે છે. એટલે તેમાં કોઈ શીખેલા અને જાણનાર માણસ અથવા માણસોનો હાથ હોય એમ હું ખચીત માનું છું. તેઓ ભણેલા ભલે હોય પણ ગણેલા નથી, એમ હું હિંમતપૂર્વક કહીશ. તેમની વાતથી આપણે દોરાઈ જઈને અકાર્યો કર્યાં છે. હું સલાહ આપું છું કે હવે પછી એમ ન દોરવાશો. હું તો તેવા જે માણસો હોય તેઓને પણ વીનવીશ કે તેઓએ ફરી ફરીને વિચાર કરવો. તેઓને અને તમને બધાને આ વિષય ઉપર મારું हिंद स्वराज વાંચવાની ભલામણ કરું છું. હવે તો મને એવા ખબર મળ્યા છે કે हिंद स्वराज આપણે છાપી શકીએ છીએ અને તેમ કરવામાં કાયદાનો કશો ભંગ થતો નથી.

મિલના કાંતણખાતાના મજૂરો કેટલાક દિવસ થયાં હડતાળ પાડી રહ્યા છે. તેઓને હું સલાહ આપું છું કે તેઓએ એકદમ કામે ચડી જવું. તેઓએ કામે ચડયા પછી જે કંઈ પણ માગણી કરવી હોય તે કરવી અને ન્યાયની રીતે વધારો મેળવી શકાય તો મેળવવો. માલિકોની

Gandhi Heritage Portal

ઉપર જોરજુલમ કરીને વધારો મેળવવા માગશો તો પોતાના પગ ઉપર કુહાડો મારવા સમાન થશે. બધા મિલના મજૂરોને મારી ખાસ સલાહ છે કે તેઓએ તોફાનથી તદ્દન અળગા રહેવું એ તેઓની ફરજ છે. એમ કરવાનું તેઓએ પૂજ્ય અનસૂયાબહેનને અને મને વચન આપ્યું છે એ યાદ દેવડાવવાની હું રજા લઉં છું. મારી સહુને પ્રાર્થના છે કે સહુ પોતપોતાને ધંધે વળગી જશો.

[મૂળ ગુજરાતી]

મહાદેવભાઈની ડાયરી, પુસ્તક પાંચમું

## ૨૧૧. જી. ઈ. ચૅટફીલ્ડને પત્ર

આશ્રમ,
સાબરમતી,
એપ્રિલ ૧૫, ૧૯૧૯

વહાલા મિ. ચૅટફીલ્ડ,

તાજેતરના દુઃખદ બનાવો દરમ્યાન જે સાર્જન્ટનું ખૂન થયું હતું તેનું નામ અને સરનામું કૃપા કરીને મને મોકલી આપશો. મારી સમજ પ્રમાણે માત્ર એક જ અંગ્રેજનું મરણ થયું છે. જો એના સિવાય બીજા કોઈ અંગ્રેજો મર્યા હોય કે ઘાયલ થયા હોય, તો તે કોણ છે તે મને જણાવશો અને તેમનાં કુટુંબીજનોનાં નામ તથા સરનામાં મને મોકલી આપશો. આપ જાણો છો કે ગઈ કાલે મેં મરનાર લોકોનાં કુટુંબોને મદદ કરવા માટે ફાળો આપવા લોકોને વિનંતી કરી હતી. હું જાણું છું કે દાતાઓ આ રમખાણોમાં જે અંગ્રેજો માર્યા ગયા છે અથવા ઘાયલ થવાને કારણે કામ કરવાને અશક્ત બની ગયા છે તેમનાં કુટુંબોને આર્થિક સહાય આપવાની ઇચ્છા ધરાવે છે.

**મો. ક. ગાંધી**

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૬૫૩૫

Gandhi Heritage Portal

૩૫૫૧૬

## ૨૧૨. જે. એલ. મૅફીને પત્ર

સાબરમતી,
એપ્રિલ ૧૫, ૧૯૧૯

ગઈ કાલે મેં જણાવ્યું હતું તે પ્રમાણે આ સાથે હું મારાં મુંબઈ અને અમદાવાદનાં ભાષણોની નકલો મોકલી આપું છું. બંને લખાણો દેશી ભાષામાંથી કરેલા અનુવાદો છે. આ અનુવાદો કાં તો મેં જાતે કરેલા છે અથવા મારી દેખરેખ નીચે બીજાઓએ કરેલા છે. ગઈ કાલના મારા પત્રની એક નકલ પણ હું આ સાથે મોકલું છું. આ બધું રજિસ્ટર્ડ ટપાલથી મોકલાઈ રહ્યું છે, કેમ કે હમણાં હમણાં ઘણા પત્રો ગેરવલ્લે ગયાનું જાણવા મળ્યું છે.

[મૂળ અંગ્રેજી]

નેશનલ આર્કાઇવ્ઝ ઑફ ઇન્ડિયા : હોમ : પોલિટિકલ એ : મે ૧૯૧૯ : નં. ૪૫૫–૭૨

## ૨૧૩. સર ઇબ્રાહીમ રહીમતુલ્લાને પત્ર

આશ્રમ,
સાબરમતી,
એપ્રિલ ૧૫, ૧૯૧૯

વહાલા સર ઈબ્રાહીમ રહીમતુલ્લા,

મારા રિવાજની વિરુદ્ધ જઈને આ પત્ર હું આપને અંગ્રેજીમાં લખું છું. કારણ કે આપ આ પત્ર નામદાર ગવર્નરને વાંચવા તથા વિચાર કરવા મોકલી આપો એમ હું ઇચ્છું છું. આપ જાણતા હશો કે હું અનસૂયાબહેન સાથે રવિવારે અમદાવાદ પહોંચી ગયો હતો. ગઈ કાલે સત્યાગ્રહ આશ્રમમાં એક મોટી સભા થઈ હતી. આ આશ્રમ શહેરથી ઘણો દૂર છે છતાં સભામાં હાજરી ઘણી સારી હતી. એવો અંદાજ છે કે ૧૦થી ૧૫ હજાર માણસો હાજર હશે. અમદાવાદમાં ફરી એક વાર સંપૂર્ણ શાંતિ સ્થપાઈ ગઈ છે. અને જોકે આ વાત મારે પોતાને વિષે કહેવી પડે છે, છતાં હું એટલું તો જરૂર જણાવવા માગું છું કે આમ એકાએક સ્થપાયેલી શાંતિ સંપૂર્ણ રીતે નહીં તો મોટે ભાગે અનસૂયાબહેનની અને મારી અહીંની હાજરીથી ફેલાયેલી રાહતની લાગણીને આભારી છે. આ પત્રની સાથે હું મારાં ગુજરાતી ભાષણની નકલ તથા એનો મારી દેખરેખ નીચે તૈયાર કરેલો અંગ્રેજી અનુવાદ મોકલી આપું છું. મારી વિનંતીના જવાબમાં પૈસાનો વરસાદ વરસી રહ્યો છે અને હજારો લોકોએ ઉપવાસ કર્યો છે. મેં કલેક્ટરને પત્ર[1] લખ્યો છે, અને તેમાં તોફાનો દરમિયાન જે અંગ્રેજો માર્યા ગયા છે અથવા અપંગ બની ગયા છે તેમનાં કુટુંબીજનોનાં નામ-સરનામાં મોકલી આપવા જણાવ્યું છે. સદ્‌ભાગ્યે, મને જાણવા મળ્યું છે કે આવા કેસો ૨ કે ૩ કરતાં વધારે નથી. પરંતુ આ પત્ર લખવામાં મારો મુખ્ય હેતુ એવું સૂચવવાનો છે કે હવે બીજાં કોઈ શિક્ષાત્મક પગલાં લેવામાં નહીં આવશે, તેમ જ

૧. જુઓ "જી. ઈ. ચૅટફીલ્ડને પત્ર", ૧૫-૪-૧૯૧૯.

Gandhi Heritage Portal

આ કરુણ ઘટના અંગે કોઈ પણ કેસો કરવામાં નહીં આવશે. જો લોકોને ગિરફતાર કરવામાં આવશે અને તેમના ઉપર અદાલતી કામ ચલાવવામાં આવશે તો ફરી પાછું ધાંધલ ઊભું થશે. મારો નમ્ર અભિપ્રાય એવો છે કે તોફાન આખા ટોળાએ કરેલું હોવાથી જો કેવળ થોડી વ્યક્તિઓને પકડી તેમના ઉપર દોષનો ટોપલો ઢોળવામાં આવશે અને તેમને શિક્ષા કરવામાં આવશે, તો એ પગલું અત્યંત ડહાપણરહિત અને રાજકીય દૂરંદેશી વિનાનું ગણાશે. આજે હું સિવિલ ઈસ્પિતાલમાં ગયો હતો. ત્યાં મેં મોટા સમૂહમાં ઘવાયેલા લોકોની મુલાકાત લેવાનું દુઃખદ કર્તવ્ય બજાવ્યું હતું. ઘવાયેલાઓમાં નાનાં બાળકો પણ હતાં. મને કહેવામાં આવ્યું છે કે ઓછામાં ઓછા ૨૨ માણસો ઘાયલ થવાને લીધે મરણ પામ્યા છે. પરંતુ માર્શલ લૉ દરમિયાન મૃત્યુ પામેલા લોકોનો સાચો આંકડો તો કદાચ કદી પણ જાણી શકાશે નહીં, કેમ કે લોકોના કહેવા મુજબ કેટલાંક શબોને હકીકતમાં અમદાવાદની પોળોમાં અગ્નિદાહ દેવામાં આવ્યો હતો. હું માત્ર એટલું જ કહેવા માગું છું કે અમદાવાદને સખત શિક્ષા થઈ ચૂકી છે અને તે પૂરતી છે.

હું સરકારને મારી એ વાતમાં શ્રદ્ધા રાખવા વિનંતી કરું છું કે રમખાણ કોઈ પણ રીતે સત્યાગ્રહનું પરિણામ નહોતું. રમખાણ ઊભું થવાનાં કારણો તો સત્યાગ્રહનું આંદોલન શરૂ થયું તે પહેલાં અસ્તિત્વમાં આવ્યાં હતાં. જ્યારે હું સંપૂર્ણ શાંતિમય હેતુસર દિલ્હી જઈ રહ્યો હતો ત્યારે મને ગિરફતાર કરવામાં આવ્યો એ એનું કારણ છે. મારા આખા જાહેર જીવનના અનુભવ દરમ્યાન મને એક પણ એવો પ્રસંગ યાદ આવતો નથી જ્યારે મારી હાજરીથી તોફાની તત્ત્વો શાંત થઈ ગયાં ન હોય. મારી ધરપકડથી તમામ અસંતુષ્ટ બળોને એકઠાં થવાનું નિમિત્ત મળી ગયું અને જે લોકો મારા પ્રત્યેના અંગત સ્નેહને કારણે મારી ધરપકડ થતાં ખરા દિલથી શોક કરતા હતા તેઓ નછૂટકે આ ગેરકાયદેસરની કારવાઈઓમાં ઘસડાયા. મારે એ પણ કહેવું જોઈએ કે લગભગ દરેક જાણીતો સત્યાગ્રહી પોતાના જાનના જોખમે ટોળાના ઉન્માદભર્યા રોષને દબાવવામાં માત્ર મદદ કરતો હતો. ટોળાએ વધારે નુકસાન ન કર્યું તે મોટે ભાગે આ સત્યાગ્રહીઓના પ્રયાસને આભારી હતું, જોકે જે કાંઈ બન્યું છે તે પૂરતું ખરાબ છે. મારું છેલ્લું અનુમાન ખોટું પણ હોય, પરંતુ એટલું કહેવામાં કશી ભૂલ થતી નથી કે આ દુઃખદ ઘટના બનતી અટકાવવા માટે સત્યાગ્રહીઓએ તનતોડ પ્રયાસો કર્યા હતા. પરંતુ હજી તો અમે મુઠ્ઠીભર જ છીએ. સમય આવ્યે જ એ વાત પુરવાર થશે કે હિંદ પાસે કે જગતમાં કોઈ પાસે, લોકોને સંયમમાં રાખનારી અને કાયદો તથા વ્યવસ્થા જાળવવાને પક્ષે ઊભેલી એવી, સત્યાગ્રહ કરતાં ચડિયાતી બીજી કોઈ શક્તિ હોઈ શકે નહીં. સાચી અને માનવોચિત કાયદાપાલનની ભાવના કેવળ સવિનય કાનૂનભંગ જ પ્રેરી શકે છે. એક સત્યાગ્રહી તરીકે અત્યારે મારી ફરજ એ છે કે મારે બળતામાં ઘી હોમાય એવું કશું નહીં કરવું જોઈએ. આથી અમદાવાદમાં જે દુઃખદ ઘટના બની ગઈ છે તેનું સાચું પૃથક્કરણ જાણતો હોવા છતાં તે જાહેર કરવાથી હું દૂર રહ્યો છું. હિંદુસ્તાનમાં બીજાં સ્થળોએ જે બનાવો બન્યા છે તે વિષે તો હું મૌન જ રાખીશ. જે બીજાં કારણોનો મેં ઉલ્લેખ કર્યો છે તેમની સંખ્યા ત્રણ છે. પહેલું અને સૌથી મોટું કારણ એવું છે કે મુસલમાનોને એ વાતનો ઊંડો અસંતોષ છે કે શાંતિનો સમય આવશે ત્યારે ઈસ્લામ સંબંધી પ્રશ્નોનો નિવેડો તેમને ભય છે એ પ્રમાણેનો જ આવીને ઊભો રહેશે. આ વિષય ઉપર હું કંઈક અધિકારઃપૂર્વક બોલવાનું સાહસ કરું છું તેનું કારણ એવું છે કે મેં મુસલમાનોની લાગણીઓ શી છે તે ચોક્કસપણે જાણવા ઘણી મહેનત લીધી છે. હું લગભગ આખા હિંદુસ્તાનમાં ઊંચા અને નીચા તમામ દરજ્જાના મુસલમાનો વચ્ચે ફર્યો છું અને એક હિંદુ તરીકે એમની સ્થિતિ સમજવાનું અને

Gandhi Heritage Portal

એમનાં દુ:ખોમાં ભાગ લેવાનું મેં મારું કર્તવ્ય માન્યું છે. બીજું કારણ એ છે કે લોકોને, હું જાણું છું તેમ, અસ્પષ્ટ ભય છે કે જે સુધારા આવવાના છે તે માત્ર નામના જ હશે. અને ત્રીજું કારણ, લોકોને એ બાબતનો તીવ્ર રોષ છે કે રૉલેટ કાયદા સામે તેમણે એકે અવાજે જાહેર કરેલા વિરોધને ઠોકરે મારીને સરકારે એ કાયદો પસાર કર્યો છે.

હું કબૂલ રાખું છું કે કેટલાક બેપરવા, અજ્ઞાન અને બેજવાબદાર વક્તાઓએ ઘણી વાર અતિશયોક્તિભરી વાતો લોકો સમક્ષ કહેલી છે. પરંતુ જાહેર જીવનના મારા ૨૫ વર્ષના અનુભવ ઉપરથી હું જાણું છું કે જો લોકોના ઉશ્કેરાટ પાછળ કોઈ સંગીન ફરિયાદનું કારણ ન હોય, તો કેવળ અતિશયોક્તિભર્યાં ભાષણોને લીધે અમદાવાદમાં થયાં તેવાં રમખાણો નહીં થાય.

મને લાગ્યું કે પરિસ્થિતિની જે હકીકત મને જાણવા મળી છે તે મારે સરકારને તેની વિચારણા માટે જણાવી દેવી જોઈએ. સરકારે ગયે શુક્રવારે મુંબઈમાં બિલકુલ ગોળીબાર કર્યો નથી. એ બદલ મારા તરફથી આભાર વ્યક્ત કર્યા વિના હું આ પત્ર સમાપ્ત કરી શકતો નથી.

આપનો સહૃદયી

**મો. ક. ગાંધી**

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૬૫૩૪

# ૨૧૪. સર સ્ટૅનલી રીડને પત્ર

આશ્રમ,

એપ્રિલ ૧૫, ૧૯૧૯

વહાલા સર સ્ટૅનલી રીડ,

મારા હંમેશના રિવાજ મુજબ મારે માટે હવે એવો સમય આવી પહોંચ્યો છે કે જ્યારે મારે આપની સમક્ષ એવી વાતો રજૂ કરી દેવી જોઈએ, જે જાહેર શાંતિનું હિત જોતાં હું વર્તમાનપત્રોમાં પ્રસિદ્ધ કરવા માગતો નથી. અવિશ્વાસ, અસંતોષ અને વેરભાવથી વાતાવરણ એટલું બધું ભરેલું છે કે જે વસ્તુ જાહેરમાં કહેવાની મારે માથે ફરજ નથી અને જે કહેવાથી અજાણતાં પણ બૂરાઈનાં બળોમાં ઉમેરો થવા સંભવ છે, તેવું કશું પણ હું કહેવા માગતો નથી.

વાત નાની છે તોપણ આપના ખબરપત્રીએ કરેલી એક ભૂલ હું સુધારી શકું ખરો? એમણે કહ્યું છે કે વાસ્તવિક રીતે મને ગિરફતાર કરવામાં આવ્યો નહોતો. પરંતુ ખરેખર જે કાંઈ બન્યું હતું તે આ પ્રમાણે હતું : એક અફસર પલવલ સ્ટેશને ગાડીમાં[1] ચઢ્યો અને પોતાના હાથ વડે મને પકડીને બોલ્યો : "મિ. ગાંધી, હું આપને ગિરફતાર કરું છું." તે પછી તરત જ મને એક દેશી સિપાઈને હવાલે કરવામાં આવ્યો. હું માનું છું કે એ માણસ દેશી સિપાઈ જ હતો. મારો હાથ પકડીને એ મને ગાડીની બહાર લઈ ગયો. પલવલ સ્ટેશનના પ્લૅટફૉર્મ ઉપર જે પલંગ ઉપર હું સૂતો હતો તેની ચારે બાજુ ચાર સિપાઈઓ ઊભા હતા અને તેઓ મારી ચોકી કરતા હતા. મારા જ કહેવાથી મને વેઇટિંગ રૂમમાંથી બહાર પ્લૅટફૉર્મ પર લાવવામાં આવ્યો

૧. એપ્રિલની ૯–૧૦ તારીખની રાત્રે.

Gandhi Heritage Portal

હતો. ત્યાં ગળું સાફ કરવા માટે હું ઊઠયો અને એક ચોકીદારથી લગભગ બે ફૂટ છેટે આગળ વધ્યો, એટલે તરત જ મને એકદમ પકડીને પાછો ખેંચી લેવામાં આવ્યો હતો. રાત્રી દરમ્યાન મને બીજા વર્ગના ડબામાં મથુરા લઈ જવામાં આવ્યો હતો. મારા ખાનામાં એક ચોકીદાર પણ મૂકવામાં આવ્યો હતો. મથુરામાં અમારે બીજી ગાડી આવતાં સુધી થોભવાનું હતું. વહેલી સવારે મને ફરીથી બીજા વર્ગના ડબામાં બેસાડવામાં આવ્યો. એ ડબામાં એક ચોકીદારની દેખરેખ નીચે ત્યાંથી હું સવાઈ માધવપુર પહોંચ્યો. ત્યાં અમે મેલની રાહ જોતા બેઠા. જ્યારે એ ગાડી આવી ત્યારે લાહોરના મિ. બાઉરિંગે મારો કબજો લીધો. તેમણે મને પોતાની સાથે પહેલા વર્ગના ડબામાં બેસાડયો. પરંતુ એ ડબામાં પણ જ્યારે અમે બંને જણા આખી રાત ઊંઘતા હતા ત્યારે એક સિપાઈને ચોકી કરવા મૂકવામાં આવ્યો હતો. મારે માથે જે કાંઈ વીત્યું તે વિષે હું ફરિયાદ કરવા માગતો નથી. હું તો કેવળ ઉઘાડી હકીકતો જ રજૂ કરું છું, જેથી આપને ખાતરી થાય કે મને ખરેખર ગિરફતાર કરવામાં આવ્યો હતો. જો મને ગિરફતાર કરવામાં ન આવ્યો હોત તો મેં મુંબઈ તરફની વળતી મુસાફરી માટે ગાડીમાં બેસવાની ના પાડી દીધી હોત. મારા ઉપર પહેલો હુકમ બજાવનાર અમલદારને આ વાત મેં કહી પણ હતી. બીજી પણ કેટલીક ઘટનાઓ બની હતી, પણ તે હું છોડી દઉં છું. જે ત્રણ અધિકારીઓએ મારા ઉપર હુકમો બજાવ્યા હતા, અને જેમને મારી ગિરફતારી તથા હદપારી સાથે સંબંધ હતો, તેમણે મારા પ્રત્યે અંગત રીતે હદબહારનું સૌજન્ય દાખવ્યું હતું એનો હું જાહેરમાં એકરાર કરી ચૂકયો છું. એટલે અહીં મારે સ્પષ્ટ કરી દેવું જોઈએ કે આ પત્રમાં મેં જે કંઈ કહ્યું છે એમાં મારો ઇરાદો મારા એ કથનને બદલવાનો કે એના અર્થને હળવો કરવાનો બિલકુલ નથી.

લોકોને શાંત પાડી શકાય એટલા ખાતર હું અનસૂયાબહેન સાથે તાબડતોબ અમદાવાદ ગયો હતો. અને અત્યંત નમ્રતાપૂર્વક મારે કહેવું જોઈએ કે અમારા જવાથી જનતા ઉપર જાદુઈ અસર થઈ હતી. મેં મારી જાતને કશી પણ શરત વિના અધિકારીઓની સેવામાં સ્વાધીન કરી દીધી. આપે જોયું હશે કે સોમવારની સભામાં હું ઘણી જ સાવધાનીપૂર્વક બોલ્યો હતો. મારું એ ભાષણ આપને પ્રગટ કરવા માટે મોકલવામાં આવેલું છે. આપ તે પૂરેપૂરું વાંચી જાઓ એવી મારી વિનંતી છે. માર્શલ લૉને આધારે લશ્કરના માણસોએ જે જે કૃત્યો કર્યાં હતાં તેનું વર્ણન મેં એ ભાષણમાં જાણીજોઈને કર્યું નથી. વગર કારણે અનેક માણસો માર્યા ગયા છે એ વિષે મને કશી શંકા નથી. ઘવાયેલા લોકોને હું સિવિલ ઇસ્પિતાલમાં મળી આવ્યો છું. મેં એમનામાંના દરેક જણ સાથે વાતચીત કરી હતી. એ બધાએ મને સાચેસાચી વાતો કહી હતી. એમાંના કેટલાય લોકોએ કબૂલ કર્યું કે તેઓ મોટાં મોટાં ટોળાંમાં સામેલ થયા હતા. આ ટોળાંનો ઉદ્દેશ કશું બૂરું કરવાનો નહોતો. આ એવા માણસોનાં ટોળાં હતાં જેમને કયો કાયદો ફરમાવવામાં આવ્યો છે તેનો કશો ખ્યાલ નહોતો. કાયદો જાહેર થતાંની સાથે જ એની શરતો શી છે તેની તેમને સમજ પડી જાય એ શકચ નહોતું. મેં જ્યારે ભાષણ કર્યું ત્યારે લોકોનાં આતુર ટોળાં મારી આજુબાજુ ફરી વળ્યાં હતાં. મારા ભાષણની પચીસ હજાર નકલો છપાવીને લોકોને વહેંચવામાં આવી હતી. તેમ છતાં બધા લોકો સુધી એ ભાષણ પહોંચી શકયું નહોતું, એ હકીકત હું જાણું છું. તો પછી વિચાર કરો કે માર્શલ લૉની જે નોટિસો ગભરાયેલા લોકોને બેપરવાઈથી વહેંચવામાં આવી હતી, તે વિરાટ આમજનતા સુધી કેવી રીતે પહોંચી શકે? લોકો એમાંથી કેટલું ગ્રહણ કરી શકે? એટલે સરકારની નોટિસો નીકળ્યા છતાં લોકો એકઠા તો થયા હતા. મને કહેવામાં આવ્યું છે કે એમના ઉપર ગોળી છોડતાં પહેલાં એમને પૂરતી ચેતવણી આપવામાં આવી હતી. પરંતુ આપ કબૂલ

Gandhi Heritage Portal

કરશો કે વિખેરાઈ જવાની એ ચેતવણી બધા લોકો સમજી શક્યા નહીં હોય. ઈસ્પિતાલમાં ૧૦ કે ૧૧ વર્ષની ઉંમરનાં થોડાંક બાળકો મારા જોવામાં આવ્યાં. મેં એમને પૂછ્યું કે અલ્યા, તમે ત્યાં શું કરતા હતા? એમણે જવાબ આપ્યો કે અમે રમવા માટે બહાર નીકળ્યા હતા. એક પતિ-પત્નીને એમના ઘરમાં જ ગોળીઓ આવીને વાગી હતી, જેમાંથી પત્ની તો એના જખમોને કારણે મરણ પામી છે. પરંતુ પતિએ જે બન્યું હતું તે કહી બતાવ્યું. તે એમ નથી કહેતો કે જાણીબૂજીને એમના ઉપર બંદૂક તાકવામાં આવી હતી. તેનું કહેવું એમ હતું કે ગોળીઓ સનનન કરતી ઘરમાં ઘૂસી અને અમને વાગી. કેટલાક લોકોએ મને કહ્યું કે અમે તો એકલા જ હતા. નિયમ એવો હતો કે જો એક ઠેકાણે દસ માણસો એકઠા થાય તો તેમના ઉપર ગોળી છોડી શકાય. એક કિસ્સો તો એવો છે કે એક માણસે વધારે સાવધાનીથી વર્તીને ચોકીદારોની નજીકથી જવાની પરવાનગી માગી, જે તેને મળી ગઈ. એટલે તે પોતાના મિત્રોને સાથે લઈને ચોકીદારોની નજીકથી ચાલવા લાગ્યો. પરંતુ જેવા તેઓ થોડાં ડગલાં ચાલ્યા કે તરત ગોળીઓથી ઘાયલ થઈ ગયા. જેણે પરવાનગી માગી હતી તે ત્યાં જ મડદું થઈને ઢળી પડ્યો અને બીજાનો જખમ એટલો ગંભીર છે કે એની જિંદગી ભયમાં છે. આ ઘટનાઓ વિષે મેં જે અભિપ્રાય બાંધ્યો છે તે એ છે કે જે નિર્દયતાથી લોકોનાં ટોળાંએ મિલકતોનો નાશ કર્યો છે, સાર્જન્ટ ફ્રેઝરના કાપીને ટુકડે ટુકડા કરી નાખ્યા છે, અને બીજા અનેક અત્યાચારો કર્યા છે, તે જોતાં અમદાવાદના લોકોને આ દુ:ખદ ઘટનાઓ વિષે ફરિયાદ કરવાનો કશો અધિકાર રહેતો નથી. એવું બન્યું હોવાનો પૂરેપૂરો સંભવ છે કે અંગ્રેજ છોકરાઓ જેમને હું તેમના દેખાવ ઉપરથી છોકરાઓ કહું છું તેમને માર્શલ લૉ દરમ્યાન પિકેટો તરીકે ફરજ પર મૂકવામાં આવ્યા હતા. તેઓ તોફાનના સ્થળ પર એવું સમજીને હાજર થયા હોય કે પોતે જેના સૈનિક હતા, એવા મુંબઈથી આવેલા લશ્કરને, મારી નાખવા માટે એક દુષ્ટ કાવતરું રચવામાં આવેલું છે. અહીં હું નડિયાદ નજીક ગાડીને પાટા પરથી ઉતારી દેવામાં આવી હતી એ બનાવનો ઉલ્લેખ કરી રહ્યો છું. એટલે સંભવ છે કે આ છોકરાઓ સાચુંખોટું જોયા વગર અમદાવાદના લોકો ઉપર વેર લેવા અધીરા થઈ ગયા હોય, અને એ ગુસ્સામાં જ તેમણે અત્યંત છૂટથી રાઈફલો ચલાવી હોય. લોકોને પૂરતી શિક્ષા મળી ચૂકી છે અને હવે વધારે શિક્ષાત્મક કારવાઈઓ નહીં કરવી જોઈએ અને કોઈ પણ પ્રકારે અદાલતી મુકદ્દમા ઊભા નહીં કરવા જોઈએ એ બતાવવા હું આ ગોળીબારનું વર્ણન કરું છું.

હવે હું આ ઉત્પાતનાં કારણોની ચર્ચા કરીશ. સો કરતાં વધારે લોકો સાથે મેં જાતે વાતચીત કરી છે. તે ઉપરાંત સત્યાગ્રહ આશ્રમમાં રહેતા મારા સાથીદારો અને શહેરમાં વસતા મારા સહ-કાર્યકરોમાંથી દરેક જણ કાંઈ નહીં તો એટલા જ લોકો સાથે વાતચીત કરી ચૂક્યા છે. એ બધી વાત ઉપરથી મેં એવો સાર તારવ્યો છે કે જે અત્યાચારો થયા તેને સત્યાગ્રહ સાથે જરા પણ સંબંધ નહોતો. એટલે કે લોકોના મગજમાં કાયદાનો અનાદર કરવાની ભાવનાને ફરી ફરીને ઠસાવવાની વાતે લોકોના ઝનૂનને છૂટું મૂકી દીધું એમ જે કહેવાયું છે એ સાચું નથી. સત્યાગ્રહનું આંદોલન સાત અઠવાડિયાંથી ચાલી રહ્યું છે. આ દરમ્યાન કોઈ પણ અંગ્રેજ પ્રત્યે દ્વેષ પેદા થાય એવો એક પણ શબ્દ બોલવામાં આવ્યો નથી. અને હું નિશ્ચયપૂર્વક કહી શકું છું કે જ્યારે જ્યારે મેં લોકો સમક્ષ ભાષણ કર્યું છે ત્યારે ત્યારે શ્રોતાજનોનો ઉશ્કેરાટ શમ્યો છે અને અંગ્રેજો પ્રત્યેના તેમ જ જે હિંદી આગેવાનોની નીતિ તેમને પસંદ નથી તેમના પ્રત્યેના વલણમાં પણ સારી પેઠે પરિવર્તન થયેલું જણાયું છે. પરંતુ મારું મુખ્ય કામ તો હું જ્યાં જ્યાં જાઉં છું ત્યાં ત્યાં જે

Gandhi Heritage Portal

લોકો મને મળવા આવે છે તેમની સાથેની મારી અંગત વાતચીત મારફતે થતું હોય છે. આમાંથી હું જોઈ શકયો છું કે બ્રિટિશ રાજ્યવહીવટ સામે લોકોમાં ભારે રોષ ભરેલો છે અને એ રોષ શાસન ઉપરથી ખસીને શાસકો ઉપર ઠલવાય છે. લોકોને પ્રશ્નો પૂછી પૂછીને હું તેમના દિલની વાત જાણવા પ્રયત્ન કરું છું. તે ઉપરથી હું જોઈ શકું છું કે તેઓ પોતાની ભૂલ કબૂલ કરે છે. અને વાતચીતના એવા કેટલાયે પ્રસંગો મને યાદ આવે છે, જેમાં લોકો આવ્યા ત્યારે ગાળો ભાંડવા આવેલા, પરંતુ ગયા ત્યારે એમના હોઠ ઉપર ભલે બ્રિટિશો માટે ભલી લાગણીના શબ્દો નહોતા, પરંતુ તેમના પ્રત્યે તેમનામાં વેરભાવ પણ નહોતો. મને જણાયું કે બધી જગ્યાએ લોકોમાં માનસિક અસ્થિરતા વ્યાપેલી છે. એટલે મારે લોકોને મહામુશ્કેલીએ એ વાત ઠસાવવી પડી છે કે કાયદો અને વ્યવસ્થાને સતત ઉતારી પાડવાની આપણી ટેવ આપણે સુધારવી જોઈએ અને તેને બદલે આપણે શિસ્તપૂર્વક અને અંતરથી કાયદાનો ભંગ કરતાં શીખવું જોઈએ, જેનું પરિણામ કેવળ જાતે કષ્ટ સહન કરવામાં અને નહીં કે કાયદા ઘડનારા કે બીજા કોઈના જાનમાલનો નાશ કરવામાં આવવું જોઈએ. ટૂંકમાં બંડખોર વૃત્તિ તો લોકોમાં પહેલેથી જ મોજૂદ હતી. પરંતુ સત્યાગ્રહની ભાવના એટલે કે આત્મસંયમની ભાવનાને લોકોનાં દિલમાં ઊંડે સુધી ઊતરવા જેટલો સમય મળે તે પહેલાં જ હિંદ સરકાર મારા ઉપર આ હુકમો બજાવ્યાની અને મને ગિરફતાર કરવાની ગુનાહિત ગણાય એવી ભૂલ કરી બેઠી. વળી અસંતોષનાં પરિબળો નબળાં નહોતાં. તે આ પ્રમાણે છે: (૧) ઇસ્લામને અસર કરતા પ્રશ્નો સંબંધમાં દરેક મુસલમાનના મનમાં કડવાશ ભરેલી છે, અને દરેક મુસલમાન આ બાબતમાં ઇંગ્લંડ પ્રત્યે સંપૂર્ણ અવિશ્વાસની નજરે જુએ છે. તમામ વર્ગોના મુસલમાનો હિંદુઓ સાથે ભળેલા છે, એ વાત બહુ સૂચક છે. અને જ્યાં જ્યાં તોફાનો થયાં છે ત્યાં ત્યાં, મુસલમાનોનું મજબૂત પીઠબળ હોવાનું સ્પષ્ટ રીતે જોઈ શકાય છે. (૨) રાજકીય સુધારાઓ અંગે લોકોને આગળથી જ શંકા કરવાનું શીખવવામાં આવ્યું છે. આમજનતા હવે જડ રહી નથી. તેને હવે પરિસ્થિતિનું એકંદર જ્ઞાન થઈ ગયું છે. (૩) રૉલેટ કાયદો જોઈને જનતા ભડકી ગઈ છે, અને લોકમતને બિલકુલ ઠોકરે મારવામાં આવ્યો છે તેનાથી ભારે રોષ વ્યાપેલો છે. હું નિખાલસ ભાવે કબૂલ કરું છું કે રૉલેટ કાયદાની અસરો બાબતમાં અજ્ઞાનતાને લીધે અને કેટલાક કિસ્સાઓમાં જાણીબૂજીને ઘણી અતિશયોક્તિ કરવામાં આવી છે. પરંતુ તમે આ બધી વાતો ધ્યાનમાં લો પછી જે છાપ બાકી રહે છે તે મારા અભિપ્રાય મુજબ રૉલેટ કાયદાઓને સ્વીકારી લેવાનું અશકય બનાવી દે છે. આ કાયદાના પરિચય રૂપે લખેલી ભૂમિકામાં કરેલા સુધારાનું કશું જ મહત્ત્વ નથી એ વાત કદી આપના ધ્યાન પર આવી છે કે નહીં તેનું મને આશ્ચર્ય થાય છે. સર વિલિયમ વિન્સન્ટે ઉત્તમ રીતે કહ્યું છે તેમ આ 'કાયદાની ભાવના તો એવી છે કે અરાજકતાનો ગુનો થયો હોય માત્ર એવા કેસોમાં જ એનો અમલ થવો જોઈએ. એટલે સરવાળે પ્રશ્ન એ વાત પર આવીને ઊભો રહે છે કે અમુક કૃત્ય અરાજકતાનો ગુનો છે કે નહીં એનો નિર્ણય કોણ કરે? આમાં નિર્ણય કરનાર તો સરકારના કાર્યવાહકો જ રહેશે. અને આવી બાબતોમાં પોતાનો અભિપ્રાય બાંધવામાં વહીવટી અમલદારો તો હમેશાં અહીં જણાવ્યા મુજબની કાર્યપદ્ધતિ જ અનુસરે છે એ વાત શું સાચી નથી? છૂપી પોલીસનો એક તદ્દન નાનો અધિકારી પોતાના ઉપરી અધિકારી સમક્ષ એવો રિપોર્ટ રજૂ કરે છે કે અમુક સ્થળે અરાજકતાનો ગુનો થયેલો છે, અને એ ઉપરી અધિકારી એ રિપોર્ટ ઉપર મતું મારે છે. તે પછી છૂપી પોલીસનો વડો અધિકારી એ કેસ હાથ પર લે છે. હવે આ છૂપી પોલીસના વડાના રિપોર્ટને પડકારનાર ભાગ્યે જ કોઈ અસાધારણ હિંમતવાળો ગૃહ પ્રધાન મળી

Gandhi Heritage Portal

આવશે. આમાંથી સ્વાભાવિક રીતે જ એવું બને છે કે ગૃહપ્રધાન પેલા કહેવાતા અરાજકતાના ઉપદ્રવવાળા વિસ્તારમાં કાયદાના અમલનું જાહેરનામું કાઢવાની આજ્ઞા કરે છે. આ કાયદો મૂળમાં જ ખૂબ કડક છે એ બાબતમાં કોઈએ પ્રશ્ન ઉઠાવ્યો નથી. પરંતુ આ મુદ્દા ઉપર વધારે વિવેચન કરીને હું આ પત્ર લંબાવવા માગતો નથી. ઉપર ગણાવેલાં કારણો એવાં છે જેમાંથી હિંસાનાં ઉગ્ર કૃત્યો વહેલાં કે મોડાં જન્મ્યા વિના રહ્યાં ન હોત. આ બાબતમાં હું માત્ર એટલું જ કહી શકું છું કે સત્યાગ્રહે આવાં પગલાં ઉપર કાબૂ રાખવાનું કામ, ભલે અલ્પ પ્રમાણમાં હોય છતાં કરેલું છે. એટલી વાત સ્પષ્ટ છે કે જો મારા ઉપર પેલા હુકમો બજાવાયા ન હોત અને એને આધારે મને પકડવામાં આવ્યો ન હોત, તો અમદાવાદ અને વીરમગામમાં જે દુ:ખદ ઘટનાઓ બની તે બિલકુલ બનવા પામી ન હોત. લોકોએ મોટા પાયા પર ગુસ્સાનું પ્રદર્શન કર્યું તેનું કારણ સત્યાગ્રહની ચળવળ જોખમમાં આવી પડી હતી એ નહોતું. ખરું કારણ તો મને પકડવામાં આવ્યો તે હતું. લોકોનો મારા પ્રત્યેનો અંધપ્રેમ આવા પ્રકારનો છે.

એટલા માટે મારાં સૂચનો એવાં છે કે સરકારે સત્યાગ્રહને સુધારકના શસ્ત્રાગારના એક મૂલ્યવાન હથિયાર તરીકે માન્ય રાખવો જોઈએ. સરકારે સર્વશ્રી મહમદઅલી અને શૌકતઅલીની મદદ માગવી જોઈએ. હું જાણું છું ત્યાં સુધી આ બંને ભાઈઓ શક્તિશાળી છે, એટલા જ પ્રામાણિક તથા બહુશ્રુત છે. એમની મદદ લઈ સરકારે સમજદાર મુસલમાન જનતાને સંપૂર્ણ સંતોષ થઈ જાય એ રીતે ઇસ્લામના પ્રશ્નનો ઉકેલ લાવવો જોઈએ. રાજકીય સુધારાઓ અંગે પણ લોકોને વિશ્વાસ બેસે એવી કોઈક જાહેરાત થવી જોઈએ અને રૉલેટ કાયદો પાછો ખેંચી લેવાવો જોઈએ. જ્યાં સુધી આ પગલાં લેવામાં નહીં આવશે ત્યાં સુધી મને ભય છે કે હિંદુસ્તાનમાં શાંતિ સ્થપાશે નહીં. હિંદુસ્તાનમાં લોકલાગણી આજે બૅરોમિટર જેવી બની ગઈ છે. જેમ વાતાવરણના દબાણમાં સહેજ પણ ફેરફાર થતાં બૅરોમિટરનો પારો ચડઊતર થાય છે, તેવી જ રીતે રાજકીય ક્ષેત્રમાં સહેજ પણ ફેરફાર થતાં લોકલાગણીનો પારો ચડઊતર થયા કરે છે. જો આપ મારાં આ સૂચનો માન્ય લેખો જ તો તો હું જાણું છું કે આપ જરૂર આપની વિશિષ્ટ રીતે એ સૂચનોના અમલ માટે આપનાથી બનતું બધું કરશો. અંતમાં હું એટલું ઉમેરીશ કે આમાંનાં ઘણાંખરાં સૂચનો મેં વાઇસરૉયને પહોંચાડયાં છે અને જેમનો અમલ સ્થાનિક ક્ષેત્રમાં થઈ શકે તેમ છે તે મુંબઈના ગવર્નરને મોકલ્યાં છે.

આપનો સહૃદયી

**મો. ક. ગાંધી**

[મૂળ અંગ્રેજી]

છબી પરથી: એસ. એન. ૬૫૩૪

Gandhi Heritage Portal

# २१५. सत्याग्रह पत्रिका – ४

[એપ્રિલ ૧૬, ૧૯૧૯][1]

બહેનો અને ભાઈઓ,

જે ભાષણ મેં સોમવારે આશ્રમમાં આપની સમક્ષ કર્યું તે ભાષણમાં હું એ જ વખતે ઘણું લંબાણ નહોતો કરી શકતો. પણ થોડી પત્રિકાઓ મારફત મારા ઉદ્‌ગારો હું પ્રજાની પાસે રજૂ કરવા ઇચ્છું છું. પ્રથમ તો આપને હિસાબ આપવા ઇચ્છું છું. ગઈ કાલ સુધી મારી પાસે મેં સૂચવેલા ફાળા પેટે રૂ. ૭૭૦ આવી ચૂકયા છે. મારી વિનંતી છે કે આ ફાળા બાબતમાં જરાયે ઢીલ થવી ન જોઈએ, અને કોઈ પણ જણે અમદાવાદમાં પોતાની ફરજ ન ચૂકવી જોઈએ. આ ફાળાની ઉત્પત્તિ તો પ્રાયશ્ચિત્તના વિચારથી થઈ છે. પણ પ્રાયશ્ચિત્ત અર્થે એ ફાળો જેટલો ઇષ્ટ છે તેટલો લોકોપયોગને સારુ જરૂરી છે. ગઈ કાલે હું પૂજ્ય અનસૂયાબહેન તથા ભાઈ કૃષ્ણલાલ દેસાઈની[2] સાથે ઇસ્પિતાલમાં બધા દર્દીઓને મળી આવ્યો, બધાની સાથે વાતચીત કરી અને હું જોઉં છું કે આપણે ઘણા જખમી થયેલા માણસોનાં કુટુંબને મદદ કરવી પડશે. બાવીસ મૃત્યુ પામેલા માણસોની ખબર તો ત્યાં જ પડી. આ સિવાય બીજાં મૃત્યુ તો થયાં જ છે એટલે શહેરી તરીકે આપણી ચોખ્ખી જવાબદારી છે કે આપણે મરણ પામેલાં કુટુંબો શોધી કાઢવાં, અને તેમને બની શકે તેટલી મદદ કરવી. મને સવાલ પૂછવામાં આવ્યો છે કે આ પૈસા કોને સારુ વપરાશે. જે લોકોના માલને નુકસાન પહોંચ્યું છે તેને આપણે ન પહોંચી શકીએ એવું લાગે છે. એટલે મૃત્યુ પામેલા અને જખમી થયેલાંનાં કુટુંબને આપણે થોડીઘણી મદદ આપીશું. તેમાં બેત્રણ અંગ્રેજ ભાઈઓ છે, (હવે નક્કી થયું છે કે એક જ અંગ્રેજ છે);[3] તેઓના કુટુંબને મદદ આપવી એ આપણી પહેલી ફરજ છે, કારણ કે તેઓનું મૃત્યુ આપણે હાથે થયું છે. એમ કરવાને સારુ આપણી પાસે કશુંયે બહાનું ન હતું. એ મૃત્યુ કેવળ વેરભાવથી જ થયું છે. હવે જો આપણે પશ્ચાત્તાપ કરતા હોઈએ તો આપણી ફરજ છે કે આપણે તેઓના કુટુંબને મદદ કરીએ. એ આપણું ઓછામાં ઓછું પ્રાયશ્ચિત્ત છે. આપણા ભાઈઓ જે મરણ પામ્યા છે, તેઓમાંના ઘણાખરા કેવળ નિર્દોષ હતા, એમ હું જોઈ શકયો છું. ઘાયલ થયેલામાં મેં કેટલાક દસ-અગિયાર વર્ષના છોકરાઓ જોયા. એ બધાને મદદ કરવી એ આપણી બીજી ફરજ છે. વીરમગામથી મારી પાસે એક માણસ આવ્યો તેણે પોતાના બે ભાઈના મૃત્યુની વાત કરી. એવા બીજા પણ કદાચ આવે. જો વીરમગામ ફાળો ભરે તો આપણે તેને પણ પહોંચી વળીએ. તે જો ફાળો ન ભરે તો આપણે મદદ આપવાને અશક્ત હોઈશું એમ લાગે છે.

કેટલાક ભાઈઓની એવી માન્યતા છે કે આમ ત્રાસ છોડવીને, મિલકતો બાળીને, માણસોને રંજાડીને આપણે હક્કો લઈ શકીએ છીએ. સત્યાગ્રહમાં તો એવી માન્યતા છે કે એમ કરવાથી હક્કો મળે તેનો પણ ત્યાગ કરવો જોઈએ. એટલે હું કબૂલ કરું છું કે જે વેળા બંને પક્ષ

૧. જુઓ મહાદેવભાઈની ડાયરી, પુસ્તક પાંચમું.

૨. અમદાવાદના હાઈકોર્ટ વકીલ.

૩. કૌંસમાં આપેલું વાકય અંગ્રેજીમાંથી લીધું છે.

Gandhi Heritage Portal

પશુબળને માનનારા હોય છે ત્યારે જે વધારે બળ કરી શકે તે પોતે ધારેલું કેટલુંક મેળવી શકે છે. મારો ત્રીસ[૧] વર્ષનો અનુભવ એમ સૂચવે છે કે એ પ્રમાણે મેળવનારને અંતે કદી પણ ફાયદો થતો નથી. પણ એ વિષે ભલે બે મત હોય. આમાં તો બે મત નથી જ કે આપણે પશુબળમાં સરકાર કરતાં ઘણા ઊતરતા છીએ. તેમના હથિયારબળની આગળ આપણું પશુબળ કાંઈ જ વિસાતનું નથી. તેથી હું હિંમતપૂર્વક કહેવા ઇચ્છું છું કે જેઓ આપણને આવું બળ વાપરવાની સલાહ આપે તેઓ ભૂલ કરે છે અને તેઓની સલાહ આપણે કદી માનવી નહીં. એટલે લૌકિક દૃષ્ટિએ વિચારતાં આપણી પાસે એક જ વસ્તુ છે, અને તે સત્યાગ્રહ એટલે ધર્મબળ. ધર્મબળ માત્ર સહનશક્તિથી આવી શકે છે. બીજાને દુઃખ આપીને, પીડીને, મારીને ધર્મવૃદ્ધિ નથી થઈ શકતી. જો આપણામાં ખરેખરી ધર્મવૃત્તિ હોત તો અમદાવાદમાં બનેલા બનાવ અશક્ય થઈ પડત. તોફાની માણસો તોફાન કરે તેઓને અટકાવવા એ પણ આપણું કામ છે. અમદાવાદનાં સ્ત્રીપુરુષોમાં વીરતા આવે તો તોફાન પણ શમી જાય. તોફાનીને પશુબળથી વશ કરવા તેના કરતાં ધર્મબળથી એટલે સત્યાગ્રહથી વશ કરવા એ દેખીતી રીતે બહુ ભારે છે. અમદાવાદમાં થયેલા ઉપદ્રવથી લાભ તો નથી થયો એ આપણે જોયું. મારા છુટકારા વિષે હું કહી ગયો છું કે તેને આ ઉપદ્રવો સાથે કશોયે સંબંધ નથી. ઉપદ્રવો તા. ૧૦મીએ શરૂ થયા. મને મુંબઈમાં છૂટો કરવાનો નિશ્ચય તા. ૯મીએ થયો. એટલે એ નિશ્ચયની સાથે ઉપદ્રવોનો સંબંધ ન હોઈ શકે, અને જેઓને સત્યાગ્રહની ઉપર શ્રદ્ધા છે એ તો મને છોડાવવાને સારુ એવા ઉપદ્રવ ન જ કરી શકે. એટલે આપણે જોઈએ છીએ કે ઉપદ્રવથી કશોયે લાભ નથી થયો.

હવે તેનાં વિશેષ નુકસાન વિચારીએ. ઑફિસો બળી તે પણ આપણી હતી એમ હું સોમવારે યાદ દઈ ગયો. પણ એમાં આપણી આડકતરી માલિકી છે, અને એ ફરી બાંધવાને સારુ પણ આપણે ખાસ પૈસા નહીં આપવા પડે, એથી આપણાથી કહેવાઈ જવાય, કે એમાં તે શું? તાર ઑફિસ બંધ થવાથી આપણા વેપારને નુકસાન પહોંચ્યું છે. તેની પણ અસર કદાચ આપણા મન ઉપર ન થાય. પણ વિદ્યાર્થીઓનો મંડપ બાળી નાખ્યો તેનો શો અર્થ એ જરા જોઈએ. હું એમ સાંભળું છું કે એ કોઈ કૉન્ટ્રેક્ટરે બાંધ્યો હતો. એ મિલકત તે કૉન્ટ્રેક્ટરની હતી. તેની કિંમત આશરે ૧૮,૦૦૦ રૂપિયાની હતી. આ પૈસા કૉન્ટ્રેક્ટરને કોણ આપે? એની લાગણીનો આપણે શો ખ્યાલ કરીશું? એને પૈસા ચૂકવવાનો બાળનારાઓએ વિચાર તો ન જ કર્યો હોય. મને ખબર મળ્યા છે કે ઘણું ઘરેણું મુદ્દામાલ તરીકે કોર્ટની તિજોરીમાં હતું. તેની કિંમત કોઈ રૂ. ૫૦,૦૦૦ આંકે છે, કોઈ એથી પણ વધારે આંકે છે. તે ઘરેણાંના બધા માલિકોની આપણને ખબર નથી. તેઓ એ ઘરેણાં ખોઈ બેઠા. સરકાર તો પાછું નહીં આપે, અને આપે તોપણ આપણા પૈસાથી જ અપાય. ગરીબ નિર્દોષ માણસો, જેઓ એ ઘરેણાં ખોઈ બેઠા છે, તેઓ તો કદાચ સરકાર પાસે જશે પણ નહીં. રા. બ. બુલાખીદાસનો માલ વીણી વીણીને તેના ઘરમાંથી કાઢ્યો અને તે બાળી નાખ્યો. એ કેવો ઇન્સાફ? મને એમ કહેવામાં આવ્યું છે કે રાવ બહાદુરની કારકિર્દી સારી નથી. તેઓ લોકોને પજવે છે. એ ભલે સંભવિત હોય. પણ શું એવા અમલદારોની મિલકત આપણે બાળી નાખીએ? એમ લોકો પોતાના હાથમાં ન્યાય લઈ લે તો લોકરક્ષણ થવાને બદલે લોક કેવળ ત્રાસદાયક સ્થિતિની અંદર જ હમેશાંને સારુ રહે. જો ગમે તે માણસને કોઈ પણ અમલદારનું કાર્ય જુલમી લાગે અને તેથી તે મજકૂર અમલદારના માલને કે જાનને નુકસાન પહોંચાડવાનો હક્ક ધરાવી શકે તો એક પણ અમલદાર સહીસલામત ન રહી

૧. અંગ્રેજીમાં ચાલીસ છે.



Gandhi Heritage Portal

શકે. એવી સ્થિતિ જ્યાં વર્તતી હોય એ મુલક સુધરેલો કહેવાતો નથી, અને એ મુલકમાં સૌ લોકો ભયભીત દશામાં રહે છે. વીરમગામમાં અવલકારકુનને જીવતા બાળી નાખ્યા એ કાર્યની અઘોરતા કેટલી ગણાય? એણે શો અપરાધ કર્યો હતો? અથવા કર્યો હતો તો તેને દૂર કરાવવાને સારુ આપણી હિંમત ન ચાલી? નિરપરાધી અંગ્રેજ સાર્જન્ટ ફ્રેઝર એક હિંદીના ઘરમાં રક્ષણ લઈ રહ્યો હતો. તેમાંથી તેને બહાર કાઢી તેના ટુકડા કર્યા, તેમાંથી હિંદને કયો ફાયદો મળી શકે? આટલું પરિણામ તો આવી ચૂક્યું કે અંગ્રેજ અને આપણી વચ્ચે વેરભાવ વધ્યો, નિર્દોષ માણસોના જાન આપણે ખોઈ બેઠા. તોફાની માણસોનો સંગ કરી, તેઓની કુમક મેળવી, હક્કો મેળવવાનો પ્રયત્ન કરવો તેમાંથી એક જ પરિણામ આવે: તે પ્રયત્ન સફળ થાય તો જે હક્ક મળે તે હક્ક આપણે તોફાની માણસની શરતે જ રાખી શકીએ. એ પ્રમાણે મળેલા હક્ક એ હક્ક નથી પણ આપણી ગુલામીની નિશાની છે. અમદાવાદમાં અને વીરમગામમાં જે થયું છે તે આપણી બહાદુરીની નિશાની નથી. તેમાંથી આપણી મરદાનગી કોઈ પણ પ્રકારે સાબિત થઈ શકતી નથી. તેથી તો આપણે કેવળ શરમમાં પડયા છીએ. પ્રજાના કાર્યને ધોકો પહોંચ્યો છે. સત્યાગ્રહને સંકોચાવું પડયું છે. આ તાદૃશ ચિતાર આપવામાં મારો એ જ હેતુ છે કે હજારો માણસો જેઓ આવી ખુનામરકી કદી પસંદ નથી કરતા તેઓ લાચાર થઈ, દીન બની, બેસી રહ્યા અને તેઓ આ ઉપદ્રવને સાંખી રહ્યા, એ સૂચવે છે કે આપણામાં આ સમયે ધર્મ અને સત્યનું ખરેખરું બળ નથી રહ્યું, અને તેથી જ મેં કહ્યું છે કે સત્યાગ્રહ સિવાય હિંદનો કદી પણ છુટકારો થવાનો નથી. આ સત્યાગ્રહ શું છે તે બીજી પત્રિકાઓમાં યથાશક્તિ બતાવવાનો પ્રયત્ન કરીશ. હું પ્રત્યેક ભાઈ અને બહેનની પાસેથી માગી લઉં છું કે તેઓ એ પત્રિકાઓ ખૂબ ધ્યાનપૂર્વક વાંચશે, સમજશે, વખતોવખત વિચારશે અને તેમાં આપેલી સૂચનાઓ અમલમાં મૂકશે.

મો. ક. ગાંધી

[મૂળ ગુજરાતી]

મહાદેવભાઈની ડાયરી, પુસ્તક પાંચમું

## ૨૧૬. જી. ઈ. ચૅટફીલ્ડને પત્ર

આશ્રમ,
એપ્રિલ ૧૬, ૧૯૧૯

વહાલા મિ. ચૅટફીલ્ડ,

આપના પત્ર બદલ આભાર. એના છેલ્લા પૅરેગ્રાફમાં[1] આપ જે કહો છો તેનું મહત્ત્વ હું માન્ય રાખું છું અને આપની ઇચ્છાનો અમલ કરીશ.

મો. ક. ગાંધી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી: એસ. એન. ૬૫૪૨

૧. તા. ૧૬–૪–૧૯૧૯ના આ પત્રના છેલ્લા પૅરેગ્રાફમાં આ પ્રમાણે લખ્યું હતું: "આપના બીજા પત્ર ઉપરથી મને માલૂમ પડયું છે કે જો કોઈને કશી પણ ફરિયાદ કરવી હોય તો તેઓ મને સીધા મળે એવી સૂચના આપ તેમને આપશો? હું એટલો કામમાં છું કે સીધી ફરિયાદો સિવાય બીજી કોઈ ફરિયાદો ઉપર ધ્યાન આપવા મારી પાસે સમય નથી. એ સીધી ફરિયાદો પણ લોકો જાતે કરી શકતા હોય એવા કેસોમાં જ ધ્યાન પર લેવાય છે."

Gandhi Heritage Portal

## ૨૧૭. જી. ઈ. ચૅટફીલ્ડને પત્ર

આશ્રમ,
સાબરમતી,
એપ્રિલ ૧૬, ૧૯૧૯

વહાલા મિ. ચૅટફીલ્ડ,

મને ખબર મળ્યા છે કે શાહપુરમાં કેટલાક એવા બદમાશો છે જેમણે તાજેતરની દુ:ખદ ઘટનાઓ દરમ્યાન લૂંટફાટ કરી છે. તેઓ અત્યારે પણ ત્યાં આજુબાજુ રહેતા શાંતિપ્રિય રહેવાસીઓને હેરાન કરી રહ્યા છે. આ બદમાશો લૂંટફાટ ન કરે તે માટે લોકોને રાત્રે જાગતા રહેવું પડે છે. તો ત્યાં થોડી પોલીસ મૂકવાની વ્યવસ્થા થઈ શકશે ખરી?

મિ. પ્રૅટને[1] જો હું બરાબર સમજ્યો હોઉં તો, સરકાર મારી સેવાઓની માગણી કરતી નથી, તેમ હું વગર માગ્યે સેવાઓ આપું તે પણ એને જોઈતી નથી. તેમ છતાં, મિ. પ્રૅટને મેં કહ્યું છે તેમ, મારી સમજ પ્રમાણે મારાથી રાજ્યની જે કંઈ સેવા થઈ શકે તે મારે કરતા રહેવું જોઈએ. સભામાં મેં રજૂ કરેલા વિચારોનો લોકોમાં વધારે પ્રચાર થાય એ હેતુથી મેં એ ભાષણ સ્ત્રીપુરુષોનાં નાનાં નાનાં મંડળો સમક્ષ પોળોમાં વંચાય એવો પ્રબંધ કર્યો છે અને જો લોકોને એ વિષે કંઈ ટીકા કરવી હોય તો કરે એવી સૂચના આપી છે.

આપનો સહૃદયી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી: એસ. એન. ૬૫૪૩

## ૨૧૮. એફ. જી. પ્રૅટને પત્ર

આશ્રમ,
સાબરમતી,
એપ્રિલ ૧૬, ૧૯૧૯

વહાલા મિ. પ્રૅટ,

હું પત્ર બદલ આપનો આભાર માનું છું. અત્યાર પૂરતો મારો કાર્યક્રમ એવો છે કે હું આવતી કાલે અમદાવાદથી મુંબઈ જવા નીકળીશ. મુંબઈમાં આવતી તારીખ ૧૯, ૨૦ અને ૨૧મીએ હિંદી સાહિત્ય સંમેલનનું અધિવેશન ભરાવાનું છે તેમાં મારે હાજર રહેવાનું છે. ત્યાંથી હું ૨૨મી તારીખે પાછો ફરવા ધારું છું. કદાચ મોડું થશે તો ૨૩મીએ આવીશ. જો ૨૩મીએ આવવાનું થશે તો બેએક કલાક માટે નડિયાદમાં રોકાવાનો મારો વિચાર છે. પાછો આવ્યા પછી હું અમદાવાદમાં મારું સંગઠન કાર્ય ચાલુ રાખવા માગું છું. એ કઈ પદ્ધતિએ હશે તે વિષે મેં મિ. ચૅટફીલ્ડને જણાવી દીધું છે. લડાઈમાં જેને "આક્રમણ" કહી શકાય તેનો આરંભ કરતાં પહેલાં હું એટલું જોવા ઉત્સુક છું કે લોકો સત્યાગ્રહના તદ્દન શાંતિમય સ્વરૂપથી પૂરેપૂરા

૧. એફ. જી. પ્રૅટ, મુંબઈ ઇલાકાના ઉત્તર વિભાગના કમિશનર.

Gandhi Heritage Portal

માહિતગાર થઈ જાય. જો મારા કાર્યક્રમ અંગે કંઈ કહેવાની આપની ઇચ્છા હોય, તો હું જરૂર એવી આશા રાખીશ કે આપ જરૂર પડે તો આપની ઇચ્છા મને ગુપ્ત રીતે પણ જણાવવામાં સંકોચ નહીં રાખશો. અને એ કહેવાની ભાગ્યે જ જરૂર હોય કે હું આપની ઇચ્છાનો અમલ કરવા મારાથી બનતો પ્રયત્ન કરીશ. સરકાર મારો સહકાર લેવા ન ઇચ્છતી હોય તો ભલે. તેમ છતાં એક સત્યાગ્રહી તરીકે મારી એ ફરજ છે કે મારે સરકારને મદદરૂપ થાય એવાં કામો કરવાં અને એ રીતે ફરીથી વ્યવસ્થા ઊભી કરવામાં તથા લોકોના દિલમાંથી હિંસા માટેની વાસના દૂર કરવામાં મદદ કરવી.

આપનો સહૃદયી
**મો. ક. ગાંધી**

[મૂળ અંગ્રેજી]
છબી પરથી: એસ. એન. ૬૫૪૦

## ૨૧૯. सत्याग्रह पत्रिका – ५

[એપ્રિલ ૧૭, ૧૯૧૯]

### મહાત્મા ગાંધીનાં લખાણોની વિશેષતાઓ

"મહાત્મા ગાંધીનો સત્યાગ્રહ" એ નામનું અને "મહાત્મા ગાંધીના ઉદ્‌ગારો" એ નામનું એમ બે કાવ્યો બહાર પડયાં છે. તેમાં સહી લાભશંકર હરજીવનદાસ દીહોરકરના નામની છે. એ કાવ્યોમાં જે વિચારો બતાવ્યા છે, એ મારા ઉદ્‌ગારો નથી. તેમાં કેટલાંક વચનો બહુ ઝેરી છે, વેર વધારનારાં છે, અને ખોટી ઉશ્કેરણી કરનારાં છે; તેથી સત્યાગ્રહનાં વિરોધી છે. એટલે મારી વિનંતી છે કે કોઈ પણ ભાઈ અથવા બહેન મારી સહી વિનાનું કાંઈ પણ લખાણ મારું છે એમ ન માનશો. આ સમય એવો બારીક છે કે હરેક સ્ત્રીપુરુષે ઘણી સાવધાનતાથી રહેવાની જરૂર છે. કોઈથી પણ દોરવાઈ જવાનું નથી. વિશેષ ચેતવણી ખાતર નીચેના વિચારો તરફ ભાઈઓનું અને બહેનોનું ધ્યાન ખેંચું છું.[1]

મારાં લખાણમાં ઝેર નહીં હોય, ક્રોધ નહીં હોય, કેમ કે મારી ખાસ ધાર્મિક માન્યતા છે કે આપણે રાજા પ્રત્યે કે કોઈની પ્રત્યે ઝેર વધારવાથી આપણો ખરો અર્થ સાધી શકતા નથી. મારાં લખાણમાં અસત્યને અવકાશ હોય જ નહીં, કેમ કે સત્ય સિવાય બીજો કોઈ ધર્મ છે જ નહીં એવી મારી અચલિત શ્રદ્ધા છે. અને અસત્ય વડે આર્થિક કે બીજા કોઈ પણ લાભ મળી શકતા હોય તો તેનો ત્યાગ કરવાની શક્તિ મારામાં છે એમ હું માનું છું. મારાં લખાણમાં કોઈ પણ વ્યક્તિનો તિરસ્કાર ન હોઈ શકે, કેમ કે આ પૃથ્વી પ્રેમ ઉપર નભી રહેલી છે એવી મારી માન્યતા છે. જ્યાં પ્રેમ છે ત્યાં જ જીવન છે. પ્રેમ વિનાનું જીવન મૃત્યુ સમાન છે. પ્રેમ તે એક જ સિક્કાની બીજી બાજુ છે, જેની પહેલી બાજુ સત્ય છે. સત્યથી અને પ્રેમથી આખું જગત જીતી શકાય છે એવો મારો દૃઢ વિશ્વાસ છે અને એવો મારો ચાલીસ વરસનો અનુભવ છે. હું એમ માનું છું કે રાજકર્તાની ભૂલોને પણ આપણે સત્ય અને પ્રેમ વડે દૂર કરી

૧. આ વાકચ અંગ્રેજીમાં નથી.

Gandhi Heritage Portal

શકીએ છીએ. એટલે મારાં લખાણમાં ખુનામરકી કરવાની કે કોઈની માલમિલકતને બાળી નાખવાની પસંદગી હોય જ નહીં. બધાં લખાણો મારે નામે લખાતાં હોય એ હું વાંચી શકતો નથી, એટલે ઉપર આપેલી કસોટીથી મારે નામે પ્રચલિત થતા વિચારોને કસી જોવા સહુ ભાઈઓને મારી વિનંતી છે. જેમાં અપ્રેમ, અસત્ય, વેરભાવ, દ્વેષ, ખુનામરકી ઇત્યાદિનું સૂચન પણ હોય એવાં લખાણોનો સર્વે ભાઈઓ ત્યાગ કરો એવું હું ઇચ્છું છું અને એવી મારી પ્રાર્થના છે. ભાઈ લાભશંકર હરજીવન દીહોરકરને હું ઓળખતો નથી, પણ તે આ પત્રિકા જુએ તો તેમને પણ મારી સલાહ છે કે જે માણસને વિષે અમુક ઉદ્‌ગારોનું તે આરોપણ કરે તે પહેલાં તે માણસને તે ઉદ્‌ગારો બતાવે અને એનો અભિપ્રાય મેળવે એ જરૂરનું છે. આ વિવેકની અને મર્યાદાની પ્રથમ શ્રેણી છે.

મો. ક. ગાંધી

[મૂળ ગુજરાતી]

મહાદેવભાઈની ડાયરી, પુસ્તક પાંચમું

## ૨૨૦. સ્વામી શ્રદ્ધાનંદને પત્ર

આશ્રમ,
સાબરમતી,
એપ્રિલ ૧૭, ૧૯૧૯

પ્રિય શ્રદ્ધાનંદજી,

આ પત્ર હું અંગ્રેજીમાં લખું છું તેનું કારણ એ છે કે શ્રી શ્વેબ ઇચ્છે છે કે જે લોકો સમક્ષ એ વંચાવાનો છે તેમને ખાતર મારે અંગ્રેજીમાં લખવું જોઈએ. જે પ્રશ્નોના[1] ઉત્તર મારી પાસેથી માગવામાં આવ્યા છે તે તો આપની પાસે હશે જ. એટલે આ પત્રમાં માત્ર એમની ક્રમ સંખ્યાનો જ ઉલ્લેખ કરીશ.

પ્રશ્ન નં. ૧નો મારો જવાબ આ પ્રમાણે છે: બિનસત્યાગ્રહીઓ જો સત્યાગ્રહ અંગેના દેખાવોમાં સામેલ થાય તો તેમણે એ પ્રસંગ પૂરતા સત્યાગ્રહના નિયમોનું પાલન અવશ્ય કરવું જોઈએ. એટલે ગમે તેટલી ઉશ્કેરણી કરવામાં આવે તોપણ તેઓ બદલો નહીં લેવા બંધાયેલા છે. જે પ્રસંગમાં બિનસત્યાગ્રહી લોકો ભાગ લેતા હોય, તેમાં બિનસત્યાગ્રહીઓ અને સત્યાગ્રહીઓ વચ્ચે કશો ભેદ રાખી નહીં શકાય. બિનસત્યાગ્રહીઓ કોઈ પણ ખાસ પ્રસંગમાં ત્યારે જ ભાગ લઈ શકે, જ્યારે તેઓ વચન આપે કે આપણે જેમાં તેમનો સહકાર માગીએ છીએ તે ખાસ પ્રસંગ પૂરતા તો તેઓ આપણા સિદ્ધાંતથી બંધાશે. એટલે મારો અભિપ્રાય એવો છે કે જ્યારે બિનસત્યાગ્રહીઓ આપણી સાથે કામ કરતા હોય ત્યારે આપણે આપણાં કૃત્યો માટે જેટલા જવાબદાર છીએ, તેટલા જ તેમનાં કૃત્યો માટે પણ જવાબદાર છીએ. હું માનું છું કે આપ એ વાત સહેલાઈથી સમજી શકશો કે આ સમજને અભાવે, દુરાગ્રહ સત્યાગ્રહને સહેલાઈથી ગૂંગળાવી દઈ શકે. તમે દારૂ અને દેવતાને ભેગાં કરીને ધડાકો ન થાય એવી આશા નહીં રાખી શકો.

૧. આ પ્રશ્નો સત્યાગ્રહ પત્રિકા – ૩ ઉપરથી યોજેલા છે. જુઓ પરિશિષ્ટ ૩.

Gandhi Heritage Portal

પ્રશ્ન નંબર ૨જાનો મારો જવાબ શો હોઈ શકે તે ખરું જોતાં મારા ઉપલા જવાબ પરથી કલ્પી શકાય એવું છે. હું તો માનું છું કે આપણે કાયદાના સામાન્ય નિયમોનું વધારે કડક રીતે પાલન કરવું જોઈએ, કેમ કે આપણે સત્યાગ્રહીઓ છીએ. કોઈ વ્યક્તિના આચરણ ઉપરથી અમુક પરિણામો આવ્યાં છે એમ વાજબી રીતે સાબિત થઈ શકતું હોય, તો એમ માની શકાય કે એ પરિણામો લાવવાનો ઇરાદો તેણે રાખ્યો હોવો જોઈએ. મને લાગે છે કે કોઈએ નહીં તો મારે તો કેટલાંક પરિણામોની પહેલેથી કલ્પના કરી લેવી જોઈતી હતી. ખાસ તો એટલા માટે કે જે મિત્રોની સલાહ હું હંમેશાં માગું છું અને મહત્ત્વની ગણું છું, તેમણે મને ઘણી ગંભીર ચેતવણીઓ આપી જ હતી. પરંતુ હું કબૂલ કરું છું કે હું જડ બુદ્ધિનો છું. આ હું મશ્કરીમાં નથી કહેતો. કેટલાયે મિત્રોએ મને કહ્યું છે કે હું બીજા લોકોના અનુભવ ઉપરથી કશો પાઠ શીખી શકતો નથી. બધી બાબતોમાં મારે જાતે અગ્નિપરીક્ષામાંથી પસાર થવું એવો મારો આગ્રહ હોય છે. આમ કડવો અનુભવ થયા પછી જ હું ધડો લઉં છું. આ આક્ષેપોમાં અતિશયોક્તિ છે, પરંતુ એમાં સત્યનો અંશ પણ છે. મારી આ જડતા મારી નિર્બળતા પણ છે અને મારો ગુણ પણ છે. જો મેં મારામાં આવા હઠીલા પ્રતિકારનો ગુણ ન કેળવ્યો હોત તો હું સત્યાગ્રહી ન રહી શક્યો હોત. અને પ્રતિકાર કરવાનો આવો ગુણ તર્કથી નથી આવતો, માત્ર અનુભવ પછી જ આવે છે. સત્યની પાછળ મંડવું એ હમેશાં ખતરનાક ધંધો છે, અને ખાસ કરીને અમારી માફક અસત્ય અને તેની પાછળ આવતી તમામ નબળાઈઓથી ભરેલા વાતાવરણમાં કામ કરવાનું હોય ત્યારે તો ખાસ કરીને એવું છે. હવે આપને સમજાયું હશે કે દિલ્હી અને મુંબઈની આપણી દૃષ્ટિએ બહુ ગંભીર ન ગણાય તેવી ઘટનાઓ માટે, તેમ જ અમદાવાદ અને વીરમગામની આપણી દૃષ્ટિએ ભારે ગંભીર અને શરમજનક લાગે તેવી ઘટનાઓ માટે, આપણે પોતે જવાબદાર છીએ એમ હું શા માટે માનું છું. દિલ્હીની બહાર પંજાબમાં જે ઈ બન્યું તેને માટે હું આપણી જાતને તમામ દોષથી મુક્ત ગણું છું. જો ડૉ. સત્યપાલ અને ડૉ. કિચલુને કોઈ બીજા પ્રસંગે પકડવામાં આવ્યા હોત તો સત્યાગ્રહ વિના પણ એ બનાવો બન્યા હોત. તેમ છતાં હું એટલું તો કહીશ કે પંજાબના બનાવો ભવિષ્યમાં આપણે કેવી રીતે કામ લેવું તે વિષે માર્ગદર્શન કરે છે.

પ્રશ્ન નંબર ૩જાનો મારો જવાબ પણ નંબર ૧ના જવાબમાં આવી જાય છે. મારા જવાબો ખરું જોતાં આંદોલનમાં જ આવી જાય છે. સત્યાગ્રહ એટલે મેં જે કાંઈ કહ્યું છે તે બધું જ, એનાથી સહેજ પણ ઓછું નહીં. મેં ગણાવેલી શરતો સંતોષાયા વિના સફળતાની ખાતરી આપવાનું અશક્ય છે.

પ્રશ્ન નંબર ૪નો જવાબ આ પ્રમાણે છે : મારા ભાષણનું પૂરેપૂરું લખાણ આપને મળ્યું છે? સત્યાગ્રહનું આંદોલન બંધ કરવાના સંભવ બાબતમાં હું જે કંઈ બોલ્યો છું તેનો શો અર્થ થાય તે મારા એ ભાષણ ઉપરથી આપને સમજાશે. આંદોલનને આપ જે અર્થમાં સમજ્યા છો તે અર્થમાં તેને કદી છોડી દઈ શકાય નહીં. પરંતુ આપણા સત્યાગ્રહને એણે અમદાવાદમાં ક્યારનોયે લઈ લીધો છે એવો વળાંક કદાચ લેવો પડે તો પ્રચલિત ભાષામાં એનો અર્થ છોડી દેવા બરાબર થશે. પરંતુ આપણે નૈતિક કે રાજકીય આત્મઘાતના અપરાધી તો કદી નહીં જ ઠરીશું, કારણ કે અહીં અમે આપની સલાહ મુજબ કરવાની શરૂઆત ક્યારનીયે કરી દીધી છે. સત્યાગ્રહ સમિતિએ પસંદ કરેલા બધા કાયદાઓનો ભંગ કરવાનું અમે હજી સુધી

Gandhi Heritage Portal

મુલતવી સુધ્ધાં રાખ્યું નથી, પરંતુ દિલ્હીમાં પ્રવેશ કરવાનો પ્રયત્ન કરીને ફરીથી ધરપકડ વહોરી લેવાનું મેં જરૂર મુલતવી રાખ્યું છે. અત્યારે અમે મુંબઈ અને અમદાવાદ એમ બંને સ્થળોએ, અલબત્ત જાહેર રીતે, અત્યંત સક્રિય સ્વરૂપમાં સત્યાગ્રહનું શિક્ષણ આપી રહ્યા છીએ; અને કાર્યકર્તાઓ એવી આશા રાખે છે કે થોડા જ વખતમાં તેઓ આમજનતાને શિસ્તબદ્ધ નિયંત્રણમાં રાખતાં શીખી જશે. મેં આજે જે કંઈ સાંભળ્યું છે તે ઉપરથી એવું લાગે છે કે કદાચ એક ડગલું આગળ જઈને, જ્યાં સુધી આપણાથી કામ થઈ શકે તેવું વાતાવરણ જામ્યાની ખાતરી ન થાય ત્યાં સુધી, બધા કાયદાઓનો ભંગ કરવાનું બંધ કરી દેવાનું જરૂરી બને. મુંબઈ પહોંચતાં જ આ બાબતમાં એક નિવેદન પ્રસિદ્ધ કરવાની હું આશા રાખું છું. એ આવતી કાલે (શુક્રવારે) થશે. મુંબઈથી એક ગંભીર સમાચાર મળ્યા છે. શ્રી જમનાદાસ એમના પત્રમાં લખે છે કે મુસલમાન ભાઈઓની જે એક સભામાં હું ભાષણ કરવાનો હતો, પણ મારે ઓચિંતું અમદાવાદ જવાનું થવાથી જેમાં હું ભાષણ કરી શક્યો નહોતો, તે સભામાં એમને જાણવા મળ્યું કે મુસલમાન મિત્રો સત્યાગ્રહને માત્ર કમજોર લોકોનું હથિયાર માને છે. તેઓ કહેતા હતા કે અમને તક મળતાં જ અમે હિંસા કરવાનું ચૂકીશું નહીં. મને લાગે છે કે આ વલણ ખતરનાક છે. સત્યાગ્રહની નહીં પરંતુ રાજનીતિની દૃષ્ટિથી કહેતાં પણ મને લાગે છે કે ઇસ્લામ જે વસ્તુ માટે હકદાર છે તે વસ્તુ પાછી મેળવી આપવામાં કોઈ પણ હિંસક આંદોલન અહીં સફળ થાય એવો સંભવ નથી, જ્યારે સાચો સત્યાગ્રહ જો આમજનતામાં ફેલાય તો તે આ કામ એક દિવસમાં સિદ્ધ કરી શકે તેમ છે. આવી મારી અડગ શ્રદ્ધા છે.

નંબર ૫ : હું માનું છું કે ઉપર લખેલા પૅરેગ્રાફોમાં આ પ્રશ્નનો જવાબ જુદે જુદે સ્વરૂપે આવી ગયો છે.

ગઈ કાલે આપને એક પત્ર રવાના કર્યો છે. એમાં આપના ગઈ કાલના પત્રમાંના બધા મુદ્દાઓના સંપૂર્ણ જવાબો આપવામાં આવ્યા છે. એ પત્રમાં મેં આપેલી સલાહનો સાર હું અહીં ફરીથી આપું છું. એ સલાહ આ પ્રમાણે છે: જ્યાં સુધી આપની સમિતિને એમ ન લાગે કે હવે સત્યાગ્રહ શરૂ કરવાનો સમય આવી લાગ્યો છે ત્યાં સુધી સત્યાગ્રહ મોકૂફ રાખો. દરમ્યાન લોકોની વચ્ચે રહી સતત કામ કરતા રહો અને તમામ પ્રકારે તેમની સેવા કરી તેમના દિલમાં સત્યાગ્રહમાં શ્રદ્ધા પ્રેરો.

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૬૫૪૬

Gandhi Heritage Portal

# ૨૨૧. મુંબઈમાં હિંદી પરિષદની પૂર્વતૈયારી રૂપે ભરાયેલી સભામાં ભાષણ[1]

[એપ્રિલ ૧૮, ૧૯૧૯ પહેલાં]

આજે જે કાર્ય માટે આપણે મળ્યા છીએ તે માટે મારે હિંદી ભાષામાં બોલવું જોઈએ. અત્યારે હું જાણીજોઈને એ ભાષાનો ત્યાગ કરું છું, કારણ કે મારે એ ભાષાનું રહસ્ય તમને સમજાવવું છે, માટે હું તમને ગુજરાતીમાં સમજાવીશ. ગુજરાતી ભાષામાં તે કારણો સમજાવવાની મારી શક્તિ વિશેષ છે એમ હું માનું છું. અત્યારે હિંદુસ્તાનમાં સત્યાગ્રહમાં હિંદી ભાષાનો સમાવેશ થાય છે. સત્યનો આગ્રહ કરવાનું સત્યાગ્રહમાં મુખ્ય છે, અને સત્યનો વિચાર કરતાં આપણે બેસીશું તો આપણે એ કબૂલ કરવું પડશે કે એ વિચાર કરતાં રાષ્ટ્રીય ભાષા તરીકે હિંદીમાં જ બોલવું પડશે. એવી એક પણ બીજી દેશી ભાષા નથી કે જે હિંદી સાથે હરીફાઈ કરી શકે.

હિંદી ભાષા શું, તેનો આપણે બે ઘડી વિચાર કરવો પડશે. હિંદી એટલે જેમાં સંસ્કૃતના શબ્દો આવે એ છે એમ હું માનતો નથી. એ કૃત્રિમ ભાષા છે, તેમ ઉર્દૂ જેમાં ફારસી શબ્દો આવે છે તે પણ હિંદી નથી. આપણે જે ભાષા રાષ્ટ્રીય તરીકે બોલવા ઇચ્છીએ છીએ તે હિંદી અને ઉર્દૂનું સંમેલન છે. એ ભાષા અત્યારે બિહાર અને દિલ્હી તથા પંજાબમાં ઘણીખરી બોલાય છે. જ્યારે હિંદુઓ અને મુસલમાન બે એક નથી એવો ભાવ પેદા થવા માંડયો અને જ્યારે બંને વચ્ચે દ્વેષ ઉત્પન્ન થવા માંડયો ત્યારે બે ભાષા વચ્ચે રસાકસી ચાલી. કેટલાકે જેમાં સંસ્કૃત શબ્દો હોય તેને જ હિંદી ભાષા કહી અને મુસલમાનોએ ફારસી અને ઍરેબિક ભાષાના શબ્દો-વાળી ભાષાને ઉર્દૂ કહી. પણ સામાન્ય હિંદુ અને મુસલમાન બોલે છે તે એવી ભાષા નથી. આપણે ગમે તે ઠેકાણે જઈએ અને હિંદુમુસલમાનોને બોલતાં સાંભળીએ તો તેમાં સંસ્કૃત, ફારસી અને ઍરેબિક શબ્દો જોવામાં આવે છે અને તેઓ હિંદુ કે મુસલમાન હોય, પણ તેઓ કોઈ પણ ભાષાનો ત્યાગ કરતા નથી. આપણે આવી મિશ્રિત ભાષાનો સ્વીકાર કરીશું ત્યારે આપણા હિંદુઓ અને મુસલમાનોનાં હૃદય સ્વચ્છ થયાં હશે. આવી જે ભાષા હું કહું છું તે ઉત્તર કે દક્ષિણ હિંદના કોઈ પણ ભાગમાં મુસલમાન ભાઈઓ દરેક સમજી શકે છે. જોકે તેઓને તેમના પ્રાંતની ભાષા આવડે છે. નકશા ઉપર ફરી નજર નાખતાં મદ્રાસનો થોડો ભાગ બાદ કરતાં હિંદના બાકીના ભાગોના હિંદુઓ પણ તે ભાષા સમજે છે, અને વળી તેમાં પણ વિભાગ પાડવા બેસીશું તો મહારાષ્ટ્ર, ગુજરાત, બંગાળ અને સિંધ સિવાય બીજા પ્રાંતમાં એ ભાષા બોલાય છે. ગુજરાત વગેરે પ્રાંતો સુધ્ધાંમાં પણ મોલવી અને હિંદુ ધર્મગુરુઓએ બંને ભાષાનો પ્રચાર કર્યો છે. તુલસીકૃત રામાયણથી ભાગ્યે જ કોઈ અજાણ્યું હશે. હિંદી કહો કે ઉર્દૂ, બંનેનું વ્યાકરણ એક જ છે. કોઈ પણ ભાષા હિંદમાં રાષ્ટ્રીય થઈ શકે તો તે હિંદી-ઉર્દૂ છે. આમાંથી કોઈએ એવો અર્થ કરવાનો નથી કે તેણે પોતાની પ્રાંતિક ભાષા ભૂલી જવાની છે. આપણા રાષ્ટ્રીય

૧. હિંદી સાહિત્ય પરિષદનું આ નવમું સંમેલન હતું. ગાંધીજી એના અધ્યક્ષ હતા. તેઓ અસ્વસ્થ હોવાથી એમનું તૈયાર ભાષણ એમની વતી બીજા કોઈકે વાંચી સંભળાવ્યું હતું. આ રિપોર્ટમાં એ ભાષણના માત્ર વધારે અગત્યના ભાગો જ આપવામાં આવ્યા છે.

Gandhi Heritage Portal

કારભાર માટે આપણે એવી ભાષા નક્કી કરવી જોઈએ કે જેનો એકબીજા પ્રાંતોમાં ઉપયોગ થઈ શકે. એટલે હિંદી-ઉર્દૂ મિશ્રિત ભાગ જે હું કહું છું તે આપણા શિક્ષિત વર્ગે તો શીખી લેવો જોઈએ. મારી અલ્પ મતિ પ્રમાણે હું જાણું છું કે, આ દેશમાં મોટા મોટા વિદ્વાનો એમ માને છે કે અંગ્રેજી ભાષા એવી ભાષા છે. એવી ભાષા કદી રાષ્ટ્રીય થઈ નથી, કેમ કે તેની અને હિંદની ભાષા વચ્ચે કોઈ પણ જાતનું મળતાપણું નથી. રાષ્ટ્રીય ભાષા એવી સહેલી હોવી જોઈએ કે જે કોઈ પણ શીખી શકે. આપણે જો કચડાયેલા ન હોઈએ તો આપણે સહેલાઈથી સમજીએ કે આવી સામાન્ય ભાષાની જરૂર છે. અત્યારે પણ અંગ્રેજી ભાષા શીખવાની પાછળ લાખો રૂપિયા ખર્ચવા છતાં ગણ્યાંગાંઠયાં માણસ આ ભાષા શીખી શકે છે, તે છતાં તે ભાષા ઉપરનો કાબૂ ધરાવનાર તો તેમાંથી પણ ગણ્યાંગાંઠયાં છે.

આવી ભાષા શીખવાને જે પ્રયત્ન કરવો પડે છે તે જોતાં મારી માન્યતા પ્રમાણે દેશનું નૂર હણાઈ જાય છે. (તાળીઓ) (અત્રે તાળીઓ ન પાડવાની સલાહ ગાંધીજીએ આપી હતી.)

આ પ્રશ્નની અંદર હિંદની ઉન્નતિનાં બીજો રહેલાં છે. જે પ્રજાએ પોતાની ભાષાનો નિરાદર કરેલો છે તે પ્રજા પોતાનું પ્રજાત્વ ખોઈ નાંખે છે. આપણામાંના ઘણાની લગભગ એવી દશા આવી પડી છે. હિંદુસ્તાન એ પૃથ્વી પર એવો દેશ છે કે જ્યાં માબાપ પોતાના છોકરા જોડે માતૃભાષાનો ત્યાગ કરી અંગ્રેજી ભાષાનો દ્વેષ કરતાં નથી.[1] મને એમ પણ લાગે છે કે કેટલાંક કાર્ય માટે કેટલાકે અંગ્રેજી શીખવાનું છે. આપણામાં દુભાષિયાનું કામ કરવા માટે એ ભાષા શીખવી જોઈએ. એમના પૂરતું અંગ્રેજી ભાષાનું જ્ઞાન લેવું જોઈએ એ હું કબૂલ કરું છું. પણ આપણા બીજા વહેવારો માટે, અદાલતોમાં અને વડી ધારાસભામાં રાષ્ટ્રીય ભાષા તરીકે હિંદી હોવી જોઈએ. એ સિવાય બીજી ભાષામાં વહેવાર ચલાવવામાં રાષ્ટ્રને હાનિ પહોંચે છે. જ્યાં સુધી આપણે આ તત્ત્વને ગ્રહણ નહીં કરીએ ત્યાં સુધી બધી મહેનત વ્યર્થ જવાની છે. એથી મેં ગયે વર્ષે[2] એવી સૂચના કરી કે હિંદી સાહિત્ય સંમેલનનું અધિવેશન મુંબઈમાં કર્યું હોત તો સારું. આપણે એ પ્રમાણે જોઈએ છીએ. આ માસની ૧૮મી, ૧૯મી અને ૨૦મીએ[3] અધિવેશન મળશે. અધિવેશનનું પ્રમુખત્વ પંડિત માલવિયાજીએ સ્વીકાર્યું છે એ માટે આપ એ અધિવેશનને[4] મદદ આપશો. એ અધિવેશન માટે ૧૦ હજારનું ખર્ચ થશે એમ મંત્રીઓએ જણાવ્યું છે. તેમાં જેટલી મદદ આપશો તેટલી મદદ કરેલી ગણાશે. એ નીચા પ્રકારની મદદ છે. ઊંચી તો જેઓ અત્રે હાજર છે તેઓ તે ભાષા અલ્પ સમયમાં શીખીને બજાવે તે કહેવાય. એકેક કલાક રાત્રે કોઈ શિક્ષક પાસે બેસી શીખવાથી એ ભાષા શીખી શકાય છે. હું હવે વધુ વખત લેવા માગતો નથી. મારી ઉમેદ છે કે આપ મારા વિચારો ઉપર વિચાર કરશો અને તે વિચાર બરાબર લાગે તો તેનો અમલ કરશો. આપણામાં અને ઘણે ઠેકાણે એમ જણાય છે કે,

૧. આ જગ્યાએ ગુજરાતી રિપોર્ટ દોષવાળો છે. ભાષણના હિંદી રિપોર્ટમાં આ સ્થળે આવા શબ્દો છે : "......પોતાનાં બાળકોને તેઓ પોતાની માતૃભાષામાં લખવાને બદલે અંગ્રેજીમાં લખવાનું પસંદ કરશે."

૨. ઘણું કરીને તા. ૨૯–૩–૧૯૧૮ને રોજ ઇન્દોરમાં ભરાયેલા હિંદી સાહિત્ય સંમેલનના આઠમા અધિવેશનમાં. ગાંધીજી એના પ્રમુખ હતા. જુઓ પુસ્તક ૧૪.

૩. હિંદી રિપોર્ટ કહે છે : ". . . તા. ૧૯, ૨૦ અને ૨૧મીએ."

૪. હિંદી રિપોર્ટમાં આટલું વધારે છે : કરવીર પીઠના શ્રી સ્વામી શંકરાચાર્યે કૃપા કરીને સ્વાગત સમિતિનું અધ્યક્ષપદ સ્વીકાર્યું છે."

Gandhi Heritage Portal

આપણે સાંભળીએ છીએ અને પસંદ કરીએ છીએ, છતાં તેનો અમલ કરવામાં આવતો નથી. પસંદ કરેલી બાબતનો તુરત અમલ કરવાથી સારું પરિણામ આવે છે, તેથી આપણે આગળ વધવું.

[મૂળ ગુજરાતી]

ગુજરાતી, ૨૦-૪-૧૯૧૯

## ૨૨૨. જી. એ. નટેસનને તાર[1]

મુંબઈ,
એપ્રિલ ૧૮, ૧૯૧૯

જે કટોકટીભરી સ્થિતિ પેદા થઈ છે તેને લીધે સવિનય ભંગ થોડા સમય માટે મોકૂફ રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આંદોલનનું ખરેખરું અમલી સ્વરૂપ, એટલે કે સત્ય અને અહિંસાનું આચરણ કરવાનો ઉપદેશ આપવાનું કામ ચાલુ છે. અખબારો જોગું મારું નિવેદન વાંચી આપને આનંદ થશે.

ગાંધી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : જી. એન. ૨૨૩૨

## ૨૨૩. સવિનય ભંગ મોકૂફ રાખવા અંગે અખબારો જોગું નિવેદન[2]

મુંબઈ,
એપ્રિલ ૧૮, ૧૯૧૯

કાયદાનો સવિનય ભંગ કરવાનું કાર્ય થોડી મુદતને સારુ બંધ કરવાની સલાહ આપવાની મારી ઉપર ફરજ આવી પડી છે એથી મને દિલગીરી થાય છે. આ સલાહ હું આપું છું તેનો અર્થ એમ નથી કે એવા કાર્યની સફળતાને વિષે મારી શ્રદ્ધા જરા પણ ઓછી થઈ છે. જો બની શકતું હોય તો પહેલાંના કરતાં આજે મારી શ્રદ્ધા એ કાર્યને વિષે વધારે છે. સત્યાગ્રહના કાયદાનું સૂક્ષ્મ જ્ઞાન થોડી મુદતને સારુ કાયદાઓનો સવિનય ભંગ કરવાનું બંધ રાખવાની સલાહ આપવાનું મને સૂચવે છે. જે વખતે સત્યાગ્રહમાં જનસમાજને જોડવાના નિર્ણય ઉપર હું આવ્યો તે વખતે દેશમાં અકાર્ય કરવાની વૃત્તિના જોરનું માપ હું કરી ન શકયો તેને સારુ મને દિલગીરી થાય છે. હવે મારે જરા થોભવું પડે છે અને આપણી સમક્ષ આવી પડેલી સ્થિતિને સારામાં સારી કેવી રીતે પહોંચી વળવું તેનો વિચાર કરવો પડે છે. પણ એમ કરતાં હું આટલું તો

૧. આ તાર નટેસનના ૧૪મી એપ્રિલના તારના જવાબમાં મોકલવામાં આવ્યો હતો. નટેસને તારમાં રમખાણોને કારણે સવિનય ભંગ મોકૂફ રાખવાનો અનુરોધ કર્યો હતો. આ જવાબી તારની નકલ મદ્રાસની સત્યાગ્રહ સભાના મંત્રી સી. રાજગોપાલાચારીને પણ મોકલવામાં આવી હતી. જુઓ હિન્દુ, ૧૯-૪-૧૯૧૯.

૨. ગાંધીજીએ મુંબઈની સત્યાગ્રહ સભાના મંત્રીઓને પત્રના રૂપમાં આ નિવેદન મોકલ્યું હતું, સાથેસાથ તે અખબારોને પણ મોકલવામાં આવ્યું હતું. જુઓ આ પહેલાંનો લેખ.

Gandhi Heritage Portal

કહેવા માગું છું કે અમદાવાદ અને વીરમગામમાં જે ખેદકારક બનાવ બન્યા છે તે મેં બહુ સંભાળથી તપાસ્યા છે અને મને ખાતરી થઈ છે કે લોકોનાં ટોળાંઓએ જે અત્યાચાર કર્યો તેની સાથે સત્યાગ્રહને કશોયે સંબંધ નથી. ઘણાક જેઓ ખુનામરકીમાં સામેલ થયા તેઓ ઘણેખરે ભાગે તો પૂજ્ય અનસૂયાબહેન તથા મારા પ્રત્યેના તેમના પ્રેમને લીધે દાખલ થયા હતા. જો સરકારે મને દિલ્હીમાં દાખલ થતાં અટકાવવાની ભૂલ ન કરી હોત અને તેથી તેઓના હુકમનો સવિનય ભંગ કરવાની મારી ઉપર ફરજ ન નાખી હોત તો મારી ખાતરી છે કે ગયે અઠવાડિયે અમદાવાદમાં અને વીરમગામમાં જે ભયકંર બનાવો બન્યા તેમાંથી તે બંને જગ્યા મુક્ત રહેત. બીજા શબ્દમાં કહીએ તો આ બનાવોનું કારણ અથવા તો નિમિત્ત સત્યાગ્રહ ન હતું. ખરું જોતાં તો સત્યાગ્રહીઓની હાજરીથી કંઈક અંશે પણ ગેરકાયદેસર વર્તણૂકવાળાં તત્ત્વો ઉપર અંકુશ રહ્યો હતો. પંજાબના ઉપદ્રવ વિષે તો સૌ કોઈ કબૂલ કરે છે કે તેને સત્યાગ્રહ સાથે કશોયે સંબંધ નથી.

## દક્ષિણ આફ્રિકાનું દૃષ્ટાંત

દક્ષિણ આફ્રિકામાં જ્યારે સત્યાગ્રહની લડત ચાલી રહી હતી ત્યારે હજારો ગિરમીટિયા હિંદીઓએ હડતાળ પાડી હતી. આ સત્યાગ્રહી હડતાળ હતી. તે સંપૂર્ણ રીતે શાંતિમય અને ઐચ્છિક હતી. આ હડતાલ ચાલી રહી હતી તે દરમિયાન ગોરા ખાણવાળા મજૂરો તથા રેલવેના મજૂરોએ હડતાળ પાડી હતી. તેની સાથે આપણા હડતાળિયાઓને ભેળવી દેવાની માગણી મારી પાસે કરવામાં આવી હતી. પણ સત્યાગ્રહી તરીકે કંઈ પણ વિચાર કરવાની જરૂર વિના મેં તે માગણીનો ઇનકાર કર્યો. હું એક પગલું આગળ ગયો. યુરોપિયન હડતાળમાં ખુનામરકી અને બંદૂકનો ઉપયોગ જાહેરમાં થતો હતો. આવી હડતાળની સાથે આપણી હડતાળ પણ રખેને ગણાઈ જાય એવી ધાસ્તીથી મેં આપણી હડતાળ બંધ પાડવાની સલાહ આપી. અને તે ક્ષણથી દક્ષિણ આફ્રિકાના ગોરાઓ સત્યાગ્રહની હિલચાલને માન આપવા યોગ્ય અને પ્રામાણિક ગણવા લાગ્યા અને જનરલ સ્મટ્સે એ હડતાળને "બંધારણ મુજબનું" આંદોલન કહ્યું હતું. હાલના કફોડા સમયમાં હું તેનાથી ઓછું કાંઈ જ કરી શકતો નથી. જો મારા કંઈ પણ કાર્યથી હું સત્યાગ્રહને ખુનામરકીને ઉત્તેજન આપવાનું કે અંગ્રેજ અને હિંદીઓ વચ્ચેનો સંબંધ કડવો કરવાનું નિમિત્ત બનવા દઉં તો મેં સત્યાગ્રહની બેવફાઈ કરી ગણાય. એટલે હાલ તો સત્યાગ્રહને છાજે એવી બધી રીતે સત્તાવાળાઓને શાંતિ પાછી સ્થાપવામાં અને કાયદાના ઉદ્ધતાઈભર્યા ભંગની વૃત્તિને બંધ કરવામાં મદદ કરવી તેમાં આપણો સત્યાગ્રહ રહેલો છે. જો આપણે સત્યાગ્રહના સિદ્ધાંતોનો જનસમાજ પાસેથી સ્વીકાર કરાવવાના પ્રયત્નમાં ફળીભૂત થઈએ તો આપણે આપણી સમક્ષ બનતા શોકજનક બનાવોને લાભમાં ફેરવ્યા ગણાય.

સત્યાગ્રહ તો વડના ઝાડ જેવો છે અને વડને જેમ અગણિત શાખા છે તેમ સત્યાગ્રહ વૃક્ષને છે. કાયદાનો સવિનયભંગ એ એક શાખા છે. સત્ય અને અહિંસા એ બે મળીને સત્યાગ્રહરૂપી વડનું મુખ્ય થડ બને છે. અને તેમાંથી અનેક શાખાઓ ફૂટી નીકળે છે. આપણે કડવો અનુભવ મેળવીને જોયું છે કે જ્યાં ગેરકાયદેસર વર્તણૂકનું વાતાવરણ રહ્યું છે ત્યાં કાયદાના સવિનય ભંગના તત્ત્વનો તુરત સ્વીકાર થયો. પણ માત્ર જેમાંથી સવિનય ભંગની ઉત્પત્તિ ખરી રીતે થઈ શકે એવાં સત્ય અને અહિંસાને ભાગ્યે જ માન મળ્યું છે. એટલે આપણું કામ હવે અતિશય મુશ્કેલીભરેલું થઈ પડયું છે, છતાં આપણે તેને છોડી શકતા નથી. નીડર થઈને આપણે સત્ય અને અહિંસાનો પ્રચાર કરવો રહ્યો, અને જ્યાં સુધી આપણે એ બે

Gandhi Heritage Portal

મહાન તત્ત્વોનો સ્વીકાર ન કરાવી શકીએ ત્યાં સુધી આપણે જનસમાજ મારફતે સત્યાગ્રહ નથી કરી શકતા.

રૉલેટ કાયદા

રૉલેટ કાયદાઓ વિષે મારો અભિપ્રાય જેવો હતો તેવો જ છે. મને તો વળી એમ લાગે છે કે આ કાયદાઓ હાલની અશાંતિનાં કારણોમાંનું એક કારણ છે. પણ હાલ પ્રવર્તતી ગંભીર સ્થિતિમાં હું આ કારણોની તપાસમાં ઊતરતો અટકું છું. આ કાગળ લખવાનો એક જ હેતુ છે અને તે એ કે સત્યાગ્રહીઓને નીચે પ્રમાણે સલાહ આપવી:

૧. થોડા વખતને સારુ બધા સત્યાગ્રહીઓએ કાયદાનો સવિનયભંગ બંધ કરવો.

૨. શાંતિ ફરી સ્થાપવામાં સરકારને બરોબર મદદ કરવી. અને

૩. ઉપર બતાવ્યા તે મૂળ સિદ્ધાંતોનો જનસમાજની પાસે ભાષણોથી અને આપણા પોતાના વર્તનથી સ્વીકાર કરાવવો.

[મૂળ અંગ્રેજી]

હિંદુ, ૨૧–૪–૧૯૧૯

ભાષાંતર: એસ. એન. ૬૫૪૮ પી.

## ૨૨૪. હિંદી સાહિત્ય સંમેલનમાં ભાષણ

મુંબઈ,
એપ્રિલ ૧૯, ૧૯૧૯

માનનીય મદનમોહન માલવિયાને આ સંમેલનના પ્રમુખ ચૂંટવાની હું દરખાસ્ત મૂકું છું. ભારતવર્ષમાં એવું કોણ છે જે પંડિતજીને ઓળખતું નથી? પંડિતજી ભારતના એક ખૂબ જ મહાન નેતા છે. તેમણે પોતાના દેશની ભારે સેવા કરી છે. રાષ્ટ્રીય ભાષાની સેવામાં પણ તેઓ સૌથી આગળ છે. હું માનું છું કે તેમના હાથમાં સેવાની જે શક્તિ છે તે બીજા કોઈના હાથમાં નથી. ઉત્તર ભારતની બહાર સંમેલનનું આ પહેલું અધિવેશન છે. આ અધિવેશનનું પ્રમુખસ્થાન માનનીય પંડિતજીને જ આપવું જોઈએ. એથી કાર્યમાં પૂરેપૂરી સફળતા મળશે.

[મૂળ હિંદી]

नवम हिंदी साहित्य संमेलनका कार्य विवरण, भा. १

Gandhi Heritage Portal

## ૨૨૫. હિંદી સાહિત્ય સંમેલનમાં ફાળા માટે અપીલ

મુંબઈ,
એપ્રિલ ૨૦, ૧૯૧૯

હિંદી સાહિત્ય સંમેલનની અનેક પ્રવૃત્તિઓ છે. તેમાં સાહિત્યનો પ્રચાર, હિંદી સાહિત્યની પરીક્ષાઓ લેવી, ડિગ્રીઓ આપવી અને ઉત્તર હિંદુસ્તાનમાં તથા બહાર હિંદીનો પ્રચાર કરવો એ મુખ્ય છે. આ કામોમાં ધનની જરૂર રહે છે. ગયા અધિવેશનમાં ઇંદોરમાં લગભગ ૩૦ હજાર રૂપિયાનો ફાળો ભરાયો હતો. હું આશા રાખું છું કે મુંબઈ પણ આ મહાન કાર્યમાં ભાગ લેશે. મુંબઈમાં મોટા મોટા ધનિકો વસે છે. હું આશા રાખું છું કે મુંબઈના ભાઈઓ આ રાષ્ટ્રીય કાર્યમાં પૂરેપૂરો ભાગ લેશે.

[મૂળ હિંદી]

नवम हिंदी साहित्य संमेलनका कार्य विवरण, भा. १

## ૨૨૬. વાઇસરૉયના ખાનગી સેક્રેટરીને તાર

મુંબઈ,
એપ્રિલ ૨૧, ૧૯૧૯

ઍસોસિયેટેડ પ્રેસનો ૧૯મી તારીખનો તાર હમણાં જ વાંચ્યો. એમાં કહ્યું છે કે માર્શલ લૉ હેઠળ કાઢવામાં આવેલા હુકમોનો અનાદર કરવા માટે ગિરફતાર થયેલા લોકોને જાહેર રસ્તાઓ ઉપર ફટકા મારવામાં આવી રહ્યા છે. માનું છું કે આ હુકમો દુકાનો ખોલાવવા અંગે હતા. જો વર્તમાનપત્રનો તાર સાચો હોય, તો હું સાદર જણાવું છું કે આવી રીતે ફટકા મારવાથી અતિ ગંભીર રોષની લાગણી ફેલાશે. આશા રાખું છું કે આપના તરફથી કંઈક એવો ખુલાસો મળશે જેનાથી ચિંતાનાં બધાં કારણો દૂર થઈ જશે. ગમે તે બન્યું હોય છતાં હું ઇચ્છું છું કે મને એટલી ખાતરી આપવામાં આવે કે માર્શલ લૉ ચલાવનાર મુખ્ય અમલદારને એવો કોઈ અધિકાર આપવામાં આવ્યો નથી કે તે ઉપર દર્શાવ્યા તેવા ગુનાઓ માટે લોકોને જાહેરમાં અથવા એકાંતમાં ફટકા મારે.

[મૂળ અંગ્રેજી]

નૅશનલ આર્કાઇવ્ઝ ઑફ ઇન્ડિયા : હોમ : પોલિટિકલ (ડિપૉઝિટ); મે–૧૯૧૯ : નં. ૪

Gandhi Heritage Portal

## ૨૨૭. જી. ઈ. ચૅટફીલ્ડને પત્ર

એપ્રિલ ૨૧, ૧૯૧૯

વહાલા મિ. ચૅટફીલ્ડ,

એક મિત્રે મારું ધ્યાન એ હકીકત તરફ ખેંચ્યું છે કે આ વેરાથી મિલકામદારોને બેવડું નુકસાન થશે. એમના પગારમાંથી એક વાર તો તેઓ પૈસા ભરી ચૂક્યા છે. મને કહેવામાં આવ્યું છે તે પ્રમાણે હવે એમને પાણીના કર મારફતે પણ પૈસા ભરવા પડશે. કેમ કે જો કોઈ ઘરમાં રહેતો ભાડૂત મહિને રૂ. ૭)થી વધારે કમાતો હોય તો તેવા દરેક નાના ઘર માટે પણ કર ભરવાનો થશે. આ રીતે લગભગ બધા મિલકામદારોને બે વખત કર ભરવો પડશે. સંભવ છે કે આપે આ મુદ્દા પર વિચાર નહીં કર્યો હોય. આપને આ વેરામાંથી માફી આપવાનો અધિકાર છે. એટલે જો મારું કહેવું ખરું હોય તો આપ મિલકામદારોને બેવડા વેરામાંથી મુક્તિ ન આપી શકો?

આપનો સહૃદયી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૬૫૫૫

## ૨૨૮. ગિલેસ્પીને પત્ર

આશ્રમ,
એપ્રિલ ૨૨, ૧૯૧૯

વહાલા મિ. ગિલેસ્પી,[૧]

હું કાલે જ અહીં આવ્યો અને આપનો માયાળુ પત્ર મને મળ્યો. આપ જોશો કે જે સલાહ આપે આપી છે તેનો ખ્યાલ મને પહેલેથી જ આવી ગયો છે. સવિનયભંગની ચળવળ થોડા સમય માટે મુલતવી રાખવાની જાહેરાત કરતું નિવેદન મેં બહાર પાડ્યું છે. આપે તે વાંચ્યું હશે એમ માની લઉં છું. જ્યારે પણ આપને જરૂરી લાગે ત્યારે આપ સલાહ આપતા રહેશો અને ટીકા પણ કરશો. હું એને કીમતી ગણીશ. સ્વદેશી વિષે મેં બે લેખો લખ્યા છે તે આપે વાંચ્યા છે કે નહીં તેની મને ખબર નથી. અમારામાંના કેટલાક ભાઈઓ છેવટનો નિર્ણય કરવા માગે છે, એટલે આ આંદોલનમાં જોડાઈને અંગ્રેજ મિત્રો એને ઉત્તેજન આપે તે મને ખચીત ગમશે. હું તો માનું છું કે સ્વદેશી વિના કોઈ પણ દેશ માનપૂર્વક જીવી નહીં શકે.

આપનો સહૃદયી
મો. ક. ગાં.

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૬૫૫૮

૧. અમદાવાદવાળા.

Gandhi Heritage Portal

## ૨૨૯. જી. ઈ. ચૅટફીલ્ડને પત્ર

આશ્રમ,
એપ્રિલ ૨૪, ૧૯૧૯

વહાલા મિ. ચૅટફીલ્ડ,

મારા ૧૪મી તારીખના ભાષણ પછી પ્રસિદ્ધ થયેલી પત્રિકાઓ[1] આપને મોકલવા સંબંધમાં ચોક્કસ સૂચનાઓ આપવાનું હું ભૂલી ગયેલો તેનો મને હમણાં જ ખ્યાલ આવ્યો. એ પત્રિકાઓની નકલો આ સાથે આપને વાંચવા માટે મોકલી આપું છું.

આપનો સહૃદયી
**મો. ક. ગાંધી**

[મૂળ અંગ્રેજી]
છબી પરથી : એસ. એન. ૬૫૬૩

## ૨૩૦. એફ. જી. પ્રૅટને પત્ર

[સાબરમતી,
એપ્રિલ ૨૪, ૧૯૧૯][2]

વહાલા મિ. પ્રૅટ,

મારાથી કંઈક ગોટાળો થઈ જવાથી છેલ્લી ત્રણ પત્રિકાઓની નકલો આપને પહોંચાડી શકાઈ નથી એનો મને હમણાં ખ્યાલ આવ્યો. અજાણતાં થયેલી ભૂલ બદલ આપ મને ક્ષમા કરશો એની મને ખાતરી છે. કદાચ આ પત્રિકાઓ આ પહેલાં આપના જોવામાં આવી હશે. દરેક પત્રિકાની થોડી થોડી નકલો આ સાથે આપને મોકલું છું. આજે હું મુંબઈ જાઉં છું અને સોમવારે પાછો આવવા ધારું છું. મુંબઈ જતાં વચ્ચે થોડા કલાક હું નડિયાદમાં રોકાઈશ.

આપનો સહૃદયી
**મો. ક. ગાંધી**

[મૂળ અંગ્રેજી]
છબી પરથી : એસ. એન. ૬૫૬૩

૧. નંબર ૪ અને ૫.
૨. "જી. ઈ. ચૅટફીલ્ડને પત્ર," ૨૪–૪–૧૯૧૯ તથા આ પત્રનો વિષય એક જ છે. એ ઉપરથી લાગે છે કે બંને પત્રો એક જ દિવસે લખાયા હતા.

Gandhi Heritage Portal

# ૨૩૧. सत्याग्रह पत्रिका – ६

## સત્યાગ્રહ શું છે?

[એપ્રિલ ૨૫, ૧૯૧૯][1]

પહેલી પત્રિકામાં[2] હું સૂચવી ગયો છું કે સત્યાગ્રહ શું છે એનો વિચાર કોઈ પત્રિકામાં આપણે કરશું. મને લાગે છે કે હવે એ પ્રસંગ આવ્યો છે. સત્યાગ્રહ નવો શબ્દ છે, પણ જે તત્ત્વનો એ સૂચક છે એ તો અનાદિ કાળનું છે. સત્યાગ્રહનો શબ્દાર્થ તો આટલો જ છે: સત્યનો આગ્રહ, અને આગ્રહથી જે બળ ઉત્પન્ન થાય છે તે બળ. આપણે અત્યારે સત્યાગ્રહને એક શક્તિરૂપે વાપરીએ છીએ. એટલે કે સત્યનો આગ્રહ કરવાથી ઉત્પન્ન થતી શક્તિને આપણે રૉલેટ કાયદારૂપી સંકટનું નિવારણ કરવાને સારુ વાપરી રહ્યા હતા. સત્ય એ જ ધર્મ છે એ એક સિદ્ધાંત છે. પ્રેમ એ જ ધર્મ છે એ બીજો સિદ્ધાંત છે. ધર્મ કાંઈ બે હોતા નથી એટલે સત્ય એ પ્રેમ છે અથવા પ્રેમ એ સત્ય છે. વળી વધારે વિચાર કરવા બેસીએ તો આપણને માલૂમ પડશે કે પ્રેમ વિના સત્યનું આચરણ અશક્ય છે, તેથી સત્યની શક્તિ એ પ્રેમની શક્તિ છે. એટલે આપણે વેરભાવ રાખીને દુ:ખોનું નિવારણ નથી કરી શકતા. આ વાત ગૂઢ નથી, પણ સમજવામાં સાવ સહેલી છે. આપણાં હજારો કાર્યને વિષે આપણે જોઈએ છીએ કે તે પ્રેમ અને સત્યથી ભર્યાં હોય છે. બાપદીકરા વચ્ચેનો સંબંધ, સ્ત્રીપુરુષ વચ્ચેનો સંબંધ, ટૂંકામાં કૌટુંબિક બધા સંબંધોમાં આપણે ઘણે ભાગે સત્ય અથવા પ્રેમની શક્તિ જ જોયા કરીએ છીએ. એટલે આપણે જાણ્યે અજાણ્યે પણ સત્યાગ્રહી હોઈએ છીએ.

આપણી પોતાની જિંદગી ઉપર આપણે નજર ફેરવી જઈશું તો આપણને માલૂમ પડશે કે આપણાં સગાંસંબંધીઓ સાથેના વર્તનમાં હજારમાં નવસોનવાણું વખત તો આપણે સત્ય અને પ્રેમને જ વશ થયેલા હોઈએ છીએ. માણસ હમેશાં સવારથી ઊઠીને સૂતા લગીમાં પોતાનાં બધાં કાર્યોમાં જૂઠું જ બોલે છે, જૂઠું જ આચરે છે, વેરભાવથી ભર્યો હોય છે, એવું કાંઈ જ નથી. જ્યારે સામસામા સ્વાર્થ ઉત્પન્ન થાય છે ત્યારે જ સત્યાગ્રહના, પ્રેમબળના કાયદાને અંતરાય આવે છે. કેમ કે સામસામેના સ્વાર્થનું ઘર્ષણ થાય છે, તેમાંથી રોષ, દ્વેષ, આદિ અસત્યની પ્રજા ઉત્પન્ન થાય છે અને તેમાંથી કેવળ ઝેરનો જ વરસાદ વરસે છે. આપણે જરા વિચારીએ તો જે ધોરણ આપણે કૌટુંબિક સંબંધમાં લાગુ પાડીએ છીએ, તે જ ધોરણ આપણે અરસપરસ એકબીજાં સગાંસહીઓના સંબંધથી માંડીને રાજા-પ્રજાના સંબંધ સુધી અને છેવટે આખા જગતના સંબંધમાં લાગુ પાડવું જોઈએ. જે પુરુષ કે સ્ત્રી કૌટુંબિક સંબંધને ઓળખતાં નથી તે જોકે મનુષ્યશરીર ધારણ કરનારાં છે છતાં તેઓ પશુસમાન અથવા જંગલી ગણાય છે. તેઓએ સત્યાગ્રહનો કાયદો જાણ્યો જ નથી. જે કૌટુંબિક સંબંધને ઓળખે છે તે પેલા પશુજીવનમાંથી કાંઈક દરજજે મુક્ત થયા. તેઓએ એમ માની લીધું કે કૌટુંબિક સ્વાર્થ જાળવવાને સારુ આખું જગત ડૂબે તોપણ શું? એટલે તેઓનો સત્યાગ્રહ એ સમુદ્રમાં રહેલા બિંદુના કરતાં પણ ઓછો છે.

૧. इन्डियन रिव्यू પ્રમાણે આ પત્રિકા એપ્રિલની ૨૫મી તારીખે પ્રસિદ્ધ થઈ હતી.

૨. જુઓ પત્રિકા ૪.

Gandhi Heritage Portal

એથી ચડતી પંક્તિના માણસો પોતાના ગામનાને પોતીકા માનશે, અને તેઓની વચ્ચે સત્યાગ્રહના કાયદાનો અમલ કરશે અને જેમ કુટુંબના માણસો એકબીજાની સાથે હમેશાં વઢવાડ કરવાને બદલે પ્રેમને વશ થઈ સ્વાર્થનો ત્યાગ કરશે તેમ એક ગામમાં માણસો કરશે. તેથી આગળ વધતાં પ્રાન્તિક જીવનમાં સત્યાગ્રહ દાખલ કરી પ્રાન્તના બધા લોકોને પોતાનાં ભાઈબહેન સમજી માણસ અરસપરસ પ્રેમશક્તિથી પોતાનો વ્યવહાર ચલાવશે. એથી આગળ વધેલી પ્રજા જેમ કે હિંદુસ્તાનની, જુદા જુદા પ્રાંતોના લોકોને પણ પોતાનાં ભાઈબહેન સમાન ગણીને અરસપરસના વર્તનમાં સત્યાગ્રહનો કાયદો લાગુ પાડશે.

આ જમાનામાં સાધારણ રીતે આથી વધારે આગળ પૃથ્વીના કોઈ વિભાગના લોકો ગયા નથી. પણ ખરું જોતાં તો એક પ્રજા અને બીજી પ્રજાની વચ્ચે વિરોધ હોવાનું જરાયે કારણ હોવું ન જોઈએ. આપણું જીવન જો સાધારણ રીતે વિચારરહિત ન હોય, અને જો આપણે ચાલતી રૂઢિઓને, ચાલતા વિચારોને ચલણી નાણાની માફક તપાસ્યા વિના સ્વીકારી ન લેતા હોઈએ તો આપણે જરૂર જોઈ શકીશું કે જેટલે દરજ્જે આપણે બીજી પ્રજાઓ સાથે દ્વેષ રાખીએ, જીવમાત્રની ઉપર દ્વેષ રાખીએ, તેટલે દરજ્જે આપણે સત્યાગ્રહના કાયદાથી વિમુખ રહ્યા છીએ, અને તેટલે દરજ્જે આપણે પશુપણામાંથી મુક્ત નથી થયા. મનુષ્યમાત્રનો પુરુષાર્થ, એટલે સ્ત્રીઓનો તેમ જ પુરુષોનો, પશુપણામાંથી મુક્ત થવામાં જ છે. આનાથી બીજો જગતમાં ધર્મ નથી. સંપ્રદાયો, પક્ષો, દેવળો, હવેલીઓ જો આપણને આ સત્યાગ્રહના રસ્તા ઉપર જ રાખે તો જ અને તેટલે જ અંશે સાધન તરીકે કામનાં છે. હિંદુસ્તાનમાં આપણને આ વસ્તુ પુરાતનકાળથી શીખવી દેવામાં આવેલી છે. અને તેથી જ વસુધા, એટલે જગતમાત્ર કુટુંબ છે, એ મહાવાક્ય આપણને ભણાવવામાં આવેલું છે, અને હું અનુભવપૂર્વક કહેવા ઇચ્છું છું કે હરેક પ્રજા પોતાનું પ્રજાજીવન સત્યાગ્રહને વશ થઈને સંપૂર્ણતાએ પાળી શકે છે એટલું જ નહીં, પણ સત્યાગ્રહને વશ થયા વિના પ્રજાજીવન સંપૂર્ણતાએ પાળી ન જ શકાય. આનું નામ ધાર્મિક જીવન છે. જે પ્રજા બીજી પ્રજાની સાથે લડાઈ કરે છે એ પ્રજાએ ધાર્મિક જીવનનો થોડેઘણે અંશે ત્યાગ કર્યો છે. હિંદુસ્તાન આ તત્ત્વ આખા જગતને આપવાને લાયક છે એ મારો વિશ્વાસ હું કદી છોડી શકવાનો નથી. એ પ્રૌઢ શ્રદ્ધામાં બધા હિંદીઓ—સ્ત્રીઓ, પુરુષો ભલે તે હિંદુ હો કે મુસલમાન, ખ્રિસ્તી કે પારસી કે યહૂદી, એ બધાઓ ભાગીદાર થાય એમ હું ઇચ્છું છું.

**મો. ક. ગાંધી**

[મૂળ ગુજરાતી]

મહાદેવભાઈની ડાયરી, પુસ્તક પાંચમું



Gandhi Heritage Portal

## ૨૩૨. મુંબઈમાં ભાષણ

એપ્રિલ ૨૫, ૧૯૧૯

સાચા સત્યાગ્રહના ખરા મર્મની વિરુદ્ધ કોઈએ કશું પણ કરવું નહીં. અમદાવાદના બનાવોથી બધાએ શીખવાનું છે. ત્યાંનાં તોફાનોનું પરિણામ શું આવ્યું? આશરે અઢીસો માણસો ઘવાયા અને ૫૦ કરતાં વધુ મરણ પામ્યા. આ માટે હું સરકારને દોષપાત્ર નથી માનતો. એ ઠપકો તો આપણને જ ઘટે છે. હું ઇચ્છું છું કે આ પાઠ તમે સૌ શીખી લેશો. સત્યાગ્રહની લડત બંધ નથી પડી. તે કેવળ થોડી મુદત માટે મુલતવી રહી છે. અને મને ખાતરી થશે કે લોકો સત્યાગ્રહનો મર્મ સમજ્યા છે, ત્યારે જ તેનો પુનઃ આરંભ થશે.

[મૂળ ગુજરાતી]

ગુજરાતી, ૪–૫–૧૯૧૯.

## ૨૩૩. ચંદ્રશંકર પંડયાને પત્ર

એપ્રિલ ૨૬, ૧૯૧૯

તમારો કાગળ વાંચીને તો હું બહુ રાજી થયો. કારણ કે તમારી તબિયત કેવી છે તે જાણવા હું ઇંતેજાર હતો. એટલું બધું તમને શું દર્દ છે જે હજી સુધી તમે સાજા થતા નથી? આગ્રામાં કયુની બાથ આપનાર એક સંસ્થા છે. પંડિત હૃદયનાથ કુંઝરુ મારી પાસે તેનાં બહુ વખાણ કરતા હતા. તમે આગ્રામાં જ છો એટલે ત્યાં જઈ થોડા કયુની બાથ લેશો તો કદાચ ઠીક થાય ખરું.

તમારું કાવ્ય સુધારવાને સારુ પાછું મોકલું છું. તેમાં તમારી પ્રીતિ ખૂબ જોઉં છું, પણ તમારી પાસેથી અને તેમાં માંદાની પાસેથી હું વધારેની આશા રાખું છું. કાયદાને સારુ 'કાળો' વિશેષણ કાઢી બીજું વાપરો. ભલે 'આકરો' કહો. 'કાળો' તે શબ્દ ક્રોધસૂચક છે. ભાષા પણ સત્યાગ્રહને શોભાવનારી જોઈએ ને? 'બ્રિટિશ લોકમાં શ્રદ્ધા જ રાખી' એ વિચાર સત્યાગ્રહને વર્ણવતાં અસ્થાને છે. આપણે બ્રિટિશમાં શ્રદ્ધા રાખવામાં કાંઈ દોષ નથી કીધો. આપણે આપણા પોતાનામાં શ્રદ્ધા ન રાખી એ દોષ કર્યો છે. જે પોતાને મદદ કરે છે તેને જ ઈશ્વર મદદ કરે છે, તેવું જ બ્રિટિશનું છે. બ્રિટિશ કાંઈ ઈશ્વરથી વધી જાય? મૂંગા મારો સહન કરવા એ તો સત્યાગ્રહીનો મંત્ર છે, પણ તે દુઃખનિવારણની ખાતર. સત્યાગ્રહ વિષે કાવ્ય લખતાં મિતવાદી વગેરેનો મુકાબલો હું તો ન કરું. મારી છેલ્લી પત્રિકા મોકલું છું. તે વાંચી જાઓ અને પછી સત્ય અહિંસાની અપાર શક્તિ સૂચવનારી, સવિનયભંગ અને અજ્ઞાનમય ઉદ્ધત ભંગ વચ્ચેનો ભેદ સૂચવનારી, કડીઓ સરસ્વતી દેવી તમને સુઝાડે અને તમે આપી શકો તો આપો એમ ઇચ્છું છું.

તમારો પત્ર ફરી વાંચતાં જોઉં છું કે તમે તમારા કાવ્યની પ્રત્યે પણ સત્યાગ્રહનો ડર રાખ્યો હતો. ડર તો લગભગ સાચો પડયા જેવું થયું છે. પણ હશે. સત્યાગ્રહી બિચારો શું કરે? મારા

Gandhi Heritage Portal

હાથ મને પૂરું કામ નથી આપી શકતા, નહીં તો આ કાગળ હું મારે હાથે લખત. બીજું કાવ્ય આપતાં ઉતાવળ કરવાની કશી જરૂર નથી. તમારી તબિયત સંભાળીને જ લખજો. A thing of beauty is a joy for ever (સૌંદર્યપૂર્ણ કૃતિ એ શાશ્વત આનંદ(ના વિષય) છે.) એ અમર વાકય લખતાં પહેલાં કીટ્સને કેટલો બધો વખત ગયો હતો?

[મૂળ ગુજરાતી]

મહાદેવભાઈની ડાયરી, પુસ્તક પાંચમું

## ૨૩૪. सत्याग्रह पत्रिका – ७

[એપ્રિલ ૨૬, ૧૯૧૯][1]

ભાઈઓ અને બહેનો,

અતિશય દિલગીરીની સાથે અને તેટલા જ આનંદ સાથે હું તમને જણાવું છું કે ભાઈ હૉર્નિમૅનને સરકારે મુંબઈમાંથી દૂર કર્યા છે, અને વિલાયત જનારી કોઈ સ્ટીમરની અંદર આજે[2] તેમને લઈ જવામાં આવ્યા છે. ભાઈ હૉર્નિમૅન એક અતિ બહાદુર, ઉદાર દિલના અંગ્રેજ છે, અને તેમણે હિંદુસ્તાનની પ્રજાને સ્વતંત્રતાનો મંત્ર આપી નીડરપણે જ્યાં જ્યાં અન્યાય જોયો છે ત્યાં ત્યાં તેની ઉપર ટીકા કરી પોતાના અંગ્રેજપણાને દીપાવ્યું છે, અને અંગ્રેજી પ્રજાની મહાસેવા કરી છે. હિંદની સેવા કરી છે એ તો આખું હિંદુસ્તાન જાણે છે. મને આ બનાવથી ખેદ થાય છે, કેમ કે એક બહાદુર સત્યાગ્રહીને દેશવટો મળ્યો અને હું પોતે છૂટો બેઠો છું. મને આનંદ થાય છે, કેમ કે ભાઈ હૉર્નિમૅનને પોતાની સત્યાગ્રહની પ્રતિજ્ઞા પાર પાડવાનો પ્રસંગ મળ્યો.

ક્રૉનિકલ પત્ર પણ હાલ તો પ્રગટ થતું બંધ રહેશે. કેમ કે સરકારની અજુગતી માગણીનો ડિરેક્ટરોએ ડહાપણપૂર્વક અસ્વીકાર કર્યો છે. પણ ખરું જોતાં તો ભાઈ હૉર્નિમૅન વિના ક્રૉનિકલનું પ્રગટ થવું એ આત્મા વિનાના શરીરને નિભાવી રાખવા જેવું હું તો ગણું.

આ દશા ખરેખર કફોડી છે. સત્યાગ્રહની ભારે કસોટી થઈ રહેલી છે. સત્યાગ્રહનું શુદ્ધમાં શુદ્ધ, અને અજિત સ્વરૂપ બતાવવાનો આ સુંદર અવસર છે. એ અવસરનો લાભ લેવો એ સત્યાગ્રહીઓના અને અન્ય પ્રજાજનોના હાથમાં છે. હુ સમજી શકું છું કે સત્યાગ્રહીઓને એક વહાલા સાથીનો વિયોગ ભારે દુ:ખરૂપ થશે. પ્રજાને નિરંતર સ્વતંત્રતાનો પ્યાલો પાનાર મનુષ્યનો વિયોગ તો જરૂર સાલશે. એવે સમયે સત્યાગ્રહીઓ અને બીજાં ભાઈબહેનો, મારી મતિ પ્રમાણે, શાંતિ જાળવીને જ પોતાનો શુદ્ધ પ્રેમ સાબિત કરી શકશે. આ સમયે આપણે શાંતિનો ભંગ કરવો એ કેવળ વગર વિચાર્યું પગલું ભરાશે.

આધુનિક સુધારાએ પ્રાચીન સુધારાની સાથે બાથ ભીડી છે. પ્રાચીન સુધારાને ધોરણે સત્યાગ્રહ અત્યારે હિંદુસ્તાનની સમક્ષ મુકાયેલો છે. જો એ ધોરણને હિંદુસ્તાની સ્વીકારશે તો પ્રાચીન

૧. જુઓ મહાદેવભાઈની ડાયરી, પુસ્તક પાંચમું.

૨. બી. જી. હૉર્નિમૅનને ૨૬મી એપ્રિલ, ૧૯૧૯ને રોજ હદપાર કરવામાં આવ્યા હતા.

Gandhi Heritage Portal

સુધારાનું ગૌરવ પ્રગટ થશે, અને આધુનિક સુધારો શી વસ્તુ છે એ પણ જગત જોશે, અને આધુનિક સુધારાના હિમાયતી પોતાની ભૂલ અવશ્ય સુધારશે.

મારી વ્યાવહારિક સૂચના નીચે પ્રમાણે છે:

૧. હિંદુસ્તાનમાં કોઈ પણ જગ્યાએ શોક પ્રદર્શિત કરવાને સારુ હડતાળ નહીં પાડવી.

૨. મોટી સભાઓ નહીં ભરવી.

૩. સરઘસ નહીં કાઢવાં.

૪. જરા પણ હુલ્લડ નહીં કરવું. કોઈ હુલ્લડ કરવા માગે તેને વાળવા.

જેઓ સત્યાગ્રહી છે, અથવા સત્યાગ્રહને ટેકો આપનારા છે તેઓને મારી વિનંતી છે કે સત્યાગ્રહ ઉપરથી પોતાની શ્રદ્ધા જરા પણ ન ખોવી. સત્યાગ્રહની પ્રતિજ્ઞા પળશે જ એવો અટલ વિશ્વાસ રાખવો.

મો. ક. ગાંધી

[મૂળ ગુજરાતી]

મહાદેવભાઈની ડાયરી, પુસ્તક પાંચમું

## ૨૩૫. મુંબઈમાં મારવાડીઓની સભામાં ભાષણ[1]

એપ્રિલ ૨૭, ૧૯૧૯

હું અત્યંત દિલગીર છું કે અહીં હું નીમેલે વખતે આવી શક્યો નથી. પણ હું આપણા કામની અંદર જ રોકાયેલો હતો.[2] અને તેમાંથી એકદમ નીકળી શકું તેવી સ્થિતિ નહીં હતી. આપણે આજે મળ્યા છીએ તેવો પ્રસંગ ગઈ કાલે ધારતો નહીં હતો. એટલે કે જ્યારે મને એવી ખબર મળી કે મારે અહીંયાં આવવાનું હતું, ત્યારે મને બિલકુલ ખબર નહીં હતી કે ભાઈ હૉર્નિમૅનને દેશવટો મળશે. જો આપણી સ્થિતિ હમણાં કફોડી નહીં હતે, તો જે સલાહ મેં મારી પત્રિકામાં આપેલી છે, તેથી જુદી જ બીજી સલાહ આપતે. આપણે સત્યાગ્રહનો મંત્ર પૂરેપૂરો લઈ શકયા નથી એ મેં અનુભવી જોયું છે. સત્યાગ્રહ આત્મબળ ઉપર જ રચાયલો છે તેની આપણને થોડી જ ખબર છે, તે હું જોઈ શકયો છું. જો આ ખામી મેં અનુભવી હતે તો આ વખતે ભાઈ હૉર્નિમૅનના વિયોગ માટે કાંઈ કર્યું હતે તે જુદા જ પ્રકારનું હતે. પણ જ્યાં સુધી સત્યાગ્રહનો શુદ્ધ પાયો પ્રજાએ નથી જોયો અને નથી અનુભવ્યો ત્યાં સુધી સત્યાગ્રહનું શુદ્ધ ચણતર કરવું અશકય છે. તેથી મારે એવી જ સલાહ આપવી પડી છે કે ભાઈ હૉર્નિમૅન જેવા જબરજસ્ત પ્રજાના સેવકનો વિયોગ થવા છતાં કંઈ પણ પ્રવૃત્તિ આપણે કરવી નહીં. પણ કાંઈ પ્રવૃત્તિ ન કરવી તેનો અર્થ એ છે કે બહારની પ્રવૃત્તિ હાલ કંઈ કરી શકતા નથી.

૧. આ સભા કાલબાદેવી રોડ ઉપર આવેલ નરનારાયણ મંદિરમાં સાંજે ૫-૩૦ વાગ્યે ભરવામાં આવી હતી. ગાંધીજી અશક્ત હતા. તેમનાથી ઊભા થઈ ભાષણ આપી શકાય તેમ નહોતું. એટલે એમનું લખેલું ભાષણ જમનાદાસ દ્વારકાદાસે વાંચી સંભળાવ્યું હતું.

૨. અંગ્રેજી પાઠમાં આ વાકય ઉમેરેલું છે: "ગાંધીજી મારી સાથે વાત કરવામાં રોકાયા હતા." આ ઉમેરો પોલીસ અધિકારીએ કર્યો હશે એમ લાગે છે.

Gandhi Heritage Portal

આપણે દુકાનો બંધ નથી કરી શકતા અને કામકાજ પણ બંધ રાખી શકતા નથી. કારણ તેમ કરવાથી દેશની અંદર ઉપદ્રવ થઈ જાય છે એમ આપણે જોયું છે. એમ કરવાથી ખુનામરકી થાય છે એમ પણ આપણે જોયું છે.

### સત્યાગ્રહનો પાયો સચ્ચાઈ અને અહિંસા ઉપર જ રચાયેલો છે

અને ખુનામરકી એ સત્યાગ્રહનો કોઈ પણ પ્રસંગે ભાગ હોઈ શકતો નથી. સત્યાગ્રહનો પાયો સત્ય અને અહિંસા ઉપર જ રચાયલો છે. જેઓએ મારી પત્રિકા વાંચી હશે તેઓએ તે જોયું હશે. જે માણસ સત્યનું સેવન કરે છે, અને કોઈ પણ સ્ત્રી અને કોઈ પણ પુરુષની માલમિલકતને ઈજા કરવા માગતો નથી, તે જ સત્યાગ્રહ સમજી શકે છે. આપણે રૉલેટ કાયદા સામે જે સત્યાગ્રહ કરવા માગીએ છીએ તે તમો સૌ બહેનો અને ભાઈઓને માલૂમ હશે. આપણે આપણી પ્રતિજ્ઞાની અંદર જણાવેલું છે કે રૉલેટ કાયદાને વશ થઈશું નહીં એટલું જ નહીં પણ બીજા જે કેટલાક કાયદા આપણી કમિટી ઠરાવે, તેનો આપણે સવિનય ભંગ કરીશું. એવો સવિનય કાયદાનો ભંગ એ જ સ્ત્રી અને પુરુષ કરી શકે કે જે આ બે સિદ્ધાંતોને વિષે હું બોલી ગયો, તેનું પાલન કરી શકે. એ સિદ્ધાંતોનું પાલન કીધા વગર કાયદાનો ભંગ એ તો અનાડીપણું છે એમ કહી શકાય. એ પ્રમાણે કાયદાનો ભંગ કરવો એ પ્રજા માટે કાંઈ સારું ફળ નિપજાવી શકતો નથી.

એટલે મોટામાં મોટો સત્યાગ્રહ એ રહ્યો કે પ્રજાની પાસે બની શકે ત્યાં સુધી સત્ય અને અહિંસાનાં બે તત્ત્વો મૂકવાં. જે વખતે આપણી ખાતરી થઈ જાય કે પ્રજાએ સત્ય અને અહિંસાનાં બે તત્ત્વોનું ગ્રહણ બરાબર કરી લીધું છે, તે વખતે સવિનય કાયદાનો ભંગ કરીએ. એ કારણસર આ પત્રે બીજી પ્રતિજ્ઞા પ્રજા સમક્ષ મૂકેલી છે. એ પ્રતિજ્ઞાનું નામ મદદગાર પ્રતિજ્ઞા છે.

### સત્યાગ્રહી પ્રહ્‌લાદના દાખલાની યાદ

આ મદદગાર પ્રતિજ્ઞા લઈ દરેક સ્ત્રી અને દરેક પુરુષ કબૂલ કરે કે તેઓ સત્ય અને અહિંસાનું પાલન કરશે. આપણી એવી ખાતરી થઈ જશે તો એટલે સુધી હું કહી શકું છું કે આપણે માટે કદાચ કાયદાનો સવિનય ભંગ કરવા જેવું નહીં રહે. તમો બધાને પ્રહ્‌લાદનો દાખલો તો યાદ હશે. જેવી રીતે સવિનય કાયદાનો ભંગ પ્રહ્‌લાદે કીધો તેવી જ રીતે આપણે કરવાનો છે. જેમ પ્રહ્‌લાદે પોતાના પિતાના કાયદાનો સવિનય ભંગ કરતાં સત્યને છોડયું નહીં, તેમ આપણે સત્યને છોડી શકતા નથી. પ્રહ્‌લાદે પોતાના પિતાને ઈજા કરવાની ઈચ્છા માત્ર પણ કરી હતી નહીં. તે જ પ્રમાણે આપણી પોતાની વર્તણૂક હોવી જોઈએ. સત્ય અને અહિંસા વિના કાયદાનો ભંગ કરવો તે ધર્મ નથી પણ અધર્મ છે. આપણે આપણી લડતને ધાર્મિક લડત ગણેલી છે. ભાઈ હૉર્નિમૅન વિષેની મારી આજની પત્રિકામાં હું કહી ગયો છું કે આધુનિક સુધારો શું છે તે વિષે હું બે શબ્દ કહેવા માગું છું.

### યુરોપના સુધારાની નકલ કરવાની મોકાણ

જગતનો ઈતિહાસ વાંચતાં મારા વાંચવામાં કોઈ પણ જગ્યાએ નથી આવ્યું કે આખી પ્રજાઓએ પોતાનો વખત માત્ર શસ્ત્રબળ કેળવવામાં જ ગાળ્યો હોય. એ તો આપણે આ જમાનામાં યુરોપમાં જોઈ રહ્યા છીએ. હિંદુસ્તાનની પ્રજા પ્રત્યે હિંદુ, મુસલમાન, પારસી, યહૂદી અને ખ્રિસ્તીઓને મારી એટલી જ અરજી છે કે યુરોપના સુધારામાં તેઓએ ડૂબી મરવું નહીં. છતાં હું જોઈ રહ્યો છું કે હિંદુસ્તાનનો વેગ એ સુધારા ભણી છે. જો હિંદુસ્તાનનો વેગ એ

Gandhi Heritage Portal

સુધારા ભણી નહીં હતે તો જે ખુનામરકી પંજાબ અને અમદાવાદમાં આપણે જોઈ છે તે કદી જોઈ નહીં હતે. તેમાં ગુણદોષનું પૃથક્કરણ હું કરવા ઈચ્છતો નથી. મારી તો હમણાં એટલું જ બતાવવાની ફરજ છે કે ખુનામરકીનાં તત્ત્વો ઉપર વિશ્વાસ રાખીને આપણે કદી હિંદુસ્તાનનું તારણ મેળવી શકવાના નથી. ખુનામરકી કરીને હિંદુસ્તાનનને સારુ કોઈ પણ પ્રકારનો લાભ આપણે ઉઠાવી શકવાના નથી. જ્યાં સુધી આ વાત ઉપર આપણો પૂરેપૂરો વિશ્વાસ ન આવે ત્યાં સુધી આપણે ખરેખરો સત્યાગ્રહ કરી શકતા નથી. હું પોતે બધા ધર્મોનું મંથન કરીને એટલું જ સમજી શક્યો છું કે જેઓ પશુબળ – શસ્ત્રબળ ઉપર આધાર રાખે છે તેઓ તો અધર્મ પ્રવર્તાવે છે અને જે માણસ આત્મબળ પર વિશ્વાસ રાખે છે તે ધર્મને સમજે છે. સત્યાગ્રહ કેવળ આત્મબળ પર વિશ્વાસ રાખવા સિવાય બીજું કાંઈ નથી. સૌ બહેનો અને ભાઈઓને મારી વિનંતી છે કે આપણે જે કાર્ય ઉપાડેલું છે તે કાર્ય પૂરું કરવામાં મેં જે કહેલું છે તે ધ્યાનમાં રાખીને મદદ કરજો.

**શ્રીયુત ગાંધીજીની છેવટની સલાહ**

અત્યારે હું કાંઈ વહેવારુ સૂચના કરવા બેસું, તો મારે એટલું જ કહેવાનું છે કે મેં જે સિદ્ધાંતો હમણાં મૂક્યા છે, તે જો તમોને પસંદ હોય, તો બીજાં સ્ત્રીપુરુષો વચ્ચે તે સિદ્ધાંતોનો પ્રચાર કરવા તમો જેટલો વખત ગાળી શકતા હો, તેટલો વખત તમારે ગાળવો. તેમ કરતાં આ સિદ્ધાંતોને પ્રજાની સમક્ષ થોડા જ વખતમાં મૂકી શકશું. એ ઉપરથી કોઈએ એમ સમજવાનું નથી કે મેં જે વાત કહી છે તેને સિદ્ધ કરવા જુગોના જુગ જોઈશે. આપણે આપણું પોતાનું કાર્ય ઝપાટાબંધ ઉકેલી શકીએ છીએ એવી મારી ખાતરી છે. માત્ર પ્રજાની એટલી જ સંમતિની જરૂર છે કે કોઈ પણ હિંદી આ ચળવળ ચલાવતો હોય તે ખુનામરકીની અંદર રોકાય નહીં.

[મૂળ ગુજરાતી]

ગુજરાતી, ૪–૫–૧૯૧૯

## ૨૩૬. सत्याग्रह पत्रिका – ८

મુંબઈ,

એપ્રિલ ૨૮,[૧] ૧૯૧૯

ભાઈ હૉર્નિમૅનનો અસહ્ય વિયોગ થયો છે તે છતાં મુંબઈની અંદર શાંતિ જળવાઈ રહી છે એને હું સત્યાગ્રહને સારુ સારા શુકન માનું છું. એવી જ રીતે સરકાર આપણાં બીજાં વહાલાંઓને પણ પકડે, મને પણ પકડી લે, તે વખતે પણ સહુ પૂરેપૂરી શાંતિ જાળવો એમ હું માગી લઈશ. સરકારને જેની ઉપર શક આવે તેને પકડવાનો તેને અધિકાર છે. વળી આપણી લડતમાં આપણે આપણા આત્માની સમક્ષ નિર્દોષ હોઈએ છતાં પકડાવું, જેલમાં જવું, એ તો આપણો સિદ્ધાંત છે. એટલે આપણે કોઈ પણ સત્યાગ્રહી પકડાય તે વેળાએ ગુસ્સો કેમ કરીએ? આપણે તો એમ જાણવું જોઈએ કે જેમ ઉપર બતાવ્યા એવા નિર્દોષ માણસોની પકડાપકડી વહેલી થશે તેમ લડતનો અંત વહેલો આવશે.

૧. એપ્રિલ ૨૭; જુઓ મહાદેવભાઈની ડાયરી, પુસ્તક પાંચમું.

Gandhi Heritage Portal

કેટલાક માણસો મેં એમ કહેતા સાંભળ્યા છે કે સત્યાગ્રહમાં પણ છેવટે તો ખુનામરકીથી જ છુટકારો થાય છે. તેઓ કહે છે કે સત્યાગ્રહીઓ પકડાય તેથી પ્રજા ઉશ્કેરાય, મારપીટ કરે અને તેમ કરીને દાદ મેળવે. આ તો કેવળ ભયંકર વહેમ છે. એથી ઊલટી વાત એ સાચી છે. સત્યાગ્રહીના પકડાવાથી અમદાવાદમાં મારપીટ થઈ તેનું પરિણામ આપણે જોઈ ગયા. લોકો દબાઈ ગયા છે. જે ગુજરાતમાં કોઈ દિવસ મિલિટરી ન હોય ત્યાં મિલિટરી જોવામાં આવે છે. મારી ચોક્કસ માન્યતા છે કે સત્યાગ્રહનો વિજય શુદ્ધ સત્યથી જ કોઈને પણ ઈજા કર્યા વિના જ અને પોતે દુ:ખ વેઠીને જ થઈ શકે. દક્ષિણ આફ્રિકા, ખેડા, ચંપારણ ઇત્યાદિનો મારો અનુભવ એ સિદ્ધાંતને સારી રીતે પુરવાર કરે છે. આટલું તત્ત્વ જ્યાં સુધી આપણે ન સમજી શકીએ ત્યાં સુધી આપણે સત્યાગ્રહ ચલાવવાને સારુ જરા પણ લાયક ન થઈ શકીએ. ત્યારે હવે આપણે શું કરવું? 'ભાઈ હૉર્નિમૅન દેશપાર થયા અને આપણે મૂંગે મોઢે હાથ ઝાલીને બેઠા રહેવું?' એવી શંકા ઊઠી શકે છે. મારો જવાબ એ છે કે આપણી શાંતિમાં જ આપણે ભાઈ હૉર્નિમૅનના વિયોગનું દુ:ખ બતાવીએ છીએ. આપણી શાંતિ એ જ આપણી એક ભારે ચળવળ છે. એ વડે આપણે આપણી મુરાદ બર લાવીશું અને ભાઈ હૉર્નિમૅનને વહેલા વધાવી લઈશું. હિંદુસ્તાન જ્યારે આ સત્યાગ્રહની લડત વિષે સત્ય અને અહિંસા ઉપર જ આધાર રાખતાં ટેવાઈ જશે ત્યારે આપણે કાયદાનો સવિનયભંગ શરૂ કરી શકીએ છીએ. કોઈ કહે છે કે, 'હિંદુસ્તાનને સત્ય અને અહિંસાનો મંત્ર લેતાં તો વર્ષો ચાલ્યાં જાય એટલે શું આપણી લડતનો નિકાલ લાવતાં વર્ષો લાગવાનાં?' હું એટલું જ કહેવા ઇચ્છું છું કે જે વખતે સત્ય અને અહિંસા પ્રગટ થાય છે ત્યારે તેની ગતિ એટલી બધી તીવ્ર હોય છે કે તેને કરોડોમાં પણ વ્યાપક થતાં વખત જતો નથી. આમ થવાને સારુ જે જરૂરનું છે તે તો એટલું જ કે લોકોના હૃદયને વિષે સત્ય અને અહિંસાની છાપ પડે અને તેઓને સત્ય અને અહિંસાની શક્તિ ઉપર વિશ્વાસ આવે. આટલું થવાને સારુ આપણને જો સત્યાગ્રહીઓ ખરા હોઈએ તો મહિના બે મહિનાથી વધારે કદી ન લાગવા જોઈએ.

ઉપર પ્રમાણે સૂચવ્યા મુજબ સત્યનો અને અહિંસાનો અતિશય વેગથી ફેલાવો થઈ શકે તેને સારુ હું નમ્રતાપૂર્વક નીચેની સલાહ આપું છું. હરેક દેશની મહાન ચળવળો મુખ્યત્વે વેપારી વર્ગ ઉપર આધાર રાખે છે. મુંબઈ વેપારનું હિંદુસ્તાનમાં—દુનિયામાં પણ મહાસ્થાન છે. મુંબઈના વેપારીઓ અસત્ય અને અસત્યમાંથી ઉત્પન્ન થતા દોષો દૂર કરી, ભલે ઓછો લાભ થાય કે નુકસાન થાય તે સહન કરી, પોતાના વેપારમાં પ્રામાણિકતાને દાખલ કરી દે તો સત્યને કેટલો વેગ મળી શકે? એના જેવું બીજું આપણે ભાઈ હૉર્નિમૅનને કયું માન આપી શકીએ? આપણી જીત મેળવવાનો પાસો સત્યની ઉપર રહેલો છે, એટલે વેપારમાં જ સત્ય પ્રવેશ કરે તો અસત્યના બીજા કિલ્લાઓ સર કરવા એ તો રમત વાત જણાય. મુંબઈના વેપારીઓ જેઓનો ભાઈ હૉર્નિમૅન ઉપર ભારે ભાવ છે તેઓને સારુ મારી સલાહ પ્રમાણે ચાલવું મુશ્કેલ નથી એવી મારી ખાતરી છે. અને જો આપણે સત્યની છાપ સરકાર ઉપર પાડી શકીએ અને અહિંસા પાળી સરકારને અભયદાન આપી શકીએ તો કાયદાઓનો સવિનય ભંગ કરવાની ગડમથલમાં પણ ન પડવું પડે એવો મારો વિશ્વાસ છે.

મો. ક. ગાંધી

[મૂળ ગુજરાતી]

महादेवभाईनी डायरी, पुस्तक पांचमुं

Gandhi Heritage Portal

# ૨૩૭. સત્યાગ્રહ પત્રિકા–૯

મુંબઈ,
એપ્રિલ ૨૮, ૧૯૧૯[1]

ભાઈઓ અને બહેનો,

હું મિત્રો તરફથી સાંભળ્યા કરું છું કે ભાઈ હૉર્નિમૅનના દેશનિકાલ વિષે લોકલાગણી બતાવવા સારુ કંઈક પણ રસ્તો શોધાવો જોઈએ એવી લોકવાયકા છે. આ ઇચ્છા બહુ સ્વાભાવિક છે. પણ હું જણાવી ગયો છું કે આપણે શાંતિ જાળવી છે એથી જ આપણી લાગણી આપણે ખૂબ બતાવી છે એ સહુ સમજી શક્યા છે. સત્યાગ્રહ ચાલતો હોય ત્યાં જ આટલી શાંતિ જળવાઈ રહે એમ મારો ખાસ અભિપ્રાય છે. મારી માન્યતા છે કે સત્તાધિકારીઓ પણ લોકની ગંભીર શાંતિથી આશ્ચર્યચકિત થઈ રહ્યા છે. થાય જ. સરકાર સમજે છે કે ભાઈ હૉર્નિમૅન પ્રત્યે લોકોની લાગણી ઘણી તીવ્ર છે. એ લાગણી રખેને ઊભરાઈ જઈ આડે રસ્તે દોરવાય તેથી સરકારે ભારે મિલિટરીનો જાપતો રાખ્યો છે. એ મિલિટરીને કશુંયે કાર્ય કરવાનું નથી મળ્યું એ મુંબઈને ભારે માન છે. એ સત્યાગ્રહનો એક ભારે જય છે. આવી જ રીતે પ્રજા પોતાની શાંતિ વખતોવખત બતાવી શકે તો પ્રજાની ભારે ઉન્નતિ થાય એમાં મને જરાયે શક નથી. કોઈએ પણ એમ નથી માની લેવાનું કે ભાઈ હૉર્નિમૅનને પાછા લાવવાના ઉપાયો આપણે નથી કરી રહ્યા અથવા હવે પછી નથી કરવાના. બધા ઉપાયોમાં હાલ જળવાઈ રહેલી શાંતિ એ ભારેમાં ભારે ઉપાય છે. એમ છતાં હું એક સૂચના પ્રજાને કરવા ઇચ્છું છું કે જેમને હડતાળ પાડવી એ અતિશય પ્રિય હોય તેમણે પોતાનો એક દિવસનો નફો જાહેર પ્રવૃત્તિમાં આપી દેવો એ હડતાળ પાડ્યા બરોબર છે.

પણ આ પત્રિકામાં હું મુખ્ય વસ્તુ બતાવવા ઇચ્છું છું તે આ છે: આજ લગી જે આંદોલનો થયાં છે, જે લડતો લડાઈ છે તેમાં અને સત્યાગ્રહમાં એવો તો મોટો તફાવત છે કે જેવો ઉત્તર અને દક્ષિણની વચ્ચે છે. આટલું ધ્યાનમાં રાખવાથી લોકોની કેટલીક ગૂંચવણો એની મેળે ઉકેલી શકાશે. સામાન્ય મેળાવડા અને સત્યાગ્રહી મેળાવડામાં ઘણો તફાવત છે એમ આપણે જોઈ ગયા છીએ. સત્યાગ્રહ એ ધર્મપ્રવૃત્તિ છે, એટલે તેમાં કેવળ સત્ય, શાંતિ, ગંભીરતા, ધીરજ, દૃઢતા, નીડરતા વગેરે ગુણોની જ ઝાંખી થવી જોઈએ. સત્યાગ્રહી હડતાળ એ સામાન્ય હડતાળથી જુદી જ હોય. હું એવો પ્રસંગ બતાવી ગયો છું કે સામાન્ય હડતાળ ચાલતી હોય ત્યારે સત્યાગ્રહી હડતાળ બંધ કરવી પડી છે. સામાન્ય હિલચાલમાં મોટા પોકારો કરીને જે વસ્તુ મેળવવાની આપણે આશા રાખીએ છીએ તે વસ્તુ સત્યાગ્રહની હિલચાલમાં આપણે ઘણી વેળા કેવળ ચુપકીથી જ મેળવી શકીએ છીએ. સત્યાગ્રહમાં અંતરના ઊંડા નાદો જેટલે દૂર સંભળાય છે તેટલે દૂર સામાન્ય અવાજ પહોંચી જ શકતો નથી. એવા બીજા અસંખ્ય દાખલા સૌ ભાઈબહેન પોતાને સારુ ઘટાવી શકે છે. અને તે ઉપરથી જોઈ શકે છે કે સત્યાગ્રહ એ જુદા જ

૧. આ પત્રિકા આઠમી પત્રિકા પાછળ છાપવામાં આવી હતી.

Gandhi Heritage Portal

પ્રકારની વસ્તુ હોવાથી કંઈક જુદા જ અનુભવો થાય તેથી લોકોએ આશ્ચર્ય પામવાનું નથી. તેથી ભાઈઓને અને બહેનોને મારી વિનંતી છે કે ભાઈ હૉર્નિમૅન વિષે કંઈ બાહ્ય પ્રવૃત્તિ નથી જોવામાં આવતી તેથી તેમણે ગભરાવું નહીં પણ ધીરજ રાખવી અને વિશ્વાસ રાખવો કે સત્યાગ્રહને પંથે ચાલીને આપણે તેમને પહેલા ભેટીશું.

મો. ક. ગાંધી

[મૂળ ગુજરાતી]

મહાદેવભાઈની ડાયરી, પુસ્તક પાંચમું

## ૨૩૮. પુંડલીકને તાર

મુંબઈ,
એપ્રિલ ૨૮, ૧૯૧૯

પુંડલીક
ગોરખપ્રસાદને ત્યાં
મોતીહારી

સત્યથી ચળ્યા વિના બિલકુલ શાંતિથી બોલો અને કાર્ય કરો.

ગાંધી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : જી. એન. ૫૨૨૨

## ૨૩૯. ટાઇમ્સ ઑફ ઇન્ડિયાને પત્ર

મુંબઈ,
એપ્રિલ ૨૮, ૧૯૧૯

સંપાદક
ટાઇમ્સ ઑફ ઇન્ડિયા
સાહેબ,

સોમવાર તા. ૧૪મીને રોજ અમદાવાદમાં ભરાયેલી સભાના મારા ભાષણ અંગે હું જોઉં છું કે તેમાંના હિંસાના વ્યવસ્થિત સ્વરૂપ વિષેના મારા કથન વિષે ગેરસમજ થઈ છે અને એ કથનનો સંબંધ બીજે આચરવામાં આવેલાં હિંસાત્મક કાર્યો સાથે જોડવામાં આવ્યો છે. પરંતુ મેં તો કેવળ અમદાવાદમાં થયેલી હિંસાનો જ એ ભાષણમાં ઉલ્લેખ કર્યો હતો. મૂળ ભાષણ ગુજરાતીમાં હતું.તેનો અનુવાદ આ પ્રમાણે છે :[1]

૧. અહીં અનુવાદ આપ્યો નથી પણ મૂળ ગુજરાતી આપ્યું છે. ગાંધીજીનો અનુવાદ અંગ્રેજી પુસ્તકમાંથી જોઈ શકાય.

Gandhi Heritage Portal

મને ભાસે છે જે કાર્ય અમદાવાદમાં થયાં તે કાર્ય યુક્તિસર થયેલાં જોવામાં આવે છે. એટલે તેમાં કોઈ શીખેલા અને જાણનાર માણસ અથવા માણસોનો હાથ હોય એમ હું ખચીત માનું છું.

મારું વિધાન એટલું બધું ચોક્કસ અને સ્પષ્ટ છે કે તેને હિંદુસ્તાનના બીજા કોઈ ભાગમાં થયેલી હિંસક પ્રવૃત્તિને લાગુ પાડી શકાય એમ નથી. ખરી વાત એ છે આ સંદર્ભમાં હું અન્ય પ્રદેશોનો ઉલ્લેખ કરી શકું તેમ હતું જ નહીં, કેમ કે તે વખતે મને એ પ્રદેશો વિષે છાપાંમાં જે કંઈ વાંચ્યું હોય તે સિવાય બીજી કશી માહિતી નહોતી. અને હકીકતમાં અત્યારે પણ નથી. મારું વિધાન ખરેખર વીરમગામને પણ લાગુ પડતું નહોતું, કેમ કે તે વખતે વીરમગામમાં થયેલી હિંસા વિષે પણ મને બહુ ઓછી માહિતી હતી.

મો. ક. ગાંધી

[મૂળ અંગ્રેજી]

टाइम्स ऑफ इण्डिया, ૩૦–૪–૧૯૧૯

# ૨૪૦. જે. ક્રિરરને પત્ર

મુંબઈ,

એપ્રિલ ૨૯, ૧૯૧૯

વહાલા મિ. ક્રિરર,[૧]

મને લાગે છે કે સરકાર પ્રત્યે અને શહેરના મારા સહકાર્યકર્તાઓ પ્રત્યે મારી એ ફરજ છે કે મિ. હૉર્નિમૅનની હદપારી વિષે તથા સમાચાર ઉપર અંકુશ મુકાવાના હુકમને કારણે बॉम्बे क्रॉनिकलનું પ્રકાશન બંધ થવાથી જે વિષમ પરિસ્થિતિ ઊભી થઈ છે તે વિષે મારે નામદાર ગવર્નર સાહેબને માહિતી આપવી જોઈએ. મારો નમ્ર અભિપ્રાય એવો છે કે મિ. હૉર્નિમૅનને હદપાર કર્યા એ સંપૂર્ણ રીતે ગેરવાજબી છે અને એમને હદપાર કર્યા પછી સમાચારો ઉપર અંકુશ મૂકવાનો હુકમ થયો એ તદ્દન બિનજરૂરી છે. જામીનગીરી જપ્ત કરવામાં આવી એનાથી બળતામાં ઘી હોમાયું છે. અને આ બધું સવિનય ભંગની લડત સંપૂર્ણ રીતે બંધ કરવામાં આવી છે તે વખતે થઈ રહ્યું છે! સત્યાગ્રહીઓ પોતાનાથી બને તે ઉપાયો યોજી ફરીથી શાંતિ સ્થાપવામાં મદદ કરવા ભગીરથ પ્રયત્નો કરી રહ્યા છે. મને એટલું કહેવા દેશો કે જો સત્યાગ્રહીઓએ સતત રીતે મહેનત ન કરી હોત તો લશ્કરની સાવધાની છતાં ઉશ્કેરાટભર્યા દેખાવો જરૂર થયા હોત. હૉર્નિમૅનની હદપારી અંગે કોઈ પણ જાતના દેખાવો નહીં કરવા મેં સલાહ આપી છે. તેના વિરોધમાં મારી પાસે થોકબંધ ફરિયાદો આવી છે અને કલાકે કલાકે તે વધતી જ જાય છે. સત્યાગ્રહ સભા કોઈક પ્રકારનો દેખાવ થતો સંપૂર્ણ રીતે રોકી શકશે કે કેમ તે હું ખાતરીપૂર્વક કહી શકતો નથી. એટલે હું અત્યંત આદરપૂર્વક સૂચવું છું કે સરકારે એક નિવેદન બહાર પાડી લોકોને ખાતરી આપવી કે હદપારીનો હુકમ વહેલી તકે પાછો ખેંચી લેવામાં આવશે અને સમાચારો ઉપર પ્રતિબંધ મૂકવા અંગે તથા જામીનગીરી જપ્ત કરવા અંગેના હુકમો

૧. મુંબઈ સરકારના ન્યાયખાતાના સચિવ.

Gandhi Heritage Portal

સાવ રદ કરવામાં આવશે. મને જાણવા મળ્યું છે કે સરકાર મુંબઈમાં બીજા આગેવાન સત્યાગ્રહીઓને પકડવાની તૈયારી કરી રહી છે. હું આશા રાખું કે મને મળેલી આ માહિતી સાચી નહીં હોય. આજે સવિનય ભંગની લડત બંધ છે, તેમ છતાં જો વધારે ધરપકડો કરવામાં આવશે તો તે લોકહિતની દૃષ્ટિએ ભારે ખતરનાક નીવડશે. હું માનું છું કે લોકોના મનમાં ભભૂકી રહેલો રોષ શમાવવાના મારા બધા પ્રયત્નો નિષ્ફળ જશે, તેમ જ આવી કોઈ ધરપકડોને પરિણામે કશુંક અનિષ્ટ પરિણામ આવશે તો તેને માટે હું મારી જાતને અથવા આ લડતને (નૈતિક રીતે કે બીજી રીતે) જવાબદાર લેખી શકીશ નહીં.

શ્રીમતી નાયડુને સિંધથી એક પત્ર મળ્યો છે. એમાં એમને ત્યાંની પરિસ્થિતિથી વાકેફ કરવામાં આવ્યાં છે. કરાંચીમાં થયેલી ધરપકડોની ત્યાંના લોકમાનસ ઉપર બહુ ગંભીર અસર થયેલી જણાય છે.

શાંતિને ખાતર મારી નમ્ર વિનંતી એવી છે કે સવિનય ભંગની લડત બંધ છે એ દરમિયાન આપ ખામોશી રાખશો.

આપનો સહૃદયી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૬૫૭૪

## ૨૪૧. सत्याग्रह पत्रिका – १०

મુંબઈ,
એપ્રિલ ૩૦, ૧૯૧૯

બહેનો અને ભાઈઓ,

મિ. હૉર્નિમૅન તરફથી મારી પાસે બે પત્રો આવ્યા છે. હું અપેક્ષા રાખું છું કે આપ સૌ એ પત્રો વાંચવા આતુર હશો. જે એક પત્ર મને લખેલો છે તે આ પ્રમાણે છે :

પ્રિય મહાત્માજી,

આખરે એ લોકો મને દૂર લઈ જઈ રહ્યા છે. અગાઉથી કશી પણ સૂચના આપ્યા વિના મને ઉપાડી જવામાં આવ્યો છે. આ પત્ર તો માત્ર આપની વિદાય લેવા અને આપના આશીર્વાદ માગવા લખી રહ્યો છું. હિંદના લોકો માટે આપ જે કામ કરી રહ્યા છો તેમાં ઈશ્વર આપને સહાય કરો.

હું જ્યાં પણ હોઈશ ત્યાં મારાથી જે કંઈ બનશે તે અવશ્ય કરતો રહીશ.

સદાનો આપનો સ્નેહપાત્ર
**બી. જી. હૉર્નિમૅન**

શ્રી જમનાદાસને લખેલો પત્ર આ પ્રમાણે છે :

પ્રિય જમનાદાસ,

હું આશા રાખું છું કે ગમે તે બનવા પામે છતાં મુંબઈ શાંત રહેશે.

આ પત્ર તમને મળશે કે કેમ તે હું જાણતો નથી. પરંતુ જો તે મળે તો સૌ ભાઈબહેનોને મારાં સ્નેહવંદન કહેશો. દરમ્યાન હું જ્યાં પણ હોઈશ ત્યાં હિંદુસ્તાનની સેવા કરતો રહીશ.

સદાનો તમારો
**બી. જી. હૉર્નિમૅન**

Gandhi Heritage Portal

આ બંને પત્રો એમણે ટકાડા જહાજમાંથી લખેલા છે. બીજા સમાચાર એવા છે કે એમની તબિયત બિલકુલ સારી છે, એમની સંભાળ સારી લેવાય છે અને અધિકારીઓ એમની સાથે પૂરા વિવેકથી વર્ત્યા છે. હદપારીના હુકમનો અર્થ એ છે કે મિ. હૉર્નિમૅન ઇંગ્લંડ પહોંચ્યા પછી તદ્દન મુક્ત રહેશે અને એમની સ્વતંત્રતા ઉપર કોઈ પ્રકારનો પ્રતિબંધ રહેશે નહીં. બીજું એમણે પોતે જ્યાં હોય ત્યાંથી હિંદુસ્તાનની સેવા કરવાનો સંકલ્પ કર્યો છે એટલે સંભવ એવો છે કે તેઓ ઇંગ્લંડમાં રહીને હિંદુસ્તાનની ઘણી મોટી સેવા બજાવશે. પરંતુ લોકોને માટે આ વાત માત્ર એક નજીવું આશ્વાસન છે. તેમને ખરો સંતોષ તો ત્યારે જ થાય જ્યારે હદપારીનો હુકમ પાછો ખેંચાય. એટલે જ્યાં સુધી તેઓ આપણી વચ્ચે પાછા નહીં આવે ત્યાં સુધી આપણાથી જંપીને બેસી નહીં શકાય. એમને આપણી વચ્ચે પાછા કેવી રીતે લાવી શકાય તે આપણે સારી રીતે જાણીએ છીએ. આમાં પહેલી અને સૌથી મોટી વાત એ છે કે આપણે સંયમ રાખીએ અને શાંતિ જાળવતાં શીખીએ. જો આપણે શાંતિનો ભંગ કરીશું તો મિ. હૉર્નિમૅનનું પાછા આવવાનું માત્ર લંબાશે અને એમને દુઃખ પણ થશે.

મો. ક. ગાંધી

મુદ્રક : એમ. એન. કુલકર્ણી, કર્ણાટક પ્રિન્ટિંગ પ્રેસ, ૪૩૪, ઠાકુરદ્વાર, મુંબઈ; અને પ્રકાશક : એસ. જી. બૅંકર, ૭૨, એપોલો સ્ટ્રીટ, ફૉર્ટ, મુંબઈ.

[મૂળ અંગ્રેજી]

દિલ્હીના ગાંધી સ્મારક સંગ્રહાલયમાં સાચવી રાખવામાં આવેલી મૂળ છાપેલી પત્રિકા પરથી
સૌજન્ય : એચ. એસ. એલ. પોલાક

## ૨૪૨. સર સ્ટૅનલી રીડને પત્ર

લેબર્નમ રોડ,
મુંબઈ,
એપ્રિલ ૩૦, ૧૯૧૯

વહાલા સર સ્ટૅનલી રીડ,

આ સાથે સ્વદેશીની પ્રતિજ્ઞાનું ફૉર્મ બીડું છું. જો બની શકે તો આને માટે હું અંગ્રેજ મિત્રોનું સમર્થન મેળવવા ઉત્સુક છું. ખાસ કરીને હાલની ક્ષણે મારી આ ઉત્સુકતા વધી છે, કારણ કે હું પ્રત્યક્ષ ઉદાહરણ વડે એવું ઠસાવવા માગું છું કે સ્વદેશીનું આંદોલન દ્વેષભાવથી કે વેરભાવથી પ્રેરાઈને ઉપાડવામાં નથી આવ્યું, પરંતુ હિંદુસ્તાનના ઉત્કર્ષ માટે એક આવશ્યક બાબત હોવાથી એ ઉપાડવામાં આવ્યું છે. જો આપ આ પ્રતિજ્ઞાપત્ર ઉપર સહી કરી શકતા હો તો મને ઘણો આનંદ થશે. અને જો આપને મારી વાત ગમતી હોય તો આપ બીજા અંગ્રેજ ભાઈઓની પણ સહીઓ મેળવી આપો એમ હું ઇચ્છું છું.[૧]

મો. ક. ગાં.

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૬૫૭૫

૧. મિ. રીડના જવાબ માટે જુઓ પરિશિષ્ટ ૪.

Gandhi Heritage Portal

## ૨૪૩. એન. પી. કોવીને પત્ર

લેબર્નમ રોડ,
ગામદેવી,
મુંબઈ,
એપ્રિલ ૩૦, ૧૯૧૯

વહાલા મિ. કોવી,[૧]

આ સાથે નામદાર ગવર્નરની જાણ માટે સ્વદેશીની પ્રતિજ્ઞાનું ફૉર્મ મોકલી આપું છું. આ પ્રતિજ્ઞાપત્ર હવે બહાર વહેંચવા માટે તૈયાર થઈ ગયું છે. જો નામદાર ગવર્નર સાહેબને એમના સરકારી હોદ્દાને લીધે આ પ્રતિજ્ઞાપત્ર ઉપર સહી કરવામાં બાધ ન આવતો હોય અને તેઓ એના પર સહી કરશે તો હું એને એક અત્યંત મહત્ત્વની ઘટના સમજીશ. નામદાર ગવર્નર જો સ્વદેશીને સમર્થન આપશે તો તેથી એક બાબતની તરત જ ખાતરી થશે કે સ્વદેશીની પ્રતિજ્ઞા કોઈ જાતના વેરભાવથી લેવાઈ નથી રહી પરંતુ એની પાછળ લાંબા વખતથી ઠેલાતી આવેલી એક આર્થિક જરૂરિયાતનો સ્વીકાર રહેલો છે.

આપનો સહૃદયી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી: એસ. એન. ૬૫૭૬

## ૨૪૪. સિંધના સત્યાગ્રહીઓ જોગ પત્ર

મુંબઈ,
એપ્રિલ ૩૦, ૧૯૧૯

પ્રિય ભાઈઓ અને બહેનો,

સિંધમાં જે કંઈ બની રહ્યું છે તે વિષે મેં ઘણું સાંભળ્યું છે અને વાંચ્યું છે. હું જોઉં છું કે ત્યાં થોડી ધરપકડો પણ થઈ છે. જો આ ધરપકડો સત્યાગ્રહને કારણે થઈ હોય તો તો સત્યાગ્રહીઓ માટે એના કરતાં બીજી વધારે સારી કે આવકારવાલાયક બિના ન હોઈ શકે. આ રીતે પકડાયેલા સત્યાગ્રહીઓને જો સજા કરવામાં આવે તો તેમણે ખુશીથી જેલમાં જવું. અને જે લોકો બહાર રહે તેમણે સંપૂર્ણ શાંતિ જાળવીને તથા સ્વસ્થ રહીને એમનાં દુ:ખોમાં ભાગ લેવો. પરંતુ જો તેમને સત્યાગ્રહના નિયમો વિરુદ્ધનું કોઈ કૃત્ય કરવાને કારણે, એટલે કે જે કાયદાઓ પાછળ નૈતિક બળનું સમર્થન પણ હોય એવા કાયદાઓનો ભંગ કરવા બદલ પકડવામાં આવ્યા હોય અને કોઈ નિષ્પક્ષ અદાલત દ્વારા જો તેઓ ગુનેગાર ઠર્યા હોય તો એમને જે કંઈ શિક્ષા થાય તેને તેઓ પાત્ર ગણાશે. એટલે આ બંને સંજોગોમાં આપણે માટે ફરિયાદનું કશું કારણ હોઈ નહીં શકે. પરંતુ મને ખબર મળી છે કે આ ધરપકડોને કારણે કેટલાયે લોકો ઉશ્કેરાઈ ગયા છે.

૧. મુંબઈના ગવર્નરના ખાનગી સેક્રેટરી.

Gandhi Heritage Portal

એવા ભાઈઓને મારે કહેવું પડશે કે તેઓ સત્યાગ્રહનો કાયદો સમજ્યા નથી. આપણે જે કંઈ બોલીએ અને કરીએ તેમાં કેવળ સત્યનું જ પાલન કરવા માગીએ છીએ. સત્ય અને અહિંસાના સિદ્ધાંતો પ્રમાણે વર્તતાં આપણે કોઈ પણ વ્યક્તિને અથવા એની માલમિલકતને નુકસાન પહોંચાડીશું નહીં એવું આપણે સ્વીકાર્યું છે. જો આપણે કોઈ મુશ્કેલીમાં મુકાઈ જઈએ તો આપણા સંપર્કમાં આવનારા લોકોને ફરિયાદ કરવાનું કે અસંતોષ પ્રકટ કરવાનું સહેજ પણ કારણ રહેતું નથી. સત્યાગ્રહનું મુખ્ય તત્ત્વ એ છે કે ગમે તેવી સખત ઉશ્કેરણીમાં પણ આપણે કોઈ પણ પ્રકારે હિંસા આચરતા નથી. જે ક્ષણે આપણે સહેજ પણ હિંસા કરી બેસીએ તે જ ક્ષણે આ લડત ખતમ થઈ જાય છે. એટલા માટે હું આશા રાખું છું કે ગમે તેટલા મુકદ્દમા ચાલે તોપણ આપ સૌ શાંતિ રાખશો અને સ્વસ્થ રહેશો.

[મૂળ અંગ્રેજી]

છબી પરથી: એસ. એન. ૬૫૭૭

## ૨૪૫. કેરને પત્ર

[એપ્રિલ, ૧૯૧૯][1]

વહાલ મિ. કેર,[2]

મેં માનેલું કે હું સોમવારે નડિયાદ આવી શકીશ. પરંતુ અહીંની નાજુક પરિસ્થિતિને લઈને મારે મુંબઈ રોકાવું પડયું છે. નડિયાદથી કેટલાક ભાઈઓ અહીં આવ્યા છે. તેઓ કહે છે કે વીજળીના તારનાં દોરડાં કાપવામાં સંડોવાયેલા લોકો પોતાનો ગુનો પૂરેપૂરો કબૂલ કરવા તૈયાર છે. પરંતુ આ કબૂલાત થાય તે વખતે મારે નડિયાદમાં રહેવું એમ તેઓ ઇચ્છે છે. ત્યાં જવા હું કયારે નવરો થઈશ તે કહી શકતો નથી. તેમ છતાં હું આશા રાખું છું કે સંબંધ ધરાવતા લોકોની ઇચ્છા મુજબ વર્તવામાં મને કશી મુશ્કેલી નડશે નહીં.

[મૂળ અંગ્રેજી]

છબી પરથી: જી. એન. ૮૨૨૭

૧. આ પત્રની વિગત ઉપરથી જણાય છે કે તે એપ્રિલ, ૧૯૧૯માં લખાયો હોવો જોઈએ.
૨. ખેડાના કલેક્ટર.

Gandhi Heritage Portal

# ૨૪૬. સત્યાગ્રહ પત્રિકા – ૧૧

મે ૧, ૧૯૧૯

ભાઈઓ અને બહેનો,

ભાઈ હૉર્નિમૅનના સંબંધમાં કાગળો આવ્યા કરે છે અને તેમાં અનેક પ્રકારના પોકારો હોય છે. આમાંના ઘણાખરા કાગળો નનામા છે. તેમાંના એક કાગળમાં એવું જણાવવામાં આવે છે કે આપણે સભાઓ વગેરે ભરીએ તેથી કદાચ ખુનામરકી થાય તોયે શી પરવા છે? ખુનામરકી વિના આપણને કશું જ મળવાનું નથી, ભાઈ હૉર્નિમૅનને આપણે તે વિના પાછા લાવી શકવાના નથી.

સત્યાગ્રહને રસ્તે જતાં તો આનો જવાબ તુરત આપી શકાય એમ છે. ખુનામરકી વડે જ ભાઈ હૉર્નિમૅન હિંદુસ્તાનમાં પાછા આવી શકતા હોય તો સત્યાગ્રહીઓએ તેમનો વિયોગ સહન કરવો જોઈએ. પણ હકીકતમાં એવું કાંઈ છે જ નહીં. સત્યાગ્રહ વડે ભાઈ હૉર્નિમૅનને હિંદુસ્તાનમાં પાછા ન લાવી શકીએ એમ નથી. તેમને વહેલામાં વહેલા હિંદુસ્તાનમાં લાવવાનો રસ્તો સત્યાગ્રહ જ છે. એ સત્યાગ્રહ કોઈ વેળા કાયદા ભાંગવાથી, અને કોઈ વેળા કાયદાનું પાલન કરવાથી ચલાવી શકાય છે. કોઈ વેળા હડતાળો પાડવાથી, મીટિંગો ભરવાથી, સરઘસો કાઢવાથી અને કોઈ વેળા સભાઓ ન ભરવાથી, હડતાળો નહીં પાડવાથી, અને સરઘસો નહીં કાઢવાથી કરી શકાય છે. સત્યાગ્રહીથી એવું એક પણ કાર્ય ન થઈ શકે કે જે વડે ખુનામરકી થાય અથવા તેને ઉત્તેજન મળે. અત્યારે જ્યાં લોકો અકળાઈ રહ્યા છે, ખિજવાઈ રહ્યા છે તેવે સમયે જંગી સભાઓ ભરવાથી, સરઘસો કાઢવાથી, હડતાળો પાડવાથી લોકો ઉશ્કેરાઈ જવાનો સંભવ છે. તેમાંથી ખુનામરકી થતાં વાર લાગે નહીં. લોકો અને પોલીસ બંને ભૂલને પાત્ર છે. એકની પણ ભૂલ થાય તો બંનેને પરિણામ સોસવું પડે. એટલે આપણે ચોખ્ખું જોઈ શકીએ છીએ કે આવું પરિણામ આવે એ સત્યાગ્રહીએ હરેક પ્રયત્ને અટકાવવું જ જોઈએ. એ અટકાવવામાં તેનો સત્યાગ્રહ રહેલો છે. એ અટકાવતાં તેને જે મહેનત કરવી પડે, જે તાલીમ લેવી પડે, જે આત્મબળ વાપરવું પડે તેથી પ્રજા ઘણી ઊંચે ચડે છે. આ જ ઘણો શુદ્ધ સત્યાગ્રહ છે. જ્યારે પ્રજાએ શાંતિ રાખવાની તાલીમ મેળવી હોય, પ્રજા ગુસ્સો દાબી શકે કે સરઘસો શાંતિથી ચલાવી શકે, કોઈની ઉપર દબાણ ચલાવ્યા વિના હડતાળ પાડી શકે, જ્યારે એવા સ્વયંસેવકો કસાઈને તૈયાર થાય કે જેની સૂચના પ્રજા સાંભળે અને તે પ્રમાણે વર્તે ત્યારે આપણે સભાઓ ભરી શકીએ છીએ, હડતાળો પાડી શકીએ છીએ. જે પ્રજા આટલું કરતી થઈ જાય તે પ્રજાની વાજબી માગણીની સામે કોઈથી થઈ શકાય નહીં, એ સહેજે જોઈ શકાય એવું છે. અને પ્રજા એવું કરે તેને સારુ હાલ પ્રવૃત્તિ થઈ રહેલી છે અને જેના હાથમાં આ પત્રિકા આવે અને જેનાથી આ કાર્યને મદદ થઈ શકે તેવા બધાને સત્યાગ્રહની સભાની ઑફિસમાં નામ નોંધાવવાની હું વિનંતી કરું છું.

ખુનામરકીથી ભાઈ હૉર્નિમૅનને આપણે વહેલા લાવી શકીએ છીએ, અથવા તો આપણે આપણાં બીજાં કાર્યો સિદ્ધ કરી શકીએ છીએ, એ વાત હવે સત્યાગ્રહની દૃષ્ટિએ નહીં પણ વ્યાવહારિક દૃષ્ટિએ જરા વિચારીએ. હું માનું છું કે બીજા દેશોમાં ગમે તે શક્ય હોય તોપણ

Gandhi Heritage Portal

તે હિંદુસ્તાનમાં પણ શકય હોય એમ માનવાને કારણ નથી. પ્રાચીન કાળથી હિંદુસ્તાનની તાલીમ જુદી રહેલી છે. હિંદુસ્તાનમાં આખી પ્રજા કોઈ પણ વેળાએ પશુબળ વાપરવામાં રોકાયેલી જોવામાં આવી નથી. મારી પોતાની તો એવી માન્યતા છે કે હિંદુસ્તાને જાણીબૂજીને સાર્વજનિક શસ્ત્રક્રિયાનો ત્યાગ કરેલો છે. પંજાબમાં ખુનામરકીનું પરિણામ આપણે જોયું. અમદાવાદ એનાં પરિણામ હજી શોષી રહ્યું છે. કેવાં ભયંકર પરિણામો આવ્યાં છે એ આપણે હજુ હવે જોઈ શકશું. સત્યાગ્રહીને કાયદાનો સવિનય ભંગ કરવાનું મુલતવી રાખવું પડયું છે એ પણ એક દુઃસહ પરિણામ છે. એટલે ખુનામરકીથી આપણે ભાઈ હૉર્નિમૅનને વહેલા લાવી શકીએ અથવા બીજો કંઈ પણ લાભ ઉઠાવી શકીએ એ માન્યતા તદ્દન ભૂલભરેલી ગણવી જોઈએ.

એક કાગળમાં એવી દલીલ કરવામાં આવી છે કે સત્યાગ્રહીઓ ભલે સભા વગેરે બંધ કરે, પણ બીજાઓને એવી ભલામણ કરી શકે ખરા? અત્યારે હિંદુસ્તાનમાં એવું જોવામાં આવે છે કે કાયદાના સવિનય ભંગ સિવાયની બીજી બધી સત્યાગ્રહની પ્રવૃત્તિમાં હિંદુસ્તાનનો ઘણો મોટો ભાગ હિસ્સો લેવા માગે છે. આ સ્થિતિ જેટલી આનંદ ઉપજાવનારી છે તેટલી જ ચિંતા ઉપજાવે છે. સત્યાગ્રહીઓ ઉપર ઘણી મોટી જવાબદારી આવે છે, અને તેમાંની એક જવાબદારી આ છે. જો પ્રજાને સત્યાગ્રહમાં રસ આવતો હોય, જો પ્રજા સત્યાગ્રહની ચમત્કારિક શક્તિનો અનુભવ કરવા ઇચ્છતી હોય તો સત્યાગ્રહીઓને એવી રીતે વર્તવાની ફરજ પડે છે કે પ્રજા સત્યાગ્રહના સિદ્ધાંતને અનુસરીને જ આ પ્રવૃત્તિમાં ભાગ લે અને સત્યાગ્રહના મોટામાં મોટો સિદ્ધાંત એ છે કે સત્યને જ વળગી રહેવું, કોઈને કે કોઈના માલને ઈજા નહીં કરવી. આ સિદ્ધાંત જ્યારે પ્રજા કબૂલ કરી લેશે તે વખતે સત્યાગ્રહનો મહિમા આખું જગત જોઈ શકશે.

મો. ક. ગાંધી

[મૂળ ગુજરાતી]

મહાદેવભાઈની ડાયરી, પુસ્તક પાંચમું

## ૨૪૭. સત્યાગ્રહ પત્રિકા – ૧૨

મે ૨, ૧૯૧૯

### સત્યાગ્રહ ફરી કયારે શરૂ થવાનો છે?

સત્યાગ્રહ કયારે ફરી શરૂ થવાનો છે એ સવાલ ઘણા મને પૂછે છે. તેના બે જવાબ છે. એક તો એ કે સત્યાગ્રહ બિલકુલ બંધ થયો જ નથી. જ્યાં સુધી આપણે સત્યનું પાલન કરીએ છીએ અને બીજાને તેમ કરવાનું કહીએ છીએ ત્યાં સુધી સત્યાગ્રહ કદી બંધ થયેલો કહેવાય જ નહીં. જો બધા સત્યનું પાલન કરે અને કોઈ કોઈના પણ જાનમાલને નુકસાન કરવાથી પરહેજ રહે તો આપણે માગીએ છીએ તે તરત મળે. પણ જ્યારે સઘળા તેમ કરવા તૈયાર નથી અને સત્યાગ્રહીઓ ખોબા જેટલા જ છે ત્યારે સત્યાગ્રહના સિદ્ધાન્તમાંથી ઘટાવી શકાતા બીજા ઉપાયો આપણે શોધવા પડે છે. આવો એક ઉપાય સવિનય કાયદાભંગનો છે. મેં એ તો સમજાવી જ દીધું છે કે શા માટે થોડા વખત માટે આપણે સવિનય કાયદાભંગ મોકૂફ રાખ્યો છે. જ્યાં સુધી આપણે જાણીએ છીએ કે સવિનય કાયદાભંગ અમલમાં મૂકતાં આગ અને હિંસા ફાટી નીકળવાનો ઘણો સંભવ છે, લગભગ નક્કી છે, ત્યાં સુધી કાયદાનું

Gandhi Heritage Portal

પાલન ન કરવું એ સવિનય કાયદાભંગ ન કહેવાય; પણ એ કાયદાભંગ તો અવિચારી, અવિનયી અને સત્યથી રહિત કહેવાય. સત્યાગ્રહી કોઈ દિવસ કાયદાનો આવો ભંગ ન કરે. તેમ છતાં સત્યાગ્રહી પોતાની ફરજ સંપૂર્ણતાએ પાળતો થઈ જાય તો સવિનય કાયદાભંગનો આરંભ જલદી કરાવી શકે.

સત્યાગ્રહીઓ ઉપરનો મારો વિશ્વાસ મને એમ માનવાને પ્રેરે છે કે આપણે લગભગ બે મહિનાની અંદર સવિનય કાયદાભંગનો ફરી આરંભ કરવાને લાયક થઈ જઈશું એટલે કે તે દરમિયાન રૉલેટ કાયદા રદ નહીં થયા હોય તો આપણે જુલાઈના આરંભમાં કાયદાભંગ શરૂ કરીશું. આ મુદત ઠરાવવામાં હું નીચેનાં કારણોથી દોરવાયો છું. એક તો એ છે કે એટલા વખતમાં આપણો સંદેશો આપણે આખા દેશમાં ફેલાવી દીધો હશે કે સવિનય કાયદાભંગ મોકૂફ છે તે દરમિયાન કોઈ પણ માણસ સત્યાગ્રહના ઓઠા નીચે અથવા તો સત્યાગ્રહને મદદ કરવાને બહાને દંગો અથવા ખુનામરકી ન કરે. આશા રખાય કે લોકોને જ્યારે એમ ખાતરી થશે કે દેશનું સાચું હિત આં સંદેશાનું પાલન કરવાથી જ શોધી શકાવાનું છે ત્યારે તેઓ શાંતિ જાળવશે. આવી રીતે સ્વેચ્છાપૂર્વક જાળવેલી શાંતિ હિંદુસ્તાનની પ્રગતિમાં બહુ મોટો ફાળો આપશે. પણ એમ શકય છે કે હિંદુસ્તાન આટલે દરજ્જે સત્યાગ્રહનું રહસ્ય ન સમજી લે. એમ બને તો હિંસા ફાટી નીકળતી અટકવાની એક બીજી આશા છે. જોકે જે શરત ઉપર એ આશાનો આધાર છે તે શરત આપણને બહુ હીણપત લગાડનારી છે. છતાં આ શરતનો લાભ પણ સત્યાગ્રહીઓ લઈ શકે છે. એટલું જ નહીં પણ આવી પરિસ્થિતિમાં સત્યાગ્રહ શરૂ કરવાની સત્યાગ્રહીઓની ફરજ થઈ પડે છે. અત્યારે જે લશ્કરી બંદોબસ્ત ગોઠવાઈ ગયો છે, તેથી સ્વાભાવિક રીતે જ હિંસા જે દેશને ખૂબ નુકસાનકારક છે તે ફાટી નીકળવાનું અશકય બન્યું છે. તાજેતરમાં ફાટી નીકળેલાં તોફાનો એટલાં અચાનક થયાં હતાં કે સરકાર તુરતાતુરત તેને પહોંચી વળવાને તૈયાર નહોતી. પણ આ બે મહિનામાં સરકારની તૈયારી પૂરેપૂરી થઈ જાય એ બહુ શકય છે. એટલે જાહેર શાંતિના ભંગનો ભય અને સત્યાગ્રહનો જાણીજોઈને કે અજાણતાં દુરુપયોગ એ લગભગ અશકય બની જાય. આવી પરિસ્થિતિમાં સત્યાગ્રહીઓ તોફાનના કશા ભય વિના સવિનય કાયદાભંગ કરી શકે છે અને એમ કરીને એવું બતાવી આપી શકે કે હિંસાથી નહીં પણ માત્ર સત્યાગ્રહથી જ ન્યાય મેળવી શકાય છે.

મો. ક. ગાંધી

[મૂળ ગુજરાતી]

મહાદેવભાઈની ડાયરી, પુસ્તક પાંચમું



Gandhi Heritage Portal

# २४८. सत्याग्रह पत्रिका – १३

## સત્યાગ્રહનું આંદોલન

મે ૩, ૧૯૧૯

ભાઈઓ અને બહેનો,

સત્યાગ્રહની બાબતમાં બે વસ્તુઓ બરાબર સમજી લેવામાં આવે તો આપણી ઘણી શંકાઓ આપોઆપ ઊકલી જાય છે. એક વસ્તુ એ છે કે સત્યાગ્રહી બહારના ભયથી કશું કરતો નથી. એ માત્ર ઈશ્વરનો જ ડર રાખે છે. આપણે આ વસ્તુ ધ્યાનમાં રાખીશું તો સ્પષ્ટ જણાશે કે આપણે સવિનય કાયદાભંગ શા માટે મોકૂફ રાખ્યો છે? હૉર્નિમૅનને દેશનિકાલ કર્યા છતાં શા માટે આપણે હડતાળ પાડી નથી? શા માટે આપણે મોટી સભાઓ ભરી નથી? શા માટે આપણે સરઘસો કાઢ્યાં નથી? આપણે જો સાચા સત્યાગ્રહી હોઈએ તો આપણે ભયને લીધે આમ કરતાં અટકયા છીએ એમ નથી, પણ શુદ્ધ કર્તવ્યબુદ્ધિથી જ આપણે આમ કર્યું છે. સત્યાગ્રહી પોતાના કર્તવ્યનું જેમ વધારે પાલન કરતો થાય તેમ તે વિજયને વધુ નજીક લાવે છે. બીજી વસ્તુ એ યાદ રાખવાની છે, અને અત્યારની પરિસ્થિતિમાં કદાચ એ મહત્ત્વની છે, કે સત્યાગ્રહી પોતાના વિરોધી પ્રત્યે દુર્બુદ્ધિ અથવા તો દ્વેષભાવ સેવીને અથવા વધારીને પોતાના ધ્યેયે પહોંચવાની કદી ઈચ્છા કરતો નથી. એ તો પોતાના વિરોધીને પણ મિત્ર ગણે છે. તેના પ્રત્યે દ્વેષ રાખ્યા વિના તેણે કરેલાં અપકૃત્યોનો વિરોધ કરે છે. સત્યાગ્રહીને શોભે એવું આ જાતનું વર્તન આપણે રાખીએ. એથી દુશ્મનાવટ ફેલાવાનાં કારણો ઓછાં થાય છે, બંને પક્ષો પોતાની ભૂલો સ્વીકારતા થાય છે અને તે ટાળવા પ્રયત્ન કરે છે. આપણે જાણીએ છીએ કે રૉલેટ કાયદા તદ્દન ખરાબ છે. પણ એ કારણે સરકાર સામે આપણે દ્વેષનું સેવન કરીએ એ બરાબર નથી. દ્વેષનું સેવન કરવાથી કોઈ પણ રીતે એ ખરાબ કાયદાનું ખરાબપણું આપણે વધારે સમજી શકવાના નથી અથવા તો તેની સામેની ચળવળ વધારે ચલાવી શકવાના નથી. ઊલટું એવા દ્વેષથી તો આપણી ચળવળને નુકસાન જ થવાનું છે. કારણ દ્વેષે ભરાયેલા હોઈ વિરોધીની દલીલ સમજવાનો અથવા તેને પૂરતું વજન આપવાનો આપણે ઇનકાર કરીએ છીએ. આમ કરીને વિરોધી ઉપર આપણે જે છાપ પાડવી જોઈએ તે પાડવાને આપણે અશક્ત થઈએ છીએ. અને તેટલે દરજ્જે વિજયને જ, કદાચ આપણે અશક્ય ન કરી મૂકીએ તોપણ, દૂર તો ઠેલીએ જ છીએ. આપણે જાણીએ છીએ કે રૉલેટ કાયદાથી હિંદુ, મુસલમાન તથા બીજા ભાઈઓ જેટલા દુભાયા છે તે કરતાં તુર્કસ્તાનના પ્રશ્નથી આપણા મુસલમાન ભાઈઓ વધારે દુભાયા છે. પણ તેઓ પોતાના દુ:ખનો ઉપાય દ્વેષનું સેવન કરવાથી નથી કરી શકવાના. પોતાનાં દુ:ખોનો ઉપાય તો પાકી વિચારણા કરવાથી, પોતાની માગણીઓ બરાબર ઘડીને જાહેર કરવાથી અને તેને દૃઢતાપૂર્વક વળગી રહેવાથી જ તેઓ કરી શકે એમ છે. એમ કરીને જ તેઓ હિંદુ, પારસી અને ખ્રિસ્તીઓની અથવા તો આખી દુનિયાની મદદ મેળવી શકશે અને પોતાની માગણીઓ જેનો વિરોધ ન થઈ શકે એવી બનાવી શકશે. રૉલેટ કાયદાને કારણે અથવા તો ઈસ્લામના કે બીજા કોઈ પ્રશ્નને કારણે આપણે સરકાર સામે ક્રોધ કરીએ અથવા દ્વેષબુદ્ધિ રાખીએ અને એમ કરીને હિંસાનો આશ્રય લઈએ, તો દુનિયાના લોકમતની વાત તો બાજુએ રહી, પરંતુ હિંદી લોકમત પણ સંગઠિત કરવાની શક્તિ આપણામાં રહેશે નહીં, અંગ્રેજો અને

Gandhi Heritage Portal

આપણી વચ્ચેનું અંતર વધશે અને આપણા ધ્યેયથી આપણે દૂર જઈશું. હિંસાથી મેળવેલો વિજય પરાજયના જેવો જ છે. કારણ એ થોડો કાળ ટકનારો હોય છે. તેથી બંને પક્ષ વચ્ચે દ્વેષની વૃદ્ધિ જ થાય છે. બન્ને પક્ષ એકબીજાની સાથે લડવાની તૈયારી જ કર્યા કરે છે. સત્યાગ્રહનો અંત આવો વિપરીત હોતો નથી. સત્યાગ્રહી તો પોતાના સિદ્ધાંતોને ખાતર કષ્ટ સહન કરીને આખી દુનિયાની સહાનુભૂતિ પોતાની તરફ ખેંચે છે. અને પોતાના કહેવાતા દુશ્મનના હૃદય ઉપર પણ અસર કરે છે. અમદાવાદમાં અને વીરમગામમાં આપણે ભૂલો ન કરી હોત તો ચળવળનો ઈતિહાસ જુદો જ હોત. અંગ્રેજો અને આપણી વચ્ચે વેરઝેરમાં વધારો ન થયો હોત. આપણી આસપાસ જોઈએ એવો લશ્કરી બંદોબસ્ત ન હોત અને તેમ છતાં રૉલેટ કાયદા રદ કરાવવાનો આપણો સંકલ્પ એટલો જ દૃઢ રહ્યો હોત. તેની સામેની ચળવળ ઘણી આગળ વધી હોત અને કદાચ અત્યારે તો આપણે વિજય સંપાદન કરીને બેસી ગયા હોત. સાથે સાથે એ પણ પરિણામ આવ્યું હોત કે અંગ્રેજોની અને આપણી વચ્ચેનું અંતર સંધાયું હોત. છતાં હજી કશું મોડું થઈ ગયું નથી. આપણી ભૂલો આપણે સુધારી લઈ શકીએ છીએ. ભૂલો સુધારવી એટલે ક્રોધ ઉપર કાબૂ મેળવવો, અંગ્રેજો ઉપરની દ્વેષબુદ્ધિ નિર્મૂળ કરવા પ્રયત્ન કરવો અને હિંસાનો ત્યાગ કરવો. વાસ્તવિક રીતે જોઈએ તો રૉલેટ કાયદા પસાર કરવાની ભૂલ અંગ્રેજ પ્રજાની નથી અથવા હિંદમાં વસતા અંગ્રેજોની પણ નથી. એ તો કેવળ સત્તાધારીઓની છે. પોતાને નામે કરવામાં આવતી વસ્તુઓનું પ્રજાઓને ઘણી વાર જ્ઞાન પણ હોતું નથી. વળી સત્તાધારીઓ પણ ઈરાદાપૂર્વક ભૂલો કરતા નથી. તેઓ તો પોતાને ખરું લાગે તે કરે છે. પણ તેથી લોકોને કાંઈ ઓછું નુકસાન થતું નથી. એટલે આપણે તો સત્તાધારીઓ પ્રત્યે જરાયે દ્વેષ રાખ્યા વિના તેમનાથી થયેલી ભૂલ સુધરાવવાને અસરકારક ઉપાયો લેવામાં જરાયે કચાશ રાખવી જોઈએ નહીં. હમેશાં એ ધ્યાનમાં રાખવું કે આ તેમની ભૂલ થઈ છે. તેથી વધારે કશું નથી. એમ કરીને હિંસાનો આપણે ત્યાગ કરીશું અને આપણા કષ્ટસહનથી એ કાયદાને રદ કરાવીશું.

**મો. ક. ગાંધી**

[મૂળ ગુજરાતી]

મહાદેવભાઈની ડાયરી, પુસ્તક પાંચમું

## ૨૪૯. જે. એમ. વિલ્સનને પત્ર

મે ૩, ૧૯૧૯

બિહારના બગીચામાલિકોના સંઘે (પ્લાન્ટર્સ ઍસોસિયેશને) સરકારને જે નિવેદનપત્ર[1] આપ્યું છે તે હું વાંચી ગયો છું. આપના સંઘે પોતાની જાતને તથા મને, બંનેને ઘોર અન્યાય કર્યો છે. પરંતુ આપના સંઘે મારા પર જે આરોપ મૂક્યો છે તેનો જવાબ હું આપીશ નહીં. સમયનું વહેણ મારા પક્ષમાં છે અને તે આપને બતાવી આપશે કે આપે ઉતાવળમાં જે અભિપ્રાય વ્યક્ત કર્યો છે તે ખોટો છે.

**મો. ક. ગાં.**

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૬૫૭૮

૧. બિહારના પ્લાન્ટર્સ ઍસોસિયેશનના મંત્રી જે. એન. વિલ્સને તા. ૨૯–૪–૧૯૧૯ને રોજ આ નિવેદનપત્ર ભારત સરકારના ગૃહખાતાના સચિવ જોગ સિમલાને સરનામે મોકલી આપ્યું હતું. તેમાં ગાંધીજીની પ્રવૃત્તિઓ વિષે ટીકા કરવામાં આવી હતી. એસ. એન. ૬૫૭૮.

Gandhi Heritage Portal

## ૨૫૦. સત્યાગ્રહ પત્રિકા – ૧૪

### દ્વેષભાવ હોય ત્યાં સુધી સત્યાગ્રહ અસંભવિત છે

મે ૪, ૧૯૧૯

ભાઈઓ અને બહેનો,

આપણે ગઈ પત્રિકામાં જોઈ ગયા કે સત્યાગ્રહીના વર્તન ઉપર બહારના ભયની કશી અસર થતી નથી. એ તો અંતરના અવાજથી જ દોરાય છે. સત્યાગ્રહીએ પોતાના વિરોધી પ્રત્યે કદી દ્વેષભાવ સેવવો નહીં પણ પોતાના પ્રેમથી વિરોધીને જીતી લેવો. હું જોઉં છું કે આ બીજું વાક્ય સ્વીકારવાનું ઘણાને મુશ્કેલ લાગે છે. એઓ દલીલ કરે છે: 'અપકૃત્ય કરનાર પ્રત્યે ક્રોધ ઉપજ્યા વિના કેમ રહે? એવાની પ્રત્યે ક્રોધ ન કરવો એ તો મનુષ્યસ્વભાવથી વિરુદ્ધ છે. અપકૃત્ય કરનાર અને અપકૃત્ય એ બેને અમે કેમ જુદા પાડી શકીએ? અપકૃત્ય કરનાર પ્રત્યે ક્રોધ કર્યા વિના કેવળ અપકૃત્ય પ્રત્યે ક્રોધ કરવો એ શી રીતે સંભવિત છે?' પિતા પોતાના પુત્ર પ્રત્યે ક્રોધ કર્યા વિના ઘણી વાર એણે કરેલાં અપકૃત્યો પ્રત્યે પોતાની નાપસંદગી જાતે કષ્ટ સહન કરી લઈને બતાવે છે. પરસ્પર આ જાતના વર્તનથી જ પિતા અને પુત્ર વચ્ચેનો પ્રેમસંબંધ ચાલુ રહેવો શકય બને છે. આવું વર્તન ન રાખવામાં આવે તો એ સંબંધ તૂટી જાય. આ જાતના અનુભવ આપણા રોજના જીવનમાં આપણને થયા જ કરે છે. તેથી જ પેલી કહેવત પડી છે કે 'કજિયાનું મોં કાળું કરો'. આપણા કૌટુંબિક જીવનનો આ કાયદો સરકાર સાથેના આપણા સંબંધને લાગુ પાડીશું તો જ આપણે શાંતિથી રહી શકીશું અને ભયભરેલી સ્થિતિમાંથી મુક્ત થઈશું. અહીં એવી શંકા ન ઉઠાવવી જોઈએ કે કુટુંબનો કાયદો સરકાર સાથેના સંબંધમાં શી રીતે લાગુ પાડી શકાય? પ્રેમના કાયદાનો અમલ તો જ થઈ શકે, જો સામેથી તેનો જવાબ મળે. પણ સત્યાગ્રહમાં બન્ને પક્ષે સત્યાગ્રહી હોવાની જરૂર નથી. જ્યાં બન્ને પક્ષ સત્યાગ્રહી હોય ત્યાં તો સત્યાગ્રહનો અમલ કરવાનો અથવા પ્રેમની કસોટી કરવાનો અવકાશ જ રહેતો નથી. સત્યનો આગ્રહ ધરવાની જરૂરિયાત ત્યારે જ ઊભી થાય છે જ્યારે એક પક્ષ અસત્યનું અથવા તો અન્યાયનું આચરણ કરે છે. તેવે પ્રસંગે જ પ્રેમની કસોટી થાય છે. સાચી મૈત્રીની કસોટી ત્યારે જ થાય જ્યારે એક પક્ષ મૈત્રીની ફરજોનું પાલન ન કરતો હોય. સરકાર સામે આપણે ગુસ્સો કરીએ તો તેમાં આપણે ગુમાવવાનું છે. તેમ કરવાથી એકબીજા ઉપરનો અણવિશ્વાસ અને એકબીજા ઉપરનો દ્વેષભાવ વધે છે. પણ સરકાર સાથે જરા પણ ગુસ્સે થયા વિના અને તેની સાથે તેના લશ્કરી બળથી જરા પણ ડરી ગયા વિના તથા જેને આપણે તેનો અન્યાય માનતા હોઈએ તે અન્યાયને વશ થયા વિના આપણે આપણું વર્તન ચલાવીએ તો સરકારનો અન્યાય આપોઆપ દૂર થશે, અને તેની સાથે સમાનતા પ્રાપ્ત કરવાનું જે આપણું ધ્યેય છે તે આપણે સહેજે પ્રાપ્ત કરીશું. આ સમાનતાનો આધાર તેના પશુબળનો જવાબ પશુબળથી આપવા ઉપર નથી રહ્યો પણ એ પશુબળનો ભય રાખ્યા વિના તેની સામે અડગ ઊભા રહેવાની આપણી શક્તિ ઉપર રહેલો છે. ખરી નિર્ભયતા પ્રેમ વિના શકય નથી. જ્યાં સુધી આપણામાં દ્વેષભાવ છે ત્યાં સુધી સત્યાગ્રહનો ખરો વિજય શકય નથી. જેઓ પોતાને નબળા માને છે તેઓ પ્રેમ કરી શકતા નથી. ત્યારે દરરોજ સવારે આપણું પહેલું કામ

Gandhi Heritage Portal

એ હોય કે તે દિવસને માટે આપણે નીચેનો સંકલ્પ કરવો: 'હું પૃથ્વી ઉપર કોઈથી ડરીશ નહીં. હું એકલા ઈશ્વરનો ડર રાખીશ. હું કોઈની પર્ણ પ્રત્યે દ્વેષભાવ રાખીશ નહીં. કોઈના પણ અન્યાયને હું વશ થઈશ નહીં. હું અસત્ય ઉપર સત્ય વડે વિજય મેળવીશ. અને અસત્યનો પ્રતિકાર કરતાં જે કાંઈ કષ્ટ આવી પડે તે હું સહન કરીશ.'

મો. ક. ગાંધી

[મૂળ ગુજરાતી]

મહાદેવભાઈની ડાયરી, પુસ્તક પાંચમું

## ૨૫૧. સી. એફ. ઍન્ડ્રૂઝને પત્ર

મુંબઈ,
[મે ૪, ૧૯૧૯]

પ્રિય ચાર્લી,

તમને એક પુસ્તક લખી મોકલવા જેટલો મને વખત નથી. માત્ર કાગળથી મને સંતોષ નહીં થાય. વ્રત સંબંધી તમારા વિચારો ભૂલભરેલા છે એમ હું બતાવી શકું એ વિષે મને છાંટાભાર શંકા નથી. રામના આચરણનો તમે જે અર્થ કરો છો એ બતાવે છે કે એ વસ્તુ તમે બરાબર સમજ્યા નથી. અને બાઈબલનો જે ફકરો તમે ટાંકયો છે એમાં 'Swear'નો શો અર્થ થાય છે? એ ફકરાનો તમે કરેલો અર્થ ખોટો ન હોય? મને તો લાગે છે કે ઈશુનું આખું જીવન એક સીધુંસાદું વ્રત જ હતું, જેમાંથી કોઈ દુન્યવી સત્તા તેને ચળાવી શકે એમ નહોતું. તમારા કાગળમાં તમારાં બે વ્રતોનો તમે ઉલ્લેખ કર્યો છે એ તો વ્રતોની વિડંબના છે. એવી વસ્તુનાં વ્રત જ ન લેવાય. માણસ પોતાના સરજનહાર આગળ ઊભો રહીને શું કામ એમ ન કહી શકે કે 'હે પિતા, તારી મદદથી હું કદી જૂઠું નહીં બોલું?' પણ મારા સરજનહાર આગળ ઊભીને હું એમ ન કહી શકું કે 'અમુક કે તમુક સમાજ યા મંડળનો હું કદી ત્યાગ નહીં કરું.' મારી વાત હું બરાબર સ્પષ્ટ ન કરી શકયો હોઉં, પણ તમે કબૂલ કરશો કે મેં પૂરા નિખાલસપણે વાત કરી છે. અને જ્યાં પ્રેમ છે ત્યાં બીજું શું થઈ શકે?

તમે ખાતરી કરી લીધી કે ફટકા શા માટે મારવામાં આવ્યા હતા? હું એ જાણવા ઇચ્છું છું.

લેખો અગાઉથી 'સેન્સર' કરવાના (તપાસી જોવાના) હુકમને લીધે क्रॉनिकल બંધ રાખવામાં આવ્યું છે. તેથી यंग इन्डिया અઠવાડિયામાં બે વાર કાઢવામાં આવે છે. આગળ ઉપર એને દૈનિક પણ કરવામાં આવે. મારી દેખરેખ નીચે એ છપાવાનું છે. એમાં લખવાનો વખત કાઢી શકશો? સ્વદેશી, હિંદુ-મુસલમાન એકતા, સત્યાગ્રહ, રૉલેટ કાયદા, એવા વિષય ઉપર તમે લખી શકો છો.

તમે શરત સૂચવી છે કે ધારાસભાની અગાઉથી મંજૂરી લીધા સિવાય તેનો અમલ ન કરવામાં આવે. એ શરતે પણ અમે રૉલેટ કાયદા સ્વીકારવા તૈયાર નથી. એનો દુરુપયોગ થઈ શકે એમ છે એટલો જ અમારો વાંધો નથી. અમારો વાંધો તો એમાં ગણાવેલા ગુનાના કેસો ચલાવવાની જે જોહુકમી પદ્ધતિ એમાં રાખવામાં આવી છે તેની સામે પણ છે. માની લીધેલા અરાજકવાદીના કેસની ઝડપી (સમરી) સુનાવણી થાય અથવા ઇનસાફની ચોકસાઈ ખાતર રાખવામાં આવેલા અંકુશોને ફગાવી દેવામાં આવે એવી ખાસ રીતે કામ ચાલે અથવા સામાન્ય કાયદા પ્રમાણે પણ અસાધારણ સત્તાઓ આપીને કામ ચલાવવામાં આવે, એ બધાની હું વિરુદ્ધ

Gandhi Heritage Portal

છું. અપવાદરૂપ પરિસ્થિતિ માટે અપવાદરૂપ સત્તાઓ અનામત રાખવામાં આવે છે. પણ એવી પરિસ્થિતિ ઊભી થશે એમ અગાઉથી માની લઈને તેને પહોંચી વળવાની ખાસ છૂટો વહીવટી અમલદારોને આપવી જોઈએ નહીં.

જ્યાં સુધી જરૂર હોય ત્યાં સુધી શ્રદ્ધાનંદજીને પડખે તમે રહો એવો મારો આગ્રહ છે. ત્યાંથી છૂટો ત્યારે અહીં આવો એમ હું ઈચ્છું છું, જેથી આપણે આખી પરિસ્થિતિનું સિંહાવલોકન કરી શકીએ.

આ ખુનામરકી, જોરજુલમ, લશ્કરી કાયદો, લશ્કરી ઢબે સજાઓ, એ બધાની વચ્ચે પ્રેમનો કાયદો પૂરેપૂરો પ્રવર્તતો દેખાય છે. તેની પાર વિનાની સાબિતીઓ મળ્યા કરે છે.

તમને અને સ્વામીજીને પ્યાર.

સદાનો તમારો
**મોહન**

[મૂળ અંગ્રેજી]
મહાદેવ દેસાઈની હસ્તલિખિત ડાયરીમાંથી
શ્રી નારાયણ દેસાઈના સૌજન્યથી
ભાષાંતર: મહાદેવભાઈની ડાયરી, પુસ્તક પાંચમું

## ૨૫૨. મૌલાના અબ્દુલ બારીને પત્ર

[મુંબઈ,
મે ૪, ૧૯૧૯]

મૌલાના અબ્દુલ બારી,[૧]

મને લાગે છે કે ઈસ્લામી સવાલો ઉપર મુસ્લિમ મત બરાબર સંગઠિત નથી. દરેકને લાગણી ખૂબ થાય છે પણ કોઈ તર્કશુદ્ધ અને સર્વસંમત નિવેદન કરતું નથી. હું ઈચ્છું છું કે ઉલેમાઓ એવું કાંઈક કરે. એ ઉર્દૂ અથવા અરબી ભાષામાં થાય તેની કશી હરકત નથી. એનો ચોક્કસ તરજુમો સહેલાઈથી થઈ શકે. બન્ને કોમો વચ્ચેના વિખવાદનાં કારણોની તપાસ કરવા અને બન્ને વચ્ચે કાયમી એકતા સ્થપાય એવા ઉપાયો સૂચવવા હિંદુ-મુસલમાનોનું મિશ્ર પંચ નિમાવું જોઈએ એ તમારો વિચાર મને બહુ ગમે છે. પણ મને એમ લાગે છે કે આ તેને માટે યોગ્ય અવસર નથી. અત્યારે તો સૌની શક્તિ રૉલેટ કાયદા, ઈસ્લામી પ્રશ્નો અને રાજદ્વારી સુધારા ઉપર કેન્દ્રિત થયેલી છે અને એ જ બરાબર છે. આખા હિંદુસ્તાનને સંતોષ થાય એવી રીતે આ પ્રશ્નોનું નિરાકરણ લાવવાની ક્રિયામાં જ આપણે વધુ નજીક આવીશું એ સંભવિત છે. આ પ્રશ્નોનું નિરાકરણ આવી જાય ત્યાર પછી તમે કહો છો તેવું પંચ વધારે અસરકારક કામ કરી શકે.

તમારો સહૃદયી
**મો. ક. ગાંધી**

[મૂળ અંગ્રેજી]
મહાદેવ દેસાઈની હસ્તલિખિત ડાયરીમાંથી
શ્રી નારાયણ દેસાઈના સૌજન્યથી
ભાષાંતર: મહાદેવભાઈની ડાયરી, પુસ્તક પાંચમું

૧. લખનૌના રાષ્ટ્રવાદી મુસલમાન ધર્મપુરુષ. તેમણે ખિલાફત આંદોલનમાં સક્રિય ભાગ લીધો હતો.

Gandhi Heritage Portal

## ૨૫૩. सत्याग्रह पत्रिका – १५

**આવતે રવિવારે સત્યાગ્રહ હડતાળ ૨૪ કલાકના ઉપવાસ અને દરેક ઘરમાં પ્રાર્થના**

મે ૫, ૧૯૧૯

ભાઈઓ અને બહેનો,

મુંબઈએ ભાઈ હૉર્નિમૅનનો વિયોગ ભારે શાંતિપૂર્વક સહન કર્યો છે. અસહ્ય પરિસ્થિતિમાં પણ મુંબઈએ આટલો લાંબો વખત શાંતિ જાળવી છે તે ઉપરથી આત્મસંયમની તેની શક્તિ સાબિત થાય છે. પરંતુ સત્યાગ્રહસભાની બેઠકોમાં થયેલી ચર્ચા ઉપરથી અને લોકોમાં થતી ચર્ચાઓના જે અહેવાલો આવે છે તે ઉપરથી જણાય છે કે લોકોનાં દિલ શાંત થયાં નથી. તેઓ પોતાના શોકને અને પોતાની લાગણીને કોઈ ને કોઈ રીતે જાહેરમાં વ્યક્ત કરવાની ઇચ્છા રાખે છે. આ ઇચ્છા દાબી શકાય એવી નથી અને દાબી દેવી જોઈએ પણ નહીં. ભાઈ હૉર્નિમૅને તેમને માટે જે કર્યું છે તે લોકો કદી ભૂલી શકવાના નથી. તેણે લોકોમાં નવું જીવન રેડયું છે અને નવી આશાનો સંચાર કર્યો છે. એમાં શક નથી કે લોકો શાંત રહ્યા છે તે એ જ આશાએ કે ભાઈ હૉર્નિમૅન પ્રત્યેનો પોતાનો શુદ્ધ પ્રેમ જાહેરમાં વ્યક્ત કરવાનો પ્રસંગ તેમને આપવામાં આવશે. પુખ્ત વિચારણા પછી સત્યાગ્રહસભાએ ગઈ રાતે નક્કી કર્યું છે કે આવતો રવિવાર, તા. ૧૧મીનો દિન, હડતાળ રાખીને તથા આગલી સાંજથી ગણતાં ચોવીસ કલાકના ઉપવાસ કરીને અને દરેક ઘરમાં ખાનગી રીતે પ્રાર્થના કરીને ઊજવવો.

પહેલી સૂચના હડતાળની છે તે મુંબઈ શહેરને જ લાગુ પડે છે. આપણે અત્યારે અશાંતિના કાળમાંથી પસાર થઈ રહ્યા છીએ. તેવે વખતે બધે હડતાળ જાહેર કરવી એ યોગ્ય લાગતું નથી. બીજાં સ્થળોએ હડતાળ ન પાડવી એ ત્યાંના લોકો માટે આત્મસંયમનું કૃત્ય હશે. અને મુંબઈ શહેરમાં પણ હડતાળ સ્વતંત્ર ધંધાદારી માણસો પૂરતી જ મર્યાદિત રહેશે. જેઓ સરકારી અથવા તો ખાનગી ઑફિસોમાં કામ કરે છે તેમણે પોતાને જો રજા મળે તો જ કામે ન જવું. કામ બંધ રાખવા માટે કોઈના પણ ઉપર કશું દબાણ લાવવું નહીં, તેમ કોઈની સામે જરા પણ બળ વાપરવું નહીં. કારણ બળજબરીથી કામ બંધ કરાવવું એ ખરી કામબંધી કહેવાય જ નહીં. કોઈના ઉપર બળ વાપરીને આપણે તેને કામે જતો અટકાવીએ ત્યારે તે તો પેલા કામનો જ વિચાર કરતો હોય છે. માટે જે વેપારીની પોતાની દુકાન ઉઘાડવાની ઇચ્છા હોય અથવા તો જે ગાડીવાળાની ગાડી ફેરવવાની ઇચ્છા હોય તેના ઉપર દબાણ ન કરવાને આપણે બંધાયેલા છીએ, એટલું જ નહીં પણ તેને રક્ષણ આપવાને બંધાયેલા છીએ. હું આશા રાખું છું કે મુંબઈમાં તેમ જ બીજે બધે જે સ્ત્રીપુરુષોને ધાર્મિક અથવા તો આરોગ્યના કારણસર કશી હરકત નહીં હોય તેઓ ઉપવાસ કરશે અને આખો દિવસ ધાર્મિક ચિંતનમાં તથા પોતાના ધર્મશાસ્ત્રમાંથી સત્યાગ્રહનાં ઉદાહરણો યાદ કરીને સત્યાગ્રહનું ખરું સ્વરૂપ શું છે તે સમજવાનો પ્રયત્ન કરવામાં ગાળશે. રાષ્ટ્રીય પ્રગતિમાં એક મદદ તરીકે, રાષ્ટ્રીય આદર્શોના વિકાસ માટે તથા ભૂખ ઇત્યાદિ આપણી વાસનાઓ ઉપર અંકુશ રાખવા માટે ઉપવાસની શક્તિ કેટલી છે તેનો વિચાર હવે પછી કરીશું. અત્યારે તો એટલું જ પૂરતું છે કે મુંબઈ શહેરમાં આવતે રવિવારે આપણે સંપૂર્ણ રીતે ઐચ્છિક સત્યાગ્રહી હડતાળ પાડીએ અને બીજાં બધાં સ્થળોએ પણ ઉપવાસ કરીએ અને

Gandhi Heritage Portal

શાંત પ્રેમવૃત્તિથી ખાનગી પ્રાર્થના તથા ચિંતન કરીએ. એમ કરવાથી આપણે આપણી આબરૂ વધારીશું અને ભાઈ હૉર્નિમૅનને સત્વર પાછા લાવી શકીશું.

મો. ક. ગાંધી

[મૂળ ગુજરાતી]

મહાદેવભાઈની ડાયરી, પુસ્તક પાંચમું

## ૨૫૪. જે. એલ. મૅફીને પત્ર

લેબર્નમ રોડ,
મુંબઈ,
મે ૫, ૧૯૧૯

વહાલા મિ. મૅફી,

આપના બે પત્રો તથા તાર બદલ હું આપનો આભારી છું. આપે આપેલી બાંયધરીથી મને ઘણી રાહત થઈ છે. વાઇસરૉય સાહેબને અમારે લીધે રજાને દિવસે પણ કામ કરવું પડયું એ જાણી ખેદ થયો. તેમ છતાં આશા રાખું છું કે આ પરિશ્રમને લીધે એમના સ્વાસ્થ્ય પર માઠી અસર નહીં થઈ હોય.

આ સાથે તાજેતરમાં પ્રસિદ્ધ થયેલી મારી કેટલીક પત્રિકાઓ મોકલી આપું છું. આપને જો થોડી ફુરસદ મળી શકે તો જ આપ તે જોઈ જશો.

હું જોઉં છું કે મોલવી રફીઉદ્દીન અહમદે એવું સૂચન કર્યું છે કે ઇસ્લામના પ્રશ્નો વિષે કાંઈક ખાતરી આપતી ચોક્સ જાહેરાત કરવી જોઈએ. લશ્કરી બળના જોરે સ્થપાયેલી શાંતિને પગલે સાચો સંતોષ પેદા ન થતો હોય તો એવી શાંતિની શી કિંમત છે? અને જ્યાં સુધી મુસલમાનોની લાગણી સંતોષાય નહીં અને રૉલેટ કાયદો પાછો ખેંચાય નહીં, ત્યાં સુધી લોકોમાં સાચો સંતોષ ફેલાવાનો નથી. કદાચ આપ જાણતા હશો કે ખિલાફત, પૅલેસ્ટાઇન અને મક્કા શરીફના પ્રશ્નોમાં મુસલમાનોનાં સ્ત્રી અને બાળકો પણ ઊંડો રસ લઈ રહ્યાં છે.

રૉલેટ કાયદા સંબંધમાં એવી દલીલ થઈ શકે કે ચળવળિયા લોકોએ જનતાના મગજમાં ઝેર રેડયું છે, પરંતુ આ વાત સાચી હોય કે ન હોય તોપણ, હકીકત એ છે કે જનતા આ કાયદા પ્રત્યે બિલકુલ અવિશ્વાસની નજરે જુએ છે. તો પછી આવા ભારપૂર્વક વ્યક્ત થયેલા લોકમત સામે આપ કેવી રીતે ટકી શકવાના? આજે હિંદુસ્તાનમાં આપ જે કંઈ જોઈ રહ્યા છો તે કોઈ વિપ્લવનું કાવતરું નથી. અહીં વિપ્લવનાં ગાંડાંઘેલાં ઉદ્દામ સ્વપ્નો સેવનારા લોકો મોજૂદ નથી એમ હું નથી કહેતો. પરંતુ હું એટલું તો જરૂર કહું છું કે લોકોનાં જે મોટાં ટોળાંઓએ હિંસાનાં કૃત્યોમાં ભાગ લીધો છે, તેમણે પોતાની દબાવી રાખેલી લાગણીઓ માત્ર ઝનૂની રીતે પ્રગટ કરી છે, જે બધું માત્ર ગાંડા વિરોધ સિવાય બીજું કશું નથી. હિંદુસ્તાનમાં હજી બૉલ્શેવિઝમ દાખલ થયું નથી. પરંતુ હું ઇચ્છું છું કે આપ એ વાત પર વિચાર કરો કે સત્યાગ્રહના સિદ્ધાન્તને માન્ય રાખ્યા વિના શું આપ બૉલ્શેવિઝમ આવતું રોકી શકશો? અથવા હિંસાનાં રોષભર્યાં કૃત્યોને ફૂટી નીકળતાં રોકી શકશો? હું તો માનું છું અને આપને પણ મારી એ માન્યતા સાથે સંમત થવા વિનંતી કરું છું કે લોકોને કાબૂમાં રાખવામાં સત્યાગ્રહ જેટલો કામ લાગે છે તેટલી લશ્કરી

Gandhi Heritage Portal

વ્યૂહરચના કામ લાગતી નથી. મને લાગે છે કે સૌ કોઈ એટલું તો કબૂલ રાખે છે કે જ્યારે શ્રી હૉર્નિમૅનને દેશપાર કર્યા ત્યારે જો લોકોમાં સત્યાગ્રહની સંયમ અને ખામોશી જાળવવાની વૃત્તિ ન હોત તો મોટા પાયા પરની ઝીણવટભરી લશ્કરી વ્યવસ્થા હોવા છતાં હિંસા થયા વિના રહી ન હોત.

હવે હું એક ઓછા કાંટાળા વિષય પર આવું છું. આ વિષય એવો છે જેમાં કદાચ આપણે એકમત થઈ શકીશું. આ સાથે હું સ્વદેશી વ્રતનું પ્રતિજ્ઞાપત્ર મોકલું છું. જો વાઇસરૉય સાહેબ આ વ્રત લે તો તે કેવડી મોટી વાત ગણાય! આપ જોશો કે આ પ્રતિજ્ઞા જેટલી સહેલાઈથી હિંદીઓ લઈ શકે તેટલી જ સહેલાઈથી અંગ્રેજો પણ લઈ શકે છે. જ્યારે આપને લાગે કે નામદાર વાઇસરૉય સાહેબ પાસે એ જોઈ જવાને પૂરતો સમય છે ત્યારે આપ જરૂર આ પ્રતિજ્ઞાપત્ર એમની સમક્ષ રજૂ કરશો. કદાચ વાઇસરૉય સાહેબ આ પ્રતિજ્ઞા લઈ ન શકે, તેમ છતાં જો તેઓ આ યોજનાને સંમતિ આપે તો આપ મને એ મતલબનો એક અલગ પત્ર પ્રસિદ્ધિ અર્થે લખી મોકલશો એવું હું ઇચ્છું છું.

આપનો સહૃદયી
**મો. ક. ગાંધી**

[મૂળ અંગ્રેજી]

છબી પરથી: એસ. એન. ૬૫૮૯

# ૨૫૫. જે. એ. ગાઇડરને પત્ર

લેબર્નમ રોડ,
મુંબઈ,
મે ૫, ૧૯૧૯

વહાલા મિ. ગાઇડર,[૧]

"શ્રીમતી અફવાદેવી" જણાવે છે કે અમદાવાદની દુઃખદ ઘટના પાછળ જે શિક્ષિત વ્યક્તિઓનો હાથ છે તેમને હું શોધી શકયો છું, પરંતુ આપના કર્મચારીઓ તે કામ કરી શકયા નથી તે કારણે આપ એમના ઉપર નારાજ થઈ ગયા છો. એ જ સન્નારીના સૌજન્યથી જાણવા મળ્યું છે કે આપ "શિક્ષિત હિંદીઓ"નો અર્થ કેવળ વકીલો, બૅરિસ્ટરો, ડૉકટરો વગેરે, એવો જ કરો છો. આ કારણે મારા મિત્રો અને બીજા લોકો મને વીંખી ખાય છે. તેઓ કહે છે કે મેં ભાષા વાપરવામાં સાવધાની નહીં રાખી તેથી ભારે તોફાન મચ્યું છે અને બિનજરૂરી હેરાનગતિ પેદા થઈ છે. સ્વાભાવિક છે કે જેમ મારાં કાર્યોનાં ફળ મારે ભોગવવાં પડે તેમ મારા શબ્દોનાં ફળ પણ મારે ભોગવવાં જોઈએ. મેં સાંભળેલી અફવાઓ કેટલે અંશે સાચી છે તેની મને ખબર નથી. પરંતુ હું એટલું કહેવા માગું છું કે મૂળ ભાષણમાં મેં જે "ભણેલા" શબ્દ વાપર્યો છે તેનો અર્થ "ઉચ્ચ શિક્ષણ પામેલા" હિંદીઓ એટલો જ હમેશાં થતો નથી. મારે મન "ભણેલા"નો અર્થ, જેમને કોઈ પણ પ્રકારનું દેશી ભાષાનું કે અંગ્રેજી ભાષાનું શિક્ષણ મળ્યું હોય તેવા

૧. અમદાવાદના કલેકટર.

Gandhi Heritage Portal

બધા લોકો એવો થાય છે. દાખલા તરીકે થોડા વખત ઉપર કોઈ અનામી કવિએ રચેલી એક ઉશ્કેરાટ ઊભો કરે એવી કવિતા મારા વાંચવામાં આવી છે. એ કવિને હું નિ:સંદેહ "ભણેલો" એટલે શિક્ષિત (એજ્યુકેટેડ) માનું છું. અને મારા ભાષણના તરજુમામાં મેં "એજ્યુકેટેડ" શબ્દ બરાબર એ જ અર્થમાં વાપર્યો છે. સાચું કહું તો જો મને એવા પુરાવા મળ્યા હોત કે આ ઘટનામાં ઉચ્ચ શિક્ષણ પામેલા લોકોનો હાથ હતો, તો મારા મનમાં એવા લોકો હતા એવું બતાવતી ભાષા વાપરતાં હું સહેજ પણ સંકોચ રાખત નહીં. મિ. પ્રેટે અમદાવાદમાં આપેલા ભાષણ તરફ ગઈ કાલે મારું ધ્યાન દોરવામાં આવ્યું હતું. એ ભાષણમાં એમણે શિક્ષિત આગેવાનોનો હાથ હોવાની વાતનો ઉલ્લેખ કર્યો છે. હું માની લઉં છું કે જ્યારે તેમણે આ વાત કહી ત્યારે તેમના મનમાં મારા ભાષણના શબ્દો નહીં હોય.

આ ઉપરાંત હું એ પણ કહી દઉં કે "સંગઠિત રીતે" અને "યોજનાબદ્ધ" શબ્દોનો મારો અર્થ આવો છે: પોતાની ફરિયાદો દૂર કરાવવા માટે હિંસાની ઉપયોગિતામાં માનનારા કોઈક કેળવાયેલા માણસે અથવા માણસોએ શુક્રવારે લોકોના ટોળાનો મિજાજ જોયો અને તરત તેમણે એ સ્થિતિનો લાભ ઉઠાવ્યો. તેમણે ગુંડાઓના આગેવાનો મારફતે કાર્ય આરંભી દીધું. અને તે કમનસીબ દિવસે જે કંઈ બન્યું હતું તે, મારી પાસે આવેલા પુરાવા ઉપરથી હું જાણું છું કે બરાબર એ પ્રમાણે જ છે. એટલે આપ જોઈ શકો છો કે આ ઉશ્કેરનારા લોકો માટે સંપૂર્ણ રીતે છૂપા રહેવાનું શક્ય છે.

આપનો સહૃદયી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી: એસ. એન. ૬૫૯૦

## ૨૫૬. મગનલાલ ગાંધીને પત્ર

મે ૫, ૧૯૧૯

સ્વદેશી હિલચાલ ઘણું જોર પકડશે. પણ આપણે તૈયાર નથી એ ભારે બળતરા થઈ રહેલી છે. સર ફાઝલભાઈ સાથે વાત કર્યા પછી એક વસ્તુ મને ઠસી ગઈ છે, તે એ કે મોટામાં મોટી સ્વદેશી ચળવળ સ્વદેશી કાપડ પેદા કરવામાં રહેલી છે. એટલે હું તો આપણી પ્રથમ સ્થિતિ ઉપર આવીને ઊભી ગયો છું. ઘેર ઘેર આપણે રૂ કાંતતા અને કાપડ વણતા થઈ જઈએ. મારી સલાહ છે કે સંતોક વિજાપુર જાય અને સૂતર કાંતતાં શીખી આવે. જેટલું સૂતર હાથે કાંતેલું પડયું હોય તે ઝપાટાબંધ વણાવી નાખો. જેટલું બીજું કાપડ મિલના સૂતરનું અમદાવાદમાં વણાવી શકતા હો તેટલું વણાવો. દક્ષિણી સાડીઓ ત્યાં જ વણાય છે. તેમાં મુખ્યત્વે કરીને પરદેશી સૂતર અને પરદેશી હીર વપરાય છે. દેશી સૂતરની દક્ષિણી સાડીઓ ન કરાવી શકાય? જાડી થશે તોપણ દક્ષિણી બહેનો પહેરશે એમ અવંતિકાબહેને[1] મને કહ્યું છે. સ્ત્રીઓને સારુ તો આપણે જરાયે તૈયાર નથી એવી આપણી કફોડી સ્થિતિ છે.

૧. બબનરાવ ગોખલેનાં પત્ની.

Gandhi Heritage Portal

આ વિષે જે વિચારો તમારાથી થઈ શકે તે કરજો, કાકા વગેરેને વંચાવજો. મારે સારુ તો તમારે હાથે કાંતેલા સૂતરનાં ધોતિયાં વેળાસર તૈયાર કરવાં જ જોઈએ. આશ્રમમાં સૂતર કાંતવાનું કામ થવું જ જોઈએ. મારું હાલ તો ત્યાં આવવાનું થાય એમ લાગતું નથી.

તમારી તબિયત સાચવજો.

[મૂળ ગુજરાતી]

મહાદેવભાઈની ડાયરી, પુસ્તક પાંચમું

## ૨૫૭. હરિલાલ ગાંધીને પત્ર

મે ૫, ૧૯૧૯

તમારો કાગળ ચૈત્ર વદ ૧૦નો મળ્યો છે. મારી તબિયત કાંઈક હવે લથડવા લાગી છે. મગજ ઉપર ઘણો બોજો રહે છે. ઈશ્વરને જ્યાં સુધી આ દેહ મારફતે કામ લેવું હશે ત્યાં સુધી તે નભાવ્યે જશે. મારા વાંચવામાં इंग्लिशमॅन નથી આવ્યું અને નથી આવતું. મને ત્યાંની કાપલીઓ મોકલ્યા કરતા હો તો સારું તો ખરું.

મિસિસ બેસંટની સ્થિતિ દયામણી છે. એને કાંઈ સૂઝતું નથી કે શો રસ્તો લેવો.

રૉલેટ બિલ[1] સરકાર નામંજૂર કરશે ખરી કે, એવો સવાલ તમારાથી પુછાય જ કેમ? જ્યાં સુધી સત્યાગ્રહીઓ જીવતા છે ત્યાં સુધી રૉલેટ બિલ કેમ નભી શકે? હું તો માનું છું કે જો કશી ખુનામરકી નહીં થાય તો થોડા માસમાં જ રૉલેટ બિલ રદ થશે. આ ખબર હું કાંઈક જાણું છું તે ઉપરથી નથી આપતો, પણ મારા સત્યાગ્રહ વિષેના અટળ વિશ્વાસને લીધે આપું છું.

ભાઈ પરાગજીને મેં રોકેલ જ નથી. કેવળ તેની પોતાની ઉપર મૂકી દીધેલ છે. હવે તો એ મદ્રાસ જવાના નિશ્ચય ઉપર આવી ગયા લાગે છે. પાર્વતીને મદ્રાસ લઈ જવાનો નિશ્ચય કર્યો છે. તેમાં પણ હું વચમાં નથી આવેલ.

તમારે દક્ષિણ આફ્રિકા જવું એ મને તો યોગ્ય નથી લાગતું. હું તો એમ ઈચ્છું છું કે તમે બધાઓએ સત્યાગ્રહી નામ ધારણ કર્યું છે તેથી તમે ઓછા નફાથી પણ સંતોષ વાળીને કેવળ સ્વદેશી વેપાર કરો.

છોકરાંઓ ગમત કરે છે. રાજકોટ કે કલકત્તા બહુ સંભારતાં હોય એમ મેં ન જોયું. તેઓને હવા સદી ગઈ જણાય છે એ મુખ્ય સંતોષની વાત છે. રામીને ઠીક થતું જાય છે એમ લાગે છે. અહીંથી સારામાં સારું 'જીવન'[2] તેને સારુ મોકલ્યું છે.

માધવદાસે તમારી નાણાંભીડની વાત કરી છે. તેણે મારી સલાહ માની છે. મેં એ સલાહ આપી છે કે તમે કોઈની પણ નાણાંની મદદ લીધા વિના ચઢી શકો એમ હું ઈચ્છું છું. મેઢની ચંચળવૃત્તિથી તેનાથી વગર વિચાર્યે કામ થઈ જાય, વધારે પડતા વાયદા અપાઈ જાય. તમે

૧. જે બે રૉલેટ બિલો રજૂ થયાં હતાં, તેમાંથી એક પાછું ખેંચવામાં આવ્યું હતું, અને બીજું ૧૮મી માર્ચે ૧૯૧૯ને દિવસે પસાર થયું હતું.

૨. આયુર્વેદની પૌષ્ટિક દવા.

Gandhi Heritage Portal

સાહસિક રહ્યા. ઘણી ઝડપથી બહુ પૈસા કમાવાનો લોભ રાખો છો; – પરાગજીથી જાહેર ચળવળમાં પડી ગયા વિના રહેવાય જ નહીં. આવી સ્થિતિમાં તમને ડંભાઈ જતાં વાર ન લાગે. એટલે તમે કોઈનાં નાણાં ઉપર ન ઝૂઝો એ જ હું હમેશાં ઇચ્છું. વળી મને તો ગમે તે વખતે દેશનિકાલ કરે કે જેલમાં મોકલે. તે વેળા તમે વેપારમાં નહીં રહી શકો એમ મેં ધારી લીધું છે. એટલે તમારાથી પારકાં નાણાં કેમ રોકી શકાય? જે દેશમાં અન્યાય ચાલતો હોય ત્યાં ગરીબાઈમાં જ ખાનદાની છે. અન્યાયમાં સીધી કે આડકતરી રીતે ભાગ લીધા વિના અત્યારની સ્થિતિમાં ધનસંગ્રહ કરવો અસંભવિત છે.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

મહાદેવભાઈની ડાયરી, પુસ્તક પાંચમું

## ૨૫૮. સત્યાગ્રહ પત્રિકા – ૧૬

### રવિવારની હડતાળ: એનો ધાર્મિક હેતુ

મે ૬, ૧૯૧૯

ભાઈઓ અને બહેનો,

હડતાળ જાહેર કરવી એ કાંઈ રમત વાત નથી. તેના સમર્થનમાં મજબૂત કારણો જોઈએ. આ પત્રિકામાં એવાં કારણોનો વિચાર કરીશું. મુંબઈના શહેરીઓ હૉર્નિમૅન પ્રત્યેના પોતાના ઊંડા પ્રેમનો બાહ્ય પુરાવો આપવાને માટે અધીરા થયેલા છે. હડતાળના સાધનથી તેઓ અસરકારક રીતે એ પુરાવો આપી શકે એમ છે. સૌની લાગણીઓની તેમાં પરીક્ષા થઈ રહેશે. વળી હડતાળ એ રાષ્ટ્રવ્યાપી શોક પ્રદર્શિત કરવા માટેનું હિંદુસ્તાનનું પુરાણું સાધન છે. એટલે હૉર્નિમૅનના દેશનિકાલથી આપણને થયેલું દુ:ખ આપણે હડતાળ મારફત પ્રગટ કરી શકીએ છીએ. વળી સરકારના કૃત્ય પ્રત્યે સખત નાપસંદગી દર્શાવવાનો પણ હડતાળ એ ઉત્તમમાં ઉત્તમ ઉપાય છે. રાષ્ટ્રનો મત વ્યક્ત કરવા માટે ગંજાવર સભાઓ ભરવા કરતાં આ વધારે જબરું સાધન છે. આમ હડતાળથી આપણે ત્રણ હેતુ સિદ્ધ કરી શકીએ છીએ. એ દરેક હેતુ એટલો મહાન છે કે હડતાળ જાહેર કરવામાં આપણે અતિશયતા કરી છે એવો આરોપ આપણા ઉપર મૂકી શકાય એમ નથી.

પણ એટલું સ્પષ્ટ છે કે ઉપર જણાવેલા હેતુઓમાંથી એક પણ સિદ્ધ થવાનો નથી. જો લોકોની નાપસંદગીના ડરથી અથવા તો શારીરિક બળજબરીથી આપણે કામબંધી કરાવી હશે, જો ત્રાસ વર્તાવીને આપણે કામબંધી કરાવી હશે અને ભાઈ હૉર્નિમૅનના તે જાણ્યામાં આવશે તો એથી તેઓ નાખુશ અને દુ:ખી થયા વિના રહેવાના નથી. વળી આવી કૃત્રિમ હડતાળથી સરકાર ઉપર આપણે કશી જ અસર પાડી શકવાના નથી. બળજબરીથી પડાવેલી હડતાળ એ સત્યાગ્રહી હડતાળ કહેવાય જ નહીં. કોઈ પણ વસ્તુ સત્યાગ્રહી ત્યારે જ કહેવાય જ્યારે તેમાં હેતુની, સાધનોની અને સાધ્યની શુદ્ધતા હોય. તેથી હું આશા રાખું છું કે કોઈ ભાઈ અથવા બહેનની કામ બંધ કરવાની નામરજી હોય તેને કોઈ દખલ કરશે નહીં, એટલું જ નહીં, પણ તેને કોઈ પણ જાતની દખલગીરી અથવા ઈજા સામે રક્ષણની ખાતરી આપવામાં આવશે. એક

Gandhi Heritage Portal

પણ માણસ ઉપર કામ બંધ રાખવાની ફરજ પાડવામાં આવે તેના કરતાં હું તો એમ ઈચ્છું કે મુંબઈ શહેરમાં રવિવારે લોકો પોતાનું કામ બંધ ન રાખે અને સંચાલકો હાંસીને પાત્ર બને. મુંબઈમાં રવિવારે કોઈ પણ જાતનું ધાંધલ થવાનું જોખમ ટાળવાને માટે જ જાહેર સભાનો વિચાર છોડી દેવામાં આવ્યો છે અને સૌને પોતપોતાના ઘરમાં રહેવાની સલાહ આપવામાં આવી છે. તમામ સત્યાગ્રહી પ્રવૃત્તિ ધાર્મિક વૃત્તિથી ચાલવી જોઈએ. એટલા ખાતર મેં ચોવીસ કલાકનો ઉપવાસ કરવાનું અને આખો દિવસ ધાર્મિક ચિંતનમાં ગાળવાનું સૂચવ્યું છે. મેં આશા રાખી છે કે કુટુંબના તમામ માણસો, બાળકો અને નોકરો સુધ્ધાં, આ ધર્મક્રિયામાં હિસ્સો લેશે. હિંદુઓને ભગવદ્‌ગીતા વાંચી સંભળાવવામાં આવે. સ્પષ્ટ ઉચ્ચાર સાથે આખી ગીતા વાંચતાં ચાર કલાક લાગે છે. તેને બદલે અથવા તો વધારામાં બીજાં હિંદુ ધાર્મિક પુસ્તકો પણ વાંચી શકાય. મુસલમાનોને અને બીજાઓને પોતપોતાના ધાર્મિક ગ્રંથો વાંચી સંભળાવવામાં આવે. તે દિવસ પ્રહ્‌લાદ, હરિશ્ચંદ્ર, મીરાંબાઈ, ઈમામ હસન તથા હુસેન, સૉક્રેટીસ અને બીજા મહાન સત્યાગ્રહીઓની કથાઓ વાંચવા વિચારવામાં ગાળવામાં આવે. ભાઈ હૉર્નિમૅન શી રીતે આપણા પ્રીતિપાત્ર છે તે પણ એકઠાં થયેલાં કુટુંબીજનોને સમજાવવું ઉચિત થશે. મુખ્ય વસ્તુ એ યાદ રાખવાની છે કે આવતો રવિવાર આપણે પાનાં અથવા ચોપાટ રમવામાં, જુગાર ખેલવામાં અથવા કેવળ આળસમાં વેડફી મારીએ નહીં, પણ એવી રીતે ગાળીએ જેથી રાષ્ટ્રસેવા કરવાની આપણી લાયકાત વધે. સારી સ્થિતિનાં શ્રીમંત કુટુંબો પોતાનાં ગરીબ અજ્ઞાન અથવા એકલાં હોય એવા પાડોશીઓને આ ધાર્મિક ક્રિયામાં ભાગ લેવા નોતરશે એવી હું આશા રાખું છું. ભાઈચારાની વૃત્તિ મોઢે બોલવાથી નહીં પણ એવાં કામો કરવાથી કેળવાય છે.

કાલબાદેવી રોડ ઉપરના એક ભાઈ મોતીલાલ ડાહ્યાભાઈ ઝવેરી હમણાં જ મારી પાસે આવીને મને કહે છે કે આવતે રવિવારે હડતાળની જાહેરાતના ખબર બહાર પાડવામાં આવ્યા તે પહેલાં તેમણે પોતાને ત્યાં લગ્નનાં આમંત્રણ કાઢી દીધાં છે. તેમણે મને એ પણ જણાવ્યું કે તે દિવસે ઘણાં લગ્નો થવાનાં છે. ભાઈ મોતીલાલની ખૂબ જ ઇચ્છા છે કે તેઓ પોતે અને તેમના મિત્રો આ રાષ્ટ્રદિનની ઉજવણીમાં ભાગ લે. એવાઓને મારી સલાહ છે કે લગ્નવિધિનો જે ધાર્મિક ભાગ છે તે ભલે આટોપવામાં આવે પણ ભોજન-સમારંભો અને બીજા જલસા સોમવાર ઉપર મુલતવી રાખવામાં આવે. ભાઈ હૉર્નિમૅન પ્રત્યે પોતાની દેશભક્તિવાળી પ્રીતિ એટલી છે કે ભાઈ મોતીલાલે મારી આ સલાહ એકદમ સ્વીકારી લીધી છે. એમના જેવી સ્થિતિમાં મુકાયેલા સર્વની આગળ સ્વીકારને અર્થે હું એ મૂકું છું.

મો. ક. ગાંધી

[મૂળ ગુજરાતી]

મહાદેવભાઈની ડાયરી, પુસ્તક પાંચમું

Gandhi Heritage Portal

## ૨૫૯. એફ. સી. ગ્રિફિથને પત્ર

મુંબઈ,
મે ૬, ૧૯૧૯

વહાલા મિ. ગ્રિફિથ,

આશા છે કે આપ અમારી રોજેરોજ નીકળતી પત્રિકાઓ જોતા રહો છો. પરંતુ ગઈ કાલે જે પત્રિકા નીકળી છે તેના તરફ હું આપનું ખાસ ધ્યાન ખેંચવા માગું છું. એમાં આવતા રવિવારે હડતાળ પાડવામાં આવશે એવું જાહેર કરવામાં આવ્યું છે. હું આશા રાખી રહ્યો છું કે બધું સહીસલામત પાર ઊતરશે.

આપનો સહૃદયી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન ૬૫૯૨

## ૨૬૦. નિર્મળાને પત્ર

મે ૬, ૧૯૧૯

ચિ. નિર્મળા,[1]

હજી તો ખરી લડત શરૂ નથી કરી. પણ હવે પછી થશે ખરી. રવિવારે સૌ ઉપવાસ રાખવાના છીએ. તમે પણ રાખો એમ ઇચ્છું છું. ભાઈ હૉર્નિમૅન જેને નિમિત્તે ઉપવાસ કરવાનો છે એનામાં ઘણા ગુણ હતા અને તેણે હિંદુસ્તાનની ઘણી ભારે નોકરી કરેલી છે.

ઘર સારાં કરાવવામાં મારા તરફથી તો હવે કશીયે મદદ મળી શકશે નહીં. એ કામ ચિ. શામળદાસનું[2] તથા ચિ. કાકુનું છે. ધનની ઉપર મેં કશો દાવો રાખ્યો નથી.

પૂજ્ય બહેન[3] અને તમે બંને આશ્રમમાં રહો અને મારાં કાર્યમાં મદદ કરો તેના જેવું મને બીજું શું વહાલું લાગે? પૂજ્ય બહેને તો પોતે આશ્રમમાં અનુભવ લીધો છે કે સૌ તેમને અધ્ધર ઉપાડી લેતાં હતાં, સૌ માન આપતાં હતાં. અને હું પોતે તો હમેશાં સવારે તેનાં દર્શન કરીને મારી માતુશ્રીનો ચહેરો યાદ કરતો, મારા બાપુનો ચહેરો પણ યાદ કરતો, અને મને પવિત્ર થયેલો ગણતો. તમે બંને જેટલાં બને તેટલાં વહેલાં આશ્રમમાં આવી જાઓ એ હું ઇચ્છું છું. તમે પોતે વણવાનું કામ, સૂતર કાંતવાનું કામ સારી રીતે શીખો એ મારી ભારે તીવ્ર ઇચ્છા છે. એ કામ ધાર્મિક અને પવિત્ર ગણું છું. અન્નદાન અને વસ્ત્રદાન આપણામાં ભારે દાન ગણાય છે. જે પુરુષ કે સ્ત્રી પ્રજાને અર્થે વસ્ત્રો પેદા કરે તેને અતિશય પુણ્ય થાય છે એ મારી ખાતરી છે.

[મૂળ ગુજરાતી]

મહાદેવભાઈની ડાયરી, પુસ્તક પાંચમું

૧. ગાંધીજીના ભત્રીજા ગોકળદાસની વિધવા.
૨. ગાંધીજીના મોટા ભાઈ લક્ષ્મીદાસના પુત્ર.
૩. ગાંધીજીનાં મોટાં બહેન રળિયાતબહેન.

Gandhi Heritage Portal

# ૨૬૧. મુંબઈની સભામાં ભાષણ[1]

મે ૬, ૧૯૧૯

ભાઈઓ,

આપણને લાગે છે કે હવે આપણે કોઈની રાહ જોવાની જરૂર નથી. બીજાઓ આવે તેને હું જે કહી જાઉં છું તે તમે કહી સંભળાવજો.

આપણે રવિવારે જે કામ કરવાનું છે તે ઘણું ભારે છે તેમ જ તેમાં ઘણી મોટી જવાબદારી રહેલી છે. મુંબઈએ અત્યાર સુધીમાં ઘણી જ શાંતિ જાળવી છે અને હવે મારે તે શાંતિનો ગેરઉપયોગ ન કરવો જોઈએ. મારી ઉપર કેટલાક નનામા કાગળો આવ્યા છે તેમાં મારી ઉપર ભાઈ હૉર્નિમૅનના સંબંધમાં અત્યાર સુધી કાંઈ ન કરવા માટે વિવેક છોડી ઘણા સખ્ત પ્રહારો કરવામાં આવ્યા છે. આથી મને કાંઈ દુ:ખ થયું નથી, પણ ભાઈ હૉર્નિમૅન પ્રત્યે લોકોનો કેટલો પ્રેમ છે તે જોઈ શક્યો છું અને મને લાગ્યું કે મારે હવે લોકોની લાગણીને અવકાશ આપવો જોઈએ. જે દિવસે ભાઈ હૉર્નિમૅનને પકડવામાં આવ્યા તે દિવસે રાત્રે બીજે દિવસે હડતાળ પાડવા ઘણી ચળવળ થઈ રહી હતી. પણ કેટલાકની ભારે મહેનતથી શાંતિ જળવાઈ રહી હતી. મેં આવાઓને જવાબ આપ્યો હતો કે જ્યારે મને ખાતરી થશે ત્યારે હું રજા આપીશ. મારી પત્રિકાઓ તમારા વાંચવામાં આવતી હશે. તેમાં મેં કોઈ પાસે આશા મુકાવી નથી. આપણે છેલ્લા ૧૦ દિવસમાં ઘણું કામ કર્યું છે. આપણે આટલા દિવસ શાંતિ જાળવી રાખી તેમાં આપણે આપણા મન ઉપર ઘણો કાબૂ રાખ્યો છે અને એ માટે મુંબઈને ધન્યવાદ ઘટે છે. કેટલાકો એવો પણ આક્ષેપ કરે છે કે ભાઈ હૉર્નિમૅન અંગ્રેજ હોવાથી કાંઈ ચળવળ હિંદીઓ કરતા નથી. પણ આવા આક્ષેપ કરનારાઓએ જાણવું જોઈએ કે મુંબઈને જો ભાઈ હૉર્નિમૅન પ્રત્યે લાગણી હશે તો તે વખત આવ્યે જરૂર બતાવી આપશે. જે માણસે દરેકને સ્વતંત્રતાનો મત આપ્યા કર્યો છે તેને હિંદુસ્તાન ભૂલી જાય એમ બને જ કેમ? અને મેં કહ્યું હતું તેવો સમય હવે આવ્યો છે. અને હું ફરી કહું છું કે રવિવારે જે કામ કરવાનું છે તે ઘણું ભારે છે. તેમાં ભારે કસોટી રહેલી છે. હવે આપણે જે કાંઈ કરીએ તેમાં શાંતિ કેવી રીતે રાખી શકીએ એ જોવાનું છે. મને આશા છે કે જે માણસના મનમાં ભાઈ હૉર્નિમૅન માટે માન હશે તે અયોગ્ય કામ કરશે જ નહીં. આપણે કોઈની જબરજસ્તીથી દુકાન બંધ કરાવીએ તો આપણે ભાઈ હૉર્નિમૅન પ્રત્યે લાગણી રાખીએ છીએ એમ ન કહેવાય. પણ દરેક માણસે પોતાનો ધંધો પોતાની મેળે જ બંધ રાખવો જોઈએ. ત્યારે જ તેને ભાઈ હૉર્નિમૅનને માટે માન છે તેમ કહી શકાય.

આપણે ભાઈ હૉર્નિમૅનની પ્રત્યે માન રાખીએ છીએ એમ જણાવવા આપણો સંદેશો શહેરને ખૂણેખૂણે વંચાવો જોઈએ. રવિવારને દિવસે ભાઈ હૉર્નિમૅનના માનમાં દરેક કોમે ધંધો ખુશીથી બંધ કરવાનો છે. કોઈના ઉપર જુલમ કરવાનો નથી. મને એમ ધાસ્તી રહ્યા કરે છે કે

૧. આ સભા મોરારજી ગોકળદાસ માર્કેટ હૉલમાં ભરવામાં આવી હતી. તેમાં તેમણે હૉર્નિમૅનના માનમાં રવિવાર, તા. ૧૧મી મેનો દિવસ કેવી રીતે પાળવો તેની લોકોને સમજ આપી હતી.

Gandhi Heritage Portal

કોઈ પણ માણસ પોતાના આંધળા પ્રેમથી કોઈના ઉપર દાબ કરશે. પણ જો તે એમ કરશે તો તેને ભાઈ હૉર્નિમૅન પ્રત્યે માન હતું એમ નહીં કહી શકાય. એવું થવું જોઈએ કે ગાડીવાળા પોતાની મરજીથી જ ગાડી જોડે નહીં. ગરીબમાં ગરીબ દુકાનદાર પણ પોતાની રોજી ગુમાવીને તે દિવસે પોતાની ખુશીથી પોતાની દુકાન બંધ કરે. આપણે ટ્રામ રોકવાની નથી. લોકોને બેઠેલા તેમાંથી ઉતારવાની જરૂર નથી.

### લોકને સમજાવવા ખરા

મારો એવો મત છે કે રવિવારે આપણે આપણો કામધંધો બંધ કરવાનો છે અને તેની બીજાને ખબર કરવાની છે કે દરેકે આ કામ પોતાના ઉમળકાથી કરવાનું છે. હા, જેઓએ ભાઈ હૉર્નિમૅનનું નામ પણ સાંભળ્યું ન હોય તેઓને એઓએ સમજાવવું કે ભાઈ! તમે હૉર્નિમૅનનું નામ સાંભળ્યું છે? તેઓ મુંબઈના તેમ જ હિંદુસ્તાનના લોકોમાં સ્વદેશ પ્રત્યેની લાગણી જાગ્રત રાખતા હતા અને હિંદના જિગરના સેવક હતા. તેઓને સરકારે દેશપાર કરેલા છે. અને તેમનું પેપર બંધ કર્યું છે, કારણ સેન્સરશિપ નીચે મૂકયું એ બંધ કર્યા બરાબર જ છે. વધુમાં તેઓની રૂ. ૨,૦૦૦ની જામીનગીરી પણ જપ્ત કરી છે. જો તમને આવી વ્યક્તિ પ્રત્યે માન હોય તો આજનું કામ તમારે તમારી ખુશીથી બંધ કરવું જોઈએ. જો આની તેના પર અસર ન થાય તો તેને જબરજસ્તીથી ફરજ પાડી ધંધો બંધ કરાવવાની જરૂર નથી. કારણ ધાકનો માર્યો તે બંધ કરે તો તેથી આપણને કાંઈ ફાયદો નથી.

### રવિવારે અપવાસ પાળી અધ્યયન કરવું

હવે આપણે બીજી વાત એ પાળવાની છે કે તે દિવસે આપણે અપવાસ પાળવાનો છે. આ બાબત વિષે આવતી કાલે હું એક પત્રિકા બહાર પાડનાર છું. તે ધ્યાનથી વાંચજો. જેઓને સમજ ન પડતી હોય તેઓને પણ સમજાવજો. અત્યારે હું વખત ગાળવા માગતો નથી. મારી હાલની બીજી પત્રિકાઓ પણ વાંચવાની ભલામણ કરું છું. જો આપણે આખો દિવસ ધર્મ-ધ્યાનમાં રોકાઈએ તો આપણામાં ક્રોધ ન જ પ્રવેશી શકે. હિંદુઓને મેં એવી સૂચના કરી છે કે તેઓએ પવિત્ર ગીતાજીનું અધ્યયન તે દિવસે કરવું. જેઓને ન સમજાતું હોય તેઓએ બીજા પાસે સમજવું. ગીતાજી જેવા સરળ પુસ્તકથી લોકોને ઘણો ફાયદો થાય એમ છે. ઘણાઓ ગીતાજીના સંબંધી જુદો જુદો અર્થ કાઢે છે. મેં પણ તેનું અધ્યયન કરીને કાંઈ રહસ્ય કાઢયું છે અને તે મારે તમને એક દિવસ જણાવવાની ઇચ્છા છે. જેઓને અધ્યયન કરવાની તીવ્ર ઇચ્છા હશે તે જરૂર કરશે. પોતાને આવડતું નહીં હોય તો કોઈ શાસ્ત્રીને બોલાવીને પણ કરાવશે. કોઈ કહે છે કે મને પોતાને કંઈ સમજ નથી અને મારે ગરીબને ત્યાં શાસ્ત્રી કયાંથી આવે તો તેઓને તેવાઓને શક્તિવાને મદદ કરવી જોઈએ અને કહેવું જોઈએ કે "ભાઈઓ! તમો મારે ઘેર આવજો, આપણે વાંચીને સમજશું." જ્યારે આવો ભ્રાતૃભાવ તમારામાં આવશે ત્યારે મગદૂર નથી કોઈની કે હિંદુસ્તાન ઉપર કટાક્ષ કરી શકે. જો તમારે ધર્મપૂર્વક જ રવિવાર પાળવો હોય તો ગીતાજીનું અધ્યયન ધ્યાનપૂર્વક કરજો. ઘણી વાર એમ બને છે કે કથા વાંચનાર કથા વાંચે અને બાકીના વાતો કરે. પણ આ રવિવારે તમે ધ્યાનપૂર્વક જ સાંભળજો. ઘરના આગેવાને તપાસ રાખવી જોઈએ કે બીજા સાંભળનારા ધ્યાનપૂર્વક સાંભળે છે કે નહીં. જો તમો ધ્યાન-પૂર્વક નહીં સાંભળશો તો કોઈ દિવસે તમે ભાઈ હૉર્નિમૅનનું કાંઈ ભલું કરી શકવાના નથી. તેમ જ તેને તમો માન આપો છો એમ જણાવાનું નથી.

Gandhi Heritage Portal

### દરેકે પોતાની ફરજ સમજવી જોઈએ

પોતાની ફરજ શી છે તે દરેક માણસે જાણવું જોઈએ. દરેકે જાણવું જોઈએ કે હું હિંદુસ્તાનમાં જ જન્મ્યો છું. તો મારે હિંદુસ્તાન પ્રત્યે શી ફરજ બજાવવાની છે અને કેવી રીતે બજાવવાની છે? હું મુંબઈમાં જન્મ્યો છું તો મુંબઈ પ્રત્યે મારી શી ફરજ છે? હું સત્યાગ્રહી છું તે શા માટે? મારે સત્યાગ્રહી તરીકે શી ફરજ કરવાની છે? વગેરે.

આખા મુંબઈ શહેરના લોકો જો આ રવિવાર આવી રીતે ધર્મમાં ગાળે તો કેટલો બધો ફાયદો થાય? હું ધારું છું કે સરકારે ઇરાદાપૂર્વક જ રૉલેટ જેવા કાયદાઓ પસાર કર્યા છે એમ તમે કોઈ જ ધારતા નહીં હો. અને જો કોઈ ધારતું હોય તો તેની ભૂલ છે. સરકારને આપણે ભૂલ કરવાનું કોઈ કારણ આપ્યું જ નથી તો પછી આપણાથી તેમ ધરાય જ શી રીતે?

વાતાવરણની અંદર જ્યારે બહુ ભારે વસ્તુ વ્યાપી જાય છે ત્યારે તે ઘણી અસર કરે છે, એ મારો પ્રત્યક્ષ અનુભવ છે અને એ અનુભવ મેં દક્ષિણ આફ્રિકાની આઠ વર્ષની લડતમાં લીધો છે. ત્યાંના ખંડના લોકોમાં એક ચમત્કાર જ વ્યાપી ગયો હતો. ત્યાં થોડા માણસો જેલમાં ગયા એટલે બીજાઓ પણ પોતાની ખુશીથી કામધંધો છોડી જેલમાં જવાનું પસંદ કર્યું અને તેનું પરિણામ શું આવ્યું તે તમો જાણો છો. ત્યાં એ એક જાતની ભાવના હતી. અને તેવી જ ભાવના હિંદુસ્તાનમાં થવાની જરૂર છે. આવી પ્રબળ ભાવના આપનાર સત્યાગ્રહીઓ છે. અને તેઓમાં પણ હજી કાંઈ ન્યૂનતા છે એ હું કબૂલ કરું છું. પણ આપણે જોઈએ તેટલા અપૂર્ણ હશું તોપણ જો આપણા ભાવો મીઠા અને ઉત્તમ હશે તો ઈશ્વર આપણને સહાય કરશે. અને તે અપૂર્ણતા લોકો તરફથી પૂર્ણ કરવામાં આવશે.

### સિપાહીગીરી કરીને પણ શાંતિ જાળવવી

માટે આવતો રવિવાર આપણે ધર્મ અને પૂર્ણ શાંતિમાં ગાળવાનો છે. ઘણાઓ કહે છે કે "આ બાબતમાં આપણાથી ક્રોધ કેમ દબાવાય, મારફાડ કર્યા વગર કેમ બેસી રહેવાય?" ખરી વાત છે કે જે વાતાવરણ ચાલી રહ્યું છે તેથી ઘણાઓને એમ થાય એ સંભવિત છે. પણ છતાં જે કાબૂ રાખી અહિંસાનો નિયમ સ્મરણમાં આણશે તેની આ શંકાનો સહજ અંત આવી જશે અને તેના વિચાર તરત બદલાશે. મુંબઈને આવતા રવિવારે આપણે પૂર્ણ ઉજ્જવળ બનાવવાનું છે તેમ જ લોકો ઉપર કાબૂ રાખવાનો છે. કારણ બધાની બુદ્ધિ કાંઈ એકસરખી નથી હોતી. કોઈ જબરજસ્તીથી દુકાન બંધ કરાવવાના પ્રયત્ન કરે, કોઈ ટ્રામ અટકાવવાના પ્રયત્ન કરે, તો તેવાઓની પાસે જઈ દીન યાચના કરી આપણે કહેવું કે "ભાઈ, તમે હૉર્નિમૅનને માન આપો છો? જો આપો છો તો તેમના નામથી તમને આવું કરવાની મનાઈ કરીએ છીએ." આવી રીતે સિપાહીગીરી કરી આપણે શાંતિ જાળવવાની છે. સ્વયંસેવકોએ પણ પોતાનું કામ ઉત્તમ રીતે કરી બતાવવાનું છે. એવો જેઓ અહીં આવી નથી શકયા તેઓને તમારે આ બધું સમજાવવું, એ તમારી ફરજ છે.

બાદ મિ. ગાંધીજીએ જો કોઈને કાંઈ શંકા હોય અગર તો કાંઈ લોકવાયકા હોય તો તે પૂછવા તથા સંભળાવવા લોકોને વિનંતી કરી હતી.

એક ગૃહસ્થ: જો આપણે રવિવારે સ્નાન કરીને ધર્મસ્થાનમાં અગર ચોપાટી ઉપર બેસી ધર્મધ્યાન કરીએ તો શું ખોટું?



Gandhi Heritage Portal

મિ. ગાંધી: મારી એવી ઇચ્છા હતી, પણ મારી હિંમત થતી નથી. હજી આપણા લાખો માણસોએ તાલીમ લીધી નથી અને કેળવાયા નથી. અત્યારે આ સભામાં કાબૂ, જે આપણે રાખી રહ્યા છીએ, તે ત્યાં લાખો માણસોમાં રાખી ન શકીએ. કોઈની બુદ્ધિ જુદી જ હોય અને તેને તોફાન કરવાનું જ પસંદ હોય. માટે હાલ તુરત આવું મોકૂફ રાખવું એ જ ઠીક છે.

મોટી મીટિંગો ભરવાનું કામ મુંબઈમાં હમણાં સહેલું થઈ પડયું છે. કારણ મુંબઈની પ્રજામાં હાલમાં ઘણો ઉત્સાહ વ્યાપી રહ્યો છે. પણ હાલમાં તેમ કરવાની જરૂર નથી. પહેલાં આગેવાનો પ્રજાને દોરતા હતા. હમણાં વખત એવો છે કે જો કોઈ આગેવાન આળસ કરી બેઠો હોય તો પ્રજા તરત તેની ટકોર કરશે કે, "ભાઈ! આગળ વધો નહીં તો તમારી પરવાહ વગર અમો આગળ વધશું."

પછી કેટલોક વિવાદ ચલાવ્યા પછી સભા વિસર્જન પામી હતી.

[મૂળ ગુજરાતી]

ગુજરાતી, ૧૧–૫–૧૯૧૯

## ૨૬૨. सत्याग्रह पत्रिका – १७

મે ૭, ૧૯૧૯

### રવિવારની હડતાળ અને ઉપવાસ

ભાઈઓ અને બહેનો,

આવતા રવિવારે હડતાળ, ઉપવાસ અને પ્રાર્થના રાખીને લોકો સત્યાગ્રહી રીતે સરકારને એ બતાવવા માગે છે કે સરકાર પોતાના લશ્કરી બળથી દેશમાં સંતોષ સ્થાપી શકશે નહીં. જ્યાં સુધી રૉલેટ કાયદા રદ કરવામાં આવ્યા નથી, જ્યાં સુધી ભાઈ હૉર્નિમૅન જેઓ સરકારનાં આવાં કૃત્યો સામે નિર્દોષ ઊહાપોહ ચલાવી રહ્યા હતા તેમના જેવા માણસોને દબાવી દેવાનું સરકાર ચાલુ રાખશે, ત્યાં સુધી સરકાર પ્રત્યે સાચી પ્રીતિ શકય નથી એટલું જ નહીં પણ અપ્રીતિ વધવાની છે. આખી દુનિયામાં ખરી શાંતિનો આધાર તોપબંદૂક નથી હોતો પણ શુદ્ધ ન્યાય હોય છે. સરકાર એક તરફથી અન્યાય કરે અને બીજી તરફથી પોતાના શસ્ત્રબળથી તેનો બચાવ કરે ત્યારે સરકારનાં એ કૃત્યો તેનો ક્રોધ સૂચવે છે. તેથી તો એના અન્યાયમાં વધારો જ થયા કરે છે. લોકો પણ સરકારનાં આવાં કૃત્યોથી ક્રોધે ભરાઈને હિંસાનો આશ્રય લે તો પરિણામ બન્નેને માટે માઠું આવે છે અને પરસ્પર દ્વેષભાવમાં વધારો થાય છે. પરંતુ જ્યારે જ્યારે સરકારનાં અમુક કૃત્યો લોકોને અન્યાયી લાગે ત્યારે ત્યારે તેની સામે પોતાની સખત નાપસંદગી પોતાના કષ્ટસહનથી તેઓ બતાવે તો સરકારને નમતું મૂકયા વિના છૂટકો જ ન થાય. આ સત્યાગ્રહની રીત છે. અને આવતા રવિવારે પોતાની આવી નાપસંદગી શુદ્ધ રીતે વ્યક્ત કરવાની મુંબઈના લોકોને તક મળવાની છે.

સ્વેચ્છાએ અને કશા દબાણ વગર પાડેલી હડતાળ એ લોકોની નાપસંદગી દર્શાવવાનું એક સબળ સાધન છે. પણ ઉપવાસ તેના કરતાંયે વધારે બળવાન છે. લોકો જ્યારે ધાર્મિક વૃત્તિથી ઉપવાસ કરે અને પોતાના દુ:ખની ધા ઈશ્વર આગળ નાખે ત્યારે તેમને અચૂક જવાબ

Gandhi Heritage Portal

મળે જ છે. કઠણમાં કઠણ હૃદય ઉપર તેની અસર થાય છે. સઘળા ધર્મોમાં ઉપવાસને મહાસંયમ ગણેલો છે. જેઓ સ્વેચ્છાએ ઉપવાસ કરે છે તેઓ તેનાથી નમ્ર બને છે અને શુદ્ધ થાય છે. શુદ્ધ ઉપવાસ એ બહુ અસરકારક પ્રાર્થના છે. લાખો માણસો સ્વેચ્છાપૂર્વક નિરાહારી રહે એ કાંઈ નાનીસૂની વસ્તુ નથી. એવો ઉપવાસ એ સત્યાગ્રહી ઉપવાસ છે. વ્યક્તિઓ તેમ જ રાષ્ટ્રો એનાથી ઊંચે ચડે છે. તેમાં સરકાર ઉપર ગેરવાજબી દબાણ લાવવાનો જરા પણ ઇરાદો હોવો જોઈએ નહીં. પણ આપણે જોઈએ છીએ કે ઘણાં સારાં કામોની માફક આ ઉપવાસનો પણ દુરુપયોગ થાય છે. આપણા દેશમાં જોવામાં આવે છે કે પોતાનું માગેલું ન મળે ત્યાં સુધી ભિખારીઓ ઉપવાસ કરવાની ધમકી આપે છે, ઉપવાસ કરે પણ છે અથવા તો ઉપવાસ કરવાનો ઢોંગ કરે છે. આ દુરાગ્રહી ઉપવાસ કહેવાય. આવી રીતનો ઉપવાસ કરનારા માણસો પોતાની જાતને નીચે પાડે છે. એવા માણસોને ઉપવાસ કરવા દેવા એ જ ઉત્તમ રસ્તો છે. આવા ઉપવાસથી દબાઈ જઈ કોઈ માગણીનો સ્વીકાર કરવો એ ખોટી દયા છે. એમ ન હોય તો ગેરવાજબી માગણીઓ મેળવવા માટે પણ લોકો ઉપવાસ કરે. અમુક કૃત્ય ન્યાયી છે કે નહીં એનો નિર્ણય કરવાનો પ્રશ્ન આવે ત્યાં અંતરાત્માના અવાજથી નિયંત્રિત થયેલી બુદ્ધિ સિવાય બીજું કશું સાધન નથી. એટલે આવતા રવિવારના ઉપવાસનો હેતુ કોઈ પણ રીતે સરકાર ઉપર દબાણ લાવવાનો છે એમ સમજવાનું નથી.

મો. ક. ગાંધી

[મૂળ ગુજરાતી]

મહાદેવભાઈની ડાયરી, પુસ્તક પાંચમું

## ૨૬૩. મુંબઈના નાગરિકોને અપીલ

મુંબઈ,
મે ૭, ૧૯૧૯

આવતી તા. ૧૧મી ને રવિવારે મિ. હૉર્નિમૅનના માનમાં

૧. નાગરિકોએ હડતાળ પાડવી.
૨. બધા લોકોએ ૨૪ કલાકનો ઉપવાસ કરવો.
૩. લોકોએ ઘરોમાં જ રહેવું અને પોતાનો સમય ધર્મધ્યાન ભજનાદિમાં ગાળવો.

**પરંતુ**

૧. કામ બંધ રખાવવા માટે કોઈના પણ ઉપર દબાણ કરવું નહીં.
૨. ટ્રામ અને બીજાં વાહનોને રોકવાં નહીં.
૩. રાહદારીઓને કોઈ રીતે હેરાન કરવા નહીં.
૪. રસ્તાઓ ઉપર લોકોનાં મોટાં ટોળાં એકઠાં થવાં નહીં જોઈએ.
૫. રસ્તાઓ ઉપર કોઈ પ્રકારના દેખાવો નહીં થવા જોઈએ.
૬. પોલીસના હુકમોનું અને સ્વયંસેવકોની સૂચનાઓનું સંપૂર્ણ પાલન કરવું.

મિ. હૉર્નિમૅનનું સાચું સન્માન સંપૂર્ણ શાંતિ જાળવવામાં રહેલું છે અને તેઓ જલદી પાછા આવી જાય તેનો આધાર પણ એના ઉપર જ છે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, ૭-૫-૧૯૧૯

Gandhi Heritage Portal

## ૨૬૪. રાઉને પત્ર

લેબર્નમ રોડ,
મુંબઈ,
મે ૭, ૧૯૧૯

વહાલા મિ. રાઉ,

સદ્‌ગત સાર્જન્ટ ફ્રેઝરના સંબંધમાં આપનો પત્ર મળતાં ઘણો આનંદ થયો. આ મૃત વ્યક્તિના સંબંધમાં આપ મને કૃપા કરીને કેટલીક વધારે વિગતો આપશો? શું તે ભાઈ અનાથ હતા? શું તે પોતાનાં માબાપના એકના એક પુત્ર હતા? એમનાં માબાપ શો ધંધો કરતાં હતાં? મિસિસ રાઉએ એમને કેવા સંજોગોમાં દત્તક લીધા હતા? એ માર્યા ગયા તે વખતે તેમની ઉંમર કેટલી હતી? આપના નામ ઉપરથી મને લાગે છે કે આપ હિંદુસ્તાની છો. શું મિસિસ રાઉ પણ હિંદુસ્તાની છે? મને વિશ્વાસ છે કે મારા આ પ્રશ્નો માટે આપ મને ક્ષમા કરશો. સ્વર્ગસ્થનો પૂરેપૂરો ઇતિહાસ જાણવા હું ઉત્સુક છું. અને તે કેવળ એટલા ખાતર કે હું એમનું સ્મરણ એક કીમતી ધન તરીકે જાળવી રાખી શકું.[1]

આપનો સહૃદયી
મો. ક. ગાંધી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૬૫૯૫

## ૨૬૫. सत्याग्रह पत्रिका–१८

મે ૮, ૧૯૧૯

### રવિવારની હડતાળ
### ભગવદ્‌ગીતાના ઉપદેશનો સાચો અર્થ

ભાઈઓ અને બહેનો,

टाइम्स ऑफ इन्डिया જેવા સામાન્ય રીતે નિષ્પક્ષપાતી ગણાતા અખબારે પણ હડતાળની હાંસી કરી છે અને ઉપવાસની ધાર્મિકતા વિષે અવિશ્વાસ બતાવ્યો છે. એવી હાંસી અને અવિશ્વાસને પણ બરદાસ્ત કરવાં એ આપણી ફરજ છે. આપણા કાર્યથી, એટલે સત્યાગ્રહી હડતાળ પાડી ધર્મવૃત્તિથી જ ઉપવાસ કરી આપણે એ હાંસી અને અવિશ્વાસને સારુ પશ્ચાત્તાપ કરાવી શકીએ છીએ. પણ આ પ્રખ્યાત અખબારની ઉપલી ટીકા કરતાં પણ વધારે દુઃખદ ટીકા તો એ છે કે આપણી શાંતિનો તેણે ખોટો અર્થ કરી એમ સૂચવ્યું છે કે આપણને ભાઈ હૉર્નિમૅનના વિયોગથી દુઃખ લાગ્યું નથી. આપણે બધા રવિવારને દિવસે શાંત રીતે પણ પૂરી હડતાળ પાડીએ, ખરા દિલથી ધર્મધ્યાન કરીને આ ભૂલ પણ સુધારી શકીએ છીએ.

૧. આ પત્રનો જવાબ મિસિસ ઈ. સી. રાઉએ આ પ્રમાણે આપ્યો હતો: "જો મારા પતિએ આપને લખ્યું હોય, તો તેમ કરવામાં એમણે એમના જીવનની મોટામાં મોટી ભૂલ કરી છે. . . . અમે હિંદુસ્તાનના વતની નથી."

Gandhi Heritage Portal

હવે કેટલાક હિંદુ ભાઈઓએ ભગવદ્‌ગીતા વિષે શંકા ઉઠાવી છે તેનો જવાબ નમ્રતાપૂર્વક આપવાનો હું પ્રયત્ન કરીશ. તેઓ કહે છે કે ભગવદ્‌ગીતામાં ભગવાન કૃષ્ણે અર્જુનને પોતાનાં સગાંસંબંધીઓને હણવાનું ઉત્તેજન આપ્યું, એ ઉપરથી તો એમ જણાય છે કે ભગવદ્‌ગીતામાંથી ખુનામરકીને ઉત્તેજન મળે છે. તેમાંથી સત્યાગ્રહ શોધી શકાતો નથી. ભગવદ્‌ગીતા ઐતિહાસિક ગ્રંથ નથી પણ એક મહાન ધાર્મિક ગ્રંથ છે. સર્વ ધર્મોનું તેમાં દોહન છે. પાંડવો અને કૌરવો વચ્ચેના યુદ્ધના પ્રસંગને દાખલ કરીને એવું જ યુદ્ધ આપણા શરીરરૂપી ક્ષેત્રમાં પણ ચાલ્યા કરે છે, તે યુદ્ધમાં સદ્‌વૃત્તિઓ રૂપી પાંડવોએ દુષ્ટવૃત્તિ રૂપી કૌરવોને હણવા જ જોઈએ અને મોહથી દુષ્ટ વૃત્તિઓને સદ્‌વૃત્તિઓ છે એમ ભૂલી જઈ તેને હણવામાં કાયર ન થવું જોઈએ એમ બતાવ્યું છે. ભગવદ્‌ગીતામાં દૈવીસંપત અને આસુરીસંપતનું યુદ્ધ સૂચવ્યું છે. ઈસ્લામી, ખ્રિસ્તી, યહૂદી ધર્મશાસ્ત્રોમાં ખુદા અને શેતાનની વચ્ચેના યુદ્ધની વાત છે. જરથુસ્ત ગ્રંથોમાં અહોરમઝ્દ અને અહરિમાન વચ્ચે નિરંતર યુદ્ધ જ ચાલ્યા કરે છે. આવા સર્વમાન્ય અને આખા જગતને અનુભવમાં આવેલા યુદ્ધના આબેહૂબ ચિતારને એક નાનાસરખા ક્ષણિક સ્થૂળ યુદ્ધનું વર્ણન છે એમ કહેવું એ પવિત્રતાને અપવિત્રતા બનાવવા જેવું છે. આપણે જેઓ ભગવદ્‌ગીતાના શિક્ષણથી ભિનાયલા છીએ તેઓ જોકે બહુ ધાર્મિકતાનો દાવો નથી કરતા છતાં આપણાં સગાંઓની સામે જ્યારે જ્યારે તેઓ અન્યાય કરે ત્યારે ત્યારે તલવાર ઉગામવા તૈયાર નથી થતા પણ તેઓને આપણે પ્રેમથી વશ કરીએ છીએ. જો ભગવદ્‌ગીતાનો સ્થૂળ અર્થ ખરો હોય તો આપણે અન્યાયી સગાંઓને દંડ નહીં કરવામાં મહા પાપ કરીએ છીએ. ભગવદ્‌ગીતાના દરેક વાકયમાં ભગવાન કૃષ્ણનો અર્જુનને એવો ઉપદેશ છે. तुं विगतज्वर थईने लड, काम अने क्रोधरूपी महाशत्रुओने तुं हराव; शत्रुमित्रनी तरफ तुं समभावित थजे; मात्रास्पर्श सुखदुःख देनारा छे, आवे छे अने जाय छे तेने तुं सहन करजे. ક્રોધ કર્યા વિના શસ્ત્રયુદ્ધ અસંભવિત છે એવો આખા જગતનો અનુભવ છે. જે અર્જુન શરીરમાં રહેલા રાક્ષસોને હણી શકે તે જ અર્જુન વીતરાગ થઈ શકે. આ જ ભગવદ્‌ગીતા વાંચનાર રામદાસે પોતાના શરીર ઉપર થયેલા પ્રહારો સહન કરી પ્રહાર કરનારને ક્ષમા આપી એટલું જ નહીં પણ તેને જાગીર અપાવી. એવી ગીતા વાંચનાર ગુજરાતના આદિ કવિ અને ભક્તશિરોમણિ નરસિંહ મહેતા ભગવદ્‌ગીતાના ઉપદેશથી જ પોપાયા છે. તેમણે કેવળ પ્રેમભાવથી પોતાના શત્રુઓનો પરાજય કર્યો અને વૈષ્ણવોને પોતાના આચરણનો મહામંત્ર સાદી અને પ્રૌઢ ભાષાનાં કાવ્યો રચીને આપી દીધો. ભગવદ્‌ગીતામાંથી ખુનામરકીનું શિક્ષણ ઉત્પન્ન કરી શકાય છે એમ જે કહેવામાં આવે છે તે કઠિન કળીકાળનો મહિમા સૂચવે છે. ખરું છે કે જે વૃત્તિથી આપણે જે કાંઈ વાંચીએ કે જોઈએ તે વૃત્તિનો પડઘો તેમાં આપણને આવે છે. જેવા દેવ તેવી પૂજા! એ જેટલે દરજ્જે સાચું છે તેટલે દરજ્જે પૂજારી તેવા દેવ એ વાકય ખરું છે. મેં તો ભગવદ્‌ગીતામાં ઠેકાણે ઠેકાણે પ્રેમરસનું પાન કર્યું છે. સર્વ ભાઈઓ અને બહેનો એ જ રસ રવિવારે ચાખો, એવી મારી ઉમેદ અને પ્રાર્થના છે.

**મોહનદાસ ગાંધી**

[મૂળ ગુજરાતી]

गुजराती ११–५–१९१९

Gandhi Heritage Portal

## ૨૬૬. ઓ. એસ. ઘાટેને પત્ર

લેબર્નમ રોડ,
મુંબઈ,
મે ૮, ૧૯૧૯

પ્રિય શ્રી ઘાટે,

સરકાર સમક્ષ રજૂ કરવા માટેનું અલીભાઈઓનું નિવેદન હું જોઈ ગયો છું. જો તે હજી રવાના કરવામાં આવ્યું ન હોય તો હું આશા રાખું છું કે તે બિલકુલ મોકલાશે નહીં. એ આપણને શોભે એવું નથી. એની ભાષામાં સંયમ નથી અને એમાં વિષયની રજૂઆત અતિશયોક્તિભરી રીતે થઈ છે. મુસલમાનો વતી જે માગણી મૂકવામાં આવી છે તેમાં યુદ્ધ પહેલાંના પ્રશ્નોનો પણ સમાવેશ થયો છે. બેશક, આ માગણી વધારેપડતી છે. હું તો એમ ઇચ્છું કે તેઓ પોતાની ઓછામાં ઓછી માગણીઓનું એક નિવેદન તૈયાર કરે. હિજરાના પ્રશ્ન વિષે જે કોઈ મિત્રો સાથે મેં ચર્ચા કરી છે તે બધાએ એ વિચાર નામંજૂર કર્યો છે અને મૌલાના સાહેબે પણ એને નામંજૂર કર્યો છે. હું તો એટલું જ ઇચ્છું છું કે ઇસ્લામની ઓછામાં ઓછી માગણીઓનું એક તર્કસંગત અને પ્રમાણભૂત નિવેદન તૈયાર કરવામાં આવે. અફઘાનિસ્તાનમાં જે કંઈ બની રહ્યું છે[૧] તે બાબતમાં આપણા મિત્રો શા વિચારો ધરાવે છે તે હું જાણવા માગું છું. સંભવિત છે કે એવો સમય આવી ગયો છે જ્યારે ભારેમાં ભારે ડહાપણ અને મનની સ્વસ્થતા જ આપણને આ અગ્નિપરીક્ષામાંથી બહાર ખેંચી કાઢી શકે.

આપનો સહૃદયી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૬૫૯૮

## ૨૬૭. મુંબઈની મહિલા સભામાં ભાષણ

મે ૮, ૧૯૧૯

વહાલાં બહેનો,

આજે મારી તબિયત સારી નહીં હોવાથી હું બેઠો બેઠો જ આપ સાથે વાતો કરીશ. જે બહેનો ભણેલી હશે તેઓએ સ્વદેશી વ્રત વિષે છાપામાં વાંચ્યું હશે. જ્યારથી હું દક્ષિણ આફ્રિકાથી આવેલો છું ત્યારથી હું એક વસ્તુ કહેતો આવ્યો છું તે આ વસ્તુ છે. હિંદુસ્તાનમાં જેટલે દરજ્જે પુરુષો સંસારની, ધર્મની અને રાજ્યની બાબતોમાં ભાગ લે છે તેટલે જ દરજ્જે જ્યાં સુધી સ્ત્રીઓ ભાગ લેશે નહીં ત્યાં સુધી આપણે હિંદનો ભાગ્યોદય જોઈ શકીશું નહીં. દાખલા તરીકે જેઓને અર્ધાંગવાયુ થયો હોય એવા માણસો કાંઈ પણ કામ કરી શકતા નથી. તેવી જ રીતે સ્ત્રીઓ પુરુષોનાં કાર્યોમાં ભાગ લે નહીં તો દેશ કંગાળ જ રહેવાનો. જે દેશની સ્ત્રીઓ પોતાના પુરુષોનાં શાં સુખદુ:ખો છે તે નહીં જાણે તે દેશની હાલત કેવી હોય?

૧. અફઘાન યુદ્ધ.

Gandhi Heritage Portal

મને બધી વાતો કરવાનું મન થાય છે પણ મને ફુરસદ નહીં હોવાથી હું બધી બાબતો કહી શકતો નથી. આજે જે બાબત હું કહું છું તેમાં તમે પૂરેપૂરો હિસ્સો આપો એમ ઇચ્છું છું. મારે તો એટલું જ કહેવાનું છે કે દેશમાં જે સ્થિતિ ચાલી રહી છે તેમાં તેઓએ પોતાનો હિસ્સો આપવો જરૂરી છે. તે માટે કાંઈ અક્ષરજ્ઞાનની જરૂર નથી. તેમના વિના દેશના કાર્યમાં ભાગ ન લઈ શકાય એમ કહેવું ખોટું છે. સ્ત્રીઓ ઘરનું કામ સારી રીતે ચલાવી શકે છે. મારે પોતાને ખેડૂતો અને વણકરોમાં કામ કરવાનું છે. જેટલો ઉત્સાહ કેળવાયેલા વર્ગમાં પેદા કરી શકીએ છીએ તે કરતાં આ વર્ગમાં આપણે વધારે ઉત્સાહ પેદા કરી શકીએ છીએ. ખેડા જિલ્લામાં સત્યાગ્રહની હિલચાલ ચાલી ત્યારે જેટલે દરજ્જે પુરુષો તેમાં ભાગ લેતા હતા તેટલા જ દરજ્જે બહેનોએ પણ મદદ આપી હતી. પણ જો તેઓએ મદદ આપી ના હોત, તેઓ ડરી ગઈ હોત, અથવા પુરુષોને રોક્યા હોત તો આપણું શું થાત?

સ્વદેશી વ્રતની અંદર પણ જ્યાં સુધી સ્ત્રીઓની મદદ નહીં હોય ત્યાં સુધી સ્વદેશી વ્રત પૂરેપૂરું નહીં પાળી શકાય અને પુરુષોમાં ફાવી શકશે નહીં એમ હું માનું છું. પુરુષોનો કાબૂ છોકરાંઓ ઉપર રહેતો નથી. તે અધિકાર સ્ત્રીઓનો છે. બાળકોને ઉછેરવાં, તેમને કપડાં પહેરાવવાં એ માતાનો અધિકાર છે. માટે સ્ત્રીઓને સ્વદેશી રંગ લાગવો જોઈએ. જ્યાં સુધી તે લાગે નહીં ત્યાં સુધી પુરુષ તે વ્રત લઈ શકવાનો નથી. સ્ત્રી ગૃહિણી છે અને બાદશાહી ભોગવે છે. તેમાં જો ફેરફાર ન થાય તો પુરુષ શું કરી શકવાનો છે? પુરુષનાં કપડાં કરતાં સ્ત્રીઓનાં કપડાંની કિંમત વધુ પડે છે.

હિંદમાંથી આપણા ૬૦ કરોડ રૂપિયા બહાર જાય છે. રેશમી કાપડમાં રૂપિયા ૪ કરોડ પણ એમ જ નાંખી દેવામાં આવે છે. અને બાકીના ૫૬ કરોડ રૂપિયા સૂતરના કાપડ બદલ આપીએ છીએ. હિંદુસ્તાનમાં ૩૦ કરોડની વસ્તી છે તો દરેક માણસ સરેરાશ રીતે પોતાના બે રૂપિયા પરદેશી માલ પાછળ ફેંકી દે છે. વળી હિંદમાં ૩ કરોડ માણસ એવા છે કે જેઓને એક જ વખત ખાવાનું મળે છે. પહેલાં આપણા ઘરની અંદર આપણી માતાઓ અને બહેનો સૂતર કાંતતી હતી તેથી હિંદની લાજ અને માન જળવાતાં હતાં. પણ હાલમાં તે કામ મિલો કરે છે. મુંબઈ ઇલાકાની બહાર તો સ્ત્રીઓ અત્યારે સ્વદેશી વ્રતનું પાલન કરી રહી છે. મદ્રાસ, બંગાળ અને બીજા ભાગોની અંદર સ્ત્રીઓનાં કપડાં દેશી વણકરોએ કરેલાં હોય છે. મુંબઈ ઇલાકામાં સ્ત્રીઓ મોટે ભાગે વિદેશી મોંઘું કાપડ વાપરે છે.

સ્ત્રીઓના માટે વિલાયતી જ કપડાં જોઈએ તે માટે પુરુષોનો જ વાંક છે. પુરુષો સ્ત્રીઓને વિલાયતી માલ વિષે સૂચના કરે છે અને પહેરવા લાયક છે એમ સમજાવે છે. તેથી સ્ત્રીઓએ ભૂલ ખાધી છે. પણ હાલ આપણે આપણી તે ભૂલ સુધારવી જોઈએ. પારકી કલાની ખાતર આપણે આપણી કલા ફેંકી દેવી જોઈતી નથી. સઘળાનું માઠું પરિણામ આવ્યું છે અને હાલ હિંદને તેમાંથી છોડાવવાની જરૂર છે. આપણા દેશની હવા, જગા ગમે તેવી નઠારી હોય તોય આપણે તેને છોડીને ચાલ્યા જતા નથી. દેશનું કાપડ ગમે તેવું જાડું હોય તોયે પ્રેમથી તે વાપરવું જોઈએ. અને આપણી આંખ તેથી ટેવાઈ જશે. આપણે આત્માને વધુ સુંદર બનાવવાનો છે. બહારનો ઠાઠમાઠ જોઈતો નથી.

વળી આપણો દેશ કંગાળ છે. દેશની અંદર વખતોવખત દુકાળ પડે છે. પ્લેગ અને કૉલેરા સાથે વસે છે. આપણો દેશ જ્યારે ખરેખર શ્રીમંત હોય, ત્યારે આપણે શ્રીમંતાઈ ભોગવતા હોઈએ તે યોગ્ય ગણાય પણ હાલમાં કેટલાકને પૂરાં કપડાં પણ મળી શકતાં નથી ત્યારે આ

Gandhi Heritage Portal

ઠાઠ શોભી શકતો નથી. યાદ રાખજો કે આ કાર્ય અત્યારે નહીં કરીએ તો આપણે તેમ ફરજિયાત કરવું પડશે. તો આપણી ભવિષ્યની પ્રજા આપણા માટે અફસોસ કરશે અને આપણો દેશ વધુ નિર્ધન બનશે. માટે જો દેશની કંગાળિયત ના ઇચ્છતા હો તો ગમે તેવું જાડું કપડું હોય તોપણ સ્વદેશી વ્રત પાળી તે પહેરજો.

હિંદમાં એક વેળાએ ઢાકાની મલમલ એક દાબડીમાં સમાઈ જતી અને તેની સાથે પૂરતી એબ ઢાંકી શકાતી હતી. ક્યાં છે તેવા કામ કરનારા અને વણકરો? એ મલમલ કોઈ યંત્રથી બનાવાતી ન હતી. તે આજે કેમ અશક્ત થઈ ગયા? અત્યારે તેમનો નાશ થઈ ગયો છે. અત્યારે જે પરદેશી ઝીણાં કપડાં મળે છે તે નામનાં છે. તેથી પૂરતી એબ ઢાંકી શકાતી નથી. સર્વે સ્વદેશી વ્રત લે તો તેવી જ મલમલ આપણે ફરી બનાવી શકીશું. એવા ઘણા પુરુષો છે કે જેઓ સ્ત્રીઓને વશ છે. આ મારો અનુભવ છે તેવો જ બધાનો પણ છે. પણ સ્ત્રીઓની અંદર દૃઢતા, ધર્મવૃત્તિ અને હિંદ પરનો પ્યાર છે. દક્ષિણ આફ્રિકામાં લડાઈ વખતે બોઅર ઓરતોએ જેટલો જુસ્સો બતાવ્યો હતો તેટલો જુસ્સો કોઈ સ્ત્રીઓએ બતાવ્યો નથી.

અત્યારે હું જે માગણી કરું છું તે બહુ ટૂંકી છે. અને તે એ છે કે તમે તમારાં પરદેશી કપડાંને ફેંકી દો અગર સ્વદેશી વ્રત ન ધારણ કરનારને આપી દો અને એવું કામ બધી બહેનો કરતી થાય એમ હું ઇચ્છું છું. આજે ને આજે બધી બહેનો આ વ્રત લે એમ હું કહું તો કઠણ લાગે. પણ આવતી કાલથી વ્રત લેવાનો વિચાર કરો અને તેવો વિચાર અર્પો એવું હું પરમાત્મા પાસે માગું છું.[1]

મહાત્મા ગાંધીજીએ ખુલાસો કર્યો કે વ્રત એક દિવસ પછી લેવું પણ અત્યારથી ઠરાવ કરી રાખવો. કપડાં બધાં પહેરાઈને ફાટી જાય ત્યાં સુધી બેસીએ તો ઘણું ભારે થઈ પડે. એકબે કીમતી સાડીઓ માટે દરગુજર કરી શકાય. પણ ઢગલાબંધ કપડાં માટે શું? દેશની ઉન્નતિ માટે એટલો ભોગ આપવો જોઈએ. જો તમારાં એ બધાં કપડાં ચોરાઈ ગયાં હોય તો તમો શું કરી શકો? તો તેમ જ સમજવું. દેશના સારુ આત્મભોગ તો આપવો જ પડે. જો તમારાં કપડાં રહે અને જીવ બળે તથા પહેરવાનું મન થાય તો તે મને સોંપી દો. હું તેનો સદુપયોગ કરીશ. જેનાથી આવું વ્રત ન જ લઈ શકાય તે અડધું સ્વદેશી વ્રત પણ લઈ શકે છે. અને જ્યાં સુધી બને ત્યાં સુધી આખું સ્વદેશી વ્રત જ ધારણ કરી રાખવાનું છે.

[મૂળ ગુજરાતી]

ખેડા વર્તમાન, ૨૧–૫–૧૯૧૯

૧. આ પછી મહાત્મા ગાંધીજીએ કોઈને કાંઈ શંકા હોય તો પૂછવાનું કહેતાં શ્રીમતી તાપીબાઈ મોતીલાલે પરદેશી કપડાં ખરીદેલાં છે તે કીમતી હોવાથી તે ચાલુ રાખી હવેથી બીજાં નહીં ખરીદવા ઠરાવવા કહ્યું. શ્રીમતી રમીબાઈ કામદારે વ્રત લીધા પછી તે પાળવાની જરૂર બતાવી કહ્યું કે આપણે ઘણાં કપડાં તૈયાર કરવાનાં હોવાથી આઠ દિવસની મુદતની જરૂર છે. આનો ગાંધીજીએ આપેલો જવાબ આ પછીના છેલ્લા પૅરામાં આપવામાં આવ્યો છે.

Gandhi Heritage Portal

## ૨૬૮. सत्याग्रह पत्रिका – १९

મે ૯, ૧૯૧૯

**રવિવારે મુંબઈની કસોટી થશે**

ભાઈઓ અને બહેનો,

મુંબઈની કસોટી રવિવારે થશે. હડતાળ પાડવી, ઉપવાસ કરવો, ધર્મધ્યાન કરવું, સમજુને સારુ તો આ ત્રણે વસ્તુ સહેલામાં સહેલી ગણાશે. મુંબઈ સમજુ છે એમ રવિવારે સાબિત કરશે. ઇંગ્લંડમાં, તેથીયે વધારે સ્કૉટલૅન્ડમાં, દર રવિવારે ધર્મના કારણસર બધું કામ બંધ રહે છે. રેલગાડી પણ જૂજમાં જૂજ ચલાવવામાં આવે છે. હિંદુસ્તાનમાં પણ જાહેર ઑફિસોમાં રવિવાર પાળવામાં આવે છે. એટલે કામ બંધ કરવા વિષે ભય રાખવાનું સાધારણ રીતે તો કાંઈ કારણ હોવું જ નહીં જોઈએ. હાલ લોકોમાં અશાંતિ વર્તે છે અને આપણી હડતાળ આપણું માન અને આપણી દિલગીરી સૂચવવા સારુ હોવાથી થોડી ચિંતા ઉપજાવે છે. જુદી જુદી જગ્યાઓએથી જે ખબરો આવી છે અને હડતાળ વગેરેનું રહસ્ય સમજાવવાને સારુ જે સભાઓ ભરવામાં આવી છે તે ઉપરથી આપણને ઘણી મોટી આશા બાંધવાનું કારણ મળે છે કે મુંબઈ રવિવારને દહાડે પરમ શાંતિ જાળવી પોતાને અને હિંદને શોભાવશે.

હું ઇચ્છું છું કે દરેક મસ્જિદમાં, દેવળમાં, મંદિરમાં, હવેલીમાં, સમાજમાં લોકોને રવિવારે કામ બંધ કરવાનું અને દિવસ ઉપવાસમાં ગાળી ધર્મધ્યાન કરવાનું અને તેમ કરીને શાંતિ જાળવવાનું સૂચવવામાં આવશે.

હડતાળ વિષેની પહેલી પત્રિકામાં[1] હું કહી ગયો છું કે નોકર વર્ગ, મજૂર વર્ગ પોતાને રજા મળે તો જ કામ બંધ કરી શકે છે. પણ ઇસ્પિતાલોમાં કામ કરનારા, શહેરમાં સુખાકારીને અર્થે કામ કરનારા, ગોદીમાં કામ કરનારા, દુકાળના પ્રદેશોની અંદર મોકલવાનું અનાજ ઊંચકનારા મજૂરોએ તો કામ બંધ જ કરવું નહીં જોઈએ. સત્યાગ્રહી હડતાળમાં સાર્વજનિક સુખાકારી અને મુખ્યત્વે ગરીબોની હાજતનો પ્રથમ વિચાર કરવાને આપણે બંધાયેલા છીએ. આમ દરેક વસ્તુ વિવેકથી કરવાની આપણને ટેવ પડી જશે ત્યારે આપણી અડચણો સૂર્યનો પ્રકાશ થતાં ઝાકળનાં પાણી ઊડી જાય છે તેમ જતી રહેશે.

**મોહનદાસ ગાંધી**

[મૂળ ગુજરાતી]

ગુજરાતી, ૧૧–૫–૧૯૧૯

૧. પત્રિકા ૧૫.

Gandhi Heritage Portal

## ૨૬૯. એફ. સી. ગ્રિફિથને પત્ર

લેબર્નમ રોડ,
મુંબઈ,
મે ૯, ૧૯૧૯

વહાલા મિ. ગ્રિફિથ,

મિલમજૂરો સંબંધમાં મારા જાણવામાં આવ્યું છે કે તેઓ પોતાની ખાદ્યસામગ્રી પગારને દિવસે જ ખરીદી લે છે. આ વખતે પણ તેમણે ગઈ ત્રીજી તારીખે આ કામ આટોપી લીધું છે. મને એ પણ જાણવા મળ્યું છે કે કેટલાક મજૂરોએ તો તેમને માટે કોઈ દુકાનો ખુલ્લી રાખવામાં આવે એ વિચાર સામે અણગમો પ્રગટ કર્યો છે. તેમ છતાં હું સમજી શકું છું કે જો દુકાનો ખુલ્લી રાખવામાં આવે તો એમનામાંના ઘણા લોકો કેટલીક પરચૂરણ વસ્તુઓ ખરીદે. પરંતુ ઉત્તર મુંબઈમાં હાલની સ્થિતિને જેમની તેમ રાખવામાં જેટલું જોખમ જણાય છે તેના કરતાં તમામ દુકાનદારોને તેમની દુકાનો ખુલ્લી રાખવાની સલાહ આપવામાં મને વધારે જોખમ દેખાય છે. એટલે આ બાબતમાં હું કોઈ અઘટિત બનાવ નહીં બને તેની તકેદારી રાખવા ઉપરાંત વિશેષ કાંઈ કરવા માગતો નથી.

ગઈ કાલે મોડી રાતે આપનો સંદેશો મળ્યો હતો. તે બદલ આપનો આભાર માનું છું. હું એક પત્રિકા બહાર પાડી રહ્યો છું તેની એક નકલ આપને આ સાથે મોકલું છું. આપ જોશો કે મેં નામદાર ગવર્નરની ઇચ્છાનો પૂરેપૂરો અમલ કર્યો છે.

આપનો સહૃદયી
મો. ક. ગાં.

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૬૫૯૯

Gandhi Heritage Portal

## ૨૭૦. ડૉ. પૉવેલને પત્ર

લેબર્નમ રોડ,
મુંબઈ,
મે ૯, ૧૯૧૯

વહાલા ડૉ. પૉવેલ,[1]

આપનો પત્ર[2] મળ્યો. તે બદલ આભાર. હું અનંતરાય રાધાકિશનને માત્ર એક જ વાર મળ્યો છું. એમણે મને કોઈ કાર ભેટ આપી નથી. એમની પાસે કેટલી મિલકત છે તે વિષે મારી પાસે કશી માહિતી નથી, તેમ તેમણે આપેલા કોઈ પૈસા મારી પાસે નથી. એ સત્યાગ્રહને કારણે મગજ ખોઈ બેઠા છે એ વાત માનવા હું તૈયાર નથી. પરંતુ એવું બનવાનો પૂરેપૂરો સંભવ છે કે અમારી યાદી પર એક કરતાં વધારે પાગલ માણસોનાં નામ હોય.

આપનો સહૃદયી
મો. ક. ગાં.

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૬૬૦૦

## ૨૭૧. મુંબઈમાં ખિલાફત વિષે ભાષણ[3]

મે ૯, ૧૯૧૯

ભાઈઓ,

મને આપ સૌ ભાઈઓ માફ કરજો કારણ કે મારી નાદુરસ્ત તબિયતને લીધે હું તમારી આગળ બેઠો બેઠો જ બોલવાનો છું. હું આપ સૌ ભાઈઓને પૂછું છું કે તમે ગુજરાતીમાં સમજશો કે નહીં? જો સમજતા હો તો પોતાના હાથ ઊંચા કરો. (ઘણાએ હાથ ઊંચા કર્યા હતા).

આપણા સરનશીન સાહેબે જે એક વાત મારે માટે તમો આગળ જણાવેલી તે વાજબી છે. મને નાનપણથી હિંદુમુસલમાનો વચ્ચેનો ભેદ કાઢી નાખવાના વિચાર થયા કરતા હતા.

૧. મુંબઈના પોલીસ સર્જન.

૨. ૯મી મેનો.

૩. આ ભાષણ, ખિલાફતના પ્રશ્નનો વિચાર કરવા અંજુમન ઝિયાઉલ ઇસ્લામ તરફથી ખાસ બોલાવાયેલી અને એન. ટી. કાદરભાઈ બૅરિસ્ટરને પ્રમુખપદે ભરાયેલી સભામાં, ગુજરાતીમાં આપવામાં આવ્યું હતું. એમાં મુસલમાનો મોટી સંખ્યામાં આવ્યા હતા. ખાસ આમંત્રણથી આવેલા લોકોમાં ગાંધીજી, જમનાદાસ દ્વારકાદાસ અને શંકરલાલ બેંકર હતા. આ સભામાં ગાંધીજીનો પરિચય આપતાં કાદરભાઈએ કહ્યું હતું કે: ગાંધીજીએ હિંદુઓ અને મુસલમાનો વચ્ચે પ્રવર્તતા ભેદભાવો દૂર કરવા જીવનભર પ્રયત્ન કર્યો છે. એમણે દક્ષિણ આફ્રિકામાં જે સત્યાગ્રહની લડત ચલાવી હતી તે મુખ્યત્વે મુસલમાનોના લાભાર્થે હતી. કેમ કે દક્ષિણ આફ્રિકામાં હિંદીઓનો જે વેપાર છે તેના પોણા ભાગનો વેપાર મુસલમાનોના હાથમાં છે. હિંદુમુસલમાનોના ઐક્યની દિશામાં બ્રિટિશ શાસન જે કામ વર્ષો પછી પણ નથી કરી શક્યું તે ગાંધીજીએ એક જ દિવસમાં કરી બતાવ્યું છે.

Gandhi Heritage Portal

જ્યારે દક્ષિણ આફ્રિકામાં હતો ત્યારે મેં જોયું કે મારે મારો ઘણો વખત મુસલમાન ભાઈઓની સાથે જ ગાળવાનો છે અને હું મુસલમાન ભાઈઓના એક કેસ માટે જ ગયો હતો જેથી મુસલમાન ભાઈઓના કેટલાક ખવાસો હું જાણતો હતો. પછીથી મારે વિલાયત જવાનું થયું. હું ત્યાં તા. ૬ઠ્ઠી ઑગસ્ટે પહોંચ્યો હતો. અને પહોંચ્યા પછી ખબર મળી કે મિત્રરાજ્યો અને જર્મની વચ્ચે લડાઈ શરૂ થઈ છે. પછી ટાઇમ્સમાં એક વખતે વાંચવામાં આવ્યું કે ટર્કી શું કરશે? મુસલમાન ભાઈઓના દિલમાં પણ આ જ સવાલ ડંખતો હતો. પછી ખબર મળી કે ટર્કી જર્મની તરફથી લડાઈમાં જોડાયું. ટર્કીનું આ પગલું વિચારવાનો તે વખતે વખત ન હતો પણ આવા પ્રસંગે હું હિંદુસ્તાનને બચાવવા માટે ઈશ્વર પાસે માગણી કર્યા કરતો હતો કે જે વખતે ટ્રિપોલીની લડાઈ ચાલતી ત્યારે ઘણા મુસલમાનો મારી પાસે આવતા અને ખુલાસો પૂછી જતા. આ ઉપરથી મુસલમાન ભાઈઓની લાગણી કેવી છે તે હું સમજી શકતો અને તેથી મને કંપારી છૂટતી. હું પાછો હિંદુસ્તાન આવ્યો ત્યારે મારા મગજમાં જે ધૂન દક્ષિણ આફ્રિકામાં હતી તે જ સાથે લઈને ઊતર્યો હતો. હું હિંદુઓ અને મુસલમાનોને એક કરવાના બહુ વિચાર કર્યા કરતો હતો. હું એમ ઇચ્છું છું કે જો મારું મોત થાય તો હિંદુમુસલમાનોને એક કરવામાં જ થાય. મારા જીવનમાં મને બે મુદ્દાઓ પાર પાડવાની બહુ ઉમેદ છે અને તેમાંનો એક તો હિંદુમુસલમાનો વચ્ચે ઐક્ય કરવાનો અને બીજો સત્યાગ્રહનો. બીજા મુદ્દામાં હિંદુમુસલમાનનો સવાલ એક થાય છે. જો કોઈ પણ કોમ સત્યાગ્રહને વળગી રહે છે તો તે ઐક્યનો મંત્ર આપોઆપ જ સમજે છે.

હવે મારો મુખ્ય વિષય તો એ છે કે આજે જે સવાલને માટે આપણે ભેગા થયા છીએ તેમાં હું શું કરી શકું. જ્યારે હું હિંદુસ્તાનમાં ઊતર્યો ત્યારે સાચા દિલના મુસલમાન ભાઈઓને જ શોધતો ઊતર્યો હતો અને તે મારી ઇંતેજારી પૂરી થઈ. અહીં આવ્યા પછી તરત જ મારે દિલ્હી જવાનું થયું. હું ભાઈ શૌકત અલી અને મહમદ અલીને પહેલાં ઓળખતો ન હતો પણ મને તેઓ મળ્યા એટલે મને એમ લાગ્યું કે જાણે હું તેમને ઘણા વખતથી ઓળખતો હોઉં તેવું જ તેઓને પણ મારે માટે થયું. ત્યાર પછી અમોને ગાઢો સંબંધ થયો તેમ જ તેઓની મારફતે બીજા આગેવાન મુસલમાનોને મળવાનો પણ પ્રસંગ મળતો ગયો. જેમાં લખનૌના અબ્દુલ બારી સાહેબ મુખ્ય હતા. તેઓ બધાની સાથે મુસલમાન ભાઈઓનાં દુખાતાં દિલ માટે શું કરવું જોઈએ તેનો વિચાર કરાતો. આથી તમારે જાણવું જોઈએ કે આ સવાલ માટે હું સૂતેલો ન હતો. સરકાર સાથે પણ આ બાબતનો પત્રવ્યવહાર કરતો હતો અને એક પત્ર વાઈસરૉયને ખુલ્લો પણ લખ્યો હતો. મને તમો એમ પૂછશો કે "તું હિંદુ છે અને તારે આ સવાલમાં માથાફોડ કરવાની શી જરૂર છે?" તો જવાબ એ જ છે કે મારે મારી જિંદગી તમારા સહવાસમાં અને તમારા જ પાડોશમાં ગાળવાની છે. જો તમો દુઃખી હશો તો મારો પણ તેમાં ભાગ છે. જો સુખી હશો તો તેમાં પણ છે. માટે ભાઈઓ તમારાં દુઃખોને માટે પણ મને બહુ ફિકર છે.

મુસલમાન ભાઈઓ ઉપર આવેલી આફત બીજાઓ કરતાં ન સહન થઈ શકે એવી છે અને તેમાં ત્રણ મુખ્ય વાતો છે. તેમાં એવું થવું જોઈએ કે ટર્કીના ભાગલા યુરોપિયન પ્રજા ગમે તેમ નહીં કરી શકે. કદાચ શસ્ત્રબળથી તે તેમ કરી શકે પણ પાંચ કરોડ મુસલમાનોની લાગણી દુખાય છે તેનો પણ તેઓએ ખ્યાલ કરવો જોઈએ, અને પાંચ કરોડ મુસલમાનોનું દિલ દુખાય, એ ૩૦ કરોડનું દિલ દુખાય છે એમ હું સમજું છું. મક્કા અને મદીનાના સવાલ માટે હું જણાવીશ કે તે સલ્તનતના કબજામાં ન જ રહી શકે. કારણ કે દરેક ધર્મની બાબતમાં હું કાંઈક સમજી

Gandhi Heritage Portal

શકું છું. પૅલેસ્ટાઈન પણ મુસલમાનના જ હાથમાં રહેવું જોઈએ. લડાઈ પહેલા તેઓના જ હાથમાં હતું. જો કોઈ માણસ કોઈની ધર્મની જગ્યા જબરદસ્તીથી લઈ લેવા આવે તો અંગ્રેજ સરકારે વચ્ચે પડી બચાવવી જોઈએ. જે વસ્તુઓ લડાઈ દરમ્યાન બનવા પામી છે તે વસ્તુઓ અંગ્રેજ સરકાર પાસે માગવાનો મુસલમાનોને હક છે. આને માટે હિંદુઓ અને મુસલમાનોની લાગણી એક થવી જોઈએ. હિંદુ મુસલમાનમાં સંપની આ વખતે ખાસ જરૂર છે. આપણને એક જ જમીને પેદા કરેલા છે તો પછી ભેદભાવ શા કારણથી હોવો જોઈએ?

આને માટે મારે તમને એક બાબત ખાસ જણાવવાની છે કે તમારે સરકારને એક અરજી કરી તમારી માગણીઓની જેમ બને તેમ જલદી સમજ આપવી. હિંદુઓ તમને મદદ કરવા તૈયાર રહેશે. પણ પહેલી માગણી તો તમારે કરવી જોઈએ. હાલમાં ચાર-પાંચ દિવસ ઉપર ટાઇમ્સમાં એક ટીકા વાંચવામાં આવી હતી અને તે આને લગતી છે. અને તે એ છે કે મુસલમાનોની શું માગણી છે તે સરકાર જાણતી જ નથી. જોકે મુસ્લિમ લીગના ભાષણમાં આવા સવાલ માટે ઘણી ચર્ચાઓ થઈ ગઈ છે. બધા આગેવાનોએ મળી સરકારની પાસે શું શું માગણી છે તે સ્પષ્ટ રજૂ કરવી જોઈએ. સૌ મુસલમાન ભાઈઓએ સમજવું કે તે વસ્તુ સરકાર પાસે અને પ્રજા પાસે મૂકવી એ તમારી જ ફરજ છે. આમાં મારી મદદની તમારે જરૂર હોય તો તે હું એટલી જ આપી શકું કે તે માગણીઓની બાબત હું તમને લખી આપું. બીજું કામ મારાથી થઈ શકે એમ નથી. વખત જાણ્યા વગર જેમ બને તેમ જલદીથી તમે તમારી દલીલો દરેકને સમજાય એવી રીતે રજૂ કરો. પાછળથી કાંઈ પણ અશાંતિ બતાવશો તેથી કાંઈ ફાયદો થવાનો નથી. આ ઉપરથી તમને સમજાશે કે પહેલી ફરજ મુસલમાન ભાઈઓએ અદા કરવાની છે.

### સત્યાગ્રહ માટે સૂચના

આટલું કહી રહ્યા પછી મને એવું પણ સૂઝે છે કે કદાચ તમારી રજૂ કરેલી દલીલોનો યોગ્ય જવાબ ન મળ્યો તો તમે શું કરો? આને માટે એક જ જવાબ છે અને તે એ કે સત્યાગ્રહ. આપણી પાસે બીજો આથી સારો ઇલાજ નથી. લડાઈ કરવા જઈએ તો ખુનામરકી થાય. મને એ રસ્તો જંગલી લાગે છે. દરેકે "હું મારીશ" એમ નહીં પણ "હું મરીશ" એમ જ ધારવું જોઈએ. આપણે હકને માટે મરી છૂટીએ પણ હક મેળવવા કોઈને મારી શકીએ નહીં. કુરાને શરીફમાં એમ જ લખેલું છે કે "અય ઇન્સાન! જો તું સબૂરી પકડશે તો મને વધારે વહાલો લાગીશ." આ દયાનો કાયદો છે, પ્રેમનો કાયદો છે અને એ જ ઇન્સાનની ફરજ છે. સત્યાગ્રહ એ શી ચીજ છે એથી તમો જાણીતા તો છો જ. આ ગ્રહણ કરવાથી બીજા સાધનની તમારે જરૂર પડશે નહીં. ખુનામરકી કરો એ વાત મને તો ઠીક લાગતી નથી, અને સાથે સાથે એનો શું નતીજો આવે તેનો પણ વિચાર કરવાની જરૂર છે. માટે જો તમે દીની વસ્તુ સમજતા હો તો તેને એવી રીતે જલદીથી પચાવી લેવી કે કોઈ પણ તેની વચ્ચે ન આવી શકે.[1]

વ્યાવહારિક દૃષ્ટિએ જોઈએ તોપણ આપ સહેલાઈથી સમજી શકશો કે હિંસાથી કશો લાભ થવાનો સંભવ નથી, માત્ર પારાવાર નુકસાન જ થઈ શકે તેમ છે. આનું ઉદાહરણ આપણે અમદાવાદ અને વીરમગામમાં જોયું છે. મારા આ કથનનો વધારે પુરાવો રવિવારે જોવા મળશે. તે દિવસે મેં એક સત્યાગ્રહી હડતાળ પાડવાની સલાહ આપી છે અને સાથે ઉપવાસ અને પ્રાર્થનાનો કાર્યક્રમ સૂચવ્યો છે. હું આશા રાખું છું કે આપ સૌ એ સન્માન, શોક અને વિરોધના

૧. આ પછીનો એક પૅરેગ્રાફ ૧૪–૫–૧૯૧૯ના યંગ ઇન્ડિયામાંથી અનુવાદ કરીને લીધો છે.

Gandhi Heritage Portal

મહાન પ્રદર્શનમાં સામેલ થશો. આ સન્માન એક એવા અંગ્રેજ સજ્જનનું કરવાનું છે જેણે હિંદુસ્તાનની સાચા દિલથી બહુ ભારે સેવા બજાવી છે, શોક એ વાતનો છે કે આવા સેવકને દેશપાર કરવામાં આવ્યો છે અને વિરોધ સરકારના આવા ગેરડહાપણભર્યા કૃત્ય સામે છે. આ બધામાં આપણે સૌ સાથે જ છીએ. એટલે હું આશા રાખું છું કે આપ સૌ આ દેખાવમાં પૂરેપૂરો સાથ આપશો. જો આ હડતાળ સંપૂર્ણ રીતે ઐચ્છિક બનશે અને તેમાં પૂરેપૂરી શાંતિ જળવાશે, તો જ તે સફળ થશે; અને જો આપણે આટલું કરી શકીશું તો પછી પોલીસની કે લશ્કરની આપણને જરૂર પડશે નહીં. જ્યારે હિંદુસ્તાન સત્યાગ્રહને એક સિદ્ધાંત તરીકે સ્વીકારશે ત્યારે આપણને ઍરોપ્લેનો ડરાવતાં મટી જશે; જ્યારે આપણે કોલાબા તથા અન્ય સ્થળોએ મશીનગનો વાપરવાનો મોકો આપતા બંધ થઈશું ત્યારે એ મશીનગનો ઉપર માટી ફરી વળશે, તેમના ઉપર ઘાસ ઊગશે અને આપણાં બાળકો એના ઉપર રમશે.

મેં તમારો ઘણો સમય લીધો છે. મારો ઘણા વખતથી મુસલમાન બિરાદરોને મળી ખુલ્લા દિલથી મારા દિલના ઉદ્‌ગાર કાઢવાનો વિચાર હતો તે આજે ફળ્યો છે.

### પસાર થયેલા ઠરાવો

બાદ નીચે પ્રમાણેનો [મૌલવી અબદુલ રફે મૂકેલો] ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો :

આ સભા માનભરેલી રીતે અરજ કરે છે કે નામદાર વાઇસરૉયે હિંદી પ્રધાન અને વડા પ્રધાન સાથે મળીને બ્રિટિશ રાજનીતિ જાહેર કરવી કે જે બ્રિટિશ પ્રતિનિધિઓ મારફતે સુલેહની કૉન્ફરન્સની સન્મુખ રજૂ કરવામાં આવે અને તેના હેતુ એ હોવા જોઈએ કે :

(૧) ખિલાફતને લગતા સવાલનો ફડચો હિંદના ઇસ્લામીઓની ઇચ્છાનુસાર કરવો.

(૨) મક્કા, મદીના, જેરૂસલમ, નજફ, કરબલા, કાનેમેના, બગદાદ વગેરે ધાર્મિક સ્થાનોની રખેવાળી ખલીફાતુલ મુસલમાનોને સોંપવી.

(૩) ટર્કિશ શહેનશાહતના કરવા ધારેલા ભાગલાથી પાછળ હઠવું જોઈએ.

(૪) કૉન્સ્ટન્ટિનોપલ જે ચાર સદી થયા ખલીફાતની બેઠક છે, જે ધર્મે મુસ્લિમ અને ઓલાદે ટર્કિશ છે તે ટર્કી શહેનશાહતનું પાયતખ્ત રહેવું જોઈએ.

ઉપલા સવાલને અખંડપણે બજાવી લાવ્યાથી હિંદના ઇસ્લામીઓ વચ્ચેની હંમેશ મુજબની નિયમિત લાગણી પાછી પથરાશે અને જે અસંતોષ અને બેચેની છે તે દૂર થશે. અને તેટલા માટે આ સભા અંતઃકરણપૂર્વક અરજ ગુજારે છે કે નામદાર શહેનશાહની સરકારે ઉપર જણાવેલા સવાલના સંબંધમાં હિંદમાં એક ઢંઢેરો પહેલો બહાર પડાવવો. અને એવો ઢંઢેરો હિંદના ભલા અને બંદોબસ્તભર્યા રાજકારોબાર માટે બેશક સુલેહશાંતિનો જમાનો ઊભો કરશે.

[મૂળ ગુજરાતી]

गुजरातमित्र अने गुजरात दर्पण, २५–५–१९१९

Gandhi Heritage Portal

## २७२. सत्याग्रह पत्रिका – २०

મે ૧૦, ૧૯૧૯

**વેર મારે છે, મહોબત મરે છે**

ભાઈઓ અને બહેનો,

હિંદુ, મુસલમાન, પારસી, ખ્રિસ્તી, યહૂદી બધાને મારી એ જ વિનંતી છે કે આવતી કાલે આપણે આપણા વર્તનથી સરકારને ખાતરી કરાવી આપીએ કે આપણી દાનત શુદ્ધ છે અને બતાવીએ કે મુંબઈમાં કોઈ પણ શાંતિનો ભંગ કરવા ઇચ્છતું જ નથી.[1] મુંબઈ શહેર ભારે જવાબદારીનાં કામો ધીરજથી અને શાંતિથી ઉકેલી શકે છે. તેની સાથે એમ પણ બતાવી દેવાની આપણી ફરજ છે કે આપણે બધા એકસંપથી કામ કરી શકીએ છીએ, અને આપણે ધારેલી મુરાદ બર લાવવા દૃઢતા રાખી શકીએ છીએ. આપણે સરકાર તરફ વેરભાવ રાખીને સરકારની પાસેથી ન્યાય મેળવવા નથી માગતા, પણ મહોબતથી કામ લેવા ઇચ્છીએ છીએ. વેર મારે છે, મહોબત મરે છે એવો બંને વચ્ચે મોટો તફાવત છે. મહોબતથી જે વસ્તુ મળે છે તે હંમેશાંને સારુ નભે છે. વેરથી મળેલી વસ્તુ હંમેશાં વેરમાં વધારો કરે છે. મનુષ્યનો ધર્મ દુનિયામાં વેર ઓછું કરવાનો અને મહોબત વધારવાનો છે. મુંબઈ સંપૂર્ણ હડતાળ પાડશે, ઉપવાસ કરી, ધર્મધ્યાન ધરી, પ્રેમનો વરસાદ વરસાવે, એવી મારી પ્રાર્થના છે.

**મો. ક. ગાંધી**

મુદ્રક : રુસ્તમ એન. વાચ્છા ગાંધી, સાંજ વર્તમાન પ્રેસ,
નંબર ૨૨–૨૪–૨૬, મિન્ટ રોડ, ફોર્ટ, મુંબઈ.

[મૂળ અંગ્રેજી]

દિલ્હીના ગાંધી સ્મારક સંગ્રહાલયમાં સાચવી રાખેલી મૂળ છાપેલી પત્રિકા પરથી
મિ. એચ. એસ. એલ. પોલાકના સૌજન્યથી
ભાષાંતર : ગુજરાતી, ૧૧–૫–૧૯૧૯

## २७३. એસ. કે. રુદ્રને તાર

મુંબઈ,
મે ૧૦, ૧૯૧૯

પ્રતિ
આચાર્ય રુદ્ર
સ્ટિફન્સ કૉલેજ
દિલ્હી

હાલના સંજોગોમાં મંજૂરી વિના ચાર્લીએ લાહોર જવું નહીં, એવી મારી આગ્રહપૂર્વકની સલાહ છે.

[મૂળ અંગ્રેજી]

બૉમ્બે સિક્રેટ ઍબ્સ્ટ્રૅક્ટ્સ, ૧૯૧૯, પા. ૪૧૬

૧. આ વાક્ય અંગ્રેજી મુજબ સુધાર્યું છે.

Gandhi Heritage Portal

## ૨૭૪. એની બેસંટને પત્ર

મુંબઈ,
મે ૧૦, ૧૯૧૯

પ્રિય મિસિસ બેસંટ,

આપના પત્ર બદલ આભાર. હું જાણું છું ત્યાં સુધી ડૉ. સુબ્રહ્મણ્યમને[1] કોઈએ પણ વધારે-પડતો આગ્રહ કરી સમજાવ્યા નહોતા. સત્યાગ્રહ વિષેની એમની મુલાકાતનો હેવાલ મને મળતાં પહેલાં જ એમણે બહાર પાડી દીધો હતો. પ્રતિજ્ઞા પણ એમણે પોતાની રાજીખુશીથી જ લીધી હતી. તે વખતે તેઓ બોલેલા કે હું તો જીવનભરનો સત્યાગ્રહી છું. આપની અટકાયત દરમ્યાન હું એમને એમના બંગલે મળ્યો હતો તે પ્રસંગ હજી મને યાદ છે. તે વખતે આપના ઘણા અનુયાયીઓ ત્યાં હાજર હતા, અને મેં જ્યારે મારી યોજના તેમની સમક્ષ રજૂ કરી, ત્યારે તેમનામાંના એકેએક જણે એ યોજના મંજૂર રાખી હતી. તે વખતે એ બધા પાસેથી હું સમજ્યો હતો કે સત્યાગ્રહને આપનો પૂરેપૂરો ટેકો છે, અને આપે એવી સલાહ આપી હતી કે આ આંદોલન મારી દોરવણી નીચે ચલાવવું જોઈએ.

આપનાં લખાણો વાંચતાં તેમાં હું દુઃખ સાથે એક નવાં જ મિસિસ બેસંટને જોઉં છું. હવે તેઓ પહેલાંનાં મિસિસ બેસંટ રહ્યાં નથી, જેઓ સામાજિક કે રાજકીય માનવસર્જિત કાયદાઓની પરવા કર્યા વિના આખી દુનિયાની સામે થઈ સત્યને પક્ષે ખડાં રહેતાં. હવે આપ આપના પોતાના જ ઉપદેશો સામે પીઠ ફેરવી બેઠાં છો અને મારા પર આક્ષેપ કરો છો કે હું “શુભ ભાવનાવાળા નવજવાનોને પોતાની અત્યંત ગંભીર પ્રતિજ્ઞાઓ તોડવાની પ્રેરણા આપી રહ્યો છું.” એ વાતનો વિચાર દુઃખદ છે. આપનો આ આરોપ હું સ્વીકારી શકતો નથી. પરંતુ જો કોઈએ સત્યથી વિરુદ્ધ જતી પ્રતિજ્ઞા લીધી હોય, તો તેવી બધી પ્રતિજ્ઞાઓ તોડવાની હું દરેકને જરૂર સલાહ આપું. જ્યારે આપણે કોઈ પણ માનવબંધુ કે ભગિની અને તેના અંતરાત્મા વચ્ચે આધ્યાત્મિકતામાં ગમે તેટલી મહાન દેખાતી બહારની વ્યક્તિને ઊભી રાખીએ છીએ ત્યારે આપણે તે ભાઈ કે બહેનનું માનવોચિત સ્વમાન હરી લઈએ છીએ. આપના જે અનુયાયીઓ આપની સૂચનાઓને પણ બાજુએ રાખીને પોતાના અંતરાત્માના અવાજને અનુસરે છે તેઓ પ્રહ્લાદ જેમ તેના પિતાને વફાદાર હતો તેવી જ રીતે આપને સાચી રીતે વફાદાર છે એમ સમજવું જોઈએ. ખરેખર, આપનું ભૂતકાળનું જીવન તો મારા આ કથનમાં રહેલા સત્યનું ખાસ ઉદાહરણ પૂરું પાડે છે. શું દરેક સુધારક નિશ્ચયપૂર્વક કાનૂન તોડનારો નથી હોતો?

પરંતુ હું આપની સાથે વિવાદમાં ઊતરવા માગતો નથી. હું તો પેલાં ભૂતકાળનાં મિસિસ બેસંટ, જેમને હું મારી યુવાવસ્થાથી જ નિર્ભયતા, હિંમત અને સત્યનાં જીવંત અને મહાન દૃષ્ટાંતરૂપ સમજતો આવ્યો છું, તેમનું જ ચિંતન કરતો રહીશ.

આપે આપનો પત્ર ઘણી દિલગીરી સાથે લખ્યો છે. પરંતુ જે લોકો હિંદુસ્તાનની આપે બજાવેલી સેવાઓથી પરિચિત છે અને જેઓ એને કારણે આપને ચાહે છે, તેમને આપે આપના

૧. સર એસ. સુબ્રહ્મણ્ય આયર.

Gandhi Heritage Portal

વિચારોથી એથી પણ વધારે દિલગીર કર્યા છે અને હમણાં કરી રહ્યાં છો તેનો આપને ખ્યાલ નથી.

જો આપ મને મળવા માગતાં હો તો હું આપની સેવામાં હાજર થવા તૈયાર જ છું. આજે તો મને સમય નથી; માત્ર રાત્રે ૧૦ વાગ્યા પછી મને ફુરસદ મળશે. આવતી કાલે સવારે મને ફુરસદ છે.

આપનો સહૃદયી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૬૬૦૫

## ૨૭૫. જે. એ. ગાઇડરને તાર

મુંબઈ,
મે ૧૧,[1] ૧૯૧૯

આશ્રમવાસીઓએ એ પ્રશ્ન વિષે મારી સલાહ પુછાવી છે કે તેમણે જે લોકોને આગ લગાડતાં રોકવા પ્રયત્ન કર્યો હતો તેમને ઓળખી બતાવવા કે નહીં. હું આશા રાખું છું કે એવી ઓળખાણ આપવા બાબતમાં આપ તેમના ઉપર દબાણ નહીં કરશો. આશ્રમના સિદ્ધાંતો જાળવીને તેઓ લોકોની વિરુદ્ધ સાક્ષી આપી શકે તેમ નથી.[2] રાજકર્તા અને પ્રજા વચ્ચે સદ્‌ભાવ વધારવાનું અને હિંસા થતી દેખાય ત્યાં તે અટકાવવાનું અમારું કામ છે. જે કેદીઓને અમે ગુનો કરતાં રોકતા હતા તેમની વિરુદ્ધ જો અમે સાક્ષી આપીએ તો તે અમારે માટે અમારા ખાસ અધિકારનો ભંગ કર્યા બરાબર થાય. હું આપને વિનંતી કરું છું કે આ બાબતમાં અમારા લોકોને ફરજ પાડીને બીજા લોકોનું અમારા સિદ્ધાંત પ્રત્યે ધ્યાન દોરાય એવું કશું આપ કરશો નહીં. કારણ કે જે લોકો અમારી જીવનપદ્ધતિ પૂરેપૂરી અપનાવતા નથી, પરંતુ કદાચ એનો ઉપયોગ કેવળ ગુનેગારોને ઢાંકવાના એક બહાના તરીકે કરે, તેઓ અમારા દૃષ્ટાંતનું અનુકરણ કરે એવું હું ઇચ્છતો નથી.

[મૂળ અંગ્રેજી]

નેશનલ આર્કાઈવ્ઝ ઑફ ઇન્ડિયા : હોમ પોલિટિકલ — એ : ઑગસ્ટ, ૧૯૧૯ : નં. ૨૬૧–૭૨ તથા કે. ડબ્લ્યુ.

૧. મૂળ લખાણમાં ૧૨મી તારીખ લખેલી છે. પરંતુ આ પછીનો લેખ જુઓ.
૨. જુઓ પરિશિષ્ટ ૫.



Gandhi Heritage Portal

## ૨૭૬. સત્યાગ્રહ આશ્રમ, સાબરમતીને તાર

મુંબઈ,
મે ૧૧, ૧૯૧૯

જો તેમનો અંતઃકરણનો અવાજ વચમાં ન આવતો હોય તો ઓળખવિધિમાં ભાગ લેવા દરેક જણને છૂટ છે. મારો પોતાનો અભિપ્રાય એવો છે કે આશ્રમના સિદ્ધાંત પાળનારાઓએ પોતે જેમને ગુનામાંથી છોડાવતા હોય તેમને ગુનેગાર ઠરાવતી સાક્ષી નહીં આપવી જોઈએ. મેં લાંબો તાર કરી મિ. ગાઇડરને જણાવ્યું છે કે તેમણે તમને ફરજ પાડવી નહીં. ઓળખ-વિધિમાં ભાગ લેવાની ના પાડનાર કેદનું જોખમ ખેડે છે.

[મૂળ અંગ્રેજી]

નેશનલ આર્કાઇવ્ઝ ઑફ ઈન્ડિયા : હોમ : પોલિટિકલ — એ : ઑગસ્ટ, ૧૯૧૯ : નં. ૨૬૧–૭૨ તથા કે. ડબ્લ્યુ.

## ૨૭૭. જે. એલ. મૅફીને પત્ર

મુંબઈ,
મે ૧૧, ૧૯૧૯

વહાલા મિ. મૅફી,

આપનો પત્ર[1] આજે સવારે મળ્યો. તે અમદાવાદથી અહીં મોકલાયો હતો. એ બદલ આપનો આભાર. જવાબમાં મેં આપને નીચે પ્રમાણે તાર કર્યો છે :

> હિંદુસ્તાનમાં બનાવો ખરેખર ઝડપથી બની રહ્યા છે. આપણે અનેક સુરંગો ઉપર બેઠા છીએ. એમાંની ગમે તે સુરંગ ગમે ત્યારે ધડાકો કરે એવો સંભવ છે. અફઘાનિસ્તાનના સમાચારોથી અત્યારના ગૂંચવાડામાં વધારો થયો છે. ઈશ્વરને પ્રાર્થના કરું છું કે નામદાર વાઇસરૉયને આ ભારે બોજો ઉઠાવવાની તે શક્તિ આપે.

આપનો પત્ર આવ્યો તે પહેલાં જ મેં આપણી પોતાની સરહદમાં મારી પોતાની રીતે શાંતિમય વાતાવરણ પેદા કરવા પ્રયત્નો આરંભી દીધા હતા. હું કબૂલ કરું છું કે પરિસ્થિતિ

૧. અહીં વાઇસરૉયના ખાનગી સેક્રેટરીના ૭મી મેના પત્રનો ઉલ્લેખ છે. એ પત્રમાં એમણે લખ્યું હતું : "અફઘાનિસ્તાનના સમાચાર જાણી આપને આશ્ચર્ય થશે. હિંદુસ્તાનમાં અવ્યવસ્થા ફેલાઈ છે એવી અત્યંત અતિશયોક્તિભરી વાતો સાંભળી ઉત્તેજિત થયેલા, તુમાખી સ્વભાવના, બિનઅનુભવી અમાનુલ્લાએ નિર્ણય કર્યો છે કે 'અફઘાનિસ્તાનનું લશ્કર હિંદુસ્તાન પર ઊતરશે.' આ એક નવી પંચાત ઊભી થઈ છે. લશ્કરી દૃષ્ટિએ આ કંઈ અમારે માટે બહુ ગંભીર પ્રશ્ન નથી. એટલે અમે આ નવયુવક પ્રત્યે એની ઉન્મત્ત અવસ્થામાં અમારાથી બને તેટલા સંયમપૂર્વક કામ લઈ રહ્યા છીએ.

"...શું અમે આપના તરફથી મદદની આશા રાખી શકીએ? હું માનું છું કે હિંદુસ્તાનમાં લોકમતને સ્થિર રાખવામાં આપ ઘણી મોટી મદદ કરી શકો તેમ છો. આ પત્ર હું મારી પોતાની ઇચ્છાથી લખી રહ્યો છું, જોકે હું વાઇસરૉય સાહેબને એ બતાવીશ ખરો. આશા રાખું છું કે આપ કુશળ હશો."

Gandhi Heritage Portal

નાજુક છે. દેશમાં આંતરિક શાંતિ જાળવી રાખવામાં હું મારી તમામ શક્તિ કામે લગાડીશ એ બાબતમાં મારે આપને કશી ખાતરી આપવાની હોય જ નહીં. મારી પાસેથી ઓછામાં ઓછી આટલી અપેક્ષા રાખવાનો વાઇસરૉય સાહેબને અવશ્ય હક્ક છે. પરંતુ જો સરકાર મને ટેકો નહીં આપશે તો મારી લાગવગનો ઝાઝો પ્રભાવ પડશે નહીં. મારે જે ટેકો જોઈએ છે તે એ છે કે સરકારે મુસલમાનોના પ્રશ્ન અંગે સંતોષકારક જાહેરાત કરવી જોઈએ અને રૉલેટ કાયદો પાછો ખેંચી લેવો જોઈએ. જો સરકાર આટલી મદદ આપી શકે તેમ હોય તો મને લાગે છે કે હિંદુસ્તાનને સંતોષ થશે એ બાબતમાં જરા પણ શંકાને સ્થાન નથી. આ બે બાબતોના ઉલ્લેખથી આપ નારાજ નહીં થાઓ એવી હું આશા રાખું છું. જો મારું સૂચન સ્વીકારાતું હોય તો હું પંજાબ જવા પણ તૈયાર છું. જો રૂબરૂમાં ચર્ચા કરવાની જરૂર હોય તો આપ સંકોચ વિના તાર કરશો.

આપનો સહૃદયી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૬૬૦૬

## २७८. सत्याग्रह पत्रिका – २१

મે ૧૨, ૧૯૧૯

### શાંતિપૂર્ણ હડતાળ : મુંબઈનો આદર્શ દાખલો

ભાઈઓ અને બહેનો,

ગઈ કાલે સંપૂર્ણ શાંતિ જાળવીને મુંબઈએ ભારે યશ સંપાદન કર્યો છે. શહેરીઓએ શાંત હડતાળ પાડીને બતાવી આપ્યું છે કે સત્યાગ્રહનો એટલો ભાગ તેઓ સમજ્યા છે. તેઓએ ભાઈ હૉર્નિમૅનને ખરું માન આપ્યું છે અને સરકારને બતાવી આપ્યું છે કે એમના દેશનિકાલને તેઓ વખોડી કાઢે છે. મુંબઈએ આખા હિંદુસ્તાનને સારો દાખલો પૂરો પાડ્યો છે. કેટલીક દુકાનો ગઈ કાલે ઉઘાડી હતી તે સત્યાગ્રહની દૃષ્ટિએ તો મુંબઈને માટે ગર્વ લેવા જેવું છે. તે ઉપરથી સાબિત થાય છે કે હડતાળ સ્વેચ્છાપૂર્વકની હતી. આ અદ્ભુત પ્રયોગની ફતેહ ઘણાં કારણોને આભારી છે. પણ શ્રી વિઠ્ઠલદાસ જેરાજાણીની સરદારી નીચે સ્વયંસેવકોએ પોતાની ફરજ બરાબર બજાવી એ એમાં મુખ્ય છે. હડતાળનો વિચાર શરૂ થયો ત્યારથી જ તેમણે પોતાનું કામ શરૂ કરી દીધું હતું. તેમના પ્રયત્નોનું પરિણામ ગઈ કાલે આપણે જોયું. પોલીસનો પણ આપણે આભાર માનવો જોઈએ. જો વિરોધી સ્વરૂપના લશ્કરી દેખાવો કરવામાં આવ્યા હોત તો લોકો ઉશ્કેરાત અને શાંતિ જાળવવાનું કામ ઘણું વધારે મુશ્કેલ બનત.

જે પ્રજા સ્વરાજ ભોગવે છે અથવા સ્વરાજ ભોગવવાની ઇચ્છા કરે છે તેનામાં નીચેના ચાર ગુણો હોવા જોઈએ :

૧. આત્મરક્ષણ માટે તેને પોલીસની ઓછામાં ઓછી જરૂર હોવી જોઈએ અને પોલીસ અને લોકોની વચ્ચે એખલાસ હોવો જોઈએ.

૨. જેલમાં કેદીઓની સંખ્યા ઓછામાં ઓછી હોય.

Gandhi Heritage Portal

૩. હૉસ્પિટલમાં બીમારની સંખ્યા ઓછામાં ઓછી હોય.

૪. કાયદાની અદાલતોને ઓછામાં ઓછું કામ હોય.

જ્યાં લોકો ખુનામરકી કરે છે, ગુના કરે છે અને પોતાની ઇન્દ્રિયો ઉપર કાબૂ નહીં રાખીને તથા કુદરતના કાયદાઓનો ભંગ કરીને રોગી બને છે તથા અંદર અંદર કજિયા કરીને અદાલતમાં જાય છે, ત્યાં લોકો મુક્ત નથી પણ બંધનમાં છે. મુંબઈના પ્રયોગને જીવનની એક કાયમી વસ્તુ તરીકે હિંદુસ્તાન સ્વીકારશે ત્યારે આપણે સ્વરાજ અને સ્વાતંત્ર્યનો પહેલો પાઠ શીખીશું.

મો. ક. ગાંધી

[મૂળ ગુજરાતી]

મહાદેવભાઈની ડાયરી, પુસ્તક પાંચમું

## ૨૭૯. રેવરંડ એમ. વેલ્સ બ્રાન્ચને પત્ર

લેબર્નમ રોડ,
ગામદેવી,
મુંબઈ,
મે ૧૨, ૧૯૧૯

વહાલા રેવરંડ બ્રાન્ચ,[૧]

આપના પત્ર[૨] બદલ આભાર. હું માનું છું કે ખ્રિસ્તી ધર્મના કેટલાક સિદ્ધાંતો હિંદુસ્તાનના ભાવિ વિકાસ ઉપર પોતાની છાપ અવશ્ય મૂકતા જશે.

જો આપ આધુનિક હિલચાલનો અર્થ સુધારા માટે કરવામાં આવતું આંદોલન સમજતા હો તો તે આધુનિક સંસ્કૃતિનું અને આધુનિક કેળવણીનું પરિણામ છે. પરંતુ જો આપ આધુનિક હિલચાલ એટલે સત્યાગ્રહ એવું સમજતા હો તો એ પ્રાચીન ધર્મતત્ત્વનો વ્યાપક પ્રયોગ છે. હું નથી ધારતો કે આ બેમાંથી એકેય વાતને ખ્રિસ્તી ધર્મના ઉપદેશ સાથે કશો સંબંધ હોય.

હું માનું છું કે ઈશુ ખ્રિસ્ત દુનિયાના સૌથી મહાન ઉપદેશકોમાંના એક હતા. હિંદુ ધર્મમાં જેને અવતાર કહે છે એ અર્થમાં હું એમને એક અવતાર માનું છું. જે અર્થમાં ચુસ્ત ખ્રિસ્તી સમાજ એમને જગતના ઉદ્ધારક માને છે એ અર્થમાં હું એમને જગતના ઉદ્ધારક માનતો નથી. પરંતુ જે અર્થમાં બુદ્ધ, જરથુસ્ત, મહમદ અને અનેક બીજા ઉપદેશકો ઉદ્ધારકો કહેવાયા છે તે અર્થમાં તેઓ જરૂર ઉદ્ધારક હતા. બીજા શબ્દોમાં કહું તો દુનિયાભરમાં કેવળ ઈશુ ભગવાન એકલા જ દિવ્ય વિભૂતિ હતા એવું હું નથી માનતો. મેં જ્યારે સર્મન ઑન ધિ માઉન્ટ (પર્વત ઉપરનો ઉપદેશ) વાંચ્યું ત્યારે મારા મન ઉપર તેની ઘણી ઊંડી અસર થઈ હતી. હું આપની સાથે આ વિચારમાં જરૂર સંમત છું કે ભગવાન ઈશુ ખ્રિસ્તના ઉપદેશોના સાચા અર્થનો પ્રચાર તો હિંદુસ્તાનમાંથી જ થવાનો છે. હિંદુસ્તાનમાં લાખો લોકો વચ્ચે હું ફરેલો છું, પરંતુ ઈશુ ખ્રિસ્તનો મને એક પણ છૂપો અનુયાયી જોવા મળ્યો નથી. આનો અર્થ એવો નથી કે હિંદુસ્તાનમાં ઈશુ ખ્રિસ્તના છૂપા અનુયાયીઓ છે જ નહીં, પણ એવા

૧. મૅનેજર, લખનૌ સ્કૂલ ઑફ કૉમર્સ, લખનૌ.

૨. તા. ૯-૫-૧૯૧૯નો પત્ર, જેમાં ત્રણ પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા. એસ. એન. ૬૬૦૮.

Gandhi Heritage Portal

અનુયાયીઓ ઝાઝા નહીં હોય. તેમ છતાં હું આપના એ અભિપ્રાય સાથે પૂરેપૂરો સંમત થાઉં છું કે આવા અનુયાયીઓએ છૂપા નહીં રહેતાં જાહેરમાં આવવું જોઈએ અને પોતાની નિષ્ઠાની જાહેરાત કરવી જોઈએ.

આપનો સહૃદયી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૬૬૦૮

## ૨૮૦. સ્વદેશીનું વ્રત[1]

મે ૧૩,[2] ૧૯૧૯

### શુદ્ધ અને મિશ્ર વ્રતોની સમજૂતી–પ્રતિજ્ઞા ઉપર સહી કરનારા[3]

સ્વદેશી વ્રત લેવાની પ્રથમ ચર્ચા તા. છઠ્ઠી એપ્રિલે જ્યારે હજારો પુરુષો અને કેટલીક સ્ત્રીઓ સમુદ્રકાંઠે ઊભાં હતાં તે વખતે થઈ, પણ તે વેળાએ વ્રત ન લીધું. હવે સ્વદેશીની ચર્ચા ખૂબ થઈ ચૂકી છે અને આપણને દિશા સૂઝી છે. સ્વદેશી વ્રત લેવું એ આપણી ફરજ છે. હિંદુસ્તાનની ખરી આબાદી તેમાં રહેલી છે. હિંદુસ્તાનમાં ઉત્પન્ન થતી અને બનતી ચીજોનો ઉપયોગ તજીને હિંદુસ્તાનની બહારની ચીજોનો ઉપયોગ કરવો એ હિંદુસ્તાનનો દ્રોહ કર્યા બરાબર છે, સ્વચ્છંદ છે. આપણા દેશમાં જ જે વસ્તુ પેદા થઈ શકતી હોય તે વસ્તુ આપણને પસંદ ન પડે તેથી આપણે પરદેશી વસ્તુ વાપરવી એ તો પરદેશી બનવા જેવું છે. આપણા દેશની હવા કરતાં, આપણા દેશની જમીન કરતાં, બીજા દેશનાં હવા, જમીન સારાં હોય છતાં જેમ આપણે દેશનો ત્યાગ કરતા નથી તેમ આપણે દેશી વસ્તુનો પણ ત્યાગ નથી કરી શકતા એ સ્પષ્ટ જણાય છે. ૧૯૧૭–૧૮ની સાલમાં હિંદુસ્તાનમાં લગભગ ૫૦ કરોડ રૂપિયાનો પરદેશી સુતરાઉ માલ દાખલ થયો હતો અને ૪ કરોડ ઉપરાંતનું રેશમ આવ્યું હતું. આપણી વસ્તી ત્રીસ કરોડની છે એટલે આપણે જણ દીઠ એ સાલમાં બે રૂપિયા કપડાંને સારુ બહાર મોકલી આપ્યા. તેનો બદલો દેશનો ભૂખમરો છે. ત્રણ કરોડથી વધારે માણસોને હિંદુસ્તાનમાં એક જ વખત ખાવાનું મળે છે. જ્યારે હિંદુસ્તાનમાં ઘેર ઘેર રૂ કાંતવાનું કામ થતું અને અસંખ્ય માણસો કાપડ વણતા હતા તે વેળા આવો ભૂખમરો ન હતો. જ્યારે જ્યારે પ્રજા પોતાનો ધર્મ ચૂકે ત્યારે ભૂખમરો ઇત્યાદિ ઉપાધિઓનો ઉપદ્રવ થાય તેમાં શી નવાઈ! આ ઉપાધિનું ઔષધ સ્વદેશી વ્રત જ થઈ શકે, તેથી નીચે સૂચવેલું વ્રત તૈયાર કર્યું છે. તેમાં બે પ્રકાર જણાવ્યા છે. પહેલું વ્રત એ પ્રમાણમાં શુદ્ધ છે પણ શુદ્ધમાં શુદ્ધ વ્રત તો એ જ હોઈ શકે કે જેમાં હાથ વતી કાંતેલા સૂતરનાં હાથે વણેલાં કપડાં વાપરવાની જ છૂટ હોય. વણાટનો ધંધો ભાંગી પડવાથી અત્યારે આ શુદ્ધ વ્રત લેવું એ લગભગ અશક્ય છે, પણ ઘડી પહેલાં વ્રત લેનાર ઉપલા આદર્શને કબૂલ રાખશે તો થોડા જ સમયની અંદર આપણે હાથથી કાંતેલાં સૂતરનાં કપડાં મેળવી શકશું.

૧. સ્વદેશી વિષે પ્રસિદ્ધ થયેલી આ પહેલી પત્રિકા હતી. જુઓ “સ્વદેશીનું વ્રત”, ૧૬–૬–૧૯૧૯.

૨. યંગ ઇન્ડિયામાં આ તારીખ મે ૧૩ છે. પરંતુ મહાદેવભાઈની ડાયરીમાં મે ૧૪ છે. આ ડાયરીમાં આ પત્રિકાને સ્વદેશીના વ્રત વિષેની બીજી પત્રિકા ગણાવી છે.

૩. સહી કરનારાઓમાં પહેલાં બે નામ અનુક્રમે ગાંધીજી અને કસ્તૂરબાનાં હતાં. અને બીજા સહી કરનારામાં વિનોબા ભાવે પણ હતા.

Gandhi Heritage Portal

સ્વદેશી અને બૉયકોટ[1] વચ્ચે ઘણો મોટો તફાવત છે, એ હું બતાવી ગયો છું. મારી તો ખાતરી છે કે બૉયકોટથી હિંદુસ્તાનને કશો લાભ થવાનો નથી. એ તો મોટાની અદેખાઈએ નાક કાપવા સમાન થાય.

શું રૉલેટ બિલથી થતા દર્દને નિવારવા સારુ આપણે અંગ્રેજી માલનો બહિષ્કાર કરીને જાપાનનો પગપેસારો કરવા દઈશું? હકીકત તો એવી જ છે કે સ્વદેશીને રૉલેટ કાયદા સામેની ચળવળ સાથે કશો સંબંધ નથી. સત્યાગ્રહ જેવી ભારે પ્રવૃત્તિ ચાલતી હોય ત્યારે પ્રજા પોતાની ફરજનો વિચાર કરતી થઈ જાય છે. તેમ સ્વદેશીને વિષે થયું છે. રૉલેટ કાયદા નાબૂદ થશે, હિંદુસ્તાન બ્રિટિશ સામ્રાજ્યમાં એક માનીતા ભાગીદારની સ્થિતિ ભોગવતું થઈ જશે, ત્યારે પણ આપણે સ્વદેશી વ્રતનું પાલન તો કરવું જ પડશે. તે વખતે તો આપણું સ્વદેશી વ્રત સંકુચિત નહીં હોય પણ આપણી ઘણી હાજતો આપણે હિંદુસ્તાનમાં જ પૂરી પાડવાની શક્તિ ધરાવતા હઈશું. આ સ્વદેશી વ્રતમાં આપણે અંગ્રેજ ભાઈઓને પણ દાખલ થવા વીનવીશું.[2]

લાખો માણસો સ્વદેશી વ્રત લઈને પાળી શકે તેને સારુ વેપારી પ્રામાણિકતાની પૂરેપૂરી જરૂર પડશે. મિલના માલિકોએ સ્વદેશની ઉપર પ્રીતિ રાખીને પોતાના ભાવ ઠરાવવા જોઈશે. મોટા વેપારીઓએ અને નાના વેપારીઓ જેઓની પાસેથી કરોડો ગરીબ માણસો કાપડ ખરીદે છે તેઓ જ્યાં સુધી પ્રામાણિક ન થાય ત્યાં સુધી સ્વદેશી વ્રત આગળ ન જ ચાલી શકે એમાં અમને જરા પણ શંકા નથી.

દેશમાં વેપારીઓને પણ સ્વદેશાભિમાનનો જુસ્સો આવેલો છે. તેઓ દેશના કલ્યાણને અર્થે પોતાના વહેવારમાં ગરીબોની ઉપર રહેમ ખાઈ સચ્ચાઈ જાળવશે એવી માન્યતાથી આ વ્રત પ્રજાની આગળ મૂકવાનો નિશ્ચય જેઓએ વ્રત લઈ લીધું છે તેઓએ કર્યો છે.

જેઓની પાસે હાલ વિદેશી કપડાં છે તેઓને વ્રત લેવામાં સંકોચ થતો જોવામાં આવે છે. આ વાત સ્વાભાવિક છે, પણ દુઃખદ છે. સ્વદેશી વ્રતમાંથી આપણે ભારે પરિણામ લાવવા ઇચ્છીએ છીએ. એવાં પરિણામ કાંઈ પણ ભોગ આપ્યા વિના ન જ આવી શકે. વળી એવી ઉમેદ રખાય છે કે સ્વદેશી વ્રતની સાથે સાદાઈ પણ આવી જશે. અને જેઓ સાદાં અને વધારે ટકાઉ કપડાં લેશે તેઓ પૈસાનો બચાવ કરીને વિદેશી કપડાંમાં ગયેલા પૈસાની ખોટ થોડી મુદતમાં પૂરી પાડી શકશે. એટલે ચેતવણી આપી દેવાની જરૂર છે કે સ્વદેશી કપડાંનો ભંડોળ એકદમ કોઈએ નહીં ભરી લેવો એ આવશ્યક છે. હિંદુસ્તાનમાં કાંઈ એટલું કાપડ તૈયાર નથી કે જેથી આપણે બધા ચાર ચાર પાંચ પાંચ વરસનો જથ્થો આજથી જ રાખી શકીએ. સ્વદેશી વાપરનારા ઘણા માણસો થશે ત્યારે વેપારીઓ દરેક જગ્યાએ સ્વદેશી કાપડ વેચશે. અને દિવસે દિવસે વધારે કાપડ વણાતું થશે. સ્વદેશી વ્રતવાળાએ વિશ્વાસ રાખવો જોઈએ કે પોતાની જરૂરિયાત પૂરી પડે તેટલું કાપડ વખતોવખત મેળવી શકાશે, એટલું જ નહીં પણ ખરું જોતાં તો દરેક માણસની એવી નેમ હોવી જોઈએ કે પોતે પોતાનું કાપડ પોતાના જ ઘરમાં વણી લેશે અને તેમ નહીં કરી શકે તે પોતાના વણકર રાખશે અને તેમની મારફતે પોતાનું કાપડ તૈયાર કરાવશે. આમાં કંઈ દગાને અવકાશ નહીં રહે અને ટકાઉ પવિત્ર વસ્ત્રો સૌ પોતપોતાને સારુ તૈયાર કરાવશે. આ આપણી પુરાણી પ્રથા છે.

૧. જુઓ "સ્વદેશી વ્રત – ૧", ૮–૪–૧૯૧૯.
૨. જુઓ "સર સ્ટૅનલી રીડને પત્ર," ૩૦–૪–૧૯૧૯ તથા "જે. એલ. મૅફીને પત્ર", ૫–૫–૧૯૧૯.

Gandhi Heritage Portal

### બહેનો પ્રત્યે

સ્વદેશીનો આધાર બહેનોની ઉપર છે. મારી ઉમેદ છે કે હજારો બહેનો ગમે તેવાં સારાં લાગતાં પરદેશી કપડાં હોય તેનો ત્યાગ કરીને હાલ જેવાં સ્વદેશી કપડાં મળે તેથી પોતાનો ગુજારો કરીને વ્રત લેશે. આપણે આજ સુધી વિદેશી કાપડ પહેરવાની ભૂલ કરેલી છે તેને સારુ કાંઈક અગવડો ભોગવવી જોઈએ. વળી જે વિદેશી કપડાં હોય તેનો બીજો ઉપયોગ કરી શકાય છે. એ વસ્ત્રો વેચી શકાય છે. પરદેશમાં વેચવાને પણ મોકલી શકાય છે. બહેનોની પાસેથી એ પણ ઉમેદ પ્રજા રાખી શકે છે કે બાળકોને તુરત સ્વદેશી કપડાં પહેરતાં કરી મૂકશે. વ્રત લેવા ઇચ્છનારાઓની સગવડને સારુ ઑફિસ ખોલવામાં આવશે. તેની ગોઠવણ ચાલી રહી છે. તે બધી ગોઠવણ પૂરી થયે ખબર આપવામાં આવશે.

મો. ક. ગાંધી

### પ્રતિજ્ઞા

**શુદ્ધ સ્વદેશી વ્રત :** ઈશ્વરને દરમ્યાન જાણીને હું પ્રતિજ્ઞા લઉં છું કે આજથી હિંદુસ્તાનમાં એવાં કપડાંનો ઉપયોગ નહીં કરું, કે જે હિંદુસ્તાનમાં કંતાયેલાં અને વણાયેલાં નહીં હોય.

આ વ્રત હું આખી જિંદગીને સારુ,/વરસને સારુ, લઉં છું.

**મિશ્ર સ્વદેશી વ્રત :** ઈશ્વરને દરમ્યાન જાણીને હું પ્રતિજ્ઞા લઉં છું કે આજથી હિંદુસ્તાનમાં એવાં કપડાંનો ઉપયોગ નહીં કરું કે જે હિંદુસ્તાનમાં વણાયેલાં નહીં હોય.

સૂતર, ઊન કે રેશમ પરદેશી હોય અને પરદેશમાં કંતાયેલાં હોય તેની આ વ્રતમાં બાધા નથી.

**સમજૂતી :** શુદ્ધ સ્વદેશી તો એ છે કે જેમાં હાથથી કાંતેલા સૂતર અને હાથથી વણાયેલાં કપડાંનો જ ઉપયોગ હોય. પણ એવું કાપડ હાલ તુરત જથાબંધ માણસોને સારુ મળવું અશક્ય જણાય છે, છતાં એવી ઉમેદ રાખવામાં આવે છે કે સ્વદેશીને અને ખરી કલાને પૂરી ચાહનારા પોતે કાંઈક અગવડ ભોગવીને પણ હાથે કાંતેલા સૂતરનાં અને હાથે વણેલાં કપડાં પહેરશે એટલું જ નહીં પણ રેંટિયા અને હાથની સાળોનો પ્રચાર કરવાનો બને તેટલો પ્રયત્ન કરશે.

**નોંધ ૧ :** એટલું યાદ રાખવાની જરૂર છે કે સ્વદેશી હિલચાલને રૉલેટ કાયદા રદ કરવાની હિલચાલ સાથે કશો સંબંધ નથી. એ કાયદાઓ દૂર થવાથી અથવા બીજા કોઈ હક્કો મળવાથી કે સુધારા થવાથી સ્વદેશી વ્રતમાં કે સ્વદેશીના પ્રચારને સારુ થતી હિલચાલમાં કશોયે ફેર થઈ શકતો નથી.

**નોંધ ૨ :** પ્રતિજ્ઞા લેનારાઓની પાસે જે કાપડ હોય તે બાળી નાખવાની સૂચના તદ્દન મૂકી દેવામાં આવી છે. કેમ કે આ સમયે એ સૂચનાનો અનર્થ થઈ યુરોપિયનની સામે ઇતરાજીનો વધારો થવાની ધાસ્તી રહે છે. એવી ઇતરાજીનો વધારો થાય એવો જરા પણ ખ્યાલ આ સ્વદેશી હિલચાલના શરૂ કરનારાના મનમાં છે જ નહીં. સ્વદેશી વ્રત લેનારે આટલું તો યાદ રાખવું જોઈએ કે પ્રતિજ્ઞા લેતી વખતે જે પરદેશી કાપડ પોતાના કબજામાં હોય તેનો ઉપયોગ પોતાનાથી ન જ થઈ શકે.

**નોંધ ૩ :** મુસલમાનો, પારસી, ખ્રિસ્તી, યહૂદી, તેઓને જેમાં ધાર્મિક અર્થ સમાયેલો હોય એવાં કપડાં વાપરવાનો ઉપલા સ્વદેશી વ્રતમાં પ્રતિબંધ નથી.

[મૂળ ગુજરાતી]

મહાદેવભાઈની ડાયરી, પુસ્તક પાંચમું

Gandhi Heritage Portal

## ૨૮૧. એફ. સી. ગ્રિફિથને પત્ર

લેબર્નમ રોડ,
મુંબઈ,
મે ૧૪, ૧૯૧૯

વહાલા મિ. ગ્રિફિથ,

મુસ્તફા કમાલ પાશાનું જીવનચરિત્ર વેચનાર વ્યક્તિનું નામ આપે મને મોકલ્યું તે બદલ હું આપનો આભારી છું. મને લાગે છે કે આ પુસ્તક મનાઈ કરેલાં પુસ્તકો પૈકીના એક પુસ્તકનું પુનર્મુદ્રણ નથી, પરંતુ એને ભૂલથી નિષિદ્ધ સાહિત્યની[1] યાદીમાં આવી જતું મુસ્તફા કમાલ પાશાનું ભાષણ સમજી ફરીથી છાપવામાં આવ્યું છે. એટલે જો આપને એની વિરુદ્ધમાં કાંઈ કહેવાનું ન હોય તો હવે એ પુસ્તકને વધારે વેચાતું રોકવા માટે હું કશાં પણ પગલાં લેવાનો નથી. હા, હું આ સાથે આપને એ પુસ્તકની એક નકલ વાંચવા માટે મોકલું છું. હું ધારું છું કે આપ એટલું કબૂલ કરશો કે પુસ્તક બિલકુલ નિર્દોષ છે.

મારાં જે જે પુસ્તકોને મનાઈહુકમ લાગુ પડયો છે તે સંબંધમાં હું એ પણ કહી દઉં કે આપણી પ્રથમ મુલાકાત વખતે આપની સાથે થયેલી વાતચીત પછી મેં કાનૂની સ્થિતિની ફરીથી તપાસ કરાવી હતી. તેમાં એવું માલૂમ પડયું હતું કે સરકારના કાનૂની સલાહકારોનો અભિપ્રાય મારા અભિપ્રાય કરતાં વધારે સાચો હતો. એટલે કે મારાં પુસ્તકોની પુનર્મુદ્રિત આવૃત્તિઓને જપ્તીના હુકમો લાગુ પડતા નહોતા. પરંતુ આ પુસ્તકોનું વેચાણ અમે સવિનયભંગનું આંદોલન ચલાવવા ખાતર શરૂ કર્યું હતું, એટલે મને લાગ્યું કે જ્યાં સુધી ઉશ્કેરાટ શમ્યો નથી ત્યાં સુધી આ પુસ્તકોના વેચાણનો બચાવ કરવા જનતા સમક્ષ લાંબા-પહોળા ખુલાસા બહાર ન પાડવા એ મારે માટે વધારે સારું હતું.

આપે જોયું હશે કે સુરત અથવા બીજાં સ્થળોએ બિલકુલ હડતાળ પડી નહોતી. ડૉકટર વહોરાને મેં સત્યાગ્રહી માની લીધા એમાં મારી ભૂલ જ હતી.

આપનો સહૃદયી
મો. ક. ગાં.

[મૂળ અંગ્રેજી]

છબી પરથી: એસ. એન. ૬૬૧૧

૧. જુઓ “સવિનયભંગ માટેના કાયદાઓ અંગે નિવેદન”, ૭-૪-૧૯૧૯.

Gandhi Heritage Portal

## ૨૮૨. સર એસ. સુબ્રહ્મણ્ય આયરને પત્ર

લેબર્નમ રોડ,
મુંબઈ,
મે ૧૪, ૧૯૧૯

પ્રિય ડૉક્ટર સુબ્રહ્મણ્યમ,

મિસિસ બેસંટે આપની વતી મને જે પત્ર લખ્યો છે તેની તથા તેનો મેં જે જવાબ[1] આપ્યો છે તેની નકલો આ સાથે હું આપને મોકલું છું. મિસિસ બેસંટે એમના પત્રમાં જે વિધાનો કર્યાં છે તેમાં વિશ્વાસ મૂકવાનું મને મુશ્કેલ લાગ્યું છે. કારણ કે આપના ઉપર વધારેપડતું દબાણ થવા વિષે હું કશું જાણતો નથી, અને આપ કોઈ મહાન ઋષિનો આદેશ મળે તોપણ સત્યને માર્ગેથી કદી ચલિત થાઓ એ વાત માનવાને હું તૈયાર નથી. વળી, કોઈ પણ પ્રતિજ્ઞા શું માણસને સત્યને માર્ગે ચાલવામાંથી રોકી શકે? પરંતુ જે વાતો મેં કહ્યાનું માનવામાં આવે છે તે સાચી છે કે કેમ તે અલબત્ત આપ જ કહી શકશો. મારા મનથી તો સત્યાગ્રહ આજે જેવો દીપી રહ્યો છે તેવો પહેલાં કદી દીપ્યો નહોતો. સરકારી દમનની આંધીમાંથી તે સલામત પાર ઊતર્યો છે. અને તે હવે જે લોકો પોતાનાં હિંસક આચરણો છુપાવવા માટે સવિનય ભંગની લડત ઉપાડવા માગે છે તેમના વિરોધની આંધીનો સામનો કરી રહ્યો છે. તોફાનો થોડી જગામાં મર્યાદિત બની ગયાં, તેમ જ મિ. હૉર્નિમૅનની હદપારીએ ઊભાં કરેલાં ભારે ગુસ્સો કરાવનારાં પ્રલોભનો છતાં મુંબઈએ આશ્ચર્યકારક આત્મસંયમ દાખવ્યો, એ બધું સત્યાગ્રહને કારણે શક્ય બન્યું છે. આશા રાખું છું કે આપની તબિયત સારી હશે.

આપનો સહૃદયી
**મો. ક. ગાં.**

[મૂળ અંગ્રેજી]

છબી પરથી: એસ. એન. ૬૬૦૫

## ૨૮૩. સત્યાગ્રહ વિષે નોંધ

[મે ૧૫, ૧૯૧૯][2]

જેવી રીતે આપની સાથે શાંતિપૂર્વક રહેવાની મારી ઉત્કટ ઇચ્છા છે તેવી જ રીતે અંગ્રેજો સાથે પણ શાંતિપૂર્વક રહેવાની મારી ઇચ્છા છે અને એ જ પ્રમાણે સમસ્ત વિશ્વ સાથે હું શાંતિપૂર્વક રહેવા માગું છું. પરંતુ હું સ્વમાન સાથે શાંતિ માગું છું અને આવી શાંતિ કેવળ સત્યાગ્રહ દ્વારા જ સહેલાઈથી મેળવી શકાય એ વાત સ્પષ્ટ છે.

[મૂળ અંગ્રેજી]

છબી પરથી: એસ. એન. ૬૬૧૨

૧. જુઓ "એની બેસંટને પત્ર", ૧૦-૫-૧૯૧૯.

૨. આ લખાણ વાઇસરૉયના ખાનગી સેક્રેટરીને મોકલવામાં આવેલા તા. ૧૫-૫-૧૯૧૯ના તારના આગળના પાન ઉપરથી મળી આવ્યું છે.

Gandhi Heritage Portal

## ૨૮૪. વાઇસરૉયના ખાનગી સેક્રેટરીને તાર

મુંબઈ,
મે ૧૫, ૧૯૧૯

વાઈસરૉયના ખાનગી સેક્રેટરી
સિમલા

૧૨મી મેના *હિંદુ* પત્ર ઉપરથી જાણવા મળે છે કે લાહોરના ગોવર્ધનદાસને મદ્રાસમાં તે જ તારીખે પકડવામાં આવ્યા હતા. એમની ધરપકડ લાહોરના ઉપરી લશ્કરી અધિકારીના હુકમ મુજબ કરવામાં આવી હતી. કહેવાય છે કે એમના વકીલને હુકમ જોવાની પરવાનગી આપવા ઈનકાર કરવામાં આવ્યો હતો. મળેલી માહિતી મુજબ ગોવર્ધનદાસને પણ ખબર નહોતી કે પોતાને કયાં કારણોસર પકડવામાં આવ્યા હતા. એમના વકીલે પોલીસ કમિશનરને અરજી આપી કે ગોવર્ધનદાસનો ગુનો કયા પ્રકારનો છે તેની માહિતી ન મળે ત્યાં સુધી તેમને અટકાયતમાં રાખવા. એ અરજી સ્વીકારવામાં આવી નહોતી. જામીન લેવાનો પણ ઈનકાર કરવામાં આવ્યો. ગોવર્ધનદાસની ધરપકડ એમણે મુંબઈમાં અને અન્ય સ્થળોએ પંજાબ વિષે કરેલાં વિધાનોને કારણે કરવામાં આવી છે એમ માનવામાં આવે છે. આજે સવારે એવા સમાચાર પ્રસિદ્ધ થયા છે કે મેસર્સ નૉર્ટન અને રૉયને *ટ્રિબ્યૂન*ના તંત્રીનો બચાવ કરવાની પરવાનગી આપવામાં આવી નથી. આ ઉપરથી પંજાબમાં ગોવર્ધનદાસ સાથે સરકાર યોગ્ય વર્તન કરશે કે કેમ અથવા તેમના ઉપર સરખી રીતે કામ ચલાવશે કે કેમ તે વિષે શંકા છે. એટલા માટે વિનંતી છે કે ગોવર્ધનદાસનો ગુનો કયા પ્રકારનો છે તેની માહિતી મોકલો, અને એ પણ જણાવો કે તેઓ જો પંજાબની બહારથી કોઈ વકીલ લાવી બચાવ કરવા ચાહે તો તેમને એ પ્રમાણે કરવા દેવામાં આવશે કે નહીં. બીજું નૉર્ટન અને રૉયને *ટ્રિબ્યૂન*ના તંત્રીનો બચાવ કરવાની પરવાનગી શા માટે આપી નથી એ પણ જણાવો.

ગાંધી

[મૂળ અંગ્રેજી]
છબી પરથી: એસ. એન. ૬૬૧૩

Gandhi Heritage Portal

## ૨૮૫. જે. એલ. મૅફીને પત્ર

મુંબઈ,
મે ૧૬, ૧૯૧૯

વહાલા મિ. મૅફી,

ગઈ કાલે મેં આપને કરેલા તારની નકલ આ સાથે બીડું છું. મેં પંજાબમાં બનેલા બનાવો વિષે એક શબ્દ પણ ઉચ્ચાર્યો નથી. એનું કારણ એ નથી કે અત્યાર સુધીમાં મેં એ વિષે કશું વિચાર્યું નથી કે મને કશું લાગ્યું નથી. પરંતુ એનું કારણ એ છે કે એ બાબતમાં મારે શું માનવું અને શું ન માનવું તે મને સમજાતું નથી. સરકારી નિવેદનો પણ આ બાબતમાં ઝાઝી સ્પષ્ટતા કરતાં નથી. મેં આશા રાખી હતી અને હજી પણ રાખું છું કે તોફાનોનાં કારણો વિષે અને તે શમાવવા માટે લેવામાં આવેલાં પગલાં વિષે થોડા જ વખતમાં પૂરેપૂરી તપાસ કરવામાં આવશે.

પરંતુ ફટકા મારવાના સમાચારથી મને જેવો આઘાત લાગ્યો હતો તેવો જ આઘાત, ગોવર્ધનદાસની ધરપકડ અને તેને અંગે બનેલા બનાવોથી તથા *ટ્રિબ્યૂન*ના તંત્રીના બચાવ માટે વકીલ તરીકે રોકવામાં આવેલા મેસર્સ નૉર્ટન અને રૉય ઉપર બજાવાયેલા મનાઈહુકમથી લાગ્યો છે.

હાલના પ્રસંગે હું આપને તસ્દી આપી રહ્યો છું તે બદલ આપ મને ક્ષમા કરશો. પરંતુ મેં જે પૂછપરછ કરી છે તે તાકીદની હોવાનું આપ કબૂલ કરશો એની મને ખાતરી છે.

હું જોઉં છું કે અફઘાનિસ્તાનમાંથી આવેલું વાવાઝોડું[1] લગભગ શાંત થઈ ગયું છે.

આપનો સહૃદયી
**મો. ક. ગાં.**

[મૂળ અંગ્રેજી]

છબી પરથી: એસ. એન. ૬૬૧૫

૧. જુઓ "જે. એલ. મૅફીને પત્ર", ૧૧-૫-૧૯૧૯ની પાદટીપ.

Gandhi Heritage Portal

# ૨૮૯. સાકરલાલ દવેને પત્ર

મુંબઈ જતાં ગાડીમાં,
મે ૧૯, ૧૯૧૯

ભાઈશ્રી ૫ સાકરલાલ,[1]

મારી ધારણા કરતાં આ કાગળ તમને કાંઈક મોડો લખાય છે. ભાઈ અમૃતલાલની હું શોધખોળમાં છું. જૂન મહિનામાં ત્યાં મામા પહોંચી જશે એવો મને ભરોસો છે, અને મામા બરોબર કામ બજાવશે એમ હું માનું છું. એ નિશાળ સરસ ચલાવવાની આપણામાં શક્તિ આવવી જ જોઈએ.

તમે જે વ્યાકરણદોષો બતાવ્યા છે એથી તો હું બહુ રાજી થયો છું. એ વિષે ભાઈ મહાદેવ તમને વધારે લખશે. હું શુદ્ધ ભાષા લખવા ખૂબ પ્રયત્ન તો કરું છું. પણ દોષો રહી જાય એ તદ્દન સંભવિત છે. કેમ કે જે કાંઈ કાબૂ ગુજરાતી ઉપર મારો છે તે માત્ર પ્રેમથી મેળવેલો છે. મને ભાષાજ્ઞાન ખેડવાનો સમય તો મળ્યો જ નથી. 'શક' ધાતુનો પ્રયોગ ઇરાદાપૂર્વક કરેલો પ્રયોગ છે. નિર્ભય વગેરે શબ્દોના પ્રયોગો ઇરાદાપૂર્વક નથી થયા, પણ ભાઈ મહાદેવ તે પ્રયોગનો બચાવ કરતા જણાય છે. તમે બંને જે નિર્ણય ઉપર આવશો તે કબૂલ રાખીને હું સુધારો કરી લઈશ. જ્યાં તમારી વચ્ચે મતભેદ હશે ત્યાં તમારો નિર્ણય મને જ્યાં સુધી વિશેષ જ્ઞાન મળ્યું નહીં હશે ત્યાં સુધી કબૂલ રાખીશ, કેમ કે તમારા નિર્ણયમાં વધારે તટસ્થતા હશે એમ હું માનું છું. તમે મારી ભાષામાં સુધારા સૂચવતા જજો. એને હું નિર્મળ પ્રેમની એક નિશાની ગણવાનો છું.

હવે ભગવદ્ગીતા વિષે. જે અર્થ મેં કર્યો છે તે મેં તેમાં સ્વતંત્ર રીતે ન જોયો હોત તો હું જરૂર એમ કહેત કે જોકે ભગવદ્ગીતા સત્યાગ્રહના સિદ્ધાંતથી વિરુદ્ધ છે, તેમ છતાં એ સિદ્ધાંત જ ખરો છે. ભગવદ્ગીતાનો ઘણો જ દુરુપયોગ થાય છે એથી જ મેં કંઈક વર્ષો થયાં જે અર્થનો સ્વીકાર કરેલો છે તે અર્થ સમય આવવાથી પ્રજાની આગળ મૂક્યો.

આનંદશંકરભાઈના અભિપ્રાયને હું ઘણું માન આપું છું. છતાં જો એ પણ મારા મતથી વિરુદ્ધ થાય તોયે મારા કસાયેલા મતને હું ન જ છોડું. ફળ ઉપર આસક્તિ રાખ્યા વિના કર્મ કર્યે જવું એ ભગવદ્ગીતાનો જરૂર આશય છે. તેમાંથી જ હું સત્યાગ્રહ ઘટાવી લઉં છું. જે ફળ ઉપર આસક્તિ નથી રાખતો તે તો પારકાની હત્યા નહીં કરે, પોતાનો ભોગ આપશે. પારકાની હત્યામાં અધીરાઈ છે, અધીરાઈમાં આસક્તિ રહેલી છે. આ તો મેં મારી દલીલમાંનું એક બિંદુમાત્ર તમને આપેલું છે. પણ દલીલથી હું તમને કે કોઈને સમજાવવાની ઇચ્છા નથી રાખતો. ઇચ્છા રાખું તોયે શક્તિ હોય એમ હું માનતો નથી. મારી પાસે એના કરતાં બહુ વધારે પ્રબળ શક્તિ છે, અને તે અનુભવ છે. ૧૮૮૯ની સાલમાં મેં ગીતાજીનો પ્રથમ અનુભવ મેળવ્યો ત્યારે જ મને સત્યાગ્રહની ઝાંખી તેમાં થઈ, અને જેમ જેમ હું ગીતાજી વિશેષ વાંચતો ગયો તેમ તેમ ઝાંખી ટળીને સત્યાગ્રહનું તેમાંથી મને શુદ્ધ દર્શન થયું. સ્થૂલ અર્જુનને

૧. સાકરલાલ અમૃતલાલ દવે. ગુજરાતના કેળવણીકાર.

Gandhi Heritage Portal

સમજાવવા સારુ કૃષ્ણ જેવો ચતુર માણસ ગીતાનું ડહાપણ ડહોળી નાખે એ તો વાઘરી સારુ ભેંસ મારવા સમાન થાય. એ માન્યતા કૃષ્ણ જો પરમાત્મા હોય તો તેને લાંછન લગાડનારી છે, અને અર્જુન જો અનુભવી અને વિવેકી યોદ્ધો હોય તો તેને ગેરઈન્સાફ આપનારી છે.

આ વિચારોને તમે નાખી નહીં દો એ તો મારી ખાતરી છે. પણ તમે તેને પોષજો. વિદ્વત્તાભરી ટીકાની કિંમત એક અલ્પમતિના અનુભવની આગળ બહુ ઓછી છે એમ તો સહેજે કબૂલ કરશો.

[મૂળ ગુજરાતી]

મહાદેવભાઈની ડાયરી, પુસ્તક પાંચમું

## ૨૮૭. મણિબહેન પરીખને પત્ર

મુંબઈ જતાં ગાડીમાં,
મે ૧૯, ૧૯૧૯

વહાલાં મણિબહેન,

તમારા પિતાશ્રીનો સ્વર્ગવાસ થયો એ મેં કાલે સાંભળ્યું, પણ તમને દિલાસો દેવાને ન આવી શકયો. વહાલાંઓનો વિયોગ હંમેશાં દુ:ખરૂપ તો લાગે જ. 'દેહીનાં સ્નેહી સકળ સ્વારથિયાં, અંતે અળગાં રહેશે રે.' એવું આપણા એક કવિએ ગાયું છે. એનું નામ હું ભૂલી ગયો છું. દુ:ખ આપનાર વસ્તુ ઊંડા ઊતરીને તપાસીએ તો આપણો પ્રેમ નથી, પણ સ્વાર્થ છે. જો તેમ ન હોય તો તો, જીર્ણ થઈ ગયેલા ઘરને છોડીને નવા ઘરમાં જતી વેળાએ આપણે આનંદ પામીએ છીએ તેમ જ જીર્ણ થઈ ગયેલા દેહને છોડીને એક મિત્રઆત્મા નવો દેહ ધારણ કરે છે તેમાં શોક શો હોય? આ વાત નાની વયે કે મોટી વયે મરનાર બધાને સારુ લાગુ પડે છે. અમુક દેહ કયારે નકામો થઈ જાય છે તે તો તેનો બનાવનાર જ જાણે. એ જાણવાનો આપણને અધિકાર નથી. પણ મારે તો તમને આ બધું કહેવાનો વિચાર ન હતો. અત્યારે મારું મન જુદી દિશામાં વર્તી રહ્યું છે, એટલે આટલું લખાઈ ગયું છે. મારે કહેવાનું તો આ છે: જે ભવ્ય મૃત્યુ તમારા પિતાશ્રીનું થયું છે તેવું બધાઓનું ભલે થાઓ એ આપણે ઇચ્છવા જેવું છે. કોઈની પણ ચાકરી લીધા વિના, પોતે દુ:ખ ભોગવ્યા વિના, અનાયાસે મૃત્યુ પામતા માણસો થોડા જ જોવામાં આવે છે. તેવાઓમાં તમારા પિતાશ્રીની ગણતરી હમેશાં થશે. હરેક મૃત્યુનો શોક કરવો એ ફોગટ છે. આવા મૃત્યુનો શોક તો થાય જ નહીં. એટલે તમને હું દિલાસો નથી આપતો, મુબારકબાદી આપું છું.

[મૂળ ગુજરાતી]

મહાદેવભાઈની ડાયરી, પુસ્તક પાંચમું

Gandhi Heritage Portal

# ૨૮૮. સુરતના સત્યાગ્રહીઓને પત્ર

મુંબઈ,
મે ૨૦, ૧૯૧૯

તમારો પત્ર રખડતો મારા હાથમાં તો આજે જ આવેલો છે. મારી સહીનો લોભ અયોગ્ય છે એમ હું માનું છું. મારી શારીરિક સ્થિતિ એવી છે કે હું બધા કાગળમાં સહી કરી શકતો નથી, અને બધા કાગળો લખાવી શકતો નથી.

જ્યાં સુધી સત્યાગ્રહનું ખરું સ્વરૂપ હિંદુસ્તાન નહીં સમજે ત્યાં સુધી તમે ઉઠાવેલી શંકાઓ ઊભી થયા જ કરશે, અને તમારે ધીરજ પણ રાખવી જ પડશે.

સત્યાગ્રહ શરૂ થયા પછી ધ્યેયને પહોંચ્યે જ એ બંધ થાય છે. કેટલીક વખતે બંધ થયાનો આભાસ આવે છે, પણ તે વાસ્તવિક જોતાં બંધ થયો હોતો જ નથી. જે વેળા સત્યાગ્રહ દુરાગ્રહમાં ખપી જવાનો સંભવ હોય તે વેળા સત્યાગ્રહ બંધ રાખવામાં ખરો સત્યાગ્રહ ચાલુ થાય છે. સત્યાગ્રહ એવી સૂક્ષ્મ વસ્તુ છે કે ફરી ફરીને સંશોધન કરતાં અને અનુભવ લેતાં જ કાંઈક અંશે તેનું જ્ઞાન થાય છે. સંજોગોને જેવા હું અત્યારે જોઈ શકું છું તેને આધારે કાયદાનો ભંગ કરવા રૂપી સત્યાગ્રહ જુલાઈમાં શરૂ થવાનો સંભવ છે. તેના પહેલાં પણ શરૂ થવાના પ્રસંગો આવી પડે તો થઈ જાય.

સત્યાગ્રહનાં કાંઈક સ્વરૂપો ફરી ફરીને મુલતવી રખાય એ સંભવિત છે. ઉપવાસાદિ ધર્મક્રિયામાં કેટલું બળ છે એ તમને સમજાવવું કેટલેક દરજ્જે અશકય જોઉં છું, કેમ કે ઉપવાસાદિ તો તમે વરસોથી કરતા જ આવ્યા છો. એ તમે કર્યા હશે. પણ એને વિષે સત્યાગ્રહ હોત તો કેટલુંક તમારે લખવું પડયું છે એ લખવાપણું ન રહેત. અને જો તમે આગળ ઉપવાસ કર્યા હોય તેની વચ્ચે અને હૉર્નિમૅનના રવિવારે જે ઉપવાસ તમે કર્યો તેની વચ્ચે કશોયે તફાવત ન જોઈ શકયા હો તો મારે કહેવું જોઈએ કે તમે તમારા મનને છેતરેલું છે. મારી ખસૂસ માન્યતા છે કે આપણામાં જેટલે દરજ્જે સત્યાગ્રહની ન્યૂનતા છે તેટલે દરજ્જે આપણી લડત લંબાય છે. વૈરાગ્ય વિનાનો ત્યાગ એ ત્યાગ નથી. તમારામાંના જેઓએ નોકરી વગેરે સર્વસ્વ ગુમાવ્યું છે તેમણે જો ગુમાવતાં કાંઈ મેળવી લીધું ન હોય તો એ ગુમાવેલું નિરર્થક છે. જેનાથી નોકરી છોડયા વિના રહી જ ન શકાય તે છોડે, તેનું નામ જ નોકરી છોડી કહી શકાય. છોડવામાં દુ:ખ થવાને બદલે રસ આવવો જોઈતો હતો. તે છોડનારાઓને નથી આવ્યો એમ જોઉં છું. તેથી જ તમારી દશા ત્રિશંકુ[1] જેવી માનો છો.

સત્યાગ્રહની તક આપનારો હું કોણ? સત્યાગ્રહી સદાય સ્વતંત્ર છે. મારી સાથે તમે મસલત કરી શકો. સંઘનો સત્યાગ્રહ ચાલતો હોય ત્યાં માણસે સંઘને વશ વર્તીને કાર્ય કરવું જોઈએ એ ખરું. પણ સત્યાગ્રહી થયા પછી સત્યાગ્રહ કરવાની તક તો સૌને હમેશાં આપોઆપ હોય છે જ. જેઓ શંકાશીલ અને ચિંતામય અવસ્થામાં હોય તેઓ સત્યાગ્રહી કેમ ગણાય? સત્યાગ્રહી થવું એ ખાંડાની ધારે ચાલવા જેવું છે.

૧. વિશ્વામિત્રે ત્રિશંકુને જીવતો સ્વર્ગમાં મોકલ્યો હતો. પરંતુ ઇન્દ્રે તેને પ્રવેશવા દીધો નહીં; એટલે તે અધ્ધર લટકયો. તે ન તો સ્વર્ગમાં જઈ શકયો કે ન તો પૃથ્વી પર ઊતરી શકયો.

Gandhi Heritage Portal

આટલું લખતાં છતાં જો તમારી શંકાનું હું સમાધાન ન કરી શકતો હોઉં તો ધીરજ રાખવાની જ હું તો સલાહ આપી શકું. જો સત્યાગ્રહનો ખરો અર્થ કોઈ પણ પ્રકારે જેલમાં જ જવું એટલો જ તમે કરતા હો તો ગમે તે કાયદો ભાંગીને જેલમાં જઈ શકાય છે. એમ જો સત્યાગ્રહ કરી શકાતો હોય તો દરેક કેદી સત્યાગ્રહી છે.

જેમાં નીતિનો ભંગ ન થતો હોય તેવા કાયદાનો સકારણ સવિનયભંગ એ જ સત્યાગ્રહ હોઈ શકે. એવો ભંગ જો હું તમને બતાવી શકું તો તો હું જ કરી નાખું.

મોહનદાસ ગાંધી

[મૂળ ગુજરાતી]

મહાદેવભાઈની ડાયરી, પુસ્તક પાંચમું

## ૨૮૯. સત્યાગ્રહીઓના સંમેલન સંબંધમાં પરિપત્ર

લેબર્નમ રોડ,
મુંબઈ,
મે ૨૧, ૧૯૧૯

વર્તમાનપત્રોમાં પ્રસિદ્ધ કરવા માટે નથી.

પ્રિય શ્રી,

જરૂર પડે તો પંજાબના બનાવોને પણ સત્યાગ્રહના ક્ષેત્રમાં આવરી લેવા વિષે વિચાર કરવાની જરૂર ઊભી થઈ છે, એટલા માટે એવું સૂચવવામાં આવ્યું છે કે જુદાં જુદાં કેંદ્રોના સત્યાગ્રહીઓનું એક નાનકડું અવિધિસરનું ખાનગી સંમેલન ભરવું. આ સંમેલન મુંબઈમાં ચાલુ માસની ૨૮મી ને બુધવારે ભરાશે. આપ કૃપા કરીને જણાવશો કે આપના પ્રાંતમાંથી આ સંમેલન માટે એક કે વધુ પ્રતિનિધિઓ મોકલી શકાશે ખરા? સભાનું સ્થાન અને સમય પાછળથી જાહેર કરવામાં આવશે.

આપનો સહૃદયી

શ્રદ્ધાનંદજી
હુસેન ઈમામ
સુંદરલાલ
કસ્તૂરી રંગા આયંગર
જયરામદાસ
વલ્લભભાઈ

[મૂળ અંગ્રેજી]

છબી પરથી: એસ. એન. ૬૬૧૮

Gandhi Heritage Portal

## ૨૯૦. એફ. સી. ગ્રિફિથને પત્ર

મુંબઈ,
મે ૨૩ [૧૯૧૯]

વહાલા મિ. ગ્રિફિથ,

ભારત સંરક્ષણ ધારા હેઠળ બહાર પાડવામાં આવેલાં નિયમનોની ચોપડીની મારે આજે જ જરૂર છે. કૃપા કરીને આપ મને તે મોકલી આપશો? અથવા કોઈની પાસેથી ઉછીની મેળવી આપશો? આજ સાંજ સુધીમાં હું તે પાછી મોકલી દઈશ.

આપનો સહૃદયી
**મો. ક. ગાંધી**

[મૂળ અંગ્રેજી]

મહાદેવ દેસાઈના હસ્તાક્ષરમાં લખાયેલા, ગાંધીજીની સહીવાળા, મૂળ પત્ર પરથી: બૉમ્બે ગવર્નમેન્ટ રેકર્ડ્ઝ: મુંબઈના પોલીસ કમિશનરની ફાઈલ: નં. ૩૦૦૧/એચ/૧૯, પા. ૧૨૯

## ૨૯૧. એફ. સી. ગ્રિફિથને પત્ર

મુંબઈ,
મે ૨૩ [૧૯૧૯]

વહાલા મિ. ગ્રિફિથ,

આપે મારે માટે ભારત સંરક્ષણ ધારાનાં નિયમનોની ચોપડી મેળવવા જે ભારે તસ્દી લીધી તે બદલ હું આપનો ખૂબ જ આભારી છું.

આપ મને આવતી કાલે મળવા માગો છો, એ મતલબનો આપનો સંદેશો મને મળ્યો છે. પરંતુ અગાઉથી નક્કી થયેલા એક કામ અંગે હું આજે રાતના મેલમાં અમદાવાદ જઈ રહ્યો છું. એટલે આજે સાડા ચાર અને પાંચ વાગ્યાની વચ્ચે ગમે ત્યારે હું આપને મળવા આવી શકું. નહીં તો પછી મંગળવારે આપ કહો તે સમયે આવું, કેમ કે હું મંગળવારે સવારે પાછો આવી જવાનો છું.

આપનો સહૃદયી
**મો. ક. ગાંધી**

[મૂળ અંગ્રેજી]

મહાદેવ દેસાઈના હસ્તાક્ષરમાં લખાયેલા, ગાંધીજીની સહીવાળા, મૂળ પત્ર પરથી; બૉમ્બે ગવર્નમેન્ટ રેકર્ડ્ઝ: મુંબઈના પોલીસ કમિશનરની ફાઈલ નં. ૩૦૦૧/એચ/૧૯, પા. ૧૨૫

Gandhi Heritage Portal

## ૨૯૨. એફ. સી. ગ્રિફિથને પત્ર

લેબર્નમ રોડ,
મુંબઈ,
મે ૨૩, [૧૯૧૯]

વહાલા મિ. ગ્રિફિથ,

આપનો પત્ર મળ્યો. તે બદલ આભાર. મંગળવારે બપોર પછી બે અને ચાર વાગ્યા વચ્ચેનો સમય મને બરોબર અનુકૂળ રહેશે.

આ સાથે ભારત સંરક્ષણ નિયમનોવાળું લેજિસ્લેશન એન્ડ ઑર્ડર્સ રિલેટિંગ ટુ ધિ વૉર પુસ્તક પરત કરું છું.

આપનો સહૃદયી
**મો. ક. ગાંધી**

[મૂળ અંગ્રેજી]

મહાદેવ દેસાઈના હસ્તાક્ષરમાં લખાયેલા, ગાંધીજીની સહીવાળા, મૂળ પત્ર પરથી: બૉમ્બે ગવર્નમેન્ટ રેકર્ડ્ઝ: મુંબઈના પોલીસ કમિશનરની ફાઈલ નં. ૩૦૦૧/એચ/૧૯, પા. ૧૨૭

## ૨૯૩. અલીભાઈઓને પત્ર

લેબર્નમ રોડ,
ગામદેવી,
મુંબઈ,
મે ૨૩, ૧૯૧૯

પ્રિય મિત્રો,

આ પત્ર હું ભારે હૈયે લખી રહ્યો છું, કેમ કે હું જોઈ શકું છું કે આ બાબતોમાં હું આપની સાથે સંમત થઈ શકયો નથી. એથી મને ખૂબ જ દુ:ખ થયું છે અને આપને પણ થવું જોઈએ. મેં શ્રી ઘાટે ઉપર આપને માટે એક પત્ર[1] લખ્યો હતો. તે પત્ર શ્રી ઘાટેને મળ્યો કે નહીં તેની મને ખબર નથી, અને જો તે પત્ર તેમને મળ્યો હોય તો તેમણે તે આપને આપ્યો કે નહીં તેની પણ મને માહિતી નથી. વાઈસરૉયને મોકલવા માટે આપે તૈયાર કરેલાં નિવેદન અંગે મારા વિચારો એ પત્રમાં રજૂ કર્યા છે. આ પત્રમાં હું તે ફરીથી ટૂંકમાં સમજાવવા પ્રયત્ન કરીશ, કારણ કે આપના તરફથી કશો જવાબ મળ્યો નથી એટલે શ્રી ઘાટે ઉપરનો મારો પત્ર આપે જોયો છે કે કેમ એ વિષે મને શંકા પડે છે.

હું માનું છું કે આપ જે મહાન ધ્યેય માટે લડી રહ્યા છો અને મારી દૃષ્ટિએ જે ધ્યેયના આપ વિશેષે કરીને પ્રતીકરૂપ છો તથા જેને માટે આપે વર્ષો સુધી મૂગે મોંએ કષ્ટ સહન કર્યું છે,

૧. તા. ૮-૫-૧૯૧૯નો પત્ર.



Gandhi Heritage Portal

તેમ જ હજી પણ સહન કરી રહ્યા છો, તે ધ્યેયનો વિચાર કરતાં આપે તૈયાર કરેલું નિવેદન ખૂબ જ અણછાજતું હતું. એની ભાષા ઉશ્કેરાટભરી હતી અને એમાં જે શબ્દાડંબર હતો તે એ નિવેદન માટે યોગ્ય કહી શકાય તેવો નહોતો. આપે એમાં મુસલમાનો વતી મૂકેલી માગણીઓ ઓછામાં ઓછી હોવી જોઈતી હતી, તેને બદલે તે વધારે પડતી હતી. હું ખાતરીથી માનું છું કે જે સમસ્યાઓનો ખરો કે ખોટો નિકાલ યુદ્ધ પહેલાં ક્યારનોયે આવી ગયો છે, તે અંગેના પ્રશ્નો આપ ફરીથી ઉખેળવા માગતા નથી. અલબત્ત, મહાયુદ્ધ ફાટી નીકળ્યું તે વખતે ઈસ્લામનો જે ધર્મનિરપેક્ષ એવો દુન્યવી દરજ્જો હતો તે પુનઃસ્થાપિત કરવાની માગણી મૂકવાનો આપને જરૂર હક્ક છે. એટલે હું ઈચ્છું છું કે આપ હજી પણ આપનું નિવેદન ફરીથી લખી કાઢો અને એવું તર્કબદ્ધ અને સુસંગત બનાવો કે તે જરૂર આખી દુનિયાનું ધ્યાન આકર્ષે અને ધ્યાનપાત્ર બને. એટલું તો ખરું કે આખરે કોઈ પણ ધ્યેયની સફળતા કુદરતી રીતે જ ખુદાની મરજી પર આધાર રાખે છે. પરંતુ એ સર્વશક્તિમાનના તખ્ત આગળ હાજર થનારા આપણે કેવી રીતનું વર્તન કરીએ છીએ તેના ઉપર એ સર્વશક્તિમાનની મરજી ખાસ કરીને આધાર રાખે છે. અને ત્યાં તો સત્ય, નમ્રતા અને કડક સંયમથી વિશુદ્ધ બનેલા ઠંડા તર્ક સિવાય બીજી કોઈ ચીજ કામ આવતી નથી. હું તો નવા નિવેદનમાંથી અંગત કષ્ટસહનનો સારોયે ઉલ્લેખ રદ જ કરી દઉં. જીવંત ગાથારૂપે એ પોતે જ બોલી રહ્યું છે. જો મારો આ વિચાર આપને ગમતો હોય તો હું એ ખરડો સુધારી આપવા તૈયાર છું.

બીજી જે બે બાબતો અંગે મારે આપની સાથે મતભેદ છે તે આપે વર્તમાનપત્રોમાં પ્રસિદ્ધ કરવા મોકલેલા આપના બે પત્રો છે. આપના પહેલા પત્રને પ્રસિદ્ધ થતો મેં શા માટે રોક્યો હતો તે હવે આપને સમજાયું હશે. બીજો પત્ર જે હમણાં જ આવ્યો છે તેને પણ એ જ કારણોસર રોકી લેવામાં આવ્યો છે. એ પત્ર પ્રસિદ્ધ નહીં કરવાનું વધારાનું કારણ એ પણ છે કે એમાં આપે કરેલો શ્રી નઝિમનો બચાવ ગેરવાજબી છે. જ્યારે કસોટીનો સમય આવ્યો ત્યારે એમણે સત્યનો નહીં પણ અસત્યનો પક્ષ લીધો હતો. એમના પ્રત્યે મને સહાનુભૂતિ છે, પરંતુ એમની બાબતમાં સરકારે લીધેલું પગલું આપ ગેરવાજબી માનો છો તે વિષે હું આપની સાથે સંમત થઈ શકતો નથી. જ્યારે એમની સામે પડકાર કરવામાં આવ્યો ત્યારે ખરું જોતાં સાચું નિવેદન કરવાની એમની ખાસ ફરજ હતી. છતાં એમણે જાણીબૂજીને જૂઠું નિવેદન કર્યું. આ દુઃખદ ઘટનાની સંપૂર્ણ વિગતો આપી હું આપને હેરાન કરવા માગતો નથી.

મારે એ પણ કબૂલ કરવું જોઈએ કે આપે નજરકેદના હુકમનો અડધો અનાદર કર્યો છે તે મને ગમતો નથી. મુંબઈમાં મને છોડી મૂક્યો ત્યાર પછી મેં આપને એક સંદેશો મોકલ્યો હતો. તે આપને મળ્યો હતો કે નહીં તેની મને ખબર નથી. મેં એમ કહેવડાવેલું કે આપે નજરકેદના હુકમનો અનાદર કરવાની જરૂર નથી અને જો આપનામાં હિંમત હોય તો હું ઈચ્છું છું કે હુકમના ભંગ કરવાની નોટિસ આપે પાછી ખેંચી લેવી અને વાઈસરૉયને કહી દેવું કે પાકો વિચાર કર્યા પછી, જે ધ્યેયને માટે હું ઝૂઝી રહ્યો છું તેને ખાતર, મેં નક્કી કર્યું છે કે હાલ તુરત માટે મારે આપના હુકમનો ભંગ કરવો નથી.

આપને ખબર નહીં હોય કે તાજેતરમાં મેં વાઈસરૉય તથા મુંબઈના ગવર્નર ઉપર જે ખાનગી પત્રો લખ્યા છે તેમાં હેતુપૂર્વક મુસલમાનોનો પ્રશ્ન ઉપસ્થિત કર્યો છે, અને તેને ખિલાફત તથા પવિત્ર સ્થળો પૂરતો મર્યાદિત રાખ્યો છે. કૃપા કરીને અમન સાહેબને મારા સલામ

Gandhi Heritage Portal

કહેશો અને જેમનાં શુભ નામો હું ભૂલી ગયો છું તે બાળકોને કહેશો કે તેઓ મને અગાઉની માફક પત્રો લખતાં રહે.

આપનો સહૃદયી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી: એસ. એન. ૬૬૨૨

## ૨૯૪. એન. પી. કોવીને પત્ર

[મુંબઈ,]
મે ૨૫, ૧૯૧૯

વહાલા મિ. કોવી,

મને જાણવા મળ્યું છે કે કાઠિયાવાડના વતની એક ભાઈ, નામે શ્રી મણિલાલ જાદવજી વ્યાસ અને ત્યાંના જ વતની બીજા એક ભાઈ, ડૉ. પોપટલાલ, જેઓ કરાંચીમાં રહેતા હતા તેમને ૧૮૬૪ના કાયદા ૩ હેઠળ "પરદેશી" તરીકે ગણવામાં આવતાં બ્રિટિશ હિંદુસ્તાન છોડી ચાલ્યા જવાના હુકમો મળ્યા છે. આ હુકમોને પરિણામે એ બે ભાઈઓ હાલ સિંધ છોડી કાઠિયાવાડમાં આવ્યા છે. હું માનું છું કે કશું કારણ આપ્યા સિવાય કરાંચીમાંથી હાંકી કાઢવા માટે દેશી રાજ્યોની પ્રજાને "પરદેશી" ગણવાનું કરાંચીના સ્થાનિક અધિકારીઓનું આ પગલું જોહુકમીભર્યું છે. તેમ છતાં ૧૮૬૪ના કાયદા ૩ની કલમ ૧નો સુધારો ધ્યાનમાં લેતાં કાયદાની દૃષ્ટિએ પણ મારા અભિપ્રાયને પુષ્ટિ મળે છે. એમ જણાય છે કે આ કાયદામાં હમણાં જે સુધારો થયો છે તેની સિંધના સત્તાવાળાઓને ખબર નહોતી. હું જોઉં છું કે આ કાયદામાં ૧૯૧૪ની સાલમાં આ રીતે સુધારો કરવામાં આવ્યો હતો:

> ૧૮૬૪ના ફૉરેનર્સ ઍક્ટ (પરદેશીઓ અંગેના કાયદા)ની કલમ ૧માં "કાનૂન ૩ અને ૪ વિલિયમ ચોથાના પ્રકરણ ૮૫ કલમ ૮૧માં સમાવાયેલા અર્થમાં મહારાણીનો પ્રજાજન અથવા દેશમાં જન્મેલો પ્રજાજન ન હોય અથવા બ્રિટિશ હિંદનો વતની ન હોય" એ શબ્દોની જગાએ નીચેના શબ્દો મૂકવા, એટલે કે:
>
> "(ક) જે બ્રિટિશ નૅશનાલિટી ઍન્ડ સ્ટેટ્સ ઑફ એલિયન્સ ઍક્ટ, ૧૯૧૪ની[1] કલમ ૧ની પેટાકલમ (૧) અને (૨)માં કરેલી વ્યાખ્યા મુજબ દેશમાં જન્મેલો બ્રિટિશ પ્રજાજન ન હોય, અથવા
>
> (ખ) જેને બ્રિટિશ હિંદમાં હાલ તુરત પ્રવર્તતા કોઈ પણ કાનૂન હેઠળ બ્રિટિશ પ્રજાજન તરીકેનું નાગરિકતાનું પ્રમાણપત્ર ન મળ્યું હોય તેવો,
>
> પરંતુ જો કોઈ પણ બ્રિટિશ પ્રજાજન બ્રિટિશ હિંદમાં હાલ પ્રવર્તતા કોઈ પણ કાનૂન પ્રમાણે બ્રિટિશ પ્રજા કહેવડાવવાનો અધિકાર ગુમાવી બેસે તો તે પરદેશી ગણાશે."

ઉપર જણાવેલા સુધારામાં જેનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે બ્રિટિશ નૅશનાલિટી ઍન્ડ એલિયન્સ ઍક્ટ કલમ ૧ નો અમલી ભાગ આ પ્રમાણે છે:

૧. બ્રિટિશ રાષ્ટ્રીયતા અને પરદેશીઓના દરજ્જા વિષેનો ધારો, ૧૯૧૪.

Gandhi Heritage Portal

(૧) નીચે લખેલી વ્યક્તિઓ દેશમાં જન્મેલી બ્રિટિશ પ્રજા ગણાશે:

(ક) નામદાર સમ્રાટનાં સંસ્થાનો અથવા તેમના તાબાનાં રાજ્યોમાં જન્મેલી કોઈ પણ વ્યક્તિ;

(ખ) કોઈ પણ બ્રિટિશ પ્રજાજનનાં આ ધારો પસાર થયા પહેલાં કે તે પછી જન્મેલું સંતાન જેનો જન્મ એવે સ્થળે થયો હોય કે જ્યાં સંધિ, કોલકરાર, દાનપત્ર, રીતરિવાજ, મહેરબાની અથવા અન્ય કાયદેસર સાધનો દ્વારા નામદાર સમ્રાટ બ્રિટિશ પ્રજાજનો પર હકૂમત ભોગવતા હોય, તો તે સંતાન નામદાર સમ્રાટના તાબાના રાજ્યમાં જન્મેલું ગણાશે."

આ ઉપરથી એટલું તદ્દન સ્પષ્ટ થાય છે કે દેશી રાજ્યોના વતની એવા આ બંને પ્રજાજનોને પરદેશી ગણી શકાય નહીં. તેઓ બ્રિટિશ સંસ્થાનોમાં અથવા નામદાર સમ્રાટના તાબાનાં રાજ્યોમાં જન્મેલા હોઈ તેમને દેશમાં જ જન્મેલા બ્રિટિશ પ્રજાજન ગણવા જોઈએ. એટલે કાનૂની ન્યાય અને વાજબી વ્યવહારનાં કારણોસર હું એમ કહેવાનું સાહસ કરું છું કે આમને અને જો એમનાં જેવા કોઈ બીજા નિર્વાસિતો હોય તો તેમને સિંધમાંના તેમના રહેઠાણ અને ધંધારોજગારના સ્થળે પાછા ફરવાનો અધિકાર છે. એટલે હું આશા રાખું છું કે નામદાર વાઈસરૉય ઉપર્યુક્ત હુકમો રદ કરવાની કૃપા કરશે.

[મૂળ અંગ્રેજી]

છબી પરથી: એસ. એન. ૬૬૨૪

## ૨૯૫. કર્નલ ટ્યૂકને પત્ર

આશ્રમ,
મે ૨૫, ૧૯૧૯

વહાલા કર્નલ ટ્યૂક,

આપનો ૨૪મી તારીખનો પત્ર મળ્યો. એ બદલ આભાર. તાજેતરમાં થયેલાં તોફાનો શાંત પાડવા માટે કરવામાં આવેલી લશ્કરી કારવાઈઓ દરમ્યાન ઘવાયેલા લોકો અંગે અંદાજે કેટલા રૂપિયા ખર્ચ થવાનો સંભવ છે તે આપનાથી બની શકે તો જણાવશો એવું હું ઇચ્છું છું. આ રકમ મેળવવામાં કશી મુશ્કેલી પડશે એવો મને ડર નથી, પરંતુ કેટલી રકમની જરૂરિયાત છે તે જાણી લેવું કદાચ ઠીક થઈ પડશે. કૃપા કરીને આનો જવાબ શ્રી વલ્લભભાઈ પટેલ, ભદ્ર, એ સરનામે મોકલશો. તેઓ આ અંગે જરૂરી કાર્યવાહી કરશે. હું આજે રાત્રે મુંબઈ જવા રવાના થઈશ.

આપનો સહૃદયી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી: એસ. એન. ૬૬૨૫

Gandhi Heritage Portal

# ૨૯૬. મગનલાલ ગાંધીને પત્ર

સુરત,
મે ૨૬, ૧૯૧૯

ચિ. મગનલાલ,

તમને છોડયા પછી વણાટકામ વિષે મને બહુ વિચારો થયા છે. મને લાગે છે કે પ્રજાની સંયમની પ્રવૃત્તિમાં આપણે ચાર ડગલાં આગળ ચાલ્યા કરીએ તો જ આપણી હસ્તી શોભાવી શકીએ. શુદ્ધ સ્વદેશી વ્રતનું પાલન કરવામાં પ્રજાને આપણી સેવાની બહુ જરૂર નહીં રહે. કેમ કે ગમે તેમ કરીને દેશી મિલનું સૂતર મેળવી, વણાવી એ વ્રતવાળા પોતાનો ગુજારો કરશે. પણ જે વિશુદ્ધ સ્વદેશી વ્રત[૧] હોવું જોઈએ તે વ્રત પાળવામાં તો કેવળ આશ્રમ જ અત્યારે તો મદદ કરી શકે તેમ છે. તેથી પહેલું વ્રત[૨] પાળવાને સારુ આપણી પ્રવૃત્તિ અલ્પ હોવી જોઈએ. પણ વિશુદ્ધ સ્વદેશીને ઘણાં સ્ત્રીપુરુષો વહેલાં પહોંચી શકે તેમ કરવાને સારુ આપણે ભગીરથ પ્રયત્ન કરવો ઘટે છે. અને તે પ્રયત્નમાં પહેલું પગથિયું તે એ છે કે આપણે સૂતર કાંતતા થઈએ અને તે વણતા થઈ જઈએ. સંતોક ન જઈ શકે તો ભલે દુર્ગા એકલાં જાય. તે પણ ન જાય તો કોઈ પુરુષને મોકલો. તમારે વગર વિલંબે વિજાપુર પહોંચવું જ જોઈએ. જગન્નાથને અને છોટાલાલને કેવળ વણાટકામ ઉપર મૂકવા જોઈએ. ભુવરજીની સાથે મસલત કરી રસોઈનું કામ આટોપો. ગોકીબહેનને લખો. ગમે તેમ કરો પણ જગન્નાથને અને છોટાલાલને બીજા કાર્યમાં રોકવા તે પાપ સમજો. આશ્રમને સારુ જે કાંઈ મંગાવવું હોય તેમાં રેવાશંકરને કે બીજા કોઈને રોકો. તેઓની કાંઈ ભૂલ થાય તે સહન કરો. પણ દોઢિયાના કામમાં રૂપિયો ન વાપરો. ઈમામ સાહેબની તબિયત સારી થઈ જાય ત્યારે તેમનો કાંઈ પણ ઉપયોગ વણાટમાં કરો. જ્યારે રૂ કાંતવાનું દાખલ કરશો ત્યારે બધાનો ઉપયોગ સહેલાઈથી કરી શકાશે. તમારા વખતનો પણ મુખ્ય ભાગ આ શુદ્ધ સ્વદેશીને વિસ્તારવાનો વિચાર કરવામાં અને તેને અનુસરતું કામ કરવામાં ગાળો.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

મૂળ પત્ર પરથી: સી. ડબ્લ્યુ. ૫૭૭૪
શ્રીમતી રાધાબહેન ચોધરીના સૌજન્યથી

૧. જેમાં હાથે કાંતેલું અને હાથે વણેલું કાપડ વાપરવાની પ્રતિજ્ઞા હોય એવું વ્રત.
૨. જેમાં મિલમાં કાંતેલા સૂતરમાંથી બનાવેલું, હાથે વણેલું કાપડ વાપરવાની પ્રતિજ્ઞા હોય એવું વ્રત.

Gandhi Heritage Portal

# ૨૯૭. સુરતમાં સ્ત્રીઓની સભામાં ભાષણ

મે ૨૬, ૧૯૧૯

બહેનો,

મહેરબાની કરી મને માફ કરશો કે તમો સન્મુખ ઊભો થઈને હું ભાષણ કરી શકતો નથી. મારું શરીર એટલું સારું નથી કે જેથી ઊભો થઈ મારું કાર્ય કરી શકું. એમ કરતાં મારું આખું શરીર ધ્રૂજે છે અને તેથી મારે જે બે શબ્દો કહેવાના છે તે બેઠો બેઠો કહીશ. તમો સઘળાનાં દર્શનથી મને હું ભાગ્યશાળી માનું છું. સમય હજી એવો નથી આવ્યો કે આપણે માત્ર વાતો કરી શાંતિ રાખી શકીએ. પણ અત્યારે હિંદુસ્તાન માટે એવો સમય છે કે દરેક સ્ત્રીપુરુષે જે કાર્ય આવે તે કરી તેમાંથી છૂટા થવાનું છે. મોઢેથી બોલી અને કાવ્યો ગાવાં તથા જુદી જુદી રીતે બોલવું એ બધું જરૂરનું છે પણ તે મૂળ કાર્યની સાવધાનતાને ખાતર છે. હવે આપણને કાર્યની ખબર પડી છે ત્યારે જો બોલી અથવા સાંભળીને સંતોષ પામી બેસી રહીએ તો અધમ દશામાં આવી પડીએ એમાં મને જરા પણ શંકા નથી. હાલમાં તો આપણે મૂગા મૂગા કાર્ય કરવું અને તે કાર્યને જ બોલવા દેવું જોઈએ. આખા હિંદુસ્તાનની પ્રજા પાસે સત્યાગ્રહ મૂકતી વખતે મને લોકોના સ્વરૂપની ખબર નહીં હોવાથી આજે તેણે બીજું સ્વરૂપ પકડેલું છે. હું બધાને તેનો ભાવાર્થ કહેવા ઇચ્છું છું. સત્યાગ્રહ બે પ્રકારથી કરી શકાય છે પણ તેનો મંત્ર તો એક જ છે અને તે એ કે સત્યને આપણે એટલા જોરથી પકડી રાખવું કે આપણો હાથ તૂટી પડે તો ભલે પણ તેને છોડવું નહીં. અંતઃકરણમાં આ મંત્રને એટલે દરજ્જે કોતરી રાખવો કે તે સિવાય બીજું કાંઈ સત્ય નથી. સત્યાગ્રહ એટલે વિનયપૂર્વક સરકારના કાયદા તોડવા એટલું જ જે બહેનો સમજી છે તે સત્યાગ્રહનો અર્થ નથી સમજી શકી. સત્યને અર્થે કેટલીક વખત તેનો ભંગ પણ કરવો પડે છે. એવો વખત રૉલેટ બિલ માટે આવી ગયો. તે વખતે મેં સૂચના કરી કે કાયદાનો ભંગ કોણ કરી શકે, ક્યારે થઈ શકે એ પ્રશ્ન વિચારવો જોઈએ, પણ લોકો તે સમજ્યા નહીં. પણ ભાઈઓ કરતાં બહેનો વધારે સમજી છે. બહેનોથી બીજું શું થાય એવું કહેનારની મને દરકાર નથી. પુરુષ કરતાં સ્ત્રીજાતિને સહન કરવાનું વધારે છે. અધિકાર તો બન્નેને સરખો છે. અને હું પોતે તેમ માનનારો છું. બલકે પુરુષો કરતાં સ્ત્રીઓમાં સહન કરવાનો હક વધારે છે. દુનિયામાં સ્ત્રીના જેટલું પુરુષે સહન કર્યું નથી. નમ્રતા સ્ત્રીએ બતાવી એટલી પુરુષે બતાવી નથી. અત્યારે તો એટલું જ કહેવાની મારી ઇચ્છા છે કે રૉલેટ કાયદા વિષેનો સત્યાગ્રહ બંધ થયો નથી. સહી કરનારાઓની સંખ્યા સુરત કે બીજે ઓછી છે પણ તેનો સૂર વ્યાપી રહ્યો છે અને તેથી જ કેટલીક ખામી પડી છે. આ સૂર જેટલે દરજ્જે વ્યાપ્યો છે તેટલે દરજ્જે તેની પરીક્ષા થઈ નથી. જેણે પ્રતિજ્ઞા લીધી તેનાથી એ સમજાય અથવા નહીં સમજાય તોપણ તે પ્રતિજ્ઞામાંથી છૂટી શકે નહીં. કાયદા ક્યારે તોડી શકાય અને એવો સત્યાગ્રહ કાયદાને માન આપવામાં ક્યારે રહ્યો છે તે પણ જોવું જોઈએ. અત્યારે તો બેમાંથી એક પણ નથી. રાજા તેમ જ પ્રજા સામે વખત પડ્યે સત્યાગ્રહ કરવો ઘટે. જ્યારે દેશમાં સત્યાગ્રહ ચાલતો હોય ત્યારે કોઈથી ખુનામરકી ન થાય એ હસી કાઢવા જેવી વાત નથી. આખા દેશમાં એમ તે થઈ શકતું હશે એવો સવાલ પુછાય છે તો એનો હું સાક્ષી છું. પ્રજા સત્યાગ્રહ ઉપર એવી શ્રદ્ધા રાખતી

Gandhi Heritage Portal

હોય કે નહીં તોપણ કોઈ પણ માણસની વસ્તુને કે જાતને ઈજા નહીં પહોંચાડવી એ મંત્ર થઈ જાય છે. હિંદુસ્તાન એ મંત્ર સમજી ગયું. પણ છૂટીછવાઈ જગામાં નહીં સમજાયું તો હવે ભૂલ્યા ત્યાંથી ફરીથી ગણવું. હમણાં પ્રજાને આપણે બતાવી રહ્યા છીએ કે જ્યાં સુધી કોઈ પણ માણસને ઈજા નહીં કરીએ એવી શ્રદ્ધા નહીં આવે ત્યાં સુધી સત્યાગ્રહ કરવો અશક્ય છે. હું તમોને જંજાળમાં નથી ઉતારતો. પરંતુ કોઈને એમાં શંકા નહીં આવે કે સત્યાગ્રહ તો બંધ થઈ ગયો. સત્યાગ્રહ શરૂ થઈ ગયા પછી બંધ થતો જ નથી. એ આટલા શબ્દો બોલવાનો મારો હેતુ છે. સત્યાગ્રહ બંધ નથી થયો. એ તો જે વખતે રૉલેટ કાયદા સરકાર ખેંચી લેશે ત્યારે જ બંધ થઈ શકે.

## સ્વદેશી વ્રત

આ ઉપરાંત એક બીજી વાત તમારી પાસે મારે કરવી છે. એ સત્યાગ્રહ જેટલી જ અગત્યની છે. સત્યાગ્રહમાંથી એ ઉત્પન્ન થાય છે. પરંતુ રૉલેટ કાયદામાંથી નહીં. સત્યાગ્રહ ચાલુ થાય ત્યારે સ્ત્રીપુરુષો સત્યનો વિચાર કરતાં થઈ જાય છે. સત્યનું જરા પણ પાલન આપણે કર્યું હોય તો આપણે અને આપણી આસપાસની અપૂર્ણતા દૂર કરવાનું આપણને સૂઝે છે. એવી અપૂર્ણતા સ્વદેશીના ભંગની છે. સ્વદેશી વ્રત એટલે શું? એ કોણ પાળે? એનો અર્થ એ થયો કે હિંદુસ્તાનની બહાર બનેલી વસ્તુનો ઉપયોગ નહીં કરીએ. જ્યાં સુધી એવી વસ્તુ સારી કે નઠારી મળી શકતી હોય ત્યાં સુધી. એટલું જ નહીં પણ આપણી હાજતની નહીં હોય એવી હિંદ બહારની વસ્તુનો ત્યાગ પણ કરીએ. જરૂરિયાતની એટલે કે અનાજ ન પાક્યું હોય તો આપણે બહારનું જરૂર લઈએ. પહેરવાનાં વસ્ત્ર જેનાથી આપણી મર્યાદા ઢાંકી શકીએ, એબ ઢાંકી શકીએ, એ નહીં મળે તો જરૂર બહારનું લઈએ. હિંદુસ્તાન એવો દેશ છે કે જ્યાં જરૂરિયાતની સર્વ વસ્તુઓ મળે છે. જેણે દાંત આપ્યા છે તે ચવાણું પણ આપી રહેશે. હિંદુસ્તાનમાં આપણી હાજતો પૂરી પડી રહે એટલી સર્વ વસ્તુઓ મળી શકે છે. ગુજરાત એવો ફળદ્રુપ પ્રદેશ છે કે જ્યાં દુકાળ જ નહોતો. અહીં અલ્પ પ્રયાસે અનાજ પાકી શકે છે. એટલે ભૂખમરાનો પૂરો ખ્યાલ આપણને નથી. પણ ગુજરાત એ હિંદુસ્તાન નથી. આખા હિંદુસ્તાનનાં ઘણાં સ્ત્રીપુરુષોને એક જ વખત ખાવા મળે છે. અને તે પણ દાળભાત, ઘી નથી મળતાં. સારાં અથાણાં પણ નહીં. માત્ર મેલું જેવું મીઠું જ મળે છે. હિંદુસ્તાનનો એક સમય એવો હતો કે પહેલાં અહીં ભૂખમરો નહીં હતો. આપણા મહાન નેતા સર શંકરન નાયરે[1] એક લેખમાં લખ્યું છે કે ૧૦૦ વર્ષ પહેલાં હાલના જેવો ભૂખમરો આ દેશમાં ન હતો. હાલ આ સ્થિતિ થઈ છે.

## ભૂખમરાનું કારણ સ્વદેશી વ્રતનો ભંગ

એનું કારણ આપણે સ્વદેશી વ્રતનો ભંગ કર્યો છે, એ છે. આપણા પોતાના મજૂરો અને કારીગરો ભૂખે મરે અને આપણે બહારની ચીજો મંગાવીએ. આ પાપના બદલામાં ભૂખમરો ન હોય તો શું હોય? એ પાપ દૂર કરવા હિંદુસ્તાનની પ્રજા પાસે સ્વદેશી વ્રત મેં મૂકેલ છે. એવું ભારે વ્રત મેં મૂકેલું નથી કે જે નહીં પાળી શકાય. હિંદુસ્તાનમાં અનાજ મૂકીને મોટામાં મોટી જરૂરિયાતની વસ્તુ કપડાં. ગઈ સાલમાં ૬૦ કરોડ રૂપિયા હિંદુસ્તાન બહાર આપણે એ માટે મોકલી દીધા. એનો વિચાર કરીએ તો આપણને શરમ જ આવે. અમદાવાદ પાસે બાવળા

૧. ૧૮૫૭-૧૯૩૪; મદ્રાસ હાઈકોર્ટના એક ન્યાયાધીશ અને ૧૮૯૭માં હિંદી મહાસભાના પ્રમુખ.

Gandhi Heritage Portal

ગામ છે. ત્યાં દુકાળિયા લોકો હમણાં મફત અનાજ નહીં લેતાં સૂતર કાંતીને મજૂરી લે છે. આથી તેઓ બોજારૂપ નથી થઈ પડતા.

### ભૂખમરો અનાજનો નહીં પણ પૈસાનો

હિંદમાં ભૂખમરો દાણાનો નહીં પણ પૈસાનો છે. એ લોકોએ મજૂરી પણ કેવી કરી! સડક બનાવવાની નહીં. પણ સડકો બનાવવા કરતાં અનાજ પેદા કરવું એ પહેલું કામ છે. તેની સાથે વસ્ત્ર પેદા કરવાં એ બીજું કામ છે. આથી તેમણે મજૂરી કરી પોતાને માટે અનાજ પેદા કર્યું અને બીજાને વસ્ત્રો વડે ઢાંકયા એ બેવડો લાભ. તમો એમ કરશો ત્યારે હિંદુસ્તાન શોભી ઊઠશે. એ શોભા જાપાન અને ઇંગ્લંડની સાડીથી નહીં મળે. તમારો ધર્મ એ સાડીથી નથી સાચવી શકતાં. તમે ધર્મ નહીં પણ અધર્મ સાચવો છો. મારી બહેનોને આગ્રહપૂર્વક વિનંતી છે કે તમે અધર્મ છોડી દો. કેટલીક બહેનો કહે છે કે અમે શું કરીએ? અમે તો પરાધીન છીએ. જ્યારે કેટલાક પુરુષો કહે છે કે સ્ત્રીઓ ઠાઠ નથી છોડી શકતી તેથી જ અમે લાચાર છીએ. ૩ પૈસા તો તેનાં કપડાંના જ જાય છે. માટે તમે સ્ત્રીઓને પહેલાં સમજાવો. હું ઘણી બહેનોને મળેલો છું. મેં પણ ઘરસંસાર ચલાવેલો છે. મને તો મારી સ્ત્રી કરતાં હું પરાધીન રહેલો જ જણાયો છું. આશ્રમમાં દૂદાભાઈને રાખ્યા ત્યારે મારી પરાધીનતા જણાઈ. હું તેમને મારી સાથે લઈ શક્યો નહીં. જેમ તમે સુંદર ભોજન તૈયાર કરો છો, અને તમને વીશી કે હોટલમાંથી તે લાવવાનું કહેવામાં આવે તો તમે તકરાર કરો છ, તમને તો એ તમારી માનહાનિ જેવું લાગે છે, તેમ તમારી પોતાની સાડી તમે પોતે તૈયાર કરો. તમારાં છોકરાંનાં કપડાં પણ તમે પોતે તૈયાર કરો. બધી સ્ત્રીઓ આવી રીતે નહીં કરી શકે તો ધોબી હજામની પેઠે તમારો પોતાનો વણકર રાખો. આપણે કેવા અક્કલહીન! હિંદને કેવા બેવફા કે રૂ. ૬૦ કરોડ બહાર મોકલ્યા! હિંદુસ્તાન એક વેળા એવો હતો કે — એને બહુ વરસ નથી થયાં; ૧૦૦ વરસ (પ્રજાની જિંદગીમાં વધુ નહીં ગણાય) ઉપર — હિંદુસ્તાન પોતા માટેનું કપડું પેદા કરતું અને બહાર પણ મોકલતું. અત્યારે એવી દશા છે કે આપણી જરૂરિયાતનો ચોથો ભાગ આપણે પેદા કરી શકીએ છીએ. એના કરતાં વધુ શરમ આપે એવું શું છે? તે વખતે આપણે આપણી બધી એટલે કે ગરીબ અને શાહુકાર સ્ત્રી, ગૃહસ્થ સ્ત્રી પોતાના ઘરની અંદર રેંટિયો રાખીને તેનું મધુર ગાન સાંભળીને સૂતર કાંતતી. રેશમ જેવી સુંવાળી સાડી તેમાંથી થતી. અત્યારે બહેનો સારાં સારાં ભોજન બનાવવામાં વખત ગાળે છે અને તેમાંથી વખત બચે તો વાતોમાં કાઢે છે. હું તમોને કરગરીને કહેવા આવ્યો છું કે આપણે ભોજન માટે જીવતા નથી પણ જીવવાને માટે અલ્પભોજન મળી રહે તેમાં સંતોષ માનવો.

### હિંદી પ્રજા હીન હોવાનું કારણ મોજશોખ

અત્યારે હિંદુસ્તાનની પ્રજા હીન થતી ચાલી છે. બાળકો સુંદર હોવાને બદલે રેંજીપેંજી, ધક્કો મારે ને પડી જાય એવાં દેખાય છે. એનું કારણ આપણા મોજશોખ છે. આપણે મોજશોખ એવા કરીએ અને ભોજન એવાં લઈએ કે શરીરને નુકસાન ન થાય પણ આપણે શૂરવીર થઈએ. તમે ભોજનની સામગ્રી માટે અને વાતોમાંથી વખત બચાવીને ઘરમાં રેંટિયો દાખલ કરો. સૂતર કાંતો તો મોટી મિલોની સાથે હરીફાઈ કરશો. તમે સાળમાંથી કપડાં કરશો ત્યારે હિંદનો છુટકારો નજદીક આવશે. ત્યારે હિંદમાં ધર્મ આવશે, ત્યારે હિંદમાંથી ભૂખમરો જશે. તમારા વણકરની સાડી તમને ન ગમે તો પ્રથમ ચલાવી લેશો અને તેને સુધારવા કહેશો. મારાં કપડાં

Gandhi Heritage Portal

કોણે બનાવી આપ્યાં છે? ગંગાબહેને. એ ગંગાબહેન વિજાપુરમાં બેઠાં છે. તેમણે પ્રથમ મને જાડી ખાદી આપી. મેં તો ઉનાળા માટે પાતળીની માગણી પણ નહીં કરી છતાં બહેનને ભાઈની દયા આવી. તેમણે કરગરીને બીજી સ્ત્રીઓ પાસે ઝીણું સૂતર તૈયાર કરાવ્યું. એમ અરસપરસ આપણે કામ કરી શકીએ. એમાં પ્રેમ રહેલો છે. એમાં સત્યાગ્રહ રહેલો છે. સુરતના વણકરનાં ઘર તમે પૈસાથી ભરો. તેમને કહો કે સૂતર વિલાયતી કે જાપાનનું નહીં પણ અમે જે સૂતર આપીએ તેનું જ કાપડ વણવું. ત્યારે જ સ્વદેશી વ્રતનું પાલન થયું કહેવાય. તમારી પાસે સ્વદેશી વ્રતની નકલ આવી ગઈ છે. પહેલું વ્રત લખેલું છે એ આપણે પાળી શકીએ તો ઠીક. એ વ્રત આખી જિંદગીને સારુ અને અમુક મુદતને સારુ છે. આપણે એવા કંગાળ છીએ કે મિલ વગર સૂતર નથી મેળવી શકતા. સેંકડે ૭૫ કરતાં વધારે બહેનોની સાડી મિલમાં વણાયેલી છે એમ હું અહીં જોઈ રહ્યો છું. એ શરમાવા જેવું છે. આપણો કારીગર વર્ગ સંચા પાસે જડ પેઠે ઊભો રહે એ આપણે નથી ઇચ્છતા. જેમાં તે પોતાની કળા દાખવે, જેમાં પોતાનો આત્મા રેડે તે સાડી પહેરવામાં ધર્મ રહેલો છે. તમો સુંદર દિવસ શોધીને પ્રતિજ્ઞા પર સહી કરજો. આપણાં શાસ્ત્રો તો કહી રહ્યાં છે કે સુંદર દિવસ, સુંદર ચોઘડિયું જે ક્ષણે સારું કામ સૂઝયું છે તે જ છે. એને માટે જોશી પાસે ન જવાય. બૂરું કામ કરવા જોશી પાસે જવું. ત્યારે જોશી એવો શોધવો કે જે બૂરાં કામ માટે કોઈ પણ ચોઘડિયું જ ન બતાવે. હિંદુસ્તાનની દશા એવી નથી કે મારે ભાષણ કરવું કે બીજાઓએ કરવું ને તમારે સાંભળી રહેવું. આપણે તો અત્યારે કાર્ય કરવાનું છે. આમાંથી કેટલીક બહેનો રૂ કાંતતી અને કપડાં વણતી થશે ત્યારે હું કૃતાર્થ થયેલો માનીશ.

[મૂળ ગુજરાતી]

ગુજરાતમિત્ર અને ગુજરાત દર્પણ, ૧–૬–૧૯૧૯

## ૨૯૮. સુરતની જાહેર સભામાં ભાષણ

મે ૨૬, ૧૯૧૯

હું અત્યંત દિલગીર છું કે મારે આપની પાસે બેઠાં બેઠાં કહેવું પડે છે. હું આપની માફી માગું છું. કારણ કે મારું શરીર કામ નથી કરી શકતું. હું સાંભળું છું, આખા હિંદુસ્તાનમાંથી મારે કાને વાતો આવ્યા કરે છે કે હિંદુસ્તાનમાંથી સત્યાગ્રહ બંધ થઈ ગયો છે. આ વાત કેવળ વગર સમજથી પેદા થયેલી છે. સત્યાગ્રહ શું છે એ હજી સુધી હિંદુસ્તાનમાં સત્યાગ્રહીઓ પણ પૂરું સમજી શકયા નથી એમ હું જોઈ શકું છું. તો પ્રજાનો બીજો મોટો ભાગ જેણે સત્યાગ્રહનો અભ્યાસ કર્યો નથી, જેમણે સત્યાગ્રહની પ્રતિજ્ઞા નથી લીધી તે આ ન સમજી શકે, એ સમજી શકાય એવું છે. એ વાત મારે પ્રથમથી જોવી જોઈતી હતી. તે હું ન જોઈ શકયો એ મેં ભૂલ કરી એ મેં કબૂલ કરી લીધું છે. એ ભૂલનો કોઈ એવો અર્થ ન કરે કે સત્યાગ્રહ એક ક્ષણ પણ બંધ થઈ શકે. સત્યાગ્રહની જેણે પ્રતિજ્ઞા લીધી છે અને જેઓ એના અર્થ બરાબર સમજી શકયા છે તે જાણશે કે સત્યાગ્રહ ક્ષણ પણ બંધ નથી થયો. એનો અર્થ સમજાવવા હું પ્રયત્ન કરીશ. સત્યાગ્રહની પ્રતિજ્ઞામાં જ એમ સૂચવેલું છે કે જ્યાં સુધી રૉલેટના કાયદા રદ ન થાય ત્યાં સુધી કમિટી ઠરાવે તે તે કાયદાનો સવિનયભંગ કરવો. પણ આ તો

Gandhi Heritage Portal

આપણી પ્રતિજ્ઞાનો એક જ ભાગ છે અને એ અલ્પ ભાગ છે. અને કાયદાઓનો સત્યાગ્રહી ભંગ કરી શકે તે પહેલાં તેનામાં કેટલાક ગુણ હોવા જોઈએ.

### સત્યાગ્રહનું મૂળ લક્ષણ — વેરભાવનો અભાવ

સત્યાગ્રહનો પ્રથમ ભાગ શો છે તે પ્રથમ વિચારવું જોઈએ. અને એ જ્યાં સુધી વિચારી ન શકીએ, એનો અમલ ન કરીએ, ત્યાં સુધી કાયદાનો ભંગ નિરર્થક છે. આપણે હમેશાંને સારુ આ કાયદા રદ કરાવવા જે પ્રવૃત્તિ ચાલે તેને અંગે સત્યનો જ પ્રયોગ કરવો એ એક વસ્તુ; અને બીજી વસ્તુ એ છે કે જાન અને માલમિલકતને ઈજા ન કરવી. મને એમ ભાસે છે કે આ બે વસ્તુનું શુદ્ધ પાલન સત્યાગ્રહી પણ નથી કરી શક્યા. મારી શ્રદ્ધા છે કે બે હજારથી વધારે સત્યાગ્રહીઓ હિંદુસ્તાનમાં જુદે જુદે ઠેકાણે રહેલા છે તેમણે એ વ્રતનું બરાબર પાલન કર્યું હોય તો બન્યા છે તે બનાવો ન બને. એમના સત્યાગ્રહનો પ્રભાવ આખા હિંદુસ્તાન પર એટલો બધો પડત કે હિંદીઓએ એનો બરોબર અર્થ સમજી લીધો હોત. પણ તેની સાથે હું પણ કબૂલ કરું છું કે એવો સત્યાગ્રહ પાળવો કઠણ છે. કોઈને પણ ઈજા ન કરવી એનો અર્થ તો એ કે આપણા મનમાં પણ કોઈ સાથે વેરભાવ ન ઊપજે. તેને માટે તપશ્ચર્યાની જરૂર છે. એટલે કે આપણે અન્યાયની સામે સર્વથા થઈએ તે વખતે પણ અન્યાયીના તરફ વેરભાવ ન રાખીએ. એ સત્યાગ્રહનું મૂળ લક્ષણ છે. જગતમાં નબળા માણસો વેરભાવ રાખે છે. અને સબળા તેનો "વેરભાવ" ત્યાગ કરી શકે. સબળો એટલે શરીરબળવાળો નહીં, સબળો પુરુષ અને સબળી સ્ત્રી તે જ કે જેને મરી જતાં આવડે છે. એટલે અર્થ એ થઈ પડે છે કે આપણે સત્યને વળગી રહેતાં નિર્ભયપણે મરી જવું અને મરતાં મરતાં પણ જેની સામે સત્યાગ્રહ કરી રહ્યા હોઈએ તેના પ્રત્યે વેર કે ક્રોધ ન આવે.

### પ્રજાનો મોહ — પ્રજાની ફરજ

સત્યાગ્રહને અંગે જે બીજી પ્રતિજ્ઞા નીકળેલી છે તે માટે આપણે પ્રજા સમક્ષ કહી રહ્યા છીએ કે એની ઉપર સહી કરીને સત્યાગ્રહ ચાલતો હોય ત્યારે તેને પ્રજાએ વળગી રહેવું જોઈએ. જો પ્રજા એ વસ્તુનો ઇનકાર કરે તો કરી શકે છે. પરંતુ એ વખતે સત્યાગ્રહીને દેવાળું કાઢવાપણું નથી. સત્યાગ્રહીનો ખજાનો અખૂટ છે. સત્યાગ્રહીનો પ્રયત્ન તેના મરણ સાથે જ બંધ રહે છે. પણ જે વખતે પ્રજા આ વસ્તુથી વિમુખ રહે ત્યારે બીજા ઉપાયો શોધવા જોઈએ. મને વરઘોડા પસંદ નથી. વરઘોડાથી જરા પણ આનંદ થતો નથી. છતાં આજે વરઘોડા જેવું થઈ ગયું તે પ્રજાનો ભાવ સૂચવે છે, મોહ સૂચવે છે અને એ એમ પણ સૂચવે છે કે પ્રજા સત્યાગ્રહની સાથે છે. પ્રજા વખતોવખત સત્યાગ્રહની સાથે છે એની નિશાની આપ્યા કરે તો તેમના તરફથી એ આશા રાખવાનો અધિકાર છે કે સત્યાગ્રહ ચાલે ત્યારે તે ખુનામરકી ન કરે. જો તે એમ ન કરી શકે તો પ્રજાએ સત્યાગ્રહીઓનો અને મારો ત્યાગ કરવો. એમ કરવા છતાં સત્યાગ્રહ તો અટકી શકતો નથી. અને એમ જ્યારે પ્રજા સત્યાગ્રહને મદદ આપશે અગર તેનાથી વિમુખ થશે ત્યારે બીજો સત્યાગ્રહ ચાલી શકે છે.

### પ્રજાને શ્રદ્ધાપૂર્વક કથન

હું પ્રજાને કહેવા ઇચ્છું છું — શ્રદ્ધાપૂર્વક કહેવા ઇચ્છું છું કે જો પ્રજા હું જે માગું છું તે પ્રમાણે દેખાડી શકે તો સરકાર એટલે દરજ્જે સમજી શકે કે આ પ્રજા માટે રૉલેટ કાયદો એક

Gandhi Heritage Portal

ઘડીભર પણ નહીં હોય. એક ઘડીભર આપણે એ કાયદાનો, એ કાયદાની ઉત્પત્તિનો, વિચાર કરીશું. એ ઉત્પત્તિ પ્રજાના અવિશ્વાસમાં રહેલી છે અને એ અવિશ્વાસનું કારણ છૂટુંછવાયું અપાયું છે છતાં મેં ઘણી વખત કહ્યું છે કે એ કારણો એવાં સબળ નથી કે જેથી સરકારને રૉલેટ જેવો ભયંકર કાયદો કરવો પડે. મેં તો આગળ વધીને એટલે સુધી કહ્યું છે કે ગમે તેવાં સબળ કારણ હોય તોય જે સરકાર આવો ભયંકર કાયદો કરે તેની કારકિર્દી અત્યંત કઠણ થઈ પડે. અત્યારે આપણે જોઈ રહ્યા છીએ એવી સ્થિતિમાં જો પ્રજા બતાવી શકે કે આપણે ક્રોધ કે વેરભાવ નથી કરતા તો તેનો સરકાર ઉપર કેટલો પ્રભાવ પડે તે ત્રિરાશીના દાખલા જેટલું જ સહેલું છે અને તેથી જે વખતે આપણે સત્યાગ્રહનો આ અર્થ સમજી લઈએ ત્યારે કાયદાનો ભંગ કરવાનો અધિકાર પ્રાપ્ત થાય છે. પણ એ ઉપરથી કોઈને ક્ષણ પણ ભડકવાનું કારણ નથી કે આને માટે હજારો વર્ષ જોઈએ. મારો પોતાનો સત્યાગ્રહની સબળતા વિષે નિશ્ચય છે કે એને ગતિ—શુદ્ધ ગતિ મળ્યા પછી આખા હિંદુસ્તાનમાં પ્રસરી જતાં વાર નથી લાગવાની. મારી શ્રદ્ધા છે કે આપણે જુલાઈની પહેલી તારીખે કાયદાનો સવિનયભંગ કરી શકીશું. તેમાં એવું કાંઈ નથી કે જેથી તે વિચારમાં હું ચલિત થાઉં. એટલું જ નહીં પણ હું જે જે અનુભવી રહ્યો છું તે પરથી માનું છું કે હિંદુસ્તાન સત્યાગ્રહ સમજી ગયેલ છે. હું એમ મનાવવા નથી ઇચ્છતો કે હિંદુસ્તાન સત્યાગ્રહનું પાલન કરવા તૈયાર થઈ રહ્યું છે. પણ હું એમ જરૂર કહેવા ઇચ્છું છું કે જ્યારે સત્યાગ્રહીઓ કાયદાનો સવિનયભંગ શરૂ કરશે ત્યારે હિંદ શાંતિ જાળવશે અને ખામોશ પકડશે. મારી તેની સાથે ઉમેદ છે કે હવે આ સવા મહિનો રહ્યો છે એમાં આપણે સરકારની ઉપર એવી છાપ પાડી શકીએ કે જેથી એ રૉલેટ કાયદાને દૂર કરવા સત્યાગ્રહની શરૂઆત કરવાની પણ જરૂર ન પડે.

### બે પ્રકારનાં સ્વદેશી વ્રતોનો અમૂલ્ય બોધ

હું કહી ચૂકેલો છું કે જ્યારે સત્યાગ્રહ ચાલે છે ત્યારે કાયદાના ભંગમાં જ સત્યાગ્રહ નથી ચાલતો. સત્યાગ્રહનો વ્યાપક સ્થિતિમાં એટલો વિશાળ અર્થ છે કે તેમાં અનેક બાબતોનો સમાવેશ થાય છે. અને તેમાંથી એક ભારેમાં ભારે વસ્તુ સ્વદેશી છે. અને તે આપણી રૉલેટ કાયદા વિષેની જે અલ્પ પ્રવૃત્તિ છે એથીયે ભારે છે. તેને એની સાથે સંબંધ નથી. એ વ્રત તો સર્વ ભાઈઓએ જોયેલું હોવું જોઈએ. એ વ્રત બે પ્રકારનું છે. તેમાંનું એક જ કીમતી છે. બીજું પ્રમાણમાં થોડું ગણાય. પહેલું વ્રત એ છે કે હિંદના જ ઊન અગર તો હીરનો, આ દેશમાં જે તાંતણો બનેલો હોય તેના કાપડનો ઉપયોગ કરવો. તે કાપડ હાથથી કે મિલમાં બનેલું હોય. એ પહેલું વ્રત છે. એ પાળવું એ આપણો ધર્મ છે. એ ના પાળી શકીએ તો બીજું વ્રત છે. પણ એ આપણી નબળાઈની નિશાની છે. જો આપણે પહેલું વ્રત પાળીએ તો તેમાં બીજી ફરજ પેદા થાય છે. પહેલાં આપણે હિંદુસ્તાનનું કાપડ પેદા કરતા હતા અને નિકાસ પણ કરી શકતા. ત્યારે આજે માત્ર જરૂરિયાતનો એક ચતુર્થાંશ ભાગ જ પેદા કરીએ છીએ. એટલે આપણે આપણી ત્રણ ચતુર્થાંશ ફરજ અદા નથી કરી અને તેથી ત્રણ કરોડ કરતાં વધારે માણસ ભૂખે મરે છે. એનાં બીજાં પણ કારણો છે તે હું જાણું છું. પણ એ ભૂખમરાનું મોટામાં મોટું કારણ આપણે સ્વદેશી વ્રતનો ભંગ કર્યો છે તે છે. એટલે હું વિનંતી કરી શકું છું કે એ સ્વદેશી વ્રતનો ભંગ કરી કરેલા પાપનું પ્રાયશ્ચિત્ત આપણે કરવું જોઈએ. એ પ્રાયશ્ચિત્ત એ છે કે આજે હિંદમાં સારું કાપડ નથી બનતું અને ખાદી જ બને છે એ આપણી ભૂલને લીધે છે. માટે એ

Gandhi Heritage Portal

ખાદી જ પહેરવી જોઈએ. એટલે હું એમ નથી કહેવા માગતો કે ખાદી સિવાય બીજું નથી મળતું. પણ આપણી ભાવના એ હોવી જોઈએ કે ખાદી જ મળે તોપણ હું નિભાવી લઈશ. એ આપણું પ્રાયશ્ચિત્ત છે. અને હવે પછી સ્વદેશી વ્રતનું પાલન કરવું એ ચોખ્ખી ફરજ છે. એમ કરીને ૧૯૧૭–૧૮માં ૬૦ કરોડ રૂપિયા આ દેશમાંથી ગયા તે પણ આ વર્ષે જતા અટકાવીશું. જેટલે અંશે સ્વદેશી વ્રતનું પાલન કરીશું એટલે અંશે આપણે આ દેશમાં નાણાં જાળવી રાખીશું. સત્યાગ્રહ કરવામાં કાયદાના ભંગમાં જોખમ હોય, મતભેદ હોય પણ સ્વદેશી વ્રતના પાલનમાં જોખમ તો છે જ નહીં. બાળકમાં બાળક પણ એનું પાલન કરી શકે છે. અને સ્વદેશી વ્રતનું પાલન કરવું એ આપણી ફરજ છે. એ વિષે બે મત હોઈ જ ન શકે. આવા વિચારો આપણે જ દર્શાવીએ છીએ એમ નથી. ઘણા અંગ્રેજો પણ દર્શાવે છે, અને થોડા વખતમાં આપણે જોઈ શકીશું કે ઘણા અંગ્રેજો આ વિષે આપણને સહાય પણ કરશે. મારી તો એટલે સુધી શ્રદ્ધા છે કે જો આપણે શુદ્ધ સ્વદેશીનું પાલન કરીશું અને તેમાં બૉયકોટનો અંશ ન હશે તો ખુદ વાઈસરૉય પાસે પણ એનું પાલન કરાવી શકીશું. આ એક ભાગ.

પણ આપણી હાજતોનો એક ચતુર્થાંશ ભાગ જ આપણા દેશમાં મળી શકે છે. તો આટલા બધા માણસોને માટે જોઈતું કાપડ કેવી રીતે પેદા કરવું? જે કાપડ હાલ પેદા થાય છે એની ઉપર જ છાપ મારીએ તો ગરીબોને નુકસાન કરીએ છીએ. એ નુકસાન આપણે ન કરીએ તેટલા સારુ વ્રત લેનાર સમજશે કે પોતાના ઉપયોગ પૂરતું કાપડ પોતે જ ઉત્પન્ન કરાવવું. એનો અર્થ એમ થયો કે ઘેર ઘેર આપણે રૂ કાંતીએ અને સાળો પણ ચલાવતા થઈ જઈએ. જેટલા વણકરો છે, તેમને વીનવીને હાથ કરીને તેમના ધંધાનો જીર્ણોદ્ધાર કરાવી શકીએ છીએ. એ જમાનામાં પણ અસંખ્ય બાઈઓ હતી કે જેમણે પોતાના ઘરમાં રૂ કાંતેલું. એવી બાઈઓ પણ હાલ જીવે છે. તેમને પણ વિનંતી કરી શકીએ છીએ. તમારું તે ઉત્તમ કાર્ય હાલ ફરી શરૂ કરો. એમ કરીએ તો સ્વદેશી વ્રત શોભી નીકળે અને એનાં સારામાં સારાં પરિણામો લઈ શકીએ.

**અંતિમ યાચના**

તમારો આથી વિશેષ વખત લેવા હું ઇચ્છતો નથી. મારી ઉમેદ છે કે મેં જે વિનંતી આપને કરી છે તે ધ્યાનમાં લેશો. એક તો સત્યાગ્રહ શું છે તે સમજવું અને બીજાને સમજાવવું એ અને બીજી સ્વદેશી વ્રતની પ્રતિજ્ઞા લેવી અને તે બીજાને લેવા સમજાવવું અને તેનું પાલન કરાવવું. અને એનો અર્થ એ કે આપણે પોતે કાપડ પેદા કરવું, અગર તો કરાવવું. આમ કરવાથી આપણે કોઈને નુકસાન નહીં કરીએ. આટલી બધી ધીરજ અને શાંતિથી મારી દીન વિનંતી સાંભળી છે તેથી હું આભારી છું અને એ વસ્તુ જો આપને ખરી લાગતી હોય તો એનો અમલ કરશો તો વિશેષ આભારી થઈશ.

[મૂળ ગુજરાતી]

ગુજરાતી, ૧–૬–૧૯૧૯

Gandhi Heritage Portal

૩૯૫૧૫

## ૨૯૯. ઇન્ડિયન હોમરૂલ (હિંદ સ્વરાજ)ની પ્રસ્તાવના

મુંબઈ,
મે ૨૮, ૧૯૧૯

આ નાનકડું પુસ્તક[1] હું એક કરતાં વધારે વાર ફરી ફરીને વાંચી ચૂક્યો છું. આ વખતે આ પુસ્તક એમ ને એમ પ્રકાશિત કરવું આવશ્યક સમજું છું, પણ જો આમાં મારે કંઈ પણ સુધારવા જેવું હોય તો એક શબ્દ હું સુધારવા ઇચ્છું છું. એક અંગ્રેજ મહિલા મિત્રને તે બદલવાનું મેં વચન આપ્યું છે. મેં પાર્લમેન્ટને વેશ્યા કહી છે તે એ બહેનને નાપસંદ છે. તેમનું કોમળ દિલ આ શબ્દના ગ્રામ્ય ભાવથી દુખાયું હતું. વાચકનેય હું યાદ આપું કે આ પુસ્તિકા મૂળ ગુજરાતી પુસ્તિકાનો મુક્ત અનુવાદ છે.

આ પુસ્તકનાં પાનાંમાં દર્શાવેલા વિચારોને આચરણમાં ઉતારવા મેં અનેક વર્ષો સુધી પ્રયાસ કર્યા છે. તે ઉપરથી હું કહી શકું છું કે એકલો એમાં સૂચવવામાં આવેલો માર્ગ જ સ્વરાજ્ય માટેનો સાચો માર્ગ છે. સત્યાગ્રહ એટલે પ્રેમનો ધર્મ અને એ જ જીવનનો ધર્મ છે. એમાંથી ચલિત થવાથી વિનાશ આવે છે અને એને વળગી રહેવાથી નવજીવન પ્રાપ્ત થાય છે.

**મો. ક. ગાંધી**

[મૂળ અંગ્રેજી]

ઇન્ડિયન હોમરૂલ (ગણેશ ઍન્ડ કંપની, ચોથી આવૃત્તિ)

## ૩૦૦. એસ્થર ફેરિંગને પત્ર

મુંબઈ,
બુધવાર [મે ૨૮, ૧૯૧૯]

વહાલી દીકરી,

પોતાના મનસ્વીપણાથી મહાદેવ માંદા પડયા છે. મનસ્વી મિત્ર, ભાઈ, દીકરો અથવા સેક્રેટરી અણીને વખતે કામમાં નથી આવતો. મહાદેવ એક શરીરમાં આ ચારે છે. પહેલાં તો મેં વિચાર કર્યો કે ઉપવાસ કરીને એને સજા કરું. પણ તેમ કર્યું હોત તો બાઇબલનું પેલું અદ્ભુત વચન 'સજા કરવાનો અધિકાર મને જ છે' (Vengeance is mine), એ લઈને તું મારી ઉપર તૂટી જ પડત. એટલે મેં ઓછો કડક ઉપાય લીધો છે. બધા કાગળો જાતે જ લખવા માંડયા છે. લાંબો વખત સતત લખવાનું કામ કરતાં મને તો મજા પડે છે. મારો હાથ પણ ઠીક ઠીક સ્થિરતાથી કામ આપે છે.

જેઓને તું ચાહે છે તેમના દુ:ખમાં ભાગીદાર ન થઈ શકવા માટે તું આટલો ત્રાસ ન વેઠે એમ હું ઇચ્છું છું. તારે માટે તો તું કરાર[2] પૂરો કરે એ જ પૂરતો આત્મસંયમ છે. એ તદ્દન

૧. પ્રથમ આવૃત્તિ ૧૯૧૦માં પ્રસિદ્ધ થઈ હતી. જુઓ પુસ્તક ૧૦, પા. ૧૪–૬૯.
૨. ડેનિશ મિશન સાથેના.

Gandhi Heritage Portal

જરૂરનું છે. તારામાં સાચો પ્રેમ હોય, હું જાણું છું કે તારામાં છે જ, તો એ તારા વર્તમાન વાતાવરણ ઉપર મૂક પણ અચૂક અસર કરશે જ. ભગવદ્‌ગીતા કહે છે કે એક પણ વિચાર, એક પણ કાર્ય નિષ્ફળ હોતું નથી. એટલે તારું અત્યારનું કામ ધીરજપૂર્વક અને સાચા દિલથી કરવામાં તારું કર્તવ્ય પૂરું થાય છે. પહાડ પર જવાથી તને નવી શક્તિ મળશે. તેનો ઉપયોગ પણ તારા કામ માટે જ થવાનો છે. પછી ચિંતા શું કામ કરે છે?

સ્વદેશી વ્રત ફક્ત પોતાનાં અંગત કપડાં પૂરતું છે. પ્રિયજનો પાસેથી મળેલી ડેન્માર્કની ભેટો ન વાપરવાનું હું તને કહી શકું જ નહીં. ભવિષ્યમાં તું કેવળ સ્વદેશી કાપડ જ ખરીદે અને તારી બીજી વસ્તુઓ પણ શક્ય હોય ત્યાં સુધી સ્વદેશી હોય એટલું બસ છે. વધુ ફેરફારો કરવાની વાત આપણે મળીશું ત્યારે ચર્ચીશું.

ઍન્ડ્રૂઝ મારી સાથે થોડા દિવસ રહી ગયા. હમણાં એ દિલ્હીમાં છે. સુંદરમ્‌ને કહેજે કે તેની માંદગીનું સાંભળી મને દુઃખ થયું છે. તેણે તંદુરસ્ત અને સશક્ત થઈ જ જવું જોઈએ.

પ્યાર.

તમારો

બાપુ

[મૂળ અંગ્રેજી]

મહાદેવ દેસાઈની હસ્તલિખિત ડાયરીમાંથી

શ્રી નારાયણ દેસાઈના સૌજન્યથી

ભાષાંતર મહાદેવભાઈની ડાયરી, પુસ્તક પાંચમું

## ૩૦૧. વાલજીભાઈ દેસાઈને પત્ર

મુંબઈ

બુધવાર [મે ૨૮, ૧૯૧૯][૧]

ભાઈશ્રી વાલજી,[૨]

તમને લખવાનો ઇરાદો કરી રહ્યો હતો. આજે જ લખી શકું છું. તમારી વિવાહિત જિંદગી સુખી થાઓ, દેશને લાભદાયક બનો એ ઇચ્છું છું. તમારાં લગ્ન કોની સાથે થયાં તે જણાવશો.

તમારી તબિયત સારી હશે.

તમે યંગ ઇન્ડિયા સારુ કંઈક લખો એમ ઇચ્છું છું.

**મોહનદાસના**

વંદે માતરમ્‌

[મૂળ ગુજરાતી]

મૂળ પત્રની છબી પરથી : સી. ડબ્લ્યુ. ૩૧૬૪

શ્રી વા. ગો. દેસાઈના સૌજન્યથી

૧. આ તારીખ ટપાલની છાપ પરથી લેવામાં આવી છે.

૨. વાલજી ગોવિંદજી દેસાઈ, અમદાવાદની ગુજરાત કૉલેજના અંગ્રેજીના અધ્યાપક; નોકરી છોડી ગાંધીજી સાથે જોડાયા હતા. એમણે ગાંધીજીની દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઇતિહાસ તથા અન્ય કૃતિઓના અંગ્રેજીમાં અનુવાદ કર્યા હતા.

Gandhi Heritage Portal

## ૩૦૨. અમૃતસરના ખાનગી સત્યાગ્રહ સંમેલન વિષે નોંધ[1]

મુંબઈ,

મે ૩૦, ૧૯૧૯

આ સંમેલન ચાલુ માસની ૨૮મી તારીખે મુંબઈમાં મળ્યું હતું. તેમાં સિંધ, અમદાવાદ, અલ્લાહાબાદ અને લખનૌથી પ્રતિનિધિઓ આવ્યા હતા.

શ્રી ગાંધીએ પંજાબ વિષેની પરિસ્થિતિ સમજાવી અને કહ્યું કે થોડા વખતમાં માર્શલ લૉ રદ થવાનો સંભવ છે તે જોતાં, પરિસ્થિતિ અંગે સત્યાગ્રહની દૃષ્ટિથી વિચાર કરવાનો સમય આવી પહોંચ્યો છે. એમણે કહ્યું કે જો રૉલેટ કાયદા અંગે લેવાયેલી સત્યાગ્રહની પ્રતિજ્ઞાની વિગતો તપાસીએ તો તેમાં પંજાબનો ખ્યાલ રાખીને વિચારાયેલાં કોઈ પગલાંનો સમાવેશ થઈ શકતો નથી. એટલે પ્રત્યેક સત્યાગ્રહીએ રૉલેટ કાયદા અંગેની પ્રતિજ્ઞાને ન ગણકારતાં પંજાબના પ્રશ્નના ગુણદોષ જોઈને વિચાર કરવાનો છે. તેમણે કહ્યું કે મારો વિચાર એવો છે કે મારે વાઇસરૉયને મળવું અને કહેવું કે પંજાબનાં તોફાનોનાં કારણોની તથા માર્શલ લૉના અમલની તપાસ કરવા અને લશ્કરી અદાલતે ફરમાવેલી સજાઓમાં ફેરફાર કરાવવા એક સ્વતંત્ર અને નિષ્પક્ષ તપાસ સમિતિ નીમો. જો આવી સમિતિની નિમણૂક કરવાની વાત માન્ય ન રખાય તો લોકમત કેળવી આંદોલન ચલાવવું અને છેવટે હિંદી વજીરને લોકો વતી એક અપીલ મોકલી સત્યાગ્રહની લડત આદરવી. અહીં ભેગા થયેલા બધા ભાઈઓને હું પૂછું છું કે આ બાબતમાં આપની શી સલાહ છે? આગળ ચાલતાં શ્રી ગાંધીએ કહ્યું કે પંજાબની બાબતમાં કે રૉલેટ કાયદાના પ્રશ્નમાં જો સત્યાગ્રહ એટલે સવિનય કાનૂનભંગ શરૂ કરવામાં આવે તો હિંસા ફાટી નીકળવાનો મને તો બિલકુલ ભય નથી. સત્યાગ્રહ બેમાંથી ગમે તે કારણે શરૂ થાય, પરંતુ મારી તો એવી સલાહ છે કે હાલ તુરત કેવળ તેને મુંબઈ ઇલાકાના સત્યાગ્રહીઓ પૂરતો જ મર્યાદિત રાખવો. આ આંદોલન અંગે કોઈ પણ નિમિત્તે હડતાળ નહીં પાડવી. સવિનયભંગને કારણે કોઈ આગેવાન સત્યાગ્રહીઓ પકડાય તોપણ નહીં. કોઈ પણ વ્યક્તિ હિંસા કરે એવો લેશ પણ ડર હોય એવા સંજોગોમાં કોઈ પણ પ્રકારના દેખાવો નહીં કરવા. આવા પ્રકારના દેખાવો વગરનો સત્યાગ્રહ લગભગ સૌથી શુદ્ધ સ્વરૂપનો હશે. આ પ્રકારના સત્યાગ્રહમાં ભાગ લઈ શકવા માટે સત્યાગ્રહીઓમાં મૂગા કષ્ટસહનની કાર્યસાધકતામાં શ્રદ્ધા હોવી જરૂરી છે. આ પછી શ્રી ગાંધીએ કહ્યું કે રૉલેટ કાયદા સામે સવિનયભંગની લડત ફરીથી શરૂ કરવામાં મને કશી મુશ્કેલી દેખાતી નથી. પછી એક પ્રશ્નના જવાબમાં તેમણે કહ્યું કે પંજાબ બાબતમાં બહુ બહુ તો બે અઠવાડિયાં પછી સત્યાગ્રહ શરૂ કરવો પડે એવો સંભવ છે. પરંતુ વાઇસરૉય સાહેબ તપાસ સમિતિ નીમવા માટે કરવામાં આવેલી વિનંતી સ્વીકારી લેશે એ બાબતમાં મેં આશા છોડી નથી. આ પછી થોડી ચર્ચા થઈ. છેવટે શ્રી જમનાદાસ સિવાય ત્યાં બેઠેલા તમામ સજ્જનોએ શ્રી ગાંધીની દરખાસ્ત માન્ય રાખી. શ્રી જમનાદાસે[2] ગાંધીજીના વિચારને પસંદ તો કર્યો પરંતુ તેમની દરખાસ્ત તેઓ માન્ય રાખી શક્યા નહીં, કેમ કે તેમને ખાતરીપૂર્વક એમ લાગતું હતું કે શ્રી ગાંધી અથવા બીજા કોઈ પ્રસિદ્ધ સત્યાગ્રહી પકડાતાં હિંસા ફાટી નીકળ્યા વિના રહેશે નહીં.

તે પછી સંન્યાસી સ્વામી શ્રદ્ધાનંદજીનો એક પત્ર વાંચી સંભળાવવામાં આવ્યો. એમાં લખ્યું હતું કે હું આ ચળવળમાંથી ખસી જાઉં છું. એ પત્રમાં એમ પણ જણાવ્યું હતું કે લગભગ

૧. આ નોંધ ઉપર તારીખ મે ૩૦ નાખેલી હતી; તેના ઉપર લખેલું હતું કે "પ્રસિદ્ધ કરવા માટે નથી," અને તેના ઉપર "એમ. કે. ગાંધી"ની સહી હતી.

૨. આ મતભેદને લીધે શ્રી જમનાદાસે સત્યાગ્રહ સભામાંથી રાજીનામું આપ્યું હતું.

Gandhi Heritage Portal

એક માસ પહેલાં દિલ્હી સમિતિ વિખેરી નાખવામાં આવી છે. શ્રી હસન ઈમામનો પત્ર પણ વાંચી સંભળાવવામાં આવ્યો. એમાં લખ્યું હતું કે શ્રી ગાંધીના નિર્ણયને માનવા અને તે પ્રમાણે વર્તવા હું તૈયાર છું, પરંતુ મારો પોતાનો અભિપ્રાય એવો છે કે ભૂતકાળનો અનુભવ જોતાં સત્યાગ્રહનો વિચાર પડતો મૂકવાનું ડહાપણભર્યું ગણાશે.

શ્રી ગાંધીએ નામદાર વાઇસરૉયના ખાનગી સેક્રેટરીને એક પત્ર લખ્યો છે.

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૬૬૨૮

## ૩૦૩. એસ. આર. હિગ્નેલને પત્ર

લેબર્નમ રોડ,
મુંબઈ,
મે ૩૦, ૧૯૧૯

વહાલા મિ. હિગ્નેલ,[૧]

પંજાબની ઘટનાઓ વિષે મેં કોઈ પણ પ્રકારનું જાહેર નિવેદન કર્યું નથી. આ વાત નામદાર વાઇસરૉય જાણે છે. મારા દેશબંધુઓના દિલમાં મારે વિષે ગેરસમજ પેદા થવાનું જોખમ ખેડીને પણ મેં જાહેરમાં કશું કહ્યું નથી, કેમ કે અભિપ્રાય બાંધવા માટે મારી પાસે આધારભૂત માહિતી નહોતી. હું માર્શલ લૉને માર્શલ લૉ તરીકે વખોડી કાઢવા તૈયાર નહોતો. વળી, જેનાથી સ્થાનિક અધિકારીઓની નાહકની પજવણી થાય એવું કશું પણ હું કરવા માગતો નહોતો. અને છેલ્લે માઇકલ ઓડવાયરના[૨] શાંતિના સમય દરમિયાનના લોકજીભે ચઢેલા કડક વહીવટ ઉપરથી હું એવું અનુમાન તારવવાને તૈયાર નહોતો કે માર્શલ લૉ હેઠળ લેવાયેલાં પગલાં વધારે પડતાં કડક હશે.

પરંતુ ગયા એપ્રિલ માસમાં ટોળાંઓએ આચરેલી હિંસાને પરિણામે પંજાબમાં લાગુ પાડવામાં આવેલો માર્શલ લૉ વાસ્તવિક રીતે ઉઠાવી લેવામાં આવ્યો છે એટલે હવે પ્રાંતના વહીવટ વિષે ચર્ચા કરવાનું કોઈ પણ જાતના ઔચિત્યભંગ સિવાય શક્ય બને છે. મારે એ પણ કબૂલ કરી દેવું જોઈએ કે લોકોને ફટકાથી મારવામાં આવેલા તે માટે તથા પંજાબની બહાર રહેતા વકીલો સામે મુકાયેલા પ્રતિબંધ અંગે સરકારે બહાર પાડેલા ખુલાસાથી તેમ જ સિવિલ એન્ડ મિલિટરી ગૅઝેટમાં આ અંગેના બચાવમાં બહારની પ્રેરણાથી પ્રસિદ્ધ થયેલું નિવેદન વાંચીને મારા મનમાં ઘણી ઊંડી કુશંકાઓ પેદા થઈ છે. સરકારી યાદીઓ જેટલી નિખાલસ હોવી જોઈએ તેટલી નથી. એમાંની કેટલીક, અમુક વાતો ટાળવા માટે અને અમુક વાતો સ્વીકારવા માટે ધ્યાનપાત્ર બની છે. પંજાબની ઘટનાઓ વિષેની ગુપ્તતાને લઈને ઘણી વિરોધી ટીકાઓ ઊભી થઈ છે. હિંદીઓનાં વર્તમાનપત્રોને મોઢે સંપૂર્ણ ડૂચો મારવામાં આવ્યો છે તેથી ભારે રોષ જન્મ્યો છે. અને ત્યાં આરોપીઓને ભારે સજાઓ ફરમાવવામાં આવી છે તેથી લોકોનાં મન મૂંઝાયાં છે.

૧. વાઇસરૉયના ખાનગી સેક્રેટરી.
૨. પંજાબના લેફ્ટનન્ટ ગવર્નર, ૧૯૧૩–૧૯.

Gandhi Heritage Portal

અમુક સંજોગોમાં માર્શલ લૉ જાહેર કરવાનો રાજ્યને અધિકાર છે, એ બાબતમાં કશો વિવાદ હોઈ ન શકે. પરંતુ સરકાર પક્ષે એટલું તો સ્વીકારાવું જોઈએ કે માર્શલ લૉ હેઠળ લેવાયેલાં પગલાં વાજબી હતાં એવું એણે લોકો સમક્ષ પુરવાર કરી બતાવવું જોઈએ. તેમાં પણ ઉપર જણાવ્યા તેવા સંજોગોમાં તો એ ખાસ થવું જોઈએ. એટલે વર્તમાનપત્રોએ કરેલી વિનંતીમાં હું પણ મારો સૂર પુરાવું છું કે પંજાબનાં તોફાનોનાં કારણોની, એ પ્રાંતના માર્શલ લૉના વહીવટની, તથા સાથે સાથે લશ્કરી અદાલતે ફરમાવેલી સજાઓના વાજબીપણાની તપાસ કરવા એક નિષ્પક્ષ અને સ્વતંત્ર તપાસ સમિતિ નીમવામાં આવે. મને ખાતરી છે કે જો આવા પ્રકારની સમિતિ નિમાશે તો જનતાનો રોષ શાંત પડશે અને સરકારની શુભ દાનતમાં ફરીથી વિશ્વાસ ઊભો થશે (જે પંજાબની ઘટનાઓને કારણે ઘણો ડગી ગયો છે). જો આ પ્રકારની તપાસ સમિતિ નીમવાનો સિદ્ધાંત સ્વીકારાશે, જેની મને આશા છે, તો મને ખાતરી છે કે એ સમિતિ પૂરો વિશ્વાસ બેસે એવા સરકારી અને બિનસરકારી સભ્યોની બનેલી હશે.

આ પત્ર નામદાર વાઇસરૉય સમક્ષ રજૂ કરવા અને એનો જવાબ જલદી આપવા હું આપને વિનંતી કરું છું.

આપનો સહૃદયી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૬૬૨૯

## ૩૦૪. એચ. એસ. એલ. પોલાકને પત્ર

લેબર્નમ રોડ,
મુંબઈ,
મે ૩૦, ૧૯૧૯

પ્રિય ભાઈ હેનરી,

આજકાલ તો કેવળ ઇન્ડિયામાં પ્રસિદ્ધ થતાં તમારાં લખાણ દ્વારા જ તમારે વિષે જાણવા મળે છે. મને મિલી[૧] તરફથી એક મજાનો પત્ર મળ્યો હતો, પરંતુ હાલ મારાથી તેનો અલગ જવાબ આપી શકાય તેમ નથી. હૃદયની નબળાઈને લીધે મારા હાથ ધ્રૂજે છે. મારા શરીરમાં અત્યારે લડત ચલાવવા પૂરતી જ શક્તિ છે. આશા છે કે તમારાં બંને પાસાં સરભર થાય એટલી કમાણી તમને થતી હશે અને બધાંની તબિયત સારી હશે. કૃપા કરીને તમારા પિતાશ્રી, માતુશ્રી, મૉડ અને સૅલીને કહેજો કે મને તેમનું અને તેમનાં અનેક ભલાં કૃત્યોનું વારંવાર સ્મરણ થયા કરે છે. આશ્રમ એકધારી પ્રગતિ કરી રહ્યો છે. રાષ્ટ્રીય શાળાનું પણ એમ જ છે.

હવે કામની વાત કરીએ :

આ સાથે મેં વાઇસરૉયને લખેલા એક પત્રની નકલ તથા સત્યાગ્રહ સંમેલન વિષે મેં લખેલી નોંધ મોકલી આપું છું. એમાંનું એકે લખાણ પ્રસિદ્ધ કરવા માટે નથી.

શ્રીમતી નાયડુ પોતાની તબિયત માટે થોડા દિવસમાં ત્યાં આવી રહ્યાં છે. એ એક અદ્‌ભુત મહિલા છે. તમે જરૂર એમના નિકટના પરિચયમાં આવજો.

૧. મિ. પોલાકનાં પત્ની.



Gandhi Heritage Portal

મિ. મૉન્ટેગ્યુએ કરેલું એક ભાષણ મારા જોવામાં આવ્યું છે. તેમાં તેમણે રૉલેટ કાયદાનું સમર્થન કર્યું છે તથા તેનો બચાવ કર્યો છે. તેઓ ભલે એનો મન ચાહે એટલો બચાવ કરે, પરંતુ એ કાયદો રદ થયે જ છૂટકો છે. હાલની લડતનો અભ્યાસ કરતાં લાગે છે કે એ દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનું આશ્ચર્યકારક પુનરાવર્તન છે. અહીં થોડા લોકો એવા છે જેઓ આ કાયદો રદ કરાવવાના પ્રયત્નમાં પોતાના પ્રાણ આપી દેશે. સરકાર એમ બતાવવા માગે છે કે તેને લોકમતની અવગણના કરવાનું પાલવી શકે તેમ છે. આપણે તેને બતાવવું જોઈએ કે તે એવું કરી નહીં શકે. આત્મબળ વિરુદ્ધ પશુબળના સંઘર્ષનું માત્ર એક જ પરિણામ આવી શકે. આત્માનાં બળો માત્ર બધે વીખરાયેલાં પડયાં છે અને શ્રદ્ધા ખોઈ બેઠાં છે. પશુબળ સુસંગઠિત અને શિસ્તબદ્ધ છે. એટલે આ લડતનું પરિણામ નિશ્ચિત હોવા છતાં તે સહેજે લાંબી ચાલે એવો સંભવ છે.

પ્રતિનિધિઓની જે ફોજ ત્યાં આવી રહી છે તેને મિ. મૉન્ટેગ્યુ કદાચ એમ કહેશે કે તમારે બે પૈકી એકની પસંદગી કરવાની છે. સુધારા અથવા રૉલેટ કાયદાની નાબૂદી. એમણે શું પસંદ કરવું તે વિષે તમે એમને માર્ગદર્શન આપશો એવી હું આશા રાખું છું. રૉલેટ કાયદાની નાબૂદી એ જ સુધારો છે. જ્યાં સુધી નોકરશાહી અણનમ રહેશે ત્યાં સુધી કોઈ પણ સુધારો કશા ખપનો નથી.

હું આશા રાખું છું કે મિ. હૉર્નિમૅને તમને શોધી કાઢયા નહીં હોય તો તમે તેમને શોધી કાઢયા હશે. અહીં જે કંઈ બની રહ્યું છે તેનાથી તમે તેમને પૂરેપૂરા માહિતગાર રાખશો. મહાદેવ દર અઠવાડિયે તેમને તથા શ્રી શાસ્ત્રિયારને પત્ર લખ્યા કરે છે. તેમની તબિયત સારી નથી અને હું પણ એટલો થાકી ગયો છું કે હમણાં વધુ પત્રો લખવાની મારામાં શક્તિ નથી.

પ્યાર સહિત,

તમારો
**ભાઈ**

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૬૬૨૭

# ૩૦૫. બાળ ગંગાધર ટિળકને અંજલિ

મુંબઈ,
મે ૩૧, ૧૯૧૯

**લોકમાન્ય ટિળકની સેવાની કદર**

લોકમાન્ય ટિળક માતૃભૂમિની કેવી રીતે અને કેટલી સેવા કરે છે તથા હાલમાં તેઓ વિલાયતમાં સ્વરાજ્યપ્રાપ્તિ માટે જે પરિશ્રમ કરે છે તેનાથી લોકોને માહિતગાર કરવા માટે તથા તેમના ઉપકારનો અલ્પ બદલો કેવી રીતે વાળવો તેનો વિચાર કરવા માટે એક જાહેર સભા ગઈ તા. ૩૧મીએ શાંતારામની ચાલીમાં શ્રીયુત ગાંધીજીના પ્રમુખપદે મળી હતી. સભામાં સારી સંખ્યામાં લોકોએ હાજરી આપી હતી. દાદાસાહેબ કરંદીકર, મિ. સી. વી. ચિટણીસ, મિ. અન્નાસાહેબ, પ્રોફેસર પરાંજપે, મિ. નારણદાસ પુરુષોત્તમદાસ વગેરેએ હાજરી આપી હતી.

શ્રીમતી સરોજિની નાયડુ આદિ આવી પહોંચ્યા પછી ગાંધીજીએ નીચે પ્રમાણે જણાવ્યું હતું :

Gandhi Heritage Portal

## ધ્યેય એક પણ તેની પ્રાપ્તિના અનેક માર્ગો

આ સભાનું પ્રમુખપદ મને આપવા માટે વ્યવસ્થાપકોનો હું આભાર માનું છું. પ્રત્યેક હિંદીનું ધ્યેય એક જ હોઈ શકે. માત્ર ધ્યેય મેળવવાના રસ્તા જુદા હોઈ શકે. લોકમાન્ય ટિળક મહારાજનો રસ્તો એક છે, મારો જુદો છે, એ વાત તો હવે સુપ્રસિદ્ધ છે. છતાં તેમની આ દેશની સેવાઓની, તેમના આત્મભોગની, તેમની વિદ્વત્તાની જ્યાં જ્યાં ગણના થાય ત્યાં હું પણ ભાગ લેવા ઇચ્છું છું. તેમાં આ અવસરે, ખસૂસ કરીને. તેમણે સર વૅલેન્ટાઈન ચિરોલની સાથે યુદ્ધ કરતાં હાર ખાધી છે તેથી પ્રજા તેમને ઓછું માન નથી આપતી પણ વધુ માન આપે છે એમ આ સભા બતાવે છે.

## પૈસાવાળો જીતે

ખરું જોતાં મને તો કોર્ટોની લડતમાં મોહ નથી. કોર્ટની હારજીતનો આધાર કેવળ ખટલાની સચ્ચાઈ પર નથી હોતો. જજ કોણ છે, વકીલ કોણ છે, કેસ ચાલવાનું સ્થાન ક્યાં છે આ બધી વસ્તુ ઉપર હારજીતનો આધાર રહે છે એમ હરકોઈ અનુભવી વકીલ સાક્ષી પૂરશે. અંગ્રેજીમાં તો કહેવત છે કે મોટામાં મોટી કોથળીવાળો જીતે છે. આમાં અતિશયોક્તિ છે તેમ જ ઘણું સત્ય પણ છે. મારા મન ઉપર એટલી જ અસર થઈ કે લોકમાન્ય ટિળક સત્યાગ્રહી હોત તો કેવું સારું? કેમ કે હારજીતની પંચાતમાંથી તેઓ છટકી જાત. અને જ્યારે મેં જોયું કે આ હારથી લોકમાન્ય ટિળક હારી જવાને બદલે, નિરાશ થવાને બદલે વિલાયતમાં અંગ્રેજી પ્રજા સન્મુખ ઊભા રહ્યા અને પોતાનો મત નીડરપણે જાહેર કર્યો ત્યારે હું તેમને વિષે મગરૂર થયો. તેમણે ગીતાનું જે રહસ્ય માન્યું છે તેનો તેઓ પોતાની જિંદગીમાં પૂરો અમલ કરી રહ્યા છે, જેને તેઓ પોતાનું કર્મ સમજે છે તેમાં પોતે પ્રવૃત્ત રહ્યા કરે છે. પરિણામ પ્રભુને સોંપે છે. આ પુરુષને કોણ ધન્યવાદ ન આપે?

તેમને ચિરોલ ખટલામાં થયેલા ખર્ચમાં આપણો ફાળો ભરવો, એ આપણી ફરજ છે. એ કાંઈ પોતાના ખાનગી સ્વાર્થને સારુ લડયા નથી. પ્રજાહિતને સારુ લડયા છે. આ બાબત અને તેમની સેવાનો ઉપકાર માનવાનો ઠરાવ રજૂ થશે તે આપ સ્વીકારશો એવી મારી ખાતરી છે. જે દરખાસ્ત રજૂ થવાની છે તે રજૂ કરનાર તરીકે ભાઈ જમનાદાસનું નામ છે, પણ કેટલાંક કારણને લીધે રોકાણ થવાથી તેઓ અત્યારે અહીં આવી પહોંચ્યા નથી તેથી તે દરખાસ્ત બહેન સરોજિની નાયડુ રજૂ કરશે.[1]

[મૂળ ગુજરાતી]

ગુજરાતી, ૮–૬–૧૯૧૯

૧. પછી શ્રીમતી નાયડુએ પહેલો ઠરાવ રજૂ કરતાં જણાવ્યું હતું કે અફસોસ છે કે ભાઈ જમનાદાસ અત્રે હાજર રહી શક્યા નથી. નહીં તો તેઓ પોતાની દરખાસ્ત રજૂ કરી શકત. પણ હું મગરૂર છું કે મહર્ષિ ટિળકને લગતું કામ બજાવવાની ફરજ મને સોંપવામાં આવી છે. તેઓને મહર્ષિ એટલા જ કારણથી કહું છું કે તેઓએ દરેક જાતના સ્વાર્થનો ત્યાગ કરી ફક્ત દેશસેવાનું જ કામ હાથ ધર્યું છે. આવા માણસોને મહર્ષિ તો શું પણ મહાત્મા પણ કહી શકાય. હું દરખાસ્ત મૂકું છું કે

આ સભા લોકમાન્ય મિ. ટિળકે ૪૦ વર્ષની પોતાની જાહેર જિંદગી દરમ્યાન માતૃભૂમિની નિઃસ્વાર્થ સેવા બજાવી છે તેની કદર કરે છે અને તેમના દેશબાંધવોને તેઓએ ફક્ત સાર્વજનિક હિત માટે ચલાવેલા ખટલાના ખર્ચને પહોંચી વળવાના ઉદ્દેશથી શરૂ કરવામાં આવેલા ટિળક પર્સ ફંડમાં પોતાનો ફાળો આપવા વિનંતી કરે છે.

Gandhi Heritage Portal

## ૩૦૯. રામદાસ ગાંધીને પત્ર

આશ્રમ,
જૂન ૧, ૧૯૧૯

ચિ. રામદાસ,

તમારો કાગળ મળ્યો છે. તમને કાગળ તો હું લખાવ્યા જ કરું છું. એક મહિનો આખો ખાલી નહીં જતો હોય. ભાઈ મોહનલાલને ત્યાં તમે રહ્યા એ ઠીક થયું છે. તેની ઉદારતા, તેની ભલમનસાઈ અને તેનો પ્રેમ, જેનો તમે ચિતાર આપો છો તેનો તમારે હાથે ગેરઉપયોગ તો નહીં જ થાય, એ તો હું જાણું જ છું. પણ તમે આવે ઠેકાણે બેવડી મહેનત કરી, બેવડી સંભાળ રાખી એ પ્રેમ ઇ.નો કંઈક બદલો વાળો એવું ઇચ્છું છું. સગા કે મિત્રને ત્યાં નોકરી કરવામાં લાભ ગેરલાભ સરખા રહ્યા છે. લાભ એ કે ત્યાં આપણે કેટલીક સગવડ ભોગવી શકીએ છીએ, જે પરાયાની નોકરીમાં ન મળે. ગેરલાભ એ કે તેઓની સરળતાને લીધે આપણે તેનો ગેરઉપયોગ કરીએ, કામની ચોરી કરવાની લાલચમાં ફસાઈએ. તમે અતિશય સાવધાનીથી રહો એમ હું ઇચ્છું છું. તેની સાથે હું એમ પણ કહેવા માગું છું કે મને તમારે વિષે કંઈ ભય નથી. તમે પ્રેમપાત્ર છો એમ મેં અનુભવ્યું છે અને તમે ત્યાં જશ જ મેળવશો એવી મારી ખાતરી છે. દુકાનનું બધું કામ પોતાનું જાણીને કરજો. જે ન આવડે તે તુરત પૂછી લેવું. શરમને માર્યે અજ્ઞાન જરાયે ન ઢાંકવું. હું જ્યારે દ. આ.માં પહેલો દાખલ થયો ત્યારે પી. નોટ શું એ ન સમજતો. બેચાર દહાડા તો મારું અજ્ઞાન ઢાંક્યું. તેમ તેમ તો હું વધુ ગભરાટમાં પડ્યો. અને પી. નોટ એટલે શું એ હું ન જાણું ત્યાં સુધી દાદા અબદુલ્લા શેઠનો કેસ હું ન જાણી શકું એમ મેં જોયું. તેથી મારું અજ્ઞાન મેં તુરત જાહેર કર્યું. અને પી. નોટ એટલે પ્રૉમિસરી નોટ એમ જાણી ખડખડ હસ્યો, મારા અજ્ઞાન તરફ નહીં પણ મારી ખોટી શરમથી. કેમ કે પી. નોટ શબ્દ તો મને શબ્દકોશમાંયે ન મળે. એટલે આપણે સારુ સરિયામ રસ્તો એક જ છે કે જે

આ દરખાસ્તના ટેકામાં મારે તમને વધારે સમજાવવાની જરૂર રહેતી નથી. તમો જાણો છો કે આ નાણાં ભેગાં કરવા એક કમિટી રચાઈ છે. અને તે લોકમાન્ય મિ. ટિળક અને સર વૅલેન્ટાઈન ચિરોલના ખટલાના સંબંધમાં છે. હું આ ફંડમાં નાણાં ભરવાની નમ્ર અરજ તમને ગુજારું છું.

મહાત્મા ગાંધી અને લોકમાન્ય ટિળકના ખ્યાલ જુદા છે. પણ તેઓનો હેતુ એક જ છે. તેઓની ખ્વાહેશ એક જ છે. અને તે એ જ કે હિંદુસ્તાન આબાદ થાય. આપણે આશા રાખીશું કે મહાત્મા ગાંધી અને લોકમાન્ય ટિળકની હિંમતથી હિંદુસ્તાન — આપણું ભારતવર્ષ, આપણો માદરી મુલક આબાદી ભોગવે.

* * *

શ્રીયુત ગાંધીજીએ ઉપસંહારમાં જણાવ્યું હતું કે હવે મારી ફરજ તમારા હાથ ઊંચા કરાવવામાં આવી રહી છે. આપણે માટે લોકમાન્ય ટિળકે ખર્ચ કર્યું છે અને તેથી તે આપણે જ ભરવું જોઈએ. માટે આ ઠરાવની તરફેણમાં હોય તેમણે હાથ ઊંચા કરવા. સર્વેએ તેમ કરવાથી ઠરાવ સર્વાનુમતે પસાર થયો હતો.

* * *

તે પછી સભા વિસર્જન થઈ હતી.

ગુજરાતી, ૮–૬-૧૯૧૯

Gandhi Heritage Portal

કંઈ આપણને ન ખબર પડે તે વિષે તુરત પૂછી લેવું. આપણે મૂર્ખ ગણાઈએ તેની હરકત નહીં, પણ આપણા અજ્ઞાનથી આપણે ભૂલ કરીએ એ ખરેખર હરકતકર્તા છે.

તમારી તબિયત સરસ હશે. તમે ત્યાં શાંતિથી રહેજો અને પ્રામાણિકપણે કંઈ કમાઈ શકો તો કમાજો. તમારા ઉદ્‌ગારો અને તમારી ઇચ્છાઓ મને જણાવજો. બા મને ઘણી વેળા કહે છે કે રામદાસ હવે મોટો થયો, એને તેડાવીને પરણાવવો જોઈએ. મેં તમને તેડાવવાની ચોખ્ખી ના પાડી છે, અને બાને એમ કહ્યું છે કે જો પરણવાની તમારી ઇચ્છા હશે તો તમે મને ચોખ્ખી રીતે કહેશો. તમારે ચોખ્ખી રીતે કહેવું એવી માગણી મેં તમારી પાસેથી કરી છે, એ પણ મેં બાને કહ્યું છે. એથી એ શાંત રહેલી છે. આ મહા કઠણ કાળમાં, હિંદુસ્તાનની આવી કંગાળ અને વિપરીત દશામાં કોઈ પણ હિંદીએ પરણવાનો વિચાર ન કરવો જોઈએ, એ એનો વિશેષ અને આપત્તિ ધર્મ છે એમ હું ઘણી વેળા કહી ગયો છું. એટલે સાધારણ રીતે તમારે વિષે હું તો એ જ ઇચ્છું કે તમે સંયમ પાળો અને પ્રૌઢ બ્રહ્મચર્ય જીવનપર્યંત પાળો. જેમ જેમ દિવસો જશે તેમ તેમ વિષયવૃત્તિ ક્ષીણ થશે, તમારાં શરીરબળ અને મનોબળ વધશે અને તમે પરણવાનું ભૂલી જશો. પણ એ તો મેં મારા ગજથી તમારું માપ કર્યું. મેં તમને વચન આપ્યું છે કે મારા વિચારો ગમે તેવા હોય તે છતાં તમે જો પરણવાનો વિચાર કરશો તો હું તમને મારાથી બને તેટલી સહાય કરીશ. એટલે તમે નીડરપણે મારી ઉપર વિશ્વાસ રાખીને તમારી ઇચ્છા હોય તે જાહેર કરજો. એ બાબતમાં તમે મને બાપ તરીકે ભૂલી જઈ તમારો એક ભલો મિત્ર ગણજો અને મિત્રપરીક્ષા કરજો.

મારી તબિયત મારા કામ જોગી ઠીક રહે છે. બકરીનું દૂધ બે વખત ને ત્રણ વખત ફળ ખાઉં છું. શરીરની શક્તિ ઓછી છે પણ મગજશક્તિ જરાયે નબળી થઈ હોય એમ જણાતું નથી. સવારના છ વાગ્યાથી રાતના દસ વાગ્યા સુધી કંઈ ને કંઈ કામમાં રોકાયેલો હોઉં છું. દિવસના ૩૦–૪૦ મિનિટ નિદ્રા વિના હવે નથી ચાલતું. આટલું કામ કરતાં છતાં ૧૦ વાગ્યે જોઈએ તેના કરતાં વધારે થાક મગજને લાગતો નથી. લડત મચી રહેલ છે. કાયદાનો ભંગ પાછો થોડા વખતમાં શરૂ થશે. અનુભવ કેટલાક નવા અને કેટલાક એના એ જ મળ્યા કરે છે. આશાનિરાશાનો આંકડો લગભગ સરખો રહ્યો છે.

તમારા કાગળ તો ઠીક ઠીક આવે છે. પણ મણિલાલ આળસ બતાવી રહેલ છે. તેના કેસની તો તેણે કે તમે કંઈ ખબર નથી આપી. એ કેસમાં બચાવ મણિલાલે પોતે કેવો કર્યો એ જાણવા ઇન્તેજાર છું. જોકે મણિલાલને કાગળ લખવા ઇચ્છું છું છતાં કદાચ રહી પણ જાય, એટલે તમે આ કાગળ તો એને મોકલી જ દેજો. તમારી બંને ભાઈઓની છબી મોકલો તો સારું. કંઈ વાંચવાનું રાખો છો? પ્રાતઃસ્મરણ કરો છો? ન કરતા હો તો ફરી યાદ આપું છું કે તે અવશ્ય કરજો. કારણ તે બહુ જ શ્રેયસ્કર છે એમ મારી ખાતરી છે. એની કિંમત તમને ભીડ પડ્યે જણાવાની છે અને વિચારપૂર્વક કરેલા પ્રાતઃસ્મરણ અને સંધ્યાદિની કિંમત તો દિનપ્રતિદિન આંકી શકાય છે. એ તો તમે આત્માને ખોરાક આપ્યો. જેમ શરીર ખોરાક વિના સુકાઈ જાય છે તેમ આત્મા પણ તેને યોગ્ય ખોરાક ન મળે તો ચીમળાઈ જાય છે.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

મહાદેવભાઈની ડાયરી, પુસ્તક પાંચમું

Gandhi Heritage Portal

# ૩૦૭. મગનલાલ ગાંધીને પત્ર

જૂન ૧, ૧૯૧૯

ચિ. મગનલાલ,

તમે વિજાપુર ગયાનું અહીં આવીને મેં સાંભળ્યું. એ ઠીક થયું. જોકે તમને મળવા હું ઇંતેજાર હતો. સૂતર વિષે મારી ટીકા ઠપકો દેવાને ખાતર ન હતી. તમને હું ઠપકો કેમ દઉં? પણ તમને વિશેષ જાગ્રત કરવા ખાતર હતી. સૂતર કાંતવાની જે કિંમત મેં આંકી છે, તે તમે આંકો એટલા સારુ હતી. બીજી પ્રવૃત્તિઓ જે ટૂંકી કરી શકાય તે ટૂંકી કરવા તરફ વલણ રાખવું, એમ કહેવાનો મારો આશય હતો અને હજી છે. કઈ કોણ ટૂંકી કરી શકે એ તો તમે વિચારીને જ કહી શકો. સ્વદેશી સૂતરનાં કપડાં બનાવીને ખૂબ તૈયાર કરાવો એ મારી માન્યતા હતી. વધુ વિચાર કરતાં જોયું કે મારી એવી માગણી પ્રથમ હતી ખરી, પણ એ મેં સુરતના કાગળથી સુધારી લીધી. મારી પહેલી માગણી ભૂલભરેલી હતી. જે પ્રવૃત્તિઓ બીજા લઈ લેશે એવું આપણને લાગે તે પ્રવૃત્તિને આપણે છોડતા જઈએ અથવા તેને ટૂંકી કરીએ અને જેની ઉપર બીજાઓની શ્રદ્ધા ન હોય અથવા ઓછી હોય અને જે પ્રવૃત્તિની જરૂર તો હોય જ, તે પ્રવૃત્તિ આપણે વધારી દેવી જોઈએ. તેવી પ્રવૃત્તિ હાથે સૂતર કાંતવાની છે. વળી હું જેમ જેમ વધારે અનુભવ મેળવતો જાઉં છું તેમ તેમ સમજતો જાઉં છું કે સંચો એ આપણને ગુલામીમાં કાયમ કરશે. સંચાને વિષે જે મત મેં हिंद स्वराजમાં બતાવ્યા છે તે અક્ષરશઃ ખરા છે એમ હું અનુભવી રહ્યો છું. સત્યાગ્રહની પણ વધારે શોધો કરી રહ્યો છું. સત્યાગ્રહ એ નબળા માણસને સારુ તેમ જ સબળામાં સબળા માણસને સારુ શુદ્ધમાં શુદ્ધ હથિયાર છે, એમ જોઈ રહ્યો છું. મિલમાં બનેલા સ્વદેશી સૂતરમાંથી ઘણા વેપારીઓ પોતાની મેળે કપડાં વણાવી લેશે. બીજાઓની પાસેથી એ કામ હું વહેલું કરાવી શકીશ. પણ સૂતર કાંતવાનું કામ તો આપણે જ શરૂ કરીએ. પરમ દિવસે મારી પાસે કેટલાક પંજાબીઓ આવ્યા હતા. તેઓએ કહ્યું કે પંજાબની ઊંચનીચ બધી બાનુઓ ઘેરે સૂતર કાંતી પોતાનાં કપડાં વણકર પાસે વણાવે છે. એટલે રૂને ભાવે સૂતર પડી રહ્યું. આ વાત ખૂબ મનન કરવા જેવી છે. તમે કેશુને ઠીક લઈ ગયા છો. કેશુ ત્યાંથી રૂ કાંતવાનું શીખીને આવે તો અહીં શીખવી શકે. ગમે તે એક જણ આપણું ત્યાંથી શીખી લે એટલે આપણો ગુજારો થઈ જાય.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

महादेवभाईनी डायरी, પુસ્તક પાંચમું

Gandhi Heritage Portal

## ૩૦૮. મગનલાલ ગાંધીને પત્ર

મુંબઈ,
[જૂન ૧, ૧૯૧૯ પછી][1]

ચિ. મગનલાલ,

તમારો કાગળ મળ્યો. મેં તમને ત્યાંથી બે કાગળો વિજાપુર લખેલા તે મળ્યા હશે. તેમાં તમારા પ્રશ્નનો જવાબ આવી જાય છે. તમારું કામ મુખ્યત્વે હાલ તો વણાટ સંભાળવાનું ને ખેતી. તમારે અમુક વખત વણાટને આપવો જોઈએ એવી મારી ખાતરી છે. જે ફેરફાર મેં કર્યો છે એ તમને બરોબર લાગશે તો વણાટકામ ઘણું સુધરી જશે એમ હું માનું છું. તે જીવતું થાય એટલે આપણે એક કામને ઠેકાણે બેસાર્યું ગણાશે.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

છબી પરથી : એસ. એન. ૭૩૨૯

## ૩૦૯. સોંજા શ્લેશિનને પત્ર

જૂન ૨, ૧૯૧૯

પ્રિય બહેન શ્લેશિન,

રામદાસ મને ખબર આપે છે કે તમે તમારી શિક્ષકની પરીક્ષા પસાર કરી છે અને તેમાં ઊંચો વર્ગ મેળવ્યો છે. હું જાણું છું કે તમે મારાં અભિનંદનની અપેક્ષા રાખતાં નથી. હું તો એટલી જ ઇંતેજારી રાખું છું કે તમે ઝટ ઝટ તમારી છેલ્લી પરીક્ષામાં પાસ થઈ જાઓ. કારણ મારી ઇચ્છા એવી છે કે તમે થોડા વખતમાં અહીં આવી તમારું સ્થાન લઈ લો. અહીં ઉનાળો સખત હોય છે પણ શિયાળામાં તેનો પૂરતો બદલો મળી રહે છે. હું આશા રાખું છું કે કશી અગવડ વિના તમારી બધી જરૂરિયાતો તમને મળી રહી હશે. કાંઈ પણ જોઈતું હોય તો મને કહેતાં સંકોચ ન રાખશો.

સત્યાગ્રહ સુંદર ચાલી રહ્યો છે. થોડા જ વખતમાં સવિનય કાયદાભંગ શરૂ થવાની આશા છે. અનેક કારણોસર વારંવાર હું ઇચ્છા કરું છું કે તમે અહીં હો. પણ મારો પંથ મારે એકલાએ જ કાપવો રહ્યો. દક્ષિણ આફ્રિકાના મારા મદદગારોનો વિચાર કરું છું ત્યારે ઘણી વાર હું ગમગીન થઈ જાઉં છું. અહીં ડોક નથી. અહીં કૅલનબૅક નથી. અત્યારે એ ક્યાં છે તે પણ મને ખબર નથી. પોલાક ઇંગ્લંડમાં છે. કાછલિયા અને સોરાબજીની જોડીના કોઈ નથી. રુસ્તમજીની બીજી આવૃત્તિ મળવી તો અશક્ય જ છે. એ કાંઈ વિચિત્ર લાગે એવું છે પણ દક્ષિણ આફ્રિકા કરતાં

૧. આ પત્રમાં ગાંધીજીએ ઉલ્લેખ કર્યો છે તે બે કાગળોમાંનો એક જૂન ૧, ૧૯૧૯ને રોજ અમદાવાદથી લખાયો હતો. જુઓ આ પહેલાંનો લેખ.

Gandhi Heritage Portal

અહીં મને વધારે એકલું એકલું લાગે છે. આનો અર્થ એવો નથી કે અહીં મને સાથીઓ મળી રહ્યા નથી. પણ એમાંના ઘણા અને મારી વચ્ચે એવો પૂરો અંતરનો સંબંધ નથી બંધાઈ ગયો જેવો દક્ષિણ આફ્રિકાના સાથીઓ સાથે બંધાઈ ગયો હતો. તમ સહુની સાથે જે સલામતીની લાગણી હું અનુભવી શકતો તે અહીં ભોગવી શકતો નથી. અહીં લોકોને હું ઓળખતો નથી. તેઓ મને ઓળખતા નથી. આ બધું મનમાં ઘોળ્યા કરું તો ગમગીન થઈ જાઉં. પણ હું એમ ઘોળ્યા કરતો નથી. એમ કરવાની મને નવરાશ જ નથી. અત્યારે સહેજ વખત મળ્યો એટલે વળી લખી નાખ્યું. રામદાસના કાગળ ઉપરથી તમારી હસ્તી દક્ષિણ આફ્રિકામાં છે એનું મને સ્મરણ થયું અને મારા ઊંડા અંતરના વિચારો તમારી સાથે ભોગવી લેવાનો ક્ષણિક આનંદ લઈ લીધો. પણ હવે આગળ નહીં લંબાવું.

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૬૬૩૫

ભાષાંતર : મહાદેવભાઈની ડાયરી, પુસ્તક પાંચમું

## ૩૧૦. સ્વદેશી વ્રત વિષે મુંબઈમાં ભાષણ

જૂન ૪, ૧૯૧૯

હિંદી વસ્ત્ર પ્રચારક મંડળીના આરંભને પ્રસંગે ઑનરેબલ મિ. સી. પી. રામસ્વામી આયરે "સ્વદેશીની આધુનિક અગત્ય" એ વિષય ઉપર મોરારજી ગોકળદાસ હૉલમાં તા. ૪થીએ શ્રીયુત ગાંધીજીના પ્રમુખપદે મળેલી સભા સમક્ષ અતિ બોધદાયક વ્યાખ્યાન આપ્યું હતું.

**શ્રીયુત ગાંધીજીનો ઉપદેશ**

બાદ શ્રીયુત ગાંધીજીએ ઉપસંહારમાં જેઓ અંગ્રેજી જાણતા ન હતા તેમની સમજને માટે મિ. આયરના[1] વિવેચનનો સાર ગુજરાતીમાં સંભળાવ્યો હતો. તેમણે કહ્યું હતું કે જો આપણે આખું સ્વદેશી વ્રત લઈ શકીએ તો તે વધારે સારું. પણ જો તેમ ન કરી શકીએ તો આપણે બને તેટલો દેશી માલ વાપરવાનો દૃઢ નિશ્ચય કરવો જોઈશે. વળી આપણે હિંદી રૂનો માલ વાપરવાનો જ નિશ્ચય કરવો જોઈએ કે જેથી કેવળ હિંદી વણકરોને રોજી મળે એટલું જ નહીં, પણ આપણાં બૈરાંછોકરાંને પણ નિભાવવાનું સાધન મળી જાય. હું આશા રાખું છું કે મિ. આયરે અત્યારે જે બોધ આપ્યો છે તે સૌ ભાઈઓ પોતાના દિલમાં કોતરી રાખશે અને તે પ્રમાણે ચાલશે.

[મૂળ ગુજરાતી]

ગુજરાતી, ૮–૬–૧૯૧૯

૧. ૧૮૭૯–; ત્રાવણકોરના દીવાન; બનારસ હિંદુ યુનિવર્સિટીના ઉપકુલપતિ.

Gandhi Heritage Portal

# ૩૧૧. અલી ભાઈઓને પત્ર

મુંબઈ,
જૂન ૫, ૧૯૧૯

આપના પત્રો મળ્યા. એથી ઘણો આનંદ થયો. શ્રી ઘાટેને મારો પત્ર[૧] મળ્યો જ નથી એ જાણી આશ્ચર્ય થયું. જ્યાં સુધી આપને મારી વાત સમજાવી નહીં શકું ત્યાં સુધી આપે આપને યોગ્ય લાગે તેમ કરવું જોઈએ એ વિષે હું આપની સાથે બિલકુલ સંમત છું. અગાઉ મેં જે કાંઈ કહ્યું છે તેમાં હું માત્ર એટલું જ ઉમેરી શકું કે આપે વાઇસરૉયને લખેલા પત્રના મુદ્દાઓ વિષે મેં અનેક મિત્રો સાથે ચર્ચા કરી છે અને લગભગ અપવાદ વિના તેઓ બધા કબૂલ રાખે છે કે આપે મૂકેલી માગણીઓ ઘટાડી જ ન શકાય એવી ઓછામાં ઓછી કહી શકાય એવી નથી અને હિંદુસ્તાનમાંથી હિજરત કરી જવાનું આપનું પગલું વ્યવહારુ નથી. જો આપની રજા હોય તો હિંદુસ્તાનમાંથી હિજરત કરી જવાના આપના વિચારના સમર્થનમાં આપે ટાંકેલા કુરાનના દૃષ્ટાંત અંગે કંઈક કહેવાની હું ધૃષ્ટતા કરીશ. પેગંબર સાહેબે જે સંજોગોમાં હિજરત કરી હતી તે સંજોગો આપ જે સંજોગોમાં આ પગલું ભરવા વિચારો છો તેના કરતાં તદ્દન જુદા હતા. તેઓ તો પોતાની સાથે સમસ્ત મુસલમાન કોમને મદીના શરીફ લઈ ગયા હતા. એ તો મક્કા શરીફના નાસ્તિકો સામેનો એમનો સત્યાગ્રહ હતો. તે વખતે ઈસ્લામનો છોડ અત્યંત નાજુક હતો અને એને આંતરિક તેમ જ બાહ્ય તોફાનોથી બચાવવાની જરૂર હતી. એ સમયે એમના બહાદુર અનુયાયીઓનું નાનકડું મંડળ નષ્ટ થઈ જવાનો પૂરેપૂરો સંભવ હતો. એ જોખમ ખેડવાને બદલે મક્કાના નાસ્તિકોનો સમજ વિનાનો ક્રોધ શમી ગયો ત્યાં સુધી તેઓ પોતાના અનુયાયીઓને લઈને એક સુરક્ષિત સ્થળે ખસી ગયા. મને આપના અને પેગંબર સાહેબના કિસ્સા વચ્ચે કશું સરખાપણું દેખાતું નથી. પરંતુ મારે આપની મહેરબાનીનો ગેરવાજબી લાભ ઉઠાવવો નહીં જોઈએ. કુરાનનો અર્થ ઘટાવી, એને આધારે આપની સાથે ધર્મ સંબંધી ચર્ચામાં ઊતરવાનો મને કશો અધિકાર નથી. કુરાનના ઉપદેશોનું સાચી રીતે આપને જેટલું જ્ઞાન છે, એટલું જ્ઞાન મને હોવાનો હું દાવો કરી નહીં શકું. મેં જે કંઈ કહ્યું છે તે કહેવાની ધૃષ્ટતા મેં એટલા માટે કરી છે કે મેં ઘટાવેલા અર્થને કેટલાક આપણા બંનેના સમાન મિત્રો માન્ય રાખે છે. તેમ છતાં મારો આપને આગ્રહ છે કે આપ આ પ્રશ્ન વિષે જરા વધારે ભક્તિ-ભાવથી વિચારી જોશો. વાઇસરૉયને લખેલા મારા પત્રમાં[૨] મુસલમાનો માટે મેં રજૂ કરેલી માગણીઓ કબૂલ કરાવવા હું મથામણ કરતો રહીશ એ વિષે મારે આપને ખાતરી આપવાની ભાગ્યે જ જરૂર હોય. અને જો તમામ આગેવાન મુસલમાનો એક થઈને પોતાની માગણી યોગ્ય ભાષામાં રજૂ કરશે તો તેનાથી એમના લાભમાં દુનિયાભરનો એવો લોકમત ઊભો થશે કે રાષ્ટ્રસંઘ (લીગ ઑફ નેશન્સ) તેનો વિરોધ કરી શકશે નહીં, અને ઇંગ્લંડને પણ એની સમક્ષ એ માગણી માટે અવશ્ય દબાણ કરવું પડશે એ વિષે મને લેશ પણ શંકા નથી.

૧. જુઓ "ઓ એસ. ઘાટેને પત્ર", ૮-૫-૧૯૧૯.
૨. જુઓ "જે. એલ. મેફીને પત્ર", ૫-૫-૧૯૧૯.

Gandhi Heritage Portal

આશા છે કે આપ સૌ મજામાં હશો.

સૌને પ્યાર.

[મૂળ અંગ્રેજી]

નેશનલ આર્કાઈવ્ઝ ઑફ ઇન્ડિયા : હોમ : પોલિટિકલ : સપ્ટેમ્બર ૧૯૧૯, નં. ૪૦૬/૨૮/એ (ગુપ્ત)

## ૩૧૨. એન. પી. કોવીને પત્ર

મુંબઈ,
જૂન ૫, [૧૯૧૯]

વહાલા મિ. કોવી,

સિંધના સત્તાવાળાઓએ કાઠિયાવાડનાં દેશી રાજ્યોના કેટલાક પ્રજાજનો વિરુદ્ધ કાઢેલા હુકમો અંગે મેં આપને તા. . . . એ[1] એક પત્ર લખ્યો છે તેની આપને યાદ આપું છું. એનો જલદી ઉત્તર આપવા કૃપા કરશો તો આભાર થશે.

આપનો સહૃદયી
**મો. ક. ગાંધી**

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૬૬૩૬

## ૩૧૩. બી. જી. હૉર્નિમૅનને પત્ર

[મુંબઈ,]
જૂન ૬, ૧૯૧૯

ભાઈશ્રી હૉર્નિમૅન,

તમે ત્યાં સહીસલામત પહોંચી ગયા છો એ જાણીને મારી ચિંતા મટી. મિ. મૉન્ટેગ્યુ તમારે વિષે જે બોલ્યા છે એ વાંચીને મને બહુ ખોટું લાગ્યું છે. મારી ખાતરી છે કે તમે તમારું નિર્દોષપણું પુરવાર કર્યું છે. એ બાબત[2] યંગ ઇન્ડિયામાં મેં લખ્યું છે તે તમે જોશો.

અહીંની સઘળી હકીકત તો શ્રીમતી નાયડુ તમને કહેશે. રૉલેટ કાયદા રદ ન થાય ત્યાં સુધી હિંદુસ્તાનમાં શાંતિ થવાની નથી. મુસલમાનોની લાગણી સંતોષાવી જ જોઈએ. અને પંજાબની સજાઓમાં ફેરફાર થવો જ જોઈએ.

યંગ ઇન્ડિયામાં કાંઈ લખશો ?

તમારો સહૃદયી
**મો. ક. ગાંધી**

[મૂળ અંગ્રેજી]

મહાદેવ દેસાઈની હસ્તલિખિત ડાયરીમાંથી

શ્રી નારાયણ દેસાઈના સૌજન્યથી

ભાષાંતર : મહાદેવભાઈની ડાયરી, પુસ્તક પાંચમું

૧. જુઓ "એન. પી. કોવીને પત્ર", ૨૫-૫-૧૯૧૯.
૨. જુઓ "મિ. હૉર્નિમૅન", ૭-૬-૧૯૧૯.

Gandhi Heritage Portal

## ૩૧૪. એચ. એસ. એલ. પોલાકને પત્ર

લેબર્નમ રોડ,
મુંબઈ,
[જૂન ૬, ૧૯૧૯]

પ્રિય હેનરી,

હું જોઉં છું કે કૉટન સાથે તમે કુસ્તીમાં ઊતર્યા છો. મને લાગે છે કે સર્વન્ટ ઑફ ઇન્ડિયામાંથી ઉતારો આપીને એણે તમને પછાડ્યા છે. પણ આપણે બંને એ પછડાટ છતાં ટકી રહ્યા છીએ.

મારા લશ્કરમાં પડેલા ભંગાણથી મને તો આનંદ જ થાય છે. શ્રદ્ધાનંદજી ગયા, જમનાદાસ છોડી ગયા. બીજા કેટલાક પણ જશે. પણ તેથી હું ગભરાતો નથી. લોકો હિંસાને માર્ગે ચડે તો ગભરાઉં. પહેલી જુલાઈની વિશ્વાસપૂર્વક રાહ જોઈ રહ્યો છું. સરકાર અમારા સામનાને પહોંચી વળવા તૈયાર જણાય છે. હું કોઈ પણ જાતના દેખાવો કરવાનું ટાળવાનો છું. આ વખતે સવિનય કાયદાભંગ ઊંડો તેમ જ વ્યાપક થશે. મિ. મૉન્ટેગ્યુને સાફ સાફ કહી દેજો કે જ્યાં સુધી રૉલેટ કાયદા પાછા ખેંચી લેવામાં નહીં આવશે ત્યાં સુધી હિંદુસ્તાનમાં શાંતિ થવાની નથી. અહીંના અમલદારોએ તેની કુસેવા કરી છે. મિ. હૉર્નિમૅનની બાબતમાં કેટલી ભયંકર ગેરરજૂઆત કરી છે! એને દેશપાર કરવાનું ખરું કારણ કદાચ કદી આપવામાં આવશે જ નહીં. યંગ ઇન્ડિયા ધ્યાનપૂર્વક વાંચતા રહેશો. અગ્રલેખો મોટે ભાગે મારા[1] જ હોય છે. ખરું પુછાવો તો હું જ તેનો તંત્રી છું. સિંધ વિષેનો[2] લેખ જોજો. હજી તો વધારે ભોપાળાં બહાર આવશે. મિ. મૉન્ટેગ્યુએ જો ન્યાય આપવો હોય તો અમલદારોની આંખોએ જોવાનું બંધ કરવું જોઈએ. એ લોકો તો પોતાની હાલની સત્તાનો જેના ઉપર આધાર છે એ પદ્ધતિને ટકાવી રાખવા ઇચ્છે છે. એટલે અહીંની પરિસ્થિતિનું નિષ્પક્ષ બયાન એમની પાસેથી એને નહીં મળે. રૉલેટ કાયદા જવા જ જોઈએ, મુસલમાનોને સંતોષવા જ જોઈએ, અને સંગીન સુધારા આપવા જ જોઈએ. પંજાબના અત્યાચારોની તપાસ કરવા માટે, થયેલી સજાઓમાં ફેરફાર કરવાની સત્તા સાથે નિષ્પક્ષ પંચ નિમાય એ ખાસ જરૂરનું છે. આ ચાર વસ્તુઓ કરવામાં આવે તો જ આ દુઃખી દેશમાં શાંતિ થઈ શકે તેમ છે. જ્યાં સુધી બ્રિટનના લાભાર્થે હિંદની ચૂસ ચાલુ છે ત્યાં સુધી આ દેશમાં બરકત આવે એમ નથી. જુઓ, ફરી પાછો હૂંડિયામણના દરમાં વધારો કર્યો! એનું પરિણામ એ આવવાનું કે હિંદુસ્તાનને બદલામાં કશો લાભ થયા વિના કરોડો રૂપિયાનું નુકસાન થવાનું. એનો અર્થ એ થાય છે કે તમે લૅન્કેશાયરને અને સિવિલિયન અમલદારોને એટલું બોનસ આપો છો. આ બધી વસ્તુઓની તડજોડ તો થઈ શકે જો ઉપર જણાવેલી બાબતોમાં રાહત આપીને લોકોનાં દિલને ટાઢાં પાડવામાં આવે. રૉલેટ કાયદાનો અર્થ એ જ થાય છે કે

૧. આ ગ્રંથમાં ગાંધીજીના માત્ર એવા જ લેખો લેવામાં આવ્યા છે જેના પર તેમની સહી છે અથવા જે બીજા કોઈ પુરાવાને આધારે એમના લખેલા સાબિત થયા છે.

૨. જુઓ "સિંધમાં ગેરકાયદે પગલાં", (સિંધ ઇલ્લિગાલિટી) યંગ ઇન્ડિયા, ૨૮–૫–૧૯૧૯.

Gandhi Heritage Portal

લોકમતને ઠોકર મારવાનો સરકારે નિરધાર કર્યો છે. જે વખતે સુધારાની વાટાઘાટો ચાલે છે તે વખતે સરકારનું આવું વલણ અસહ્ય છે.

આ કાગળ તમને શ્રીમતી નાયડુ આપશે. એ અદ્ભુત બાઈ છે. મેં એમને મીરાંબાઈ સાથે સરખાવ્યાં છે. મારા એ અભિપ્રાયમાં ફેરફાર કરવાનું કશું કારણ મને મળ્યું નથી. તમને અને તમારા કુટુંબને મારો પ્રેમનો સંદેશો એ આપશે.

તમારો

ભાઈ

તા. ક. યંગ ઇન્ડિયા માટે કાંઈ લખશો? લખો એમ ઇચ્છું છું.

[મૂળ અંગ્રેજી]

મહાદેવ દેસાઈની હસ્તલિખિત ડાયરીમાંથી
શ્રી નારાયણ દેસાઈના સૌજન્યથી
ભાષાંતર: મહાદેવભાઈની ડાયરી, પુસ્તક પાંચમું

## ૩૧૫. વી. એસ. શ્રીનિવાસ શાસ્ત્રીને પત્ર

[મુંબઈ,]
જૂન ૬, ૧૯૧૯

ભાઈશ્રી શાસ્ત્રિયાર,

યંગ ઇન્ડિયાના અગ્રલેખો ઉપર તમે નજર નાખતા રહો એવી મારી વિનંતી છે. ઘણાખરા અગ્રલેખો મેં લખેલા હોય છે અથવા મારી દેખરેખ નીચે લખાયેલા હોય છે. તેમાં લખેલી સઘળી હકીકતોના ખરાપણા વિષે હું ખાતરી આપી શકું એમ છું. તેમાં જે હકીકતો પ્રગટ થાય છે તે અમલદારોના વલણનું ખોટાપણું બતાવી આપે છે. રૉલેટ કાયદા એનું મૂર્તિમંત સ્વરૂપ છે. તેથી જ એની સામે મારો અણનમ વિરોધ છે. ક્રાન્તિકારી ગુના નાબૂદ કરવા માટે સરકારને એ કાયદાની જરૂર નથી. લોકોને કનડવા માટે જ અમલદારોને એ કાયદા જોઈએ છે. ડિફેન્સ ઑફ ઇન્ડિયા ઍક્ટ(હિંદ સંરક્ષણ કાયદો)નો જે રીતે અમલ થયો એ બતાવી આપે છે કે લોકોને કેવી રીતે કનડી શકાય. એ કાયદા જ્યાં સુધી રદ ન થાય ત્યાં સુધી હિંદમાં શાંતિ થઈ શકે નહીં, થવાની નથી. મિ. મૉન્ટેગ્યુનો બચાવ ટકી શકે એવો નથી. મિ. હૉર્નિમૅનના સંબંધમાં તેણે જે ટીકાઓ કરી છે તે અન્યાયી છે અને ખોટી છે. પંજાબના અત્યાચારોએ કવિ (રવીન્દ્રનાથ ઠાકુર)ને બળબળતો કાગળ[1] લખવાની ફરજ પાડી છે. મારો અંગત અભિપ્રાય એવો છે કે એ કાગળ વખત પહેલાં લખાયો છે. પણ તે માટે કવિને દોષ દઈ શકાય નહીં. અસંતોષ માટે જે સંગીન કારણો છે તે દૂર કરીને લોકોને સંતોષાય નહીં ત્યાં સુધી તમે અને બીજા મિત્રો સુધારા લેવાની ના પાડશો એવી આશા હું રાખું?

તમારો સહૃદયી

**મો. ક. ગાં.**

૧. રવીન્દ્રનાથ ટાગોરે પોતાનો ‘સર’નો ઇલકાબ પાછો આપતી વખતે વાઇસરૉયને લખેલો પત્ર, જે ૭-૬-૧૯૧૯ના યંગ ઇન્ડિયામાં પ્રસિદ્ધ થયો હતો.

Gandhi Heritage Portal

તા. ક. હું આશા રાખું છું કે સફરથી તમને લાભ થયો હશે.

[મૂળ અંગ્રેજી]

મહાદેવ દેસાઈની હસ્તલિખિત ડાયરીમાંથી

શ્રી નારાયણ દેસાઈના સૌજન્યથી

ભાષાંતર: મહાદેવભાઈની ડાયરી, પુસ્તક પાંચમું

## ૩૧૯. મગનલાલ ગાંધીને પત્ર

મુંબઈ,

શુક્રવાર [જૂન ૬, ૧૯૧૯][૧]

ચિ. મગનલાલ,

તમારો કાગળ મળ્યો. તમને વિજાપુર મોકલેલા બે કાગળો મળ્યા હશે. બૈરાંઓએ કે પુરુષોએ ગભરાવાનું નથી. આપણે આશ્રમમાં હાથના જ સૂતરનું કપડું વણશું. પણ જ્યાં લગી પહેરવા યોગ્ય ધોતિયાં કે સાડી તેમાંથી નહીં બનાવી શકીએ ત્યાં સુધી તેટલું મિલના સૂતરમાંથી બહાર વણાવી લઈશું. આશ્રમનો વખત મિલનું સૂતર વણવામાં ન ગાળવો એ ઉદ્દેશ છે. આપણાથી બનતી તાકીદે આપણે હાથના કાંતેલા સૂતરનો જ પહેરવામાં પણ ઉપયોગ કરીએ એ મુરાદ ઉપર પ્રમાણે કરવાથી પાર પડશે.

ફોઈબાને[૨] ઘર સમારવાના પૈસા તેમને આપણાથી ન જ અપાય એમ હું લખી ચૂક્યો છું.

છોકરાંઓના હાથ નાના હોવાથી તેઓ સારામાં સારું કાંતશે એમાં મને તો શંકા જ નથી. બધાને ઝપાટાબંધ શીખવી દેજો. રણછોડલાલભાઈને અમુક પગાર મહિને પડે પછી તેણે કમિશન ન લેવું જોઈએ એમ હું તો કહું. અત્યાર સુધીની તેની શી સમજ છે તે હું જાણતો નથી. તેનો ફડચો તમને યોગ્ય લાગે તે કરજો. હવે પછી તેઓ ઉપર મુજબ ન કરે તો ત્યાંનું કામ છોડવું પડે એમ મને તો લાગે. કેવળ વેપારની દૃષ્ટિથી રણછોડભાઈ કામ કરે તો આપણે જાહેર પૈસા ન જ વાપરી શકીએ એવી મારી ખાતરી છે. તેમને આજીવિકા ઉપરાંત કમાણી કરવી હોય તો તેઓ સ્વતંત્ર કામ કરે. આપણને જોઈતું સૂતર આપણે લઈએ. ગંગાબહેનની સાથે શો બંદોબસ્ત છે? ગંગાબહેનની સાથે મેં તો કશો એવો બંદોબસ્ત કર્યાનું મને સ્મરણ નથી. તે તો કેવળ પરોપકાર દૃષ્ટિએ કામ કરે છે. તેના ખાવા જોગું તેમાંથી કાઢે એમ હું ઇચ્છું. પણ તેટલુંયે તે કરે છે એમ હું નથી જાણતો.

ભાઈ માવજીનો પગાર દુષ્કાળ કમિટીમાંથી કાઢવો યોગ્ય લાગે છે. તે બાબત વલ્લભભાઈ કે ભાઈ ઇંદુલાલ કહે તેમ કરજો.

છોટાલાલ અને જગન્નાથ તુરત કાંતતાં શીખી લે એમ કરજો. એ બે અને માવજી કેવળ વણાટકામમાં જ રોકાવા જોઈએ.

૧. એમ જણાય છે કે આ પત્ર તા. ૧-૬-૧૯૧૯ના "મગનલાલ ગાંધીને પત્ર"માં ઉલ્લેખાયેલી મગનલાલની વિજાપુરની મુલાકાતના થોડા દિવસો પછી લખાયો હોવો જોઈએ.

૨. ગાંધીજીનાં બહેન ગોકીબહેન.

Gandhi Heritage Portal

ખેતીમાંથી તમે આશ્રમનું ખર્ચ પેદા કરવાની ધારણા રાખો છો, તે વ્યવસાય તેટલા જોગો કરી હદ બાંધજો. હાલ તુરત વધારેમાં વધારે વખત કાંતવા વણવા જ આપવો આપણી ફરજ સમજજો. કેમ કે ખેતીમાંથી કરોડો બહાર નથી જતા. વણાટનો નાશ થવાથી સાઠ કરોડ ગયે વર્ષે જ બહાર ગયા. ખેતીને કાઢી નથી નાખવી એટલું જ નહીં પણ આપણે તેને સુધારવી છે. પણ બે કામ સાથે ન થાય તેથી અત્યારે જે વધારે જરૂરનું છે તે કરવું યોગ્ય છે. છતાં ખેતી આપણને નુકસાન ન જાય તેમ માણસોને રાખીને કરી શકાય તેટલી જરૂર કરો. થોડો વખત છોકરાંઓ પાસેથી તેમાં લો. મારો મુદ્દો સમજ્યા હશો. આપણી પાસે પૈસાની પણ તાણ રહેશે. અલ્પ પ્રયાસથી મળે તેટલા જ મારાથી મગાશે. મને તો વણાટકામના જે ફેરફારો આપણે કર્યા છે તે બહુ ગમે છે. તેથી આપણે પૈસાની ખટપટમાંથી પણ ખૂબ છૂટી જઈશું.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

મૂળ પત્રની છબી પરથી: એસ. એન: ૭૩૨૯

# ૩૧૭. મિ. ઍન્ડ્રૂઝની અપીલ[1]

જૂન ૭, ૧૯૧૯

મિ. ઍન્ડ્રૂઝે પંજાબના કેદીઓ વતી બહાર પાડેલી અપીલને જનતા ઉપાડી લે તેમાં કેટલીક દેખીતી મુશ્કેલીઓ રહેલી છે. સામાન્ય શિરસ્તો એવો છે કે માર્શલ લૉની અદાલતે આપેલા ફેંસલા વિરુદ્ધ પ્રિવી કાઉન્સિલમાં અપીલ થઈ શકતી નથી. એક પ્રસિદ્ધ વકીલ પાસેથી અમને જાણવા મળ્યું છે કે આવી અદાલતે સજા કરી હોય તે કેદી બાદશાહ સમેતની એ કાઉન્સિલને અપીલ કરી શકે છે, અને બાદશાહ સમેતની કાઉન્સિલ પ્રિવી કાઉન્સિલની ન્યાય સમિતિને માર્શલ લૉ અદાલતની કાર્યવાહીને ફરીથી તપાસી જવા કહી શકે છે. આમાં સ્વાભાવિક રીતે જ બાદશાહને એમના પ્રધાનોએ સલાહ આપવાની હોય છે. એટલે પ્રથમ પગલું રાજકીય સ્વરૂપનું જ રહેવાનું. બીજા શબ્દોમાં કહીએ તો વાઇસરૉયે પ્રથમ જે કંઈ કહેવાનું હશે તેની જ અસર બાદશાહ સમેતની કાઉન્સિલના નિર્ણય ઉપર પડવાની. એટલે નામદાર વાઇસરૉયને એ વાત સમજાવવાનો માર્ગ વધારે સારો છે કે માર્શલ લૉની અદાલતે ફરમાવેલી સજાઓમાં ફેરફાર કરવાની સત્તા ધરાવતી એક તપાસ સમિતિ તેઓ નીમે. બાદશાહ સમેતની કાઉન્સિલને કરવાની અરજી સંબંધ ધરાવતા કેદીઓ જ કરી શકે, જ્યારે વાઇસરૉયને કરવાની અપીલ જનતા દ્વારા થઈ શકે છે. એટલે આ પાછલી કાર્યવાહી દરેક રીતે વધારે ઝડપી નીવડશે અને તેનું પરિણામ પણ જલદી આવશે. જોકે પહેલી કાર્યવાહી જો સફળ થાય તો તે નિ:સંદેહ વધારે મહત્ત્વની છે કેમ કે આ કેસો તપાસનારી મહાન સંસ્થા પોતાની વિશિષ્ટ પરંપરાઓ ધરાવે છે. ગમે તે માર્ગ અપનાવવામાં આવે તેની હરકત નથી. પરંતુ એ સર્વના હિતની વાત છે કે આ મુશ્કેલીનો કોઈ ઉકેલ તો શોધાવો જ જોઈએ અને માર્શલ લૉ નીચે કરવામાં આવેલાં કાર્યોની યોગ્ય તપાસ કરી તેમાં ધરમૂળથી ફેરફાર કરાવવો જોઈએ. એવું દેખાય છે કે મિ. મૉન્ટેગ્યુએ આટલું કરવાનું વચન

૧. આ લેખ તા. ૭–૬–૧૯૧૯ના યંગ ઇન્ડિયામાં સંપાદકીય નોંધના રૂપમાં છપાયો હતો.

Gandhi Heritage Portal

આપ્યું છે. જનતાએ એટલું જોતા રહેવાનું છે કે જે કંઈ આપવામાં આવે તે તત્ત્વમાં એક નિષ્પક્ષ અને સાચા પ્રતિનિધિત્વવાળી સમિતિ હોવી જોઈએ. તે જનતાનો વિશ્વાસ નહીં ધરાવનારા સભ્યોની બનેલી ધૂળ પર લીંપણ કરે એવી નામની સમિતિ નહીં હોવી જોઈએ.

[મૂળ અંગ્રેજી]

છબી પરથી: એસ. એન. ૬૭૨૪

## ૩૧૮. મિ. હૉર્નિમૅન

અમારા છેલ્લા અંકમાં[1] અમે લખ્યું હતું કે કેન્દ્ર સરકાર પાસેથી ન્યાય મેળવવાનું કામ મુશ્કેલ છે, કેમ કે ત્યાં મુકાયેલા પ્રશ્નોની ખરેખર માત્ર એક જ બાજુ રજૂ થાય છે. મિ. મૉન્ટેગ્યુએ મિ. હૉર્નિમૅન વિષે જે કાંઈ કહ્યું છે તે ઉપરથી અમારા કથનની સત્યતા પુરવાર થાય છે. મિ. મૉન્ટેગ્યુએ કેટલાંક કથનો સાચાં માની લઈને એને આધારે મિ. હૉર્નિમૅનની દેશનિકાલની સજાને સંપૂર્ણ રીતે વાજબી ઠરાવી છે, પરંતુ હકીકતમાં એ કથનો સાચાં નથી.

> રમખાણો ચાલી રહ્યાં હતાં ત્યારે જ મિ. હૉર્નિમૅને પોતાના છાપાનો ઉપયોગ આગને વધારવામાં કરવા માંડયો. તેમણે એવી મતલબનો આક્ષેપ પ્રસિદ્ધ કર્યો કે બ્રિટિશ સૈનિકોએ દિલ્હીમાં 'નરમ માથાંવાળી ગોળીઓ' છોડી હતી. વળી સૈનિકોમાં ગેરશિસ્ત ફેલાવવાની આશાથી મુંબઈમાં એમનું છાપું બ્રિટિશ સૈનિકોને મફત વહેંચવામાં આવ્યું હતું. એટલે એમને માટે હિંદ છોડી જવાનું તાકીદનું બન્યું હતું. જો સામાન્ય સમય હોત તો તેમના ઉપર કામ ચલાવવામાં આવ્યું હોત, પરંતુ તે વખતે રમખાણો ચાલતાં હતાં, એટલે રાબેતા મુજબનો વ્યવહાર ચાલુ કરવા માટે તાત્કાલિક અને ઝડપી પગલાં લેવાની જરૂર ઊભી થઈ હતી.

ઉપરનાં બે વાકયોમાં મિ. મૉન્ટેગ્યુએ જેટલી ખોટી હકીકતો ભરી છે તેટલી ખોટી હકીકત એમાં ભાગ્યે જ કોઈ ભરી શકે. મુંબઈમાં તે વખતે રમખાણોનું નામનિશાન નહોતું. એમણે એને ઉત્તેજન આપ્યું નથી. હકીકત તો એ હતી કે સારાસારનો વિવેક કર્યા વિના જ જ્યારે સવિનય ભંગની લડતનો ઉપયોગ થવાનો ખતરો ઊભો થયો, ત્યારે તેમણે એ લડત બંધ કરી દેવાની સલાહ આપી હતી. અને શ્રી ઝીણાએ મિ. મૉન્ટેગ્યુને મોકલેલા તાર ઉપરથી સમજાય છે તે પ્રમાણે, 'નરમ માથાંવાળી ગોળીઓ' વાળું વિધાન તો, ભૂલ સુધારવા મોકલાયેલો તાર જો સેન્સરે જવા દીધો હોત અથવા વિના વિલંબે પહોંચાડવા દીધો હોત તો કયારનુંયે પાછું ખેંચાઈ ગયું હોત. છેલ્લી વાત એ કે ક્રૉનિકલની નકલો મફત વહેંચાઈ નહોતી, પરંતુ જો વહેંચાઈ હોય, તોપણ બ્રિટિશ સૈનિકોને તો નહીં જ. એટલે ગેરશિસ્ત ફેલાવવા માટે ઉશ્કેરણી કરવાની આશા રાખવાનો કોઈ પ્રશ્ન જ ઉદ્ભવી શકે નહીં. આ અસત્ય વિધાનો કરતી વખતે મિ. મૉન્ટેગ્યુ જાણતા નહોતા કે એ અસત્ય છે. પરંતુ એ હકીકતથી કંઈ મિ. હૉર્નિમૅન અને મુંબઈની જનતાને થયેલી શિક્ષાની ઉગ્રતા ઓછી થતી નથી. મિ. મૉન્ટેગ્યુ અજાણતાં જ જે હડહડતાં જૂઠાણાંને વાચા આપવામાં સપડાઈ ગયા તેમાં નામદાર ગવર્નર સાહેબ કાંઈ નહીં તો સુધારો જરૂર કરાવી શકે. આપણે આશા રાખીએ કે તેઓ સાહેબ એટલું તો જરૂર કરશે. મુંબઈની જનતાનું એ

[1] ૧. જુઓ યંગ ઇન્ડિયાના તા. ૪થી જૂનના અંકમાં પ્રસિદ્ધ થયેલો "દક્ષિણ આફ્રિકામાં હિંદીઓ"વાળો અગ્રલેખ.

Gandhi Heritage Portal

સ્પષ્ટ કર્તવ્ય છે કે મિ. હૉર્નિમૅન વિરુદ્ધનો હુકમ પાછો ખેંચી લઈને પોતાને કરવામાં આવેલો અન્યાય દૂર કરવામાં ન આવે ત્યાં સુધી તેણે જંપીને બેસવું નહીં જોઈએ.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, ૭–૬–૧૯૧૯

## ૩૧૯. એક યુવાન પત્રકારને પત્ર

મુંબઈ,
જૂન ૭, ૧૯૧૯

ભાઈ. . .

આ કાગળમાં તમે જોશો કે મને 'પૂજ્ય પિતાશ્રી' કહેવું એ કેટલું વસમું છે. તમારા ફગ-દંડપણા વિષે મને જરાયે શંકા નથી. તમારું છબરડાવાળું લખાણ તેનો બોલતો પુરાવો છે. ગમે તેમ ચીતરી કાઢેલો, ફરી નહીં તપાસેલો અને લીટીએ લીટીએ છેકછાકવાળો કાગળ પોતાના માન્ય કરેલા 'પૂજ્ય પિતાશ્રી'ને ફગદંડ દીકરો જ લખી શકે. દીકરો સાચે જ આજ્ઞાધારક હોય, તો ઈરાદાપૂર્વક સ્વીકારેલા પોતાના પિતાને કાગળ લખે તે ખૂબ કાળજીપૂર્વક પાતાના સુંદરમાં સુંદર અક્ષરે લખે અને વિશેષણો વાપરવામાં કંજૂસાઈ કરે. એની પાસે એટલો વખત ન હોય તો એક લીટી જ લખે પણ તે બહુ ચોખ્ખાઈથી લખે.

શ્રી . . . ઉપરનો તમારો લેખ ઉતાવળમાં લખેલો અને અવિચારથી ભરેલો છે. यंग इन्डियामાં તો એ છાપી શકાય જ નહીં, પણ બીજા કોઈ પત્રમાંયે એ છાપવાલાયક નથી. એવી જાતના કાગળો લખીને તમે શ્રી . . . ને સુધારી શકો નહીં. વળી લોકોને પણ તેથી લાભ ન થાય. તમારો બીજો લેખ પણ એના કરતાં સારો નથી. તમારા શબ્દાડંબરની વિપુલતામાં તમારી જાતને તમે ગૂંચવી નાખો છો. તમારી વાતનું લાંબું લપસિંદર કરવાને બદલે વિચાર ઉપર તમે ધ્યાન આપો તો વાંચવા યોગ્ય વસ્તુ તમે ઉપજાવી શકો.

તમારાં પ્રમાણપત્રો શું કામ મારા ઉપર લાદ્યાં છે? મારી ઉપર તે શી રીતે અસર પાડી શકવાનાં છે? તમને તો હું સારી રીતે ઓળખું છું. તમને હું 'સુશ્રુત' અથવા 'જોમદાર' લેખક ગણતો નથી. પત્રકાર તરીકે તમે દીપી નીકળો એવા છો એમ જો શ્રી . . . સાચે જ ધારતા હોય તો પત્રકાર કેવો હોવો જોઈએ એનું તેમને બહુ ઓછું જ્ઞાન હોવું જોઈએ. હવે તમે જોઈ શકશો કે મને રીઝવવો એ કેટલું કઠણ કામ છે. છતાં ભવિષ્યમાં તમે બરાબર મહેનત કરવા તૈયાર હો તો મને રીઝવવો એ બહુ સહેલું પણ છે. તમારી આટઆટલી ત્રુટીઓ હોવા છતાં અમદાવાદના તમારા કામની જવાબદારીમાંથી મુક્ત થાઓ એટલે यंग इन्डियामાં એક મદદનીશ તરીકે (તમને) લઉં. મને લાગે છે કે શ્રી . . . અને એ. પી. આઈ. પ્રત્યે તમારી ફરજ છે કે અત્યારે તમારી પાસે જે કામ છે તે પૂરું કરો. અમદાવાદમાં જે કેસો ચાલે છે તે ઉપર સુંદર અને તાદૃશ નોંધો લખી મોકલીને હમણાં પણ તમે મને મદદ કરી શકો છો. પણ તે સરકારની અથવા સ્થાનિક વકીલોની ખોતરણાં કાઢનારી ટીકાઓથી મુક્ત હોવી જોઈએ. વ્યક્તિઓ અને તેમની રીતભાતનાં શબ્દચિત્રો આપવાનો તમારે પ્રયત્ન કરવો જોઈએ. કેસના કામકાજને લગતા

Gandhi Heritage Portal

વિનોદપ્રસંગો તમે જરૂર આપી શકો. પણ મને લાગે છે અત્યારે આવું કશું લખવાનો તમે ભાગ્યે જ વખત કાઢી શકો.

તમારો સહૃદયી

[મૂળ અંગ્રેજી]

મહાદેવ દેસાઈની હસ્તલિખિત ડાયરીમાંથી
શ્રી નારાયણ દેસાઈના સૌજન્યથી
ભાષાંતર: મહાદેવભાઈની ડાયરી, પુસ્તક પાંચમું

## ૩૨૦. છગનલાલ ગાંધીને પત્ર

મુંબઈ,
જૂન ૭, ૧૯૧૯

ચિ. છગનલાલ,

તમારો કાગળ મળ્યો. મારી ધારણા તો એવી છે કે કલકત્તા વગેરેથી આપણી ખાદી કોઈ પણ મંગાવનાર નથી. છૂટાછવાયા માગનાર મુંબઈ અથવા તો અમદાવાદથી મંગાવી લે. આપણે પાંચ ટકા ચઢાવવા મને તો યોગ્ય લાગતા જ નથી. આપણી મહેનત કેવળ મફત અપાવી જ જોઈએ. ત્યારે જ સ્વદેશી સ્ટોરની પાસેથી પાંચ ટકા નફો લઈને સંતોષ મનાવરાવી શકીએ છીએ. નવી વસ્તુનો પ્રચાર કરતાં આપણે નફો કેમ લઈએ? આપણને ખાવાનું મળી રહે છે. જો મુંબઈ માલ ન મોકલ્યો હોય તો હું લખું નહીં ત્યાં લગી નહીં મોકલશો. વિઠ્ઠલદાસની સાથે વાતચીત કરું ત્યાર પછી જ મોકલો એ ઠીક થશે. જૂના સ્વદેશી સ્ટોરમાં હવે આપણી ખાદીને કોઈ હાથ લગાડતું નથી એમ મેં સાંભળ્યું છે. એમ હશે તો આપણે વિચારવું પડશે. તમે ગમે તે માણસનો ઉપયોગ કરજો, પણ છોટાલાલ અને જગન્નાથનો જરા પણ ઉપયોગ નહીં કરો એવી હું ઉમેદ રાખું છું. સ્વદેશી સ્ટોરવાળા તરફથી અવેજ ન મળે તો મને લખજો એટલે હું તજવીજ કરીશ.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

મહાદેવભાઈ પાસે લખાવેલા ગાંધીજીની સહીવાળા પત્રની નકલ પરથી: એસ. એન. ૬૬૩૮



Gandhi Heritage Portal

## ૩૨૧. મગનલાલ ગાંધીને પત્ર

મુંબઈ,
શનિવાર [જૂન ૭, ૧૯૧૯][1]

ચિ. મગનલાલ,

તમને ગઈ કાલે કાગળ ન લખી શક્યો. બાનો આજે કાગળ છે તેમાં જણાવે છે કે કેશુ ફરી માંદો પડ્યો છે ને રૂખી પણ ઘવાઈ છે. આ મંદવાડનાં કારણ તો હોવાં જ જોઈએ. તે તમને જ જડે. છોકરાંઓ વખતોવખત માંદાં પડે તો કેમ આગળ વધી શકે? ત્યાંના પાણીમાં દોષ હોવાનો સંભવ ખરો. કેવળ શારીરિક કામ કરનારને જે પાણી વગેરેના દોષો હરકત ન કરે તે માનસિક કામ કરનારને હરકત કરે એમ જોઈ શકાય છે. પાણીની અચોખ્ખાઈ ને આહારની અયોગ્યતા અથવા અતિશયતા એ સિવાય બીજું કારણ હોવાનો થોડો સંભવ છે.

ચિ. શામળદાસે ત્યાં આવવાનો નિશ્ચય કર્યો છે. શાંતિ પણ આવશે. શામળદાસને કપડાંમાં કુશળતા આવવી જોઈએ એ હેતુ છે. તે જરૂરનું સાળનું જ્ઞાન લેશે. તેનાં માતુશ્રીને તે થોડી મુદતમાં તેડી આવશે. મિયાંખાનની જગ્યામાં તેને કંઈ કોટડીઓ ભાડે મળી શકે તો તજવીજ કરજો. અથવા તો એ લત્તામાં કંઈ મળે તો શામળદાસને સગવડ રહે. શાંતિ પણ આવશે. બધાને ગોઠી જાય તો હું તો બહુ રાજી થાઉં. શામળદાસ કામ કરી શકશે એમ તો જણાય છે.

એક ગૃહસ્થ ચંદ્રશંકર કરીને છે તે પણ ત્યાં આપણી વણાટશાળા જોવા આવશે. તેમણે જ પૈસા આપી હાલ સુધી અહીં રૂ કંતાવ્યું છે. મને લાગે છે કે અહીંનું કામ ઝડપથી થયું છે પણ પાકું નથી થયું. જે માણસે તે હાથમાં લીધું તે દિલ્લગીવાળો છે પણ અજાણ્યો છે. તેણે અજ્ઞાનમાં પૈસા ઉડાવ્યા છે. સૂતર થયું છે તે બહુ કામમાં આવે એમ નથી જણાતું. વણવાનું શરૂ થતાં તો વખત જશે. આપણી પાસે અસલી સાળોનો જથ્થો હોવો જોઈએ. કાઠિયાવાડમાં તો ઘણીયે પડી હશે. ઉમરેઠમાં પણ છે એમ હું જાણું છું. ઉમરેઠની બધી સાળો ચાલતી થઈ નથી. ભાઈ ચંદ્રશંકરને ત્યાંનું બધું બતાવજો. સૂતર કેમ ફૂંકાય છે એ પણ બતાવજો. પછી વિજાપુરનું કામ જોવા મોકલજો. ત્યાં જોઈ કોટા જશે. જ્ઞાન મેળવ્યા પછી વધારે પૈસા ખર્ચવાની મેં ભલામણ કરી છે.

જૂના સ્વદેશી સ્ટોરમાં મોકલેલી ખાદી નવામાં લેવાઈ ગઈ છે. તેના પૈસા અહીં રોકડા ભરાઈ જશે. તે ઉપરાંત બીજા પણ ભરી દેશે. બધા મળીને રૂ. ૧૦,૦૦૦ ભરી આપશે. જે માલ ત્યાં હાલ પડ્યો છે તે પૅક કરીને રાખી મેલશો તો ચાલશે. અહીંના સ્ટોરમાં બધો માલ રાખવાની સગવડ નથી તેથી ત્યાં સાચવવો એમ કહે છે. કેટલો માલ ને શો છે તેનો ઇનવૉઇસ મને મોકલી દેજો. તે હું ભાઈ વિઠ્ઠલદાસને આપીશ. એ માલ પછી તમે વેચી નહીં શકો. હાથના કાંતેલા સૂતરનો ને હાથે વણેલો નં. ૧, હાથે કાંતેલાનો વાણો ને મિલનો તાણો એ નં. ૨ અને મિલનો જ તાણોવાણો એ નં. ૩ એમ ચિઠ્ઠી ચોંટાડી, વાર વ. તેની ઉપર લખીને

૧. દેખીતું છે કે આ પત્ર મગનલાલને લખાયેલા ૧૨મી અને ૧૫મી જૂનના પત્રો પહેલાં લખાયો હતો. એ બંને પત્રોમાં ગાંધીજીએ આશ્રમમાં કામ ઉપાડી લેવાની શામળદાસની યોજનાનો ઉલ્લેખ કર્યો છે.

Gandhi Heritage Portal

માલની ગાંસડી તૈયાર કરજો. જેટલો માલ આપણે કાઢશું તેટલો તે લઈ લેશે. નં. ૩ તો હવે નવો આપણે તૈયાર ન જ કરાવવો એ યોગ્ય જોઉં છું. જે ભાવે આપણે આપશું તે જ ભાવે માલ વેચવા ભાઈ વિઠ્ઠલદાસ તૈયાર છે. તેની ઉપર એક પાઈનો પણ નફો નથી ખાવા માગતા. બીજા માલ ઉપર પણ માત્ર ૫ ટકા નફો લેશે. આપણે પણ નફો જરાયે ન ચડાવવો. આમ જ આપણે વિશુદ્ધ સ્વદેશીનો ફેલાવો કરી શકશું. કેટલીક ખાદીનું ચોળિયું રંગાવો એમ પણ ભાઈ વિઠ્ઠલદાસ ઇચ્છે છે. આ સગવડ છતાં ત્યાંથી પરબારો માલ વેચવાની જરૂર તમે જુઓ છો? ખાદી સિવાયના બીજા માલના પૈસા જૂની દુકાનમાંથી પરબારા મોકલવાનું ભાઈ વિઠ્ઠલદાસે ત્યાંના વ્યવસ્થાપકને કહેવાનું માથે લીધું છે.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્રની છબી પરથી: એસ. એન. ૭૦૨૧

## ૩૨૨. છગનલાલ ગાંધીને પત્ર

મુંબઈ,
[જૂન ૭, ૧૯૧૯ પછી][1]

ચિ. છગનલાલ,

તમારો કાગળ મળ્યો છે. છોટાલાલ તથા જગન્નાથ સાળમાં જ રોકાયા છે એ બરોબર લાગે છે. તમે કાંતિલાલ તથા રામનંદનને તૈયાર કરો છો એ બરોબર છે. જે માલ આવી પડ્યો છે તેની તજવીજ હું અહીં કરું છું. કાંતિલાલ રામનંદનને પણ હું તો સાળમાં જ જોવા ઇચ્છું. બહારનો કોઈ નોકર તે કામમાં રોકાય તો મને વધારે ગમે. હવે તો તમે બહારનો માલ પણ જે હાથના સૂતરનો હાથે વણાયેલો નહીં હોય તે નહીં લો. ઉમરેઠના લોકોને સારુ કદાચ અપવાદ કરવો પડશે તો કરજો.

સ્વદેશી સ્ટોર પાસે પૈસા છે તેની તજવીજ કરાવું છું.

માવજી જેતાણી ઠેકાણે પાડવાના હતા તેનું શું થયું? અને જો તે ઠેકાણે ન પાડી શકયા હોય તો શું કરવા ધારો છો?

મેઘાણીને જે માલ ગયો છે તેના પૈસા મળી ગયા છે? બને ત્યાં સુધી ઉધાર માલ ન મોકલવો એ રિવાજ સારો છે. સામટા ખરીદનારને સારુ પરબારી લેવદેવ કરવા વિષે હું લખી ગયો. આશ્રમના માણસોને બહુ રોકયા વિના કામ થઈ શકે તો કરજો.

ઉપવાસ ફંડના[2] રૂ. હમણાં ભલે પડયા. તેમાંથી વ્યાજ મળતું હશે.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્રની છબી પરથી: એસ. એન. ૭૩૨૫

૧. પત્રમાં જગન્નાથ, છોટાલાલ તથા સ્વદેશી વસ્તુભંડારના સંબંધમાં જે કહેવામાં આવ્યું છે તેનો સંબંધ ઘણું કરીને છગનલાલે તેમની ઉપરના તા. ૭–૬–૧૯૧૯ના પત્રના જવાબમાં જે કહ્યું હશે તેની સાથે છે.

૨. આ સંબંધમાં કશી માહિતી મળતી નથી.

Gandhi Heritage Portal

## ૩૨૩. એસ. આર. હિગનેલને પત્ર

લેબર્નમ રોડ,
મુંબઈ,
જૂન ૯, ૧૯૧૯

વહાલા મિ. હિગનેલ,

પંજાબનાં તોફાનો અંગે તપાસ સમિતિ નીમવાનું સૂચન કરતા મારા આપને લખેલા એક પત્રના[1] જવાબમાં આપે લખેલા પત્રો બદલ હું આપનો આભારી છું. અને આપે મારી તબિયતના સમાચાર પૂછ્યા છે તે બદલ પણ હું આપનો આભાર માનું છું. મારી તબિયત એકંદરે સારી છે.

હમણાં જ હું લાહોરના **ટ્રિબ્યૂન** પત્રના તંત્રી બાબુ કાલીનાથ રૉયના કેસનો અભ્યાસ કરી રહ્યો હતો. માત્ર જે લેખોને આધારે હિંદી ફોજદારી કાયદાની કલમ ૧૨૪ 'એ' મુજબ એમની સામે કામ ચલાવવામાં આવ્યું હતું એ લેખો હું વાંચી ગયો છું. આ કેસનો અભ્યાસ કર્યા પછી મારા ઉપર એવી છાપ પડી છે કે બાબુ કાલીનાથ રૉયને ઘણો મોટો અન્યાય કરવામાં આવ્યો છે. પહેલી એપ્રિલથી માંડીને **ટ્રિબ્યૂન**ની ફાઈલમાંના અંકો હું જોઈ ગયો છું અને સ્વસ્થ રજૂઆત અને સંયમમાં એનાથી ચડી જાય એવું બીજું છાપું મેં જોયું નથી. એટલે આ કેસ ઉપર બહુ જ ગંભીરતાપૂર્વક વિચાર કરવાની હું નામદાર વાઇસરૉય સાહેબને ભલામણ કરું છું. આ એક ચોખ્ખો અન્યાય છે અને એવા અન્યાયને આમ ને આમ ચાલુ નહીં રાખવો જોઈએ. એટલે હું આશા રાખું છું કે શ્રી રૉયને છોડી મૂકવાનો કોઈ માર્ગ અવશ્ય શોધી કાઢવામાં આવશે, અને તે જલદીથી શોધી કાઢવામાં આવશે. ચુકાદામાં કહ્યું છે કે શ્રી રૉયે માફી પણ માગી હતી. આ સવાલ અંગેના લેખોમાં માફી માગવી પડે એવું એક પણ વાક્ય મેં જોયું નથી. પરંતુ એ એક અત્યંત ખેદજનક બિના છે કે એક સજ્જન વ્યક્તિની માફીને પણ ગણકારવામાં આવી નથી. મને આશા છે કે આપ આ પત્ર બનતી ઉતાવળે નામદાર સમક્ષ રજૂ કરશો. આ સાથે નામદાર સાહેબને વાંચવા માટે **યંગ ઇન્ડિયા**માંથી થોડો ભાગ મોકલું છું. એમાં શ્રી રૉયના કેસનો ઉલ્લેખ છે.[2]

આપનો સહૃદયી
મો. ક. ગાંધી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી: એસ. એન. ૬૬૪૦

૧. જુઓ તા. ૩૦-૫-૧૯૧૯નો પત્ર.
૨. આ વાક્ય ગાંધીજીના હસ્તાક્ષરમાં છે.

Gandhi Heritage Portal

# ૩૨૪. એન. પી. કોવીને પત્ર

મુંબઈ,

[જૂન ૯, ૧૯૧૯ અથવા તે પછી]

વહાલા મિ. કોવી,

આપના આ માસની નવમી તારીખના પત્ર બદલ હું આપનો આભાર માનું છું. (શ્રી મણિલાલ વ્યાસ જાતે પોતાના કેસ સંબંધમાં નામદાર વાઇસરૉય સાહેબ સમક્ષ રજૂઆત કરે, એ વિષે હું એમને પત્ર લખું છું.) પરંતુ નામદાર સાહેબનું ધ્યાન હું એ હકીકત તરફ ખેંચવા માગું છું કે મેં લખેલા પત્રનો હેતુ માત્ર એક વ્યક્તિને રાહત અપાવવાનો નહોતો. મેં આ કિસ્સો નામદાર વાઇસરૉય સાહેબના ધ્યાન પર એટલા માટે આણ્યો હતો[1] કે એમાં એક મહત્ત્વનો સાર્વજનિક સિદ્ધાન્ત સમાયેલો છે. પરંતુ આવા કિસ્સાઓમાં પણ રાહત મેળવવા માટે વિનંતી કરવાના જાહેર સેવકના હક બાબતમાં આપનો પત્ર શંકા ઉઠાવતો લાગે છે. જે રીતે મારું મોં બંધ કરી દેવામાં આવ્યું દેખાય છે તે રીતે લોકસેવકોને મોંએ ડૂચો મારવામાં આવે તેનાથી કેવી હાડમારી ઊભી થાય તે આ કિસ્સા પરથી સુધ્ધાં સ્પષ્ટ થાય છે. શ્રી મણિલાલ વ્યાસને આમ તો હું અંગત રીતે ઓળખતો નથી. પરંતુ સંજોગવશાત્ એમનું સરનામું મારી પાસે છે એટલે રાહત મેળવવા એમણે શું કરવું જોઈએ એ વિષે હું એમને પત્ર લખી શક્યો છું. મારા આગલા પત્રમાં જણાવ્યા મુજબ આ પ્રકારના કિસ્સાઓ વિષે મારા સાંભળવામાં આવ્યું છે, પરંતુ એ બધી વ્યક્તિઓનાં નામ હું જાણતો નથી. ખુદ શ્રી મણિલાલ વ્યાસની પોતાની બાબતમાં પણ નિકાલ આવતાં હવે વખત લાગશે. ત્યાં સુધી ફરિયાદ કરનારી વ્યક્તિઓએ તો તકલીફ વેઠયે જ રાખવી પડશે, પછી પાછળથી ભલે એવું પુરવાર થાય કે એમણે કશો ગુનો કર્યો નહોતો. એટલે હું હજી પણ સવિનય આગ્રહ કરું છું કે નામદાર વાઇસરૉયની સરકારે ૧૮૬૧ના ધારા ૩ નીચે દેશી રાજ્યોની પ્રજાને પરદેશી ગણવાની નીતિની ચકાસણી કરવી અને તેમાં સુધારો કરવો. એને માટે સિંધના સત્તાવાળાઓના હુકમો જેમને લાગુ પાડવામાં આવ્યા છે તેમના તરફથી ફરિયાદની અરજીઓની રાહ ન જોવી.

આપનો સહૃદયી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૬૬૫૪

૧. જુઓ એન. પી. કોવીને પત્ર, ૨૫-૫-૧૯૧૯.

Gandhi Heritage Portal

## ૩૨૫. એન. પી. કોવીને

[જૂન ૯, ૧૯૧૯ પછી]

વહાલા મિ. કોવી,

શ્રી મણિલાલ વ્યાસ વિષે મેં આપને લખેલા પત્રના અનુસંધાનમાં જણાવવાનું કે તેમણે પોતાના કેસ અંગે એક અરજી ક્યારનીયે મોકલી આપી છે એવું તેમના તરફથી મને જાણવા મળ્યું છે. હું એટલી આશા જરૂર રાખું છું કે નામદાર વાઇસરૉય સાહેબ એના ઉપર તાકીદે અને અનુકૂળ વિચાર કરશે.

આપનો સહૃદયી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૬૬૫૫

## ૩૨૬. બાબુ કાલીનાથ રૉય

યંગ ઇન્ડિયાના સંચાલક મંડળના સૌજન્યથી, મિ. હૉર્નિમૅનના દેશનિકાલ પછી એ મંડળના મોટા ભાગના સભ્યો સત્યાગ્રહીઓ હોવાથી એ પત્રના સંપાદનના કામ ઉપર દેખરેખ રાખવાનું કામ મને મળ્યું છે. સત્યાગ્રહના સામાન્ય સિદ્ધાંતો, એટલે કે સત્યના અને કોઈના જાનમાલને નુકસાન ન કરવાના અહિંસાના સિદ્ધાંતો સાથે સુસંગત ન હોય એવું કશું આ પત્રમાં ન છપાવું જોઈએ એવી મને ચિંતા રહેતી હતી, અને તેથી આ પ્રકારની દેખરેખ રાખવાના કામની માગણી મેં કરી હતી. આ ગોઠવણ મુજબ મેં અત્યાર સુધી હંમેશ મુજબની તંત્રી-લેખની શૈલીમાં કેટલાક અગ્રલેખો પણ લખ્યા છે. પરંતુ આ અંકમાં, હાલમાં બંધ પડેલા ટ્રિબ્યૂન પત્રના તંત્રી બાબુ કાલીનાથ રૉયના અદાલતી કિસ્સા વિષે લખવાની તમામ જવાબદારી, જો એમ કરવામાં કાંઈ જવાબદારી રહેલી હોય તો, હું મારે માથે લેવા ઇચ્છું છું. અંગત રીતે તો હું એવું સમજું છું કે હું જે કહેવા માગું છું તેમાં સત્તાવાળાઓની દૃષ્ટિથી પણ કશું ગેર-વાજબી કે મર્યાદા બહારનું નથી. પરંતુ તેઓ જુદો જ અભિપ્રાય ન બાંધે એટલા ખાતર આ લેખના લેખકનું નામ જાહેર થાય એ વાત જનતા તેમ જ યંગ ઇન્ડિયાના સંચાલક મંડળના હિતમાં છે.

પંજાબનાં તોફાનો અંગે મેં સંપૂર્ણ મૌન સેવ્યું છે તેથી અનેક મિત્રોમાં મારે વિષે ગેરસમજ ફેલાઈ છે અને તે મેં ફેલાવા દીધી છે. અને હવે સૌ કોઈ જાણે છે કે મારા આ મૌનને કારણે મારે સંન્યાસી સ્વામી શ્રી શ્રદ્ધાનંદજી જેવા એક પ્રતિષ્ઠિત અને પ્રસિદ્ધ નેતા અને સાથીનો સહકાર ગુમાવવો પડયો છે, જોકે એમની મૈત્રી કાયમ રહી છે. પરંતુ હજી પણ હું એમ માનું છું કે ટીકા કરવા માટે જરૂરી ભરોસાપાત્ર માહિતી મારી પાસે ન હોવાથી મેં મૌન ચાલુ રાખ્યું એ સારું કર્યું છે. મેં જાહેરમાં કંઈ કહ્યું હોત, તો તેનાથી સત્તાવાળાની કાર્યવાહી ઉપર કશી સાનુકૂળ અસર પડવાની નહોતી. પરંતુ બાબુ કાલીનાથ રૉયનો કેસ

Gandhi Heritage Portal

પરિસ્થિતિમાં અગત્યનો પલટો લાવે છે. મારા નમ્ર અભિપ્રાય પ્રમાણે . . .[1] એક ખુલ્લા અને નિષ્ઠુર અન્યાયનું દૃષ્ટાંત રજૂ કરે છે. બાબુ કાલીનાથ રૉયને અંગત રીતે ઓળખવાનું સદ્ભાગ્ય મને મળ્યું નથી. પરંતુ મેં એમના કેસનો ચુકાદો વાંચવા માંડ્યો ત્યારે મેં એમ તો માન્યું જ હતું કે એમાં કંઈ નહીં તો આરોપીનાં લખાણોમાંથી કેટલાક છૂટક છૂટક ફકરાઓ લઈ આધારે એમની સામે પ્રથમ દર્શનીય મુકદ્દમો તો સિદ્ધ કરવામાં આવ્યો જ હશે. પરંતુ જેમ જેમ હું એ ચુકાદો વાંચતો ગયો તેમ તેમ મારા ઉપર એવી છાપ પડતી ગઈ કે આ તો આરોપીને તકસીરવાર ઠરાવવા માટે અને ફરમાવવામાં આવેલી આકરી સજાને ન્યાયી ઠરાવવા માટે કરવામાં આવેલી એક વિશિષ્ટ પ્રકારની દલીલબાજી માત્ર છે. મારા આ અભિપ્રાયની ખાતરી કરવા માટે ટ્રિબ્યૂન પત્રના જે અંકોનો ચુકાદામાં ઉલ્લેખ કર્યો હતો અને જેને આધારે હિંદી ફોજદારી કાયદાની કલમ ૧૨૪ 'એ' હેઠળ બાબુ કાલીનાથ રૉય ઉપર આ ગંભીર આરોપ મૂકવામાં આવ્યો હતો તે અંકો મેં હાથ પર લીધા. અને ટ્રિબ્યૂનમાંનો એકેએક લેખ ધ્યાનપૂર્વક વાંચવાને પરિણામે ચુકાદો વાંચ્યા પછી મારો જે અભિપ્રાય બંધાયો હતો તે બિલકુલ સાચો હોવાની મને પાકી ખાતરી થઈ. આ ઉપરથી મને એમ લાગ્યું કે માર્શલ લૉની અદાલતે પોતાના ચુકાદાને, શંકા અને અવિશ્વાસના જે વાતાવરણથી તે ઘેરાયેલી હતી તેનાથી કલુષિત થવા દીધો છે. મારા આ કથન માટેનું ઉત્તમ પ્રમાણ તો ખુદ એ ફેંસલો અને જેનો આધાર લઈને એ ઘડાયો છે તે લખાણો જ હોવાં જોઈએ. એટલા માટે એ બંને આ અંકમાં પૂરેપૂરાં ઉતારવામાં આવ્યાં છે. અદાલતનો ચુકાદો અને ટ્રિબ્યૂનમાં પ્રસિદ્ધ થયેલા વાંધાજનક મનાયેલા લેખો આપતાં પહેલાં, પ્રસ્તાવના રૂપે મેં બીજા અંકોમાંથી ઉતારા આપ્યા છે. તે ઉપરથી એપ્રિલની શરૂઆતથી દિલ્હીના બનાવો પૂરા થતા સુધી આ લેખોનું એકંદર વલણ અને ધ્વનિ કેવાં હતાં તેનો ખ્યાલ આવી જાય છે. આ ઉતારા એમના સંદર્ભમાંથી છૂટા પાડેલા ભાગો ગણાય એવા નથી, પણ ગયા માર્ચ માસની ૩૦મી તારીખ પછી પ્રસિદ્ધ થયેલા ટ્રિબ્યૂનના બધા અંકોની સામગ્રીના નમૂના રૂપ છે. બધા અંકોમાં ઓતપ્રોત થયેલો પ્રધાન સૂર એ છે કે રૉલેટ કાયદા વિરુદ્ધ જે આંદોલન ચલાવાઈ રહ્યું છે તે શાંતિથી, સત્યથી અને અહિંસાથી ચલાવવું જોઈએ. એમાં હું કોઈ પણ સ્થળે સામાન્ય રીતે અંગ્રેજો વિરુદ્ધ કે ખાસ કરીને અંગ્રેજ સરકાર વિરુદ્ધ વેરભાવ કે દ્વેષભાવનાં ચિહ્નો શોધી શક્યો નથી. સાચી વાત તો એ છે કે દિલ્હીનાં તોફાનો પછી ઊભા થયેલા સંજોગોમાં ટ્રિબ્યૂને જે સ્થિરતા અને સંયમથી કામ લીધું છે તેનો જોટો મળવો મુશ્કેલ છે.

આ ખાસ અદાલતે પોતાના માર્ગદર્શન માટે પોતાની સમક્ષ જે કસોટી રાખી હતી તે આ પ્રમાણે હતી :

> તમારે એ જોવાનું રહેશે કે જે બનાવો બન્યા હતા તેની ચર્ચા આ પ્રકાશનમાં શાંતિથી અને સ્થિરતાથી કરવામાં આવી છે કે નહીં. લોકોને જે તકલીફો વિષે ફરિયાદો કરવાની હોય તેની ચર્ચા કરવાનો તેમનો અધિકાર છે, પરંતુ એમણે એ ચર્ચા એવી રીતે ન કરવી જોઈએ કે જેથી હુલ્લડ ઊભું થાય. સરકારને તેની ભૂલો આપ બતાવી શકો છો . . . .

આમાં મુખ્ય સવાલ હમેશાં લેખનની રીતનો છે. એવો સવાલ પૂછવામાં આવે છે કે તે લોકોની વિવેકબુદ્ધિ જાગ્રત કરીને એમને સાચી પરિસ્થિતિ સમજાવવા માગે છે કે પછી

૧. મૂળ પ્રત ફાટેલી હોવાથી અહીં કેટલાક શબ્દો ખૂટે છે.

Gandhi Heritage Portal

લોકોને રાજદ્રોહ કરવા માટે ઉશ્કેરવા અને ઉત્તેજિત કરવા માગે છે. બીજા શબ્દોમાં કહીએ તો આ લેખો લોકોની બુદ્ધિને સ્પર્શે છે કે એમની લાગણીને ઉશ્કેરે છે?

અદાલતે જે ધોરણ પોતાની સમક્ષ રાખ્યું હતું તે પરથી આ લેખોને તપાસીએ તો તેમાં સજા કરી શકાય એવું કશું મળી આવતું નથી. એનાથી હુલ્લડ મચે એ તો બને એવું જ નથી. કેમ કે વાતાવરણમાં જ્યારે અત્યંત ઉશ્કેરાટ ફેલાયેલો હતો ત્યારે પણ લેખક તો પોતાના વાચકોને રોજ ને રોજ અસંદિગ્ધ ભાષામાં એમ જ કહ્યા કરતા હતા કે હિંસાથી દૂર રહો, તોફાનો કરશો તો તેથી કેવળ તમારા ધ્યેયને જ નુકસાન થશે. તેમણે લોકોની વિવેકબુદ્ધિને એવી અપીલ કરી છે કે બનાવો વિષે પહેલેથી કશો અભિપ્રાય બાંધી બેસશો નહીં, પણ જે તપાસ સમિતિ નીમવા માટે મેં વારંવાર વિનંતી કરી હતી તેનાં પરિણામોની રાહ જુઓ. અદાલતે આ લેખો અને તેના ફકરાઓ વિષે કરેલી ચર્ચા જોતાં તેના નિર્ણયનું ઔચિત્ય સાબિત થતું નથી. તારીખ ૬ઠ્ઠી અને ૮મી એપ્રિલના અંકોમાં "દિલ્હીના શહીદો" એવો જે શબ્દપ્રયોગ થયો છે તેની સામે અદાલતે વાંધો લીધો છે. પરંતુ એ મથાળા નીચે જે સામગ્રી આપી છે તે વાંચતાં જણાય છે કે તેમાંની એકનો સંબંધ જુમ્મા મસ્જિદમાં કરવામાં આવેલી એક બંદગી સાથે છે અને બીજીનો સંબંધ એક રાહત અને સ્મારક ફંડ સાથે છે. અદાલતના શબ્દોમાં ગુનો એ હતો કે "આરોપીએ રાહત પર વધારે ભાર ન મૂકતાં શહીદોના સ્મારક પર ભાર મૂકવાનું પસંદ કર્યું." અને વધારામાં અદાલત કહે છે, "આમાંથી નીકળતું અનુમાન સ્પષ્ટ છે." આમાંથી સ્પષ્ટ અનુમાન એવું નીકળે છે કે જે કોઈએ આવું શીર્ષક મૂકયું તેને એવું લાગ્યું કે જે લોકોને દિલ્હીમાં ગોળીએ મારવામાં આવ્યા તેમની સાથે પૂરતા કારણ વિના જ આ વર્તાવ કરવામાં આવ્યો હતો. આને રાજદ્રોહ શા માટે ગણવો જોઈએ એ વાત સમજમાં આવતી નથી. અને જો આવા અનુમાન ઉપરથી એવું સાબિત થતું હોય કે જે મૅજિસ્ટ્રેટે ગોળી છોડવાનો હુકમ આપ્યો તેનું કૃત્ય ખોટું હતું, અને આ કિસ્સામાં એ નિ:સંદેહ સાબિત થાય છે, તો એવું અનુમાન બાંધનાર સજાને પાત્ર ગણાય ખરો? અદાલત આપણને કહે છે કે કોઈને સરકારની ભૂલો બતાવવી હોય તો બતાવી શકે છે. તો હું નમ્રતાપૂર્વક કહું છું કે શ્રી રૉયે એક સ્થાનિક અધિકારીની ભૂલ બતાવી એ બિલકુલ વાજબી હતું. (સાથે સાથે અહીં હું એટલું જણાવી દઉં કે અદાલતના ચુકાદામાં જેનો ઉલ્લેખ થયેલો છે તેવું "દિલ્હીના શહીદોનું સ્મારક" એ નામનું મથાળું સંપાદકના કોઈ લેખને અપાયેલું નથી.) બીજો આરોપ એ છે કે સંપાદકે 'ડ્યૂપ' (ઠગવું) શબ્દ વાપર્યો છે. આ શબ્દ કેટલાક એવા માનદ મૅજિસ્ટ્રેટો અને મ્યુનિસિપલ કમિશનરો સંબંધમાં વપરાયો છે, જેમણે દુકાનદારોને દુકાનો બંધ નહીં રાખવા સમજાવવાનો પ્રયાસ કર્યો હતો. ૬ઠ્ઠી એપ્રિલના દેખાવોનું વર્ણન કરતા લેખમાં આ શબ્દો વાપરેલા છે:

> હિંદુસ્તાનની જનતા બેવકૂફ નથી . . . એને સહેલાઈથી છેતરી શકાય તેમ નથી એ વાત તો એ પરથી સ્પષ્ટ થઈ જાય છે કે આ જ પ્રસંગે કેટલાક મ્યુનિસિપલ કમિશનરો, માનદ મૅજિસ્ટ્રેટો અને બીજા કેટલાક લોકો શહેરમાં ફરીને દુકાનદારોને તેમની દુકાનો ખુલ્લી રાખવા સમજાવતા હતા, પણ તેમાં તેમનું કશું ચાલ્યું નહોતું. એમને માટે આ એક શરમજનક નિષ્ફળતા હતી.

આ તો આરોપી જે સ્વરૂપે હકીકત જાણતા હતા તેનું જ એક નિર્લેપ વર્ણન છે. આ પછી બીજા લેખોની ચકાસણી આવે છે. એને આધારે સંપાદક પર મુખ્યત્વે એવો આરોપ મૂકવામાં આવ્યો છે કે એમણે ભારપૂર્વક એવું કહ્યું છે કે પંજાબ સરકારે લીધેલું પગલું "અન્યાયી અને

Gandhi Heritage Portal

અનાવશ્યક" બંને છે, અને એ સરકાર "લોકમતની અદાલતમાં કડકમાં કડક ટીકાને પાત્ર બની ગઈ છે." અહીં પણ સંપાદક પ્રથમ વાચક સાથે દલીલો કરીને તેને પોતે તારવેલા નિર્ણય પર દોરી ગયા છે. આ કાર્યપદ્ધતિ તો ખુદ અદાલતે સ્વીકારેલી કસોટીએ માપતાં બિલકુલ વાજબી ઠરે એવી છે. જો સંપાદકે ખોટી રીતે હકીકતો રજૂ કરી હોત તો ગુનો થાત એમાં શક નથી. પરંતુ આ સાથે ઉતારી મોકલેલા લેખો જોતાં એટલું દેખાશે કે દરેક કિસ્સામાં જે હકીકતને પોતે સાચી માનતા હતા તે વડે લેખકે પોતાની સ્થિતિ મજબૂત બનાવી છે, અને ચુકાદા ઉપરથી જોઈ શકાય છે તેટલે અંશે એ હકીકતો સામે વાંધો ઉઠાવવામાં આવ્યો નથી. આ સિવાય અદાલતે જે બે લેખોનો ઉલ્લેખ કર્યો છે તે છે, ૯મી તારીખના અંકમાં પ્રકટ થયેલો "દિલ્હીની દુઃખદ ઘટના" નામનો લેખ અને ૧૦મી એપ્રિલના અંકમાં છપાયેલો "હડહડતો અવિવેક" નામનો લેખ. "દિલ્હીની દુઃખદ ઘટના"માં ૩૦મી માર્ચના કરુણ બનાવની નિષ્પક્ષ સમાલોચના કરવામાં આવી છે, અને અંતમાં હિંદુસ્તાનની સરકારને અનુરોધ કરવામાં આવ્યો છે કે આ બનાવની ખુલ્લી તપાસ કરવા તે એક સમિતિ નીમે. "હડહડતો અવિવેક" લેખ બેશક સર માઈકલ ઓડવાયર ઉપર પંજાબી ધારાસભામાં તેમણે આપેલા ભાષણ અંગે તહોમતનામું ફરમાવે છે. પ્રસ્તુત લેખમાં પૃથક્કરણ કરવામાં આવેલું ભાષણ "હડહડતા અવિવેક"નેય ટપી જાય છે. વાતનું તાત્પર્ય એ છે કે કોઈ ભળતા જ માણસને ખોટી રીતે સપડાવવામાં આવ્યો છે. આરોપીના પાંજરામાં પૂરવા લાયક ખરો માણસ તો સર માઈકલ ઓડવાયર હતો. જો એમણે ઉશ્કેરાટભર્યાં અને ગુસ્સો ઉપજાવે તેવાં ભાષણો ન કર્યાં હોત, જો એમણે નેતાઓને ઉતારી પાડ્યા ન હોત, જો એમણે અત્યંત નિર્દય રીતે લોકમતને ઠોકરે માર્યો ન હોત અને જો એમણે ડૉ. કિચલુ અને ડૉ. સત્યપાલને ગિરફતાર ન કર્યા હોત, તો છેલ્લા બે માસનો ઈતિહાસ કંઈક જુદી રીતે લખાયો હોત. પરંતુ અહીં મારો ઉદ્દેશ સર માઈકલ ઓડવાયરને ગુનેગાર તરીકે સાબિત કરવાનો નથી. પરંતુ મારે એ બતાવી આપવું છે કે આ કિસ્સામાં બાબુ કાલીનાથ રૉય સંપૂર્ણ રીતે નિર્દોષ છે અને બ્રિટિશ ન્યાયને નામે એમને ઘોર અન્યાય સહન કરવો પડ્યો છે. એટલે જેમ હું મારા દેશબંધુઓને કહું છું તેમ કશા સંકોચ વિના અંગ્રેજ ભાઈઓને પણ કહું છું કે આપ સૌ બાબુ કાલીનાથ રૉયની તાત્કાલિક મુક્તિ કરવા માટેની મારી વિનંતીમાં સાથ આપો. મિ. નૉર્ટને અને થોડા જ વખત ઉપર સર પી. એસ. શિવસ્વામી આયરે પણ બતાવી આપ્યું છે તે પ્રમાણે માર્શલ લૉની અદાલત વિષે કદી એવી કલ્પના કરવામાં આવી નહોતી કે તે એવા કેસોની સુનાવણી કરવા બેસશે જેમાં સામાન્ય કાયદાઓની કઠણ કલમોનું નાજુક અર્થઘટન કરવાનું હોય. વાજબી રીતે જ આવી અદાલતો તો કેવળ એવા લોકોના કિસ્સામાં તાત્કાલિક ન્યાય આપવા માટે યોજવામાં આવી છે કે જેઓ બળવાનાં કૃત્યોમાં સીધો ભાગ લેતાં પકડાયા હોય અથવા જેમણે એવા ગુના કર્યા હોય કે જે રોકવામાં ન આવે તો સમાજમાં ઘોર અવ્યવસ્થા ફેલાય.

હવે એક વાત વિચારવાની બાકી રહે છે. એવો પૂરેપૂરો સંભવ છે કે પંજાબમાં માર્શલ લૉનું વહીવટી તંત્ર ધરમૂળથી બદલવા અને એ કાયદા મુજબ સ્થપાયેલી અદાલતે ફરમાવેલી સજાઓમાં ફેરફાર કરવા એક સ્વતંત્ર અને નિષ્પક્ષ સમિતિ નિમાવાની છે. જો આમ થવાનો સંભવ છે તો આ એક જ કિસ્સો પસંદ કરીને એને માટે ખાસ કારવાઈ શા માટે ચલાવવામાં આવી છે? મારો જવાબ એ છે કે શ્રી રૉયના કેસમાં કશી શંકાને સ્થાન રહેતું નથી. સરકારે તાબડતોબ વિચાર કરવા જેવો આ કેસ છે. અને જે લેખોને આધારે શ્રી રૉય ઉપર આરોપ મૂકવામાં

Gandhi Heritage Portal

આવ્યો છે તે લેખો જો રાજદ્રોહી સાબિત ન થતા હોય, અને હું તો માનું છું કે એ લેખો એવા નથી, તો એમને તરત જ છોડી મૂકવા જોઈએ. બીજું, આ કિસ્સામાં સમયનું મહત્ત્વ મોટું છે, કેમ કે મિ. ઍન્ડ્રૂઝે દર્શાવ્યું છે તેમ શ્રી રૉયનું શરીર બહુ નાજુક બાંધાનું છે.

ગાંધી

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, ११-६-१९१९

## ૩૨૭. વાઇસરૉયને વિનંતીપત્ર[1]

મુંબઈ,

[જૂન ૧૧, ૧૯૧૯]

અમે નીચે સહી કરનારા મુંબઈ ઇલાકાના નાગરિકો આપ નામદારને નમ્રપણે અરજ ગુજારીએ છીએ કે આપ નામદાર કૃપા કરીને આપનો વિશેષાધિકાર વાપરીને લાહોરના ટ્રિબ્યૂન પત્રના ભૂતપૂર્વ સંપાદક બાબુ કાલીનાથ રૉયને જેલમાંથી મુક્ત કરવાનો આદેશ આપશો. સદર બાબુ કાલીનાથ રૉયને માર્શલ લૉ કમિશને હિંદના ફોજદારી કાયદાની કલમ ૧૨૪એ હેઠળ રાજદ્રોહભર્યાં લખાણો લખવાના ગુના માટે તકસીરવાર ઠરાવ્યા છે અને તે બદલ બે વર્ષની સખત મજૂરીની કેદ તથા રૂ. ૧૦૦૦ના દંડની અથવા દંડ ન ભરે તો વધુ છ માસની સખત મજૂરીની કેદની સજા ફરમાવી છે.

આ અરજ ગુજારતી વખતે અરજદારો સદર કેસના કાનૂની ગુણદોષમાં અથવા તો કમિશને આપેલા ફેંસલાના ગુણદોષમાં ઊતરવા માગતા નથી. પરંતુ આપના વિશેષાધિકારનો ઉપયોગ કરવા તેઓ જે વિનંતી કરે છે તેને જ બરાબર લાગુ પડતાં યોગ્ય કારણો તેઓ અત્રે પ્રસ્તુત કરવા માગે છે.

પહેલું કારણ એ છે કે ટ્રિબ્યૂનના જે લેખોને રાજદ્રોહી ગણવામાં આવ્યા છે અને જેમને કમિશને પણ રાજદ્રોહી માન્યા છે એ લેખોમાં એવા કોઈ શબ્દો નથી જેમાંથી સરકાર પ્રત્યે અભાવ પ્રકટ થતો હોય, અથવા જેનાથી હિંસા, અરાજકતા કે રાજ્ય સામેના બળવાને ઉત્તેજન મળતું હોય. એ લેખોમાં પંજાબ સરકારના કેટલાક કાયદાઓ અને કૃત્યોની ટીકા કરવામાં આવી છે. અને તેનો સ્પષ્ટ હેતુ એટલો જ છે કે સરકાર એક નિષ્પક્ષ તપાસ સમિતિ નીમે. એટલે કમિશને આ લેખોને રાજદ્રોહાત્મક માન્યા તેને માટેનો એકમાત્ર કાનૂની આધાર રાજદ્રોહ સંબંધી કાયદામાં શોધવો રહ્યો. આ કાયદામાં એવું લખ્યું છે કે કોઈ શબ્દો અથવા લખાણો શાંતિને જોખમમાં મૂકે એટલાં રાજદ્રોહાત્મક છે કે નહીં તેનો આધાર જે સમયે એ પ્રગટ થયાં ત્યારે પરિસ્થિતિ કેવા પ્રકારની હતી તેના ઉપર રહે છે. કાયદાના આ સિદ્ધાન્તને લીધે રાજદ્રોહ અંગેનો કાયદો (કેટલાક પ્રસિદ્ધ અંગ્રેજ કાયદાશાસ્ત્રીઓ અને વકીલોના અભિપ્રાય મુજબ) એટલો

૧. આ વિનંતીપત્ર મુંબઈના નાગરિકો વતી સાદર કરવામાં આવ્યું હતું. તેના ઉપર ગાંધીજી અને બીજાઓએ સહીઓ કરી હતી તેમાં નીચેની પ્રસિદ્ધ વ્યક્તિઓનો સમાવેશ થાય છે: સર નારાયણ જી. ચંદાવરકર, સર દીનશા વાચ્છા, ગો. ક. પારેખ અને કે. નટરાજન. આ વિનંતીપત્ર ગાંધીજીએ ૨૭મી જૂન, ૧૯૧૯ને રોજ વાઇસરૉયને મોકલ્યું હતું. જુઓ "એસ. આર. હિગનેલને પત્ર", ૨૭-૬-૧૯૧૯.

Gandhi Heritage Portal

અનિશ્ચિત બની જાય છે કે એમાં નિર્દોષ પત્રકારો પણ સહેલાઈથી ફસાઈ જાય અને સરકારનાં વિશિષ્ટ કાર્યોની ખોટી કે ખરી ટીકાઓ કરવી તથા શાંતિનો ભંગ કરવાના હેતુથી સરકાર પર જાણીબૂજીને શબ્દોના પ્રહાર કરવા એ બે વચ્ચેનો ભેદ નહીં જળવાય.

ઉપરના મુખ્ય મુદ્દામાં અરજદારો શ્રી રૉયના હિતમાં નીચેના મુદ્દાઓ ઉમેરવાની રજા માગે છે. (૧) શ્રી રૉય જ્યારે *ટ્રિબ્યૂન*ના તંત્રીપદે હતા ત્યારે તેમનાં લખાણોની ભાષા હમેશાં સંયમભરી હતી. (૨) એમની તબિયત ખરાબ છે, એટલે જો એમને લાંબો સમય કેદમાં રાખવામાં આવશે તો તેની એમની તબિયત પર માઠી અસર થવા સંભવ છે; (૩) કમિશને તેમના ઉપર કામ ચલાવ્યું તે પહેલાં તેઓ માફી માગી ચૂક્યા છે.

[મૂળ અંગ્રેજી]

*યંગ ઇન્ડિયા*, ૨૫–૬–૧૯૧૯

## ૩૨૮. ચેમ્સફર્ડને વિનંતીપત્ર[1]

મુંબઈ,

[જૂન ૧૧, ૧૯૧૯][2]

સેવામાં

**નામદાર પરમ માનનીય બૅરન ચેમ્સફર્ડ સાહેબ**

**પી. સી., જી. એમ. એસ. આઈ., જી. સી. એમ. જી., જી. એમ. આઈ. ઈ., જી. સી. બી. ઈ.**

**હિંદુસ્તાનના વાઈસરૉય અને ગવર્નર-જનરલ-ઈન-કાઉન્સિલ,**

**સિમલા,**

નામદાર સાહેબને સાદર વિનંતી છે કે—

(૧) અમે નીચે સહી કરનારા મુંબઈ ઇલાકાના પત્રકારોના પ્રતિનિધિઓ તરીકે આથી જણાવવા માગીએ છીએ કે પંજાબની માર્શલ લૉ અદાલતે આપેલો ચુકાદો તથા *ટ્રિબ્યૂન* પત્રના જે લેખોને આધારે એ ચુકાદો અપાયો છે તે લેખો અમે કાળજીપૂર્વક વાંચ્યા છે.

(૨) અમારો નમ્ર અભિપ્રાય એવો છે કે આ બધા લેખો તદ્દન નિર્દોષ હોવાનું ઘટાવી શકાય તેવી પૂરેપૂરી શકયતા છે તેમ જ શ્રી રૉય તંત્રી હતા તે આખા સમય દરમ્યાન તેમણે *ટ્રિબ્યૂન*માં લખેલા બધા લેખો સંયમભરી ભાષામાં લખેલા છે એ જોતાં અમે નામદાર સાહેબને આદરપૂર્વક વિનંતી કરીએ છીએ કે એમનાં લખાણો ઉદાર દિલે અને એમના સ્વાભાવિક અર્થમાં જ ઘટાવવાં એ બિલકુલ ઉચિત અને ન્યાયસંગત છે.

(૩) અમારા જાણવામાં આવ્યું છે કે બાબુ કાલીનાથ રૉયની તબિયત ખરાબ રહે છે, એટલે અમને ભય છે કે જો એમને જાથૂકના કેદમાં પૂરેલા રાખવામાં આવશે તો એમની તબિયત કાયમ માટે લથડશે.

૧. એવું માનવામાં આવે છે કે વિનંતીપત્રનો ખરડો ગાંધીજીએ તૈયાર કર્યો હતો.

૨. જુઓ આ પછીનો લેખ.

Gandhi Heritage Portal

(૪) આ સંજોગો ધ્યાનમાં લઈને તથા લાગતાવળગતા લેખો અંગે માફી માગવાની કશી જરૂર ન હોવા છતાં એમણે માફી માગી હતી એ જોતાં અમે સાદર અરજ ગુજારીએ છીએ કે ન્યાયને ખાતર બાબુ કાલીનાથ રૉયને કેદમાંથી છોડી દેવામાં આવે.

આની નકલો સુબ્રહ્મણ્ય આયર, રંગાસ્વામી આયંગર, જૉર્જ ઍરુંડેલ અને ચક્રવર્તી રાજગોપાલાચારીને મોકલવામાં આવી હતી.[૧]

[મૂળ અંગ્રેજી]

છબી પરથી: એસ. એન. ૬૬૪૨

## ૩૨૯. કાલીનાથ રૉયના કેસ અંગે પરિપત્ર

જૂન ૧૧, ૧૯૧૯

પ્રિય . . . ,

આ સાથે હું યંગ ઇન્ડિયાનો થોડો ભાગ આપને મોકલું છું. એમાં બાબુ કાલીનાથ રૉયના કેસ અંગેના ફેંસલાનું સંપૂર્ણ લખાણ, જેને આધારે આ ફેંસલો અપાયો છે તે બધા લેખો તથા આ સંબંધમાં મેં કરેલી સમીક્ષા એટલાંનો સમાવેશ થાય છે. હું માનું છું કે બાબુ કાલીનાથ રૉયને શુદ્ધ ન્યાયને આધારે છોડાવવા માટે દેશભરમાં વ્યાપક અને ઝડપી આંદોલન ઊભું કરવું જોઈએ. આ બાબતમાં મારું નમ્ર સૂચન એવું છે કે બાબુ કાલીનાથ રૉયને છોડવા માટે નામદાર વાઈસરૉયને નીચે પ્રમાણે વિનંતીપત્રો અને ઠરાવો મોકલી આપવા. (૧) સ્થાનિક વકીલો તરફથી એક વિનંતીપત્ર, (૨) સ્થાનિક તંત્રીઓ તરફથી એક વિનંતીપત્ર અને (૩) જાહેર સભાઓમાં પસાર કરેલા ઠરાવો. વકીલોના વિનંતીપત્રમાં એવું બતાવવું જોઈએ કે આ સજા એક કાનૂની અન્યાય છે; તંત્રીઓના વિનંતીપત્રમાં એમ લખવું જોઈએ કે શ્રી રૉયે જે કંઈ લખ્યું છે તેનાથી કશું ઓછું અમે પણ ન લખ્યું હોત; અને જાહેર સભાઓમાં એવા ઠરાવો પસાર કરવા જોઈએ કે જેમાં બાબુ કાલીનાથ રૉયને ન્યાયને આધારે છોડી મૂકવાની વિનંતી કરવામાં આવી હોય. આપને મારું આ સૂચન મંજૂર હોય તો હું આપને વિનંતી કરું છું કે આપ આપના જિલ્લાના વેપારીઓને લખો કે તેઓ પણ આ પ્રકારની અરજીઓ અને ઠરાવો વાઈસરૉયને મોકલી આપે. આ સ્પષ્ટ અન્યાય દૂર કરવાની માગણી કરવામાં તેમની ઇચ્છા હોય તો અંગ્રેજો પણ આપણી સાથે જોડાય. આપણે તેમને એવી વિનંતી કરવી જોઈએ.

આ મામલામાં સમયનું મહત્ત્વ મોટું છે. જે કંઈ કરવામાં આવે તે તાબડતોબ કરવું જોઈએ. આ ઉઘાડો અન્યાય ચાલુ રહેવા દેવો એ જો સરકારને માટે શરમની વાત હોય, તો જનતાને માટે પણ એક સાબિત થઈ ચૂકેલા અન્યાયનું અસ્તિત્વ જાણ્યા પછી તે દૂર ન થાય ત્યાં સુધી શાંત અને સંતોષી બની બેસી રહેવાનું એટલું જ શરમજનક ગણાશે.

આપનો સહૃદયી

**મો. ક. ગાં.**

[મૂળ અંગ્રેજી]

છબી પરથી: એસ. એન. ૬૬૪૬

૧. આ વાક્ય ગાંધીજીના હસ્તાક્ષરમાં લખેલું છે.

Gandhi Heritage Portal

## ૩૩૦. સી. એફ. ઍન્ડ્રૂઝને પત્ર

જૂન ૧૧, ૧૯૧૯

હજી સુધી કોઈ પણ વકીલે પ્રિવી કાઉન્સિલમાં જવાથી સફળતા મળી જશે એવી આશા આપી નથી. યોગ્ય રીતે લોકમત તૈયાર કરીને આપણે કાલી બાબુને છોડાવી શકીએ. હું સૂચવું છું કે કલકત્તા અને બીજાં સ્થળોએ જાઓ અને ત્યાં જઈ દયા માગીને નહીં પણ ન્યાય અને કેવળ ન્યાયના આધાર પર કાલી બાબુને છોડાવવાના આંદોલનને ટેકો આપવા લોકોની સહીઓ માગો તથા તેમને જાહેર સભા ભરવાનું સમજાવો. હું તો એવી પણ સલાહ આપું કે તમે કલકત્તાના બિશપને તથા બીજા અંગ્રેજોને પણ મળો અને આ કાર્યમાં જોડાવા એમને સમજાવો. સરકારી કે બિનસરકારી સ્થાનિક માણસોમાંથી તમારો વિશ્વાસ ઊઠી જવો નહીં જોઈએ એવું હું ઇચ્છું છું. અને બીજી બધી વાત જવા દઈએ તોપણ આ પ્રકારનું આંદોલન ચલાવવા માટે આ સિવાય બીજો કોઈ જ માર્ગ નથી. ધારો કે પ્રિવી કાઉન્સિલનો ચુકાદો આપણી વિરુદ્ધમાં આવ્યો. તેથી શું થઈ ગયું? જે લોકોને મેબ્રુકનું દુષ્કૃત્ય પસંદ નહોતું તે લોકો પ્રિવી કાઉન્સિલ પાસે નહોતા ગયા. તેમણે તો પોતાની તરફેણમાં પ્રબળ લોકમત તૈયાર કરીને ગૃહ સચિવના હાથ હેઠા પાડ્યા હતા.

તમારો

મોહન

[તા. ક.]

સૂચનો રુદ્રના પત્રમાં આપવામાં આવ્યાં છે તે મુજબ.

[મૂળ અંગ્રેજી]

છબી પરથી: એસ. એન. ૬૬૪૫

## ૩૩૧. એન. પી. કોવીને પત્ર

અમદાવાદ,

[જૂન ૧૧, ૧૯૧૯ પછી]

પ્રિય મિ. કોવી,

મેં તા. ૩૦મી એપ્રિલે નામદાર વાઇસરૉયને સ્વદેશી વિષે એક પત્ર લખ્યો હતો તેની યાદ આપવાની રજા લઉં છું. એ પછી આ આંદોલને ઘણી પ્રગતિ કરી છે. અને જો મને નામદાર વાઇસરૉય તરફથી સહાનુભૂતિના બે શબ્દો મળી જાય તો તે આ આંદોલનને વેગ આપવામાં અત્યંત કીમતી નીવડે તેમ છે. આ અંગે સર સ્ટૅનલી રીડ તરફથી મને એક પત્ર[1] મળ્યો છે જે મેં ૧૧મી જૂન, ૧૯૧૯ના યંગ ઇન્ડિયામાં છાપ્યો છે. એના તરફ હું નામદાર સાહેબનું ધ્યાન ખેંચું છું. આ પત્ર હું અમદાવાદથી લખી રહ્યો છું, એટલે મારી પાસે અત્યારે એ પત્રની નકલ હાથ પર ન હોવાથી હું તે મોકલી શકતો નથી.

આપનો સહૃદયી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી: એસ. એન. ૬૭૦૩

૧. જુઓ પરિશિષ્ટ ૪.

Gandhi Heritage Portal

## ૩૩૨. ગિલેસ્પીને પત્ર

અમદાવાદ,
[જૂન ૧૧, ૧૯૧૯ પછી]

પ્રિય મિ. ગિલેસ્પી,

આપનો પત્ર મળતાં ઘણો આનંદ થયો. ખરું કહું તો સ્વદેશી અંગે આપની સહાય માટે વિનંતી કરતો પત્ર હું પોતે જ આપને લખવાનો વિચાર કરી રહ્યો હતો. આપણા વેપારીઓ પ્રામાણિક બને એની ખૂબ જ જરૂર છે એ બાબતમાં હું આપની સાથે સંપૂર્ણ રીતે સંમત છું. આ હિલચાલ સાચે માર્ગે ચાલતી રહે એ માટે હું મારાથી શકય એટલા બધા જ પ્રયત્નો કરી રહ્યો છું.

આપ પ્રતિજ્ઞા ઉપર સહી કરી શકશો? અથવા આપ સર સ્ટૅનલી રીડે જે પ્રમાણે કર્યું છે તે પ્રમાણે કરશો? એમનો પત્ર મેં *યંગ ઇન્ડિયા*માં[1] છાપ્યો છે. તેની એક નકલ આ સાથે બીડું છું.

સત્યાગ્રહની વાત એના કરતાં વધારે કઠણ છે. હું રવિવારે અમદાવાદમાં હોઈશ. એટલે જો આપ આશ્રમમાં આવી શકો તો આપને મળતાં મને આનંદ થશે.

આપનો સહૃદયી

[મૂળ અંગ્રેજી]
છબી પરથી: એસ. એન. ૬૬૮૩ 'એ'

## ૩૩૩. સત્યાગ્રહ સમિતિના મંત્રીઓને પત્ર

લેબર્નમ રોડ,
ગામદેવી,
મુંબઈ,
જૂન ૧૨, ૧૯૧૯

પ્રિય મંત્રીઓ,

હું ઇચ્છું છું કે કારોબારી સમિતિ સવિનયભંગની લડત ફરીથી શરૂ કરવાના પ્રશ્ન પર વિચાર કરે અને નિર્ણય કરે. હું ધારું છું કે આ લડત આવતા જુલાઈ માસની શરૂઆતમાં ચાલુ કરવી જોઈએ. આ રીતે ફરીથી લડત ચાલુ કરવાના વિચાર વિરુદ્ધ જુદી જુદી દલીલો જોરથી રજૂ કરવામાં આવી છે. તે બધી કાળજીપૂર્વક તપાસ્યા પછી હું એવા નિર્ણય પર આવ્યો છું કે જો સત્યાગ્રહની પ્રતિજ્ઞાને વફાદાર રહેવું હોય તો મારી નજર પહોંચે છે ત્યાં સુધી આજે કોઈ બાબત એવી નથી જેને કારણે આપણે લડતને વધારે સમય માટે મોકૂફ રાખવી પડે. એપ્રિલ માસમાં લડત બંધ કરવાનાં જે કારણો વચમાં આવતાં હતાં તે આજે

૧. તા. ૧૧-૬-૧૯૧૯નો અંક. આ પહેલાંનો લેખ પણ જુઓ.

Gandhi Heritage Portal

હવે રહ્યાં નથી. લોકો હવે તેમની પાસેથી શી અપેક્ષા રાખવામાં આવે છે તે વાત સમજી ગયા છે. સરકાર પોતે કહે છે કે તે હવે કોઈ પણ કટોકટીને પહોંચી વળવા પૂરેપૂરી તૈયાર છે. સુધારા મેળવવાની પદ્ધતિનો વિચાર કરીએ તો સત્યાગ્રહ જેવું આંદોલન, સમાજમાં એક નૈતિક ક્રાંતિ કરવાના હેતુથી યોજવામાં આવેલું હોઈ, અવિચારી અથવા અજ્ઞાન લોકો એનો દુરુપયોગ કરશે એવા કાલ્પનિક ભયથી બંધ રાખી શકાય નહીં. સાથે સાથે આવો કોઈ દુરુપયોગ ન થાય તે માટે આપણે શકય તેટલી તમામ સાવધાની રાખવી જોઈએ. એટલે સવિનયભંગની લડત ક્યારે શરૂ કરવી, કયા કયા સત્યાગ્રહીઓએ એમાં ભાગ લેવો અને તેમણે કેવી રીતે સવિનયભંગ કરવો, એ બધી બાબતોનો નિર્ણય કરવાની સત્તા મને આપવામાં આવે એવી દરખાસ્ત હું સભામાં મૂકીશ. હું એવો પણ વિચાર કરી રહ્યો છું કે સવિનયભંગની લડત અમુક વિસ્તારો તથા અમુક વ્યક્તિઓ પૂરતી મર્યાદિત રાખવી. બાકીના સત્યાગ્રહીઓ તેમને સોંપવામાં આવેલાં કામ બજાવીને આ લડતમાં પોતાનો ફાળો આપી શકશે.

**મો. ક. ગાંધી**

[મૂળ અંગ્રેજી]

છબી પરથી: એસ. એન. ૬૬૪૯

## ૩૩૪. એસ. ટી. શેપર્ડને પત્ર

લેબર્નમ રોડ,
મુંબઈ,
જૂન ૧૨, ૧૯૧૯

વહાલા મિ. શેપર્ડ,[૧]

આ સાથે *યંગ ઇન્ડિયા*નો થોડો ભાગ આપને મોકલું છું. એમાં બાબુ કાલીનાથ રૉયના મુકદ્દમાનો ઉલ્લેખ છે. હું આશા રાખું છું કે આપ સમય કાઢીને આ મુકદ્દમાનો અભ્યાસ કરી લેશો. અને જો શ્રી રૉયને ઘોર અન્યાય થયાનો મારો અભિપ્રાય આપને સાચો લાગે તો આપ એમને છોડાવવાની હિલચાલમાં ભાગ લેશો. આ કામમાં ટેકો મેળવવા મુંબઈ બહારના થોડાક મિત્રોને પણ મેં એક પરિપત્ર[૨] મોકલ્યો છે તેની નકલ પણ આ સાથે બીડું છું. શ્રી રૉયને છોડાવવાનું આંદોલન કેવી રીતે ચલાવવું તેનું માર્ગદર્શન એ પત્રમાંથી મળી રહેશે.

આપનો સહૃદયી
**મો. ક. ગાંધી**

[મૂળ અંગ્રેજી]

છબી પરથી: એસ. એન. ૬૬૪૭

૧. તંત્રી, *ટાઇમ્સ ઑફ ઇન્ડિયા*, મુંબઈ.

૨. જુઓ "કાલીનાથ રૉયના કેસ અંગે પરિપત્ર", ૧૧-૬-૧૯૧૯.

Gandhi Heritage Portal

## ૩૩૫. મગનલાલ ગાંધીને પત્ર

મુંબઈ,
ગુરુવાર [જૂન ૧૨, ૧૯૧૯][1]

ચિ. મગનલાલ,

તમારો બીજો કાગળ મળ્યો છે.

ચિ. શામળદાસ ત્યાં આવશે. આજે રાજકોટ જાય છે. ત્યાં બે દિવસ રોકાઈને આશ્રમ પર આવશે. તેનો પગાર નક્કી નથી કર્યો. તેને હમણાં તો કામ સોંપજો. અરસપરસ અનુભવ લઈને પગાર બાંધજો. ઝીણા ઝીણા બીજા ઘણા વ્યવસાયો ત્યાં છે એ હું જાણું છું. તેમાંથી નીકળીને મુખ્ય વસ્તુને ઓળખી લેવી એને જ હું ધગશ કહું છું. તે આપી અપાતી નથી. તે પેદા થાય ત્યારે બીજું થઈ જ શકતું નથી.

ભાઈ નરહરિએ તરજુમો લખવાની ના લખી તે યથાર્થ છે. સાગે ઘેલાં થશું ત્યારે જ આપણે સિદ્ધિ મેળવશું. તરજુમાને સારુ ત્યાં મોકલવાનું મેં જ કહેલું પણ સૂતરની પાછળ ભલે બીજાં બધાં કામ બંધ રાખે.

ઈમામ સાહેબની બરદાસ કોણ કરશે? દુર્ગાબહેનનો વાંસો પાછો દુખે છે. તેનું ઔષધ કયુનો બાથ અને સાદા ખોરાકથી સારું બીજું નથી. મથુરા મોકલવાની તજવીજ કરીશ.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્ર પરથી: સી. ડબ્લ્યુ. ૫૭૭૦
શ્રીમતી રાધાબહેન ચોધરીના સૌજન્યથી

## ૩૩૬. ઈ. ડબ્લ્યુ. ક્રિચલીને પત્ર

લેબર્નમ રોડ,
મુંબઈ,
જૂન ૧૩, ૧૯૧૯

વહાલા મિ. ક્રિચલી,[2]

આ સાથે આપને યંગ ઇન્ડિયાનો થોડો ભાગ મોકલી આપું છું. એમાં બાબુ કાલીનાથ રૉયના મુકદ્દમાનો ઉલ્લેખ છે. આ બાબતમાં મેં એક જાહેર પત્ર પ્રગટ કર્યો છે તેની નકલ પણ મોકલું છું. હું ઇચ્છું છું કે હું આપને આ મામલામાં રસ લેતા કરી શકું. આમાં ઉઘાડો અન્યાય થયેલો છે એવા મારા અભિપ્રાય સાથે આપ સંમત થશો એવું હું માનું છું.

આપનો સહૃદયી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી: એસ. એન. ૬૬૫૦

૧. સ્પષ્ટ છે કે આ પત્ર મગનલાલ ઉપરના ૧૫મી જૂન, ૧૯૧૯ના પત્ર પહેલાં લખાયો હતો, કેમ કે એ પત્રમાં ગાંધીજીએ એવો ઉલ્લેખ કર્યો છે કે શામળદાસ એ તારીખે અમદાવાદ આવવાનો સંભવ છે.

૨. શિલ્પશાસ્ત્રી, ફોર્ટ, મુંબઈ.

Gandhi Heritage Portal

# ૩૩૭. ઈ. એસ. મૉન્ટેગ્યુને પત્ર

લેબર્નમ રોડ,
મુંબઈ,
જૂન ૧૪, ૧૯૧૯

વહાલા મિ. મૉન્ટેગ્યુ,

સર પ્રભાશંકર પટ્ટણી[1] મારફતે આપને મોકલેલા સંદેશા સાથે મેં એ પણ કહેવડાવ્યું હતું કે એમની સાથે મેં ચર્ચેલા વિષયો અંગે હું કદાચ આપને પત્ર લખીશ. પરંતુ આપની અનેકવિધ પ્રવૃત્તિઓમાં મારાથી બને તો આપને વિશેષ તસ્દી આપવાની મારી ઇચ્છા નહોતી, એટલે આજ સુધી હું રોકાઈ ગયો છું. તેમ છતાં શ્રી શાસ્ત્રિયાર મારફતે તેમ જ ડૉ. સર સ્ટૅનલી રીડ મારફતે પણ મેં આપને બીજો સંદેશો તો મોકલ્યો જ હતો.

આપે મારા નામનો કૃપાભર્યો ઉલ્લેખ કર્યો અને હું ભવિષ્યમાં વધારે જવાબદારીપૂર્વક વર્તીશ, એવી પણ આશા આપે વ્યક્ત કરી છે તેથી મારે આ પત્ર લખવો પડે છે. આપ અને હું બંને જે સામ્રાજ્યના નાગરિકો છીએ તેના હિતમાં આપણને બંનેને સરખો રસ છે. એટલા જ ખાતર હું આપને આ પત્ર વાંચવા થોડી મિનિટો કાઢવા વિનંતી કરું છું.

હું આપને ખાતરી આપવા માગું છું કે મેં જે કંઈ કર્યું છે તે પૂરેપૂરો વિચાર કરીને તથા જવાબદારીના પૂરા ભાન સાથે કર્યું છે. સરકાર વિરુદ્ધ લોકોમાં આટલો ઊંડો અને વ્યાપક રોષ વ્યાપ્યો છે એનો મને સહેજ પણ ખ્યાલ નહોતો. રવિવારને દિવસે દેખાવ કરવાનું અને ઉપવાસ કરવાનું સૂચન જ્યારે મેં કર્યું, ત્યારે મેં માનેલું કે ઘણાખરા લોકો મને પાગલ સમજશે અને હસી કાઢશે. પરંતુ રોષે ભરાયેલી જનતાના ધાર્મિક ભાવના પર આ વિચારની અસર થઈ. એણે માની લીધું કે આવા કોઈ દેખાવ અને તપશ્ચર્યાના કાર્ય દ્વારા જ આપણો ઉદ્ધાર થઈ શકશે. મારા એલાનને આવો સાર્વત્રિક આવકાર મળશે એવું મેં કલ્પ્યું નહોતું. એ જ રીતે દિલ્હીમાં સરકાર ગોળીબાર કરશે (મારા અભિપ્રાય પ્રમાણે આ ગોળીબાર બિલકુલ બિનજરૂરી હતો), મને ગિરફતાર કરી હદપાર કરવામાં આવશે, તથા બીજા અનેક લોકો પર હદપારીના તથા નજરકેદના હુકમો છૂટશે એવું પણ મેં કલ્પ્યું નહોતું. હું કાંઈ સવિનયભંગ કરવા માટે દિલ્હી જતો નહોતો. હું તો દિલ્હીના નેતાઓના બોલાવવાથી ત્યાંના લોકોને શાંત પાડવા માટે જતો હતો. અને ત્યાંથી એવા જ કાર્ય માટે હું પંજાબ જનાર હતો. ડૉ સત્યપાલ અને ડૉ. કિચલુને પકડવામાં આવ્યા એ મોટામાં મોટી અને ગુનાહિત ગણાય એવી ભયંકર ભૂલ થઈ હતી. પંજાબની સરકાર આવી પાગલ બનશે અથવા એ સરકારના પગલાને મંજૂર રાખનાર હિંદ સરકાર આવી કમજોર નીવડશે એવું માનવાને મારી પાસે કશું કારણ નહોતું. બંને સરકારો જાણતી હતી કે હું શાંતિ સ્થાપવાના ઉદ્દેશથી જઈ રહ્યો હતો અને એ બંનેએ જાણવું જોઈતું હતું કે સત્તાવાળાઓનાં દિલ્હીનાં અને અમૃતસરનાં કૃત્યોને કારણે પહેલેથી જ ઉશ્કેરાઈ રહેલી

૧. ૧૮૬૨–૧૯૩૭; ભૂતપૂર્વ ભાવનગર રાજ્યના દીવાન; ઇન્ડિયા કાઉન્સિલના સભ્ય, ૧૯૧૭–૧૯; એ પછી ભાવનગર રાજ્યના ઍડમિનિસ્ટ્રેટર, ૧૯૨૦–૩૭.



Gandhi Heritage Portal

જનતાને એ બે દાક્તરોની અને મારી ગિરફતારી કોપાયમાન કરી મૂકશે. આપ ખાતરીથી માનજો કે જો આવી ભયંકર ભૂલો ન થઈ હોત તો લોકોનાં ટોળાંએ જે નિર્દય કામો કર્યાં તે કદી થયાં ન હોત. અમદાવાદમાં જે રોષ ફાટી નીકળ્યો તે ખાસ કરીને બીજા કોઈ કારણે નહીં પરંતુ અંગત હતો. મારી ગિરફતારીની વાત સાંભળીને અને અનસૂયાબહેનના પકડાયાની અફવા સાંભળીને લોકો પોતાની જાતને કાબૂમાં રાખી શક્યા નહીં.

આમ છતાં લોકોએ કરેલાં ગુનાહિત દુષ્કૃત્યોની, વાજબી રીતે મારે શિર આવતી જવાબદારી મેં સ્વીકારી લીધી છે. પરંતુ હું જેને મારો ધર્મ માની બેઠો છું તેને માટે કે તેના પ્રચાર માટે મને પસ્તાવો થતો નથી. જ્યારે માણસો જુએ છે કે કંઈક અન્યાય થઈ રહ્યો છે અને તેને બીજી કોઈ રીતે દૂર કરી શકાય તેમ નથી, ત્યારે કોઈક રીતે કાનૂનભંગ કરવાનો એમનો હક્ક છે અને એમની ફરજ પણ છે. આવા સંજોગોમાં મોટે ભાગે લોકો ગુનાહિત કાનૂનભંગને માર્ગે વળે છે. હું માનું છું કે બધા જ દાખલાઓમાં આ માર્ગ લેવો એ ખોટું છે. સુધારાઓ મેળવવાના એક સાધન તરીકે ગુનાહિત કાનૂનભંગને બદલે સવિનય કાનૂનભંગ દાખલ કરવા હું છેલ્લાં ૧૨ વર્ષથી સતત પ્રયત્ન કરતો આવ્યો છું. તેમાં મને વત્તેઓછે અંશે સફળતા મળી છે. અને જો આ સિદ્ધાંત લોકોમાં પૂરતા પ્રમાણમાં પ્રચાર પામ્યો હોત તો તેમણે કોઈ પણ સંજોગોમાં હિંસા આચરી ન હોત. સત્યાગ્રહનો જન્મ થયો છે એથી જ તોફાનો અમુક સ્થળોની હદમાં મર્યાદિત રહ્યાં છે અને એથી જ કાયદો તથા વ્યવસ્થા જાળવવામાં આટલી મોટી મદદ મળી છે.

હું આપને નમ્રપણે ખાતરી કરાવવા માગું છું કે જ્યાં સુધી રૉલેટ કાયદો રદ નહીં થાય અને મુસલમાનોની લાગણીઓને સંતોષવામાં નહીં આવે ત્યાં સુધી હિંદુસ્તાનમાં શાંતિ સ્થપાવાની નથી. હું એમ પણ સૂચવવાની ધૃષ્ટતા કરું છું કે આપ જે તપાસ સમિતિ નામવાનો વિચાર કરી રહ્યા છો તેમાં પંજાબની લશ્કરી અદાલતે ફરમાવેલી સજાઓ ફરી તપાસી જવાના મુદ્દાનો પણ સમાવેશ થવો જોઈએ.

સૌ કોઈના વિરોધની સામે થઈને રૉલેટ કાયદો ચાલુ રાખવાની આ વાત રાષ્ટ્રનું અપમાન કરવા બરાબર છે. રાષ્ટ્રનું સ્વમાન સંતોષવા માટે એ કાયદો નાબૂદ કરવાનું જરૂરી છે. મુસલ-માનોની ધાર્મિક લાગણીને સંતોષવા માટે એમની સાથે સમાધાન કરવું જરૂરી છે. સુધારા આપતાં પહેલાં અથવા તેની સાથે સાથે જો આ બે મુદ્દાઓ વિષે જાહેરાત કરવામાં નહીં આવશે તો સુધારા નિષ્ફળ જ નીવડશે.

અંતમાં, સુધારા બિલના બીજા વાચન વખતે આપે આપેલા મહત્ત્વના અને ઉદારતાભર્યા ભાષણ માટે હું આપને મુબારકબાદી આપું છું. હું જાણું છું કે હિંદુસ્તાનભરમાં એને હર્ષનાદથી વધાવી લેવાશે. હું આશા રાખું છું કે બિલ તથા એને અંગેનાં નિયમનો આપના ભાષણના ઉચ્ચ ધોરણને બંધબેસતાં નીવડશે.

હું છું
આપનો સહૃદયી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી: એસ. એન. ૬૬૫૮

Gandhi Heritage Portal

## ૩૩૮. એચ. એસ. એલ. પોલાકને પત્ર

લેબર્નમ રોડ,
મુંબઈ,
જૂન ૧૪, ૧૯૧૯

પ્રિય ભાઈ હેનરી,

હું તમારા કામના બોજામાં થોડો વધારો કરી રહ્યો છું. આ અઠવાડિયાના યંગ ઇન્ડિયાના બંને અંકો તમે વાંચી જશો. તમારે નીચેની બાબતો વિષે ધ્યાન આપવાનું છે:

૧. દક્ષિણ આફ્રિકાની પરિસ્થિતિ

૨. રૉલેટ કાયદો

૩. દેશી રાજ્યોના પ્રજાજનોનો દરજ્જો (યંગ ઇન્ડિયામાં પ્રસિદ્ધ થયેલો વ્યાસનો કિસ્સો[૧] વાંચી જશો)

૪. પંજાબની તપાસ, સજાઓમાં ફેરફાર કરવાની સત્તા સાથે.

૫. કાલીનાથ રૉયની જેલમુક્તિ

આમાં છેલ્લી બાબત હાલ સૌથી વધારે તાકીદની છે. કાલીબાબુ બીમાર છે અને જેલનાં કષ્ટો વેઠવા અસમર્થ છે. વ્યાસનો કિસ્સો એક ઘણો મહત્ત્વનો મુદ્દો ઊભો કરે છે. સર પ્રભાશંકર પટ્ટણીને મળજો. જો રૉલેટ કાયદો વખતસર પાછો નહીં ખેંચાય તો જુલાઈ માસમાં સત્યાગ્રહ શરૂ કરવાનો મારો ઇરાદો છે. કહેવાની જરૂર ન હોય કે હિંસા ફાટી ન નીકળે તે માટે હું બધી તકેદારી રાખીશ. વિશેષ પાછળથી લખીશ.

પ્યાર સાથે,

તમારો
**ભાઈ**

[તા. ક.]

આ સાથે મિ. મૉન્ટેગ્યુને લખેલા મારા પત્રની નકલ છે. તે જાહેરમાં મૂકવાની નથી.

[મૂળ અંગ્રેજી]

છબી પરથી: જી. એન. ૩૭૯૩

૧. જુઓ "એન. પી. કોવીને પત્ર", ૨૫-૫-૧૯૧૯.

Gandhi Heritage Portal

## ૩૩૯. મગનલાલ ગાંધીને પત્ર

મુંબઈ,
જૂન ૧૫, ૧૯૧૯

ચિ. મગનલાલ,

ચિ. શામળદાસ આજે ઘણું કરીને આવશે એમ તો હું કાલે લખી ગયો. શામળદાસની સાથે મારી આ શરત છે કે શામળદાસે જરૂર પડતું વણાટકામ શીખી લેવું અને વણાટકામને લગતું જે કામ કરવું જોઈએ તે કામ કરવું. તેને સારુ જ્યાં ફરવું જોઈએ ત્યાં ફરવું. મારી ઉમેદ એવી છે કે શામળદાસ આખા હિંદુસ્તાનના કારીગરોથી વાકેફ થઈ જાય, તેઓની પાસેથી કામ લે અને લાયક માણસોને શોધી કાઢે. બૈરાંઓ જે કાંતવાનું કામ કરે તેવાં બૈરાંને પણ શોધી કાઢે. આ બધું કરવાની તેનામાં શક્તિ છે એમ હું માનું છું. મારી બીજી શરત એવી છે કે શાંતિને આશ્રમમાં લાવવો. શાંતિ તો આશ્રમમાં રહે પણ નંદકોરભાભી આશ્રમમાં રહે એમ મને નથી લાગતું અને શામળદાસને પણ નથી લાગતું. જો હું છૂટો રહું અને એમને રીઝવીને અને આશ્રમમાં કેવળ ધર્મપ્રવૃત્તિ છે એવું સમજાવીને લાવી શકું તે જુદી વાત છે. પણ દરમિયાન શામળદાસે તો નંદકોરભાભીની[1] સાથે જ રહેવું પડશે. મને લાગે છે કે મિયાંખાન-વાળા બંગલામાં નોખી કોટડીઓ છે તે શામળદાસ ભાડે લઈ શકશે. એ સિવાય બીજું મકાન પણ મળી શકશે એમ અનસૂયાબહેન કહે છે. આમાં જે તજવીજ કરવી ઘટે તે કરજો. નંદકોર-ભાભી ૧૫-૨૦ દિવસમાં ત્યાં આવવાને તૈયાર થશે તેમ શામળદાસ માને છે. શામળદાસની મારી સાથેની શરત તે આ છે કે શામળદાસને રૂ. ૮૦-૯૦ સુધી દર માસે પૂરા પાડવા. એ પ્રમાણે શામળદાસને માંડી આપશો. એટલું દાક્તર મહેતાની પાસેથી હું લઈ શકીશ એમ માનું છું. શામળદાસને આશ્રમની પ્રવૃત્તિમાં ગૂંથાઈ જવા જેવું કરી મૂકવું એ તમારા, છગન-લાલના અને શામળદાસના પોતાના હાથમાં છે. મારી પાસેથી જે મદદ જોઈએ એ માગજો. એ ત્રણે ભાઈઓ મારા કામમાં જ જોડાઈ જાય એ મારી તીવ્ર ઇચ્છા છે. રણછોડનો બહુ સરસ કાગળ આવ્યો છે. રણછોડ લખે છે કે એને પરીક્ષા આપવાનો તો મોહ છે એટલે એ મારે પાર પાડવા દેવો. પણ બી. એ. થયા પછી તો એ મારી પાસે જ આવી જશે એવી એને ખાતરી છે. મારી બધી પ્રવૃત્તિ તેને પસંદ છે એ વિષે એને જરાયે શક નથી. રણછોડની ભાષા ઘણી સુંદર છે. એ ઉપરથી હું જોઉં છું કે તેણે ગુજરાતી સુધારી છે.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

ગાંધીજીએ લખાવેલા તેમની સહીવાળા મૂળ પત્રની છબી પરથી: એસ. એન. ૬૬૬૧

૧. લક્ષ્મીદાસ ગાંધીનાં વિધવા.

Gandhi Heritage Portal

## ૩૪૦. ગંગાબહેનને પત્ર

"મણિભુવન,"
લેબર્નમ રોડ,
ગામદેવી, મુંબઈ,
રવિવાર, જેઠ વદ ૨ [જૂન ૧૫, ૧૯૧૯]

વહાલાં બહેન,

આજથી અહીં કાંતવાનું શીખવવાની નિશાળ શરૂ થઈ છે. હમેશાં બારથી ત્રણ વાગ્યા સુધી ચાલશે. આપ આવશો એવી હું ઉમેદ રાખું છું. બહેન રમીબાઈએ મને હાથનું વણેલું કપડું બતાવ્યું છે એ બહુ સરસ છે.

મોહનદાસ ગાંધીના
વંદે માતરમ્

ગં. સ્વ. બહેન ગંગાબાઈ[1] મેઘજી
કાનજી કરસનદાસના માળામાં,
હોળી ચકલો,
ફૉર્ટ, મુંબઈ.

[મૂળ ગુજરાતી]

ગાંધીજીએ લખાવેલા તેમની સહીવાળા મૂળ પત્ર પરથી: સી. ડબ્લ્યુ. ૫૭૩૬
શ્રીમતી ગંગાબહેન વૈદ્યના સૌજન્યથી

## ૩૪૧. ઝફ્ર-ઉલમુલ્ક અલવીને[2] પત્ર

[જૂન ૧૫, ૧૯૧૯ પછી]

આપના ૧૫મી તારીખના પત્ર બદલ આપનો આભારી છું. સૈયદ ફઝલ-ઉલ-રહમાનની સજા વિરુદ્ધ કરવામાં આવેલી અપીલની કાર્યવાહીના સમાચાર આપ મને જરૂર આપતા રહેશો.

આપે લખનૌનો જે ચિતાર મને આપ્યો છે તેવો જ ચિતાર મને હિંદુસ્તાનના લગભગ દરેક ભાગનો મળી રહ્યો છે. પરંતુ એનાથી હું હતાશ થતો નથી, કેમ કે હવે આપણને સાચો દૃષ્ટિકોણ મળી ગયો છે. જો આપના કહેવાની મતલબ એવી હોય કે ત્યાં આપને સામાજિક અને રાજકીય ભંગાણ વચ્ચે એકલા ઊભા રહેવું પડે છે, તો આપ મુંબઈ ચાલ્યા આવો. અને અહીં જે રચનાત્મક કાર્યક્રમ ઘડાઈ રહ્યો છે તેમાં ભાગ લો. રમજાન પૂરો થવાની તૈયારીમાં છે. એટલે હું ધારું છું કે તે પછી આપ સહેલાઈથી લખનૌની બહાર નીકળી શકશો.

આપનો સહૃદયી
મો. ક. ગાંધી

૧. આ બહેન પાછળથી સત્યાગ્રહ આશ્રમમાં જોડાયાં હતાં અને એની વ્યવસ્થાપક સમિતિનાં સભ્ય હતાં.
૨. અલનઝીર પત્રના તંત્રી.

Gandhi Heritage Portal

[તા. ક.]

આપે માગેલું સાહિત્ય આપને પહોંચાડવાની જરૂર વ્યવસ્થા કરીશ. આપને યંગ ઇન્ડિયા મળ્યા કરે છે?

[મૂળ અંગ્રેજી]

બૉમ્બે સિક્રેટ ઍબ્સ્ટ્રૅક્ટ્સ, ૧૯૧૯, પા. ૯૦૧-૨

મહારાષ્ટ્ર સ્ટેટ કમિટી ફૉર ધિ હિસ્ટરી ઑફ ધિ ફ્રીડમ મૂવમેન્ટ ઇન ઇન્ડિયાના સૌજન્યથી

## ૩૪૨. સ્વદેશીનું વ્રત[1]

સોમવાર, જૂન ૧૬, ૧૯૧૯

આ પત્રિકા પ્રસિદ્ધ કરવાનું આટલા દિવસ સુધી અમે જાણીબૂજીને લંબાવ્યા કર્યું હતું. કારણ એ હતું કે આ વ્રતને વધારે વ્યાપક પ્રસિદ્ધિ અપાતાં પહેલાં, એના પર સહી કરવા માગતા લોકોને કાપડ મળી રહે એવો કંઈક પ્રબંધ થવો જોઈએ એમ અમને લાગતું હતું.

શ્રી નારણજી પુરુષોત્તમે અહીંના સ્વદેશી કો-ઑપરેટિવ સ્ટોર્સના ભૂતપૂર્વ વ્યવસ્થાપક શ્રી વિઠ્ઠલદાસ જેરાજાણીનો સહકાર મેળવી લીધો છે. એમણે પોતાની મૂડી રોકી એક શુદ્ધ સ્વદેશી વસ્ત્રભંડાર ખોલવાનો નિર્ણય કર્યો છે. આ ભંડારનો ઉદ્‌ઘાટન સમારંભ આવતા બુધવારે થશે. એમાંથી કોઈ પણ વ્યક્તિ દેશી રૂ, ઊન કે રેશમમાંથી કાંતેલા સૂતરનું બનેલું શુદ્ધ સ્વદેશી કાપડ ખરીદી શકશે. સર્વશ્રી નારણદાસ અને જેરાજાણીએ પ્રતિજ્ઞા લીધી છે કે તેઓ પડતર કિંમત પર પાંચ ટકાથી વધારે નફો લેશે નહીં. વેચાણ નક્કી કરેલા ભાવે જ થાય એની સખત તકેદારી રાખવામાં આવશે. આ સજ્જનોએ એવી પણ પ્રતિજ્ઞા લીધી છે કે તેઓ હાથે કાંતેલા સૂતરમાંથી હાથે વણેલા કાપડ પર નફાના રૂપમાં કશું પણ લેશે નહીં.

આમ આપણા વ્રતની વ્યાખ્યા પ્રમાણેનું શુદ્ધ સ્વદેશી કાપડ, તેમ જ શુદ્ધ સ્વદેશી કહી શકાય એવું એકમાત્ર કાપડ જે હજી વ્રત લેનારા મોટા ભાગના લોકોને પૂરતા પ્રમાણમાં મળી શકતું નથી, તે હવે આવતા ગુરુવારથી આ ભંડારમાંથી વેચાતું મળી શકશે. આ ભંડાર વેપારી દૃષ્ટિથી નહીં પરંતુ શુદ્ધ દેશપ્રેમની ભાવનાથી ચલાવવાનો છે, એટલે એમાં આપણા સ્વદેશી વ્રત ૧ અને ૨ માટે જરૂરી હોય એવા કાપડ સિવાય બીજી કોઈ ચીજ વેચાશે નહીં. આવી પદ્ધતિએ ચાલતી દુકાનો સ્થપાશે અને જનતા એમને હાર્દિક સહકાર આપશે ત્યારે જ સ્વદેશીને વાસ્તવિક ઉત્તેજન મળશે. અમે આશા રાખીએ છીએ કે બીજા ઉદારદિલ વેપારીઓ શ્રી નારણજી પુરુષોત્તમના દૃષ્ટાંતનું અનુકરણ કરશે અને સ્વદેશીનું વ્રત લેનારા લોકોને અનુકૂળતા કરી આપશે.

પરંતુ એટલી વાત બરાબર ધ્યાનમાં રાખવી જોઈએ કે માત્ર સ્વદેશી ભંડારો ખોલવાથી જ કાંઈ સ્વદેશીના ઉદ્દેશો સિદ્ધ થવાના નથી. સ્વદેશીના પ્રચારનો મોટો ઉદ્દેશ એ છે કે દેશનો પૈસો દેશ બહાર જતો અટકે. પરદેશી કાપડ આ દેશમાં આવતું બંધ થાય અને દેશમાં વધારે

૧. મૂળ લખાણમાં લખ્યું છે કે આ બીજી પત્રિકા હતી. પહેલી પત્રિકા માટે જુઓ "સ્વદેશીનું વ્રત", ૧૩-૫-૧૯૧૯.

Gandhi Heritage Portal

કાપડ પેદા થાય ત્યારે જ આ ઉદ્દેશ સિદ્ધ થાય. આ સંબંધમાં ધ્યાનમાં રાખવા જેવી હકીકત એ નથી કે આ દેશમાં તૈયાર થયેલું સ્વદેશી કાપડ, ખરીદનારને અભાવે વેચાયા વિનાનું પડી રહે છે. હકીકત તો એ છે કે આપણી જરૂરિયાતો પૂરી પડે એટલું કાપડ આપણે ઉત્પન્ન જ કરતા નથી. એટલે સ્વદેશીનું વ્રત લેનાર પ્રત્યેક પુરુષ અને સ્ત્રીએ પોતાની સામે એક ધ્યેય રાખવું જોઈએ કે દરેક સ્ત્રી અગર પુરુષે પોતાને જોઈતું કાપડ જાતે તૈયાર કરી લેવું અથવા બીજા કોઈ પાસે તૈયાર કરાવી લેવું. જો લાખો સ્ત્રીપુરુષો આ પ્રમાણે કરે તો આપણા દેશમાંથી બહાર જતા ઘણા પૈસા દેશમાં જ રહી જાય અને આપણા ગરીબ લોકોને કાપડના જે ઘણા મોંઘા દામ ચૂકવવા પડે છે તે પણ બચી જાય. આ રીતે વિચારતાં એટલું સ્પષ્ટ થાય છે કે વધારે સ્વદેશી કાપડ ઉત્પન્ન કરનાર અથવા ઉત્પન્ન કરવામાં મદદ કરનાર વ્યક્તિ કેવળ સ્વદેશી કાપડ વાપરી સંતોષ માનતી વ્યક્તિ કરતાં સ્વદેશીને વધારે મદદ કરે છે.

કાપડનું ઉત્પાદન દેશમાં કેવી રીતે વધારી શકાય તેનો હવે આપણે વિચાર કરીએ. આ માટે ત્રણ માર્ગો છે: (૧) વધારે મિલો શરૂ કરવી; (૨) પરદેશી સૂતર ખરીદીને એને હાથ-સાળો ઉપર વણવું; (૩) જાતે કાંતેલા અથવા આપણા પોતાના દેશમાં બીજા કોઈ પાસે કંતાવેલા સૂતરનું કાપડ જાતે વણવું અથવા બીજા પાસે વણાવવું.

યંત્રથી બનેલા કાપડ વિરુદ્ધના મારા વિચારોને બાજુએ રાખીએ તોપણ એટલું તો સમજી શકાય એવું છે કે આપણે ઇચ્છીએ તેટલી ઝડપથી મિલો ઊભી કરવાનું કામ સહેલું નથી. મિલને માટે મકાનો ઊભાં કરવાં, પરદેશથી યંત્રો મંગાવવાં અને મજૂરો મેળવવા, એમાં થોડો-ઘણો સમય તો જરૂર જવાનો. એટલે ઘડીભર માની લઈએ કે મિલો ઊભી કરવા માટે જરૂરી મૂડી મેળવવામાં કશી મુશ્કેલી પડવાની નથી, તોપણ નવી મિલો સ્થાપીને પણ આપણે માટે આપણા કાપડના અનામત જથ્થામાં ઉમેરો કરવાનું શક્ય નથી.

પરદેશથી સૂતર મંગાવીને તેમાંથી કાપડ વણવાનું અવશ્ય બની શકે એવું છે. અને સ્વદેશીનું બીજું વ્રત એવા વિચારથી યોજવામાં આવ્યું હતું કે સ્વદેશી કાપડ બિલકુલ ન વાપરવા કરતાં પરદેશી સૂતરમાંથી આપણા જ દેશમાં વણાયેલું કાપડ વાપરીને કંઈ નહીં તો થોડા પૈસા પણ દેશ બહાર જતા બચાવી લેવા એ વધારે સારું છે.

પરંતુ આ વિષે જેમ જેમ હું વધારે વિચાર કરું છું તેમ તેમ મને એમાં વધારે જોખમો દેખાય છે. લાખો માણસોને પૂરું પડે એટલું કાપડ ઉત્પન્ન કરવા માટે જોઈતું સૂતર જો આપણે પરદેશથી મંગાવીએ તો પરદેશી સૂતરના ભાવો એટલા બધા વધી જવા સંભવ છે કે એ ભાવવધારો અહીં આપણે મજૂરીના જે દર ચૂકવવા પડે તેના જેટલો જ થઈ જાય. એનો અર્થ એવો થાય કે આપણે માત્ર પાછા પડવા માટે જ આગળ ગયા હતા. એટલે જો આપણે આમાંથી કોઈ રસ્તો શોધી શકીએ તો પરદેશી સૂતર ઉપર આપણે આધાર રાખવો નહીં પડે.

આમાંથી આપણને ત્રીજો માર્ગ મળે છે: એટલે કે સૂતર અહીં કંતાવવું અને તેને હાથસાળો ઉપર વણાવવું. આ જ ખરો રાજમાર્ગ છે અને આપણા ધ્યેય સુધી પહોંચાડનારો સૌથી વધુ ખાતરીવાળો માર્ગ છે. જો લોકો આ માર્ગ અપનાવે તો આપણે ઓછામાં ઓછી મહેનતે અને ટૂંકામાં ટૂંકા વખતમાં આપણા ધ્યેય સુધી પહોંચી શકીશું. એનાથી હજારો લોકોને એક સ્વતંત્ર ધંધો પણ હાથ લાગશે, અને લાખો ગરીબ સ્ત્રીઓ અને વિધવાઓને પોતાને ઘરે બેસીને ચલાવી શકાય એવું આજીવિકાનું એક સાધન મળી જશે. આ પ્રયોગને માટે બહુ મોટી મૂડીની જરૂર નહીં પડે; પરંતુ એને સફળ બનાવવા માટે બે બાબતોની અચૂક જરૂર પડશે.

Gandhi Heritage Portal

પહેલી જરૂર પડશે સંખ્યાબંધ સ્વયંસેવકોની. તેઓ બહુ ભણેલા કે બહુ બુદ્ધિશાળી હોવાની જરૂર નથી, પરંતુ એમનામાં પ્રામાણિકતા અને ખંત અનિવાર્યપણે હોવાં જોઈશે. કેળવણી અને બુદ્ધિચાતુર્ય ઇચ્છા કર્યે મળી શકતાં નથી, પરંતુ પ્રામાણિકતા અને ખંત તો માણસ ધારે તો કેળવી શકે છે. સ્વયંસેવકો બે રીતે ઉપયોગી થઈ શકે છે: (૧) તેઓ સૂતર કાંતવાનું અને વણ-વાનું અગર ફક્ત વણવાનું શીખી શકે છે; અને પોતાની મહેનતના થોડાક કલાક દેશને ચરણે ધરી શકે છે. અથવા (૨) કાંતતાં અને વણતાં આવડતું હોય તેવાઓને શોધી કાઢી તેમને લોકોના સંપર્કમાં લાવી શકે છે. જો આવા સંખ્યાબંધ સ્વયંસેવકો નીકળી પડે તો આપણે બહુ જ થોડા વખતમાં હજારો રૂપિયાની કિંમતનું કાપડ પેદા કરી શકીએ.

પરંતુ સ્વયંસેવકો કરતાં પણ વધારે મહત્ત્વની વસ્તુ તો દેશ માટેનો વિશુદ્ધ પ્રેમ અને એ પ્રેમને ખાતર કરવો પડતો કેટલીક સુખસગવડોનો ત્યાગ છે. કાંતવાની કળા એની અસલી કક્ષાએ પહોંચે અને ઝીણું મલમલ વણાય એવું બારીક સૂતર જોઈએ તેટલું પેદા થાય એને માટે તો અલબત્ત ઘણો લાંબો સમય લાગશે. એટલે હાલ તુરત તો શરૂઆત તરીકે સંખ્યાબંધ સ્ત્રીપુરુષો કાંતવાનું કામ શીખી શકે. મહાવરાથી અને કાળજીપૂર્વકના પ્રયાસથી ઝીણું સૂતર કાંતવાનું બની શકે એવું છે. દરમિયાનમાં હાથે કાંતેલા સૂતરમાંથી જેવું કાપડ બની શકે તેવા કાપડથી લોકોએ સંતોષ માનવો પડશે. જો લોકો આટલો નાનો ભોગ આપવા પણ તૈયાર નહીં હોય તો આપણે માટે સ્વદેશી જેવી મહાન પ્રતિજ્ઞા પાર પાડવાનું બની નહીં શકે. આપણા કાપડનો જથ્થો વધારવાની આ ત્રીજી રીત વિષે અમે અમારી હવે પછીની પત્રિકામાં કંઈક વધુ વિસ્તારથી ચર્ચા કરવાની ધારણા રાખીએ છીએ.

મો. ક. ગાંધી

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, १८–६–१९१९

## ૩૪૩. લાહોરમાં ચાલતા ડૉ. કિચલુના મુકદ્દમા અંગે કમિશનને આપેલી જુબાની

મુંબઈ,

જૂન ૧૬, ૧૯૧૯

લાહોરમાં માર્શલ લૉ કમિશન સમક્ષ ડૉ. કિચલુનો જે મુકદ્દમો ચાલી રહ્યો છે તે અંગે મુંબઈના મુખ્ય પ્રેસિડેન્સી મૅજિસ્ટ્રેટ, મિ. ઍસ્ટન સમક્ષ જુબાની આપવા મહાત્મા ગાંધીને સોમવારે બોલાવવામાં આવ્યા હતા.

શ્રી ગાંધીને પૂછવામાં આવ્યું કે તમારો ધંધો શો છે? તો તેમણે જવાબ આપ્યો કે હું એક ખેડૂત અને વણકર છું.

આ સાંભળી મિ. ઍસ્ટન જરા હસ્યા અને બોલ્યા: “આપને તો અહીં એક બૅરિસ્ટર તરીકે બોલાવ્યા છે.”

શ્રી ગાંધી: હું બૅરિસ્ટર હતો ખરો, પરંતુ હાલ હું એ ધંધો કરતો નથી.

મિ. ઍસ્ટને કહ્યું: હું આપને એક ખેડૂત, વણકર અને હાલમાં બૅરિસ્ટરનો ધંધો નહીં કરનાર વ્યક્તિ તરીકે વર્ણવીશ.

Gandhi Heritage Portal

આ પછી શ્રી ગાંધીને પૂછવામાં આવ્યું કે આપ ડૉ. કિચલુને ઓળખો છો? એના જવાબમાં એમણે કહ્યું કે હું ડૉ. કિચલુને પ્રત્યક્ષ ઓળખતો નથી. એમના વિષે જે કંઈ જાણું છું તે મને મળેલી માહિતીને આધારે છે. સત્યાગ્રહની ચળવળને રૉલેટ કાયદા સાથે કશો સંબંધ છે ખરો, એ સવાલનો શ્રી ગાંધીએ હકારમાં જવાબ આપ્યો. પછી એમને એવો પ્રશ્ન પૂછવામાં આવ્યો કે ડૉ. કિચલુ એક કાયદાપાલક પ્રજાજન છે એ વાત આપ જાણો છો? શ્રી ગાંધીએ કહ્યું કે હું એ કહી શકતો નથી. મને એ વાતની માહિતી નથી.

[મૂળ અંગ્રેજી]

बॉम्बे क्रॉनिकल, १७-६-१९१९

# ૩૪૪. મુંબઈમાં સ્વદેશી વિષે ભાષણ[1]

જૂન ૧૭, ૧૯૧૯

સ્વદેશી વિષેના જે વિચારો ઈ. સ. ૧૯૦૦માં છૂટાછવાયા જાહેરમાં મૂકતો હતો તે હવે હિંદુસ્તાનમાં રહી અનુભવ મેળવી દૃઢ થયા છે. જ્યાં સુધી આપણે શુદ્ધ સ્વદેશી વ્રત ન પાળી શકીએ ત્યાં સુધી આપણે સ્વરાજ્ય નથી મેળવી શકવાના. જેઓએ હિંદુસ્તાનનો ઈતિહાસ વાંચ્યો હશે તે તરત યાદ કરી શકશે કે હિંદમાં વલંદા, ફ્રેંચ અને અંગ્રેજ પ્રજા વેપાર કરવાના હેતુથી જ આવી હતી. તે વખતે આપણી પાસે નૌકાસૈન્ય નહોતું. પણ વેપારીઓનો કાફલો તો હતો જ. આપણા હિંદુસ્તાનની ધર્મવૃત્તિ સાબિત કરે છે કે હિંદે પોતાના વેપારનો બચાવ પોતાના કળાકૌશલ્યથી જ કીધો હતો. તે વખતે હિંદુસ્તાનમાં જેવું બારીક કાપડ બનતું હતું તેવું કાપડ બીજા દેશોમાં બનતું નહોતું. અને તેને લીધે જે પરદેશી વેપારીઓ હિંદમાં આવતા હતા. અગાઉ હિંદમાં થતું કોતરકામ એવું સારું અને નકશીદાર થતું હતું કે તેવું બીજા દેશોમાં થતું નહોતું. જેમ જેમ વધુ શોધો થતી જાય છે તેમ તેમ યુરોપી સાક્ષરો સાક્ષી પૂરે છે કે જે આપણા વેપારની રેખા હતી એ જ રેખામાં આપણાં શાસ્ત્રો ગયાં અને ધર્મશાસ્ત્રો પણ ગયાં છે. ત્રણે વેપારી પરદેશીઓની આંખો આ ઉપર પડી એટલે જ પોતાનાં વહાણો ભરીભરીને હિંદુસ્તાનમાંથી અજાયબીભરેલી ચીજો લઈ ગયા. તે વખતે હિંદુસ્તાનમાં એવી અજાયબીભરેલી ચીજો થતી કે જેથી તેઓને વહાણો ભરી ભરીને લઈ જવાની જરૂર જણાતી હતી. વળી હિંદુસ્તાનમાંથી મસાલો, તેમ જ વનસ્પતિની દવાઓ પણ પરદેશ ખાતે લઈ જતા હતા. જે હિંદુસ્તાન આવો વૈભવશાળી અને વેપારમાં આગળપડતો દેશ ગણાતો હતો તે જ હિંદની આજ હાલની સ્થિતિ થઈ છે. કારણ કે હાલમાં હિંદને જે જે ચીજોની જરૂર પડે છે તે તે ચીજો બહારથી મંગાવવાની ફરજ પડે છે. આના જેવી દશા બીજા દેશોની નહીં હોય.

આ અધોગતિનું મુખ્ય કારણ મને તો જણાય છે કે, આપણે સ્વદેશી ખોઈ બેઠા છીએ તે છે. અને તમે પણ જો વિચાર કરશો તો તે જણાશે. કારણ કે એક પણ દેશ એવો નહીં હોય કે જેની ઉન્નતિ સ્વદેશીનો ત્યાગ કરવાથી થઈ હોય. ઈંગ્લંડમાં ફ્રી ટ્રેડ દાખલ થયાને સૈંકડો વર્ષ થયાં નથી છતાં જે સ્થિતિ આપણે ભોગવી રહ્યા છીએ તે સ્થિતિ ઈંગ્લંડે કબૂલ નથી કરી.

૧. આ સભા કરનાક બંદર નજીક ભરવામાં આવી હતી; ગાંધીજી પ્રમુખસ્થાને હતા.

Gandhi Heritage Portal

ઑસ્ટ્રેલિયા, ન્યૂઝીલૅન્ડ અને સાઉથ આફ્રિકા કે જ્યાંનો મને અનુભવ છે તે દેશોના લોકો પોતાના દેશમાં બનેલી વસ્તુઓનો છૂટથી ઉપયોગ કરે છે અને પરદેશથી આવતી ચીજો પર પોતાની મનમાનતી જકાત નાખી શકે છે. કારણ કે તેઓને બહારથી આવતી ચીજો ઉપર આધાર રાખવાની જરૂર પડતી નથી. આપણા હિંદુસ્તાનમાં લોકોએ દેશનું રાજ્ય પણ સ્વદેશી ખોવાથી જ ગુમાવ્યું છે. મોગલાઈ બાદશાહી એ એક રીતે પરદેશી ગણાય છે છતાં પણ આજે હિંદુસ્તાન જે સ્થિતિ ભોગવી રહ્યું છે એવી સ્થિતિ મોગલાઈ બાદશાહીના સમયમાં ભોગવતું નહોતું. કારણ કે તે વખતે હિંદુસ્તાનના વેપાર ઉદ્યોગ હતા અને બાદશાહ લોકો પણ મોજશોખ ભોગવવા માટે જે જે સાધનો રાખતા તેમાં કારીગીરી આ દેશમાંથી લેવાતી હતી. જેથી આ દેશનો પૈસો આ દેશમાં જ રહેતો હતો. આપણે જૂનાં જૂનાં મકાનો જેવાં કે તાજમહાલ, કુતુબમિનાર જોઈએ છીએ કે જે નમૂનારૂપ છે તેને જોતાં જ આપણી અસલની જાહોજલાલી યાદ આવ્યા સિવાય રહેશે નહીં. જ્યારે આપણે સ્વદેશીનું સંપૂર્ણ પાલન કરીશું ત્યારે અંગ્રેજી રાજ્ય પણ પરદેશી મટી સ્વદેશી થઈ જશે. જ્યારે હિંદુસ્તાનના લોકો કોઈ પણ પરદેશી વસ્તુ બહારથી નહીં લે ત્યારે આપણો અને પરદેશીઓનો સંબંધ સ્વાર્થી નહીં પણ પરમાર્થી રહેશે. જો એક કૌટુંબિકપણું રાખીને પૃથ્વી પરના દેશોનું કલ્યાણ થતું હોય તો જ અંગ્રેજ પ્રજા આપણી સાથે તેવી રીતે વર્તી શકે. આપણે આપણો સ્વદેશી પાળવાનો ધર્મ પણ લાવી શકતા નથી. તો પછી અંગ્રેજો સાથે સરખામણી શી રીતે કરી શકીએ? સ્વદેશી એ આપણો મુખ્ય ધર્મ છે. એના વિના હિંદની ઉન્નતિ ઇચ્છવી આકાશકુસુમવત્ છે.

બંગાળની અંદર જ્યારે સ્વદેશી દાખલ થયું ત્યારે તે માટે બંગાળના લોકો તૈયાર ન હતા. વેપારીઓ પણ તૈયાર ન હતા. તે વખતે વિસ્તૃત સ્વદેશીનો ફેલાવો કરવાનું તેના નાયકોએ માથે લીધું હતું અને છોડી દીધું. કારણ કે એકદમ મોટો બાચકો ભરવા જતાં બધું ખોઈ બેઠા. આજે ૨૦૦ વર્ષોથી જે વસ્તુને આપણે ત્યાગી બેઠા છીએ તેને આપણે ફરીથી ગ્રહણ કરવી જોઈએ. જો આપણે બધી સ્વદેશી વસ્તુઓનું પાલન કરવાનું એકદમ કરીશું તો એમ જ થશે કે આપણે એક પણ વસ્તુનું પાલન કરી શકીશું નહીં. હું એવી વસ્તુ પ્રજા આગળ મૂકું છું કે જેને પ્રજા જીરવી શકે અને તેનું પાલન કરી શકે. આપણાં વસ્ત્રો જો આપણે સ્વદેશી જ રાખીએ તો કાપડમાં પરદેશ જતા ૬૦ કરોડ રૂપિયાનો આપણે અટકાવ કરી શકીએ. તે કાંઈ જેવું તેવું નથી.

શુદ્ધમાં શુદ્ધ સ્વદેશી વ્રત તો એ છે કે આપણી સ્ત્રીઓ, બહેનો અને બાળકોએ કાંતેલા સૂતરમાંથી બનાવેલું કાપડ પહેરવું.

મિલનું કાપડ પણ શુદ્ધ સ્વદેશી ન કહી શકાય. કારણ કે એનું સૂતર પરદેશમાં કીમતી સાંચામાં પરદેશી લોકોની બુદ્ધિ પ્રમાણે (તૈયાર થાય) છે. એટલે કે બધો આધાર પરદેશી ઉપર રાખવો પડે છે.

શુદ્ધમાં શુદ્ધ સ્વદેશી વ્રતના પાલન અર્થે કપડાં પૂરાં પાડવા માટેનો સ્વદેશી માલનો જથ્થો તમે ગુરુવારને દિવસે નારણદાસની દુકાને જોઈ શકશો. અત્યાર સુધી આપણે આળસુ છીએ. આપણને આપણા દેશ પર પ્રેમ નથી. તેથી જ આવી દશા થવાનું મુખ્ય કારણ છે. આપણા હિંદુસ્તાનમાં એક વખતે સંપૂર્ણ યંત્રોથી કામ ચાલી રહ્યું હતું કે જે સાંચાઓ આપણા દેશનો સાધારણ સુતાર એક દિવસમાં તૈયાર કરી શકે.

Gandhi Heritage Portal

ભાઈ નારણદાસ અને વિઠ્ઠલદાસ શુદ્ધ સ્વદેશી ભંડારને ચલાવશે અને આખા હિંદુસ્તાનમાં ફેલાવશે. હું ઇચ્છું છું કે તમો આ શુદ્ધ સ્વદેશી ભંડારનો લાભ લેશો.

[મૂળ ગુજરાતી]

ગુજરાતી, ૨૨-૬-૧૯૧૯

## ૩૪૫. એસ. આર. હિગનેલને પત્ર

લેબર્નમ રોડ,
મુંબઈ,
જૂન ૧૮, ૧૯૧૯

વહાલા મિ. હિગનેલ,

સંભવ છે કે આ પત્ર વાંચતા નામદાર સાહેબને દુઃખ થશે. પરંતુ મને ભય છે કે મારે એ હકીકત નામદાર સાહેબને ફરજરૂપે જણાવી દેવી જોઈએ કે સંજોગવશાત્ મારી યોજના બદલવાની મને ફરજ નહીં પડે તો આવતા જુલાઈ માસમાં હું ફરીથી સવિનયભંગની લડત ઉપાડવાનો વિચાર કરી રહ્યો છું.

છેલ્લા અઢી મહિનાના દુઃખદ અનુભવોને પરિણામે મને ખાતરી થઈ છે કે સવિનય કાનૂનભંગ જેનું મહત્ત્વનું અંગ છે એવા સત્યાગ્રહ સિવાય બીજી કોઈ વસ્તુ આ દેશને બૉલ્શેવિઝમમાંથી અને તેનાથી પણ ખરાબ ભાવિમાંથી બચાવી શકે તેમ નથી. સંભવ છે કે ઉપર ઉપરથી જોનારને આના કરતાં ઊલટું જ દેખાય, છતાં અંગ્રેજો અને હિંદીઓ વચ્ચેનો સંબંધ સુધારી શકે તેવું સાધન તો એક સત્યાગ્રહ જ છે. હું ઇચ્છું છું કે નામદાર સાહેબ મારી માફક એ વાતમાં શ્રદ્ધા રાખતા થશે કે એપ્રિલના બીજા અઠવાડિયામાં જ અંગ્રેજ વિરોધી લાગણીઓનું જે પ્રદર્શન થયું હતું તેનું કારણ સત્યાગ્રહ શરૂ કરવામાં આવ્યો એ નહોતું. આ સત્યાગ્રહનો ઉદ્દેશ બીજી બાબતો સાથે સામ્રાજ્યના બે સભ્યો વચ્ચેની કડવાશ દૂર કરવાનો છે. ખરું જોતાં લાગણીના એ પ્રદર્શનનાં કારણો સત્યાગ્રહ શરૂ થતાં પહેલાં અસ્તિત્વમાં હતાં. નામદાર સાહેબ એ પણ સમજી રાખે (અને આ મુદ્દો વધારે મહત્ત્વનો છે) કે તોફાનોનું આ ગાંડપણ આ મહાન ઉપખંડની અંદર માત્ર કેટલાક નાના ભાગો પૂરતું જ મર્યાદિત રહ્યું હતું. તેનું કારણ એ પણ હતું કે સત્યાગ્રહ આવી પહોંચ્યો હતો અને કટોકટીના એ ગાળામાં એ પોતાનું કાર્ય મૂગી રીતે પરંતુ અત્યંત કુશળતાપૂર્વક અને અસરકારક રીતે કરી રહ્યો હતો. મારું કહેવું એવું નથી કે હિંદુસ્તાનના બીજા ભાગોમાં જળવાયેલી શાંતિમાં લશ્કરી તૈયારીઓનો કંઈ પણ ફાળો નહોતો. પરંતુ હું હિંમતપૂર્વક એટલું જરૂર સૂચવીશ કે એ બાબતમાં લશ્કર કરતાં પણ સત્યાગ્રહનો ફાળો વધારે હતો.

એ ગમે તે હોય, સત્યાગ્રહ અને એની કાર્યસાધક શક્તિ વિષેનો મારો અભિપ્રાય આવો હોવાથી સવિનયભંગની લડત હવે વધારે સમય બંધ રાખવાનું મારે માટે ઉચિત ગણાશે નહીં. હું તો ઇચ્છું છું કે રૉલેટ કાયદા અંગે હું વાઇસરૉય સાહેબને મારી સાથે સંમત થવા સમજાવી શકું. એ કાનૂનના ગુણદોષ ગમે તે હોય, માર્ચ અને એપ્રિલ મહિનાઓમાં એની સામે પ્રદર્શિત થયેલી લોકલાગણી જોતાં એ હવે રહેવો ન જોઈએ. ગયા એપ્રિલ માસની

Gandhi Heritage Portal

છઠ્ઠી તારીખે જે વિશાળ પાયા પર દેખાવો થયા તેની પાછળ અનેક કારણો કામ કરી રહ્યાં હતાં એ વાત સાચી છે, પરંતુ સૌ કારણોમાંનું મુખ્ય કારણ તો રૉલેટ કાયદો જ હતો. એટલે મને વિશ્વાસ છે કે આ કાયદો પાછો ખેંચવા નામદાર વાઇસરૉય સાહેબ શક્તિમાન નીવડશે.

મેં વાઇસરૉય સાહેબને તપાસ સમિતિ[1] નીમવા એક પત્ર લખ્યો જ છે, અને બાબુ કાલીનાથ રૉયને છોડવાની વિનંતી કરતો એક બીજો પત્ર પણ લખ્યો છે;[2] આ બંને બાબતો ઘણી મહત્ત્વની છે અને તે રૉલેટ કાયદા અંગેના આંદોલન સાથે નિકટનો સંબંધ ધરાવે છે. મને વિશ્વાસ છે કે મારી આ બંને વિનંતીઓ પર નામદાર સાહેબ અનુકૂળ વિચાર કરશે.

આ ઉપરાંત હવે મારે એટલું જ કહેવાનું બાકી રહે છે કે જો સવિનયભંગની લડત ફરીથી શરૂ કરવાની જરૂર ઊભી થશે તો તે કેવળ મારા પૂરતી જ મર્યાદિત રહેશે. બીજા સત્યાગ્રહીઓ શાંતિ જાળવવામાં સહાય કરીને તથા બીજી ઉન્નતિકારક સેવાઓ આપીને પોતાની જાતને સવિનયભંગને માટે લાયક બનાવશે. દેશની હાલની પરિસ્થિતિ જોતાં મારી હાર્દિક ઇચ્છા એવી છે કે સવિનયભંગની લડત નાનામાં નાના ક્ષેત્રમાં મર્યાદિત રાખવી. હાલ તુરત માટે હડતાળ વગેરે તમામ પ્રકારના દેખાવો બંધ રાખવામાં આવશે.

આપનો સહૃદયી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી: એસ. એન. ૬૬૬૬

## ૩૪૬. મુંબઈમાં શુદ્ધ સ્વદેશી વસ્ત્રભંડારના ઉદ્ઘાટન પ્રસંગે ભાષણ[3]

જૂન ૧૮, ૧૯૧૯

શ્રી ગાંધીએ સભાને સંબોધતાં કહ્યું કે સૌથી પહેલાં હું આપને એ કહેવા માગું છું કે આ ભંડારના સંચાલકોનું ધ્યેય પૈસા કમાવાનું બિલકુલ નથી. એમનું એકમાત્ર ધ્યેય ઓછામાં ઓછા દરે લોકોની જરૂરિયાતો પૂરી પાડવાનું છે. આ ભંડાર આપની વધારેમાં વધારે સક્રિય સહાનુભૂતિ અને સહાયને પાત્ર છે. એ બાબતની સાબિતી તો જ્યારે મુંબઈમાં જ નહીં, પણ હિંદુસ્તાનના અન્ય ભાગોમાં અનેક ધનાઢ્ય વેપારીઓ આવા અનેક ભંડારો ખોલી આ દાખલાનું અનુકરણ કરશે ત્યારે જ મળશે.

આ પછી શ્રી ગાંધીએ શ્રી જમનાદાસનો એક પત્ર વાંચી સંભળાવ્યો. એમાં એમણે જણાવ્યું હતું કે મારે પૂના જવાનું હોવાથી મારાથી આ સમારંભમાં હાજર રહી શકાય એમ નથી, પરંતુ હું ઇચ્છું છું કે મુંબઈમાં મારા અનેક ભાઈઓ શ્રી નારણદાસના[4] દાખલાનું અનુકરણ કરશે.

૧. જુઓ "જે. એલ. મૅફીને પત્ર", ૧૬-૫-૧૯૧૯.
૨. જુઓ "એસ. આર. હિગનેલને પત્ર", ૧૮-૬-૧૯૧૯.
૩. આ ભાષણ મોરારજી ગોકળદાસ કાપડ માર્કેટમાં અપાયું હતું.
૪. ભંડારના માલિકોમાંના એક.

Gandhi Heritage Portal

આગળ બોલતાં શ્રી ગાંધીએ કહ્યું કે સ્વદેશીના મહત્ત્વ માટે બે મત છે જ નહીં. એ તો હવા, પાણી અને ખોરાકના જેવી જ રોજિંદા જીવનની એક જરૂરિયાત છે. આ કથનની સચ્ચાઈનો અનુભવ આપણે સ્વદેશીને ધાર્મિક ભાવનાથી જોતા થઈએ ત્યારે જ થઈ શકે. સ્વદેશીને જીવનના એક સિદ્ધાન્ત તરીકે સ્વીકાર્યા વિના દુનિયાનો કોઈ દેશ ઊંચે ચડયો નથી. સ્વદેશીની આવશ્યકતા અને તેના મહત્ત્વ વિષે આથી વધારે કહેવાનું મારે માટે જરૂરી નથી. હું તો સ્વદેશીની ભાવનાને વ્યવહારમાં શી રીતે ઉતારી શકાય અને તેની પ્રગતિ કઈ રીતે થઈ શકે તે વિષે થોડાં સૂચનો કરવા માગું છું.

પહેલી વાત તો એ છે કે આપણે આપણી મર્યાદાઓ સમજી લેવી જોઈએ. દેશની હાલની કમનસીબ પરાધીન અવસ્થામાં આ સિદ્ધાન્તને કેવળ કપડાં પૂરતો જ મર્યાદિત રાખ્યા સિવાય છૂટકો નથી. લોકોનાં શરીર ઢાંકવા માટે જેટલું કાપડ જોઈએ તેના ફક્ત ચોથા ભાગનું જ કાપડ દેશમાં પેદા થાય છે. એટલે આપણું મુખ્ય કર્તવ્ય વધારે કાપડ પેદા કરવાનું છે. અહીં બેઠેલા વેપારી વર્ગના તમામ ભાઈઓને શકય એટલું દબાણ કરીને હું એ કહેવા માગું છું કે શુદ્ધ સ્વદેશી કાપડનો પૂરતો જથ્થો ઉત્પન્ન કર્યા સિવાય આપણો ઉદ્ધાર અસંભવિત છે. એટલા માટે હું આશા રાખું છું કે જેમની પાસે ધન છે અને જેમની પાસે આ ધંધાની આવડત છે, તેઓ પોતાનું ધન અને પોતાની આવડત દેશની સેવામાં અર્પણ કરશે.

તેમણે સભામાં બેઠેલા લોકોને કહ્યું કે આપ જૂના જમાનાને યાદ કરો. તે વખતે સ્વદેશી ધર્મ અનાયાસે, જેટલી સ્વાભાવિકતાથી આપણે શ્વાસ લઈએ છીએ અને પાણી પીએ છીએ એટલી સ્વાભાવિકતાથી પળાતો હતો. આપ વિચાર કરો કે આ કેવી રીતે બનતું હતું? એ શકય હતું કારણ કે એ જમાનામાં આપણી પાસે એક અત્યંત સાદું અને ખૂબ જ અસરકારક કરામતવાળું હાથસાળનું યંત્ર હતું. કેવળ યુરોપના લોકો જ બુદ્ધિચાતુર્ય અને સાહસિકતાનો ઇજારો ધરાવે છે એ વાત માનવા હું ઘડીભર પણ તૈયાર નથી. ખરી વાત તો એ છે કે જ્યારે બીજા દેશો બિલકુલ આદિમ જાતિનું જીવન ગુજારી રહ્યા હતા, જ્યારે ઝાડોની છાલ અથવા જનાવરોના ચામડાં કરતાં વધારે સારું વસ્ત્ર પહેરવાનું એમના નસીબમાં નહોતું, ત્યારે હિંદીઓ કપાસ ઉગાડવાની, રૂ કાંતવાની તથા તેમાંથી કપડું વણવાની કળા શોધી ચૂકયા હતા. હું તો માનું છું કે જે વ્યક્તિએ સાદો રેંટિયો અને હાથસાળનું નિર્માણ કર્યું હતું, તેની બુદ્ધિશક્તિ વરાળ કે વીજળીની શક્તિથી ચાલતી ત્રાક અને સાળ શોધનારના કરતાં કયાંયે ચડિયાતી હતી.

પછી ગાંધીજીએ કહ્યું કે આપને જણાવતાં મને આનંદ થાય છે કે પંજાબમાં આજે પણ હજારો સ્ત્રીઓ, ખાનદાન કુટુંબોની સ્ત્રીઓ પણ પોતપોતાને ઘરે સૂતર કાંતી રહી છે. મને પોતાને તો એક એવી પંજાબી સન્નારીની ઐચ્છિક સેવા મળી ગઈ છે કે જે મુંબઈમાં મારા પોતાના જ મુકામે કાંતણનો એક વર્ગ ચલાવી રહી છે. પછી એમણે ચરખાના મધુર ગુંજનની દિલ હલાવનારી અસરનો ઉલ્લેખ કરીને કહ્યું કે આજકાલ મને ચરખાનું આ ગુંજન સાંભળવાનું સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયું છે. આપ લોકોને પણ હું એ મધુર ગુંજન માણવાનું આમંત્રણ આપું છું. એ પછી આપને ખાતરી થશે કે ચરખાના આ મધુર ગાનની સરખામણીમાં આધુનિક કારખાનામાં સંભળાતો ત્રાકો અને સાળોનો અવાજ કેટલો બધો કર્કશ હોય છે. મને એ જણાવતાં દુઃખ થાય છે કે હિંદુસ્તાનમાં ૫૬,૦૦,૦૦૦ સાધુઓ છે અને તેઓ કેવળ ભીખ માગીને પોતાનું પેટ ભરે છે. આપણી એ ચોખ્ખી ફરજ છે કે આ સાધુઓને એમના આળસુ જીવનમાંથી બહાર લાવીને કાંતવાવણવાના કામમાં જોડવા જોઈએ. આ સાધુઓ ઉપરાંત

Gandhi Heritage Portal

અનેક વિધવાઓ પણ છે, જેમનો ઘણોખરો સમય મંદિરોમાં અને નિરર્થક ધર્મવિધિઓમાં જાય છે. આ વિધવા બહેનોને તથા જેમની પાસે બીજું કામ નથી એવી પૈસાપાત્ર કુટુંબોની બહેનોને મારી હાર્દિક પ્રાર્થના છે કે તેઓ કાંતવાવણવાનું કામ શરૂ કરે અને પોતાની મહેનતના થોડા કલાક દેશને અર્પણ કરે.

એમણે એમ પણ કહ્યું કે મારે એ બતાવવાની જરૂર ન હોય કે પરદેશી કાપડ કરતાં સ્વદેશી કાપડ ઘણું વધારે ટકાઉ હોય છે, કેમ કે એ તો દરેક જણના પોતાના અનુભવની વાત છે.

આ પછી શ્રી ગાંધીએ કહ્યું કે શ્રીમતી રમીબાઈ કામદાર અને બીજા લોકો સાથે થોડી મસલત અને ચર્ચા કર્યા પછી મેં એક ત્રીજું વ્રત[1] તૈયાર કર્યું છે. આ વ્રત એવું છે કે તે લેતાં પહેલાં લોકો પોતાની પાસેનાં પરદેશી કપડાં પહેરવાં ચાલુ રાખી શકે છે. આ વ્રત મેં કેટલીક બહેનોની આગ્રહપૂર્વકની ઇચ્છાને માન આપીને તૈયાર કર્યું છે, છતાં તેમાં કશાં જોખમો નથી એમ હું કહી શકતો નથી. એટલે હું એ વાત પર ભાર મૂકું છું કે ત્રીજું વ્રત લેનારા પણ પહેલા વ્રતને જ પોતાનું ધ્યેય ગણે, અને પોતાની પાસેનાં પરદેશી કપડાં રોજરોજ પહેરીને બને એટલાં જલદી વાપરી કાઢે અને ત્યાં સુધી શુદ્ધ સ્વદેશી કપડાં અગત્યના શિષ્ટ પ્રસંગોએ પહેરવાનું રાખે.

શ્રી ગાંધીએ શ્રોતાઓને ભારપૂર્વક વિનંતી કરી કે આપ સૌ વેપારમાં નીતિથી ચાલવાનું મહત્ત્વ સમજો એ જરૂરી છે.

એમણે ખાસ એ વાત પર ભાર મૂક્યો કે મુંબઈમાં બહોળા પ્રમાણમાં સટ્ટાખોરી ચાલુ રહેશે ત્યાં સુધી સ્વદેશીની સફળતાના માર્ગમાં હમેશાં ભારે અવરોધ નડયા કરશે. એમાંથી મક્કમપણે અલગ થઈ જવાનો નિશ્ચય કરવાનો સમય આવી પહોંચ્યો છે. જાપાનના ધનપતિઓએ પોતાના ઇલકાબો અને ધનદોલતના ખજાના પોતાના દેશની સેવામાં ધરી દીધા હતા. હિંદુસ્તાનના ધનપતિઓ પણ જાપાનના લોકોનું અનુકરણ કરીને દેશની કાયમને માટે સેવા કરી શકે છે. માનવતા અને પ્રામાણિકપણું એમના જીવનસિદ્ધાન્તો હોવા જોઈએ અને એકમાત્ર પ્રેરણાબળ કહી શકાય એવું સાચું દેશાભિમાન જ એમનું માર્ગદર્શક બળ બનવું જોઈએ. છેવટમાં એમણે કહ્યું કે બધા વિષયોમાં માત્ર સ્વદેશી જ એક એવો વિષય છે જેને વિષે મતભેદને બિલકુલ સ્થાન નથી. એટલે હું આશા રાખું છું કે જે લોકોને એક કે બીજી રીતે દેશનું ભાવિ ઘડવા સાથે સંબંધ છે તેઓ આ વાત બરાબર સમજી લે અને સ્વદેશીનો પ્રચાર કરવા સક્રિય પગલાં લે, કેમ કે કેવળ સ્વદેશી જ લોકોની ગરીબી દૂર કરી શકે તેમ છે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, २१–६–१९१९

૧. જુઓ "સ્વદેશી સભાના નિયમો", ૧–૭–૧૯૧૯ પહેલાં.

Gandhi Heritage Portal

## ૩૪૭. દક્ષિણ આફ્રિકાની એક મહિલા મિત્રને પત્ર

[જૂન ૧૮, ૧૯૧૯ પછી][1]

જે ઝડપથી બનાવો બની રહ્યા છે તે જોતાં કોઈ પણ ખાસ આંદોલનનું સંપૂર્ણ મૂલ્યાંકન કરવાનું કામ મુશ્કેલ છે. જગતની હાલની પરિસ્થિતિ પેદા કરવામાં આર્થિક આપત્તિ, રાજકીય દમન અને ખાસ કરીને બધા જ દેશોમાં આવેલી લોકજાગૃતિએ ઘણો મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. દુનિયાના જુદા જુદા દેશોની પરિસ્થિતિ જોતાં લાગે છે કે આજે દરેક દેશમાં ઊંડી અશાંતિ વ્યાપી છે. અમેરિકામાં વર્ગવિગ્રહ છે, ઇંગ્લંડમાં મજૂરોમાં અશાંતિ વ્યાપી છે, રશિયામાં બૉલ્શેવિઝમ છે, અને હિંદુસ્તાનમાં દમન, દુષ્કાળ અને બીજાં કારણોને લીધે ચોતરફ અજંપો ફેલાયેલો છે. હાલમાં પાશ્ચાત્ય દેશોને જે પરિસ્થિતિનો સામનો કરવો પડે છે તે અનિવાર્ય હતી, કેમ કે એ સંસ્કૃતિ પશુબળના સિદ્ધાન્ત પર રચાયેલી છે અને એને જ તે પોતાનું પ્રેરકબળ માને છે. બેશક, એનું આખરી પરિણામ જરૂર પરસ્પર વિનાશ નોતરવામાં જ આવી શકે. પરંતુ અનેક મુશ્કેલીઓ હોવા છતાં હિંદુસ્તાનમાં સામાન્ય જનતા ઉપર હજુ પણ આપણી પ્રાચીન સંસ્કૃતિના ઉચ્ચ સિદ્ધાન્તોનો મજબૂત કાબૂ કાયમ છે. એટલે જે બૉલ્શેવિઝમ યુરોપમાં ઘણી ઝડપથી ફેલાઈ રહ્યું છે અને જે એક પછી એક દેશને પોતાની અસર તળે લઈ રહ્યું છે, તેને જો હિંદુસ્તાનમાં ફેલાતું સફળતાપૂર્વક રોકવું હોય અને આ દેશમાં એને અનુકૂળ ભૂમિ મળી જાય તેવી સહેજ પણ સંભાવના ઊભી થતી અટકાવવી હોય, તો હિંદુસ્તાનના લોકોને પોતાની સંસ્કૃતિ અને સંસ્કારિતાના વારસાનું સ્મરણ કરાવવું આવશ્યક છે. આ વારસાને જો એક શબ્દમાં વર્ણવવો હોય તો તે શબ્દ “સત્યાગ્રહ” છે. એના જેવો ઊંચામાં ઊંચો મંત્ર હજી સુધી કોઈ જાણી શક્યું નથી.

૧૯૧૯ના જાન્યુઆરી માસના છેલ્લા અઠવાડિયામાં હિંદ સરકારે બે બિલો પ્રસિદ્ધ કર્યાં. એ બિલો હવે આ દેશમાં રૉલેટ બિલોના નામથી ઓળખાય છે. મહાયુદ્ધ દરમિયાન યુદ્ધના ખાસ સંજોગોને પહોંચી વળવા માટે સરકારે હિંદ સંરક્ષણ ધારો (ડિફેન્સ ઑફ ઇન્ડિયા ઍક્ટ) નામનો કાયદો પસાર કર્યો હતો. એ કાયદો યુદ્ધ દરમિયાન અને તે પછીની છ માસની મુદત માટે હતો. એ કાયદા મુજબ જે આપખુદ સત્તાઓ સરકારને મળી હતી તે જ સત્તાઓ તેણે આ બિલો દ્વારા ફરીથી મેળવી લીધી. પરંતુ જે વસ્તુ યુદ્ધના સમયમાં સહી લેવામાં આવતી હતી તે શાંતિના સમયમાં ચાલવા દઈ શકાય નહીં. શાંતિના સમયમાં તો સરકારે પોતાનું બધું ધ્યાન નવરચનાના પ્રશ્નો પર કેન્દ્રિત કરવું જોઈએ. શાંતિ અને વ્યવસ્થા જાળવવા માટે જરૂરી છે એમ કહી તેણે આપખુદ સત્તાઓ માગવા અધીરી અને હઠાગ્રહી બનવું નહીં જોઈએ. આજે જ્યારે ખુદ બ્રિટિશ પાર્લમેન્ટને પોતાને પણ એમ લાગ્યું છે કે હિંદુસ્તાનના શાસનતંત્રનું હિંદીકરણ કરવું જરૂરી છે અને મૉન્ટેગ્યુ-ચેમ્સફર્ડ સુધારાની યોજના દેશ સમક્ષ ટીકાટિપ્પણ માટે રજૂ થઈ છે; અને જ્યારે સિવિલ સર્વિસના અધિકારીઓ તથા ઍંગ્લો-ઇન્ડિયન મૂડીપતિઓ, અત્યાર સુધી હિંદની જનતાને ભોગે પોતે જે વિશેષાધિકારવાળાં સ્થાનો ભોગવતા હતા તે જતાં રહેવાના ભયથી સુધારાની દરખાસ્તોની ઉપયોગિતા નષ્ટ કરવા માટે તમામ વાજબી અને

૧. આ પત્રના છેલ્લા પૅરેગ્રાફમાં જે સ્વદેશી ભંડારનો ઉલ્લેખ છે તે ભંડાર ૧૮મી જૂન, ૧૯૧૯ને દિવસે ખોલવામાં આવ્યો હતો.

Gandhi Heritage Portal

વાજબી ઉપાયો કામે લગાડી રહ્યા છે, અને હિંદુસ્તાનના સર્વોચ્ચ સત્તાધીશ વાઈસરૉય સાહેબ પોતે વડી ધારાસભામાં આ સ્થાપિત હિતોના ઊહાપોહને તાબે થવા બરાબર ગણાય એવી એક જાહેરાત દ્વારા એ લોકોને ખુલ્લેખુલ્લો ટેકો આપી રહ્યા છે, ત્યારે કોઈ પણ હિંદવાસી રૉલેટ બિલો કાયદાપોથીમાં ચાલુ રહ્યાં હોય એવા આ દેશના જાહેર જીવનના ભાવિનો શાંત ચિત્તે વિચાર કરી શકે એ અસંભવિત વાત છે. આ દેશમાં રૉલેટ કાયદાનો વિરોધ જે સર્વાનુમતિથી થઈ રહ્યો છે તે અભૂતપૂર્વ છે. અને માર્ચની ૧૮મી તારીખે જ્યારે પહેલા નંબરનું રૉલેટ બિલ વડી ધારાસભામાં પસાર થયું અને તેણે કાયદાનું સ્વરૂપ લીધું, ત્યારે વડી ધારાસભાના એક પણ હિંદી સભ્યે એની તરફેણમાં મત આપ્યો નહોતો. આ બિલ સામેના આવા સખત વિરોધને કારણે રૉલેટ ધારા નં ૧ની મુદત ત્રણ જ વર્ષની હંગામી રાખવામાં આવી અને તેને ક્રાંતિ તથા અરાજકતાને લગતા ગુનાઓ સંબંધી ધારો (ધિ રેવૉલ્યુશનરી ઍન્ડ એનાર્કિકલ ક્રાઇમ્સ ઍક્ટ) એવું ખાસ નામ પણ આપવામાં આવ્યું હતું. પરંતુ વ્યવહારમાં આ છૂટછાટો કશા કામની નહોતી.

બધા સંજોગોનો વિચાર કર્યા પછી હું એવા નિર્ણય પર આવ્યો કે રૉલેટ કાયદા સામે “સત્યાગ્રહ” આદરવો જોઈએ. ૧૯૧૯ના ફેબ્રુઆરી માસના અંતમાં મેં તથા અન્ય નેતાઓએ સત્યાગ્રહની પ્રતિજ્ઞા લીધી અને લોકોને પણ એ પ્રતિજ્ઞા લેવા માટે નોતર્યા. પ્રતિજ્ઞાપત્રમાં લખ્યું છે કે રૉલેટ કાયદો અન્યાયી છે એ વાતની સહી કરનારાઓને સાચી ખાતરી થઈ ગઈ છે. એટલે એ કાયદો નાબૂદ થતાં સુધી તેઓ કાયદાનો અનાદર કરશે અને તે દરમ્યાન સત્યને અનુસરવા તથા હિંસા નહીં આચરવા બંધાયેલા રહેશે. હું હિંદુસ્તાનમાં ફર્યો અને મેં બધી જગ્યાએ લોકોને સત્યાગ્રહના સિદ્ધાન્તો સમજાવ્યા. અને પહેલા નંબરનો રૉલેટ કાયદો પસાર થયો ત્યારે એનો વિરોધ જાહેર કરવા પ્રથમ પગલા તરીકે લોકોએ હડતાળ પાડવી અને ૨૪ કલાકનો ઉપવાસ કરવો એવી સૂચના મેં કરી. આને માટે ૧૯૧૯ની ૩૦મી માર્ચ નક્કી કરવામાં આવી. પાછળથી આ તારીખ બદલીને ૬ઠ્ઠી એપ્રિલ કરવામાં આવી. પરંતુ કેટલેક સ્થળે આ પ્રસંગ ૩૦મી માર્ચે જ ઊજવવામાં આવ્યો. તે દિવસે દિલ્હીમાં સત્તાવાળાઓએ એક યા બીજે બહાને લોકોના ટોળા ઉપર ગોળીઓ છોડી. પરિણામે કેટલાક મરાયા અને અનેક ઘવાયા. આ બનાવે દેશમાં એવી લાગણી પેદા કરી કે જેથી ૬ઠ્ઠી એપ્રિલે યોજવામાં આવેલા દેખાવોમાં લોકોએ મોટી સંખ્યામાં ભાગ લીધો, અને અહીંના ઍંગ્લો-ઇન્ડિયન ટીકાકારોને પણ કબૂલ કરવું પડયું કે આ દેખાવો અભૂતપૂર્વ હતા. ૭મી એપ્રિલે જપ્ત કરેલું સાહિત્ય બધાં કેન્દ્રોમાં સત્યાગ્રહી સ્વયંસેવકો મારફતે વેચવામાં આવ્યું. તેમાં *હિંદ સ્વરાજ* પુસ્તક પણ હતું. આઠમી એપ્રિલની સાંજે હું દિલ્હીની હાલત નજરે જોવા દિલ્હી જવા નીકળ્યો. રસ્તામાં પંજાબ સરકારે મારા પર એવો હુકમ બજાવ્યો કે મારે પંજાબમાં દાખલ થવું નહીં, અને હિંદ સરકારે એવો આદેશ આપ્યો કે મારે મુંબઈ ઇલાકાની હદ છોડવી નહીં. એક સત્યાગ્રહી તરીકે હું એ હુકમનું પાલન ન કરી શક્યો એટલે જેવો હું પંજાબમાં દાખલ થયો કે તરત મને પકડી લેવામાં આવ્યો. મારી આ ગિરફતારીથી હું ઘણો રાજી થયો, કારણ કે હવે મારો આત્મા મુક્ત થયો અને શરીરની સંભાળ લેવાનું કામ સરકારે ઉપાડી લીધું. આ ઘટનાને શુભ સમાચાર તરીકે વધાવી લેવા અને એ નિમિત્તે ઉત્સવ ઊજવવા મેં લોકોને સંદેશો મોકલ્યો. પરંતુ જેલમાં રાખવાને બદલે મને મુંબઈ ઇલાકામાં લાવવામાં આવ્યો અને ત્યાં લાવી છોડી મૂકયો. મુંબઈ પહોંચતાં મેં જોયું કે ત્યાં ઠેકઠેકાણે તોફાનો થઈ રહ્યાં હતાં. તે દિવસે સાંજે સમુદ્રકિનારે ગોઠવેલી એક વિશાળ જાહેર સભામાં મ ભાષણ આપ્યું. લોકોનાં ભૂલભરેલાં કૃત્ય પ્રત્યે મેં ઊંડી નિરાશા વ્યક્ત કરી અને તેમના એ કૃત્યને દુરાગ્રહ

Gandhi Heritage Portal

તરીકે ગણાવ્યું. મેં એમને કહ્યું કે જો તમે ફરીથી દુરાગ્રહીઓ જેવું વર્તન કરશો અને મેં તમારામાં મૂકેલા વિશ્વાસનો ભંગ કરશો તો મારે માટે તમારી સામે સત્યાગ્રહ કરવાનો કેવળ એક જ માર્ગ બાકી રહેશે. આને માટે હું 'ધારણા'[૧] કરીશ અને સત્યાગ્રહ શરૂ કરવાની તથા એ આંદોલન સારી રીતે ચાલે અને એમાં ભાગ લેનારા સૌ સારી રીતે વર્તે એ જોવાની ભારે નૈતિક જવાબદારી વહોરી લેવા બદલ પ્રાયશ્ચિત્તરૂપે આ શરીરનો ત્યાગ કરીશ. પરંતુ પંજાબમાં આવેલાં લાહોર, અમૃતસર અને અન્ય સ્થળોએ તથા જેની નજીક મારો આશ્રમ આવેલો છે એવા અમદાવાદ શહેરમાં થયેલાં તોફાનો ઘણા ગંભીર પ્રકારનાં હતાં અને પરિણામે ત્યાં માર્શલ લૉ જાહેર કરવામાં આવ્યો હતો. જાનમાલની બહુ ભારે હાનિ થઈ હતી. પંજાબમાં થયેલાં તોફાનો સત્યાગ્રહ આંદોલનને લીધે નહોતાં થયાં. પરંતુ મુંબઈ અને અમદાવાદમાં ફાટી નીકળેલાં તોફાનો ઉપરથી મને ખ્યાલ આવી ગયો કે હવે સાચો સત્યાગ્રહ તો સવિનયભંગનો કાર્યક્રમ બંધ કરી લોકોને અહિંસાનો સિદ્ધાન્ત સમજાવવામાં જ રહેલો છે. આ વિચારને અનુલક્ષીને સત્યાગ્રહ સભાઓએ સવિનયભંગની લડત ૨૦મી એપ્રિલે બંધ કરી દીધી. એ પછી તરત જ બૉમ્બે ક્રૉનિકલના નીડર તંત્રી અને ઉમદા દિલના અંગ્રેજ મિ. બી. જી. હૉર્નિમૅનને દેશનિકાલ કરવામાં આવ્યા. તે પછી ક્રૉનિકલ પત્રની જામીનગીરી જપ્ત કરવાના અને એ પત્રમાં કંઈ પણ લખાણ પ્રસિદ્ધ કરતાં પહેલાં તે સરકારમાં બતાવવાના હુકમો છૂટયા. માત્ર છેલ્લા પંદર દિવસથી જ ક્રૉનિકલ પત્ર, ઉપરના ફરમાન મુજબ તંત્રીની નોંધો વિના જ પ્રસિદ્ધ થાય છે. અને બહુ થોડા દિવસો પહેલાં જ આ 'સેન્સરશિપ' અંગેનો હુકમ એ પત્ર ઉપરથી ઉઠાવી લેવામાં આવ્યો છે, કેમ કે સરકારને ભરવી પડતી વધારેમાં વધારે જામીનગીરી એટલે કે રૂપિયા ૧૦,૦૦૦ પત્રના માલિકોએ ભરી દીધી છે. ૨૦મી એપ્રિલથી આજ સુધીનાં છ અઠવાડિયાંમાં પંજાબમાં બનેલા બનાવો એવા તો ક્રૂર છે કે ઇતિહાસમાં તેનો જોટો મળે એમ નથી. અનેક વિસ્તારોમાં માર્શલ લૉ જાહેર કરવામાં આવ્યો હતો અને એને ઉઠાવી લીધાને હજી એકબે અઠવાડિયાં જ થયાં છે. બૉમ્બ ફેંકવા માટે ઍરોપ્લેનોનો ઉપયોગ કરવામાં આવ્યો છે, મશીનગનો પણ વાપરવામાં આવી છે, અને સમ્રાટ સામે યુદ્ધ માંડવાના તેમ જ બીજા ગંભીર આરોપો નીચે સુશિક્ષિત લોકનેતાઓને ગિરફતાર કરવામાં આવ્યા છે, માર્શલ લૉ કમિશન દ્વારા એમના ઉપર કામ ચલાવાઈ રહ્યું છે. ટ્રિબ્યૂન પત્રના તંત્રી શ્રી કાલીનાથ રૉય ઉપર રાજદ્રોહી લખાણો લખવાનો આરોપ મૂકવામાં આવ્યો છે, એમનો મુકદ્દમો એક ખાસ અદાલત સમક્ષ ચલાવવામાં આવ્યો છે, એમને પોતાની પસંદગીનો વકીલ રોકવાની પરવાનગી આપવામાં આવી નથી, અને એમને સખત મજૂરી સાથેની બે વર્ષની સજા ફરમાવવામાં આવી છે. આ કિસ્સા અંગેના કાગળો વાંચ્યા પછી મને ખાતરી થઈ છે કે શ્રી કે. એન. રૉયના કેસમાં બહુ ઊલટી રીતે ન્યાય આપવામાં આવ્યો છે. તોફાનો દરમ્યાન લોકોએ કરેલાં કૃત્યો પણ એમને ન શોભે એવાં અને અત્યંત નિંદ્ય હતાં.

જે સંજોગોને લીધે સવિનય કાનૂનભંગ થંભાવી દેવામાં આવ્યો હતો તે સંજોગો હવે રહ્યા નથી. એટલે સવિનય કાનૂનભંગની લડત હવે નિઃસંકોચ ફરીથી શરૂ કરી શકાય એમ છે. એમાં હવે પૂરતી સાવધાની એ રાખવાની છે કે સત્યાગ્રહીઓ પોતાના શાંતિ જાળવવાના કર્તવ્યનું બરાબર પાલન કરે.

૧. મૂળમાં "ધરમ" છે, જે છાપભૂલ છે. નૈતિક દબાણ લાવવા માટે એક જગાએ બેસી અન્નજળનો ત્યાગ કરવો એને 'ધારણા' કહે છે.



Gandhi Heritage Portal

લોકોને આખો વખત કામમાં પરોવાયેલા રાખવાનો તથા સત્યાગ્રહના સિદ્ધાન્તો પ્રત્યે પોતાની સહાનુભૂતિ દાખવવાનો સૌથી સારો માર્ગ એનો વ્યવહારમાં અમલ કરવાનો છે એ વાત તેમને શીખવવા માટે મેં સ્વદેશીનું સક્રિય આંદોલન શરૂ કર્યું છે. આ છ અઠવાડિયાંના ટૂંકા ગાળામાં એનો પ્રચાર ખૂબ ઝડપથી થયો છે. અનેક હિંદી બહેનો આ આંદોલનના કાર્યમાં બહાદુરીપૂર્વક સ્વયંસેવિકા બની છે. હિંદના સૂતરમાંથી વણાયેલાં, હિંદમાં જ તૈયાર થયેલાં કપડાં પહેરીને તેમણે પોતે સ્વદેશી વ્રતનું પાલન કર્યું છે, એટલું જ નહીં પણ તેમણે હાથસાળો ચાલુ કરી છે અને તે ચલાવવા માટે માણસો પણ શોધી કાઢ્યા છે. સ્વદેશીના આંદોલન પ્રત્યે સાચી સહાનુભૂતિ ધરાવનાર કેવળ સ્વદેશી કપડાં પહેરીને બેસી રહે એટલું પૂરતું નથી. તેણે સ્વદેશી કપડાં ઉત્પન્ન કરવામાં પણ મદદ કરવી જોઈએ. મુંબઈમાં શુદ્ધ સ્વદેશી વસ્તુ ભંડારો ક્યારનાયે ખોલવામાં આવ્યા છે અને બીજાં કેન્દ્રોમાં પણ આ જ પ્રકારના ભંડારો થોડા વખતમાં ખોલાઈ જશે. શુદ્ધ સ્વદેશીના વ્રતમાં હાથે કાંતેલા સૂતરમાંથી હાથે વણેલાં કપડાં પહેરવાનાં હોય છે. અલબત્ત એટલું ખરું કે અત્યારના શરૂઆતના તબક્કે ઝીણું શુદ્ધ સ્વદેશી કાપડ મેળવવું શક્ય નથી, પરંતુ કોઈએ તેની પરવા નહીં કરવી જોઈએ.

[મૂળ અંગ્રેજી]

इन्डियन ओपीनियन, १२–९–१९१९

## ૩૪૮. બી. જી. હૉર્નિમૅનની પ્રશંસા

મુંબઈ,

જૂન ૧૯, ૧૯૧૯

મિ. હૉર્નિમૅન વિષે હું કહી શકું છું કે જેમ જેમ હું એમના પરિચયમાં આવતો ગયો તેમ તેમ તેમના પ્રત્યેનો મારો પ્રેમ વધતો ગયો છે. એમના જેટલી નીડરતાથી અને દૃઢ આત્મવિશ્વાસથી પત્રકારત્વની અને તે દ્વારા હિંદુસ્તાનની સેવા બજાવનાર એમના જેવા અંગ્રેજો ભાગ્યે જ જોવા મળશે. એમની કડક ભાષાને તથા પોતે જેના એક્કા હતા એવી નિંદાત્મક ભાષાને હું ઘણી વાર વખોડતો હોવા છતાં હું એમને વિષે આટલું કહી શકું છું.

મો. ક. ગાંધી

[મૂળ અંગ્રેજી]

बॉम्बे क्रॉनिकल, १९–६–१९१९

Gandhi Heritage Portal

## ૩૪૯. ઈ. એલ. સેલને પત્ર

લેબર્નમ રોડ,
ગામદેવી,
મુંબઈ,
જૂન ૧૯, ૧૯૧૯

પ્રિય મહાશય,

જુદા જુદા વિષયોનો અભ્યાસ કરવા માટે મેં કેટલાક નવયુવાનોને કામે લગાડયા છે. આવા એક યુવાન શ્રી એસ. પી. પટવર્ધન, એમ. એ. છે. એમને મીઠાના કર વિષે અભ્યાસ કરવાનું કામ સોંપવામાં આવ્યું છે. સાર્વજનિક પુસ્તકાલયો આ વિષય પર મળી શકતું તમામ સાહિત્ય રાખતાં નથી. હું માનું છું કે બીજાં સ્થાનિક પુસ્તકાલયોમાં નહીં મળતાં અમુક પુસ્તકો આપના કાર્યાલયના પુસ્તકાલયમાંથી મળી શકશે. આપ કહેશો તે પ્રમાણે શ્રી પટવર્ધન આપના કાર્યાલયમાં બેસીને એ પુસ્તકો વાંચી લેશે અથવા જો તે બહાર આપી શકાતાં હશે તો જરૂર મુજબ ઘેર લઈ જશે. ખાસ કરીને એમને ૧૮૭૧–૨ની આસપાસ પ્રસિદ્ધ થયેલા કૅપ્ટન પેડુરના રિપોર્ટની તથા ૧૯૦૫ની આસપાસ મુંબઈ સરકારે નીમેલા કમિશનના રિપોર્ટની જરૂર છે.

આપનો વિશ્વાસુ

મિ. ઈ. એલ. સેલ
કમિશનર ઑફ કસ્ટમ્સ, સૉલ્ટ ઍન્ડ એકસાઈઝ

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૬૬૬૭

## ૩૫૦. મુંબઈની સ્વદેશી સભામાં કરેલું ભાષણ

જૂન ૧૯, ૧૯૧૯

ગુરુવારે સાંજે સ્વદેશી વિષે ભાષણો સાંભળવા માટે સ્વદેશી સભાના આશ્રયે મોરારજી ગોકળદાસ હૉલમાં ભરચક હાજરીવાળી એક સભા ભરવામાં આવી હતી. શ્રી ગાંધી અધ્યક્ષપદે હતા. . . .

અધ્યક્ષ મહાશયે સભાના કામકાજનો ઉપસંહાર કરતાં કહ્યું કે શ્રી જેરાજાણીના કહેવા પ્રમાણે શુદ્ધ સ્વદેશી ભંડારમાં પહેલે જ દિવસે રૂ. ૧,૮૦૦થી વધારે કિંમતનું વેચાણ થયું હતું, જ્યારે સૌની અપેક્ષા એનાથી બહુ ઓછી રકમની હતી. આ હકીકત ઊજળા ભવિષ્યની આશા આપે છે. ખરીદનારાઓની સંખ્યા ઘણી મોટી હતી. તેમાં હિંદુ અને પારસી સન્નારીઓ લગભગ સરખી સંખ્યામાં હતી. ઘણા મુસલમાનો પણ ખરીદવા આવ્યા હતા. ઈદના તહેવાર માટે તેમણે ખાસ કરીને સ્વદેશી કાપડ ખરીદ્યું. વેચાણ કરનારા કર્મચારીઓને આખો દિવસ કામ પહોંચ્યું હતું. એટલે હું આશા રાખું છું કે જે લોકોએ હજી સ્વદેશીનું વ્રત નથી લીધું તેઓ હવે સ્વદેશી સભામાં જઈને એ વ્રત લઈ લેશે. એમણે શ્રોતાઓને યાદ દેવડાવ્યું કે શ્રી જમનાદાસ થોડા દિવસમાં ઇંગ્લંડ જવાના છે. તેઓ મુસાફરી દરમ્યાન કુશળ રહે અને હેમખેમ ઇંગ્લંડ પહોંચી જઈ પોતાના કાર્યમાં ફતેહ મેળવે એવી મારી શુભેચ્છામાં સામેલ થવા અન્ય સૌને હું વીનવું છું.

Gandhi Heritage Portal

એમણે કહ્યું કે મારી પાસે એવી મતલબના પત્રો આવ્યા છે કે શ્રી જમનાદાસે સત્યાગ્રહ સભામાંથી રાજીનામું આપ્યું તે બરાબર કર્યું નથી. આ બાબતમાં મારું કહેવું એ છે કે શ્રી જમનાદાસને મારી સાથે પ્રામાણિક મતભેદ છે. એમને ગંભીર દહેશત રહે છે કે થોડા વખત પછી ફરી શરૂ થનારી સવિનયભંગની લડતને પરિણામે હિંસા ફાટી નીકળવાનો પૂરેપૂરો સંભવ છે. મને એમની આ દહેશત સાચી લાગતી નથી. પરંતુ શ્રી જમનાદાસ આવો અભિપ્રાય ધરાવતા હોવાથી તેમને સત્યાગ્રહ સભામાંથી છૂટા થવાનો પૂરેપૂરો હક છે. તેમ છતાં તેઓ સત્યાગ્રહી મટી જાય છે એવો આક્ષેપ એમના ઉપર કદી મૂકી શકાય એમ નથી. એમણે સભામાંથી રાજીનામું આપ્યું હોવા છતાં એમના પ્રત્યેનો મારો આદર સહેજ પણ ઓછો થયો નથી. છેવટે સ્વદેશી સભાના આમંત્રણને માન આપીને જે વક્તાઓએ[1] આ સભામાં હાજર રહી ભાષણો આપ્યાં તેમનો તથા તેમનાં ભાષણો શાંતિથી સાંભળવા બદલ શ્રોતાજનોનો તેમણે આભાર માન્યો હતો.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, २१–६–१९१९

## ૩૫૧. સાદિકઅલી ખાનને પત્ર

[જૂન ૨૩, ૧૯૧૯][2]

પ્રિય ભાઈ સાદિકઅલી ખાન,

આપનો પત્ર મળ્યો. દાદીમા તથા બધાં બાળકો ત્યાં સહીસલામત પહોંચી ગયાં એ જાણીને હું રાજી થયો. વળી બેગમ સાહેબાને અલીભાઈઓને મળવાની તક મળી એ જાણીને પણ રાજી થયો. જેલમાં એમની સાથે દરેક બાબતમાં માનપૂર્વકનું વર્તન રાખવામાં આવશે એ વિષે મને સહેજ પણ શંકા નહોતી. સરકારી યાદીમાં મૂકવામાં આવેલા આરોપનો બિલકુલ સાચો જવાબ મેળવવા વિષે હું ખૂબ જ ચિંતાતુર છું. હું અગાઉ કહી ગયો છું તે પ્રમાણે હાલ તુરત અલીભાઈઓ વિષે વર્તમાનપત્રોમાં કોઈ પણ જાતનો પ્રચાર કરવાનું આપણે બંધ કરાવવું જોઈએ. હિંદ સરકાર સામે કયું પગલું ભરી શકાય તે બાબતમાં મને સમજ પડતી નથી. એ વિષે મારે હજી વધારે જાણવું પડશે. સવિનયભંગની લડત હવે કોઈ પણ દિવસે શરૂ થાય એવો સંભવ છે, પરંતુ તે આવતા સોમવાર પહેલાં નહીં થાય. એ શરૂ થાય તોપણ હું ઈચ્છું છું કે મારા સિવાય બીજા કોઈએ એનો આરંભ નહીં કરવો જોઈએ. એનો અર્થ એ થાય કે મારા જેલ ગયા પછી એક મહિના સુધી કોઈએ સવિનય કાનૂનભંગ કરવો નહીં. આ વિષે કેટલીક સૂચનાઓ[3] છપાઈ રહી છે, જેની એક નકલ હું આપને મોકલીશ. એ સૂચનાઓ આપ અઝીમુદ્દીન ખાનને સમજાવી દેશો. કૃપા કરીને બેગમ સાહેબાને તથા અન્ય મિત્રોને મારાં સ્નેહસ્મરણ કહેશો.

આપનો સહૃદયી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૬૬૫૬

૧. સર્વશ્રી ખાડિલકર, દેવજી દ્વારકાદાસ, ચિનાઈ અને જમનાદાસ દ્વારકાદાસ.

૨. સવિનયભંગની લડત આવતા અઠવાડિયામાં સોમવાર પહેલાં શરૂ કરવાનો ઉલ્લેખ આ પત્રમાં છે, તે ઉપરથી આ તારીખ મૂકવામાં આવી છે.

૩. જુઓ "સત્યાગ્રહીઓ માટે સૂચનાઓ", ૩૦–૬–૧૯૧૯.

Gandhi Heritage Portal

# ૩૫૨. ઈ. એસ. મૉન્ટેગ્યુને તાર

લેબર્નમ રોડ,
ગામદેવી, [મુંબઈ]
જૂન ૨૪, ૧૯૧૯[1]

પરમ માનનીય ઈ. એસ. મૉન્ટેગ્યુ,

મને લાગે છે કે મારે આપને જણાવી દેવું જોઈએ કે નવા સંજોગોને લીધે હાલની પરિસ્થિતિમાં ફેરફાર નહીં થાય તો જુલાઈની શરૂઆતમાં સવિનયભંગની લડત ફરીથી શરૂ કરવાનો મારો ઇરાદો છે. મારે મન એ એક ધર્મકાર્ય છે. સુખસમૃદ્ધિ, ન્યાયપૂર્ણ કાયદાઓ અને ન્યાયી રાજ્યવહીવટ હોય તો મોટે ભાગે ગુનાહિત કાનૂન વિરોધી પ્રવૃત્તિ અટકી જાય છે. તેમ છતાં હું ચોક્કસ માનું છું કે, જેમાં સત્ય અને અહિંસાના પાલનની અનિવાર્ય શરતો હોય છે એવી સવિનય કાનૂનભંગ સિવાય બીજી કોઈ પણ વસ્તુ ગુનાહિત કાનૂન વિરોધી પ્રવૃત્તિનું સ્થાન લઈ શકશે નહીં, અને બૉલ્શેવિઝમના ધસારાને રોકી શકશે નહીં. પરદેશી સરકારો કે સ્વદેશની સરકારો કેટલીક વાર ભયંકર ભૂલો કરી બેસે છે. અને તે એટલે સુધી કે તેઓ લોકમતને ઠોકરે મારે છે. રૉલેટ કાયદાની બાબતમાં આમ જ બન્યું છે. આવા કિસ્સામાં અસંતોષ કાં તો ગુનાહિત કાનૂનભંગનું અને અરાજકતામાંથી જન્મેલા ગુનાનું સ્વરૂપ પકડે અથવા તેને સવિનય કાનૂનભંગ દ્વારા તંદુરસ્ત માર્ગે વાળવામાં આવે. આ બની શકે એવી વાત છે. આ સવિનય કાનૂનભંગ બીજું કશું નથી પણ સવિનય વિરોધ દર્શાવનારનો સરકાર સાથેનો કશા રોષ કે વેરભાવ વિનાનો વ્યવસ્થિત સ્વરૂપનો સંપૂર્ણ અથવા થોડા અંશનો અસહકાર માત્ર છે. પરંતુ હું તો ઇચ્છું છું કે રૉલેટ કાયદો પાછો ખેંચી લેવામાં આવે, અને પંજાબનાં રમખાણોનાં કારણો તપાસવા તથા માર્શલ લૉનો વહીવટ કેવી રીતે થયો છે તે જોવા એક તપાસ સમિતિ નીમવામાં આવે અને તેને માર્શલ લૉની અદાલતે ફરમાવેલી સજાઓમાં ફેરફાર કરવાની સત્તાઓ આપવામાં આવે. સાથે સાથે ટ્રિબ્યૂન પત્રના તંત્રી શ્રી કાલીનાથ રૉયને છોડી મૂકવામાં આવે. ઉપર જણાવેલી રાહતની માગણીઓ કરતો એક પત્ર મેં વાઇસરૉય સાહેબને આ પહેલાં લખી દીધો છે.

ગાંધી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી: એસ. એન. ૬૬૭૫ આર

૧. આ તાર ખરેખર તો ૨૭મી જૂને મોકલવામાં આવ્યો હતો. જુઓ "એચ. એસ. એલ. પોલાકને પત્ર", ૨૭-૬-૧૯૧૯.

Gandhi Heritage Portal

## ૩૫૩. મુંબઈની સત્યાગ્રહ સભામાં ભાષણ

જૂન ૨૪, ૧૯૧૯

રૉલેટ કાયદો રદ કરાવવા માટે હિંદી વજીરને અરજ કરવા તથા બૉમ્બે ક્રૉનિકલના તંત્રી મિ. હૉર્નિમૅનને દેશપાર કરવાનો હુકમ રદ કરવા માટે અરજ કરનારો ઠરાવ પસાર કરવા માટે સત્યાગ્રહ સભાના આશ્રય નીચે એક જાહેર સભા તા. ૨૪ મીના મંગળવારે રાત્રે મુંબઈમાં મોરારજી [ગોકળદાસ] હૉલમાં શ્રીયુત ગાંધીજીના પ્રમુખપદે મળી હતી.

સભાનું કામકાજ શરૂ કરતાં શ્રીયુત ગાંધીએ મોડા આવવા માટે દિલગીરી બતાવી હતી. બાદ સભા ભરવાના હેતુ વિષે બોલતાં જણાવ્યું હતું કે આજે આપણે રૉલેટ કાયદાના સંબંધમાં અને મિ. હૉર્નિમૅન વિષે ઠરાવ કરવાનો છે. આજે પહેલી સભા છે અને બોલનારા ભાઈઓ અને બહેનોએ સત્યાગ્રહીને શોભે તેવી જાતની ભાષા વાપરવી એવી મારી તેમને વિનંતી છે. આજની સભામાં વક્તાઓ બધા સત્યાગ્રહીઓ છે અને તેમને મારી એ વિનંતી છે.

તે પછી પહેલો ઠરાવ શ્રીયુત ગાંધીએ વાંચી સંભળાવ્યો હતો.

**ઠરાવ — ૧લો રૉલેટ કાયદો રદ કરાવવાની અગત્ય**

સત્યાગ્રહ સભાના આશ્રય નીચે મળેલી આ જાહેર સભા વાઈસરૉયને તથા હિંદી વજીરને પ્રાર્થના કરે છે કે રૉલેટ કાયદો રદ થવો જોઈએ. ગયા એપ્રિલ માસની તા. ૬ઠ્ઠીએ લોક-લાગણી કેટલી સખત છે તેનું જે ભારે પ્રદર્શન થયું છે તે જોતાં તેમ કરવાની વિશેષ જરૂર છે.

**ઠરાવ ૨જો — મિ. હૉર્નિમૅનને દેશવટો**

સત્યાગ્રહ સભાના આશ્રય નીચે મળેલી સભા નામદાર ગવર્નરને પ્રાર્થના કરે છે કે બૉમ્બે ક્રૉનિકલના અધિપતિ મિ. હૉર્નિમૅનને દેશપાર કરવાના હુકમ માટે જે કારણ સાબિત થઈ શકે એવું નથી અને હાલમાં મુંબઈ ઈલાકામાં શાંતિ છે તે જોતાં તેમને દેશપાર કરવાનો હુકમ રદ થવો જોઈએ.

**શ્રીયુત ગાંધીજીનો ઉપસંહાર**

આ ઠરાવ ઉપર મત લેતાં પહેલાં ગાંધીજીએ જણાવ્યું હતું કે મિ. હૉર્નિમૅન તરફનું માન બતાવવા માટે સભામાં હાજર રહેલાઓએ ઊભા થઈ સહાનુભૂતિ આપવી. એ રીતે સભાએ ઊભા થઈ ઠરાવને ટેકો આપ્યો હતો.

તે પછી શ્રીયુત ગાંધીએ જણાવ્યું હતું કે આ બે બાબતોમાં આપણને ઈન્સાફ નહીં મળે તો દેશમાં તેમ જ મુંબઈ શહેરમાં ઠેકાણે ઠેકાણે સભાઓ ભરી ફરજ બજાવશો. સરકાર આપણી બન્ને વિનંતી ધ્યાનમાં લેશે અને ઈન્સાફ આપશે એવી આશા છે. બાદ સભા વિસર્જન પામી હતી.

[મૂળ ગુજરાતી]

ગુજરાતી, ૨૯–૬–૧૯૧૯

Gandhi Heritage Portal

## ૩૫૪. જી. એ. નટેસનને પત્ર

મુંબઈ,

જૂન ૨૫, ૧૯૧૯

પ્રિય મિત્ર,

આ ઈલાકા માટે પ્રસિદ્ધ કરવામાં આવેલી સૂચનાઓ[૧] આ સાથે મોકલું છું. તમે જોશો કે આ સૂચનાઓ કારોબારી સમિતિએ[૨] મને આપેલા અધિકાર હેઠળ પ્રસિદ્ધ કરવામાં આવી છે. મારી એવી સલાહ છે કે જરૂરી ફેરફારો સાથે મદ્રાસ ઈલાકા માટે પણ આમ જ કરવું જોઈએ. મારા ખ્યાલ પ્રમાણે મદ્રાસ ઉપરાંત માત્ર ત્રિચિનાપલ્લી અને મદુરામાં જ કેન્દ્રો છે. પરંતુ એ વિષે મારા કરતાં તમે વધારે જાણકાર છો. એટલે તમારા ઈલાકામાં જે કરવું ઘટે તે કરવાનું કામ હું તમારા ઉપર છોડું છું. જો બીજો કોઈ સત્યાગ્રહી જેલ જવા તૈયાર ન થાય તો તેથી જરા પણ ચિંતા કરશો નહીં. મેં જે અનેક વાર કહ્યું છે તે યાદ રાખજો : "જો એક પણ સાચો સત્યાગ્રહી મળી આવે, તો વિજય માટે તે પૂરતો છે." દિવસે દિવસે આ હકીકત મારા મનમાં સ્પષ્ટ થતી જાય છે. જેમ સાચો સિક્કો વટાવતાં પૂરા પૈસા મળે છે, તેવી જ રીતે સાચો સત્યાગ્રહી પોતાનું પૂરું મૂલ્ય મેળવે છે, એટલે કે ધાર્યું પરિણામ સિદ્ધ કરે છે. વળી જ્યારે ખરા સિક્કા સાથે ખોટા અથવા ઓછી કિંમતના સિક્કા ભળે છે ત્યારે ખરા સિક્કાની કિંમત થોડા સમય માટે ઘટી જાય છે, તે જ પ્રમાણે મને લાગે છે કે સત્યાગ્રહ સંઘ (સભા) સર્વ પ્રકારના સત્યાગ્રહીઓનો શંભુમેળો હોવાથી શુદ્ધ સત્યાગ્રહની દૃષ્ટિથી એક જાતની દુર્બળતા જ છે. એટલે સંસ્થાના આ મિશ્ર સ્વરૂપનો મને અફસોસ નથી, પરંતુ ગયા એપ્રિલ માસમાં આપણે થોડા વખત માટે જે પીછેહઠ કરવી પડી હતી તેનું આધ્યાત્મિક કારણ હું બતાવવા માગું છું. ઘણી વાર અનિષ્ટમાંથી સારું પરિણામ આવે છે. સત્યાગ્રહમાં આવું હમેશાં બને છે. પરંતુ હવે મારે અટકી જવું જોઈએ. મેં આ બધું લખ્યું તેનું કારણ એટલું જ છે કે આજે સવારે મારા અંતરના ઊંડાણમાં ઉદ્‌ભવેલા વિચારો મારે તમને જણાવવા હતા. (અત્યારે સવારના સાડા છ વાગ્યા છે.) કેમ કે તમારા ઉપર તથા આપણે જે થોડા માણસો છીએ તેમના ઉપર બધો બોજો રહેશે. મિ. મૉન્ટેગ્યુને મોકલાતા તારની નકલ પણ આ પત્ર સાથે બીડું છું.

આ પત્રની નકલો તમે બીજા સાથી સત્યાગ્રહીઓને મોકલી શકો છો. આ પત્ર દેવદાસને બતાવશો.

તમારો સહૃદયી

**મો. ક. ગાંધી**

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૬૬૮૧

૧. જુઓ "સત્યાગ્રહીઓ માટે સૂચનાઓ", ૩૦-૬-૧૯૧૯. એમ જણાય છે કે એ સૂચનાઓનો કાચો મુસદ્દો આ પત્ર સાથે મોકલવામાં આવ્યો હતો. આ સૂચનાઓનો અમલ ગાંધીજી પકડાયા પછી કરવાનો હતો. જુઓ "એચ. એસ. એલ. પોલાકને પત્ર", ૨૭-૬-૧૯૧૯.

૨. જુઓ ૧૫મી જૂન, ૧૯૧૯નો સત્યાગ્રહ સભાનો ઠરાવ. આ ઠરાવ અહીં આપવામાં આવ્યો નથી. આ ઉપરાંત જુઓ "સત્યાગ્રહ સમિતિના સેક્રેટરીઓને પત્ર", ૧૨-૬-૧૯૧૯.

Gandhi Heritage Portal

## ૩૫૫. વાઈસરૉયના ખાનગી સેક્રેટરીને પત્ર

સત્યાગ્રહ સભા,
૭૨, એપોલો સ્ટ્રીટ,
ફૉર્ટ, મુંબઈ,
જૂન ૨૬, ૧૯૧૯

નામદાર વાઈસરૉય સાહેબના
ખાનગી સેક્રેટરી,
સિમલા

સાહેબ,

આ માસની ૨૪મી તારીખે સત્યાગ્રહ સભાના આશ્રયે અહીં ભરવામાં આવેલી જાહેર સભામાં સર્વાનુમતે પસાર થયેલો નીચેનો ઠરાવ આપની સેવામાં જાણ માટે મોકલું છું.

> સત્યાગ્રહ સભાના આશ્રયે બોલાવાયેલી આ સભા નામદાર વાઈસરૉય સાહેબને વિનંતી કરે છે કે બૉમ્બે ક્રૉનિકલ પત્રના ભૂતપૂર્વ તંત્રી બૅન્જામિન ગાઈ હૉર્નિમૅન સામે દેશનિકાલનો જે હુકમ કાઢવામાં આવ્યો છે તે પાછો ખેંચી લેવામાં આવે. આનું ખાસ કારણ એ છે કે એ હુકમના બચાવમાં પરમ માનનીય હિંદી વજીરે આપેલાં કારણો સાબિત થઈ શકે એવાં નથી. વળી મુંબઈ ઈલાકામાં બધી જગ્યાએ સંપૂર્ણ શાંતિ છે એ વાત પણ ધ્યાનમાં લેવા જેવી છે.

મારી આપને એ પણ વિનંતી છે કે આ ઠરાવ આપ કૃપા કરી પરમ માનનીય હિંદી વજીરને મોકલી આપશો.

હું છું,
આપનો, વગેરે

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૬૬૮૫

## ૩૫૬. એસ. આર. હિગનેલને પત્ર

[મુંબઈ,]
જૂન ૨૬, ૧૯૧૯

વહાલા મિ. હિગનેલ,

આ સાથે નામદાર વાઈસરૉયને એક અરજી મોકલું છું. (તે નામદાર સાહેબ સમક્ષ રજૂ કરવાની છે.) એમાં બાબુ કાલીનાથ રૉયને છોડી મૂકવાની વિનંતી કરવામાં આવી છે. સર નારાયણ ચંદાવરકરે આપને તારથી જણાવ્યું છે તે પ્રમાણે આ અરજી ગયા સોમવારે રવાના થવી જોઈતી હતી. એ મોકલવાનું કામ મારા મંત્રીને હસ્તક હતું, પરંતુ તે બીમાર પડી ગયા અને અત્યારે અમદાવાદમાં છે. અરજી પર સહીઓ લેવાનું કામ બીજા ભાઈઓના હાથમાં હતું. વળી આપને મોકલેલા તારમાં શું લખ્યું હતું તેની મને આજ સવાર સુધી કશી ખબર નહોતી. આજે સવારે સર નારાયણ ચંદાવરકર આવી ચડ્યા અને મને પૂછવા લાગ્યા કે પેલી અરજી વખતસર મોકલી કે નહીં, ત્યારે મને તારમાંની હકીકતની ખબર પડી. જ્યારે મેં એમને કહ્યું કે સહીઓ લેવાનું કામ હજી ચાલુ છે તેથી અરજી રવાના થઈ શકી નથી, ત્યારે

Gandhi Heritage Portal

સ્વાભાવિક રીતે જ એમને દુ:ખ થયું. જે નકલ પર સર નારાયણ, સર દીનશા વાચ્છા અને અન્ય મહાનુભાવોની સહીઓ છે તે નકલ હું અત્યારે પણ આપને મોકલી શકતો નથી. આશા છે કે એ નકલ આવતી કાલે મારી પાસે આવી જશે અને હું તે આપને રવાના કરી શકીશ. વિલંબને માટે ક્ષમા માગું છું, પરંતુ એના ઉપર સર નારાયણ ચંદાવરકર જેવા પ્રખ્યાત કાયદાશાસ્ત્રીની સહી થયેલી છે એટલે મને ખાતરી છે કે નામદાર વાઇસરૉય સાહેબ એના ઉપર યોગ્ય ધ્યાન આપશે.

આપનો સહૃદયી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૬૬૮૬

## ૩૫૭. સર એન. જી. ચંદાવરકરને પત્ર

[મુંબઈ,
જૂન ૨૬, ૧૯૧૯]

પ્રિય સર નારાયણ,

કાલીનાથ રૉય વિષેની અરજી મોકલવામાં થયેલી અક્ષમ્ય ઢીલને કારણે આપને આજે સવારે આટલા બધા નારાજ થયેલા જોઈ મને ઘણું દુ:ખ થયું. મારી પાસે કામનો ભરાવો એટલો રહે છે કે જ્યારે હું કોઈ કામ મારા સહકાર્યકર્તાને સોંપી દઉં છું ત્યારે એ બાબતમાં હું નિશ્ચિંત બની જાઉં છું અને કશી પૂછપરછ કરતો નથી. સિમલા મોકલાયેલા તારમાં લખેલી હકીકત હું જાણતો હોત તો એ વિષે મેં અવશ્ય જાતે ધ્યાન આપ્યું હોત. આશા રાખું છું કે એ વાત હવે આપ મનમાંથી કાઢી નાખશો.

વાઇસરૉયના ખાનગી સેક્રેટરીને મેં લખેલા પત્રની નકલ આપને મોકલું છું. મારે એમની સાથે ઠીક ઠીક નિકટનો સંબંધ છે અને અમે ઘણી વાર એકબીજાને દિલ ખોલીને પત્રો લખીએ છીએ. આપને એ જાણીને આનંદ થશે કે જે નકલો સહીઓ કરાવવા માટે ફેરવવામાં આવી હતી તેમાં ઘણા લોકોએ સહીઓ કરી છે. હું એવી પણ આશા રાખું છું કે આવતી કાલે સવારે આપ ક્રૉનિકલમાં આ સહીઓ જોઈ શકશો. મિ. હિગનેલને લખેલા મારા પત્રમાં જણાવ્યા પ્રમાણે આ નકલો અહીંથી આવતી કાલે અચૂક રવાના થશે. આપને જણાવતાં મને ખેદ થાય છે કે સર દીનશા પિટીટે[1] અરજી પર સહી કરવાની ના પાડી છે. સર ચિમનલાલની સહી મેળવવાની આશા મેં છોડી નથી.

આપ ઉતાવળમાં હતા અને શ્રી દેસાઈએ આપને આપેલું વચન પળાયું નહોતું એટલે દેખીતી રીતે જ આપ દુભાયા પણ હતા તેથી તે વખતે મેં શ્રીમતી ચંદાવરકરની તબિયત વિષે આપને પૂછ્યું નહોતું. હું આશા રાખું છું કે તેઓ મઝામાં હશે.

આપનો સહૃદયી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૬૬૮૩

૧. ૧૮૭૩–૧૯૩૩; મિલમાલિક તથા વેપારી; મુંબઈની ધારાસભાના સભ્ય.

Gandhi Heritage Portal

## ૩૫૮. વી. એસ. શ્રીનિવાસ શાસ્ત્રીને તાર

[મુંબઈ,]
જૂન ૨૭, ૧૯૧૯

શાસ્ત્રિયાર
ઇન્ડિયા ઑફિસ મારફતે
લંડન
કૅલોફ[1]
સ્ટ્રૅન્ડ
લંડન

મેં મૉન્ટેગ્યુને તાર કરી જણાવી દીધું છે કે રૉલેટ કાયદો પાછો ખેંચવામાં નહીં આવશે તો જુલાઈ માસના પ્રારંભમાં મારે સવિનયભંગની લડત ફરીથી શરૂ કરવી પડશે. પંજાબનાં તોફાનો માટે તપાસ સમિતિ નીમવાની અને તેને સજાઓમાં ફેરફાર કરવાની તથા કાલીનાથ રૉયને છોડી મૂકવાની સત્તા આપવામાં આવે એવી માગણી પણ મેં કરી છે.

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૬૬૯૧

## ૩૫૯. મદનમોહન માલવિયાને તાર

[મુંબઈ,]
જૂન ૨૭, ૧૯૧૯

માનનીય પંડિત માલવિયાજી
રૉક હાઉસ
સિમલા
બીજો તાર લાહોર

બહેનો રવિવારે[2] વિધિ કરવાનું ઠરાવે છે. આપની વતી હું ત્યાં જાઉં છું. કૃપા કરીને સંદેશો અહીં મોકલો.

ગાંધી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૬૬૯૨

૧. એચ. એસ. એલ. પોલાકનું તારનું સરનામું.
૨. જુઓ "અમદાવાદમાં વનિતા વિશ્રામના શિલારોપણ વિધિ પ્રસંગે ભાષણ", ૨૯-૬-૧૯૧૯.

Gandhi Heritage Portal

## ૩૬૦. એસ. આર. હિગનેલને પત્ર

લેબર્નમ રોડ,
[મુંબઈ,]
જૂન ૨૭, ૧૯૧૯

વહાલા મિ. હિગનેલ,

અત્યારે હું મારા સાથીઓ અંગેના પરિતાપમાંથી પસાર થઈ રહ્યો છું. મને મારી પોતાની જાત માટે શરમ આવે છે. પરંતુ કોઈ કોઈ વાર એવા સંજોગો ઊભા થાય છે જેના પર આપણે કાબૂ રાખી શકતા નથી. હમણાં જ મને ખબર પડી કે આપને જે નકલ ગઈ કાલે મોકલવામાં આવી છે એમ હું માનતો હતો તે, હકીકતમાં મારા ઑફિસ મદદનીશની ભૂલને લીધે રવાના થઈ નથી. એટલે એ નકલ હવે આજે મોકલું છું. એની સાથે સર નારાયણ ચંદાવરકર અને બીજાઓની સહીઓવાળી નકલ પણ મોકલું છું. ત્રીજી નકલ ઉપર હજી સહીઓ લેવાઈ રહી છે. એક દિવસ પછી તે આપને મળી જશે.

આપનો સહૃદયી
**મો. ક. ગાંધી**

[મૂળ અંગ્રેજી]
છબી પરથી: એસ. એન. ૬૬૮૭

## ૩૬૧. એસ્થર ફેરિંગને પત્ર

લેબર્નમ રોડ,
મુંબઈ,
જૂન ૨૭, ૧૯૧૯

વહાલી દીકરી,

તમારો પત્ર હમણાં જ મળ્યો. વાંચીને ઘણું દુ:ખ થયું. એ લોકો તમને દેશપાર કરે એ વાત મારી કલ્પનામાં આવી શકતી નથી. પરંતુ જો તેઓ એમ કરી બેસે તો તમારે એવા પ્રારબ્ધને ખુશીથી તાબે થઈ જવું. તમે ઇચ્છતાં હો તો હું સરકાર સાથે પત્રવ્યવહાર કરવા રાજી છું. સંભવ છે કે મારો પ્રયાસ ફોકટ જાય. પરંતુ એમાં કંઈ વાંધો નથી. તમને મારી એવી પણ સલાહ છે કે જો તેઓ અમુક શરતોએ જ તમને આ દેશમાં રાખવા માગતા હોય અને જો એ શરતો અપમાનજનક ન હોય, તો તમારે તે સ્વીકારી લેવી.

આવતે અઠવાડિયે હું મારા પોતાના પૂરતો સવિનય કાનૂનભંગનો આરંભ કરું એવો સંભવ છે. એટલે હાલને તબક્કે આપણે મળી શકીએ એવો સંભવ બહુ ઓછો છે.

સ્વદેશીની બાબતમાં, તમે ઘેરથી જે કંઈ લાવ્યાં હો તેનો ત્યાગ કરવાની જરૂર નથી. તમારી હાલની જરૂરિયાતો સ્વદેશી ચીજો વડે પૂરી કરવાનું રાખો એટલું તમારે માટે બસ છે. પ્રતિજ્ઞા અંગત કપડાં પૂરતી જ મર્યાદિત છે.

Gandhi Heritage Portal

તમારા બોર્ડ[1] (કારોબારી મંડળ)ની સંમતિ મળે તો તમારે તમારી શાળામાં રેંટિયા દાખલ કરવા.

તમારે માટે મારી એવી પણ સૂચના છે કે તમે મિ. બિટમૅનની સલાહ લો અને તેઓના કહ્યા પ્રમાણે કરો. હું એમને આ વિષે લખું? ઉતાવળમાં અગર ગુસ્સામાં તમે કોઈ પગલું ભરી ન બેસો એ વિષે હું ખૂબ જ ચિંતાતુર રહું છું. એટલું થયા પછી જે કંઈ બનશે તે સારા માટે જ હશે. કૃપા કરીને વખતોવખત પત્ર લખતાં રહેશો.

ખૂબ પ્યાર સહિત,

ઉતાવળમાં લખ્યું છે. ફરી વાંચ્યું નથી.

તમારો

બાપુ

[મૂળ અંગ્રેજી]

माय डियर चाईल्ड, પા. ૩૬–૭

## ૩૬૨. ગિલેસ્પીને પત્ર

લેબર્નમ રોડ,
ગામદેવી,
મુંબઈ,
જૂન ૨૭, ૧૯૧૯

વહાલા મિ. ગિલેસ્પી,

આપના પત્ર બદલ હું આપનો આભાર માનું છું. રવિવારને દિવસે આપને આશ્રમમાં આવવામાં ઘણી તકલીફ થશે એ હું જાણું છું. અને તેમ છતાં હું આપની સાથે વાત કરવા એટલો બધો અધીરો થયો છું કે આપ આવશો નહીં એમ કહેવાની મારી હિંમત ચાલતી નથી. સ્વદેશી વિષે આપે ઉઠાવેલા મુદ્દાઓની હું આપની સાથે ચર્ચા કરવા માગું છું. જ્યાં મારા પિતાશ્રીએ ઘણાં વર્ષો સુધી દીવાનગીરી કરી હતી અને જ્યાં તેમણે પોતાના જીવનના છેલ્લા દિવસો ગુજાર્યા હતા, એ સ્થળે[2] આપનો જન્મ થયો હતો એ વાતની મને ખબર જ નહોતી.

આપનો સહૃદયી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી: એસ. એન. ૬૬૯૩

૧. ડેનિશ મિશનરી સોસાયટીનું બોર્ડ.
૨. પોરબંદર.

Gandhi Heritage Portal

## ૩૬૩. મુકરજીને પત્ર

લેબર્નમ રાડ,
ગામદેવી,
મુંબઈ,
જૂન ૨૭, ૧૯૧૯

પ્રિય શ્રી મુકરજી,

નામદાર વાઈસરૉયને મોકલવાની અરજી સાથેનો આપનો ૨૪મી તારીખનો પત્ર મળ્યો. તે બદલ ઘણો આભાર. એ અરજી હું યંગ ઇન્ડિયામાં પૂરેપૂરી છાપવાનો છું. આપના પત્રમાં શ્રી કાલીનાથ રૉયની તબિયત વિષે જે થોડા સમાચાર છે તે પણ હું છાપીશ. હું આશા રાખી રહ્યો છું કે આપણા એ મિત્રને થોડા જ વખતમાં ફરીથી મુક્તિ મળી જશે.

આપનો સહૃદયી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી: એસ. એન. ૬૬૯૪

## ૩૬૪. એસ. ટી. શેપર્ડને પત્ર

જૂન ૨૭, ૧૯૧૯

વહાલા મિ. શેપર્ડ,

આપના પત્ર બદલ હું આપનો આભારી છું. વેપાર વિષેની કલમ અને બિલ વચ્ચે આપને લાગેલી વિસંગતતા તરફ આપે મારું ધ્યાન ખેંચ્યું તે બદલ હું આપનો ખાસ આભાર માનું છું. એ અંગેની કલમની અસર વિષે અતિશયોક્તિ કરવાનો મારો બિલકુલ ઈરાદો નહોતો. આપ જો કોઈ કંપનીમાંથી હિંદીઓનો નિયંત્રણ અધિકાર લઈ લો તો મારા ધારવા પ્રમાણે એનો અર્થ એવો થાય કે આપ એમને ટ્રાન્સવાલમાં વિધિસર નોંધાયેલી કંપનીના શૅરહોલ્ડરો તરીકે સ્થાવર મિલકતના માલિક બનતા અટકાવો છો. હું આ બિલનો એવો અર્થ કરું છું કે એને લીધે શૅરહોલ્ડરોમાં હિંદીઓની બહુમતી નહીં થઈ શકશે. આજે આવી તમામ કંપનીઓમાં હિંદીઓ બહુમતીમાં આવી શકે છે અને હકીકતમાં છે પણ ખરા. એટલે આ બિલનો ઉદ્દેશ હાલની પ્રથા બંધ કરી તેને ગેરકાયદે બનાવી દેવાનો છે.

આપે કાયદાના જે પુસ્તકની માગણી કરી છે તે મેં મંગાવ્યું છે. અને હું માનું છું કે આપને તે થોડા જ વખતમાં મોકલી શકીશ.

આપનો સહૃદયી

[મૂળ અંગ્રેજી]

માઇક્રોફિલ્મ પરથી: એસ. એન. ૬૪૮૪ બી

Gandhi Heritage Portal

## ૩૬૫. મુંબઈની સત્યાગ્રહ સભાની મીટિંગમાં ભાષણ

જૂન ૨૭, ૧૯૧૯

રૉલેટ કાયદાનો અને મિ. બી. જી. હૉર્નિમૅનના દેશનિકાલનો વિરોધ કરવા મુંબઈમાં શાંતારામની ચાલમાં ૨૭મી જૂન, ૧૯૧૯ને દિવસે સત્યાગ્રહ સભાના આશ્રયે એક જાહેર સભા ભરવામાં આવી હતી. તેનું પ્રમુખસ્થાન ગાંધીજીએ સંભાળ્યું હતું.

શ્રી ગાંધીએ કહ્યું કે વરસાદને લીધે ઘણા લોકો સભામાં આવ્યા નથી, એટલે મને લાગે છે કે તેઓ સાચા અને ચુસ્ત સત્યાગ્રહીઓ નથી. અહીં જે બે ઠરાવો રજૂ થવાના છે તેનો ઉદ્દેશ રૉલેટ બિલ અને મિ. હૉર્નિમૅનના દેશનિકાલ સામે વિરોધ જાહેર કરવાનો છે. વક્તાઓને મારી વિનંતી છે કે આપ આપના વિચારો બને એટલા થોડા શબ્દોમાં રજૂ કરશો.

શ્રી ગાંધીએ સભાના મત માટે ઠરાવ રજૂ કર્યો અને તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

[મૂળ અંગ્રેજી]

बॉम्बे क्रॉनिकल, २८-६-१९१९

## ૩૬૬. એચ. એસ. એલ. પોલાકને પત્ર

લેબર્નમ રોડ,
ગામદેવી,
મુંબઈ,
જૂન ૨૭, ૧૯૧૯

વહાલા ભાઈ હેનરી,

આ પત્ર હું રાત્રે અગિયાર વાગ્યા પછી લખાવી રહ્યો છું. એટલે મારા તરફથી કોઈ લાંબા પત્રની આશા રાખશો નહીં. હું ધારું છું કે તમને મારો તાર ઘણો સમયસર મળી ગયો હતો. મિ. મૉન્ટેગ્યુને[1] મેં જે તાર કર્યો છે તેની નકલ આ સાથે બીડું છું. એ તાર મેં ચાર દિવસ સુધી રોકી રાખ્યો હતો. મારા જેલમાં ગયા પછી જે સૂચનાઓનો[2] અમલ કરવાનો છે તે મેં પ્રકટ કરી દીધી છે. તેની નકલ પણ આ સાથે બીડું છું. આ પત્ર તમને પહોંચશે ત્યાં સુધીમાં તો અહીં ઘણી નવાજૂની થઈ ગઈ હશે. એટલે મારે તમને જે એકમાત્ર વાત જણાવવી જરૂરી છે તે એ છે કે હું સવિનય કાનૂનભંગ શરૂ કરવાનો છું. તેનું કારણ એ છે કે જ્યાં સુધી રૉલેટ ધારો કાયદાપોથી પર ઊભો હોય ત્યાં સુધી મારાથી છૂટા રહેવાની વેદના હવે વધુ સમય સહી શકાય તેમ નથી. આ વેદનાઓમાં પંજાબના બનાવોએ, માર્શલ લૉની કારવાઈઓએ, લાંબી મુદતની સજાઓએ તથા બાબુ કાલીનાથ રૉયને અન્યાયી રીતે કેદમાં પૂર્યા છે તે હકીકતે ઉમેરો કર્યો છે. હિંસા ફરીથી ફાટી નીકળવાની એક જ બિના મને સવિનય કાનૂનભંગની લડત શરૂ કરવામાં આડી આવતી રહી હતી. અને એ ભયને લીધે જ મેં સવિનય કાનૂનભંગને મારી પોતાની

૧. જુઓ "ઈ. એસ. મૉન્ટેગ્યુને તાર", ૨૪-૬-૧૯૧૯.
૨. જુઓ "સત્યાગ્રહીઓ માટે સૂચનાઓ", ૩૦-૬-૧૯૧૯.

Gandhi Heritage Portal

જાત પૂરતો મર્યાદિત રાખ્યો છે. બીજા લોકોને જેલમાં મોકલવાથી ઊહાપોહ ઓછો થયો હોત, પરંતુ તે વાતને સત્યાગ્રહમાં ગણાવી નહીં શકાત. આ બાબતમાં વધારે વિચાર કરતાં મારા એ કથનની ખૂબી અને તાકાત મને વધારે ને વધારે સ્પષ્ટ થતી જાય છે કે સત્યાગ્રહી ભલે એક જ હોય, પણ જો તે સાચો હોય તો જીત મેળવવા માટે પૂરતો થઈ પડે છે. એ રહેલી છે.

આ પત્ર શ્રી શાસ્ત્રિયારને બતાવશો. જે કેબલ તમને મોકલ્યો હતો તેવો જ કેબલ મેં એમને પણ મોકલ્યો છે.

સહુને યાદ કર્યાનું કહેશો. તમને અને મિલીને સ્નેહ પાઠવું છું. ટ્રાન્સવાલવાળું બિલ[1] ખૂબ જ ખરાબ છે. એ વિષે મેં વાઈસરૉયને પત્ર લખ્યો છે. એ બિલ એટલું ભયંકર છે કે એનું વર્ણન પણ થઈ શકે એમ નથી.

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૬૬૯૦

# ૩૬૭. એસ. આર. હિગનેલને પત્ર

લેબર્નમ રોડ,
ગામદેવી,
મુંબઈ,
જૂન ૨૮, ૧૯૧૯

વહાલા મિ. હિગનેલ,

આપનો ૨૫મી તારીખનો પત્ર મળ્યો છે. તે બદલ આપનો આભાર માનું છું. ઘણો વિચાર કર્યા પછી મને લાગ્યું કે મારે મિ. મૉન્ટેગ્યુને એક કેબલ મોકલવો જોઈએ. એ કેબલ મેં ગઈ કાલે રવાના કરી દીધો છે[2] અને આ સાથે એની નકલ આપને મોકલું છું.

આપનો પત્ર મારે માટે અણધાર્યો નહોતો. વાઈસરૉય સાહેબને થાય છે તેવો ખેદ મને પણ થાય છે. પરંતુ જીવનમાં કેટલીક વાર માણસે કેટલાંક કાર્યો ફરજથી પ્રેરાઈને કરવાં પડે છે, અને એ કરવા જતાં તેને ખેદ પણ થાય છે. તેમ છતાં હું નામદાર સાહેબનું એ હકીકત તરફ ધ્યાન ખેંચવા માગું છું કે ગયા એપ્રિલમાં બનેલી દુઃખદ ઘટનાઓ કંઈ સત્યાગ્રહના કોઈ પણ જાતના દેખાવોને લઈને બની નહોતી. સરકાર સારી રીતે જાણતી હતી કે હું સત્યાગ્રહ કરવાના હેતુથી નહીં પરંતુ કેવળ શાંતિ સ્થાપવાના શુદ્ધ હેતુથી દિલ્હી જઈ રહ્યો હતો. અને એપ્રિલ માસના એ ગોઝારા દિવસોનો હું વિચાર કરું છું ત્યારે મને એમ લાગ્યા વિના રહેતું નથી કે જો સરકારે મારા ઉપર હુકમો બજાવવાની જે ભૂલ કરી તે ન કરી હોત તો એ માસનો ઈતિહાસ કંઈક જુદી જ રીતે લખાયો હોત. આ ઉપરાંત મને ગિરફતાર કરવામાં આવે અને જેલમાં મોકલવામાં આવે, તે પછી લોકોમાં જે ઉશ્કેરાટ ફેલાવાનો સંભવ છે તે ટાળવા માટે હું અસાધારણ સાવચેતી રાખી રહ્યો છું. મારા સાથી સત્યાગ્રહીઓ માટે હું જે સૂચનાઓ બહાર પાડવાનો છું તેની

૧. એશિયાટિક લૅન્ડ ઍન્ડ ટ્રેડિંગ ઍમેન્ડમેન્ટ બિલ.

૨. જુઓ "ઈ. એસ. મૉન્ટેગ્યુને તાર", ૨૪-૬-૧૯૧૯.

Gandhi Heritage Portal

પ્રૂફ-કૉપી આ સાથે બીડું છું. તે ઉપરથી આપ જોઈ શકશો કે હાલ તુરત સત્યાગ્રહ કેવળ મારા પૂરતો જ મર્યાદિત રહેવાનો છે. અને હિંસા થવાની નથી, એવી ખાતરી થતાં સુધી બીજા લોકોએ એ શરૂ કરવાનો નથી.

અંતમાં, હું આપને એમ પૂછું છું કે શું પ્રજા જ હમેશાં ભૂલ કરતી હોય છે અને સરકાર જે કંઈ કરે છે તે બધું બરાબર હોય છે? કોઈ સરકાર પોતાની સ્પષ્ટ ભૂલ કબૂલ કરે અને પોતાનાં પગલાં પાછાં ખેંચી લે તો શું તે યોગ્ય ન ગણાય? હું આદરપૂર્વક જણાવું છું કે સરકાર માટે રૉલેટ કાયદા અંગેની એ પરિસ્થિતિ ફરીથી તપાસવાનો અને વિચારી જોવાનો સમય આવી ગયો છે.

આપના પત્રના છેલ્લા પૅરેગ્રાફમાં આપે આપેલી ખાતરી બદલ હું આપનો આભારી છું અને આશા રાખું છું કે જે સમિતિ નિમાવાની છે તે સંપૂર્ણ રીતે પ્રતિનિધિત્વ ધરાવતી અને સ્વતંત્ર હશે તથા તેને માર્શલ લૉ નીચે ફરમાવાયેલી સજાઓ બદલવાનો અધિકાર મળશે. એ ઉપરાંત હું એવી પણ આશા રાખું છું કે શ્રી રૉયને જલદીથી છોડી મૂકવામાં આવશે.

આપનો સહૃદયી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૬૬૯૭

## ૩૬૮. એમ. એ. ઝીણાને પત્ર

મુંબઈ,
જૂન ૨૮, ૧૯૧૯

પ્રિય શ્રી ઝીણા,[૧]

આપનો પત્ર મળતાં ઘણો આનંદ થયો. અહીં જે કંઈ બની રહ્યું છે તેના ખબર હું આપને જરૂર આપતો રહીશ. સુધારા બિલ (રિફૉર્મ્સ બિલ) વિષે હું કશું કહી શકું તેમ નથી. મેં એનો અભ્યાસ પણ કર્યો નથી. મારું મુખ્ય ધ્યાન રૉલેટ કાયદા ઉપર કેન્દ્રિત થયું છે. તેમાં પંજાબના બનાવો, કાલીનાથ રૉયનો કેસ, ટ્રાન્સવાલ અને સ્વદેશીને ઉમેરો એટલે તમે જોશો કે કામનો બોજો મારાથી ઉઠાવી શકાય તે કરતાં વધુ ભારે થઈ ગયો છે. જો આપણે રૉલેટ કાયદો નાબૂદ ન કરાવી શકીએ, જો પંજાબના મામલાની તપાસ કરવા તથા જે સજાઓ વધારેપડતી લાગે છે તે ઓછી કરાવવા એક શક્તિશાળી સમિતિ નિમાય નહીં, કાલીનાથ રૉયને જે ચોખ્ખો અન્યાય થયેલો છે તે જો મિટાવી ન શકાય, ટ્રાન્સવાલના હિંદીઓની સ્વતંત્રતા ઉપર મુકાતા વધુ કાપમાંથી જો તેમને બચાવી ન શકાય, અને જો હિંદુસ્તાન સ્વદેશીના કાર્યની કદર કરી એને અપનાવે નહીં, તો આપણને મળનારા સુધારા વ્યવહારમાં નકામા નીવડશે. આમાંથી પ્રથમ ચાર પ્રશ્નો એટલા માટે અગત્યના છે કે તેનાથી આપણી તાકાતનું માપ નીકળે છે, અને બીજી બાજુથી અંગ્રેજોની આપણા પ્રત્યેની શુભ દાનતની પરીક્ષા પણ થાય છે. અને પાંચમો એટલે સ્વદેશીનો પ્રશ્ન આપણા દેશપ્રેમની નિશાની છે. આથી હાલમાં હું મારી તમામ તાકાત

૧. મહમદઅલી ઝીણા (૧૮૭૬–૧૯૪૮); મુસલમાનોના નેતા; પાકિસ્તાનના સ્થાપક અને તેના પ્રથમ ગવર્નર જનરલ.

Gandhi Heritage Portal

આ બાબતો પર કેન્દ્રિત કરી રહ્યો છું. અને સરકારનો સામનો કરવા માટે સવિનય કાનૂનભંગ સિવાય બીજો કોઈ માર્ગ મને દેખાતો નથી, એટલે ઈશ્વરની મરજી હશે તો આવતા અઠવાડિયામાં હું એ ફરીથી ઉપાડવા માગું છું. ફરીથી હિંસા ફાટી નહીં નીકળે તે માટે એક મનુષ્ય માટે શકય એટલી બધી સાવચેતી મેં લીધી છે. સત્તાવાળાઓને મારા ઇરાદાઓની જાણ કરી દીધી છે અને મિ. મૉન્ટેગ્યુને તાર પણ કર્યો છે.

મારી પાછળ જે સૂચનાઓ હું મૂકતો જવાનો છું તેની પ્રૂફ-કૉપી આ સાથે આપને મોકલું છું. જે વિશેષ માહિતી આપની પાસે હોવી જોઈએ તે આપને એમાંથી મળશે.

કૃપા કરી શ્રીમતી ઝીણાને જણાવશો કે તેઓ દેશમાં પાછાં આવે ત્યારે હું એમની પાસેથી અહીંના રેંટિયા વર્ગમાં જોડાવાની અપેક્ષા રાખીશ. આ વર્ગ મોટાં શ્રીમતી બૅંકર અને એક પંજાબી સન્નારી શ્રીમતી રમાબાઈ ચલાવી રહ્યાં છે. અને અલબત્ત આપે મને વચન આપ્યું છે કે આપ બનતી ઉતાવળે ગુજરાતી અને હિંદી શીખી લેવાના છો. તો હું આપને એવું સૂચન કરી શકું કે મૅકૉલેની માફક આપ વળતી મુસાફરી દરમ્યાન રસ્તામાં જ આ બેમાંથી એક ભાષા શીખી લો? દરિયાની મુસાફરી દરમ્યાન આપને મૅકૉલેની માફક છ મહિનાનો સમય તો નહીં મળે, છતાં એ પણ ખરું કે મૅકૉલેને જે મુશ્કેલી હતી તે મુશ્કેલી આપને નડવાની નથી. હું આશા રાખું છું કે આપ જેટલા દિવસ ત્યાં રહેશો તે દરમ્યાન આપની બંનેની તબિયત સારી રહેશે.

અલગ ટપાલથી આપને યંગ इन्डिया મોકલું છું. આપને સમય મળે તો એનાં પાનાં ઉથલાવી જજો. એનું છાપકામ સારું નથી, કેમ કે હજી સુધી મને અનુભવી કારીગરો મળ્યા નથી. ઉદાર દિલના ગ્રાહકોને ભોગે હું મદદનીશોને તાલીમ આપી રહ્યો છું.

આપનો સહૃદયી

**મો. ક. ગાંધી**

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૬૬૯૮



Gandhi Heritage Portal

# ૩૬૯. મુંબઈમાં સ્વદેશી વિષે ભાષણ[1]

જૂન ૨૮, ૧૯૧૯

સ્વદેશીનો વિષય ઘણો જ અગત્યનો છે અને તેમાં દેશની ધાર્મિક ઉન્નતિ સમાયલી છે. જે દેશ સ્વદેશીનો ત્યાગ કરે તે સ્વદેશાભિમાની ગણાય નહીં. અને તે કોઈ રીતે પણ પોતાના ધર્મનું પાલન કરી શકતો નથી. આવું વાકય આપણે શાસ્ત્રના ગ્રંથોમાં નથી જોતા, અને ઊલટી રીતે એવો પણ સાર કાઢવામાં આવે છે કે ધર્મના પાલનમાં સ્વદેશાભિમાન પણ ઉપાધિ રૂપ થઈ પડે. પણ આ વાત કેવળ વાહિયાત છે અને ઊંધે માર્ગે દોરવી જનારી છે. દરેક માણસે પોતાની ફરજનો ખ્યાલ કરવો જોઈએ અને તેનો ખ્યાલ નહીં કરવો તે કર્મમાર્ગમાં ઊથલપાથલ કરવા બરાબર છે. શ્રાવક ધર્મમાં બીજા કોઈ પણ ધર્મ કરતાં કર્મમાર્ગનું સ્વરૂપ ઘણી જ સૂક્ષ્મ રીતે સમજવામાં આવ્યું છે. અને અહીંયાં જે ભાઈઓ મળ્યા છે, તેઓને આ સમજાવવાની જરૂર નથી. જેઓનો જન્મ હિંદની ભૂમિમાં થયો છે તેનું કંઈ પણ કારણ હોવું જોઈએ. આ કારણથી આપણી વિશેષ ફરજ શું છે તે આપણે સમજવાની જરૂર છે. સ્વદેશી એ એક વિશેષ ફરજરૂપ છે અને તે ધર્મમાં સમાયલું છે. જૈન ધર્મમાં જીવદયા અને અહિંસાનું શિક્ષણ રહેલું છે અને નાનાં પશુપ્રાણીઓથી હિંસક પ્રાણીઓનું પણ રક્ષણ કરવું જોઈએ. પણ તેથી મનુષ્યો તરફની દયા કે અહિંસા આપણે ભૂલી જવી જોઈતી નથી. આપણા પડોશીઓ જો દુ:ખ કે આફતથી પીડાતા હોય તો તેમાં ભાગ લઈ તેઓને મદદ કરવાની આપણી ફરજ છે. આખી દુનિયામાં ધર્મપ્રવૃત્તિ એટલી તો ગૌણ થઈ ગઈ છે કે ધર્મને નામે અધર્મ ફેલાઈ રહ્યો છે અને માણસ પોતાના આત્માને ઠગ્યા કરે છે. આપણે ધર્મ પાળીએ છીએ એમ કહેવામાં આવે છે, જ્યારે પ્રવૃત્તિ અધર્મવાળી હોય છે. અધર્મથી પૈસા પેદા કરી પછી તેને ધર્મના કાર્યમાં આપવાથી ધર્મ પાળેલો ગણી શકાય નહીં. અહીં ઘણાખરા વેપારી પ્રવૃત્તિવાળા ભેગા મળ્યા છે. આપણને એમ કહેવામાં આવે છે કે વેપારમાં અપ્રામાણિકતા દાખલ કર્યા સિવાય ધંધો ચલાવી શકાય નહીં. હું ખુલ્લી રીતે જણાવીશ કે ધંધો અપ્રામાણિકતા દાખલ કર્યા સિવાય ચલાવી શકાય નહીં તો તેનો ત્યાગ કરવો. ભૂખે મરી જવું પણ સત્ય નહીં ત્યાગવું એ આપણો ધર્મ છે. અને તેમ ન કરીએ ત્યાં સુધી ધર્મ આપણા જીવનનો મંત્ર થઈ શકે નહીં.

## ધર્મગુરુઓની ફરજ

મારે એક દુ:ખદાયક વાત કહેવાની ફરજ પડે છે. અને તે એ છે કે આપણા ધર્મગુરુઓ જેઓની જ્ઞાન વગેરે આપવાની ફરજ છે તેઓ પોતાની ફરજ વિસારી બેઠા છે. આ વાત ગમે તેટલી દુ:ખદાયક હોય તોપણ તે ખરી છે. ધર્મગુરુઓ પોતાના આચરણથી પોતાના અનુયાયીઓને દોરી શકે તેમ છે. ફક્ત બોધ આપવાથી જ શ્રોતાજન ઉપર છાપ પડતી નથી. ગુરુઓએ પણ સ્વદેશી ધર્મનું આચરણ કરવું જોઈએ. તેઓને ઘણો જ ફોકટનો વખત મળે છે. અને તે માટે તેઓએ પણ રેંટિયો લઈ રૂ કાંતતા થવું જોઈએ અને તે રીતે તેઓના અનુયાયીઓને ધડો આપવો જોઈએ. માળા લઈ રામનામ જપવા કરતાં રેંટિયાના અવાજમાં કંઈ આત્માનો અનેરો અવાજ ઊભો થશે.

૧. આ સભા કચ્છી જૈન મંડળના આશ્રયે લાલ બાગમાં આવેલા જૈન ઉપાશ્રયમાં મળી હતી.

Gandhi Heritage Portal

### આપણી સ્વાભાવિક પ્રવૃત્તિ

સ્વદેશી એ આપણી મુખ્ય પ્રવૃત્તિ છે, કારણ કે એ સ્વાભાવિક છે. આપણે આપણી સ્વાભાવિક પ્રવૃત્તિ ભૂલી ગયા છીએ. સ્વદેશીનો ત્યાગ કરવાથી પ્રજા નાશ પામેલી થઈ ગઈ છે. હિંદના ૩ કરોડ માણસો એટલે હિંદી પ્રજાનો ૧૦મો ભાગ એક ટંક જ સૂકો રોટલો પામે છે. દર સાલ કરોડો રૂપિયા પરદેશ જાય છે. જો આ કરોડો રૂપિયા આપણા દેશમાં રહે તો ભૂખે મરતા આપણા બાંધવોને આપણે બચાવી શકીએ. આથી આમાં આર્થિક ઉન્નતિ પણ સમાયલી છે. અને સ્વદેશી પાલનમાં જીવદયા પણ રહેલી છે. વળી સ્વદેશી કાપડ વિલાયતી કાપડ કરતાં સસ્તું પડી શકે તેમ છે. હું તમોને તમારાં કપડાં હાથે બનાવી કે બનાવડાવી પહેરવાં એવી અરજ ગુજારું છું. સ્વદેશી પાલનનું વ્રત કઠણ નથી. આથી આપણે આપણા ભાઈઓની અગવડો દૂર કરી શકીશું. આપણે જો આઠ કલાક રેંટિયા ઉપર કામ કરીએ તો એક રતલ સૂતર કાઢી શકીએ. હાલમાં હિંદમાં જે કાપડ બને છે તે વસ્તીના પચીસ ટકાને જ પહોંચી વળે એમ છે. માટે બાકીના ૭૫ ટકાને પહોંચી વળવા જેટલી પેદાશ આપણે ઊભી કરવી જોઈએ. અને આવી રીતે જો રેંટિયા ફરતા થાય તો શુદ્ધ સ્વદેશી વ્રત પળાય એટલું જ નહીં પણ આપણે ઘણું કાપડ પેદા કરી શકીએ.

[મૂળ ગુજરાતી]

ગુજરાતી, ૬-૭-૧૯૧૯

## ૩૭૦. મુંબઈમાં મળેલી સભામાં સ્વદેશી વિષે વિચારો[1]

જૂન ૨૮, ૧૯૧૯

આપણે પહેલું શુદ્ધ સ્વદેશી વ્રત લઈને હંમેશને સારુ સ્વદેશીનું પાલન કરવું જોઈએ. જે માણસ વ્રતધારી છે તેણે પોતાના વ્રતનું પાલન કરવા પૂરેપૂરા ઉપાય લેવા જોઈએ, નહીં તો આગળ ઉપર વ્રત તૂટવાનો પ્રસંગ આવવાનો સંભવ રહે છે. તેથી અગમચેતીથી દરેક વ્રતધારીએ વ્રત પાલનાર્થે ઘટતા ઉપાયો આદરવા જોઈએ.

આપણે હાથે વણવાનું કાપડ અને સૂતર પેદા કરવાનો પ્રયત્ન કરવો જોઈએ, જેથી આપણું વ્રત પાળી શકાય. આજે ૩ા કલાકે હું સ્ત્રીઓની સભામાં ગયો હતો. અને મેં તેમને જે વિનંતી કરી છે તેથી ઘણે ભાગે તેઓમાંની ઘણીખરી સ્ત્રીઓ રેંટિયાનું કામ શરૂ કરશે. જો સ્ત્રી અને પુરુષો બંને સ્વદેશીની ચળવળમાં સામેલ થાય તો આપણી ચળવળ ઘણી જ સારી રીતે ચાલશે અને સ્વદેશીનું પાલન સારી રીતે કરી શકશું. સ્વદેશીને બહિષ્કાર સાથે સંબંધ નથી. સ્વદેશીના પાલનને આપણી ફરજ અને ધર્મનો અંશ સમજીને તે મેં પ્રજા આગળ મૂકેલો છે. સ્વદેશી ચળવળ સાથે બહિષ્કારની ચળવળને નહીં ભેળવવા હું હિંદી ભાઈઓને અરજ કરીશ.

[મૂળ ગુજરાતી]

ગુજરાતમિત્ર અને ગુજરાતદર્પણ, ૬-૭-૧૯૧૯

૧. આ સભામાં ગંગાધરરાવ દેશપાંડેએ ભાષણ કર્યું હતું; ગાંધીજી પ્રમુખસ્થાને હતા.

Gandhi Heritage Portal

## ૩૭૧. રૂ ઉદ્યોગ વિષે પ્રશ્નાવલિ[1]

[જૂન ૨૯, ૧૯૧૯ પહેલાં]

### (૩) ઉદ્યોગ વિષે

**મહાત્મા મો. ક. ગાંધીએ માગેલી માહિતી**

| | |
|---|---|
| ૧. હિંદુસ્તાનમાં ઉગાડવામાં આવતા રૂની વિવિધ જાતો અને તેમનાં નામ. | જુઓ યાદી 'એ'[2] |
| ૨. રૂની એ વિવિધ જાતો કયે કયે સ્થળે પેદા થાય છે અને સરાસરી પેદાશ કેટલી છે? | જુઓ યાદી 'બી' |
| ૩. સરાસરી ભાવના દર. | જુઓ યાદી 'સી' તથા પરિશિષ્ટ 'બી'નાં પાન ૨૬ અને ૨૮. |
| ૪. રૂ ઉગાડવામાં વપરાતી જમીનનું કુલ ક્ષેત્રફળ; કુલ પેદાશ. | એક કરોડ ચાળીસ લાખ એકર. ૪૦૦ રતલની એક એવી ૪૦ લાખ ગાંસડીઓ. |
| ૫. આ દેશમાં પરદેશી રૂની જાતો દાખલ કરવાના પ્રયોગોનાં પરિણામો; નિષ્ફળતાનાં કારણો. | જુઓ કૉટન કમિટીના રિપોર્ટનું પાન ૧૯ તથા ઇન્ડસ્ટ્રિયલ કમિશનના રિપોર્ટના પરિશિષ્ટ 'બી'નાં પાન ૩૧થી ૩૩. |
| ૬. કૉટન કમિશને તારવેલાં પરિણામો. | જુઓ પ્રશ્ન ૫નો જવાબ. |

૧. આ પ્રશ્નાવલિ નીચે લખેલા પત્ર સાથે જોડેલી હતી:

ધિ ઇન્ડિયન ઇન્ડસ્ટ્રિયલ કૉન્ફરન્સ,
માનદ સહમંત્રીની કચેરી,
૨૩, ચર્ચગેટ સ્ટ્રીટ,
ફૉર્ટ, મુંબઈ,
૨૯મી જૂન, ૧૯૧૯

મહાત્મા મો. ક. ગાંધી
મુંબઈ

પ્રિય મહાશય,

આપની ઇચ્છા મુજબ અમારા કાર્યાલયમાં મળી શક્યાં તેવાં માહિતીનાં સાધનોને આધારે આપના પ્રશ્નોના યથાશક્તિ ઉત્તર આપવા મેં પ્રયત્ન કર્યો છે.

કેટલાક પ્રશ્નોની તપાસ હજી ચાલુ છે; એટલે એમાં માગેલી માહિતી આવશે કે તરત આપને મોકલી આપવામાં આવશે.

વિલંબ માટે ક્ષમા કરશો.

આપનો વિશ્વાસુ
**એમ. બી. સંત**
સહાયક મંત્રી

૨. આ યાદી અને બીજાં જે બિડાણોનો અહીં ઉલ્લેખ કર્યો છે તે આપવામાં આવ્યાં નથી.

Gandhi Heritage Portal

| | |
|---|---|
| ૭. હાથસાળો બનાવવામાં આવતી હોય તેવાં સ્થળો અને પેઢીઓનાં નામ | (૧) શોલાપુરના શ્રી ટિકેકર. (૨) સાલ્વેશન જિનિંગ લૂમ ફૅક્ટરી, મુંબઈ. (૩) શ્રી શિવાજી મેટલ ફૅક્ટરી, શોલાપુર. વડોદરામાં પણ સયાજી લૂમ વર્ક્સ નામનું હાથસાળ બનાવવાનું એક કારખાનું હતું. એ વિષે આપે વડોદરાના રાવ-બહાદુર રાવજીભાઈ પટેલને પૂછવું. |
| ૮. સૂતર કાંતવાનાં યંત્રોના વિવિધ પ્રકારોનાં નામ આપો, તે ક્યાં બને છે તે કહો, અને તેમની કિંમત જણાવો. | આ માહિતી ઉપર જણાવેલાં સાધનો પાસેથી મળશે. ૮૫ લાખ હંડરવેટ કાચું રૂ નિકાસ કરવામાં આવે છે. [મૂળમાં આ પ્રમાણે છે.] |
| ૯. કપાસ પીલવાનાં યંત્રોના પ્રકાર, તે બના-વનારનાં નામો અને તેની કિંમત. | |
| ૧૦. સૂતર વણવાની મજૂરીના એક રતલે દર. | તપાસ ચાલે છે. |
| ૧૧. મિલમાં કાંતેલા અને હાથે કાંતેલા સૂતરની કિંમત વચ્ચેનો તફાવત. | |
| ૧૨. દેશમાં એકંદરે કેટલું સૂતરાઉ કાપડ પેદા થાય છે. | ૩૮ કરોડ ૧૦ લાખ રતલ ૧ અબજ ૬૧ કરોડ ૪૦ લાખ વાર. |
| ૧૩. દેશમાં એકંદરે કેટલું સૂતર તૈયાર થાય છે. | ૬૫ લાખ રતલ અને એની જાત. માત્ર ૬૦ નંબર સુધીની (યાદી 'ઈ'). |
| ૧૪. તૈયાર કાપડ તથા સૂતરની કુલ આયાત અને નિકાસ. | જુઓ યાદી 'ડી'. હિંદના વણકરોને મળી શકતું મિલમાં કાંતેલું સૂતર ૨૫ કરોડ ૨૦ લાખ રતલ. |
| ૧૫. હિંદુસ્તાનમાં સૂતર કાંતનારી મિલોની સંખ્યા. | કુલ મિલો ૨૬૩, ત્રાકો ૬૦ લાખ, સાળો ૧,૧૪,૬૨૧. |
| ૧૬. હિંદુસ્તાનમાં કાપડ વણનારી મિલોની સંખ્યા. | |
| ૧૭. કાપડ વણવાની મિલ કાઢવા માટે ઓછામાં ઓછી કેટલી મૂડી જોઈએ? | લગભગ ૧૦ લાખ રૂપિયા. |
| ૧૮. સૂતર કાંતવાની મિલ કાઢવી હોય તો ઓછામાં ઓછી કેટલી મૂડી જોઈએ? | ઉપર મુજબ. |
| ૧૯. કાંતવા તેમ જ વણવા માટેની મિલ કાઢવી હોય તો દરેક મિલ માટે સરાસરી કેટલા કેટલા મજૂરો જોઈએ? | દરેક મિલ દીઠ ૧૨૦૦. |
| ૨૦. કાંતવા અને વણવાની મિલો માટે જે યંત્રો અને ઇમારતો જોઈએ તેની કિંમત કેટલી થાય? | તપાસ ચાલે છે. |
| ૨૧. કાંતવા તથા વણવાની નવી મિલો કાઢવા માટે કયાં સ્થળો અનુકૂળ પડે? | જુઓ કૉટન કમિટીનો રિપોર્ટ, પાન ૨૨૩. |

Gandhi Heritage Portal

| | |
|---|---|
| ૨૨. ધોતી, ટુવાલ અને અન્ય અગત્યનો માલ બનાવવામાં થતું સરાસરી ખર્ચ. | આ માહિતી આપી શકાય તેમ નથી, કારણ કે ધોતી, ટુવાલ વગેરે પ્રકારના કાપડની અનેક જાતો હોય છે અને તેનાં માપ પણ જુદાં હોય છે. |
| ૨૩. આખા દેશમાં કાપડના ઉદ્યોગમાં રોકાયેલા હાથે કાંતનારા, વણનારા વગેરે લોકોની કુલ વસ્તી. | ૩૨ લાખ. |
| ૨૪. હિંદી કાપડ પર લેવાતો ઉત્પાદન કર. | ૭૯ લાખ રૂપિયા. |

[મૂળ અંગ્રેજી]

એમ. બી. સંતના પત્ર સાથે બીડેલા લખાણ પરથી : એસ. એન. ૬૭૦૦

## ૩૭૨. મહમદઅલીને પત્ર

લેબર્નમ રોડ,
મુંબઈ,
જૂન ૨૯, ૧૯૧૯

પ્રિય મિત્ર,

આપને બેતુલની જેલમાં લઈ ગયા ત્યાર પછી આપને વિષેની દરેક જાતની માહિતી હું મેળવતો રહ્યો છું. આપના નિવેદનપત્ર અંગે મેં બાંધેલો અભિપ્રાય હજી પણ કાયમ છે. ખેર, પત્રો લખવાની આપને છૂટ હોય, તો આપને જેલમાં પૂરવાના હુકમોના બચાવમાં સરકારે બહાર પાડેલી યાદી વિષેના આપના વિચારો હું જાણવા માગું છું. મેં મિત્રોને સલાહ આપી છે કે આપને વિષે તેમણે બિલકુલ મૌન રાખવું, કેમ કે એક પણ ભૂલભરેલું પગલું ભરવામાં ન આવે તે માટે હું ખૂબ જ ઉત્સુક છું. સાંભળ્યું છે કે આપની તબિયત સારી રહે છે અને જેલમાં આપની જેટલી સંભાળ રાખી શકાય તેટલી રાખવામાં આવે છે. આપના પત્રની હું રાહ જોઈશ. થોડા સમય સુધી આપણાથી રૂબરૂમાં મળી શકાય એવો સંભવ નથી, તેમ છતાં હું આપને કદી ભૂલી શકતો નથી એમ કહેવાની ભાગ્યે જ જરૂર હોય. મુસલમાનોના પ્રશ્ન અંગે હું આપણા જાહેર કાર્યકર્તાઓ તેમ જ સરકારી અધિકારીઓ, બંનેના નિકટના સંપર્કમાં છું.

આપનો સહૃદયી
**મો. ક. ગાંધી**

[મૂળ અંગ્રેજી]

નેશનલ આર્કાઇવ્ઝ ઑફ ઇન્ડિયા : હોમ : પોલિટિકલ : સપ્ટેમ્બર ૧૯૧૯ : નં. ૪૦૬-૨૮ 'એ' (ગુપ્ત)

Gandhi Heritage Portal

## ૩૭૩. અમદાવાદમાં સ્વદેશી વિષે ભાષણ[1]

જૂન ૨૯, ૧૯૧૯

લૉર્ડ કર્ઝનના અમલમાં જ્યારે બંગાળાના ભાગલા પડયા તે અરસામાં સ્વદેશીની હિલચાલ મોટા પાયા પર થઈ હતી. પણ ઘણે સ્થળે જણાવી ગયો છું તેમ તેમાં કેટલીક ખામીઓ રહી ગઈ હતી. કોઈ પણ નવી ચળવળમાં ખામીઓ હોવાનો સંભવ છે. રહી ગયેલી ખામીઓ ઉપર ટીકા કરવાનો હેતુ નથી, પરંતુ તેવા દોષો ન રહે તે માટે વિચાર કરીએ છીએ. તે વખતની ચળવળમાં દોષો હતા તેમ જુસ્સો પણ જબ્બર હતો તથા ગુણો પણ હતા.

### દોષનિરીક્ષણનું કારણ

આપણે જો કામ સંગીન અને સુંદર કરવું હોય તો અથવા જો સારું શિક્ષણ શીખવા ઇચ્છતા હોઈએ તો અનુભવાયલી ખામીઓનું નિરીક્ષણ કરવું અને તપાસ કરી તેવી ખામીઓ હોય તેને ગાળી કાઢી શુદ્ધ ઇતિહાસ તૈયાર કરવો.

### દોષ કયો ?

ત્યારે આગળની હિલચાલમાં મને જે દોષ જણાયો છે તે એ છે કે સ્વદેશી હિલચાલ એકદમ મોટા પાયા ઉપર ચલાવવામાં આવી હતી. એ તો ખુલ્લું છે કે સઘળી વસ્તુઓ એકી વેળાએ સ્વદેશી મળતી થઈ જાય નહીં. વ્રત તો તેને જ કહેવાય કે શકય પ્રમાણમાં તેને પાળી શકાય. આ વાત કાટખૂણાના દૃષ્ટાંતથી બરાબર સમજી શકાશે. એકી વખતે અને એકસરખી રીતે બધી જરૂરિયાતો પૂરી પડે તેવાં સઘળાં સ્વદેશી સાધનો મળી આવે નહીં. અને તેવી રીતનું સ્વદેશી વ્રત લઈએ તો પરિણામ અધૂરું જ આવે. પણ જો એવી રીતનો ધાર્મિક જુસ્સો આવ્યો હોય તો સંપૂર્ણ સ્વદેશી વ્રતની પ્રતિજ્ઞા લઈને, જે વસ્તુ મને સ્વદેશી નહીં મળે તેના વિના ચલાવી લઈશ — તો તેવી મક્કમતા ભવિષ્યમાં ધાર્યું પરિણામ મેળવી આપે.

### અખતરાનો વિચાર

૧૯૦૮ની સાલથી મને એમ લાગે છે કે તેને માટેનો પ્રયોગ પ્રથમ કાપડની શરૂઆતથી થઈ શકશે. એક સમય એવો હતો કે હિંદુસ્તાન બધા દેશોને માથે ચઢિયાતો હતો. તે વખતે હિંદમાં કયા પ્રકારની વ્યવસ્થા હતી એનો ચોક્કસ વિચાર કરીએ તો અખતરાને અંતે લક્ષને ફતેહમંદ કરવાના રસ્તા ખુલ્લા થાય.

### ખેડૂતો અને વણકરો

હિંદની પ્રજા મોટે ભાગે બે ભાગમાં વહેંચાયલી હતી. કેટલાક ખેતી કરતા, કેટલાક વણકરનો ધંધો કરતા. એથી આગળ વધીને એમ પણ કહીશ કે ખેતીનો ધંધો કરનારી પ્રજા પણ તેમાંથી પરવાર્યા પછી વણાટકામમાં ગૂંથાયલી રહેતી હતી. આ વાત બહેનોને સંબોધીને કહું છું.

૧. સ્વદેશી સભાના આશ્રયે બોલાવવામાં આવેલી સભામાં પ્રમુખપદેથી આપેલું ભાષણ. આ ભાષણનો સાર ૨–૭–૧૯૧૯ના યંગ ઇન્ડિયામાં પ્રસિદ્ધ થયો હતો.

Gandhi Heritage Portal

શાથી કે એ ધંધાની ખિલવણીનો આધાર તેમના ઉપર છે. ડૉ. હૅરોલ્ડ મૅનથી[1] તમે અજાણ્યા નહીં હો. પૂનાની આસપાસનાં ગામોનો તેમણે અભ્યાસ કરી બે ચોપડીઓ બહાર પાડી છે. તેમણે અનુભવપૂર્વક એમ સાબિત કરી આપ્યું છે કે અષાઢથી માર્ગશીર્ષ મહિના પછીના છ મહિના ખેડૂત પ્રજા નવરાશના વખત તરીકે ગાળતી હોય છે. તે ફાજલ વખતમાં એ જ ખેડૂત પ્રજા વણાટકામને હાથમાં લઈ શકે. વણકરનો ધંધો પડી ભાંગવાથી ૮૦ ટકા પ્રજા સાવ નિરુદ્યમી થાય છે અને તેમનું આળસ વધ્યે જાય છે. પણ પ્રજા જ કેવળ આળસથી પડી રહે છે એમ નથી. તેમને તેવા ધંધાની તક આપવામાં નથી આવતી. એમ કહેવામાં આવે કે ખેડૂત વર્ગ પર પ્રથમ કરતાં વિઘોટી બહુ ચડી ગઈ છે તો તે વાતનો હું સ્વીકાર કરીશ. પણ તેથી કાંઈ નિરુદ્યમી રહી પડી રહેવું ઘટતું નથી.

### પરદેશી કાપડની આયાત

૧૯૧૭–૧૮ની સાલમાં પરદેશથી ૭ કરોડ રૂપિયાનું હિંદમાં કાપડ આયાત થયું હતું. પૂર્ણ જાહોજલાલી ભોગવતો જે દેશ પરદેશ ખાતે મોટા જથ્થામાં માલ મોકલાવતો હતો તેની આ દશા છે. ૬૦ કરોડનો માલ તો ૧૯૧૭–૧૮માં આવ્યો. પણ લડાઈ ન ચાલતી હોત અને સ્ટીમરોનો વ્યવહાર ચાલુ હોત તો ૬૦ કરોડની સંખ્યામાં કેવડો મોટો વધારો થયો હોત તે વિચારવું જોઈએ.

### ગરીબ પ્રજા

અત્યારે એક અંગરખું, બંડી, માથાનું ઢાંકણ ને ધોતિયું કે ચોઈણી જેટલી જરૂર પૂરતી જોગવાઈથી પણ વિમુખ રહે છે. અને ૩ કે ૪ ચીરને ઠેકાણે એકાદ વસ્ત્રથી નભાવી લે છે. એવા એક જણને મેં કારણ પૂછ્યું ત્યારે તેમણે કહ્યું કે "પાંચસાત રૂપિયા ખર્ચવાના ક્યાંથી લાવવા ?" આ વિદેશી કાપડના વપરાશનું પરિણામ છે.

### સંસ્થાનો ઉદ્દેશ

નાશ થયેલા ધંધાને ફરી ઉત્પન્ન કરવો તે આ સંસ્થાનો ઉદ્દેશ છે. ઉદ્દેશના અખતરા તરીકે કાપડની હિલચાલથી શરૂઆત કરવામાં આવે છે. અને કાપડથી જ શરૂઆતની ચળવળ ચલાવી શકાય. ત્યાર પછી એક વસ્તુ એ મૂકવામાં આવી કે પ્રજાએ વ્રત લેવું. અનુકૂળતા માટે વ્રતના ત્રણ પ્રકાર પાડ્યા છે. એક શુદ્ધ, બીજું મિશ્ર અને ત્રીજું નવેસરથી કાપડ ખરીદાય તે સ્વદેશી જ ખરીદવું એવો પ્રકાર. ખરી રીતે તો વ્રત લીધા પછી વિદેશી કાપડને વર્જ્ય કરવું જોઈએ. પણ રમીબાઈ કામદારે શંકા ઉઠાવી કે કીમતી સાડીઓ અને એવાં જ બીજાં વસ્ત્રોને ફેંકી દેવામાં બહુ ખોટ ખમવી પડે માટે જે હોય તેનો ઉપયોગ કરી લીધા પછી નવું કાપડ સ્વદેશી જ ખરીદવું ઠીક થઈ પડશે. આ કારણથી ત્રીજો પ્રકાર રાખવામાં આવ્યો છે. વ્રત લીધા પછી તે ન પળાય તો જેવી નામોશી પહેલાં લાગી હતી તેવી જ લાગે.

### પ્રકારોનું કારણ

સ્વદેશી ન મળે તો લંગોટીથી નિભાવી લેવું એટલે દરજ્જે હિંદી પ્રજા મક્કમ નિર્ણય પર આવે તે વેળાએ તો હિંદ દેશ બહુ ઉચ્ચ કક્ષાએ ચડી ગયેલો હશે. અત્યારથી એટલી બધી આશા તો હું નથી રાખી શકતો. આ કારણથી પ્રકાર પાડવા પડ્યા છે.

૧. પૂનાની ખેતીવાડી કૉલેજવાળા; लॅन्ड एन्ड लेबर इन ए डेक्कन विलेज નામના પુસ્તકના લેખક.

Gandhi Heritage Portal

### મિત્રો અને ટીકાકારો

શરૂઆત થયેલી જાણીને જે મિત્રો હોય તે દિલસોજી બતાવે કે અભિનંદન આપે તેથી તો આપણને માત્ર સંતોષ કે આનંદ જ થવાનો. પણ તમારે જો તમારી શરૂઆતવાળી પ્રવૃત્તિમાંથી કાંઈક શીખવું હોય તો તમારે ટીકાકાર પાસે જવું જોઈએ અને તેને સાંભળવો જોઈએ. ખામી એ શોધી આપશે કે જે ખામીઓને આપણે દૂર કરવા તૈયાર થઈ શકીશું અને આપણો અખતરો એ રીતે ખામી વગરનો બનાવી શકીશું. મુંબઈમાં મિ. વાડિયાને અને મિ. ફાઝલભાઈ કરીમભાઈને હું મળ્યો હતો. મિ. ફાઝલભાઈએ મને ચેતવણી આપી કે લોકો કને વ્રત લેવડાવીને તમે શું કરવા માગો છો? લોકોની માગણીને અમે પહોંચી વળીએ એટલું કાપડ જ અમે તૈયાર કરી શક્યા નથી. તેને માટે હજુ ૫૦ વર્ષ જોઈશે. ભાઈ વાડિયાએ અંતિમ પક્ષનો વિચાર દર્શાવ્યો હતો. તેમણે કહ્યું કે અમારે જેવું જોઈએ તેવી જાતનું કાપડ અમને પૂરું પાડવું જોઈએ. પણ એમનો આ વિચાર અંતિમ પક્ષને શોભતો હતો. મેં જવાબ તો આપ્યો હતો કે લાખો રૂપિયા જેમ બીજી રીતે ધંધાની કમાણી પૂરતા ખર્ચી જાણો છો તેમ જનરુચિને પોષવા અને સ્વદેશીનો છૂટથી પ્રચાર કરાવવા કરોડો રૂપિયા ખર્ચો ને સાધન સંપડાવો. પણ એટલા જવાબથી કાંઈ આત્મસંતોષ થાય તેમ ન હતો. દેશમાં મલમલ, અતલસ વગેરે ચીજો હજુ પણ સારા સ્વરૂપમાં તૈયાર થાય છે. બીજી ચીજો પણ બનાવી શકાય પણ કારીગરો નથી, તેવા ધંધા ઉત્પન્ન કરનારાયે નથી. તેને ઉત્તેજન આપનારાઓની ખોટ જણાય છે.

આગળ ચાલતાં મહાત્મા ગાંધીજીએ લીડર પત્રમાં આવેલા એક લેખનો રદિયો[1] આપ્યો. પછી જણાવ્યું હતું કે:

### સ્વદેશી વ્રતનો પ્રભાવ

સ્વદેશી વ્રતનો પ્રભાવ એવો છે કે વ્રત લીધાથી બળ મળશે અને બળ મળવાથી ઉદ્યોગ ખીલવી શકાશે. મુંબઈમાં આ ઉદ્યોગની શરૂઆત થઈ ગઈ છે અને બીજે સ્થળે થવા માંડી છે. મુંબઈમાં રેંટિયા વડે રૂ કાંતવાની સાળો ચલાવી ત્યારે અનુભવ થયો. હું જાતે એક કલાક બેઠો તો રૂ કાંતવાની અને તેની કળાની ખબર પડી. કામ બહુ જ સહેલું જણાયું.

### શંકરલાલ બૅંકરનાં માતા અને રમાબાઈ

શંકરલાલ બૅંકરનાં માતા અને રમાબાઈ એ બે જણ આ ખાતામાં મુખ્ય કામે લાગ્યાં છે. તે બહેનો કાંતીને બીજી બહેનોને બતાવે છે. રેંટિયો કાંતવાનું બરાબર શીખીને તૈયાર થવામાં છ માસથી વધારે વખત લાગે નહીં. શીખવાની ફી આપવી પડતી નથી. જાપાનની પ્રજા ઉદ્યોગની જે જાતની પ્રવૃત્તિમાં અત્યારે ઊછરી રહેલી જણાય છે તે પ્રવૃત્તિ અને તેવા આદર્શ હિંદના ન બને એમ હું તો ઇચ્છું છું. ઔદ્યોગિક કમિશન બેસે છે અને અહેવાલો બહાર પડે છે. પણ તેમના ઢંગ જુદા છે. મારો ઢંગ જુદો છે. વર્ષો સુધી હું થોભી શકતો નથી. ઋષિમુનિઓએ બહુ વિચાર કરીને શોધી કાઢયું હતું કે સૂતર તૈયાર કરવું. શાથી કે જીવનને અન્ન પછીની બીજી જ મુદ્દાની જરૂરિયાત હોય તો અંગ પોશાકની છે.

### આશ્રમનો અનુભવ

સત્યાગ્રહ આશ્રમમાં એક વર્ષથી ધંધાની પ્રવૃત્તિ ચાલે છે. એક વર્ષ દરમ્યાન ૨૦ હજાર રૂપિયાનું કાપડ તૈયાર થયું. દુકાળ કમિટીના કાર્ય પર તમારું ધ્યાન ખેંચીશ. કમિટીએ લોકને

૧. આ રદિયો મળ્યો નથી.

Gandhi Heritage Portal

મફત મદદ આપવાને બદલે વણાટકામ કરાવીને મદદ આપવાની રૂઢિ ગ્રહણ કરી. આમ કરવાથી ઘણા જણ ભિખારીને બદલે ધંધાદારી બની ગયા. જૂનો ધંધો હોય તેને છોડી દઈને આ ધંધા પાછળ અખંડ મચ્યા રહેવાનું હું તમને નથી કહેતો. બચત વખતનો વ્યય જો આ ધંધા પાછળ કરવામાં આવશે તોપણ બહુ સારો લાભ મળશે. ઘેર રેંટિયા દાખલ કરો. પુરુષો અને પુરુષો નહીં તો સ્ત્રીઓ સૂતર કાંતતાં શિખવાડે.

### માત્ર એક કલાક

સમસ્ત હિંદમાંથી માત્ર ૧૦ લાખ સ્ત્રીઓ જો એક એક કલાક જ આ કામ પાછળ ગાળે તો કામ કેટલું આગળ વધે? એક કલાકમાં બે તોલા સૂતર કંતાય છે. આ તો એક અખતરાની વાત છે. પછી તેટલા પરથી સારો લાભ જોતાં જ સંખ્યાબંધ લોકો એ ધંધામાં ફાવી શકશે. અને તેને પોતાનો ધંધો બનાવી શકશે.

### સંસ્થાની શાખા

સ્વદેશી સભાની શાખા અમદાવાદમાં ભાઈ ચિમનલાલ ચિનાઈની મસ્કતી માર્કેટની ઑફિસમાં સ્થપાઈ છે. ત્યાં સ્વયંસેવકો પોતાનાં નામ નોંધાવી શકશે અને ત્યાંથી પૂરતી માહિતી મેળવી શકશે. સ્વયંસેવકો જાતે રૂ કાંતીને રૂ કાંતનારાઓને મેળવીને પ્રજામત કેળવીને વિવિધ રીતે સેવા બજાવી શકે છે.

[મૂળ ગુજરાતી]

ગુજરાતી, ૧૩–૭–૧૯૧૯

## ૩૭૪. અમદાવાદમાં વનિતા વિશ્રામના શિલારોપણ વિધિ પ્રસંગે ભાષણ

જૂન ૨૯, ૧૯૧૯

ભારતભૂષણ દેશભક્ત અને મને જ્યેષ્ઠ બંધુ તરીકે ગણનાર પંડિત માલવિયાજી આજે આવી શક્યા નથી તેથી તમે દિલગીર થશો, પણ હું તમારા કરતાં વધારે દિલગીર છું. એમને હાથે આ ક્રિયા થવી જોઈતી હતી. તે ન થવાથી સુલોચનાબહેન અને રુક્ષ્મણિબહેનને કેટલું દર્દ થયું હશે તે સમજી શકાય એવું છે. અગાઉ એક વખત પંડિતજીથી અહીં આવવાનું બની શકે તેમ હતું. તેઓ મુંબઈમાં આવ્યા હતા. પરંતુ તે વખતે જે સંજોગો બન્યા હતા અને જેની ઉપર આપણે અંકુશ રાખી શક્યા નથી તેને લીધે આ ક્રિયાનું કામ મુલતવી રહ્યું. આ ક્રિયા ફરીથી પણ માલવિયાજીને હાથે થાય એમ મારી ઇચ્છા હતી, પણ અત્યારે તેમને લાહોર જવું પડ્યું છે અને માલવિયાજીનો પોતાનો હુકમ એવો છે કે મારે આ ક્રિયા કરવી. તો તેમના એલચી તરીકે હું આ કાર્ય કરું છું. એમના શબ્દો ધ્યાનમાં રાખવા જેવા છે.[1] સ્ત્રીઓના પુરુષો કેટલા ઋણી છે તે સંબંધમાં તેમણે દર્શાવેલા વિચારને હું સંમત છું.

૧. માલવિયાજીનો સંદેશો આ પ્રમાણે હતો :—

માતા, બહેન, પત્ની અને પુત્રી તરીકેનું સ્ત્રીનું ઋણ પુરુષ ઉપર ઘણું મોટું છે. સ્ત્રીઓ સ્નેહ અને સેવાનાં સ્વાર્થત્યાગભર્યાં અગણિત કામો કરી પુરુષોના જીવનને સદાને માટે ઓપ આપે છે અને આપણા ઊંચામાં ઊંચા સુખમાં ફાળો આપે છે. આવી પરોપકારી સ્ત્રીજાતિના માન અને સુખ માટે આપણે ગમે તેટલું કરીશું તોપણ એની સેવાનો બદલો વાળી શકાશે નહીં.

Gandhi Heritage Portal

## અખતરાઓથી આખરે ઉદ્દેશની સિદ્ધિ

૧૯૧૫ની સાલથી હું જુદે જુદે સ્થળે સમસ્ત હિંદુસ્તાનમાં ભ્રમણ કરી રહ્યો છું અને તે દરમ્યાન એમ કહેતો આવ્યો છું કે જ્યાં સુધી સ્ત્રીપુરુષની સાથે ઊભી રહીને પોતાના હક્ક નહીં માગે ત્યાં સુધી તેની ઉન્નતિ નહીં થાય. ત્યાં સુધી આપણી પ્રગતિ થવી અશક્ય છે. ગાડીનું એક ચક્ર ચાલતું હોય અને બીજું પડી ભાંગે તો તે ગાડી બરોબર ચાલતી નથી. આવું અહીં આપણી આગળ બહેનોએ ગાઈ બતાવ્યું છે તે ખરું છે. કપાળે કપાળે જુદી મતિ હોય છે તેમ આ વિષયમાં પણ હોય એ બનવાજોગ છે. લોકો પાસેથી જાણે અગાઉથી જ ઘડી કાઢેલી યોજનાઓ હોય તેમ દરેક મનુષ્યના ખિસ્સામાં ચિત્રવિચિત્ર યોજનાઓ પડી રહેલી છે અને તેઓ સ્ત્રીઓના શિક્ષણ સંબંધમાં તે જુદી જુદી યોજના રજૂ કરે છે. મને તો તે અહીં જેમ વિમાનમાંથી કાગળિયાં ફેંકાયાં હતાં તેવી લાગે છે. પણ આથી વનિતા વિશ્રામના સંસ્થાપકોએ ગભરાવાની જરૂર નથી. શાંતિથી અને અખતરાઓથી કાર્ય સધાશે. ભૂલ કરતાં ડરવું નહીં. અખતરાઓથી પણ ડરવું જોઈતું નથી. આપણે જો આગળ નહીં ચાલીએ તો પાછળ પડી જઈએ. આથી વ્યવસ્થાપકોએ પોતાના નિયમોને વળગીને અખતરાઓ કર્યા જ કરવા. આપણી ભૂલો થશે અને તે સુધારશું તો આપણો ઉદ્દેશ સિદ્ધ થશે.

## વિધવાઓનું ધાર્મિક કર્તવ્ય

આ વનિતા વિશ્રામનો રિપોર્ટ જોતાં આપણને જણાય છે કે સુલોચનાબહેને પોતાના વૈધવ્યને શણગારીને શોભાવ્યું છે. ખરેખર જો અનુભવ કરવાની શક્તિ હોય તો વૈધવ્યમાં સૌંદર્ય માલૂમ પડે છે. વૈધવ્ય સંબંધમાં બે મતભેદ જાણીતા છે એમ છતાં એટલું તો ખરું છે કે જેનામાં જેટલી શક્તિ અને આત્માની ઉચ્ચતા તે તેટલે અંશે પોતાનું અને પરનું હિત કરી શકે છે. દરેક વિધવા પોતાની શક્તિ અને આત્મા એ બે જન્મભૂમિને અર્પણ કરે એ તેનો વિશેષ ધર્મ છે. બહેન સુલોચનાએ વૈધવ્યપ્રાપ્તિ પછી નરસિંહ મહેતાના શબ્દોમાં[1] તેઓ બોજાથી મુક્ત થયાં એમ કહીએ તોપણ વૈધવ્ય પામીને તેઓ દેશભૂમિને વરી ચૂક્યાં છે. તેમના અથાગ યત્નથી આ સંસ્થા અત્યારે સારું કામ કરી રહી છે.

## સત્યાગ્રહી ધનપ્રાપ્તિ

આ મહાન કાર્યમાં ભાઈ સોમનાથના દાનથી મોટી મદદ મળી છે. હવે અહીં દાન સંબંધમાં જે કહેવામાં આવ્યું છે તે સંબંધમાં હું કહીશ કે કાર્યમાં શુદ્ધ બુદ્ધિ હોય તો ધન એની મેળે આવે છે. રિપોર્ટમાં મેં નિરાશાના શબ્દો સાંભળ્યા છે. દ્રવ્યની દૃષ્ટિએ આ નાનકડી સંસ્થાને દ્રવ્ય માટે ભિક્ષાંદેહી કરવા આફ્રિકા જવું પડે તે વ્યવસ્થાપકો માટે દિલગીરીભરેલું અને અમદાવાદને માટે શરમભરેલું છે. અમદાવાદના લોકોએ એમ કહેવું જોઈએ કે અમે જ્યાં સુધી જીવતા બેઠા છીએ ત્યાં સુધી અમે હરગિજ તમને ધન માટે બહાર જવા નહીં દઈએ. આવું નિર્ભય વચન તેઓએ આપવું ઘટે છે. મારા અભિપ્રાય પ્રમાણે આ સંસ્થાએ આફ્રિકા જવાની જરૂર નથી. તેમણે અહીંના શહેરીઓ પાસેથી જ દ્રવ્ય મેળવવું જોઈએ. અને તેઓ ના આપે તો તેની સામે સત્યાગ્રહ કરવો જોઈએ. મને લાગે છે કે વ્યવસ્થાપકો કાચા છે. તેમનામાં બધું છે

૧. 'ભલું થયું ભાંગી જંજાળ, સુખે ભજીશું શ્રીગોપાળ.'

Gandhi Heritage Portal

પણ આત્મવિશ્વાસ નથી. તેઓએ પોતાની શક્તિમાં વિશ્વાસ રાખી શહેરીઓને પિગળાવીને તેમની જ પાસેથી ધનપ્રાપ્તિ કરી લેવી.

### ધર્મથી જ શોભતી વિદ્યા

આ સંસ્થાને જેટલી ધનની જરૂર છે, વ્યવસ્થા માટે જેટલી વિધવા બહેનોની જરૂર છે એટલી જ જરૂર વિદ્વાનોની પણ છે. એટલે વિદ્વાન શિક્ષકો આપણને જોઈએ છે. અત્યારે હું મારી સામે લખેલો એક મુદ્રાલેખ ક્યારનોય જોઈ રહ્યો છું, તે विद्या धर्मेण शोभते એ છે. આ સૂત્ર ખરું છે. ધર્મ વિનાની વિદ્યાનું શુષ્ક પરિણામ જ આવે છે એવું હિંદમાં ભ્રમણ કરતાં મને માલૂમ પડે છે. આ ઉપરથી પ્રશ્ન એ ઊભો થાય છે કે યથાર્થ વિદ્યા કઈ? એના જવાબ મેં બહુ વાર દીધા છે. વિદ્યા કયા પ્રકારની આપવી તેનો ઝઘડો પછીથી સંભાળી લેવાશે. પણ તે હાલ તુરત તો અમુક પ્રકારે આપવી અને તેમાં ધર્મનું તત્ત્વ રાખવું. ધર્મ વિચારનો વિષય નથી, આચરણનો છે. ભાષાનો વિષય નથી એ ખૂબ ધ્યાનમાં રાખવું ઘટે છે. શિક્ષકો તે આચરણથી જ પેદા કરે છે: એવા શિક્ષકો ગુજરાતે જ પેદા કરવા. તે માટે બહાર જવું એ શરમભરેલું છે.

અહીં એમ ફરિયાદ કરવામાં આવે છે કે અમદાવાદમાં વણિકબુદ્ધિ બહુ છે, પણ તેથી મને શોક થતો નથી. વણિકબુદ્ધિ સાથે સાહસ, જ્ઞાન અને સેવાની એટલે કે ક્ષત્રિય, બ્રાહ્મણ અને શૂદ્રબુદ્ધિ હોવી જોઈએ. દેશ માટે ખરા ધન આપનાર વણિક જ છે. વળી શુદ્ધ વણિક તો એ જ કે જે પોતાનું વાણિજ્ય દેશને અર્થે છે એવા ભાવથી ખેડતો હોવો જોઈએ. અને દેશ માટેનો ભાવ ધર્મની શુદ્ધ ભાવના વિના આવતો નથી. જે સમભાવ વિષે ગીતાજીમાં શીખવવામાં આવ્યું છે તેનો અર્થ હું એટલો જ કરું છું કે આપણી આસપાસ જે દુ:ખી નજરે પડે તેમના દુ:ખના હરણ માટે આપણે તન, મન, ધન આપી દેવું જોઈએ.

ગુજરાત એવી ભૂમિ છે કે જ્યાં ધારીએ તેટલાં સાહસો આપણે કરી શકીએ. આ સંસ્થાએ ઉપાડેલું સાહસ એવાં કામોમાં શિરોમણિ થાઓ અને આવાં જ બીજાં સાહસો ગુજરાતમાં અન્ય સ્થળે પણ થાઓ એવી આજે પરમાત્મા પ્રત્યે મારી પ્રાર્થના છે.

ગુજરાતના વિદ્વાનો અને સાક્ષરોનો ઉપયોગ આ અને આવી સંસ્થા પાછળ થાય તે હું ખાસ ઇચ્છું છું. વણિકવૃત્તિથી કરેલા ધનનો સંચય ગુજરાતના વણિકવૃત્તિવાળા સજ્જનો સદુપયોગાર્થે કરે એ જ ઇચ્છવા જોગ છે.

જે વિદ્યાર્થિનીઓ અત્રે અભ્યાસ કરી રહેલ છે તેમને મારે એટલું જ કહેવાનું છે કે જે શિક્ષણ તમો મેળવો છો તેને શોભાવજો. ગૃહસ્થાશ્રમમાં તમે પડો ત્યારે તમે મેળવેલા શિક્ષણ વડે તમારા ઘરને અને દેશને શોભાવજો.

જે વિધવા બહેનો આ આશ્રમનો લાભ લઈ રહી છે તેમણે તો પોતાનાં શરીર [નું શિક્ષણ] અને આત્મશિક્ષણ પણ દેશસેવા અર્થે જ મેળવવું જોઈએ.

[મૂળ ગુજરાતી]

गुजराती, ૧૩–૭–૧૯૧૯

Gandhi Heritage Portal

## ૩૭૫. સત્યાગ્રહીઓ માટે સૂચનાઓ

મુંબઈ,
જૂન ૩૦, ૧૯૧૯

आ लखाण प्रसिद्धि माटे नथी.

સત્યાગ્રહીઓ માટે સૂચનાઓ

**સત્યાગ્રહ સભાની સમિતિએ ૧૫મી જૂન, ૧૯૧૯ને રોજ પસાર કરેલા ઠરાવની રૂએ અને આધારે**

(ગુજરાતીમાંથી અનુવાદિત)[1]

(૧) સત્યાગ્રહીઓ એમ માને છે અથવા એમણે માનવું જોઈએ કે સવિનય કાનૂનભંગ કરવા માટે સૌથી વધારે લાયક એ વ્યક્તિઓ ગણાય જે ક્રોધ, અસત્ય અને વેરભાવ અથવા ધિક્કારથી વધારેમાં વધારે મુક્ત હોય. અને આ દૃષ્ટિથી હું મારી જાતને સત્યાગ્રહીઓમાં સૌથી વધારે લાયક માનું છું, એટલે મેં નક્કી કર્યું છે કે સવિનય કાનૂનભંગ કરનાર સૌથી પહેલા સત્યાગ્રહી મારે જ બનવું.

(૨) હું જુલાઈ માસના આરંભના દિવસોમાં સવિનય કાનૂનભંગ આદરવા માગું છું. એના સ્વરૂપ બાબતમાં મારો ખ્યાલ એવો છે કે અમુક પ્રદેશમાં જ રહેવાના તથા અમુક પ્રદેશમાં નહીં પ્રવેશવાના મારી સામે નીકળેલા હુકમોનો ભંગ કરીને શરૂઆત કરવી.

(૩) હું ચોક્કસ માનું છું કે મને જે વખતે જેલમાં લઈ જાય ત્યારે, અને તે પછી હું જેલમાં હોઉં તે દરમ્યાન દેશની જનતા સંપૂર્ણ શાંતિ અને સ્વસ્થતા જાળવી રાખે એમાં આપણી સફળતા રહેલી છે. આવી શાંતિ અને સ્વસ્થતા જળવાઈ રહે એ જ રૉલેટ કાયદો નાબૂદ કરાવવાનો ઉત્તમ ઉપાય છે.

(૪) એટલે મારી સલાહ છે કે મને જેલમાં પૂરવામાં આવે ત્યારે કોઈ પણ પ્રકારના દેખાવો કરવા નહીં, હડતાળ પાડવી નહીં અને જાહેર સભાઓ ભરવી નહીં.

(૫) મારી એવી પણ સલાહ છે કે મને કેદમાં પૂરે તે તારીખથી ઓછામાં ઓછી એક માસની મુદત સુધી બીજા લોકોએ સવિનય કાનૂનભંગ શરૂ કરવો નહીં. મારી ધરપકડના અથવા સરકારના એવા કોઈ અંતિમ પગલાના દિવસથી નહીં પરંતુ મને કેદમાં લઈ જવાના દિવસથી આ મુદતની ગણતરી કરવી.

(૬) આ એક માસને સવિનય કાનૂનભંગ માટેની શિસ્તનો અને તૈયારીનો સમય સમજવો. અને મારા જેલ ગયા પછી કશાં તોફાનો નહીં થાય એવું માની લેતાં એ માસનો ઉપયોગ નીચે લખેલા રચનાત્મક કાર્યક્રમ માટે કરવો :

(ક) સત્યાગ્રહ ધર્મના નીચેના મુખ્ય સિદ્ધાંતો લોકોને સમજાવવા : સત્યાગ્રહ કરનાર માટે સત્ય અને અહિંસાનું કડકમાં કડક પાલન કરવાની આવશ્યકતા. આમાંથી જ સ્વાભાવિક રીતે ઉદ્‌ભવતું સવિનય કાનૂનભંગનું કર્તવ્ય અને ગુનાહિત કાનૂનભંગ કરવાથી દૂર રહેવાનું સર્વોપરી કર્તવ્ય. આ હેતુ પાર પાડવા માટે નીચે આપ્યાં છે તેવાં સાહિત્યનો

૧. મૂળ ગુજરાતી પાઠ મળતો નથી.

Gandhi Heritage Portal

બહોળો પ્રચાર કરવો: થૉરોકૃત સિવિલ ડિસઓબિડિયન્સ, મારાં લખેલાં પુસ્તકો હિંદ સ્વરાજ અને ડિફેન્સ ઑફ સૉક્રેટીસ, ટૉલ્સ્ટૉયકૃત લેટર ટુ રશિયન લિબરલ્સ અને રસ્કિનકૃત અનટુ ધિસ લાસ્ટ. એ વાત સાચી છે કે ખરેખરી સવિનય કાનૂનભંગની લડતની યોજનાના એક ભાગ તરીકે આમાંનું કેટલુંક સાહિત્ય વેચ્યું હતું. પરંતુ હવે આપણને જાણવા મળ્યું છે કે સરકારને એવો કાનૂની અભિપ્રાય મળ્યો છે કે મનાઈ કરેલું સાહિત્ય ફરીથી છપાય અને વેચાય એમાં કશો ગુનો થતો નથી, સિવાય કે એવું સાહિત્ય અથવા બીજું કોઈ પણ સાહિત્ય કલમ ૧૨૪ 'એ' નીચે આવી જતું હોય. એટલે હવે આ સાહિત્યનું વેચાણ, આપણે કોઈ કાયદો તોડવાના ગુનાસર સજા ભોગવવાને પાત્ર બનીએ એવા કાર્ય તરીકે નહીં, પરંતુ આપણા પ્રચાર કાર્યક્રમના એક ભાગ તરીકે કરવાનું છે.

(ખ) સ્વદેશીનો પ્રચાર સંગીન રીતે અને વ્યાપક પ્રમાણમાં થાય એવું કામ ઉપાડી લેવું. આ પ્રચારનું કામ શકય હોય ત્યાં સુધી આખા હિંદુસ્તાનમાં કરવું. આપણા આ પ્રચારકાર્યમાં કોઈ પણ પ્રકારની કડવાશ આવવી નહીં જોઈએ, તેમ જ બૉયકોટની ગંધ સિક્કે આવવી નહીં જોઈએ. કેમ કે સ્વદેશીનો સિદ્ધાંત તો આપણે માટે હમેશ આર્થિક, રાજનૈતિક તો શું પણ ધાર્મિક આવશ્યકતા પણ છે. આ પ્રચારકાર્યમાં આપણે નીચેની બંને બાબતોને સરખું મહત્ત્વ આપવાનું છે: એક તો એ કે લોકોના સ્વીકાર માટે સ્વદેશી સંબંધી વિવિધ પ્રતિજ્ઞાઓ તેમની સમક્ષ રજૂ કરવી; અને બીજું એ કે નવું સુતરાઉ કાપડ પેદા કરવા માટેની પ્રવૃત્તિ એવી રીતે ચલાવવી જેથી આ નવું ઉત્પાદન મુખ્યત્વે હાથકંતામણ અને હાથવણાટને પ્રોત્સાહન આપીને એમાં હાલ તુરત ખોટ જતી દેખાય તોપણ કરવામાં આવે.

(ગ) હિંદુમુસલમાન ઐકયનો પ્રચાર કરવો: આ કામ જાહેરમાં ભાષણો દ્વારા નહીં, પરંતુ દયા અને સેવાનાં વ્યવહારુ કાર્યો દ્વારા કરવું. આમાં હિંદુ લોકો મુસલમાનોની સેવા કરે અને મુસલમાનો હિંદુઓની સેવા કરે. મુસલમાનો એમ ઇચ્છે છે કે તુર્કસ્તાન એક સંપૂર્ણ સાર્વભૌમ મુસલમાન રાજ્યના રૂપમાં કાયમ ટકી રહે અને ખિલાફતની સંસ્થા તથા એમનાં ધર્મસ્થાનો પ્રત્યેની એમની લાગણીઓને પૂરેપૂરું માન આપવામાં આવે. તેમની આ માગણી બિલકુલ ન્યાયી છે, એટલે સ્વાભાવિક રીતે જ હિંદુઓએ મુસલમાનોને આ બાબતમાં હાર્દિક ટેકો આપવો.

(ઘ) સભાઓ ભરીને તેમાં રૉલેટ કાયદો રદ કરવાની તથા એક સ્વતંત્ર અને નિષ્પક્ષ તપાસ સમિતિ નીમવાની માગણી કરતો ઠરાવ પસાર કરવો. આ તપાસ સમિતિને પંજાબમાં થયેલાં તોફાનોનાં કારણોની તેમ જ માર્શલ લૉના વહીવટની તપાસ કરવાનો અને પંજાબ માર્શલ લૉ અદાલતે ફરમાવેલી સજાઓ બદલવાનો અધિકાર હોય. આવો જ ઠરાવ કશી તપાસની પંચાત કર્યા વિના બાબુ કાલીનાથ રૉયને છોડી મૂકવા માટે તથા મિ. હૉર્નિમૅન સામે કાઢવામાં આવેલો દેશનિકાલનો હુકમ રદ કરાવવા માટે પણ કરવો.

(૭) પૅરેગ્રાફ ત્રણમાં જણાવ્યા પ્રમાણે જો એક માસ સુધી સંપૂર્ણ શાંતિ જળવાય અને જો એ વાતની ખાતરી થાય કે લોકો સત્યાગ્રહનો સિદ્ધાંત સમજી ગયા છે, તો એમ માની શકાશે

Gandhi Heritage Portal

કે સવિનય કાનૂનભંગનું કામ આગળ ચલાવવાનો સમય આવી પહોંચ્યો છે, સિવાય કે આ દરમ્યાન રૉલેટ કાયદો રદ થયો હોય.

(૮) પૅરેગ્રાફ ૧૫માં નીમેલા નેતાઓએ પસંદ કરેલા માણસોએ ઉપરના સંજોગોમાં સવિનય કાનૂનભંગ કરવો. પરંતુ મારી સલાહ એવી છે કે કોઈ એક જ સ્થળેથી એકી વખતે બે કરતાં વધારે વ્યક્તિઓએ સવિનય કાનૂનભંગ કરવો નહીં, તેમ બધાં કેન્દ્રોમાં સવિનય કાનૂનભંગનું આંદોલન એકીસાથે ઉપાડવું નહીં. પહેલાં એક કે બે કેન્દ્રોમાં સવિનય કાનૂનભંગની શરૂઆત કરવી અને લોકમાનસ ઉપર તેની શી અસર થાય છે તે જોયા પછી બીજાં કેન્દ્રોમાં તેમ કરવું.

(૯) કયા કાયદાઓનો સવિનયભંગ કરવો એ બાબતની સલાહ આપવાનું કામ ઘણું મુશ્કેલ છે. દેશની આજની પરિસ્થિતિમાં ગુનાહિત કાનૂનભંગને હઠાવી દઈને એનું સ્થાન સવિનય કાનૂનભંગ લઈ શકે કે કેમ એ મુદ્દો ચર્ચાસ્પદ છે. તેવે સમયે હું મહેસૂલી કાયદાઓનું જેવા કે મીઠાના કાયદાનું, જમીન મહેસૂલના કાયદાનું અને જંગલના કાયદાનું ઉલ્લંઘન કરવાની સલાહ આપી શકતો નથી. મને એમ પણ લાગે છે કે સભાસરઘસો અંગે સરકારે કાઢેલા હુકમોનો સત્યાગ્રહીઓ પણ અનાદર નહીં કરે.

(૧૦) સવિનયભંગ માટે આવકવેરો પસંદ થઈ શકે તેમ છે. આ કર ભરવાનો ઇનકાર કરવાથી કોઈ પ્રકારનો હિંસક ઉપદ્રવ થવાનો સંભવ નથી; એટલે સલામતીની દૃષ્ટિએ એ પસંદ કરવા યોગ્ય છે. પરંતુ આવકવેરો ભરનારાઓમાંથી કોઈ આપણી સલાહ માનશે કે કેમ તેની મને પાકી શંકા છે. તેમ છતાં જો કોઈ સત્યાગ્રહી આ વેરો નહીં ભરીને સત્યાગ્રહ કરવા માગતો હોય તો પોતાના નેતાની પરવાનગી લઈને તથા એનાથી થતું નુકસાન વેઠવાની તૈયારી રાખીને તે એ કામ કરી શકે છે. એટલે સવિનયભંગ માટે કેવળ રાજકીય કાયદા બાકી રહે છે. તેમાં પણ જેનો ઉપયોગ સવિનયભંગ માટે થઈ શકે તેમ છે એવા કાયદાઓમાં માત્ર પ્રેસધારો અને મુદ્રણને લગતા બીજા કાયદા બાકી રહે છે. આ કાયદાઓમાં પણ સવિનયભંગ કરવાની એક જ રીત સંભવે છે: સરકારી લાઇસન્સ લીધા વિના છાપખાનું ખોલવું અથવા લાઇસન્સ વિના છાપું કાઢવું અને આ કામ પણ પોતાના નેતાની સંમતિ મેળવીને તથા પોતાના હિસાબે ને જોખમે કરવું.

(૧૧) એટલે હું તો માત્ર એટલી જ સલાહ આપી શકું છું કે કોઈ સત્યાગ્રહીને સ્થાન-બદ્ધ રહેવાનો હુકમ મળે અથવા સરકાર જેને ખરાબ માનતી હોય, પરંતુ જે સત્યાગ્રહની દૃષ્ટિએ નિર્દોષ હોય એવું કશું બોલવા કે પ્રસિદ્ધ કરવાની એને મનાઈ ફરમાવવામાં આવે ત્યારે એણે એવા હુકમોનો અનાદર કરવો.

(૧૨) એવું બને કે સરકાર સવિનય કાનૂનભંગના સિદ્ધાંતના પ્રચાર પ્રત્યે અથવા પુનર્મુદ્રિત નિષિદ્ધ સાહિત્યના પ્રચાર પ્રત્યે, ભલે એવું સાહિત્ય નીતિની દૃષ્ટિએ એટલે કે સત્યાગ્રહની દૃષ્ટિએ સર્વથા નિર્દોષ હોય તોપણ, ઉદાસીન ન રહે. જો એવું બને તો સવિનય કાનૂનભંગનું આપણું કર્તવ્ય ઘણી સહેલાઈથી અને અત્યંત માનભરી રીતે પાર પડી શકે. પરંતુ સવિનય-ભંગ માટે મેં ઉપર ગણાવેલા કાયદા ઉપરાંત પણ મારા ધ્યાન બહાર રહી ગયા હોય એવા બીજા કાયદા હોય તો નેતાઓ તે શોધી કાઢી એમાં ઉમેરો કરી શકે.

ઉપરના પૅરેગ્રાફમાં આંકેલી મર્યાદાઓની અંદર રહીને જ જો નેતાઓ પોતાનું કાર્ય કરશે તો તેમાં તેમનો કશો પણ દોષ ગણાશે નહીં. પરંતુ જો તેઓ સવિનયભંગ માટે અનુકૂળ ન

Gandhi Heritage Portal

નીવડે એવા અથવા જેના સવિનયભંગથી ગુનાહિત કાનૂનભંગની સંભાવના ઊભી થતી હોય એવા કાયદા પસંદ કરશે, તો તેઓ અવશ્ય ગંભીર ગેરડહાપણના દોષને પાત્ર થશે.

(૧૩) સવિનય કાનૂનભંગને પરિણામે સત્યાગ્રહી ઉપર અદાલતમાં કેસ ઊભો કરવામાં આવે ત્યારે જો તેણે ખરેખર કાનૂનભંગ કર્યો હોય તો ગુનો કબૂલ કરી લેવો, કોઈ બચાવ રજૂ કરવો નહીં અને આકરામાં આકરી સજાની માગણી કરવી. જો તેણે કાનૂનભંગ ન કર્યો હોય અને એના ઉપર જૂઠો આરોપ મૂકવામાં આવ્યો હોય તો તેણે એ મતલબનું નિવેદન કરવું, પરંતુ એથી આગળ જઈને બીજો કોઈ બચાવ કરવા પ્રવૃત્ત થવું નહીં તથા જે સજા થાય તે સ્વીકારી લેવી. જો સત્યાગ્રહી ઉપર ગુનાહિત કાનૂનભંગ કર્યાનો આરોપ મૂકવામાં આવ્યો હોય, દાખલા તરીકે એમ કહેવામાં આવ્યું હોય કે એણે રાજદ્રોહી ભાષણ કર્યું છે અથવા લોકોને રાજદ્રોહ કરવા ઉશ્કેર્યા છે, તો તેણે ગુનાનો ઇનકાર કરતું નિવેદન રજૂ કરવું અને પોતાના સાક્ષીઓ બોલાવવા. તેની ઇચ્છા હોય તો તેણે વકીલ પણ રોકવો. પરંતુ વકીલ રોકવા માટે સભા કે બીજા સત્યાગ્રહીઓની પૈસા ઉઘરાવી આપવાની ફરજ નથી. કારણ એ છે કે સત્યાગ્રહનો તો એ મર્મ જ છે કે સત્યાગ્રહી જાણીબૂજીને સવિનય કાનૂનભંગ કરે અને તેની સજા વહોરી લે. તેના પર કાયદાનો ગુનાહિત ભંગ કર્યાનો જૂઠો આરોપ મૂકવામાં આવે તોપણ તેણે તેની સજા સહી લેવી જોઈએ કેમ કે સત્યાગ્રહીએ કેદખાનાનાં કષ્ટોની પરવા કરવાની હોતી નથી. સજા જ્યારે જાતે વહોરેલી હોય ત્યારે સત્યાગ્રહીએ એમાં ગૌરવ માનવું અને જ્યારે જૂઠા અને દ્વેષભર્યા આરોપને પરિણામે સજા ઠોકી બેસાડવામાં આવે ત્યારે તેનો પ્રતિકાર નહીં કરતાં તે સહન કરી લેવી. શકય તેટલો સારામાં સારો વકીલ મેળવવાનો પ્રયત્ન ન થાય તેને પરિણામે સંભવ છે કે સત્યાગ્રહીને કેવળ અદાલત જ નહીં પણ લોકો પણ દોષિત માને, તોપણ તેણે એ વાતની પરવા કરવી નહીં. એનો છેવટનો ન્યાયાધીશ તો એના શુદ્ધ અને સંયમી અંતરાત્માનો અવાજ જ છે.

(૧૪) હું એવા નિર્ણય પર આવ્યો છું કે મુંબઈ ઇલાકાને કેટલાંક સ્વતંત્ર અને સ્વાયત્ત કેન્દ્રોમાં વહેંચી નાખવાની વ્યવસ્થા વધારે સારી છે. દરેક કેન્દ્ર બાકીનાં કેન્દ્રો પાસેથી સલાહ-મસલત કરીને એમનો સહકાર મેળવે, પરંતુ કોઈ પણ કેન્દ્ર બીજા કોઈ કેન્દ્રના આદેશને આધીન નહીં હોય. આવાં કેન્દ્રો તરીકે હું મુંબઈ, સુરત, ભરૂચ, નડિયાદ અને અમદાવાદને પસંદ કરું છું. બીજા ઇલાકાઓ માટે આવી કોઈ પસંદગી હું કરતો નથી કેમ કે મુંબઈ સભાનું અધિકારક્ષેત્ર મુંબઈ ઇલાકા પૂરતું જ મર્યાદિત છે. અને જે ઠરાવો દ્વારા મને વિશાળ અધિકારો આપવામાં આવેલા છે તેનો સંબંધ કેવળ આ ઇલાકા પૂરતો જ હોઈ શકે.

(૧૫) આ સૂચનાઓને આધારે એટલે આ ઇલાકાની બહારનાં કેન્દ્રો માટે હું અલગ અલગ સૂચનાઓ સંક્ષેપમાં આપવા માગું છું. આ પૅરેગ્રાફ મુજબ જે કેન્દ્રો નક્કી થશે તે દરેક કેન્દ્ર પોતાના જિલ્લા માટે જવાબદાર ગણાશે. દાખલા તરીકે, નડિયાદ આખા ખેડા જિલ્લા માટે જવાબદાર ગણાશે. મુંબઈને માટે એક પછી એક કામ કરવાની શરતે હું નીચેની વ્યક્તિઓને નેતા તરીકે નીમું છું: જો વખતસર પાછાં ફર્યાં હોય તો પ્રથમ શ્રીમતી નાયડુ, પછી સર્વશ્રી ઉમર સોબાની, શંકરલાલ જી. બૅંકર અને અમદાવાદથી આવી શકે તો ઇ. ક. યાજ્ઞિક. સુરતને માટે સર્વશ્રી દયાળજી નાનુભાઈ દેસાઈ અને કલ્યાણજી વિઠ્ઠલભાઈ મહેતા; ભરૂચને માટે શ્રી હરિભાઈ ઝવેરભાઈ અમીન. નડિયાદને માટે સર્વશ્રી ફૂલચંદ બાપુજી શાહ અને મોહનલાલ કા. પંડ્યા. અને અમદાવાદ માટે સર્વશ્રી વલ્લભભાઈ ઝ. પટેલ, બળવંતરાય નરસિંહપ્રસાદ કાનૂગા

Gandhi Heritage Portal

અને ઈન્દુલાલ કનૈયાલાલ યાજ્ઞિક. મુંબઈની માફક તેઓ બધા એક પછી એક કામ કરે એ શરતે તેમને નેતાને સ્થાને નીમું છું. મારી સલાહ છે કે આ નેતાઓએ નાની નાની સમિતિઓ બનાવવી અને પોતાના માર્ગદર્શન માટે આવી સમિતિઓની તથા અન્ય સાથી સત્યાગ્રહીઓની સલાહ લેવી.

(૧૬) આ બધી વાતમાં મેં માની લીધું છે કે કોઈ જાતનાં તોફાનો થશે નહીં. પરંતુ ન બનવાનું બને અને તોફાન થાય તો તોફાનગ્રસ્ત કેન્દ્રમાં રહેનાર દરેક સત્યાગ્રહી પાસેથી એવી અપેક્ષા રાખવામાં આવે છે કે તે અંગ્રેજોના કે હિંદીઓના જાન બચાવવા પોતાના પ્રાણ સુધ્ધાં આપે. એવું જ જોખમ ખેડીને એ સત્યાગ્રહી લોકોની મિલકતોનું પણ રક્ષણ કરે અને તેને નુકસાન થતું અટકાવે. અને જો તેને એમ લાગે કે નિર્દોષ લોકો પર ગોળીબાર થઈ રહ્યો છે તો તે જાતે ગોળી ખાવા આગળ આવે.

(૧૭) આ ઈલાકાની અંદર અથવા બહાર કોઈ પણ સ્થળે એવા સત્યાગ્રહીઓ હોય જેઓ અશક્તિને કારણે અથવા આત્મવિશ્વાસને અભાવે અથવા બીજા કોઈ કારણે પોતપોતાના સ્થળ ઉપર રહી શકે તેમ ન હોય, તો તેમણે પોતાની ઈચ્છા મુજબ મોટે ભાગે મુંબઈ અથવા બીજા કોઈ પ્રવૃત્તિશીલ કેન્દ્રમાં જવું અને તે સમયે ત્યાં જે નેતા કામ કરતા હોય તેમના માર્ગદર્શન નીચે કામ કરવું.

(૧૮) ઉપરની સૂચનાઓ સામાન્ય માર્ગદર્શન માટે આપવામાં આવી છે. પરંતુ જરૂર પડયે એને બદલે પોતાની જવાબદારી પર બીજો માર્ગ લેવા પ્રત્યેક નેતા સ્વતંત્ર છે. આ સંબંધમાં પૅરેગ્રાફ ૧૧મો વાંચી લેવો.

(૧૯) સત્યાગ્રહ ચાલુ હોય ત્યારે કેટલીક બાબતોમાં તે શસ્ત્રયુદ્ધ સાથે મળતો આવે છે. દાખલા તરીકે, સત્યાગ્રહી (આધ્યાત્મિક) લડતમાં અને શસ્ત્રયુદ્ધમાં, બંનેમાં શિસ્તના નિયમો ખૂબ જ મળતા છે. અર્થાત્ સત્યાગ્રહી પાસેથી એવી અપેક્ષા રાખવામાં આવે છે કે કારણો વગેરે જાણવાની કશી કોશિશ કર્યા વિના મૂંગે મોંએ તે પોતાના નેતાના આદેશોનું પાલન કરે. પ્રથમ તેણે આદેશોનું પાલન કરવું જોઈએ અને પછી જ તે અમુક કાર્યના ઔચિત્ય સંબંધમાં નેતા સાથે પ્રશ્ન ઉઠાવે. પરંતુ શસ્ત્રયુદ્ધના સૈનિક કરતાં જુદી રીતે, સત્યાગ્રહી પોતે મહત્ત્વની બાબતોમાં અંતિમ નિર્ણય કરવાની સ્વતંત્રતા અવશ્ય ધરાવે છે. અને જ્યારે આવા મોટા મતભેદનો પ્રસંગ ઊભો થાય ત્યારે સાચો સત્યાગ્રહી પોતાના જેવી જ સ્વતંત્રતા તેના નેતાને પણ મળેલી છે એવું સમજીને કશા પણ કચવાટ વિના નેતાના હાથમાં પોતાનું રાજીનામું મૂકી દે. પરંતુ તે એટલું ધ્યાનમાં રાખે કે મોટે ભાગે મતભેદો મહત્ત્વના પ્રશ્ન પર નહીં પણ તુચ્છ બાબતો પર જ ઊભા થતા હોય છે. એટલે સત્યાગ્રહીએ સેતાનના અવાજને અંતરાત્માનો અવાજ માની બેસવાની ભૂલ ન કરવી, અને એ રીતે તુચ્છ બાબતોને વધારેપડતું મહત્ત્વ આપી મતભેદો ઊભા નહીં કરવા. નવસો નવ્વાણું બાબતોમાં આજ્ઞાનું પાલન કરનાર વ્યક્તિને જ કદાચ હજારમી બાબત સાચો મતભેદ ઊભો કરવા જેવી લાગે એવો મારો અનુભવ છે. એને મન બીજા બધાનું હિત પહેલું, અને પોતાનું હિત છેલ્લું હોય છે.

**મો. ક. ગાંધી**

[મૂળ અંગ્રેજી]

છાપેલી નકલ પરથી : એસ. એન. ૬૬૬૨


Gandhi Heritage Portal

## ૩૭૯. સંદેશો

[જૂન ૩૦, ૧૯૧૯ની આસપાસ][1]

સંભવ છે કે મને અચાનક જ પકડી લેવામાં આવે, તેથી હું નીચેનો સંદેશો પાછળ મૂકી જવા માગું છું:

સમસ્ત હિંદુસ્તાનનાં મારાં તમામ ભાઈબહેનોને મારી નમ્ર વિનંતી છે કે આપ સંપૂર્ણ શાંતિ જાળવશો અને કોઈ પણ પ્રકારની હિંસાથી અને કોઈ પણ વ્યક્તિના જાનમાલને નુકસાન કરવાથી અળગાં રહેશો. મને જો કોઈ મોટામાં મોટી હાનિ થઈ શકતી હોય તો તે મારી ગિરફતારી બાદ મારે ખાતર હિંસક કૃત્યો કરવાં તે છે. જે લોકો મને ચાહે છે તેમણે મારા પ્રત્યેનો તેમનો સાચો સ્નેહ માત્ર એક જ રીતે દર્શાવવો જોઈએ, અને તે સત્યાગ્રહી બનીને, એટલે કે તેમણે સત્ય અને અહિંસામાં આસ્થા રાખતા થવું જોઈએ અને પોતાની ફરિયાદોના નિવારણ માટે જાતે દુ:ખ સહન કરવું એ જ એકમાત્ર ઉપાય છે એમ માનવું જોઈએ. હિંદુસ્તાનની સરકારને હું આદરપૂર્વક એમ કહેવા માગું છું કે જો હાલના અસંતોષનાં કારણો પ્રત્યે તે ધ્યાન નહીં આપશે તો તે હિંદુસ્તાનમાં કદાપિ શાંતિ સ્થાપી નહીં શકશે. હિંદુસ્તાનમાં અરાજકતા અને હિંસા સત્યાગ્રહને કારણે પેદા નથી થઈ. સત્યાગ્રહ તો પ્રાણવાન શક્તિ છે અને અનિવાર્ય એવી કટોકટી એણે અવશ્ય જલદી આણી છે. સાથોસાથ સત્યાગ્રહ લોકોને સંયમમાં રાખવા માટેનું પ્રથમ દરજ્જાનું બળ પણ નીવડયું છે. સરકારે તેમ જ જનતાએ આ હકીકત સ્વીકારવી જોઈએ અને એને માટે કૃતજ્ઞતા અનુભવવી જોઈએ. સત્યાગ્રહની પાવનકારી અને શાંતિદાયક અસરને અભાવે તો થઈ છે તેના કરતાં અનેકગણી હિંસા થઈ હોત. કારણ કે એકબીજા સામે બદલો લેવાની પ્રવૃત્તિમાંથી અરાજકતા સિવાય બીજું કશું પેદા નહીં થયું હોત. તુર્કસ્તાન, પૅલેસ્ટાઈન અને મક્કા શરીફના પ્રશ્ન પ્રત્યેના ઇંગ્લંડના વલણથી મુસલમાનોનાં દિલમાં ઘણો અણગમો પેદા થયો છે. ભાવિ સુધારાઓ પ્રત્યેના ઇંગ્લંડના વલણ વિષે હિંદના લોકો ઊંડો અણવિશ્વાસ ધરાવે છે અને તેઓ રૉલેટ કાયદો રદ કરાવવા માગે છે. એટલે આ દેશમાં ગમે તેટલું દમન ચલાવવામાં આવશે તોપણ લેશમાત્ર શાંતિ સ્થપાવાનો સંભવ નથી. સાચી શાંતિ ત્યારે જ સ્થાપી શકાશે જ્યારે દક્ષિણ આફ્રિકાના મામલામાં સદ્‌ગત સર હેનરી કૅમ્પબેલ બૅનરમૅને કર્યું હતું તેમ મુસલમાનોની ધાર્મિક લાગણીઓને સંતોષવામાં આવશે, ઉદારદિલથી અને વિશ્વાસની ભાવનાથી સુધારા આપવામાં આવશે, અને રૉલેટ કાયદો તાત્કાલિક રદ કરીને લોકમતની પવિત્રતાનું મહત્ત્વ સ્વીકારવામાં આવશે. પરંતુ દુનિયાભરમાં બ્રિટિશ સરકારે જનતાની તમન્ના કેટલી છે તેની સાબિતી માગી છે. તમન્ના પ્રગટ કરવાની યુરોપે પસંદ કરેલી પદ્ધતિ હિંસા દ્વારા અવ્યવસ્થા ઊભી કરવાની છે. સરકારે એ પદ્ધતિનો જડબાતોડ જવાબ આપ્યો છે. સંભવ છે કે એ પદ્ધતિ યુરોપમાં સફળ થાય, પણ હિંદુસ્તાનમાં એ સફળ નહીં થાય. સત્યાગ્રહીઓની માગણીઓ મંજૂર કરી દેવી એ સિવાય સત્યાગ્રહનો બીજો કોઈ જવાબ હોઈ શકે નહીં. જ્યારે લોકો કર ભરીને, નોકરીઓમાં નિમણૂકો સ્વીકારીને તથા પોતાનો ટેકો છે એવું

૧. આ અને આ પહેલાંના લેખની તારીખ એક જ છે એમ લાગે છે.

Gandhi Heritage Portal

દર્શાવનારાં અન્ય કામો કરીને સરકારને અનુમોદન આપે છે, ત્યારે જ સરકાર કામ કરી શકે છે. જ્યારે સરકાર ન્યાયથી વર્તે છે, એટલે કે તે લોકોની ઇચ્છારૂપી વિશાળ પાયા પર રચાયેલી હોય છે, ત્યારે થોડા વખત માટે એનું વર્તન અન્યાયી હોય તોપણ એને અનુમોદન આપવું કર્તવ્ય થઈ પડે છે. પરંતુ સરકાર જ્યારે પોતાનું શાસન લોકોની ઇચ્છાની વિરુદ્ધ જઈને ચલાવે છે ત્યારે તેને અપાતું અનુમોદન સંપૂર્ણ રીતે કે થોડે અંશે પણ પાછું ખેંચવું એ એવું જ કર્તવ્ય થઈ પડે છે. અને જ્યારે આ અનુમોદન પાછું ખેંચવાની વાતમાં કોઈ પણ જાતની હિંસા આચરવામાં આવતી નથી કે તેમાં સહેજ પણ અસત્ય ભળતું નથી ત્યારે તે શુદ્ધ સત્યાગ્રહ કહેવાય છે. સત્યાગ્રહીઓને સત્યાગ્રહની પવિત્રતા તથા દુર્જયતાનો ખ્યાલ હોવાથી આ પરિસ્થિતિમાં તેઓ કદી પણ હિંસા અને અસત્ય આચરશે નહીં. વળી જનતા તરફથી કોઈ પણ પ્રકારની હિંસા થવાનો સંભવ નથી, એવી ખાતરી એમને નહીં થાય ત્યાં સુધી તેઓ કાયદાઓનો સવિનયભંગ કરવાથી અળગા રહેશે. પછી આવી પરિસ્થિતિ ઉપસ્થિત થવાનું કારણ ભલે સત્ય અને અહિંસાના સિદ્ધાંતનો લોકોએ રાજીખુશીથી કરેલો સ્વીકાર હોય કે સરકારની લશ્કરી તૈયારી હોય. પહેલી સ્થિતિમાં સમસ્ત હિંદુસ્તાને સત્યાગ્રહના આનંદમાં ભાગ લીધો હશે અને તેણે દુનિયાને બોધપાઠ આપ્યો હશે. બીજી સ્થિતિમાં સરકારને સમજાશે કે શરીરબળ ગમે તેટલું કામે લગાડવામાં આવે તોપણ તેનાથી સત્યાગ્રહીઓનો જુસ્સો કદી દાબી શકાશે નહીં.

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૬૭૧૩

## ૩૭૭. ડી. હીલીને પત્ર

આશ્રમ,
જૂન ૩૦, ૧૯૧૯

વહાલા મિ. હીલી,[૧]

આપના પત્ર બદલ આભાર. આજે રાત્રે હું મુંબઈ જાઉં છું. રવિવારે પાછો આવવા ધારું છું. જો આપ મેં કરવા ધારેલા સવિનય કાનૂનભંગના કાર્યક્રમ વિષે પૂછતા હો તો જણાવવાનું કે આ આખું અઠવાડિયું પૂરું થતાં સુધી હું હાલ સવિનયભંગ ફરી શરૂ કરવા માગતો નથી, અને જ્યારે શરૂ કરવાનું નક્કી કરીશ ત્યારે સ્થાનિક અધિકારીઓને વેળાસર ખબર આપીશ. હું મારી આખી યોજના સરકાર સમક્ષ ખુલ્લી મૂકવાની આશા રાખી રહ્યો છું. આ સિવાય બીજી કોઈ વધારે માહિતીની જરૂર હોય તો તે પૂરી પાડવા હું મારાથી બનતો પ્રયત્ન કરીશ. કૃપા કરીને મિ. પ્રૅટને કહેશો કે તેઓ આ બાબતમાં બેફિકર રહે.

આપનો સહૃદયી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૬૭૦૫

૧. અમદાવાદના ડેપ્યુટી પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ.

Gandhi Heritage Portal

## ૩૭૮. તાર[1]

જૂન, ૧૯૧૯

ગુજરાનવાલા કાવતરા કેસમાં બીજી સજાઓની સાથે મોતની બે સજાઓના સમાચાર હમણાં જ વાંચવામાં આવ્યા. આ સજાઓ અન્યાયી છે અથવા વધારેપડતી છે તેમ હું કહેતો નથી. મારી નમ્ર વિનંતી એટલી જ છે કે જે તપાસ સમિતિ નિમાવાની હું આશા રાખું છું તેનો રિપોર્ટ બહાર પડતાં સુધી મોતની તમામ સજાઓનો અમલ મોકૂફ રાખવામાં આવે.

ગાંધી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૬૭૦૬

## ૩૭૯. ઈ. ડબ્લ્યુ. ફ્રિચલીને પત્ર

જૂન, ૧૯૧૯

વહાલા મિ. ફ્રિચલી,

આપનો લાંબો પત્ર મળતાં ઘણો આનંદ થયો. એમાં લખ્યા મુજબ લેબર્નમ રોડના મારા મુકામે આપને મળવાનો આનંદ મળશે એવી મેં આશા રાખી હતી. હું મંગળવારે મુંબઈ પાછો ફર્યો હતો. હું આશા રાખું છું કે ચાલુ અઠવાડિયામાં આપ આવી ચઢશો.

આપનો સહૃદયી

મિ. ઈ. ડબ્લ્યુ. ફ્રિચલી
શિલ્પશાસ્ત્રી
ફૉર્ટ [મુંબઈ]

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૬૭૦૨

૧. ઘણું કરીને વાઇસરૉયને મોકલાયો હશે.

Gandhi Heritage Portal

## ૩૮૦. નવજીવન — સાપ્તાહિક

જ્યારે હૉર્નિમૅન દેશનિકાલ થયા ત્યારે ઈંગ્રેજીમાં મુંબઈમાં નીકળતું યંગ ઇન્ડિયા દર અઠવાડિયે પ્રગટ થતું હતું. ભાઈ હૉર્નિમૅન દેશપાર થયા તે જ વખતે ક્રૉનિકલની ઉપર સેન્સરશિપનો હુકમ પણ નીકળ્યો.

એ પત્રના વ્યવસ્થાપકોએ એવી સ્થિતિમાં ક્રૉનિકલ કાઢવાનું બંધ રાખ્યું. તેથી ક્રૉનિકલની કાંઈક ગરજ સરી શકે એવા હેતુથી યંગ ઇન્ડિયાના વ્યવસ્થાપકોએ તેને અઠવાડિયામાં બે વખત પ્રગટ કરવાનો નિશ્ચય કર્યો, અને તેનાં લખાણોની દેખરેખ મને સોંપી. જોકે હવે ક્રૉનિકલ અસલની ઢબથી બહાર પડે છે, તોપણ યંગ ઇન્ડિયા ઉપર પ્રમાણે નીકળ્યા કરે છે. કેટલાક મિત્રોએ મારી પાસે એવો પ્રશ્ન કર્યો કે જો હું એક ઈંગ્રેજી વર્તમાનપત્રની દેખરેખમાં પડું છું તો મારે એક ગુજરાતી વર્તમાનપત્ર એ પ્રમાણે કાઢવું એ મારી ફરજ નથી? મને પણ એવો જ પ્રશ્ન ઉત્પન્ન થયેલો. હું માનું છું કે મારે હિંદુસ્તાનને કાંઈક સંદેશો આપીને સેવા કરવાની છે. કેટલાક વિચારો મેં જે કરેલા છે એ કલ્યાણકારી છે. એ બધા સમજાવવાનો હું પ્રયત્ન કરી રહ્યો છું. શક્તિ, સમય કે સંજોગને અભાવે હું જનસમાજને મારી ઇચ્છા પ્રમાણે તે આપી શક્યો નથી: જેમ કે સત્યાગ્રહને વિષે જ હજી ઘણી ગેરસમજ હું જોઈ રહ્યો છું. એનાથી વધારે સારી ભેટ હું હિંદુસ્તાનને ન જ આપી શકું એમ મારી ખાતરી છે. આ અમૂલ્ય વસ્તુ અને બીજી કેટલીક વસ્તુઓ — જેનો મેં ખૂબ અનુભવ લીધો છે તે વસ્તુઓ — જનસમાજની પાસે મૂકવાનો લોભ તો મને હમેશાં રહેલો છે. એવું કરવાનું એક મોટું આધુનિક સાધન વર્તમાનપત્ર છે. નવજીવન અને સત્યના સંસ્થાપકોએ તેની દેખરેખ મારા હાથમાં મૂકવાનું અને એ દર અઠવાડિયે પ્રગટ થઈ શકે એવી સગવડ કરી આપવાનું માથે લીધું છે. ભાઈ ઇન્દુલાલ કનૈયાલાલ યાજ્ઞિક ગુજરાતના જીવનમાં મોટો ભાગ લઈ રહ્યા છે. છતાં તેમણે નવજીવનને પોતાનું પ્રધાન કાર્ય ગણી પૂરેપૂરી મદદ આપવાનું પણ લીધું છે. આ સંજોગો આકસ્મિક ન ગણી શકાય. તેને હું વધાવી ન લઉં તો મને શરમ ઊપજે. તેથી, મારી શારીરિક પ્રકૃતિ એક વર્ષ પહેલાં હતી તેવી નથી, તોપણ નવજીવન ચલાવવાનું કાર્ય ઊંચકી લેવાને મેં હામ ભીડી છે. તેમાં ગુજરાતનો આશીર્વાદ ઇચ્છું છું, અને વિદ્વાન વર્ગની એ છાપું ચલાવવામાં અને બીજા બધાની એને ફેલાવવામાં મદદ માગું છું. તે મળશે એવી મને પૂર્ણ શ્રદ્ધા છે.

નવજીવન દર રવિવારે પ્રગટ થશે, અને એવી ગોઠવણ કરવામાં આવી છે કે જેથી રવિવારે ગુજરાતમાં ઘણે ઠેકાણે એ છાપું મળી શકે.

વ્યવસ્થાપક નફાની દૃષ્ટિથી આ છાપું ચલાવવા નથી ઇચ્છતા. તેથી, લવાજમનો દર ઓછામાં ઓછો એટલે ટપાલ ખર્ચ સુધ્ધાં દર વર્ષે રૂ. ૩–૮–૦ રાખવાનો ઠરાવ થયો છે. આટલું જ લવાજમ માસિક નવજીવનને સારુ જુલાઈ માસથી તેના કદમાં વધારો કરીને લેવાનો ઠરાવ કરવામાં આવ્યો હતો. નવજીવનની છૂટક નકલની કિંમત એક આનો રાખવામાં આવશે અને પહેલો અંક રવિવાર તા. ૭મી સપ્ટેમ્બરે પ્રગટ થશે.

ઉપર મુજબનું લવાજમ ઓછામાં ઓછું માન્યું છે તેનું મુખ્ય કારણ એ છે કે આ સાપ્તાહિકમાં બિલકુલ જાહેરખબર લેવામાં નહીં આવે. ઘણાં વર્ષો સુધી દક્ષિણ આફ્રિકામાં ઇન્ડિયન

Gandhi Heritage Portal

ઓપીનિયન ચલાવતાં મને એવો અનુભવ થયો કે જાહેરખબરથી પ્રજાને કાંઈ લાભ પહોંચી શકતો નથી. જાહેરખબરનો ખર્ચ પણ છેવટે તો પ્રજા જ આપે છે, અને નીતિઅનીતિમય અનેક પ્રકારની જાહેરખબરો પણ લેવાયા કરે છે. તેથી ઇન્ડિયન ઓપીનિયન કેવળ જાહેર-ખબર વિના વર્ષો થયાં ચાલી રહ્યું છે. હાલ તુરતમાં નવજીવનનાં ફૂલ્સકૅપ કદનાં ૮ પાનાં આપવામાં આવશે. ઘરાકી અને સગવડ વધતાં કદ વધારવામાં પણ આવશે.

માસિક નવજીવનના ઘરાકો ઉપરાંત જેઓને ઘરાક થવું હોય તેમણે પોતાનાં નામ વ્યવસ્થા-પકને નામે અમદાવાદ મોકલી આપવાં. મારી ઉમેદ છે કે નવજીવનના ઘણા ઘરાકો થશે.

**મોહનદાસ ક. ગાંધી**

[મૂળ ગુજરાતી]

**નવજીવન અને સત્ય, જુલાઈ, ૧૯૧૯**

## ૩૮૧. સ્વદેશી સભાના નિયમો[૧]

[જુલાઈ ૧, ૧૯૧૯ પહેલાં][૨]

૧. આ મંડળનું નામ સ્વદેશી સભા રહેશે.

૨. એનું મુખ્ય કાર્યાલય મુંબઈમાં રાખવામાં આવશે.

૩. એના ઉદ્દેશો આ પ્રમાણે છે:

(ક) આ સાથે જોડેલી સ્વદેશીની પ્રતિજ્ઞાનો સંપૂર્ણ અર્થ તથા તેનું મહત્ત્વ લોકોને સમ-જાવી એનો પ્રચાર કરવો.

(ખ) રેશમના, ઊનના કે સૂતરના સ્વદેશી કાપડનું ઉત્પાદન વધે તે માટે યોજનાઓ કરવી અને તે પાર પાડવા તમામ પ્રકારના પ્રયાસો કરવા.

(ગ) સ્વદેશી કાપડ ઉપરાંત બીજી ઉપયોગી ચીજોમાં પણ સ્વદેશીનું તત્ત્વ દાખલ થાય તે માટે, અને એવી તમામ ચીજો દેશમાં બનાવી શકાય તે માટે યોજનાઓ ઘડવી.

૪. નિયમ ૩માં દર્શાવાયેલી શુદ્ધ અથવા મિશ્ર સ્વદેશીની પ્રતિજ્ઞા લેનાર કોઈ પણ વ્યક્તિ વાર્ષિક રૂ. ૨૫, રૂ. ૧૨, રૂ. ૬ કે રૂ. ૧ લવાજમ આપી અનુક્રમે क, ख, ग, घ વર્ગની સભ્ય બની શકશે. લવાજમ આખા સત્તાવાર વર્ષ માટે આપવાનું રહેશે. તમામ વર્ગના સભ્યોના હક્કો અને વિશેષાધિકારો સરખા રહેશે.

૫. નિયમ ૩માં દર્શાવાયેલી શુદ્ધ અથવા મિશ્ર સ્વદેશીની પ્રતિજ્ઞા લેનાર કોઈ પણ વ્યક્તિ સભાને રૂ. ૫૦૦ અથવા તેથી વધુ રકમ આપીને સભાની આજીવન સભ્ય બની શકશે.

૬. સ્વદેશીની હિલચાલ પ્રત્યે સહાનુભૂતિ ધરાવતા લોકોએ, સ્વદેશીની પ્રતિજ્ઞા નહીં લીધી હોય તોપણ, જો તેઓ સભાને દાન આપવા માગતા હશે તો તેમનું દાન સ્વીકારવામાં આવશે.

૭. અઢાર વર્ષથી ઓછી ઉંમરની વ્યક્તિઓને તથા શાળામહાશાળાના વિદ્યાર્થીઓને સભાના સભ્યો તરીકે દાખલ કરવામાં આવશે નહીં, પરંતુ તેઓ સ્વદેશીની પ્રતિજ્ઞા લઈ શકશે.

૧. અનુમાન છે કે આ લખાણ ગાંધીજીએ તૈયાર કર્યું હતું.

૨. ૧ જુલાઈ, ૧૯૧૯ને રોજ મુંબઈમાં કેન્દ્રીય સ્વદેશી સભાનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.

Gandhi Heritage Portal

૮. સભાના હોદ્દેદારોમાં એક પ્રમુખ, એક ઉપપ્રમુખ, ત્રણ મંત્રીઓ અને બે ખજાનચીઓ રહેશે.

૯. સભાની કારોબારી સમિતિ સભાના હોદ્દેદારો સહિત ૩૦ સભ્યોની બનશે.

૧૦. કારોબારી સમિતિમાં, હોદ્દેદારોમાં તથા ઑડિટરોમાં રાજીનામાને લીધે અથવા બીજા કોઈ પણ કારણે ખાલી પડનારી તમામ જગાઓ પૂરી લેવાનું કામ સમિતિ બજાવશે.

૧૧. સભાના તમામ ચોપડા અને રેકર્ડ કારોબારી સમિતિ સંભાળશે અને સભાનાં તમામ નાણાં પણ સમિતિના કબજામાં રહેશે.

૧૨. સભાના ઉદ્દેશો બર લાવવા જે કંઈ કરવું ઘટે તે બધું જ કરવાનો અધિકાર કારોબારી સમિતિ ભોગવશે.

૧૩. કારોબારી સમિતિ મુંબઈ ઈલાકામાં સભાની શાખાઓ ખોલી શકશે અને તેમને માન્ય કરી શકશે. દરેક શાખામાં ઓછામાં ઓછા દસ સભ્યો હોવા જોઈશે. કારોબારી સમિતિને સભાની શાખાઓના કામકાજ ઉપર દેખરેખ રાખવાનો તથા તેમના હિસાબો તપાસવાનો અધિકાર રહેશે, પરંતુ એ શાખાઓના દેવાની કોઈ જવાબદારી તે લેશે નહીં.

૧૪. કારોબારી સમિતિ પખવાડિયામાં ઓછામાં ઓછી એક વાર પોતાની બેઠક અવશ્ય ભરશે.

૧૫. કારોબારી સમિતિના ચાર અથવા તેથી વધારે સભ્યોની લેખી માગણી આવ્યેથી, એવી માગણી મળ્યા પછી ત્રણ દિવસની અંદર કારોબારી સમિતિની ખાસ બેઠક બોલાવવામાં આવશે.

૧૬. કારોબારી સમિતિની તમામ બેઠકોમાં કાર્યસાધક કોરમ પાંચ સભ્યોનું ગણાશે અને તમામ સાધારણ સભાઓ માટે ૧૨ સભ્યોનું કોરમ ગણાશે. 'કોરમ'ને અભાવે મુલતવી રખાયેલી બેઠક માટે 'કોરમ'ની જરૂર રહેશે નહીં.

૧૭. સભાની સાધારણ બેઠક મહિનામાં ઓછામાં ઓછી એક વાર અવશ્ય બોલાવવામાં આવશે. સભાની ખાસ બેઠક કારોબારી સમિતિની સૂચનાથી અથવા ઓછામાં ઓછા દસ સભ્યોની લેખી માગણી આવ્યેથી, માગણી મળ્યા પછી આઠ દિવસની અંદર બોલાવવામાં આવશે.

૧૮. સભાનું સત્તાવાર વર્ષ ૧લી જૂનથી શરૂ થશે.

૧૯. સભાની વાર્ષિક સાધારણ બેઠક ઑગસ્ટ માસમાં ભરવામાં આવશે અને તે નીચેનાં કાર્યો કરશે:

(ક) વાર્ષિક નિવેદન તથા ઑડિટરે તપાસેલા હિસાબોનો હેવાલ સાંભળવો અને મંજૂર કરવો;

(ખ) પ્રમુખ, ઉપપ્રમુખ, ત્રણ મંત્રીઓ, બે ખજાનચીઓ, બે ઑડિટરો અને કારોબારી સમિતિની ચૂંટણી કરવી;

(ગ) પહેલેથી જેની રીતસર ખબર આપવામાં આવી હોય તેવાં બીજાં કામો કરવાં.

૨૦. સભાના સભ્યોનાં નામ-સરનામાંની એક યાદી મંત્રીઓ પોતાની પાસે રાખશે. સભાના સભ્યો ન બન્યા હોય પરંતુ જેમણે સ્વદેશીની પ્રતિજ્ઞા લીધી હોય તેવા લોકોનાં નામ-સરનામાંની યાદી પણ મંત્રીઓ પોતાની પાસે રાખશે.

૨૧. કારોબારી સમિતિની તમામ બેઠકોની તથા સભાની સાધારણ બેઠકોની કાર્યવાહીની કાર્યનોંધ સેક્રેટરીઓ લખી રાખશે.

૨૨. ખજાનચીઓ તમામ લવાજમો ઉઘરાવશે, તેઓ કારોબારી સમિતિની સૂચનાઓ મુજબ સભાનાં નાણાં પોતાના કબજામાં રાખશે, નિયમિત હિસાબો રાખશે, અને દર ત્રણ માસે હિસાબોનું નિવેદન રજૂ કરશે. આ નિવેદનમાં તેઓ સભાના લેણા નીકળતા પૈસાની તમામ વિગતો કારોબારી સમિતિના ધ્યાન પર લાવશે.

Gandhi Heritage Portal

૨૩. કારોબારી સમિતિ કશું પણ કારણ દર્શાવ્યા વિના સભાના કુલ સભ્યોની બે તૃતીયાંશ બહુમતીથી સભાના કોઈ પણ સભ્યને બરતરફ કરી શકશે.

૨૪. સભામાં જોડાવાની તારીખથી ત્રણ માસની અંદર તમામ સભ્યોએ લવાજમની પૂરી રકમ ભરી દેવી પડશે અને ત્યાર બાદ આગળ ઉપર સભાનું સત્તાવાર વર્ષ શરૂ થયે ત્રણ માસ સુધીમાં લવાજમ ભરવું પડશે. કોઈ સભ્યનું લવાજમ બાકી રહ્યું હશે તો મંત્રીઓ તેને એ રકમ ભરી દેવા સૂચના મોકલશે અને આવી સૂચના આપ્યા પછી એક માસની અંદર જો તે સભ્ય બાકી નીકળતું લવાજમ નહીં ભરશે તો કારોબારી સમિતિ તેનું નામ સભ્યોની યાદીમાંથી કમી કરશે.

૨૫. ઉપર લખેલા નિયમો સભાએ વખતોવખત કરેલા સુધારાવધારાને આધીન રહેશે.

अनुसूची

## સ્વદેશીની પ્રતિજ્ઞા

### શુદ્ધ સ્વદેશીની પ્રતિજ્ઞા[1]

### મિશ્ર સ્વદેશીની પ્રતિજ્ઞા[2]

### ત્રીજી પ્રતિજ્ઞા

હું પ્રતિજ્ઞાપૂર્વક જાહેર કરું છું કે આજથી હું મારા પોતાના ઉપયોગ માટે કેવળ એવું કાપડ ખરીદીશ જે હિંદુસ્તાનમાં કે પરદેશમાં પાકેલા અને હિંદુસ્તાનમાં કે બહાર કંતાયેલા રૂ, ઊન અથવા રેશમમાંથી હિંદુસ્તાનમાં વણાયેલું હશે.

સમજૂતી: જે લોકો કેવળ શુદ્ધ સ્વદેશી કાપડ ખરીદવા માગતા હોય તેમણે પ્રતિજ્ઞામાંથી “કે પરદેશમાં” તથા “કે બહાર” એ શબ્દો કમી કરવા.

નોંધ: આ પ્રતિજ્ઞા એવા લોકોની સગવડનો ખ્યાલ રાખીને તૈયાર કરવામાં આવી છે કે જેઓ પોતાની પાસેનાં પહેલેથી ખરીદેલાં પરદેશી કપડાં છોડી દેવા ઇચ્છતા નથી અથવા છોડી દઈ શકે તેમ નથી. પરંતુ એવી આશા રાખવામાં આવે છે કે આ પ્રતિજ્ઞા લેનારાઓ બને તેટલી વહેલી તકે પરદેશી કપડાંનો ત્યાગ કરશે અને તમામ શુભ અવસર પર કેવળ સ્વદેશી કપડાં જ વાપરશે.

ઇન્ડિયન નેશનલ પ્રિન્ટિંગ વર્ક, ૩૦૬, બોરા બજાર, ફૉર્ટ, મુંબઈ.

સહી ______________________

પૂરેપૂરું નામ ______________________

સરનામું ______________________

પ્રતિજ્ઞા ______________________

પ્રતિજ્ઞા શરૂ થવાની તારીખ ______________________

મુદત ______________________

સહી કર્યાની તારીખ ______________________

સ્વયંસેવક ______________________

[મૂળ અંગ્રેજી]

છાપેલી પત્રિકા પરથી: એસ. એન. ૬૪૮૫

૧-૨. જુઓ “સ્વદેશીનું વ્રત”, ૧૩-૫-૧૯૧૯.

Gandhi Heritage Portal

## ૩૮૨. ભાવિ યોજનાઓ અંગે લેખિત નિવેદન[1]

મુંબઈ,
જુલાઈ ૧, ૧૯૧૯

હિંદ સરકારે કૃપા કરીને મારી યોજનાઓ વિષે મિ. રૉબર્ટ્સન[2] દ્વારા મોકલેલો સંદેશો મને મળ્યો છે. આ બાબતમાં હું જણાવવા ઇચ્છું છું કે જ્યારે પણ હું ફરીથી સવિનય કાનૂનભંગનું કામ ખરેખર ઉપાડીશ ત્યારે સ્થાનિક સત્તાવાળાને એની ખબર અવશ્ય આપીશ. સવિનય કાનૂનભંગ હું એકલો જ કરીશ અને મારા સહકાર્યકરો મારા જેલ ગયા પછી ઓછામાં ઓછા એક મહિના સુધી એમાં સામેલ નહીં થાય, સિવાય કે તેઓ પોતાને જોખમે એ કામ ઉપાડે. મેં નામદાર વાઇસરૉયને એક પત્ર[3] લખ્યો છે. તેના જવાબની હું આશા રાખું છું. તે ઉપરાંત મિ. મૉન્ટેગ્યુને પણ મેં એક તાર[4] કર્યો છે. આ બંને સંદેશાઓના જવાબની હું રાહ જોવા માગું છું. એટલે આવતા મંગળવાર[5] સુધી હું સવિનય કાનૂનભંગ ઉપાડવા માગતો નથી. સવિનય કાનૂનભંગ કરવા માટે હું અપનાવવા માગું છું તે રીત એવી છે કે હું કોઈક સ્થળેથી મુંબઈ ઇલાકાની હદ ઓળંગી બહાર જઈશ. હાલના મારા વિચાર પ્રમાણે તો મારી ઇચ્છા પંજાબ જવાનો પ્રયાસ કરીને સરહદ ઓળંગવાનો નથી, કેમ કે મને લાગે છે કે હું એમ કરું તો પંજાબમાં શાંતિ સ્થાપવાની જે પ્રવૃત્તિ ચાલી રહી છે તેમાં નકામી ખલેલ પહોંચે અને સ્થાનિક સરકાર રોષે ભરાય. જો હિંદ સરકાર અથવા સ્થાનિક સરકાર મને એમ કહે કે તમારે અમુક સ્થળેથી ઇલાકાની હદ ઓળંગવી, તો હું ખુશીથી તેમની ઇચ્છાને માન આપીશ. મંગળવાર સુધી મારો કાર્યક્રમ નીચે પ્રમાણે છે:

શનિવારની સાંજે ગુજરાત મેલમાં નીકળી રવિવારે સવારે હું નડિયાદ પહોંચવાનો ઇરાદો રાખું છું. લગભગ આખો રવિવાર હું ખેડા જિલ્લામાં ગાળવા માગું છું. આ દરમ્યાન જરૂર પડ્યે સ્વદેશી વિષે ભાષણ આપવા કઠલાલ જઈ આવવાનો મારો વિચાર છે. એ રીતે બધું ગોઠવાશે તો રવિવારે હું નડિયાદથી અમદાવાદ જતી સાંજની ગાડી પકડીશ, અને સોમવારનો આખો દિવસ અમદાવાદમાં ગાળીશ. એ જ દિવસે રાત્રે અમદાવાદથી પાછા ફરતા ગુજરાત મેલમાં હું મુંબઈ જવા નીકળીશ; અને આ રીતે મંગળવારે સવારે આઠ વાગ્યે હું મુંબઈ પહોંચીશ. અમદાવાદમાં હું મિત્રો સાથેની વાતચીતમાં દિવસ પસાર કરવા માગું છું. હું સવિનય

૧. આ નિવેદનમાંની વાતો ગાંધીજીએ ૧લી જુલાઈ, ૧૯૧૯ના રોજ મુંબઈના પોલીસ કમિશનર મિ. ગ્રિફિથ સાથેની મુલાકાત દરમ્યાન કહી હતી. આ મુલાકાતનો હેવાલ મિ. ગ્રિફિથે લખ્યો છે. તેમાં લખ્યું છે કે: "છેવટે શ્રી ગાંધીએ કરેલું નિવેદન લખી કાઢવામાં આવ્યું હતું. એની એક નકલ આ સાથે સામેલ છે. એ નિવેદનમાં ભવિષ્યની એમની યોજનાઓ વિગતવાર વર્ણવવામાં આવી છે." જુઓ सोर्स मटिरियल फॉर ए हिस्टरी ऑफ धि फ्रीडम मूवमेन्ट इन इन्डिया, પુસ્તક ૨, પા. ૭૯૩.

૨. એલ. રૉબર્ટ્સન, મુંબઈ ઇલાકાના પોલીસ ઇન્સ્પેક્ટર જનરલ.

૩. જુઓ "એસ. આર. હિગનેલને પત્ર", ૨૮-૬-૧૯૧૯.

૪. જુઓ "ઈ. એસ. મૉન્ટેગ્યુને તાર", ૨૪-૬-૧૯૧૯.

૫. જુલાઈ ૮.

Gandhi Heritage Portal

કાનૂનભંગ શરૂ કરું તે પછી શાંતિ કેવી રીતે જાળવવી તે આ વાતચીત દરમિયાન હું તેમને સમજાવીશ. એ જ દિવસે હું અમદાવાદમાં સ્ત્રીઓની એક સભામાં સ્વદેશી વિષે ભાષણ પણ આપવા માગું છું.

હું નમ્રતાપૂર્વક જણાવવા માગું છું કે જો સરકાર એમ ઇચ્છતી હોય કે બહુ લાંબી નહીં હોય એવી અમુક ચોક્કસ મુદત સુધી મારે સવિનયભંગ ચાલુ કરવાનું મોકૂફ રાખવું તો હું સરકારની એ ઇચ્છાને માન આપવાનું મારું કર્તવ્ય સમજીશ, કેમ કે હું એટલું જોવા અત્યંત ઉત્સુક છું કે મારું કોઈ પણ કાર્ય સરકારને કોઈ પણ પ્રકારે મૂંઝવણ થાય એવું ન હોવું જોઈએ. એટલું ખરું કે રૉલેટ કાયદો પાછો ખેંચી લેવાની વિનંતી સાંભળવાનો ઇનકાર કરીને સરકારે ઉત્પન્ન કરેલી પરિસ્થિતિને કારણે સવિનયભંગની લડત ઉપાડવી પડે તેમ છે, જેને પરિણામે સરકારને થતી મૂંઝવણ અનિવાર્ય છે. મારા અભિપ્રાય મુજબના ભરોસાપાત્ર સાધન દ્વારા મેં સાંભળ્યું છે કે હિંદ સરકાર તેમ જ હિંદી વજીર રૉલેટ કાયદા વિષેનો પોતાનો વિચાર બદલવા માગે છે અને થોડા જ વખતમાં અનુકૂળ સમયે રૉલેટ ધારો પાછો ખેંચવાનો તેમનો ઇરાદો છે. એ રીતે એ બિલ સાથે જોડાયેલા બીજા એક બિલને આગળ વધારવાનો વિચાર પણ તેમણે પડતો મૂક્યો છે. મને મળેલી આ માહિતી સાચી હોય અને હાલમાં શક્ય એટલે અંશે જાહેર નહીં કરવાની સમજણથી સરકાર મને એવી ખાતરી આપે કે ખરેખર એમનો એવો ઇરાદો છે, તો હું સવિનયભંગનું પગલું અનિશ્ચિત સમય માટે મોકૂફ રાખીશ.

મો. ક. ગાંધી

[મૂળ અંગ્રેજી]

सोर्स मटीरियल फॉर ए हिस्टरी ऑफ धि फ्रीडम मूवमेन्ट इन इन्डिया, પુ. ૨, પા. ૭૯૪–૫

## ૩૮૩. એસ. ટી. શેપર્ડને પત્ર

[મુંબઈ,]
જુલાઈ ૨, ૧૯૧૯

આપે જે તત્પરતાથી દક્ષિણ આફ્રિકાના પ્રશ્ન પર ધ્યાન આપ્યું અને તે વિષે આજના टाइम्स ऑफ इन्डियामां જે અત્યંત સુંદર અગ્રલેખ લખ્યો તે બદલ કૃપા કરી મારો હાર્દિક આભાર સ્વીકારશો. મને ખાતરી છે કે એનાથી ફાયદો જ થશે અને હિંદુસ્તાનમાં લોકમત સંગઠિત કરવાના કામમાં માર્ગદર્શન મળશે.

આપે મોકલેલું કાયદાનું પુસ્તક[1] મને મળી ગયું છે.

આપનો સહૃદયી
મો. ક. ગાંધી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી: એસ. એન. ૬૪૮૪ બી.

૧. ટ્રાન્સવાલના કાયદાઓનું પુસ્તક.

Gandhi Heritage Portal

## ૩૮૪. જહાંગીર બી. પિટીટને પત્ર

લેબર્નમ રોડ,
[મુંબઈ,]
જુલાઈ ૨ [૧૯૧૯]

મહેરબાન ભાઈ જહાંગીરજી,

આપને મેં સંદેશો મોકલાવ્યો એ વિનયપૂર્વક સાંભળ્યો તેને સારુ હું આપનો આભારી છું. દક્ષિણ આફ્રિકા બાબતમાં તમે કંઈ જ નથી કર્યું એનું દુ:ખ મને બહુ લાગ્યું છે. ટાઇમ્સ ઑફ ઇન્ડિયાના અધિપતિને મેં ચાર દિવસ પહેલાં કાગળ લખ્યો હતો. તેણે તરત મારી પાસેથી સાહિત્ય મંગાવ્યું તે વાંચ્યું અને આજે સુંદર લેખ પણ લખ્યો છે. ક્યાં એની કાળજી અને ક્યાં તમારી બેદરકારી? તમારી પાસેથી મેં બહુ મોટી આશા રાખી હતી. હજુ પણ હું વીનવું છું કે આ બાબતમાં સુસ્તી ન રાખો અને તમારી ફરજ બજાવો.

આ તો એક વાત. એ તો ઠીક છે. મારી પાસે કેટલાક પૈસા મારી પ્રવૃત્તિઓને અર્થે કોઈ કોઈ મિત્રો મને આપે છે. તેમાંથી હું ખર્ચ નિભાવી લઉં છું, પણ આટલા દિવસ સુધી તમે મને વિનાકારણ મિસિસ પોલાકને અપાતા પૈસા વિના રાખ્યો. એ તમને પોતાને કેમ અયોગ્ય નથી લાગતું?

હું કેટલોક ખર્ચ દક્ષિણ આફ્રિકા વિષે કરી ચૂક્યો છું. આજે લાંબો તાર તેઓની ઉપર મોકલવા ઇચ્છું છું. એવું જે ખર્ચ થાય તે તમે આપવા કહેલું છે પણ તમારા આળસથી હું ગભરાયલો માણસ છું. જે ખર્ચના પૈસા ઇમ્પીરિયલ સિટિઝનશિપ ઍસોસિયેશનની પાસેથી જ નીકળવા જોઈએ તેની ભિક્ષા હું બીજી જગ્યાએથી કેમ માગું? એટલે જો ઍસોસિયેશન પૈસા ભરે એ તમને યોગ્ય લાગે તો તમારે મને એ ખર્ચ પેટે રૂ. ૧૦૦૦ આપવાની જરૂર છે. એ પૈસાનો હું હિસાબ આપીશ. તારો સારી પેઠે કરવાની જરૂર છે.

તમારો
**મોહનદાસ ગાંધી**

[મૂળ ગુજરાતી]

છબી પરથી : એસ. એન. ૬૪૮૪

Gandhi Heritage Portal

## ૩૮૫. દક્ષિણ આફ્રિકાના પ્રશ્ન વિષે અખબારો જોગ પત્ર[1]

[મુંબઈ,
જુલાઈ ૩, ૧૯૧૯][2]

પ્રતિ,

સંપાદક

बॉम्बे क्रॉनिकल

મહાશય,

આપણી વચ્ચે, એટલે કે અંગ્રેજો અને હિંદીઓની વચ્ચે ઘણા તીવ્ર મતભેદો છે. તેમ છતાં કેટલાક એવા સમાન હિતના પ્રશ્નો પણ છે જેના સંબંધમાં આપણી બંને કોમો એકબીજા સાથે હાથ મિલાવીને કામ કરી શકે છે. અને આ બાબત સ્પષ્ટ કરવામાં ટાઇમ્સ ઑફ ઇન્ડિયાએ આગેવાની લીધી છે. આવો એક પ્રશ્ન દક્ષિણ આફ્રિકામાં વસતા હિંદીઓને લગતો છે. આપણે ગમે તે કામમાં રોકાયેલા હોઈએ તોપણ આ મહાન પ્રશ્ન આપણે કદી ભૂલવો નહીં જોઈએ. એ ભૂલવાની ધૃષ્ટતા આપણાથી કરી જ નહીં શકાય.

બિકાનેરના મહારાજા સંસ્થાનોના મુત્સદ્દીઓને એવો અનુરોધ કરી રહ્યા હતા અને એવી આશા પ્રદર્શિત કરતા હતા કે સંસ્થાનોમાં વસેલા હિંદીઓ સાથે ન્યાયી અને ઉદાર વ્યવહાર ચલાવવામાં આવે. તે જ વખતે દક્ષિણ આફ્રિકાના જવાબદાર અધિકારીઓ ૧૯૧૪ના કરારનો ભંગ કરીને ટ્રાન્સવાલના હિંદીઓના સ્થાપિત અધિકારો છીનવી લેવાની યોજના તૈયાર કરી રહ્યા હતા. આ કરારમાં હિંદ સરકાર એક પક્ષકાર નહીં, તો સાક્ષી તો હતી જ.

હાલમાં જે બિલ અખબારોમાં ચર્ચાઈ રહ્યું છે, અને છેલ્લા સમાચારો મુજબ ગયા મે માસના અંતમાં જે સંઘ ધારાસભામાં સમિતિની કક્ષા પસાર કરી ચૂકયું છે, તેની અસર એવી થાય છે કે આજ સુધી કાયદેસર રીતે અને સફળતાથી સ્થાવર મિલકતના માલિક બની શકતા ટ્રાન્સવાલના હિંદીઓના એ હક્કો એને પરિણામે નાબૂદ થાય છે. તે એટલે સુધી કે તેઓ કંપનીઓના શૅરહોલ્ડરો કે મિલકતોના ગીરવીદાર પણ બની શકતા નથી

આ ઉપરાંત આ બિલ હિંદીઓને આખા ટ્રાન્સવાલમાં નવા વેપારી પરવાના મેળવવાના હક્કથી પણ વંચિત રાખે છે. આનો અર્થ એવો થયો કે જો હિંદી વસાહતીઓને હવે અસરકારક રક્ષણ આપવામાં નહીં આવે તો એમનામાં ગમે તેટલી શક્તિ હોવા છતાં તેઓ ઘરકામ કરનારા નોકરો જેવા બની જશે. પ્રવાસ પર કડક પ્રતિબંધ મૂકી નવા લોકોને એ દેશમાં પ્રવેશવાનું લગભગ બંધ કરવામાં આવ્યું એ તો ખરાબ ઘટના હતી જ. હવે જે લોકોને એ દેશમાં દાખલ થવા દઈ કાયદેસર દરજ્જો આપવામાં આવ્યો છે તેમના તથા તેમના વંશજોના વેપારધંધા અને મિલકતો અંગેના અધિકારો છીનવી લેવાય એ તો અસહ્ય સ્થિતિ કહેવાય.

૧. આ પત્ર ૪–૭–૧૯૧૯ના ન્યૂ ઇન્ડિયામાં, ૫–૭–૧૯૧૯ના યંગ ઇન્ડિયામાં તથા ૭–૭–૧૯૧૯ના હિંદુમાં પણ પ્રસિદ્ધ થયો હતો.

૨. મુંબઈથી ઍસોસિયેટેડ પ્રેસ ઑફ ઇન્ડિયાએ આ પત્ર ૩જી જુલાઈએ પ્રકાશન માટે રવાના કર્યો હતો.

Gandhi Heritage Portal

આ સ્થિતિમાં, મારા નમ્ર અભિપ્રાય પ્રમાણે, હિંદુસ્તાનમાં વસતા અંગ્રેજોનું અને હિંદવાસીઓનું કર્તવ્ય સ્પષ્ટ છે. આપણે એવો પ્રબળ લોકમત તૈયાર કરવો જોઈએ કે જેને લીધે દક્ષિણ આફ્રિકાના યુરોપિયન લોકોને શરમાઈને ન્યાયી પગલું ભરવાની ફરજ પડે. ટ્રાન્સવાલમાં વસેલા હિંદીઓના ટ્રસ્ટી તરીકે હિંદની સરકાર આ ઝઝૂમી રહેલા વિનાશમાંથી હિંદીઓને બચાવવા અસરકારક પ્રયત્ન કરશે જ. એ પ્રયત્નમાં આપણો ભેગો વિરોધ પ્રગટ કરીને આપણે પણ સરકારના હાથ મજબૂત કરી શકીએ.

આપનો વગેરે,

**મો. ક. ગાંધી**

[મૂળ અંગ્રેજી]

बॉम्बे क्रॉनिकल, ४-७-१९१९

## ૩૮૬. સર જ્યૉર્જ બાર્ન્ઝને પત્ર

લેબર્નમ રોડ,

મુંબઈ,

જુલાઈ ૩, ૧૯૧૯

વહાલા સર જ્યૉર્જ બાર્ન્ઝ[1]

કેટલાક મહિના પહેલાં આપે મને લખ્યું હતું કે આપ દક્ષિણ આફ્રિકાના હિંદીઓની સ્થિતિ વિષે તપાસ કરી રહ્યા છો. તે પછી ત્યાંની સ્થિતિ વધુ ને વધુ ખરાબ થતી ચાલી છે. આ સાથે મોકલેલી છાપાની કેટલીક કાપલીઓ ઉપરથી આપને એનો ખ્યાલ આવી જશે. ટૂંકમાં કહીએ તો આ કાપલીઓમાં જેનો ઉલ્લેખ છે તે બિલ જો કાયદાનું સ્વરૂપ લેશે તો સ્થિતિ એવી થશે કે હિંદીઓ ટ્રાન્સવાલમાં વેપાર નહીં કરી શકે. અને સ્થાવર મિલકતો પણ ધરાવી નહીં શકે. આજ સુધી તેઓ આ બંને હક્કો કાયદેસર રીતે ભોગવતા આવ્યા છે. આનાથી ૧૯૧૪ના સમાધાનનો ખુલ્લો અને સીધો ભંગ થાય છે. હિંદ સરકાર આ સમાધાનની પક્ષકાર નહીં તો સાક્ષી તો હતી જ. અને આપણી સરકાર પક્ષકાર હોય કે ન હોય તોપણ જ્યારે હિંદીઓના રાજકીય હક્કોથી ભિન્ન એવા આર્થિક અને ભૌતિક હક્કો કાયદાથી છીનવાઈ જતા હોય ત્યારે શું તે એક ક્ષણને માટે પણ આ વાત સાંખી શકશે ખરી? લોકોને ટ્રાન્સવાલમાં આવતા બંધ કરવા અથવા એમના પ્રવેશ ઉપર નિયંત્રણ મૂકવું એ એક વાત છે, અને જે લોકો એ દેશમાં કાયદેસર રીતે દાખલ કરાયેલા છે તેમને પ્રામાણિક અને માનભરી આજીવિકા કમાવાના સાધનથી વંચિત કરવા એ જુદી વાત છે. હું જાણું છું કે આપ આ બાબતમાં ઘટતું કરશો અને તે જલદીથી કરશો. સંભવ છે કે અત્યાર સુધીમાં એ બિલ તમામ વિધિઓમાંથી પસાર થઈ ચૂકયું હશે. મને ભરોસો છે કે આપ તારનાં દોરડાં ઝણઝણાવશો અને તપાસ કરશો.

આશા છે કે સ્થળફેર થતાં આપને લાભ થયો હશે.

આપનો સહૃદયી

**મો. ક. ગાંધી**

[મૂળ અંગ્રેજી]

છબી પરથી: એસ. એન. ૬૪૮૪ બી.

૧. વાઇસરૉયની કારોબારી સમિતિના સભ્ય; તેઓ વેપાર અને ઉદ્યોગ ખાતું સંભાળતા હતા.

Gandhi Heritage Portal

# ૩૮૭. આર. બી. યૂબૅંકને પત્ર

મુંબઈ,
જુલાઈ ૩, ૧૯૧૯

વહાલા મિ. યૂબૅંક[૧]

ઘણા વખતથી આપને પત્ર લખવાનો વિચાર હતો, પરંતુ એક યા બીજા કારણે આજ સુધી લખી શકયો નથી.

આપણા ઈલાકામાં સ્વદેશીનો જે પ્રચાર થઈ રહ્યો છે તેનો આપને ખ્યાલ હશે એમ માનું છું. એના નિયમો અને પ્રતિજ્ઞાઓ આ સાથે બીડું છું. આ હિલચાલમાં હું આપને રસ લેતા કરી શકું ખરો?

આ દેશમાં કોઈ રોજી આપી શકે તેવા કામને અભાવે ખેડૂતો લગભગ અર્ધું વરસ બેકાર બેસી રહે છે. તે ઉપરાંત લાખો સ્ત્રીપુરુષો એવાં છે જેમની પાસે ફુરસદનો સમય હોવા છતાં જેઓ કોઈ લાભદાયી અને માનભર્યું કામ કરવા માગતાં નથી અને કરતાં નથી. આવા લોકોમાં હાથે કાંતવાના અને હાથે વણવાના કામનો પ્રચાર કરવાનો મારો વિચાર છે. આપને આ વિચાર ગમતો હોય અને જો આપ સક્રિય સહકાર આપો તો આ આંદોલનને ઘણું પ્રબળ પ્રોત્સાહન મળે. જો આપ આ આંદોલનમાં ભળવા ખુશી હો, તો હું ઇચ્છું છું કે આપ અમારા કાર્યની આ શાખામાં જોડાઓ. આ પ્રવૃત્તિને રાજકારણ સાથે કશો સંબંધ નથી, એટલે જો આપ આ પ્રતિજ્ઞાઓ પૈકી કોઈ પ્રતિજ્ઞા લઈ શકો, અથવા એમ ન કરી શકો અને એના સહયોગી બનો તો હું એ વાતને માનભેર આવકારીશ. આ અંગે સર સ્ટૅન્લી રીડનો એક પત્ર[૨] મને મળ્યો છે. તેની નકલ આપને વાંચવા માટે આ સાથે મોકલું છું.

આપનો સહૃદયી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૬૭૧૭

૧. મુંબઈ ઇલાકાના સહકારી મંડળીઓના રજિસ્ટ્રાર.

૨. જુઓ પરિશિષ્ટ ૪.

Gandhi Heritage Portal

# ૩૮૮. સી. રાજગોપાલાચારીને[1] પત્ર

જુલાઈ ૩, ૧૯૧૯

કાલીનાથ રૉયના પ્રશ્નની સાથે દક્ષિણ આફ્રિકાનો પ્રશ્ન તમારે ઉમેરવો જોઈએ. શ્રી નટેસન, દીવાન બહાદુર અને જુદાં જુદાં મંડળના બીજા પ્રતિનિધિઓને તમારે ભેળા કરવા જોઈએ. હું જોઉં છું કે સત્યાગ્રહની પ્રવૃત્તિનું ક્ષેત્ર આપણે વિસ્તૃત કરવું જોઈશે. જીવનના એકેએક ક્ષેત્રને અને બીજા તમામ પ્રશ્નોને એ લાગુ પડી શકે છે. (સત્યાગ્રહ) સભાનું બંધારણ ફેરવવાનો અને તેને કાયમી સંસ્થા બનાવવાનો હું ગંભીરતાથી વિચાર કરી રહ્યો છું. આખી વસ્તુ વાયુરૂપ સ્થિતિમાં છે. દક્ષિણ આફ્રિકાનો પ્રશ્ન આપણી પ્રવૃત્તિના આ પ્રકાર તરફ આપણને ફરજિયાત લઈ જાય છે. આપણે કોઈ પક્ષમાં બંધાયેલા ન હોઈ, જ્યાં જ્યાં શક્ય હોય ત્યાં અને જે પ્રશ્ન ઉપર મતભેદ ન હોય અથવા ઊભો ન થઈ શકે એમ હોય, ત્યાં સઘળા પક્ષો અથવા મંડળોને આપણે એક મંચ ઉપર એકત્રિત કરવાં જોઈએ.

દક્ષિણ આફ્રિકાના પ્રશ્ન ઉપર છાપાં જોગો મેં પત્ર લખ્યો છે તે તમે જોશો. આપણે સભાઓ ભરવી જોઈએ અને સરકારને પોતાની ફરજ બજાવવાનો આગ્રહ કરતા ઠરાવો પસાર કરવા જોઈએ. ભારત મંત્રી ઉપર પણ તારો કરવા જોઈએ. તમે જોશો કે टाइम्स ऑफ इन्डिया આપણી તરફ વળ્યું છે. એ તરફનાં અંગ્રેજ છાપાંઓને આપણા પક્ષમાં લાવવાનો તમારે પ્રયત્ન કરવો જોઈએ. રૉલેટ કાયદાની બાબતમાં હજી હું વાઇસરૉય સાથે પત્રવ્યવહાર ચલાવી રહ્યો છું. તેથી સવિનયભંગની ઢીલ થાય છે. પંજાબ જવાનો પ્રયત્ન કરવાનો મારો વિચાર નથી, પણ બીજે કોઈ સ્થળેથી મુંબઈ પ્રાંતની હદ ઓળંગીશ. પંજાબની બાબતમાં એક ખટલાની ખાતર ખટલો કરવાનો પડકાર ફેંકવો એ ભાગ્યે જ વાજબી ગણાય એમ મને લાગે છે. મારી સ્થિતિ વિષે મનમાં લેશ પણ શંકા હોય તો તેમ ન કરવાની મારી ફરજ ગણાય. મારા કહેવાની મતલબ એ છે કે આવી જાતનો કોઈ પડકાર ફેંકવો એ નાટકી દેખાય અને એવા પ્રદર્શનને તો હું ધિક્કારું છું. મને કાવતરાખોર કહીને પણ છૂટો રહેવા દીધો છે એમાં જ પંજાબ સરકાર પૂરતી મૂરખ દેખાઈ છે. હવે મારી ઉપર કામ કેમ ચલાવતા નથી એમ તેને કહેવા જવાની મૂર્ખાઈ હું કરું તો હું મારે હાથે જ બધી અસર ધોઈ નાખું; જ્યારે હું બરાબર જાણું છું કે તેઓ મારી ઉપર કામ ચલાવવા ઇચ્છતા નથી, તેમની હિંમત નથી. મારી દલીલ તમને સમજાય છે ને ? તમારી સૂચના સ્વીકારવામાં ભૂલ થાય એ હું તમને ઠસાવવા માગું છું.

તમારો સહૃદયી

મો. ક. ગાં.

[મૂળ અંગ્રેજી]

મહાદેવ દેસાઈની હસ્તલિખિત ડાયરીમાંથી

શ્રી નારાયણ દેસાઈના સૌજન્યથી

ભાષાંતર: મહાદેવભાઈની ડાયરી, પુસ્તક પાંચમું

૧. ચક્રવર્તી રાજગોપાલાચારી (જન્મ ૧૮૭૯); રાજપુરુષ અને ભારતના પ્રથમ હિંદી ગવર્નર જનરલ.

Gandhi Heritage Portal

## ૩૮૯. છગનલાલ ગાંધીને પત્ર

ગુરુવાર, અષાડ ૧૯૭૫ [જુલાઈ ૩, ૧૯૧૯][1]

ચિ. છગનલાલ,

તમને હું કહેતાં ભૂલી ગયો કે બગસરાથી જે માણસ આવેલ છે તેની પાસે શીખવવાનું જ કામ નહીં પણ વણાવવાનું જ કામ લેજો.

ભાઈ શંકરલાલની બરદાસ બરોબર કરજો. તેમને બધી માહિતી કામની આપજો. ખાવાપીવામાં શાક વ. તેમને મળ્યા કરે એમ મેં બાને કહેલું તો છે.

ભાઈ કિશોરલાલને કહેજો કે તેમને આજે એક રોટી સુરેન્દ્ર સારુ મોકલી છે. બાલુભાઈ તુરત ન મોકલે એમ માની આજે તો મોકલી દઉં છું. હવે પછી જરૂર હોય તો મોકલી શકીશ.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્રની છબી પરથી : એસ. એન. ૬૭૧૬

## ૩૯૦. મુંબઈમાં સ્વદેશી વિષે ભાષણ[2]

જુલાઈ ૪, ૧૯૧૯

જેરાજાણીએ આપણી રૂબરૂ ભાષણ કરી આપણને બતાવી આપ્યું છે કે હિંદુસ્તાન એવો દેશ નથી કે જે હુન્નરઉદ્યોગમાં પછાત છે. તેઓએ તથા ભાઈ નારણદાસે સ્વદેશી ભંડાર ખોલી ઘણું સારું કામ કરેલું છે: હવે મારે દરેક સભામાં પૂછવું પડશે કે કેટલાએ એક પણ પ્રકારનું સ્વદેશી વ્રત લીધું છે. ત્રીજા પ્રકારનું વ્રત એવું સરળ છે કે મને તે દાખલ કરતાં પણ શરમ આવી હતી કારણ કષ્ટ સહન કર્યા વગરનું કોઈ પણ વ્રત હોઈ જ નહીં શકે. તો આવું સરળ વ્રત અત્યાર સુધી ઘણાઓએ કેમ નથી લીધું તે હું સમજી શકતો નથી. મુંબઈમાં એક પણ માણસ એવો ન હોવો જોઈએ કે જેણે ત્રણ વ્રતમાંથી એક પણ ન લીધું હોય. જો પ્રજાનો ઘણો ભાગ વ્રત લેતો થઈ જાય તો તે ભાગમાંના કેટલાકને વિચાર થશે કે આ માલ આપણે મેળવી કેવી રીતે શકશું. અને પરિણામે તેઓ પોતે જ—ઉદ્યમ કરશે અગર કરાવવાનો પ્રયત્ન કરશે. માટે જે ભાઈઓએ વ્રત ન લીધું હોય તેઓએ આવતી કાલે સ્વદેશી સભાની ઑફિસમાં જઈ એ વ્રત લઈ લેવું. પણ વ્રત લેનારા માણસે પોતાના મનની સાથે નિશ્ચય કરવો કે મારું પોતાનું સૂતર કાંતી લઈશ અથવા કંતાવી લઈશ અથવા વણી લઈશ

૧. આ પત્રના પહેલા વાક્ય ઉપરથી એમ લાગે છે કે ગાંધીજીએ આ પત્ર અમદાવાદ છોડ્યા પછી તરત લખ્યો હતો. તેઓ અમદાવાદથી ૩૦મી જૂને નીકળ્યા હતા. જુલાઈની ૩જી તારીખ ગુરુવારે હતી.

૨. આ સભા સ્વદેશી સભાને આશ્રયે ભરવામાં આવી હતી. ગાંધીજી પ્રમુખસ્થાને હતા.

Gandhi Heritage Portal

અગર કોઈ પાસે વણાવી લઈશ. આવી ભાવના જો તેના મનમાં ન હોય તો તે વ્રત લીધેલું નકામું. શ્રીમંતોએ એમ ન ધારવું કે હું પૈસા આપી મારું જોઈતું કાપડ તૈયાર ખરીદી લાવીશ પણ તેણે ઉપર જણાવેલી ભાવના તો રાખવાની જ છે. આપણે જો આળસની અંદર રહ્યા કરીશું તો આપણો દેશ હજી પણ વધારે કંગાળ થતો જશે. છેવટે એટલું જ કહીશ કે તમારે જેમ બને તેમ સ્વદેશી વ્રતો પોતાની ફાવટ પ્રમાણે જલદી લેવાં અને તે ચોક્કસ પાળવાં. સમજ્યા વગર એક પણ વ્રત લઈને તેનું પાલન ન કરી શકાય તો તે ન જ લેવું વધુ ઉત્તમ છે.

[મૂળ ગુજરાતી]

ગુજરાતમિત્ર અને ગુજરાતદર્પણ, ૧૩-૭-૧૯૧૯

39475

## ૩૯૧. સ્મટ્સ-ગાંધી સમાધાન

જ્યાં સુધી યંગ ઇન્ડિયા પત્રની સિંડિકેટ આ પત્રનાં લખાણો અને તેની નીતિ ઉપર દેખરેખ રાખવાની અનુમતિ મને આપે છે, ત્યાં સુધી હું આ પત્ર દ્વારા દેશ સમક્ષ જેને હું બુનિયાદી મહત્ત્વની બાબત માનું છું અને જેનું મને ખાસ જ્ઞાન પણ છે એવા એક કાર્યની યોજના રજૂ કરતો રહેવા માગું છું. સાથોસાથ જરૂર પડતાં હું આ પત્રની કટારોનો ઉપયોગ સરકારની કારવાઈઓની ટીકા કરવા માટે પણ કરતો રહીશ. આ ટીકા ઘણી વાર મદદકર્તા નીવડશે, પરંતુ હકીકતમાં આખા દેશ માટે અહિતકર હોય એવું કામ સરકાર કરશે ત્યારે કોઈ કોઈ વાર એ ટીકા સરકારના માર્ગમાં થોડા વખત માટે રુકાવટ કરનારી પણ નીવડશે.

મને વિશ્વાસ છે કે આ પત્રનાં પાનાં થોડા સમય માટે દક્ષિણ આફ્રિકામાં વસતા આપણા દેશભાઈઓની સ્થિતિના ઉલ્લેખોથી ભરેલાં જણાય તો યંગ ઇન્ડિયાના વાચકો નારાજ નહીં થાય; જે વિષયોનું કોઈ વિશિષ્ટ જ્ઞાન લેખકોને કે મને ન હોય અથવા જેમાં એમને કે મને ખાસ અભિરુચિ ન હોય એવાં લખાણો આ પત્રની કટારોમાં આવે તેના કરતાં કશુંક ઉપયોગી, પ્રમાણભૂત અને જેના પર તાત્કાલિક ધ્યાન આપવાની જરૂર હોય એવી સામગ્રી પીરસવા દેવામાં આવે તો તે વધારે સારું ગણાય. આ ઉપરથી એમ ન સમજવું કે આ દૃષ્ટિએ પત્ર ચલાવવામાં બીજા લોકો કરતાં મારામાં વધારે સારી આવડત છે એમ હું માનું છું. હું તો માત્ર થોડા સમય માટે આ પત્રનો ઉદ્દેશ શો રહેશે એટલું જ જણાવું છું. તેમ છતાં હું એટલું તો અવશ્ય માનું છું કે કોઈ પણ સુસંચાલિત પત્રમાં બેજવાબદાર અથવા ખોટી માહિતી પર આધારિત ટીકા આવવી ન જોઈએ, અથવા તો જેને વિષે એના સંચાલકોને પૂરતું જ્ઞાન ન હોય એવી બાબતોની ચર્ચા એમાં થવી નહીં જોઈએ.

દક્ષિણ આફ્રિકામાંના આપણા દેશબંધુઓના દરજ્જાનો આ પ્રશ્ન ઓછો મહત્ત્વનો નથી. આપણામાં સ્વશાસનની કેટલી ક્ષમતા છે એનું માપ આપણા નીચામાં નીચી કોટીના લોકો માટે આપણે કેટલી લાગણી અનુભવી શકીએ છીએ એના ઉપરથી નીકળે છે. તકરારનો મુદ્દો ન્યાયી છે અને જે અન્યાય થયો છે તે સ્પષ્ટ રીતે સાબિત થઈ શકે તેવો છે. એટલે આ પ્રશ્ન ગરીબો અને નિ:સહાય લોકોનો હોવાથી એને માટે કામ કરવા આપણે વધારે તત્પરતા દાખવવી જોઈએ. આપણે તો આમાં અન્યાયની માત્રા કેટલી મોટી છે તે જોઈને ધ્યાન આપવાનું છે, જેને એ લાગુ પડે છે તે લોકો કઈ કોટીના છે એ જોઈને નહીં. આ કસોટીથી વિચારતાં



Gandhi Heritage Portal

દક્ષિણ આફ્રિકામાં વસતા આપણા દેશભાઈઓના દરજ્જાનો આ પ્રશ્ન, આજકાલ બધા લોકો જેના ઉપર ધ્યાન આપી રહ્યા છે તે સુધારાના પ્રશ્ન કરતાં પણ વધારે તાકીદનું મહત્ત્વ ધરાવે છે. સુધારા અમલમાં આવતાં સુધી આ પ્રશ્નના ઉકેલ માટે રાહ જોઈ શકાય નહીં. એનો ઉકેલ તો અત્યારે જ લાવવો જોઈશે, નહીં તો એ કદી લાવી શકાશે નહીં. એટલે એવી આશા રાખવામાં આવે છે કે હિંદુસ્તાનભરમાં જેવું આંદોલન ૧૯૧૩માં સદ્‌ગત શ્રી ગોખલેએ ઊભું કર્યું હતું અને જેની પૂર્ણાહુતિ ૧૯૧૪ના સમાધાન [સ્મટ્સ-ગાંધી સમાધાન]થી થઈ હતી, એવું જ આંદોલન ફરીથી ઊભું કરવામાં આવશે.

તો હવે આપણે જોઈએ કે આ સ્મટ્સ-ગાંધી સમાધાન શું છે. વિચિત્ર તો લાગશે, પણ સાચી હકીકત એ છે કે ટ્રાન્સવાલના હિંદીઓના દરજ્જામાં જ્યારે પણ સુધારો કરવામાં આવ્યો છે, ત્યારે પાછળથી એમના વિરોધીઓએ એ સુધારાનો ઉપયોગ હિંદીઓના બીજા હક્કો છીનવી લેવામાં કર્યો છે અને ઘણી વાર તેઓ તેમાં સફળ પણ થયા છે. એટલે હિંદી વસાહતીઓને પોતાની સ્વતંત્રતા પર તરાપ પડતી અટકાવવા સતત લડત આપતા રહેવું પડયું છે. આને લીધે એમની પ્રગતિ ઊલટી દિશામાં રહી છે. આ સમાધાન ૩૦મી જૂન ૧૯૧૪ના બે પત્રોમાં આલેખાયું છે. એમાંનો એક પત્ર જનરલ સ્મટ્સે મને લખ્યો છે અને બીજો એના ઉત્તર રૂપે મેં લખ્યો છે. આ ઉપરાંત એક બીજો પત્ર પણ છે. એ પત્ર મેં તે સમયના ગૃહમંત્રી મિ. ગૉર્જિસને ઉદ્દેશીને લખ્યો છે. તેમાં "સ્થાપિત હક્કો" એ શબ્દોનો મેં કરેલો અર્થ આપ્યો છે. કોઈ પણ માણસ જોઈને ખાતરી કરી શકે છે કે ૩૦મી જૂનનો મારો પત્ર મેં હિંદી કોમના પ્રતિનિધિ તરીકે લખ્યો છે અને ૭મી જુલાઈવાળો પત્ર અંગત રીતે લખ્યો છે. મારા આ બીજા પત્રમાં મેં સુવર્ણ ધારો અને નગરસુધારણા ધારો, એ બે ધારાઓના સંદર્ભમાં "સ્થાપિત હક્કો" શબ્દોનો અર્થ મારી સમજ પ્રમાણે શો થાય છે તે બતાવ્યું છે. આ પત્રવ્યવહાર[1] અન્યત્ર છાપવામાં આવ્યો છે અને જિજ્ઞાસુ વાચકો એ પોતાની જાતે જોઈ શકે છે. એ સમજવામાં એમને કશી મુશ્કેલી જણાશે નહીં. પ્રતિનિધિ તરીકે લખેલા પત્રમાં મેં "સ્થાપિત હક્કો"ની વ્યાખ્યા દાખલ કરવા દબાણ કર્યું નહોતું, કારણ કે મને લાગેલું કે સમાધાનના કરારમાં "સ્થાપિત હક્કો"ની કોઈ વ્યાખ્યા સામેલ કરવામાં આવશે તો તેથી મારા દેશબંધુઓના કોઈ પણ ભાવિ કાર્યમાં હરકત આવશે. આમ મારા પત્રનો ઉપયોગ આપણા હક્કો ઓછા કરવા માટે કરી શકાય નહીં. પરંતુ મેં આપેલી વ્યાખ્યાથી હકીકતમાં મોજૂદ હક્કોમાં કશો ઘટાડો થતો નથી. સને ૧૯૧૪માં અને તે પહેલાં પણ મારા ૭મી જુલાઈ ૧૯૧૪ના પત્રમાં ઉલ્લેખાયેલા બંને કાયદાઓનો એવો અર્થ ઘટાવવા પ્રયત્ન થઈ રહ્યો હતો કે તેથી સુવર્ણ વિસ્તારમાં રહેનારા હિંદીઓના હક્કો પર માઠી અસર થાય. તે વખતે મેં આગ્રહપૂર્વક કહેલું કે સમાધાનની શરતોમાં એ બાબત આવી જાય છે કે આ બે કાયદા પસાર થયા ત્યારે એ બે કાયદાઓનો અર્થ કાયદાશાસ્ત્રીઓ અમારા દેશબંધુઓની વિરુદ્ધમાં ઘટાવે તોપણ હિંદીઓના હક્કો છીનવી શકાશે નહીં. મારા કથનના સમર્થનમાં મેં મિ. જૉપ ડી વિલિયર્સે પોતે સામ્રાજ્ય સરકારને માટે તૈયાર કરેલું નિવેદન ટાંકી બતાવ્યું હતું. એટલે જો મારા એ પત્રને સમાધાનનો એક ભાગ ગણવામાં આવે, તોપણ તેનો એકમાત્ર ઉપયોગ બીજી રીતે નહીં પણ હિંદીઓની સ્વતંત્રતાને કાયદો કરીને છીનવી લેવાનું અટકાવવામાં જ થઈ શકે. ધારાસભાની સમિતિ પણ કોઈ કાનૂની પ્રતિબંધ ઊભો કરવા માટે એ પત્રનો ઉપયોગ

૧. જુઓ પુસ્તક ૧૨.

Gandhi Heritage Portal

કરી શકે નહીં, જ્યારે અત્યારે તો એ પ્રમાણે જ થઈ રહ્યું છે. મિ. ડંકને આ પત્રનો જે અર્થ સ્વતંત્ર રીતે ઘટાવ્યો છે તે આપવાથી પુનરાવર્તન જ થશે.

સ્મટ્સ-ગાંધી સમાધાનનો એમણે એવો અર્થ નહોતો ઘટાવ્યો કે તેથી સમાધાનની તારીખ પછી કોઈ પણ હિંદીને એક પણ નવો વેપારી પરવાનો આપી ન શકાય. આ સમાધાન રક્ષણાત્મક પ્રકારનું હતું. એમાં એવું વચન આપવામાં આવ્યું હતું કે કાયદાનો અમલ કરતી વખતે સ્થાપિત હિતો પ્રત્યે પૂરતું ધ્યાન આપવામાં આવશે, અને હિંદી કોમની વિરુદ્ધમાં સુવર્ણ ધારો વાપરવામાં આવશે નહીં.

મારા પત્રનો અથવા આખા સમાધાનનો ગમે તે અર્થ ઘટાવવામાં આવે. હિંદુસ્તાન સમક્ષ, એટલે કે હિંદી સરકાર અને હિંદી લોકો સમક્ષ એક જ સવાલ છે કે, "દક્ષિણ આફ્રિકામાં વસેલા બીજા લોકોના જેટલી જ વફાદારીથી સામ્રાજ્યની સેવા બજાવનાર ટ્રાન્સવાલના હિંદીઓને શું ત્યાં રહેવાના, છૂટથી વેપાર કરવાના અને સ્થાવર મિલકતો ધરાવવાના જે હક્કો તેઓ આજ સુધી ભોગવતા આવ્યા છે, તે હક્કોથી પણ વંચિત થવા દેવા છે?" હિંદુસ્તાનની સરકાર અને હિંદુસ્તાનની જનતા આનો કેવળ એક જ રીતે ઉત્તર આપી શકે. હું આશા રાખું છું કે આ અઠવાડિયું પૂરું થતાં પહેલાં જ હિંદુસ્તાન અત્યંત મુશ્કેલ સંજોગોનો સામનો કરી રહેલાં પોતાનાં સંતાનોને આશાનો સંદેશો મોકલશે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, ५–७–१९१९

## ૩૯૨. એફ. સી. ગ્રિફિથને પત્ર

લેબર્નમ રોડ,
[મુંબઈ,]
જુલાઈ ૫, ૧૯૧૯

વહાલા મિ. ગ્રિફિથ,

આપનો પત્ર હમણાં જ મળ્યો. તે બદલ આભાર. મિ. ક્રિરરના સંદેશાવાળો આપનો પત્ર ગઈ કાલે મળ્યો હતો. તેની પહોંચ હું લખવા બેસતો હતો ત્યાં ઉપરનો પત્ર મળ્યો, એટલે ગઈ કાલના એ પત્રની પહોંચ પણ હવે આની સાથે જ લખી નાખું છું. ગાડી સમય પર આવી પહોંચશે તો મંગળવારે ૧૨ વાગ્યા પછી હું બનતી ઉતાવળે આપને ત્યાં ખુશીથી આવી પહોંચીશ. તે વખતે નામદાર સાહેબને મળવાનો સમય સહેલાઈથી નક્કી કરી શકાશે. દરમ્યાન આપને જણાવી દઉં કે જો એક દિવસ પછી મળવાથી નામદાર સાહેબની સગવડ વધારે સચવાતી હોય તો એટલો વિલંબ થાય તેનો મને વાંધો નથી.

ખાન સાહેબને આપે આટલા જલદી મારી પાસે મોકલ્યા તે બદલ આભાર. એમણે મને ઘણી આશા આપી છે અને એ આશા ફળીભૂત થાય, અને જો આપને વાંધો ન હોય અને એ

Gandhi Heritage Portal

ગરીબડી છોકરી ફ્રતિમાને આપ છોડી દો, અને એ સુખદ બનાવ ખાસ કરીને મને હિંદ સંરક્ષણ ધારા નીચે એક યા બીજી જગાએ જેલમાં પૂરી દેવામાં આવ્યો હોય ત્યારે બને તો ઘણું સારું.

આપનો સહૃદયી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૬૭૨૫

## ૩૯૩. એચ. એસ. એલ. પોલાકને પત્ર

જુલાઈ ૫ [૧૯૧૯]

પ્રિય ભાઈ હેનરી,

તમારો ખાનગી પત્ર મળ્યો. મારે કબૂલ કરવું પડશે કે મને એ ગમતો નથી. આપણે સારી રીતે જાણીએ છીએ કે વહીવટી કાર્યવાહી વડે તમામ વેપારી પરવાના છીનવાઈ જવાના છે, એટલે કેવળ ઔપચારિક કાનૂની સમાનતા આપણે સ્વીકારી નહીં શકીએ. વેપાર અને સ્થાવર મિલકતના પ્રશ્ન બાબતમાં આપણે અણનમ અને કડક વલણ અપનાવવું જોઈએ. વર્તમાન કાયદો અને વર્તમાન વ્યવહાર કંઈ નહીં તો જેટલે અંશે આપણા લાભમાં હોય તેટલે અંશે, જાળવી રાખવાં જોઈએ. અને જ્યાં વર્તમાન કાયદાથી વર્તમાન વ્યવહારમાં દખલ પહોંચતી હોય ત્યાં, દાખલા તરીકે દાદા [ઉસ્માન]ના કિસ્સામાં થયું છે તે રીતે, કાયદામાં વ્યવહારને અનુકૂળ ફેરફાર કરવો જોઈએ. અહીં હું એ દિશામાં તજવીજ કરી રહ્યો છું.

અહીં શું ચાલી રહ્યું છે તે યંગ ઇન્ડિયામાંથી તમને સમજાશે. ટાઇમ્સ ઑફ ઇન્ડિયાવાળા મિ. શેપર્ડે આ બાબતમાં સંતોષકારક વલણ બતાવ્યું છે.

સવિનયભંગ બાબતમાં હું તમારા તરફથી કેટલાક સમાચારની તેમ જ વાઈસરૉયને મેં લખેલા પત્રના જવાબની પણ રાહ જોઉં છું. મણિલાલ વ્યાસને બ્રિટિશ હિંદમાંથી હદપાર કરવાનો જે હુકમ નીકળ્યો છે તે સંબંધમાં યંગ ઇન્ડિયામાં આવેલી એમની અરજી તમે જોઈ હશે. ગયા ફેબ્રુઆરી માસની અધવચ દક્ષિણ આફ્રિકાના પ્રશ્નનો વિચાર કરવા મેં શ્રી જહાંગીર પિટીટને એક પત્ર લખ્યો હતો. તેને પરિણામે આજે તેઓએ સામ્રાજ્ય નાગરિકતા સંઘ (ઇમ્પીરિયલ સિટિઝનશિપ ઍસોસિયેશન)ની સમિતિની એક સભા બોલાવી છે એ વિષે તમારું શું માનવું છે?

આ સાથેના કાગળો કૃપા કરીને, જે તે સરનામે પહોંચાડી દેશો.

[મૂળ અંગ્રેજી]

છબી પરથી: એસ. એન. ૬૪૮૪ બી.

Gandhi Heritage Portal

## ૩૯૪. સત્યાગ્રહીઓનું કર્તવ્ય

નડિયાદ,

જુલાઈ ૬, ૧૯૧૯

ગયા રવિવારે નડિયાદની એક સભા સમક્ષ શ્રી ગાંધીએ જે ભાષણ આપ્યું હતું તેનું તેમણે ઉપરનું મથાળું આપ્યું હતું. નડિયાદ મ્યુનિસિપાલિટીના પ્રમુખ શ્રી ગોકળદાસ ડી. તલાટી પ્રમુખ-સ્થાને હતા. લગભગ બેથી ત્રણ હજાર જેટલા લોકો હાજર રહ્યા હતા. શ્રી ગાંધીએ પોતે તૈયાર કરેલો ભાષણનો સાર નીચે મુજબ છે:[1]

નડિયાદના લોકો ઉપર ખાસ અને ખેડાની પ્રજા ઉપર સામાન્ય રીતે મારો વિશેષ હક છે. હું લાંબો વખત તમારી વચ્ચે રહેલો છું અને તમે મારા ઉપર ખૂબ પ્રેમ વરસાવેલો છે. સત્યાગ્રહનો વિશાળ પ્રયોગ મેં ખેડામાં શરૂ કર્યો. કાયદા મુજબ વર્તનારા લોકો માટે જમીન મહેસૂલ ભરવાનો ઈનકાર કરવો એ નાનીસૂની વાત નથી. પણ તમને તેમ કરવાની સલાહ આપવાની બહુ ગંભીર જવાબદારી મેં તે વખતે ઉઠાવેલી. એ પ્રયોગનો જે રીતે અમલ થયો તે જોતાં મને તેમાં જરાયે દિલગીર થવાનું કારણ મળ્યું નથી. લાગતાવળગતા અમલદારોએ પણ કબૂલ કર્યું છે કે લોકોએ પોતાનાં દુઃખોનો વિરોધ બહુ શાંત, વ્યવસ્થિત અને ગૌરવભરેલી રીતે કર્યો. સવિનયભંગના આ નમૂનેદાર અને સફળ પ્રયોગથી ગયા એપ્રિલમાં ખોટી ગણતરી કરવામાં હું દોરવાઈ ગયો. તે વખતે મારી એ ભૂલ મને વિંધ્યાચળ જેવડી મોટી લાગી હતી, તો અત્યારે લાંબા અનુભવ પછી મને એ ભૂલ હિમાલય જેવડી મોટી લાગે છે. વળી ખેડાના લોકો ઉપરનો મારો હક કેવળ જમીન મહેસૂલની લડતને કારણે જ નથી. અહીં મેં સૈન્યભરતીનું કામ પણ કર્યું છે.

આગળ ચાલતાં શ્રી ગાંધીએ કહ્યું:

લડતની પહેલી વાત તો લોકોને મનગમતી હતી. લાંબા સમય સુધી હથિયારોની તાલીમ નહીં મળવાને લીધે અને સાચા પ્રેમને અભાવે લશ્કરી ભરતી આકર્ષણ વિનાની અને અણગમતી થઈ પડી હતી. છતાં, હું જાણું છું કે ઉદારતાથી તમે તેમાં સાથ આપવા માંડ્યો હતો. મને ખાતરી છે કે લડત વધારે લંબાઈ હોત તો ખેડાએ મધ્યમ વર્ગના લોકો તરફથી આશરે ૧૦૦૦ રંગરૂટોનો ફાળો આપ્યો હોત. તેથી હું ઈચ્છતો હતો, અને હજી ઈચ્છું છું કે રાષ્ટ્રીય પુનરુત્થાનના કાર્યમાં ખેડા ઓછો ભાગ નહીં ભજવશે અને મને બીજી પણ આશા છે કે માતૃભૂમિ પ્રત્યેની મારી સેવા તમારી મારફતે, અથવા વધારે સાચી રીતે કહીએ તો ગુજરાત મારફતે અર્પણ થશે.[2]

આપણે મોકૂફ રાખેલો સવિનયભંગ થોડા વખતમાં ફરી શરૂ કરવો પડશે એમ દેખાય છે. તેથી સત્યાગ્રહીની ફરજો વિષે હું તમને કહેવા ઈચ્છું છું. જ્યાં સુધી સત્યાગ્રહનો ખરો અર્થ આપણે બરાબર ન સમજી લઈએ ત્યાં સુધી સત્યાગ્રહીની ફરજો બરાબર સમજવી શકય નથી. મેં સત્યાગ્રહની વ્યાખ્યા તો આપી દીધી છે. પણ કેવળ વ્યાખ્યાથી ખરો અર્થ સમજાય નહીં.

૧. આ પૅરેગ્રાફ ૯–૭–૧૯૧૯ના યંગ ઇન્ડિયામાંથી અનુવાદ કરી લીધો છે.

૨. આ પૅરેગ્રાફ ૯–૭–૧૯૧૯ના યંગ ઇન્ડિયામાંથી અનુવાદ કરી લીધો છે.

Gandhi Heritage Portal

કમનસીબે લોકોની કલ્પનામાં સત્યાગ્રહનો અર્થ એ છે કે તેમાં માત્ર કાયદાનો ભંગ કરવાનો હોય છે. પણ એ ભંગ કેટલીક વાર સવિનય હોય અને કેટલીક વાર અવિનયી પણ થઈ જાય. હવે તમારે સૌએ જાણી લેવું જોઈએ કે કાયદાનો અવિનયી ભંગ એ તો સત્યાગ્રહથી સો ગાઉ દૂર છે. કાયદાનો સવિનયભંગ એ સત્યાગ્રહનું બહુ અગત્યનું અંગ છે, પણ હમેશાં તે સત્યાગ્રહનું મુખ્ય અંગ હોતું નથી. દાખલા તરીકે રૉલેટ કાયદાના પ્રશ્ન ઉપર આજે આપણે કાયદાના સવિનયભંગને પાછળ નાખી દીધો છે. રાજદ્વારી ક્ષેત્રમાં વિશાળ પાયા ઉપર સત્યાગ્રહનો આ દેશમાં પહેલી જ વાર અમલ થતો હોવાથી તે હજી પ્રયોગદશામાં છે. તેમાં હું નવી નવી શોધો કર્યે જાઉં છું. પૂરી તૈયારી કર્યા વગર લોકો આગળ કાયદાનો સવિનયભંગ મૂકવાની મેં ભૂલ કરી તે મને હિમાલય જેવડી મોટી લાગે છે. કારણ મેં બીજી શોધ એ પણ કરી છે કે તે જ માણસ કાયદાનો સવિનયભંગ કરવાની શક્તિ ધરાવે છે અને હક્ક ભોગવે છે, જે પોતે જે રાજ્યમાં રહેતો હોય તે રાજ્યના કાયદાઓનું સ્વેચ્છાપૂર્વક અને જ્ઞાનપૂર્વક પાલન કરવાનું બરાબર જાણતો હોય. માણસે આવા કાયદાનું હજાર વાર સ્વેચ્છાપૂર્વક પાલન કર્યું હોય ત્યારે તેની આગળ અમુક કાયદાનો સવિનયભંગ કરવાનો પ્રસંગ ખરી રીતે એકાદ વાર આવે છે. વળી કાયદાના સ્વેચ્છાપૂર્વક પાલનના અર્થ એ પણ જરૂરનું નથી કે જે કાયદાનું આપણે પાલન કરીએ તે કાયદા સારા જ હોવા જોઈએ. ઘણાયે એવા અન્યાયી કાયદા હોય છે જેનું સારો નાગરિક જ્યાં સુધી પોતાનું સ્વમાન ન હણાય અથવા પોતાની નીતિની ભાવનાને ધક્કો ન પહોંચે ત્યાં સુધી પાલન કરે છે. હું મારા ભૂતકાળ ઉપર નજર નાખું છું ત્યારે મને એક પણ પ્રસંગ એવો યાદ આવતો નથી જ્યારે મેં સમાજના અથવા રાજ્યના કાયદાનું પાલન સજા થવાના ભયને લીધે કર્યું હોય. મેં સમાજના તેમ જ રાજ્યના ખરાબ કાયદાનું પણ પાલન કર્યું છે, એવી માન્યતાથી કે તેમ કરવું એ મારે માટે તેમ જ જે સમાજ અથવા રાજ્યમાં હું રહેતો હોઉં તેને માટે સારું છે. નિયમ તરીકે અને શિસ્તપૂર્વક મેં આમ કરેલું હોવાથી, ૧૮૮૮માં જ્યારે હું ઇંગ્લંડ ગયો ત્યારે સમાજના કાયદાનો ભંગ કરવાનો, અને દક્ષિણ આફ્રિકામાં ટ્રાન્સવાલ સરકારે એશિયાટિક રજિસ્ટ્રેશન ઍક્ટ પસાર કર્યો ત્યારે રાજ્યના કાયદાનો ભંગ કરવાનો ધર્મ મને પ્રાપ્ત થયો. તેથી હું એવા નિર્ણય ઉપર આવ્યો છું કે આપણે સવિનય કાયદાભંગ શરૂ કરવો પડે તો તે માટે વધારેમાં વધારે લાયકાતવાળા માણસ તરીકે પ્રથમ હું જ સવિનય કાયદાભંગ કરીશ. તે વખતે સાથી સત્યાગ્રહીઓની ફરજ એ હશે કે સવિનય કાયદાભંગનું, પ્રથમ તત્ત્વ જે મેં ઉપર જણાવ્યું તે તેમણે બરાબર પચાવવું. મેં જે સૂચનાઓ લખી કાઢી છે તેમાં જણાવ્યું છે કે મને સરકાર પકડે ત્યાર પછી ઓછામાં ઓછા એક મહિના સુધી તો બીજા કોઈએ કાયદાનો સવિનયભંગ કરવો નહીં. અને ત્યારે પણ જરૂર પડે તો એકબે પસંદ કરેલા સત્યાગ્રહીઓએ જ ઉપર જણાવ્યું છે એ રીતે કાયદાનો સવિનયભંગ કરવો. બીજી એક શરત પણ યાદ રાખવાની છે કે મારી ધરપકડ પછી કહેવાતા સત્યાગ્રહીઓ અથવા તેમની સાથે કામ કરતા બીજાઓ તરફથી જરા પણ હિંસાનું કૃત્ય થવું જોઈએ નહીં. બાકી રહેલા સત્યાગ્રહીઓની ફરજ તો એ હશે કે તેમણે પૂર્ણ શાંતિ જાળવવી અને બીજાઓ પાસે શાંતિ જળવાવવી. સત્યાગ્રહીઓએ એ જોવાનું હશે કે મને પકડવામાં આવે ત્યારે હડતાળ ન પડે, જાહેર સભાઓ ન થાય અથવા તો જેથી લોકોમાં ઉશ્કેરણી ફેલાય એવા કોઈ પણ દેખાવો ન થાય. મારી ખાતરી છે કે મને પકડ્યા પછી પૂર્ણ શાંતિ જળવાય તો એ એક જ કૃત્યથી રૉલેટ કાયદા રદ થવાના છે. પણ એ પણ સંભવિત છે કે સરકાર હઠ પકડીને બેસે અને કશું

Gandhi Heritage Portal

કરે નહીં. એમ થાય તો મેં જે શરતો જણાવી છે તે શરતોએ બીજા સત્યાગ્રહીઓ કાયદાનો સવિનયભંગ કરી શકે છે અને દરેકેદરેક સત્યાગ્રહી જેલમાં જાય ત્યાં સુધી ચાલુ રાખી શકે છે.

વચગાળાના સમયમાં મેં બહાર પાડેલી સૂચનાઓમાં રચનાત્મક કાર્યનું ચિત્ર રજૂ કર્યું છે. સ્વદેશી ચળવળને મેં એ યાદીમાં ગણાવી છે. એ સ્વદેશી બૉયકોટની સહેજ પણ ગંધ વિનાનું, ધર્મ અને સત્યની ભાવનાવાળું સ્વદેશી હોવું જોઈએ. આવું સ્વદેશી વાઈસરૉયથી માંડીને એક નમ્ર ખેડૂત સુધીનાને એમાં ભાગ લેવાના અધિકારી બનાવે છે. ઓછામાં ઓછો અંદાજ કાઢીએ તો ભારતની ૮૦ ટકા વસ્તી ખેતીપ્રધાન છે. એનો આંકડો કુલે ૨૪ કરોડ ઉપર થાય. એ જાણીતી વાત છે કે અર્ધા વર્ષ દરમ્યાન આ વસ્તી મોટે ભાગે નિરુદ્યમી રહે છે; અથવા તો તેમની પાસે કોઈ ઉપયોગી કામ માટે ઘણા કલાક ફાજલ રહે છે. જો આ લોકોને સહેલું, સંગીન અને લાભદાયક કામ સોંપવામાં આવે તો તેથી વધુ મોટા એવા આર્થિક પ્રશ્નોમાંનો એક પ્રશ્ન ઊકલી જાય. મારા નમ્ર મત મુજબ એવો ધંધો કાંતણનો છે. દરેક જણ તે સહેલાઈથી શીખી શકે છે. રાષ્ટ્રના નકામા કલાકોને કામમાં લેવાનો એ જ એક યોગ્ય રસ્તો છે એવું મારું માનવું છે. મુખ્યત્વે કરીને સ્વદેશી એ પેદા કરવાની અને બનાવવાની જ બાબત છે. આપણે જેટલો વધારે માલ બનાવીએ તેટલા પ્રમાણમાં દેશમાં સ્વદેશીનું પ્રમાણ વધે છે. પેદાશ અને ઉત્પાદનને વેગ મળે એટલા ખાતર જ વ્રતો યોજવામાં આવ્યાં છે. રાષ્ટ્રને સંપૂર્ણ રીતે વફાદાર અને રાષ્ટ્ર માટે સંપૂર્ણ પ્રેમ ધરાવનારા સ્વયંસેવકોની આ કામ માટે મોટી સંખ્યામાં જરૂર છે. આ કામ ભારતનાં પ્રત્યેક નરનારી ખરા દિલથી કરે એ જોવા હું ઇચ્છું છું. મને ખાતરી છે કે ઘણા ટૂંકા સમયમાં આપણે સુંદર ડિઝાઇનવાળું ઉત્તમ કાપડ વણવાની ભુલાઈ ગયેલી કળાને એની અસલ શક્તિશાળી અવસ્થાએ ફરીથી પહોંચાડી શકીશું.[1]

હવે એક વસ્તુ મારે તમને કહેવાની રહે છે. ગયા એપ્રિલ માસમાં અમદાવાદ અને વીરમગામમાં ગાંડા બનેલા લોકોએ જે અત્યાચારો કર્યા તે દુઃખદાયક છે. પણ ખેડાના લોકોનાં કૃત્યો તો વધારે દુઃખદાયક છે. તેનાં પરિણામો કેવાં આવ્યાં હોત તેનો વિચાર કરો તો મારી વાત તમને સમજાશે. અહીં તારનાં દોરડાં કાપી નાખવામાં આવ્યાં અને રેલના પાટા ઉખેડી નાખવામાં આવ્યા તેની વાત હું કરું છું. અમદાવાદના ટોળાએ જે તોફાન કર્યાં તેમાં ગાંડો ઉશ્કેરાટ હતો, પણ ખેડાનાં કૃત્યો પાછળ તો ચોક્કસ ઈરાદો હતો. એ પણ ક્રોધમાં જ થયાં હતાં. પણ ક્રોધમાંયે અવિચારીપણું હોય છે તેમ વિચારીપણું પણ હોય છે. ખેડાના ગુનાથી અમદાવાદ કરતાં હકીકતમાં ઓછી હોનારત થઈ છે. પણ સત્યાગ્રહીની દૃષ્ટિએ ખેડાનાં કૃત્ય વધારે અક્ષમ્ય છે. હું જાણું છું તે પ્રમાણે એપ્રિલનાં કૃત્યો માટે જેઓ જવાબદાર છે તેઓ બહાદુરીપૂર્વક પોતાના ગુના કબૂલ કરવા બહાર પડ્યા નથી. જમીન મહેસૂલની લડત વખતે જે ખેડા આટલી ખાનદાનીથી વર્ત્યું હતું, તે જ ખેડા એપ્રિલમાં પોતાની ખાનદાની ભૂલી ગયું એ કરુણાજનક છે. વધારે કરુણ તો એ છે કે ગુના કરનારાઓ અત્યારે સંતાવાના પ્રયત્નો કરી રહ્યા છે. સત્યાગ્રહીની તો ચોખ્ખી ફરજ છે કે પોતે કોઈ પણ રીતે ગુના માટે જવાબદાર હોય તો તેણે પોતાના ગુનાની ખુલ્લી કબૂલાત કરી દેવી તથા કોણે ગુનો કર્યો છે તેની જો તેને ખબર હોય તો તેને પણ પોતાનો ગુનો કબૂલ કરવા માટે સમજાવવો. રેલવેના પાટા ઉખેડી નાખવા અને જે સિપાઈઓ શાંતિ અને વ્યવસ્થા સ્થાપવા માટે જતા હતા તેમની જિંદગીને જોખમમાં નાખવી

૧. આ પૅરેગ્રાફ ૯–૭–૧૯૧૯ના યંગ ઇન્ડિયામાંથી અનુવાદ કરી લીધો છે.

Gandhi Heritage Portal

એ હિચકારું કૃત્ય છે. બહાદુરીપૂર્વક પોતાનો ગુનો કબૂલ કરવાને બદલે છુપાઈ રહેવું એ એના કરતાંય વધારે હિચકારું છે. છુપાવેલું પાપ એ આખા શરીરને કોરી ખાનાર ઝેર જેવું છે. એ ઝેર જેટલું વહેલું કાઢી નાખવામાં આવે તેટલું સમાજને માટે સારું છે. અમુક દૂધમાં સોમલ મેળવ્યું હોય પછી તેમાં બીજું ચોખ્ખું દૂધ ઉમેરો તેથી એ દૂધ પણ બગડ્યા વિના રહેતું નથી; તેમ સમાજમાં આપણે ભલાં કૃત્યો કરીએ તેથી છુપાવેલા પાપની અસર મટાડી શકાતી નથી. હું આશા રાખું છું કે જે માણસોના ગાંડા ક્રોધે તેમની પાસે અક્ષમ્ય ગુનાઓ કરાવ્યા તેમને શોધી કાઢવાને તમે પૂરો પ્રયત્ન કરશો અને પોતાના ગુનાની કબૂલત કરવાની તેમને અપીલ કરશો જેથી આ જિલ્લાનું સામાજિક, નૈતિક અને રાજદ્વારી વાતાવરણ શુદ્ધ થાય.

(મેં ભાષણ ઘણું ટૂંકાવી નાખ્યું છે પણ મારો અર્થ સંપૂર્ણ રીતે અને વિસ્તારથી સમજાવવા માટે મેં એકબે વાક્યો ઉમેર્યાં છે.

મો. ક. ગાંધી)[1]

[મૂળ ગુજરાતી]

મહાદેવભાઈની ડાયરી, પુસ્તક પાંચમું

## ૩૯૫. નડિયાદમાં સ્ત્રીઓની સભામાં સ્વદેશી વિષે ભાષણ

જુલાઈ ૬, ૧૯૧૯

બહેનો,

આજે નડિયાદની આટલી બધી બહેનો હાજર છે એથી હું રાજી છું. તમે બધી બહેનો આવેલી છો તેનો આભારી છું. હું મોટેથી બોલાશે એટલું બોલીશ. છતાં શાંતિ ન રાખો તો મારાથી બોલી ના શકાય. હું ભાષણ કરવા નહીં પણ સમજાવવા આવ્યો છું. મારે કહેવાની વાત ખાસ આપણા ધર્મની છે. તેનું અંગ પૈસાનું છે અને રાજ્યદ્વારી અંગ પણ છે. પણ અત્યારે ધર્મની દૃષ્ટિ, એટલે કે તે બાબતમાં ધર્મનું પાલન થાય તે હિસાબે સ્વદેશીની વાત તમારી સમક્ષ મૂકવાનો છું. હું ભાષણ કરી જાઉં અને તમે ના સમજો એ નકામું. તમે ના સાંભળો ત્યાં સુધી ન સમજાય એ પણ સ્પષ્ટ છે.

### સંયમ અને ધર્માચારની બાબતમાં ફરજ પડાય નહીં

હિંદમાં એક વેળા એવો વખત હતો કે આપણે માનીએ છીએ તેમ, આપણે હિંદુઓના ઘરનું એટલું જ નહીં પણ જે નાતના ના હોય તેનું પાણી ના પીઈએ. હરદ્વારના મેળામાં બ્રાહ્મણો અને મુસલમાનો પાણી લાવતા. તેમાં મુસલમાનો બ્રાહ્મણિયા પાણી લેતા પણ મુસલમાની પાણીને હિંદુઓ ના અડકતા. તે દિને સખત તાપ સહન કરતા તેમાં પણ એમ માનવું અને તેમ વર્તવું એમાં ધર્મ માનતા. માટે મુસલમાનના હાથનું પાણી ના પીવું.

જે ઠેકાણે રામચંદ્રજીનો જન્મ થયેલો અને જ્યાં સીતાજી રમેલાં એ બિહારના પ્રદેશમાં અને તે આસપાસના મુલકમાં હું રહી આવ્યો છું. ત્યાં એવા ઘણા છે કે જેઓ રેલવેમાં ખાય નહીં અને અપવાસ પાળે. ટ્રેનમાં પણ ખાય નહીં એવી ધર્મલાગણી કીમતી છે. એમાં સંયમ

૧. આ પૅરેગ્રાફ ૯-૭-૧૯૧૯ના યંગ ઇન્ડિયામાંથી અનુવાદ કરી લીધો છે.

Gandhi Heritage Portal

છે. સંયમ એટલે અમુક વસ્તુનો જાણીબૂજીને ત્યાગ કરવો એ. એમાં કોઈ કોઈને કશી ફરજ પાડતું નથી.

એથી આત્મબળ બંધાય છે. ઊંચે ચડાય છે. ખાવા ના ખાવામાં, પીવા ના પીવામાં સંયમ છે. કોઈનો તિરસ્કાર કરી નાખીએ તો પાપમાં પડીએ. ખાવાની વસ્તુ મળે કે ના મળે એ ઈરાદાથી નહીં પણ અમુકના હાથનું રાંધેલું ન ખવાય એવી માન્યતાથી તેનું ના ખાઈએ તો એમાં અધર્મ છે એમ હું માનું છું.

### હાથનાં બનાવેલાં કપડાં પહેરવાનો પરાપૂર્વનો રિવાજ

હિંદમાં એક સમય એવો હતો કે જ્યારે સ્ત્રીપુરુષો હાથનાં બનાવેલાં કપડાં પહેરતાં. શાસ્ત્રીઓએ મારા ઉપર મોકલાવેલા શાસ્ત્રના ફકરા ઉપરથી હું જોઉં છું કે પરણવામાં આપવામાં આવતાં કપડાં વખતે પતિ આ પ્રમાણે કંઈક બોલતો: "કુળદેવીઓએ આ વસ્ત્ર કાંતેલાં છે તે તને આપું છું. તે તું અને હું પહેરીને સુખી થઈએ." શાસ્ત્રમાં આવા શ્લોકો છે પણ તેની અત્યારે જરૂર નથી.

પંજાબમાં આપણી બહેનો છે. જે બહેનો એમ માને કે નડિયાદ અને ગુજરાત એ કાંઈ સમગ્ર દેશ નથી, પરંતુ હિંદ દેશ છે. એમ મારે તો પંજાબ પણ સ્વદેશ છે એમ માને તેને તો પંજાબ પણ સ્વદેશ છે. ત્યાં હાથે કંતાય છે, વણાય છે અને એવાં વસ્ત્ર પહેરાય છે. અસલ આખા હિંદમાં આમ ચાલતું. સારા મોટા ઘરની પૈસાદાર સ્ત્રીઓ પણ સૂતર કાંતતી. અઢારે વર્ણ સૂતર કાંતતી. દેશીઓએ અને મોટેરાઓએ શોધી કાઢયું કે કરોડોને વસ્ત્ર પહેરાવવાં હોય તો સૂતરનો તાંતણો બનાવતાં શીખવું જોઈએ. ખાધા વિના ચાલે નહીં માટે સ્ત્રીને રાંધતાં આવડવું જોઈએ. પૃથ્વીની સપાટી ઉપર સઘળે આમ છે. વસ્ત્ર વિના ના ચાલે માટે વણતાં સૌને આવડવું જોઈએ. આમ હિંદનો સંસ્કૃતિ-સુધારો બંધાયલો છે. હિંદના મોટેરાઓએ એમ વિચાર ના કર્યો કે બહારનું કાપડ મંગાવી અહીં પહેરશું. આમ કરનારના મુલક પાયમાલ થાય.

આમ ના થાય તો એક મુલકે બીજા મુલક સાથે લડવું જોઈએ. અમદાવાદના કાપડ માટે તેની સાથે મૈત્રી રાખવી જોઈએ. એક મુલકે બીજા મુલક સાથે પોતાની જરૂરી ચીજો માટે સંબંધ રાખતાં મિત્ર ભાવે વર્તવું જોઈએ, નહીં તો લડાઈ કરવી પડે. પૃથ્વીમાં લડાઈનું કારણ વેપાર છે. આપણા વડવાઓએ આ જોઈને દૂરંદેશી વાપરીને હિંદમાં બે વાત જોઈએ એમ નિર્ણય કર્યો. અનાજ અને વસ્ત્ર, આ બે મળી રહેતાં નિર્વાહ સુખેથી થાય. આ બે બાબત હિંદમાં થવી જોઈએ. કપાસ કર્યો, રૂ પાકયું, કાંતણા કાપનારા સાદા સંચા કર્યા—એમાંથી આપણે સાદાં કપડાં પહેરીએ છીએ.

દોઢસો વર્ષ પહેલાંથી એટલે લગભગ ચારપાંચ પેઢીથી આ દેશમાં ઊગેલું રૂ, હાથે કાંતેલું સૂતર, વણકરે વણેલું કાપડ આપણે વાપરતા. જે કાપડ તમે અત્યારે પહેર્યું છે તેના કરતાં પૂર્વનું કાપડ અમોલ હતું. તેમાં આત્મા હતો. અત્યારે તો તમારે મારી અદેખાઈ કરવા જેવું છે. તમને મારા જેવું કાપડ પહેરવાનું મન થવું જોઈએ. આ મારું કાપડ બારીક ખૂબસૂરત છે એમ કહો તો તમે છેતરાયા છો. તમારુ કાપડ મને આપો તો હું બાળી નાખું. મારું ધાર્મિક છે, તમારું અધાર્મિક છે.

### સ્વદેશીમાં અર્થ અને ધર્મની સાધના

દોઢસો વર્ષથી પરદેશી કાપડ પહેરવાથી ધર્મનો, નીતિનો ભંગ થયો અને ઉદ્યોગ જતો રહ્યો. ધર્મ દયામાં છે. તુલસી દયાને ધર્મનું મૂળ કહે છે. હિંદનાં સ્ત્રીપુરુષોને હિંદ પર દયા

Gandhi Heritage Portal

હોય તો કાપડ બહારથી ના લાવે. હું તમારો પાડોશી હોઉં, કાપડ વણતો હોઉં તો તમને એ લેવાનું કહું. તમે મને કદાચ ગાળ દઈને કાઢો અથવા વિનયી હો તો કહો કે અમને તો ચિનાઈ જોઈએ. અમારું ના જોઈએ. આને તમે દયા કે ક્રૂરતા કહેશો? તમે મને વણાટ કરવાની ના કહો પણ મને વણાટ આવડવાથી હું તે જ કરી શકું. એટલે પરિણામ એ આવ્યું કે તમારા પાડોશી વણકરનો નાશ થયો. તમારી બહેનો કાંતવાથી કમાતી તે ગયું. કેમ કમાતી? પ્રથમ આપણે હાથે કાંતતા એ કમાણી. બહારથી કંતાય તો એટલું બહારનાને આપવું પડે. પણ જો હાથે કંતાય તો રૂના ભાવે સૂતર પડે. અને વળી જો જાતે વણાય તો રૂના ભાવે કાપડ પડવા જાય. દોઢસો વર્ષ ઉપર આવો સીધો ન્યાય થતો. સ્વદેશીમાં અર્થ અને ધર્મ છે. દેશમાં પૈસો રહે એ અર્થ અને પાડોશીની શક્તિને ન્યાય આપવા ખાતર તેની પાસે એ કામ કરાવીએ એ ધર્મકાર્ય છે. તમારા પાડોશીને મૂકી બીજા પાસે કામ કરાવો એ ન્યાય નહીં. પાડોશી ધર્મભ્રષ્ટ થાય અને તમે પણ તેવા થાઓ. સ્વદેશીનો ત્યાગ કરવો એ ધર્મનું મૂળ કાઢવા બરાબર છે. તમારો સ્વદેશી ઉદ્યોગ તો કરોડોનો ધંધો છે. ખેડાના ખેડૂતો, પાટીદારો ખેતર રાખી પાક પકવે છે. તેમને બુદ્ધિભ્રષ્ટ થતાં તેઓએ આ ધંધો છોડીને પંજાબમાંથી અનાજ મંગાવ્યું એમ કોઈ કહે તો તમે શું કહેશો? "એનો દી ઊઠી ગયો છે."

ઘર આગળ બાજરો વગેરે પાકે છતાં પંજાબથી તે મંગાવવો એ ક્યાંનો ન્યાય? ધર્મગુરુઓ હોય તો એટલો બધો સખત પ્રહાર કરે કે તે તેમનાથી ના જીરવાય. જેમ ખેડા જિલ્લાથી ખેતી ના મુકાય તેમ સમગ્ર હિંદ પોતાનાં કપડાં પોતે વણવાનું ના છોડી શકે. નગ્ન દશામાં રહીએ તો આમ કરી શકાય. એબ ઢાંકવી છે ત્યાં સુધી પોતાના રૂમાંથી હાથે પેદા કરેલાં લૂગડાં પહેરવાનો ધર્મ છે. જેમ માબાપ કદરૂપા છોકરાનો ત્યાગ કરતાં નથી, ધણી કદરૂપી સ્ત્રીનો ત્યાગ કરતો નથી કારણ કે ઈશ્વરે તેમાં પ્રીતિ મૂકી છે તેમ આપણા ધંધાનું છે. અઘોરી છોકરાનો ત્યાગ કરે તેને આપણે ક્રૂર કહીએ છીએ. પરદેશી વસ્ત્રોથી પ્રજા કંગાળ થાય છે. તમે સારાં કપડાં પહેર્યાં છે, તમે હિંદુસ્તાનમાં ભટકતાં નથી, એટલે તમને ભૂખમરાનું ભાન નથી. એ જ દેખાડે છે કે દેશમાં આજે ઊલટી દશા છે. સારા ગામડામાં સારાં ઘર ખંડેર થાય છે. કૂબાઓમાં મળેલાં [?] લાકડાં નવાં નથી નંખાતાં. ગયે વખતે ખેડાના ભ્રમણમાં મેં જોયું કે કોઠીમાં દાણા નહોતા. એ દુકાળના કાળની નિશાની. જે ફરનારો હોય તે જોઈ શકે. આવી કંગાળિયત દોઢસો વર્ષ ઉપર હોત તો ના ચાલત. કપડાં પાછળ દરેક સ્ત્રીપુરુષ દીઠ રાસબંધ બે રૂપિયા બહાર જાય છે. દોઢસો વર્ષ સુધીમાં ત્રણસો રૂપિયા બહાર જાય. જે સ્ત્રીપુરુષના આટલા બધા રૂપિયા ચાલ્યા જાય તે કેવાં પાયમાલ થઈ જાય?

### સ્વદેશીના ત્યાગ અને પ્રજાત્વનો નાશ

આમ પ્રજા નાશ પામતી થઈ ગઈ. યોગ્ય ધંધો ના મળવાથી સ્ત્રી કે પુરુષ આમ પાયમાલ થવા લાગ્યા. ખેડૂત સ્ત્રી કે પુરુષ ફાગણ આદિ ત્રણ માસમાં એક કુટુંબને પોષાય તેટલું સૂતર કાંતી શકતા. તમે જાતે કાંતો એટલે રૂના ભાવે જ સૂતર પડ્યું. વળી જાતે વણો તા રૂના ભાવે જ લૂગડું પણ પડવા જાય. જે માણસને પૈસા આપો તે આબાદ થાય. તમે આબાદ થાઓ અને પોતે જાતે વણો તો વિઘોટી કરતાં પણ ઘણું કમાઈ જાઓ. આનો અર્થ તો એ જ કે ત્રણ વર્ષની વિઘોટી એક જ વર્ષમાં પેદા કરી શકાય. આવો સીધો ન્યાય બાળકીઓ પણ સમજે એમ છે.

Gandhi Heritage Portal

## સ્વદેશી કપડાંની પ્રતિજ્ઞા લેવાની ફરજ

જો તમારે તમારા છોકરાનું ભાવિ ઘણું સારું ઇચ્છવું હોય તો એવો વારસો મૂકી જાઓ કે તેઓ એમ માનતા થાય કે બહારથી આપણી હાજતો પૂરી પાડવી એ અધર્મ છે. તમારાં છોકરાંને એમ થાય કે અત્રે થયેલાં કપડાં પહેરવાં છે.

અંગ્રેજનાં કપડાં જોઈ તમે તમારાં પસંદ ના કરો. જો ધણી એવાં પસંદ કરી લાવે અને કહે કે જંગલી બનો તો તમારે તેમને કહેવું કે અમારે આવું ધણીપણું ના જોઈએ. તેમ જ તમારી સાડી અહીં જ થવી જોઈએ. આવી પાતળી સાડી કેમ કરીને થાય એવો પ્રશ્ન થશે. પરંતુ એવી જોઈએ તો તેવી પણ થશે. એક બહેન મારી પાસે આવી—પૈસા માગતી હતી. મેં પૂછ્યું ઘાઘરી શાની છે? તેણે કહ્યું મારા ગાદલાની ખોળની છે. એને એટલું વધારે જ્ઞાન હતું.

તમે નડિયાદમાં પેદા થતું કાપડ પહેરો. તેને વધારે વજનવાળું ના સમજો. ભારે હોય તો ભારને સુધરાવો. માંદા છોકરાને દવા આપશો; નાખી નહીં દો. તેમ કામનો અંગીકાર કરવો અને પછી વૈદ્ય રૂપી વણકર પાસે સુધરાવો. આપણા વણકરો વણે તે જ કાપડ તમારે પહેરવું જોઈએ. તમારી પાસેનાં કપડાંનો ત્યાગ ના કરો. તે પહેરી કાઢો. પણ હવેથી નવાં સંગ્રહવા માંડો. તે સ્વદેશી સંગ્રહ હોય. સ્વદેશી કાપડ વાપરો અને તેને ઉત્તેજન આપો. સ્વદેશી સાડીઓ કરાવો. ધણીઓને મનાવો, અન્યોન્યને મદદ કરીને સ્વતંત્ર થાઓ. જો તમે બહેનો આ વસ્તુ બરાબર સમજશો અને અમલ કરશો તો બે વર્ષમાં જ કહેશો કે ગાંધી ખરું કહી ગયો.

પરમદિને ભીમની અગિયારસ છે. આ સમયે આપણે ચાર માસનું વ્રત લઈશું. તમે એ અગિયારસે શું વ્રત લેશો?—હિંદમાં ના થયેલું કાપડ નહીં પહેરીશું. છે તે પહેરી લઈશું, નવું પરદેશી નહીં લઈશું. આવી પ્રતિજ્ઞા સાથે તમારે વ્રત લેવાનું છે. તમે નડિયાદનું પહેરવાની પ્રતિજ્ઞા લો એથી મને સંતોષ નથી. પણ બીજાઓને તેમ સમજાવી નડિયાદી કાપડ પહેરાવો. દરેક જણ આમ સંકલ્પ કરે તો હિંદની આબાદી કેટલી બધી થાય તેનો આંકડો હું મૂકી શકતો નથી. આમ એકબે વર્ષમાં જ થઈ જાય.

તમે દરેક બહેન સૂતર કાંતતાં શીખો. એ કામ સહેલું છે. મેં કાંત્યું છે, એથી એ મને સમજાયું છે. મારી જમણી બાજુ ગંગાબહેન બેઠાં છે અને આ બાજુએ અનસૂયાબહેન છે એમને એનો અનુભવ છે.

બીજી બહેનો કરે છે તેમ તમે કરો. તમારી પાસે બેત્રણ કલાક નકામા જાય છે. પરંતુ નકામા તમો મંદિરે જવામાં તે ગુમાવો છો. મંદિરમાં માળા કરવાની એ ધર્મ છે. પરંતુ અત્યારે આ વસ્ત્રની, લૂગડાંની, બાબત જ ખરી ભક્તિ છે. પરોપકારથી ખેતર ખેડીને પ્રજાને આપવું. ઘરમાં બેસી હિંદનું ભલું ચાહીને સૂતર કાંતવું તે પણ પૈસા માટે નહીં એ જ મોટામાં મોટો ધર્મ છે. આમાંનું થોડું કરનાર થોડો ધર્મ પાળે છે. પૈસો લઈને કાંતનાર પણ ધર્મ પાળે છે. પૈસાદાર સ્ત્રીઓએ દરરોજ બેત્રણ કલાક સૂતર કાંતવું જોઈએ અને અત્રે ભંડારમાં પહોંચતું કરવું જોઈએ. અહીંના ભાઈઓ આ સાહસ કરે તેમાં તે આપવું. એ ઘણાં સસ્તાં થશે. પછી ખેડાને આપવું. નડિયાદમાં ખપે પછી બહાર આપો. ઈશ્વરે જેમ રચ્યા છે, નડિયાદમાં પેદા કર્યા છે તેમ નડિયાદીઓની સેવા કરવી એ હિંદની સેવા છે. નડિયાદનો વિદેશના બીજા ભાગ ઉપર બોજો ના થાય એવું કરવું એ ધર્મ છે.

Gandhi Heritage Portal

### અંતિમ વિનંતી

માટે મારી વિનંતી છે કે પૈસાદાર સ્ત્રીઓએ મફત સૂતર કાંતી આપવું જોઈએ. જે પૈસા લઈને કાંતશે તેને શેરના ત્રણ આના આપવામાં આવશે. જેટલા પૈસા મળે તેટલા ઉપયોગી છે. એથી તમારે જોઈતી ચીજ લઈ શકાય. તમારે દવા વગેરે જોઈએ તે એ વડે લઈ શકાય. કમાઓ તેટલો ફાયદો છે. આ સુંદર રોજગાર છે. મહેનત થોડી છે યંત્ર સહેલું છે. રેંટિયાની કિંમત રૂપિયા બે આઠ આના છે. આથી એ સસ્તે પડે. આટલા પૈસા ન ખરચાય તો અત્રેની યોજનાથી રેંટિયા આપશે. મહિને ચાર આના કપાતાં ખર્ચ વળે અને ન્યાય મળે.

આ સ્વદેશી એ મહા ધર્મ છે. એમાંથી જ હિંદ આબાદ થાય. બીજાં બધાં થોથાં છે. આ જ સ્વરાજ છે. જ્યાં ધર્મ સમાયેલો છે ત્યાં અન્ય બાબતો એની મેળે સમાઈ જાય એમ ગીતાજીનો ઉપદેશ છે. સ્વદેશીના ધાર્મિક આચારમાં આપણો ઉદ્ધાર છે. કરોડાધિપતિ થવું નથી. તેવા તો અન્યાયથી થવાય. ત્રીસે કરોડ પ્રજા કરોડપતિ ન થાય પરંતુ બધા આબાદીમાં રહી શકે ખરા. હું આજે એ માર્ગ માટે આવ્યો છું.

ધ્યાનથી સાંભળવા માટે હું તમારો આભાર માનું છું. સમજો તો ઘૂંટડો ઉતારજો. એવી બહેનો નીકળે એવી મારી ઇચ્છા છે. દિવસમાં ૨૪ કલાકમાંથી રેંટિયા પાછળ તમારે થોડોક સમય ગાળવો જોઈએ. આડોશીપાડોશીને તથા ધણીને રેંટિયા માટે કહો. ગૃહસ્થના ઘરમાં જેમ ઘંટી હોય તેમ રેંટિયો પણ હોવો જોઈએ. આમ થાય તો નડિયાદમાં જોઈતો સામાન પેદા થાય. ભૂખમરો જાય. વખત ગાળવાનો સ્વદેશી એ જ ધર્મ છે. સ્વદેશીનું પાલન કરો અને સ્વદેશી પેદા કરો. સ્વદેશીનું પાલન કરતાં હાલ જોઈએ તેટલું કાપડ નથી. વણીએ તો થઈ શકે. બધાં સ્ત્રીપુરુષો કબૂલ કરે તો ૧૧ દિવસમાં પરદેશી નાબૂદ કરી શકાય. મનથી થાય તો સહેલો રસ્તો છે. બહારથી આવે છે તેથી ૭૫ ટકા પેદા કરવું પડે. બધી સ્ત્રીઓ આ ધર્મનો અંગીકાર કરે તો ૧૫ દિવસમાં ઉદ્ધાર નજીક જ છે એમ સમજવું.

આવો ધર્મ અંગીકાર કરો એવી મારી પ્રાર્થના છે. પ્રભુ પ્રત્યે પણ પ્રાર્થના છે કે બધાને આવી બુદ્ધિ તે આપે અને સત્ય કાર્યમાં પ્રેરે.

[મૂળ ગુજરાતી]

ગુજરાતી, ૨૦–૭–૧૯૧૯

## ૩૯૬. મુંબઈના ગવર્નરના ખાનગી સેક્રેટરીને પત્ર

[જુલાઈ ૮, ૧૯૧૯ અથવા તે પછી]

આપના પત્ર[૧] બદલ આભાર. હું તારીખ ૧૨મી ને શનિવારે બપોર પછી ૩ વાગ્યે નામદાર ગવર્નર સાહેબને મળવા અચૂક આવીશ. નામદાર સાહેબની તબિયત જરા નરમ થઈ હતી એ ખબર મિ. ગ્રિફિથ પાસેથી જાણીને દુ:ખ થયું. આશા છે કે હવે એમની તબિયત બિલકુલ સારી થઈ ગઈ હશે.

[મૂળ અંગ્રેજી]

છબી પરથી: એસ. એન. ૬૭૩૨

૧. ૮મી જુલાઈનો પત્ર. એમાં જણાવવામાં આવ્યું હતું કે ગવર્નર સાહેબ ગાંધીજીને પૂનામાં શનિવારે મળવા ઇચ્છે છે.

Gandhi Heritage Portal

# ૩૯૭. લાલા રાધાકૃષ્ણનો મુકદ્દમો

કટારોમાં બાબુ કાલીનાથ રૉયના મુકદ્દમાની ચર્ચા શરૂ કરવામાં આવી ત્યારે ઘણા પંજાબ ભાઈઓએ મને વિનંતી કરી હતી કે આપ લાલા રાધાકૃષ્ણનો[1] કેસ પણ કેમ હાથમાં લેતા નથી? એમનો કેસ બાબુ કાલીનાથ રૉયના કેસથી વધારે નહીં તો એટલો મજબૂત તો છે જ. એ ભાઈઓને મેં નમ્રતાપૂર્વક કહ્યું કે લાલા રાધાકૃષ્ણના કેસ વિષે મને કશી માહિતી નથી, એટલે જો મને એ અંગેના કાગળો મોકલી આપવામાં આવશે તો હું જરૂર એનો અભ્યાસ કરીશ. હવે મને એ કાગળો મળી ગયા છે. એમાં આરોપનામું, બચાવનામું, ચુકાદો, લાલા રાધાકૃષ્ણની અરજીઓ અને પ્રતાપ પત્રના જે ભાગોમાંથી આરોપનામામાં ઉતારા લેવામાં આવ્યા છે એ ભાગોના અનુવાદ, એટલી સામગ્રીનો સમાવેશ થાય છે. આ બધાં લખાણો આ અંકમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યાં છે. એટલે ચોક્કસ અનુમાન પર આવવા માટે વાચક સમક્ષ સંપૂર્ણ સામગ્રી રજૂ કરવામાં આવી છે.

મારા નમ્ર અભિપ્રાય પ્રમાણે આ કેસનો ચુકાદો ન્યાયની વિડંબના કરવા સમાન છે. કેટલીક બાબતોમાં આ કેસ બાબુ કાલીનાથ રૉયના કેસ કરતાં પણ વધારે ખરાબ છે. ટ્રિબ્યૂનની માફક પ્રતાપમાં કોઈ ભડકાવનારાં મથાળાં આપવામાં આવ્યાં નથી. હિંદી ફોજદારી કાયદાની કોઈ કલમને આધારે નહીં પરંતુ યુદ્ધના પગલા તરીકે બનાવેલા એક કામચલાઉ નિયમને આધારે આરોપીને સજા કરવામાં આવી છે. વાચક પોતે એ નિયમ જોશે એટલે હું શું કહેવા માગું છું તે સમજાઈ જશે. વાચક એ પણ યાદ રાખે કે આ નિયમ ધારાસભાએ બનાવેલો નથી. હિંદ સંરક્ષણ ધારાએ એને આપેલા અધિકારો નીચે સરકારે લાગુ કરેલો એ નિયમ છે. એ આખો નિયમ નીચે આપ્યો છે:

> (૧) જે કોઈ વ્યક્તિ બોલેલા અથવા લખેલા શબ્દો દ્વારા અથવા કોઈ સંકેતો દ્વારા અથવા દૃશ્યચિત્રો કે બીજાં કોઈ સાધનો દ્વારા એવું વક્તવ્ય, અફવા, કે ખબર પ્રસિદ્ધ કરશે કે ફેલાવશે—
>
> (ક) જે જૂઠું હશે અથવા જેને સાચું માનવાનું કોઈ વાજબી કારણ નહીં હોય અને જેનો ઉદ્દેશ લોકોમાં અથવા લોકોના કોઈ વર્ગમાં ભય અથવા ભડક પેદા કરવાનો હશે અથવા જેનાથી આવો ભય કે ભડક પેદા થવાનો સંભવ હશે; અથવા
>
> (ખ) જેનો ઉદ્દેશ નામદાર સમ્રાટની જમીન ઉપરની અથવા સમુદ્ર ઉપરની સેના-ઓની સફળતાને અથવા નામદાર સમ્રાટની સરકારના કોઈ મિત્રરાષ્ટ્રની સેનાઓની સફળતાને જોખમમાં મૂકવાનો હશે અથવા જેનાથી એવું જોખમ ઊભું થાય એવો સંભવ હશે; અથવા
>
> (ગ) જેનો ઉદ્દેશ વિદેશી સત્તાઓ સાથેના નામદાર સમ્રાટના સંબંધોને બગાડ-વાનો હશે અથવા જેનાથી એ સંબંધો બગડે એવો સંભવ હશે; અથવા
>
> (ઘ) જેનો ઉદ્દેશ નામદાર સમ્રાટની પ્રજાના વિવિધ વર્ગોની વચ્ચે દુશ્મનાવટ અને વેરભાવ વધારવાનો હશે અથવા જેનાથી એવા ભાવો વધવાનો સંભવ હશે;

૧. પ્રતાપના તંત્રી.

Gandhi Heritage Portal

તે વ્યક્તિ ત્રણ વર્ષ સુધીની સખત અથવા સાદી કેદની સજાને પાત્ર થશે, અને તે દંડની સજાને પણ પાત્ર ગણાશે, અથવા જો એવું સાબિત થશે કે તેણે ઉપરની કારવાઈ સમ્રાટના દુશ્મનોને મદદ કરવાના હેતુથી કરી છે, તો તે મૃત્યુની, આજીવન દેશનિકાલની અથવા દસ વર્ષ સુધીની કેદની સજાને પાત્ર થશે.

(૨) જ્યાં સુધી ગવર્નર જનરલ અને તેમની કાઉન્સિલ અથવા સ્થાનિક સરકાર અથવા આ સંબંધમાં ગવર્નર જનરલ અને તેમની કાઉન્સિલે જેને અધિકાર આપ્યો હોય તેવા કોઈ અધિકારીના હુકમથી અથવા એમની પાસેથી મળેલી સત્તાને આધીન રહીને, ફરિયાદ કરવામાં ન આવે ત્યાં સુધી કોઈ પણ અદાલતે આ નિયમનો ભંગ કરીને કરેલા ગુના સંબંધમાં પોતાના ન્યાયસંબંધી અધિકારનો ઉપયોગ કરવો નહીં?

વાચક જોઈ શકશે કે આ નિયમ એટલો કડક છે કે સરકાર અથવા આ અંગે નીમેલા કોઈ અધિકારી ખાસ હુકમો ન કાઢે ત્યાં સુધી કોઈ પણ અદાલત આ નિયમ વિરુદ્ધ કરવામાં આવેલા ગુના અંગે કાર્યવાહી ચલાવી શકતી નથી.

હવે આપણે આરોપનામાનો વિચાર કરીએ. એ તો જાણીતી વાત છે કે કોઈ પણ આરોપનામામાં શકય હોય ત્યાં સુધી ખોટી હકીકત કે વ્યંગ્યોક્તિ આવવી નહીં જોઈએ. પરંતુ આપણે જોઈએ છીએ કે આ આરોપનામામાં ઘણી મહત્ત્વની ભૂલો મોજૂદ છે. ફરિયાદપક્ષે જે ત્રણ વિધાનોને જૂઠાં ઠરાવ્યાં છે, તેમાંનું એક એ છે કે આરોપીએ પોતાના છાપામાં એમ લખ્યું હતું કે "તેમના ઉપર (લોકોના ટોળા ઉપર) દિલ્હીમાં કશા કારણ વિના ગોળીબાર કરવામાં આવ્યો હતો." આ એક ભયંકર ભૂલ છે. પ્રસ્તુત વાકય આ રીતે લખાયેલું છે: "તેમના ઉપર, कंई नहीं तो तेमनी दृष्टिथी, કશા કારણ વિના ગોળીબાર કરવામાં આવ્યો હતો".

ઉપરના વાકયમાં જે શબ્દો નાગરીમાં છે તે આરોપનામામાં ઉડાવી દેવામાં આવ્યા છે. આમ લેખકે દર્શાવવા ધારેલા અર્થ કરતાં જુદો અર્થ નીકળે એવી રીતે એ વાકય રજૂ કરવામાં આવ્યું છે. ત્રીજા અવતરણમાંથી પણ જે શબ્દોને લીધે આરોપીના વક્તવ્યનો અર્થ એના લાભમાં ફેરવાઈ જાય છે તે શબ્દો કાઢી નાખવામાં આવ્યા છે. આ ત્રીજા અવતરણના અંતિમ શબ્દો આ પ્રમાણે છે: "સત્તાવાળાઓએ પગલાં લેવાની શરૂઆત કરી દીધી હતી, એટલે લોકોએ પથરા અને રોડાં ફેંકવા માંડયાં." જે લેખમાંથી આ વાકય ઉઠાવવામાં આવ્યું છે તેમાં આની સાથે સંબંધ ધરાવતું એક વાકય એવું પણ છે, જેને લીધે આ વાકયમાંથી કંઈક જુદો જ અર્થ નીકળે છે. તે વાકય છે: "परंतु एवुं बनवा संभव छे के (तेओ गोळीबारनो आशरो ले ते पहेलां) आ प्रचंड टोळामांथी कोईके पोलीस अधिकारीओ उपर पथरा फेंक्या होय. આ સાચું માનીએ તોપણ અમારું કહેવું એ છે કે આ તોફાન દાબી દેવા માટે અધિકારીઓ માટે ડહાપણ અને ચતુરાઈનો રસ્તો એ હતો કે તેમણે ગોળીબાર કરતાં કોઈ જુદી રીત અપનાવવી જોઈતી હતી". એ ઉપરાંત નાગરીમાં આપેલા વાકય સાથે આ વાકય આખો અર્થ બદલી કાઢે છે. જો કોઈ પ્રતિવાદીએ આવી રીતે વિગત છોડી દીધી હોત તો એના ઉપર સત્ય છુપાવવાનો આરોપ મૂકવામાં આવ્યો હોત, અને તેને લીધે તેને વાજબી રીતે જ અદાલતનો આશ્રરો મેળવવાના અધિકારથી વંચિત કરી દેવામાં આવ્યો હોત. પરંતુ આ તો ફરિયાદપક્ષે વિગતો ઉડાવી દીધી છે એટલે એની સામે વાંધો લેવામાં આવ્યો નથી. પરંતુ વાસ્તવમાં પ્રતિવાદી સત્ય છુપાવે તેના કરતાં આ બિના ઘણી વધારે ભયંકર છે. આનો અર્થ તો એ થાય કે સરકાર

Gandhi Heritage Portal

જાણીબૂજીને અથવા અજાણતાં કોઈ મહત્ત્વની વિગત ઉડાવી દે અને એને પરિણામે આ કિસ્સામાં થયું દેખાય છે તેમ કોઈકને અન્યાયી સજા થવા પામે.

આરોપનામાના છેલ્લા પૅરેગ્રાફમાં એક અક્ષમ્ય વક્રોક્તિ છે:

> આરોપીએ સંખ્યાબંધ રાજદ્રોહભર્યા અને ઉશ્કેરાટભર્યા લેખો પ્રસિદ્ધ કર્યા છે, તેમ છતાં સરકાર તો નિયમ ૨૫ નીચે જ કામ ચલાવવાનું પસંદ કરે છે.

આરોપીએ "રાજદ્રોહભર્યા અને ઉશ્કેરાટભર્યા" લેખો લખ્યા છે એમ કહેવાનો હેતુ એક જ હોઈ શકે કે બચાવપક્ષને નબળો બનાવવો. આવું અવ્યવસ્થિત રીતે ઘડેલું અને આટલી દલીલ-બાજીવાળું આરોપનામું મેં કદી જોયું નથી. હું એમ માનવાની ધૃષ્ટતા કરું છું કે વિધિસર રચાયેલી કોઈ પણ ન્યાયની અદાલતમાં આ આરોપનામું નામંજૂર કરવામાં આવ્યું હોત અને આરોપીને કોઈ પણ જાતનો બચાવ કર્યા વિના જ છોડી મૂકવામાં આવ્યો હોત.

કહેતાં મને દિલગીરી થાય છે કે આ કેસના આરોપનામાની કોઈના પણ મન પર જેવી છાપ પડે છે તેવી જ છાપ ચુકાદાની પણ પડે છે. એટલે કે ચુકાદો પૂર્વગ્રહવાળો છે અને ઉતાવળથી લખાયેલો છે. એ જણાવે છે: "ફરિયાદપક્ષે એમ પણ સાબિત કર્યું છે કે આમાંનું પ્રત્યેક વિધાન જૂઠું છે." હું આશા રાખું છું કે હવે મેં જે કંઈ ઉપર કહ્યું છે તે પરથી એટલું તો સ્પષ્ટ થયું હશે કે આરોપનામામાં આપેલાં ત્રણ વિધાનો પૈકી બે વિધાનો તો જૂઠાં નીવડવાનાં નથી, કેમ કે ए विधानो एमना संदर्भमांथी अलग करेलां अने अधूरां छे. આવાં અધૂરાં વિધાનોને જૂઠાં ઠરાવવા માટે ગમે તેટલા પુરાવા રજૂ કરવામાં આવે છતાં તેને આધારે આરોપીને હાનિ થવા દઈ શકાય નહીં. હવે માત્ર બે વિધાનો તપાસવાનાં બાકી રહે છે. એમાંનું પહેલું વિધાન છે: "૩૧મી માર્ચની સાંજ સુધીમાં ચાળીસ હિંદુઓ અને મુસલમાનો મરાયા હતા." આ સંબંધમાં અમારું કહેવું એમ છે કે આ ચુકાદો વાંચનાર હર કોઈ વ્યક્તિને એટલું તો તદ્દન સ્પષ્ટ રીતે સમજાશે કે ખરેખર કેટલા માણસો મરાયા હતા તે હકીકત તો હજી પણ કોઈ જાણતું નથી. એટલે મારો અભિપ્રાય એવો છે કે ઉપરનું કથન જૂઠું છે કે સાચું એની છણાવટ કરવા માટે નિર્ણાયક હકીકત એ નથી કે કેટલા માણસો માર્યા ગયા હતા, પરંતુ ખરેખર કોઈ લોકો માર્યા ગયા હતા કે કેમ એ છે. એટલે જો કોઈ વસ્તુથી લોકો ભયભીત બન્યા હોય તો તે મરનારની સંખ્યાથી નહીં પણ પોલીસના ગોળીબારથી જ હોય. અને ગોળીબાર થયો હતો એ વાતનો તો કોઈ ઇનકાર કરતું નથી. મરેલાઓની સંખ્યા બાબત તો ઍંગ્લો-ઇન્ડિયન અખબારો સહિતનાં બધાં અખબારો જુદી જુદી વિગતો આપે છે. બીજાં પ્રતિષ્ઠિત અખબારોમાં પણ લગભગ प्रतापना જેવી જ વિગતો પ્રસિદ્ધ થઈ છે એ દલીલને વિદ્વાન ન્યાયાધીશે ઉડાવી દીધી છે. આ બાબતમાં મારો અભિપ્રાય એવો છે કે આરોપીની પ્રામાણિકતા સિદ્ધ કરવા માટે આ એક સુસંગત દલીલ હતી. એનાથી એટલું દેખાય છે કે એણે પ્રસિદ્ધ કરેલાં લખાણો સાચાં માનવા માટે તેની પાસે વાજબી કારણો હતાં. આરોપીએ પ્રસિદ્ધ કરેલું બીજું વિધાન આ પ્રમાણે છે: "એ મરેલા અથવા ઘાયલ થયેલામાંના ઘણાખરા નિર્દોષ હતા એટલી વાતનો ઇનકાર થઈ શકે તેમ નથી." લાલા રાધાકૃષ્ણે પોતાની અરજીમાં યોગ્ય જ કહ્યું છે કે "દિલ્હીના સત્તાવાળાઓનો પોતાનો પણ આ જ અભિપ્રાય હતો અને એ અભિપ્રાયને લીધે તેમણે તોફાનોનો ભોગ બનેલા નિર્દોષ લોકોને રાહત આપવા માટે એક જાહેર ફાળો પણ શરૂ કર્યો હતો". આમાં મને એટલું ઉમેરવા દો કે સરકાર તરફથી એવું સાબિત કરવાનો કશો પ્રયત્ન કરવામાં આવ્યો નથી કે મરેલા અથવા ઘાયલ થયેલામાંથી એક પણ વ્યક્તિએ જાતે કોઈ જાતની હિંસા કરવાનો ગુનો

Gandhi Heritage Portal

કર્યો હતો. એમ જણાય છે કે અદાલતે કેવળ એટલી હકીકતનો આધાર લીધો છે કે મરાયેલા લોકો "હિંસક અને ભયંકર ટોળાના સભ્યો હતા." પરંતુ એટલા ઉપરથી ખસૂસ રીતે એવું સાબિત થતું નથી કે જે લોકો ખરેખર મરાયા હતા તેઓ હિંસક આચરણ કરવા માટે ગુનેગાર હતા. તે જ રીતે આરોપીએ પણ પોતાના લેખોમાં એવી ફરિયાદ કરી નથી કે ગુનેગારોની સાથે સાથે નિર્દોષોને પણ સહન કરવું પડયું હતું. સ્વાભાવિક રીતે એની ફરિયાદ તો મૂળમાં ગોળીબાર જ શા માટે કરવામાં આવ્યો એ હતી.

હવે જે કલમને આધારે આરોપી ઉપર આરોપ મૂકવામાં આવ્યો છે તે તપાસવાની જરૂર ઊભી થાય છે. લાલા રાધાકૃષ્ણ ઉપર કલમ ૨૫ની પેટાકલમ ૧ની પેટાકલમ क નીચે આરોપ મૂકવામાં આવ્યો છે. આરોપી ગુનેગાર છે એ સિદ્ધ કરવા માટે આટલું સાબિત કરવાની જરૂર છે કે,

(ક) આરોપીનું વિધાન જૂઠું છે;

(ખ) આરોપી પાસે "એને સાચું માનવા માટે કોઈ વાજબી કારણ નથી."

(ગ) એ વિધાન પ્રસિદ્ધ કરવાનો "ઉદ્દેશ જનતામાં ભય અથવા ભડક પેદા કરવાનો છે" અથવા "એનાથી એવો ભય કે ભડક પેદા થવાનો સંભવ છે."

ઉપર જે કંઈ કહેવાયું છે તે ઉપરથી એટલું સ્પષ્ટ રીતે સમજાય છે કે આરોપીનાં વિધાનો જૂઠાં સાબિત થયાં નથી, અને જો તે જૂઠાં સાબિત થયાં હોય તોપણ એવું સાબિત થયું નથી કે "એ વિધાનોને સાચાં માનવા માટે આરોપી પાસે કોઈ વાજબી કારણો નહોતાં." ઊલટું, આરોપીએ આપેલા બયાનમાં તેણે કઈ હકીકતોને આધારે પોતાનાં વિધાનોને સાચાં માન્યાં હતાં એ સ્પષ્ટ રીતે બતાવવામાં આવ્યું છે. અને છેલ્લે, ફરિયાદીએ કદી એમ પણ સાબિત કર્યું નથી કે આરોપીનો ઉદ્દેશ "ભય કે ભડક પેદા કરવાનો હતો" અથવા "એનાથી જનતામાં ભય અથવા ભડક પેદા થવાનો સંભવ હતો, અને અમને ખાતરી થઈ છે કે આ જૂઠાં વિધાનો છાપવાથી અને ફેલાવવાથી સાચેસાચ જનતામાં ભય અને ભડક પેદા થઈ છે." આ મુદ્દા અંગે લાલા રાધાકૃષ્ણ કહે છે કે "પ્રસ્તુત લેખોને પરિણામે આવી ભડક ફેલાઈ હતી એ દર્શાવનારા કોઈ ચોક્કસ બનાવો ફરિયાદીના સાક્ષીઓ ટાંકી શકયા નથી."

અદાલતના ચુકાદામાં લાલા રાધાકૃષ્ણના પૂર્વવૃત્તાંત ઉપર કશું લક્ષ આપવામાં આવ્યું નથી, તેમ એ હકીકત પણ ધ્યાનમાં લેવાઈ નથી કે પોતે જે કંઈ લખ્યું હતું તે માટે ખેદ પ્રદર્શિત કરવાને કોઈ કારણ નહીં હોવા છતાં એમણે પોતાના અદાલતી નિવેદનમાં એમ કહ્યું છે કે અજાણતાં પણ કોઈ અતિશયોક્તિ મારે હાથે થઈ હોય તો તે માટે હું દિલગીરી જાહેર કરું છું. એ જ રીતે એવી મહત્ત્વની હકીકતની પણ અવગણના થઈ છે કે મરી ગયેલા માણસોની સંખ્યા સંબંધમાં જે ભૂલ થઈ હતી અલબત્ત એને ભૂલ કહેવાતી હોય તો, તે તેમણે સરકારી યાદી બહાર પડી કે તરત સુધારી લીધી હતી અને સિવિલ એન્ડ મિલિટરી ગૅઝેટમાં આપેલો આ અંગેનો હેવાલ પણ પ્રસિદ્ધ કર્યો હતો. આ પ્રશ્ન સાફ ગેરઈન્સાફનો જણાય છે. સાંભળ્યું છે કે લાલા રાધાકૃષ્ણે પોતાને છોડી મૂકવા માટે કરેલી અરજી ઉપર પંજાબના માનનીય લેફ્ટનન્ટ ગવર્નર સાહેબ હજી પણ વિચાર ચલાવી રહ્યા છે. આશા છે કે હિંદુસ્તાનભરની જનતા અને અખબારો, ન્યાય માટેની આ પ્રાર્થનાને ટેકો આપશે અને એ ટેકો વ્યર્થ નહીં જાય.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, १२-७-१९१९

Gandhi Heritage Portal

## ૩૯૮. પંજાબના લેફ્ટનન્ટ ગવર્નરના ખાનગી સેક્રેટરીને પત્ર

[જુલાઈ ૧૨, ૧૯૧૯]

માનનીય લેફ્ટનન્ટ ગવર્નર સાહેબના
ખાનગી સેક્રેટરી
લાહોર

વહાલા સાહેબ,

આ સાથે યંગ ઇન્ડિયાની[1] એક નકલ મોકલું છું, એમાં પ્રતાપના તંત્રી લાલા રાધાકૃષ્ણના કેસની ચર્ચા કરવામાં આવી છે. આપ એ નકલ માનનીય લેફ્ટનન્ટ ગવર્નર સાહેબની સેવામાં રજૂ કરશો. મ જાણ્યું છે કે આ કિસ્સો હાલ માનનીય લેફ્ટનન્ટ ગવર્નરની વિચારણા હેઠળ છે. હું એવી આશા રાખી શકું ખરો કે લાલા રાધાકૃષ્ણની સજા માફ કરી દેવામાં આવશે?

હું છું
આપનો વિશ્વાસુ

[મૂળ અંગ્રેજી]
છબી પરથી : એસ. એન. ૬૭૬૫

## ૩૯૯. સુંદરલાલને[2] પત્ર

લેબર્નમ રોડ,
ગામદેવી,
મુંબઈ,
જુલાઈ ૧૨, ૧૯૧૯

આ સાથે લાલા રાધાકૃષ્ણના કેસની ચર્ચા કરતા યંગ ઇન્ડિયાના અંકની નકલ મોકલી આપું છું. મારા અભિપ્રાય પ્રમાણે આ મામલો બાબુ કાલીનાથ રૉયના મામલા કરતાં વધારે ખરાબ નહીં તોપણ એના જેટલો જ ખરાબ છે. એટલે મને લાગે છે કે આપે આ બાબતમાં અગાઉ કરતાં પણ વધારે ઝડપથી કામ લેવું જોઈએ, કેમ કે શ્રી રૉય જેટલી લાગવગ લાલા રાધાકૃષ્ણ ધરાવતા નથી. મને લાગે છે કે શ્રી રૉયના કિસ્સામાં જે રીતે કરવામાં આવ્યું હતું તે જ રીતે આમાં પણ કરવું જોઈએ. આ વખતે વકીલો, તંત્રીઓ અને સામાન્ય જનતા અલગ અલગ નિવેદનપત્રો ન આપતાં બધા એકઠા મળીને એક જ નિવેદનપત્ર આપશે તો એથી કદાચ આપણો હેતુ સરશે. પ્રશ્ન હજી પંજાબ સરકારની વિચારણા હેઠળ હોવાથી સભાઓ અવશ્ય ભરવી જોઈએ. જાહેર સભાઓમાં જે ઠરાવો થાય તે વાઈસરૉય અને લેફ્ટનન્ટ ગવર્નરને ઉદ્દેશીને થવા

૧. ૧૨–૭–૧૯૧૯નું.
૨. ઉત્તર પ્રદેશના.



Gandhi Heritage Portal

જોઈએ. કહેવાની ભાગ્યે જ જરૂર હોય કે તાકીદે રાહત મેળવવા માટે ઝડપથી કામ લેવું આવશ્યક છે.

આપનો સહૃદયી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૬૭૪૧

## ૪૦૦. પૂનામાં ફર્ગ્યુસન કૉલેજમાં સ્વદેશી વિષે ભાષણ[1]

જુલાઈ ૧૨, ૧૯૧૯

વિદ્યાર્થીઓ સમક્ષ હિંદીમાં બોલતાં ગાંધીજીએ કહ્યું કે સ્વદેશીના વિષયમાં ભાષાનો પ્રશ્ન પણ આવી જાય છે, એટલે હું આપની સમક્ષ આપણી રાષ્ટ્રભાષા હિંદીમાં બોલવાનું પસંદ કરીશ, અંગ્રેજીમાં નહીં. પરંતુ મારા ભાષણનો વિષય તો "કપડાં બાબતમાં સ્વદેશી" એ જ રહેશે.

ડૉ. હૅરોલ્ડ મૅને પૂનાની નજીક આવેલા દક્ષિણના એક ગામડાની સ્થિતિની તપાસ કરી હતી. તેમાં તેમને જણાયું હતું કે વસ્તીનો મોટો ભાગ વરસનો મોટા ભાગનો સમય બેકાર રહે છે. એ લોકોને રોજેરોજ મજૂરી કરી તેની આવક ઉપર ગુજારો કરવો પડે છે. દાખલા તરીકે, તેઓ ગામડાંમાંથી પૂનામાં દૂધ લઈ આવે છે, દારૂગોળાના કારખાનામાં કામ કરે છે, વગેરે. અને એમાં પણ મોટે ભાગે પુરુષ વર્ગને જ આવાં કામો મળે છે. ત્યારે સ્ત્રીઓ શા કામમાં રોકાય છે? કાં તો તેઓ બેકાર રહે છે અથવા તો તેઓ લાભ વિનાનાં કામોમાં પરોવાયેલી રહે છે. આખા હિંદુસ્તાનની હાલત આવી છે. સર દીનશા વાચ્છાએ એવી ગણતરી કરી હતી કે લડાઈના સમય દરમ્યાન આપણા લોકોને લડાઈ પહેલાંનાં પાંચ વર્ષની સરખામણીમાં પહેરવા-ઓઢવા માટે ઘણું ઓછું કપડું મળ્યું છે. શ્રી ગાંધીએ સવાલ ઉઠાવ્યો કે કાપડની જે આ અછત આપણે સહી રહ્યા છીએ એ પૂરવા માટે શું આપણે નવી મિલો ખૂલતાં સુધી રાહ જોયા કરશું? આ અછતમાંથી ઊગરવા માટે જો આપણે મિલોને ભરોસે બેસી રહીશું તો એમાં વર્ષોનાં વર્ષો નીકળી જશે. આપણી કાપડની જરૂરિયાતને જલદીથી પહોંચી વળવાનો એકમાત્ર અસરકારક ઉપાય સ્વદેશી છે. સર વિલિયમ હંટરે[2] ગણતરી કરી છે કે આપણા દેશમાં સેંકડે દસ ટકા લોકોને રોજનું એક વારનું ભોજન પણ ભાગ્યે જ મળે છે. ચંપારણમાં મેં ખેડૂતોની જે હાલત જોઈ છે તે ઉપરથી સર હંટરની આ ગણતરી સાચી પુરવાર થાય છે. જાતઅનુભવ ઉપરથી હું કહી શકું છું કે ચંપારણમાં મોટા ભાગના કિસાનોને બહુ થોડું ખાઈને સંતોષ માનવો પડે છે. ખુદ મારાં પત્ની ચંપારણ જિલ્લાનાં ગામોમાં ફરેલાં છે. જાતે જે જોયું તે ઉપરથી તેમણે મને આ દુ:ખદ હકીકત જણાવી છે કે ત્યાં અનેક સ્ત્રીઓ પાસે શરીર ઢાંકવા જેટલું પણ કપડું હોતું નથી. અને કેટલીક સ્ત્રીઓ પાસે તો તેઓ પહેરતી હોય છે તે મેલા અને અપૂરતા કપડા સિવાય વધારાનું કપડું ન હોવાથી તેઓ નાહીને બીજું કપડું બદલી શકતી નથી. પરિણામે તેઓ કેટલાય દિવસો સુધી સતત નાહી શકતી નથી અને તેથી પોતે પહેરેલું મેલું કપડું ધોવાનું તેમને પરવડતું નથી. હજારો કિસાનો શિયાળાની ઋતુમાં તાપવા માટે પોતાનું કીમતી ખાતર બાળી

૧. આ સભા ફિલૉસૉફિકલ ક્લબને આશ્રયે ભરવામાં આવી હતી; કૉલેજના પ્રિન્સિપાલ આર. પી. પરાંજપે પ્રમુખ હતા.

૨. ૧૮૪૦–૧૯૦૦; ઇતિહાસવેત્તા; ભારતીય પ્રશ્નોના વિશેષજ્ઞ; ઇન્ડિયન એમ્પાયર પુસ્તકના લેખક; એમણે હિંદુસ્તાનમાં ૨૫ વર્ષ નોકરી કરી હતી અને તેઓ હિંદીઓની અભિલાષાઓ પ્રત્યે સહાનુભૂતિ રાખતા; હિંદી રાષ્ટ્રીય કૉંગ્રેસની લંડનની હિંદી બ્રિટિશ સમિતિના સભ્ય.

Gandhi Heritage Portal

મૂકે છે તેનું એકમાત્ર કારણ એ છે કે એમની પાસે ગરમ કાપડ ખરીદવાને પૈસા હોતા નથી. આપણી આ બધી કંગાલિયતનું કારણ શું છે? દોઢસો વર્ષ પહેલાં આપણે જાતે રૂ પેદા કરતા હતા, એનું સૂતર કાંતતા હતા અને તેમાંથી આપણે જોઈએ તેટલું કાપડ વણી લેતા હતા. પરંતુ આજે આપણે પરદેશનાં બજારો ઉપર આધાર રાખવો પડે છે. ભૂતકાળમાં આપણા હાથકારીગરીના ઉદ્યોગો કેવી રીતે નાશ પામ્યા એની દુ:ખદ કહાણી આપને કહી સંભળાવતાં મને અત્યંત દુ:ખ જ થશે અને એ બધું સાંભળીને આપને પણ દુ:ખ જ થવાનું. પરંતુ તમે વિદ્યાર્થીઓ તો અમારી ભવિષ્યની આશા છો. એટલે તમારું એ કર્તવ્ય છે કે તમે કિસાનોની દશાનો અભ્યાસ કરો, તે સુધારવાના ઉપાયો વિચારો અને તમારા પોતાના જીવન દ્વારા એમની સમક્ષ દૃષ્ટાંત ખડું કરો. તમે પોતે થોડા જ સમયમાં કાંતવા-વણવાનું શીખી શકો છો. પછી ગામેગામ ફરીને કિસાનોને સ્વદેશીનું મહત્ત્વ સમજાવી શકો છો. તમે એમને બતાવી શકો છો કે ફુરસદના સમયમાં કાંતીને તથા તેમાંથી કાપડ વણીને તેઓ ભૂખમરાનો તથા દુષ્કાળનો સામનો કરી શકે છે. કોઈ દેશના કિસાનોને વરસના છ માસ બેકાર રહેવું પડતું હોય તો એ પરિસ્થિતિ તે દેશને માટે ખરેખર ઘણી ગંભીર ગણાવી જોઈએ.

તે પછી શ્રી ગાંધીએ જનતા સમક્ષ પોતે મૂકેલી ત્રણ પ્રતિજ્ઞાઓની સમજ આપી અને કહ્યું કે સૌથી શુદ્ધ સ્વદેશી તો ત્યારે જ કહેવાય જ્યારે આપણે હાથે કાંતેલા સૂતરમાંથી હાથ-સાળ પર વણેલું કાપડ વાપરીએ. યંત્ર વડે બનેલા કાપડનો પ્રશ્ન અલગ રાખીએ તોપણ એટલું તો બેશક સાચું છે કે મેં જે કપડું પહેર્યું છે તે તમારાં કપડાં કરતાં વધારે કલામય છે. એમણે સ્પષ્ટતા કરતાં કહ્યું કે કલા તો એ વાતમાં રહેલી છે કે આપણે એવું કંઈક બનાવીએ જેનું પૂરેપૂરું અનુકરણ ન થઈ શકે, જેના પર કોઈ આદર્શની છાપ લાગેલી હોય, ટૂંકમાં, જેના ઉપર કલાકારનો આત્મા અંકિત થયેલો હોય. યંત્ર વડે બનેલાં કપડાંમાં આત્મા હોતો નથી. વળી હાથે વણેલું કાપડ વધારે ટકાઉ હોય છે એ વાતમાં તો કોઈ શંકા જ નથી. પરંતુ આપને કલા વિષેના મારા વિચારો ન ગમતા હોય તો આપ દેશી મિલોમાં બનેલું કાપડ વાપરી શકો છો અને કિસાનો પોતાનાં ઝૂંપડાંમાં પોતાની જાતે જ કાંતીને તથા વણીને પોતાને માટે કાપડ બનાવી શકે છે.

એટલે જો આપણે આપણી લુપ્ત થયેલી કલાકારીગરીનો પુનરુદ્ધાર કરવા માગતા હોઈએ, માતૃભૂમિની સેવા કરવા ઇચ્છતા હોઈએ અને ખેડૂત વસ્તીનું રક્ષણ કરવા માગતા હોઈએ તો એક સ્વદેશી જ એવી વસ્તુ છે જેના વિના આપણને કોઈને ચાલી શકે તેમ નથી. ભવિષ્યમાં થોડા સમય માટે તો આપને જાડા અને ખરબચડા પોતવાળા કાપડથી ચલાવી લેવું પડશે. પરંતુ આ બાબત સાથે સંકળાયેલા મહાન પ્રશ્નનો વિચાર કરતાં આપનો આ ત્યાગ બહુ અલ્પ ગણાશે.

હું તમને ભારપૂર્વક જણાવવા માગું છું કે હું હાથસાળને પાવરથી ચાલતી સાળની હરીફ બનાવવા માગતો નથી. ઉદ્દેશ એ નથી કે હાથસાળ પાવરથી ચાલતી સાળની જગા લઈ લે. કહેવાની મતલબ એ છે કે પાવરથી ચાલતી સાળની ખોટ હાથસાળ વડે પુરાવી જોઈએ. મારા કહેવાનો મુખ્ય મુદ્દો એ છે કે આપણો મિલઉદ્યોગ ગમે તેટલો વિકાસ પામે તોપણ તેનાથી આપણા ખેડૂતોની સ્થિતિ કદાપિ સુધરી શકવાની નથી. એમની આર્થિક મુક્તિ તો ગૃહઉદ્યોગો, એટલે હાથકાંતણ અને હાથવણાટ ફરીથી સજીવન થાય ત્યારે જ થઈ શકે. હું આશા રાખું છું કે આ આખો પ્રશ્ન તમે તમારા પ્રાધ્યાપકો સાથે વિચારી લેશો અને વિદ્યાર્થીઓ તથા પ્રાધ્યાપકો બંને મળીને સ્વદેશીને ધાર્મિક ભાવનાથી ટેકો આપવાનો નિર્ણય કરશો.

પછી પ્રિન્સિપાલ પરાંજપે શ્રી ગાંધીનો આભાર માનવા ઊભા થયા. તેમણે કહ્યું કે શ્રી ગાંધી હિંદીમાં બોલ્યા તેથી એમનું ભાષણ મને પૂરેપૂરું સમજાયું નથી. મને માત્ર એમના ભાષણનો સાર જ સમજાયો છે. તેમ છતાં બાકીનો ભાગ હું અનુમાનથી સમજી શક્યો છું. પછી એમણે કહ્યું કે શ્રી ગાંધીએ જે જેહાદ શરૂ કરી છે તે મને અવ્યવહારુ લાગે છે, એટલે હું એ વિચારની વિરુદ્ધ છું. અને તેનાં કેટલાંક કારણો હું આપને જણાવું છું. એમણે કહ્યું: સો વર્ષ

Gandhi Heritage Portal

પહેલાં આપણે આપણું કાપડ જાતે બનાવી લીધું હોય એ સંભવિત છે. એ જ રીતે આપણે જૂના જમાનાની બળદગાડીઓમાં બેસીને દૂર દૂરની સફરો ખેડતા હતા, અને આપણી પોઠો એવી જ પ્રાચીન ઢબે દેશનો માલ બહાર લઈ જતી હતી અને બહારનો માલ દેશમાં લઈ આવતી હતી. તે પછી રેલવે આવી અને તેણે એ ગાડીવાળાઓનો ધંધો બરબાદ કરી નાખ્યો. તો હવે શું શ્રી ગાંધી એમ ઇચ્છે છે કે રેલવેઓને ઉખાડી નાખવી અને તેની જગાએ વાણિજ્ય અને વ્યવહારનાં એ જૂનાંપુરાણાં સાધનોને ફરીથી ચાલુ કરવાં? હું તો માનું છું કે કાળના પ્રવાહને પાછો વાળવો અને આર્થિક પ્રશ્નનો ઉકેલ લાગણીવશ થઈને શોધવો એ વ્યર્થ પ્રયાસ છે. એ જ રીતે જો આપણે એમ કહીએ કે જૂના જમાનાના લહિયાઓની જગા લેનારાં છાપખાનાં બંધ કરી દેવાં અને લહિયાઓને ફરીથી આપણા લખવાના કામે લગાડી દેવા, તો તે બેહૂદું કહેવાશે. . . . આ વિષયમાં મેં હજી ગાંઠ વાળી નથી દીધી, પરંતુ મારું કહેવું એટલું જ છે કે શ્રી ગાંધીના વિચારો મારે ગળે ઊતર્યા નથી.[1]

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, १६–७–१९१९

## ૪૦૧. પૂનામાં નાગરિકોની સભા સમક્ષ સ્વદેશી વિષે ભાષણ

જુલાઈ ૧૨, ૧૯૧૯

શ્રી ખાડિલકરે શ્રી ગાંધીનો પરિચય આપ્યો. પછી હિંદીમાં બોલતાં શ્રી ગાંધીએ કહ્યું કે શરૂઆતમાં હું સ્વદેશીની ચર્ચા રાજકીય દૃષ્ટિથી નહીં પણ આર્થિક અને ધાર્મિક દૃષ્ટિથી કરવા માગું છું. હું માનું છું કે સ્વદેશીનો આધાર અમુક ધાર્મિક અને આર્થિક સિદ્ધાંતોની વ્યાપક ભૂમિકા ઉપર રહેલો છે. એ સિદ્ધાંતોને અનુસરીને વાઇસરૉયથી માંડીને તેમના ચપરાસી સુધીના તમામ લોકો સ્વદેશીને અપનાવી શકે છે. એના ઉપાસકોમાં વિનીતો કે ઉદ્દામવાદીઓ એવા કોઈ ભેદ જોવામાં આવતા નથી. આ આંદોલનની અસર નીચે તમામ જાતિઓ, જ્ઞાતિઓ અને ધર્મોના લોકોને લાવી શકાય તેમ છે. આ દૃષ્ટિથી જોતાં, સ્વદેશીમાં બૉયકોટને કોઈ સ્થાન નથી. થોડાં વર્ષ પહેલાંના સ્વદેશીનું મુખ્ય તત્ત્વ બૉયકોટ જ હતું અથવા કહો કે વ્યવહારમાં એનો અર્થ બૉયકોટ જ થતો હતો. એટલે શક્ય એટલો ભાર મૂકીને હું આપને વિનંતી કરવા માગું છું કે આપ જ્યારે સ્વદેશીનો વિચાર કરો ત્યારે આપના મગજમાંથી બૉયકોટનો ખ્યાલ બિલકુલ કાઢી નાખશો.

મને યાદ છે કે દક્ષિણ આફ્રિકાથી પાછા ફર્યા બાદ થોડા જ દિવસમાં જ્યારે હું પૂના આવેલો ત્યારે એક સભામાં ભાષણ આપતાં મેં કહ્યું હતું કે[2] પૂનામાં આજે જે વાતનો વિચાર થશે, તે વાત બીજે દિવસે આખા હિંદુસ્તાનમાં વિચારાશે. મારો એ અભિપ્રાય હજી પણ કાયમ છે. હું માનું છું કે હિંદુસ્તાનનું એક પણ શહેર વિદ્વત્તા અને ત્યાગવૃત્તિમાં પૂનાનો મુકાબલો કરી શકે તેમ નથી. એટલે જો સ્વદેશીની બાબતમાં પૂનાને મારી વાત ગળે ઊતરી જાય તો મારું અર્ધું કામ થઈ જાય એમાં મને કોઈ શંકા નથી. મારા ખ્યાલ મુજબ પૂનામાં માત્ર શ્રદ્ધા અને આત્મવિશ્વાસની ખામી છે. મને લાગે છે કે પૂનાના લોકો હજી પણ માને છે કે પશ્ચિમનું અનુકરણ કર્યા વિના આપણો ઉદ્ધાર નથી. જ્યારે પૂનાના લોકોનો આ ભ્રમ દૂર થશે ત્યારે જ તેઓ અત્યારની નિરાશાની સ્થિતિમાંથી દેશને ઊંચે લાવવામાં સાચી સહાય કરી શકશે.

૧. પોતાના ભાષણનો હેવાલ યંગ ઇન્ડિયામાં પ્રસિદ્ધ કરતી વખતે ગાંધીજીએ આ મુદ્દા ઉપર તંત્રી તરીકે નોંધ લખી હતી. જુઓ "પ્રિન્સિપાલ પરાંજપેની ટીકાનો જવાબ", ૧૬–૭–૧૯૧૯.

૨. જુઓ પુસ્તક ૧૩.

Gandhi Heritage Portal

સ્વદેશીનો અર્થ સમજાવતાં શ્રી ગાંધીએ એક ઘરગથ્થુ દૃષ્ટાંત આપ્યું. એમણે કહ્યું, ધારો કે એક માણસ પાસે રસોઈ માટેની પુષ્કળ સાધનસામગ્રી છે અને તેના ઘરમાં એમાંથી સ્વાદિષ્ટ વાનીઓ બનાવી શકે એવી ગૃહિણી પણ છે. પરંતુ તેમ છતાં જો આ માણસ પોતાને માટે બહારની હોટેલમાંથી ભોજન મંગાવે તો આપ એ માણસનું કેવા શબ્દોમાં વર્ણન કરશો? આપ એમ જ કહેશો કે એનું ભેજું ગેપ થઈ ગયું છે. એ જ પ્રમાણે જો કોઈ દેશ આ માણસના જેવું વર્તન કરે તો એના સંબંધમાં પણ એમ જ કહી શકાય કે એનું પણ ભેજું ઠેકાણે નથી. આપણો હિંદુસ્તાન દેશ આ વાતનું ઉદાહરણ છે. આજથી દોઢસો વર્ષ પહેલાં આ દેશ પોતાનું કાપડ પોતે પેદા કરતો હતો. આ કાપડ સુતરાઉ હોય કે રેશમી હોય, તેનું પોત એટલું ઝીણું રહેતું કે દુનિયાના બીજા કોઈ પણ દેશમાં બનેલું કાપડ એની હરીફાઈ કરી શકતું નહીં. આજે આપણો દેશ આપણી કાપડની મોટા ભાગની જરૂરિયાત માટે પરદેશો પર આધાર રાખે છે. દાખલા તરીકે ગયે વર્ષે હિંદુસ્તાને પરદેશથી કાપડ મંગાવ્યું તેના તેને સાઠ કરોડ રૂપિયા ચૂકવવા પડ્યા હતા. આ પરાવલંબન એક મૂર્ખાઈ છે અને પાપ પણ છે. જો પોતાનું કાપડ પોતાની મેળે બનાવી લેવાનો પુરાણો ધંધો છોડીને આપણે એના કરતાં વધારે લાભદાયક કામમાં પડ્યા હોત તો મને કશો વાંધો નહોતો. પરંતુ હકીકત એ છે કે આપણે એ પ્રમાણે કર્યું નથી. આપણા દેશના ખેડૂતો એટલે કે ચોવીસ કરોડ લોકો વરસમાં છ મહિના બેકાર રહે છે. હું ખેડા અને ચંપારણના ખેડૂતો વચ્ચે રહ્યો છું એટલે જાણું છું કે તેઓ વરસનો અડધો ભાગ બેકારીમાં વિતાવે છે. આ લોકો સ્વાવલંબી નહીં બને ત્યાં સુધી એમની સ્થિતિ સુધારી શકાશે નહીં. તેમને માટે સ્વાવલંબનનો અર્થ એ થાય કે તેમણે પોતાનું ભરણપોષણ જાતે કમાઈને કરી લેવું જોઈએ. આ માટે તેમણે પોતાનાં કપડાં હાથે કાંતીને તથા હાથે વણીને તૈયાર કરી લેવાં જોઈએ. આ પછી શ્રી ગાંધીએ અમદાવાદ નજીક આવેલા વિજાપુર ગામનો દાખલો આપી કહ્યું કે આ ગામમાં, ઉચ્ચ કોટિની દેશભક્તિ અને નિઃસ્વાર્થ સેવાભાવવાળાં વિધવા શ્રીમતી ગંગાબાઈ મજમુદારના અથાક પ્રયત્નોથી, જેમની પાસે પહેલાં કોઈ ધંધો નહોતો અને જેઓ પડદાને કારણે કામ કરવા બહાર જ નીકળી શકતી નહોતી એવી ચારસો મુસલમાન સ્ત્રીઓ પોતાનાં ઘરોમાં બેસી રેંટિયા ચલાવવા લાગી છે અને એમની કમાણીમાં વધારો કરવા લાગી છે. આ બેકાર સ્ત્રીઓને કામધંધો મેળવી આપવામાં ગંગાબાઈનો જ ફાળો છે, અને એમના ઉદાહરણનું સર્વત્ર અનુકરણ કરવા જેવું છે. દલીલ આગળ ચલાવતાં શ્રી ગાંધીએ કહ્યું, બીજો દાખલો જર્મની અને ઈંગ્લંડનો લઈએ. તેમણે યુદ્ધ સમયમાં પોતાના ખોરાકનો પ્રશ્ન કેવી રીતે ઉકેલ્યો? તેમણે પડતર જમીનને ખેડીને ખેતી લાયક બનાવી અને તેમાં છ જ મહિનામાં બટાટા પકવવા માંડ્યા. તે કેવી રીતે બન્યું એનો વિચાર કરો. એટલું નક્કી છે કે સૂતર કાંતવું અને પોતાને જોઈતાં કપડાં પોતાની જાતે વણી લેવાં, એ કામ બટાટા પકવવા કરતાં જરૂર સહેલું છે. પરંતુ આ તો પ્રશ્નની આર્થિક બાજુ થઈ. આ જ પ્રશ્નને ધાર્મિક દૃષ્ટિથી રજૂ કરવાનું કામ તો હજી બાકી છે. સ્વદેશીની વ્યાખ્યા આપતાં મેં કહ્યું છે કે આપણે આપણી જરૂરિયાતો માટે દૂરના લોકોની નહીં પણ આસપાસના લોકોની સેવાનો ઉપયોગ કરવો જોઈએ અને તેમની સેવા પણ કરવી જોઈએ. મને લાગે છે કે લોકો પોતાના પડોશીની ઉપેક્ષા કરીને દૂરના લોકોને ઉત્તેજન આપે તો તેમાં દયા રહેલી નથી. મહાત્મા તુલસીદાસે પણ ગાયું છે કે दया धर्मका मूल है. મારી માન્યતા એવી છે કે મનુષ્યનું પ્રથમ અને પાયાનું કર્તવ્ય પોતાના પડોશીએ બનાવેલી વસ્તુઓ વાપરવાનું અને પ્રથમ પોતાના પડોશીની સેવા કરવાનું છે. જો તે પોતાને જોઈતી ચીજો મેળવવા માટે અને સેવા આપવા માટે ઘર છોડીને દૂર જાય તો તેનો અર્થ એવો થાય કે એ સ્વાર્થી છે અને બીજાના હિત કરતાં પોતાનું હિત વધારે જોનારો છે. શ્રી ગાંધીએ આગળ ચાલતાં કહ્યું :

અત્યાર સુધી આપણે આપણી ફુરસદના કીમતી સમયમાંથી મોટા ભાગનો સમય વેડફી માર્યો છે. એટલે હવે આપણે જાગવું જોઈએ અને ફુરસદના આ સમયનો સદુપયોગ કરવા માંડવો જોઈએ અને આપણો શ્રમ આપણી જન્મભૂમિની સેવામાં આપવો જોઈએ.

Gandhi Heritage Portal

આ પછી શ્રી ગાંધીએ સ્વદેશીની ત્રણ પ્રતિજ્ઞાઓની[1] સમજ આપી. એમણે કહ્યું: હું તો એમ માનું છું કે કારખાનાંમાં બનેલા કાપડ કરતાં હાથે કાંતેલા અને હાથે વણેલા કાપડમાં વધારે કલા રહેલી છે. હું ઇચ્છું છું કે આપ પણ મારા આ વિચાર સાથે સંમત થાઓ. ઘડીભર એમ પણ માની લો કે એક દિવસ એવો આવે જ્યારે હિંદુસ્તાનમાં એટલી બધી મિલો થાય કે તેનાથી આપણે જોઈતું બધું કાપડ મળી રહે. તેમ છતાં કાંતવા વણવા સિવાય આપણી પાસે બીજું કોઈ પણ કામ એવું નથી જે વડે દેશની સ્ત્રીઓ પોતાના ફુરસદના સમયનો ઉપયોગ વધારે સારી રીતે કરી શકે અથવા જેમની પાસે આજીવિકા મેળવવા માટે કશું માનભર્યું સાધન નથી એવા લોકો વધારે માનભરી રીતે રોટલો રળી શકે. સ્વદેશી પ્રવૃત્તિનું મુખ્ય અંગ, બને એટલું વધારે કાપડ ઉત્પન્ન કરવાનું છે. અને એ વસ્તુની જરૂરિયાત વિષે તો જેટલું કહીએ એટલું ઓછું છે. આપણા કાર્યક્રમની સફળતા માટે ખંત, દેશાભિમાન અને સ્વાર્થત્યાગ ખૂબ જ જરૂરી છે. હું આશા રાખું છું કે પૂનાના લોકો મારી હાકલનો ઉત્સાહપ્રેરક જવાબ વાળશે અને પોતાની ઉચ્ચ પરંપરાઓને સાચી કરી બતાવશે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, १६–७–१९१९

## ૪૦૨. છગનલાલ ગાંધીને પત્ર

ગામદેવી,
મુંબઈ,
રવિવાર, અષાડ વદ ૧ [જુલાઈ ૧૩, ૧૯૧૯]

ચિ. છગનલાલ,

તમારો કાગળ મળ્યો. પૂનાથી હું આજે સવારે જ આવ્યો. ગવર્નર સાહેબની સાથે લગભગ બે કલાક વાત થઈ. પરિણામ એ આવશે કે લડત હાલ મુલતવી રહેશે. વાઇસરૉયના કાગળની મારે રાહ જોવી રહી છે. જો તેઓ ઇચ્છે કે મારે હાલ લડત મોકૂફ રાખવી તો તેમ કરવા હું તૈયાર છું એમ કહીને આવ્યો છું. આજકાલ ખબર પડશે કે મારે શું કરવું પડશે. જેવું ટ્રાન્સ-વાલમાં થતું એવું અહીં પણ થવાનું શરૂ થયું છે. જે ૨,૫૦૦ રૂ. આવ્યા તે સત્યાગ્રહ ખાતામાં નાખવાના છે. લડતને અંગે મારી મરજી પ્રમાણે વાપરવાના છે. ચિ. મગનલાલ જ્યાં હોય ત્યાં એને લખજો કે એક દિવસ કે વધારે ગોંડલ ગાળી આવે; રણછોડભાઈને મળે અને વાતચીત કરે. એમને મોઢેથી સમજ પડે તો કેટલુંક કામ તુરત કરી શકે છે. સાળો વ.ની મદદ પણ કરી શકે. આપણને ઘણી સાળો જોશે એમ માનું છું.

અંબાલાલભાઈ તરફથી પૈસા તમને પહોંચાડયા[નું] અનસૂયાબહેને કહ્યાનું મને યાદ છે. સોમનાથ રૂપજીની બાબત ગિરજાશંકરને મળજો. એ કહે તે પ્રમાણે કરજો.

તમારી બંનેની તબિયત સારી હશે.

આ અઠવાડિયે હું ત્યાં નહીં આવી શકું એમ મને ભાસે છે. મારે મુંબઈમાં હાજર રહેવું જોઈએ એમ જોઉં છું. ઘણે ભાગે હું આવતે શનિવારે નીકળી ત્યાં આવી શકીશ.

લડતના ખબર આશ્રમમાં બધાને આપશો.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

ગાંધીજીએ લખાવેલા તેમની સહીવાળા મૂળ પત્રની છબી પરથી: એસ. એન. ૬૭૪૩

૧. જુઓ "સ્વદેશી સભાના નિયમો" ૧–૭–૧૯૧૯ પહેલાં.

Gandhi Heritage Portal

## ૪૦૩. મુંબઈમાં દક્ષિણ આફ્રિકાના હિંદીઓ વિષે ભાષણ[1]

જુલાઈ ૧૩, ૧૯૧૯

આજે જે સવાલ સારુ આપણે ભેળા થયા છીએ તે ઘણો જ જરૂરનો છે તેમ જ તેનો જલદી ફડચો થવાની પણ જરૂર છે. જો આપણે કોઈ પણ "હિંદીના" દુઃખમાં ભાગ લેવા તૈયાર ન થઈએ તો આપણે સ્વતંત્ર પ્રજા થવાને લાયક નથી એમ કહી શકાય. દક્ષિણ આફ્રિકામાંની હિંદીઓની હાડમારીઓનો ખ્યાલ જેઓએ ત્યાં તે ભોગવી હશે, તેને જ આવી શકશે. દક્ષિણ આફ્રિકામાં હિંદી પ્રજા ઘણાં વર્ષ પૂર્વે આવતી થઈ હતી. તે વખતે મોરોક્કોને રસ્તે આવજા થતી હતી. ૪૦ સાલથી ઘણા હિંદીઓએ ત્યાં કરારથી ગિરમીટિયા તરીકે જવાનું શરૂ કર્યું હતું. તેઓ ત્યાં પોતાની મુદત પૂરી થયા પછી સ્વતંત્ર રીતે વસતા હતા. આવા કેટલાક હિંદીઓને જોઈતી હાજતો પૂરી પાડવાને સબબે આપણે ત્યાંથી કેટલાક હિંદી ભાઈઓ – મેમણ ભાઈઓ વેપારને ઉદ્દેશે ત્યાં ગયા હતા.

### હિંદીઓને કાઢવાનો ૧૮૮૫નો કાયદો

જ્યારે ટ્રાન્સવાલમાં સોનાની ખાણ શોધી કાઢવામાં આવી ત્યારે આજુબાજુથી ઘણા અંગ્રેજોએ આવી મામલો કર્યો હતો. તેમ જ પોતાની ધારણા મુજબ કમાયા પણ હતા. કેટલાક હિંદીઓ પણ થોડુંઘણું કમાયા હતા. બાદ કેટલાકોએ ટ્રાન્સવાલમાંથા હિંદીઓને કાઢી નાખવા માટે પ્રેસિડન્ટ ક્રૂગરને સૂચના કરી હતી. તે વખતે પ્રેસિડન્ટ ક્રૂગર તેઓને કાઢી મૂકી શક્યા ન હતા. પણ ત્યાર બાદ ૧૮૮૫ની સાલમાં એવો કાયદો દાખલ થયો કે જેથી આપણા હિંદી ભાઈઓ ઉપર ત્યાં ઘણી આફત આવી પડી. આ કાયદામાં બે કલમો મુખ્ય છે. એક એવી છે કે જેથી કરીને કોઈ પણ "હિંદી" ટ્રાન્સવાલમાં સ્થાવર મિલકતનો ધણી થઈ ન શકે. બીજી કલમ હિંદીઓએ વેપાર કરવા માટે ત્રણ પાઉંડનો પરવાનો લેવાની હતી. ત્યાર બાદ એક બીજો કાયદો દાખલ થયો હતો કે જે ગોલ્ડ ઍક્ટના નામથી ઓળખાય છે. આ કાયદાથી પણ હિંદીઓના હક્કમાં વાંધો આવવા લાગ્યો.

### ૧૯૧૪નો કરાર

૧૯૧૪માં એક કરાર થયો હતો, જેથી કરીને હિંદીઓની બધી હરકતોનો નાશ થયો ન હતો. હિંદીઓની વિરુદ્ધના પણ જે નવા કાયદાઓ સરકારે ઘડયા હતા તે રદ કરવામાં આવ્યા હતા. આ કાયદામાં રજિસ્ટ્રેશનને લગતો એક કાયદો હતો કે જેના સંબંધમાં સત્યાગ્રહની લડત કરવામાં આવી હતી. ૧૯૧૪ના મારા અને મિ. સ્મટ્સના કરારમાં એવી કલમ નાખવામાં આવી હતી કે અત્યારે જે હક્કો હિંદી પ્રજા ભોગવે છે તે જેમ ને તેમ રાખવામાં આવશે. આ ઠરાવનો હિંદી પ્રજા એક અર્થ કરે છે ત્યારે ટ્રાન્સવાલના સત્તાવાળાઓ તેનો જુદો અર્થ કરે છે. સને ૧૯૧૩માં તે વેળાના હિંદના વાઇસરૉય લૉર્ડ હાર્ડિંગે સર બેન્જામિન રૉબર્ટ્સનને દક્ષિણ આફ્રિકામાં

૧. આ ભાષણ હોમરૂલ લીગ તરફથી બોલાવાયેલી સભામાં અપાયું હતું. ફૈઝ બી. તૈયબજી અધ્યક્ષ હતા.

Gandhi Heritage Portal

મોકલ્યા હતા. જે વખતે મેં ત્યાં વસતા હિંદીઓને કૂચ કરતા ટ્રાન્સવાલ લઈ જવાને તૈયાર કર્યા હતા તે વખતે અહીં પણ બધાને લાગતું હતું કે આનું પૂરું પરિણામ આવશે. બાદ મારી અને મિ. સ્મટ્સની વચ્ચે પત્રવ્યવહાર ચાલી કેટલોક ખુલાસો થયો હતો. વળી કેટલાક અંગ્રેજોએ હિંદીઓને "સોનેરી હદમાં" લાઈસન્સ પણ નહીં આપવાની સૂચના કરી હતી. ૧૮૮૫ના કાયદાને કે જે સાથે હિંદીઓના અને સ્થાવર મિલકતના સંબંધનો સવાલ છે તેને આજ સુધી કોઈ નાબૂદ કરાવી શક્યું નથી. પણ હું વકીલ તરીકે લોકોને કાયદાપૂર્વકની એવી સલાહ આપતો કે જે જમીન આપણે ત્યાં ગીરવી મુકાયેલી હોય તેનો આપણાથી ઉપભોગ લઈ શકાય. તે પ્રમાણે આપણા ઘણા હિંદી ભાઈઓ ત્યાં પોતાની જમીન ધરાવતા થયા છે તેમ જ જો કોઈ બેચાર જણા મળી કંપની સ્થાપે તો પોતે જમીન લઈ શકે એવી છૂટ હોવાથી કૉર્પોરેશન તરીકે પણ આપણા હિંદી ભાઈઓ ત્યાં જમીન રાખી રહેલા છે.

### સ્થાપિત હિતો છીનવી લેવાની યુક્તિ

પણ હવે આ હક્કો પણ છીનવી લેવા માંડયા છે. હું કબૂલ કરું છું કે તેમાં એક એવી કલમ છે કે જે હિંદીઓની પાસે આગલી જમીનો અને સ્થાવર મિલકત છે તેને હરકત કર્યા સિવાય હિંદીઓ હવેથી આવી રીતે કંપની તરીકે પણ જમીનોના માલિક થઈ શકશે નહીં. આ ઘણું જ ગેરવાજબી છે.

તા. ૩૧મી મે પછી કોઈ પણ હિંદી વેપાર નહીં કરી શકે એવો કાયદો હાલ ઘડવામાં આવ્યો છે. આવી રીતે વેપાર કરવાના આગલા હક્કો જબરજસ્તીથી ખૂંચવી લેવાય છે. હિંદી તરીકે આપણે આવી રીતની કફોડી સ્થિતિ એકે અવાજે હિંદી સરકારને જાહેર કરવાની જરૂર છે. આપણી આ લડત કાંઈ હિંદી સરકાર સાથે નથી. પણ તેમને મજબૂત કરવા હિંદી સરકારને મદદ કરવાની છે. આથી હિંદી સરકારને કાંઈ ગેરલાભ થાય એવું બિલકુલ નથી. પણ જો કદાચ વડી સરકાર દક્ષિણ આફ્રિકાની સરકારને આ કામમાં મદદકર્તા હોય તો આપણે અહીં ભારે પોકાર કરીશું તો તેને પણ આપણી બાજુ લેવાની ફરજ પડશે. દક્ષિણ આફ્રિકાની સરકારે પોતાના મુલકમાં વસવાટ કરવા આવનારાઓને લગતા કાયદામાં રંગભેદ નહીં હોવાની મારી દલીલ કબૂલ રાખી હતી. પણ અત્યારે ત્યાંની ગોરી પ્રજા આપણા હક્કો છીનવી લેવા બહાર પડી છે.

### દક્ષિણ આફ્રિકામાં નાયકોની તાણ

કમનસીબે દક્ષિણ આફ્રિકામાં હિંદીઓને માટે તન તોડી કામ કરનારા ત્રણ બાહોશ પુરુષો અત્યારે નથી. જેમાંના એક મિ. સોરાબજી શાપુરજી અડાજણિયા હતા. જેઓનો દૈવયોગે સ્વર્ગવાસ થયો છે. બીજા મિ. અહમદ મહમદ કાછલિયા. તેઓ પણ ગુજરી ગયા છે અને ત્રીજા મિ. પોલાક જેઓ દક્ષિણ આફ્રિકામાં વસવાને બદલે હાલ લંડનમાં વસે છે. એક વ્યક્તિ હજી ત્યાં છે પણ ત્યાં તેને પોતાના કામ ઉપરાંત આ બીજું કામ કરવાનું છે.

ટૂંકામાં હું એટલું જ કહીશ કે આપણે દક્ષિણ આફ્રિકામાં વસતા આપણા હિંદીઓના હક્કો આવી ગેરવાજબી રીતે છીનવી લેવાતા જોઈ મદદ કરવી જોઈએ. હું આશા રાખું છું કે આ દરખાસ્તને આપ સૌ વધાવી લેશો.

(૧) આ સભા, દક્ષિણ આફ્રિકાના યુનિયનની પાર્લમેન્ટે પસાર કરેલા જમીન અને વેપારને લગતા સુધારાના ખરડા સામે પોતાનો સખત વાંધો દર્શાવે છે, કારણ કે તેથી સને

Gandhi Heritage Portal

૧૯૧૪માં મિ. ગાંધી ને મિ. સ્મટ્સ વચ્ચે થયેલા કરારનો ભંગ થાય છે. તથા તે ટ્રાન્સવાલમાં કાયદેસર વસતા બ્રિટિશ હિંદીઓના હક્કોમાં વિઘ્નકર્તા છે. જેથી હિંદી સરકારે—શાહી સરકારે આ બિલ રદ કરાવવું.

(૨) આ સભા ટ્રાન્સવાલમાં વસતા આપણા હિંદી શહેરીઓ કે જેઓના વસવાટના શહેનશાહતના શહેરીઓ તરીકેના હક્કો ઉપર ગેરવાજબી અને વિના કારણની તરાપ પડે છે અને જેઓ બહાદુરીથી તે સામે લડત ચલાવે છે તેઓ સાથે પોતાની દિલસોજી જણાવે છે અને તેમને મદદ કરવાની ખાતરી આપે છે.

[મૂળ ગુજરાતી]

ગુજરાતી, ૨૦–૭–૧૯૧૯

## ૪૦૪. એફ. સી. ગ્રિફિથને પત્ર

મુંબઈ,
જુલાઈ ૧૪, ૧૯૧૯

વહાલા મિ. ગ્રિફિથ,

આપની ચિઠ્ઠી મળી.[૧] મેં અખબારોમાં કોઈ નિવેદન આપ્યું નથી અને જ્યાં સુધી વધુ સમાચાર નહીં મળે ત્યાં સુધી આપીશ પણ નહીં. ઍસોસિયેટેડ પ્રેસનો જે સંદેશો આજે છાપામાં છપાયો છે તેને માટે પણ હું જવાબદાર નથી.

આપનો સહૃદયી
**મો. ક. ગાં.**

[મૂળ અંગ્રેજી]

છબી પરથી: એસ. એન. ૬૭૪૬

૧. આ ચિઠ્ઠી આ પ્રમાણે હતી:

જરૂરી

હેડ પોલીસ ઑફિસ,
મુંબઈ,
૧૪–૭–૧૯૧૯

પ્રિય શ્રી ગાંધી,

મને મિ. ક્રિરર તરફથી હમણાં જ એક તાર મળ્યો છે, જે નીચે પ્રમાણે છે:

“કૃપા કરીને શ્રી ગાંધીને ખબર આપો કે નામદાર સાહેબનો ખ્યાલ એવો છે કે ‘એમને થોડા જ વખતમાં મળી જનારો’ બીજો પત્ર મળે નહીં ત્યાં સુધી શનિવારની મુલાકાત વિષે તેમણે કોઈ નિવેદન બહાર પાડવું નહીં.

આપનો સહૃદયી
**એફ. સી. ગ્રિફિથ**

તા. ક. આ પત્રની પહોંચ તે લાવનાર માણસ સાથે મોકલવા કૃપા કરશો.

Gandhi Heritage Portal

# ૪૦૫. આર. પી. પરાંજપેને પત્ર

[મુંબઈ,
જુલાઈ ૧૪, ૧૯૧૯]

પ્રિય પ્રોફેસર પરાંજપે,

આપણી વચ્ચે આદર્શોનો મતભેદ હોવા છતાં આપે મને આપના વિદ્યાર્થીઓ સમક્ષ ભાષણ આપવાની પરવાનગી આપી એ આપની ભલમનસાઈ હતી. એટલે આપે મારા ભાષણની ટીકા કરી ત્યારે વિદ્યાર્થીઓએ જે સિસોટીઓ વગાડી પોતાનો અસંતોષ વ્યક્ત કર્યો, તેથી મને દુઃખ થયું. આપના વિદ્યાર્થીઓ સમક્ષ મને એક વાર બોલવાની પરવાનગી આપ્યા પછી આપે જે કંઈ કર્યું તેના કરતાં વિશેષ કરવાની અપેક્ષા નથી રખાઈ. આ બાબતમાં મારી પોતાની લાગણી શી છે તે આપ વિદ્યાર્થીઓને જણાવો એમ હું ઇચ્છું છું. હું ચોક્કસ એમ માનું છું કે તાળીઓ પાડવી કે સીટી બજાવવી એ તેમની તાલીમમાં સમાતું નથી. અભ્યાસકાળમાં વિદ્યાર્થીઓનાં મગજ એટલાં શાંત રહેવાં જોઈએ કે લાગણી અથવા ગુસ્સાને ઉશ્કેરે એવી દલીલોથી એમનાં મન અસ્થિર કે અસ્વસ્થ ન થાય. દરેક વાત ઉપર નમ્રભાવે વિચાર કરવાનું, તુલના કરવાનું અને પોતાની સ્થિર બુદ્ધિને ગ્રાહ્ય લાગે તે પોતાના જીવનમાં વણી લેવાનું એમનું કર્તવ્ય છે.

હવે આપની ટીકાના જવાબ રૂપે બે શબ્દો લખું છું.[1] આપ યંત્રો (મશીનરી) વિષેના મારા વિચારો જાણો છો, એટલે હું ખરેખર શું બોલ્યો તેને આધારે નહીં પણ એ વિષય ઉપર હું શું બોલ્યો હોત તેના ખ્યાલથી આપે ટીકા કરી. સ્વદેશીના પ્રચારને હું મારા યંત્રો વિષેના વિશિષ્ટ વિચારોના અમલની વાતથી બિલકુલ અલગ રાખી રહ્યો છું. સ્વદેશી અંગે મેં તૈયાર કરેલી જુદી જુદી પ્રતિજ્ઞાઓ આપ જોશો તો આપને આ વાતની ખાતરી થશે. એટલે ગાડું હાંકનારા કે લહિયાનું કામ કરનારા કારીગરોના ભાગ્યને આ આંદોલન સાથે કશો સંબંધ નથી. આ બંને વર્ગના લોકોને બીજા ધંધા મળી ગયા છે. સ્વદેશી વિષે મારી દલીલ એ છે કે આપણા કિસાનોની પત્નીઓ પહેલાં જે સૂતર કાંતતી હતી અને જેમાંથી કિસાનો પોતે કાપડ વણતા હતા તેમણે બીજો કોઈ ધંધો મેળવ્યા વિના જ આ કાંતવાવણવાનો ધંધો છોડી દીધો છે. જેમ કોઈ હાઇડ્રોલિક એંજિનિયર મોટા મોટા જળધોધોનો ઉપયોગ કરે છે તેમ હું રાષ્ટ્રના આ બેકાર સમયનો ઉપયોગ કરવા માગું છું. દાખલા તરીકે આપણી સ્ત્રીઓ કચોરી-સમોસાં ઘરે બનાવે છે. હવે ધારો કે એમના કરતાં વધારે સારાં અને સસ્તાં કચોરી-સમોસાં મશીનમાં બનાવેલાં મળી શકતાં હોય તો શું આપ આપણી સ્ત્રીઓનું એ કામ બંધ કરાવી દેશો? અલબત્ત એમની બચી જતી મહેનતનો ઉપયોગ આપ એનાથી સારાં કામમાં કરી શકતા હો તો જ તમે એમ કરશો. આપની અને મારી સમક્ષ કોયડો એ છે કે આજે હિંદુસ્તાનના ૨૪ કરોડ કિસાનો વરસના છ મહિનાનો જે સમય લગભગ બેકાર અવસ્થામાં વિતાવે છે તે સમયનો ઉપયોગ કેવી રીતે કરવો? મારા અભિપ્રાય પ્રમાણે જનતાની ગરીબી વધતી જાય છે. આ વધતી જતી ગરીબાઈનું મુખ્ય કારણ આ ફરજિયાત બેકારી છે. એને આપણે મુખ્ય કારણ ન કહીએ તોપણ એ ભારે જમીન

૧. જુઓ "પૂનામાં ફર્ગ્યુંસન કૉલેજમાં સ્વદેશી વિષે ભાષણ", ૧૨-૭-૧૯૧૯.

Gandhi Heritage Portal

મહેસૂલના બોજા જેટલું મહત્ત્વનું તો છે જ. આપ જે કહો છો કે સ્વદેશીનું વ્રત પાળનારા આપણી મિલોમાં બનેલું બધું કાપડ વાપરી નાખશે તો ગરીબો તકલીફમાં મુકાઈ જશે, એ વાતનો જવાબ હું માનું છું કે મેં સૂચવેલી યોજનામાં સારી રીતે આવી જાય છે. આ યોજનામાં એવું છે કે મિલોમાં બનેલા કાપડનો ઉપયોગ એવા ૨૦ ટકા લોકો જ કરશે જેમને, સંભવ છે કે હાથે કાંતેલા વધારે જાડા, વધારે કલામય કાપડથી સંતોષ નહીં થતો હોય.

જો આટલાથી મારા કહેવાનો અર્થ સ્પષ્ટ ન થતો હોય તો હું આપને વિનંતી કરું છું કે આપ કૃપા કરીને થોડો સમય કાઢી મારી દલીલોના જવાબ રૂપે આપના વિચારો લખી મોકલો. આપ જાણો છો કે હું આપની ટીકાને કીમતી ગણું છું. આપે કરી છે એવી મૈત્રીની ભાવનાવાળી અને જ્ઞાનપૂર્વકની ટીકામાંથી મને ઘણું શીખવાનું મળશે. અને મારે આપને ભાગ્યે જ ખાતરી આપવાની હોય કે જો મારી ભૂલ થઈ છે એવી મને ખાતરી થશે તો એ ભૂલ કબૂલ કરતાં અને સુધારતાં મને સહેજ પણ સંકોચ થવાનો નથી.

આપનો સહૃદયી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૬૭૪૭

## ૪૦૬. ડી. એન. નગરકટ્ટીને પત્ર

[જુલાઈ ૧૪, ૧૯૧૯][1]

પ્રિય મહાશય,

મારે આપની પાસેથી થોડી માહિતી જોઈએ છે. તે કૃપા કરીને મોકલી આપશો? નિઝામના રાજ્યમાં હાથે રૂ કાંતવાનો ઉદ્યોગ અત્યારે ચાલે છે? જો ચાલતો હોય તો કયા કયા નંબરનું સૂતર અત્યારે કંતાય છે? અને આ રીતે દર વર્ષે કુલ કેટલું સૂતર પેદા થાય છે? આપ એ પણ જણાવશો કે નામદાર નિઝામ સાહેબના રાજ્યમાં હાલમાં કેટલી હાથસાળો ચાલે છે અને એમાંથી દર વર્ષે કેટલું અને કેટલી કિંમતનું કાપડ તૈયાર થાય છે.

આપનો સહૃદયી

ડી. એન. નગરકટ્ટી
મદદનીશ ઉદ્યોગ સંચાલક
હૈદરાબાદ, દક્ષિણ

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૬૭૪૮

૧. આ તારીખ નગરકટ્ટીના તા. ૧૦-૮-૧૯૧૯ના ગાંધીજીને આપેલા જવાબ ઉપરથી નક્કી કરવામાં આવી છે. જુઓ એસ. એન. ૬૭૯૫.

Gandhi Heritage Portal

## ૪૦૭. છગનલાલ ગાંધીને પત્ર

[મુંબઈ,
જુલાઈ ૧૪, ૧૯૧૯][1]

ચિ. છગનલાલ,

તમારો કાગળ મળ્યો.

રૂ. ૧૦૦નો ચેક તમે મોકલેલ રેવાશંકરભાઈને ત્યાં આવ્યો છે. તેની નોંધ તમને તેમના તરફથી મળેલ હશે. એ સિવાય રૂ. ૪૦૦૦નો પોલાકના ખાતાનો અને રૂ. ૧૦૦૦નો દ. આ. [દક્ષિણ આફ્રિકા] બાબતના ખર્ચનો ચેક મળ્યો છે. તે પણ અહીં જમે કરાવેલ છે. આ તમે તેમને ખાતે માંડેલ હશે. સ્વદેશી સ્ટોરના આંકડાની તજવીજ કરું છું.

વાઈસરૉય તરફના છેવટના કાગળની રાહ જોઉં છું. તે ન આવે ત્યાં સુધી એ નિશ્ચય હું નથી કરી શકતો. શનિવારે નીકળી ત્યાં આવીશ એમ ધારું છું. આજે લેડી તાતા, લેડી પિટીટ અને મિસિસ જહાંગીર પિટીટ શીખવા આવ્યાં હતાં. એક એક રેંટિયો પણ લઈ જશે. કોણ જાણે શી ખૂબી છે, પણ માછલું જેમ પાણી પસંદ કરી લે છે તેમ ઓરતોએ રેંટિયાની ખૂબી પિછાની લીધી છે.

બાપુના આશીર્વાદ

તમારા કામની ભીડ કેવી છે? રેવાશંકર કામ કેમ કરે છે?

[મૂળ ગુજરાતી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્ર પરથી: એસ. એન. ૬૭૪૫

## ૪૦૮. મામા ફડકેને પત્ર

મુંબઈ,
મંગળવાર, જુલાઈ ૧૫, ૧૯૧૯

ભાઈશ્રી મામા,[2]

તમારું પત્તું મળ્યું. હું ત્યાં આવતે અઠવાડિયે આવીશ એમ ભાસે છે. મારી અત્યારની ગણતરી મુજબ તો હું મંગળ કે બુધવારે ત્યાં આવીશ. ભાઈ વામનરાવને પણ આ ખબર દેજો. બધો આધાર મારી ઉપર એક કાગળ ગવર્નર સાહેબ તરફથી આવવો જોઈએ તેની ઉપર છે.

તમારું કેમ ચાલે છે? તબિયત કેવી રહે છે?

મોહનદાસના
વંદે માતરમ્

[મૂળ ગુજરાતી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્ર પરથી: જી. એન. ૩૮૦૮

૧. આ પત્ર છગનલાલ ગાંધીને લખેલા જુલાઈ ૧૩મીના પત્ર પછી, પણ મામા ફડકેને લખેલા જુલાઈ ૧૫મીના પત્ર પહેલાં લખેલો જણાય છે. એ પત્રમાં ગાંધીજીએ લખ્યું છે કે પોતે આગામી અઠવાડિયામાં મંગળવારે કે બુધવારે અમદાવાદમાં હશે.

૨. વડોદરાના ગંગનાથ ભારતી વિદ્યાલયના શિક્ષક; પાછળથી ગાંધીજીના સાથી.

Gandhi Heritage Portal

# ૪૦૯. પ્રિન્સિપાલ પરાંજપેની ટીકાનો જવાબ[1]

[જુલાઈ ૧૬, ૧૯૧૯]

એટલું સ્પષ્ટ છે કે ફર્ગ્યુસન કૉલેજના વિદ્વાન અને લોકપ્રિય પ્રિન્સિપાલ, એમના પોતાના જ કહેવા પ્રમાણે, શ્રી ગાંધીના ભાષણની બધી વિગતો સમજી શક્યા નથી. સ્પષ્ટપણે એમનો ખ્યાલ એવો હતો કે શ્રી ગાંધી પોતાના યંત્રો અંગેના જાણીતા વિચારો સ્વદેશીના પ્રચારમાં દાખલ કરવા પ્રયત્ન કરી રહ્યા હતા. હકીકત તો એવી છે કે શ્રી ગાંધી પોતાના એ વિચારોને ઇરાદાપૂર્વક અલગ રાખીને બોલ્યા હતા. સ્વદેશી અંગે એમણે જે ત્રણ પ્રતિજ્ઞાઓ તૈયાર કરી છે, તે બધીમાં મિલોમાં બનેલો માલ વાપરવાની છૂટ આપવામાં આવી છે. એમણે પોતાના ભાષણમાં કહ્યું હતું કે ખેડૂતો હાથે બનાવેલું જાડું કાપડ ઉત્પન્ન કરે અને વાપરે, તો જ શહેરના લોકો મિલનું કાપડ વાપરી શકશે. ગાડું હાંકનારા અને લહિયાનું કામ કરનારાનાં ઉદાહરણને આ પ્રશ્નો સાથે ખરેખર કશો સંબંધ નથી. આ બે વર્ગના લોકોને બીજા ધંધા મળી ગયા છે, જ્યારે ખેડૂતો અને ખાસ કરીને ગામડાંની સ્ત્રીઓ, ઘરમાં કામ નહીં હોવાથી મોટે ભાગે બેકાર રહે છે. શ્રી ગાંધીએ હાથે કાંતવાનું અને હાથે વણવાનું કામ, જે કરોડો લોકો વરસનો લગભગ અર્ધો ભાગ ફરજિયાત બેકારીમાં વિતાવે છે તેમને માટે સૂચવ્યું છે. સર દીનશા વાચ્છાએ टाइम्स ऑफ इन्डियामां કાપડની ખેંચના સંબંધમાં એક પત્ર લખ્યો છે. તેમાં એમણે એવી આગાહી કરી છે કે: "મિલોમાં વધારે ત્રાકો અને સાળો દાખલ કરી તેમની ઉત્પાદન શક્તિ વધારી શકાય તેમ નથી, એટલે હિંદુસ્તાનની મિલો વધારે કાપડ ઉત્પન્ન કરશે અને એ રીતે કાપડની ખેંચમાં રાહત મળશે એવી અપેક્ષા રાખવી નહીં." આ કથનનો ઉલ્લેખ કરીને મૉડર્ન રિવ્યૂએ લખ્યું છે: "હાથસાળો અને દેશી રેંટિયા મારફતે હાલ થતા ઉત્પાદનથી વધારે માલ ઉત્પન્ન કરીને આ દિશામાં થોડી વધુ મદદ ન થઈ શકે? અમે માનીએ છીએ કે થઈ શકે."

સંપાદક

यंग इन्डिया

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, ૧૬–૭–૧૯૧૯

૧. આ નોંધ ૧૨મી જુલાઈએ પૂનાની ફર્ગ્યુસન કૉલેજમાં થયેલી સભાના હેવાલ સાથે સંપાદકીય નોંધના રૂપમાં છાપવામાં આવી હતી. જુઓ "પૂનાની ફર્ગ્યુસન કૉલેજમાં સ્વદેશી વિષે ભાષણ", ૧૨–૭–૧૯૧૯.

Gandhi Heritage Portal

## ૪૧૦. મગનલાલ ગાંધીને પત્ર

બુધવાર [જુલાઈ ૧૬, ૧૯૧૯][1]

ચિ. મગનલાલ,

આ ચિઠ્ઠી ભાઈ વેંકટ ક્રિષ્ણામા લાવે છે. તેને રાજગોપાલાચારી જે પ્રખ્યાત સત્યાગ્રહી છે તેણે મોકલ્યા છે. તેનો વિચાર મહેનત કરવાનો છે. તે દર માસે રૂ. ૧૦ આપી શકશે એમ જણાવે છે. ઓટા પર જ જગ્યા મળે તો બસ છે એમ કહે છે ને બધી મહેનત કરવા તૈયાર છે. તેની ઇચ્છા સાળનું કામ શીખવાની છે. તેને જે મજૂરીનું કામ આપવું હોય તે આપજો. અને સાથે કાંતવાના કામથી શરૂઆત કરાવજો. બરોબર કામ કરે તો રહે. એને ઠીક નહીં પડે તો જાય. આમ મને લાયક માણસ લાગે તેને હું મોકલ્યા કરું તેમાં જ્યારે અકળામણ જણાય ત્યારે મને લખી નાખજો.

હું શુક્રવારે ગવર્નરને મળવાનો છું. તે દહાડે વધારે ખબર પડશે કે મારી શી દશા થવાની છે. શામળદાસને સારુ ઘરની તજવીજ કરતા હશો.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્ર પરથી: સી. ડબ્લ્યુ. ૫૭૭૧

શ્રીમતી રાધાબહેન ચોધરીના સૌજન્યથી

## ૪૧૧. એ. એચ. વેસ્ટને પત્ર

લેબર્નમ રોડ,<br>ગામદેવી,<br>મુંબઈ,<br>જુલાઈ ૧૭, ૧૯૧૯

પ્રિય ભાઈ વેસ્ટ,

ડરબનથી લખેલો તમારો તારીખ વિનાનો પત્ર મળ્યો. એમાં તમે લખ્યું છે કે મારા તરફથી તમને કાંઈ પણ સમાચાર મળ્યા નથી તેથી તમે ઘણા નિરાશ થયા છો. આ વાત મને બિલકુલ સમજાતી નથી. મેં તમને, મિસિસ વેસ્ટને તથા દેવીને પત્રો લખ્યા છે. એટલું ખરું કે મેં બહુ પત્રો લખ્યા નથી. પરંતુ એટલા જરૂર લખ્યા છે જેથી હું તમને કદી ભૂલી ગયો નથી એનો તમને સૌને ખ્યાલ આવે. એક પત્રમાં મેં મારી મુશ્કેલીઓ વર્ણવી હતી અને ઇચ્છ્યું હતું કે તમે મારી સાથે હો તો મને ઘણો આનંદ થાય. કામકાજ અંગેના તમારા એક

૧. આ પત્રમાં ગવર્નરની મુલાકાતનો ઉલ્લેખ છે. તે પરથી આ તારીખ નક્કી કરવામાં આવી છે. ગવર્નરની મુલાકાત "મોડામાં મોડી શનિવારે", ૧૯મી જુલાઈએ થવાની હતી. જુઓ "એફ. સી. ગ્રિફિથને પત્ર" ૧૮-૭-૧૯૧૯.

Gandhi Heritage Portal

પણ પત્રનો જવાબ હું લગભગ મરણપથારીએ હતો તે છતાં આપ્યા વિના રહ્યો નથી. મને યાદ છે કે તમારો પત્ર મળતાં જ રુસ્તમજીને મેં લખી દીધું હતું કે એમણે તમને આપેલી બધી રકમો મારે ખાતે ઉધારી દેવી. મને એ પણ યાદ છે કે તમારા એક પત્રમાં તમે મને પૈસા માટે રુસ્તમજીને તાર કરવા લખ્યું હતું, પરંતુ મેં તાર કર્યો નહોતો. તેનું કારણ એ હતું કે ગણતરી કરતાં મને લાગ્યું કે તે વખતે રુસ્તમજીને મારો પત્ર મળી ગયો હોવો જોઈએ, અને મહાદેવ દેસાઈએ પણ મારા અનુમાનને સમર્થન આપ્યું હતું. પરંતુ એમ બન્યું હોય કે મારા પત્રો રસ્તામાં ગુમ થયા હોય, અને એવું પણ બને કે ટપાલ નાખવાનું કામ કરનાર સ્વયંસેવકે બેદરકારીથી મારા કેટલાક કાગળો પાડી નાખ્યા હોય કે ખોઈ નાખ્યા હોય. આમ લખવાનું કારણ એ છે કે પત્રો નહીં મળ્યાની ફરિયાદ તમારા તરફથી જ આવી છે એવું નથી. પોલાક, રામદાસ અને બીજા લોકો તરફથી પણ એવી ફરિયાદો મને મળી છે. એટલે બીજા મિત્રોને મેં જે લખ્યું છે તે તમને પણ મારે લખવું પડશે કે તમે બધા આ બાબતમાં મને ક્ષમા કરશો અને કદી એમ ન માનશો કે પત્રો લખવામાં હું બેદરકાર છું. મારી ઘણી ઇચ્છા છે કે મને વધારે ફુરસદ મળે, જેથી મારે જેટલું લખવું હોય તેટલું અને જેટલી વાર લખવું હોય તેટલી વાર હું લખી શકું. પરંતુ હાલ એવી ફુરસદ મારા ભાગ્યમાં લખી નથી. પેલા ૭૦ પાઉંડ વિષે આજે શ્રી રુસ્તમજીને હું ફરીથી પત્ર લખું છું.

થોડા વખત ઉપર ઇન્ડિયન ઓપીનિયન અંગે મેં મણિલાલને લખ્યું હતું. એમણે મને એમ લખેલું કે કાં તો પૈસા પૂરા પાડો અથવા જાહેર ખબરો છાપવાની અને બીજું બહારનું કામ લેવાની છૂટ આપો. હું ત્યાં હતો ત્યારે આ બાબતમાં જે વિચારો ધરાવતો હતો તે જ વિચારો આજે પણ કાયમ છે. અને અહીં હું જોઉં છું કે સ્વાર્થી લૂંટ ચાલી રહી છે અને સારાખોટાનો વિચાર કર્યા વિના આંધળી રીતે જાહેર ખબરો સ્વીકારવામાં આવે છે. જેમ જેમ હું આ બધું જોતો જાઉં છું, તેમ તેમ મને ખ્યાલ આવતો જાય છે કે આ જાહેર ખબરો વગેરે પરોક્ષ રીતે કપટી માર્ગે લેવાતા ઐચ્છિક કર સિવાય બીજું કશું નથી. મને એ પણ વિચાર આવે છે કે આ બધી બાબતો પત્રકારત્વને દૂષિત કરી રહી છે અને તેને મોટે ભાગે એક ધંધાકીય વ્યવસાય બનાવી રહી છે. આમ મને વધારે ને વધારે ખાતરી થતી જાય છે કે મારા વિચારો સાચા છે. આમ છતાં એટલું ખરું કે દૂધમાં ને દહીંમાં બંનેમાં પગ રાખવાનું ઉચિત નથી. ઇન્ડિયન ઓપીનિયનને તમારે કાં તો એક ધંધાદારી પ્રવૃત્તિ બનાવી દેવી જોઈએ અને પછી લોકો તેને એક પરોપકારનું અથવા દેશસેવાનું કામ માને એવી આશા છોડી દેવી જોઈએ અથવા એને દક્ષિણ આફ્રિકામાં વસતા હિંદીઓની અભિલાષાઓનું એકમાત્ર મુખપત્ર બનાવવું જોઈએ અને લોકોની શુભેચ્છા અને સહાયતા ઉપર સંપૂર્ણ ભરોસો રાખવો જોઈએ. મેં મણિલાલને સમજાવ્યું છે કે એ પત્રને ધંધાકીય વ્યવસાય નહીં બનાવવો જોઈએ. મેં એમને વેપાર કરવા ત્યાં મોકલ્યા નથી, લોકોની સેવા કરવા મોકલ્યા છે. મને લાગે છે કે ઇન્ડિયન ઓપીનિયને થોડે અંશે પણ પોતાનો ઉદ્દેશ પાર પાડ્યો છે. એમાંથી પ્રેરણા પામીને અનેક હિંદી છાપખાનાં સ્થપાયાં છે અને અનેક હિંદી અખબારો નીકળવા લાગ્યાં છે. એ બધાં એક યા બીજા પ્રકારે કાંઈક અંશે જનતાની સેવા કરે છે. મણિલાલમાં નેતા થવાની કે મૌલિક કામ કરી બતાવવાની શક્તિ નથી, અને એમાં એનો કશો દોષ નથી. એટલે એનો પ્રયાસ અસરકારક નહીં થઈ શકે. આ કારણે મેં એને એવી સલાહ આપી છે કે એણે તમારી અને શ્રી રુસ્તમજી સાથે મસલત કરીને તથા આજ સુધી લવાજમ ભરનાર ગ્રાહકોનું હિત સાચવીને ઇન્ડિયન ઓપીનિયન બંધ

Gandhi Heritage Portal

કરી દેવું અને ફિનિક્સને સમેટી લેવું, છાપખાનામાંથી તમારે જે જોઈતું હોય તે તમને લેવા દેવું અને તમને યોગ્ય લાગે તેમ જમીન વહેંચી આપવી અને એ બધામાંથી થતી આવકનો તમને યોગ્ય લાગે તેમ ઉપયોગ કરવો. બાકી રહેલાં પુસ્તકોનો ત્યાં વધારે સારો ઉપયોગ ન થઈ શકતો હોય તો તે બધાં લઈને તેણે જાતે અહીં ચાલ્યા આવવું. રામદાસ તો ત્યાં મુખ્યત્વે વેપાર કરવા જ ગયો છે. એમ જણાય છે કે તે ત્યાં સારી રીતે જામી ગયો છે, એની સંભાળ સારી રીતે લેવાય છે અને પોતે અંતરાત્માને આઘાત લગાડ્યા સિવાય આખરે કંઈક કમાઈ શકે છે એ વિચારે ખુશ રહે છે. જ્યાં સુધી તેને ત્યાં રહેવું હોય ત્યાં સુધી ભલે રહે.

મણિલાલ ઉપરના મારા પત્રમાં એક વાત લખવાની રહી ગઈ છે એમ મને લાગે છે. એ વાત મને એ પત્ર લખ્યા પછી સૂઝી હતી એવો ખ્યાલ છે. એ વિચાર હવે જણાવું છું. તમારો એવો ખ્યાલ હોય કે ઇન્ડિયન ઓપીનિયન ચાલુ રાખીને તમારો વેપાર વધારવો છે તો તમે તેમ કરી શકો છો. કદાચ એમ કરો તો તેમાં કશું ખોટું નથી. ગુજરાતી વિભાગ તમારાથી આપી નહીં શકાશે. કેવળ અંગ્રેજી વિભાગ છાપવાનું રાખો. આ રીતે તમે ઇન્ડિયન ઓપીનિયનને, દક્ષિણ આફ્રિકામાં હિંદીઓ શું કરી રહ્યા છે અને તેમની સામે યોગ્યતા અંગેના કેવા કેવા વાંધાઓ ઊભા કરવામાં આવી રહ્યા છે તે વિષેના હિંદુસ્તાનમાં તેમ જ ઇંગ્લંડમાં પ્રમાણભૂત સમાચારો મોકલવાનું એક સારું સાધન બનાવી શકો છો. હું ઇચ્છું છું કે આ સૂચનનો તમારે કેવળ વેપારી દૃષ્ટિથી જ વિચાર કરવો. તમને એ વ્યવહારુ લાગે તો જ તમે તેની વિગતવાર યોજના તૈયાર કરશો. તમને એમ લાગે કે ધંધાની દૃષ્ટિએ તે વિચાર નકામો છે તો એને મગજમાંથી બિલકુલ કાઢી નાખશો.

ટ્રાન્સવાલના વેપાર અને જમીન અંગેના બિલ અંગે ન્યાય મેળવવા માટે હું આકાશપાતાળ એક કરી રહ્યો છું. પરંતુ પૂરતી માહિતીને અભાવે મારા હાથ હેઠા પડે છે. રિચે[1] મને પત્ર લખ્યો છે. નાયડુએ માત્ર એક વાર લખ્યું હતું. અસ્વાતનો એક તાર આવ્યો હતો અને તે વિષે જે કંઈ કરવું ઘટે તે મેં તરત જ કર્યું હતું.[2] પરંતુ લગભગ પંદર દિવસ ઉપર મેં એક તાર[3] કરેલો તેનો કશો ઉત્તર મળ્યો નથી. એટલે બિલ અંગે છેલ્લા સમાચાર શા છે તે હું જાણવા માગું છું. તમે બધી માહિતી એકઠી કરી મને તે લખી જણાવશો? અથવા જેઓ આ કામ કરી શકે તેમ હોય તેમને તે સોંપશો? અહીં જે કંઈ ચાલી રહ્યું છે તે તો તમને યંગ ઇન્ડિયામાંથી જાણવા મળતું હશે. એ પત્ર હવે લગભગ હું જ ચલાવું છું. તમે એ વાંચો છો કે નહીં તેની મને ખબર નથી. તે ફિનિક્સ મોકલવામાં આવે છે. કૃપા કરીને દેવીને આટલું જરૂર લખજો કે મેં એને પણ નિયમિત પત્રો લખ્યા છે. તેનું કેમ ચાલે છે? તે મૅરિત્સબર્ગમાં છે કે? મિસિસ ડોક[4] હાલ ક્યાં રહે છે? અને મિ. ફિલિપ્સ?[5] પાર્વતીને કહેશો કે વચન આપ્યા પ્રમાણે તેણે મને કદી ફરીથી લખ્યું નથી. ઘણા મહિના પહેલાં મેં એને પત્ર લખ્યો

૧. એલ. ડબ્લ્યુ. રિચ, દક્ષિણ આફ્રિકામાં ગાંધીજીના કાર્યાલયમાં સૉલિસિટરનું કામકાજ શીખતા વકીલ (આર્ટિકલ્ડ ક્લાર્ક) અને લંડનની દક્ષિણ આફ્રિકા બ્રિટિશ હિંદી સમિતિના મંત્રી.

૨. જુઓ "દક્ષિણ આફ્રિકાની સ્થિતિ વિષે અખબારો જોગ પત્ર", ૨૫–૨–૧૯૧૯.

૩. જહાંગીર બી. પિટીટના તા. ૨–૭–૧૯૧૯ના પત્રમાં પણ ગાંધીજી લખે છે કે: "આજે હું એમને એક લાંબો તાર મોકલવા માગું છું." પરંતુ આ તાર મળતો નથી.

૪. જોહાનિસબર્ગના બૅપ્ટિસ્ટ ચર્ચના વડા પાદરી રેવરન્ડ જોસફ જે. ડોક (૧૮૬૧–૧૯૧૩)નાં પત્ની.

૫. રેવરન્ડ ચાર્લ્સ ફિલિપ્સ, કૅથલિક પાદરી.

Gandhi Heritage Portal

હતો પણ તે એને મળ્યો કે નહીં તેની મને ખબર નથી. મને લાગે છે કે છેલ્લે હું ચંપારણમાં હતો ત્યારે મેં એ પત્ર લખ્યો હતો. મણિલાલનું તમારી સાથેનું વર્તન પહેલાં કરતાં કંઈક સુધર્યું છે ખરું? હિલ્ડા તો હવે વધીને મોટી છોકરી બની ગઈ હશે. શું તે મને બે લીટી નહીં લખી શકે? ગ્રેનીને[1] મારી સ્નેહભરી યાદ કહેજો. એમની હાજરી આજુબાજુના સૌને અત્યંત તાજુબી-ભરી નીવડતી હશે. મિસિસ વેસ્ટ અને સામને[2] પણ મારાં સ્નેહસ્મરણ કહેશો. સામ હવે એની બંદૂકનો શો ઉપયોગ કરતા હશે તેનું મને આશ્ચર્ય થાય છે.

તમારો સહૃદયી

**મો. ક. ગાંધી**

[મૂળ અંગ્રેજી]

ગાંધીજીની સહીવાળી હસ્તલિખિત નકલની છબી પરથી: સી. ડબ્લ્યુ. ૪૪૩૧

મિ. એ. એચ. વેસ્ટના સૌજન્યથી

## ૪૧૨. એફ. સી. ગ્રિફિથને પત્ર

[મુંબઈ,]

જુલાઈ ૧૮, ૧૯૧૯

વહાલા મિ. ગ્રિફિથ,

હું પૂનામાં હતો ત્યારે નામદાર સાહેબે મને કહેલું કે પોતે મને મોડામાં મોડા શનિવારે, એટલે આવતી કાલે અચૂક મળશે. એમણે મને એમ પણ કહેલું કે એમની જાણ માટે મારે આપને હું મુંબઈથી ક્યારે નીકળવાનો છું તેની ખબર આપવી. આથી મેં એમના તરફથી સમાચાર મળવાની અપેક્ષા રાખી હતી. પરંતુ હજી સુધી એમના તરફથી મને કંઈ પત્ર કે સંદેશો મળ્યો નથી તેથી નવાઈ લાગે છે. આમ મારો કાર્યક્રમ ગોઠવવામાં હું કંઈક દ્વિધામાં પડ્યો છું. બને તો આવતી કાલે હું અમદાવાદ જવા માગું છું. તો કૃપા કરીને નામદાર સાહેબને આપ એટલું જણાવશો અને તેમની પાસેથી જાણી લેશો કે નજીકના ભવિષ્યમાં એમને મારી જરૂર પડવાની છે ખરી?

આપનો સહૃદયી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી: એસ. એન. ૬૭૫૮

૧. એ. એચ. વેસ્ટનાં સાસુ.

૨. ગોવિંદસ્વામી; ફિનિક્સના ઇન્ટરનેશનલ પ્રિન્ટિંગ પ્રેસમાં મશીન ફોરમૅન.



Gandhi Heritage Portal

## ૪૧૩. છગનલાલ ગાંધીને પત્ર

મુંબઈ,
શુક્રવાર [જુલાઈ ૧૮, ૧૯૧૯][1]

ચિ. છગનલાલ,

ગંગાબહેનને પૈસા મોકલવાનો નિર્ણય હું ત્યાં આવું ત્યારે કરશું. હું ગંગાબહેનને લખું છું. હું વખતે કાલે પણ ન નીકળી શકું એવું બને. ગવર્નર સાહેબને મળવાનું વખતે રવિવારે થાય. દુર્ગાબહેનવાળો ઓરડો ભલે શામળદાસને આપો. તેનું ભાડું તેણે આપવું જોઈએ એ ધ્યાનમાં રાખજો. દુર્ગાબહેનનું હાલ તો અહીં જ રહેવાનું થશે એમ જોઉં છું. યંગ ઇન્ડિયાની પાસેથી જામીનગીરી લેવાની હિંમત પણ માજિસ્ટ્રેટની ન ચાલી. જો જામીનગીરી માગત તો આપત નહીં. જામીનગીરી લેશે જ એમ ધા[રી]ને બેઠા હતા તેથી મહાદેવ છૂટા થશે એ ધાર્યું હતું. પણ ધાર્યું તો ધણીનું ઊતરે.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્રની છબી પરથી : એસ. એન. ૬૭૮૪

## ૪૧૪. ગાંધી-સ્મટ્સ સમાધાન વિષે મુંબઈમાં ભાષણ

જુલાઈ ૧૮, ૧૯૧૯

દક્ષિણ આફ્રિકાની સંઘ સરકારે તાજેતરમાં ત્યાંની ધારાસભામાં પસાર કરેલા એશિયાઈ લોકોને લગતા જમીન અને વેપાર સંબંધી સુધારેલા ધારાનો વિરોધ કરવા સામ્રાજ્યમાં વસતા હિંદી નાગરિકો તરફથી એક જાહેર સભા ૧૮મી જુલાઈ, ૧૯૧૯ને રોજ મુંબઈના એક્સેલસિયર થિયેટરમાં ભરવામાં આવી હતી. માનનીય સર દીનશા એમ. પિટીટ, બાર-ઍટ-લૉ, આ સભાના પ્રમુખ હતા.

સર એન. જી. ચંદાવરકરે રજૂ કરેલા પ્રથમ ઠરાવને અનુમોદન આપતાં મહાત્મા ગાંધીએ કહ્યું કે કેટલાંક વર્ષ પહેલાં બોઅર યુદ્ધ ફાટી નીકળ્યું હતું ત્યારે સમ્રાટના એક પ્રધાન લૉર્ડ લેન્સડાઉને કહેલું કે આ યુદ્ધ થવાનાં કારણોમાં એક કારણ ત્યાંની સરકાર ટ્રાન્સવાલમાં વસતા હિંદીઓની સાથે ઘણો ખરાબ વર્તાવ કરતી હતી એ હતું. લૉર્ડ લેન્સડાઉને ઉમેરેલું કે ટ્રાન્સવાલની સરકારે ત્યાંના હિંદીઓને જે દુ:ખો આપ્યાં હતાં તે સંભારતાં મને જે દુ:ખ થાય છે તેવું દુ:ખ બીજી કોઈ બાબતથી મને થયું નથી. આ હકીકત લૉર્ડ લેન્સડાઉને ૧૮૯૯માં કહી હતી. એટલે મારું (શ્રી ગાંધીનું) કહેવું એ છે કે દક્ષિણ આફ્રિકામાં વસેલાં આપણાં ભાંડુઓની ૧૮૯૯માં જે દશા હતી તેના કરતાં તેમની વધારે ખરાબ દશા હરગિજ નહીં થવા દેવી જોઈએ. એ યુદ્ધ થયું તે

૧. જુલાઈ ૧૩, ૧૯૧૯ના છગનલાલ ગાંધી ઉપરના પત્રમાં ગાંધીજીએ લખેલું કે હું આવતા શનિવારે, એટલે તા. ૧૯–૭–૧૯૧૯ને રોજ અમદાવાદ જવા નીકળીશ. એ ઉપરથી જણાય છે કે આ પત્ર ૧૮મી ને શુક્રવારે લખાયો હતો.

Gandhi Heritage Portal

પહેલાં આપણા લોકોની જે દશા હતી તેના કરતાં તો આજે વધારે સારી દશા હોવી જોઈએ. પરંતુ એથી ઊલટું આપણે જોઈએ છીએ કે આ નવા કાયદાને લીધે જમીનો પ્રાપ્ત કરવાના તથા વેપાર કરવાના હક્કો મેળવવા અંગે ટ્રાન્સવાલના હિંદીઓની સ્થિતિ વધારે બગડી છે. કારણ કે ૧૮૯૯ પહેલાં આપણા લોકો એ દેશમાં રહેતા બ્રિટિશ એજન્ટની મદદથી એ હક્કો ભોગવતા હતા. તે વખતે તેઓ છૂટથી પોતાનો વેપાર કરી શકતા હતા, જમીનો ગીરો રાખી શકતા હતા અને તેના માલિક પણ બની શકતા હતા. પરંતુ હવે આ કાયદો એમના આ બંને હક્કો છીનવી લેવા માગે છે.

અને જનરલ સ્મટ્સ તથા મારી વચ્ચે થયેલો સમાધાનનો અર્થ ચુસ્ત કાનૂની દૃષ્ટિએ ઘટાવવો જોઈએ એવું જે આગ્રહપૂર્વક કહેવામાં આવે છે તે બાબતમાં (શ્રી ગાંધીએ કહ્યું) મને સદ્ગત હેનરી કૅમ્પબેલ બૅનરમૅનના કિસ્સાનું સ્મરણ થાય છે. એમણે બોઅર લોકો સાથે સુલેહ કરતી વખતે લૉર્ડ કિચનરને કહેલું કે સમાધાનનો અર્થ નબળા પક્ષના દૃષ્ટિબિંદુથી ઘટાવવો જોઈએ. શ્રી ગાંધીએ કહ્યું: એટલે મારું કહેવું એમ છે કે સ્મટ્સ સાથેના મારા સમાધાનનો અર્થ પણ એવી જ ઉદાર ભાવનાથી ઘટાવવો જોઈએ, એટલે કે હિંદીઓના દૃષ્ટિબિંદુથી ઘટાવવો જોઈએ, કેમ કે આ કિસ્સામાં હિંદીઓનો પક્ષ નબળો છે.

આગળ બોલતાં શ્રી ગાંધીએ કહ્યું કે નામદાર વાઇસરૉય સાહેબ હિંદીઓ વતી એમનાથી બનતું બધું કરી રહ્યા છે. આ વિષયમાં એમણે સમ્રાટની સરકારને કડક પત્ર લખ્યો છે. એટલે આખા હિંદુસ્તાનની એ ફરજ છે કે તે વાઇસરૉય સાહેબના પ્રયત્નને સંપૂર્ણ ટેકો આપે. હું આશા રાખું છું કે નામદાર વાઇસરૉય થોડા જ વખતમાં એક નિવેદન દ્વારા પોતે આ બાબતમાં કયાં કયાં પગલાં લીધાં છે અને હજી લઈ રહ્યા છે તેની જાહેરાત કરશે.

[મૂળ અંગ્રેજી]

बॉम्बे क्रॉनिकल १९–७–१९१९

## ૪૧૫. સવિનયભંગની લડત મોકૂફ રાખવા સંબંધમાં અખબારો જોગ પત્ર[1]

લેબર્નમ રોડ,
મુંબઈ,
જુલાઈ ૨૧, ૧૯૧૯

સાહેબ,

"કાયદાનો સવિનયભંગ પાછો શરૂ થયે દેશમાં શાંતિનો ભંગ અને ભારે તોફાન થાય એવો સંભવ રહે છે" આવી ગંભીર ચેતવણી[2] આપવા હિંદી સરકારે મુંબઈના નામદાર ગવર્નર

૧. આ પત્ર ૨૨–૭–૧૯૧૯ના ન્યૂ इण्डियामां તથા એ જ તારીખના बॉम्बे क्रॉनिकलમાં પણ પ્રસિદ્ધ થયો હતો.

૨. આખી ચેતવણી નીચે પ્રમાણે હતી:

મુંબઈ, ૨૦મી જુલાઈ, ૧૯૧૯

વહાલા શ્રી ગાંધી,

મારે આપને જણાવવું જોઈએ કે હિંદ સરકારે મુંબઈના નામદાર ગવર્નર સાહેબને લખ્યું છે કે તેમણે આપને ગંભીર ચેતવણી આપવી કે કાયદાનો ભંગ થાય એવું કોઈ પણ પગલું ફરીથી ભરવામાં

Gandhi Heritage Portal

સાહેબ મારફત મને એકબે વાર મુલાકાત લેવા બોલાવ્યો હતો જે દરમિયાન જેઓએ પોતે આ ચેતવણી ઉપર ભાર દીધો છે. આ ચેતવણીને લઈને તથા દીવાન બહાદુર ગોવિંદ રાઘવ આયર, સર નારાયણ ચંદાવરકર અને કેટલાક વર્તમાનપત્રના અધિપતિઓની જાહેર રીતે પ્રકટ કરવામાં આવેલી ખાસ ઇચ્છાને લઈને ઘણો વિચાર કર્યા પછી હાલ તુરત કાયદાનો સવિનયભંગ કરવાનું મોકૂફ રાખવાનો ઠરાવ મેં કર્યો છે. મારે કહેવું જોઈએ કે કહેવાતા ઉદ્દામ પક્ષના મારા કેટલાક અગ્રગણ્ય મિત્રોને પણ ભય રહેતો હતો કે જેઓ સવિનયભંગ કરવાનું તત્ત્વ સમજ્યા નથી તેઓ વખતે ફરીથી રમખાણ કરે અને તેટલા જ કારણે તેઓએ પણ મને આવી જ સલાહ આપી હતી. કાયદાનો સવિનયભંગ કરીને સત્યાગ્રહ કરવાનો સમય આવ્યો છે એવો ઠરાવ જ્યારે સત્યાગ્રહીઓના મોટા ભાગ સાથે મળીને મેં કર્યો ત્યારે નામદાર વાઇસરૉયને મેં નમ્રતાપૂર્વક એક પત્ર[1] લખ્યો હતો. તેમાં મેં મારો આ ઇરાદો તેમને લખી જણાવ્યો હતો. તથા રૉલેટ કાયદા રદ કરવાની અને પંજાબમાં થયેલાં રમખાણની તપાસ ચલાવવા એક વજનદાર અને નિષ્પક્ષ કમિટી નીમવાની અને પંજાબના માર્શલ લૉ કમિશને કરેલી શિક્ષામાં ફેરફાર કરવાની સત્તા તે કમિટીને આપવાની અને બાબુ કાલીનાથ રૉયે કે જેને અન્યાયી રીતે ગુનેગાર ઠરાવવામાં આવ્યા છે (અને કેસના હેવાલ ઉપરથી આ પુરવાર કરી શકાય એમ છે.) તેમને છોડી મૂકવાની આગ્રહપૂર્વક વિનંતી કરી. બાબુ કાલીનાથની બાબતમાં હિંદી સરકારે જે ઠરાવ કર્યો છે તે માટે તેને ધન્યવાદ ઘટે છે.[2] જોકે તે ઠરાવથી કાલીનાથ બાબુને પૂરેપૂરો ન્યાય મળતો નથી તોય શિક્ષામાં કરવામાં આવેલા ઠીક ઠીક ઘટાડાથી ઘણે અંશે ન્યાય મળી રહ્યો છે. મને એવી ખાતરી આપવામાં આવી છે કે જે પ્રકારની કમિટી (પંજાબ આદિની પરિસ્થિતિની તપાસ કરવાને) વિષે મેં આગ્રહ કર્યો છે તેવી કમિટી નીમવાની ગોઠવણ થઈ રહી છે. સરકાર જ્યારે સદ્ભાવનાં આવાં ચિહ્નો બતાવી રહી છે ત્યારે તેમની ચેતવણી હું લક્ષમાં ન લઉં તો એ મારે માટે ડહાપણભર્યું ન કહેવાય. એટલું જ નહીં પણ સરકારની સલાહ માન્ય રાખવામાં સત્યાગ્રહનું ખરું સ્વરૂપ વિશેષ પ્રગટ થાય છે એમ હું માનું છું. સત્યાગ્રહી, સરકારને કદી પણ પજવવા માગતો નથી. તે અનેક વાર સરકાર સાથે મળીને કામ કરે છે, અને જ્યારે સવિનયભંગ કર્તવ્ય ઠરે છે ત્યારે જ સવિનયભંગ કરતાં તે અચકાતો નથી. તે સદ્ભાવ ઉત્પન્ન કરીને પોતાની નેમ પાર પાડે છે, કારણ કે તે એમ માને છે કે સરકાર અન્યાયી કૃત્યો કરતી હોય તે ટાણે પણ અચૂક રીતે સદ્ભાવ રાખવાથી એક જ પરિણામ આવે છે અને તે એ કે અંતે તેવી સરકાર પણ સદ્ભાવના

આવશે અથવા એ મતલબનો કોઈ પ્રકારે પ્રચાર કરવામાં આવશે તો તેનાં અનિવાર્યપણે ગંભીર પરિણામો આવશે એવું સરકાર માને છે. એટલે એવાં પગલાં લેનાર અથવા લેવાની સલાહ આપનારને શિરે જ એવાં પરિણામો માટેની ભારે નૈતિક જવાબદારી રહેશે.

આ સંદેશો પહોંચાડતી વખતે મારે આપને એ પણ કહી દેવું જોઈએ કે વધારામાં નામદાર ગવર્નર આપને ચેતવણી આપે છે કે આપ એમ માનતા હો કે કાનૂનભંગ જેવું પગલું ભરવાથી જાહેર સલામતીને કશી આંચ આવવાની નથી તો આપની એ માન્યતા આ ઇલાકામાં પ્રવર્તતી સ્થિતિ જોતાં બિલકુલ પાયા વગરની છે. આપે વિચારેલાં પગલાંથી ભારે ગંભીર પરિણામો આવવાનો સંભવ રહે છે.

સરકારના રાજનૈતિક સચિવ વતી

— सोर्स मटीरियल फॉर ए हिस्टरी ऑफ धि फ्रीडम मूवमेन्ट इन इन्डिया, पु. २. पा. ८०१

૧. જુઓ "એસ. આર. હિગ્નેલને પત્ર", ૧૮-૬-૧૯૧૯.

૨. ગવર્નર જનરલ અને એમની કાઉન્સિલે જુલાઈની ૬ઠ્ઠી તારીખે કાલીનાથ રૉયની સજાની મુદત બે વર્ષની ઘટાડીને ૩ માસ કરી હતી.

Gandhi Heritage Portal

બદલામાં સદ્ભાવ રાખતી થઈ જાય છે. એટલે સવિનયભંગ કરવાનું કેટલોક વધારે વખત મોકૂફ રાખવું એ સત્યાગ્રહનો એક કેવળ વ્યવહારુ પ્રયોગ છે.

છતાં રૉલેટ કાયદો આપણી ધારાપોથીને કલંકિત કરી રહ્યો છે ત્યાં સુધી સવિનયભંગ કરવાનું બંધ રાખવું એ મારે માટે કાંઈ નાનીસૂની વાત નથી. લાહોર અને અમૃતસર કમિટીના ફેંસલાથી સવિનયભંગ કરવાનું મોકૂફ રાખવાનું મારે માટે તેથી પણ વધારે વસમું થઈ પડે છે. મેં તે ફેંસલાઓ નિષ્પક્ષપાત રીતે વાંચ્યા છે. અને મારા મન પર એવી સચોટ છાપ પડી છે કે પંજાબના ઘણાખરા નેતાઓને પૂરતા પુરાવા વિના શિક્ષા કરવામાં આવી છે અને તેઓને જે શિક્ષાઓ થઈ છે તે ઘાતકી અને ત્રાસજનક છે. એ ફેંસલા પરથી એટલું તો સાબિત થાય છે કે તેઓની ઉપર ગુનો સાબિત થવાનું માત્ર એક જ કારણ હતું અને તે એ કે તેઓએ રૉલેટ કાયદાની સામે ચલાવવામાં આવેલ જબરી ચળવળમાં ભાગ લીધો હતો. મારું જો ચાલતું હોય તો હું તો જે મર્યાદિત સ્વતંત્રતા હિંદી સરકારે મારી પાસે રહેવા દીધી છે તે ભોગવવા કરતાં જેલમાં જઈને બેસું. પરંતુ સત્યાગ્રહીએ ઘણાયે કડવા ઘૂંટડા પીવાના છે. અને અત્યારનો સવિનયભંગ મોકૂફ રાખવાનો પ્રસંગ એક એવો કડવો ઘૂંટડો છે. મને લાગે છે કે હાલ તો હું સવિનયભંગ કેટલોક સમય મોકૂફ રાખીને જ દેશની, સરકારની અને જે પંજાબી નેતાઓ મારા મતે, અન્યાયપૂર્વક ગુનેગાર ઠર્યા છે અને જેઓને આટલી બધી ઘાતકી શિક્ષા કરવામાં આવી છે તેઓની સેવા કરી શકું.

પણ સવિનયભંગ કરવાનું મોકૂફ રાખવાના પરિણામે રમખાણ ફરીથી થવાનો ભય દૂર થતો હોવાથી મારી જવાબદારી ઓછી થાય છે. પરંતુ તેથી સરકાર ઉપર અને જે જાણીતા અગ્રેસરોએ સવિનયભંગ મુલતવી રાખવાની મને સલાહ આપી છે તેઓના શિર ઉપર રૉલેટ કાયદા વિના ઢીલે રદ કરાવવાની જવાબદારી આવી પડે છે.

દારૂમાં સળગતી દીવાસળી નાખવાનો આરોપ મારા પર મૂકવામાં આવ્યો છે. પરંતુ જો મારો પ્રસંગોપાત્ત સવિનયભંગ એક દીવાસળી હોય તો રૉલેટ કાયદો પસાર થયો છે તેથી તથા જે હઠથી કાયમ રાખવામાં આવ્યો છે તેથી દેશમાં હજારો દીવાસળીઓ ફેંકાઈ છે. સવિનય ભંગ ન જ કરવો પડે એવું કરવું હોય તો એક જ રસ્તો છે. અને તે રૉલેટ કાયદા નાબૂદ કરવાનો છે. રૉલેટ કાયદાના બચાવમાં સરકારે જે કાંઈ પ્રગટ કર્યું છે તેથી પ્રજાના તેની સામેના વલણમાં કશો ફેર પડયો નથી.

આ રીતે રૉલેટ કાયદાનો અંત જલદીથી લાવવા માટે મેં સવિનયભંગ કરવાનું મોકૂફ રાખ્યું છે. પરંતુ જો સહેલા ઉપાયોથી રૉલેટ કાયદા રદ નહીં કરાવી શકાય તો સત્યાગ્રહીઓ તે માટે પોતાના પ્રાણ પણ આપશે. સવિનયભંગ મોકૂફ રહે તે અરસામાં સત્યાગ્રહીઓને રાજ્યના ધારાને ઈચ્છાપૂર્વક અને સમજપૂર્વક માન આપવાની તાલીમ લેવાની એક તક મળશે. આજ્ઞાપાલનનું કર્તવ્ય સ્વેચ્છાથી અદા કરવાથી સવિનયભંગ કરવાનો અધિકાર મળે છે. કાયદાનો સવિનયભંગ એ જ માત્ર સત્યાગ્રહ નથી. અથવા એ જ તેનું મુખ્ય અંગ નથી પરંતુ સત્યાગ્રહ તો સત્યને જ વળગીને દેશહિતની પ્રગતિ કરવામાં મુખ્યત: રહેલો છે. એટલે શુદ્ધ સ્વદેશી અને હિંદુમુસલમાનનું ઐક્ય વધારવાની ચળવળમાં નાનામોટા બધાની સહાયતા નમ્રતાપૂર્વક યાચું છું. અને સત્યાગ્રહી ભાઈઓને તેમ કરવાની નમ્રતાપૂર્વક સલાહ આપું છું.

Gandhi Heritage Portal

હું માનું છું કે પ્રજા પ્રજા તરીકે સ્વદેશી વિના ટકી શકવાની નથી. વર્ષના છ માસ ૨૦ કરોડ ખેડૂતોની મજૂરી કરવાની શક્તિનો પરાણે થતો ભયંકર વ્યય કોઈ પણ અંગ્રેજ કે હિંદી સ્વસ્થતાથી નહીં સાંખી શકે. સ્ત્રીઓને તેમના રેંટિયા ફરીથી સોંપવાથી, પુરુષોને સાળ સોંપવાથી જ તેઓની શક્તિઓનો ઉપયોગ ઝડપથી અને તરત જ કરી શકાશે. આમ કરવામાં લકેશાયરનો અન્યાયી સ્વાર્થ અને જાપાનનો બાઉ દૂર થવાપણું રહેલું છે. લૅંકેશાયરનો અન્યાયી સ્વાર્થ નીકળી જવાથી બ્રિટન સાથેનો હિંદનો સંબંધ સિદ્ધ થશે તથા હિંદીઓ અને સામ્રાજ્યના બીજા વતનીઓ વચ્ચે સમાનતાની સ્થિતિ લાવી શકાશે. જાપાનનો બાઉ દૂર થવાથી પ્રજા અને સામ્રાજ્ય ઉપર ઝઝૂમી રહેલી આફત ટાળી શકાશે. હિંદ ઉપર જાપાનની સત્તા વ્યાપાર દ્વારા વધે તો તેના પરિણામે કાં તો હિંદની અધોગતિ થાય અથવા તો ખૂનખાર લડાઈ ઊભી થાય.

હિંદુમુસલમાનની એકતા પ્રજાના તથા સામ્રાજ્યના હિત માટે આવશ્યક છે. હિંદુ, મુસલમાન અને અંગ્રેજની વચ્ચે એકમેકની ઇચ્છાથી થયેલી સંધિ મારે મતે ખાસ સ્થપાયેલી યુરોપી રાષ્ટ્ર-સંધિ. કરતાં અનેક રીતે ચડિયાતી અને વિશુદ્ધ હશે. આવી સંધિ થાય તે પહેલાં હિંદુમુસલમાન વચ્ચે સ્થાયી ઐક્ય થવું જોઈએ અને તેવું ઐક્ય ઘણે અંશે હિંદુઓ સાધી શકશે; તેઓ ખિલાફતને વિષે અને મક્કા શરીફ અને ઇસ્લામનાં બીજાં પવિત્ર તીર્થો વિષે મુસલમાનોની ન્યાયી માગણી વિષે તેઓની કુમક લેશે.

સ્વદેશી ચળવળ માટે અને હિંદુમુસલમાન ઐક્ય કરવા વ્યવસ્થાશક્તિ, શુદ્ધ નિષ્ઠા, વ્યાપારમાં પ્રામાણિકતા અને મહાન આત્મભોગ અને આત્મસંયમની જરૂર છે. એટલે હવે સહેલાઈથી સમજાશે કે સ્વદેશી ચળવળને ધોરી માર્ગે લઈ જવાથી અને હિંદુમુસલમાન વચ્ચે એકતા વધારવાથી રૉલેટ કાયદા રદ કરાવવાની ચળવળ ઉપર આડકતરી છતાં ફળદાયક અસર થયા વિના રહેશે નહીં. રૉલેટ કાયદા માટે સરકારને ઝાઝો બચાવ કરવાનો તો છે જ નહીં. પણ જ્યારે ઉપર વર્ણવેલા ગુણોનું અપૂર્વ મિશ્રણ આપણે બતાવશું ત્યારે તો લેશમાત્ર પણ બચાવ કરવાનો નથી રહેતો

મોહનદાસ ક. ગાંધી

[મૂળ ગુજરાતી]

ગુજરાતી, ૨૭–૭–૧૯૧૯

Gandhi Heritage Portal

## ૪૧૬. છોટાલાલ તેજપાલને પત્ર

સાબરમતી,
અષાડ વદ ૧૦ [જુલાઈ ૨૨, ૧૯૧૯][1]

ભાઈ છોટાલાલ,

તમારા ઉત્સાહની જેટલી સ્તુતિ કરું તેટલી ઓછી છે. તમારા સુધારાનો[2] ટૂંકો ઈતિહાસ મને મોકલો એટલે તે છાપવાને અભિપ્રાય આપવા પ્રયત્ન કરીશ. ક્યારે શરૂ કર્યો તેનાં પ્રમાણ શું છે, પ્રથમ જો ગાડી વાપરતા તો હવે કેમ કાંધ વાપરીએ છીએ, કેટલાં મુડદાં આજ લગી ગાડી વાટે લઈ ગયા, ગાડીનું ખર્ચ શું છે, તે કોણ હાંકે છે, તેની શી વ્યવસ્થા છે, તેનું કંઈ મંડળ છે કે તમે એકલા જ ભારવહન કરો છો? તમારું કામ રાજકોટમાં જ છે કે બીજે પણ? દલીલોમાં ન ઊતરતાં કેવળ હકીકતો જ આપજો.

**મોહનદાસ ગાંધી**

ભાઈ છોટાલાલ તેજપાલ,
કળાકાર
રાજકોટ.

[મૂળ ગુજરાતી]
છબી પરથી : જી. એન. ૨૫૯૦

## ૪૧૭. લાહોરનો ફેંસલો

જે કોઈ વ્યક્તિ રાણી સામે બળવો કરશે અથવા બળવો કરવાનો પ્રયત્ન કરશે અથવા આવો બળવો કરવામાં સહાયક બનશે તેને મોતની અથવા જીવનભર દેશનિકાલની સજા ફરમાવવામાં આવશે અને તેની તમામ મિલકત જપ્ત કરી લેવામાં આવશે.

—હિંદી ફોજદારી કાયદાની કલમ ૧૨૧

લાલા હરકિશનલાલ બાર-ઍટ-લૉ, ચૌધરી રામભજ દત્ત વકીલ, શ્રી દુનીચંદ બાર-ઍટ-લૉ તથા સર્વશ્રી અલ્લાદીન અને મોટાસિંગને ખાસ અદાલતો પૈકીની એકે હિંદી ફોજદારી ધારાની કલમ ૧૨૧ અને ૧૨૧ (क) મુજબ ગુનેગાર ઠરાવ્યા છે અને તેમને જીવનભર દેશનિકાલની તથા મિલકત જપ્ત કરવાની સજા ફરમાવવામાં આવી છે. થોડી વાર માટે વાચક કલમ ૧૨૧ (क)ને મનમાંથી કાઢી નાખે. અદાલતે આરોપીઓને કલમ ૧૨૧ હેઠળ ગુનેગાર ઠરાવ્યા એટલે તેમને જીવનભર દેશનિકાલની અને મિલકત જપ્તીની સજા ફરમાવ્યા સિવાય બીજો માર્ગ નહોતો. વાચક જોશે કે અદાલત જે સજા ફરમાવી શકે તેમાં ઉપરની સજા ઓછામાં ઓછી છે, વધારેમાં

૧. આ પત્ર ઉપર ટપાલની છાપ જુલાઈ ૨૬, ૧૯૧૯ની છે.

૨. છોટાલાલ તેજપાલ લોકોને એમ સમજાવવા પ્રયત્ન કરતા હતા કે મડદાંને સ્મશાને લઈ જવા માટે ઠાઠડીને બદલે ગાડીનો ઉપયોગ કરવો.

Gandhi Heritage Portal

વધારે સજા ફાંસી આપવાની છે. છેલ્લા બે આરોપીઓ સંબંધમાં આ સજા ન્યાયાધીશોને એટલી આકરી લાગી કે તેમને કહેવાની ફરજ પડી કે:

> અલ્લાદીન અને મોટાસિંગનો ગુનો બહુ મોટો નથી. એટલે અમને સત્તા હોત તો અમે એમની બાબતમાં આના કરતાં ઘણી હળવી સજા ફરમાવી હોત.

વિદ્વાન ન્યાયાધીશોના અધિકારમાં એટલી વાત હતી કે તેઓએ જો એક પણ આરોપી સામે બિલકુલ કામ ન ચલાવ્યું હોત અથવા બીજા કોઈ આરોપો મૂકી કામ ચલાવ્યું હોત તો ચાલત. પરંતુ એમણે તો કહ્યું કે: "બીજા આરોપો વિષે અમારો શો મત છે તે લખવાની અમને જરૂર લાગતી નથી."

આ ફેંસલો ફૂલ્સકૅપ સાઈઝનાં ૨૭ પાનાં રોકે છે. તેમ છતાં અમે એ આખું લખાણ યંગ ઇન્ડિયાના વાચકો સમક્ષ રજૂ કરીએ છીએ, અને દરેક વાચકને અમારો આગ્રહ છે કે તે એનો શબ્દેશબ્દ વાંચી જાય. કેમ કે ન્યાયાધીશોએ આ મુકદ્દમાને બધા મુકદ્દમા કરતાં વિશેષ મહત્ત્વનો ગણ્યો છે અને દુનિયાને બતાવી આપ્યું છે કે પંજાબ વિષે અને સાથે સાથે સમગ્ર હિંદુસ્તાન વિષે એમનો કેવો અભિપ્રાય છે.

અમૃતસરના ફેંસલાને સાથે રાખી આ ફેંસલાનો વિચાર કરવામાં આવે તો તેમાંથી બ્રિટિશ ન્યાય વિષે એક અત્યંત ખેદજનક ટીકા ઊભી થાય છે, કેમ કે એમાં ન્યાયાધીશો ન્યાયની ભાવનાથી નહીં પરંતુ આવેશથી અને દ્વેષની ભાવનાથી પ્રેરાઈને ન્યાય કરવા બેઠા છે. મારે માટે તો આ ફેંસલા મેં અગાઉ ઉચ્ચારેલા અભિપ્રાયનું સમર્થન કરે છે કે આપણે બ્રિટિશ ન્યાય પર ફિદા થવાની જરૂર નથી, કેમ કે બ્રિટિશ ન્યાય પણ મૂળે તો બીજા કોઈ દેશના ન્યાય કરતાં સારો હોતો નથી. જ્યારે આપણે એમ માનીએ છીએ કે બ્રિટિશ અદાલતો સ્વતંત્રતાના આધારસ્તંભો છે ત્યારે આપણે મિથ્યા ભ્રમમાં પડી આપણી જાતને છેતરતા હોઈએ છીએ. બ્રિટિશ અદાલતોમાં ન્યાય મેળવવા જવું એ ખર્ચાળ શોખ છે. ઘણી વાર એમ જ લાગે કે "જેની પાસે સૌથી વધારે નાણું હોય તેની જ જીત થવાની." ન્યાયની ખરી પરીક્ષા તો કટોકટીની પળે જ થાય છે. ન્યાયાધીશોનું કર્તવ્ય તો પોતાની આસપાસના વાતાવરણથી પર રહેવાનું છે. મારા અભિપ્રાય પ્રમાણે પંજાબની ખાસ અદાલત એમ કરવામાં આબાદ રીતે નિષ્ફળ નીવડી છે. મિ. વિન્સ્ટન ચર્ચિલે જ્યારે કેળવણી સંબંધી ઝુંબેશ ઉપાડી હતી ત્યારે તેઓ એટલું સ્વીકારવા સંમત થયા હતા કે ન્યાયાધીશો પણ રાજકીય પક્ષપાતથી મુક્ત હોતા નથી. આ કિસ્સામાં ખૂબ ઓછે અંશે હોય છતાં એવું બનવા સંભવ છે કે પ્રિવી કાઉન્સિલ અન્યાય દૂર કરી શકે અને કદાચ કરશે પણ ખરી, પરંતુ જો એ કરે જ તો પછી શું? એવો ન્યાય મેળવવા જતાં ખર્ચ કેટલું બધું થાય? લાખો લોકોને નીચલી અદાલતોના ચુકાદા સામે અસંતોષ હોય છે અને તે અસંતોષ સકારણ હોય છે, તેમ છતાં એમાંના કેટલા અપીલની અદાલતમાં અને ત્યાંથી આગળ વધી પ્રિવી કાઉન્સિલમાં જઈ શકે એમ હોય છે? લોકો કોરટબાજીમાં ન ફસાય એ ખૂબ જ ઇચ્છવા જોગ છે. કાયદાની ભાષામાં એક સૌથી સરસ લોકોક્તિ આવી છે: "તમારા સામાવાળા સાથે ઝટઝટ સમજૂતી પર આવી જાઓ." આનો શો અર્થ થાય તેની લેખકને બરાબર માહિતી હતી. પરંતુ સવાલ એવો પુછવામાં આવશે કે ઘણી વાર બને છે તેમ અમને કોર્ટમાં ઘસડવામાં આવે ત્યારે શું થાય? તો હું કહીશ કે "બચાવ કરશો નહીં." જો તમે ગુનો કર્યો હશે તો તમને જે કાંઈ સજા થાય તે વાજબી ગણાશે. પણ જો તમને ખોટી રીતે અદાલતમાં ખેંચી લાવવામાં આવ્યા હોય અને છતાં શિક્ષા કરવામાં આવે તો તમે નિર્દોષ છો એમ સમજી આશ્વાસન

Gandhi Heritage Portal

લો અને વગર ગુને અપાયેલી સજા સહન કરી લો. જો તમે તમારો બચાવ નહીં કરશો તો દરેક વખતે તમારે ઓછામાં ઓછું સહન કરવાનું આવશે, અને વધારામાં તમને મોટા ભાગના પોતાનો બચાવ નહીં કરી શકતા તમારા માનવબંધુઓ જેવી સજાઓ ભોગવવાનો સંતોષ થશે.

પરંતુ આ તો વિષયાંતર થયું. અદાલતો વિષેના મારા વિચારો અણિશુદ્ધ છે એમ હું માનું છું છતાં વાચક ઉપર હું તે લાદવા માગતો નથી. લાહોરની અદાલતનો આ ચુકાદો રૉલેટ ધારો તથા આરોપીઓ ઉપર ફરમાવાયેલી સજાઓ વિષે આપણું કર્તવ્ય શું છે તે આપણને સ્પષ્ટ રીતે બતાવી દે છે. આ ચુકાદાનો હેતુ રૉલેટ કાયદા વિરુદ્ધ ચાલી રહેલા આંદોલનને ગેરકાયદે ઠરાવવાનો છે.

આ ફેંસલાઓના ઊઘડતા પૅરેગ્રાફોમાં "રૉલેટ બિલો વિરુદ્ધ ચાલી રહેલા સાર્વજનિક આંદોલનનું" થોડી વિગતથી વર્ણન કરવામાં આવ્યું છે. એ આંદોલનનો "આરંભ જથી ફેબ્રુઆરી, ૧૯૧૯ના રોજ બ્રૅડલૉ હૉલમાં ભરાયેલી વિરોધ સભાથી થયો ગણાય." આ પૅરેગ્રાફો સત્યાગ્રહની પ્રતિજ્ઞા સહિત મારા પહેલી માર્ચના પત્રનો[1] ઉલ્લેખ કરે છે અને દિલ્હીનો ગોળીબાર, અમૃતસરનાં તોફાનો તથા બાદશાહી મસ્જિદમાં મળેલી સભાઓ સહિતના ૧૫મી એપ્રિલ સુધીના બનાવોને આવરી લે છે અને જણાવે છે:

> મુખ્ય હકીકતો આ પ્રકારની છે. અને એ હકીકતોને એકત્ર કરીને તથા એની કડીઓ ગોઠવીને ફરિયાદ પક્ષ આરોપીઓનો એમની સાથેનો સંબંધ એવી રીતે જોડી આપે છે કે તે ઉપરથી ગુનાહિત સાધનો વડે રૉલેટ ધારો રદ કરાવવા એક કાવતરું રચવામાં આવ્યું હતું એવું દેખાઈ આવે.

આ ગુનાહિત સાધનો કયાં હતાં તે બીજા જ વાક્યમાં અદાલતે બતાવ્યું છે:

> બચાવ પક્ષે આપણને એમ માનવા જણાવ્યું છે કે હડતાળ પડાવવાને માટે કોઈ પ્રકારનું સંગઠન સાધવામાં આવ્યું નહોતું અને લાહોર, મુજંગ અને ભગવાનપુરામાં દરેક દુકાનદારે વ્યક્તિગત રીતે પોતાની મેળે જ એવો નિશ્ચય કર્યો હતો કે વિરોધ તરીકે તેણે જાતે જ દુકાન બંધ કરવી જોઈએ.

આ પછી અદાલતે ભીંતપત્રોનું વર્ણન કર્યું છે. આ ભીંતપત્રોને તે હિંસાભર્યાં કહે છે. એમ કહેવામાં એનો હેતુ એ બતાવવાનો છે કે હડતાળ સંગઠિત રીતે પાડવામાં આવી હતી. આમાંના એક પણ ભીંતપત્રમાં મને હિંસા દેખાતી નથી. અલબત્ત, એમાં દુભાયલા આત્માની વ્યથાનાં દર્શન જરૂર થાય છે. આ હડતાળને ગુનાહિત એટલા માટે માનવામાં આવી છે કે તે સંગઠિત હતી, સતત ચાલુ રાખવામાં આવી હતી અને તે ચાલી ત્યાં સુધી લંગરખાનાં[2] ખોલવામાં આવ્યાં હતાં તથા સભાઓ ભરવામાં આવી હતી. હું દૃઢપણે માનું છું કે સરકારના કોઈ કૃત્યથી લોકોનાં મન ખૂબ દુભાયાં હોય ત્યારે હડતાળ તેમનો સ્વાભાવિક હક્ક છે. રાજ્ય કરનાર સત્તાનાં કૃત્યો સામે વિરોધ પોકારવાના એક સાધન તરીકે બળનો ઉપયોગ કર્યા વિના હડતાળો યોજવાનું પગલું અનાદિકાળથી ઉચિત અને માનભર્યું ગણાતું આવ્યું છે. અને વાજબી કૃત્યને અપરાધ માનવામાં આવે ત્યારે એવા અપરાધનું કૃત્ય પવિત્ર કર્તવ્ય બની જાય છે. અને એને

૧. જુઓ "સત્યાગ્રહની પ્રતિજ્ઞા વિષે અખબારો જોગ પત્ર", ૨૬-૨-૧૯૧૯.

૨. જાહેર ભોજનાલયો અથવા ગરીબ લોકોને એકઠા થવાની જગ્યા જ્યાં તેઓ રોજનું સામાન્ય ખાવાનું મેળવી શકતા.

Gandhi Heritage Portal

માટે જેલ જવું પડે તો તેમાં બેઆબરૂ થવાય છે એમ નહીં સમજતાં ગૌરવ સમજવું જોઈએ, અને એવું ગૌરવ પોતાને પ્રાપ્ત થાય એમ દરેક સજ્જન નાગરિકે ઇચ્છવું જોઈએ. એટલે આવા નાગરિકની ઓછામાં ઓછી ફરજ એ છે કે તેણે આ રૉલેટ કાયદા સામે એવું તો તીવ્ર અને જોરદાર આંદોલન ઉપાડવું કે પરિણામે સરકારને એ કાયદો પાછો ખેંચી લેવાની અથવા આંદોલન કરનારાઓની સ્વતંત્રતા છીનવી લેવાની ફરજ પડે. અત્યારની તંગ પરિસ્થિતિમાં હિંસા ફાટી નીકળવાનો મને ડર લાગતો ન હોત તો અવશ્ય હું ફરીથી હડતાળ પાડવાની સલાહ આપત. બેશક આ તંગ સ્થિતિ સત્યાગ્રહ શરૂ થવાને કારણે પેદા થઈ નથી. એનું કારણ એ હતું કે હું જ્યારે વાતાવરણને શાંત કરવાના અને શાંતિ સ્થાપવાના સ્પષ્ટ ઇરાદાથી દિલ્હી જઈ રહ્યો હતો, અને જરૂર પડે તો લાહોર અને અમૃતસર પણ જવા ધારતો હતો, ત્યારે સરકારે મને પકડી લઈને હિંસાનું વાતાવરણ ઊભું કરી તેને નોતરવાની મૂર્ખાઈ કરી હતી. સરકારે ડૉ. કિચલુ અને ડૉ. સત્યપાલને પકડયા એ પણ એનું પાગલપણું હતું. એ પગલાંએ હિંસાને આમંત્રણ આપ્યું હતું. એ બંને ગૃહસ્થો લોકોના આગેવાનો હતા. બેશક તેઓ એક બાજુથી રૉલેટ કાયદા સામે જબરજસ્ત આંદોલન ચલાવી રહ્યા હતા, છતાં લોકોના ગુસ્સાને કાબૂમાં રાખી શકયા હતા અને કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે એ વાતની પૂરી હિમાયત કરતા હતા. આ તંગદિલી કોઈક દિવસ તો અદૃશ્ય થવી જ જોઈએ, છતાં જો સરકાર રૉલેટ કાયદો ચાલુ રાખવાની મૂર્ખાઈ નહીં છોડશે, તો તેણે હડતાળોના પુનરાવર્તન માટે તૈયાર રહેવું જોઈશે. અલબત્ત, આ વખતે હડતાળો વધારે સંગઠિત હશે, એમાં કોઈ પ્રકારે બળજબરીને સ્થાન નહીં હોય અને લોકો તરફથી લોહીનું એક બિંદુ પણ વહેવડાવવામાં નહીં આવશે. જ્યારે સામાન્ય જનતાએ સત્યાગ્રહનો સંદેશો આત્મસાત્ કર્યો હશે ત્યારે આપણે ચોધરી રામભજ દત્તે આપેલું સૂત્ર હજારો વ્યાસપીઠો ઉપરથી ફરી ફરીને ઉચ્ચારીશું. ગુનાહિત કાવતરાનું અસ્તિત્વ સાબિત કરવાના હેતુથી આ સૂત્રને ખાસ અદાલતે ધમકી તરીકે ઘટાવ્યું છે. એ સૂત્ર આ પ્રમાણે છે: "અમારાં કષ્ટો દૂર કરો, નહીં તો અમે અમારી દુકાનો બંધ કરી દઈશું, અમારા ધંધારોજગારો અટકાવી દઈશું અને ખુદ અમે પોતે અપવાસ પર ઊતરીશું." અલબત્ત, એ વાત સાચી છે કે "રૉલેટ બિલ હાય હાય!" "જ્યૉર્જ (રાજા) મરી ગયો, હાય હાય!" એવા પ્રકારના પોકારો કરીને, અથવા છૂપી પોલીસના એક ઇન્સ્પેકટરને સભામાંથી માર મારી હાંકી કાઢીને અગર डंडा अखबार જેવાં શરમજનક ફરફરિયાં પ્રસિદ્ધ કરીને અથવા રાજારાણીની છબીઓનો નાશ કરીને એક મહાન અને અસરકારક આંદોલનના ગૌરવને ડાઘ લગાડવામાં આવ્યો હતો. આ કૃત્યો માટે જેવી રીતે શાંતિ સ્થાપવાનો પ્રયત્ન કરનારા શ્રી શફી વગેરેને જવાબદાર ગણી શકાય નહીં, તેવી જ રીતે આરોપીઓને પણ જવાબદાર ઠરાવી શકાય નહીં. જે વ્યક્તિઓ વિષે ગુનાહિત કાવતરું કરવાની કે રાજાની વિરુદ્ધ યુદ્ધ પોકારવાનાં એનાથીયે વધારે ખરાબ કૃત્યોમાં ભાગ લીધો હોવાની કશી સાબિતી મળી શકી નથી, અને જેમનું અણિશુદ્ધ ચારિત્ર્ય તથા સામાજિક પ્રતિષ્ઠા એમને આવાં ભયાનક કૃત્યોમાં સંડોવાવા દઈ શકે એમ છે જ નહીં, એવી વ્યક્તિઓ સામે આવા પ્રકારનો આરોપ મૂકી કામ ચલાવવાનો સરકારને શો અધિકાર હતો? "યુદ્ધ પોકારવું" એ શબ્દોનો કાયદાની પરિભાષામાં ગમે તે અર્થ થતો હોય, પરંતુ એક ધૃણાસ્પદ કાયદા સામેના જોરદાર આંદોલનને "યુદ્ધ"નું કૃત્ય ગણાવવું એ તો હાસ્યાસ્પદ વાતની કક્ષાએ ઊતરી જવા બરાબર છે. તો પછી સરકારના નોકરો અધિકાર બહાર ગુના કરે તે માટે એ સરકારને પણ ગુનેગાર ઠરાવી શકાશે. લાલા દુનીચંદ, લાલા હરકિશનલાલ અને એમની સાથેના બીજા આરોપીઓએ

Gandhi Heritage Portal

કરેલાં કૃત્યોને "યુદ્ધનાં કૃત્યો" કહી શકાતાં હોય તો પછી આ દેશમાં કોઈ પ્રકારનું સંગઠિત આંદોલન સંભવિત નથી. જ્યારે રાજના માળખામાં સામાજિક, આર્થિક કે રાજકીય સ્વરૂપની સ્થગિતતા આવી ગઈ હોય ત્યારે લાહોરના આરોપીઓના જેવાં સંગઠિત આંદોલનને અવશ્ય પુણ્યકાર્ય ગણવું જોઈએ.

આખો ચુકાદો રાજકીય પૂર્વગ્રહથી રંગાયેલો છે. ન્યાયાધીશોએ આરોપીઓનાં પાછલાં જીવનનો ઈતિહાસ વિચારવાની કેવી રીતે ના પાડી છે તે જુઓ :

> દરેક આરોપીના કેસની અલગ અલગ વિચારણા શરૂ કરતાં પહેલાં એટલું કહેવું આવશ્યક છે કે એમાંના દરેક જણ પોતપોતાના દરજ્જા અનુસાર પોતાના નરમ સ્વભાવ તથા વફાદારી અંગે સમાજમાં ઘણા પ્રતિષ્ઠિત લોકોનાં પ્રમાણપત્રો રજૂ કરી શક્યા છે. આવાં પ્રમાણપત્રો તેઓ ગમે તેટલી સંખ્યામાં મેળવી શક્યા હોત એમાં શક નથી. વળી કેટલાક આરોપીઓ એમ પણ સાબિત કરી શક્યા છે કે તેમણે થોડા જ વખત ઉપર બ્રિટિશ લશ્કરની જીત થાય તે માટે ઈશ્વરને પ્રાર્થના કરી હતી, એટલું જ નહીં પણ તેમણે લોકોને લડાઈને માટે લોનો લેવા સમજાવ્યા હતા, સૈનિકોની ભરતીના કામમાં મદદ કરી હતી અને હિંદી સંરક્ષણ સેના માટે પોતાના સગાસંબંધીઓ "આપ્યા" હતા અથવા મૅસોપોટેમિયા માટે કારકુનો મેળવી આપ્યા હતા. કદાચ આ બધા પ્રયાસોને આપણે બહુ મૂલ્યવાન ન ગણીએ. પરંતુ એટલું યાદ રાખવું જોઈએ કે આ આરોપીઓ પૈકીના કેટલાક એવા છે જેઓ લાકનજરમાં આગળ પડતા રહ્યા છે. અને એ વાતમાં અમને કશો પણ અંદેશો નથી કે એમાંના દરેક જણે, હાલની સરકાર પ્રત્યે ગમે તેટલો અણગમો ધરાવવા છતાં, જર્મનનું રાજ્ય થાય તે કરતાં આ રાજ્ય વધારે સારું છે એમ તો માન્યું જ છે. પરંતુ અમારી સમક્ષ રજૂ થયેલી બાબતો ઉપર ખરી રીતે આમાંની કોઈ હકીકતની જરા પણ અસર પડતી નથી."

ઉપર ટાંકેલા ફકરાઓ ઉપરથી જોઈ શકાય છે કે આ ન્યાયાધીશોની વિવેકબુદ્ધિનું થયું છે તેમ કોઈની પણ વિવેકબુદ્ધિ આ રીતે પક્ષપાતી બની ગઈ હોય ત્યારે નિષ્પક્ષ ફેંસલાની અપેક્ષા રાખવી વ્યર્થ છે.

આ કેસ પરથી ઉપસ્થિત થતો મુદ્દો ભલે શબ્દોમાં રજૂ થયો ન હોય છતાં ખૂબ જ સ્પષ્ટ છે. જેમાં સરઘસો, હડતાળો, ઉપવાસ વગેરે આવતાં હોય પરંતુ જેમાં કદાપિ કોઈ પણ પ્રકારની હિંસાને સ્થાન ન હોય એવું એકધારું જોરદાર આંદોલન ચલાવવાનો આપણને કાયદેસર હક્ક છે કે નહીં? આ ચુકાદો એમ સૂચવે છે કે આપણે આવું આંદોલન નહીં ચલાવી શકીએ. સરકાર આ સજાઓ માન્ય રાખે તો એટલું સ્પષ્ટ થાય છે કે સરકારનો અને ન્યાયાધીશોનો અભિપ્રાય એકસરખો જ છે. આ આરોપીઓને કોઈ ગૌણ કારણે અથવા માફીરૂપે છોડી મૂકવામાં આવે તે હું પોતે તો પસંદ નહીં કરું. જે ઉપરથી એમ સાબિત થાય કે આ આરોપીઓમાંથી કોઈએ સીધી કે આડકતરી રીતે હિંસાને ઉત્તેજન આપ્યું હતું એવું કશું પણ ચુકાદામાં કહેવામાં આવ્યું નથી. અને જ્યાં હિંસા કરવાના ઇરાદાનું અસ્તિત્વ જ નથી ત્યાં શાંતિમય સંગઠનને ગુનાહિત ઠરાવવું કહેવું એ બેહૂદી વાત છે, પછી ભલે એ સંગઠનમાં બેકાબૂ તત્ત્વો ઘૂસી ગયાં હોય અને એમણે તોફાન મચાવ્યું હોય. આવા અનિચ્છનીય બનાવો પરથી નેતાઓને ચેતવણી ભલે આપવામાં આવે. માર્શલ લૉ જાહેર કરવાના કૃત્યના બચાવમાં આ ઘટનાઓનો આશરો ભલે લેવાય. પરંતુ

Gandhi Heritage Portal

એનો ઉપયોગ કાયદાનું પાલન કરનારા શાંતિપ્રિય નાગરિકોને ગુનેગાર અને જૂઠા ઠરાવવા માટે નહીં થઈ શકે. હવે હિંદુસ્તાનના નાગરિકોનું કર્તવ્ય સ્પષ્ટ છે: જેમાં હિંસા કે ગુસ્સો દાખલ ન થાય તેવું એક શાંત, અવિરત અને શક્તિશાળી આંદોલન ચલાવીને તેમણે રૉલેટ કાયદો નાબૂદ કરાવવો તથા સજાઓ રદ કરાવવી.

મો. ક. ગાંધી

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, २३–७–१९१९

## ૪૧૮. એ. વેંકટરામનને પ્રમાણપત્ર

સાબરમતી,

જુલાઈ ૨૪, ૧૯૧૯

કિંગ્ઝ ઈન, ડબ્લિનના બાર-ઍટ-લૉ, શ્રી એ. વેંકટરામન, યુદ્ધ શરૂ થયા પછી તરત જ સને ૧૯૧૪માં લંડનમાં રચવામાં આવેલા વૉલંટિયર ઈન્ડિયન ઍમ્બ્યુલન્સ દળના સભ્ય હતા. દળમાં પહેલવહેલા જોડાનારાઓમાંના આ ભાઈ એક હતા અને એમણે સ્વયંસેવકોની ભરતીના કામમાં ઘણી મદદ કરી હતી. યુદ્ધ કચેરીની સંમતિથી જે કારોબારી સમિતિ બનાવવામાં આવી હતી તેના તેઓ સભ્ય હતા. નેટલી તથા બાર્ટન-ઑન-સીની લશ્કરી ઇસ્પિતાલોમાં એમણે નૉન-કમિશન્ડ અફસર તરીકેના પોતાના કામથી ઉપરી અધિકારીઓને સંતોષ આપ્યો હતો. હું જાણું છું ત્યાં સુધી એમનું ચારિત્ર્ય નિષ્કલંક છે.

શ્રી વેંકટરામન અત્યારે મદ્રાસ સરકારમાં કોઈક જવાબદાર હોદ્દો મેળવવા પ્રયત્ન કરી રહ્યા છે. મને આશા છે કે તેમના પ્રયત્નોને સફળતા મળશે.

મો. ક. ગાંધી

અધ્યક્ષ

હિંદી સ્વયંસેવક સમિતિ

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૭૧૦૦

Gandhi Heritage Portal

# ૪૧૯. ટ્રાન્સવાલ એશિયાટિક કાનૂન વિષે સર જૉર્જ બાર્ન્ઝને પત્ર

મુંબઈ,
જુલાઈ ૨૬, ૧૯૧૯

વહાલા સર જૉર્જ બાર્ન્ઝ,

તાજેતરમાં પસાર થયેલા ટ્રાન્સવાલ એશિયાટિક કાનૂન અંગેનો આપનો ૧૮મી તારીખનો વિગતવાર પત્ર[1] મળ્યો. તે બદલ આભાર.

આપના પત્રના છેલ્લા વાક્યને[2] આધારે હું એ પત્ર મારા જવાબ[3] સાથે પ્રસિદ્ધ કરી રહ્યો છું. નામદાર વાઈસરૉય તથા આપ પોતે આ બાબતમાં ઘટતું કરી રહ્યા છો તે બદલ હું આપનો બંનેનો ખૂબ જ આભારી છું. પરંતુ મારે સખેદ કહેવું પડે છે કે આ બિલના સાચા સ્વરૂપ વિષે આપની પાસે રજૂ કરવામાં આવેલી માહિતી ગેરસમજ પેદા કરનારી નહીં હોય તોપણ અધૂરી તો જરૂર છે. અને આપના પત્રમાં ઉલ્લેખવામાં આવેલા ટ્રાન્સવાલની સુપ્રિમ કોર્ટના ચુકાદા વિષે આપને અપાયેલી હકીકતને પણ એ જ ટીકા લાગુ પડે છે.

સુપ્રિમ કોર્ટના ચુકાદા અંગે ખરી હકીકત આ પ્રમાણે છે. ૧૯૦૮ના ટ્રાન્સવાલ કીમતી અને હલકી ધાતુઓના ધારાની કલમો ૧૩૦ અને ૧૩૧માં માત્ર વસવાટ સંબંધી હક્કોનો ઉલ્લેખ છે. એમાં વેપાર સંબંધી હક્કોનો કશો ઉલ્લેખ નથી. એ જ રીતે સુપ્રિમ કોર્ટના બીજા ચુકાદામાં જણાવ્યું છે કે ટ્રાન્સવાલના હાલના કાયદાઓ પ્રમાણે વેપાર કરવાના આ હક્કો કોઈથી ઉવેખી શકાય તેમ નથી. આ ઉપરથી આપ જોઈ શકશો કે નવો કાયદો ટ્રાન્સવાલમાં વસતા હિંદી પ્રજાજનનો ત્યાં વેપાર કરવાનો હાલનો હક્ક છીનવી લે છે. ૧૯૦૮ના કાયદાની કલમો ૧૩૦ અને ૧૩૧થી ત્યાં રહેવાના હક્કો ઉપર કાપ મૂકવાનો પ્રયત્ન થયો હતો. હવે નવા કાયદાથી વેપાર સંબંધી હક્કોમાં વધુ કાપ મુકાય છે અને આ રીતે તે ટ્રાન્સવાલના સુવર્ણ વિસ્તારમાં કાયદેસર વસેલા હિંદીઓની ખરેખરી બરબાદીને સંપૂર્ણ બનાવે છે. તો પછી સંઘ સરકાર સહેજ પણ વિશ્વાસથી એવો દાવો શી રીતે કરી શકે કે તેણે ૧૯૧૪ના સમાધાનનું કાળજીપૂર્વક પાલન કર્યું છે? અહીં હું એટલું ઉમેરી લઉં કે ૧૯૦૮નો કાયદો ટ્રાન્સવાલ સરકાર અને હિંદી કોમ વચ્ચે હમેશાં ઝઘડાનું કારણ બન્યો છે. મારે કૃતજ્ઞતાપૂર્વક કહેવું જોઈએ કે આ કાયદાની ૧૩૦મી અને ૧૩૧મી કલમોની જોગવાઈઓ લગભગ બિનઅમલી રહી છે તેનું કારણ એ છે કે સમ્રાટની સરકારે અમારે ખાતર આ બાબતમાં ભારે લડત આપી હતી. આપને કદાચ હવે સમજાશે કે જનરલ સ્મટ્સે મારા ઉપરના પોતાના પત્રમાં મને જે એવું વચન આપ્યું હતું કે

૧. આ પત્રમાં દક્ષિણ આફ્રિકાની સ્થિતિની વિસ્તારથી સમાલોચના કરવામાં આવી છે અને હિંદી સરકારે ઉઠાવેલા વાંધાઓનું કશું પરિણામ આવ્યું નથી તે બદલ ખેદ વ્યક્ત કરવામાં આવ્યો છે. એમાં એવી પણ ખાતરી આપવામાં આવી છે કે નવા કાયદાનો આખો પાઠ આવી ગયા પછી આગળ શાં પગલાં લેવાં તેનો સરકાર વિચાર કરશે.

૨. "અલબત્ત, આ પત્રનો આપને જે ઉપયોગ કરવો હોય તે આપ કરી શકો છો."

૩. આ બંને લખાણો તા. ૨૯–૭–૧૯૧૯ના बॉम्बे क्रॉनिकलમાં તથા न्यू इन्डियाમાં પણ પ્રસિદ્ધ થયાં હતાં.

Gandhi Heritage Portal

"એ કાયદાઓનો અમલ ન્યાયપૂર્વક અને સ્થાપિત હક્કોને જાળવીને કરવામાં આવશે" તેનો શો અર્થ થાય છે? વસવાટ અંગેના સ્થાપિત હક્કો એટલે જે હક્કો હિંદી લોકો ૧૯૦૮ કરતાં પણ આગળથી ભોગવતા આવ્યા હતા એ હક્કો. એટલે કે આખા ટ્રાન્સવાલ પ્રાંતમાં બાંધી મુદતના પટ્ટાને આધારે એમને સ્થાવર મિલકતના માલિક બનવાનો હક્ક હતો. અહીં થોડોક જૂનો ઇતિહાસ તાજો કરીએ. ખુદ ૧૮૮૫નો કાયદો નંબર ૩, દક્ષિણ આફ્રિકી પ્રજાસત્તાક અને સમ્રાટની સરકાર વચ્ચેના એક લાંબા પત્રવ્યવહારનો વિષય બની ગયો હતો. આ લખાપટ્ટીનું કામ સમ્રાટની સરકાર તરફથી પ્રિટોરિયામાં રહેતા બ્રિટિશ એજંટ મારફતે ચાલ્યા કરતું હતું. તે પછી આખરી નિર્ણય માટે એ મામલો તે વખતના ઑરેન્જ ફ્રી સ્ટેટના મુખ્ય ન્યાયાધીશને લવાદીમાં સોંપવામાં આવ્યો હતો. એ ન્યાયાધીશે પોતાનો મત દર્શાવતાં કહ્યું હતું કે સને ૧૮૮૬માં સુધાર્યા મુજબનો ૧૮૮૫નો કાયદો નંબર ૩ બાદ કરતાં, બાકીના બધા કાયદા લંડનની સમજૂતીની[1] વિરુદ્ધ જાય છે. એટલે આ ચુકાદા પછી પસાર કરવામાં આવેલા ટ્રાન્સવાલના બ્રિટિશ હિંદી વસાહતીઓની સ્વતંત્રતા ઉપર વધારે કાપ મૂકનારા તમામ કાયદાઓ એની વિરુદ્ધ જાય છે. અને મારી અપેક્ષા એવી છે કે એ જ કારણે આ બાબતમાં રહેલા વાજબીપણાને બાજુએ રાખતાં મિ. હારકોર્ટે ૨૭મી જૂન, ૧૯૧૧ને રોજ હાઉસ ઑફ કૉમન્સમાં નીચેની જાહેરાત કરી હતી:

> એ કાયદાની સામે (ગોલ્ડ લૉ ઍન્ડ ટાઉનશિપ્સ ઍમેન્ડમેન્ટ ઍક્ટ – સુવર્ણ કાનૂન તથા નગરસુધારણા ધારો) ફરિયાદો મોકલવામાં આવી છે અને એ સંબંધમાં દક્ષિણ આફ્રિકાની સંઘ સરકાર તપાસ ચલાવી રહી છે. પરંતુ તે દરમ્યાન તાજેતરમાં એ સરકારે એવું જાહેર કર્યું છે કે એ કાયદો પસાર થયાની તારીખ પહેલાં હિંદીઓ જે કામધંધા કરતા આવ્યા છે તેમાં અથવા કામધંધા કરવાના જે હક્કો તેમણે મેળવ્યા છે અને જેનો તેઓ ઉપભોગ કરતા આવ્યા છે તેમાં કોઈ પ્રકારનો હસ્તક્ષેપ કરવાનો સરકારનો ઇરાદો નથી.

એ જ રીતે ૧૯૧૨માં તે વખતના ટ્રાન્સવાલના ઍટર્ની જનરલ મિ. ડી. વિલિયર્સે કહ્યું હતું કે "બિનગોરી વ્યક્તિ અત્યારે જે કોઈ પણ હક્ક કે વિશેષાધિકાર ભોગવી રહી છે, તે આ નવા ધારાથી છીનવાતો નથી." મિ. હારકોર્ટની બાંયધરી અને મિ. ડી વિલિયર્સે કરેલો આ ધારાનો અર્થ, બંને ઉપર ભરોસો રાખવાનો હિંદીઓને અધિકાર હતો. એટલે જો ટ્રાન્સવાલનો ચુકાદો અમારી વિરુદ્ધમાં આવ્યો હોય તો સંઘ સરકારનું એ કર્તવ્ય છે કે તેણે હવે કેવળ ૧૯૧૪ના સમાધાન પ્રમાણે જ નહીં, પણ ઉપર્યુક્ત બાંયધરી અને અર્થઘટનને આધારે પણ, ૧૯૦૮ના કાયદામાં સુધારો કરવો અને નવા કાયદાથી થઈ રહ્યું છે તેમ હિંદીઓની સ્વતંત્રતા ઉપર વિશેષ કાપ મૂકવો નહીં.

હું જાણું છું કે આપના ઉપર કામનો ભારે બોજો રહે છે. પરંતુ આપને તો આપના મદદનીશો જે માહિતી તૈયાર કરી આપે તેને આધારે કામ કરવાનું હોય છે. અને સંઘ સરકાર જેવી શક્તિશાળી સરકાર પોતાની વાત દક્ષિણ આફ્રિકાના મુઠ્ઠીભર બ્રિટિશ હિંદીઓ કરતાં વધારે આસાનીથી આપને ગળે ઉતારી શકે છે. એટલે મને ભય રહે છે કે હિંદીઓનો પક્ષ કેવળ માહિતીને અભાવે જ માર્યો જવાનો સંભવ છે. આપને ખબર છે ખરી કે દક્ષિણ આફ્રિકાના હિંદીઓએ એક સ્વયંસેવક દળ ઊભું કર્યું હતું અને તેણે દક્ષિણ આફ્રિકામાં જનરલ સ્મટ્સના હાથ નીચે સેવાઓ આપી હતી? શું આ નવો કાયદો તેમને એ સેવાના બદલામાં બક્ષિસરૂપે

૧. જુઓ પુસ્તક ૧, પા. ૨૯૫–૬.

Gandhi Heritage Portal

આપવાનો છે? સ્વમાન અને ન્યાય બંને દૃષ્ટિથી જે મૂળભૂત હક્ક મેળવવાનો એમને પૂરેપૂરો અધિકાર છે, તેના રક્ષણ માટે મારે લડાઈના સમયમાં બજાવેલી સેવાઓને વચમાં લાવવી પડે એવું બનવું નહોતું જોઈતું. એટલે હું તો આપને સંઘ લોકસભાની પ્રવર સમિતિના રિપોર્ટની ભલામણ કરું છું. જો આપની પાસે એની નકલ ન હોય તો તે હું આપને જોઈ જવા મોકલી શકું એમ છું.

મને લાગે છે કે આપની પાસે સ્થાવર મિલકત સંબંધમાં સંપૂર્ણ માહિતી નથી. મને ખાતરી છે કે મારી માફક આપને પણ એ જાણીને દુ:ખ થશે કે સંઘ સરકારે પોતાની જવાબદારી અને લેખી વચનને બાજુએ મૂકીને નીચેનો સુધારો સ્વીકારી લીધો છે :

> એશિયાઈ લોકો કોઈની મિલકત ગીરો રાખી શકશે નહીં, સિવાય કે કમાણી કરવાના હેતુથી કોઈને સાચી રીતે ધીરવામાં આવેલી રકમની જામીનગીરીમાં મિલકત ગીરો રાખી હોય. બીજું એમ ઠરાવવામાં આવ્યું છે કે જો કોઈ એશિયાઈ કંપનીએ ચાલુ માસની પહેલી તારીખ પછી સ્થાવર મિલકત સંપાદન કરી હોય, તો તે તેણે બે વર્ષની અંદર અથવા તે પછી કોઈ યોગ્ય અદાલત ઠરાવે તે મુદતની અંદર વેચી દેવી જોઈશે. આમાં વધારાની શરત એવી છે કે જો આ પ્રમાણે નહીં કરવામાં આવશે તો અદાલતના હુકમથી એ મિલકત વેચી કાઢી શકાશે.

આ શબ્દો મેં રૂટરના કેપટાઉનથી મોકલેલા ૨૩મી મેના તારમાંથી ઉતાર્યા છે. આપ જોશો કે આ સુધારાથી ટ્રાન્સવાલભરમાં મિલકત ધરાવવાના હક્કો કાયદાથી છીનવી લેવાનું કામ સમાપ્ત થાય છે. પરિણામે સુવર્ણ વિસ્તારમાં વસતા હિંદી વસાહતીઓના વેપાર કરવાના હક્કો આપોઆપ નષ્ટ થાય છે. હિંદીઓ કંઈ ૧૮૮૫ના કાયદા નંબર ૩નો ભંગ કરતા નહોતા. તેઓ તો માત્ર કાયદાથી એમને મળેલી સ્વતંત્રતાનો જ છડેચોક લાભ ઉઠાવતા હતા. એટલે એમને એમ કરવાની છૂટ ભોગવવા દેવી જોઈએ.

આ કરુણ કથની હું લંબાવવા માગતો નથી. ટ્રાન્સવાલના ૫૦૦૦ હિંદી વસાહતીઓના હક્કોનું કોઈ પણ ભોગે રક્ષણ કરવા માટે હિંદની સરકાર બંધાયેલી છે.

આ પ્રશ્નનો ઉકેલ હું આપને બતાવું છું. ૧૮૮૫નો કાયદો નંબર ૩ સરકારને એવી સત્તા આપે છે કે હિંદીઓ જ્યાં સ્થાવર મિલકતના માલિક બની શકે એવા લત્તાઓ અને શેરીઓ તેણે ઠરાવી આપવાં. આ અધિકારને આધારે સરકાર જાહેર કરે કે સુવર્ણ વિસ્તારમાં આવેલા કસબાઓમાં અમુક શેરીઓ અને લત્તાઓમાં એશિયાઈ લોકો રહી શકશે અને મિલકતો ખરીદી શકશે, તેમ જ કર ઉઘરાવનારા અધિકારીઓને તે એવો આદેશ આપી શકે કે તેમણે કાયદેસર હોય એવા હિંદી અરજદારોને સરકારે જાહેર કરેલી શેરીઓ અને લત્તાઓમાં વેપાર કરવા માટે પરવાનાઓ કાઢી આપવા. આ વ્યવસ્થા હંગામી વડા પ્રધાન મિ. મલાનના વચન પ્રમાણેનું કમિશન નિમાય ત્યાં સુધીની સમજવી. જેવી રીતે સંઘની ધારાસભાની પ્રવર સમિતિ ફસકી ગઈ હતી તેવી જ રીતે આ કમિશન પણ નિરર્થક ન નીવડે તે માટે હિંદની સરકારે (એક શક્તિશાળી પ્રતિનિધિ મોકલીને) તકેદારી રાખવી જોઈએ. સામ્રાજ્યનાં સંસ્થાનોને બહારથી આવતા લોકો ઉપર નિયંત્રણ મૂકવાનો અધિકાર આપી શકાય. પરંતુ જે લોકો ખુલ્લી રીતે પોતાને સુધરેલા યુરોપનું અંગ માને છે તેઓ કાયદેસર આવી વસેલા વસાહતીઓના વેપારધંધા અને મિલકત ધરાવવાના હક્કો ઉપર કાપ મૂકી શકે નહીં અથવા તે હક્કો છીનવી શકે નહીં.

Gandhi Heritage Portal

દરખાસ્ત નીચેના કમિશનને પરિણામે આવા વસાહતીઓ ઉપર મુકાયેલા તમામ પ્રકારના જાતિગત પ્રતિબંધો નાબૂદ થવા જોઈએ.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, ૩૦-૭-૧૯૧૯

## ૪૨૦. કલ્યાણજી મહેતાને પત્ર

મુંબઈ,
જુલાઈ ૨૬, ૧૯૧૯

ભાઈશ્રી કલ્યાણજી,

તમને કાગળ લખતાં ભૂલી જ ગયો. હું આવતી કાલે (રવિવારે) નીકળી ચોકસ આવીશ. પેસેંજર જે ત્યાં છ વાગ્યે કે એટલામાં પહોંચે છે, તેમાં આવીશ. મને જરૂર ન જાણાય તો બે દહાડા ન રોકશો. જરૂર જ હોય તો રોકી શકશો એમ હાલ તો અધર મૂકું છું.

મોહનદાસના
વંદે માતરમ્

[મૂળ ગુજરાતી]

છબી પરથી: જી. એન. ૨૬૭૦

## ૪૨૦ (૧). સર એસ. આર. હિગનેલને પત્ર[૧]

જુલાઈ ૨૭, ૧૯૧૯

પ્રિય મિ. હિગનેલ,

તુર્કસ્તાન વિષેના સમાચાર બાબતમાં સરકાર આટલી બધી આળી લાગણી કેમ ધરાવે છે? તુર્કસ્તાન સાથેની સંધિની શરતો માનભરી હોય તો તેનાથી હિંદુસ્તાનમાં સહેજ પણ ખળભળાટ શા માટે થવો જોઈએ? હાલમાં લંડનમાં વસતા આગેવાન મુસલમાનોએ બ્રિટિશ વડાપ્રધાનને ઉદ્દેશીને એક પત્ર લખ્યો છે. એ પત્ર મારા હાથમાં આવતાં હું વધારે અસ્વસ્થ થયો. આ પત્ર ઉપર સહીઓ કરનારામાં આ નામો પણ મારા જોવામાં આવ્યાં છે: નામદાર આગાખાન, મુંબઈના આગેવાન [અસ્પષ્ટ], ભૂતપૂર્વ ન્યાયમૂર્તિ અમીરઅલી, સર અબ્બાસઅલી બેગ અને બીજાઓ. મને ખાતરી છે કે નામદાર વાઈસરૉયે એ મહત્ત્વનો પત્ર જોયો તો હશે જ. એમાં તુર્કસ્તાનના ભાગલા પાડવાના સંભવ વિષે તથા આ સમાચાર સાંભળીને મુસલમાનોમાં વ્યાપેલી અસ્વસ્થતાની અને ચિંતાની ગંભીર પરિસ્થિતિ વિષે જણાવવામાં આવ્યું છે. અને સહી કરનારાઓ જણાવે છે કે, 'શાંતિપરિષદને નામે ભાગલાની જે વાતો થઈ રહી છે તેનો અમલ થશે તો એ પરિસ્થિતિ વધુ ગંભીર બની જશે.'

૧. અહીં મૂકવાનો રહી ગયેલો વધારાનો પત્ર અંગ્રેજી પુસ્તક ૧૬ની પુરવણી ૧ની પાદટીપ ૨માં આપવામાં આવ્યો છે. તારીખ પ્રમાણે તેનું સાચું સ્થાન અહીં આવે છે.

Gandhi Heritage Portal

"હું અસ્વસ્થ થયો એવું મેં જે કહ્યું છે એનું કારણ એ છે કે મને રોજ ને રોજ પત્રો મળતા રહે છે અથવા હું રોજ ને રોજ જે મુસલમાન મિત્રોને મળતો રહું છું. તેઓ મને કહે છે કે અમે તો વેચાઈ જવાના. હું એમને ખાતરી આપતો રહું છું કે નામદાર વાઇસરૉય સાહેબ સમ્રાટના પ્રધાનો સમક્ષ આ વિષયનું સાચું દૃષ્ટિબિંદુ રજૂ કરવા તનતોડ મહેનત કરી રહ્યા છે, એટલે તમારે એ પ્રધાનોનો અણવિશ્વાસ કરવાને કોઈ કારણ નથી. પરંતુ મેં આપેલી ખાતરી તેમને ગળે ઊતરતી નથી, એટલે મને લાગે છે કે આ અતિ ગંભીર પરિસ્થિતિથી નામદાર વાઇસ-રૉયને મારે વાકેફ રાખવા જોઈએ. લોકોને વિશ્વાસ બેસે એવી કોઈ સ્પષ્ટ જાહેરાત કરવાનું શું શકય નથી? મુસલમાનોનો જે સૌથી મોટો ભય છે તે સાચો પડશે તો હિંદુસ્તાનમાં કેવળ લશ્કરી શાંતિ સ્થપાશે, સાચી શાંતિ નહીં સ્થપાય. હું ખાતરીથી કહું છું કે જો તુર્કસ્તાનના ભાગલા પડશે અથવા મુસલમાનોનાં તીર્થસ્થાનોમાં હાથ નાખવામાં આવશે તો ગમે તેટલી ઉદારતાથી અપાયેલા સુધારા પણ મુસલમાનોના મનનું સમાધાન કરવાના નથી. હું જાણું છું કે આ બધી બાબતો નામદાર સાહેબના ધ્યાન બહાર ન હોઈ શકે, પરંતુ હું મારી જાતને બ્રિટિશ સામ્રાજ્યનો એક હિતેચ્છુ સમજું છું, એટલે મને લાગે છે કે જે ગંભીર બાબતો મારા જાણવામાં આવે તે જો હું નામદાર સાહેબના ધ્યાન પર ન લાવું તો હું મારું કર્તવ્ય ચૂકયો ગણાઉં. તો હવે હું એટલી આશા રાખી શકું ખરો કે જો કોઈ પણ રીતે શકય હોય તો તુર્કસ્તાનના મામલા અંગે એક નિવેદન બહાર પાડવામાં આવશે?"

[મૂળ અંગ્રેજી]

એસ. એન. ૬૭૭૭

## ૪૨૧. સવિનય કાનૂનભંગ રાજદ્રોહ નથી

[જુલાઈ ૨૭, ૧૯૧૯][1]

અમો આ વિદ્વાનનો મત સ્વીકારી શકયા નહીં અને તેથી આશા બતાવી હતી કે કાયદાના સવિનયભંગના સ્તંભરૂપ મિ. ગાંધી આ બાબતમાં ખુલાસો કરશે. મિ. ગાંધીએ આ વાત ઉપાડી લીધી અને એમણે નીચેનો ખુલાસો મોકલીને અમને આભારી કર્યા. પણ આ વાત વધારે સ્પષ્ટ કરવા માટે અને મિ. ગાંધીનો ખુલાસો બરાબર રીતે સમજવા માટે અમે એ વિદ્વાન મૅજિસ્ટ્રેટ સાહેબના શબ્દો અત્રે ફરીથી ટાંકીએ છીએ :

### વિદ્વાન મૅજિસ્ટ્રેટની તર્કસૃષ્ટિ

રાજ્યપ્રકરણના ઢાંકણ નીચે વળી સત્યાગ્રહનો એક બીજો પ્રકાર છે, જે એ સિદ્ધાંત-વાદનો કાયદો ભાંગવાનો ગર્ભિત મુદ્દો દિલ્હીના બનાવ જેટલી જ સ્પષ્ટતાથી સાબિત કરે છે. સત્યાગ્રહની પ્રતિજ્ઞાની વાતથી સૌ કોઈ જાણીતું છે. એ પ્રતિજ્ઞાથી એક વ્યક્તિ, સત્યાગ્રહ સભાના જે કાયદા તોડવાનો ઠરાવ કરે, તેના સવિનયભંગના હક્કનો દાવો કરે છે. સવિનયભંગની સમજૂતી કદી અપાઈ જ નથી. મુંબઈમાં એ સવિનયભંગે બાધિત પુસ્તકોના વેચાણનું રૂપ લીધું. આ ગુનો ફોજદારી કાયદાની ૧૨૪મી અ કલમ નીચે આવે છે. અર્થાત્ ફોજદારી

૧. મરાઠા ઉપરનો પત્ર આ તારીખે પ્રસિદ્ધ થયો હતો.



Gandhi Heritage Portal

કાયદાનું એથી સક્રિય ભંગાણ થાય છે. વળી વધુમાં કોઈ પણ કાયદો, કે જે બીજાઓના હક્કોને સલામત રાખે છે, તેના સવિનયભંગથી વ્યવસ્થા અને નિયમનું ઉચ્છેદન થાય છે અને તેથી નિયમ અને વ્યવસ્થાના પાલક જેવી સરકાર સામે ધિક્કાર અને તુચ્છકાર પેદા થવાની ગણતરી કરી શકાય છે. એટલે કે સત્યાગ્રહના આ પ્રકારનું રહસ્ય અને તેની અસર વિદ્રોહી છે.

### શ્રીયુત ગાંધીજીનો જવાબ

પછી મરાઠા પત્રના તંત્રી જણાવે છે કે શ્રીયુત ગાંધીજીએ અમારા નિમંત્રણના ઉત્તરમાં નીચે પ્રમાણેનો ખુલાસો મોકલ્યો છે. તેથી જણાશે કે તેઓ મૅજિસ્ટ્રેટના ઉપર દર્શાવેલા અભિપ્રાયથી તદ્દન જુદો જ વિરુદ્ધ અભિપ્રાય ધરાવે છે. તેમનો ખુલાસો નીચે મુજબ છે :

મરાઠાના તંત્રી મહાશય,

हिंदवासी ખટલાના મૅજિસ્ટ્રેટના ચુકાદાનો કાયદાના સવિનયભંગના સ્પષ્ટીકરણવાળો ભાગ જણાવીને સાથે તેનો ખુલાસો કરવાની ઇચ્છા બતાવી છે. હું સહર્ષ તેનો પ્રત્યુત્તર વાળું છું.

### સત્ય વાતની ગેરસમજૂતી અને વિકૃત સ્વરૂપ

આપે જે ફકરો ટાંક્યો છે તેવા બે ફકરામાં જીવનના મહાન સિદ્ધાંત વિષેની જે ગેરસમજૂતીને અથવા સત્ય વાતના જે વિકૃત રૂપને દાખલ કરેલું છે તેનાથી વધુ પ્રમાણમાં દાખલ કરવું મુશ્કેલ છે. એ ફકરાનો આરંભ

> રાજ્યપ્રકરણના ઢાંકણ નીચે વળી સત્યાગ્રહનો એક બીજો પ્રકાર છે, જે એ સિદ્ધાંતવાદનો કાયદા ભાંગવાનો ગર્ભિત મુદ્દો દિલ્હીના બનાવ જેટલી જ સ્પષ્ટતાથી સાબિત કરે છે.

એ વાક્યથી થાય છે.

જ્યાં સુધી દિલ્હીના બનાવનો ભેદ કોઈ અપક્ષપાત કમિટીએ સ્પષ્ટ નથી કર્યો ત્યાં સુધી દિલ્હીના બનેલા બનાવોમાં દોષ કોનો હતો તે આપણે કોઈ કાળે જાણી શકવાના નથી. છતાં એટલું તો યાદ રાખવું જોઈએ કે માર્ચની ૩૦મીએ અથવા એપ્રિલની ૬ઠ્ઠીએ કાયદાનો સવિનયભંગ શરૂ થયો ન હતો. સ્વામી શ્રદ્ધાનંદજી કહે છે કે અધિકારીઓએ જ કાયદો તોડ્યો અને એક મુઠ્ઠીભર સત્યાગ્રહીઓ પોતાની જિંદગીના જોખમે પણ લોકોના તથા અધિકારીઓના આવેશને શમાવવાનો પ્રયત્ન કરી રહ્યા હતા.

ચુકાદામાં આગળ ચાલતાં બીજું વાક્ય એ લખેલું છે કે

> સત્યાગ્રહની એ પ્રતિજ્ઞાથી કોઈ પણ વ્યક્તિ સત્યાગ્રહ સભા જે કાયદા તોડવાનો ઠરાવ કરે તેના સવિનયભંગનો દાવો કરી શકે છે.

હવે આ વાક્યમાં સત્ય વાત પડતી મૂકવાનું મહા પાપ થયેલું છે. એ પ્રતિજ્ઞાથી એ પ્રતિજ્ઞાધારીને સત્યાગ્રહ સભાએ ઠરાવેલા કોઈ પણ કાયદાના સવિનયભંગનો નહીં, પરંતુ તેના પ્રતિજ્ઞાધારીઓએ નીમેલી ખાસ કમિટી જે કાયદો પસંદ કરે, તે કાયદાના જ સવિનયભંગનો હક્ક મળે છે. આ તફાવત ઘણો મહત્ત્વનો છે. વિદ્વાન મૅજિસ્ટ્રેટે એ વાતનો ઉલ્લેખ કરવાનું પડતું મૂક્યું છે કે કાયદાનો સવિનયભંગ કરનાર કોઈ પણ શખસ સત્યના પાલનની અને અહિંસાની અને કોઈના જાનમાલને ઈજા નહીં કરવાની પ્રતિજ્ઞા લે છે, જે પ્રતિજ્ઞા કંઈ ઓછી મહત્ત્વની નથી. ચુકાદાના તે પછીના વાક્યમાં એટલું બધું અજ્ઞાન સ્પષ્ટ થાય છે કે જે એક ન્યાયાધીશને માટે અક્ષમ્ય છે. તે કહે છે કે "સવિનયભંગની સમજૂતી કદી અપાઈ નથી." જો

Gandhi Heritage Portal

એ મહાશયનો ઇરાદો સવિનયભંગના કારણથી કોઈને ગુનેગાર ઠરાવવાનો હોય તો એ બાબતનો ઊંડો અભ્યાસ કરવાની તેમની ફરજ હતી. તેની તહેનાતમાં સર્વ સત્યાગ્રહ પત્રિકાઓ અને સવિનયભંગ ઉપરનું થૉરોનું પુસ્તક[1] હાજર હતું.

## સવિનયભંગ એટલે શું ?

હવે પછી એ ફકરામાં જે વાક્યો આવે છે તેનું જૂઠાણું ખુલ્લું પાડવા માટે સવિનયભંગનો અર્થ શો એ મારે સંક્ષેપમાં કહેવું જોઈશે. સવિનયભંગ એ ફોજદારી ગુનો અથવા કાયદાના નીતિ-રહિત ભંગથી ઊલટો છે. આથી જે કાયદાઓમાં નૈતિક તત્ત્વ નથી રહેલું તે સામે જ તેનો ઉપયોગ થઈ શકે. કાયદાઓ કાં તો ફોજદારી કે દીવાની હોઈ શકે, પરંતુ કોઈ પણ સત્યાગ્રહી કૃત્રિમ ગુનાનો [કાનૂનનો] સવિનયભંગ કરતાં અચકાશે નહીં. દાખલા તરીકે ફોજદારી કાયદાની ૧૨૪મી અ કલમ કે જેની રૂએ એક ન્યાયાધીશના શબ્દોની વિચિત્રતાને આધારે કોઈ પણ બાબતને વિદ્રોહી કહી શકાય તેમ છે, તો તે કલમનો સવિનયભંગ થઈ શકે. કાયદાનો સવિનય-ભંગ કરનાર બીજાના હક્ક ઉપર કશો હુમલો નહીં કરે. કોઈ પણ વ્યક્તિ અથવા સંસ્થા, ધિક્કાર અને તુચ્છકારને પાત્ર થાય એવું જણાય તેવું કોઈ પગલું એ નહીં ભરે, પણ તે પોતાનું ગમે તે થાય તેની દરકાર કર્યા વિના તેવી કોઈ વ્યક્તિનું કે સંસ્થાનું તુચ્છકારને પાત્ર હોય તેવું કૃત્ય ધિક્કારતાં અથવા તે ખુલ્લું કરતાં જરા પણ ખચકાશે નહીં. અને તેમ કરીને તેવી વ્યક્તિને અથવા સંસ્થાને અઘટિત તિરસ્કાર અને તુચ્છકારને પાત્ર થતાં બચાવી લેશે. આથી કાયદાનો સવિનય-ભંગ કરનાર અમુક બાબતના હેતુમાં હાથ નથી ઘાલતો. પણ તેના ગુણદોષથી તેની પરીક્ષા કરે છે. આથી સવિનયભંગનો પાયો પ્રેમ અને બંધુત્વની લાગણી છે. જ્યારે બીજી રીતે (ફોજ-દારી) કાયદાનો ભંગ કરવામાં ધિક્કાર અને કટુતા રહેલી છે. આથી પ્રકાશ અને અંધકારને જેટલો સંબંધ છે, તેટલો સંબંધ કાયદાના સવિનયભંગ અને ફોજદારી ગુના વચ્ચે છે અને જ્યારે સવિનયભંગની ભાવના પ્રસરે છે અને આશા છે કે હિંદી પ્રજામાં તે જલદી પ્રસરી જશે, ત્યારે ગુના અને મારફાડ એ સામાન્ય રીતે જરીપુરાણા બનાવો થઈ જશે.

## વાંધાઓનો જવાબ

કેટલાક મિત્રો અને સરકાર એવી દલીલ કરે છે કે જોકે સવિનયભંગ એ જીવનનો એક સિદ્ધાંત છે અને પ્રશંસનીય છે; પણ વિચારવિનાના લોકો નમ્ર અને ગુનાયુક્ત બાબત એ બેનું નિરાકરણ નહીં કરી શકવાથી, અને જે કાંઈ રુચ્યું નહીં તે સામે તેમની મનોવૃત્તિ તાબે નહીં રહી શકવાથી વિચારવાળાઓના સવિનયભંગને કોઈ પણ પ્રકારનો પ્રતિકાર સમજી લે છે. અને તેથી અનવસ્થાનો માર્ગ લે છે. આ દલીલ જોકે સ્વીકારાઈ છે, પણ તેથી સવિનયભંગની ભવ્યતાને અથવા તેની ઉપયોગિતાને આંચ નથી આવતી. એથી બેશક, સવિનયભંગ કરવાનો પ્રયત્ન કરી રહેલા મારા જેવાઓને નવા અને બહોળા વિસ્તારમાં તેમ કરતાં પહેલાં બહુ વિચાર કરવાની જરૂર સ્પષ્ટ જણાય છે.

હવે આપના વાચકો ઉપલા ફકરાના છેવટના ભાગની કિંમત કરી લેશે. તેમાં જણાવ્યું છે કે,

મુંબઈમાં સવિનયભંગે બાધિત પુસ્તકોના વેચાણનું રૂપ લીધું કે જે ગુનો ફોજદારી કાયદાની ૧૨૪મી અ કલમ નીચે આવે છે અથવા જે ફોજદારી કાયદાનો સક્રિય ભંગ થયો.

૧. જુઓ પરિશિષ્ટ ૨.

Gandhi Heritage Portal

બાધિત પુસ્તકોના વેચાણનો હેતુ ફોજદારી કાયદાના સક્રિય ભંગ માટે નહીં પણ કારોબારી મંડળના વાંધાભર્યા ફરમાન સામે માથું ઊંચકવાના હેતુથી હતો. અને હવે તો જણાયું છે કે એ વેચાણથી સવિનયભંગ પણ નથી થયો. કેમ કે તેથી કાંઈ પણ કાયદો કે નિયમ ભાંગ્યો નથી. સવિનયભંગ કરનારે વાંધાભર્યું ફરમાન વાંચવામાં ભૂલ કીધી હતી.

અવતરણનો છેવટનો ભાગ આ પ્રમાણે છે :

"બીજું, જે કાયદો બીજાઓના હક્કોનું રક્ષણ કરતો હોય તેવા કોઈ કાયદાનો સવિનયભંગ કરવો એ સ્પષ્ટ રીતે તમામ પ્રકારના કાયદા અને વ્યવસ્થાને ઉથલાવી નાખવા બરાબર છે અને હકીકતમાં એનો હેતુ કાયદો અને વ્યવસ્થાનું રક્ષણ કરનાર સરકાર પ્રત્યે ઘૃણા અને તિરસ્કાર પેદા કરવાનો હોય છે. એટલે કે સત્યાગ્રહની આ રાજકીય બાજુ તત્ત્વત: અને પરિણામની દૃષ્ટિથી રાજદ્રોહી છે."[1]

વળી એ ફકરામાં છેલ્લી વાત સત્યાગ્રહનો આ પ્રકારનો મુદ્દો અને તેની અસર વિદ્રોહી હોવાનું સૂચવનારી છે. સવિનયભંગ વિષે મેં જે ખુલાસો કર્યો છે તેથી વધુ ટીકા મને વધારા પડતી લાગે છે અને જો મિ. જેઠમલને[2] કેવળ સત્યાગ્રહના સિદ્ધાંતની ગેરસમજૂતીથી ગુનેગાર ઠરાવી દેવામાં આવ્યા હોય તો તેમને વિના વિલંબે છોડી દેવા જોઈએ.

તમારો વગેરે

**મો. ક. ગાંધી**

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, २-८-१९१९

ભાષાંતર : गुजराती, १०-८-१९१९

## ૪૨૨. પોલાક વગેરેને તાર[3]

મુંબઈ,

જુલાઈ ૨૮, ૧૯૧૯

કેલોફ, સ્ટ્રૅન્ડ,
માનનીય શાસ્ત્રી, ઇન્ડિયા હાઉસ,
શ્રીમતી નાયડુ, લાઈસિયમ હોટેલ, પિકાડિલી
લંડન.

વાઈસરૉય અને મિત્રોની સલાહ માનીને હાલ તુરત સત્યાગ્રહ મોકૂફ રાખ્યો છે. એટલે બેવડા જોરથી આંદોલન ચલાવીને રૉલેટ કાયદો પાછો ખેંચાવવાની જવાબદારી નેતાઓ ઉપર આવે છે. વાજબી મુદતમાં જો કાયદો પાછો નહીં ખેંચાય તો સત્યાગ્રહ ફરીથી શરૂ કરવાનું અનિવાર્ય થઈ પડશે.

ગાંધી

[મૂળ અંગ્રેજી]

બૉમ્બે સિક્રેટ ઍબ્સ્ટ્રૅક્ટ્સ, ૧૯૧૯, પા. ૬૭૯-૮૦; તથા
છબી પરથી : એસ. એન. ૬૭૭૦

૧. આ પૅરેગ્રાફ યંગ ઇન્ડિયા, ૨-૮-૧૯૧૯માંથી લીધો છે.
૨. જેઠમલ પરસરામ, સિંધી સામયિક હિંદવાસીના તંત્રી.
૩. આ તાર આગળ જતો રોકવામાં આવ્યો હતો.

Gandhi Heritage Portal

## ૪૨૩. સુરતમાં વિદ્યાર્થીઓ સમક્ષ ભાષણ

જુલાઈ ૨૮, ૧૯૧૯

શ્રીયુત ગાંધીજીએ એ દિને બપોરે દોઢ વાગ્યે અત્રેની સાર્વજનિક કૉલેજની મુલાકાત લીધી હતી. એ વખતે ગુરુ તરફ માન રાખવાનો બોધ આપી માબાપ અને ગુરુને એકસરખા ગણવા જણાવી કહ્યું કે ગુરુ જ્યારે નીતિ વિરુદ્ધ અને હૃદયને આઘાત પહોંચે એવો હુકમ કરે તે વખતે શિષ્ય તેનો વિનયપૂર્વક નિરાદર કરી શકે. પરંતુ એવો પ્રસંગ હજારે એકાદ વખત જ આવી શકે. વખત અને વચન એ બેને કંજૂસની પેઠે વાપરવાં જોઈએ. એમ જણાવી પોતાનો વિદ્યાર્થી અવસ્થા વખતનો અનુભવ કહી સંભળાવ્યો હતો.

ગ્રૅજ્યુએટ થવું તે નોકરી માટે નહીં. આજીવિકા માટે નોકરી નથી. આજીવિકા તો જાત-મહેનતથી જ મેળવવાની છે. એક રશિયન લેખકે "બ્રેડ લેબર"નો[1] સુંદર શબ્દ યોજ્યો છે. એ કોઈ ડિક્ષનરીમાં નહીં મળે. કેળવણી છે તે મગજનો વિકાસ કરવાને માટે છે અને મગજનો વિકાસ તે હૃદયના વિકાસ માટે અને નહીં કે મગજનો વિકાસ કેમ ચોરી કરવી અને કેમ ખૂન કરવું તે શીખવાને કરવાનો છે કે જે પ્રમાણે હાલમાં અમેરિકા અને ફ્રાન્સમાં ચાલી રહ્યું છે.

આગળ ચાલતાં એમણે જણાવ્યું કે નિર્ભયતાનો ગુણ પ્રયત્નપૂર્વક હાંસલ કરવો જોઈએ.[2]

[મૂળ ગુજરાતી]

ગુજરાતમિત્ર અને ગુજરાતદર્પણ, ૩–૮–૧૯૧૯

## ૪૨૪. સુરતમાં સ્વદેશી વસ્તુભંડારના ઉદ્‌ઘાટન પ્રસંગે ભાષણ

જુલાઈ ૨૮, ૧૯૧૯

હું બેઠો બેઠો બોલી બે ચાર શબ્દો કહીશ. આ ભંડાર ખુલ્લો મૂકવાની ક્રિયા મેં કરી છે. તેને હંમેશ માટે આબાદી ઇચ્છું છું. ગર્ભિત શરત એ છે કે તેના વ્યવસ્થાપકો હમેશ પ્રામાણિક-પણું જાળવે અને એ ભંડાર લોકોની સેવા અર્થે ખુલ્લો છે એમ સમજી ચલાવશે. મિ. કલ્યાણ-જીએ મને જણાવ્યું છે કે શુદ્ધ સ્વદેશી વ્રત પાલન કરનાર માટેનાં કપડાં ઉપર સેંકડે ૬1 ટકા અને મિશ્ર વ્રતના કાપડ ઉપર રૂ. ૭ા ટકા નફો લેવામાં આવશે. આ ભંડાર ખોલવાથી બીજી કાપડની દુકાનો ચાલી શકશે નહીં તેને માટે દયા આવે તેમ નથી. બીજી દુકાનો હરીફાઈ કરીને સેવા કરશે તો ચાલશે. પણ તે વગર ક્યારે ચાલી શકશે કે સુરતવાસીઓની ભાવના ફરી નહીં હોય અને સદ્‌ભાવના નહીં હોય અને પરદેશી ઉપર વૃત્તિ રાખશે. [આ બીજા વિકલ્પમાં] તેઓ ગમે તેટલા ટકા ચઢાવી વેચશે તો ચાલશે. પટાવાળા અને આગળ વધી કહું તો ઝાડુવાળાથી કલેક્ટર સુધીના લોકો પરદેશી માલ નહીં લેતાં સ્વદેશી માલને ઉત્તેજન આપે એવી પ્રભુપ્રાર્થના હું

૧. રોટી માટે મજૂરી, જાતમહેનત.

૨. આ વાક્ય અંગ્રેજીમાંથી લીધું છે.

Gandhi Heritage Portal

કરતો રહીશ. તેમાં તમો સામેલ થશો. શુદ્ધ પ્રાર્થના એ કરી શકે છે કે જે તે મુજબ ચાલતો હોય. તમે સામેલ થશો તો એ મુજબ કરતા થઈ શકશો. બીજાઓને સદ્ભાવના આપો. એ ભાવના રાખી વર્તન રાખો. મેં કહ્યું તેમ આ જિલ્લામાં સઘળા એ વ્રતનું પાલન કરતા થઈ જાઓ. ઝાડુવાળાને સમજાવવું એ મોટી વાત છે, પણ કલેક્ટરને માટે ભાવનાનું પાલન કરાવવું એ મુશ્કેલી નથી. દેશની આબાદી તેના ઉપર જ રહી છે એ હવે સમજાવીશ. મેં કેટલાક ઇતિહાસ વાંચ્યા છે જેમાં યુરોપ, અમેરિકા વગેરે સઘળા દેશો કેવળ સ્વદેશી ભાવના અમુક સ્થિતિએ પૂગ્યા પછી આબાદ થયા છે તે જોઈ શકાય છે. એ ભાવના વગર આર્થિક સ્થિતિએ દેશ ચઢી શકતો નથી. ધાર્મિક દૃષ્ટિએ પણ ચઢી શકાય છે. હાલ આર્થિક સ્થિતિ વિષે બોલીશ. ઇતિહાસમાં જણાય છે કે બાદશાહની બેગમો અને રાણીઓ વસ્ત્રો કાંતતી હતી: સ્પિન્સ્ટર અને વાઇફ એ શબ્દો તમે સાંભળ્યા હશે. સ્પિન્સ્ટરનો અર્થ કાંતનારી છે. વાઇફનો અર્થ ધણિયાણી નહીં પણ વણનારી છે. સ્ત્રી પેદા થઈ તે બાલ્યાવસ્થામાં કાંતતી હતી, પણ ધણિયાણી થઈ તે વણતી અને કાંતતી હતી. શાસ્ત્રોમાં એવા અર્થો મળે છે. જે દેશો આવી આર્થિક સ્થિતિએ પૂગ્યા છે તે આબાદ છે. હિંદની વસ્તીના ૭૩ ટકા ખેતી ઉપર આધાર રાખે છે. ભાષામાં બને તેટલી દૃઢતા હોવી જોઈએ એમ હું કહેતો આવ્યો છું. કેટલાકો ૮૦ ટકા કહે છે પણ બરાબર ગણતરી કરતાં ૭૩ ટકા યાને ૨૧ કરોડ સ્ત્રીપુરુષો ખેતી ઉપર આધાર રાખે છે. ખેતીના ધંધામાં અડધું વર્ષ અથવા ચાર મહિના કામ વગર લોકો બેસી રહે છે. જેઓ જમીનદારો છે તેઓ વર્ષના ૧૨ મહિના સુધી આજીવિકાનું સાધન મેળવે છે. પણ ખેતી કરનારાઓ આખું વર્ષ કામ કરતા નથી અને તેથી ઓછી આજીવિકા મેળવે છે. યુરોપમાં ધણિયાણીએ વણવાનો અને સ્પિન્સ્ટરોએ પોતાનો ધંધો છોડી દીધો છે. પણ તેમની પાસે બીજા ઉદ્યોગો છે અને તેને લીધે તે છોડયો છે. બીજા ઉદ્યોગો ગ્રહણ કર્યા તે સારા કે ખરાબ તે વિષે વિવેચન કરીશ નહીં, પણ હિંદમાં રાજકર્તાઓ હવે શોધી રહ્યા છે કે ખેડૂતોને ખેતી ઉપરાંત મદદનીશ ધંધો કયો આપી શકીએ કે તેઓ પગભર થઈ શકે. જો તેમ નહીં થાય તો વિઘોટી ભરે છે તે થોડા વર્ષમાં ભરતા બંધ થાય તેવી સ્થિતિ આવે. દૃઢતાપૂર્વક અને વિનયપૂર્વક હું કહી રહ્યો છું કે આબાદી ઇચ્છતા હોય તો સ્વદેશીનો ફેલાવો કરવો અને તે એવી રીતે કે ખેડૂતો કાંતી અને વણી શકે. એ જાણીતી વાત છે કે સઘળા હિંદની આબાદી ઇચ્છે છે. એવો કોણ હોય કે આબાદી નહીં ઇચ્છતો હોય? સ્વદેશી વ્રતનું પાલન કરવાનું નક્કી કરશો તો તમારા મનમાં એ કપડું કેમ પેદા કરવું તેનો ખ્યાલ આવશે. મિલોમાંથી જે કાપડ લઈએ તેને બદલે હાથે રૂ કાંતવાથી સૂતર તથા સૂતર પછી વણાટ કરવો જેથી કપડું તૈયાર થાય તેમાં ઘણો ફાયદો થાય છે અને સૂતરના ભાવે કપડું તૈયાર થઈ શકે છે. સ્ત્રીઓ પાસે પૂરતો વખત ફાજલ છે અને તે વિષે તમે અને હું તથા જે સ્ત્રીઓ અત્રે હાજર છે તે સાક્ષી છે. જેમ આપણે પોતાને માટે રસોઈ પકાવીએ છીએ તેમ વસ્ત્રો પણ બનાવવાં જોઈએ છે. (તાળીઓ.) હિંદનું સ્વરાજ્ય અને સ્વતંત્રતા ઇચ્છતા હોય તો તેનો પાયો સ્વદેશી છે. છેવટે આ ભંડારની આબાદી ઇચ્છી ઉદ્યોગ ચલાવવામાં પ્રમાણિકતા, દેશસેવા અને દેશદાઝનો હેતુ રાખવામાં આવશે એવી આશા છે.

[મૂળ ગુજરાતી]

गुजरातमित्र अने गुजरातदर्पण, ૩–૮–૧૯૧૯

Gandhi Heritage Portal

## ૪૨૫. સુરતમાં સ્વદેશી વિષે ભાષણ

જુલાઈ ૨૮, ૧૯૧૯

સુરતમાં માળવીની વાડીમાં તા. ૨૮મીની જુલાઈને સોમવારે સાંજે છ વાગ્યે શ્રીયુત ગાંધીજી મોટરમાં આવી પહોંચ્યા હતા. તે વેળાએ હાજર રહેલાઓએ તેમને વધાવી લીધા હતા.

### જાહેર જીવનમાં ભાગ લેતાં બીનારાઓ

આરંભમાં મિ. દયાળજીએ કહ્યું હતું કે શહેરના સાર્વજનિક જીવનમાં ભાગ લેતાં કેટલાક ગૃહસ્થો સત્યાગ્રહના નામથી બીતા હોય તેમ સત્યાગ્રહ સંસ્થા સાથે સંબંધ ધરાવતા શખસોને પરોપકાર અર્થે પણ જોઈતી કોઈ પણ ચીજ આપતાં ખચકાય છે. આ ખરેખર દિલગીરી ઉત્પન્ન કરાવે એવું છે.

એ પછી મિ. ડાહ્યાભાઈએ સમયોચિત ટૂંક વિવેચન કર્યું હતું. તે પછી શ્રીયુત મોહનદાસ ગાંધીએ ભાષણ કરતાં જણાવ્યું હતું કે:

પ્રમુખ સાહેબ, ભાઈઓ અને બહેનો,

### એક યા બીજા પ્રકારનો ભય સહેવાની આપણી ફરજ

મને લાગતું નથી કે હવે મારે સુરતની પ્રજા પાસે બેઠાં બેઠાં વ્યાખ્યાન દેવા બદલ ક્ષમા માગવાની જરૂર હોય. કારણ કે તમે બધા તેના કારણથી વાકેફગાર છો. ભાઈ દયાળજીએ પ્રમુખની દરખાસ્ત કરતાં જે ઉદ્ગાર કાઢ્યા છે તે વિષે બે શબ્દ બોલવા (જોકે વિષયાંતર થાય છતાં) ઉચિત છે. એ ભાઈએ જે સ્થિતિનું વર્ણન કર્યું છે તે સુરતને જ લાગુ પડે છે એમ નથી. આખા હિંદુસ્તાનની એ સ્થિતિ છે. હું તો એટલે સુધી કહું છું કે આખી દુનિયા એ સ્થિતિમાં રહેલી છે. અમુક માણસને સારુ અમુક પ્રકારની સગવડ કરી આપવી કે મેળવવી, એ ભરતીઓટની માફક છે. જ્યારે માણસને અમુક સંજોગોમાં રહેવાનું હોય ત્યારે તે પ્રમાણે તે પગલાં ભરે છે. હિંદુસ્તાનમાં એક પ્રકારનો તો બહાર બીજા પ્રકારનો ભય રહેલો છે. એ આપણે સહન કરવો એ આપણી ફરજ છે. મને લાગે છે કે જેના ઉપર ભાઈ દયાળજી આક્ષેપ મૂકે છે, તેની સ્થિતિમાં આપણે પણ તેમ જ કરીએ. એ જનસ્વભાવ છે. એને આપણે ટાળી શકતા નથી. આખા હિંદુસ્તાનમાં ભ્રમણ કરતાં મને જણાઈ આવ્યું છે કે આપણે નિર્ભયતા મેળવવી જોઈએ. કોઈની ઉપર દોષ કે આક્ષેપ મૂકવા એ નિરર્થક છે. આપણે કોઈએ સાવજથી, સિંહથી કે ચિત્તાથી ન ડરવું જોઈએ. માનવી એનાથી ડરવાને નહીં પણ નીડર રહેવાને સર્જાયલો છે. એ કથનને શા ઉપયોગનું? જો અહીં એકાદ સાવજ આવે તો એને જોતાં જ આપણે બધા ભાગી જઈએ. કોઈ રિવોલ્વરવાળો હશે તો એને મારી નાખવા ઇચ્છશે. કોઈથી ડરવું નહીં એટલે મારવું નહીં. એને મારી નાખવાનો વિચાર કરવામાં ડરવાપણું રહેલું છે. આપણે સાવજથી ન ડરવું જોઈએ છતાં જે ડરે છે તેની ઉપર રોષ નથી કરતા. તેમ અમુક સંજોગોમાં મુકાયલા માણસો ઉપર આપણે રોષ ન કરી શકીએ કે આક્ષેપ ન મૂકી શકીએ. આપણે જે ભયથી મુક્ત થયા તેમાંથી બીજા કેમ ન થાય એવું આપણને લાગી આવે છે. એવે પ્રસંગે અંગ્રેજીમાં જેને માટે એક સુંદર શબ્દ છે તેનો ઉપયોગ કરવો જોઈએ. એ શબ્દ તે "ચૅરિટી" છે. તે દરેકના કૃત્ય તરફ વાપરવી અને ઉદારતાથી એનું નિરીક્ષણ કરવું. એણે જે વર્તણૂક ચલાવી

Gandhi Heritage Portal

છે તેવી આપણે પણ એવા સ્વભાવને લઈને એવી સ્થિતિમાં હોઈએ તો ચલાવીએ. સાવજથી ડરનારા આપણે બધા એમ જ માનીએ કે એનાથી ડરીને નાસી જવું અથવા તો એને મારી નાખવો. ત્રીજો માણસ એનાથી ઊંધા પ્રકારનો છે, તે નથી નાસતો, નથી એને મારવા ઇચ્છતો. સાવજ આવે તોપણ તે માણસ કંઈ પણ ન બોલે ને સાવજ પણ તેને કંઈ ન કરે. તો બીજા માણસને પણ એની નિર્ભયતાનો દાખલો લેવાનું મળે. જેટલો રોષ હોય તે આપણી પોતાની ઉપર કાઢવો. આપણે જે દશાએ પહોંચ્યા તે દશાએ બીજા ન પહોંચે તેનાં કારણો હશે. બીજાને અવસર, સ્થિતિ, સંજોગ ન હોય તેની તરફ રોષ ન કરીએ. એમાં સ્વરાજની ચાવી છે. અને એમાં શુદ્ધ સત્યાગ્રહ રહેલો છે.

## સ્વદેશીમાં સ્વરાજ

સ્વદેશીમાં સ્વરાજ છે એ વાકય સુંદર છે એમ પ્રમુખે કહ્યું તે યથાર્થ છે. કોઈ પણ મુલક જેના વતનીઓ પોતાનાં અન્ન અને વસ્ત્રની સુંદર વ્યવસ્થા નથી કરી શકતા એ વતની સ્વરાજ ભોગવવાને બિલકુલ લાયક નથી એ સિદ્ધ કરવા પ્રમાણની જરૂર નથી. પૃથ્વીની સપાટી ઉપર એવો કોઈ મુલક નથી કે જે અન્ન અને પોશાકની તજવીજ માટે અશક્ત હોય, છતાં સ્વરાજ ભોગવતો હોય. સ્વરાજની ગમે તે વ્યાખ્યા તમે કરતા હો પરંતુ એ વિષે શંકા નથી કે જે દેશો સ્વાવલંબી હોય છે તે જ સ્વરાજ ભોગવે છે. આપણે કેટલાક જંગલી મુલક તરફ દૃષ્ટિ ફેરવીએ. દક્ષિણ આફ્રિકામાં એવાં જંગલો હતાં અને જ્યાં કેવળ એવી પ્રજા વસતી હતી કે જે સ્વરાજ ભોગવતી હતી. એની આગળ તમારી સ્વરાજની વ્યાખ્યા નકામી છે. એ લોકો હબસી કહેવાય છે. એ લોકો અનાજ અને કાપડ પેદા કરતા હતા. એનું અનાજ મકાઈ અને શિકાર હતો. કાપડ શિકારનું ચામડું હતું એટલે સાધારણ રીતે એમની નગ્નદશા હતી. એ મ જોયેલી છે. હજી પણ ત્યાં એવાં સ્ત્રીપુરુષો છે જે આપણે મતે નગ્ન છે. જે વખતે એ લોકો સુધરીને પોતાનાં અન્નવસ્ત્ર માટે પરતંત્ર થયા ત્યારે તેમણે ધૂળ જેવું સ્વરાજ પણ ખોઈ દીધું. જે મુલક પોતાની આ બે મુખ્ય હાજતોને પરવશ થાય છે તેની આ જ સ્થિતિ થાય છે.

કાયદાનો સવિનયભંગ થોડી મુદત માટે મોકૂફ રાખવાનો મેં જે કાગળ લખ્યો છે તેમાં લખ્યું છે કે સ્વદેશીથી લૅંકેશાયરનો સ્વાર્થી સંબંધ નીકળી જાય છે ને ઇંગ્લંડ અને હિંદ વચ્ચેનો સંબંધ શુદ્ધ થાય છે. એનાથી ભારે વાકય એ કાગળમાં લખેલું છે અને તે જાપાનના ભયમાંથી ઊગરી જવાનું લખ્યું છે.

## જાપાનનો ભય—સ્વરાજનો પહેલો પાઠ

આપણને જો જાપાનનો ભય ન સમજાતો હોય તો આપણે સ્વરાજનો પહેલો પાઠ શીખ્યા. જાપાન પોતાનો કાબૂ ધીમે ધીમે આપણી ઉપર પણ મેળવતું જાય છે. તેણે ચાર વર્ષમાં પોતાનો વેપાર હજાર ટકા વધારી દીધો છે. જ્યાં જ્યાં નજર ફેરવો ત્યાં ત્યાં જાપાનની સાડી, જાપાનના સાબુ, જાપાનની દીવાસળી, જાપાનની છત્રી, એવી અનેક ચીજો છે એનો શો અર્થ ? મારા મતે એ આપણા ઉપર રાજ્ય ભોગવતું થઈ ગયું છે. આપણા ખેડૂતો ઉપર કોણ રાજ ભોગવે છે ? જે શાહુકારોની નીચે તેઓ દબાયેલા છે તેઓ તેમની ઉપર રાજ્ય ભોગવે છે. તેઓ જેટલાં પાવળાં પાણી પાય તેટલાં તેઓ પીએ છે. એ એને ગમે તે વખતે બરબાદ કરે છે, એની માલમિલકત જપ્ત કરે છે અને કેદમાં બેસાડે છે. એ એમ નથી કરતો એનાં બે કારણો છે. દયા અને સ્વાર્થ. ખેડૂત પાસેથી એ ૧૫ કે ૨૫ ટકા વ્યાજ લે છે તો પછી બીજું શું કરવા

Gandhi Heritage Portal

કરે? પણ અવસર આવ્યે તે કશું કરવા ચૂકે નહીં. જાપાન આપણું શાહુકાર બનતું જાય છે. અંગ્રેજ સરકારનો કાબૂ કાયમ હોય તો અંગ્રેજે જાપાન સાથે લડવું અથવા તો તે કહે તે કબૂલ કરવું. ચીનની સાથેની ઓપિયમ લડાઈ[1] શા માટે થઈ? ચીન પોતાનું અફીણ પીતું હોત તો આ લડાઈ ન થાત. જેણે ઇતિહાસ જાણ્યો છે તે જાણે છે કે એ લડાઈમાં ઇંગ્લંડનો અંધ સ્વાર્થ હતો.

## આર્થિક સ્વતંત્રતાનો સ્વદેશીમાં સમાવેશ

ઇંગ્લંડને એનાં બીજાં સંસ્થાનો સાથેનો સંબંધ અંધસ્વાર્થી હતો ત્યાં સુધી તે મેલો હતો. પણ સંસ્થાનો વહેલાં ચેતી ગયાં. તેણે વિચાર કર્યો અને ઇંગ્લંડ પણ અમેરિકાના દાખલાથી સમજી ગયું. આપણે જેને ફિસ્કલ ઑટોનોમી (આર્થિક સ્વતંત્રતા) કહીએ છીએ એ આપણને ઇંગ્લંડ આપે અને આપણે આર્થિક સ્વતંત્રતા રાખી રહીએ એ હું તુચ્છ માનું છું. પણ આપણે જો ફિસ્કલ ઑટોનોમી જોઈએ તો તે સ્વદેશીમાં રહેલી છે. આર્થિક સ્વતંત્રતા વિના સ્વરાજનો કશો અર્થ નથી એમ અર્થશાસ્ત્રીઓ પણ કહી રહ્યા છે. પણ એ જ અર્થશાસ્ત્રી મારા જેવો રંક માણસ જ્યારે તેની આગળ સ્વદેશી મૂકશે ત્યારે આડે આવશે. હું એમનો અનાદર કરીશ. સ્વદેશીમાં સમુદ્રના જેવી આર્થિક સ્વતંત્રતા રહેલી છે. આપણને સમુદ્રની ગરજ છે. એ સમુદ્ર ઉલેચવાથી પણ ઉલેચાતો નથી. ઇંગ્લંડ આપણને આર્થિક સ્વતંત્રતા આપી દે પણ આપણે આર્થિક શાસ્ત્રનો અચલિત નિયમ ન સ્વીકારીએ તો કોને દોષ દેશો? સ્વદેશી વિના આપણે ઇંગ્લંડના પંજામાંથી છૂટી જાપાનના પંજામાં જઈશું. એટલે ઓલામાંથી નીકળી ચૂલામાં પડવા જેવું થશે. હાલની સરકારે કરેલા જાપાન સાથેના તહનામાને આપણે ધૂળમાં નથી મેળવી શકવાના. આપણી સરકાર કહેશે કે એની સામે તમે કાંઈ ન કરી શકો. કારણ કે નહીં તો લડાઈનું કારણ ઉત્પન્ન થાય. એથી આપણે જાપાનના માલ ઉપર જકાત પણ ન નાખી શકીએ. એ અવસર પાંચ વરસમાં આવી જાય. એમાંથી કેમ ઉગરી શકીએ? આપણે શુદ્ધ અર્થશાસ્ત્રના નિયમો જાણી લઈને તે પ્રમાણે વર્તીએ. દુનિયામાં એવો દેશ હોય કે જ્યાં અનાજ અને વસ્ત્ર પેદા ન થતાં હોય તો તેનો ત્યાગ કરવો જોઈએ, નહીં તો તેને માટે સ્વરાજની આશા છોડવી જોઈએ. કવચિત્ સ્વરાજ હોય તો તે રાક્ષસી સ્વરાજ્ય બને. રાક્ષસી સ્વરાજનું કારણ એ જ કે તેને પોતાની જરૂરિયાત માટે દુનિયાની સાથે લડાઈ કરવી પડે. કાં તો આપણે અક્કલથી દુનિયાને ઉથલાવીને અનાજ અને કપડાંની હાજત પૂરી પાડીએ, નહીં તો જબરજસ્તી કરીએ. એટલે દુનિયામાં આપણે એકે સુધરેલું રાજ્ય નથી જોઈ શકતા કે જે અનાજ અને વસ્ત્ર પેદા ન કરે. એનો અપવાદ ઇંગ્લંડ છે. ત્યાં અનાજ થાય છે પણ બહારથી ઘણું આવે છે. કાપડ થાય છે પણ તે પણ બહારથી લે છે. આથી ઇંગ્લંડને જબરજસ્ત નૌકાસૈન્ય રાખવું પડે છે. એ નૌકાસૈન્યથી ઇંગ્લંડ મગરૂર છે. એ મગરૂરી પણ ક્ષણિક છે. મગરૂરી એટલી જ કે એ આવું ભારે નૌકાસૈન્ય રાખી શકે છે. પણ એનાથી એ જે સ્થિતિ ભોગવી શકે છે તેને માટે પ્રજા પર કર નાખીને દરિયાના ધોરી રસ્તાઓ રોકી બેઠા છે અને નૌકાસમુદ્ર ઉપર સિપાઈગીરી

૧. પરદેશી વેપારીઓ ચીનમાં અફીણ વેચવા લાગ્યા, તેને કારણે ૧૮૪૦માં ચીન અને બ્રિટન વચ્ચે લડાઈ થઈ હતી. એના પછી પંદર વર્ષે ચીનમાં મોટા પાયા પર દાણચોરીથી અફીણ આવવા લાગ્યું. તેને લીધે બીજી લડાઈ ફાટી નીકળી. તે પછી ચીનમાં અફીણની ખેતી કરવાની છૂટ અપાઈ અને હિંદુસ્તાનમાંથી ચીનમાં અફીણ મંગાવવાનું કાયદાથી માન્ય રાખવામાં આવ્યું.

Gandhi Heritage Portal

કરે છે. આપણે ઇંગ્લંડ સાથે શુદ્ધ સંબંધ રાખવા માગતા હોઈએ તો એના અર્થશાસ્ત્રને ઉલટાવી નાખવું જોઈએ. હું કોઈ દિવસ એના નૌકાસૈન્ય પર મોહિત થયો નથી. હિંદને માટે મેં એવા નૌકાસૈન્યનો કદી ખ્યાલ પણ નથી કર્યો. ઇંગ્લંડ અને સ્કૉટલૅંડ નાના ટાપુ છે. કોલસાનો ત્યાં ભંડાર છે એટલે એને નૌકાસૈન્ય માટે સરળતા છે. હિંદુસ્તાન વિશાળ દેશ છે, દ્વીપ નથી પણ દ્વીપકલ્પ છે. અહીં કોલસાની જંગી ખાણો નથી. એની ઉત્તર તરફથી અફઘાન આવી શકે છે, તાતાર આવી શકે છે. પૂર્વ તરફથી ચીન અને તિબેટ આવી શકે છે. એટલે હિંદને નૌકાસેના હોય તોપણ તેને પૂરું ન થાય. રક્ષણ માટે બીજી સ્થળસેના રાખવી પડે એટલે રક્ષણના ખર્ચમાં આપણે ડૂબી મરીએ.

### ઇંગ્લંડને ફ્રી ટ્રેડની નીતિ છોડવી પડશે

ઇલિઝાબેથના સમયમાં ઇંગ્લંડમાં પણ સ્વદેશી એટલું સુરક્ષિત હતું કે ત્યાં કાયદેસર સ્વદેશી ચીજ વાપરવાની ફરજ હતી. એટલે મરજિયાત નહીં પણ ફરજિયાત સ્વદેશીનું પાલન થતું. હું જે ખાદી પહેરું છું તેથી જાડી ખાદી રાજમહેલમાં ત્યાં વપરાતી. થોડા વખતથી ઇંગ્લંડે ફ્રી ટ્રેડની નીતિ ગ્રહણ કરી છે. જે વિચારથી એ નીતિ ગ્રહણ કરાઈ તે વિચારો સુંદર હતા. પણ એમાં જે ખામી હતી તેથી ઇંગ્લંડને નૌકાસેનાનો ભાર ઉપાડવો પડયો. તેમાં પ્રજા કચડાઈ ગઈ. હમણાં જ એક જર્મન લેખકનું પુસ્તક મારા હાથમાં આવ્યું. પ્રસ્તાવના હું વાંચી ગયો છું. તેના લખનાર એક અંગ્રેજ છે. તે પ્રસ્તાવના ઉપરથી જ પુસ્તકમાંથી જાણવાનું મેં જાણી લીધું. અંગ્રેજોએ ફ્રી ટ્રેડની નીતિ ગ્રહણ કરી હતી, પણ અત્યારે એનું વલણ બીજી તરફ ચાલી રહ્યું છે. મિ. જોસફ ચેમ્બરલેને એને માટે દેહપાત કર્યો. એવો દિવસ થોડા વખતમાં આવશે કે ઇંગ્લંડને ફ્રી ટ્રેડનો ત્યાગ કરવો પડશે. નહીં તો ઇંગ્લંડમાં સિવિલ વૉર જાગશે.

આપણે યુરોપનું આ બધું વાંચીને ધીમે ધીમે એનું અંધ અનુકરણ ન કરવું. કારણ એ પ્રજા અખતરાઓ જ કરી રહી છે. ૧,૮૦૦ વર્ષથી જે પ્રજા અખતરાઓ જ કર્યા કરે છે તેનું અનુકરણ આપણને કેમ ચાલે?

### ઇંગ્લંડનું આંધળું અનુકરણ હિંદુસ્તાનને પાલવે નહીં

હિંદુસ્તાને પોતાની સ્થિતિ પ્રમાણે સ્વતંત્ર પ્રકરણ કરવાં જોઈએ. સિજવિકે કહ્યું છે તેમ હિંદુસ્તાન સુધારાનું શાહીચૂસ ન થવું જોઈએ. ગુજરાતીમાં કહેવત એમ છે કે "એનો ઉતાર તે આપણો શણગાર" એ દીન દશામાંથી આપણે નીકળી જવું જોઈએ. આપણે ખોટી કેળવણી ન લીધી હોત તો ક્યારના સમજી ગયા હોત કે બીજી પ્રજા જે પ્રયોગ કરે તેનું આંધળા ભીંત થઈને અનુકરણ ન કરવું.

### સ્વદેશીના અભાવે અધઃપતન

હિંદુસ્તાન બહારના ઇતિહાસથી હું તપાસી શકયો છું કે જે પોતાની આર્થિક સ્વતંત્રતા સ્વદેશીથી જાળવી શકયા નથી તેનું અધઃપતન થયું છે. તેનું વિરોધી વાક્ય, જે દેશ આર્થિક સ્વતંત્રતા જાળવે છે તેને હંમેશનું સ્વરાજ્ય છે. કારણ કે બીજા દેશનો સ્વાર્થ, લાભ તે દેશમાં રહેલો નથી. યુરોપનાં નાનાં રાજ્યો જુઓ. એઓ આર્થિક સ્વતંત્રતાને સ્વદેશીથી જાળવી શકે છે. સ્વદેશી વ્રતનું કાર્યસ્થળ પ્રમાણે રૂપાંતર થયા કરે છે. ડેન્માર્ક અને સ્વિટ્ઝર્લૅન્ડના દાખલા જોઈશું તો જુદી રીતે એ દેશ સ્વદેશીનું પાલન કરતા જણાશે. ત્યાં પ્રજાને જે ધંધા જોઈએ

Gandhi Heritage Portal

તેનું એ એટલા ગૌરવથી પાલન કરે છે કે બીજાને ફાવવા નથી દેતા. હિંદુસ્તાનને માટે આપણે અનાજ અને વસ્ત્રો મેળવવાં જોઈએ. અનાજ માટે આપણી પાસે મોટા ભંડાર છે. એ ચીજ બીજા દેશો આપણને પૂરી પાડે એમ નથી. આપણને જોઈતું અનાજ સહેજે જ મળી જાય છે. માટે એને માટે વ્રત લેવાની જરૂર નથી. કેટલાક ભલે એવા હોય કે જેઓને "સ્કૉચ ઓટ"ની જરૂર વધુ હોય. પણ દેશનો મોટો ભાગ દેશમાં પાકેલું અનાજ વાપરે છે. પણ વસ્ત્ર વિષે આપણી દીન દશા છે. જોકે એક સમયે આખી દુનિયામાં આપણે એ વિષે સામ્રાજ્ય ભોગવતા હતા. તે વખતે જે અજાયબીભરેલી કળા અને હુન્નર હતાં, આ દેશમાં તે આજે અલોપ થઈ ગયાં છે. જે રંગબેરંગી સાડીઓ બનતી તેની બારીકી, ઝીણપ અને કારીગરી પણ હાલ હિંદુસ્તાનમાંથી ચાલી ગઈ છે. એ કારીગરી પાછી દાખલ કરવી અને એ કળા તથા શક્તિ પાછી મેળવવી એ આ સ્વદેશી હિલચાલનો હેતુ છે. આ ભાવના જ્યારે આપણામાં ઊતરશે ત્યારે સ્વરાજદેવી હથેલીમાં નાચી રહેશે. એ વખતે આપણે જાપાનના ભયથી મુક્ત હોઈશું. લૅંકેશાયરનો સ્વાર્થ નીકળી ગયેલો હોવાથી ઇંગ્લંડ અને આપણી વચ્ચેનો સંબંધ નિર્મળ થયેલો હશે.

## સ્વદેશી માટે જોઈતા ગુણો અને શક્તિની ઊણપ

આ ભારે વાત શું હું એકલો ચલાવી શકું? એકલે હાથે તાળી પાડું એવો મૂર્ખ નથી. એવો ગર્વ પણ હું નથી કરતો. હું તો એને માટે ૩૧ કરોડ ભાઈબહેનોની અને અંગ્રેજોની સહાય પણ યાચું છું. હું તો વૈદર્ભીની માફક ઝાડ કે થાંભલો મળે તેને પણ સ્વદેશી બતાવ એમ વીનવી રહ્યો છું. હિમાલયની ખીણમાં કોઈ સ્વદેશી બતાવે તો હું ત્યાં જાઉં. હું પ્રજા પાસે યાચી રહ્યો છું કે તમે મારી સાથે એક વર્ષ કમર કસો તો આપણે દુનિયાને અજાયબીમાં ડુબાવીશું. બહિષ્કાર સિવાય અને કટાક્ષ સિવાય આપણે આપણો માલ વાપરીને સ્વદેશી પ્રચાર ચલાવી શકીએ. એને સારુ વેપારીમાં પ્રામાણિકપણું જોઈએ. તે નથી. ધનાઢ્યોમાં ઉત્સાહ જોઈએ કે મારા દેશના ગરીબો કપડાં વિના રવડે તે અમારે પૂરાં પાડવાં જોઈએ. અસંખ્ય સ્ત્રીઓ એક એક કલાક રાત્રીએ જાગીને સૂતર પેદા કરે એવો પ્રવાહ ચારે તરફથી ચાલવો જોઈએ. એવો ધ્વનિ બોલવામાં નહીં પણ વર્તનથી નીકળે તો આપણી પ્રગતિનું માપ પણ ન રહે. પ્રામાણિકપણું, ઉદ્યોગ, શૌર્ય, ઉદારતા ને ધનનો મેળાપ થાય તો કેવું સુંદર પરિણામ આવે?

અત્યારે તો મેં નાનું સરખું રેંટિયાશાસ્ત્ર મૂકયું છે. તમે મારા યંત્ર વિષેના અનાડી વિચારો ભૂલી જશો. રેંટિયો એ પણ યંત્ર છે. એ આપણને મળી રહે છે માટે જ હું તેનો આગ્રહ કરી રહ્યો છું. બહેનો એ સ્વીકારે તો આખી દુનિયાની સાથે આપણે હરીફાઈ કરીશું. યંગ ઇન્ડિયામાં આંકડા પ્રગટ થયા છે તેમ હિંદુસ્તાનનું વણાટકામ એટલું બધું છે કે તે મિલ કરતાં પણ વધે. રાધાકમળ મુખરજીએ પોતાના આર્થિક ઈતિહાસમાં એ જ વસ્તુ બતાવી છે. ૧૫૦ વર્ષ પહેલાં આપણને જે મળતું તે આજે પણ મળી શકે છે. કેવળ આપણે જડતાને લીધે જાણી શકતા નથી કે મિલની સામે હરીફાઈ કેમ થાય? ઘણી મિલો વિના દેશને કાપડ કેમ પૂરું પડે એના જેવી મિથ્યા ભ્રમણા બીજી નથી. મિલો સામે મારો વાંધો નથી. પરંતુ મિલો વડે જરૂરિયાત પૂરવી હોય તો તેટલી મિલ કરતાં ૫૦ વર્ષ લાગે. સર ફાઝલભાઈ આ વાત કબૂલ કરે છે. જો આપણે હાથવણાટ દાખલ કરીએ તો ૨ વર્ષમાં એ સ્થિતિ આવી જાય. હવે એ સૂતર હાથે કોણ કાંતી શકે? સુરતની અને બીજા સ્થળની સ્ત્રીઓ. હિંદુસ્તાનમાં ૨૧ કરોડની

Gandhi Heritage Portal

વસ્તીને ચાર માસ કામ કરવાનું નથી. એ ૨૧ કરોડ પ્રજા ચાર માસ સૂતર વણે તો ઢગલાબંધ કાપડ મળી શકે.

### આપણા પુરાણા સ્વતંત્ર ધંધા

આપણું દરેક ગામડું પહેલાં સ્વતંત્ર હતું. તેવાં સ્વતંત્ર એ ગામડાં ફરીથી થઈ જાય. ટાઇમ્સ ઑફ ઇન્ડિયામાં એક સુંદર લેખ છે. તેમાં મિ. સ્મિથને હિંદમાં સ્વરાજ્ય ક્યારે હતું તેના કથનનો જવાબ આપ્યો છે. અત્યારે હિંદુસ્તાનમાં શહેરો આંગળીના વેઢા ઉપર ગણી શકાય. પણ ગામડાં કોઈથી ન ગણી શકાય. હિંદુસ્તાનમાં ગામડાં પાસે સીમ હતી અને છે. તેના દાણાથી દરેક ગામ પોતાનો નિર્વાહ કરતો. આથી જ ખેડામાં બાજરી, સુરતમાં જુવાર અને મદ્રાસમાં રાગી ખાવાની પ્રથા પડી છે. એ સૂચવે છે કે દરેક ગામ પોતાના પાક પર નિર્ભર છે. તેમ દરેક ગામમાં વણકર રહેતા હતા. કપાસ પણ થોડોઘણો ત્યાં પાકતો. બૈરાંઓ સૂતર કાંતતાં. એ સૂતરમાં તેમની માળા હતી. એમાં ધર્મ સાથે દેશાભિમાન સચવાતું. એ રીતે પોતાના જ ગામમાં તૈયાર થયેલાં કપડાં પોતે પહેરતા. એ ગામડાં સ્વરાજ્યવાદી હતાં. સુરતની પ્રજા જાગ્રત થાય તો એટલા બધા સ્વયંસેવકો નીકળી પડશે કે તેઓ ગામડાંમાં ઊતરી પડી લોકોને પોતાનું સૂતર અને કાપડ બનાવવા ઉપદેશ આપશે. તમને બારીક કપડાં જોઈએ તો બારીક કાંતો, પણ એ ન બને ત્યાં સુધી આપણું એ જ સારું છે એમ માની જાડું પહેરો. જ્યાં ઘઉં પેદા નથી થતા ત્યાં લોકો ઘઉં વિના ચલાવે છે. એનું નામ સ્વદેશી. વૈદક કહે છે કે ઘઉંમાં વધુ સત્ત્વ છે. છતાં બાજરી અને જારવાળા પ્રદેશના લોકો જારબાજરીની હિમાયત કરે છે. તેમ ખાખી ખાદીના મુલકમાં રહેનારની સુંદરતા ખાદીમાં છે તે જાપાનની [મસ્લીન ?] મજલીનમાં નથી. તમારે જોઈતું કાપડ તમે અહીં તૈયાર કરો ત્યારે જ શુદ્ધ સ્વદેશી જળવાશે. નર્મદાશંકરે ગાયેલું કે "સુરત બેહાલ થઈ ગયું છે તે ફરીથી સૂરત પ્રાપ્ત કરશે." હવે હું પૂછું છું કે તમે ઇનકાર કરો છો કે શુદ્ધ સ્વદેશીમાં સ્વરાજ્ય નથી? જો ઇનકાર ન કરો તો બીજો પ્રશ્ન પૂછું. તમે સ્વરાજવાદી હો તો શું એક અવાજે પોકારવાના નથી કે તે સ્વરાજ પ્રાપ્ત કરવા આપણે કમર કસવી જોઈએ? ઈશ્વર સન્મતિ આપે.

એ પછી પ્રમુખે જણાવ્યું હતું કે મહાત્માજીના ઉપદેશનું મનન કરવું. આપણે અસલી સાદાઈ પશ્ચિમના સંસર્ગથી છોડી બેઠા છીએ. આજ સુધી સ્વદેશીના વ્રતને માટે મુશ્કેલી હતી કારણ કે સુરતમાં વ્રતવાળાને માટે જોઈતું કાપડ પૂરું પાડવાનું સાધન ન હતું. આજે મહાત્માજીને હાથે ખુલ્લા મૂકેલા ભંડારથી એ ખોટ પૂરી પડે છે.

[મૂળ ગુજરાતી]

ગુજરાતી, ૧૦-૮-૧૯૧૯

Gandhi Heritage Portal

## ૪૨૬. જગન્નાથનો કેસ

પંજાબમાં અન્યાયનો જે એક ત્રીજો કિસ્સો છે, એના તરફ જાહેર જનતાનું ધ્યાન ખેંચતાં મને પારાવાર દિલગીરી થાય છે. આ કેસ બાબુ કાલીનાથ રૉય જેવા પ્રસિદ્ધ પુરુષનો કે પ્રતાપ પત્રના તંત્રી જેવા એથી ઓછા પ્રસિદ્ધ લાલા રાધાકૃષ્ણનો નથી. અભ્યાસ માટે મને જે કેસના કાગળો મોકલી આપવામાં આવ્યા છે તે કેસ ભાઈ જગન્નાથનો છે. એ ભાઈ એક અજાણ્યા આદમી છે અને કોઈ સાર્વજનિક પ્રવૃત્તિ સાથે એમને કશો સંબંધ નથી. એમને એક લશ્કરી અદાલતે હિંદી ફોજદારી કાયદાની કલમ ૧૨૧ મુજબ, એટલે કે સમ્રાટ સામે યુદ્ધ પોકારવાના ગુનાસર આજન્મ દેશનિકાલની સજા ફરમાવી છે અને એમની મિલકત જપ્ત કરી લીધી છે. બીજી જગ્યાએ આપેલી આરોપીની અરજીમાં આ કિસ્સામાં શું બન્યું છે તેની વિગતવાર હકીકત સહેલી ભાષામાં રજૂ કરવામાં આવી છે. અરજી પંજાબના લેફ્ટનન્ટ ગવર્નર સર એડવર્ડ મેકલૅગનને સંબોધીને કરવામાં આવી છે. આ કેસ ગુજરાનવાલા કેસના નામથી ઓળખાય છે. તેમાં પંદર આરોપીઓ હતા, જેમાંના એક શ્રી જગન્નાથ હતા. આ કેસનો ચુકાદો પણ બીજી જગ્યાએ છાપવામાં આવ્યો છે તે વાચક જોઈ શકશે. આ ચુકાદામાં જગન્નાથ બાબતમાં નીચે પ્રમાણે ઉલ્લેખ કરવામાં આવ્યો છે:

> આરોપી નંબર ૧૦, જગન્નાથે પાંચમી તારીખની સભા બોલાવવા અંગેની નોટિસો લાહોરમાં છપાવી હતી અને તે પોતે ૧૨મી અને ૧૩મી તારીખની સભાઓમાં હાજર હતો. પરંતુ પોતે એ બંને સભાઓમાં હાજર હતો જ તથા એનો બચાવ નકામો છે એ હકીકત માનવામાં અમને કશો દગદગો થતો નથી. તારીખ ૧૪મી એપ્રિલને દિવસે એણે દુકાનો બંધ કરાવવામાં ઘણો સક્રિય ભાગ લીધો હતો એ સાબિત કરવા માટે અમારી પાસે પુષ્કળ પુરાવા છે. આમ એનો ગુનો સાબિત થાય છે, એટલે અમે એને હિંદી ફોજદારી કાયદાની કલમ ૧૨૧ મુજબ ગુનેગાર ઠરાવીએ છીએ.

આ બાબતમાં હું જણાવું છું કે આરોપીએ પાંચમી તારીખની સભા બોલાવવા નોટિસો છપાવી એમાં કશો ગુનો થતો નહોતો. તે એ સભામાં ગયો એમાં પણ કશું ગુનાહિત કૃત્ય થતું નહોતું. પાંચમી એપ્રિલની સભા વિષે અદાલતે જે કહ્યું છે તે આ પ્રમાણે છે:

> એવો દાવો કરવામાં આવ્યો છે કે ગુજરાનવાલાના લોકો રૉલેટ ધારા સંબંધમાં કશું જાણતા નહોતા અને એમને એમાં કશો રસ પણ નહોતો. અને જથી એપ્રિલને દિવસે દેશના બીજા ભાગોમાં જે પ્રકારનું આંદોલન ગાંધીની સલાહથી ચલાવાઈ રહ્યું હતું, તેવું આંદોલન આ ધારા સામે શરૂ કરવાનો આરોપીઓમાંના કેટલાકે નિશ્ચય કર્યો. એ નિશ્ચય અનુસાર એક સાર્વજનિક સભા પાંચમી એપ્રિલે સાંજે બોલાવવામાં આવી અને ભરવામાં આવી અને તે સભામાં રૉલેટ ધારાને વખોડી કાઢવામાં આવ્યો.

આ હકીકતોને ગુનાહિત કૃત્ય ગણી શકાય એવો કોઈ કાયદો જાણમાં નથી. ન્યાયાધીશોએ પોતે પણ આટલું કહ્યું છે:

> પરંતુ આ કેસમાં અમને એવી ખાતરી થઈ નથી કે ગુનાહિત કહી શકાય એવું કોઈ કાવતરું ૧૨મી એપ્રિલ પહેલાં અસ્તિત્વમાં આવ્યું હતું. એટલે જે આરોપીઓ વિષે માત્ર

Gandhi Heritage Portal

એટલું જ કહેવાયું હોય કે તેમણે એ તારીખ પહેલાંના કાર્યક્રમમાં ભાગ લીધો હતો, તે આરોપીઓને છોડી મૂકવાની અમને ફરજ પડે છે.

એટલે જ્યારે અદાલત એમ કહે છે કે પાંચમી તારીખની સભામાં આરોપી હાજર હતો અથવા નોટિસો છપાવવાના કામમાં એણે ભાગ લીધો હતો ત્યારે અદાલતનો એ ઉલ્લેખ સમજવાનું મુશ્કેલ બની જાય છે. અદાલત આગળ જણાવે છે:

૧૨મી તારીખે સાંજે અને ૧૩મી તારીખે દિવસ દરમ્યાન કેટલાક આરોપીઓ ભગત સાથે મસલત કર્યા બાદ અમૃતસરે બેસાડેલા દૃષ્ટાંતને અનુસરવાની અને પુલો બાળવા માટે તથા ટેલિગ્રાફના તાર કાપી નાખવા માટે સંમત થયા.

એટલું સ્પષ્ટ છે કે આ હકીકતો ઉપરથી બેશક સાબિત થાય છે કે ગુનાહિત કાવતરું રચાયું હતું. પરંતુ ઉપલા પૅરેગ્રાફમાં ગણાવેલા ગુના કરવાની વાતમાં કયો આરોપી સંમત થયો હતો એ વિષે અદાલત બિલકુલ મૌન સેવે છે. અહીં એટલું યાદ રાખવું જોઈએ કે ઉપર ટાંકેલા વાક્યમાં ૧૨મી તારીખે સાંજે જે સભા મળ્યાનો ઉલ્લેખ છે તે પહેલાં તે જ દિવસે જિલ્લા કૉંગ્રેસ સમિતિની એક સભા ભરવામાં આવી હતી. એટલે મારું કહેવું એ છે કે જે બેઠકમાં પુલ બાળવાનો અને તાર કાપવાનો ઉપર કહેલો નિર્ણય લેવાયો તે બેઠકમાં આરોપી હાજર હતો કે નહીં તે હકીકતની ચોકસાઈ કરવાનું અદાલત માટે આવશ્યક હતું. પરંતુ અદાલતના ચુકાદામાં સામાન્ય અને અસ્પષ્ટ ઉલ્લેખ માત્ર એટલો જ છે કે આરોપી ૧૨મી અને ૧૩મી તારીખની બેઠકોમાં હાજર હતો, એ સિવાય એમાં બીજી કશી હકીકત નથી. મારું સૂચન તો એવું છે કે જો આરોપી ૧૪મી તારીખે ગુજરાનવાલામાં હતો અને તેણે દુકાનો બંધ કરાવવામાં ઘણો સક્રિય ભાગ લીધો હતો, તો પછી જ્યાં સુધી એવું સાબિત ન થઈ શકે કે તે ઉપર ઉલ્લેખેલી ગુનાહિત સમજૂતીમાં ભાગીદાર હતો ત્યાં સુધી તેને ગુનેગાર ઠેરવી નહીં શકાય. બીજી બાજુ, જ્યારે ચુકાદામાં આરોપીએ ગુનો કર્યાની કશી સાબિતી મળતી નથી, ત્યારે પોતે ગુજરાનવાલામાં તે દિવસે હાજર નહોતો એ હકીકત અદાલતના ચુકાદાને અત્યંત નબળો બનાવી દે છે, અને તે નિશ્ચિત રીતે આરોપીના બચાવના લાભમાં જાય છે. આરોપીએ કહ્યું છે કે હું ગુજરાનવાલાથી ૧૨મી એપ્રિલે સાંજના પાંચ વાગ્યાની ગાડીમાં કાઠિયાવાડ જવા નીકળ્યો હતો, કેમ કે ત્યાં કચેરીમાં મારો એક મુકદ્દમો ચાલતો હતો. હવે હું કબૂલ રાખું છું કે ગેરહાજર હોવા વિષે દલીલ કરવાનું જેટલું સહેલું છે તેટલું જ એ વિધાન સાબિત કરવાનું અઘરું છે. હવે કોઈ વ્યક્તિ એની અરજી વાંચશે તે એક જ નિર્ણય પર આવી શકે એમ છે કે આરોપી હાજર ન હતો એ બચાવ સંપૂર્ણ રીતે સાચો સાબિત થયો હતો. પોતે ગુજરાનવાલાથી ૧૨મી તારીખે નીકળી ચૂકયો હતો એ સાબિત કરવા જગન્નાથે સ્થાનિક પ્રતિષ્ઠિત વ્યક્તિઓની સાક્ષી રજૂ કરી હતી. એણે એવી અરજ ગુજારી હતી કે પોતે ૧૬મી એપ્રિલે ધોરાજીમાં હતો એ સાબિત કરવા કાઠિયાવાડમાંથી સાક્ષીઓ બોલાવવા કોર્ટ તરફથી હુકમો કાઢવામાં આવે. અદાલતે આ દરખાસ્ત નામંજૂર રાખી, પરંતુ તપાસની મંજૂરી આવી એટલે તપાસપંચ નીમવું પડયું અને ગરીબ બિચારા આરોપીને રૂ. ૨૫૦)ના ખર્ચના ખાડામાં ઊતરવું પડયું. અને તેમ છતાં આશ્ચર્યની વાત એ છે કે તપાસપંચના પાછા ફરવાની રાહ જોયા વિના જ અદાલતે આરોપીની વિરુદ્ધમાં ફેંસલો સંભળાવી દીધો! આરોપીએ અરજ કરી કે તપાસપંચનો જવાબ મળે ત્યાં સુધી કેસ મુલતવી રાખવામાં આવે, એ દરખાસ્ત પણ નામંજૂર કરવામાં આવી. આરોપીએ બીજી અરજી કરીને આગ્રહ કર્યો કે અદાલતે તાર કરીને તપાસનું પરિણામ જાણી

Gandhi Heritage Portal

લેવું જોઈએ. પરંતુ એ અરજીનું પણ કશું પરિણામ આવ્યું નહીં. એટલે આરોપીએ પોતાની અરજીમાં લખ્યું છે તે બિલકુલ સાચું છે કે આ એક જ કારણે એને ફરમાવવામાં આવેલી સજા ગેરકાયદે ઠરે છે અને તે રદ કરવી જોઈએ. અરજીમાં લખ્યું છે કે આરોપી ૧૬મી એપ્રિલે ધોરાજી પહોંચી ગયો હતો, અને ધોરાજીના ફોજદારની નોંધવહીમાં આ વિગત નોંધેલી છે. બીજા દસ જેટલા સ્વતંત્ર સાક્ષીઓ લાવી એમની તપાસમાં પણ આરોપીએ એ વાત સાબિત કરી આપી છે કે પોતે તે તારીખે ધોરાજીમાં હાજર હતો. આ ઉપરાંત રેલવેનાં સમયપત્રકોમાંથી ઉતારા આપીને તેણે એવી ખાતરી કરી આપી છે કે વધારેમાં વધારે ઝડપવાળી ગાડીમાં જતાં પણ દિલ્હીથી ધોરાજી પહોંચતાં ૪૪ કલાક લાગે છે, અને એ રીતે એણે નિશ્ચયાત્મક રીતે સાબિત કર્યું છે કે ૧૩મી તારીખે સાંજના છ વાગ્યા પછી પોતે ગુજરાનવાલામાં હતો એ કદાપિ સંભવી શકે એવું નથી. જોકે સાચી વાત તો એ હતી કે પોતે ૧૨મી તારીખે ગુજરાનવાલાથી નીકળી ચૂક્યો હતો અને આ હકીકત તેણે બીજા નિશ્ચયાત્મક પુરાવા વડે સાબિત કરી હતી. કાઠિયાવાડમાં આવેલા જેતપુરની અદાલતમાં એનો એક મુકદ્દમો ચાલતો હતો તેની કાર્યવાહી પણ એણે રજૂ કરી હતી. આ બધા ઉપરથી જોઈ શકાશે કે આરોપીને એક ક્ષણભર પણ જેલમાં રાખવા કશો આધાર મળે એમ નથી. પોતે સાબિત કર્યા મુજબ આરોપી

> ગુજરાનવાલામાં એક નાનો દુકાનદાર છે, તે આવકવેરો ભરતો નથી, ઉર્દૂ કે અંગ્રેજી જાણતો નથી અને ગુજરાનવાલા જેવા ૩૦,૦૦૦ની વસ્તીવાળા મોટા શહેરમાં એની કશી લાગવગ નથી. સ્થાન કે દરજ્જામાં તે બહુ નીચી પાયરીનો માણસ છે, એણે કશી કેળવણી લીધી નથી, રાજકારણમાં કદી પણ ભાગ લીધો નથી, તેમ તે સ્થાનિક જિલ્લા કૉંગ્રેસ સમિતિનો સભ્ય નથી કે બીજી કોઈ રાજકીય સંસ્થા કે મંડળનો પણ સભ્ય નથી.

એની આવી અતિશય દીન અવસ્થા જોતાં એને કરવામાં આવેલો અન્યાય વિશેષ સતાવનારો બને છે. એટલે જનતાનું એ બેવડું કર્તવ્ય થઈ પડે છે કે તેણે સમ્રાટના નાનામાં નાના પ્રજાજનને પણ અન્યાય ન થાય એ જોવું જોઈએ. પંજાબના માનનીય લેફ્ટનન્ટ ગવર્નર સાહેબે લાલા રાધાકૃષ્ણના મામલામાં કરેલા નિર્ણયથી આશા બંધાય છે કે આ કેસમાં પણ ઝડપી ન્યાય આપવામાં આવશે. બાબુ કાલીનાથ રૉય અને લાલા રાધાકૃષ્ણના કિસ્સાઓ જો અવાસ્તવિક હતા તો આ કિસ્સો તો સંભવ છે કે એના કરતાં પણ વધારે અવાસ્તવિક છે. કેમ કે આ કિસ્સામાં લશ્કરી અદાલતના ન્યાયાધીશોએ, કહેવા દો કે આરોપીને શિક્ષા કરવાની અધીરાઈમાં, પોતે મંજૂર રાખેલું તપાસપંચ પાછું ફરે એટલી પણ રાહ જોવાની ના પાડી હતી. જ્યારે પંચના પાછા ફરવા પર આરોપીની મુક્તિ અને કદાચ એની જિંદગી લટકી રહી હતી.

**મો. ક. ગાંધી**

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, ૩૦–૭–૧૯૧૯

Gandhi Heritage Portal

# ૪૨૭. લેફ્ટનન્ટ ગવર્નરના ખાનગી સેક્રેટરીને પત્ર

લેબર્નમ રોડ,
[જુલાઈ ૩૦, ૧૯૧૯ અથવા તે પછી][1]

માનનીય લેફ્ટનન્ટ ગવર્નર સાહેબના
ખાનગી સેક્રેટરી,
લાહોર

વહાલા સાહેબ,

આ સાથે હું યંગ ઇન્ડિયાની એક નકલ મોકલું છું. એમાં એક જગન્નાથ નામના માણસના મુકદ્દમાની હકીકત આપવામાં આવી છે. એ માણસને તાજેતરમાં જ ગુનેગાર ઠરાવી આજન્મ દેશનિકાલની તથા એની મિલકત જપ્ત કરવાની સજા ફરમાવવામાં આવી છે. એણે પોતાનો કેસ ફરીથી તપાસવા તથા સજા રદ કરાવવા અરજી આપી છે. એ અરજી ઉપર મહેરબાન લે. ગવર્નર સાહેબ વિચારણા ચલાવી રહ્યા છે એવું મારા જાણવામાં આવ્યું છે. મારો નમ્ર અભિપ્રાય એવો છે કે આ કિસ્સામાં સ્પષ્ટ અન્યાય થયેલો છે. લશ્કરી અદાલતે પોતે જ નીમેલું તપાસપંચ પાછું ફરે ત્યાં સુધી રાહ જોયા વિના ઉતાવળ કરીને ફેંસલો સંભળાવી દેવામાં આવ્યો છે. ખુદ એ હકીકત સજા કરતા ચુકાદાને નિષ્ફળ બનાવે છે. આરોપીની અરજીમાં આપેલી હકીકતો ઉપરથી સંપૂર્ણ રીતે સાબિત થાય છે કે તે પોતે ગુનાના સ્થળે હાજર નહોતો. આ ઉપરથી મારું કહેવું એ છે કે તત્ત્વની તેમ જ કાયદાની બંને દૃષ્ટિએ જોતાં આ સજા અન્યાયી છે. માટે હું આદરપૂર્વક શ્રદ્ધા રાખું છું કે મહેરબાન લે. ગવર્નર સાહેબ આ સજા રદ કરવા કૃપા કરશે અને બિચારા અરજદારને છોડી દેવા ફરમાન કાઢશે.

આપનો વિશ્વાસુ

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૬૭૬૬

1. આ પત્રમાં ઉલ્લેખાયેલો *યંગ ઇન્ડિયા*નો અંક તા. ૩૦-૭-૧૯૧૯નો હતો.

Gandhi Heritage Portal

# પરિશિષ્ટ ૧

## રવીન્દ્રનાથ ટાગોરનો ગાંધીજીને પત્ર

શાંતિનિકેતન,
એપ્રિલ ૧૨, ૧૯૧૯

પ્રિય મહાત્માજી,

તાકાત, એનાં બધાં જ સ્વરૂપમાં અબુધ હોય છે. આંખે ડાબડા બાંધીને ખેંચતા ઘોડા જેવી એ હોય છે. એમાં રહેલું નૈતિક તત્ત્વ કેવળ ઘોડાને હાંકનાર માણસનામાં મૂર્તિમંત થયેલું હોય છે. પૅસિવ રિઝિસ્ટન્સ એ એક એવી તાકાત છે જે પોતે અચૂકપણે નૈતિક હોતી નથી. એનો ઉપયોગ સત્યની વિરુદ્ધમાં પણ થઈ શકે છે અને સત્યની તરફેણમાં પણ થઈ શકે છે. તમામ પ્રકારની તાકાતમાં જે સ્વાભાવિક જોખમ રહેલું હોય છે તે જ્યારે એ તાકાત સફળ થવાની અણી ઉપર હોય છે ત્યારે વધારે પ્રબળ બનતું જાય છે, કેમ કે તે વખતે તેમાં લોભનું તત્ત્વ દાખલ થાય છે.

હું જાણું છું કે શુભની મદદ લઈને અશુભ સામે લડવાનો આપનો ઉપદેશ છે. પરંતુ આવી લડત વીર પુરુષો માટે છે. જે માણસો ક્ષણિક આવેગને વશ થઈ જાય એવા છે એમનું એ કામ નથી. એક પક્ષમાં બૂરાઈ હોય તો સ્વાભાવિક રીતે જ સામા પક્ષમાં પણ બૂરાઈ જન્મે છે. અન્યાયમાંથી હિંસા જન્મે છે અને અપમાનમાંથી વેરભાવ પેદા થાય છે. દુર્ભાગ્યે આવી એક તાકાતનો જન્મ થઈ ચૂક્યો છે. અને એનાથી ગભરાઈને અથવા ગુસ્સે થઈને આપણા સત્તાવાળાઓએ પોતાના નહોર બહાર કાઢ્યા છે. એનું સીધું પરિણામ એ આવ્યું છે કે આપણામાંના કેટલાક ક્રોધાવેશમાં આવી જઈ છૂપે માર્ગે વળ્યા છે અને બીજા બિલકુલ હતાશ બની ચૂપ થઈ ગયા છે. આ કટોકટીમાં માનવજાતિના એક મહાન આગેવાન તરીકે આપ જેને ભારતનો આદર્શ સમજો છો એમાં શ્રદ્ધા જાહેર કરવાને અમારી વચ્ચે આવીને ઊભા છો. છૂપી વેરવૃત્તિમાં રહેલી કાયરતા અગર ભયત્રસ્તપણામાંથી નીપજતી દીનતા આ આદર્શને સદા અસ્વીકાર્ય છે. આ વાત આપે એવી ઉચ્ચારી છે, જે ભગવાન બુદ્ધે પોતાના કાળ માટે અને ચિર ભાવિને માટે ઉચ્ચારી હતી.

अक्रोधेन जिने क्रोधम्, असाधूम् साधुना जिने એટલે કે "અક્રોધ વડે ક્રોધને જીતો અને અશુભને શુભ વડે જીતો."

સફળતાને માટે જે કોઈ સત્તા પોતાની ત્રાસ ગુજારવાની શક્તિ ઉપર નિર્ભર હોય તથા તદ્દન નિઃશસ્ત્ર પ્રજા ઉપર વિનાશક શસ્ત્રાસ્ત્રોના ઉપયોગ કરતાં શરમાતી ન હોય એવી સત્તાના આધિપત્યનો ઇનકાર કરીને ભલાઈની આ તાકાતે પોતાની નિર્ભયતા વડે પોતાનામાં રહેલા સત્યની તથા બળની ખાતરી કરાવી આપવી જોઈએ. આપણે સમજી રાખવું જોઈએ કે નૈતિક વિજય કેવળ સફળતામાં સમાયેલો નથી, અને નિષ્ફળતા મળે તેથી એનાં ગૌરવ અને મહત્ત્વ ઓછાં થતાં નથી. આધ્યાત્મિક જીવનમાં શ્રદ્ધા ધરાવનારાઓ જાણે છે કે ગૂંગળાવી દેતી ભૌતિક શક્તિ વડે સજ્જ થયેલા અન્યાય સામે અડીખમ ઊભા રહેવામાં જ વિજય રહેલો છે. નજરે દેખાતા પરાજયની વચ્ચે આદર્શ પ્રત્યેની સક્રિય શ્રદ્ધાનો એ વિજય છે.

મને હંમેશાં એવું લાગ્યું છે અને મેં એવું કહ્યું પણ છે કે સ્વતંત્રતાની મહાન બક્ષિસ લોકોને કદી દાનમાં મળી શકતી નથી. આપણે એને જીતી લઈને જ એના માલિક બનીએ છીએ. હિંદુસ્તાન માટે પોતાની સ્વતંત્રતા પ્રાપ્ત કરવાનો અવસર ત્યારે જ આવશે જ્યારે તે બતાવી આપી શકશે કે નૈતિક બળમાં તે રાજ્ય કરનાર વિજેતાઓ કરતાં ચડિયાતું છે. કષ્ટસહનરૂપી તપ આચરવા તેણે રાજીખુશીથી તૈયાર



Gandhi Heritage Portal

થઈ જવું જોઈએ કેમ કે કષ્ટ સહન કરવું એ મહાપુરુષનું ભૂષણ છે. તેણે ભલાઈમાં અચળ શ્રદ્ધા રાખવી જોઈએ, અને એ શ્રદ્ધાના બળથી સજ્જ થઈને આધ્યાત્મિક શક્તિ પ્રત્યે તિરસ્કાર દાખવનાર તુમાખીપણા સામે નિર્ભય બની ખડા થવું જોઈએ.

આપ ખરે સમયે આપની માતૃભૂમિમાં હાજર થઈ ગયા છો કેમ કે અત્યારે જ એને એના ધર્મકાર્યની યાદ આપવાની, વિજયના સાચા માર્ગ પર દોરી જવાની અને એના વર્તમાન રાજકારણને એની અસહાય દશામાંથી મુક્ત કરવાની આવશ્યકતા છે. આજનું રાજકારણ તો રાજનીતિને નામે દંભરૂપી પરાયા વાઘા પહેરીને અક્કડ થઈને ફરે છે અને પોતે પોતાનો હેતુ પાર પાડ્યો છે એવું માની લે છે.

એટલા માટે ઈશ્વરને મારી હાર્દિક પ્રાર્થના છે કે જેને લીધે આપણી આધ્યાત્મિક સ્વતંત્રતા નબળી પડવાનો સંભવ હોય એવો કોઈ અવરોધ આપના ધર્મમાર્ગમાં ઊભો ન થાઓ. સત્ય માટેની શહીદી કેવળ શાબ્દિક રૂપરંગ માટેના દુરાગ્રહની કક્ષાએ કદી ન ઊતરો. કેમ કે કેવળ શાબ્દિક રૂપરંગ તો પવિત્ર નામો પાછળ આત્મવંચનાનું રૂપ ધારણ કરી સંતાતાં ફરતાં હોય છે.

આટલા થોડા શબ્દો પ્રસ્તાવનારૂપે લખીને આપના ઉદાત્ત કાર્યમાં એક કવિ તરીકેનો મારો ફાળો નીચેની પંક્તિઓમાં આપવાની આપ મને રજા આપશો.

(૧)

હે પ્રભુ! તું જ અમારું આશ્રયસ્થાન છે અને તમામ પ્રકારનો ભય તારા એ આશ્રયસ્થાન વિષેના હીન અણવિશ્વાસનું પરિણામ છે, એવી શ્રદ્ધાના બળે મારું મસ્તક ઉન્નત રાખવાની તું મને શક્તિ આપ.

મનુષ્યનો ભય? પરંતુ આ વિશ્વમાં એવો કયો મનુષ્ય છે, એવો કયો રાજા કે રાજાધિરાજ છે, જે તારો હરીફ છે અને જે સદાને માટે અને સર્વ સંજોગોમાં સાચેસાચ મારા ઉપર કાબૂ ધરાવે છે?

આ વિશ્વમાં એવી કઈ સત્તા છે જે મારી સ્વાધીનતા છીનવી લઈ શકે? કેમ કે શું તારા હાથ કારાગારની કોટડીની દીવાલોને ભેદીને કેદી સુધી નથી પહોંચી શકતા, અને તેના આત્માને નિર્બંધ સ્વાધીનતા નથી અર્પતા?

અને જેમ કોઈ કંજૂસ પોતાની નિરુપયોગી ધનદોલતને વળગી રહે છે, તેવી રીતે શું મારે પણ મૃત્યુના ડરના માર્યા આ શરીરને વળગી રહેવું? શું મારા આ આત્માને શાશ્વત જીવનની તારી ઉજાણીમાં ભાગ લેવાનું કાયમનું આમંત્રણ મળેલું નથી?

હે પ્રભુ! તું મને એટલું જ્ઞાન આપ કે જેથી મને એ વાતનું ભાન થાય કે તમામ પ્રકારનાં દુઃખ, દરદ અને મૃત્યુ એ ક્ષણભર માટેના પડછાયા માત્ર છે, તારા સત્યની અને મારી વચ્ચે જે આસુરી શક્તિઓ ઝડપથી વહી રહી છે તે સૂર્યોદય પૂર્વેનું ધુમ્મસ માત્ર છે, અને તું જ એક સદાને માટે માત્ર મારો સહારો છે, અને તું જ એક પોતાની ધમકી વડે મારા પૌરુષની ઠેકડી ઉડાવતા સત્તાના બધા ગર્વ કરતાં પણ મહાન છે.

(૨)

મારી એવી પ્રાર્થના છે કે તું મારામાં પ્રેમનું અત્યુત્તમ ધૈર્ય પેદા કર. એવું ધૈર્ય કે જેથી, હું તારી ઇચ્છા મુજબ વાણી ઉચ્ચારી શકું, કાર્ય કરી શકું, કષ્ટ સહન કરી શકું, સર્વસ્વનો ત્યાગ કરી શકું અથવા એકલો પડી જાઉં તોપણ ટકી શકું.

મારી એવી પ્રાર્થના છે કે તું મારામાં પ્રેમની અપ્રતિમ શ્રદ્ધા જાગ્રત કર, એવી શ્રદ્ધા જે મૃત્યુમાં જીવનને, પરાજયમાં વિજયને અને સૌંદર્યની ચંચળતામાં છુપાયેલી શક્તિને જોઈ શકે, જે કષ્ટસહનમાં ગૌરવ માને અને જે પ્રહારને સહી લે, પણ બદલામાં સામો પ્રહાર નહીં કરે.

આપનો અત્યંત સહૃદયી
**રવીન્દ્રનાથ ટાગોર**

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : જી. એન. ૪૫૮૩

Gandhi Heritage Portal

# પરિશિષ્ટ ૨

## सत्याग्रह पत्रिका १

માર્ચ ૧૯૧૯

સને ૧૮૪૯માં લખાયેલા મૅસેચ્યૂસેટ્સના અધ્યાપક હેનરી થૉરોના[1] ધિ ડ્યૂટી ઑફ સિવિલ ડિસઓબીડિયન્સ (કાયદાની સામે થવાની ફરજ) એ નામના પુસ્તકમાંથી ઉતારા.

હું આ સૂત્રને સાચા હૃદયથી માન્ય કરું છું: "જે સરકાર ઓછામાં ઓછું શાસન કરે એ સરકાર સર્વોત્તમ કહેવાય." અને આ સૂત્રનો વધારે ઝડપથી અને પદ્ધતિસર અમલ થાય તે જોવા હું ઉત્સુક છું. જો એનો આ રીતે અમલ થાય તો આખરે એનું મને માન્ય છે તે સ્વરૂપ આવું થશે: "જે સરકાર બિલકુલ શાસન ન કરે તે સરકાર સર્વોત્તમ કહેવાય." અને લોકો એને માટે તૈયાર થશે ત્યારે તેમને એ પ્રકારની સરકાર મળશે પણ ખરી. સરકાર બહુ બહુ તો એક ઉપયોગી સાધનમાત્ર છે; પરંતુ સામાન્ય રીતે મોટા ભાગની સરકારો અને કેટલીક વાર બધી જ સરકારો ઉપયોગી સાધન નીવડતી નથી. મહત્ત્વના અને ધ્યાન આપવા યોગ્ય જે અનેક વાંધાઓ કાયમના લશ્કર સામે ઉઠાવવામાં આવે છે, તે આખરે તો કાયમની સરકાર સામે પણ ઉઠાવી શકાય તેમ છે. કાયમનું લશ્કર એ તો કાયમની સરકારનું માત્ર એક હથિયાર હોય છે. ખુદ સરકાર કેવળ લોકોની ઇચ્છાનો અમલ કરવા માટે પસંદ કરેલી એક પદ્ધતિ માત્ર છે, અને તે દુરુપયોગ થઈ શકે તેવી અને વિકૃત બનાવી શકાય તેવી છે.

શું નાગરિકે એક ક્ષણ માટે, અથવા થોડે અંશે પણ પોતાના અંતરાત્માના અવાજને ફરજિયાત રીતે કાયદા બનાવનારને હવાલે કરી દેવો જોઈએ? તો પછી દરેક વ્યક્તિના અંતરાત્માના અવાજનો ઉપયોગ શો છે? હું તો માનું છું કે આપણે પ્રથમ મનુષ્ય છીએ, અને તે પછી પ્રજા. સત્યને માટે આદર કેળવવાની જેટલી જરૂર છે તેટલી જ જરૂર કાયદાને માટે આદર કેળવવાની નથી. જે એકમાત્ર જવાબદારી માથે લેવાનો મારો અધિકાર છે તે એ છે કે કોઈ પણ વખતે મને સત્ય લાગે તે મારે કરવું. સંસ્થાને અંતરાત્મા હોતો નથી એમ જે કહેવાય છે તે વાત પૂરતા પ્રમાણમાં સાચી છે. પરંતુ જો કોઈ સંસ્થાના સભ્યોનો અંતરાત્મા જાગ્રત હોય તો એ સંસ્થા અંતરાત્મા ધરાવે છે એમ જરૂર કહી શકાય. કાયદાએ લોકોને સહેજ પણ વધારે ન્યાયી બનાવ્યા નથી અને કાયદા પ્રત્યે આદરભાવ રાખવાને કારણે જ સદ્વૃત્તિ રાખનારા માણસોને પણ રોજ ને રોજ અન્યાયના નિમિત્ત બનાવી દેવામાં આવતા હોય છે. કાયદા પ્રત્યે વધારે પડતો આદર દાખવવાનું સામાન્ય અને સ્વાભાવિક પરિણામ એ આવે છે કે આપણને સૈનિકોની હારની હાર જોવા મળે છે. એમાં અનુક્રમે કર્નલ, કૅપ્ટન, કૉરપોરલ, પ્રાઇવેટ્સ, પાઉડર એટલે દારૂગોળો ઊંચકનારા છોકરાઓ વગેરે ઘણા હોદ્દેદારો હોય છે. આ બધા સુવ્યવસ્થિત કતારમાં ગોઠવાઈ એક દળ રચે છે. અને પોતાની ઇચ્છા વિરુદ્ધ, અરે પોતાની સાદી સમજને તથા પોતાના અંતરાત્માના અવાજને પણ કોરે મૂકી, તેઓ પહાડો અને ખીણોની ચઢઊતર કરતા, યુદ્ધક્ષેત્ર તરફ છટાપૂર્વક કૂચ કરી જતા હોય છે. ઇચ્છા વિરુદ્ધની આ યુદ્ધયાત્રા એમને માટે ઘણી વિષમ થઈ પડે છે અને એનો વિચાર કરતાં એમના હૃદયના ધબકારા વધી જાય છે. પોતે જે કાર્યમાં જોડાયા છે તે ધિક્કારને પાત્ર હોવા વિષે એમને શંકા હોતી નથી, કેમ કે એમની પોતાની વૃત્તિ તો શાંતિપ્રિય હોય છે. હવે પ્રશ્ન એ ઊઠે છે કે આ બધા કોણ છે? શું એમને માણસનું નામ આપી શકાય ખરું? કે પછી તેઓ કોઈ નિષ્ઠુર સત્તાધારીની સેવામાં જોડાયેલા નાના નાના જંગમ કિલ્લાઓ અને શસ્ત્રાગારો જ છે?

૧ થૉરોના પુસ્તક ઉપરથી ગાંધીજીએ તા. ૭ તથા તા. ૧૪ સપ્ટેમ્બર ૧૯૦૭ના इन्डियन ओपीनियनમાં "કાયદાની સામે થવાની ફરજ" એ મથાળાંથી બે લેખો લખ્યા હતા. જુઓ પુસ્તક ૭, પા. ૨૧૦ અને ૨૨૧. આ બંને લેખો સુધારેલા રૂપમાં महादेवभाईनी डायरी પુસ્તક ચોથામાં પા. ૩૨-૩૭ પર આપ્યા છે.

Gandhi Heritage Portal

આ રીતે મોટા ભાગના મનુષ્યો તેમના શરીર વડે રાજ્યની સેવા માનવીની માફક નહીં, પરંતુ યંત્રોની માફક કરતા હોય છે. અને આ પ્રકારના મનુષ્યો એટલે : સ્થાયી લશ્કર, કામચલાઉ લશ્કર, જેલરો, પોલીસો, નાગરિક દળના સેવકો વગેરે. આ બધામાંથી મોટા ભાગનાને ન્યાયબુદ્ધિ અથવા નૈતિક સમજનો ઉપયોગ કરવાની સ્વતંત્રતા હોતી નથી, પરંતુ તેઓ પોતાની જાતને લાકડું, માટી અને પથ્થરની હરોળમાં મૂકી દે છે. અને કદાચ આગળ જતાં લાકડાનાં માણસો બનાવી તેમની મારફતે પણ આ હેતુ પાર પાડી શકાશે. આવા પ્રકારનાં મનુષ્યો ઘાસ ભરેલાં પૂતળાં અથવા માટીના લોંદા કરતાં વધારે આદરને પાત્ર હોતાં નથી. એમની જો કશી કિંમત હોય તો તે માત્ર ઘોડા અને કૂતરા જેટલી જ છે. તેમ છતાં આવા માણસો પણ સામાન્ય રીતે સારા નાગરિકોમાં લેખાય છે. બીજા, એટલે ધારાસભ્યો, રાજનીતિજ્ઞો, વકીલો, રાજ્યના પ્રધાનો અને રાજના અધિકારીઓ જેવા લોકો મુખ્યત્વે પોતાની બુદ્ધિ વડે રાજ્યની સેવા કરતા હોય છે. અને તેઓ નીતિઅનીતિનો ભેદ ભાગ્યે જ જાળવતા હોવાથી એમની મારફતે ઈશ્વરની જેટલી સેવા થવાનો સંભવ હોય છે તેટલી જ સેવા અજાણતાં સેતાનની પણ થવાનો સંભવ હોય છે. વીર પુરુષો, દેશભક્તો, શહીદો, વ્યાપક અર્થમાં સુધારકો જેવા બહુ-થોડા લોકો પોતાના અંતરાત્મા વડે પણ રાજ્યની સેવા કરતા હોય છે. અને મોટે ભાગે તેઓ અચૂક એ રાજ્યનો વિરોધ કરે છે, એટલે રાજ્ય એમને સાધારણ રીતે પોતાના શત્રુ માનતું હોય છે.

ક્રાંતિ કરવાનો અધિકાર બધા લોકો મંજૂર રાખે છે. એનો અર્થ એવો કે સરકારનો જુલમ વધી જાય અથવા તેની કાર્યક્ષમતા ઘટી જાય અને બંને અસહ્ય થઈ પડે, ત્યારે એ સરકાર પ્રત્યે વફાદારી રાખવાની ના પાડવાનો અને તેનો સામનો કરવાનો પ્રજાને હક્ક મળે છે.

* * *

બધાં જ યંત્રોમાં ઘર્ષણ રહેલું હોય છે. અને સંભવ એવો છે કે અનિષ્ટને કાબૂમાં રાખવા માટે આ ઘર્ષણનો સારો ઉપયોગ પણ થતો હોય છે. આમ છતાં એને નામે ઊહાપોહ કરવાની વાત બહુ બૂરી છે. પરંતુ જ્યારે ઘર્ષણ પોતે યંત્રનો કબજો લે છે, અને જ્યારે જુલમ અને લૂંટફાટ સંગઠિત રીતે ચાલવા લાગે છે, ત્યારે તો હું કહીશ કે આપણે એવું યંત્ર એક ક્ષણ માટે પણ નિભાવી લેવું નહીં જોઈએ.

* * *

આજે પ્રામાણિક અને દેશભક્ત આદમીનું શું ઊપજે છે? તેઓ વિરોધ કરતાં ડરે છે, ખેદ પ્રદર્શિત કરે છે, અને એકાદ વાર અરજી પણ આપી જુએ છે; પરંતુ તેઓ દિલ દઈને એવું કશું નથી કરતા જેનું કંઈક પરિણામ આવે. તેઓ હાથ જોડીને બેસી રહે છે, એવી આશાએ કે કોઈ ભલો માણસ આવી દુઃખનું નિવારણ કરશે, જેથી પોતાને કશી આંચ નહીં આવે. બહુ બહુ તો તેઓ સસ્તો મત આપી આવે છે, અને જો સત્ય તેમના આગળ થઈને પસાર થતું જોવામાં આવે તો ધીમે અવાજે તેનું સમર્થન કરી તેઓ તેના પ્રત્યે શુભ ભાવના વ્યક્ત કરે છે. દુનિયામાં સત્યની વાતો કરનારા હજારમાંથી નવસો નવાણું નીકળશે, પરંતુ સત્યનું આચરણ કરનાર તો એમાંથી એક જ હશે. પરંતુ સત્યના આવા કામચલાઉ રક્ષકો કરતાં એના સાચા સ્વામી સાથે કામ પાડવાનું વધારે સહેલું હોય છે.

સાચી વાતને માટે મતદાન કરવાનું સુધ્ધાં કશું નહીં કરવા બરાબર છે. એનો તો એટલો જ અર્થ થાય છે કે તમે, લોકો સમક્ષ બીતા બીતા એવી ઇચ્છા પ્રદર્શિત કરો છો કે એનો વિજય થવો જોઈએ. પરંતુ કોઈ પણ ડાહ્યો માણસ સત્યને આ રીતે અનિશ્ચિત ભાવિની દયા ઉપર છોડી નહીં દેશે.

જરૂર છે એવા મનુષ્યની જે ખરેખર મરદ હોય. મારા પડોશી કહે છે તેમ, એવા મજબૂત વાંસાવાળો મરદ જેના વાંસામાં આપણી આંગળી ખૂંપી નહીં શકે. આપણા આંકડાઓ ખામીવાળા છે. લોક-સંખ્યા બહુ જ વધારીને બતાવવામાં આવી છે. આ દેશમાં દર હજાર ચોરસ માઈલે મરદ કેટલા હશે? ભાગ્યે જ એક. . . .

* * *

સિદ્ધાંત મુજબનું કર્મ, સત્યનું દર્શન અને આચરણ, વસ્તુઓ અને તેના સંબંધોની સિકલ ફેરવી નાખે છે. આવું આચરણ મૂળમાં ક્રાન્તિકારી હોય છે અને તે ભૂતકાળ સાથે બધી રીતે સુસંગત હોતી

Gandhi Heritage Portal

નથી. એ માત્ર રાજ્યો અને ધર્મસંસ્થાઓમાં ભાગલા પડાવે છે એટલું જ નહીં પરંતુ કુટુંબોને પણ વિભક્ત કરે છે. અરે! એ તો વ્યક્તિનું પણ વિભાજન કરે છે અને એનામાં રહેલી આસુરી અને દૈવી વૃત્તિઓને જુદી પાડે છે.

* * *

અન્યાયી કાયદાઓ મોજૂદ છે. તો પછી આપણે તેમનું પાલન કરી સંતોષ માનવો કે સફળતા ન મળે ત્યાં સુધી એને પાળતા રહી તેમને સુધરાવવા પ્રયત્ન કરવો, અથવા એમનું તાબડતોબ ઉલ્લંઘન કરવા માંડવું ?

* * *

લોકો માને છે કે આપણે વિરોધ કરીશું તો મૂળ દર્દ બૂરાઈ કરતાં પણ આપણે અજમાવેલો ઉપાય વધારે ખરાબ નીવડશે. પરંતુ દર્દ કરતાં ઇલાજ વધારે ખરાબ નીવડતો હોય તો તેમાં દોષ સરકારનો છે. સરકાર જ ઇલાજને વધારે ખરાબ બનાવી મૂકે છે. અગાઉથી વિચાર કરીને ખરાબ બાબત સુધારી લેવાની તે શા માટે વ્યવસ્થા કરતી નથી?

લોકો એને ઈજા પહોંચાડે તે પહેલાં જ સરકાર ચીસો પાડવાનું અને વિરોધ ઉઠાવવાનું શા માટે શરૂ કરી દે છે? નાગરિકો સરકારના દોષો બતાવવા જેટલા જાગ્રત રહે તે માટે તે શા માટે લોકોને પ્રોત્સાહન નથી આપતી? અને તેમની અપેક્ષા કરતાં પોતે સારું વર્તન કેમ કરી નથી બતાવતી સરકાર ઈશુને હંમેશાં શૂળી પર ચઢાવે છે, કોપર્નિકસ અને લ્યૂથરનો બહિષ્કાર કરે છે અને વૉશિંગ્ટન તથા ફ્રૅંકલિનને બંડખોર જાહેર કરે છે. આ બધું તે શા માટે કરે છે?

* * *

જો અન્યાય એ સરકારરૂપી યંત્રના અનિવાર્ય ઘર્ષણનો એક ભાગ જ હોય, તો તો એ યંત્ર ભલે ચાલતું જ રહે. સંભવ છે કે એ ઘસાઈ ઘસાઈને સુંવાળું થઈ જશે, અથવા એ યંત્ર નક્કી ઘસાઈ જશે. જો આ અન્યાય સાથે એ યંત્રની કોઈ ચાંપ, ગરગડી, દોરડું કે હાથો ખાસ જોડેલો હોય અને તેને લીધે એને ખસેડી શકાય તેમ ન હોય તો તમારે વિચાર કરવો પડશે કે દરદ કરતાં તેનો ઉપાય વધારે ખતરનાક થઈ પડશે કે શું? પરંતુ જો એ અન્યાય એવા પ્રકારનો હોય કે તેને લીધે આપણે બીજાને અન્યાય કરવાનું સાધન બનવું પડતું હોય, તો હું કહું છું કે તમારે એ કાયદાનો ભંગ કરવો.

જો એમ કહેવાય છે કે અન્યાય દૂર કરાવવા માટે રાજ્યે યોજેલાં સાધનોનો ઉપયોગ કરવો જોઈએ, એનો મારો જવાબ એ છે કે આવાં કોઈ સાધનો મારી જાણમાં નથી. એમાં સમય પણ ખૂબ જ જાય છે અને સંભવ છે કે માણસની આખી જિંદગી એમાં પૂરી થઈ જાય. મારે બીજાં કામો પણ કરવાનાં હોય છે. હું આ દુનિયામાં આવ્યો છું તે ખાસ કરીને એટલા માટે નહીં કે મારે એને સારી રીતે રહેવાલાયક જગા બનાવવી. મારા જીવનનો હેતુ તો એ છે કે આ દુનિયા સારી હોય કે ખરાબ, મારે એમાં જીવન વિતાવવું. માણસે બધાં જ કામો કરવાનાં હોતાં નથી. એણે અમુક જ કામ કરવાનું હોય છે. અને માણસ બધાં કામો કરી ન શકે તેથી કંઈ એવું ફલિત થતું નથી કે એણે કંઈક ખોટું કામ કરવું જોઈએ. જેમ ગવર્નર કે ધારાસભા અરજી કરતાં નથી તેવી જ રીતે મારે તેમને અરજી કરવાની હોય નહીં. અને તેઓ મારી અરજી ન સાંભળે તો પછી મારે શું કરવું? પરંતુ આવું થાય ત્યારે શું કરવું એનો કશો ઉપાય રાજ્યે બતાવ્યો નથી. ખુદ એનું બંધારણ એક દૂષણ છે. સંભવ છે કે મારી આ વાત કઠોર, દુરાગ્રહભરી, અને બિનસમાધાનકારક લાગશે. પરંતુ જે એકમાત્ર વ્યક્તિ એની કદર કરી શકે છે અથવા જે એની અધિકારી છે તેને માટે તો એ અત્યંત દયા અને કરુણાભર્યો વર્તાવ કરવા બરાબર છે. એ જ રીતે શરીરમાં ઊથલપાથલ મચાવનારા જન્મ અને મરણ જેવા બધા ફેરફારો પણ સારા માટે હોય છે.

* * *

મારો અને આ અમેરિકન સરકારનો અથવા એની પ્રતિનિધિરૂપ રાજ્ય સરકારનો સીધો અને રૂબરૂ ભેટો કર ઉઘરાવનારના રૂપમાં વરસમાં વધારે નહીં પણ એક જ વાર થાય છે. મારા જેવી સ્થિતિનો

Gandhi Heritage Portal

માણસ એને કેવળ આ જ રીતે ફરજિયાત રીતે મળે છે. અને તે વખતે આ સરકાર આપણને ચોખ્ખું કહે છે કે: "મારું વર્ચસ્વ સ્વીકારો." પરંતુ આ મુદ્દા ઉપર એની સાથે પ્રસંગ પાડવાનો, તેનાથી આપણને સંતોષ નથી કે તેને માટે આપણને પ્રેમ નથી એ દર્શાવવાનો સૌથી સાદો, અસરકારક અને હાલના સંજોગોમાં અનિવાર્ય એવો એક જ રસ્તો તેને એવું કહી દેવાનો છે કે હું તમારું વર્ચસ્વ સ્વીકારતો નથી.

જો આવું કહેવા બદલ એક હજાર માણસોને, એકસો માણસોને, જેનાં હું નામ ગણાવી શકું એવા દસ માણસોને, માત્ર દસ જ પ્રમાણિક માણસોને, અરે એક જ પ્રમાણિક માણસને જેલમાં પૂરી દેવામાં આવે તો મને ખાતરી છે કે અમેરિકામાંથી ગુલામીની પ્રથાનો અંત આવી જાય. કેમ કે શરૂઆત ગમે તેટલી નજીવી લાગતી હોય તેની હરકત નથી. એક વાર સારી રીતે કરેલું કાર્ય કાયમનું બની જાય છે. . . .

જે સરકાર કોઈ પણ વ્યક્તિને અન્યાયી રીતે જેલમાં પૂરે છે, તે સરકારના રાજ્યમાં ન્યાયપરાયણ વ્યક્તિ માટેનું સાચું સ્થાન જેલ જ હોય છે. આજે મૅસેચ્યૂસેટ્સની સરકારે તેના વધારે સ્વતંત્ર મિજાજવાળા અને ઓછા ડરપોક એવા નાગરિકો માટે એક જ સ્થળ મુકરર કરી રાખેલું છે, અને તે છે એનું જેલખાનું. અને તે એવા નાગરિકો માટે યોગ્ય પણ છે, કેમ કે જે રીતે રાજ્યે એમને પોતાનાં કૃત્યોને લીધે જેલમાં નાખીને અને જેલને તાળાં મારીને પોતાનાથી અળગા કરી દીધા છે તે જ રીતે આ લોકોએ પણ પોતાના સિદ્ધાન્તો વડે પોતાની જાતને રાજ્યથી વિખૂટી પાડી દીધી છે. નાસી ગયેલા ગુલામનો, પેરોલ પર છૂટેલા મેક્સિકોના કેદીનો અને પોતાની કોમને થયેલા અન્યાયોની ફરિયાદ કરવા આવેલા રેડ ઇન્ડિયનનો આ નાગરિકો સાથે આ જેલમાં જ ભેટો થશે. ગુલામોના આ રાજ્યમાં જેલ જ એક એવી જગા છે જ્યાં સ્વતંત્ર માણસ માનપૂર્વક રહી શકે છે. આ જ એક અલગ પરંતુ બીજા કરતાં વધારે સ્વતંત્ર અને માન-ભર્યું રહેઠાણ છે અને જે વ્યક્તિઓ એના પક્ષમાં નહીં પણ વિરોધમાં હોય છે તેમને રાજ્ય અહીં જ લાવીને મૂકે છે. જો કોઈ લોકો એમ માનતા હોય કે જેલમાં પુરાવાથી રાજ્યમાંની પોતાની લાગવગ નષ્ટ થઈ જશે, પોતાનો અવાજ રાજ્યને કાને પહોંચતો અટકી જશે, અને પોતે રાજ્યના શત્રુ મટી જશે, તો કહેવું પડશે કે અસત્ય કરતાં સત્યની શક્તિ કેટલી વધારે હોય છે તેની તેમને ખબર નથી. અને જેણે પોતાની જાતે થોડો અન્યાય અનુભવ્યો હોય તે વ્યક્તિ કેટલી વધારે બાહોશીથી અને અસરકારક રીતે અન્યાયનો સામનો કરી શકે છે તેનો તેમને ખ્યાલ નથી.

આ વર્ષે એક હજાર માણસો કર ન ભરે તો એ કૃત્ય હિંસક અને ક્રૂર નહીં કહેવાશે. એના કરતાં તો કર ભરીને સરકારને હિંસા કરવા તથા નિર્દોષોનું લોહી વહેવડાવવાને સમર્થ બનાવવાનું કૃત્ય જ વધારે હિંસક અને ક્રૂર કહેવાશે. હકીકતમાં શાંતિમય ક્રાંતિ શક્ય હોય તો તેની આ જ વ્યાખ્યા છે. જો કોઈ કર ઉઘરાવનાર અથવા અન્ય સરકારી અધિકારી મને પૂછે અને એવા એક જણે મને પૂછ્યું પણ છે કે: "મારે શું કરવું?" એનો મારો જવાબ આ છે: "જો ખરેખર તમારે કંઈક કરવું જ હોય તો તમે તમારા હોદ્દાનું રાજીનામું આપી દો." જ્યારે પ્રજાજન રાજ્યને વફાદાર રહેવાની ના પાડી દે અને અધિકારી પોતાના હોદ્દાનું રાજીનામું આપી દે, ત્યારે ક્રાન્તિ સિદ્ધ થઈ કહેવાય. પરંતુ ધારો કે રક્તપાત પણ થયો. તો કોઈનો અંતરાત્મા ઘવાય છે ત્યારે શું એક પ્રકારનો રક્તપાત નથી થતો? આ ઘામાંથી માણસની સાચી મરદાઈ અને એનું અમરપણું વહેવા લાગે છે અને તે ચિરસ્મરણીય મૃત્યુને પામે છે. હું જોઉં છું કે હાલમાં આવો રક્તપાત થઈ રહ્યો છે.

મેં એવી કલ્પના કરી છે કે ગુનેગારનો માલસામાન જપ્ત કરવામાં નહીં આવે પણ એને કેદ કરવામાં આવશે. જોકે બંને વસ્તુની અસર તો એકસરખી જ થશે. એનું કારણ એ છે કે જે લોકો સૌથી શુદ્ધ સત્યનો આગ્રહ રાખે છે અને તેને લીધે જેઓ કોઈ પણ ભ્રષ્ટ રાજ્યને માટે અત્યંત ખતરનાક હોય છે, તેઓ સામાન્ય રીતે મિલકત એકઠી કરવા પાછળ ઝાઝો સમય બગાડતા નથી.

મેં છ વર્ષ સુધી માથાવેરો ભર્યો નથી. એક વખત આ કારણે મને એક રાત માટે જેલમાં પૂરવામાં આવ્યો હતો. આ જેલ કેવી હતી? તેની ફરતે ત્રણ કે ચાર ફૂટ જાડી નક્કર પથ્થરોની દીવાલ

Gandhi Heritage Portal

હતી. આ દીવાલમાં લોખંડ અને લાકડાનું એક ફૂટ જાડું બારણું હતું અને પ્રકાશને આંતરી લેતું એક લોખંડનું જાળિયું હતું. હું જ્યારે એ જેલ વિષે વિચાર કરવા લાગ્યો ત્યારે મને એ સંસ્થાની મૂર્ખતા વિષે આશ્ચર્ય થયા વિના રહ્યું નહીં, કેમ કે એણે તો મને જેલમાં પૂરવાલાયક માંસ, લોહી અને હાડકાંનો માત્ર માળો જ ગણી લીધો. મને નવાઈ એ વાતની લાગી કે આ સરકારને આખરે એટલું જ સૂઝ્યું કે તે મારો સૌથી સારો ઉપયોગ મને જેલમાં પૂરીને જ કરી શકે એમ છે. એને કદી એવો વિચાર ન આવ્યો કે મારી સેવાઓ બીજી કોઈ રીતે પણ લઈ શકાય એમ છે. હું સમજી ગયો કે જો મારી અને મારા નગરબંધુઓ વચ્ચે પથ્થરની દીવાલ ઊભી છે, તો તેનાથી પણ વધારે મજબૂત દીવાલ એમને ઘેરીને ઊભી છે. અને મારા જેવા મુક્તાત્મા બનવા માટે તેમને માટે એ દીવાલ ઓળંગવાનું કે તેને તોડીને ભાગી છૂટવાનું વધારે મુશ્કેલ કામ છે. ઘડીભર મને લાગ્યું કે હું કેદમાં જ નથી. જેલની એ દીવાલો મને પથ્થર અને ચૂનાના બગાડ જેવી લાગી. મને એમ જ લાગ્યું કે મારા બધા નગરબંધુઓ પૈકી મેં એકલાએ જ જાણે કર ભર્યો છે. એટલું સ્પષ્ટ હતું કે મારી સાથે કેમ વર્તવું તેની તેમને ખબર નહોતી, એટલે તેઓ મારી સાથે અણઘડ માણસોની માફક વર્ત્યા. એમણે જેટલી વાર મને ધમકાવ્યો અને જેટલી વાર મારાં વખાણ કર્યાં તે દરેક વખતે તેઓ ગોથાં ખાતા હતા; કેમ કે તેઓ માનતા હતા કે મારી એકમાત્ર ઇચ્છા પથ્થરની દીવાલની બહાર નીકળી જવાની હતી. તેમણે બહુ કાળજીપૂર્વક મારા ચિંતનનું દ્વાર બંધ કરી તેને તાળું માર્યું એ વાત ઉપર મને હસવું આવ્યું. મારું ચિંતન તો એમના ગયા પછી નિર્વિઘ્ને ચાલુ જ રહ્યું અને જે વસ્તુ ભયંકર હતી તે તો મારું શરીર નહીં પણ મારું ચિંતન જ હતું. તેમનાથી મારા આત્મા સુધી પહોંચી શકાય તેમ નહોતું, એટલે એમણે મારા શરીરને શિક્ષા કરવાનો નિશ્ચય કર્યો. આ બધું બાલિશ હતું. બાળકો શું કરે છે? જો તેમને કોઈ માણસ પ્રત્યે વેર હોય અને જો તેઓ એ માણસ સુધી પહોંચી ન શકે તો તેઓ એના કૂતરાને ગાળો ભાંડે છે. હું કળી ગયો કે રાજ્ય અર્ધી અક્કલ ગુમાવી બેઠું છે. તે કોઈ એકલવાયી ધનિક સ્ત્રી જેવું બીકણ છે. એના મિત્ર કોણ છે અને શત્રુ કોણ છે એનો ભેદ એ સમજી શકતું નથી. એટલે એને માટે મને જે થોડુંઘણું માન રહ્યું હતું તે પણ ચાલ્યું ગયું, અને મને એના પ્રત્યે દયા આવી.

* * *

કરના બિલમાંની કોઈ ખાસ વસ્તુ સામે મને વાંધો છે માટે હું કર ભરવાની ના પાડું છું એવું નથી. હું તો રાજ્યને તાબે થવાની જ ના પાડું છું. મારે તો એનાથી હેતુપુરઃસર અલગ થઈ જવું છે અને દૂર જઈ ઊભા રહેવું છે. હું કરરૂપે જે ડૉલર ભરું તે ડૉલર વડે જ્યાં સુધી કોઈ માણસ ખરીદાતો હોય અથવા કોઈને મારવા માટે બંદૂક ખરીદાતી હોય ત્યાં સુધી તેનું શું થાય છે તે જોવાનું શક્ય હોય તોપણ તે જોવાની મને પરવા નથી. ખરું જોતાં ડૉલર પોતે તો નિર્દોષ છે. પરંતુ રાજ્યની મારી વફાદારીનું શું પરિણામ આવે છે તે જોવામાં મને ખાસ રસ છે. હકીકતમાં હું મારી રીતે રાજ્યની વિરુદ્ધ શાંતિથી યુદ્ધ જાહેર કરું છું, અને એમ કરવા છતાં આવી બાબતોમાં હમેશ થતું હોય છે તેમ રાજ્યનો જે ઉપયોગ થઈ શકે તે કરવાની અને જે લાભ ઉઠાવી શકાય તે ઉઠાવવાની હું ઇચ્છા રાખું છું.

મારી પાસેથી માગવામાં આવેલો કર રાજ્ય પ્રત્યેની સહાનુભૂતિને કારણે જો બીજા લોકો ભરી દે, તો તેઓ માત્ર પોતાની બાબતમાં જે ભૂલ કરી ચૂક્યા છે તે જ કરે છે. અથવા કહો કે તેઓ રાજ્યની અપેક્ષા કરતાં પણ વધારે પ્રમાણમાં અન્યાયને ઉત્તેજન આપે છે. જો આ લોકો કરપાત્ર વ્યક્તિનું હિત હૈયે રાખીને, એટલે કે એની મિલકત બચાવવા અથવા એને જેલ જતો અટકાવવા એના વતી કર ભરી દેતા હોય તો તે પણ ખોટું છે. કેમ કે અંગત લાગણીને લીધે સાર્વજનિક હિતના કામમાં તેઓ કેવા આડે આવી રહ્યા છે એ વાતનો એમણે ડહાપણપૂર્વક વિચાર કર્યો હોતો નથી.

એટલે હાલમાં મારી પરિસ્થિતિ આવી છે. પરંતુ માણસે આવા મામલામાં ખૂબ જ સાવચેતીથી વર્તવું જોઈએ, નહીં તો એના કાર્યમાં દુરાગ્રહ આવી જશે અથવા બીજાઓના અભિપ્રાયો વિષે એ વધારેપડતો આદરભાવ રાખતો થઈ જશે. એણે તો માત્ર પોતાનું કર્તવ્ય જ બજાવવું જોઈએ અને યુગધર્મને પિછાનવો જોઈએ.

* * *

Gandhi Heritage Portal

જે લોકોએ સત્યનાં વધારે પવિત્ર મૂળને જાણ્યાં નથી, જેઓ આગળ વધી સત્યના પ્રવાહના ઉગમ-સ્થાન સુધી પહોંચ્યા નથી, તેઓ બાઇબલ અને રાજ્યબંધારણના કિનારાઓ ઉપર ઊભા રહી એના તીર્થોદકનું શ્રદ્ધાથી અને નમ્રતાપૂર્વક પાન કરતા હોય છે, અને તેમ કરવામાં ડહાપણ રહેલું છે. પરંતુ એ પુણ્યજળ આ સરોવરમાં કે પેલા તળાવમાં ટપકતું ટપકતું ક્યાંથી આવીને ભેગું થાય છે એ વાત જે લોકો જોતા હોય છે તેઓ ફરીથી એક વાર પોતાની કમર કસીને એ મૂળ ઝરા સુધી પહોંચવા માટે પોતાની યાત્રા ચાલુ રાખે છે.

* * *

સરકારની જે કેટલીક સત્તા સામે ઝૂકવાને હું રાજી છું તે સત્તા હજી દોષપૂર્ણ છે. સાચા અર્થમાં ન્યાયી ગણાવા માટે સરકારે શાસિતોની સ્વીકૃતિ અને સંમતિ મેળવેલી હોવી જોઈએ. સરકારની જે સત્તા સામે ઝૂકવા હું રાજી હોઉં છું ત્યાં મારા કરતાં વધારે જ્ઞાનવાળા અને મારા કરતાં વધારે કુશળ લોકોના આદેશો માનવા હું ખુશીથી તૈયાર છું; એટલું જ નહીં પણ ઘણી બાબતોમાં જ્ઞાનમાં અને આવડતમાં મારા કરતાં પણ ઊતરતા લોકોના હુકમો માનવામાં પણ મને વાંધો નથી. મારા શરીર પર અને મારી સંપત્તિ પર એને કોઈ અબાધિત અધિકાર હોઈ શકે નહીં. એ અધિકાર જેટલો હું એને આપું એટલો જ એ ભોગવી શકે. આપખુદ રાજસત્તામાંથી મર્યાદિત રાજસત્તા તરફ, અને મર્યાદિત રાજસત્તામાંથી લોકશાહી તરફ જે પ્રગતિ થઈ છે તે વ્યક્તિ પ્રત્યેના સાચા આદર તરફની પ્રગતિ છે. ચીની તત્ત્વવેત્તાએ પણ વ્યક્તિને સામ્રાજ્યની આધારશિલા ગણવા જેટલું ડહાપણ દાખવ્યું હતું. જે સ્વરૂપની લોકશાહીથી આપણે પરિચિત છીએ તે લોકશાહી શું સરકારમાં થઈ શકતા સુધારાનું અંતિમ સ્વરૂપ છે? માણસના અધિકારો માન્ય રાખવામાં અને તેને વ્યવસ્થિત સ્વરૂપ આપવામાં શું એક ડગલું આગળ વધવાનું સંભવિત નથી? જ્યાં સુધી રાજ્ય વ્યક્તિને પોતાના કરતાં વધારે ઊંચી અને સ્વતંત્ર શક્તિ તરીકે માન્ય નહીં રાખશે અને તેની સાથે તે મુજબનો વ્યવહાર નહીં કરશે, ત્યાં સુધી તે કદી સાચા અર્થમાં સ્વતંત્ર અને સંસ્કારી બની નહીં શકશે. રાજ્યે સમજવું જોઈએ કે તેની તમામ શક્તિ અને સત્તા વ્યક્તિમાંથી જ આવે છે. હું એવા રાજ્યની કલ્પના કરીને ખુશી થાઉં છું કે જે આખરે તમામ વ્યક્તિઓ પ્રત્યે ન્યાયથી વર્તવા શક્તિમાન થશે, અને વ્યક્તિ સાથે પડોશી સાથે હોય એવો આદર-યુક્ત વર્તાવ રાખશે. એ રાજ્ય એવું હશે જે એનાથી અલગ રહેનારા અને એના કાર્યમાં માથું નહીં મારનારા થોડા લોકોને એની શાંતિમાં દખલરૂપ નહીં સમજશે. એ થોડા લોકો એ રાજ્યમાં ભળતા નહીં હોય છતાં પડોશી તરીકે અને માનવબંધુઓ તરીકે પોતાની બધી ફરજો બજાવતા હશે. જે રાજ્ય આવું પરિણામ લાવવામાં સફળ થશે, અને એવું પરિણામ પાકું થતાંની સાથે જ એને છોડી દેવાને તૈયાર થશે, તે એથી પણ વધારે સંપૂર્ણ અને ગૌરવશાળી રાજ્ય રચવા માટેનો માર્ગ ખુલ્લો કરી આપશે. આવું વધારે સંપૂર્ણ રાજ્ય કેવું હોય એની પણ મેં કલ્પના કરી રાખી છે. માત્ર એવું રાજ્ય હજી સુધી મારા જોવામાં આવ્યું નથી.

[મૂળ અંગ્રેજી]

નેશનલ આર્કાઇવ્ઝ ઑફ ઇન્ડિયા: હોમ: પોલિટિકલ – બી: ફેબ્રુઆરી ૧૯૨૦: નં. ૩૭૩

Gandhi Heritage Portal

# પરિશિષ્ટ ૩

## સત્યાગ્રહ વિષે પ્રશ્નો

[એપ્રિલ ૧૭, ૧૯૧૯ પહેલાં][1]

સાહેબ,

તાજેતરમાં આપના નામથી એક નિવેદન પ્રસિદ્ધ થયું છે. એમાંના કેટલાક મુદ્દા અમને પૂરેપૂરા સમજાતા નથી. કૃપા કરીને એ મુદ્દા આપ અમને વિગતે સમજાવશો તો અમે આપના આભારી થઈશું.

(૧) આપના નિવેદનમાં આપે લખ્યું છે: "સત્યાગ્રહના ટોળામાં જેઓ સામેલ થયા તેમને છાજતું હતું કે તેઓએ ગમે તે થાય તોપણ જરા પણ મારામારી નહીં કરવી જોઈએ. પથરાના ઘા નહીં કરવા જોઈએ, કોઈને પણ દુઃખ નહીં દેવું જોઈએ." અમે એ જાણવા માગીએ છીએ કે "સત્યાગ્રહના ટોળામાં જેઓ સામેલ થયા" એ શબ્દોનો આપે કરેલો અર્થ એવો થાય છે કે એમાં સત્યાગ્રહીઓ પ્રત્યે સહાનુભૂતિ રાખનારા બિનસત્યાગ્રહીઓનો પણ સમાવેશ થાય છે? દેખીતી રીતે લાગે છે તેમ એ જ સાચું હોય તો જ્યારે સામા પક્ષ તરફથી હિંસા શરૂ થાય, ત્યારે આ બિનસત્યાગ્રહીઓએ પણ સત્યાગ્રહીઓની માફક જ વર્તવું જોઈએ એવું એમને માથે બંધન ખરું? આ ઉપરથી અમારા પ્રત્યે સહાનુભૂતિ રાખનારા લોકો હિંસાનો ઉપયોગ કરે તેનો અમે બચાવ કરવા માગીએ છીએ અથવા તેને ક્ષમ્ય ગણીએ છીએ એવું માની લેવાનું નથી. અમે એ વાત સમજવા માગીએ છીએ કે જ્યારે પ્રથમ ઉશ્કેરણી સામા પક્ષ તરફથી થવા માંડે ત્યારે સત્યાગ્રહી અને બિનસત્યાગ્રહી વચ્ચે કશો ફરક હોવો જોઈએ કે નહીં. બિન-સત્યાગ્રહીઓ હિંસાની પહેલ ન કરે એ વાત સાચી અને અમે એમ પણ ઇચ્છીએ છીએ કે સત્તાવાળાઓ તરફથી ઉશ્કેરાટનું કારણ મળે અથવા હિંસા આચરવામાં આવે, ત્યારે પણ બિનસત્યાગ્રહીઓ પોતાની જાતને સંપૂર્ણ રીતે કાબૂમાં રાખે. તેમ છતાં આવા સંજોગોમાં એક બિનસત્યાગ્રહીની લાગણીઓને માટે સત્યાગ્રહીઓને જવાબદાર કેવી રીતે લેખી શકાય? એ બેની જવાબદારીઓ વચ્ચે કંઈક ફરક તો જરૂર હોવો જોઈએ. આપના નિવેદનમાં આવા કોઈ ફરકની કલ્પના કરેલી જણાતી નથી.

(૨) આગળ ચાલતાં આપ લખો છો: "મને પૂછવામાં આવ્યું છે કે જે વસ્તુ સત્યાગ્રહની લડતમાંથી પરિણામ પામે તેને સારુ સત્યાગ્રહી જવાબદાર ખરા કે નહીં? મેં કહ્યું કે તે સારુ સત્યાગ્રહી જવાબદાર છે." આ સંબંધમાં અમારે એ જાણવું છે કે કયાં કયાં પરિણામો સત્યાગ્રહમાંથી નીપજેલાં ગણી શકાય? ધારો કે અમારા પ્રત્યે સહાનુભૂતિ રાખનારા અથવા અમારો વિરોધ કરનારા બિનસત્યાગ્રહી લોકો સત્તાવાળા-ઓની બિનઆવડત, આક્રમક વૃત્તિ કે હિંસાને લીધે અગર તો અમારા વિરોધીઓના આક્રમક વલણને લીધે કાયદા વિરુદ્ધનું અથવા તો હિંસક આચરણ પણ કરી બેસે; અને જો અમારે પક્ષે સામો ઘા ન થયો હોય છતાં જે પરિણામો આવે તે આ આંદોલનમાંથી નીપજેલાં પરિણામો ગણાશે? જો આનો જવાબ 'હા' હોય, તો પ્રશ્ન એવો ઊઠે છે કે: નિરુપદ્રવી બિનસત્યાગ્રહીઓ પર સત્તાવાળાઓ જે અત્યાચારો કરે તેનાં પરિણામો માટે અથવા સત્યાગ્રહના વિરોધીઓના વર્તનનાં જે પરિણામો તેમને પોતાને ભોગવવાં પડે તેને માટે સત્યાગ્રહીઓને જવાબદાર લેખવાનું શું વાજબી છે?

(૩) આગળ ચાલતાં આપ લખો છો: "જો આ લડતને આપણા તરફથી લેશ પણ મારામારી સિવાય, ખુનામરકી સિવાય નહીં ચલાવી શકાય. . . ." આ વાક્યમાં "આપણા" શબ્દમાં સત્યાગ્રહીઓ પ્રત્યે સહાનુભૂતિ ધરાવનારા બિનસત્યાગ્રહીઓનો પણ સમાવેશ થાય છે ખરો? જો થતો હોય તો ઉપર પૅરેગ્રાફ (૧) અને (૨) માં પૂછેલા પ્રશ્નો ફરીથી ઊભા થાય છે. બીજું "આપણા તરફથી" એ શબ્દોમાં

૧. જુઓ "सत्याग्रह पत्रिका – ३", ११-४-१९१९.

Gandhi Heritage Portal

(૧) અને (૨) માં વર્ણવેલા સંજોગોને પરિણામે બિનસત્યાગ્રહીઓ જે અસત્યાગ્રહી વર્તન કરે તેનો પણ સમાવેશ થાય ખરો?

(૪) ઉપરના નં (૩)ના અનુસંધાનમાં આપ સૂચવો છો કે: "તો લડત બંધ જ કરવી પડશે." આ મુદ્દા ઉપર અમે ખાસ ભાર મૂકીને અને બને તેટલું દબાણ મૂકીને જણાવીએ છીએ કે આવા સંજોગો ઊભા થતાં આપણે આંદોલન બંધ કરી દઈશું તો નૈતિક તેમ જ રાજકીય દૃષ્ટિએ આપણો સંપૂર્ણ આત્મઘાત થયો ગણાશે. જ્યારે આ લડત શરૂ થઈ ત્યારે અમે આ બધી બાબતોની કલ્પના કરી શકતા હતા અને કરી પણ હતી. પરંતુ અમારા વિચાર પ્રમાણે આનો સાચો ઉપાય એ છે કે આંદોલનને પડતું મૂકવાને બદલે કાયદાઓનો ભંગ કરવાનું થોડો વખત મોકૂફ રાખવું અને તે દરમ્યાન જનતાને સત્યાગ્રહ યોગ્ય રીતે ચલાવવાનું જ્ઞાન આપવું અને તાલીમ આપવી.

(૫) પણ "જે. . . . તેનું પાપ હરેક સત્યાગ્રહીની ઉપર રહેશે" એવું આપે લખ્યું છે, એ બાબતમાં કહેવાનું કે ઉપરના પૅરેગ્રાફ (૧), (૨) અને (૩)માં આપેલી દલીલો આ મુદ્દાને પણ એટલી જ અસરકારક રીતે લાગુ પડે છે. અને સત્યાગ્રહના વિરોધીઓ જે પાપ કરે તેનો દોષ સત્યાગ્રહીઓને માથે નાખવો એ બહુ સખત વાત લાગે છે.

[મૂળ અંગ્રેજી]

છબી પરથી: એસ. એન. ૬૫૪૬

## પરિશિષ્ટ ૪

### સર સ્ટેનલી રીડનો ગાંધીજીને પત્ર

સર સ્ટેનલી રીડે ઇંગ્લંડ જતાં પહેલાં શ્રી ગાંધી ઉપર લખેલો સ્વદેશીની ચળવળ અંગેનો આ પત્ર રસપ્રદ થઈ પડશે.

મુંબઈ,
૨૭ મે, ૧૯૧૯

વહાલા શ્રી ગાંધી,

આપનો ૩૦મી એપ્રિલનો પત્ર મળ્યો. આપના કોઈ પણ કાર્યમાં પૂરા દિલથી સહકાર આપતાં મને ઘણો જ આનંદ થાય, પરંતુ સ્વદેશી બાબતની મારી સ્થિતિની હું સ્પષ્ટતા કરવા માગું છું.

હું હિંદુસ્તાનમાં આવ્યો તે જ દિવસથી સ્વદેશી આંદોલન સંબંધી દરેક બાબતને શ્રદ્ધાપૂર્વક અને મજબૂત રીતે ટેકો આપતો આવ્યો છું. કૉંગ્રેસી અને રાજદ્વારી નેતાઓએ હજી ઔદ્યોગિક આંદોલનમાં સામાન્ય રીતે થોડોઘણો રસ લેવાનું શરૂ જ કર્યું હતું તેના પહેલાંથી આપણા ઔદ્યોગિક તથા વ્યાપારવિષયક' આંદોલનના મહત્ત્વ ઉપર ભાર મૂકવામાં હું મારી સઘળી લાગવગનો હરેક પ્રસંગે ઉપયોગ કરતો રહ્યો છું. રૂ ઉપર નાખવામાં આવતા ઉત્પાદન કરની વિરુદ્ધમાં તથા હિંદુસ્તાનને નાણાકીય સ્વતંત્રતા મળે તે માટે ટાઇમ્સ ઑફ ઇન્ડિયા અવિરત લડત ચલાવતું આવ્યું છે. મારા વર્તમાનપત્રના કામમાંથી મળતી ફુરસદનો ઉપયોગ હું હિંદીઓને ઉદ્યોગના ક્ષેત્રમાં વધારે ને વધારે સાહસ ખેડવાનું પ્રોત્સાહન મળે એ કામમાં કરું છું. અંગત જીવનમાં હું જ્યાં સુધી હિંદુસ્તાનમાં બનેલો માલ મળી શકે ત્યાં સુધી પરદેશમાં બનેલી કોઈ ચીજ કદી ખરીદતો નથી. અને મારા ઘણા હિંદી મિત્રો પહેરે છે તેના કરતાં હું સારા પ્રમાણમાં વધારે સ્વદેશી કાપડ પહેરું છું.

પરંતુ મારી એવી ખાતરી થઈ છે કે ઉદ્યોગ અને વાણિજ્યના ક્ષેત્રમાં હિંદુસ્તાનનું ભાવિ ત્યારે જ ઉજ્જ્વળ બની શકશે, જ્યારે એનો પાયો મુખ્યત્વે આર્થિક હશે. દેશી માલની માગણી આપણે એટલા માટે કરવાની છે કે એની કિંમતના પ્રમાણમાં એ માલ ઉત્તમ હોય છે. એ કરવા માટે

Gandhi Heritage Portal

આપણે ભણેલા વર્ગના લોકોને એ વાત સમજાવવી પડશે કે વેપારવણજ અને ઉદ્યોગ પણ વકીલાત કે દાક્તરી તથા રાજકારણ જેટલા જ દેશહિતના પ્રતિષ્ઠિત ધંધાઓ છે. વળી હિંદુસ્તાનમાં વેપારના ક્ષેત્રમાં ઊંચામાં ઊંચું નૈતિક ધોરણ જળવાય તે માટે આપણે આગ્રહ રાખવો પડશે.

ભવિષ્ય ઉજ્જવળ છે એવો મને વિશ્વાસ છે. હિંદુસ્તાનમાં પ્રચંડ જાગૃતિ આવી છે એ વાત તો છે જ પણ તે ઉપરાંત આપણને એક કુદરતી રક્ષણ એવું મળેલું છે કે વસ્તુઓ બનાવવા માટે જોઈતો ઘણોખરો કાચો માલ આપણા દેશમાં જ મળી રહે છે. ઉદ્યોગોના વિકાસમાં આજે શિક્ષિત લોકો જે રસ લઈ રહ્યા છે તેને જો આપણે જીવંત રાખી શકીએ અને હાલમાં જે રૂપિયા જમીનમાં દાટી રાખવામાં આવે છે તેને જો આપણે ઉદ્યગધંધામાં રોકવા લોકોને સમજાવી શકીએ, તો મને ખાતરી છે કે આપણી એકધારી પ્રગતિ નિશ્ચિત છે.

કદાચ આપના આદર્શ વિષે હું ભૂલ કરતો હોઉં. કારખાના પદ્ધતિને વધતી અટકાવી દેશના ગૃહઉદ્યોગોની જાળવણી કરી તેને ખીલવવાનો એ આદર્શ છે. એ આદર્શ સાથે મારી પૂરેપૂરી સહાનુભૂતિ છે. જે કોઈ વ્યક્તિ અહીંનાં કે પશ્ચિમનાં કારખાનાંની સ્થિતિનો અભ્યાસ કરશે તેને એનું કદરૂપું સ્વરૂપ જોઈને ખેદ થયા વિના રહેશે નહીં. પરંતુ આ વિષયમાં પણ મારી દૃઢ માન્યતા છે કે આનો ખરો ઉકેલ ગૃહઉદ્યોગોને સહકારી ધોરણ પર સંગઠિત કરવામાં રહેલો છે. એમાં મૂડી સહેલાઈથી મળવી જોઈએ અને વેચાણની વ્યવસ્થા સહકારી પદ્ધતિ પર હોવી જોઈએ. સેન્ટ્રલ કોઑપરેટિવ બૅંકના એક મૂળ ડિરેક્ટર તરીકે આ કાર્યમાં થોડી સહાય આપવાનો લહાવો મને મળ્યો છે.

એટલે હું સ્વદેશી [પ્રતિજ્ઞા] ન લઈ શકતો હોઉં તો આપ ખાતરીથી માનજો કે એનું કારણ મને સ્વદેશીની ચળવળ પ્રત્યે સહાનુભૂતિ નથી એ નથી. હકીકત તો એ છે કે મને આ ચળવળ પ્રત્યે ઘણી જ ઊંડી સહાનુભૂતિ છે અને રસ પણ એવો જ છે. પરંતુ એને માટે મારે મારી પોતાની રીતે કામ કરવું જોઈએ. અને જો હાથસાળ ઉપર વણનારા વણકરોને મૂડીના રૂપમાં કોઈ મદદ જોઈતી હશે, તો તે મેળવી આપવા હું મારાથી બનતું બધું જ કરી છૂટીશ.

[મૂળ અંગ્રેજી]

યંગ ઇન્ડિયા, ૧૧-૬-૧૯૧૯

આપનો
અત્યંત સહૃદયી
**સ્ટૅનલી રીડ**

# પરિશિષ્ટ ૫

## ગાંધીજી સાથે થયેલી મુલાકાત વિષે અમદાવાદના જિલ્લા મૅજિસ્ટ્રેટે કરેલી નોંધ

[મે ૧૧, ૧૯૧૯ પછી]

શ્રી ગાંધી કહે છે કે તોફાનો કરનારાને ઓળખવા વિષે સાક્ષી આપવાની મારા આશ્રમના સભ્યોને મેં મનાઈ કરી નથી. જે આશ્રમવાસીઓએ મારી સલાહ માગી છે તેમને મેં એવી સલાહ આપી છે કે તમારે તમારા અંતરાત્માના અવાજ મુજબ વર્તવું. પરંતુ આ બાબતમાં મારો અભિપ્રાય એવો છે કે આશ્રમના નિયમોનું પૂરેપૂરું પાલન કરનારા લોકો બીજાઓ ગુનામાં સંડોવાય એવા પ્રકારની સાક્ષી આપે એ આશ્રમના સિદ્ધાન્તો સાથે સુસંગત નથી. મેં એમને એવી પણ ચેતવણી આપી છે કે જો તમે સાક્ષી આપવાની ના પાડશો તો તેમાં તમે દરેક જણ કાયદાથી શિક્ષાને પાત્ર ઠરો એવું જોખમ રહેલું છે. આ વાતને હું જીવનનો એવો નિયમ નથી માનતો, જેનો સ્વીકાર કરવાનું દરેક જણ માટે વાજબી ગણાતું હોય. આ નિયમ તો જેઓ સાક્ષી પૂરવાની ના પાડવા સાથે ગુનેગારને પોતાનો ગુનો અધિકારીઓ સમક્ષ પૂરેપૂરો કબૂલ કરવાનું સમજાવવામાં પ્રામાણિકપણે કશું બાકી રાખતા નહીં હોય, અને જેઓ પોતે પોતાને

Gandhi Heritage Portal

વિષે આવો પ્રસંગ ઊભો થતાં એક સિદ્ધાન્ત તરીકે કોઈ પ્રકારની કાયદાની મદદ લેતા ન હોય એવા લોકોએ જ માત્ર અપનાવવાનું વાજબી ગણાય. શ્રી ગાંધીના આ વિચારો બહુ જૂના છે. હકીકતમાં ૧૮૯૭ના વર્ષ પહેલાંના સમયથી તેઓ આ વિચારો ધરાવે છે. એ વખતે (દક્ષિણ આફ્રિકાના) લોકોને એમની એ વિચારસરણીની જાણ થાય એ રીતે એમણે એ વિચારો પહેલી જ વાર અમલમાં મૂકયા હતા.

એટલે સાક્ષી પૂરવા બાબતમાં શ્રી ગાંધીએ કોઈ આદેશ આપ્યો નથી. અથવા સાક્ષી પૂરવાનો ઇનકાર કરવાનો આશ્રમનો બુનિયાદી નિયમ પણ નથી. ધારો કે કોઈ આશ્રમવાસી સાક્ષી આપે તો શ્રી ગાંધી તેને આશ્રમની બહાર કાઢી મૂકવાના નથી; તેમ તેઓ એની સાથે એ અંગે કશી ચર્ચા પણ કરવાના નથી. વ્યક્તિના અંતરના અવાજ ઉપર સંપૂર્ણ રીતે છોડી દેવામાં આવી હોય એવી આ બાબત છે. ખુદ શ્રી ગાંધી પોતે પણ ઘણા મનોમંથન અને પ્રયત્ન પછી જ (૧૮૯૭ પહેલાં) આ દૃષ્ટિબિન્દુએ પહોંચ્યા છે. ૧૯૦૮માં પોતાનો વકીલાતનો ધંધો છોડી દેવા પાછળનું એક કારણ આ વિચારસરણી હતી. (વ્યક્તિના અંતરાત્માના અવાજનો પ્રશ્ન છે) એવા આ પ્રશ્નની નાજુકાઈને બાજુએ રાખતાં શ્રી ગાંધીને એ વાત સમજાઈ છે કે જે લોકોએ સત્યાગ્રહની પૂરેપૂરી શિસ્ત સિદ્ધ કરી નથી, એવા લોકો પૂરી વાત સમજ્યા વિના આ સિદ્ધાન્ત સ્વીકારી લે એમાં જોખમ રહેલું છે.

શ્રી ગાંધી સ્પષ્ટ રીતે જણાવે છે કે આ બાબતનો પોતાનો અભિપ્રાય કોઈ પણ રીતે ટોળાએ કરેલા તોફાન માટે સીધી કે આડકતરી રીતે પોતે જવાબદાર છે એવી સમજમાં રહેલી નાજુકાઈની ભાવનાને કારણે બંધાયો નથી. એમનો અભિપ્રાય એક સામાન્ય સિદ્ધાન્તને આધારે બંધાયો છે જે અહિંસાના સિદ્ધાન્તનું સ્વાભાવિક પરિણામ છે. એમની ઇચ્છા એવી છે કે ગુનેગારોને શિક્ષા તો થવી જોઈએ, પરંતુ એ શિક્ષા તેમણે સ્વેચ્છાએ વહોરી લેવી જોઈએ.

શ્રી ગાંધી એ વાત સ્વીકારે છે કે આ સિદ્ધાન્તનું પરિણામ એવું આવે છે કે એમને પોતાને માટે અને એમના અનુયાયીઓ માટે એક નિયમ છે અને બાકીની દુનિયા માટે બીજો નિયમ છે, પરંતુ તેઓ એ વાતને અનિવાર્ય ગણીને સ્વીકારી લે છે.

[મૂળ અંગ્રેજી]

નેશનલ આર્કાઇવ્ઝ ઑફ ઇન્ડિયા : હોમ: પોલિટિકલ – એ : ઑગસ્ટ ૧૯૧૯ : નં. ૨૬૧–૭૨ તથા કે. ડબ્લ્યુ.

## પરિશિષ્ટ ૬

### રેવરંડ એમ. વેલ્સ બ્રાન્ચનો ગાંધીજીને પત્ર

રેવરંડ એમ. વેલ્સ બ્રાન્ચ,<br>
મૅનેજર,<br>
લખનૌ ક્રિશ્ચિયન સ્કૂલ ઑફ કૉમર્સ,<br>
લખનૌ, હિંદુસ્તાન, મે ૨, ૧૯૧૯

શ્રી મો. ક. ગાંધી<br>
મુંબઈ

મારા વહાલા શ્રી ગાંધી,

સામાજિક અને રાજકીય પરિવર્તનો સિદ્ધ કરવાની પ્રેમ અને સત્યમાં રહેલી શક્તિ વિષેનાં આપનાં નિવેદનો મેં અત્યંત રસપૂર્વક વાંચ્યાં છે. આપનો આ ઉપદેશ બાઇબલના ઉપદેશ સાથે ખૂબ જ મળતો આવે છે અને ભગવાન ઈશુ ખ્રિસ્તના જીવન અને વ્યક્તિત્વમાં એ સંપૂર્ણ રીતે મૂર્તિમંત થયેલો છે. તેથી હું આપને આ પત્ર લખવા અને નીચેના પ્રશ્નો પૂછવા પ્રેરાયો છું.

Gandhi Heritage Portal

૧. હિંદુસ્તાનના ભાવિ વિકાસમાં ખ્રિસ્તી ધર્મ (એના પાશ્ચાત્ય સ્વરૂપમાં અવશ્ય રીતે નહીં) કેવો ભાગ ભજવશે એ બાબતમાં આપનો અભિપ્રાય જણાવશો?

૨. હિંદુસ્તાનમાં અત્યારે ચાલી રહેલું આંદોલન ખ્રિસ્તી ધર્મના ઉપદેશોનું પરિણામ છે કે એનો જન્મ બીજા ધર્મોમાંથી થયો છે?

૩. ભગવાન ઈશુ ખ્રિસ્ત પ્રત્યે (૧) ગુરુ તરીકે, (૨) અવતાર તરીકે, (૩) જગતના ઉદ્ધારક તરીકે આપની અંગત ભાવના કેવી છે?

આ પ્રશ્નો હું આપને પ્રસિદ્ધ કરવાના ઇરાદાથી પૂછતો નથી. એને વિષેના આપના વાસ્તવિક વિચારો બાબતની મારી જિજ્ઞાસા સંતોષવા સારુ જ હું આપને એ પૂછું છું. હિંદુસ્તાન અને તેના લોકો પ્રત્યે મને પ્રેમ છે. અને એ મારો અંગત અભિપ્રાય છે કે અમારા વહાલા ઉદ્ધારક ઈશુ ખ્રિસ્તે ખ્રિસ્તી ધર્મ જે સ્વરૂપે પ્રવર્તાવ્યો હતો તેવા સાચા સ્વરૂપમાં એનો અર્થ શો થાય છે તે જતે દહાડે હિન્દુસ્તાન જ આખી દુનિયાને બતાવી આપશે. મને લાગે છે કે અત્યારના સમયમાં એ વાત ખાસ જરૂરી છે કે ભગવાન ઈશુ ખ્રિસ્તના જે હજારોની સંખ્યામાં છૂપા અનુયાયીઓ હિંદમાં મોજૂદ છે, તેમણે જાહેરમાં આવી પ્રભુ પ્રત્યેની પોતાની શ્રદ્ધા જાહેર કરવી જોઈએ.

આપનો એક ખ્રિસ્તી બંધુ
**એમ. વેલ્સ બ્રાન્ચ**

[મૂળ અંગ્રેજી]

છબી પરથી: એસ. એન. ૬૬૦૮

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal

# આધારભૂત સાહિત્ય

**अमृत बझार पत्रिका** : કલકત્તાથી પ્રસિદ્ધ થતું અંગ્રેજી દૈનિક.

**इन्डियन ओपीनियन** : (૧૯૦૩-૧૯૬૧) દર શનિવારે પ્રસિદ્ધ થતું અઠવાડિક; તે ડરબનમાં સ્થપાયું હતું અને પાછળથી ફિનિક્સમાં ખસેડવામાં આવ્યું હતું. એમાં અંગ્રેજી અને ગુજરાતી વિભાગો હતા; શરૂઆતમાં હિંદી અને તામિલ વિભાગો પણ હતા.

**इन्डियन रिव्यू** : મદ્રાસથી પ્રસિદ્ધ થતું અંગ્રેજી માસિક.

**इन्डियन सोशियल रिफॉर्मर** : મુંબઈથી પ્રસિદ્ધ થતું અંગ્રેજી અઠવાડિક.

**इन्डियन होम रूल** : ચોથી આવૃત્તિ, ગણેશ ઍન્ડ કંપની, મદ્રાસ.

**एविडन्स टेकन बिफोर धि डिसऑर्डर्स इन्कवायरी कमिटी** (હંટર કમિટી), પુસ્તક ૧.

**खेडा वर्तमान** : ખેડાથી પ્રસિદ્ધ થતું ગુજરાતી અઠવાડિક.

**ગાંધી સ્મારક સંગ્રહાલય, નવી દિલ્હી** : ગાંધી સાહિત્ય તથા તે સંબંધી કાગળોનું કેન્દ્રસ્થ સંગ્રહ-સ્થાન તથા પુસ્તકાલય. જુઓ પુસ્તક ૧, પા ૨૭૧.

**गुजरातमित्र अने गुजरातदर्पण** : સુરતથી પ્રસિદ્ધ થતું ગુજરાતી અઠવાડિક.

**गुजराती** : મુંબઈથી પ્રસિદ્ધ થતું ગુજરાતી અઠવાડિક.

**टाइम्स ऑफ इन्डिया** : મુંબઈથી પ્રસિદ્ધ થતું અંગ્રેજી દૈનિક; હવે તે દિલ્હીથી અને અમદાવાદથી પણ પ્રસિદ્ધ થાય છે.

**नवजीवन अने सत्य** : અમદાવાદથી પ્રસિદ્ધ થતું ગુજરાતી માસિક.

**नाइन्थ हिंदी साहित्य संमेलन रिपोर्ट** : ભાગ ૧.

**નૅશનલ આર્કાઇવ્ઝ ઑફ ઇન્ડિયા, નવી દિલ્હી.**

**न्यू इन्डिया** : મદ્રાસથી પ્રસિદ્ધ થતું અંગ્રેજી દૈનિક.

**पंजाब अनरेस्ट – बिफोर ॲन्ड आफ्टर** : એચ. એન. મિત્ર, ઍન્યુઅલ રજિસ્ટર ઑફિસ, કલકત્તા, ૧૯૨૦

**पांचवे पुत्रको बापूके आशीर्वाद** (હિંદી) : કાકા કાલેલકર, જમનાલાલ બજાજ ટ્રસ્ટ, વર્ધા, ૧૯૫૩.

**प्रजाबंधु** : અમદાવાદથી પ્રસિદ્ધ થતું ગુજરાતી અઠવાડિક.

**प्रताप** : કાનપુરથી પ્રસિદ્ધ થતું હિંદી અઠવાડિક; પાછળથી દૈનિક.

**बेंगाली** : કલકત્તાથી પ્રસિદ્ધ થતું અંગ્રેજી દૈનિક.

**बॉम्बे क्रॉनिकल** : મુંબઈથી પ્રસિદ્ધ થતું અંગ્રેજી દૈનિક.

**बॉम्बे गवर्नमेन्ट रेकडर्झ** : એમાં હોમ ડિપાર્ટમેન્ટના રેકર્ડો તથા બૉમ્બે સિક્રેટ ઍબ્સ્ટ્રેક્ટ્સ આવી જાય છે.

**महात्मा गांधी : हिझ लाइफ, राइटिंग्झ ॲन्ड स्पीचीझ** : ગણેશ ઍન્ડ કંપની, મદ્રાસ.

**महादेवभाईकी डायरी** (હિંદી) : નરહરિ દ્વા૦ પરીખ, અખિલ ભારત સર્વસેવા સંઘ પ્રકાશન, કાશી, ૧૯૬૧.

**महादेवभाईनी डायरी** (ગુજરાતી) : નરહરિ દ્વા૦ પરીખ, નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ.

**माय डियर चाइल्ड** : ઍલિસ એમ. બાર્ન્ઝ, નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ, ૧૯૫૬.

Gandhi Heritage Portal

**यंग इन्डिया** : (૧૯૧૯–૧૯૩૧); ગાંધીજીએ હિંદુસ્તાનમાં કાઢેલું પ્રથમ અંગ્રેજી અઠવાડિક; મૂળે એ દર બુધવારે મુંબઈથી પ્રસિદ્ધ થતું; પછી ૭મી મે, ૧૯૧૯થી એ દ્વિ-સાપ્તાહિક બન્યું; એના ઉપર ગાંધીજીની દેખરેખ રહેતી. ૮મી ઑક્ટોબર, ૧૯૧૯થી એ અમદાવાદથી ગાંધીજીના તંત્રીપદેથી અઠવાડિક તરીકે પ્રસિદ્ધ થવા લાગ્યું.

**लीडर** : અલ્લાહાબાદથી પ્રસિદ્ધ થતું અંગ્રેજી દૈનિક.

**सर्वन्ट ऑफ इन्डिया** : (૧૯૧૮–૧૯૩૯); સર્વન્ટ્સ ઑફ ઈન્ડિયા સોસાયટી (ભારત સેવક સમાજ), પૂનાનું અંગ્રેજી મુખપત્ર.

**साबरमती संग्रहालय** : પુસ્તકાલય તથા લેખોનો સંગ્રહ, જેમાં ગાંધીજીના દક્ષિણ આફ્રિકાના સમયના તથા ૧૯૩૩ સુધીના ભારતીય સમયના કાગળો રાખવામાં આવેલા છે. જુઓ પુસ્તક ૧, પા. ૨૭૧.

**सोर्स मटीरियल फॉर ए हिस्टरी ऑफ धि फ्रीडम मूवमेन्ट इन इन्डिया** : પુસ્તક ૨ (૧૮૮૫-૧૯૨૦), બૉમ્બે ગવર્નમેન્ટ, ૧૯૫૮.

**स्पीचीझ ॲन्ड राईटिंग्झ ऑफ महात्मा गांधी** : જી. એ. નટેસન ઍન્ડ કંપની, મદ્રાસ.

**हिंदु** : મદ્રાસથી પ્રસિદ્ધ થતું અંગ્રેજી દૈનિક.

Gandhi Heritage Portal

# તારીખવાર વૃત્તાંત

## (ઑગસ્ટ ૧, ૧૯૧૮થી જુલાઈ ૩૧, ૧૯૧૯)

ઑગસ્ટ ૧ : સુરતમાં ગાંધીજીનું ભાષણ : જેમાં તેમણે સોરાબજી શાપુરજી અડાજણિયાના કુટુંબને આશ્વાસન આપ્યું અને લોકોને લશ્કરમાં ભરતી થવા અનુરોધ કર્યો.

ઑગસ્ટ ૬ : હિંદુસ્તાન તથા સામ્રાજ્યમાં આવેલાં ડુમિનિયનો અંગે શાહી પરિષદમાં ઠરાવ પસાર કરવામાં આવ્યો.

ઑગસ્ટ ૧૦ : ગાંધીજીએ સુરેન્દ્રનાથ બેનરજીને મૉન્ટફર્ડ સુધારા તથા વિનીત અને ઉદ્દામવાદી પક્ષો વચ્ચેના મતભેદો બાબત પત્ર લખ્યો.

ઑગસ્ટ ૧૧ : નડિયાદમાં ગાંધીજી સખત માંદા પડયા.

ઑગસ્ટ ૧૨ : માનવદયા પરિષદનું પ્રમુખપદ પોતે સ્વીકારી શકશે નહીં એવું જણાવતો પત્ર ગાંધીજીએ મિ. બી. જી. હૉર્નિમૅનને લખ્યો.

ઑગસ્ટ ૧૫ : સામ્રાજ્ય પરિષદના ઠરાવોનો અર્થ સમજાવતો લેખ લખ્યો.

ઑગસ્ટ ૧૭ : મનસુખલાલ રવજીભાઈને લખી જણાવ્યું કે પોતે કૉંગ્રેસના અધિવેશનમાં તથા વિનીતોની પરિષદમાં હાજર નહીં રહેવાનો નિર્ણય કર્યો છે.

મિલ મજૂરોના ઝઘડા અંગે પંચે આપેલા ચુકાદા સંબંધમાં આનંદશંકર ધ્રુવને પત્ર લખ્યો.

ઑગસ્ટ ૨૦ : સમર્થને લખ્યું કે મૉન્ટફર્ડ યોજનામાં ફેરફારની જરૂર છે.

ઑગસ્ટ ૨૩ : માંદગી ચાલુ. એ અવસ્થામાં નડિયાદથી અમદાવાદ લાવવામાં આવ્યા. શેઠ અંબાલાલને ઘેર રહ્યા.

ઑગસ્ટ ૨૫ : કૉંગ્રેસ, વિનીત પક્ષ અને ઉદ્દામ પક્ષના નેતાઓ સાથે પોતાને શા મતભેદ છે તે દર્શાવતો પત્ર બી. ચક્રવર્તીને લખ્યો.

યુદ્ધમાં રંગરૂટોની ભરતી કરવા બાબત બા. ગં. ટિળકને પત્ર લખ્યો.

ઑગસ્ટ ૨૯ : મુંબઈમાં સૈયદ હસન ઈમામને પ્રમુખપદે કૉંગ્રેસનું ખાસ અધિવેશન ભરાયું.

ટ્રાન્સવાલમાં હિંદીઓના વસવાટ વિષે ગાંધીજીએ અખબારોને પત્ર લખ્યો.

સી. એફ. ઍન્ડ્રૂઝને લખ્યું કે: "તમે શાંતિનિકેતન છોડો એમ હું ઇચ્છતો નથી."

ઑગસ્ટ ૩૧ : મહમૂદાબાદના રાજા સાહેબના અધ્યક્ષપદે મુંબઈમાં મુસ્લિમ લીગની બેઠક મળી.

સપ્ટેમ્બર ૧ : કૉંગ્રેસના ખાસ અધિવેશનમાં મૉન્ટફર્ડ યોજના વિષે ઠરાવ પસાર થયો.

સપ્ટેમ્બર ૪ : સિમલામાં ઇમ્પીરિયલ લેજિસ્લેટિવ કાઉન્સિલ (વડી ધારાસભા)માં વાઇસરૉયે મૉન્ટફર્ડ સુધારા વિષે ભાષણ આપ્યું.

સપ્ટેમ્બર ૮ : લંડનમાં સર રતન તાતાનો સ્વર્ગવાસ.

સપ્ટેમ્બર ૯ : ન્યાયમૂર્તિ ટી. સદાશિવ આયરના પ્રમુખપદે મદ્રાસમાં ભરાયેલી સભાએ ગાંધીજી સાજા થયા તે બદલ ઈશ્વરનો આભાર માન્યો. ગાંધીજીએ પી. સી. રૉયને લખેલા પત્રમાં દૂધ અથવા દૂધની બનેલી કોઈ પણ ચીજ નહીં ખાવાના પોતાના સંકલ્પનું પુનરુચ્ચારણ કર્યું.

સપ્ટેમ્બર ૧૭ : ગાંધીજી સાબરમતી આશ્રમમાં ગયા; માંદગી ચાલુ.

સપ્ટેમ્બર ૨૩ : ઇમ્પીરિયલ કાઉન્સિલ (વડી ધારાસભા)માં રૉલેટ કમિટીના રિપોર્ટ પર ચર્ચા થઈ.



Gandhi Heritage Portal

**સપ્ટેમ્બર ૨૯:** ગાંધીજીની તબિયતમાં સહેજ સુધારો થયો; આશ્રમની પ્રાર્થનામાં એમણે હાજરી આપી.

**ઑક્ટોબર ૧:** સાબરમતી આશ્રમમાં પોતાના જન્મદિવસે ભરાયેલી સભામાં પોતાને મળેલાં અભિનંદનોનો જવાબ આપ્યો. તબિયત ફરીથી ગંભીર થઈ ગઈ. હરિલાલ અને દેવદાસને તાર કરવામાં આવ્યા.

**ઑક્ટોબર ૭:** હિંદુસ્તાનમાં વિજય દિન ઊજવાયો.

**ઑક્ટોબર ૨૦:** ટ્રાન્સવાલના બ્રિટિશ હિંદી સંઘના પ્રમુખ અહમદ મહમદ કાછલિયાનું અવસાન. ગાંધીજીએ સદ્ગત કાછલિયાની સેવાઓની યાદ આપતો પત્ર અખબારોને લખ્યો.

**ઑક્ટોબર ૨૯:** ઇમ્પીરિયલ કાઉન્સિલે (વડી ધારાસભાએ) ૧૦મી સપ્ટેમ્બરે પસાર કરેલા આર્થિક ઠરાવના વિરોધમાં ગુજરાત સભાએ કરેલો ઠરાવ વાઇસરૉયને તારથી મોકલવામાં આવ્યો.

**નવેમ્બર ૧:** મુંબઈમાં વિનીતોની પરિષદ.

**નવેમ્બર ૧૧:** મિત્રરાજ્યો અને જર્મની વચ્ચે શસ્ત્રવિરામની સંધિ પર સહીઓ થઈ.

**નવેમ્બર ૧૩:** શાંતિ પરિષદમાં હિંદુસ્તાનના પ્રતિનિધિ તરીકે એસ. પી. સિંહાની નિમણૂક થઈ.

**નવેમ્બર ૧૪:** ગુજરાત સ્વદેશી વસ્તુભંડારના ઉદ્ઘાટન પ્રસંગે સંદેશો આપતાં ગાંધીજીએ જણાવ્યું કે લોકોએ ધાર્મિક નિષ્ઠાથી સ્વદેશીની ભાવના કેળવવી જોઈએ.

**નવેમ્બર ૧૬:** નડિયાદમાં પહેલી રેલવે પરિષદ ભરાઈ; ગાંધીજીએ સંદેશો પાઠવ્યો.

**નવેમ્બર ૧૭:** શ્રી રામ ફ્રી લાઇબ્રેરી, પૂનામાં ગાંધીજીની છબીનું અનાવરણ થયું.

**નવેમ્બર ૧૮:** મહમદઅલીને લખેલા એક પત્રમાં ગાંધીજીએ લખ્યું: “મુસ્લિમ પ્રશ્નના વાજબી ઉકેલમાં જ સ્વરાજની સિદ્ધિ રહેલી છે.”

**નવેમ્બર ૨૨:** ટિળકનાં ભાષણો અને તેમનાં જાહેર કાર્યો પર મૂકેલા પ્રતિબંધો સરકારે ઉઠાવી લીધા.

**નવેમ્બર ૩૦–ડિસેમ્બર ૧૨:** ગાંધીજી માથેરાનમાં (પહાડી મથકે).

**ડિસેમ્બર ૧૮:** લંડનમાં વૉર કેબિનેટ (યુદ્ધ પ્રધાનમંડળ)ના સભ્યો તથા હિંદુસ્તાન અને ડુમિનિયનોના પ્રતિનિધિઓની સભા મળી.

**ડિસેમ્બર ૨૦:** સર્વન્ટ્સ ઑફ ઇન્ડિયાએ જાહેર કર્યું કે વિનીતો કૉંગ્રેસ અધિવેશનમાં હાજરી આપશે.

**ડિસેમ્બર ૨૬:** હિંદી રાષ્ટ્રીય કૉંગ્રેસનું ૨૩મું અધિવેશન મદનમોહન માલવિયાને પ્રમુખપદે દિલ્હીમાં મળ્યું.

## ૧૯૧૯

**જાન્યુઆરી ૧૦:** મગનલાલ ગાંધીને લખેલા પત્રમાં ગાંધીજીએ પોતે કયા સંજોગોમાં બકરીનું દૂધ લેવાનું શરૂ કર્યું તે સમજાવ્યું.

**જાન્યુઆરી ૧૮:** રૉલેટ બિલો ગૅઝેટ ઑફ ઇન્ડિયામાં પ્રસિદ્ધ થયાં.
પૅરિસમાં શાંતિ પરિષદની પહેલી બેઠક મળી.

**જાન્યુઆરી ૨૦:** મુંબઈમાં ડૉ. દલાલે ગાંધીજીનું હરસનું ઑપરેશન કર્યું.

**જાન્યુઆરી ૨૭:** મુંબઈના મિલમજૂરોની હડતાળ સમાપ્ત થયાની જાહેરાત.
નરહરિ પરીખને લખેલા પત્રમાં ગાંધીજીએ પોતાની દૂધની પ્રતિજ્ઞાની સમજ આપી.

**જાન્યુઆરી ૩૦:** અલીભાઈઓના કાનૂની સલાહકારને પત્ર લખી જણાવ્યું કે અલીભાઈઓને છોડાવવા જરૂરી કાર્યવાહી અવશ્ય કરવામાં આવશે.
અલ્લાહાબાદના નવા અંગ્રેજી દૈનિક ઇન્ડિપેન્ડન્ટને શુભેચ્છાઓ પાઠવી.

Gandhi Heritage Portal

ફેબ્રુઆરી ૨: રૉલેટ બિલોની વિરુદ્ધમાં મુંબઈની હોમરૂલ લીગની વિરોધ સભા. શંકરલાલ જી. બૅંકર ઉપર ગાંધીજીએ લખેલો પત્ર વાંચી સંભળાવવામાં આવ્યો.

ફેબ્રુઆરી ૬: દિલ્હીમાં વાઈસરૉયે ઈમ્પીરિયલ લેજિસ્લેટિવ કાઉન્સિલ (વડી ધારાસભા)ના સત્રનું ઉદ્‌ઘાટન કર્યું. એમાં રૉલેટ બિલો રજૂ કરવામાં આવ્યાં.

મદ્રાસ ઈલાકામાં હિંદી શીખવવાને માટે શું શું કરવું જોઈએ તેની વિગતો સમજાવતો પત્ર ગાંધીજીએ સ્વામી સત્યદેવને લખ્યો.

ફેબ્રુઆરી ૭: રૉલેટ બિલ અંગે ઈમ્પીરિયલ લેજિસ્લેટિવ કાઉન્સિલ (વડી ધારાસભા)માં વાદ-વિવાદ. હિંદી સભ્યોનો એકીઅવાજે વિરોધ હોવા છતાં બિલ પ્રવર સમિતિને સોંપવામાં આવ્યું.

ફેબ્રુઆરી ૮: ગાંધીજીએ પંડિત માલવિયાજીને પત્ર લખી દેશવ્યાપી આંદોલન ચલાવવાનું સૂચવ્યું.

ફેબ્રુઆરી ૯: રૉલેટ બિલો સામે સત્યાગ્રહનું આંદોલન ચલાવવા વિષે વી. એસ. શ્રીનિવાસ શાસ્ત્રીને પત્ર લખ્યો.

ફેબ્રુઆરી ૧૦: ઈમ્પીરિયલ લેજિસ્લેટિવ કાઉન્સિલ (વડી ધારાસભા)માં સર ડબ્લ્યુ. વિન્સન્ટે જાહેર કર્યું કે રૉલેટ ધારો ત્રણ વર્ષ સુધી અમલમાં રહેશે.

બીજું રૉલેટ બિલ દાખલ કરવામાં આવ્યું અને બિનસરકારી સભ્યોનો એકમતે વિરોધ હોવા છતાં પ્રવર સમિતિને મોકલી આપવામાં આવ્યું.

ફેબ્રુઆરી ૧૨: ગાંધીજીએ સર ડબ્લ્યુ. વિન્સન્ટને પત્ર લખી અલીભાઈઓ વિષે સરકારે શો નિર્ણય કર્યો છે તે પુછાવ્યું.

ફેબ્રુઆરી ૧૭: આશ્રમવાસીઓના અસંતોષ અંગે ગાંધીજીએ સાબરમતી આશ્રમમાં પ્રવચન કર્યું.

ફેબ્રુઆરી ૨૦: અલીભાઈઓને છોડવા અંગે વાઈસરૉયના ખાનગી સેક્રેટરીને પત્ર લખ્યો. અફઘાનિસ્તાનના અમીર હબીબુલ્લાનું ખૂન થયું.

ફેબ્રુઆરી ૨૩: રૂટરે સમાચાર આપ્યા કે ટિળક મુકદ્દમો હારી ગયા છે.

ફેબ્રુઆરી ૨૪: સાબરમતી આશ્રમની સભામાં સત્યાગ્રહની પ્રતિજ્ઞા પર સહીઓ થઈ. ગાંધીજી હાજર રહ્યા.

સત્યાગ્રહ અંગેના નિર્ણયના સમાચાર ગાંધીજીએ વાઇસરૉયના ખાનગી સેક્રેટરીને તારથી જણાવ્યા.

ફેબ્રુઆરી ૨૫: પંડિત માલવિયાને તાર કરીને જણાવ્યું કે રૉલેટ બિલોને કારણે પોતે કૉંગ્રેસના પ્રતિનિધિમંડળમાં ઈંગ્લંડ નહીં જાય.

સી. એફ. ઍન્ડ્રૂઝ, કે. નટરાજન, સ્ટૅનલી રીડ અને દીનશા વાચ્છાને સત્યાગ્રહની પ્રતિજ્ઞાની ખબર આપતા પત્રો લખ્યા.

દક્ષિણ આફ્રિકામાં વસતા હિંદીઓની દુર્દશા વિષે અખબારોને પત્ર લખ્યો.

ફેબ્રુઆરી ૨૬: સત્યાગ્રહની પ્રતિજ્ઞા વિષે અખબારોને પત્ર લખ્યો.

સત્યાગ્રહની પ્રતિજ્ઞા ઉપર લોકોની સહીઓ લેવા સંબંધમાં સ્વયંસેવકો માટે ગાંધીજીએ લખેલી સૂચનાઓ સત્યાગ્રહ સભાની સમિતિએ બહાર પાડી.

આંતરજ્ઞાતીય લગ્નો તથા "પટેલ મૅરેજ બિલ" વિષે પોતાના વિચારો વિસ્તારથી સમજાવતો પત્ર ગાંધીજીએ ઇન્ડિયન સોશિયલ રિફૉર્મરને લખ્યો.

સાબરમતીમાં સ્થાપેલી રાષ્ટ્રીય શાળા વિષે વર્તમાનપત્રો જોગ પત્ર મોકલ્યો.

Gandhi Heritage Portal

**માર્ચ** : પહેલી સત્યાગ્રહ પત્રિકા પ્રસિદ્ધ કરી; તેમાં થૉરોના પુસ્તકમાંથી ઉતારા આપ્યા.

**માર્ચ ૧** : રૉલેટ બિલો ઉપર પ્રવર સમિતિએ તૈયાર કરેલો રિપોર્ટ ઇમ્પીરિયલ લેજિસ્લેટિવ કાઉન્સિલ (વડી ધારાસભા)ને મોકલી આપવામાં આવ્યો. આ રિપોર્ટમાં હિંદી સભ્યોએ પોતાની અસંમતિ દર્શાવતી નોંધો આપી હતી.

મુંબઈમાં સત્યાગ્રહ સભાના આશ્રયે સત્યાગ્રહ પ્રતિજ્ઞા લેનાર વ્યક્તિઓની સભા મળી. તેમાં કારોબારી સમિતિ નીમવામાં આવી અને ગાંધીજીને તેના અધ્યક્ષ બનાવવામાં આવ્યા.

**માર્ચ ૨** : સત્યાગ્રહ સભાની કારોબારી સમિતિએ નાણાં એકઠાં કરવા તથા પ્રચાર કાર્ય કરવા પેટાસમિતિઓની નિમણૂક કરી.

વાચ્છા, બેનરજી, શાસ્ત્રી, શફી તથા અન્ય સજ્જનોએ "પૅસિવ રિઝિસ્ટન્સ"ના વિરોધમાં એક જાહેરનામું બહાર પાડયું.

અલ્લાહાબાદમાં પંડિત મોતીલાલ નેહરુને પ્રમુખપદે મળેલી સભામાં અનેક લોકોએ સત્યાગ્રહની પ્રતિજ્ઞા લીધી.

**માર્ચ ૪** : બંગાળના રાષ્ટ્રવાદીઓની પરિષદમાં ગાંધીજીને તથા તેમના સત્યાગ્રહના નિર્ણયને ટેકો આપવામાં આવ્યો.

**માર્ચ ૬** : ગાંધીજી દિલ્હીમાં. વાઇસરૉય સાથે મુલાકાત.

**માર્ચ ૭** : દિલ્હીની વિરોધસભામાં ગાંધીજીએ હાજરી આપી. મહાદેવ દેસાઈએ એમનું ભાષણ વાંચી સંભળાવ્યું.

ગૃહમંત્રી સર જેમ્સ ડુબાઉલેને મળ્યા.

**માર્ચ ૮** : સર ડબ્લ્યુ. વિન્સન્ટે બીજા રૉલેટ બિલ ઉપરનો પ્રવર સમિતિનો રિપોર્ટ રજૂ કર્યો.

શ્રીનિવાસ શાસ્ત્રીને લખેલા પત્રમાં ગાંધીજીએ સત્યાગ્રહ વિષેના પોતાના નિર્ણયનો તથા બીજા નેતાઓ સાથેના પોતાના મતભેદોનો ખુલાસો લખ્યો.

**માર્ચ ૧૧** : લખનૌમાં સત્યાગ્રહ વિષેની સભાનું ઉદ્‌ઘાટન કર્યું. ટેકો આપનારાઓએ પ્રતિજ્ઞા ઉપર સહીઓ કરી.

વાઇસરૉયના ખાનગી સેક્રેટરીને તાર તથા પત્ર દ્વારા ગાંધીજીએ વિનંતી કરી કે, રૉલેટ બિલોનું કામ આગળ ચલાવશો નહીં.

સૈયદ હુસેનને પ્રમુખપદે મળેલી અલ્લાહાબાદની સત્યાગ્રહ સભામાં હાજરી આપી. મહાદેવ દેસાઈએ ગાંધીજીનું ભાષણ વાંચી સંભળાવ્યું.

**માર્ચ ૧૨** : ઇમ્પીરિયલ કાઉન્સિલ (વડી ધારાસભા)માં રૉલેટ બિલો વિષે ચર્ચા.

પ્રવર સમિતિએ સૂચવેલા સુધારા પ્રમાણેના બિલ ઉપર વિચાર કરવા અંગેનો ઠરાવ પસાર થયો.

અલીભાઈઓને છોડી મૂકવાની વિનંતી કરતો પત્ર ગાંધીજીએ સર જેમ્સ ડુબાઉલેને લખ્યો.

સત્યાગ્રહ સભાના નિયમો પ્રસિદ્ધ કરવામાં આવ્યા.

**માર્ચ ૧૩** : પ્રવર સમિતિએ સુધાર્યા પ્રમાણેના રૉલેટ બિલ ઉપર ઇમ્પીરિયલ લેજિસ્લેટિવ કાઉન્સિલ (વડી ધારાસભા)માં ચર્ચા થઈ.

બિનસરકારી સભ્યોએ સૂચવેલા સુધારા નામંજૂર કરવામાં આવ્યા.

**માર્ચ ૧૪** : મુંબઈની વિરોધ સભામાં ગાંધીજીએ સ્વામી શ્રદ્ધાનંદ સાથે હાજરી આપી.

ગાંધીજીનું ભાષણ વાંચી સંભળાવવામાં આવ્યું.

Gandhi Heritage Portal

**માર્ચ ૧૮** : લોકોનો અભિપ્રાય જાણવાના હેતુથી બીજું રૉલેટ બિલ પ્રસિદ્ધ કરવાનો ઠરાવ ઈમ્પીરિયલ કાઉન્સિલ (વડી ધારાસભા)માં પસાર કરવામાં આવ્યો.

બિનસરકારી સભ્યોનો વિરોધ હોવા છતાં રૉલેટ બિલ પસાર કરવામાં આવ્યું. એના વિરોધમાં બી. એન. શર્માએ રાજીનામું આપ્યું. મદ્રાસના વિનીતોએ સત્યાગ્રહની વિરુદ્ધમાં જાહેરનામું બહાર પાડયું.

ગાંધીજી મદ્રાસ પહોંચ્યા.

મદ્રાસની વિરોધ સભામાં હાજરી આપી. સભામાં સત્યાગ્રહની પ્રતિજ્ઞા ઉપર સહીઓ થઈ.

**માર્ચ ૧૯** : બી. પી. વાડિયાના પ્રમુખપદે ભરાયેલી મદ્રાસ લેબર યુનિયનની સભામાં ગાંધીજીએ ભાષણ આપ્યું.

**માર્ચ ૨૦** : મદ્રાસમાં ટ્રિપ્લિકેન બીચ ઉપર, સી. વિજયરાઘવાચારીને પ્રમુખપદે ભરાયેલી વિરોધ સભામાં હાજરી આપી. ગાંધીજીનું ભાષણ વાંચી સંભળાવવામાં આવ્યું.

**માર્ચ ૨૧** : અરાજકતા અને ક્રાંતિ અંગેના ગુનાઓના ધારા, ૧૯૧૯ (રૉલેટ ધારા)ને ગવર્નર જનરલની સંમતિ મળી.

મદ્રાસમાં ટ્રામવેના હડતાળિયાઓની સભામાં ગાંધીજીએ ભાષણ આપ્યું.

**માર્ચ ૨૩** : વર્તમાનપત્રોને પત્ર લખી ગાંધીજીએ જાહેર કર્યું કે ૬ઠ્ઠી એપ્રિલનો દિવસ રાષ્ટ્રીય માનહાનિ તથા પ્રાર્થનાના દિવસ તરીકે પાળવો.

સર એસ. સુબ્રહ્મણ્યમ્ આયરને પત્ર લખી જણાવ્યું કે સત્યાગ્રહ એ કોઈ પક્ષનું આંદોલન નથી.

**માર્ચ ૨૪** : તાંજોરની સભામાં ભાષણ આપ્યું.

**માર્ચ ૨૫** : ત્રિચિનાપલ્લીની સભામાં ભાષણ આપ્યું. અલીભાઈઓને છોડાવવા માટે સત્યાગ્રહ કરવા વિષે ગાંધીજીએ એમના વકીલને પત્ર લખ્યો.

**માર્ચ ૨૬** : મદુરાની સભામાં ભાષણ આપ્યું.

**માર્ચ ૨૮** : તૂતીકોરિનની સભામાં ભાષણ આપ્યું.

**માર્ચ ૨૯** : નાગાપટ્ટમમાં મજૂરોની સભામાં ભાષણ આપ્યું.

**માર્ચ ૩૦** : સત્યાગ્રહ દિન પળાયો.

દિલ્હીમાં તોફાની ટોળા ઉપર ગોળીબાર.

ગાંધીજી બેઝવાડા ગયા.

મદ્રાસમાં ટ્રિપ્લિકેન બીચ ઉપર સત્યાગ્રહ સભાની બેઠક ભરવામાં આવી. ગાંધીજીનું ભાષણ વાંચી સંભળાવવામાં આવ્યું.

**માર્ચ ૩૧** : દિલ્હીએ શોક પાળ્યો. શહેરમાં લશ્કરે શાસન સંભાળ્યું.

**એપ્રિલ ૧** : ગાંધીજી બેઝવાડાથી મુંબઈ જવા નીકળ્યા. દિવસ સિકંદરાબાદમાં ગાળ્યો.

**એપ્રિલ ૨** : દિલ્હીનાં તોફાનો સંબંધમાં હિંદ સરકારે યાદી પ્રગટ કરી.

**એપ્રિલ ૩** : ગાંધીજી મુંબઈ પહોંચ્યા.

દિલ્હીએ રૉલેટ કાયદાનો વિરોધ કર્યો તે અંગે સ્વામી શ્રદ્ધાનંદને અભિનંદન આપતો તાર કર્યો.

દિલ્હીની ઘટનાઓ સંબંધમાં વર્તમાનપત્રો જોગ પત્ર લખ્યો.

વી. એસ. શ્રીનિવાસ શાસ્ત્રીને તારથી જણાવ્યું કે સરકારના ત્રાસવાદની ભાવના સામે આ લડત છે.

Gandhi Heritage Portal

**એપ્રિલ ૫ :** રૉલેટ કાયદા અંગે સરકારી યાદી પ્રસિદ્ધ થઈ.

તોફાનોમાં માર્યા ગયેલાઓ તથા ઘવાયેલાઓના આશ્રિતોને મદદ કરવા બાબતમાં ગાંધીજીએ સ્વામી શ્રદ્ધાનંદને તાર કર્યો.

આંદોલન અંગે સંદેશો મોકલી આપવા રવીન્દ્રનાથ ટાગોરને પત્ર લખ્યો.

**એપ્રિલ ૬ :** આખા હિંદુસ્તાનમાં સત્યાગ્રહ દિન પળાયો. મુંબઈમાં ચોપાટી તટે ગાંધીજીના પ્રમુખપદે જાહેર સભા મળી. જમનાદાસે ગાંધીજીનું ભાષણ વાંચી સંભળાવ્યું.

માધવ બાગમાં પ્રાર્થના સભા. ગાંધીજીએ મુંબઈમાં મુસલમાનોની તથા સ્ત્રીઓની સભાઓમાં ભાષણો આપ્યાં.

મદ્રાસના લોકોને સંદેશો મોકલ્યો.

પંડિત માલવિયાએ ઈમ્પીરિયલ કાઉન્સિલ (વડી ધારાસભા)માંથી પોતાની બેઠકનું રાજીનામું આપ્યું.

**એપ્રિલ ૭ :** સત્યાગ્રહી નામની ગાંધીજીની પત્રિકાનો પહેલો અંક પ્રસિદ્ધ થયો. એની કિંમત એક પૈસો રાખવામાં આવી હતી. આ પત્રિકા કાયદેસર નોંધાવી નહોતી.

મુંબઈની સત્યાગ્રહ સભાએ નિષિદ્ધ સાહિત્ય તથા વર્તમાનપત્રો નોંધાવવા સંબંધી કાયદાઓ તોડવા અંગે નિવેદન પ્રસિદ્ધ કર્યું.

મુંબઈમાં સત્યાગ્રહીઓએ નિષિદ્ધ સાહિત્ય વેચવાનું શરૂ કર્યું.

**એપ્રિલ ૮ :** ગાંધીજીએ પત્રિકાઓ બહાર પાડી સ્વદેશીનાં વ્રતો તથા હિંદુમુસલમાન ઐક્ય વિષે સમજૂતી આપી.

કલકત્તામાં સત્યાગ્રહ દિન નિમિત્તે થયેલા દેખાવો અંગે સી. આર. દાસને તાર કર્યો.

મુંબઈના પોલીસ કમિશનરે ટ્રામો અટકાવવા માટે મૂકેલા આક્ષેપો ખોટા છે એવું જણાવતો પત્ર એ અધિકારી ઉપર લખવામાં આવ્યો.

દિલ્હી જવા નીકળ્યા.

**એપ્રિલ ૯ :** દિલ્હી જતાં કોસી સ્ટેશને પંજાબમાં અને દિલ્હીમાં પ્રવેશ નહીં કરવા અંગે હુકમો બજાવવામાં આવ્યા. ગિરફતારીને લીધે ગુસ્સો નહીં કરવા તથા હિંસા નહીં આચરવા અંગે દેશવાસીઓને સંદેશો આપ્યો. રામનવમીનો ઉત્સવ. અમૃતસરમાં શાંત સરઘસો નીકળ્યાં.

**એપ્રિલ ૧૦ :** ગાંધીજીએ કોસીમાં મળેલા મનાઈહુકમનો ભંગ કરવાનું પસંદ કર્યું, એટલે એમને પકડીને મુંબઈ મોકલી દેવામાં આવ્યા.

ગાંધીજીની ધરપકડના વિરોધમાં હિંદભરમાં હડતાળ પડી.

ગાંધીજીની ધરપકડના સમાચાર મળતાં અમદાવાદમાં આગ ચાંપવાના, તોફાનોના અને લોકોએ કરેલી હિંસાના બનાવો બન્યા. પોલીસે ગોળીબાર કર્યો. યુરોપિયનોનાં ખૂનો થયાં; અને મિલ તથા સ્ટેશન યાર્ડ બાળી મૂકવામાં આવ્યાં.

ડૉ. સત્યપાલ અને ડૉ. કિચલુને ગિરફતાર કરી અમૃતસરની હદ બહાર રવાના કરી દેવામાં આવ્યા. જનતા ઉશ્કેરાઈ ગઈ અને પોલીસે ગોળીબાર કર્યો. અનેક યુરોપિયનોને મારી નાખવામાં આવ્યા.

લાહોરમાં પોલીસોનો ગોળીબાર.

**એપ્રિલ ૧૧ :** ગાંધીજીને મુંબઈમાં લાવી છોડી મૂકવામાં આવ્યા.

મુંબઈમાં ચોપાટી તટે જાહેર સભામાં ભાષણ આપ્યું. તેમાં સત્યાગ્રહીઓને ચેતવણી આપી.

Gandhi Heritage Portal

સ્વામી શ્રદ્ધાનંદને કરેલા તારમાં લોકોને હિંસા નહીં કરવા અપીલ કરી.
દેશવ્યાપી હડતાળ ચાલુ રહી.
મુંબઈમાં ધરપકડો થઈ. અમદાવાદમાં લોકોએ તોફાન કર્યું. તારકચેરી અને કલેક્ટરની કચેરી બાળી મૂકવામાં આવી.

એપ્રિલ ૧૨ : રવીન્દ્રનાથ ટાગોરે સત્યાગ્રહ અંગે ગાંધીજીને પત્ર લખ્યો.
મુંબઈમાં ગાંધીજીએ વર્તમાનપત્રોના પ્રતિનિધિઓને મુલાકાત આપી.
ગાંધીજી મારવાડી ચેમ્બરમાં કાપડના વેપારીઓની સભામાં હાજર રહ્યા.
અમદાવાદનાં તોફાનોના સમાચાર સાંભળી વિહ્વળ બન્યા.
અમદાવાદ જવા નીકળ્યા.
લાહોરમાં બાદશાહી મસ્જિદમાં સભા થઈ. લશ્કરે ગોળી ચલાવી. રેલગાડીના પાટા ઉખાડી નાખવામાં આવ્યા અને ગાડીને આગ ચાંપવામાં આવી. મુંબઈ, વીરમગામ, નડિયાદ અને અમૃતસરમાં તોફાનો. કલકત્તામાં રમખાણ અને રક્તપાત.

એપ્રિલ ૧૩ : અનસૂયાબહેન સારાભાઈની સાથે ગાંધીજી અમદાવાદ પહોંચ્યા.
અમદાવાદના નાગરિકોને આપેલા સંદેશામાં તેમને શાંત રહેવા અને સરકારી હુકમોનું પાલન કરવા વિનંતી કરી.
અમૃતસરમાં જલિયાંવાલા બાગની જાહેર સભામાં લોકોની કતલ કરવામાં આવી.

એપ્રિલ ૧૪ : ગુજરાનવાલામાં હડતાળ પડી, ગંભીર તોફાનો થયાં અને બૉમ્બ ફૂટયા. લાહોર, અમૃતસર અને બીજી જગ્યાઓએ ટેલિગ્રાફના તાર કપાયા. પંજાબમાં માર્શલ લૉ જાહેર કરવામાં આવ્યો. હિંદ સરકારે સત્યાગ્રહ આંદોલન વિષે યાદી બહાર પાડી.
ગાંધીજીએ સાબરમતીના પટમાં ભરાયેલી વિશાળ સભામાં ભાષણ કર્યું.
હિંસા આચરવા માટે લોકોને ઠપકો આપ્યો અને પ્રાયશ્ચિત્ત રૂપે ત્રણ દિવસનો ઉપવાસ જાહેર કર્યો.
તોફાનો વિષે વાઇસરૉયના ખાનગી સેક્રેટરીને પત્ર લખ્યો.
સત્યાગ્રહી પત્રિકાનો બીજો અંક પ્રગટ થયો.

એપ્રિલ ૧૫ : તોફાનોના ભોગ બનેલા અંગ્રેજોનાં કુટુંબોને મદદ મોકલી શકાય તે હેતુથી તેમનાં નામ જાણવા ગાંધીજીએ અમદાવાદના કલેક્ટરને પત્ર લખ્યો.
તોફાનોથી ઘવાયેલા લોકોને જોવા અમદાવાદની સિવિલ ઇસ્પિતાલમાં ગયા.
સર ઇબ્રાહીમ રહીમતુલ્લાને પત્ર લખી જણાવ્યું કે તોફાનોનું કારણ મારી ધરપકડ જ હતું.

એપ્રિલ ૧૬ : મુંબઈ ઇલાકાના ઉત્તર વિભાગના કમિશનરને પત્ર લખી જણાવ્યું કે પોતે સરકારને જરૂર મદદ કરશે.
સત્યાગ્રહ પત્રિકામાં લોકોને અપીલ કરી કે તોફાનોના ભોગ બનેલા લોકોનાં કુટુંબોને મદદ આપવી.
ગુજરાનવાલામાં ધરપકડો થઈ. અનેક સ્થળોએ તાર કપાયા અને તોફાનો થયાં.

એપ્રિલ ૧૭ : દિલ્હીમાં પોલીસે ગોળીબાર કર્યો.
પંજાબમાં નેતાઓને દેશનિકાલ કર્યા.
अमृत बझार पत्रिकानी અનામત જપ્ત કરવામાં આવી.

Gandhi Heritage Portal

**એપ્રિલ ૧૮** : સવિનય કાનૂનભંગનો કાર્યક્રમ થોડા સમય માટે મોકૂફ રાખવાનું ગાંધીજીએ જાહેર કર્યું.

**એપ્રિલ ૧૯** : મુંબઈમાં પંડિત માલવિયાને પ્રમુખપદે ભરાયેલા હિંદી સાહિત્ય સંમેલનમાં હાજરી આપી.

**એપ્રિલ ૨૦** : મુંબઈમાં પંડિત માલવિયાને પ્રમુખપદે અખિલ હિંદ કૉંગ્રેસ સમિતિની બેઠક મળી. તેમાં ગાંધીજી અને મિસિસ બેસંટ હાજર રહ્યાં.

જનરલ ડાયરે પેટે ચલાવવાનો હુકમ આપ્યો.

**એપ્રિલ ૨૧** : સત્યાગ્રહનું આંદોલન મોકૂફ રહેવાને કારણે સત્યાગ્રહી પત્રિકાનું પ્રકાશન બંધ કરવામાં આવ્યું.

અખિલ હિંદ કૉંગ્રેસ સમિતિએ પંજાબની પરિસ્થિતિ અંગે ઠરાવ પસાર કર્યો.

ગાંધીજીએ વાઇસરૉયના ખાનગી સેક્રેટરીને તાર કરી લોકોને જાહેરમાં ફટકા મારવા સામે વિરોધ દર્શાવ્યો.

અમદાવાદના કલેક્ટરને પત્ર લખી મિલમજૂરો પાસેથી કર નહીં લેવા વિનંતી કરી.

મુંબઈથી અમદાવાદ આવ્યા.

**એપ્રિલ ૨૪** : ગાંધીજી મુંબઈ જવા રવાના થયા. પંજાબમાં માર્શલ લૉ કમિશનનું કામ શરૂ થયું.

**એપ્રિલ ૨૫** : ગાંધીજીએ મુંબઈમાં સત્યાગ્રહ અંગેની સભામાં ભાષણ આપ્યું.

સત્યાગ્રહનું મહત્ત્વ સમજાવતી પત્રિકા પ્રસિદ્ધ કરી.

**એપ્રિલ ૨૬** : બી. જી. હૉર્નિમૅનને હિંદુસ્તાન છોડી જવાનો હુકમ મળ્યો.

बॉम्बे क्रॉनिकलનું પ્રકાશન બંધ કરવામાં આવ્યું.

ગાંધીજીએ હૉર્નિમૅનના દેશનિકાલ વિષે પત્રિકા પ્રસિદ્ધ કરી; તેમાં લોકોને હિંસા નહીં કરવાની અને દેખાવો નહીં કરવાની સલાહ આપી.

**એપ્રિલ ૨૮** : કૉંગ્રેસનું પ્રતિનિધિમંડળ ઇંગ્લંડ જવા નીકળ્યું.

ગાંધીજીએ टाइम्स ऑफ इन्डियाને પત્ર લખી એ પત્રે છાપેલા એમના અમદાવાદના ભાષણના અહેવાલની ભૂલો સુધારી.

**એપ્રિલ ૨૯** : મુંબઈ સરકારના મંત્રી ક્રિરરને હૉર્નિમૅનના દેશનિકાલ વિષે તથા बॉम्बे क्रॉनिकल ઉપર લાગુ કરવામાં આવેલા સમાચાર નિયંત્રણના હુકમ અંગે ગાંધીજીએ પત્ર લખ્યો.

**એપ્રિલ ૩૦** : એસ. એસ. ટકાડા નામના જહાજ ઉપરથી મિ. હૉર્નિમૅને લખેલો પત્ર પત્રિકા રૂપે પ્રસિદ્ધ કર્યો.

સર સ્ટૅનલી રીડ અને મુંબઈના ગવર્નરને સ્વદેશી વ્રતનું પ્રતિજ્ઞાપત્ર મોકલી આપ્યું.

મુકદ્દમા ચલાવાતા હોવા છતાં સિંધના સત્યાગ્રહીઓને શાંત રહેવા અપીલ કરી.

કાસૂરનાં તોફાનો અંગેના મુકદ્દમાનો ચુકાદો જાહેર થયો.

**મે ૨** : એક सत्याग्रह पत्रिकाમાં ગાંધીજીએ જુલાઈ માસમાં સત્યાગ્રહ ફરીથી શરૂ કરવાનો વિચાર સૂચવ્યો.

**મે ૩** : બિહાર બગીચામાલિકોના સંઘના મંત્રીને પત્ર લખ્યો.

**મે ૪** : કોમી એકતા સિદ્ધ કરવા માટે હિંદુઓ અને મુસલમાનોનું મિશ્ર કમિશન નીમવાના વિચારની પ્રશંસા કરતો પત્ર મૌલાના અબદુલ બારીને ગાંધીજીએ લખ્યો.

Gandhi Heritage Portal

મુંબઈમાં સત્યાગ્રહ સભાની બેઠકે હૉર્નિમૅનના દેશનિકાલના વિરોધમાં ૧૧મી મેને દિવસે ઉપવાસ, હડતાળ વગેરે પાળવાનો નિર્ણય કર્યો.

મે ૫ : ગાંધીજીએ સ્વદેશીની પ્રતિજ્ઞા વાઇસરૉયને મોકલી આપી.
અમદાવાદનાં તોફાનોમાં શિક્ષિત લોકોનો હાથ હતો એવા આક્ષેપ સંબંધમાં ગાંધીજીએ અમદાવાદના જિલ્લા મૅજિસ્ટ્રેટને પત્ર લખ્યો.
આશ્રમવાસીઓએ મગનલાલ ગાંધીને કાંતવાનું કામ ઉપાડી લેવાનું લખ્યું.

મે ૬ : હડતાળ કેવી રીતે પાડવી તેની સમજૂતી આપવા મુંબઈમાં સભા બોલાવવામાં આવી.

મે ૭ : વાઇસરૉયના ખાનગી સેક્રેટરીએ ગાંધીજીને પત્ર લખ્યો. તેમાં અફઘાનિસ્તાનમાં ચાલી રહેલી પરિસ્થિતિ ધ્યાનમાં લઈ હિંદુસ્તાનના લોકમતને શાંત કરવાના પ્રયત્નમાં મદદ માગી.
૧૧મી મેને દિવસે હડતાળ પાડવાનો સંદેશો ગાંધીજીએ બહાર પાડ્યો.
યંગ ઇન્ડિયાના નવા સંસ્કરણનો પહેલા વર્ષનો પહેલો અંક પ્રગટ થયો. આ પત્ર અઠવાડિયામાં બુધવાર અને શનિવાર—બે દિવસોએ ગાંધીજીની દેખરેખ નીચે મુંબઈથી પ્રસિદ્ધ થવા લાગ્યું.

મે ૮ : મુંબઈમાં સ્ત્રીઓની સભામાં ગાંધીજીએ ભાષણ આપ્યું.
સત્યાગ્રહનું ધાર્મિક મહત્ત્વ સમજાવતી પત્રિકા પ્રગટ કરી.

મે ૯ : મુંબઈમાં અંજુમન ઝિયાઉલ ઈસ્લામની એક ખાસ સભામાં ગાંધીજીએ ખિલાફત ઉપર ભાષણ આપ્યું. એમ. ટી. કાદરભાઈ પ્રમુખ હતા.

મે ૧૦ : એની બેસંટને પત્ર લખી તેમણે મૂકેલા આક્ષેપો અંગે ખેદ વ્યક્ત કર્યો.

મે ૧૧ : મુંબઈમાં હૉર્નિમૅનના માનમાં હડતાળ પડી.
એની બેસંટે હોમરૂલ લીગના પ્રમુખપદેથી રાજીનામું આપ્યું.
વાઇસરૉયના ૭મી મેના પત્રના જવાબમાં ગાંધીજીએ મદદ આપવાની ખાતરી આપી.
અમદાવાદનાં તોફાનો અંગેના આરોપીઓની ઓળખવિધિ સંબંધમાં ગાંધીજીએ અમદાવાદના જિલ્લા મૅજિસ્ટ્રેટને તાર કર્યો.

મે ૧૨ : હડતાળ સફળતાપૂર્વક પાર પાડવા બદલ ગાંધીજીએ મુંબઈના નાગરિકોને અભિનંદન આપ્યાં.

મે ૧૩ : "શુદ્ધ" સ્વદેશી અને "મિશ્ર સ્વદેશી"ની પ્રતિજ્ઞા વચ્ચેનો તફાવત સમજાવતો લેખ યંગ ઇન્ડિયામાં લખ્યો. સ્વદેશીની પ્રતિજ્ઞા લેનાર ૪૭ વ્યક્તિઓનાં નામ પ્રસિદ્ધ કર્યાં.
ઇન્ડિપેન્ડન્ટ પત્રની કચેરી ઉપર પોલીસે દરોડો પાડ્યો.

મે ૧૫ : સાઉથબરો કમિટીનો રિપોર્ટ પ્રસિદ્ધ થયો.
ગોવર્ધનદાસની ગિરફતારી તથા ટ્રિબ્યૂન પત્રના સંપાદકના કાનૂની બચાવ અંગે ગાંધીજીએ વાઇસરૉયના ખાનગી સેક્રેટરીને તાર કર્યો.

મે ૧૬ : વાઇસરૉયના ખાનગી મંત્રીને પત્ર લખી પંજાબમાં થયેલાં તોફાનોની સંપૂર્ણ તપાસ કરવા માગણી કરી.

મે ૨૦ : સુરતના સત્યાગ્રહીઓને સંબોધી પત્ર લખ્યો.

મે ૨૧ : ૨૮મી મેને દિવસે મુંબઈમાં ભરાનારી સત્યાગ્રહીઓની પરિષદ અંગે એક પરિપત્ર બહાર પાડ્યો.

Gandhi Heritage Portal

મે ૨૫: કાઠિયાવાડના વતની બે નાગરિકો ઉપર બ્રિટિશ હિંદ છોડી ચાલ્યા જવાના સરકારી હુકમો નીકળ્યા હતા, તે વિષે ગાંધીજીએ મુંબઈના ગવર્નરના ખાનગી સેક્રેટરીને પત્ર લખી ૧૮૬૪ના ફૉરેનર્સ ઍક્ટ (પરદેશીઓ સંબંધી ધારા)માં ૧૯૧૪માં થયેલા સુધારા તરફ સરકારનું ધ્યાન ખેંચ્યું.

મે ૨૬: સર માઈકલ ઓડવાયર પાસેથી સર એડવર્ડ મેકલેગને પંજાબના લેફ્ટનન્ટ ગવર્નરનો હોદ્દો સંભાળી લીધો.

મે ૨૭: बॉम्बे क्रॉनिकल પાસે રૂ. ૫૦૦૦/-ની હંગામી જામીનગીરી માગવામાં આવી.

મે ૨૮: મુંબઈમાં સત્યાગ્રહીઓની પરિષદ સમક્ષ ગાંધીજીએ ભાષણ આપ્યું.

इन्डियन होमरूल (हिंद स्वराज) પુસ્તકની પુનર્મુદ્રિત અંગ્રેજી આવૃત્તિનું પુરોવચન લખ્યું.

મે ૨૯: ઈ. એસ. મૉન્ટેગ્યુએ આમ સભામાં ગવર્નમેન્ટ ઑફ ઈન્ડિયા બિલ રજૂ કર્યું.

મે ૩૦: ગાંધીજીએ વાઈસરૉયના ખાનગી સેક્રેટરીને પંજાબમાં ચાલી રહેલા માર્શલ લૉના વહીવટ વિષે પત્ર લખ્યો.

રૉલેટ કાયદા સંબંધમાં એચ. એસ. એલ. પોલાકને પત્ર લખ્યો.

મે ૩૧: બા. ગં. ટિળકના માનમાં મુંબઈમાં ભરાયેલી જાહેર સભાનું પ્રમુખપદ લીધું. સભાએ ઠરાવ કર્યો કે ટિળકે ઇંગ્લંડમાં સર વેલેન્ટાઈન ચિરોલ સામે જે મુકદ્દમો ચલાવ્યો તે માટે થયેલું ખર્ચ ભરપાઈ કરવા ફાળો ઉઘરાવવો.

જૂન ૧: રવીન્દ્રનાથ ટાગોરે "નાઈટ"નો ઇલકાબ પાછો આપ્યો.

જૂન ૩: પંડિત માલવિયા વાઈસરૉયની કાઉન્સિલમાં ફરીથી સભ્ય ચૂંટાયા.

જૂન ૫: આમસભામાં ગવર્નમેન્ટ ઑફ ઈન્ડિયા બિલનું બીજું વાચન થયું.

જૂન ૯: કાલીનાથ રૉયના મુકદ્દમાના ફેંસલા વિષે ગાંધીજીએ વાઈસરૉયના ખાનગી સેક્રેટરીને પત્ર લખ્યો.

बॉम्बे क्रॉनिकल પાસેથી રૂ. ૧૦,૦૦૦/-ની જામીનગીરી માગવામાં આવી.

જૂન ૧૦: રેલવેની જમીનો સિવાય પંજાબમાં સર્વત્ર માર્શલ લૉ પાછો ખેંચી લેવામાં આવ્યો.

જૂન ૧૧: કાલીનાથ રૉયને તાત્કાલિક છોડી મૂકવા માટે દલીલ કરતો એક અગ્રલેખ ગાંધીજીએ પોતાની સહીથી यंग इन्डियामां પ્રસિદ્ધ કર્યો.

કાલીનાથ રૉયને છોડાવવામાં ટેકો આપવા વકીલો અને પત્રકારોને અપીલ કરી અને સી. એફ. ઍન્ડ્રૂઝને પણ એ બાબતમાં પત્ર લખ્યો.

જૂન ૧૨: જુલાઈમાં સવિનય કાનૂનભંગ ફરીથી શરૂ કરવા સંબંધમાં સત્યાગ્રહ સભાના મંત્રીઓને પત્ર લખ્યો.

કાલીનાથ રૉયને છોડાવવાના પ્રયત્નોને ટેકો આપવાની વિનંતી કરતો પત્ર टाइम्स ऑफ इन्डियावાળા એસ. ટી. શેપર્ડને લખ્યો.

જૂન ૧૩: પંજાબના કાલીનાથ રૉયની દયા માટેની અરજી લે. ગવર્નરે કાઢી નાખી.

જૂન ૧૪: રૉલેટ કાયદા વિરુદ્ધ ચાલી રહેલું આંદોલન વાજબી છે એવું સમજાવતો પત્ર ગાંધીજીએ ઈ. એસ. મૉન્ટેગ્યુને લખ્યો.

જૂન ૧૫: સત્યાગ્રહ સભાની કારોબારી સમિતિ મુંબઈમાં મળી. તેણે જુલાઈના આરંભમાં સત્યાગ્રહ આંદોલન ફરીથી શરૂ કરવાનો નિર્ણય કર્યો, અને એ આંદોલનને માર્ગદર્શન આપવા ગાંધીજીને સંપૂર્ણ સત્તા આપી.

Gandhi Heritage Portal

કલકત્તાના ઇન્ડિયન ઍસોસિયેશને ૫મી માર્ચના હિંદ સરકારના ખરીતાનો વિરોધ કરવા સભા ભરી.

જૂન ૧૬: સ્વદેશીની પ્રતિજ્ઞા વિષે ગાંધીજીએ બીજી પત્રિકા બહાર પાડી.

માર્શલ લૉ કમિશન સમક્ષ ચાલતા ડૉ. કિચલુ સામેના મુકદ્દમા અંગે ગાંધીજીએ મુંબઈના ચીફ પ્રેસિડન્સી મૅજિસ્ટ્રેટની અદાલતમાં જુબાની આપી.

જૂન ૧૮: જુલાઈમાં સત્યાગ્રહ ફરીથી શરૂ કરવાના પોતાના નિર્ણયની જાણ કરતો પત્ર ગાંધીજીએ વાઇસરૉયના ખાનગી સેક્રેટરીને લખ્યો.

મુંબઈમાં શુદ્ધ સ્વદેશી વસ્ત્રભંડારનું ઉદ્‌ઘાટન કર્યું.

જૂન ૧૯: મુંબઈમાં સ્વદેશી સભાની બેઠકમાં પ્રમુખપદ લીધું.

જૂન ૨૦: बॉम्बे क्रॉनिकलને લાગુ પાડેલો સમાચાર નિયંત્રણનો હુકમ રદ કરવામાં આવ્યો.

જૂન ૨૪: ગાંધીજીએ હિંદી વજીરને તાર કરી જણાવ્યું કે રૉલેટ કાયદો પાછો નહીં ખેંચી લેવામાં આવે અને પંજાબનાં તોફાનોની તપાસ કરવા સમિતિ નહીં નીમવામાં આવે તો પોતે જુલાઈ માસમાં ફરીથી સત્યાગ્રહ શરૂ કરશે.

મુંબઈમાં રૉલેટ કાયદાનો તથા હૉર્નિમૅનના દેશનિકાલનો વિરોધ કરવા યોજવામાં આવેલી સભાનું પ્રમુખપદ લીધું.

જૂન ૨૫: જી. એ. નટેસનને પત્ર લખી સત્યાગ્રહ આંદોલન વિષે પોતે તૈયાર કરેલી સૂચનાઓ બીડી.

જૂન ૨૬: હૉર્નિમૅનના દેશનિકાલને હિંદી વજીરે વાજબી ઠરાવ્યો હતો. તેના વિરોધમાં સત્યાગ્રહ સભાએ ઠરાવ પસાર કર્યો હતો. એ ઠરાવ વાઇસરૉયના ખાનગી સેક્રેટરીને મોકલી સાથે પત્ર લખ્યો.

અખિલ હિંદ કૉંગ્રેસ સમિતિએ બ્રિટનના વડા પ્રધાનને તથા હિંદી વજીરને તાર કરી વિનંતી કરી કે તોફાનોની તપાસ થતાં સુધી માર્શલ લૉ કમિશને ફરમાવેલી સજાઓનો અમલ મોકૂફ રાખવો.

હિંદુસ્તાનની સરકારે સજાઓ મુલતવી રાખવાનો ઇનકાર કર્યો.

જૂન ૨૭: કાલીનાથ રૉયને છોડી મૂકવાની પ્રાર્થના કરતું એક નિવેદનપત્ર ડી. ઈ. વાચ્છા, સર ના. ગો. ચંદાવરકર તથા બીજા લોકોની સહીથી ગાંધીજીએ વાઇસરૉયને મોકલ્યું.

સત્યાગ્રહ સભાના આશ્રયે યોજવામાં આવેલી મુંબઈની સભાનું પ્રમુખપદ લીધું.

દક્ષિણ આફ્રિકામાં થતા હિંદી વિરોધી કાયદાઓ સંબંધમાં એસ. ટી. શેપર્ડને પત્ર લખ્યો.

જૂન ૨૮: વરસાઈલના સુલેહનામા પર સહીઓ થઈ.

સત્યાગ્રહ ફરીથી શરૂ કરવા સંબંધમાં વાઇસરૉયના ખાનગી સેક્રેટરી તરફથી આવેલા પત્રનો ગાંધીજીએ જવાબ આપ્યો.

મુંબઈની સભામાં સ્વદેશી વિષે ભાષણ આપ્યું.

જૂન ૨૯: મુસ્લિમ પ્રશ્ન વિષે મહમદઅલીને પત્ર લખ્યો.

અમદાવાદમાં વનિતા વિશ્રામના મકાનના શિલારોપણ પ્રસંગે ભાષણ આપ્યું.

જૂન ૩૦: અમદાવાદના ડેપ્યુટી પોલીસ સુપરિન્ટેન્ડેન્ટને પત્ર લખી જણાવ્યું કે સત્યાગ્રહ ફરીથી શરૂ કરતાં પહેલાં હું સત્તાવાળાઓને ખબર આપીશ.

Gandhi Heritage Portal

૧૫મી જૂને સત્યાગ્રહ સભાની સમિતિએ પસાર કરેલા ઠરાવ અનુસાર સત્યાગ્રહીઓ માટે સૂચનાઓ લખી.

આશ્રમથી મુંબઈ જવા નીકળ્યા.

જુલાઈ ૧ (પહેલાં): સ્વદેશી સભાના નિયમોનો ખરડો તૈયાર કર્યો.

જુલાઈ ૧: મુંબઈના ઇન્સ્પેક્ટર જનરલ તથા પોલીસ કમિશનર સાથે મુલાકાત.

એક નિવેદનમાં જણાવ્યું કે જુલાઈની ૮મી તારીખ પહેલાં હું સત્યાગ્રહ શરૂ કરવાનો નથી અને શરૂ કરતાં પહેલાં સત્તાવાળાઓને ખબર આપવાનો છું.

મુંબઈમાં મધ્યસ્થ સ્વદેશી સભાનું ઉદ્‌ઘાટન કર્યું; એની શાખાઓ આખા દેશમાં રખાઈ.

જુલાઈ ૨: પ્રેસ ઍસોસિયેશન ઑફ ઇન્ડિયાએ બ્રિટિશ વડા પ્રધાનને તથા હિંદી વજીરને પ્રેસ ઍક્ટ (વર્તમાનપત્રો વિષેનો ધારો) રદ કરવાનો આગ્રહ કરતો તાર કર્યો.

ટાઇમ્સ ઑફ ઇન્ડિયામાં દક્ષિણ આફ્રિકાના પ્રશ્ન વિષે અગ્રલેખ પ્રસિદ્ધ કરવા બદલ એસ. ટી. શેપર્ડનો આભાર માનતો પત્ર ગાંધીજીએ લખ્યો.

જુલાઈ ૩: દક્ષિણ આફ્રિકામાં હિંદીઓ ઉપર નંખાયેલા પ્રતિબંધોને વખોડી કાઢતા પત્રો વર્તમાનપત્રો ઉપર તથા હિંદી સરકારના વાણિજ્ય અને ઉદ્યોગ ખાતાના મેમ્બર ઉપર લખ્યા.

આર. બી. યૂબૅંકને પત્ર લખી તેમને સ્વદેશીની હિલચાલમાં રસ લેવા વિનંતી કરી.

જુલાઈ ૪: સ્વદેશી સભાના આશ્રયે મળેલી મુંબઈની સભામાં ભાષણ કર્યું.

જુલાઈ ૫: હિંદી વજીરે મુંબઈના ગવર્નરને તાર કરી જણાવ્યું કે ગાંધીજીને મુલાકાત માટે બોલાવી સત્યાગ્રહ ફરીથી શરૂ ન કરવા સમજાવો.

ગાંધીજીએ યંગ ઇન્ડિયામાં સ્મટ્સ-ગાંધી સમાધાન વિષે લેખ લખ્યો.

સત્યાગ્રહ તથા દક્ષિણ આફ્રિકા સંબંધી બાબતો વિષે એચ. એસ. એલ. પોલાકને પત્ર લખ્યો.

જુલાઈ ૬: ગવર્નર-જનરલ-ઇન-કાઉન્સિલે કાલીનાથ રૉયની સજાની મુદત ૨ વર્ષથી ઘટાડીને ૩ માસની કરી.

નડિયાદની જાહેર સભામાં સત્યાગ્રહીઓના કર્તવ્ય વિષે અને સ્ત્રીઓની સભામાં ગાંધીજીએ સ્વદેશી વિષે ભાષણો આપ્યાં.

જુલાઈ ૯: માર્શલ લૉ કમિશને અમૃતસર કાવતરા કેસમાં પોતાનો ચુકાદો જાહેર કર્યો.

જુલાઈ ૧૦: સર ના. ગો. ચંદાવરકરે સત્યાગ્રહ ફરી શરૂ નહીં કરવા ગાંધીજીને વર્તમાનપત્રો દ્વારા અપીલ કરી.

જુલાઈ ૧૨: ગાંધીજી પૂના પહોંચ્યા. મુંબઈના ગવર્નર સાથે મુલાકાત. આર. સી. પરાંજપેના પ્રમુખપદે ફર્ગ્યુસન કૉલેજમાં મળેલી વિદ્યાર્થીઓની સભા સમક્ષ ભાષણ આપ્યું.

નાગરિકોની સભામાં સ્વદેશી ઉપર ભાષણ આપ્યું. ગાંધીજીને પ્રમુખપદે સ્વદેશી સંઘની સ્થાપના કરવામાં આવી. મુંબઈ પાછા ફર્યા.

પ્રતાપના તંત્રીને થયેલી સજા સંબંધમાં યંગ ઇન્ડિયામાં લેખ લખ્યો.

જુલાઈ ૧૩: મુંબઈમાં હોમરૂલ લીગે યોજેલી સભામાં ટ્રાન્સવાલમાં પસાર કરવામાં આવેલા હિંદીઓ વિરોધી કાયદા સામે ગાંધીજીએ વિરોધ ઠરાવ રજૂ કર્યો.

જુલાઈ ૧૪: આર. પી. પરાંજપેને પત્ર લખી તેમણે કરેલી સ્વદેશીની ટીકાનો જવાબ આપ્યો.

જુલાઈ ૧૬: સ્વદેશી વિષે પરાંજપેએ કરેલી ટીકા વિષે યંગ ઇન્ડિયામાં લેખ લખ્યો.

ખાસ અદાલતે લાલા ગોવર્ધનદાસને ૩ વરસની સખત કેદની સજા ફરમાવી.

Gandhi Heritage Portal

જુલાઈ ૧૭: ઇન્ડિયન ઓપીનિયન સંબંધમાં ગાંધીજીએ એ. એચ. વેસ્ટને પત્ર લખ્યો.

જુલાઈ ૧૮: એશિયાઈ લૅન્ડ ઍન્ડ ટ્રેડિંગ ઍમેન્ડમેન્ટ ઍક્ટ (એશિયાઈ લોકો માટે જમીન અને વેપાર સંબંધી ધારાનો સુધારો કરવા અંગેનો કાયદો)નો વિરોધ કરવા ઇમ્પીરિયલ સિટિઝનશિપ ઍસોસિયેશન તરફથી યોજવામાં આવેલી સભામાં ગાંધીજીએ ભાષણ કર્યું.

જુલાઈ ૨૦: કલકત્તામાં અખિલ હિંદ કૉંગ્રેસ સમિતિની બેઠક મળી.

જુલાઈ ૨૧: ગાંધીજીએ વર્તમાનપત્રો જોગ પત્ર બહાર પાડયો. તેમાં જાહેર કર્યું કે વાઇસરૉય તથા અન્ય મિત્રોની ચેતવણીને માન આપી સત્યાગ્રહ આદરવાનો વિચાર પડતો મૂકવામાં આવ્યો છે.

જુલાઈ ૨૩: સર શંકરન્ નાયરે વાઇસરૉયની કાઉન્સિલમાંથી સભ્યપદનું રાજીનામું આપ્યું.
લાહોરના ફેંસલા વિષે ગાંધીજીએ યંગ ઇન્ડિયામાં લેખ લખ્યો.

જુલાઈ ૨૪: અમૃતસરનાં તોફાનો સંબંધમાં માર્શલ લૉ હેઠળ જે ૨૧ હિંદીઓને સજા થઈ હતી તેમને અપીલ કરવાની પ્રિવી કાઉન્સિલે પરવાનગી આપી.

જુલાઈ ૨૫: પંજાબના લેફ્ટનન્ટ ગવર્નરે પ્રતાપના તંત્રી લાલા રાધાકૃષ્ણની કેદની મુદત ૧૮ માસમાંથી ઘટાડી ૨ માસની કરી આપી.

જુલાઈ ૨૬: ટ્રાન્સવાલ એશિયાઈ લૉ અંગે ગાંધીજીએ હિંદી સરકારના વાણિજ્ય અને ઉદ્યોગ ખાતાના સભ્યને પત્ર લખ્યો.

જુલાઈ ૨૭: હિંદવાસીના મુકદ્દમાનો ચુકાદો આપતાં ન્યાયાધીશે કરેલી ટીકા ઉપર ગાંધીજીએ મરાઠા પત્રમાં લેખ લખ્યો.

જુલાઈ ૨૮: સુરતની સાર્વજનિક કૉલેજના વિદ્યાર્થીઓની સભા સમક્ષ ભાષણ આપ્યું અને સ્વદેશી વસ્તુભંડારનું ઉદ્ઘાટન કર્યું.
રૉલેટ કાયદા વિરુદ્ધ ચલાવવામાં આવેલા આંદોલન સંબંધમાં વી. એસ. શ્રીનિવાસ શાસ્ત્રી અને સરોજિની નાયડુને તાર કર્યા.
જામીનગીરી જપ્ત કરવા સામે અમૃતબજાર પત્રિકાએ કરેલી અપીલ, કલકત્તા હાઈકોર્ટની સ્પેશિયલ બેંચે કાઢી નાખી.

જુલાઈ ૨૯: મહાયુદ્ધમાં હિંદુસ્તાને આપેલા સહકાર વિષે સર ચાર્લ્સ મનરોએ મોકલેલો ખરીતો ગૅઝેટમાં પ્રસિદ્ધ થયો.

જુલાઈ ૩૦: માર્શલ લૉ અદાલતે જગન્નાથ ઉપર ફરમાવેલી સજા વિષે ગાંધીજીએ યંગ ઇન્ડિયામાં લેખ લખ્યો.

[મૂળ અંગ્રેજી]

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal

# સૂચિ


અખિલ ભારત હોમરૂલ લીગ ૧૪૦ પા. ટી.
અખિલ હિંદ કાંતણ સંઘ ૯ પા. ટી.
અખિલ હિંદ સત્યાગ્રહ પરિષદ ૧૬૫ પા. ટી.
અજમલખાન હકીમ ૧૭૯, ૧૮૧
અડાજણ ૧
અડાજણિયા, સોરાબજી શાપુરજી ૧, ૪૫, ૫૪, ૩૨૭, ૪૪૦
અઢારસો એકસઠ (૧૮૬૧) નો કાયદો –૩, ૩૪૧
અઢારસો ચોસઠ (૧૮૬૪)નો કાયદો ૩, ૩૦૭
અઢારસો ચોસઠ (૧૮૬૪)નો ફૉરેન્સર્સ ઍક્ટ ૩૦૭
અઢારસો પંચ્યાશી (૧૮૮૫)નો કાયદો ૪૪૦
અઢારસો પંચ્યાશી (૧૮૮૫)નો કાયદો નંબર ૩ ૪૬૨–૩
અધ્યાત્મ ૫૮, ૭૩–૪, ૧૬૨
अनटु घिस लास्ट ૩૯૮
અનસારી, ડૉ. એમ. એ. ૧૬૭
અનસૂયાબહેન ૯, ૪૨, ૯૮, ૨૦૭, ૨૧૩, ૨૧૬–૧૭, ૨૨૦, ૨૨૪, ૨૩૫, ૩૫૪, ૩૫૬, ૪૨૭, ૪૩૮
અનંતરાય રાધાકિશન ૨૮૩
અનુસૂચિત ગુનાઓ ૧૦૭ પા. ટી.
અન્નાસાહેબ, મિ. ૩૨૨
અફઘાન ૪૭૪
અફઘાન યુદ્ધ ૨૭૮
અફઘાનિસ્તાન ૨૭૮, ૨૯૦, ૨૯૯
અમદાવાદ ૪, ૯ પા. ટી., ૧૪, ૩૧, ૩૩, ૩૫–૬, ૩૯, ૪૦, ૪૪, ૪૭, ૫૦, ૫૨, પા. ટી. –૫, ૫૮, ૬૦ પા. ટી., ૬૩, ૯૫, ૯૮–૯, ૧૦૩–૪, ૧૨૫, ૧૨૮, ૧૩૦, ૧૩૮, ૧૬૦, ૧૬૩, ૨૦૬–૭, ૨૦૯, ૨૧૦ પા. ટી., ૨૧૧, ૨૧૩–૫, ૨૧૭–૮, ૨૨૦–૧, ૨૨૩–૪, ૨૨૬–૭, ૨૩૦–૧, ૨૩૫, ૨૪૨, ૨૪૬-૭, ૨૪૯, ૨૫૦, ૨૫૬, ૨૫૯, ૨૬૫ પા. ટી., ૨૬૬, ૨૮૫, ૨૯૦, ૩૦૪, ૩૧૮ પા. ટી., ૩૧૯, ૩૨૭ પા. ટી., ૩૩૬–૭, ૩૪૯, ૩૫૦, ૩૫૨ પા. ટી., ૩૫૪, ૩૬૯, ૩૭૬, ૩૯૧, ૩૯૪, ૩૯૬, ૪૦૦, ૪૦૪, ૪૦૬, ૪૦૯–૧૦, ૪૧૬ પા. ટી., ૪૨૨, ૪૨૫, ૪૩૭, ૪૪૪ પા. ટી., ૪૪૯, ૪૫૦ પા. ટી.; –માં વણિકબુદ્ધિ બહુ છે ૩૯૬
અમદાવાદી ૨૧૫
અમન સાહેબ ૩૦૬
અમાનુલ્લા ૨૯૦ પા. ટી.
અમીન, હરિભાઈ ઝવેરભાઈ ૪૦૦
અમીરઅલી ૪૬૪
अमृतबझार पत्रिका ૧૦૪ પા. ટી., ૧૨૧, ૧૩૯ પા. ટી., ૧૬૮ પા. ટી.
અમૃતસર ૨૦૩, ૨૦૯, ૨૧૧, ૩૦૦, ૩૫૩, ૪૫૩, ૪૫૬, ૪૫૮, ૪૭૮; –નાં તોફાનો ૪૫૭
અમેરિકા ૩, ૪, ૪૩, ૩૬૭, ૪૬૯, ૪૭૦, ૪૭૩
અરાજકતાને લગતા ગુનાઓ સંબંધી ધારો ૩૬૮
અરાજકતાવાદી ૨૬૧
અર્જુન ૨૭૭, ૩૦૦–૧
अलनझीर ૩૫૭ પા. ટી.
અલવી, ઝફર–ઉલમુલ્ક ૩૫૭
અલીભાઈઓ ૪ પા. ટી., ૫, ૪૯–૫૦, ૮૦, ૮૮, ૯૧, ૯૩, ૧૦૧, ૧૨૮, ૧૪૫, ૨૧૨, ૨૭૮, ૩૦૫, ૩૨૯, ૩૭૨, ૪૫૬
અલ્લાહાબાદ ૧૨૧, ૧૨૩, ૧૨૪ પા. ટી., ૧૨૫, ૧૬૮, ૩૧૯
અલ્લાહાબાદ યુનિવર્સિટી ૧૫ પા. ટી.
અસહકારની લડતો ૧૭૨ પા. ટી.
અસ્વાત, મિ. ૧૦૧, ૧૦૪–૬, ૪૪૮
અહરિમાન ૨૭૭
અહિંસા –નો નિયમ ૨૭૩; –નો સિદ્ધાંત ૪૦૩
અહોરમઝ્દ ૨૭૭
અંગ્રેજ પ્રજા ૧૯૦, ૨૪૩, ૩૨૩, ૩૬૨
અંગ્રેજ સરકાર ૨૮૫, ૩૪૩
અંગ્રેજી માલનો બહિષ્કાર ૨૯૪
અંજુમન ઝિયાઉલ ઇસ્લામ ૨૮૩ પા. ટી.
અંતરના હુકમો ૧૮૭
અંતરાત્માનો અવાજ ૮૬, ૧૦૦, ૧૩૨, ૧૪૨, ૧૪૭, ૧૪૯, ૧૫૧, ૧૬૧, ૨૭૫, ૨૯૦, ૪૦૧; ૦શુદ્ધ અને સંયમી ૪૦૦
અંત્યજ ૪૩
અંબાલાલ સારાભાઈ, ૪૨ પા. ટી., ૪૩૮

આઇસ, ડૉ. ૯૬
આગાખાન ૪૬૪
આગ્રા ૨૪૨


Gandhi Heritage Portal

आत्मकथा ५३ पा. टी., ५७ पा. टी., ७१ पा. टी., १७९ पा. टी.
આત્મબળ ૪૨૫; ૦વિરુદ્ધ પશુબળ ૩૨૨
આત્મશિક્ષણ ૩૯૯
આધુનિક અથવા પશ્ચિમનો માર્ગ ૧૫૪
આનંદશંકરભાઈ જુઓ ધ્રુવ, આનંદશંકરભાઈ
આફ્રિકા ૩૯૫
આયર, એસ. સુબ્રહ્મણ્યમ સર ૧૪૦, ૧૪૧ પા. ટી., ૨૮૮, ૨૯૭, ૩૪૮
આયર, ગોવિંદ રાઘવ ૪૫૨
આયર, સર પી. સી. ૩૪૫
આયર, સી. પી. રામસ્વામી ૩૨૮
આયંગર, એસ. કસ્તુરી રંગા ૧૯૫, ૩૦૩
આયંગર, રંગાસ્વામી ૩૪૮
આયુર્વેદ ૨૯૭ પા. ટી.
આરોગ્ય વિષે કાળજી, માંદગીમાં ૫૩
आरोग्य संबंधी सामान्य ज्ञान १२ पा. टी.
આર્યસમાજ ૧૯૬
આવકવેરો ૩૯૯
આશ્રમ (સત્યાગ્રહ આશ્રમ) ૧૦–૧, ૧૮, ૨૩, ૫૧–૩, ૫૭–૮, ૬૧, ૬૩, ૬૬, ૬૯, ૭૦, ૭૮, ૮૧–૨, ૮૭, ૮૯–૯૦, ૯૫, ૧૦૧, ૧૧૭, ૨૦૭, ૨૧૦, ૨૧૧, ૨૧૩ પા. ટી., ૨૧૬–૭, ૨૧૯, ૨૨૪, ૨૨૬–૭, ૨૨૯, ૨૩૮–૯, ૨૭૦, ૩૦૮, ૩૧૨, ૩૨૧, ૩૩૩–૪, ૩૩૯, ૩૫૦, ૩૫૨, ૩૫૬, ૩૬૯, ૪૦૩, ૪૩૮; –ના સિદ્ધાંતો ૨૮૯; ૦વાસીઓ ૮૯, ૨૮૯
આંતરજ્ઞાતીય લગ્નો ૭૯ પા. ટી.
આંધ્ર ૧૬૦

ઇન્ટરનૅશનલ પ્રિન્ટિંગ પ્રેસ ૧૮૬, ૪૪૯ પા. ટી.
ઇન્ડસ્ટ્રિયલ કમિશન ૩૯૮
इन्डिपेन्डन्ट ७९ पा. टी.
इन्डियन एम्पायर ४३४ पा. टी.
इन्डियन ओपीनियन १० पा. टी., १२ पा. टी., ७०, ८६ पा. टी., ८९–९० पा. टी., ३७०, ४०५–६, ४४७–८
इन्डियन जर्नल ऑफ इकोनॉमिक्स १५ पा. टी.
ઇન્ડિયન નૅશનલ પ્રિન્ટિંગ વર્ક્સ ૪૦૮
ઇન્ડિયન પીનલ કોડ ૧૧૧
"ઇન્ડિયન રિલીફ ઍક્ટ ઑફ ૧૯૧૪" ૭૬ પા. ટી.
इन्डियन रिव्यू ९ पा. टी., १९, ३१, ४०, ५४ पा. टी., ६४, २४० पा. टी.
ઇન્ડિયન શૅર ઇન ધિ વૉર વિષે નોંધ ૧૫ પા. ટી.
इन्डियन सोशियल रिफॉर्मर १०२ पा. टी., ११७–८
"इन्डियन सोशियल रिफॉर्मरने पत्र" ७९ पा.टी.
इन्डियन होमरूल १७०, ३१७
ઇન્ડિયન હોમ રૂલ લીગ ૧૭૦ પા. ટી.
इन्डिया ३२१
इन्डिया इन १९१७–१८, ४७ पा. टी.
ઇન્ડિયા ઑફિસ ૭૫, ૩૭૮
ઇન્ડિયા કાઉન્સિલ ૩૫૩ પા.ટી.
ઇન્દોર ૨૩૩ પા. ટી.
ઇમામ સાહેબ ૯૫
ઇમામ, હસન ૨૯૯
ઇમામ, હુસેન ૨૯૯
ઇમ્પીરિયલ સિટિઝનશિપ ઍસોસિયેશન ૪૧૧, ૪૨૦
ઇલિઝાબેથ ૪૭૪
ઇસ્ફાની, અબ્દુલ યુસુફ ૧૮૨
ઇસ્લામના પ્રશ્નો ૨૬૨, ૨૬૪
ઇંગ્લંડ ૬ પા. ટી., ૧૫–૬, ૨૭ પા. ટી., ૫૬, ૬૮–૯, ૮૧ પા. ટી., ૧૦૦ પા. ટી., ૧૪૨, ૧૬૭, ૨૦૦, ૨૨૨, ૨૮૧, ૩૧૨, ૩૨૭, ૩૨૯, ૩૭૧, ૪૦૨, ૪૨૨, ૪૩૭, ૪૪૮, ૪૭૨–૪; –ની સરકાર ૨૧૨; –નું અર્થશાસ્ત્ર ૧૯૩; –માં ફ્રી ટ્રેડ ૩૬૧; –માં મજૂરોમાં અશાંતિ ૩૬૭
इंग्लिशमॅन २६७
ઇંદ્ર ૩૦૨ પા. ટી.
ઈશુ ખ્રિસ્ત ૭૩ પા. ટી., ૨૯૨; –નું આખું જીવન એક સીધુંસાદું વ્રત જ હતું ૨૯૧

ઉત્તર પ્રદેશ ૪૩૩ પા. ટી.
ઉપવાસ ૨૭૪–૬, ૨૮૭, ૩૬૮, ૪૫૯; ૦દુરાગ્રહી ૨૭૫; ૦સત્યાગ્રહી ૨૭૫
ઉપવાસ ફંડ ૩૩૯
ઉપવાસાદિ ધર્મક્રિયા ૩૦૨
ઉમરેઠ ૩૩૮–૯
ઉસ્માનદાદા ૪૨૦

**એ.** પી. આઈ. ૩૩૬
एक सत्यवीरनी कथा १८६
ઍન્ડ્રૂઝ, સી. એફ. ૩, ૨૧, ૩૨, ૩૫, ૩૮, ૪૧, ૫૮, ૬૬–૭, ૬૯, ૯૯–૧૦૦, ૧૬૩, ૧૭૩–૪, ૨૬૧, ૨૮૭, ૩૧૮, ૩૩૪, ૩૪૬, ૩૪૮–૯
એશિયાઈ કંપની ૪૬૩
એશિયાઈ રજિસ્ટ્રેશન ઍક્ટ ૪૨૨
એશિયાઈ લોકો ૪૬૩; –ને લગતો જમીન અને વેપાર સંબંધી ધારો ૪૫૦


Gandhi Heritage Portal

ઍશિયાટિક લૅન્ડ ઍન્ડ ટ્રેડિંગ ઍમેન્ડમેન્ટ બિલ ૩૮૩ પા. ટી.
ઍસોસિયેટેડ પ્રેસ ઑફ ઇન્ડિયા ૧૩૯ પા. ટી., ૧૯૮ પા. ટી., ૧૯૯ પા. ટી., ૨૩૭, ૪૧૨ પા. ટી., ૪૪૧
ઍસોસિયેશન ઑફ ચેમ્બર ઑફ કૉમર્સ ૫૪ પા. ટી.
ઍસ્ટન, મિ. ૩૬૦
ઍંગ્લો-ઇન્ડિયન અખબારો ૪૩૧
ઍંગ્લો-ઇન્ડિયન ટીકાકારો ૩૬૮
ઍંગ્લો-ઇન્ડિયન પત્રો ૧૯૬ પા. ટી.
ઍંગ્લો-ઇન્ડિયન મૂડીપતિઓ ૩૬૭

ઑક્સફર્ડ ૯૭ પા. ટી.
ઓડવાયર, માઇકલ ૩૨૦, ૩૪૫
ઓપિયમ લડાઈ ૪૭૩
ઓરિસ્સા ૬૦ પા. ટી.
ઑરેન્જ ફ્રી સ્ટેટ ૪૬૨
ઑસ્ટ્રેલિયા ૨૦, ૩૬૨

કઠલાલ ૪૦૯
કબીર ૧૮૯
કમળા ૮૧
કરનાક બંદર ૩૬૧ પા. ટી.
કરવીર પીઠ ૨૩૩ પા. ટી.
કરંદીકર, દાદાસાહેબ ૩૨૨
કરાંચી ૨૫૧, ૩૦૭
કરી, મિ. ૧૭૮
કર્ઝન, લૉર્ડ ૩૯૧
કર્ણાટક પ્રિન્ટિંગ પ્રેસ ૨૫૨
કલકત્તા ૧૪, ૨૮ પા. ટી., ૬૭, ૯૨, ૧૯૬, ૨૬૭, ૩૪૯; –ના બિશપ ૩૪૯
કાકા જુઓ કાલેલકર, દત્તાત્રય બાલકૃષ્ણ
કાછલિયા, અહમદ મહમદ ૩૧, ૫૪–૫, ૭૦, ૧૫૪–૫, ૩૨૭, ૪૪૦
કાઠિયાવાડ ૪૩, ૨૦૦ પા. ટી., ૩૦૭, ૩૩૦, ૩૩૮, ૪૭૮–૯
કાતગડે, નારાયણ તમાજી ૩૫ પા. ટી.
કાદરભાઈ, એન. ટી. ૨૮૩ પા. ટી.
કાનૂગા, બળવંતરાય નરસિંહપ્રસાદ ૪૦૦
કાનૂનભંગ ૪૫૨ પા. ટી., ૪૫૪; ૦ગુનાહિત ૩૮૭, ૩૯૭, ૪૭૦
કાનૂનવિરોધી પ્રવૃત્તિ, ગુનાહિત ૩૭૩
કાનૂની સમાનતા, ઔપચારિક ૪૨૦
કાનેમેના ૨૮૯
કાપડ ૦દેશી મિલોમાં બનેલું ૪૩૫; ૦પૂર્વનું, અમોલ હતું, તેમાં આત્મા હતો ૪૨૫
કામદાર, શ્રીમતી રમીબાઈ ૨૮૦ પા. ટી., ૩૬૬, ૩૬૨
કાયદા –નું સ્વેચ્છાપૂર્વક પાલન ૪૨૨; –નો અવિનયી ભંગ ૪૨૨; –નો નીતિરહિત ભંગ ૪૬૭; –નો નીતિસર ભંગ ૧૮૭; –નો ભંગ ૨૪૩, ૨૫૫, ૩૨૫, ૩૨૫; –નો સવિનયભંગ ૨૩૪, ૨૪૭, ૨૫૬, ૪૨૩, ૪૫૧–૨, ૪૬૨, ૪૬૬; –નો સવિનયભંગ — સત્યાગ્રહ રૂપી વડની એક શાખા ૨૩૫
કાયદો ધારો, ઓગણીસસો આઠ (૧૯૦૮)નો ટ્રાન્સવાલ કીમતી અને હલકી ધાતુઓનો ૪૬૧
કાલેલકર, દત્તાત્રેય બાલકૃષ્ણ (કાકા, કાકાસાહેબ) ૫૭, ૬૦, ૨૬૭
કાળો કાયદો ૧૭૧
કાળો રવિવાર ૧૭૧
કાંતિલાલ ૩૩૯
કિચન, હર્બર્ટ ૯૦
કિચનર, લૉર્ડ ૪૫૧
કિચલુ, ડૉ. ૨૦૯, ૨૩૦, ૩૪૫, ૩૫૩, ૩૬૦, ૩૬૧, ૪૫૮
કિંગ્ઝ ઇન ડબ્લિન ૪૬૦
કીટ્સ ૨૪૩
કુતુબમિનાર ૩૬૨
કુમી (કમુબહેન) ૭૨; ૦બહેન ૭૨ પા. ટી.
કુરાન ૨૮૫, ૩૨૯
કુરેશી, શ્વેબ ૪૯
કુલકર્ણી, એમ. એન. ૨૫૨
કુંઝરુ, હૃદયનાથ ૨૪૨
કૃપાલાની, ગિરધારી ૧૯
કૃષ્ણ ૪૯, ૯૭, ૨૭૭
કૃષ્ણસ્વામી ૯
કૅનેડા ૨૦
કેપ ૨૧
કેપટાઉન ૪૬૩; ૦વકીલસભા ૧૦૪ પા. ટી.
કેર, મિ. ૨૫૪
કૅલનબૅક ૩૨૭
કેળકર, ડૉ. ૯૫ પા. ટી.
કેળવણી ૮૭, ૯૪, ૯૫
કૈસર ૬૯
કૉટન, મિ. ૩૩૧
કૉટન કમિટી ૩૮૮, ૩૮૯



Gandhi Heritage Portal

કૉન્સ્ટૅન્ટિનોપલ ૨૮૬
કૉમટૉલ્લા ૧૯૬
કૉમરેડ ૪ પા. ટી.
કોલંબો ૬૭
કોલાબા ૨૮૬
કૉલોનિયલ ઑફિસ ૭૫
કોવી, એન. પી. ૨૫૩, ૩૦૭, ૩૩૦, ૩૪૧-૨, ૩૪૯
કૉંગ્રેસ ૫ પા. ટી., ૨૬, ૨૭ પા. ટી., ૨૮, ૩૮–૯, ૬૭, ૯૩ પા. ટી., ૧૦૦ પા. ટી., ૧૦૨ પા. ટી., ૨૦૯
કૉંગ્રેસ–લીગ યોજના ૬૪
કૉંગ્રેસનો ઇતિહાસ ૧૪૦ પા. ટી.
કૌટુંબિક સંબંધ ૨૪૦
ક્યુની બાથ ૨૪૨; ૩૫૨
ક્રા (ક્રૉ) ફર્ડ માર્કેટ ૧૮૩, ૧૯૮
ક્રિમિનલ પ્રોસીજર કોડ ૧૧૧
ક્રિરર, જે. ૨૫૦, ૪૧૯, ૪૪૧
ક્રૂગર, પ્રેસિડેન્ડ ૪૩૯
ક્રૂગર્સડૉર્પ ૧૦૪ પા. ટી., ૧૦૫
ક્રૉનિકલ જુઓ બૉમ્બે ક્રૉનિકલ

ખલીફાત ૨૮૬
ખલીફાતુલ મુસલમાનો ૨૮૬
ખાડિલકર ૩૭૨ પા. ટી.
ખાદી ૩૧૬, ૩૩૭–૮, ૪૭૪, ૪૭૬; ૦ઉત્પાદન કેન્દ્ર ૫૩ પા. ટી.
ખાન, અઝીમુદ્દીન ૩૭૨
ખાન, સાદિકઅલી ૩૭૨
ખાનસાહેબ ૪૧૯
ખાપર્ડે ૧૧૨
ખિલાફત ૨૬૪, ૨૮૩, ૨૮૬, ૩૦૬, ૩૯૮, ૪૫૪; ૦આંદોલન ૨૬૨
ખેડા ૨, ૪, ૧૫, ૨૪, ૨૪૭, ૨૭૯, ૪૦૦, ૪૦૯, ૪૨૬–૭, ૪૩૭, ૪૭૬; –ની પ્રજા ૪૨૧
ખેડા વર્તમાન ૨૮૦
ખેતીવાડી કૉલેજ – પૂના ૩૯૨ પા. ટી.
ખોરાક વિષે ૧૨, ૩૦, ૩૪

ગણપતિ ૯૬
ગણેશ ઍન્ડ કંપની ૩૧૭
ગયા કૉંગ્રેસ ૧૯૬ પા. ટી.
ગંગનાથ ભારતીય વિદ્યાલય ૫૭ પા. ટી., ૪૪૪ પા. ટી.
ગંગાબહેન ૩૧૩, ૩૩૩
ગંગાબહેન મેઘજી ૩૫૭
ગાઈડર, જે. એ. ૨૬૫, ૨૮૯
ગાંધી, કસ્તૂરબા (બા) ૧૭, ૧૯, ૫૮, ૬૮, ૯૬, ૨૯૩ પા. ટી., ૩૨૫, ૩૩૮, ૪૧૬
ગાંધી, કાકુ ૨૭૦
ગાંધી, કાંતિલાલ ૯૬, ૯૮
ગાંધી, કૃષ્ણ (કૃષ્ણો) ૧૯
ગાંધી, કેશુ ૧૯, ૩૨૬, ૩૩૮
ગાંધી, ખુશાલભાઈ ૧૧ પા. ટી.
ગાંધી, ગુલાબબહેન (ચંચળ) ૭૨ પા. ટી.
ગાંધી, ગોકળદાસ ૨૭૦ પા. ટી.
ગાંધી, ચંચી (ચંચળબહેન) ૪૫, ૭૨, ૯૫
ગાંધી, છગનલાલ ૩૩૯, ૪૧૬, ૪૩૮, ૪૪૪, ૪૫૦
ગાંધી, જડીબહેન ૯૮
ગાંધી, દેવદાસ ૮–૯, ૧૯, ૨૨, ૨૬, ૩૩, ૩૯, ૪૪, ૫૨, ૭૮, ૮૨–૩, ૯૫, ૧૨૦
ગાંધી, નંદકોર (નંદકોર ભાભી) ૩૫૬
ગાંધી, પ્રભુદાસ ૮૧
ગાંધી, મગનલાલ ૬ પા. ટી., ૧૧, ૧૯, ૬૬, ૬૮, ૭૮, ૮૧–૨, ૮૯–૯૦, ૨૬૬, ૩૦૯, ૩૨૬–૭, ૩૩૩, ૩૩૮, ૩૫૨, ૩૫૬, ૪૩૮, ૪૪૬
ગાંધી, મણિલાલ ૩૨૫, ૪૪૭–૯
ગાંધી, મનુ ૭૨, ૯૬, ૯૮
ગાંધી, મોહનદાસ કરમચંદ (ગાંધી, ગાંધીજી, બાપુ, મો. ક. ગાંધી, મોહન, હું) ૩–૧૯, ૨૧, ૨૩–૬, ૨૮, ૩૦–૨, ૩૪–૬, ૩૯–૬૯, ૭૧, ૭૪, ૭૮, ૮૦, ૮૧, ૮૩, ૮૬, ૮૮, ૮૯, ૯૨, ૯૫, ૯૭–૧૦૦, ૧૦૨–૩, ૧૦૫–૬, ૧૧૬, ૧૧૮–૯, ૧૨૧–૨, ૧૨૬, ૧૨૮–૩૦, ૧૩૪, ૧૩૬–૭, ૧૩૯, ૧૪૧, ૧૪૩–૭૦, ૧૭૧–૭, ૧૮૧–૪, ૧૮૬–૯ પા. ટી., ૧૯૬, ૧૯૮–૨૦૩, ૨૦૫–૫૯, ૨૬૧–૬, ૨૬૮–૭૫, ૨૮૧–૪, ૨૮૭, ૨૮૯–૯૩, ૨૯૫–૩૦૭, ૩૨૨–૩૪, ૩૩૩–૪૨, ૩૪૬, ૩૪૮–૫૧, ૩૫૩–૭, ૩૬૦, ૩૬૧ પા. ટી., ૩૬૩–૬, ૩૬૮–૭૩, ૩૭૫–૮૯, ૩૯૨–૫, ૩૯૭, ૩૯૯, ૪૦૧–૬, ૪૦૯–૧૧, ૪૧૩–૭, ૪૧૯–૨૬, ૪૨૮, ૪૩૩–૮, ૪૪૩–૫૪, ૪૬૦–૩, ૪૬૫–૬, ૪૬૮–૭૧, ૪૭૪–૫, ૪૭૯–૮૦, ૦અદાલતો વિષે ૪૫૫–૮, ૦આખા હિંદમાં ભટકી રહ્યો છું ૨, ૦આપણાથી ન કરી શકાય તે જરૂર સંકેલીએ ૧૧;

Gandhi Heritage Portal

૦આશ્રમના પ્રયોગો મારો વિનોદ છે ૧૧, ૦એક મોટો યોદ્ધો છું ૧; ૦ખરેખરું નીતિબળ જ હશે તો આપણે જીતીશું ૧૨૦; ૦ગુજરાતના આશીર્વાદ ઇચ્છું છું ૪૦૫ ૦ગુણોના ત્રાજવાને એક જ ચારિત્ર્યવાન પુરુષ વજનદાર કરી શકે છે ૧૧; ૦જીભને જીતવી એ તમામ વસ્તુને જીતવા બરાબર છે ૩૨; ૦જ્યાં ભૂલ જોઈએ ત્યાં જરૂર સુધારીએ ૧૧; ૦પરદેશી કપડાંને ફેંકી દો ૨૮૦; ૦મને તો લશ્કરભરતીનું ગાંડું લાગ્યું છે ૧૭; ૦માણસ માટે માણસના કાર્ય સિવાય બીજું પ્રમાણ નથી ૯૦; ૦માતૃભૂમિ પ્રત્યેની મારી સેવા ૪૨૧; ૦મિલો સામે મારો વાંધો નથી ૪૭૫; ૦યંત્ર વિષેના મારા અનાડી વિચારો ૪૭૫; ૦લડાઈરૂપી ટૉનિક ૧૦૩; ૦શુદ્ધ વ્યાપાર મોટો પુરુષાર્થ છે ૮૬; ૦શુદ્ધ બલિદાન આપવાનો પ્રયત્ન કરીશ ૮૯; ૦સત્યાગ્રહ વિષેનો અટલ વિશ્વાસ ૨૬૭; ૦સંધ્યા (પ્રાર્થના) નિયમિત કરજો ૮૨; ૦સારા અક્ષર ભૂષણ છે ૯૫; ૦સ્વરાજ્ય મેળવવામાં પછાત વિચારનો નથી ૧; ૦હઠપૂર્વક વહેલા ઊઠવા સલાહ ૮૭; ૦હઠીલા પ્રતિકારને કેળવ્યો એટલે સત્યાગ્રહી રહી શક્યો ૨૩૦; ૦હું તો સાહસીયો દુનિયાદારી માણસ હતો ૯૪; ૦હું દુનિયામાં સૌથી વધારે સુવ્યવસ્થિત માણસ છું ૯૪; ૦હું પણ શિખાઉ છું ૧૧; ૦હું પોતે તો ખરેખરા સ્વદેશીમાંનો એક છું ૧૭૭

ગાંધી, રસિક ૯૬–૭

ગાંધી, રાધા ૧૯

ગાંધી, રામદાસ ૨૭, ૭૦, ૯૫, ૩૨૪–૫, ૩૨૭–૮, ૪૪૭–૮

ગાંધી, રામી ૭૨, ૯૬, ૯૮, ૨૬૭

ગાંધી, રૂખી ૬, ૪૯, ૮૧, ૩૩૮

ગાંધી, લક્ષ્મીદાસ ૨૭૦ પા. ટી., ૩૫૬ પા. ટી.

ગાંધી, શામળદાસ ૨૭૦, ૩૩૮, ૩૫૨, ૩૫૬, ૪૪૬

ગાંધી, શાંતિ ૩૩૮

ગાંધી, સંતોક ૬, ૧૯

ગાંધી, હરિલાલ ૨૭, ૩૪, ૪૫, ૫૮, ૬૩, ૭૨, ૯૫, ૯૭, ૨૬૭

ગાંધી-સ્મટ્સ કરાર ૪૪૧

ગાંધી-સ્મટ્સ સમાધાન ૧૦૪ પા. ટી., ૪૫૦

ગિરિજાશંકર ૪૩૮

ગિરમીટ ૭૪–૬

ગિરમીટિયા ૪૩૬; ૦મજૂરો ૧૫૨, ૧૫૪; ૦હિંદીઓ ૨૩૫

ગિલેસ્પી મિ. ૨૩૮, ૩૫૦, ૩૮૦

ગીતા ૪૮, ૧૯૨, ૨૬૯, ૨૭૨, ૨૭૬, ૩૦૭, ૩૧૮, ૩૨૩

ગીતારહસ્ય ૪૮

ગુજરાત ૧, ૧૩–૪, ૩૮, ૪૭–૮, ૬૪, ૨૩૨, ૨૭૭, ૩૦૦ પા. ટી., ૩૧૧, ૪૦૫, ૪૨૧; ૦ગરવી ૨૧૫

ગુજરાત કૉલેજ ૪૧, ૩૧૮ પા. ટી.

ગુજરાત મેલ ૪૦૯

ગુજરાત રાજકીય પરિષદ ૬૦ પા. ટી.

ગુજરાત સ્વદેશી વસ્તુભંડાર ૬૦ પા. ટી.

ગુજરાત સભા ૪૦, ૫૬ પા. ટી.

ગુજરાતમિત્ર અને ગુજરાતદર્પણ ૩, ૨૮૬, ૩૧૩ ૩૮૭, ૪૧૭, ૪૬૯–૭૦

ગુજરાતી ૧૪, ૫૫, ૬૦, ૧૦૬, ૧૧૩, ૧૨૬, ૧૬૩, ૧૭૦, ૧૮૨–૩, ૨૩૪, ૨૪૨, ૨૪૬, ૨૭૪, ૨૭૭, ૨૮૧, ૨૮૭, ૩૧૬, ૩૨૩, ૩૨૪ પા. ટી., ૩૨૮, ૩૬૩, ૩૭૪, ૩૮૭, ૩૯૪, ૩૯૬, ૪૨૮, ૪૪૧, ૪૫૪, ૪૬૮, ૪૭૬

ગુજરાનવાલા ૪૭૮–૯; ૦કાવતરા કેસ ૪૦૪, ૪૭૭; –ના લોકો ૪૭૭

ગુનાહિત દુષ્કૃત્યો ૩૫૪

ગુરુદેવ (ટાગોર, રવીન્દ્રનાથ) ૪, ૩૨, ૩૫–૬, ૪૧, ૫૮, ૧૬૩, ૧૭૩

ગુરુકુળ ૧૨૯

ગુલબદન ૮૧

ગૅઝેટ ૧૦૬–૭

ગોકીબહેન (ફોઈબા ગાંધીજીનાં) ૩૦૯, ૩૩૩

ગોખલે, ગોપાળ કૃષ્ણ ૭૫–૬, ૯૧, ૧૦૪ પા. ટી., ૧૦૫, ૪૧૮; –નાં ભાષણોનું ગુજરાતી ભાષાંતર ૯૧ પા. ટી.; –નો સેવામંત્ર ૭૪

ગોપીચંદ ૪૯

ગોરખ (બાબુ)પ્રસાદ ૬૧, ૨૪૯

ગોરી પ્રજા ૪૪૦

ગૉર્જિસ મિ. ૪૧૮

ગોલ્ડ ઍક્ટ ૪૩૯, ૪૬૨

ગોવર્ધનદાસ ૨૯૮–૯

ગોવિંદસ્વામી ૪૪૯ પા. ટી.

ગોંડલ ૪૩૮

ગૌરક્ષિણી સભા ૧૯૪

ગૌવધ ૧૯૪, ૧૯૫

ગ્રિફિથ ઍફ. સી. ૧૮૮, ૧૬૬–૮, ૨૭૦, ૨૮૨, ૨૯૬, ૩૦૪, ૩૦૫, ૪૦૯ પા. ટી., ૪૧૯, ૪૨૮

Gandhi Heritage Portal

૪૪૧, ૪૪૬ પા. ટી., ૪૪૯
ગ્રેની ૪૪૯

ઘાટે, ઓ. એસ. ૪, ૮૦, ૮૮, ૧૪૪, ૧૯૯, ૨૭૮, ૩૦૫, ૩૨૯ પા. ટી.

ચક્રવર્તી, બી. ૨૮
ચરખાનું મધુર ગુંજન ૩૬૫
ચર્ચિલ, મિ. વિન્સ્ટન ૪૫૬
ચંદાવરકર, સર નારાયણ ૧૦૨, ૩૪૬ પા. ટી., ૩૭૬, ૩૭૭, ૩૭૯, ૪૫૦, ૪૫૨
ચંદ્રશંકર ૩૩૮
ચંપારણ ૨, ૪, ૧૧, ૧૫–૬, ૩૫–૬, ૫૨ પા. ટી., ૫૫–૬, ૬૦ પા. ટી., ૬૧ પા. ટી., ૬૫, ૧૭૨ પા. ટી., ૨૪૭, ૪૩૪, ૪૩૭, ૪૪૯
ચાઈનાબાગ ૧૮૩ પા. ટી.
ચાર્લી જુઓ ઍન્ડ્રૂઝ, સી. એફ.
ચિટણીસ, સી. વી. ૩૨૨
ચિતલિયા, કરસનદાસ ૩૯
ચિનાઈ, ચિમનલાલ ૩૭૨ પા. ટી., ૩૬૪, ૪૨૬
ચિરોલ ખટલો ૩૨૩
ચિરોલ, વેલેન્ટાઈન સર ૩૨૩–૪
ચીન ૪૭૩–૪;– અને બ્રિટન વચ્ચે લડાઈ ૪૭૩ પા. ટી.
ચૅટફીલ્ડ, જી. ઈ. ૨૧૦, ૨૧૬–૭ પા. ટી., ૨૨૬–૭, ૨૩૮–૯
ચૅમ્બરલેન મિ. જોસેફ ૪૭૪
ચૅમ્સફર્ડ લૉર્ડ ૯૨–૩, ૧૨૪, ૩૪૭
ચોપાટી ૧૭૭, ૧૯૪, ૨૦૩, ૨૭૩
ચૌધરી, રામભજદત્ત ૪૫૫, ૪૫૮

છબલભાભી ૭૨
છિંદવાડા ૬૨, ૧૯૯
છોટાલાલ તેજપાલ ૮૧, ૩૦૯, ૩૩૩, ૩૩૭, ૪૫૫
છોટેલાલ ૫૨

જગન્નાથ ૩૦૯, ૩૩૩, ૩૩૭, ૩૩૯, ૪૭૭, ૪૮૦
જન્મભૂમિ ૩૯૫; –ની સેવા ૪૩૭
જમનાદાસ દ્વારકાદાસ ૨૨, ૨૬, ૮૧, ૧૭૭, ૧૮૨, ૨૦૭, ૨૪૪ પા. ટી., ૨૫૧, ૨૮૩ પા. ટી., ૩૧૯, ૩૨૩, ૩૬૪, ૩૭૧, ૩૭૨
જમીન મહેસૂલની લડત ૪૨૨;–નો કાયદો ૩૯૯
જયકર શ્રીમતી ૧૭૧, ૧૮૩ પા. ટી.
જયરામદાસ ૩૦૩
જરથુસ્ત ૨૯૨; ૦ગ્રંથો ૨૭૭
જર્મન લેખક ૪૭૪ –નું રાજ્ય ૪૫૯
જર્મની ૬૯, ૪૩૭
જહાજ ટકાઉ ૨૫૨
જંગલનો કાયદો ૩૯૯
જાતિભેદ ૨૦
જાપાન ૧૯૦, ૨૯૪, ૩૧૨–૩, ૩૬૬, ૪૫૪, ૪૭૩, ૪૭૫–૬; –ની પ્રજા ૩૯૩; –નો ભય ૪૭૨
જાહેરખબરથી પ્રજાને કશો લાભ થતો નથી ૪૦૬
જુમ્મા મસ્જિદ ૩૪૪
જેઠમલ પરસરામ ૪૬૮
જેતપુર ૪૭૯
જેતાણી, માવજી ૩૩૩, ૩૩૯
જેરાજાણી, વિઠ્ઠલદાસ ૨૯૧, ૩૩૮–૯, ૩૫૮, ૩૬૩, ૩૬૭, ૩૭૧, ૪૧૬
જેરૂસલેમ ૨૮૬
જેવન્સ, પ્રો. હર્બર્ટ સ્ટેન્લી ૧૫
જેલ ૧૨૮, ૧૫૦, ૧૫૨, ૧૫૪, ૧૮૪–૫, ૨૦૦, ૨૦૨, ૨૪૩, ૨૬૮, ૨૯૧, ૩૦૩, ૩૪૬, ૩૬૮, ૩૭૨, ૩૭૫, ૩૮૭, ૩૯૦, ૩૯૭, ૪૨૦, ૪૨૩, ૪૬૯, ૪૫૮; ૦દ્વારા સ્વતંત્રતાનું દ્વાર ૧૭૦; ૦યાત્રા ૧૮૦
જૈન ધર્મમાં જીવદયા અને અહિંસાનું શિક્ષણ ૩૮૬
જોહાનિસબર્ગ ૪૪૮ પા. ટી.
જોહાનિસબર્ગ બૅપ્ટિસ્ટ ચર્ચ ૪૪૮ પા. ટી.

ઝવેરી, મોતીલાલ ડાહ્યાભાઈ ૨૬૯
ઝવેરી, રેવાશંકરભાઈ ૪૪૪
ઝીણા, એમ. એ. ૩૮૪, ૦શ્રીમતી ૩૮૫

ટાઇમ્સ ઑફ ઇન્ડિયા ૧૦૩ પા. ટી., ૨૪૯–૫૦, ૨૭૬, ૩૫૧ પા. ટી., ૪૧૦–૨, ૪૧૫, ૪૨૦, ૪૪૫, ૪૭૬
ટાગોર, દેવેન્દ્રનાથ ૧૭૬
ટાગોર, દ્વિજેન્દ્રનાથ ૪ પા. ટી., ૧૭૬
ટાગોર (ઠાકુર), રવીન્દ્રનાથ ૩ પા. ટી., ૩૮ પા. ટી., ૫૮, ૮૭, ૧૭૩, ૧૭૬, ૩૩૨ પા. ટી.
ટિકેકર શ્રી ૩૮૯
ટિળક પર્સ ફંડ ૩૨૩

Gandhi Heritage Portal

ટિળક, બાળ ગંગાધર ૧, ૨, ૧૩, ૨૫, ૨૯, ૩૯, ૪૮, ૩૨૨, ૩૨૪ પા. ટી., ૦નીતિ ૨૫; ૦સત્યાગ્રહી હોત તો કેવું સારું! ૩૨૩
ટોપ્પાકુલમ ૧૪૪
ટૉલ્સ્ટૉય ૮૯ પા. ટી., ૩૯૮
ટ્યુડર, ઑવન સર ૭૫
ટ્યૂક કર્નલ ૩૦૮
ટ્રાન્સવાલ ૨૦–૧, ૩૧, ૫૪, ૧૦૪–૫, ૧૨૯, ૧૪૬, ૧૫૧ પા. ટી., ૧૫૫, ૩૮૧, ૩૮૪, ૪૧૨, ૪૧૮–૯, ૪૩૮, ૪૪૦–૧, ૪૪૮, ૪૬૩, ૦એશિયાટિક કાનૂન ૪૬૧; ૦ઑર્ડિનન્સ ૯, ૧૯૧૨નો ૧૦૪ પા. ટી., –ના કાયદાઓનું પુસ્તક ૪૧૦ પા. ટી., –ના બ્રિટિશ હિંદી વસાહતીઓ ૪૬૨; –ના હિંદી વસાહતીઓના હક્કો ૪૬૩; –ના હિંદીઓની સ્થિતિ ૪૫૧; –ના હિંદીઓની સ્વતંત્રતા ૩૮૪; –ની સુપ્રિમ કોર્ટનો ચુકાદો ૪૬૧; –ની સોનાની ખાણ ૪૩૮; –નો ચુકાદો ૪૬૨; –નો સુવર્ણ વિસ્તાર ૪૬૧; ૦પ્રાંત ૪૬૨; –માં વસતા હિંદીઓ ૪૫૦; ૦વટહુકમ ૯ ૧૯૧૨નો ૧૦૪ પા. ટી., –વાળું બિલ ૩૮૩; ૦સરકાર ૪૨૨ ૪૬૧,
ટ્રામવેના કર્મચારીઓની હડતાળ ૧૩૭
ટ્રિપોલીની લડાઈ ૨૮૪
ટ્રિપ્લિકેન ૧૩૪ પા. ટી., ૧૬૦ પા. ટી.
ટ્રિબ્યૂન ૨૯૮–૯, ૩૪૦, ૩૪૩, ૩૪૬–૭, ૩૬૯, ૪૨૯

ઠાકોર, કેસરીપ્રસાદ મણિલાલ ૩૯, ૯૮

ડચ પ્રજા ૨
ડરબન ૮૯ પા. ટી., ૧૦૪ પા. ટી., ૧૭૮
ડંકન મિ. ૪૧૯
ડંકા અખબાર ૪૫૮
ડાહ્યાભાઈ ૪૭૧
ડિફેન્સ ઑફ ઇન્ડિયા ઍક્ટ ૧૧૧, ૩૩૨, ૩૬૭
ડિફેન્સ ઑફ સૉક્રેટીસ ૩૯૮
ડુબાઉલે, જેમ્સ સર ૧૨૧, ૧૨૮, ૧૪૪
ડેનમાર્ક ૩૧૮, ૪૭૪
ડેનિશ મિશન ૬૭, ૩૧૭ પા. ટી., ૦બોર્ડિંગ સ્કૂલ ૧૬૫ પા. ટી.
"ડેનિશ મિશનરી સોસાયટી" ૬૬ પા. ટી., ૩૮૦ પા. ટી.
ડોક, રેવ. ૩૨૭
ડોક, મિસિસ ૪૪૮

ઢાકાની મલમલ ૨૮૦

તપાસ પંચ ૪૭૯
તલાટી, ગોકળદાસ ડી. ૪૨૧
તાજમહાલ ૩૬૨
તાતા, રતન સર ૪૫
તાતા, લેડી ૪૪૪
તાતાર ૪૭૪
તારદેવ ૧૮૨
તાંજોર ૧૪૨, ૧૪૬, ૧૫૦, ૧૬૦
તિબેટ ૪૭૪
તુર્કસ્તાન ૨૫૮, ૪૦૨, ૪૬૪–૫
તુલસીદાસ ૪૮, ૨૩૨, ૪૨૫, ૪૩૭
તૂતીકોરિન ૧૪૪, ૧૫૩, ૧૬૦
તૈયબજી, ફૈઝ બી. ૪૩૯ પા. ટી.
ત્રણ પાઉંડનો કર ૭૫–૬
ત્રાવણકોર ૩૨૮ પા. ટી.
ત્રિચિનાપલ્લી ૧૪૬, ૧૫૦, ૧૬૦, ૩૭૫
ત્રિશંકુ ૩૦૨

થૉરો ૪૬૭

દ. આ. જુઓ દક્ષિણ આફ્રિકા
દક્ષિણ આફ્રિકા ૧, ૧૧, ૨૦–૧, ૨૭ પા. ટી., ૫૪–૫, ૭૪–૬, ૭૮ પા. ટી., ૮૭, ૮૯, ૯૦ પા. ટી., ૯૩–૪ પા. ટી., ૯૭ પા. ટી., ૧૦૧–૨, ૧૦૪–૬, ૧૨૪, ૧૩૩, ૧૪૩, ૧૪૬–૭, ૧૫૧, ૧૫૪–૫, ૧૫૮–૯, ૧૬૪, ૧૭૫, ૨૩૫, ૨૪૭, ૨૬૭, ૨૭૩, ૨૮૩ પા. ટી., ૨૮૪, ૩૨૪, ૩૨૭–૮, ૩૫૫, ૩૬૭, ૪૦૨, ૪૦૫, ૪૧૦–૨, ૪૧૫, ૪૧૭–૮, ૪૨૦, ૪૨૨, ૪૩૬, ૪૪૦, ૪૪૪, ૪૪૭–૮, ૪૫૦, ૪૬૧ પા. ટી., ૪૬૨, ૪૭૨; –ના મૂઠીભર બ્રિટિશ હિંદીઓ ૪૬૨; –ના યુનિયનની પાર્લમેન્ટ ૪૪૦; –ના હિંદીઓ ૪૩૯; –ની લડત ૮૬ પા. ટી; –ની સરકાર ૪૪૦; –ની સંઘ સરકાર ૪૫૦; –"ની સ્થિતિ વિષે અખબારો જોગ પત્ર" ૪૪૮ પા. ટી; –નો સત્યાગ્રહ ૩૨૨; ૦બ્રિટિશ હિંદી સમિતિ ૪૪૮ પા. ટી., –"માં હિંદીઓ" ૩૩૫ પા. ટી.
દક્ષિણ આફ્રિકી પ્રજાસત્તાક ૪૬૨
દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઇતિહાસ ૧૫૪ પા. ટી., ૩૧૮ પા. ટી.
દક્ષિણ ભારત ૬૬ પા. ટી.
દક્ષિણ હિંદનાં મંદિરો ૦સ્થાપત્યના અદ્ભુત નમૂનાઓ ૧૫૩


39475

Gandhi Heritage Portal

દફતરી શ્રી ૧૬૭
દરભંગા ૬૦ પા. ટી.
દલપતરામ કવિ ૮૭ પા. ટી.
દલપતસાર ૮૭ પા. ટી.
દલાલ, ડૉ. ૭૪ પા. ટી.
દવે, સાકરલાલ ૩૦૦
દાદાભાઈ નવરોજીની જન્મજયંતી ૧૭ પા. ટી.
દાસ, સી. આર. ૧૯૬
દિલ્હી ૩૬ પા. ટી., ૬૫ પા. ટી., ૮૮, ૧૦૦ પા. ટી. ૧૧૯–૨૧, ૧૪૫, ૧૬૦, ૧૬૫–૭, ૧૬૯, ૧૭૧–૩, ૧૭૫, ૧૭૭–૮૧, ૧૮૮, ૧૮૯ પા. ટી., ૧૯૭–૯, ૨૦૨, ૨૦૬, ૨૦૯, ૨૧૧, ૨૧૫, ૨૧૮, ૨૩૦–૨, ૨૫૨, ૨૮૭, ૩૧૮, ૩૨૦, ૩૪૩, ૩૫૩, ૩૬૮, ૪૩૦, ૪૫૮, ૪૬૫; ૪૭૯; –ના બનાવો ૪૬૬; –"ના શહીદો" ૩૪૪; –ના "શહીદોનું સ્મારક" ૩૪૪; –ના સત્તાવાળાઓ ૪૩૧; –નાં તોફાનો ૩૪૩; –ની દુઃખદ ઘટના ૩૪૫; –ની વડી ધારાસભા ૨૬ પા. ટી.; –નો ગોળીબાર ૪૫૭; ૦શાયતાનની સત્તાના પાયતખ્તનું શહેર ૧૭૩
"દીનબંધુ" ૩ પા. ટી.
દીહોરકર, લાભશંકર હરજીવનદાસ ૨૨૮–૯
દુકાળ કમિટી ૩૩૩, ૩૯૩
દુનીચંદ લાલા ૪૫૫, ૪૫૮
દુરાગ્રહ ૨૦૩, ૨૦૫, ૨૧૪
દુરાગ્રહીઓ ૨૦૬, ૩૬૯
દૂદાભાઈ ૩૧૨
દૂધ વિષે ૧૧, ૬૮–૭૨, ૭૭
દેવ, ડૉ. એચ. એસ. ૫; –ને શ્રદ્ધાંજલિ ૫૫–૬
દેવજી દ્વારકાદાસ ૩૭૨ પા. ટી.
દેવધર, જી. કે. ૧૦
દેવધર શ્રીમતી ૧૦
દેવીબહેન ૯૪, ૪૪૬, ૪૪૮
દેશનિકાલ ૨૬૮
દેશપાંડે, ગંગાધરરાવ ૩૮૭
દેશભૂમિ ૩૯૫
દેશ માટે વિશુદ્ધ પ્રેમ ૩૬૦
દેશસેવા ૧૯૨, ૩૨૩ પા. ટી., ૩૯૬, ૪૪૭
દેશી રાજ્યોની પ્રજા ૩૪૧
દેસાઈ, કૃષ્ણલાલ ૨૨૪
દેસાઈ, ચંદુલાલ મણિલાલ ૯૮
દેસાઈ, દયાળજી નાનુભાઈ ૪૦૦, ૪૭૧
દેસાઈ, દુર્ગાબહેન ૩૫૨, ૪૫૦
દેસાઈ, પ્રાગજી (પરાગજી) ખંડુભાઈ ૮૬, ૨૬૭–૮
દેસાઈ, મહાદેવભાઈ ૧૫ પા. ટી., ૩૪ પા. ટી., ૪૪ પા. ટી., ૫૭, ૬૧, ૬૫ પા. ટી., ૬૬, ૭૦, ૭૧ પા. ટી., ૮૨–૩, ૮૭–૮, ૯૫–૬, ૯૮, ૧૨૦, ૧૨૫ પા. ટી., ૧૩૧, ૧૩૪ પા. ટી., ૧૪૧, ૧૬૪, ૧૮૮, ૧૯૯, ૨૦૨, ૩૦૦, ૩૦૪–૫, ૩૧૭, ૩૩૦, ૩૩૩, ૩૩૭, ૩૭૭, ૪૧૫, ૪૪૭, ૪૫૦
દેસાઈ, વાલજીભાઈ ૩૧૮

"ધરણાં" ૩૬૯
ધર્મ દયામાં છે ૪૨૫
ધર્મતત્ત્વ ૧૫૩
ધૂળિયા ૫ પા. ટી.
ધોરાજી ૪૭૮–૯
ધ્રુવ, આનંદશંકર ૨૩, ૩૪, ૩૦૦; ૦ધર્મ ઉપરના સુંદર નિબંધોનો સંગ્રહ ૪૧

નગરકટ્ટી, ડી. એન. ૪૪૩
નગરસુધારણા ધારો ૪૧૮
નજફ ૨૮૬
નજિમ, શ્રી ૩૦૬
નટરાજન કે. ૧૦૨, ૩૪૬ પા. ટી.
નટેસન, જી. એ. ૯, ૧૯, ૨૩૪, ૩૭૫, ૪૧૫
નડિયાદ ૧૦, ૧૩, ૧૭–૯, ૨૧–૨, ૬૦ પા. ટી., ૨૨૧, ૨૨૭, ૨૩૯, ૨૫૪, ૪૦૦, ૪૦૯, ૪૨૧, ૪૨૪, ૪૨૫, ૪૨૭, ૪૫૪
નડિયાદીઓની સેવા કરવી એ હિંદની સેવા છે ૪૨૭
નરનારાયણ મંદિર ૨૪૪ પા. ટી.
નરસિંહ મહેતા, ૨૭૭
નર્મદાશંકર કવિ ૪૭૬
નવજીવન ૪૦૫–૬
નવજીવન અને સત્ય ૪૦૫–૬
नवम हिंदी साहित्य संमेलनका कार्यविवरण भा. १ २३६–७
નાગપુર ૯૩ પા. ટી.
નાગપ્પન સામી ૧૫૦–૧, ૧૫૫, ૧૫૮, ૧૭૫
નાગાપટ્ટમ ૧૪૪, ૧૫૬, ૧૫૯–૬૦
નાઝર, મનસુખલાલ ૯૦ પા. ટી.
નાનુભાઈ ૫૦
નાયડુ શ્રી ૪૪૮
નાયડુ, સરોજિની ૪૬, ૧૭૧, ૧૭૭, ૧૮૧–૨, ૨૫૧, ૩૨૨–૩, ૩૩૦, ૩૩૨, ૪૦૦, ૪૬૮, ૦અદ્ભુત મહિલા છે ૩૨૧
નાયર, શંકરન્ સર ૩૧૧

Gandhi Heritage Portal

નારણ(જી)દાસ પુરુષોત્તમદાસ ૩૨૨, ૩૫૮, ૩૬૨–૪, ૪૧૬
નારાયણ (સામી) સ્વામી ૧૫૫, ૧૫૮, ૧૭૫
નિઝામનું રાજ્ય ૪૪૩
નિર્ભયતા ૪૯૯
નીલગિરિ ૮
નીલવરો ૧૬
નેટલી તથા બાર્ટન–ઑન–સીની લશ્કરી હૉસ્પિટલ ૪૬૦
નેશનલ આર્કાઇવ્ઝ ઑફ ઇન્ડિયા ૫૯, ૮૭, ૯૩, ૯૯, ૧૨૩, ૧૨૪ પા. ટી., ૧૨૮, ૨૧૭, ૨૩૭, ૨૮૯, ૨૯૦, ૩૩૦, ૩૯૦
નેહરુ, મોતીલાલ પં. ૧૨૩, ૧૬૮
નૈતિક બળ ૧૩૫
નૈતિક મંડળોનો સંઘ ૧૦ પા. ટી.
નોબેલ પારિતોષિક ૪ પા. ટી.
નૉર્ટન મિ. ૩૪૫
નૉર્ટન અને રૉય મેસર્સ ૨૯૮–૯
ન્યૂઝીલૅન્ડ ૩૬૨
ન્યૂસપેપરનો કાયદો ૧૮૭
न्यू इन्डिया ૨૧, ૧૦૦, ૧૩૬, ૧૪૦, ૧૬૫ પા. ટી., ૧૬૮ પા. ટી., ૨૬૧, ૪૧૨ પા. ટી., ૪૫૧ પા. ટી.
न्यू टाइम्स ૬૪

પટણા ૧૭૨, ૧૯૭
પટવર્ધન ૩૭૧
પટવારી, રણછોડલાલ ૪૩
પટેલ, રાવજીભાઈ (રાવબહાદુર) ૩૮૯
પટેલ, વલ્લભભાઈ ૨૬ પા. ટી., ૯૯, ૩૦૩, ૩૦૮, ૩૩૩, ૪૦૦
પટેલ, વિઠ્ઠલભાઈ ૨૬, ૭૯, ૧૧૨
પટ્ટણી, પ્રભાશંકર સર ૩૫૨, ૩૫૫
“પરદેશી” ૩૦૭
પરદેશીઓ અંગેનો કાયદો ૩૦૭
પરદેશી કપડાં ૧૮૯–૯૦, ૧૯૧; ૨૮૦, ૩૬૬, ૩૯૨; –નો ત્યાગ ૪૦૮
પરદેશી પ્રવાસીઓ સંબંધી કાયદો ૨૦
પરદેશી માલ ૧૯૦
પરદેશી વસ્ત્રોથી પ્રજા કંગાળ થાય છે ૪૨૬
પરવાનગી પત્રો ૧૦૪ પા. ટી.
પરવાના ૨૦, ૧૦૫
પરાંજપે, આર. પી. (પ્રો.) ૩૨૨, ૪૩૪ પા. ટી., ૪૪૨, ૪૪૫; –ની ટીકાનો જવાબ ૪૩૬ પા. ટી.
પરીખ, નરહરિ ૭૦, ૭૨ પા. ટી., ૭૭, ૮૭, ૩૫૨
પરીખ, મણિબહેન ૭૨, ૩૦૧
પરીખ, શંકરલાલ ૫૩
પર્વત ઉપરનો ઉપદેશ ૨૯૨
પલવલ સ્ટેશન ૨૧૯
પંજાબ ૧૮૮ પા. ટી., ૨૦૦, ૨૦૨, ૨૦૯, ૨૧૧, ૨૩૦, ૨૩૨, ૨૩૫, ૨૪૬, ૨૫૬, ૨૯૮–૯, ૩૧૯, ૩૨૧, ૩૨૬, ૩૩૦, ૩૪૫, ૩૪૭, ૩૫૩, ૩૬૫, ૩૬૯, ૩૮૪, ૪૦૯, ૪૧૫, ૪૨૫, ૪૨૬, ૪૩૨–૩, ૪૫૨, ૪૫૬, ૪૭૭, ૪૭૯; –ના અત્યાચારો ૩૩૧–૨; –ના કેદીઓ ૩૩૪; –ના બનાવો ૩૦૩; –નાં તોફાનો ૩૪૦, ૩૪૨; –નાં રમખાણો ૩૭૩; –ની ખાસ અદાલત ૪૫૬; –ની ઘટનાઓ ૩૨૦; –ની તપાસ ૩૫૫; –ની લશ્કરી અદાલત ૩૫૪; ૦મેલ ૧૮૮; ૦સરકાર ૩૪૪, ૩૫૩, ૩૬૮, ૪૧૫, ૪૩૩
पंजाब अनरेस्ट – बिफोर ॲन्ड आफ्टर ૨૦૩
પંજાબી ધારાસભા ૩૪૫; ૦નેતાઓ ૪૫૩; ૦ભાઈઓ ૪૨૯
પંડિતજી, માલવિયા ૮૫
પંડ્યા, ચંદ્રશંકર ૨૪૨
પંડ્યા, મોહનલાલ કામેશ્વર ૪૦૦
પાકિસ્તાન ૩૮૪ પા. ટી.
પારેખ, ગોકળદાસ ૨૪, ૩૪૬ પા. ટી.
પાર્વતી ૮૧, ૨૬૭, ૪૪૮
પાર્લમેન્ટ ૩૧૭
पांचवें पुत्रको बापूके आशीर्वाद ૩૧
પિટીટ, જહાંગીર બી. ૪૧૧, ૪૨૦, ૪૪૮ પા. ટી.
પિટીટ, દીનશા એમ. સર ૩૭૭, ૪૫૦
પિટીટ, મિસિસ જહાંગીર બી. ૪૪૪
પિટીટ લેડી ૪૪૪
पिल्ग्रिम्स प्रोग्रेस ૪૮
પિલ્લે, દંડપાણી ૧૩૩ પા. ટી.
પી. નોટ ૩૨૪
પુનર્મુદ્રિત નિષિદ્ધ સાહિત્ય ૩૯૯
પુંડલીક ૩૬, ૪૬, ૫૭, ૬૦, ૬૫, ૨૪૯
પૂના ૧૦ પા. ટી., ૧૪ પા. ટી., ૩૯ પા. ટી., ૩૬૪, ૩૯૨, ૪૨૮ પા. ટી., ૪૩૪, ૪૩૬, ૪૩૮, ૪૪૯; –“ની ફર્ગ્યુંસન કૉલેજમાં સ્વદેશી વિષે ભાષણ” ૪૪૨ પા. ટી., ૪૪૫ પા. ટી.
પૂર્ણ જવાબદાર રાજ્યતંત્ર ૧૪
પેગંબર સાહેબ ૩૨૯
પેહૂર, કૅપ્ટન ૩૭૧

Gandhi Heritage Portal

પૅરિસની શાંતિ પરિષદ ૧૦૧ પા. ટી.
પૅલેસ્ટાઈન ૨૬૪, ૨૮૫, ૪૦૨
પૅસિવ રિઝિસ્ટન્સ ૨૮, ૯૨–૩, ૧૨૯
પોપ, જી. યુ. ૯૭
પોપટલાલ, ડૉ. ૩૦૭
પોરબંદર ૪૯, ૩૦૮ પા. ટી.
પોલાક, એચ. એસ. એલ. ૧૦, ૩૭ પા. ટી., ૭૦, ૮૯, ૧૨૮, ૨૮૭, ૩૨૧, ૩૨૭, ૩૩૧, ૩૫૫, ૩૭૮ પા. ટી., ૩૮૨, ૪૨૦, ૪૪૦, ૪૪૭, ૪૬૮; –"ને પત્ર" ૩૭૩ પા. ટી., ૩૭૫ પા. ટી.
પોલાક, મિસિસ મિલી ગ્રેહામ ૩૭, ૩૨૧, ૪૧૧
પૉવેલ, ડૉ. ૨૮૩
પૌરસ્ત્ય અને પાશ્ચાત્ય સંસ્કૃતિ ૧૨૧
પ્રજાબંધુ ૫૪ પા. ટી., ૬૦, ૯૧
પ્રતાપ ૬૫, ૪૨૯, ૪૩૧, ૪૩૩
પ્રતિજ્ઞા ૧૧૪, ૧૩૯, ૧૬૧–૨, ૧૬૪–૫, ૧૮૧, ૧૯૧, ૧૯૩, ૨૪૫, ૨૮૮, ૩૦૯ પા. ટી., ૩૧૦, ૩૧૪, ૩૭૯, ૪૧૪; –ધારી ૪૬૬; –ના ત્રણ વિભાગ ૧૧૩; –માંથી ડગવાનું નથી ૧૪૮; ૦મદદગાર ૨૪૫; ૦લીધી કે તેમાંથી પાછા નહીં હઠશો ૧૪૩
પ્રતિજ્ઞાઓ ૪૪૨; ૦ત્રણ ૪૩૫
પ્રતિજ્ઞાપત્ર ૧૫૦, ૨૫૨–૩, ૩૬૮
પ્રહ્‌લાદ ૪૮, ૧૪૨, ૧૪૭, ૧૫૧–૨, ૧૫૪, ૨૬૯, ૨૮૮
પ્રાચીન સંસ્કૃતિ ૨૦૧
પ્રાર્થના શુદ્ધ ૪૭૦
પ્રિટોરિયા ૫૪, ૭૫, ૪૬૨
પ્રિવી કાઉન્સિલ ૩૩૪, ૩૪૯, ૪૫૬
પ્રૅટ, એફ. જી. ૨૨૭, ૨૩૯, ૨૬૬, ૪૦૩
પ્રેમ એ જ ધર્મ છે ૨૪૦
પ્રેમનો કાયદો ૨૬૨
"પ્રેશિયસ ઍન્ડ બેઝ મૅટલ ઍક્ટ" ૧૦૫
પ્લાન્ટર્સ ઍસોસિયેશન ૨૫૯

ફડકે, મામા (મામાસાહેબ) ૩૦૦, ૪૪૪
ફર્ગ્યુસન કૉલેજ ૪૩૪, ૪૪૫
ફાઝલભાઈ કરીમભાઈ, સર ૨૬૬, ૩૯૩, ૪૭૫
ફાતિમા ૪૨૦
ફિનિક્સ ૬ પા. ટી., ૮૯, ૯૫, ૪૪૯ પા. ટી.; ૦આશ્રમ ૧૧ પા. ટી.
ફિલિપ્સ, મિ. ૪૪૮
ફિલૉસૉફિકલ ક્લબ ૪૩૪ પા. ટી.
ફિસ્કલ ઑટોનોમી – સ્વદેશીમાં રહેલી છે ૪૭૩
ફીજી ૨૧
ફુરસદના સમયનો સદુપયોગ ૪૩૭
ફેરિંગ, એસ્થર ૬૬, ૬૭, ૭૩, ૧૬૪, ૨૦૨, ૩૧૭, ૩૭૯
ફોજદારી કાયદા કટોકટી અધિકાર બિલ ૮૧
ફોજદારી કાયદાની ૧૨૪મી અ કલમ ૪૬૫, ૪૬૬
ફોજદારી કાયદાની કલમ ૧૨૧ અને ૧૨૧(क) ૪૫૫
ફોજદારી કાયદા સુધારા બિલ ૮૧
ફોજદારી કાયદાનો સક્રિય ભંગ ૪૬૮
ફોજદારી કાયદો ૧૯૧૯નો ૧૮૧
ફ્રાન્સ ૧, ૩૩, ૪૩, ૪૬૯
ફ્રિચલી, ઈ. ડબ્લ્યુ. ૩૫૨, ૪૦૪
ફ્રી ટ્રેડ ૪૭૪
ફ્રી સ્ટેટ ૨૦
ફ્રેઝર (સાર્જંટ) ૨૨૧, ૨૨૬, ૨૭૨

બખેડાનો કાયદો ૧૬૯
બગદાદ ૨૮૬
બગસરા ૪૧૬
બગીચામાલિકો ૫૫; –નો સંઘ ૨૫૯
બજાજ, જમનાલાલ ૩૧
બડોદાદા ૪, ૩૬
બનારસ ૧૭૪
બનારસ સેન્ટ્રલ હિંદુ કૉલેજ ૨૫ પા. ટી.
બનારસ હિંદુ યુનિવર્સિટી ૨૩ પા. ટી., ૩૨૮
બનિયન, જૉન ૪૮
બરહરવા ૫૨ પા. ટી.
બર્નાર્ડો, ટૉમસ, જૉન ૧૦
બલિ ૭૨
બહિષ્કાર ૧૯૧; ૦અંગ્રેજી માલનો ૧૯૦
બંગાળ ૩૮, ૧૧૧, ૨૩૨, ૩૬૨; –ના ભાગલા ૩૯૧; –ના હિંસા માર્ગના વિચારો ૧૦૨
"બંધારણ મુજબનું" આંદોલન ૨૩૫
બંધારણસભા ૬૦ પા. ટી.
બાઇબલ ૪૮, ૪૯, ૨૬૧, ૩૧૭
બાઉરિંગ, મિ. ૨૨૦
બાદશાહી મસ્જિદમાં થયેલી સભાઓ ૪૫૭
બાધિત પુસ્તકોનું વેચાણ ૪૬૫, ૪૬૭–૮
બાધિત સાહિત્ય ૧૮૬–૭
બારી, મૌલાના અબદુલ ૧૨૮, ૨૬૨, ૨૮૪
બાર્ન્સ, જૉર્જ સર ૪૧૩
બાલુભાઈ ૪૧૬

Gandhi Heritage Portal

બાવળા ૩૧૧
બાવાઝીર, ઇમામ સાહેબ ૩૦૯, ૩૫૨
બિકાનેરના મહારાજા ૪૧૨
બિજોલિયા ૮૭
બિટમૅન, મિ. ૩૮૦
બિહાર ૬૦ પા. ટી., ૧૭૨ પા. ટી., ૨૦૯, ૨૩૨, ૨૫૯, ૪૨૪; ૦વિદ્યાર્થી પરિષદ ૪૬ પા. ટી.
બુદ્ધ ૧૬૨
બુલાખીદાસ રાવબહાદુર ૧૨૫
બૂથ, વિલિયમ ૭૩ પા. ટી.
બૅકબેનો કિનારો ૧૭૭
બેગ, અબ્બાસઅલી સર ૪૬૪
બેગમ સાહેબા (અલીભાઈઓનાં મા) ૩૭૨
બેઝવાડા ૧૬૦, ૧૬૩-૫ પા. ટી., ૨૦૨
બેતિયા ૫૫
બેતુલ જેલ ૩૯૦
બેનરજી, સુરેન્દ્રનાથ સર ૧૪, ૨૮, ૧૧૨, ૧૨૧ પા. ટી., ૧૩૨ પા. ટી.
બૅનરમૅન, હેનરી કૅમ્પબેલ સર ૪૦૨, ૪૫૧
બેલગામ ૫૬
બેસંટ, મિસિસ એની ૨૫, ૨૮, ૩૯, ૧૪૦, ૨૬૭, ૨૮૮, ૨૯૭; ૦સત્યાગ્રહી નથી ૨૯
બેસંટ નીતિ ૨૫
બેસંટ લૉજ ૧૪૨ પા. ટી.
બૅંકર, શંકરલાલ ઘેલાભાઈ ૯, ૨૬, ૪૨, ૮૧, ૧૦૩, ૧૮૭, ૨૫૨, ૨૮૩ પા. ટી., ૪૦૦; -નાં મા ૩૯૩, ૩૮૫
બૅંગલોર ૮
બૅંગાલી ૬૫
બોઅર ઓરતો ૨૮૦; ૦પ્રજા ૨; ૦યુદ્ધ (લડાઈ) ૯૦ પા. ટી., ૪૫૦; ૦લોકો ૪૫૧
બોથા જનરલ ૫૪, ૭૫-૬
બૉમ્બે ક્રૉનિકલ ૧૭ પા. ટી., ૫૬, ૮૨, ૧૦૪, ૧૦૬, ૧૧૧ પા. ટી., ૧૧૫, ૧૧૭ પા. ટી., ૧૨૭, ૧૬૮, ૧૭૦-૨, ૧૭૭ પા. ટી., ૧૮૧ પા. ટી., ૧૮૨ પા. ટી., ૨૦૫, ૨૦૬-૯, ૨૫૦, ૨૬૧, ૩૬૯, ૩૭૦, ૩૭૪, ૩૭૬, ૩૭૭, ૩૮૨, ૪૦૫, ૪૧૨, ૪૫૧, ૪૬૨ પા. ટી.
બૉમ્બે સિક્રેટ ઍબ્સ્ટ્રૅક્ટ્સ ૨૮૭
બૉયકૉટ ૧૭૦, ૩૧૬, ૩૯૮, ૪૨૨
બોલપુર ૪૧, ૬૭
બૉલ્શેવિક પંથ ૧૬૨
બૉલ્શેવિક હિલચાલ ૧૬૨
બૉલ્શેવિઝમ ૧૬૩, ૨૧૦, ૨૬૪, ૩૬૩, ૩૬૭, ૩૭૩; ૦આધુનિક આધિભૌતિક સંસ્કૃતિનું અનિવાર્ય પરિણામ છે ૧૬૨
બ્રજકિશોરપ્રસાદ (બાબુ) ૬૦, ૧૭૨
બ્રાન્ચ એમ. વેલ્સ રેવ. ૨૯૨
બ્રિટન ૩૩૧; -ના વેપારીઓ ૮૫
બ્રિટિશ ૦અદાલતો, ૪૫૬ ૦એજન્ટ ૪૫૧, ૪૫૨; ૦કૉમનવેલ્થ ૧૯ પા. ટી.; ૦ન્યાય ૩૪૫, ૪૫૬; ૦પાર્લમેન્ટ, ૩૬૭; ૦પ્રજા ૩૦૮; ૦પ્રતિનિધિઓ ૨૮૬; ૦માલનો બૉયકૉટ ૧૯૦; ૦રાજનીતિ ૨૮૬; ૦રાજવહીવટ ૨૨૨; ૦લશ્કરની જીત ૪૫૯; ૦લોક ૨૪૨; ૦વડા પ્રધાન ૪૬૪; ૦શાહેરીઓ ૧૦૫; ૦શાસન ૨૮૩ પા. ટી.; ૦સરકાર ૨, ૪૦૨; ૦સંસ્થાન પા. ટી., ૩૦૮; ૦સામ્રાજ્ય ૨૬૪; ૦સૈનિકો ૩૩૫; ૦હિંદ ૩૦૭, ૪૨૦; ૦હિંદીઓ ૫૪ પા. ટી; ૦હિંદીઓના હક્કો ૪૪૧
બ્રિટિશ નૅશનાલિટી ઍન્ડ સ્ટેટસ ઑફ ઍલિયન્સ ઍક્ટ-બ્રિટિશ રાષ્ટ્રીયતા અને પરદેશીઓના દરજ્જા વિષેનો ધારો ૧૯૧૪ ૩૦૭
બ્રિટિશ હિંદી સંઘ ૩૧, ૧૫૫
બ્રિટિશો ૧૩, ૨૨૨
બ્રિસ્ટોલ હોટેલ ૧૯૬
"બ્રેડ લેબર" ૪૬૯
બ્રેડલૉ હૉલ ૪૫૭
ભગવદ્ગીતા જુઓ ગીતા
ભગવાનપુરા ૪૫૭
ભગિની સમાજ ૩૯ પા. ટી.
ભટ્ટ, શામળ ૯૬
ભદ્ર ૩૦૮
ભરૂચ ૪૦૦
ભારત ૧૯ પા. ટી., ૨૧, ૬૦ પા. ટી., ૧૨૭, ૧૫૨, ૧૫૩, ૪૧૫ પા. ટી., ૪૨૨; ૦ઉત્તર ૨૩૬, ૦વર્ષ ૨૩૬, ૩૨૪ પા. ટી., ૦વર્ષની સંસ્કૃતિ ૯૯
ભારતમંત્રી ૧૮૧, ૪૧૫
ભારત સરકાર ૪ પા. ટી., ૨૦ પા. ટી., ૮૪ પા. ટી., ૧૨૧ પા. ટી., ૨૫૯ પા. ટી.
ભારત સરક્ષણ ધારો ૯૨, ૩૦૪
ભારત સંરક્ષણ નિયમો ૩૦૫
ભારત સેવક સમાજ ૫ પા. ટી., ૧૦ પા. ટી., ૩૯ પા. ટી., ૫૫, ૧૬૮

Gandhi Heritage Portal

ભારતીય જનતા ૬૪
ભારતીય સંસ્કૃતિ કેન્દ્ર ૮૭ પા. ટી.
ભાવનગર ૩૫૩ પા. ટી.
ભાવે, વિનોબા ૨૯૩ પા. ટી.
ભીતિહરવા ૩૫–૬, ૪૬, ૫૬, ૬૫
ભીમની અગિયારસ ૪૨૭
ભીંતપત્રો ૪૫૭
ભુવરજી ૩૦૯

મક્કા ૨૬૪, ૨૮૪, ૨૮૬, ૩૨૯, ૪૦૨, ૪૫૪
મજમુદાર, કીકી ૫૩
મજમુદાર, ગંગાબહેન ૫૩, ૪૨૭, ૪૩૭, ૪૫૦
મજૂર સંઘ ૧૩૩, ૧૫૭
મજૂરો ૦ગોરા, ખાણોવાળા ૨૩૫; ૦રેલવેના ૨૩૫
મથુરા ૨૨૦, ૩૫૨
મથુરાદાસ ત્રિકમજી ૮૨
મદીના ૨૮૪, ૨૮૬, ૩૨૯
મદુરા ૧૪૪, ૧૫૦, ૧૫૨, ૧૬૦, ૩૭૫
મદ્રાસ ૯ પા. ટી., ૨૨ પા. ટી., ૪૧ પા. ટી., ૬૫, ૮૨, ૯૩, ૧૨૦ પા. ટી., ૧૩૧, ૧૩૩–૪, ૧૩૭, ૧૩૯–૪૧, ૧૫૦, ૧૫૩, ૧૬૦, ૧૬૫ પા. ટી., ૧૭૫ પા. ટી. ૨૦૨, ૨૬૭, ૨૯૮, ૩૭૫, ૪૭૬; ૦ઇલાકો ૨૬, ૧૫૯, ૩૭૫; ૦પ્રાંત ૮૩, ૧૭૪, ૧૭૫
મદ્રાસ મજૂર સંઘ રોજગારી મંડળ (મદ્રાસ લેબર યુનિયન ઍમ્પ્લૉયમેન્ટ યુનિયન) ૬૫ પા. ટી.
મદ્રાસ સત્યાગ્રહ સભા ૧૬૦ પા. ટી.
મદ્રાસ હાઈકોર્ટ ૧૪૦ પા. ટી., ૩૧૧ પા. ટી.
મદ્રાસી ભાઈઓ ૭૮
મધ્ય પ્રદેશ ૨૦૯
"મનુષ્યના કુદરતી હક્કો" ૧૦૬
મનુસ્મૃતિ ૪૪
મરાઠા ૪૬૫–૬
મલબાર હિલ ૮૨
મલાન, મિ. ૪૬૩
મશરૂવાળા, કિશોરલાલ ૪૧૬
મસ્કતી માર્કેટ ૩૬૪
મહમદ ૨૯૨
મહમદ ઇસાક ૧૦૪ પા. ટી., ૧૦૫
મહમદઅલી મૌલાના ૪, ૬૧–૨, ૮૭, ૨૨૩, ૨૮૪, ૩૬૦
મહાત્મા ગાંધી: હિઝ લાઇફ, રાઇટિંગ એન્ડ સ્પીચિઝ ૧૩૩
"મહાત્મા ગાંધીના ઉદ્‌ગારો" (કાવ્ય) ૨૨૮
મહાત્મા ગાંધીની વિચારસૃષ્ટિ ૧૯૩
"મહાત્મા ગાંધીનો સત્યાગ્રહ" (કાવ્ય) ૨૨૮
મહાદેવભાઈની ડાયરી (પુ. ૪) ૪–૧૧, ૧૫–૮, ૨૧–૩૦, ૩૨–૪, ૩૬–૪૯, ૫૨–૩, ૫૮–૯, ૬૨–૪, ૬૭, ૭૧ પા. ટી.
મહાદેવભાઈની ડાયરી (પુ. ૫) ૭૨–૪, ૭૭ પા. ટી., ૮૦, ૮૨, ૮૮, ૯૦, ૯૩, ૯૫, ૯૭, ૯૮, ૧૦૨–૩, ૧૧૩, ૧૧૫–૬, ૧૩૩, ૧૩૯, ૧૬૫, ૧૭૩–૪, ૧૮૫, ૧૯૧, ૧૯૪–૫, ૨૦૧, ૨૧૬, ૨૨૪ પા. ટી., ૨૨૬, ૨૨૯, ૨૪૧, ૨૪૩, ૨૪૪, ૨૪૬ પા. ટી., ૨૪૭, ૨૪૯, ૨૫૬, ૨૫૯, ૨૬૧–૨, ૨૬૪, ૨૬૮–૭૦, ૨૭૫, ૨૯૨, ૨૯૩ પા. ટી., ૨૯૫, ૩૦૧, ૩૦૩, ૩૧૮, ૩૨૫, ૩૨૬, ૩૨૮, ૩૩૦, ૩૩૨–૩, ૩૩૭, ૪૧૫, ૪૨૪
મહાભારત ૭૪, ૧૫૮
મહાયુદ્ધ ૩૬૭
મહારાષ્ટ્ર ૧૩, ૩૩ પા. ટી., ૪૮, ૨૩૨
મહેતા, કલ્યાણજી વિઠ્ઠલભાઈ ૫૧, ૪૦૦, ૪૬૪, ૪૬૮
મહેતા, જીવરાજ ડૉ. ૪૫
મહેતા, પ્રાણજીવન ડૉ. ૬, ૩૩, ૪૭, ૬૮, ૭૧, ૩૫૬
મહેતા, મનસુખલાલ રવજીભાઈ ૨૫
મહેસૂલનો કાયદો ૧૪૧
માતૃભાષા ૪૬, ૧૫૬
માતૃભૂમિ ૧૬૦, ૩૨૧, ૩૨૩; –ની પ્રતિષ્ઠા ૧૫૫; –ની સેવા ૪૩૫
માધવદાસ ૨૬૭
માધવબાગ ૧૮૧, ૧૮૨
માધવરાવ, વી. પી. ૧૪૨ પા. ટી.
માનવદયા પરિષદ ૧૭ પા. ટી.
મામા જુઓ ફડકે મામાસાહેબ
માય ડિયર ચાઇલ્ડ ૬૬, ૨૦૨, ૩૮૦
મારવાડ જંક્શન ૬૬
માર્શલ લૉ ૨૦૭, ૨૧૩, ૨૧૮, ૨૨૦, ૨૩૭, ૩૧૯–૨૧, ૩૩૪, ૩૪૫, ૩૬૦, ૩૬૯, ૩૭૩, ૩૮૪, ૩૯૮; ૦અદાલત પંજાબની ૩૪૭; ૦કમિશન ૩૪૬, ૩૬૯, ૪૫૨
માલવિયા, મદનમોહન ૩૩, ૬૫, ૮૧, ૮૪, ૮૫ પા. ટી., ૧૦૦, ૧૧૨, ૧૧૭ પા. ટી., ૧૧૮, ૧૩૫, ૧૬૮, ૨૩૩, ૨૩૬, ૩૭૮, ૩૬૪
માવજી ૮૨
માળવીની વાડી (સુરત) ૪૭૧

Gandhi Heritage Portal

માંડલિક, આર. એન. ૧૭૦

મિ. ગાંધી: ધિ મૅન ૩૭ પા. ટી.

મિયાંખાન ૩૩૮, ૩૫૬

મિલ ઉદ્યોગ ૪૩૫; –ના માલિકો ૨૯૪; –નું કાપડ – શુદ્ધ સ્વદેશી નહીં ૩૬૨; ૦મજૂરો ૬૫, ૧૮૫, ૨૧૫, ૨૧૬; ૦મજૂરોની હડતાળ (અમદાવાદ) ૯ પા. ટી.

મિલી જુઓ પોલાક મિસિસ

મિલો ૧૮૫, ૧૯૦, ૩૧૨, ૩૫૯, ૪૩૪, ૪૩૮, ૪૭૦, ૪૭૫; ૦અંગ્રેજોની માલિકીની ૧૬૨; –માં બનેલા કાપડનો ઉપયોગ ૪૪૩; –માં બનેલો માલ ૪૪૫; ૦વધારે કાપડ ઉત્પન્ન કરશે ૪૪૫

મીઠાનો કાયદો ૧૪૧

મીરાંબાઈ ૨૬૯, ૩૩૨

મુક્તિફોજ ૭૩

મુખરજી, રાધાકમલ ૪૭૫

મુર્જાગ ૪૫૧

મુદાલિયાર,વાલિયામા આર. મુનુસ્વામી જુઓ વાલિયામા

मुस्तफा कमाल पाशानुं जीवनचरित्र २९६

મુસ્તફા કમાલ પાશાનું ભાષણ ૨૯૬

मुस्तफा कमाल पाशानुं भाषण अने तेमनी कारकिर्दी १८६

મુસ્લિમ લીગ ૯૨, ૧૭૨ પા. ટી., ૨૮૫

મુંબઈ ૨૪ પા. ટી. ૩૯ પા. ટી., ૪૧ પા. ટી., ૬૪, ૬૭–૮, ૭૦, ૭૨, ૭૭, ૭૯, ૮૧–૭, ૧૦૧, ૧૦૪, ૧૨૧, ૧૨૪–૬, ૧૨૮, ૧૩૦, ૧૪૧, ૧૪૪, ૧૬૦, ૧૬૫, ૧૬૭ પા. ટી., ૧૬૮, ૧૭૦, ૧૭૨–૩, ૧૭૫–૭, ૧૮૦–૫, ૧૮૮, ૧૮૯ પા. ટી., ૧૯૬–૮, ૨૦૦, ૨૦૨, ૨૦૫–૬, ૨૦૯, ૨૧૧, ૨૧૭, ૨૧૯–૨૧, ૨૨૩, ૨૨૭, ૨૩૦–૪, ૨૩૬–૭, ૨૩૯, ૨૪૨–૪, ૨૪૬–૫૧, ૨૫૪, ૨૬૧, ૨૬૩–૫, ૨૬૮–૭૫, ૨૭૮–૮૩, ૨૮૭–૯, ૨૯૧–૨, ૨૯૬–૩૦૭, ૩૧૭–૨૨, ૩૨૭–૩૩, ૩૩૫–૪૨, ૩૪૬–૭, ૩૫૦, ૩૫૨–૩, ૩૫૫–૭, ૩૬૦–૧, ૩૬૩–૬, ૩૬૮–૭૧, ૩૭૩–૮૪, ૩૮૬–૯૦, ૩૯૩, ૩૯૭, ૪૦૦–૧, ૪૦૫–૬, ૪૦૯–૧૪, ૪૧૬, ૪૧૯, ૪૨૮, ૪૩૩, ૪૩૮–૪૨, ૪૪૪, ૪૪૬, ૪૪૯–૫૧, ૪૬૪–૫, ૪૬૭–૮; ૦ઇલાકો ૧૨૭, ૨૦૦ પા. ટી., ૨૨૭ પા. ટી., ૩૪૬–૭, ૩૬૮, ૩૭૪–૫, ૪૦૦, ૪૦૭, ૪૦૯, ૪૧૪; ૦ધારાસભા ૨૬ પા. ટી., ૩૭૭ પા. ટી.; ૦પ્રાંત ૨૦૦, ૪૧૫; ૦મેલ ૧૬૩; ૦સરકાર ૧૮૬ પા. ટી., ૨૫૦ પા. ટી., ૩૭૧

મુનશીરામ મહાત્મા ૧૨૯

મૂડી અને મજૂરી ૧૫૬–૭

મૂળભૂત હક્ક ૪૬૩

મૅક્લૅગન, એડવર્ડ ૪૭૭

મૅકોલે ૩૮૫

મેઘાણી ૩૩૯

મેઠ, સુરેન્દ્ર ૨૬૭

મૅન, હેરોલ્ડ ડૉ. ૩૯૨

મૅફી, જે. એલ. ૯૧, ૧૨૪, ૨૧૦, ૨૧૭, ૨૯૦, ૨૯૯

મેબુક ૩૪૯

મૅરિત્સબર્ગ ૪૪૮

મેવાડ ૮૭ પા. ટી.

મૅસોપોટેમિયા ૧, ૩૩, ૪૩, ૪૫૯

મોગલાઈ બાદશાહી ૩૬૨

મોટાસિંગ ૪૫૬

મૉડ ૩૨૧

મૉડર્ન રિવ્યૂ ૪૪૫

મોતીહારી ૫૯, ૬૧ પા. ટી., ૨૪૯

મૉન્ટફર્ડ યોજના ૨૮

મૉન્ટફર્ડ સુધારા ૮૧ પા. ટી.

મૉન્ટેગ્યુ મિ. ઈ. એસ. ૧, ૪૭, ૬૪, ૩૨૩, ૩૩૧–૨, ૩૩૪–૫, ૩૫૫, ૩૬૭, ૩૭૩, ૩૭૫, ૩૮૨–૩, ૪૦૯

મૉન્ટેગ્યુ–ચેમ્સફર્ડ ૧૧૬; ૦યોજના ૧૪, ૨૯, ૬૪; ૦સુધારા ૧ પા. ટી.; ૦સુધારાની યોજના ૨૮ પા. ટી.

મોરારજી ગોકળદાસ કાપડ માર્કેટ ૩૬૪ પા. ટી. ૦માર્કેટ ૨૭૧ પા. ટી. ૦હૉલ ૨૦૭, ૩૨૮, ૩૭૧, ૩૭૪

મોરિશિયસ ૧૦૪ પા. ટી.

મોરોક્કો ૪૩૯

મોલવી, રફીઉદ્દીન અહમદ ૨૬૪

મૉલ્ટીનો, મિસ ૯૭

મોહનલાલ ૩૨૪

यंग इन्डिया ૯ પા. ટી., ૧૧૧ પા. ટી., ૧૧૫, ૧૨૭, ૧૬૧, ૨૮૫ પા. ટી., ૨૯૩ પા. ટી., ૩૧૮, ૩૩૦–૨, ૩૩૪–૬ પા. ટી., ૩૪૦, ૩૪૨, ૩૪૬–૯, ૩૫૧–૨, ૩૫૫, ૩૫૮, ૩૬૦, ૩૬૬, ૩૭૨, ૩૮૧, ૩૮૫, ૩૯૧ પા. ટી., ૪૦૫, ૪૧૨


Gandhi Heritage Portal

પા. ટી., ૪૧૭, ૪૧૯, ૪૨૦–૧ પા. ટી., ૪૨૩–૪ પા. ટી., ૪૩૨–૩, ૪૩૬, ૪૪૫, ૪૪૮, ૪૫૦, ૪૫૬, ૪૬૪, ૪૬૮, ૪૭૫, ૪૭૯–૮૦
યંત્ર વિષેના ગાંધીજીના વિશિષ્ટ વિચારો ૪૪૨, ૪૪૫
યાજ્ઞિક, ઇંદુલાલ કનૈયાલાલ ૩૩૩, ૪૦૧; ૦ગુજરાતના જીવનમાં મોટો ભાગ લઈ રહ્યા છે ૪૦૫
"યુદ્ધનાં કૃત્યો" ૪૫૯
યુદ્ધ પરિષદ ૨૪ પા. ટી., ૯૫
"યુદ્ધમાં હિંદુસ્તાનનો હિસ્સો" ૧૫ પા. ટી.
યુનાઇટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકા ૧૦૧ પા. ટી.
યુનિયન, દક્ષિણ આફ્રિકાનું ૧૦૬
યુનિયન ઑફ એથિકલ સોસાયટીઝ ૧૦ પા. ટી.
યુનિયન કેસલ કંપની ૭૫
યુનિયન પાર્લમેન્ટ ૭૬
યુનિયન સરકાર ૭૫–૬, ૧૦૫
યુરોપ ૧૫૧, ૧૯૩, ૩૬૭, ૪૬૩, ૪૭૦, ૪૭૪; –નાં નાનાં રાજ્યો ૪૭૪; –નો સુધારો ૨૪૫; –માં ધણિયાણીઓએ વણવાનો અને સ્પિન્સ્ટરોએ પોતાનો ધંધો છોડી દીધો છે ૪૭૦
યુરોપિયન ૧૭૮, ૧૯૬ પા. ટી.; ૨૯૫, ૦પ્રજા ૨૮૪, ૦મિત્રો ૮૯ પા. ટી., ૦લોકો દક્ષિણ આફ્રિકાના ૪૧૩; ૦હરીફો ૧૦૪ પા. ટી.
યુરોપી રાષ્ટ્રસંઘ ૪૫૪
યુરોપી સાક્ષરો ૩૬૧
યૂબૅંક, આર. બી. ૪૧૪

**રઉફ**, મૌલવી અબદુલ ૧૮૨, ૨૮૬
રચનાત્મક કાર્યક્રમ ૩૫૦, ૪૨૩
રજિસ્ટ્રેશનને લગતો એક કાયદો ૪૩૮
રણછોડ ૩૫૬
રણછોડભાઈ ૪૩૮
રણછોડલાલભાઈ ૩૩૩
રણદીવે ૫૬
રમાબાઈ શ્રીમતી ૩૮૫, ૩૯૩
રશિયા ૩૬૭
રસિકમણિ ૧૭
રસ્કિન ૮૯ પા. ટી., ૩૯૮
રહીમતુલ્લા, ઇબ્રાહીમ સર ૧૮૩, પા. ટી. ૧૯૮, ૨૧૭
રળિયાતબહેન ૨૭૦
રંગરૂટ ૩, ૪૨૧; –ની ભરતી ૪૦
રંગાસ્વામી, કે. વી. ૧૬૦
રંગાસ્વામી, એસ. એન. ૨૭૫ પા. ટી.
રાઉ મિ. ૨૭૬
રાઉ મિસિસ ૨૭૬
રાજકીય સુધારાની યોજના ૧
રાજકોટ ૧૩૦, ૨૬૭, ૩૫૨, ૪૫૫
રાજગોપાલાચારી, સી. ૨૩૪ પા. ટી., ૩૪૮, ૪૪૬
રાજદ્રોહ ૩૪૪, ૩૪૬, ૪૦૦; –ની ચળવળ ૮૧ પા. ટી.
રાજદ્રોહી ૦ભાષણ ૪૦૦; ૦લખાણો ૩૬૯
રાજન, ડૉ. ટી. એસ. એસ. ૧૪૩, ૧૪૬
રાજસ્થાન ૮૭ પા. ટી.
રાજેન્દ્રપ્રસાદ (બાબુ) ૬૦, ૧૬૭, ૧૭૨, ૧૯૭
રાધાકૃષ્ણ લાલા ૪૭૭, ૪૭૯; –નો કેસ ૪૨૯, ૪૩૧–૨
રામચંદ્રજી ૪૨૪
રામનંદન ૭, ૩૩૯
રામાયણ ૪૮, ૭૪, ૧૫૮; ૦તુલસીકૃત ૨૩૨
રાય, પી. સી. (પ્રફુલ્લચંદ્ર) ૩૦, ૪૨
રાયટ ઍક્ટ ૧૬૯
રાયપેટા ૧૬૭
રાષ્ટ્ર દિન ૧૮૫; –ની ઉજવણી ૨૬૯
રાષ્ટ્રભાષા ૪૬, ૧૪૬, ૧૫૬
રાષ્ટ્રસંઘ ૧૩૫, ૩૨૯
રાષ્ટ્રીય પુનરુત્થાન ૪૨૧
રાષ્ટ્રીય મહાસભા ૩૧ પા. ટી.
રાષ્ટ્રીય લડત ૧૭૩
રાષ્ટ્રીય શાળા ૧૧૮
રાષ્ટ્રીય શિક્ષણ ૧૧૯
રાષ્ટ્રીય શોક ૧૭૨
રાહત ધારો ૧૦૪ પા. ટી.
રિક્રૂટિંગ ૨૧ પા. ટી.
રિચ, એલ. ડબ્લ્યુ. ૪૪૮ પા. ટી.
રિફૉર્મ્સ બિલ ૩૮૪
રિલીફ ઍક્ટ ૧૦૪ પા. ટી.
રીડ, સ્ટેન્લી સર ૧૦૩, ૨૧૯, ૨૫૨, ૩૪૯–૫૦, ૩૫૩, ૪૧૪
રુક્મણિબહેન ૩૯૪
રુદ્ર, એસ. કે. ૩૬, ૩૮, ૧૮૮, ૨૮૭, ૩૪૯
રુસ્તમજી ૯૪, ૩૨૭, ૪૪૭
રૂટર ૪૬૩
રેલવે પરિષદ પ્રથમ ૬૦
રેવૉલ્યુશનરી ઍન્ડ એનાર્કિકલ ક્રાઇમ્સ ઍક્ટ ૩૬૮

Gandhi Heritage Portal

રેંટિયાનું સંગીત ૧૬૫
રેંટિયા વર્ગ ૩૮૫
રેંટિયા શાસ્ત્ર ૪૭૫
રેંટિયો ૨૯૫, ૩૮૦, ૩૯૩, ૪૪૫, ૪૫૪; ૦માળા કે રામનામ જપવા કરતાં રેંટિયાના અવાજમાં આત્માનો કંઈ અનેરો અવાજ ઊભો થશે ૩૮૬; ૦શોધી કાઢયો ૫૩ પા. ટી.
રોટી માટે મજૂરી ૪૬૯ પા. ટી.
રૉબર્ટ્સન, બેન્જામિન સર ૧૦૪ પા. ટી., ૪૩૯
રોમન કૅથલિક ખ્રિસ્તીઓ ૭૩
રૉય, કાલીનાથ બાબુ ૩૪૦, ૩૪૨–૯, ૩૫૧–૨, ૩૫૫, ૩૬૪, ૩૬૯, ૩૭૩, ૩૭૬–૭, ૩૮૧–૨, ૩૮૪, ૪૧૫, ૪૨૯, ૪૩૩, ૪૫૨, ૪૭૭, ૪૭૯
રૉય, "કાલીનાથના કેસ અંગે પરિપત્ર" ૩૫૧ પા. ટી.
રાલેટ બિલો કાયદા (ઍક્ટ ધારા) ૮૦ પા. ટી; ૮૨, ૮૪–૬, ૮૮, ૯૧, ૯૮–૧૦૬, ૧૧૩–૫, ૧૨૦–૧, ૧૨૩, ૧૨૫–૬, ૧૨૮–૯, ૧૩૧, ૧૩૪ પા. ટી; ૧૩૫, ૧૩૬, ૧૪૬, ૧૪૭, ૧૫૦, ૧૫૨, ૧૫૫, ૧૫૬–૭, ૧૬૧, ૧૬૭, ૧૬૮, ૧૬૯, ૧૮૧, ૧૮૨, ૧૮૩, ૧૯૦, ૨૦૬–૭, ૨૦૯, ૨૧૨–૩, ૨૪૦, ૨૪૫, ૨૬૪, ૨૬૭, ૨૯૧, ૨૯૪, ૩૧૦–૧, ૩૧૪–૫, ૩૧૯, ૩૨૧. ૩૩૧, ૩૫૪–૫, ૩૬૧, ૩૬૩––૪, ૩૬૭–૮, ૩૭૪, ૩૮૨, ૩૮૭, ૩૯૭–૯, ૪૦૨, ૪૧૦; ૪૧૫, ૪૨૨, ૪૫૩, ૪૫૭, ૪૬૦, ૪૬૮, ૪૭૭; –નો વિરોધ ૧૬૬; –ની નાબૂદી એ જ સુધારો ૩૨૨ ૦પ્રચંડ શિલારૂપ છે ૧૬૨
રૉલેટ, ન્યાયાધીશ ૮૧ પા. ટી.
રૉલેટ સમિતિ ૮૧

લખનૌ ૬૨, ૧૨૨, ૧૨૪, ૧૨૮, ૧૪૫, ૧૬૦, ૨૬૨ પા. ટી., ૨૮૪, ૨૯૨ પા. ટી., ૩૧૯, ૩૫૭
લખનૌ સ્કૂલ ઑફ કૉમર્સ ૨૯૨ પા. ટી.
લગ્નબિલ, પટેલ ૧૧૭
લલ્લુભાઈ ૬૬
લશ્કરી તાલીમ કેન્દ્ર ૧૪
લશ્કરી ભરતી ૧, ૧૪, ૧૭, ૨૭–૮, ૩૮
લંડન ૧૦ પા. ટી., ૧૨૮, ૨૧૨, ૩૭૮, ૪૪૦, ૪૪૮ પા. ટી., ૪૬૦, ૪૬૪, ૪૬૮; –ની સમજૂતી ૪૬૨
લાઇસન્સ ૪૪૦
લાઉન્ડ્ઝ, જ્યૉર્જ સર લાઉસ સાહેબ ૮૪ –૫, ૯૯, ૧૧૬
લાહોર ૧૦૨ પા. ટી., ૨૦૦ પા. ટી. ૨૦૩, ૨૦૯, ૨૧૧, ૨૨૦, ૨૮૭, ૨૯૮, ૩૪૦, ૩૪૬, ૩૬૦, ૩૬૯, ૩૭૮, ૩૯૪, ૪૫૩, ૪૫૫, ૪૫૮, ૪૭૭, ૪૮૦; –ના આરોપીઓ ૪૫૯; –ની અદાલત ૪૫૭
લીગ ઑફ નેશન્સ ૧૦૧, ૨૧૨ ૩૨૯
લીડર ૧૦૦, ૧૨૨, ૧૨૬, ૨૦૦ પા. ટી., ૩૬૩
लेजिस्लेशन एन्ड ऑर्डर्स रिलेटिंग टु धि वॉर ૩૦૫
लेटर टु रशियन लिबरल्स ૩૯૮
લેન મિ. ૧૨૪
લૅન્ટ ખ્રિસ્તી તહેવાર ૭૩
लॅन्ड एन्ड लेबर इन ए डेक्कन विलेज ૩૯૨ પા. ટી.
લૅન્ડ રેવન્યૂ કાયદો ૧૪૧
લૅન્સડાઉન, લૉર્ડ ૪૫૦
લૅંકેશાયર ૩૩૧, ૪૫૪, ૪૭૨, ૪૭૫
લોકમત ૩૩૨, ૩૪૫, ૪૧૩; –ની પવિત્રતા ૪૦૨

વડી ધારાસભા ૩૬૮
વડી સરકાર ૪૪૦
વડોદરા ૩૮૯, ૪૪૪ પા. ટી.; ૦રાજ્ય ૫૩ પા. ટી., ૫૭ પા. ટી.
વણકર ૧૯૦, ૧૯૨, ૨૭૯, ૨૮૪, ૩૦૯, ૩૯૧–૨; –નો નાશ થયો ૪૨૬; ૦વૈદ્ય રૂપી ૪૨૭
વણાટકામ ૮૧, ૧૧૯, ૩૦૯, ૩૨૭, ૩૩૩, ૩૫૬, ૩૯૨, ૩૯૪, ૪૨૬, ૪૭૫; ૦શાળા ૩૩૮
વનિતા વિશ્રામ ૩૯૪–૫
વર્ગવિગ્રહ ૩૬૭
વર્ણાશ્રમપ્રથા ૧૧૮
વર્તમાનપત્ર ૦અમૂલ્ય સાધન ૪૦૫; –ના કાયદાનો ભંગ ૧૮૭; ૦સત્યાગ્રહી ૧૮૭; ૦હસ્તલિખિત ૧૮૭
વહોરા, ડૉ. ૨૯૬
વાચ્છા, દિનશા સર ૧૦૩, ૧૨૧ પા. ટી., ૧૩૧–૨ પા. ટી., ૩૪૬ પા. ટી., ૩૭૭, ૪૩૪, ૪૪૫
વાચ્છા ગાંધી, રુસ્તમ એન. ૨૮૭
વાડિયા, બી. પી. ૧૩૩, ૩૯૩
વાડી જંક્શન ૧૯૩
વામનરાવ (મુકાદમ) ૪૪૪
વાલિયામા ૧૪૭–૮, ૧૫૧–૨, ૧૫૪–૫, ૧૫૮, ૧૭૫
વિજયરાઘવાચારિયર સી. ૯૩, ૧૪૪ પા. ટી.
વિન્નપુર ૫૩ પા. ટી., ૩૦૯, ૩૨૬–૭, ૩૩૩, ૩૩૮, ૪૩૭

Gandhi Heritage Portal

વિટવૉટર્સરૅન્ડ ૧૦૪ પા. ટી.
વિદ્યા ધર્મેણ શોભતે મુદ્રાલેખ ૩૯૬
વિનીતોની પરિષદ ૬૪
વિન્સન્ટ, વિલિયમ સર ૪, ૮૫, ૮૭, ૯૧–૨, ૧૨૯, ૧૩૪–૫, ૨૨૨
વિલાયત ૪૫, ૧૦૭, ૨૪૩, ૨૮૦, ૩૨૧, ૩૨૩
વિલિયમ ચોથો ૩૦૭
વિલિયર્સ, મિ. ડી. ૪૬૨
વિલ્સન, જે. એમ. ૨૫૯
વિલ્સન, ટૉમસ વુડ્રો ૧૦૧ પા. ટી., ૧૩૫, ૧૪૦ પા. ટી.
વિલિંગ્ડન, લૉર્ડ ૨૪ પા. ટી., ૪૧
વિશિષ્ટ અધિકાર ૧૪૭
વિશ્વયુદ્ધ પ્રથમ ૪ પા. ટી.
વિશ્વામિત્ર ૩૦૨ પા. ટી.
વિંટરબૉટમ, મિસ ૧૦
વિંધ્યાચળ જેવડી ભૂલ ૪૨૧
વીરમગામ ૨૨૩–૪, ૨૨૬, ૨૩૦, ૨૩૫, ૨૫૦, ૨૫૯ ૨૮૫, ૪૨૨
વેપાર ૦પૃથ્વીમાં લડાઈનું કારણ ૪૨૫
વેપારીઓ ૨૦૬; ૦દરેક જગ્યાએ સ્વદેશી કાપડ વેચશે ૨૯૪
વેપારી વર્ગ ૦દરેક દેશની મહાન ચળવળનો મુખ્ય આધાર ૨૪૭
વેલકર, ડૉ. એમ. બી. ૧૭૦
વેસ્ટ, એ. એચ. ૯૪ પા. ટી., ૪૪૬
વેસ્ટ, એડા ૯૪ પા. ટી.
વેસ્ટ, મિસિસ ૪૪૬, ૪૪૯
વેંકટ ક્રિષ્ણામા ૪૪૬
વેંકટરામન એ. ૪૬૦
વૈદર્ભી ૪૭૫
વૈધવ્ય –નો સેવા માટે ઉપયોગ કરે ૩૯૫
વૉર કૉન્ફરન્સ ૨૪
વૉલંટિયર ઇન્ડિયન ઍમ્બ્યુલન્સ દળ ૪૬૦
વ્યાસ, મણિલાલ જાદવજી ૩૦૭, ૩૪૧–૨, ૪૨૦

"શઠં પ્રતિ સત્યમ્" ૧૪૭
શફી, શ્રી ૪૫૮
શર્મા, બી. એન ૪૭ પા. ટી.
શંકરલાલ જુઓ બૅંકર, શંકરલાલ
શંકરાચાર્ય સ્વામી (કરવીર પીઠના) ૨૩૩ પા. ટી.
શામજી ૭
શાસ્ત્રિયાર જુઓ શાસ્ત્રી, વી. એસ. શ્રીનિવાસ
શાસ્ત્રી, વી. એસ. શ્રીનિવાસ ૫૯, ૮૫, ૧૧૨–૩, ૧૨૧, ૧૨૩–૪, ૧૨૮ પા. ટી., ૧૩૧, ૧૬૭, ૩૨૨, ૩૩૨, ૩૫૩, ૩૬૮, ૩૭૮, ૩૮૩
શાહ, ફૂલચંદ ૧૦, ૧૮
શાહ, ફૂલચંદ કસ્તૂરચંદ ૭
શાહ, ફૂલચંદ બાપુજી ૪૦૦
શાહી નિયમન ૨૧
શાહી પરિષદ ૧૯, ૨૧
શાહીબાગ ૨૧૪
શાહી સરકાર ૪૪૧
શાહી સંઘ ૨૦–૧
શાહી સંસ્થાનો ૨૧
શાંતારામની ચાલ ૮૧, ૩૨૧, ૩૮૨
શાંતિ ૩૫૬
શાંતિનિકેતન ૩૨, ૩૫, ૩૮, ૫૯, ૬૬–૭ પા. ટી.
શાંતિ પરિષદ ૪૬૪
"શિક્ષિત હિંદીઓ" ૨૬૫
શિશુપાલ ૯૭
શીખ વસાહતીઓ ૨૦
શીતળા વિષે ૬
શુક્લ, બી. એન. ૨૦૯
શુદ્ધ સ્વદેશી કપડાં ૩૬૬; ૦કાપડ ૩૫૮, ૩૬૫; ૦ભંડાર ૩૬૩, ૩૭૧; ૦વસ્તુભંડાર ૩૭૦; ૦વસ્ત્રભંડાર ૩૫૮, ૩૬૪
શેઠ, દાદા અબદુલ્લા ૩૨૪
શેપર્ડ, એસ. ટી. ૩૫૧, ૩૮૧, ૪૧૦
શૉ, કર્નલ ૧૦૪ પા. ટી.
શૌકતઅલી મૌલાના ૪ પા. ટી., ૮૭, ૨૨૩, ૨૮૪, ૩૮૯
શ્રદ્ધાનંદ સ્વામી ૧૨૯, ૧૬૬, ૧૬૯, ૧૭૨, ૧૭૫, ૧૭૮–૯, ૧૮૧, ૧૯૭, ૨૦૩, ૨૨૯, ૨૬૨, ૩૦૩, ૩૧૯, ૩૩૧, ૩૪૨, ૪૬૬
"શ્રીમતી અફવાદેવી" ૨૬૫
શ્લેશિન, સૉન્જા ૯૪, ૩૨૭
શ્વેબ જનાબ ૪, ૮૮, ૨૨૯

સત્ય અને અહિંસા ૧૯૬, ૨૪૫, ૨૪૭, ૨૫૪, ૩૭૩, ૩૮૭, ૩૯૭, ૪૦૨; –નાં વ્રતો ૧૧૪; ૦મળીને સત્યાગ્રહરૂપી વડનું મુખ્ય થડ બને છે ૨૩૫
સત્ય એ જ ધર્મ છે ૨૪૦
સત્ય સર્વશક્તિમાન છે ૨૦૮
સત્યદેવ સ્વામી ૮૩

Gandhi Heritage Portal

સત્યપાલ ડૉ. ૧૮૮, ૨૦૯, ૨૩૦, ૩૪૫, ૩૫૩, ૪૫૮

સત્યાગ્રહ ૨૯, ૮૯, ૯૩, ૯૫, ૯૮–૯, ૧૦૧, ૧૦૪, ૧૧૩–૪, ૧૨૧, ૧૨૯, ૧૩૪–૫, ૧૪૦ પા. ટી., ૧૪૩, ૧૫૧, ૧૫૪, ૧૬૦, ૧૬૨–૪, ૧૬૭, ૧૭૦, ૧૯૫–૬, ૨૦૩, ૨૧૧, ૨૧૪, ૨૨૩–૪, ૨૨૭, ૨૨૯, ૨૩૪–૫, ૨૪૩, ૨૪૫, ૨૪૭–૮, ૨૫૩, ૨૫૫–૬, ૨૫૮, ૨૬૧, ૨૭૭, ૨૮૪–૬, ૨૮૮, ૨૯૧, ૩૨૭, ૩૨૯, ૩૪૯, ૩૫૪–૫, ૩૬૩, ૩૬૭, ૩૬૯, ૩૮૩, ૪૦૧, ૪૩૮, ૪૫૮, ૪૬૬, ૪૬૮, ૪૭૧; ૦આત્મબળ અથવા નૈતિક બળ ૨૦૧; ૦આત્મબળ ઉપર જ રચાયેલો છે ૨૪૪; ૦આંદોલન ૨૦, ૧૨૧–૨, ૧૩૫, ૧૩૯, ૧૪૨, ૧૪૬, ૧૫૦, ૧૫૨–૩, ૨૧૮, ૨૨૧, ૨૩૦; ૦"આંદોલન વિષે અખબારો જોગ પત્ર" ૧૪૮ પા. ટી.; ૦એક ધર્મબળ ૧૨૫; ૦એક નિરુપદ્રવી છતાં અમોઘ ઉપાય છે ૧૨૦; ૦એટલે પ્રેમનો ધર્મ ૩૧૭; ૦એટલે સત્યનો આગ્રહ ૧૯૨; ૦કષ્ટસહન કરવું એ એક ધર્મ ૧૦૨; ૦કાયદાનો ભંગ કરવા રૂપી ૩૦૨; ૦કેવળ આત્મબળ પર વિશ્વાસ રાખ્યા સિવાય બીજું કંઈ નથી ૨૪૬; ૦ખરેખરો ૨૪૬; ૦જબરજસ્ત બળ છે ૧૩૨; ૦તો વડના ઝાડ જેવો છે ૨૩૫ ૦દિન ૧૭૫; ૦દેશ-હિતની પ્રગતિ કરવામાં રહેલો છે ૪૫૩; ૦ધર્મ ૩૮૭, ૩૯૭; ૦ધર્મપ્રવૃત્તિ ૨૪૮; ૦ધાર્મિક હિલચાલ ૧૩૯; ૦નવો શબ્દ છે ૨૪૦; –ના કાયદા ૧૯૦; –ના મૂળભૂત સિદ્ધાંતો ૧૨૨; –ના સામાન્ય સિદ્ધાંતો ૩૪૨; –ના સિદ્ધાંતો ૨૩૫, ૩૬૮, ૩૭૦; –ના સિદ્ધાંતોની ગેરસમજૂતી ૪૬૮; –ની અમોઘ શક્તિ ૧૩૫; –ની ચમત્કારિક શક્તિ ૨૫૬; –ની ચળવળ ૮૭ પા. ટી., ૧૨૦, ૧૫૧, ૧૬૨, ૨૨૩, ૩૬૧; –ની પ્રતિજ્ઞા ૯૮, ૧૦૨–૩, ૧૦૬, ૧૧૩, ૧૧૫–૬, ૧૨૧, ૧૨૬, ૧૨૯, ૧૩૧, ૧૫૦, ૧૫૨, ૧૫૫, ૧૬૯, ૧૮૪, ૨૦૦, ૨૦૯, ૨૪૩–૪, ૩૧૫, ૩૧૯, ૩૫૦, ૩૬૮, ૪૬૫–૬; "–ની પ્રતિજ્ઞા વિષે અખબારો જોગ પત્ર" ૪૫૭ પા. ટી.; –ની પ્રવૃત્તિ ૪૧૫; –ની ભારે કસોટી ૨૪૩; –ની ભારે પ્રવૃત્તિ ૧૯૧; –ની ભાવના૨૧૦; –ની ભાવના એટલે આત્મસંયમની ભાવના ૨૨૨; –ની રાજકીય બાજુ રાજદ્રોહી ૪૬૮; –ની રીત ૧૮૪; –ની લડત ૧૭૫–૬, ૮૪ પા. ટી., ૯૪ પા. ટી., ૧૨૫, ૨૦૪, ૨૦૬, ૨૧૫, ૨૩૫, ૨૪૭, ૨૮૩ પા. ટી., ૪૯૩; –ની લડત, ધાર્મિક અને પવિત્ર ૧૮૩; –ની લડતની સમાધાની ૧૯૧૪ની ૧૦૫; –ની શક્તિ ૧૩૨, ૧૪૮; –ની સાચી ભાવના ૨૦૬–૭; –ની સેવા ૧૪૩; –ની હિલચાલ ૧૬૮; ૧૭૮, ૧૮૭, ૨૩૫, ૨૪૮, ૨૭૯; –નું ખરું સ્વરૂપ ૧૭૯, ૪૫૨; –નું મૂળ લક્ષણ, વેરભાવનો અભાવ ૩૧૪; –નું શિક્ષણ ૨૩૧; –નો અર્થ ૪૨૨, ૩૦૩; –નો એક વ્યવહારુ પ્રયોગ ૪૫૩; –નો કાયદો ૨૪૧, ૨૫૪; –નો ખરો ધર્મ ૨૪૨; –નો ખરો વિજય ૨૬૦; –નો દિવસ ૧૯૬ પા. ટી.; –નો પંથ ૨૪૯; –નો પાયો સચ્ચાઈ ને અહિંસા ૫૨, ૨૪૫; –નો મર્મ ૨૪૨; –નો મહિમા ૨૫૬; –નો મંત્ર ૨૪૪; –નો મારો અનુભવ ૧૩૩; –નો વિજય કેવી રીતે થાય છે? ૨૪૭; –નો વિશાળ પ્રયોગ ૪૨૧; –નો શાંતિભર્યો અને ઉમદા માર્ગ ૨૧૨; –નો શુદ્ધ પાયો ૨૪૪; –નો સનાતન માર્ગ ૨૦૯; –નો સંદેશો ૪૫૮; –નો સિદ્ધાંત ૨૫૬, ૨૬૪, ૩૦૦, ૩૯૮; ૦પત્રિકાઓ ૪૬૭; ૦પંથનો મંત્ર, સંયમ છે ૧૬૨; ૦પ્રાણવાન શક્તિ છે ૪૦૨; ૦પ્રેસ ૨૦૯; ૦મંડળો ૧૨૭; –માં ઊંડી શ્રદ્ધા ૨૧૨; –માં મારામારી કરાય નહીં ૨૧૩; –માં સત્યનો આગ્રહ કરવાનું મુખ્ય છે ૨૩૨; –માંથી સ્વદેશી પણ નીકળે છે ૧૮૨; ૦મૂળે તો ધાર્મિક શક્તિ છે ૧૫૨; –રૂપી લડતનું થડ અને અહિંસા ૨૩૫; ૦વડના ઝાડ જેવો છે ૨૩૫; ૦વિષેનો અટલ વિશ્વાસ ૨૬૭; ૦વ્રત ૧૮૫; ૦શુદ્ધ ૨૫૫, ૩૭૫, ૪૦૩, ૪૭૨; શુદ્ધ, આપણી કામધેનુ છે ૨૦૯; ૦શુદ્ધમાં શુદ્ધ હથિયાર ૩૨૬; ૦સર્વવ્યાપક છે ૧૯; ૦સહેલાઈથી વાપરી શકાય તેવું શસ્ત્ર નથી ૨૦૮; ૦સંગ્રામ ૧૪૭; ૦સંમેલન ૩૧૯; ૦સાચો ૩૬૯; ૦સાચામાં નિરાશા કે પરાજયને સ્થાન જ નથી ૨૦૮; ૦સુધારકના શસ્ત્રાગારનું મૂલ્યવાન હથિયાર ૨૨૩; ૦હિંદુ-મુસલમાન એકતા અને સ્વદેશી તેનાં અંગ ૨૦૦;

સત્યાગ્રહ આશ્રમ (સાબરમતી) ૧૧ પા. ટી., ૪૬, ૫૨ પા. ટી., ૬૦, ૯૬, ૯૮, ૧૧૮, ૨૧૭, ૨૨૧, ૨૯૦, ૩૫૭ પા. ટી. ૩૯૩

સત્યાગ્રહ ઑફિસ ૧૧૫

सत्याग्रह पत्रिका **–१** ૨૦૩ પા. ટી; **–२** ૨૦૩; **–३** ૨૦૩; **–४** ૨૨૪; **–५** ૨૨૮; **–६** ૨૪૦; **–७** ૨૪૩; **–८** ૨૪૬; **–९** ૨૪૮; **–१०** ૨૫૧; **–११** –૨૫૫; **–१२** ૨૫૬; **–१३** –૨૫૮; **–१४** ૨૬૦; **–१५** ૨૬૫; **–१६** ૨૬૮; **–१७** ૨૭૪; **–१८** ૨૭૬; **–१९** ૨૮૧; **–२०** ૨૮૭; **–२१** ૨૯૧


Gandhi Heritage Portal

સત્યાગ્રહ સભા ૧૦૬, ૧૨૬, ૧૪૦ પા. ટી., ૧૪૪, ૧૭૦ પા. ટી., ૧૭૧, ૧૮૬–૭, ૨૦૮ પા. ટી. ૨૩૪ પા. ટી. ૨૫૦, ૨૫૫, ૨૬૩, ૩૧૯ પા. ટી., ૩૬૯. ૩૭૨, ૩૭૪–૬, ૩૮૨, ૩૮૭, ૩૯૭, ૪૧૫, ૪૬૫–૬
સત્યાગ્રહ સભાઓ ૧૩૯
સત્યાગ્રહ સમિતિ ૧૬૪, ૨૩૦, ૩૫૦
"સત્યાગ્રહ સમિતિના સેક્રેટરીઓને પત્ર" ૩૭૫ પા. ટી.
સત્યાગ્રહ સંઘો ૧૭૨
સત્યાગ્રહ સંસ્થા ૪૭૧
સત્યાગ્રહ સિરીઝ ૨૦૩ પા. ટી.
સત્યાગ્રહી ૪૯, ૯૨, ૯૬, ૧૨૦, ૧૩૪, ૧૪૧–૨, ૧૪૮–૯, ૧૫૧, ૧૫૫, ૧૬૧–૩, ૧૮૦, ૧૮૫–૭, ૧૯૦, ૨૦૪, ૨૧૮, ૨૨૮, ૨૩૫, ૨૪૦, ૨૪૪–૭, ૨૫૫, ૨૫૭–૬૦, ૨૬૫, ૨૬૭–૮, ૨૭૩, ૨૮૮, ૨૯૬, ૩૧૯, ૩૬૮, ૩૭૨, ૩૭૪–૫, ૩૯૯–૪૦૨, ૪૨૧, ૪૨૩, ૪૪૬, ૪૫૨–૩; ૦આંદોલન ૨૦૬;–એ કેદખાનાનાં કષ્ટોની પરવા કરવાની હોતી નથી; ૪૦૦;–એ ઘણા કડવા ઘૂંટડા પીવાના છે ૪૫૩; –એ સહનશીલતા પાળવી જ જોઈએ ૧૨૫; –એ સેતાનના અવાજને અંતરાત્માનો અવાજ માની બેસવાની ભૂલ ન કરવી ૪૦૧; ૦કે બિનસત્યાગ્રહી ૧૫૨; ૦ચળવળ ૨૮૫; ૦તો મરણ સુધી લડે ૧૨૫; ૦દૃઢ વિશ્વાસ એ જ શસ્ત્ર ૧૨૧; –ની ખરી કસોટી ૧૧૪; –ની ચોખ્ખી ફરજ ૪૨૩; –ની દૃષ્ટિ ૪૨૨; –ની ફરજો ૪૨૧; –ને કાયદાની સજા ભય પમાડી શકતી નથી ૧૮૭; –નો મંત્ર ૨૪૨; ૦બહાદુરને દેશવટો મળ્યો ૨૪૩; ૦ભંગ કાયદાઓનો ૩૧૪; ૦મિત્રો ૧૩૬; ૦રીત ૨૭૪; ૦સદાય સ્વતંત્ર છે ૩૦૨; ૦સર્વસ્વ હોમી દેવા તૈયાર છે ૧૦૬; ૦સ્વયંસેવકો ૩૬૮
સત્યાગ્રહી શ્રેણી ૨૦૩ પા. ટી.
સત્યાગ્રહીઓ ૧૦૧, ૧૨૯, ૧૩૨, ૧૩૯–૪૧, ૧૪૮, ૧૫૧, ૧૫૪, ૧૫૬, ૧૬૦, ૧૬૪–૬, ૧૬૮–૭૦, ૧૭૩, ૧૭૯, ૧૮૫–૭, ૧૯૬, ૨૦૦, ૨૦૩–૪, ૨૦૮–૯, ૨૧૮, ૨૩૦, ૨૩૫–૬, ૨૪૩, ૨૪૭, ૨૫૦–૧, ૨૫૩, ૨૫૫–૭, ૨૬૭, ૨૬૯, ૨૭૩, ૩૦૨, ૩૧૩–૫, ૩૧૯, ૩૪૨, ૩૫૧, ૩૬૯, ૩૭૪, ૩૮૩, ૩૮૭, ૩૯૭, ૩૯૯, ૪૦૦–૧, ૪૦૩, ૪૨૩, ૪૫૨–૩, ૪૬૬; ૦આધુનિક ૧૫૫; –ની ગુણવત્તા ૧૩૬; –ની પેઢી ૯૭; –ની માગણીઓ ૪૦૨; –નું કર્તવ્ય ૨૦૬; –નું સંમેલન ૩૦૩; –નો શંભુમેળો ૩૭૫;
"સત્યાગ્રહીઓ માટે સૂચનાઓ" ૩૭૨ પા. ટી., ૩૭૫ પા. ટી., ૩૮૨ પા. ટી.
સમર્થ, એન. એમ. ૨૭
સમાધાન ૧૯૧૪નું ૨૦, ૪૬૧–૨
સમાધાનનો અર્થ કેવી રીતે ઘટાવવો ૪૫૧
સમ્રાટ –ના પ્રધાનો ૪૬૫; ૦સરકાર ૪૫૧, ૪૬૧–૨; ૦સામે યુદ્ધ પોકારવાનો ગુનો ૪૭૭
સયાજી લૂમ વર્ક્સ ૩૮૯
સરસ્વતીદેવી ૨૪૨
सर्मन ऑन थि माउन्ट २९२
सर्वेन्ट ऑफ इन्डिया ५६, ३३१
સર્વન્ટ્સ ઑફ ઇન્ડિયા સોસાયટી ૩૯
સર્ક્રેજેટ ૯૪ પા. ટી.
સર્વોદય ૧૮૬
સવાઈ માધવપુર ૨૨૦
સવિનય ૦અનાદર, અન્યાયી વાતોનો ૧૪૮; ૦કાનૂનભંગ ૨૧૮, ૨૪૫, ૨૫૬–૭, ૩૨૭, ૩૩૧, ૩૫૪, ૩૬૩, ૩૭૩, ૩૭૯, ૩૮૫, ૩૮૭, ૩૯૭, ૩૯૯, ૪૦૦, ૪૦૯–૧૦, ૪૬૫; ૦કાનૂનભંગની લડત ૧૫૯, ૩૬૯, ૩૮૨, ૩૯૮, ૪૦૩, ૪૦૯; ૦ભંગ ૯૯, ૧૨૧, ૧૮૬, ૨૩૪–૫, ૪૦૦, ૪૧૦, ૪૧૫, ૪૨૧, ૪૫૨–૩; ૦ભંગ કાયદાઓનો ૧૮૦, ૧૮૪, ૧૮૭, ૩૧૩, ૩૧૫, ૪૦૩; ૦ભંગ કાયદાનો સકારણ ૩૦૩; ૦ભંગની ચળવળ ૨૦૮ પા. ટી., ૨૩૮; ૦ભંગની લડત ૨૫૦–૧, ૩૧૯, ૩૫૦–૧, ૩૬૩, ૩૬૯, ૩૭૨–૩, ૩૯૮, ૪૧૦, ૪૫૧; ૦ભંગનું આંદોલન ૧૯૬, ૨૯૬; ૦ભંગનો પાયો પ્રેમ અને બંધુત્વની લાગણી છે ૪૬૭ પા. ટી., ૨૯૬
સશસ્ત્ર બળવો ૮૫
સંઘ ૧૦૪ પા. ટી.; –ની ધારાસભાની પ્રવર સમિતિ ૪૬૩; –ની લોકસભાની પ્રવર સમિતિનો રિપોર્ટ ૪૬૩; ૦સરકાર ૪૬૨–૩
સંત, એમ. બી. ૩૮૮
સંધ્યા, સાંજ ને સવારની ૨૭
સંસ્કૃતિ ૦આધુનિક ૧૦૧; ૦પશ્ચિમની ૧૩૫; ૦પૌરસ્ત્ય અને પાશ્ચાત્ય ૧૨૧ ૦પ્રાચીન ૧૩૫
સંસ્થાનવાસીઓ ૧૯, ૨૦

Gandhi Heritage Portal

સંસ્થાનો ૧૯ પા. ટી., ૨૦
સાઉથ આફ્રિકા ૩૬૨
સાડે, ટી. ટી. ૧૯૭
સાબરમતી ૪૬, ૫૫, ૫૭–૮, ૬૦, ૬૫, ૮૭, ૯૧, ૯૮, ૧૧૭, ૧૨૪, ૧૨૮, ૨૧૦, ૨૧૬–૭, ૨૨૭, ૨૨૯, ૨૩૯, ૪૫૫, ૪૬૦; ૦આશ્રમ ૭ પા. ટી., ૬૬ પા. ટી., ૭૨
સાબરમતી નદી ૧૧૮, ૨૧૩ પા. ટી.
સામ ૪૪૯
સામ્રાજ્ય ૧, ૨, ૧૪, ૨૧, ૪૦, ૧૦૪ પા. ટી., ૧૧૬, ૩૫૩, ૩૬૩, ૪૫૦, ૪૫૨; –ના નાગરિકોનો સંઘ ૪૨૦; ૦નાં સંસ્થાનો ૪૬૩; ૦બ્રિટિશ ૪૬૫; ૦સરકાર ૪૧૮
સાર્વજનિક કૉલેજ ૪૬૯
સાલ્વેશન આર્મી ૭૩ પા. ટી.
સાલ્વેશન જિનિંગ લૂમ ફૅક્ટરી ૩૮૯
સાળ ૩૩૮–૯, ૩૫૨, ૪૩૮, ૪૪૬; ૦પાવરથી ચાલતી ૪૩૫; ૦હાથની ૨૯૫
સાહિત્યસમિતિ, પ્રયાગની ૮૩
સાંગલી ૫૫ પા. ટી.
સિકંદરાબાદ ૧૬૩–૫, ૨૦૨ પા. ટી.
સિમલા ૨૫૯ પા. ટી., ૨૯૮, ૩૭૬–૮
सिविल एन्ड मिलिटरी गॅझेट ૩૨૦, ૪૩૨
સિવિલ ડિસઓબિડિયન્સ ૩૯
સિવિલ સર્વિસ ૮૪–૮, ૧૧૬, ૧૨૮; –ના અધિકારીઓ ૩૩૧, ૩૬૭
સિંધ ૧૬૪, ૨૩૨, ૨૫૧, ૨૫૩, ૩૦૭, ૩૧૯, ૩૩૦, ૩૪૧
"સિંધમાં ગેરકાયદે પગલાં" ૩૩૧
સિંધી ભાઈઓ ૧૬૧
સીતાજી ૪૨૪
સીતારામૈયા, બી. પટ્ટાભી ૧૪૦ પા. ટી.
સુદામા ૪૯
સુધારા (મૉન્ટફર્ડ) ૧૬૨, ૨૦૦, ૨૧૯, ૩૨૨, ૩૫૪, ૪૦૨, ૪૧૮; ૦બિલ ૩૮૪; ૦રાજકીય ૨૨૨
સુધારો ૦આધુનિક ૨૪૩; ૦પ્રાચીન ૨૪૩
સુપ્રિમ કોર્ટ ૮૧ પા. ટી.
સુરત ૧, ૬, ૧૩, ૨૧ પા. ટી., ૫૫ પા. ટી., ૨૯૬, ૩૦૨, ૩૦૯–૧૦, ૩૧૩, ૪૦૦, ૪૬૯, ૪૭૧, ૪૭૬; –ની પ્રજા ૪૭૧, ૪૭૬ ૦જિલ્લો ૫૧ પા. ટી.
સુરતવાસીઓની ભાવના ૪૬૯
સુરેન્દ્ર ૮૩, ૯૭, ૪૧૬
સુરેન્દ્રલાલ ૫૨
સુલેહની કૉન્ફરન્સ ૨૮૬
સુલોચનાબહેન ૩૬૪–૫
સુવર્ણ કાનૂન તથા નગરસુધારણા ધારો ૪૧૮–૯, ૪૬૨
સુવર્ણ વિસ્તાર ૪૧૮, ૪૬૩
સુંદરમ્ ૩૧૮
સુંદરલાલ ૩૦૩
સૂતર, દેશી મિલનું ૩૦૯
સેતલવાડ, ચિમનલાલ સર ૩૭૭
"સેન્ટર ઑફ ઇન્ડિયન કલ્ચર" ૮૭ પા. ટી.
સૅન્ડહર્સ્ટ બ્રિજ ૧૭૭
'સેન્સરશિપ' ૩૬૯
સૅલી ૩૨૧
સેલ, ઈ. એલ. ૩૭૧
સેવાધર્મ ૫૧, ૫૩
સેંટ સ્ટીફન્સ કૉલેજ ૩૬ પા. ટી., ૨૮૭
સેંટ સ્ટીવન્સ કૉલેજ ૧૯૮
સૈનિકોની ભરતી ૪૫૯
સૈન્યભરતી ૧૩
સૈયદ, ફઝલ-ઉલ-રહમાન ૩૫૭
સૈયદ, હસન ઇમામ ૬૪ પા. ટી.
સૈયદ, હુસેન ૭૯, ૧૧૯, ૧૨૫ પા. ટી.
સૉક્રેટીસ ૨૬૯
સોઢા, રતનસી મૂળજી ૭૮ પા. ટી.
સોઢા, રેવાશંકર ૭૮
સોનાની ખાણોવાળો વિસ્તાર ૧૦૫
સોનાપુર મસ્જિદ ૧૯૨, ૧૯૪
સોબાની, ઉમર ૧૯૭, ૪૦૦
સોમણ ૫૬
સોમનાથ ૩૯૫
સોમનાથ ૩૫૭ ૪૩૮
सोर्स मटिरियल फॉर ए हिस्टरी ऑफ धि फ्रिडम मूवमेन्ट इन इन्डिया ૪૦૯ પા. ટી., –૧૦, ૪૫૨
સૌરાષ્ટ્ર ૭ પા. ટી.
સ્કૉટલૅન્ડ ૨૮૧, ૪૭૪
"સ્કોચ એટ" ૪૭૫
"સ્ટેટ પ્રિઝન્સ રેગ્યુલેશન્સ" ૧૧૧
"સ્થાપિત હક્કો" ૪૧૮
સ્થાપિત હિતો ૪૪૦

Gandhi Heritage Portal

સ્મટ્સ, જનરલ ૭૫-૬, ૧૦૪ પા. ટી., ૧૦૬, ૧૨૪, ૪૧૮, ૪૩૮, ૪૪૦, ૪૬૧-૨

સ્મટ્સ-ગાંધી કરાર ૪૧૭

સ્મટ્સ-ગાંધી સમાધાન ૪૧૭-૯

સ્મિથ, મિ. ૪૭૬

સ્ત્રીઓની ઉન્નતિ ૩૯૫

સ્ત્રીઓનું પુરુષો પ્રત્યે ઋણ ૩૯૪

સ્ત્રીમતાધિકારની ચળવળ ૧૪૨

સ્વતંત્રતાનો મંત્ર ૨૪૩

સ્વદેશાભિમાનનો જુસ્સો ૨૯૪

સ્વદેશી ૨૬૧, ૨૬૭, ૨૭૨, ૩૬૧-૨, ૩૭૯-૮૦, ૩૮૪, ૩૮૬, ૩૯૨, ૪૦૯, ૪૧૬, ૪૨૪, ૪૩૭, ૪૪૯-૫૦, ૪૭૬; ૦અને બહિષ્કાર ૧૮૯ પા. ટી., ૦અને બૉયકૉટ ૧૯૦, ૨૯૪; ૦અર્થ અને ધર્મની સાધના ૪૨૫; ૦આપણો મુખ્ય ધર્મ ૩૬૨; ૦આર્થિક સ્વતંત્રતા ૪૭૩; ૦એ મહાધર્મ છે ૪૨૮; ૦કપડાં ૩૭૦; ૦કપડાંની પ્રતિજ્ઞા લેવાની ફરજ ૪૨૭; ૦કાપડ ૩૧૮, ૩૫૯, ૩૭૧, ૪૦૬; ૦કાપડ વધુ ટકાઉ ૩૬૬; ૦કો-ઑપરેટિવ સ્ટોર્સ ૩૫૮, ૦ચળવળ ૪૨૩, ૪૫૪; ૦જેવું મહાવ્રત ૧૯૦; -થી લૅંકેશાયરનો સ્વાર્થી સંબંધ નીકળી જાય છે ૪૭૨; ૦ધર્મ ૩૮૬; ૦ધર્મ અને સત્યની ભાવનાવાળું ૪૨૨; ૦ધાર્મિક ભાવના ૩૬૫; -ના ધાર્મિક આચાર ૪૨૮; -ના પ્રચારનો ઉદ્દેશ ૩૫૮; ૦"આધુનિક અગત્ય" ૩૨૮; -ની ચર્ચા ૧૯૩; -ની ત્રણ પ્રતિજ્ઞાઓ ૪૩૮; -ની ત્રીજી પ્રતિજ્ઞા ૪૦૮; -ની પ્રતિજ્ઞા ૨૫૩, ૪૦૬-૮; -ની પ્રતિજ્ઞાનું ફૉર્મ ૨૫૨; -ની વ્યાખ્યા ૪૩૭; -ની સફળતા ૩૬૬; -નું આંદોલન ૨૫૨; -નું તત્ત્વ ૪૦૬; -નું બીજું વ્રત ૩૫૯; -નું મહત્ત્વ ૩૬૫, ૪૩૫; -નું સક્રિય આંદોલન ૩૭૦; ૦નું સંપૂર્ણ પાલન ૩૬૨; ૦ને અભાવે અધઃપતન ૪૭૪; -ને ધાર્મિક ભાવનાથી ટેકો આપવાનો નિર્ણય ૪૩૫; -નો આધાર બહેનો ઉપર છે ૨૯૫; -નો છૂટથી પ્રચાર ૩૯૩; -નો ડંકો ૧૯૩; -નો ત્યાગ અને પ્રજાત્વનો નાશ ૪૨૬; -નો પાયો ૧૯૧; -નો પ્રચાર ૨૯૫, ૩૯૮, ૪૧૪, ૪૪૨, ૪૪૫; -નો ફેલાવો ૪૭૦; -નો મંત્ર ૧૯૩; -નો સિદ્ધાંત ૩૯૮; ૦પેદા કરવાની અને બનાવવાની જ બાબત છે ૪૨૨; ૦ભાવના ૪૭૦; ૦ભંડાર ૩૬૭ પા. ટી., ૪૧૬; ૦ભાષા ૪૧૬; ૦મહાન પ્રતિજ્ઞા ૩૬૦; -માં અર્થ અને ધર્મ ૪૨૬; -માં જોઈતા ગુણો અને શક્તિ ૪૭૫; -માં બૉયકૉટને કોઈ સ્થાન ૪૩૬; -માં ભાષાનો પ્રશ્ન પણ આવી જાય છે ૪૩૪; -માં સમુદ્રના જેવી આર્થિક સ્વતંત્રતા રહેલી છે ૪૭૩; -માં સ્વરાજ ૪૭૨; ૦મિશ્રની પ્રતિજ્ઞા ૪૦૮; ૦રંગ સ્ત્રીઓને લાગવો જોઈએ ૨૭૯; ૦વખત ગાળવાનો એ જ ધર્મ ૪૨૮; ૦વિના કોઈ પણ દેશ માનપૂર્વક જીવી નહીં શકે ૨૩૭; ૦વસ્તુ ભંડાર ૬૦, ૩૩૯ પા. ટી., ૪૬૮; ૦વ્રત ૮૧, ૧૭૭, ૧૮૯, ૧૯૨, ૧૯૪, ૨૦૦, ૨૭૮, ૨૮, ૨૯૪, ૩૧૧, ૩૧૩, ૩૧૫, ૩૧૮, ૩૨૮, ૩૫૮-૯, ૩૭૦-૧, ૪૧૬-૭, ૪૪૩, ૪૭૦, ૪૭૬; ૦વિના પ્રજા, પ્રજા તરીકે ટકી શકવાની નથી ૪૫૪; ૦વિશુદ્ધ ૩૩૯; ૦વિષે ભાષણ, સ્ત્રીઓની સભામાં ૪૧૦; ૦વ્રત અડધું ૨૮૦; ૦વ્રત આખું ૨૮૦; ૦વ્રત કાર્યસ્થળ પ્રમાણે રૂપાંતર ૪૭૪; ૦વ્રતની પ્રતિજ્ઞા ૩૧૬; ૦વ્રતનું પ્રતિજ્ઞાપત્ર ૨૬૫; ૦વ્રતનો પ્રભાવ ૩૯૩; ૦વ્રતમાં શુદ્ધ અર્થશાસ્ત્ર ૧૯૩; ૦વ્રત મિશ્ર ૪૬૯; ૦વ્રત વિશુદ્ધ ૩૦૯; ૦વ્રત શુદ્ધ ૩૦૯, ૩૬૧-૬, ૪૬૯; ૦વ્રત, શુદ્ધ અને મિશ્ર ૨૯૩; ૦વ્રત સંકુચિત ૧૯૧; ૦વ્રત સંપૂર્ણ ૧૯૦; ૦વ્રત સંપૂર્ણતાએ લેવું ૧૯૧; ૦વ્રત સંપૂર્ણની પ્રતિજ્ઞા ૩૯૧; ૦વ્રત સ્ત્રીઓની મદદ વગર પૂરેપૂરું નહીં પાળી શકાય ૨૭૯; ૦શુદ્ધ ૩૧૬, ૪૫૩;૦ શુદ્ધ-ખાદી ૩૭૦, ૪૩૫; ૦શુદ્ધની પ્રતિજ્ઞા ૪૦૮; ૦શુદ્ધમાં સ્વરાજ્ય ૪૭૬; ૦સૂતરનાં કપડાં ૩૨૬; ૩૯૧, ૪૦૬, ૪૭૫; ૦સ્ટોર ૩૩૭-૯, ૪૪૪; ૦હિલચાલ ૨૬૬, ૨૯૫

સ્વદેશી વ્રત-૧ ૧૮૯

"સ્વદેશી વ્રત-૧" ૧૯૪ પા. ટી.

સ્વદેશી વ્રત-૨ ૧૯૧

સ્વદેશી व्रत मिश्र ૨૯૫

સ્વદેશી व्रत शुद्ध ૨૯૫

સ્વદેશી વ્રતધારી ૧૮૯

"સ્વદેશીનું વ્રત" ૪૦૮ પા. ટી.

સ્વદેશી સભા ૩૭૧-૨, ૩૯૧ પા. ટી., ૩૯૪; -ની શાખાઓ ૪૦૭

"સ્વદેશી સભાના નિયમો" ૩૬૬ પા. ટી., ૪૦૫, ૪૩૮ પા. ટી.

સ્વદેશીઝમ (સ્વદેશીનો સિદ્ધાંત) ૬૦

સ્વયંસેવક દળ ૨૦૬; ૦આફ્રિકાના હિંદીઓનું ૪૬૨

સ્વયંસેવકો ૧૧૩-૪, ૧૭૨, ૧૭૭, ૨૦૫, ૨૫૫, ૨૭૩,

Gandhi Heritage Portal

૨૭૫, ૨૯૧, ૩૬૦, ૩૯૪, ૪૨૨, ૪૭૬; –ની ભરતી ૪૬૦; –નું દળ ૨૦૬
સ્વયંસેવિકા ૩૭૦
સ્વરાજ (જય) ૧, ૧૩, ૪૦, ૪૭–૮, ૬૦, ૮૪, ૧૦૧, ૧૪૩, ૧૬૧, ૨૧૫, ૩૧૭, ૪૭૩; –અને સ્વાતંત્ર્ય ૨૯૨; ૦દેવી ૪૭૫; –ની ચાવી ૪૭૨; –ની ભાવના ૩; –નું આગમન ૫; –નો આર્થિક સ્વતંત્રતા વિના કશો અર્થ નથી ૪૭૩; –નો પહેલો પાઠ ૪૭૨; ૦પક્ષ ૧૯૬ પા. ટી; ૦પ્રજા તંદુરસ્ત અને સમશેર બહાદુર થશે ત્યારે મળશે ૨; ૦બાહુબળ જ ભોગવે ૨; ૦સ્વદેશીમાં ૪૨૮; ૦હમેશ જે દેશ આર્થિક સ્વતંત્રતા જાળવે છે તેને ૪૭૪
સ્વિટ્ઝર્લૅન્ડ ૪૭૪

હઈ, મૌલવી હકીમ અબદુલ ૧૮૨
હક, મજહરુલ ૧૭૨ પા. ટી., ૨૦૯
હક્ક અને ફરજો ૧૮૩
હડતાળ ૭૬, ૧૩૭–૮, ૨૦૬, ૨૧૫, ૨૪૫, ૨૪૮, ૨૫૫, ૨૫૮, ૨૬૯–૭૧, ૨૭૪–૫, ૨૯૬, ૩૧૯, ૩૬૪, ૩૬૮, ૩૮૭, ૩૯૭, ૪૨૨, ૪૫૭–૯; ૦ઐચ્છિક, સત્યાગ્રહી ૨૬૩; –ની હાંસી ૨૭૬; –નો ધાર્મિક હેતુ ૨૯૮; ૦બળજબરીથી પડાવેલી, સત્યાગ્રહી હડતાળ કહેવાય જ નહીં ૨૯૮; ૦યુરોપિયન ૨૩૫; ૦શાંતિપૂર્ણ ૨૯૧; ૦સત્યાગ્રહી ૨૩૫, ૨૪૪, ૨૭૬, ૨૮૧; ૦સંપૂર્ણ રીતે ઐચ્છિક ૨૮૬
હડતાળિયાઓ ૧૩૭, ૨૩૫
"હડહડતો અવિવેક" લેખ ૩૪૫
હનુમંતરાવ ૮
હરકિશનલાલ લાલા ૪૫૫, ૪૫૮
હરદ્વાર ૪૨૪
હરિશ્ચંદ્ર ૫૪, ૨૬૯
હસન ઇમામ ૨૦૯, ૩૨૦
હંટર, સર ૪૩૪
હાઉસ ઑફ કૉમન્સ ૧૫, ૪૬૨
હાથકારીગરીના ઉદ્યોગો ૪૩૫
હાથવણાટ ૩૯૮, ૪૭૫
હાથસાળ ૩૬૫, ૩૭૦, ૩૮૯, ૪૩૫, ૪૪૩, ૪૪૫
હારકોર્ટ મિ. ૪૬૨
હાર્કર મિ. ૧૯૭–૮
હાર્ડિંગ લૉર્ડ ૧૦૪, ૪૩૯
હિગનેલ, એસ. આર. સર ૩૨૦, ૩૪૦, ૩૬૩, ૩૭૬–૭, ૩૭૯, ૩૮૩, ૪૬૪
"હિગનેલ, એસ. આર.ને પત્ર" ૩૪૬ પા. ટી., ૩૬૪ પા. ટી., ૪૦૯ પા. ટી.
હિજરત ૩૨૯
હિજરા ૨૭૮
હિમાલય ૪૭૫; ૦જેવડી ભૂલ ૪૨૧–૨
હિરણ્યકશિપુ ૧૪૨
હિલ્ડા ૪૪૯
હિંદ ૧૩, ૫૫–૬, ૮૧, ૮૮–૯, ૧૧૬, ૧૨૯, ૧૫૩, ૧૫૮, ૧૯૦, ૨૦૧, ૨૩૨, ૨૭૯–૮૦, ૨૮૬, ૩૧૧–૨, ૩૧૫, ૩૩૧, ૩૬૧, ૩૭૦, ૩૯૩–૪, ૪૨૫–૬, ૪૨૮, ૪૫૪, ૪૭૦; –ના લોકો ૨૫૧, ૪૩૨; –ની આબાદી ૪૨૭; –ની જનતા ૩૬૭; –ની ભૂમિ ૩૮૬; –ની વસ્તી, ૮૦ ટકા ખેડૂત ૪૭૦; –ની સંસ્કૃતિ ૪૨૫; –ની સેવા ૨૪૩; –નું સ્વરાજ્ય અને સ્વાતંત્ર્ય ૪૭૦; –નો ભાગ્યોદય ૨૭૮; –માં ના થયેલું કાપડ ૪૨૭; –માં સ્વરાજનો ધ્વનિ ૧; –માં સ્વરાજ્ય ક્યારે હતું? ૪૭૬; ૦લડાયક શક્તિ તદ્દન નાશ પામી છે ૨; ૦સરકાર ૮૧ પા. ટી., ૯૫, ૧૦૪, ૧૩૫, ૨૦૦, ૨૧૧, ૨૨૨, ૩૫૩, ૩૬૭–૮, ૩૭૨, ૪૦૯–૧૦, ૪૧૨–૩, ૪૪૦–૧, ૪૫૧–૩, ૪૬૧ પા. ટી., ૪૬૩; ૦સંરક્ષણ ધારો ૮૧ પા. ટી., ૩૩૨ ૩૬૭, ૪૨૦, ૪૨૯
હિંદ ૧૩૮
હિંદવાસી ૪૬૬, ૪૬૮ પા. ટી.
હિંદવાસીઓ ૪૧૩
હિંદ સ્વરાજ ૧૭૦, ૧૮૬, ૨૧૫, ૩૧૭ ૩૨૬, ૩૬૮, ૩૯૮
હિંદી (જનતા) ૧૬૫, ૧૮૩, ૧૯૩, ૨૪૬, ૩૨૩, ૪૪૦; ૦કાપડ ૩૯૦; ૦કોમ ૫૪, ૭૫, ૭૬, ૧૦૪ પા. ટી., –૫, ૧૪૭, ૪૬૧; ૦નાગરિકો, સામ્રાજ્યમાં વસતા ૪૫૦; ૦પ્રજા ૧૦૫, ૩૧૨, ૩૯૨, ૪૩૯, ૪૬૭; ૦પ્રજાજનો – ટ્રાન્સવાલમાં વસતા ૪૬૧; ૦બહેનો ૩૭૦; ૦વજીર ૧૮૧, ૩૧૯, ૩૭૪, ૩૭૬, ૩૮૩, ૪૧૦; ૦વસાહતીઓ ૪૧૨, ૪૧૮, ૪૬૩
હિંદીઓ ૨૦–૨, ૩૧, ૫૪, ૭૧, ૮૯ પા. ટી., ૧૦૧, ૧૦૫, ૧૨૯, ૧૫૯, ૨૬૫, ૨૭૧, ૩૧૪, ૩૨૦, ૩૬૫, ૩૮૧, ૪૦૧, ૪૧૨, ૪૧૮, ૪૪૮, ૪૫૪, ૪૬૨; –ના રાજકીય હક્કો ૪૧૩; –ના હક્કો

Gandhi Heritage Portal

૪૧૮, ૪૪૦; –ની અભિલાષાઓ ૪૪૭; –ની કૂચ ૪૪૦; –ની સ્વતંત્રતાનો કાયદો ૪૧૮; –ની હાડમારીઓ ૪૩૯; –નું દૃષ્ટિબિંદુ ૪૫૧
હિંદી ફોજદારી કાયદાની કલમ ૧૨૧, ૪૭૭
હિંદી ફોજદારી કાયદાની કલમ ૧૨૪, ૩૪૦
હિંદી ફોજદારી કાયદો ૪૨૯
હિંદી મહાસભા ૩૧૧ પા. ટી.
હિંદી રાષ્ટ્રીય કોંગ્રેસ ૧૪ પા. ટી., ૨૫ પા. ટી., ૩૩ પા. ટી., ૬૪ પા. ટી., ૧૦૩ પા. ટી., ૧૬૭ પા. ટી., ૧૭૯ પા. ટી.; –ની લંડનની હિંદી બ્રિટિશ સમિતિ ૩૩૪ પા. ટી.
હિંદી વસ્ત્ર પ્રકાશક મંડળી ૩૨૮
હિંદી સંરક્ષણ સેના ૪૫૯
હિંદી સ્વયંસેવક સમિતિ ૪૬૦
હિંદી (ભાષા) ૭૮, ૧૨૦, ૧૫૬, ૨૩૨; –ઉર્દૂ રાષ્ટ્રીય ભાષા ૨૩૨; હિંદી જ ભારતની રાષ્ટ્રભાષા ૦એકમાત્ર ૧૫૦; –નો પ્રચાર ૨૩૭; ૦રાષ્ટ્રીય ભાષા ૧૫૩, ૨૩૨–૩, ૪૩૪; ૦શિક્ષણ ૮૩
હિંદી સાહિત્ય પરિષદ ૨૩૨
હિંદી સાહિત્ય સંમેલન ૨૨૭, ૨૩૩, ૨૩૬–૭; –ની કાર્યવાહક સમિતિ ૮૩ પા. ટી.
હિંદુ ૧૪૩, ૧૪૯, ૧૫૩, ૧૫૬, ૧૬૬, ૨૦૧, ૨૩૪ પા. ટી., ૧૫૯, ૧૬૫, ૨૩૬, ૨૯૮, ૪૧૨ પા. ટી.
હિંદુ કાયદા ૧૧૮, ૦શાસ્ત્રો ૭૪; ૦સ્ત્રી મંડળ ૧૭ પા. ટી.
હિંદુ ધર્મની બાળપોથી અલૌકિક ગ્રંથ છે ૩૪
હિંદુમુસલમાન ૫૪, ૨૩૨, ૨૬૨, ૨૮૩, ૩૬૮; ૦એકતા ૧૯૪, ૨૦૦, ૨૬૧, ૪૫૪; ૦એખલાસ ૧૮૨; ૦ઐક્ય ૨૦૫, ૨૮૩ પા. ટી., ૪૫૩; "૦ઐક્ય વ્રત" ૨૦૩ પા. ટી.; –ની ખરી એકતા ૧૯૫; –નું મિશ્રિત સરઘસ ૧૯૮
હિંદુમુસ્લિમ ૦પ્રશ્ન ૬૨; ૦સંસ્કૃતિ ૯૨
હિંદુસ્તાન ૧૬, ૨૦, ૨૯, ૩૭, ૪૦, ૫૨, ૬૨, ૬૪, ૭૫, ૮૦, ૮૪, ૮૭, ૯૪, ૧૦૬–૮, ૧૧૬, ૧૨૧, ૧૨૪, ૧૩૧, ૧૩૪ પા. ટી., ૧૩૪, ૧૪૨, ૧૪૫, ૧૫૧, ૧૫૪–૫, ૧૫૭–૯, ૧૭૮–૯, ૧૮૧, ૧૮૭, ૧૮૯–૯૩, ૨૦૨, ૨૧૧–૨, ૨૧૫, ૨૨૩, ૨૩૨–૩, ૨૪૧, ૨૪૪, ૨૪૭, ૨૫૨, ૨૫૫–૬, ૨૬૨, ૨૬૪, ૨૭૦–૩, ૨૭૬ પા. ટી., ૨૭૮–૯, ૨૮૧, ૨૮૪, ૨૮૮, ૨૯૦–૧, ૨૯૪, ૩૦૨, ૩૧૦–૧, ૩૧૩–૪, ૩૩૦–૧, ૩૧૯, ૪૨૬, ૪૩૨, ૪૩૪, ૪૩૭–૮, ૪૪૨, ૪૪૫, ૪૪૮, ૪૫૧, ૪૫૬, ૪૬૪–૫, ૪૭૧, ૪૭૪–૬; ૦ઉત્તર ૨૩૭; ૦કંગાળ છે ૧૫; –ના નાગરિકોનું કર્તવ્ય ૪૬૦; –ની જનતા ૪૧૯; –ની જનતા બેવકૂફ નથી ૩૪૪; –ની પ્રજા ૨૪૩, ૨૪૫; –ની સેવા ૨૫૧–૨; ૦પ્રાચીન સંસ્કૃતિનો જીવતોજાગતો પ્રતિનિધિ ૧૩૫; ૦સત્યાગ્રહને એક સિદ્ધાંત તરીકે સ્વીકારશે ૨૮૬; ૦સરકાર ૭૪; ૩૪૫, ૪૧૮
હિંદુસ્તાન ૬૪
હિંદુસ્તાની (લોકો) ૨૪૩
હીલી, ડી. ૪૦૩
હુસેન ઇમામ ૩૦૩
હૂંડિયામણનો દર ૩૩૧
હેન્ડરસન, રૉબર્ટ ૨૧
હેરોલ્ડ, ડૉ. ૪૩૪
હૈદરાબાદ (દક્ષિણ) ૧૬૧, ૪૪૨
હૉજ, રેવરન્ડ ૫૯
હોમરૂલ લીગ ૨૨ પા. ટી., ૮૧, ૩૮૨, ૪૩૯ પા. ટી.; –ની સંસ્થાઓ ૧૫; ૦મહિલા શાખા ૯૮
હોમ રૂલરોનું એક લશ્કર ૧૪
હૉર્નિમૅન, બૅન્જામિન ગાય (બી. જી.) ૧૭, ૧૭૬–૭, ૧૮૨, ૨૪૩, ૨૪૫–૭, ૨૪૯–૧, ૨૫૫–૬, ૨૬૩–૪, ૨૬૮–૭૫, ૨૯૧, ૨૯૭, ૩૦૨, ૩૨૨, ૩૩૦–૨, ૩૩૫–૬, ૩૪૨, ૩૬૯–૭૦, ૩૭૪, ૩૭૬, ૩૮૨, ૩૯૮, ૪૦૫; –ને દેશવટો ૨૪૪, ૨૪૮, ૨૬૫
હોસ્કેન, મિ. ૫૪

39475

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal

એમણે "પંજાબનાં તોફાનોનાં કારણોની, એ પ્રાંતના માર્શલ લૉના વહીવટની, તથા લશ્કરી અદાલતે ફરમાવેલી સજાઓના વાજબીપણાની તપાસ કરવા એક સ્વતંત્ર તપાસ સમિતિ નીમવાની માગણી કરી." આ બાબતો અંગે દાદ ન મળે તો સવિનયભંગની લડત ફરીથી ચાલુ કરવાને તેઓ તૈયાર હતા. તેમણે પોતાના એ ઇરાદાની વાઇસરૉયને ખબર આપી. છેવટે તેમણે જુલાઈ માસમાં અચોક્કસ મુદત માટે સવિનયભંગ મુલતવી રાખવાનો નિર્ણય કર્યો અને સરકાર તથા સત્યાગ્રહીઓ બંનેને પડકારરૂપ છાપાજોગા એક નિવેદનમાં એમ કરવાનાં કારણો આ પ્રમાણે સમજાવ્યાં :

"દારૂમાં સળગતી દીવાસળી નાખવાનો આરોપ મારા પર મૂકવામાં આવ્યો છે. જો મારો પ્રસંગોપાત્ત સવિનયભંગ એક દીવાસળી હોય તો રૉલેટ કાયદો પસાર થયો છે તેથી તથા જે હઠથી કાયમ રાખવામાં આવ્યો છે તેથી દેશમાં હજારો દીવાસળીઓ ફેંકાઈ છે. સવિનયભંગ ન જ કરવો પડે એવું કરવું હોય તો એક જ રસ્તો છે અને તે રૉલેટ કાયદા નાબૂદ કરવાનો છે. રૉલેટ કાયદાના બચાવમાં સરકારે જે કાંઈ પ્રગટ કર્યું છે તેથી પ્રજાના તેની સામેના વલણમાં કશો ફેર પડ્યો નથી.

આ રીતે રૉલેટ કાયદાનો અંત જલદીથી લાવવા માટે મેં સવિનયભંગ કરવાનું મોકૂફ રાખ્યું છે. પરંતુ જો સહેલા ઉપાયોથી રૉલેટ કાયદા રદ નહીં કરાવી શકાય તો સત્યાગ્રહીઓ તે માટે પોતાના પ્રાણ પણ આપશે. . . ."

39475

Gandhi Heritage Portal

રૂ. ૧૬/૫૦

Gandhi Heritage Portal